ISP-79

Manavta na Upkarak Paygambar
Hazrat Muhammad ﷺ

માનવના ઉપકારક પયગંબર

હઝરત મુહમ્મદ

સલ્લલ્લાહુ અલયહિ વ-સલ્લમ

(અલ્લાહ આપના ઉપર શાંતિ અને સલામતીની વર્ષા કરે.)

લે. મૌલાના નઈમ સિદ્દીકી

ગુજરાતી અનુવાદ
મુહમ્મદ જમાલ પટીવાલા

એ સંવેદનશીલ આત્માઓના નામે

જે

દરેક યુગમાં

અસત્યના તોફાની મોજાઓથી

ટક્કર લેવા માટે

ઉભરી આવે છે..!

وَاَبْيَضَ يُسْتَسْقَى الْغَمَامُ بِوَجْهِهٖ
ثِمَالَ الْيَتٰمٰى عِصْمَةٌ لِلْاَرَامِلِ۔

----ابوطالب

એ ગોરા મુખડાવાળો

જેના સુંદર વદનના માધ્યમથી

દયાની વર્ષાની દુઆઓ માંગવામાં આવે છે...!

એ -- અનાથોનો સહારો...!

એ -- વિધવાઓ,

ગરીબો અને

નિરાધારોનો વાલી...!

વો દાનાએ સુબુલ, મૌલાએ કુલ, ખત્મુર્-રુસુલ, જિસને
ગુબારે રાહ કો બખ્શા ફરોગે વાદીએ સીના
નિગાહે ઈશ્કો મસ્તી મેં વો હી અવ્વલ, વો હી આખિર
વો હી કુરઆં, વો હી ફુરકાં, વો હી યા-સીં, વો હી તા-હા

—અલ્લામા ઈકબાલ રહ.

હઝરત મુહમ્મદ ﷺ —

અલ્લાહના સંદેશવાહક !

અને તે (ધ્યેય-પ્રાપ્તિની મંઝિલના સાથીઓ), જેઓ તેમના સાથે છે,

(સત્યનો) વિરોધ કરવાવાળાઓના સામનામાં મક્કમ છે !

અને પરસ્પર નમ્ર !

તું તેમને (અલ્લાહ સમક્ષ) રુકૂઅ અને સિજદો કરતા જુએ છે.

આ લોકો અલ્લાહની કૃપા અને તેની પ્રસન્નતાના અભિલાષી છે.

તેમની લલાટ પર સિજદાઓના નિશાન સ્પષ્ટ છે.

તેમની આ જ છબી તૌરાતમાં પ્રસ્તુત કરવામાં આવી છે,

અને તેમની આ જ છબી ઈંજીલમાં પણ છે.

જાણે આ એક વિકસિત થઈ રહેલી ખેતી છે,

જેણે એક કુંપળ કાઢી,

પછી થડને મજબૂત કર્યું,

પછી પોતાના દાંડા પર સીધી ઊભી થઈ ગઈ,

આ ખેડૂતોને કેટલી સારી લાગે છે !

અને તેના કારણે સત્યનો ઇન્કાર કરનારાઓના

મન (ઈર્ષાના કારણે) બળી જઈ રહ્યા છે.

(સૂરઃ અલ-ફત્હ, આ. ૨૯)

અનુક્રમણિકા

પ્રકરણો

૧. સંદેશ, ધ્યેય અને ઐતિહાસિક સ્થાન – ૧૯

૨. પરિચય : વ્યક્તિત્વ એક નજરમાં – ૮૧

માનવતાના ઉપકારક ﷺ

૩. મક્કાકાળ : ભરતી-ઓટ — ૧૩૦

મદનીકાળ : માનવતાના ઉપકારક ﷺ

૪. ઈતિહાસ બદલાય છે — ૨૨૮

મદનીકાળ : માનવતાના ઉપકારક ﷺ

૫. તલવારોની વચ્ચે — ૩૯૩

મદનીકાળ : માનવતાના ઉપકારક ﷺ

૬. અને પ્રકાશ ફેલાતો જ ગયો ! — ૫૨૪

७. परिशिष्ट – ६९१

—★—

بسم الله الرحمن الرحيم

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

પ્રકાશકનું નિવેદન

પાકિસ્તાનના વિખ્યાત ઇસ્લામી લેખક અને કવિ મૌલાના નઈમ સિદ્દીકીના અત્યંત લોકપ્રિય ઉર્દૂ પુસ્તક 'મોહસીને ઇન્સાનિયત ﷺ'નો ગુજરાતી અનુવાદ 'માનવ-શ્રેષ્ઠ મુહમ્મદ ﷺ'ના નામથી સાડા ત્રણ દશકાઓ પહેલા ઇસ્લામી સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તે વખતે પણ સીરત-લેખનના આ અનુપમ પુસ્તકને ગુજરાતી ભાષી લોકોએ હાથોહાથ લીધું હતું.

અલ્લાહ તઆલાનો આભાર છે કે તેણે પોતાની કૃપાથી આ પુસ્તકને નવા શીર્ષક **'માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ ﷺ'** સાથે પુનઃ પ્રકાશિત કરવાની તક પ્રદાન કરી છે, અને એ વાસ્તવમાં સૌભાગ્યની વાત છે. હવે આ પુસ્તકને કમ્પ્યુટર કંપોઝિંગ અને પ્રિન્ટિંગની આધુનિક ટેકનોલોજીની મદદથી વધારે ગુણવત્તાસભર અને સુંદર રંગ-રૂપમાં વાચકોની સામે લાવવામાં આવી રહ્યું છે.

આમ તો આ પુસ્તકની ગણના સીરતે-પાક ﷺ ના પુસ્તકમાં થાય છે, પરંતુ આ પુસ્તક સીરત-લેખનની પ્રચલિત શૈલીથી થોડુંક ભિન્ન છે. પુસ્તકમાં સીરતે-પાક ﷺ ના મહત્ત્વના પ્રસંગોને આવરી લઈને રસૂલે અકરમ ﷺ ના આગમનના મૂળ ઉદ્દેશ્ય દીને-ઇસ્લામની સ્થાપના અને તે માટેના સફળ પ્રયાસોનો ઉલ્લેખ એવી રીતે કરવામાં આવ્યો છે કે ઇસ્લામી આંદોલનની મંજિલ તરફ યાત્રાના એક-એક તબક્કામાં બનતી ઘટનાઓ આપણા સમક્ષ તાદૃશ થઈ જાય છે. વર્ણન-શૈલી એવી સુંદર છે કે વાચકને એવું લાગે છે કે જાણે તે સીરતે-પાક ﷺ ની નાની-મોટી ઘટનાઓ અને પ્રસંગોને જોઈ રહ્યો છે. વધુમાં લેખકે ઉચ્ચતમ્ ભાષા, સાહિત્યિક રંગ અને અલંકૃત વર્ણન-શૈલીનો ઉપયોગ કરીને પુસ્તકને વધારે રુચિપૂર્ણ બનાવી દીધું છે. આમ, આ માત્ર એક સીરત-પરિચય પુસ્તક નથી, બલ્કે અલ્લાહના અંતિમ પયગંબર ﷺ દ્વારા સમગ્ર માનવ સમાજ માટે નિર્માણ પામેલ એક સંપૂર્ણ જીવનગાથાનું તાદૃશ ચિત્ર છે.

આશા છે કે, જેઓ પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ના જીવન-ચરિત્રને જાણવા-સમજવા માગે છે, એ ગુજરાતી ભાષી મુસ્લિમ-બિનમુસ્લિમ ભાઈ-બહેનોને આ પુસ્તક જરૂર ગમશે. અલ્લાહતઆલાથી દુઆ છે કે આ પ્રયાસનો સ્વીકાર કરે અને આને આપણા-સૌ માટે લાભદાયી બનાવે. (આમીન)

શકીલ અહમદ રાજપૂત
ચેરમેન
ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

પ્રસ્તાવના

ઈસ્લામની ને'મત (કૃપા) દરેક યુગમાં બે જ માધ્યમોથી પહોંચી છે. એક અલ્લાહનો કલામ (વાણી), બીજું અંબિયા ﷺ ના વ્યક્તિત્વો, જેમને અલ્લાહે ન કેવળ પોતાના કલામના પ્રચાર અને શિક્ષણ અને સમજૂતીનું માધ્યમ બનાવ્યા, બલ્કે તેના સાથે વ્યવહારુ નેતૃત્વ અને નિર્દેશનના પદ પર પણ બિરાજમાન કર્યા, જેથી તેઓ અલ્લાહના કલામના નિર્દિષ્ટ ઉદ્દેશ્યને પૂરો કરવા માટે લોકોની અને સમાજની સુધારણા કરે અને માનવ-જીવનની બગડેલ વ્યવસ્થાને સુધારીને તેનું આદર્શ નિર્માણ કરીને બતાવે.

આ બંને વસ્તુઓ હંમેશાથી એવી અવિભાજ્ય અને એક-બીજાથી મજબૂત રીતે જોડાયેલી રહી છે કે તેમાંથી કોઈને કોઈથી અલગ કરીને માનવીને ન તો ક્યારેય દીન (ધર્મ)ની સાચી સમજ પ્રાપ્ત થઈ શકી અને ન તે માર્ગદર્શનથી લાભાન્વિત થઈ શક્યો. ગ્રંથને પયગંબરથી અલગ કરી દો, તો તે એક નાવ છે નાખુદા (નાવિક) વગરની, જેને લઈને અનાડી મુસાફરો જીવનના સમુદ્રમાં ચાહે ગમે તેટલા ભટકતા ફરે નિશ્ચિત મંજિલ પર ક્યારેય પહોંચી શકતા નથી, અને પયગંબરને ગ્રંથથી અલગ કરી દો તો અલ્લાહનો માર્ગ પામવાને બદલે વ્યક્તિ નાખુદા (નાવિક)ને જ ખુદા બનાવી બેસવાથી ક્યારેય બચી શકતો નથી. આ બંને પરિણામો અગાઉની કોમો જોઈ ચૂકી છે. હિંદુઓએ પોતાના પયગંબરો (ઋષિઓ)ના જીવન-ચરિત્રોને ગુમ કરી દીધા અને માત્ર ગ્રંથો લઈને બેસી ગયા. પરિણામ એ આવ્યું કે ગ્રંથો તેમના માટે શાબ્દિક ગોરખધંધાઓથી વધારે કંઈ ન રહ્યા, ત્યાં સુધી કે છેવટે સ્વયં તેને પણ ગુમ કરી બેસ્યા. ઈસાઈઓ (ખ્રિસ્તીઓ)એ ગ્રંથની અવગણના કરીને પયગંબરનું પાલવ પકડ્યું અને તેના વ્યક્તિત્વના આસપાસ ફરવાનું શરૂ કર્યું. પરિણામ એ આવ્યું કે નબી-અલ્લાહ (અલ્લાહના પયગંબર)ને ઈબ્નુલ્લાહ (અલ્લાહનો પુત્ર), બલ્કે તદન 'અલ્લાહ' બનાવવાથી કોઈ વસ્તુ તેમને દૂર ન રાખી શકી.

પ્રાચીન યુગોની જેમ હવે આ નવા યુગમાં પણ માનવીને ઈસ્લામની કૃપા ઉપલબ્ધ થાય તેના આ જ બે માધ્યમો છે, જે અનંતથી ચાલતા આવી રહ્યા છે - એક અલ્લાહનો કલામ, જે હવે માત્ર કુર્આને-પાકના સ્વરૂપે જ મળી શકે છે, બીજું પયગંબરનો આદર્શ, જે હવે માત્ર હઝરત મુહમ્મદે અરબી ﷺ ના જીવન-ચરિત્રમાં

જ સુરક્ષિત છે. હંમેશની જેમ આજે પણ ઇસ્લામની સાચી સમજ માનવીને જો પ્રાપ્ત થઈ શકે છે, તો તેનું સ્વરૂપ કેવળ એ છે કે વ્યક્તિ કુર્આનને પયગંબર હઝરત મુહમ્મદ ﷺ થી અને હઝરત મુહમ્મદ ﷺ ને કુર્આનથી સમજે. આ બંનેને એક-બીજાની મદદથી જેણે સમજી લીધા, તેણે ઇસ્લામને સમજી લીધો, નહિં તો તે દીન (ઇસ્લામ)ની સમજથી વંચિત રહ્યો અને પરિણામે 'માર્ગદર્શન'થી પણ વંચિત રહ્યો.

વધુમાં, કુર્આન અને હઝરત મુહમ્મદ ﷺ એક મિશન ધરાવે છે, એક ઉદ્દેશ્ય અને લક્ષ્યને લઈને આવ્યા છે, તેથી તેમને સમજવાનો આધાર એ વાત પર છે કે આપણે તેમના મિશન તેમજ ઉદ્દેશ્ય અને લક્ષ્યને કેટલા અંશે સમજીએ છીએ. આ વસ્તુની અવગણના કરીને જુઓ, તો કુર્આન ઇબારતો (Texts, મૂળ શબ્દો)નો એક ભંડાર અને સીરતે-પાક (પયગંબરના પવિત્ર જીવન-ચરિત્ર)ની ઘટનાઓ અને પ્રસંગોનો એક સંગ્રહ છે. તમે શબ્દ-કોષ અને પરંપરાઓ અને વૈજ્ઞાનિક અન્વેષણો અને પ્રયાસોની મદદથી વિવરણોનો અંબાર લગાવી શકો છો અને ઐતિહાસિક સંશોધનોની ઉપલબ્ધિ બતાવીને રસૂલુલ્લાહ ﷺ ની જાત અને આપ ﷺ ના યુગ વિશે અત્યંત સત્ય અને વિશાળ માહિતીનો ઢગલો કરી શકો છો, પરંતુ દીનના આત્મા સુધી નથી પહોંચી શકતા, કેમ કે તેનો સંબંધ ઇબારતો (મૂળ શબ્દો, પાઠ) અને ઘટનાઓથી નહીં, બલ્કે એ ઉદ્દેશ્યથી છે, જેના માટે કુર્આનને અવતરિત કરવામાં આવ્યું અને હઝરત મુહમ્મદે અરબી ﷺ ને તેના ધ્વજવાહક બનાવીને ઊભા કરવામાં આવ્યા. આ ઉદ્દેશ્યની કલ્પના જેટલી સાચી હશે, એટલી જ કુર્આન અને સીરતે-પાકની સમજ સાચી, તથા જેટલી આ કલ્પના અપૂર્ણ-અધૂરી અને ત્રુટિપૂર્ણ હશે, એટલી જ આ બંનેની સમજ અપૂર્ણ-અધૂરી અને ત્રુટિપૂર્ણ હશે.

એ એક વાસ્તવિકતા છે કે કુર્આન અને સીરતે મુહમ્મદી ﷺ, બંને અનંત મહાસાગર છે, જેનો કિનારો નથી. કોઈ વ્યક્તિ એવું ઇચ્છે કે તેના તમામ અર્થ-ભાવાર્થ તેમજ લાભો અને બરકતોને સમજી લે, તો તેમાં તે ક્યારેય સફળ થઈ શકતો નથી. અલબત્ત, જે વસ્તુની કોશિશ કરી શકાય છે તે બસ, એ છે કે જે હદ સુધી સંભવ હોય, વ્યક્તિ તેની વધારેમાં વધારે સાચી સમજ પ્રાપ્ત કરી લે અને તેની મદદથી દીનના આત્મા સુધી પહોંચી જાય.

આ લેખનથી મારો હેતુ નઈમ સિદ્દીકી સાહેબના પુસ્તક પર કોઈ વિવેચન કે આલોચના લખવાનો નથી, આ પુસ્તક જેટલી અને જેવી પ્રશંસાને પાત્ર છે, તેનો અભિપ્રાય ઇન્શા-અલ્લાહ વાચકો સ્વયં આપશે અને તેની ત્રુટિઓ અને સવાબ (પુણ્ય)થી પણ જ્ઞાનીઓ અને બુદ્ધિશાળીઓ અજાણ નહીં રહે. મારી નજર સમક્ષ

માત્ર એ છે કે નઈમ સાહેબે એક લાંબી મુદ્દત સુધી કઠોર મહેનત કરીને સીરતે-પાક (ﷺ) ના નિર્મળ સ્રોતથી અલ્લાહના બંદાઓને પરિતૃપ્ત કરવાની જે કોશિશ કરી છે, તેમાંથી થોડો ભાગ લઈને હું પણ કંઈક સૌભાગ્યને પાત્ર બની શકું. હું ઇચ્છું છું કે તેમના પુસ્તકને વાંચતા પહેલા દરેક વાચકે સારી રીતે સમજી લેવું જોઈએ કે સીરતે-પાક (ﷺ)નો અભ્યાસ તેણે કયા હેતુસર અને કયા દૃષ્ટિકોણથી કરવો જોઈએ. તે પછી મને આશા છે કે નઈમ સાહેબની મહેનતથી લોકો વધારે સારી રીતે લાભાન્વિત થઈ શકશે.

અબૂલ આ'લા
લાહોર, ઈ. ૧૮ મે ૧૯૬૦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

વિવેચન

આદરણીય જનાબ માહિરુલ કાદરી સાહેબ

રસૂલ ﷺ ની પ્રશંસામાં ફારસીના શેરની આ સંક્ષિપ્ત પંક્તિ –

''બા'દ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર''[1]

કહેવત બની ગઈ છે, પરંતુ હકીકત એ છે કે ના'ત[2] અને મનૂકબત[3]નો વિષય અને રસૂલ ﷺ ની પ્રશંસાનો વિષય સંક્ષેપ નહીં, બલ્કે વધારેમાં વધારે સ્પષ્ટતા અને વિસ્તારનો તકાદો કરે છે. આ મુબારક (શુભ) વર્ણનને વધારેમાં વધારે વિસ્તૃત કરવા છતાં પણ હ્રદયની તૃપ્તિ થતી નથી, અને દિલ ચાહે છે કે આ પવિત્ર વૃત્તાંત વધુ-ને-વધુ વિસ્તૃત થતું જાય.

જીભ અને કલમનું સૌથી મોટું સદ્‌ભાગ્ય એ જ છે કે તે સીરતે નબી ﷺ ની ઘોષણા અને પ્રસિદ્ધિનું માધ્યમ ઠરે અને વર્ષો-વર્ષના ગીત-ગુંજન અને હજારો પૃષ્ઠોના સ્વ-લેખન અને શ્રુતલેખન પછી પણ અંતર્જ્ઞાન અને અંતરાત્મા એ વિનમ્રતા અને દીનતાનો સ્વીકાર કરે કે –

''મા હમચુનાં દર અવ્વલ વસ્ફે તૂમાન્દહ-ઈમ''[4]

ગાલિબે 'રૂહુલ-કુદુસ'ની પુષ્ટિ પછી જ આટલો સાચો શેર કહ્યો છે –

ગાલિબ સનાએ ખ્વાજા ﷺ બા યઝદાં ગુઝાશતીમ,[5]
કાં ઝાતે પાક મર્તબહદાને મુહમ્મદ ﷺ અસ્ત.[6]

કોની મજાલ છે કે તે સૃષ્ટિના સાર, વિદ્યમાન પ્રકૃતિના ગૌરવ (નબી અકરમ ﷺ)ની પ્રશસ્તિ અને સીરત-લેખનનો હક્ક અદા કરી શકે. આ ખોટો દાવો ન કોઈના મોઢેથી નીકળીને વાતાવરણમાં ફેલાયો અને ન કોઈ કલમે તેને પૃષ્ઠ પર નોંધ્યો. આ બારગાહે કુદ્દુસ (પવિત્ર દરબાર)માં, જેણે પણ મોઢું ખોલ્યું તો તેનો હેતુ સૌભાગ્યની પ્રાપ્તિ સિવાય બીજો કોઈ નહોતો.

---

૧. અનુવાદ : તારી મહાનતાની પ્રશંસાનો હક્ક અદા કરવો અસંભવ છે, ટૂંકમાં, અલ્લાહ પછી, તમે સૌથી મહાન છો. (અનુ.)
૨. નબી ﷺ માટે પ્રશસ્તિ-ગીત. (અનુ.)
૩. સહાબા કિરામ رضي الله عنهم કે નબી ﷺ ના સંબંધીઓ માટે પ્રશસ્તિ-ગીત. (અનુ.)
૪. આપણે અત્યાર સુધી નબી ﷺ ના પહેલા ગુણને જ (સમજવામાં) લાગેલા છીએ, અર્થાત્ આપણે સંપૂર્ણ પ્રશંસા નથી કરી શક્યા. (અનુ)
૫. ગાલિબ અમે નબી ﷺ ની પ્રશસ્તિને અલ્લાહને જ સુપ્રત કરી દીધી, અર્થાત્ અમે નબી ﷺ ની પ્રશસ્તિ નહીં કરી શકીએ. (અનુ.)
૬. કેમ કે એ જ પવિત્ર જાત (અલ્લાહતઆલા) છે, જે નબી ﷺ નો દરજ્જો સાચી રીતે જાણવાવાળી છે. (અનુ.)

'સીરત ઇબ્ને ઇસ્હાક'ના લેખક અબ્દુર્રહમાન સુહેલી (મૃ.હિ.૫૮૧)ના પુસ્તક 'રૌઝુલ અનફ' હોય કે હાફિઝ અબ્દુલ મુ'મિન દિમ્યાતી (મૃ.હિ.૭૦૫)ના પુસ્તક 'સીરત અલ-દિમ્યાતી', ગાઝરૂની અને મગલતાઈના સીરત વિશે પુસ્તકો હોય કે હાફિઝ ઇબ્ને અલ-જૌઝીનું પુસ્તક 'શરફ અલ-મુસ્તફા', સીરત ઇબ્ને અબ્દુલ બર્ર હોય કે ઇબ્ને સૈયદુન્નાસનું પુસ્તક 'ઐદન અલ-અસર', કસ્તલાનીનું 'મવાહિબુલદુન્યા' અને તેનું વિવરણ 'ઝરકાની અલલ મવાહિબ' હોય કે 'સીરતે હુબલી', શિબ્લી નો'માની અને સૈયદ સુલૈમાન નદવીની સીરત પર કૃતિઓ હોય કે કાઝી સુલૈમાન મન્સૂરપૂરીનું પુસ્તક 'રહમતુલ લીલ આલમીન' ! સીરતના આ તમામ લેખકોની કોશિશો અભિનંદનીય અને પ્રશંસનીય છે. આ મહાનુભાવોએ ઇતિહાસ અને સીરતનું મહાન કાર્ય કર્યું. પરંતુ એવું કોઈએ નથી કહ્યું કે સીરત-લેખનનો અમે હક્ક અદા કરી દીધો, અથવા અમારું પુસ્તક સીરતના વિષયે 'અંતિમ વાત' (હર્ફે-આખિર)ની હેસિયત ધરાવે છે.

સીરતના તમામ પુસ્તકો વિશ્વસનીયતા અને પ્રમાણિતતાના સંદર્ભમાં એક જેવાં નથી. સીરતના કોઈ લેખકે તો તપાસ કર્યા વગર પ્રત્યેક નિરર્થક અને નકામી વાતને એકત્ર કરી દીધી છે, ત્યાં સુધી કે 'મૌઝૂઅ'(૧) રિવાયતોને નોંધવાથી સંકોચ નથી કર્યો. આ જ પ્રકારની ખોટી રિવાયતોને સામાન્ય મુસલમાનોમાં સ્વીકૃતિ પ્રાપ્ત થઈ અને મીલાદની મહેફિલોમાં સામાન્ય રીતે મુસલમાનો આ જ 'જૂઠી વાતો'ને સાંભળી-સાંભળીને ઝૂમે છે.

ઉર્દૂ ભાષા અને સાહિત્યના પ્રખ્યાત લેખક જનાબ નઈમ સિદ્દીકીએ પણ સીરતના વિષયે કલમ ઉઠાવી છે અને રિસાલતના દરબારમાં તેમણે યથાશક્તિ શ્રદ્ધાંજલિ અર્પણ કરીને દીન અને દુનિયાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. આ ખૂબ મોટો શ્રેય છે, જેની ઈર્ષ્યા કરી શકાય છે !! આ શ્રેયમાં હાથની શક્તિ કરતાં વધારે અલ્લાહ-તઆલાની રહમત (દયા) અને પ્રદાનનો ફાળો છે.

આ દુનિયામાં મુસલમાન સાહિત્યકારો અને શાયરો (કવિઓ)ની કમી નથી, પણ તેમાંથી ખૂબ ઓછા એવા નીકળશે, જેની વાણી અને કલમ ઇસ્લામના પ્રતિનિધિત્વ માટે સમર્પિત બનીને રહી ગયા હોય. નઈક સિદ્દીકી ઇચ્છતા તો પોતાની કલમથી ફિલ્મી પટકથાઓ અને રોમાન્ટિક વાર્તાઓ લખીને ખૂબ પ્રસિદ્ધિ અને ધનદોલત પ્રાપ્ત કરી શકતા હતા, પરંતુ તેમની કલમને સભાનતાની અવસ્થાથી તેમજ લેખન અને રચનાનાં આરંભથી પવિત્રતા મળી છે, અને તેઓ એ ગંદકીઓથી દૂર રહ્યા છે, જેના પર મોટા-મોટા સાહિત્યકારો અને શાયરોની કીર્તિના મહેલો ઊભા છે ! નઈમ સિદ્દીકીએ સસ્તી લોકપ્રિયતા તથા નાજાઇઝ (અનુચિત) અને

૧. એ રિવાયત (નોંધ) જે જૂઠી હોય, જેના ક્રમમાં સનદમાં એવો વ્યક્તિ હોય જે રિવાયતો ઘડીને વર્ણવતો હોય. (અનુ.)

સંદિગ્ધ ધનદોલત તરફ આંખ ઉઠાવીને પણ ન જોયું. તેમણે સત્ય કાજે કેદ અને બંધનોની કઠિનાઈઓ ઉઠાવી છે અને આજીવિકાની તંગીનો પણ તેમને સામનો કરવો પડ્યો છે. આ કઠિન અજમાયશોએ તેમના જીવનમાં ચમક, તેમની વાણીમાં પ્રભાવ, વિચારોમાં પવિત્રતા અને તેમના લેખનમાં ઉત્કટ અને ઊંડી ભાવના પેદા કરી છે.

'મોહસિને ઇન્સાનિયત' (ગુજરાતી સં૰: માનવ-શ્રેષ્ઠ હઝરત મુહમ્મદ ﷺ)માં નઈમ સિદ્દીકીની કલમની પવિત્રતા, વિચારોની વિશુદ્ધતા, દિલની ઉત્કટ ભાવના અને દીન પ્રત્યે રુચિ અને લગાવ પ્રભાવી રીતે ઉભરતા જોવા મળે છે. એક-એક લીટી રસૂલ ﷺ ના પ્રેમની સુવાસથી તરબોળ અને એક-એક પૃષ્ઠ પર અકીદત (શ્રદ્ધા)ના હીરા-મોતી ઝગમગે છે ! જ્યાં સુધી ઘટનાઓને કલમબદ્ધ કરવાનો સંબંધ છે, સ્પષ્ટ છે કે કોઈ સીરત-લેખક ઘટનાઓમાં તો પોતાના તરફથી વધારો કરી શકતો નથી. દરેક સીરત-લેખકની હેસિયત લેખક (Author)ની નહીં, બલ્કે સંપાદક (Compiler)ની હોય છે. સીરત-લેખકના વ્યક્તિત્વના ગુણો ઘટનાઓની પસંદગી, તેના ક્રમ અને તેમને વિશેષ શૈલીની સાથે પ્રસ્તુત કરવામાં ખુલે છે. એ રીતે આ પુસ્તક નઈમ સિદ્દીકીના સાહિત્ય અને લેખન, વર્ણન-શૈલી, વિચાર-શૈલી, દીની વલણ, ઐતિહાસિક દૃષ્ટિ અને પસંદગીની અભિરુચિનો અત્યંત સુંદર પરિચય છે !

સીરત-લેખનની એ અભિરુચિ અને અકીદતનો એ જોશ કે રસૂલુલ્લાહ ﷺ ને 'મા-ફૌકુલ ઇન્સાન' (માનવીથી પર)ની હેસિયતે પ્રસ્તુત કરવામાં આવે, જ્યાં બધું કામ અલૌકિકતા અને ચમત્કારોના બળે ચાલતું હોય, જીવનના આ રંગને જોઈને માણસ અનુસરણની હિંમત જ ન કરી શકે.

—— પરંતુ ——

નઈક સિદ્દીકી શ્રદ્ધાની આ ખરાબીઓ પર નજર રાખે છે, તેથી તેમણે પવિત્ર સીરતની ઘટનાઓની પસંદગીમાં ખૂબ જ દૂરંદેશી અને સાવધાનીથી કામ લીધું છે. તેમણે યથાસંભવ પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે કે સાચા મોતીઓની સાથે નકામા કણો ન આવી જાય. જે ઘટના પણ તેમના પુસ્તકમાં લખવામાં આવે તે જ્ઞાન અને નોંધોની કસોટી પર પૂરેપૂરી ઉતરતી હોય — અને આ 'પરિપૂર્ણ મનુષ્ય'ના પવિત્ર જીવનની એ જ રૂપરેખા વાંચનારાઓની સામે આવે, જેનું અનુપાલન અને અનુસરણ 'કશ્ફ-વ-કરામત' (દિવ્ય-સ્ફૂરણા અને ચમત્કાર) વગર કરી શકાય છે — અને જેનું પવિત્ર જીવન આતંકિત કરી નાખનારું નહીં, બલ્કે મોહક અને પ્રિય છે !

નઈમ સિદ્દીકી ચમત્કારોના, અલ્લાહ ન કરે, ઇન્કાર કરનારા નથી, પરંતુ તેઓ એ હકીકતને પામી ગયા છે કે રસૂલુલ્લાહ ﷺ 'ખરકુલ આદાત' (અલૌકિકતા) માટે નહીં, બલ્કે 'ઇન્સાની આદાત' (માનવીઓના વર્તન)ને સમન્વિત અને સંતુલિત

કરવા માટે દુનિયામાં પધાર્યા હતા, જેનો સૌથી ઉત્તમ અને પરિપૂર્ણ નમૂનો સ્વયં હુઝૂર ﷺ નું જીવન હતું.

'મોહસિને ઇન્સાનિયત ﷺ' પુસ્તક ફૂલોની જેમ રંગબેરંગી, ઝરણાઓની જેમ મધુર અવાજવાળું અને મેઘધનુષની જેમ પ્રકાશિત અને તેજોમય છે. તેની ભાષામાં અત્યંત પ્રવાહ અને સાતત્ય જોવા મળે છે, અને વર્ણન-શૈલી ખૂબ જ મોહક અને કેટલીક જગ્યાએ તો ભાવનાત્મક છે !

ઉર્દૂ ભાષા જ નહીં, બલ્કે અન્ય ભાષાઓમાં પણ જે વિદ્વાનો અને બુદ્ધિશાળીઓની નજરથી સીરત વિશેના પુસ્તકો પસાર થયા છે, તેમને 'મોહસિને ઇન્સાનિયત ﷺ' પુસ્તક વાંચીને તેની અનુપમતાની અનુભૂતિ અવશ્ય થશે. 'ગૈબ' (અદૃશ્ય)ની સ્થિતિ તો અલ્લાહ સિવાય બીજું કોઈ નથી જાણતું, પરંતુ મારો અંતરાત્મા ભવિષ્યવાણી કરી રહ્યો છે કે આ પુસ્તકને ઇન્શા-અલ્લાહ લોકપ્રિયતા પ્રાપ્ત થશે.

જનાબ નઈમ સિદ્દીકીએ કાગળ પર જે રેખાચિત્રો બનાવ્યા છે, તે ઇન્શા-અલ્લાહ હૃદયો પર પરિવર્તિત થતા રહેશે અને આ રીતે તેમનું નામ અને કામ બાકી રહેશે.

માહિરુલ કાદરી

કરાચી, ૫ ઓક્ટોબર ઈ. ૧૯૫૯

—: પ્રાકથન :—

(૧)

સંદેશ, ધ્યેય અને ઐતિહાસિક સ્થાન

એ પહેલાં કે આપણે હુઝૂર ﷺ ની સીરત (જીવન-ચરિત્ર)નો અભ્યાસ શરૂ કરીએ, આપણા સામે એ કાર્યની કોઈ સ્પષ્ટ કલ્પના હોવી જોઈએ, જેને પૂર્ણ કરવા માનવતાના ઉપકારક ﷺ નું ઇતિહાસની રણભૂમિમાં આગમન થાય છે અને તેઓ આખું આયુષ્ય એક નિર્ણયાક યુદ્ધને સર કરવા માટે વિતાવી દે છે ! હુઝૂર ﷺ નું જીવન માનવ-જાત વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાના મિશનની દાસ્તાન છે. તે કુર્આનના અનંત સિદ્ધાંતોનું વિવરણ છે, જેને વ્યવહારુ ભાષામાં સંકલિત કરવામાં આવેલ છે. તે એ પવિત્ર સંદેશનું સમાપન છે, જેની મશાલ આદમ, ઇબ્રાહીમ, મૂસા, ઈસા અને તમામ અંબિયા عليهم السلام પોત-પોતાના યુગમાં પ્રજ્વલિત કરતા રહ્યા છે.

જ્યાં સુધી આપણે હુઝૂર ﷺ ના કાર્યનું સ્વરૂપ, તેના વિશિષ્ટ પાસાઓ અને તેના વર્તુળની વ્યાપકતાને દૃષ્ટિ સમક્ષ ન રાખીએ, ત્યાં સુધી આપણે સીરતે-પાકને સંકલિત નથી કરી શકતા, ઘટનાઓને સમજી શકતા નથી, સીરતના અધ્યયનનો હેતુ નિર્ધારિત નથી કરી શકતા અને તેનાથી જે કંઈ આપણે પ્રાપ્ત કરવાનું છે તે પ્રાપ્ત કરી શકતા નથી.

માનવ-જાતનો મુક્તિદાતા

ઇતિહાસના વિશાળ ફલક પર નજર નાખીએ તો તેમાં આપણને અનેક પ્રકારના સુધારકો જોવા મળે છે. મૃદુભાષી ઉપદેશકો અને છટાદાર વક્તાઓ સામે આવે છે. કેટલાય દાર્શનિકો દરેક યુગમાં જોવા મળે છે. બાદશાહો અને શાસકોના એવા ટોળા હંમેશા મોજૂદ રહ્યા છે, જેમણે મોટા-મોટા સામ્રાજ્યોની સ્થાપના કરી. લડાયક વિજેતાઓના વૃત્તાંતો આપણે વાંચીએ છીએ, સમુદાયોના રચયિતાઓ અને સભ્યતાઓને ઉતાર-ચઢાવ આપનારાઓથી આપણે પરિચિત થઈએ છીએ. ક્રાંતિકારી શક્તિઓને આપણે જોઈએ છીએ, જેમણે જીવનના નકશાને કેટલીય વાર ઉપર-નીચે કર્યો છે. રંગબેરંગી ધર્મોનો પાયો નાખનારા કેટલાય લોકો સામે આવે છે. નૈતિક ગુણોના આવાહકો પણ સ્ટેજ પર આવે છે. વ્યાસપીઠ પર બિરાજમાન કેટલાય ધર્મશાસ્ત્રીઓ સંસ્કૃતિમાં ઉદયમાન થઈ ચૂક્યા છે. પરંતુ જ્યારે આપણે તેમની શિક્ષાઓ, તેમની સિદ્ધિઓ અને તેમણે પ્રાપ્ત કરેલ સર્વગ્રાહી પરિણામોને જોઈએ છીએ, તો જો ક્યાંક ભલાઈ અને સફળતા દેખાય છે તો તે આંશિક છે. તેની અસરો

જીવનના કોઈ એક-બે પાસામાં જ જોવા મળે છે. ઉપરાંત, ભલાઈ અને સફળતાની સાથે તેમાં જુદા-જુદા પ્રકારનો બગાડ દેખાય છે. પયગંબરો સિવાય કોઈ વ્યક્તિ ઇતિહાસમાં એવો જોવા મળતો નથી, જે માનવીને... સમગ્રપણે માનવીને... સર્વાંગી રૂપે માનવીને... અંદરથી બદલી શક્યો હોય. હુઝૂર ﷺ ની ખરી ઉપલબ્ધિ એ છે કે આપ ﷺ ના સંદેશ અને આહવાને આખેઆખા માનવીને સામૂહિક રૂપે અંદરથી બદલી નાખ્યો, અને 'સિબ્ગતુલ્લાહ' - અલ્લાહનો એક જ રંગ મસ્જિદથી લઈને બજાર સુધી, મદ્રસાથી ન્યાયાલય સુધી અને ઘરથી લઈને યુદ્ધના મેદાન સુધી છવાઈ ગયો. મનો-મસ્તિષ્ક બદલાઈ ગયા, વિચારોની દિશા બદલાઈ ગઈ, દૃષ્ટિકોણ બદલાઈ ગયો, આદત અને પ્રથાઓ બદલાઈ ગઈ, રસમ અને રીત-રિવાજો બદલાઈ ગયા. હક્કો અને ફરજોની વહેંચણીઓ બદલાઈ ગઈ, ભલાઈ અને બૂરાઈના માપદંડો બદલાઈ ગયા તેમજ હલાલ (વૈધ) અને હરામ (અવૈધ)ના ધોરણો બદલાઈ ગયા. નૈતિક મૂલ્યો બદલાઈ ગયા, બંધારણ અને કાનૂન બદલાઈ ગયા, યુદ્ધ અને સુલેહની પદ્ધતિઓ બદલાઈ ગઈ. અર્થતંત્ર અને દાંપત્ય સંબંધોની રીતભાત બદલાઈ ગઈ અને સભ્યતાની એકે-એક સંસ્થા અને પ્રત્યેક વિભાગની કાયાપલટ થઈ ગઈ. આ સમગ્ર પરિવર્તનમાં, જેનો પરિઘ અને પ્રભાવ એટલો વ્યાપક હતો કે એક છેડાથી બીજા છેડા સુધી ભલાઈ અને સફળતા સિવાય બીજું કંઈ જોવા નથી મળતું. કોઈ પાસામાં બૂરાઈ નહીં, કોઈ ખૂણામાં ઉપદ્રવ નહીં, કોઈ બાજુ બગાડ નહીં. દરેક બાજુ બનાવ જ બનાવ અને સુધાર જ સુધાર, નિર્માણ જ નિર્માણ અને પ્રગતિ જ પ્રગતિ છે. વાસ્તવમાં માનવતાના ઉપકારક ﷺ ના હસ્તે માનવ-જીવનને પુનરુત્થાન પ્રાપ્ત થયું અને હુઝૂર ﷺ એ સત્ય આધારિત વ્યવસ્થાના તેજસ્વી પ્રભાતથી સભ્યતાના ઉદ્‌ગમને પ્રકાશિત કરીને વૈશ્વિક યુગના ઇતિહાસનો આરંભ કર્યો. આ આરંભ એટલી મોટી સિદ્ધિ છે કે તેનું ઉદાહરણ કોઈ અન્ય જગ્યાએ મળતું નથી.

માનવતાના ઉપકારક ﷺ નું આગમન એવી પરિસ્થિતિઓમાં થયું, જ્યારે કે સમગ્ર માનવતા અંધકારમાં ડૂબેલી હતી... ક્યાંક જંગાલિયતનો યુગ ચાલી રહ્યો હતો અને ક્યાંક શિર્ક (અનેકેશ્વરવાદ) અને મૂર્તિપૂજાના અનિષ્ટે સભ્યતાને નષ્ટ-વિનષ્ટ કરી નાખી હતી ! મિસર (ઇજિપ્ત) અને ભારત, બેબિલોન (યુફ્રેટિસ અને તિગરિસ નદીના કિનારાનું પ્રાચીન નગર) અને નેનિવાહ (પ્રાચીન એસીરિયા, હાલના ઇરાકના મોસૂલ પાસેનું નગર), યૂનાન અને ચીનમાં સંસ્કૃતિ પોતાનો દીપક બુઝાવી ચૂકી હતી. કેવળ ફારસ (ઈરાન) અને રોમની સાંસ્કૃતિક ધજાઓ હવામાં લહેરાઈ હતી. રોમન અને ઈરાની સભ્યતાઓની બાહ્ય ચમકદમક આંખોને આંજી નાખે એવી હતી. પરંતુ આ શીશમહેલોના અંદર સૌથી ખરાબ અત્યાચારો અને

ક્રૂરતાની બોલબાલા હતી અને જીવનના જખમોનું ધોવાણ દુર્ગંધ મારી રહ્યું હતું. બાદશાહો ખુદાના અવતાર જ નહીં, બલ્કે સ્વયં ખુદા બની બેસ્યા હતા. તેમના સાથે જાગીરદાર વર્ગો અને ધાર્મિક પરિબળોની જૂથબંધી હતી. રોમ અને ઈરાન બંનેના વિસ્તારોમાં આ જોડાણે સામાન્ય લોકોની ગરદનને બરાબર દબાવી રાખી હતી. આ લોકો તેમનાથી ભારે ટેક્ષ, રુશવતો, ખિરાજ (મહેસૂલ) અને નજરાનાઓ (ભેટ-સોગાદો) વસૂલ કરતા હતા, અને તેમના પાસે જાનવરો જેવી વેઠ કરાવતા હતા; પરંતુ તેમની ઉલઝનોનો કોઈ ઉકેલ તેમના પાસે નહોતો. આ પ્રભુત્વશાળી વર્ગોની વિષયવાસનાઓ, ભોગવિલાસ અને મનેચ્છાઓએ નૈતિક આત્માને કચડી નાખ્યો હતો. બાદશાહોની અદલાબદલી, નીતનવા વિજેતાઓનું પ્રાગટ્ય અને લોહિયાળ યુદ્ધોના કારણે પરિસ્થિતિમાં જે થરથરાટ અને ઉતાર-ચઢાવ આવી રહ્યો હતો, તેમાં પણ કોઈ મુક્તિનો માર્ગ સામાન્ય માનવી માટે નીકળતો નહોતો. સામાન્ય માનવીને પ્રત્યેક પરિવર્તનની ચક્કી વધારે તીવ્રતાથી પીસતી હતી. તેઓ હંમેશા તેને સાધન બનાવીને તેના જ લોહીનો ઉપયોગ કરીને અને તેની જ મહેનતોથી ફાયદો ઉઠાવીને પોતાનો ઝંડો ઊંચો કરતા હતા, અને પછી વર્ચસ્વ અને સત્તા પ્રાપ્ત કર્યા બાદ તેઓ પહેલાંથી પણ વધારે અત્યાચારી સાબિત થતા હતા. સ્વયં રોમ અને ઈરાન વચ્ચે નિરંતર અથડામણોનું ચક્કર ચાલતું હતું. જુદા-જુદા વિસ્તારો ક્યારેક એક શાસનના કબજામાં જતા અને ક્યારેક બીજું રાજ્ય તેને કોળિયો બનાવી લેતું. પરંતુ દરેક વખતે વિજેતા શક્તિ પ્રજાના કોઈને કોઈ વર્ગને બધી રીતે પાયમાલ કરતી, જેમ કે - રોમનો સત્તા પર આવતા તો અગિયારીઓ દેવળોમાં બદલાઈ જતી અને ઈરાની રાજ છવાઈ જતું તો પુનઃ દેવળો અગિયારીઓ બની જતી. દુનિયાના મોટાભાગના પ્રદેશોમાં અરાજકતા અને અંધાધૂંધી વ્યાપ્ત હતી. નીતનવી અથડામણો થતી, વારંવાર ખૂનરેજી અને હત્યાકાંડો થતા, બળવાઓ થતા. ધાર્મિક જૂથો ખુનામરકી આચરતા અને આ અંધાધૂંધી અને ધાંધલ-ધમાલની વચ્ચે માનવી એક માનવીની હેસિયતે અત્યંત ખરાબ રીતે પાયમાલ થઈ રહ્યો હતો. તે ખૂબ જ પરિશ્રમ કરીને પણ જીવનની નજીવી જરૂરતો પૂરી કરવામાં અસમર્થ હતો. તેને અત્યાચારની ઘાણીમાં પીલવામાં આવતો હતો, પરંતુ અતિરેક અને હિંસાના વાતાવરણમાં વિરોધનો કોઈ અવાજ પણ તે ઉંચો કરી શકતો નહોતો. તેના અંદર રોપ પ્રગટતો હશે, પણ તેને અંતરાત્માની આઝાદી મામૂલી દરજ્જામાં પણ પ્રાપ્ત નહોતી. તેની હતાશાઓ અને નિરાશાઓનું અનુમાન આજે આપણે મુશ્કેલીથી કરી શકીએ છીએ કે તે સંજોગોના એક એવા લોખંડી કેદખાનામાં બંધ હતો, જેમાં કોઈ છિદ્ર સુદ્ધા નહોતું. તેના સામે કોઈ આશા જગાવતી શ્રદ્ધા અને કોઈ ફિલસૂફી કે વિચારધારાનો કોઈ આગિયો પણ ચમકતો

નહોતો. તેનો આત્મા ચિત્કારતો હતો, પરંતુ પોકારનો કોઈ જવાબ કોઈ દિશાએથી મળતો નહોતો. તેની સહાયતા કરી શકે એવો કોઈ ધર્મ કે પંથ જોવા મળતો નહોતો, કેમ કે પયગંબરો અને ઈશદૂતોની શિક્ષાઓ ફેરફાર અને અર્થઘટનોના ધૂંધળકામાં ગુમ થઈ ગઈ હતી, અને શેષ જે વસ્તુ ધર્મના નામે બચી હતી તેને ધાર્મિક વર્ગો અને જૂથોએ વેપારનું સાધન બનાવી લીધી હતી, અને તેમણે તત્કાલીન અત્યાચારી શક્તિઓથી મળીને સોદાબાજી કરી લીધી હતી. યૂનાનનું દર્શન ક્ષીણ થઈ ગયું હતું. કન્ફ્યૂશિયસ અને માનીનું શિક્ષણ મૃતઃપ્રાય અવસ્થામાં હતું. વેદાંત અને બુદ્ધમતની ધારણાઓ અને મનુસ્મૃતિની વાતો દ્વિધાજનક સ્થિતિમાં હતી. જરથુસ્ટના નિયમો અને સોલનના કાનૂન વિવશ હતા. કોઈ તરફથી કોઈ પ્રકાશનું કિરણ દેખાતું નહોતું. જ્યારે ક્યારેક એવું થાય છે કે માનવી સંજોગોના એક લોખંડી કેદખાનામાં બંધ થઈ જાય છે અને તેને કોઈ દિશાએથી મુક્તિનો માર્ગ દેખાતો નથી, તો સાંસ્કૃતિક અધઃપતન[૧]ની સ્થિતિ પેદા થઈ જાય છે. આ અત્યંત ભયાનક અધઃપતનનો એક વૈશ્વિક કાળ[૨] હતો, જેના ઘનઘોર અંધકારમાં માનવતાના ઉપકારક ﷺ ની મશાલ એકાએક ઉભરે છે અને સમયના સાંસ્કૃતિક અધઃપતનના અંધકારની છાતી ચીરીને દરેક બાજુ પ્રકાશ ફેલાવી દે છે.

સ્વયં આરબ પ્રદેશની આસપાસની પરિસ્થિતિ, જે હુઝૂર ﷺ નું આરંભિક કાર્યક્ષેત્ર બન્યું, તેની કલ્પના કરો તો હૃદય ધ્રુજી ઉઠે છે. ત્યાં આદ અને સમૂદના યુગોમાં તથા સબા અને એડન અને યમનના રાજ્યોની છત્રછાયામાં ક્યારેક સંસ્કૃતિનો પ્રકાશ પ્રગટ્યો હતો, તો હવે તેને વિલિન થયે લાંબો સમય પસાર થઈ ગયો હતો.[૩] બાકીના આરબ પ્રદેશ પર ભયની રાત્રિ છવાયેલી હતી.[૪] સભ્યતાનું પ્રભાત હજુ સુધી પ્રગટ્યું નહોતું અને માનવતા નિદ્રામાંથી જાગૃત થઈ શકી નહોતી. દરેક બાજુ એક પ્રકારની અરાજકતા અને અંધાધૂંધી હતી, માનવી અને માનવી વચ્ચે અથડામણ અને ટક્કર ચાલતી હતી. લડાઈ-ઝઘડો અને લૂટમારની બોલબાલા હતી. દારૂ અને વ્યભિચાર તથા જુગારથી બનેલી અજ્ઞાનતાપૂર્ણ સભ્યતાનું વર્ચસ્વ હતું. કુરૈશે શિર્કયુક્ત અને મૂર્તિપૂજા પર આધારિત ધાર્મિકતાની સાથે કા'બાની મુજાવરી (રખેવાળી)નો

૧. માનવ-જગતના આ ઐતિહાસિક યુગ પર કુઆર્ને થોડાક શબ્દોમાં એવી પરિપૂર્ણ ટિપ્પણી કરી છે કે વિસ્તૃતથી અતિ વિસ્તૃત વર્ણન-શૈલી પણ તેના સામે નત-મસ્તક છે. ફરમાવ્યું : ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ أَيْدِي النَّاسِ لِيُذِيقَهُمْ بَعْضَ الَّذِي عَمِلُوا لَعَلَّهُمْ يَرْجِعُونَ ۝ (જમીન અને સમુદ્રમાં બગાડ પેદા થઈ ગયો છે લોકોના પોતાના હાથોની કમાણીથી, જેથી સ્વાદ ચખાડે તેમને, તેમના કેટલાક કર્મોનો, કદાચ તેઓ અટકી જાય. - સૂરઃ રૂમ, આ. ૪૧)

૨. આ કાળનું સંક્ષિપ્ત અવલોકન કરવા જુઓ પુસ્તક : 'ઇન્સાની દુનિયા પર મુસલમાનોં કે ઉરૂજ-વ-ઝવાલ કા અસર', લે. મૌલાના સૈયદ અબૂલ હસન અલી નદવી, પ્ર-૧; ઉપરાંત જુઓ પુસ્તક : 'રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી' લે. ડૉ. હમીદુલ્લાહ : બેઅસતે નબવી કે વક્ત દુનિયા કી હાલત; વધુમાં જુઓ પુસ્તક : 'સીરતુન્નબી ﷺ' લે. સૈયદ સુલેમાન નદવી મરહૂમ, ભા-૪, પ્ર-શબે ઝુલ્મત.

૩. જુઓ : 'અર્ઝુલ કુરઆન', લે. અલ્લામા સૈયદ સુલેમાન નદવી મરહૂમ, સંબંધિત પ્રકરણો.

૪. જુઓ : 'સીરતુન્નબી ﷺ' લે. સૈયદ સુલેમાન નદવી, ભા-૪, પ્ર. ઝહૂરે ઇસ્લામ કે વક્ત અરબોં કી મઝહબી વ અખ્લાકી હાલત.

ધંધો ચલાવી રાખ્યો હતો. યહૂદીઓએ દર્શન અને ધર્મશાસ્ત્રીય વાદવિવાદોની દુકાનો ખોલી રાખી હતી. બાકીના આરબ પ્રદેશો વૈચારિક રીતે મૂંઝવણમાં ગ્રસ્ત હતા. મક્કા અને તાઈફના મહાજનોએ વ્યાજની જાળ ફેલાવી રાખી હતી. ગુલામોના ખરીદ-વેચાણનો ઘૃણાસ્પદ કારોબાર ખુલ્લેઆમ ચાલી રહ્યો હતો. ટૂંકમાં એ કે માનવી મનેચ્છાઓના તદ્દન નિમ્ન સ્તરે પહોંચીને જંગલી પ્રાણીઓ અને ચોપગા પશુઓની જેમ જીવી રહ્યો હતો.(૧) જે બળવાન હતો તેણે નબળાઓને ઘેટા-બકરાઓની જેમ કાબૂમાં કરી લીધા હતા અને અશક્તો શક્તિશાળીના ચરણોમાં દંડવત હતા.

આ હતી એ પરિસ્થિતિ, જેમાં મુહમ્મદ ﷺ આમુલ પરિવર્તનનો સંદેશ લઈને એકલા-અટૂલા ઉઠે છે. આવા હતાશાજનક સંજોગોમાં કોઈ બીજો હોત, તો કદાચ જીવનથી ભાગી જતો. દુનિયામાં એવા સદાચારી અને સંવેદનશીલ લોકો અનેક જોવા મળે છે, જેમણે બૂરાઈથી નફરત કરી, પરંતુ તેઓ બૂરાઈનો સામનો કરવા માટે તૈયાર ન થઈ શક્યા અને તેમણે પોતાના પ્રાણની સલામતી ખાતર સભ્યતાથી દૂર જઈને ગુફાઓ અને ખીણોમાં શરણ લઈ લીધું અને યોગી અને સંન્યાસી બની ગયા. પરંતુ હુઝૂર ﷺ એ માનવતાની નૌકાને તોફાની મોજાઓમાં હિચકોલા ખાતી છોડીને પોતાનો જીવ બચાવવાની ચિંતા ન કરી, બૂરાઈના જીવલેણ અને વિનાશક વમળોથી લડીને સમગ્ર માનવજાત માટે મુક્તિનો માર્ગ ખોલ્યો, સંસ્કૃતિની નૌકાનું સુકાન સંભાળ્યું અને પછી તેને અપેક્ષિત અને ઇચ્છિત કિનારા તરફ હંકારી દીધી.

રોમ અને ઈરાનની પરસ્પર ટકરાતી બે મહાન સાંસ્કૃતિક શક્તિઓએ જે અધઃપતનની સ્થિતિ ઊભી કરી દીધી હતી, તેને તોડવા માટે આપ ﷺ એક ત્રીજી શક્તિ બનીને ઉઠ્યા અને ધીમે-ધીમે આ ત્રીજી શક્તિ જ્યારે પોતાના પગ પર ઊભી થઈ ગઈ, તો તેણે રોમ અને ઈરાન બંનેને પડકાર કર્યો. બંનેના પ્રભાવિત કરી નાખનારા નેતૃત્વના તખ્તા ઊલટાવી નાખ્યા અને સામાન્ય પ્રજાજનોને ભયંકર સાંસ્કૃતિક કેદખાનામાંથી બહાર કાઢીને સ્વતંત્ર વાતાવરણમાં ઊડવાની તક ઉપલબ્ધ કરાવી !(૨) આદમની સંતાનની સામે એકાએક એક મુક્તિ-માર્ગ ખુલી ગયો, જીવનનો કાફલો જે લૂંટારાઓથી ઘેરાયેલો હતો, તે ફરીથી સફળતા અને ઉન્નતિના રસ્તે આગળ વધવા લાગ્યો !

આમ, રસૂલે પાક (પવિત્ર ઈશદૂત) ﷺ અલ્લાહના સર્જનો માટે મુક્તિદાતા બનીને પધાર્યા.

---

૧. إِنْ هُمْ إِلَّا كَالْأَنْعَامِ بَلْ هُمْ أَضَلُّ سَبِيلًا (આ તો પશુઓ જેવા છે, બલ્કે તેનાથી પણ બદતર. - સૂરઃ ફુરકાન, ૪૪)

૨. وَيَضَعُ عَنْهُمْ إِصْرَهُمْ وَالْأَغْلَالَ الَّتِي كَانَتْ عَلَيْهِمْ (અને તેમના પરથી એ બોજ ઉતારે છે, જે તેમના પર લદાયેલા હતા અને એ બંધનો ખોલે છે, જેમાં તેઓ જકડાયેલા હતા... - સૂરઃ આ'રાફ, આ. ૧૫૭)

સમય, સ્થાન અને માનવ-સમૂહ

અલ્લાહની મરજીએ જ્યાં માનવતાને સિરાતે-મુસ્તકીમ (સન્માર્ગ) પર લાવવા માટે હુઝૂર ﷺ રૂપે સૌથી શ્રેષ્ઠ હસ્તીને પસંદ[૧] કરી, ત્યાં સમયની સૌથી ખરાબ પરિસ્થિતિ હોવા છતાં હુઝૂર ﷺ માટે સૌથી શ્રેષ્ઠ સમય, દા'વત (દીને-ઇસ્લામના આમંત્રણ) માટે સૌથી શ્રેષ્ઠ સ્થાન[૨] અને સૌપ્રથમ સંબોધિત લોકોની હેસિયતે સૌથી શ્રેષ્ઠ કોમને પસંદ પણ કરી.[૩]

સમગ્રપણે સમય એ રીતે અત્યંત યથાયોગ્ય હતો કે કબીલાઓનો યુગ સમાપ્ત થઈને ટૂંક સમયમાં જ વૈશ્વિક યુગ શરૂ થવા જઈ રહ્યો હતો, અને ઇતિહાસ થોડુંક ફર્યા પછી વૈજ્ઞાનિક યુગમાં દાખલ થવાનો હતો. હુઝૂર ﷺ ના આગમનનો જમાનો જાણે બે ઘાટ વચ્ચે ભેદરેખા હતી. આવનારા ખૂબ વિશાળ અને અત્યંત પ્રકાશિત યુગનો પ્રારંભ કરવા માટે આવશ્યક હતું કે પયગંબરોના સત્યના આમંત્રણને ફરી એક વાર સંપૂર્ણપણે ઉજાગર કરી દેવામાં આવે. દીનના આત્માને ઉભારી દેવામાં આવે. ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા) પર આધારિત સભ્યતાના આધારો દઢતાથી જમાવી દેવામાં આવે તેમજ ન્યાય અને સમાનતાની દયાની વ્યવસ્થાને પૂર્ણ સ્વરૂપે પ્રસ્તુત કરી દેવામાં આવે, જેથી હુઝૂર ﷺ ના આ મહાન કાર્યના પ્રકાશથી પછીના યુગોને પ્રકાશિત કરી શકાય, અને પછી આ જમાનો એ રીતે પણ ખૂબ જ યોગ્ય હતો કે સામાન્ય લોકોની સામે કોઈ બીજું આશાનું કિરણ ન હતું, અને તેમના હૃદયોમાં ઇસ્લામને સ્વીકારવાના દ્વાર સરળતાથી ખુલી શકતા હતા.

ઇસ્લામના આમંત્રણ-સ્થાનની રીતે જોઈએ, તો આરબ પ્રદેશ નિર્જન પ્રદેશ હોવા છતાં તે સમયે સભ્ય દુનિયામાં કેન્દ્રની હેસિયત રાખતો હતો.[૪] પૂર્વ અને પશ્ચિમ તેમજ ઉત્તરથી આવવાવાળા કાફલાઓના બધા માર્ગો આરબ ભૂમિમાં આવીને

---

૧. હુઝૂર ﷺ ની હદીસ છે - "અલ્લાહે મને માનવોના શ્રેષ્ઠ કબીલામાંથી અવતરિત કર્યો, એટલે સુધી કે હું એ કબીલામાં જન્મ્યો, જે કબીલામાંથી હું છું." (બુખારી, રિવાયત : હઝરત અબૂ હુરૈરા رضي الله عنه.) બીજી હદીસ છે - "ઇસ્માઈલ عليه السلام ની સંતાનમાંથી કનાનાને અલ્લાહે પસંદ કર્યો, અને કનાનામાંથી કુરૈશને, અને કુરૈશમાંથી બનૂ હાશિમને, અને બનૂ હાશિમમાંથી મને." (મુસ્લિમ, રિવાયત : વાસલહ બિન અસ્કઅ) જુઓ : તિરમિઝી, પ્ર. અલ-મનાકિબ વલ મવાહિબ અલદ્-દુન્નિયહ, લે. કસ્તલાની.
આ સંદર્ભની ત્રીજી હદીસ છે - "અલ્લાહે લોકોને (મખ્લૂક)ને પેદા કર્યા, અને મને એમાં સૌથી શ્રેષ્ઠ જૂથમાંથી બનાવ્યો, પછી કબીલાઓને અલ્લાહે ચૂંટી લીધા, અને મને એમાં સૌથી શ્રેષ્ઠ કબીલામાંથી બનાવ્યો, પછી પરિવારોને અલ્લાહે ચૂંટ્યા, પછી મને એમાં સૌથી શ્રેષ્ઠ પરિવારમાંથી બનાવ્યો, એટલા માટે હું મારી વ્યક્તિગત હેસિયતે અને પરિવારની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ છું." (તિરમિઝી, હઝરત અબ્બાસ رضي الله عنه.) આની પુષ્ટિમાં વધુ રિવાયતો પણ છે.

૨. આ સંદર્ભમાં જુઓ : 'ઝાદુલ મિઆદ' : લે.અલ્લામા ઇબ્ને કૈયુમ, ભા-અત્તફસીર આ. وربك يخلق ما يشاء ويختار (તારો રબ પેદા કરે છે જે કંઈ ચાહે છે, અને (તે પોતે જ પોતાના કામ માટે જેને ચાહે છે) પસંદ કરી લે છે. - સૂરઃ કસસ, આ.૬૮)
વધુમાં જુઓ : 'હુજ્જતુલ બાલેગા' લે. શાહ વલીઉલ્લાહ રહ., ભા-૧, ચર્ચા - ૬, પ્ર.-૫૩,૫૪ અને ભા-૨, પ્ર.-સીરતુન્નબી ﷺ, ભા-હુઝૂર કી આદત વ ખસાઈલ કે બયાન મેં.

૩. જુઓ : સીરતુન્નબી ﷺ, લે. સૈયદ સુલેમાન નદવી મરહૂમ, ભા-૪, પ્ર-અરબોં કી ખુસૂસિયાત. ઉપરાંત જુઓ : 'તખય્યર વ-સ્તફા'વાળી હદીસો, જામેઅ તિરમિઝી, પ્ર. અલ-મનાકિબ.

૪. આરબોની કેન્દ્રીય હેસિયત માટે જુઓ : ડૉ. હમીદુલ્લાહની 'રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, પ્ર. અરબ ઔર મક્કાએ મોઅઝ્ઝમા કા ઇન્તિખાબ દા'વતે ઇસ્લામ કે મરકઝ કે તૌર પર'ની નોંધ.

મળતા હતા, અને વિભિન્ન દેશો દરમ્યાન જેટલા બાહ્ય વેપાર થતા હતા, તેનો સંબંધ આરબ પ્રદેશના વેપારીઓથી જ હતો. ઓમાન, સનૂઆ અને મક્કા, જિદ્દાહ અને યષ્બૂઅ, મદીના અને દૂમતુલ જન્દલ વચ્ચે કાફલાઓની અવર-જવર રહેતી હતી. આરબ ભોમિયાઓ અને પગીઓ, કુરૈશના પસાર થવા માટેના પરવાના-પત્રો અને મુખ્ય કબીલાઓના રખેવાળો વગર આ કાફલાઓનું સલામતીથી પસાર થવું સંભવ ન હતું. આ રીતે આરબ ભૂમિ – વિશેષરૂપે મક્કા, તાઈફ, મદીના, યષ્બૂઅ અને દૂમતુલ જન્દલ – નો સંબંધ હિંદુસ્તાન, ચીન, ઈરાન, ઇરાક, મિસર (વર્તમાન ઇજિપ્ત), રોમ અને હબ્શા (ઇથોપિયા)ના તમામ વિસ્તારોથી હતો. અહીં વિશ્વના માનવોને ઇસ્લામની દા'વત (આમંત્રણ) આપે એવું કોઈ કેન્દ્ર અન્ય વિસ્તારોથી વધારે સફળ થઈ શકતું હતું. વધુમાં, આરબ-ભૂમિમાં મક્કા અને મદીનાના સ્થાનો એ મહત્ત્વ ધરાવતા હતા કે ધાર્મિક અને વેપારી તેમજ સાંસ્કૃતિક હેસિયતે તેમના નેતૃત્વનો સિક્કો ચાલતો હતો.

આરબોનું અસભ્યતા અને અરાજકતામાં ગ્રસ્ત હોવું તેમજ આર્થિક હેસિયતે નબળા હોવું, આમ તો ઘણી મુશ્કેલીઓનું કારણ હતું, પરંતુ તેનો એક મોટો લાભ એ પણ હતો કે આ પ્રદેશ વિદેશી પ્રભુત્વથી પણ મહદ્અંશે સ્વતંત્ર હતો, અને આંતરિક રીતે પણ કોઈ શક્તિ એવી ન હતી જે વિધિસર રાજકીય સત્તા આખા દેશ પર જમાવી ચૂકી હોય તેમજ સત્તા, કાનૂન અને શિક્ષણથી કામ લઈને માનવોને એક વિશેષ બીબામાં ઢાળી ચૂકી હોય. આવી શક્તિ જો કોઈ અસ્તિત્વમાં હોત, તો તે એ જ રીતે સત્યના આમંત્રણને કચડી નાખી શકતી હતી, જે રીતે પહેલા કેટલાક અત્યાચારી બાદશાહોએ પયગંબરોના આમંત્રણને પરિપૂર્ણતા સુધી પહોંચતા પહેલા રોકી દીધું. નિઃસંદેહ કુરૈશનું વર્ચસ્વ ખૂબ વ્યાપક હતું અને તેઓ સંપૂર્ણ શક્તિથી અવરોધરૂપ બન્યા. પરંતુ કુરૈશને આખા આરબ પ્રદેશ પર વિધિસર રાજકીય વર્ચસ્વ પ્રાપ્ત ન હતું. તેમનું ધાર્મિક અને વ્યાપારિક વર્ચસ્વ ગમે તેટલું વ્યાપક રહ્યું હોય, વ્યવસ્થિત રાજ્યનો વિકલ્પ નથી હોઈ શકતું.

ધાર્મિક રીતે જોઈએ, તો આ ભૂમિના ચારે તરફ અગાઉ થઈ ચૂકેલા પયગંબરો عليه السلام ના સંદેશના દીપકો પ્રજ્વલિત થઈ ચૂક્યા હતા અને તેમની કોમોના અવશેષો આંખોની સામે હતા.[1] ઉત્તરમાં હઝરત ઇબ્રાહીમ عليه السلام ના ઉદયનું સ્થાન 'ઊર' હતું. તેના નજીક અને થોડેક ઉપર હઝરત નૂહ عليه السلام નો પ્રદેશ હતો, પછી હઝરત લૂત عليه السلام ના આમંત્રણનું સ્થળ હતું. પછી મદાઈને-સાલેહ عليه السلام નો પ્રદેશ હતો.

---

૧. أَفَلَمْ يَهْدِ لَهُمْ كَمْ أَهْلَكْنَا قَبْلَهُم مِّنَ الْقُرُونِ يَمْشُونَ فِي مَسَاكِنِهِمْ (પછી શું આ લોકોને (ઇતિહાસના આ બોધપાઠમાંથી) કોઈ માર્ગદર્શન ન મળ્યું કે આમના પહેલાં કેટલીય કોમોને અમે નષ્ટ કરી ચૂક્યા છીએ, જેમની (વેરાન) વસ્તીઓમાં આજે આ લોકો હરેફરે છે ? - સૂરઃ તાન્હા, આ.૧૨૮, અસ્-સજદહ, આ. ૨૬)

પછી ફલસ્તિન (પેલેસ્ટાઈન) અને યરૂશલમનો વિસ્તાર હતો, જ્યાં બની ઇસરાઈલે ચડતી-પડતીના યુગો પસાર કર્યા અને જ્યાં હઝરત ઈસા عليه السلام એ સચ્ચાઈ અને નેકીનો સંદેશ સંભળાવ્યો. દક્ષિણમાં આદ અને સમૂદની વસ્તીઓ હતી, 'સદ્દે મારિબ' હતો, જેના તૂટવાથી 'સીલે ઇરમ'ની યાતંના ઉમટી. સબાની સલ્તનત હતી. સમુદ્ર પાર મિસર (ઇજિપ્ત)ની ભૂમિ હતી, જ્યાં હઝરત યૂસુફ عليه السلام અને હઝરત મૂસા عليه السلام એ માનવતાને પ્રકાશ આપ્યો, — અને પછી મક્કા હતું, જ્યાં હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઈલ عليه السلام એ તૌહીદ (એકેશ્વરવાદ)ના કેન્દ્રને મજબૂત કર્યું અને બંદગી અને અનુપાલનની ઝળહળતી યાદગારો મૂકી. ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા) અને તૌહીદ અને માનવતાની સુધારણાના પ્રસાર માટે છેવટે આનાથી ઉત્તમ પ્રદેશ બીજો કયો હોઈ શકતો હતો. અહીં સત્યના સંદેશની પોકાર કરવાથી માનવીય મસ્તકમાં પહેલાનાં પયગંબરો عليه السلام એ છોડેલ ધૂંધળા નિશાનો તાજા થઈ શકતા હતા.[1]

સર્વશ્રેષ્ઠ માનવ-સમૂહ (Human Material) પણ એ જ હતો, જે આરબ ભૂમિમાં હતો. તેની સૌથી મોટી ખૂબી એ હતી કે તેની શક્તિઓ અને યોગ્યતાઓના ખજાનાઓ ઉપયોગવિહિન અને સુરક્ષિત પડેલા હતા. આ લોકો હજુ ઘાતક રોગોથી સુરક્ષિત હતા, જે રોમ અને ઈરાનની સ્વચ્છંદી સભ્યતાઓએ પેદા કરી દીધા હતા. આમાં પાશવી જીવન-શૈલીની ખરાબીઓ હતી, પરંતુ બીજી બાજુ ખૂબીઓ પણ કંઈ ઓછી ન હતી. આ લોકો ગ્રામ્ય-જીવનના કારણે સ્વભાવમાં પ્રાકૃતિક સાદગી ધરાવતા હતા તથા બાહ્યાચાર અને ઔપચારિકતા તેમજ મિથ્યાચાર અને પાખંડથી પવિત્ર હતા. પ્રાકૃતિક નિશાનીઓને નજીકથી જોતા હોવાથી સૃષ્ટિમાં હકીકતની નિશાનીઓને વાંચી શકતા હતા. ગરમ આબોહવા, લૂની થપાટો, દિવસ-રાતના પ્રવાસો, ભૂખ અને તરસના અનુભવો, અને પ્રાતઃ હત્યાઓ અને લૂટફાટના કારણે તેમનામાં ખડતલપણું હતું, અને આ ખૂબી બહાદુરી અને વીરતાનું સંવર્ધન કરવામાં મદદરૂપ બની. એક વૈશ્વિક આંદોલનને લઈને ઉઠવા માટે બહાદુરી અને વીરતાનું તત્ત્વ જ લાભપ્રદ હોઈ શકતું હતું. તેમનામાં ઉદારતા હતી. એક મોટું કાર્ય કરવા માટે કોઈ કંજૂસ અને સંકીર્ણ કોમ યોગ્ય ન હોત. આ કોમની યાદશક્તિ પણ અનુપમ હતી. આ લોકો પોતાના વંશ ઉપરાંત પોતાના ઘોડાઓ સુદ્ધાંના વંશવેલાને પણ સુરક્ષિત રાખતા હતા. આવા લોકો એક જીવન-વ્યવસ્થાની શિક્ષાને પ્રાપ્ત કરવા અને બીજાઓ સુધી પહોંચાડવા માટે સૌથી શ્રેષ્ઠ કાર્યકર બની શકતા હતા. તેમનામાં સ્વાભિમાન અને સ્વમાનની ભાવના પણ પૂરેપૂરી જોવા મળતી હતી, તેથી આ લોકો સ્વમાનના ગુણને જાળવી શકતા હતા અને બીજાઓની માનસિક ગુલામી અને પરાધીનતાથી ઉચ્ચતર રહી શકતા હતા. તેમની ભાષા એક ઉચ્ચ અને વ્યાપક અને પ્રગતિશીલ

૧. જુઓ : અર્ઝુલ કુરઆન, લે. સૈયદ સુલેમાન નદવી મરહૂમ.

ભાષા હતી, જેમાં ભાષા-લાલિત્ય અને સૌંદર્ય તેમજ અલંકારિતાનો ગુણ ખૂબ નિખરી ચૂક્યો હતો. તેથી ઉચ્ચ હેસિયતથી તેઓ સરળતાથી આગળ વધી શકતા હતા. વધુમાં, બીજાઓને કોઈ ક્રાંતિકારી સંદેશથી પ્રભાવિત કરવામાં વધારે સારી રીતે સફળ થઈ શકતા હતા.

આરબો દૃઢ-નિશ્ચયી અને ધૂનના પાકા હતા. તેઓ જો ખોટા માર્ગે ચાલતા તો સંપૂર્ણ વિશ્વાસની સાથે, ચોખ્ખા હૃદયથી કોઈપણ પ્રકારના સંકોચ વગર ચાલતા અને અવરોધો અને વિરોધોનો સામનો કરતા. પરંતુ તેમનામાં એ યોગ્યતા પણ હતી કે જો તેમને સન્માર્ગ પર નાખી દેવામાં આવે, તો પછી તેમના ડગ ક્યારેય ન ડગમગે. આવા જુદા-જુદા કારણો છે, જે એ સ્વીકારવા મજબૂર કરે છે કે હુઝૂર ﷺ જ્યાં પોતાની જાતમાં પોતાના મિશન માટે સૌથી શ્રેષ્ઠ આવાહક અને નેતા હતા, ત્યાં આપ ﷺ ને સૌથી શ્રેષ્ઠ માનવ-સમૂહ પણ ઉપલબ્ધ કરવામાં આવ્યો.[૧]

ઉપરાંત, આ માનવ-સમૂહ દરેક રીતે ઉન્નતિ તરફ આગળ વધવા માટે આતુર હતો. ધાર્મિક રીતે બુદ્ધિશાળી વર્ગમાં ભારે વિહ્વળતા પેદા થઈ ચૂકી હતી અને વિશેષ લોકો હકીકતના પ્રકાશ અને દિવ્ય માર્ગદર્શનના તરસ્યા હતા. રાજકીય રીતે મક્કા અને મદીના જેવા શહેરોમાં રાજકીય માળખાની રચનાનો આરંભ થઈ રહ્યો હતો અને કંઈક અંશે લોકતાંત્રિક રંગની સાથે નાગરિક રાજ્યનો એક અવ્યવસ્થિત ઢાંચો બની રહ્યો હતો. વધુમાં, આરબ પ્રદેશના આર્થિક સાધનોની સીમિતતા જોર મારી રહી હતી કે વસ્તી પોતાના રણ-પ્રદેશમાંથી બહાર ફેલાય. આમ પણ પ્રકૃતિનો એક ઐતિહાસિક નિયમ એ છે કે જ્યારે પ્રચલિત સભ્યતાઓમાં અધઃપતન આવી જાય છે અને તેમનું નેતૃત્વ ભ્રષ્ટ થઈ જાય છે, તો કોઈ નવી શક્તિને રણપ્રદેશના આદ્ય-સ્થાનથી ઉઠાવીને મેદાનમાં લાવવામાં આવે છે, જેમ કે અલ્લાહની મરજીએ ફિરઔની સત્તાની સામે બની ઇસરાઈલને ઉઠાવી ઊભી કરવાનો નિર્ણય કર્યો.[૨]

આ તમામ પાસાઓથી આરબવાસીઓ ધરતીની એ સર્વ-શ્રેષ્ઠ કાચી સામગ્રી હતા, જેના દ્વારા જીવનની પાયાની અને સર્વગ્રાહી ક્રાંતિ આણી શકાય એમ હતી.

ક્રાંતિકારી કલ્મ-એ-હક્ક (સત્ય બોલ)

માનવતાના પયગંબર ﷺ એ કોઈ આસ્થા, કોઈ દૃષ્ટિકોણ અને કોઈ વિચારધારા વગર સુધારણા અને નિર્માણનું કાર્ય આમ જ શરૂ કરી દીધું ન હતું, માત્ર

૧. જુઓ : રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, લે. ડૉ. હમીદુલ્લાહ, પ્ર.- અરબ ઔર મક્કે કા ઇન્તિખાબ, ભા. ઈમરાની વજહ. વધુમાં જુઓ : સીરતુન્નબી ﷺ, ભા. ૪, પ્ર. અરબ કી ખુસૂસિયાત.

૨. وَنُرِيدُ أَن نَّمُنَّ عَلَى الَّذِينَ اسْتُضْعِفُوا فِي الْأَرْضِ وَنَجْعَلَهُمْ أَئِمَّةً وَنَجْعَلَهُمُ الْوَارِثِينَ ۝ وَنُمَكِّنَ لَهُمْ فِي الْأَرْضِ وَنُرِيَ فِرْعَوْنَ وَهَامَانَ وَجُنُودَهُمَا مِنْهُم مَّا كَانُوا يَحْذَرُونَ ۝
("અને અમે આ ઇરાદો રાખતા હતા કે કૃપા કરીએ એ લોકો પર જેમને ધરતીમાં અપમાનિત કરીને રાખવામાં આવ્યા હતા અને તેમને પેશવા બનાવી દઈએ અને તેમને વારસ બનાવીએ અને ધરતીમાં તેમને સત્તા પ્રદાન કરીએ અને તેમના વડે ફિરઔન અને હામાન અને તેમના લશ્કરોને એ બધું જ દેખાડી દઈએ જેનો તેમને ડર હતો." સૂરઃ કસસ, આ.૫-૬)

કોઈ અનિશ્ચિત અને અસ્પષ્ટ ભાવના ન હતી, કોઈ ઘેલછા ન હતી, બલ્કે હુઝૂર ﷺ સૃષ્ટિની અત્યંત મહાન સચ્ચાઈની મશાલ લઈને ઉઠ્યા, અત્યંત સંવેદનશીલ હૃદયની સાથે વર્ષો સુધી હુઝૂર ﷺ એ જીવનના કોયડાને ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો. ગારે-હિરાના એકાંતોમાં મુદ્દતો સુધી પોતાના ભીતરનો પણ અભ્યાસ કર્યો અને બાહ્ય જગત પર પણ ચિંતન-મનન કર્યું. સભ્યતાની સારી વાત અને બગાડના નિયમોને સમજવામાં પણ મગજ ખપાવ્યું[૧] — પરંતુ વ્યવહારૂ પગલું ત્યાં સુધી ન ભર્યું, જ્યાં સુધી કે ઇલ્મે-ઇલાહીએ (દિવ્ય જ્ઞાને) આપ ﷺ ના હૃદયને હકીકતથી પ્રકાશિત ન કરી દીધું અને સૌથી મોટી સચ્ચાઈ સંપૂર્ણપણે આપ ﷺ ની સામે પ્રગટ ન થઈ ગઈ. સૌથી મોટી સચ્ચાઈ એ છે કે સૃષ્ટિનો એક ખુદા (ઉપાસ્ય અને પ્રભુ-પાલનહાર) છે અને માનવી તેનો બંદો (દાસ) છે. આ જ કલ્મએ હક્ક (સત્ય વચન) હુઝૂર ﷺ ની ક્રાંતિનું બીજ હતું. આ બીજથી સદાચારી જીવન અને તંદુરસ્ત સભ્યતાનું એ પવિત્ર વૃક્ષ પ્રગટ થઈ શકતું હતું, જેની શાન એ છે કે તેનાં મૂળ જમીનમાં ઊંડા ઉતરેલા છે અને તેની શાખાઓ અવકાશની ઊંચાઈઓમાં ફેલાયેલ છે.[૨]

હુઝૂર ﷺ નો કલ્મો અત્યંત ક્રાંતિકારી કલ્મો હતો – લા-ઇલાહ ઇલ્લલ્લાહ ! શાબ્દિક રીતે અત્યંત સંક્ષિપ્ત, અર્થની રીતે અત્યંત વિસ્તૃત. એક અલ્લાહ સિવાય કોઈ 'ઇલાહ' નથી. માત્ર એ જ એક ઇલાહ છે. 'ઇલાહ' એ શક્તિ કે હસ્તીને કહે છે, જેની ગુલામી કરવામાં આવે, જેના પર માણસ પ્રેમથી ન્યોછાવર થાય, જેની મહાનતા માનીને પૂજા-અર્ચના કરે, જેની પ્રશંસા કરે અને જેની પવિત્રતાનું વર્ણન કરે, જેના ગુણગાન કરે, જેની તસ્બીહ કરે, જેને નઝ્ર (ભેટ, ચઢાવો) પ્રસ્તુત કરે, જેનાથી ભલાઈની આશા કરે અને જેની પકડથી ડરે, જેનાથી નેકીના બદલાનો ઉમેદવાર હોય અને જેનાથી બૂરાઈની સજાનો ભય રાખે, જેને પોતાનો માલિક અને સ્વામી સમજે, જેને હુકમ આપનાર અને કાનૂનનો ઘડવૈયો માને, જેની માંગણીઓને પૂરી કરે અને જેની મનાઈ કરેલ વાતોથી દૂર રહે, જેણે આપેલ સિદ્ધાંતો અને નિયમોને જીવનની આધારશીલા બનાવે, જેની નિર્ધારિત કરેલ સીમાઓનું પાલન કરે, જેના હલાલ-હરામ (વૈધ-અવૈધ)ના નિયમોને જરાય સંકોચ વગર માને, જેને પોતાના માટે માર્ગદર્શનનો સ્રોત સ્વીકારે અને જેની મરજી અનુસાર જીવન-વ્યવસ્થાની રચના કરે, જેના ચૂંટેલા લોકોનો આદર કરે અને જેના વિરોધીઓનો વિરોધ કરે, જેના ઈશારાઓ પર તન-મન-ધનની બાજી લગાવી દે અને જેની પ્રસન્નતાને જીવનનું લક્ષ્ય ઠેરવે. ઇલાહ હોવાનો આ વિસ્તૃત અર્થ હતો, જે એક શબ્દમાં છુપાયેલ છે.[૩]

---

૧. એની શરહ બુખારીમાં છે કે હિરાના એકાંતમાં આપ ﷺ ની વ્યસ્તતા ચિંતન-મનન અને આત્માવલોકન હતું. કુર્આનની આયત - [illegible] (તમને સન્માર્ગ માટે પ્રયાસરત જોયા અને માર્ગદર્શન પ્રદાન કર્યું. - સૂરઃ ઝુહા, આ. ૭)

૨. અલ-કુર્આન, સૂરઃ ઇબ્રાહીમ, આ. ૨૪-૨૫.

૩. જુઓ પુસ્તક : 'કુર્આન કી ચાર બુનિયાદી ઈસ્તલાહેં', લે. મૌલાના સૈયદ અબૂલ આ'લા મૌદૂદી, ચર્ચા 'ઇલાહ' વિશે.

ઈલાહ હોવાના આ હક્કોને એક અલ્લાહથી અલગ કરીને ઘણી માનવીય શક્તિઓએ ટુકડે-ટુકડા કરીને વહેંચી રાખ્યા હતા,[1] અને અસંખ્ય 'ઈલાહ' (ઉપાસ્ય) સભ્યતા પર સવાર હતા. માનવીનું પોતાનું મન (નફસ) અને તેની મનેચ્છાઓ, પરિવાર અને બિરાદરીની રીત-રસમો, વંશીય, કોમી અને કબીલાઓના એક-સમાન રિવાજો અને પરંપરાઓ, જાગીરદાર અને પૂજારી વર્ગનું પ્રભુત્વ, શાહી પરિવારો અને દરબારી લોકોનો ઘમંડ, આ વિભિન્ન ભાત-ભાતના ઉપાસ્યો હતા, જેના નીચે સામાન્ય માણસ પીસાઈ રહ્યો હતો. 'લા-ઈલાહ ઈલ્લલ્લાહ'નો ઘાતક પ્રહાર આ બધા પર સૌથી વધારે પડતો હતો. આ કલ્માને બોલવાવાળો જાણે એ એલાન કરતો હતો કે અલ્લાહના સિવાય કોઈની મહાનતા મને માન્ય નથી, કોઈનું વર્ચસ્વ કબૂલ નથી, કોઈના બનાવેલ નિયમો અને કાનૂન મંજૂર નથી, કોઈએ હાંસલ કરેલ દૈવી હક્કો જાઈઝ નથી, કોઈની સામે માથું નમાવવામાં નહીં આવે, કોઈની પ્રસન્નતા માટે યાચના કરવામાં નહીં આવે, અને કોઈના આંખના ઈશારે હવે જીવન-વ્યવસ્થા નહીં ચાલે, અલ્લાહ સિવાય પ્રત્યેક બીજી ખુદાઈ (પ્રભુત્વ)ને તોડી નાખવામાં આવશે. આ કલ્મો જાણે માનવીની સાચી સ્વતંત્રતાનું એલાન હતું !

લા ઈલાહ ઝર્બ અસ્ત જ ઝર્બે કારી અસ્ત

આ જ કલ્માના બીજા ભાગમાં એ એકરાર સામેલ હતો કે માનવીના માર્ગદર્શન અને સભ્યતાની સુધારણા માટે એક માત્ર માધ્યમ એ નુબૂવ્વત (પયગંબરી) અને રિસાલત (ઈશદૂતત્વ)નો એક ક્રમ છે, જે અલ્લાહે સ્થાપિત કર્યો છે. જીવનનું સાચું જ્ઞાન એ જે વહી (દિવ્ય વાણી) દ્વારા આવ્યું છે અને તેનાથી જ માનવીની બુદ્ધિને વિચારવા માટેના માર્ગદર્શક સિદ્ધાંતો મળે છે. વધુમાં એ કે હઝરત મુહમ્મદ ﷺ આ રિસાલતના ક્રમનું સમાપન કરવાવાળા છે,[2] અને હવે જીવનનું માર્ગદર્શન આ જ હસ્તીના માધ્યમથી મળી શકે છે, અને આ હસ્તીના નેતૃત્વમાં માનવતાનો કાફલો સફળતા અને ઉન્નતિના માર્ગે આગળ વધી શકે છે.

આ કલ્માનું આ જ મહત્ત્વ હતું કે જેના કારણે તેનો એકરાર ઈસ્લામમાં પ્રવેશની પ્રથમ શરત ઠરી.[3] આ કલ્માને મુઅઝ્ઝિનો (પોકારનારાઓ)એ ઊંચા અવાજે પોકાર્યો. આ કલ્માને નમાઝમાં સામેલ કરવામાં આવ્યો. તેને સર્વશ્રેષ્ઠ ઝિક્ર

---

૧. [illegible] (પરંતુ આ લોકોની ચાલાકીઓ છે કે તેમણે પરસ્પર પોતાના દીનને ટુકડે-ટુકડા કરી નાખ્યો. - સૂરઃ અંબિયા, આ.૯૨) [illegible] (પરંતુ પાછળથી લોકોએ પોતાના દીનને પરસ્પર ટુકડે-ટુકડા કરી લીધો. - સૂરઃ મુ'મિનૂન, આ.૫૩)

૨. અલ-કુર્આન, સૂરઃ અહઝાબ, આ. ૪૦.

૩. હદીસ : "જે વ્યક્તિ એ વાતની સાક્ષી આપે કે અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ (ઉપાસ્ય) નથી, અને એ કે મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ (ઈશદૂત) છે, તેના પર દોજખની આગ હરામ થઈ જાય છે." (સહીહ મુસ્લિમ, રિવાયત : હઝરત ઉબાદા બિન સામિત رضي الله عنه. જુઓ : મિશ્કાત, કિતાબુલ ઈમાન) ઉપરાંત હદીસ : "મને આદેશ આપવામાં આવ્યો છે કે હું લોકો સાથે ત્યાં સુધી યુદ્ધ કરું, જ્યાં સુધી કે તેઓ એ સાક્ષી ન આપી દે કે અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ નથી, અને એ કે મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ (ઈશદૂત) છે." (મુત્તફિક અલયહિ, જુઓ : મિશ્કાત, ભા.-૧કિતાબુલ ઈમાન) આ સદર્ભની અન્ય હદીસો જુદા-જુદા પુસ્તકોમાં પણ જુઓ.

(જાપ) ઠેરવવામાં આવ્યો,[1] અને દરેક રીતે આ કલ્મો ઇસ્લામી આંદોલનનો નારો અને સ્લોગન બની ગયો. હુઝૂર ﷺ નો ક્રાંતિકારી કલ્મએ-હક્ક જે હૃદયમાં ઉતર્યો તેણે તેની કાયાપલટ કરી નાખી, જે જીવનમાં દાખલ થયો તેની રૂપરેખા બદલી નાખી અને આ બીજથી નવી માનવતા પેદા થઈ અને ફૂલવા-ફાલવા લાગી.

સભ્યતાની સુધારણા માટે હુઝૂર ﷺ નો ધ્યેય

સીરતે-પાકથી સાચી રીતે લાભાન્વિત થવા માટે એ મહત્ત્વના પ્રશ્નનો જવાબ અવશ્ય સામે હોવો જોઈએ કે હુઝૂર ﷺ ની દૃષ્ટિ સમક્ષ પરિવર્તનનું પરિઘ અને કામનું માપદંડ શું હતું ? સાંસ્કૃતિક વ્યવસ્થામાં હુઝૂર ﷺ કોઈ આંશિક સુધારણા કરવા માગતા હતા કે સર્વગ્રાહી અને સાર્વત્રિક ? દા'વત (આમંત્રણ) ધાર્મિક અને નૈતિક હતી કે તે રાજકીય મહત્ત્વ પણ ધરાવતી હતી ? ટૂંકમાં, સાંસ્કૃતિક પરિઘમાં લક્ષ્ય અને ધ્યેય શું હતો ?

આ પ્રશ્નનો જવાબ સ્વયં કુર્આને-કરીમમાં ખૂબ જ સ્પષ્ટતાથી આપવામાં આવ્યો છે અને જુદી-જુદી રીતે, અલગ-અલગ શૈલીથી નિરંતરતાની સાથે ઇસ્લામી આમંત્રણનો હેતુ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. અહીં અમે માત્ર બે આયતોને લઈએ છીએ. એક જગ્યાએ તમામ પયગંબરો અને રસૂલો (ઈશદૂતો)ના આગમનનો ઉદ્દેશ આ રીતે વર્ણવવામાં આવ્યો છે –

لَقَدْ اَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنٰتِ وَاَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ وَالْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ ۚ

''અમે અમારા રસૂલોને સ્પષ્ટ દલીલો આપીને જે હેતુ માટે મોકલ્યા છે અને જે ઉદ્દેશ્ય માટે તેમના પર ગ્રંથો ઉતાર્યા છે અને તેમને સત્યના નિયમોની તુલા પ્રદાન કરી છે, તે એ છે કે લોકો ન્યાય ઉપર કાયમ થઈ જાય...'' (સૂરઃ હદીદ, આ. ૨૫)

વાત અત્યંત સ્પષ્ટ છે કે દા'વતે હક્ક (સત્યના આમંત્રણ)નો ઉદ્દેશ્ય માનવીના જીવનને ન્યાય અને સમાનતાના બીબામાં ઢાળવાનો અને સભ્યતામાં વ્યવહારૂ રૂપે સંતુલન પેદા કરવાનો છે. આ આયતમાં તરત જ પછી શસ્ત્ર-સરંજામનો પણ આ જ ઉદ્દેશ્ય માટે ઉપયોગ કરવાનો સંકેત છે, અર્થાત્ સત્ય-વ્યવસ્થાની સ્થાપના, તેની સુરક્ષા અને તેના પ્રસાર માટે રાજકીય અને સૈન્ય શક્તિ અનિવાર્ય છે.[2]

સ્વયં હઝરત મુહમ્મદ ﷺ નો ઉદ્દેશ્ય વધારે સ્પષ્ટતાથી વર્ણવવામાં આવ્યો અને એ પણ એકથી વધારે વાર વર્ણવવામાં આવ્યો, જુઓ –

---

૧. જુઓ : હદીસ, રિવાયત : હઝરત જાબિર રદિ., નોંધ : તિરમિઝી, ઇબ્ને માજા. જુઓ : મિશ્કાત, પ્ર.-સવાબુત્તસ્બીહ વલ-ત્તહમીદ વલ તહલીલ વલ તઝકીર.

૨. જે આયતનો હવાલો આપવામાં આવ્યો છે તેના પર ઇસ્માઈલ બિન કસીર (દમાસ્કસ)ની નોંધને જુઓ. તફસીર ઇબ્ને કસીર, ભા-૪, પૃ.૨૧૪-૨૧૫. ઉપરાંત, હદીસે-પાક નજરમાં રહે : બઅસત બિસ્-સૈફ... રિવાયત : ઇબ્ને ઉમર રદિ. (અહમદ, અબૂ દાઊદ) વધુમાં ઇરશાદ - રિસાલતે મઆબ લકદ જિઅતુકુમ્ બિઝ્ઝબહ..(ઇબ્ને હિશામ, ભા-૧, પૃ.૩૧૦)

هُوَ الَّذِیْۤ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰی وَدِیْنِ الْحَقِّ لِیُظْهِرَهٗ عَلَی الدِّیْنِ كُلِّهٖ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ

''એ જ (અલ્લાહ) છે, જેણે પોતાના રસૂલને માર્ગદર્શનના નિયમો અને સત્ય-દીન આપીને એ ઉદ્દેશ્યથી મોકલ્યા છે કે તેઓ દરેક દીન (ધર્મો, જીવન-વ્યવસ્થાઓ)ની સામે તેને (સમગ્ર માનવ-જીવન પર) પ્રભુત્વ અપાવી દે. ચાહે આ મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ)ને ગમે તેટલું અપ્રિય હોય.'' (સૂરઃ અસ્‌-સફ્ફ, આ.૯)

હેતુ એ છે કે કુરૈશ અને બીજા આરબ મુશ્‌રિકો તો પોતાની અજ્ઞાનતાની વ્યવસ્થાને યથાવત રાખવા માટે એડીચોટીનું જોર લગાવશે અને અજ્ઞાનતા વિરુદ્ધ જે અવાજ ઉઠશે તે તેમને ભારે અપ્રિય હશે, પરંતુ તેમની અપ્રિયતાની પરવા કર્યા વગર તેમના વિરોધના મોરચાને તોડીને હુઝૂર ﷺ એ દીનની સ્થાપના કરવાની છે અને અલ્લાહના માર્ગદર્શનની વ્યવસ્થાને વ્યવહારૂ રૂપે જારી કરવાની છે. આ ઉદ્દેશ્ય જો દા'વતે-હક્કમાં અભિપ્રેત ન હોત તો સંઘર્ષ અને જિહાદ અને હિજરતના તબક્કાઓ ક્યાંથી આવતા ? જાન અને માલની કુરબાનીઓ શા માટે માંગવામાં આવતી ?[૧] કયા હેતુસર 'કૂનૂ અન્સારલ્લાહ'[૨]ની જાહેર ઘોષણા કરવામાં આવતી ? કયા હેતુસર 'હિઝ્‌બુલ્લાહ'[૩](અલ્લાહની પાર્ટી)ની રચના કરવામાં આવતી ? કયા લક્ષ્ય માટે શહીદોને પસંદ કરવામાં આવતા ?[૪] કુર્આન અને સીરત બંનેની સમજ દા'વતે-હક્કના ઉદ્દેશ્યને મનો-મસ્તિષ્કમાં ઉતાર્યા વગર સંભવ નથી.

આવો, હવે આપણે સ્વયં હુઝૂર ﷺ ની સીરતના પૃષ્ઠોનો અભ્યાસ કરીને આ લક્ષ્યને શોધીએ, જે દૃષ્ટિ સમક્ષ હતો :

હુઝૂર ﷺ એ તદ્દન આરંભિક તબક્કામાં બની હાશિમ પરિવારનો એક ભોજન સમારંભ પોતાનો સંદેશ આપવા માટે આયોજિત કર્યો. આમાં મહદ્‌અંશે ફરમાવ્યું હતું કે આ સંદેશ દુનિયા અને આખિરત (પરલોક) બંનેની ભલાઈનો જામીન હશે. ઘણા સમય પછી કુરૈશના એક પ્રતિનિધિ-મંડળ સાથે વાતચીત કરતાં આ જ વાતને દોહરાવી અને ફરમાવ્યું,

فَإِنْ تَقْبَلُوا مِنِّي مَا جِئْتُكُمْ بِهِ فَهُوَ حَظُّكُمْ فِي الدُّنْيَا وَفِي الْآخِرَةِ

''જો તમે મારું આ આમંત્રણ સ્વીકારી લેશો, જેને હું પ્રસ્તુત કરી રહ્યો છું, તો તેમાં તમારી દુનિયા અને આખિરત બંનેની ભલાઈ છે.''[૫]

દુનિયાની ઉન્નતિ અને ભલાઈના સાદા શબ્દોથી આંશિક ભલાઈનો અર્થ લેવો કોઈ મતલબ જ ધરાવતું નથી. આંશિક ભલાઈ તો દરેક આમંત્રણમાં હોય છે,

---

૧. આ સંદર્ભમાં અનેક આયતો જુઓ. જેમ કે - ''અને જિહાદ (સંઘર્ષ) કરો અલ્લાહના માર્ગમાં પોતાના માલ વડે અને પોતાના પ્રાણ વડે.'' (સૂરઃ સફ, આ.૧૧)

૨. અલ-કુર્આન, સૂરઃ સફ, આ. ૧૪.

૩. અલ-કુર્આન, સૂરઃ માઈદા, આ. ૫૬, સૂરઃ મુજાદલા, આ. ૨૨.

૪. અલ-કુર્આન, સૂરઃ આલે ઈમરાન, આ.૧૪.

૫. સીરતે ઈબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩-૬.

અને દરેક બૂરાઈની વ્યવસ્થામાં પણ કંઈ-ને-કંઈ સારા પાસાઓ હોય છે. ટૂંકમાં, જીવન સુધરી જવું અને સભ્યતાનું દુરસ્ત થઈ જવું. ન્યાય અને સમાનતાની વ્યવસ્થાનું સ્થાપિત થઈ જવું અને પવિત્ર જીવન[1]નું પ્રાપ્ત થઈ જવું છે.

વધુમાં, આરંભિક સંઘર્ષના તબક્કામાં એક અન્ય પ્રસંગે હુઝૂર ﷺ થી વાર્તાલાપ થાય છે, તો તે દરમ્યાન આપ ﷺ ફરમાવે છે –

كَلِمَةٌ واحدةٌ تعطونيها تملكن بها العرب وتدينُ لكم بها العجم۔

''બસ, એ એક કલ્મો છે, તેને જો મારાથી સ્વીકારી લો, તો તેના દ્વારા તમે આખા આરબને આધીન કરી લેશો અને આખું 'અજમ' (શેષ દુનિયા) તમારા પાછળ ચાલશે.''[2]

મેળાઓ અને હજ્જના પ્રસંગોએ કબીલાઓના કેમ્પોમાં જઈ-જઈને હુઝૂર ﷺ એ આ જ વાત કબીલાઓના સરદારોને કહી. ફરમાવતા : મને સાથે લઈ ચાલો, મને કામ કરવાની તક આપો અને મને સહયોગ કરો,[3] ત્યાં સુધી કે અલ્લાહ તરફથી આ સંદેશને હું સ્પષ્ટ કરી દઉં જેના માટે મને મોકલવામાં આવ્યો છે.[4] તેથી બનૂ આમીરનો સરદાર બખીરહ બિન ફરાસ હુઝૂર ﷺ ના સંદેશ અને હુઝૂર ﷺ ના વ્યક્તિત્વથી અને હુઝૂર ﷺ ની સંવેદનશીલ પ્રવૃત્તિઓથી એટલો પ્રભાવિત થયો કે તેણે કહ્યું કે જો આ નવયુવાન મારા હાથમાં આવી જાય, તો હું આખા આરબ પ્રદેશને ગળી જાઉં. તેની દૃષ્ટિ હુઝૂર ﷺ ના આમંત્રણની અંતિમ સિદ્ધિ અને પરિણામ સુધી પહોંચી ગઈ, અને તેથી જ તેણે એક સોદો કરવાની ઇચ્છા કરી. હુઝૂર ﷺ ને પોતાનો સહયોગ એ કિંમતે આપવા તૈયાર થાય છે કે જ્યારે આપ ﷺ ને વિરોધીઓ પર વર્ચસ્વ પ્રાપ્ત થઈ જાય તો આપ ﷺ પછી સત્તા તેને પ્રાપ્ત થાય. માનવું પડે છે કે બખીરહની દૃષ્ટિ અત્યંત દૂરંદેશ હતી ! હવે જો હુઝૂર ﷺ સીમિત ધાર્મિક દૃષ્ટિકોણના માત્ર પ્રવક્તા અને પ્રચારક હોત અને કોઈ રાજકીય લક્ષ્ય આપ ﷺ ની સામે મૂળથી જ ન હોત, તો સાફ-સાફ કહી દેતા કે ભાઈ ! હું તો એક અલ્લાહવાળો છું, મને સત્તાના બખેડાથી શું મતલબ ? અને મારા કામમાં રાજ્ય અને નેતા-વેતાનો શું પ્રશ્ન ? પરંતુ હુઝૂર ﷺનો જવાબ આ ન હતો. હુઝૂર ﷺ એ ફરમાવ્યું, الامر الی الله یضعه حیث یشاء۔[5] (સત્તાનો મામલો અલ્લાહના અધિકારમાં છે, અને તે જેના કબજામાં ચાહશે, આપશે.) અને સોદો કરવાનો ઇન્કાર કરી દીધો.

---

૧. અલ-કુર્આન, સૂરઃ હદીદ, આ. ૨૫.   ૨. સીરતે ઈબ્ને હિશામ, ભા-૨, પૃ.૨૭

૩. બનૂ આમીર બિન સઅસઆએ હજ્જથી પાછા ફરીને હુઝૂર ﷺ ના આમંત્રણનું વર્ણન આ રીતે કર્યું કે "એ વાતનું આમંત્રણ આપી રહ્યો હતો કે આપણે તેને તેના દુશ્મનોથી બચાવીએ અને તેની રક્ષા કરીએ અને તેને આપણે આપણી વસ્તીમાં લઈ આવીએ."(સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૩૪)

૪. વાસ્તવિક શબ્દો આ છે : "મારા પર ઈમાન લાવો અને મને સાચો સમજો અને મારી રક્ષા કરો કે અલ્લાહે જે વસ્તુઓ આપીને મને મોકલ્યો છે, હું તેને સાફ-સાફ બતાવી દઉં." (સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૩૨.)

૫. જુઓ : સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૩૩.

હુઝૂર ﷺ ના આમંત્રણના સંદર્ભમાં 'અરબ અને અજમની સત્તા'ની ચર્ચા એટલી ફેલાઈ ગઈ હતી કે જાણે તે ઇસ્લામી આંદોલનનું સ્લોગન હોય ! નાના-નાના બાળકોના મોઢે આ વાત હતી, ત્યાં સુધી કે વિરોધીઓએ આને જ કટાક્ષની વાત બનાવી લીધી હતી. ઇસ્લામના શરણમાં જે ગુલામો અને ગરીબ વર્ગના નવયુવાનો આવી-આવીને એકત્ર થઈ રહ્યા હતા અને જેમને કુરૈશ હિંસાની ઘાણીમાં પીલી રહ્યા હતા, તેમને જોતા તો ઇશારાઓ કરીને કટાક્ષ મારતા કે વાહ ! શું કહેવું આ હસ્તીઓનું! આ છે જેઓ અરબ અને અજમના સત્તાધીશો અને સરદાર બનવાના છે !

કટાક્ષ અને હાંસી, વિરોધ અને અવરોધના બધાં તોફાનો કરવા છતાં કુરૈશના સમજદાર લોકો હૃદયના ઊંડાણમાં એ અવશ્ય અનુભવતા હતા કે આ આમંત્રણ કોઈ મામૂલી વસ્તુ નથી, બલ્કે આનાથી ખૂબ ભારે પરિણામો પેદા થવાના છે. એક વાર ઉત્બાને મક્કાના સરદારોએ હુઝૂર ﷺ સાથે વાતચીત કરવા મોકલ્યો. ઉત્બાએ સત્તા, ધનદોલત અને દુનિયાના લાભોનો દરેક સંભવ પ્રસ્તાવ હુઝૂર ﷺ સામે મૂક્યો કે કોઈપણ રીતે આપ આ ક્રાંતિકારી આંદોલનને પડતું મૂકી દે. હુઝૂર ﷺ એ જવાબમાં સૂરઃ હા-મીમની આયત સંભળાવી. ઉત્બા જે અસર આ મીટિંગમાંથી લઈને ગયો, તેણે તેના ચહેરાનો રંગ બદલી નાખ્યો હતો. તેણે જઈને કહ્યું કે આ સંદેશમાં એક 'મહાન વાત' છુપાયેલ છે, અર્થાત્ આ એક ખૂબ મોટું પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે, કોઈ ક્રાંતિ આવવાની છે જે જીવનની રૂપરેખા બદલી નાખશે. તેથી તેણે સલાહ આપી કે મુહમ્મદ (ﷺ)ને તેના હાલ પર છોડી દો. તમે વચ્ચે ન આવો. જો આરબોએ આને સમાપ્ત કરી નાખ્યો, તો તમે સસ્તામાં છૂટી જશો અને જો તેને વર્ચસ્વ પ્રાપ્ત થઈ ગયું, તો ملکہ ملککم، وعزۃ عزکم، وکنتم اسعد الناس (તેની સલ્તનત તમારી સલ્તનત હશે, તેની સત્તા તમારી સત્તા હશે અને તમે લોકોમાં સૌથી વધારે પ્રતિષ્ઠિત બની જશો.) અર્થાત્ ઉત્બા સુદ્ધાં એ હકીકત પામી ગયો હતો કે આ આમંત્રણના પરદામાં એક સલ્તનત છુપાયેલ છે અને તે સત્તામાં પરિણમશે. તો પછી છેવટે સ્વયં હુઝૂર ﷺ અને હુઝૂર ﷺ ના સાથીઓ આ પરિણામથી કેવી રીતે અજાણ હોઈ શકે છે.(1)

એક પ્રસંગે જયારે હિંસાની ભઠ્ઠી ખૂબ ગરમ હતી, હુઝૂર ﷺ ના સાથીઓએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું, અને દુઆની દરખાસ્ત કરી, હુઝૂર ﷺ એ પહેલા તો તેમને બતાવ્યું કે ઇકામતે-દીન (દીને ઇસ્લામની સ્થાપના)ના સંઘર્ષની ખીણો કેટલી કઠિન હોય છે અને ભૂતકાળમાં જે યુવાનોએ આ કર્તવ્ય અદા કર્યું છે, તેમને શું-શું સહન કરવું પડ્યું અને પછી સંપૂર્ણ વિશ્વાસથી એ ખુશખબર સંભળાવી કે, ''અલ્લાહના

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ.૩૧૪.

સોગંદ ! આ આંદોલનને અલ્લાહ ત્આલા અવશ્ય તેની પરિપૂર્ણતાએ પહોંચાડશે. પછી આ પરિપૂર્ણતાની સ્થિતિનું વર્ણન કર્યું કે –

“એક સવાર સન્આથી હઝરમોત (યમનના આ બંને શહેરો વચ્ચેનું અંતર ૫૮૦ કિ.મી. છે) સુધી સફર કરશે અને તેને અલ્લાહ સિવાય બીજા કોઈનો ડર નહીં હોય.”[૧]

અર્થાત્ એક ન્યાયી વ્યવસ્થા અને દયા અને કૃપાનો જમાનો છવાઈ જવાનો છે તેમજ એવું શાંતિમય વાતાવરણ સ્થપાઈ જવાનું છે કે આજે જયાં ધાડ પાડવામાં આવી રહી છે અને હત્યાઓ થઈ રહી છે, જયાં ધોળા દિવસે લોકોને ધરતીમાંથી ઉંચકી લઈ જવામાં આવી રહ્યા છે,[૨] અને જયાં ખુલ્લંખુલ્લા આબરૂઓ લૂટવામાં આવી રહી છે, ત્યાં મુસાફરો એકલા આ ભૂમિમાં કોઈપણ પ્રકારના ભય અને સંકોચ વગર સફર કરશે. કોઈ તેના પ્રાણ, તેના માલ અને તેની ઈજ્જત-આબરૂને નુકસાન પહોંચાડવાની હિંમત નહીં કરી શકે. એક વાર હુઝૂર ﷺ એ એમ પણ ફરમાવ્યું કે ટૂંક સમયમાં એ જમાનો આવશે કે કોઈ ભોમિયા કે રક્ષક વગર કાફલો મક્કા જઈ શકશે.[૩]

લક્ષ્યનો કેટલો સ્પષ્ટ અને ચોખ્ખો દૃષ્ટિકોણ છે !

એક વાર ઉસ્માન બિન તલ્હાને, જેમની પાસે કાબાની ચાવીઓ હતી, હુઝૂર ﷺ એ કાબાનો દરવાજો ખોલાવવાનું કહ્યું, તો તેણે ઈન્કાર કરી દીધો. દેખીતી રીતે ખૂબ જ પ્રતિકૂળ અને નિરાશાજનક સ્થિતિમાં ઊભા રહીને તે વખતે હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે એક દિવસ આવવાનો છે, જયારે આ ચાવીઓ અમારા હાથમાં હશે અને અમે જેને ઇચ્છીશું, સોંપીશું.[૪]

ઉકબાના સ્થળે મદીનાના અન્સારોથી, જે ઐતિહાસિક બૈત (શપથ) થઈ હતી, તેનો અભ્યાસ કરો તો સ્પષ્ટ જણાય છે કે અન્સાર સુદ્ધાંએ આ રાજકીય સંઘર્ષની વ્યાપકતાઓને સમજી લીધી હતી, જે સત્યના આમંત્રણના પરિણામે દેખાતો હતો, અને જે આગળ ચાલીને યુદ્ધ-ભૂમિમાં પરિણમવાનો હતો. એક બાજુ અન્સાર હુઝૂર ﷺ ની હિમાયતમાં ગમે-તે પરિસ્થિતિમાં ગમે-તેની સાથે ભીડાઈ જવાનું વચન આપી રહ્યા હતા અને પોતાના લોકોના વિનાશ અને ધનદોલતની તબાહી માટે તૈયાર થઈ રહ્યા હતા, તો બીજી બાજુ હુઝૂર ﷺ થી વચન લેતા હતા કે જયારે અલ્લાહ આપ ﷺ ને વર્ચસ્વ પ્રદાન કરે તો આપ અમને છોડીને પાછા નહીં જતા

૧. રિવાયત અબી અબ્દુલ્લાહ ખબ્બાબ બિન અલ-અરત, બુખારી, રિયાઝુસ્સાલેહિન, પ્ર. અલ-સબ્ર.

૨. અલ-કુર્આન : “...તમે ડરતા હતા કે ક્યાંક લોકો તમને નષ્ટ ન કરી નાખે...” (સૂરઃ અન્ફાલ, આ. ૨૬) અને “...જયારે કે તેની આસપાસ લોકો પર અચાનક હુમલો કરવામાં આવે છે...” (સૂરઃ અન્-કબૂત, આ.૬૭)

૩. સીરતુન્નબી ﷺ, શિબ્લી નો'માની, ભા-૨, પૃ.૩.

૪. અલ-મવાહિબુલ-લિદ્-દુનિયા, ભા-૧, પૃ.૧૫૮.

રહો. યુદ્ધ, ત્યાગ અને બલિદાનો અને વર્ચસ્વ — શું આ દૃષ્ટિકોણોમાં એ લક્ષ્ય સ્પષ્ટ અને ચોખ્ખો ન હતો, જે હુઝૂર ﷺ ની સામે હતો ![1]

હિજરતના માર્ગમાં પગ મૂકતાં પહેલા જે દુઆ આપ ﷺ ને શીખવાડવામાં આવે છે, એ દુઆનો અંતિમ ભાગ છે કે وَاجْعَل لِّي مِن لَّدُنكَ سُلْطَانًا نَّصِيرًا.[2] હુઝૂર ﷺ ને અલ્લાહની ‘સુલતાને નસીર’ માંગવાનું શીખવાડવામાં આવેલ છે – અર્થાત્ પવિત્ર મિશનની સહાયતા કરવા માટે સત્તા અને રાજ્ય આવશ્યક હતું.

જનાબ અબૂ તાલિબ પર જ્યારે હુઝૂર ﷺ ની હિમાયત છોડી દેવા માટે દબાણ કરવામાં આવ્યું, તો તેમણે હુઝૂર ﷺ સાથે વાતચીત કરી કે મારા માટે મુશ્કેલીઓ ઊભી ન કરો. તેના પર હુઝૂર ﷺ એ એ પ્રખ્યાત જવાબ આપ્યો હતો કે ચાહે આ લોકો મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચંદ્ર કેમ લાવીને ન મૂકી દે, હું મારા મિશનથી દૂર નથી થઈ શકતો. હુઝૂર ﷺ એ પોતાની વાત આ શબ્દોમાં પૂરી કરી હતી કે –

‘‘...ત્યાં સુધી કે કાં તો અલ્લાહત્આલા આ મિશનને વર્ચસ્વ આપશે, અથવા આમાં હું મારા પ્રાણ ખપાવી દઈશ.’’[3]

અહીં શબ્દ يُتِمَّهُ નહીં, બલ્કે يُظْهِرَهُ પ્રયુક્ત કર્યો છે, જેમાં સંઘર્ષની કલ્પના સામેલ છે અને આગળનું વાક્ય બતાવે છે કે સંઘર્ષ પણ એવો છે, જેમાં જીવ જોખમમાં નાખવાનો મામલો છે.

મદની કાળમાં અદી બિન હાતિમ હાજર થઈને હુઝૂરના વ્યક્તિત્વનું નિરીક્ષણ કરે છે. તે ઇસ્લામી દા’વત (આમંત્રણ)ના સ્વરૂપને સમજવા માગે છે. સૂક્ષ્મ દૃષ્ટિથી હુઝૂર ﷺ ના વર્તન અને રીતભાતને અવલોકે છે અને દિલમાં પ્રભાવિત થાય છે. તેની વિચારવાની શૈલીનો આદર કરીને હુઝૂર ﷺ તેનાથી વાતચીત કરીને જ્યાં એ બતાવે છે કે ટૂંક સમયમાં બાબિલ (પ્રાચીન મધ્ય-દક્ષિણ મેસોપોટેમિઆ અને વર્તમાન ઇરાકનું શહેર બેબિલોન)ના સફેદ મહેલો ઇસ્લામના આધીન હશે, ટૂંક સમયમાં અહીં ધનદોલતની રેલમછેલ હશે અને ટૂંક સમયમાં મુસલમાનોની જન-સંખ્યા ખૂબ મોટી હશે, ત્યાં તેને ઇસ્લામની ન્યાયી વ્યવસ્થાથી પણ માહિતગાર કરે છે કે ટૂંક સમયમાં તમે જોશો કે એક મહિલા કાદસિયા (સીરિયાનું શહેર)થી ઊંટ પર એકલી આ મસ્જિદ સુધી આવવા માટે નીકળશે અને સહી-સલામત રીતે પહોંચી જશે.

દેખીતી રીતે સાધન-સામગ્રીના અભાવ અને કંગાળિયતની સ્થિતિમાં હિજરતનો સફર કરતાં જે દૃષ્ટિ સુરાકાના હાથમાં કિસરા (ઈરાનના બાદશાહ)ના

૧. જુઓ : સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૫૦-૫૧; ઝાદુલ મિઆદ, ભા-૨, પૃ. ૫૦-૫૧.
૨. "...અને પોતાના તરફથી એક સત્તાને મારી સહાયક બનાવી દે." (સૂરઃ બની ઇસરાઈલ, આ.૮૦).
૩. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ.૨૭૮.

કંગન જોઈ લે છે, કેવી રીતે એ કહો છો કે તેને પોતાની દા'વત (ઈસ્લામી આમંત્રણ)ના અંતિમ પરિણામ અને પોતાના સામાજિક લક્ષ્યની ખબર ન હતી ! કેવી રીતે એ વિચારો છો કે ઈસ્લામી રાજ્ય ધ્યેયના રૂપમાં નજર સમક્ષ ન હતું ! તેના માટે તૈયારીઓ કરવામાં ન આવી, તેના માટે સંઘર્ષ કરવામાં ન આવ્યો અને તે અચાનક ઈનામ સ્વરૂપે હુઝૂર ﷺ ની જમાઅતને સુપ્રત કરી દેવામાં આવ્યું ! કહી શકો છો તો એટલું કહી શકો છો કે રાજ્ય માત્ર એક રાજ્ય માટે અપેક્ષિત ન હતું, કહી શકો છો કે રાજ્ય અંગત સત્તા અને દુનિયાના ભૌતિક લાભોની પ્રાપ્તિ માટે અપેક્ષિત ન હતું. પરંતુ એમ કેવી રીતે કહી શકાય છે કે ઈકામતે-દીન (દીને-ઈસ્લામની સ્થાપના) માટે, ન્યાયની સ્થાપના માટે, માનવતાની મુક્તિ માટે સમાજના નિર્માણ માટે પણ રાજ્ય અપેક્ષિત ન હતું !

વાસ્તવમાં હુઝૂર ﷺ ની દૃષ્ટિ સામે જ્યાં એ'તેકાદી (આસ્થાકીય) અને નૈતિક પરિવર્તન હતું, ત્યાં સંપૂર્ણ મહત્ત્વની સાથે રાજકીય પરિવર્તન પણ હતું. જ્યાં વ્યક્તિની સુધારણા અપેક્ષિત હતી, ત્યાં સમાજ અને સભ્યતાની સુધારણા પણ અપેક્ષિત હતી. બીજા શબ્દોમાં હુઝૂર ﷺ એ માનવીને એક સામૂહિક અને સામાજિક અસ્તિત્વની હેસિયતે સામે રાખ્યો અને તેની સુધારણા તેના સર્વગ્રાહી સામાજિક સંબંધો સહિત કરવાનું ઈચ્છ્યું. હુઝૂર ﷺ એ માનવીને સભ્યતા અને સમાજથી કપાયેલ વ્યક્તિની હેસિયતે ન જોયો, અને પોતાની દા'વતને તેના અંગત જીવન સુધી સીમિત ન રાખી. આ વાસ્તવિકતાને સામે રાખો અને હુઝૂર ﷺ ના લક્ષ્યની સંપૂર્ણ વ્યાપકતાને મનમાં બેસાડી દો, તો પછી તમને સીરતના ઘટનાક્રમોમાં સંપૂર્ણ નિરંતરતા અને ક્રમ દેખાશે તેમજ દરેક ઘટના અને પગલાની અને કાર્ય-શૈલીની સમજ કેળવાતી જશે, નહિં તો ન સીરતે-પાકના રહસ્યો ઉકલશે અને ન પવિત્ર કુર્આનના મુદ્દાઓ સ્પષ્ટ થશે.

એક દીન — એક આંદોલન !!

ફિલસૂફી અને દર્શનનું ક્ષેત્ર હંમેશાથી વૈચારિક ક્ષેત્ર રહ્યું છે. ફિલોસોફર કે દર્શનશાસ્ત્રીને વ્યવહારૂ જીવન અને ઈતિહાસના ઉતાર-ચઢાવથી પ્રત્યક્ષ કોઈ સંબંધ નથી હોતો. તે ઘટનાઓ અને અહેવાલોથી પરિણામો તો તારવી લે છે, પરંતુ ઘટનાઓ અને અહેવાલોની દિશા બદલવા માટે કોઈ વ્યવહારૂ સંઘર્ષમાં ભાગ નથી લેતો. ધર્મ (પ્રચલિત સીમિત અર્થમાં) થોડોક આગળ વધે છે. તે કંઈક ધારણાઓ અને માન્યતાઓ આપવાની સાથે-સાથે વ્યક્તિને સમાજ અને સભ્યતાથી અલગ કરીને એક નૈતિક શિક્ષા પણ આપે છે. પરંતુ ધર્મનો માર્ગ સામાજિક અને સામૂહિક વ્યવસ્થાને બહાર-બહારથી સ્પર્શીને નીકળે છે, અને તે ન રાજકીય સ્વરૂપથી સંઘર્ષમાં ઉતરે છે, ન સમાજના એકમોમાં કોઈ સર્વગ્રાહી બદલાવ ઈચ્છે છે, અને ન સમયના

નેતૃત્વને પડકારે છે. ધર્મનો સંદેશ હંમેશા ઉપદેશાત્મક હોય છે. ઉપદેશકે નરમ અને મધુર શૈલીમાં કંઈક શિખામણો આપી અને પોતાનો રસ્તો પકડ્યો. તેને ન તેની ચિંતા હોય છે કે તેના સંમુખો સમયના કયા બંધનોમાં જકડાયેલા છે, ન તેની પરવા હોય છે કે કયા વર્ગો અને તત્ત્વો કયા પગલાઓ અને પ્રવૃત્તિઓથી લોકોના મનો-મસ્તિષ્કને અને ચરિત્રને કઈ દિશા તરફ લઈ જઈ રહ્યા છે, ન એ બાજુ તેનું ધ્યાન હોય છે કે દરરોજની પરિસ્થિતિઓ અને ઘટનાઓનો ક્રમ શું અસર છોડી રહ્યો છે, ન એ પ્રયાસ કરે છે કે મારા ઉપદેશોના પક્ષમાં અને તેના વિરોધમાં શું-શું વિચારો અને દૃષ્ટિકોણો કઈ દિશામાંથી કેવો પ્રભાવ ઊભો કરી રહ્યા છે, ન તેની દૃષ્ટિ સમક્ષ એ હોય છે કે મારા ધાર્મિક બીબામાં ઢળવાવાળા અત્યંત ધાર્મિક અને ઈશનિષ્ઠ લોકો કેવી સામાજિક વ્યવસ્થાના ભાગો બનેલા છે. કોઈ સામૂહિક લક્ષ્ય નથી હોતું. પરિવર્તનની કોઈ યોજના નથી હોતી. કોઈ રાજકીય સભાનતા અને નેતૃત્વ-સૂઝબૂજની આવશ્યકતા નથી હોતી. જીવનના એક નાના-સરખા ભાગમાં આંશિક ભલાઈ અને નેકી પેદા કરવા માટે જે કંઈ થઈ શકતું હતું, કરી નાખ્યું, અને શેષ વ્યાપક વર્તુળમાં બૂરાઈ પોતાનો ઝંડો ભલે ને નિશ્ચિંતતાથી લહેરાવતી રહે. કોઈ અલ્લાહવાળાને આનાથી શું મતલબ !

હુઝૂર ﷺ ન તો કોઈ ફિલોસોફર કે દર્શનશાસ્ત્રી હતા કે માત્ર અમુક ઉચ્ચ અને ગહન વિચારો આપી દેતા અને પ્રાસંગિક પરિસ્થિતિમાં કોઈ હસ્તક્ષેપ ન કરતા, અને ન તેઓ માત્ર એક ઉપદેશક હતા જે સામૂહિક અને સામજિક બગાડથી આંખો બંધ કરીને કેવળ વ્યક્તિ તરફ ધ્યાન આપતા અને ઠંડા અને મધુર પ્રવચનો સંભળાવ્યા કરતા અને પરિણામો પર મૂળથી વિચાર જ ન કરતા.

માનવતાના આ ઉપકારક ﷺ એ સમગ્રપણે સામાજિક સભાનતાની સાથે માનવ-જીવનમાં આમૂલ પરિવર્તનને પોતાનું લક્ષ્ય બનાવ્યું. એ શક્તિઓ અને તત્ત્વોને ઓળખ્યા, જે જીવન-વ્યવસ્થા પર વર્ચસ્વ ધરાવતા હતા. એ નેતૃત્વને દૃષ્ટિ સમક્ષ રાખ્યું, જે અજ્ઞાનતાપૂર્ણ સભ્યતાની ગાડી ચલાવી રહ્યું હતું. તેને દલીલોની સાથે આમંત્રણ પણ આપ્યું, તેની આલોચના પણ કરી અને તેને પડકાર પણ આપ્યો. ઇતિહાસના વહેણ પર નજર રાખી. પરિસ્થિતિ અને ઘટનાઓની એક-એક લહેર પર ધ્યાન રાખ્યું. દરેક ઘટનાને એક નેતાની સૂઝબૂજથી અને રાજકીય સભાનતાની સાથે જોઈ કે તે કયા પાસાથી સુધારણાના આંદોલનને લાભદાયી હોઈ શકે છે અને કયા પાસાથી તે પ્રતિકૂળ છે. સમાજના બધા પરિબળો પર નજર રાખી કે દા'વત (ઇસ્લામી આમંત્રણ) માટે કયા પ્રસંગે, કોનાથી શું આશાઓ કરી શકાય છે. પોતાની શક્તિ અને ગતિ વિરોધીઓની શક્તિ અને ગતિની સરખામણીમાં અનુરૂપ છે કે

નહીં તેને ધ્યાનમાં રાખ્યું. પ્રત્યેક પગલા માટે ધીરજની સાથે યોગ્ય સમયની રાહ જોઈ અને જ્યારે યોગ્ય પળ આવી જ ગઈ તો હિંમતની સાથે પગલું ભર્યું. જનમતના દરેક ઉતાર-ચઢાવની સમજ કેળવી અને વિરોધીઓના પ્રત્યેક પ્રોપેગન્ડાનો સામનો કરીને તેમના પ્રભાવને નિરસ્ત કર્યો. શેર-શાયરી (કાવ્ય) અને પ્રવચનોના વિરોધી મોરચાઓ ઊભા થયા, તો તેના જવાબમાં પોતાના શાયરો અને પ્રવક્તાઓને ઊભા કર્યા. પોતાના સિદ્ધાંતોનું કડક પાલન કર્યું, પરંતુ આંખો બંધ કરીને નહીં, બલ્કે પરિસ્થિતિને જોઈને, સમયના તકાદાઓને સમજીને અને વિવેકપૂર્ણ-ડહાપણભર્યું દૃષ્ટિબિંદુ અપનાવ્યું. જ્યાં ડગ આગળ વધારવાની તક મળી, આગળ વધાર્યું. આગળ વધવું જ્યારે યોગ્ય ન લાગ્યું, તો પગને રોકી લીધા. બે આફતો સામે આવી ગઈ, તો એકથી બચીને બીજીનો સામનો કર્યો. સૈન્ય કાર્યવાહીઓની જરૂર પડી, તો સંકોચ ન કર્યો. સુલેહ-સંધિનો અવસર આવ્યો, તો સુલેહ માટે હાથ આગળ વધાર્યો, અને પછી સૌથી મોટી ઉપલબ્ધિ તો એ કે આ સમગ્ર સંઘર્ષમાં ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા)નો આત્મા અને નૈતિક મૂલ્યોની ન માત્ર રક્ષા કરી, બલ્કે તેમનું નિરંતર સંવર્ધન કર્યું. આ સમગ્ર રૂપરેખા અને કાર્ય-પદ્ધતિને જો કુર્આન અને સીરતે-પાક (પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ના પવિત્ર જીવન-ચરિત્ર)ના પૃષ્ઠોથી તારવીને સામે રાખીએ, તો એ અંતર અને તફાવત સ્પષ્ટરૂપે દેખાશે, જે મઝહબ (ધર્મ) અને દીન (જીવન-વ્યવસ્થા)માં, મૌખિક ઉપદેશ અને ક્રાંતિકારી આમંત્રણમાં, વ્યક્તિગત સુધારણા અને સામાજિક આંદોલનમાં હોય છે.

હુઝૂર ﷺ એ એક સંપૂર્ણ દીનની સ્થાપના માટે આંદોલન શરૂ કર્યું હતું, તેથી આપ ﷺ એ એક-એક કરીને સારા અને સરળ સ્વભાવના લોકોને શોધ્યા. પછી જેના હૃદયમાં પણ કલ્મએ-હક્ક (સત્ય સંદેશ)નો દીપક પ્રજ્વલિત થઈ ગયો તેને એક સંગઠનમાં જોડી દીધો, તેનું પ્રશિક્ષણ કર્યું, તેને પોતાની સાથે સંઘર્ષની ભઠ્ઠીમાં નાખ્યો અને પછી જે તબક્કે જેટલી સંગઠિત શક્તિ ઉપલબ્ધ હતી, તેને પોતાના નેતૃત્વ હેઠળ અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થા સામે કતારબદ્ધ કરી દીધી, વૈચારિક મેદાનમાં પણ, રાજકીય મેદાનમાં પણ — અને છેવટે યુદ્ધના મેદાનમાં પણ !!

જે લોકો હુઝૂર ﷺ ના આસપાસ એકત્ર થયા, તેમને આપ ﷺ એ સૂફીઓ અને દુરવેશો ન બનાવી દીધા, સંન્યાસીઓ અને યોગીઓના બીબામાં ન ઢાળ્યા, બૂરાઈથી ભાગવાની તથા વર્ચસ્વ-પ્રાપ્ત શક્તિઓથી ડરવા અને ધનદોલત અને સત્તાથી પ્રભાવિત થવાવાળી માનસિકતા તેમને ન આપી. એ લોકો ભોળવાઈ જનારા, અપંગો જેવી મનોવૃત્તિ ધરાવતા, ભાગેડુ, ડરપોક તપસ્વીઓ ન હતા. તેઓ બહાદુર અને નિડર, સભાન અને દૂરંદેશ, સ્વાભિમાની અને પ્રતિષ્ઠિત,

બુદ્ધિશાળી અને સમજદાર, સક્રિય અને સ્ફૂર્તિવાળા-ક્રિયાશીલ, મોખરે રહેનારા અને વેગીલા હતા. તેઓ પાદરીઓ અને સાધુઓ જેવા રંગ-ઢંગ નહોતા રાખતા, બલ્કે કાર્યરત રહેવાવાળી યોગ્યતાઓથી સુસજ્જ હતા.

સર્વોત્તમ પ્રકૃતિના લોકો, સર્વશ્રેષ્ઠ પ્રશિક્ષણ મેળવીને, સૌથી સરસ સંગઠનાત્મક સંબંધમાં બંધાઈને અને સૌથી શ્રેષ્ઠ નેતૃત્વના હાથોમાં જઈને એક અજય શક્તિ બની ગયા. આ જ કારણ છે કે આ લોકોએ એક નાનકડી લઘુમતીમાં હોવા છતાં આખા આરબ પ્રદેશની મોટી બહુમતીને પોતાના આધીન કરી લીધી. જ્યારે મક્કામાં ઇસ્લામી સમુદાયની સંખ્યા ચાળીસ હતી, તો મક્કા અને આસપાસની વસ્તીઓમાં આ સંખ્યાએ એક અવિરત ઊથલ-પાથલ ઊભી કરી દીધી અને પછી વર્ષો સુધી ઘર-ઘર અને શેરીએ-શેરીએ જો કોઈ ચર્ચાનો વિષય હતો, તો તે હુઝૂર ﷺ નો ઇસ્લામી સંદેશ અને ઇસ્લામી આંદોલન હતું. મદીનામાં જઈને હજુ ઇસ્લામી આંદોલનના ધ્વજવાહકોની સંખ્યા અમુક-સોથી વધારે ન હતી કે બિનમુસ્લિમ બહુમતીની અપેક્ષા વિરુદ્ધ ઇસ્લામી રાજયનો પાયો નાખી દેવામાં આવ્યો.

હઝરત મુહમ્મદ ﷺ અને આપના સમુદાયની કાર્ય-પદ્ધતિ એ ન હતી કે પહેલા સમગ્ર આરબ સમાજ ઇસ્લામનો સ્વીકાર કરી લે, અથવા તેની બહુમતીની સુધારણા થઈ જાય, ત્યાર પછી સામાજિક વ્યવસ્થાની સ્થાપના કરવામાં આવે; ન તો એ દૃષ્ટિબિંદુ હતું કે બસ, દા'વત (આમંત્રણ) આપતા રહો, વિચારો અને ધારણાઓની સુધારણા કરતા રહો, છેવટે એક સદાચારી વ્યવસ્થા આપોઆપ ઊભી થઈ જશે, અથવા ઇનામરૂપે અલ્લાહતઆલા સત્યને વર્ચસ્વ આપી દેશે. ત્યાં ઇતિહાસની એ વાસ્તવિકતા સામે હતી કે ભારે બહુમતી જડતા અને નિષ્ક્રિયતાની સ્થિતિમાં પડી રહે છે અને સમાજનો એક નાનો સમૂહ સક્રિય થાય છે, જેમાંનો એક ભાગ સુધારણા અને પરિવર્તનના આમંત્રણનો આવાહક બને છે અને એક ભાગ પ્રતિકાર કરે છે. અસલ બાજી આ જ સક્રિય સમૂહના બંને ભાગોની વચ્ચે હોય છે અને તેનો જ્યારે નિર્ણય થઈ જાય છે, તો પછી પ્રજા સ્વયં સક્રિય થાય છે. અહીં એ ચેતના સંપૂર્ણપણે કાર્યરત હતી કે પ્રજાના માર્ગમાં જ્યાં સુધી એક ભ્રષ્ટ નેતૃત્વ અવરોધરૂપ રહે છે અને તેમના જીવનને ભ્રષ્ટ કરવાનું અભિયાન ચાલુ રાખે છે, અથવા ઓછામાં ઓછું તેમને જડતા અને નિષ્ક્રિયતામાં ગ્રસ્ત રાખે છે, તેઓ ન તો કોઈ સંદેશનો મોટા પાયે સ્વીકાર કરી શકે છે, ન પોતાના વ્યવહારૂ જીવનમાં પરિવર્તન લાવી શકે છે. સ્વયં સંદેશને સ્વીકાર કરી લેનારાઓ માટે સંભવ નથી હોતું કે તેઓ ભ્રષ્ટ નેતૃત્વએ બનાવેલ ગંદા વાતાવરણમાં પોતાના જીવનને અપેક્ષિત ઉચ્ચતા સુધી સુધારી શકે, બલ્કે ઊલ્ટું જો પરિવર્તન થવામાં વધારે વિલંબ થાય તો ક્યારેક એ

સ્થિતિને જાળવી રાખવું પણ મુશ્કેલ બની જાય છે, જેના પર સત્યના આવાહકો લાંબી મહેનત પછી પહોંચ્યા હોય છે, કેમ કે પ્રતિકૂળ પરિસ્થિતિ તેમને પાછા ધકેલવા માટે પૂરેપૂરું જોર લગાવી રહી હોય છે. આમ, કોઈ સામૂહિક આંદોલન માટે કાર્ય-શૈલી એ જ હોય છે કે તે સમાજના સક્રિય સમૂહમાંથી સારા-બુદ્ધિશાળી લોકોને છાંટીને જેટલી વધારેમાં વધારે શક્તિ એકઠી કરી શકતું હોય તેને સંઘર્ષમાં નાખીને વિરોધીઓના નેતૃત્વને તોડી નાખે. ઇતિહાસ સાક્ષી છે કે તમામ ક્રાંતિઓ અને પરિવર્તનો સક્રિય લઘુમતીના હાથે જ આવ્યા છે. સમાજના સક્રિય સમૂહમાંથી સર્જન અને સુધારણાનું આહવાન્ તુલનાત્મક રીતે વધારે સારા-સમજદાર લોકોને આકર્ષે છે, તેમનામાં હકારાત્મક ભાવનાઓ જગાડે છે અને તેમનું પ્રશિક્ષણ કરીને તેમની નૈતિક શક્તિને વધારે છે. તેથી વિરોધમાં રહી જનારો વર્ગ પ્રભાવ અને સત્તા, ધનદોલત અને હોદ્દાઓ અને કંઈક અંશે સંખ્યામાં બહુમતી રાખવા છતાં વિરોધમાં નુકસાન ઉઠાવે છે. બદ્રનું યુદ્ધ આનું ઉમદા ઉદાહરણ છે. આમ, જ્યારે હુઝૂર ﷺ ના આસપાસ આરબ સમાજના સક્રિય સમૂહમાંથી સારા-સમજદાર લોકોની એટલી સંખ્યા એકઠી થઈ ગઈ કે તેઓ નૈતિક શક્તિથી સજ્જ થઈને અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વ અને તેના સહયોગીઓનો સામનો કરી શકે, તો હુઝૂર ﷺ એ પોતાના રાજકીય લક્ષ્ય તરફ આવશ્યક પગલું ભરવામાં સહેજ પણ વિલંબ ન કર્યો.

મક્કા-વિજયનો સાચો અર્થ એ જ છે કે આ પ્રસંગે અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વ સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગયું અને આ રુકાવટના દૂર થતાં જ પ્રજા સદીઓ જૂની ધૂંસરીમાંથી મુક્ત થઈને સત્યના સંદેશને સ્વીકારવા પોતે જ આગળ આવવા લાગી.

ઇતિહાસમાં કોઈ એક દૃષ્ટાંત એવું જોવા મળતું નથી કે ભ્રષ્ટ નેતૃત્વની છત્રછાયામાં કોઈ સદાચારી વ્યવસ્થા ફૂલીફાલી શકી હોય અને કોઈ રાજકીય સંઘર્ષ વગર માત્ર ઉપદેશ અને પ્રચાર તેમજ વ્યક્તિગત સુધારણાના કાર્યથી સામૂહિક પરિવર્તન આવી ગયું હોય, નહિં તો ગત તેર સદીઓમાં ખિલાફતે-રાશિદા (સત્ય-નિષ્ઠ શાસન) પછી ઉપદેશ અને શુભ-વચનો, પ્રચાર અને શિખામણ, શિક્ષા અને સુધારણાના વિષયે મોટા-મોટા પ્રયાસો મસ્જિદો, મદ્રસાઓ અને ખાનકાહો (મઠો, આશ્રમો)ના સંસ્થાનો દ્વારા થતા રહ્યા છે, અને આજે પણ આલિમો, સૂફીઓ, વ્યાખ્યાનકારો અને લેખકો વાણી અને કલમથી જેટલું કામ કરી રહ્યા છે તેનો વ્યાપ અને ફેલાવો આશ્ચર્યજનક છે, તેમ છતાં ન અપેક્ષિત સીમા સુધી લોકોની શુદ્ધિ થઈ શકી છે અને ન ક્યારેય સમાજની એટલી સુધારણા થઈ શકી છે, જેના પરિણામે સામૂહિક અને સામાજિક વ્યવસ્થા બદલાઈ જાય, અને હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની ક્રાંતિ ફરીથી થઈ શકે. દેખીતું છે કે વિચારસરણી અને રૂપરેખા તેમજ

ક્રાંતિના દષ્ટિકોણમાં કોઈ મોટી ખામી છે. તે મોટી ખામી એ જ છે કે નેતૃત્વના પરિવર્તન માટે રાજકીય સંઘર્ષ કર્યા વગર લોકોને સામાજિક વ્યવસ્થાથી અલગ કરીને તેમને ઇસ્લામનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.

લોકો જ્યારે એમ કહે છે કે દીનની સ્થાપના અને ઈસ્લામી વ્યવસ્થાનું લાગુ થઈ જવું તો ખરેખર અપેક્ષિત ન હતું, અને આ તો માત્ર અલ્લાહના ઇનામરૂપે એકાએક વચ્ચે આવીને પ્રગટ થઈ ગયું, તો તેઓ હુઝૂર ﷺ ની સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓ અને આપ ﷺ ના સંઘર્ષ અને ભરપૂર કોશિશોની કદર નથી કરતા, અને હુઝૂર ﷺ ની અધિનાયકની દષ્ટિ અને રાજકીય મહાનતાને ધૂંધળી કરી નાખે છે. જરા વિચાર કરો કે આ હસ્તી (ﷺ)એ કેટલી મહેનત કરીને મદીનાના વિભિન્ન સમૂહોને થોડાક મહિનાઓમાં જ બંધારણીય સંધિઓ હેઠળ એકત્ર કર્યા, કેટલી દોડધૂપ કરીને આસપાસના કબીલાઓથી મિત્રતાભર્યા સંબંધો સ્થાપિત કર્યા, કેટલી નિપુણતાથી મુઠ્ઠીભર મુસલમાનોના બળે એક મજબૂત સૈનિક વ્યવસ્થા અને રાત્રિ-પહેરાનો પ્રબંધ કર્યો, કેટલી કોશિશોથી કુરૈશના વેપારી રાજ-માર્ગની નાકાબંધી કરી લીધી, કેટલા નિર્ધારથી કુરૈશના ઘાતક પ્રહારનો મુકાબલો કર્યો, કેટલી હોશિયારીથી યહૂદીઓ અને મુનાફિકોના ષડયંત્રોનો તોડ કર્યો, કેટલી મહારતથી હુદૈબિયાની સંધિ કરી, કેટલી હિંમતથી યહૂદીઓના ફિત્નાઓ (ઉપદ્રવો)ના કેન્દ્રોના મૂળ ઉખાડી નાખ્યા, કેટલી સજાગતાથી અસંખ્ય ઉપદ્રવી કબીલાઓનાં પ્રાદેશિક વિદ્રોહનું માથું કચડી નાખ્યું. આ બધા કામમાં અધિનાયક જેવી બુદ્ધિમત્તા, રાજકીય નિપુણતા અને દઢ વ્યૂહ-રચનાના જે આશ્ચર્યજનક પુરાવાઓ ફેલાયેલા છે, તેનાથી લોકો કઈ રીતે આંખ-મિંચામણા કરી લે છે? એમ કહેવું કે આ બધું અલ્લાહનું ઇનામ હતું એ તદ્દન સાચું છે, પરંતુ એ અર્થમાં કે પ્રત્યેક ભલાઈ અલ્લાહનું પ્રદાન હોય છે. જો કે માનવીને કોઈ ઇનામ ત્યારે મળે છે કે તે તેના માટે જરૂરી મહેનત, બુદ્ધિ અને સમજદારીની સાથે કરી બતાવે. દીનની સ્થાપનાને અલ્લાહનું ઇનામ કહીને જો કોઈ વ્યક્તિ રસૂલે ખુદા ﷺ નો સંઘર્ષ, તેમના સમર્પણ, ડહાપણ અને તેમની દૂરંદેશી તેમજ રાજકીય વિચક્ષણતાનો ઇન્કાર કરવા માગે છે, તો તે મોટો અત્યાચાર કરે છે.

દુર્ભાગ્યે હુઝૂર ﷺ ની સિદ્ધિઓનું રાજકીય પાસું એટલું ઓઝલ રહી ગયું છે કે આજે હુઝૂર ﷺ ના સંદેશ અને લક્ષ્યની સાચી કલ્પના કરવી મુશ્કેલ બની ગયું છે. આ પાસાને જ્યાં સુધી સમગ્ર સીરતમાં સામે રાખવામાં ન આવે, એ તફાવત સમજમાં આવી જ નથી શકતો, જે સીમિત ધાર્મિકતા અને દીનના વ્યાપક દષ્ટિકોણમાં છે. હુઝૂર ﷺ આખો દીન લાવ્યા હતા, સત્યના આધારો પર સમગ્ર જીવન-વ્યવસ્થાની સ્થાપના કરવા આવ્યા હતા, અલ્લાહના કાનૂનને વ્યવહારૂ રૂપે જારી કરવા આવ્યા

હતા — તેથી આપણને એ સમજ હોવી જોઈએ કે હુઝૂર ﷺ સર્વગ્રાહી અને વ્યાપક અર્થમાં સામાજિક સુધારણા અને માનવતાના નવનિર્માણનું આંદોલન ચલાવવા આવ્યા હતા અને આ આંદોલનને ચલાવવા માટે સૌથી શ્રેષ્ઠ નેતૃત્વની બુદ્ધિમત્તા અને ઉચ્ચ પ્રકારની રાજકીય સભાનતાથી આપ ﷺ ની હસ્તી સંપન્ન હતી. જે રીતે કોઈ અન્ય પાસામાં હુઝૂર ﷺ નો કોઈ સમકક્ષ નથી હોઈ શકતો, એ જ રીતે રાજકીય નેતૃત્વની શાનમાં પણ કોઈ આપ ﷺ નો સમકક્ષ નથી. જે રીતે આપ ﷺ જીવનના દરેક મામલામાં આદર્શ અને નમૂનો છે, એ જ રીતે રાજકીય સંઘર્ષ માટે પણ આપ ﷺ ની જાત હંમેશ માટે આદર્શ અને નમૂનો છે.

હુઝૂર ﷺ ની સિદ્ધિ એ છે કે આપ ﷺ એ નેકી અને ભલાઈનું આમંત્રણ આપ્યું. નેકી અને ભલાઈના વર્ચસ્વના સંઘર્ષની અને નેકી અને ભલાઈની એક સંપૂર્ણ વ્યવસ્થા સ્થાપિત કરી દીધી. આ કાર્ય ધર્મના સીમિત દૃષ્ટિકોણના વર્તુળમાં સમાઈ નથી શકતું. આ દીન હતો, આ તેહરીક હતી (આંદોલન હતું) !!

જીવનની સુસંવાદિતા

માનવતાના ઉપકારક ﷺ ના પવિત્ર આંદોલને ક્રાંતિ આણીને જે જીવન-વ્યવસ્થાની સ્થાપના કરી, તેની વિશિષ્ટતા એ હતી કે મૂળભૂત કલ્માનો આત્મા જીવનના તમામ વિભાગોમાં ભીતર સુધી ઉતરી ગયો હતો. આખા સમાજ અને સભ્યતામાં સુસંવાદિતા હતી. બધા એકમો અને વિભાગો એક રંગમાં રંગાયેલા હતા. જે અલ્લાહની ઇબાદત મસ્જિદની ચાર દીવાલોની અંદર થતી હતી, તેનું જ આજ્ઞાપાલન ખેતરો અને બજારમાં પણ થતું હતું. જે કુર્આન નમાઝમાં પઢવામાં આવતું હતું, એ જ કુર્આનના કાનૂનો દ્વારા ન્યાયાલયમાં મામલાઓના ફેંસલાઓ થતા હતા. જે નૈતિક મૂલ્યો ઘરોના સીમિત માહોલમાં લાગુ હતા, એ જ આંતરરાષ્ટ્રીય સ્તરે સંબંધોમાં લાગુ હતા. જે સચ્ચાઈઓની શિક્ષા મિમ્બર પરથી આપવામાં આવતી હતી, એ જ સચ્ચાઈઓ પર સરકારની વ્યવસ્થા અને પ્રબંધ ચાલતો હતો. જે આસ્થાઓ-માન્યતાઓ લોકોના મનો-મસ્તિષ્કમાં ઉતારવામાં આવતી હતી, એ જ આસ્થાઓ-માન્યતાઓ સામૂહિક વિભાગો પર પણ વર્ચસ્વ રાખતી હતી. જે વિચાર-સરણી શૈક્ષણિક વ્યવસ્થામાં કામ કરતી હતી, તેના અનુસાર જ સમગ્ર સંસ્કૃતિનું નિર્માણ થઈ રહ્યું હતું. જે અલ્લાહની પ્રસન્નતા રોઝા અને નમાઝમાં અપેક્ષિત હતી, એ જ યુદ્ધના મેદાનમાં તીર ખાતા અને તલવાર ચલાવતા પણ અપેક્ષિત હતી.

આ એક એવી વ્યવસ્થા હતી, જેમાં સમગ્ર માનવ-જીવન એક જ ખુદાઈ (પ્રભુ-પાલનહારના) માર્ગદર્શનના નિયમ હેઠળ હતું. જુદા-જુદા વિભાગોમાં જુદી-જુદી સત્તાઓ અને નિયમો નહોતા ચાલતા. આ વ્યવસ્થામાં વિરોધાભાસ ન હતો.

તેના ભાગો પરસ્પર એક-બીજાથી ટકરાનારા નહોતા. તેના વિભિન્ન તત્ત્વોમાં ગૂંચવણ અને જટિલતા ન હતી. તેમાં કોઈ થાગડ-થીગડ કરવામાં આવી ન હતી. તેને જુદી-જુદી વસ્તુઓનું મિશ્રણ બનાવવામાં નહોતું આવ્યું. આ જ કારણ છે કે તેના હેઠળ માનવીએ જે ગતિથી પ્રગતિ અને ઉન્નતિ કરી, તેનું કોઈ બીજું દૃષ્ટાંત ઇતિહાસમાં નથી મળતું.

ક્રાંતિનો આત્મા

માનવતાનું સંભવતઃ સૌથી મોટું દુર્ભાગ્ય એ રહ્યું છે કે જેને પણ ઇતિહાસમાં સત્તા પર આવવાની તક મળી છે—ચાહે તલવારના જોરે, ષડયંત્રો કરીને, લોકતાંત્રિક ચૂંટણીઓના રસ્તે, અથવા કોઈ આકસ્મિક ઘટનાને કારણે – એને હંમેશા એ ભ્રમ થઈ ગયો છે કે તે માનવ-જાતિનો ગુરુ અને જીવન-સુધારક પણ છે. આવા સુધારકો અને ગુરુઓના હાથોમાં જ્યારે સત્તાની ખુરશી આવી જાય છે, તો તેઓ સર્વજ્ઞાતા બની જાય છે. તેઓ પોતાને સૌથી શ્રેષ્ઠ વિચારક સમજવા લાગે છે. તેઓ જ્ઞાનના દરેક સ્રોતથી નિરપેક્ષ થઈને અને સમાજના સર્વોત્તમ બુદ્ધિશાળીઓ અને જાગૃત લોકોને બરતરફ કરીને બુદ્ધિને અચંભિત કરી નાખનારા અંધાધૂંધ પગલાઓ ભરવા લાગે છે, જેમાંથી દરેક પગલું એક ભયાનક અકસ્માત સાબિત થાય છે. તેઓ હિંસાના હથિયારોથી માનવીને માનવી બનાવવા માગે છે અને જીવનની પીઠ પર કોરડાઓ વરસાવી-વરસવીને તેની સુધારણા કરવા માગે છે. ક્યારેક સુધારણા અને પરિવર્તનના આવા દાવેદારોને મૂળથી માનવીની પ્રકૃતિની જ ખબર નથી હોતી. તેમને જીવનના બનાવ અને બગાડની અનિવાર્યતાઓનું પ્રાથમિક જ્ઞાન પણ નથી હોતું. તેમણે ક્યારેય એ જાણવાની કોશિશ જ કરી નથી હોતી કે માનવીને માનવતા શીખવાડવાની સાચી પદ્ધતિ શું છે અને બગાડના મૂળ ક્યાં છે અને તેની સુધારણાનો આરંભ ક્યાંથી થાય છે. તેઓ અગાઉના અનુભવોથી ફાયદો ઉઠાવ્યા વગર પોતાનો પ્રયોગ 'અલીફ-બા'થી શરૂ કરે છે. તેઓ સલાહ-મસ્લત અને ટીકા-ટીપ્પણીના દરવાજા બંધ કરી દે છે, જેથી તેમનો કોઈ શુભેચ્છક અને કોઈ માનવતા-પ્રિય તેમના વિનાશક અનુભવો અને પ્રયોગોને પૂરા કરવાની રાહમાં રુકાવટ ઊભી ન કરી શકે. તેમના પાસે દરેક રોગની એક જ દવા હોય છે — બળજબરી અને હિંસા ! સખતમાં સખત કાનૂન બનાવવા, નીતનવા કઠોર આદેશો જારી કરવા, પ્રજાની ચારે બાજુ પ્રતિબંધક અવરોધો ઊભા કરવા અને પછી વારંવાર ક્રોધ અને પ્રકોપના ચાબુકોથી તેમની પરોણાગત કરતા રહેવું !!

માનવતાના ઉપકારક ﷺ એ જે ક્રાંતિ અને પરિવર્તન આણ્યું, તેનો આત્મા હિંસાનો આત્મા ન હતો, પ્રેમ અને ભલમનસાઈનો આત્મા હતો. હુઝૂર ﷺ માનવતા

માટે અત્યંત દયાળુ હતા અને આદમની સંતાનની સાથે આપ ﷺ ને સાચો પ્રેમ હતો. પોતાના સંદેશના સ્વરૂપને આપ ﷺ એ ઉદાહરણ આપીને સમજાવ્યો કે તમે લોકો પતંગિયાઓની જેમ આગના કૂંડ તરફ લપકો છો અને હું તમને કમરથી પકડી-પકડીને બચાવવાની કોશિશ કરી રહ્યો છું. કુર્આને એટલા માટે જ આપ ﷺ ને દયા અને કૃપાના પયગંબર કહ્યા.

જરા એ હકીકત પર વિચાર કરો કે આ હસ્તી આટલી મહાન ક્રાંતિ આણે છે, પણ હિંસાથી કામ લેવાનું કોઈ એક પણ ઉદાહરણ નથી મળતું. મદીના શહેર હુઝૂર ﷺ ના દસ વર્ષીય જીવનમાં સંગીન પ્રકારની ઈમરજન્સી હેઠળ રહ્યું છે. હર પળ હુમલાનું જોખમ રહેતું. કુરૈશે ત્રણ વાર મોટા-મોટા હુમલાઓ કર્યા. નાની-નાની લડાઈઓ અને સરહદી અથડામણોની ઘટનાઓ નિરંતર થતી રહેતી હતી. વિભિન્ન કબીલાઓ મદીના પર છાપો મારવા માટે ક્યારેક આ તરફથી માથું ઉંચકતા, તો ક્યારેક એ તરફથી. વારંવાર રાત્રિ ચોકી-પહેરો કરવા તેમજ ઉપદ્રવો અને વિદ્રોહને ડામવા માટે મદીનાથી સૈન્ય ટુકડીઓને રવાના કરવામાં આવતી. રાત્રે સૈનિકોનો પહેરો લગાવવામાં આવતો. ટૂંકમાં, એક સૈનિક કેમ્પ જેવું જીવન હતું. આના પર વધારે એ કે યહૂદીઓ અને મુનાફિકોના કાવતરાઓ હતા – યુદ્ધના ષડયંત્રો, ઈસ્લામી સમાજને ટુકડે-ટુકડા કરી નાખવા અને જુદા-જુદા સમૂહોને ટકરાવી દેવાની છુપી યુક્તિઓ, હુઝૂર ﷺ ના નેતૃત્વને નિષ્ફળ કરવાના પ્રપંચો, અને પછી જીવનદાતા હસ્તીને મારી નાખવાના કાવતરાઓ. ઈમરજન્સીની આનાથી વધારે શું સ્થિતિ હોઈ શકે છે ? પરંતુ હુઝૂર ﷺ એ ન ક્યારેય પોતાના માટે કોઈ સરમુખત્યારી સત્તા અપનાવી, ન તો કોઈ તાત્કાલિક વટહુકમ જારી કર્યો, ન કોઈ જુલ્મી કાયદો લાગુ કર્યો, ન કોઈ એક વ્યક્તિને નજરકેદ કર્યો, ન કોઈ હંગામી ન્યાયાલયો ઊભા કર્યા, ન ચાબુકો વરસાવીને લોકોની ચામડી ઉખેડી, ન પેનલ્ટી, દંડ અને નુકસાન-ભરપાઈ વળતર લીધું, ન કોઈ નાગરિકને અલ્લાહના કાનૂનથી અલગ કોઈ કાનૂનમાં સપડાવ્યો, ન વિરોધ અને આલોચનાનો હક્ક છીનવ્યો, ન કોઈની જીભ પર પ્રતિબંધ લગાવ્યો અને ન કોઈના પર અંકૂશ મૂક્યો; ત્યાં સુધી કે અબ્દુલ્લાહ બિન ઉબઈ જેવા ઉપદ્રવી સુદ્ધાં સામે કોઈ પગલાં ન ભર્યા. બધો આધાર પોતાની દા'વત (ઈસ્લામના આમંત્રણ)ની સચ્ચાઈ અને પોતાના ચરિત્રની પવિત્રતા પર મૂક્યો. ક્યારેય કોઈના પર ધાક ન જમાવી. ક્યારેય અહંકાર અને ઘમંડ ન કર્યો. ક્યારેય કોઈ માનવીનું અપમાન ન કર્યું. ક્યારેય અકડાઈથી કામ ન લીધું, બલ્કે બીજાઓની – જેઓ વાસ્તવમાં કમજોર અને વિવશ હતા – અકડાઈને ધીરજપૂર્વક સહન કરી.

આ જ કારણ છે કે દુશ્મનોના હૃદય તાબે થઈ જતા હતા. સાથે આવનારાઓ

આંખો અને હૃદય પાથરી દેતા હતા. વિરોધ કરનારાઓ પોતાને નીચ અને અપમાનિત અનુભવતા હતા અને પછી હુઝૂર ﷺ ની સચ્ચાઈ અને શિષ્ટતાની સામે માથું નમાવી દેતા હતા, તો તેમનામાં એવું પરિવર્તન આવતું હતું કે જાણે કાયાપલટ થઈ ગઈ !

હુઝૂર ﷺ ના હૃદયમાં અલ્લાહનો જે પ્રેમ હતો, તેનું જ બીજું રૂપ એ હતું કે હુઝૂર ﷺ માનવતાથી ઊંડો પ્રેમ રાખતા હતા. આ માનવ-પ્રેમનું જો આપણે અનુમાન કરવા ઇચ્છીએ, જે માનવતાના ઉપકારક ﷺ ના હૃદયમાં હતો, તો આપણે એ ઘટનાથી કરી શકીએ છીએ કે એ જ મક્કા, જેના રહેવાસીઓ યુદ્ધની તલવાર લઈને આપ ﷺ નો સામનો કરવા ઊભા હતા, તેમના પર દુષ્કાળનો સમય આવે છે, તો આપ ﷺ અનાજનો પુરવઠો જારી કરાવડાવે છે અને આ જ શહેરના ગરીબો માટે પાંચસો અશરફીઓ રોકડ મોકલાવે છે. આપ ﷺ ના માનવ-પ્રેમનું અનુમાન આપણે એ પ્રસંગથી પણ કરી શકીએ છીએ કે બદ્રના કેદીઓના ઊંહકારા મુબારક કાનો સુધી પહોંચે છે, તો હુઝૂર ﷺ ની ઊંઘ ઊડી જાય છે અને આપ ﷺ ત્યાં સુધી આરામથી ઊંઘી શકતા નથી, જ્યાં સુધી તેમના બંધનો ઢીલા કરીને તેમને આરામ પહોંચાડી દેવામાં ન આવ્યો. આપના માનવ-પ્રેમનું અનુમાન તેનાથી પણ કરી શકાય છે કે બનૂ હવાઝિનના છ હજાર કેદીઓને એક અપીલ પર હુઝૂર ﷺ ના એક સંકેતથી મુક્ત કરી દેવામાં આવે છે, અને પછી આપ ﷺ ના માનવ-પ્રેમનું અનુમાન કરવું હોય તો મક્કા-વિજયના પ્રસંગના એ મહાનતમ્ દૃશ્યને જુઓ ! માનવતાનો ઉપકારક (ﷺ) મક્કામાં સંપૂર્ણ વિજયી શાનથી દાખલ થાય છે અને તેના વિરુદ્ધ વીસ વર્ષ સુધી લડવાવાળા દુશ્મનો તેના સામે વિવશ અને લાચાર બનીને ઊભા રહે છે. કોઈ બીજો હોત તો એક-એક ઘટનાનો બદલો લેતો, કત્લેઆમ કરતો અને લોહીની નદીઓ વહાવી દેતો, લાશોનો ઢગલો કર્યા વગર ન છોડતો. એ લોકો પ્રચલિત નિયમ મુજબ, કાનૂનની રીતે, નૈતિક રીતે, બધી રીતે ગુનેગારો હતા તેમજ દીન (ધર્મ) અને રાજકીય બંને રીતે મૃત્યુ-દંડને પાત્ર. પરંતુ આ ક્ષણે હુઝૂર ﷺ નો માનવ-પ્રેમ ઉભરાઈ આવે છે અને કુરૈશના અત્યાચારોના આખા ઇતિહાસ પર દરગુજરની લીટી મારતાં કહે છે — لاتثريب عليكم اليوم! اذهبوا فانتم طلقاء!![1] ઊલ્ટું તેમના દિલ જીતવા માટે હુઝૂર ﷺ તેમને પૈસા અને માલ એનાયત કરે છે અને તેમને અપમાનિત અને ધુત્કારવાને બદલે તેમને જવાબદારીઓ સુપ્રત કરે છે, અને ગળે લગાવી લે છે.

હુઝૂર ﷺ પર એ હકીકત સ્પષ્ટ હતી કે જે ક્રાંતિ અને પરિવર્તન બદલાની ભાવના અને વૈમનસ્ય પર ઉતરી આવે છે, તે પોતાના મૃત્યુને નોંતરે છે, અને જે ક્રાંતિ અને પરિવર્તન દરગુજર અને પ્રેમથી કામ લે છે તે દુશ્મનોને પણ જીતી લે છે અને વિરોધ કરનારાઓને સેવક બનાવી લે છે.

૧. "આજે તમારી કોઈ પકડ નથી, જાઓ તમે બધા આઝાદ છો."

એ કુરૈશનો હિંસાનો શોખ હતો, જેના હેઠળ તેમણે માનવતાના ઉપકારક (ﷺ)ને મજબૂર કરી દીધા કે હવે તેમની લોહી-તરસી તલવારની ધારને બુઠ્ઠી કરી દેવામાં આવે અને યુદ્ધ જ્યારે માથા પર આવી ગયેલું દેખાયું તો હુઝૂર ﷺ એ સત્યની વ્યવસ્થાની રક્ષા માટે સંપૂર્ણ બાજી લગાવી દીધી. પણ હુઝૂર ﷺ ના માનવ-પ્રેમે યુદ્ધ-નીતિ અને રક્ષાત્મક યોજના એવી ઘડી કે ઓછામાં ઓછા પ્રાણોનું નુકસાન થાય અને ઓછામાં ઓછું લોહી વહે. વધુમાં, હુઝૂર અકરમ ﷺ એ કડક પ્રબંધ કર્યો કે યુદ્ધભૂમિમાં પણ માનવતાનું ગૌરવ યથાવત રહે.

માનવ-પ્રેમનું આવું જ્વલંત અને ઉદાર ઉદાહરણ કોઈ અન્ય ક્રાંતિમાં નથી મળતું. હુઝૂર ﷺ ની ક્રાંતિ વિશુદ્ધ શૈક્ષણિક ક્રાંતિ હતી અને તેનો પાયો આદમની સંતાનના કલ્યાણ અને ભલાઈ પર હતો.

નવો માનવી

અસંખ્ય સુધારાત્મક અને રચનાત્મક અને ક્રાંતિકારી આંદોલનો આપણા સામે છે, પરંતુ તેમાંથી પ્રત્યેકે માનવીને એમ-ને-એમ યથાવત રાખીને બાહ્ય વ્યવસ્થાને બદલવાની યુક્તિઓ કરી છે. પરંતુ દરેક એ બદલાવ જીવનની વાસ્તવિક સમસ્યાઓને હલ કરવામાં તદ્દન નિષ્ફળ રહ્યો, જે માનવીને ભીતરથી ન બદલી શક્યો. માનવતાના ઉપકારક ﷺ ની સિદ્ધિનું અચરજ પમાડનારું એ પાસું ખૂબ જ મહત્ત્વનું છે કે માનવી ભીતરથી બદલાઈ ગયો અને ધરમૂળથી બદલાઈ ગયો. માનવ રૂપમાં જે મનેચ્છાનો પૂજારી પશુ જોવા મળતો હતો, કલ્મએ-હક્કની અસરથી તે તદ્દન નષ્ટ થઈ ગયો અને એકાએક તેની રાખમાંથી ખુદાપરસ્ત અને મૂલ્યનિષ્ઠ માનવી ઊભરી આવ્યો. આ નવા માનવીનું તેજ જુઓ, તો આંખો અંજાઈ જાય છે.

હઝરત ઉમર رضي الله عنه જેવો મક્કાનો એક મદીરાપાન કરનારો નવયુવાન બદલાયો, તો ક્યાં પહોંચ્યો ! ફુઝાલામાં પરિવર્તન આવ્યું, તો કઈ શાનથી આવ્યું ! ઝુલબજા-દીનને જુઓ કે કઈ રીતે ધનદોલત અને વૈભવને લાત મારીને દરવેશો જેવું જીવન અપનાવી લે છે ! હઝરત અબૂઝર رضي الله عنه ને લો, શું ક્રાંતિકારી ભાવના છે કે કા'બામાં ઊભા રહીને અજ્ઞાનતાને પડકાર કર્યો અને ખૂબ માર ખાધો ! કઅબ બિન માલિક رضي الله عنه ના ચરિત્રને જુઓ, અબૂ ખુશૈમા رضي الله عنه ના રંગને જુઓ, લુબૈના رضي الله عنها અને સુમૈયા رضي الله عنها જેવી સેવિકાઓની ક્રાંતિકારી હિંમત અને નિર્ધાર પર નજર નાખો, માઇઝ رضي الله عنه બિન માલિક અસ્લમી અને ગામદિયા رضي الله عنها પર દષ્ટિપાત કરો, નજ્જાશીના દરબારમાં હઝરત જાફર તય્યાર رضي الله عنه ના સાહસથી શીખ લો, ઈરાની સેનાપતિના દરબારમાં રબઈ رضي الله عنه બિન આમિરની નિરપેક્ષતાની શાનથી બોધ પ્રાપ્ત કરો — અને તારાઓના આ મંડળમાંથી કોણ છે, જેનું ઈમાન ઓજસ પાથરતું નથી !

આ હસ્તીઓથી એ સમાઝક્રાંતિ, જેણે બાહ્ય વ્યવસ્થાની સાથે-સાથે અંદરથી માનવીના હૃદય અને મનને બદલ્યા તેમજ નવું ચરિત્ર પેદા કરી દીધું, તેથી તે જીવનની વાસ્તવિક સમસ્યાઓને હલ કરવામાં સફળ રહી અને તેના દ્વારા તત્કાલીન સભ્યતાના અધઃપતનમાં મુક્તિ-માર્ગ પ્રાપ્ત થયો.

માનવતાના ઉપકારક ﷺ નું મહાન બલિદાન

આ ક્રાંતિ એ રીતે પણ અદ્વિતીય છે કે તેના પ્રણેતાએ જો કે અસીમ ત્યાગ અને અમર્યાદ બલિદાનોથી તેને પરિપૂર્ણ કરી, પરંતુ તેણે કોઈ બદલો અને કોઈ વળતર ન લીધું. પોતાનું સર્વસ્વ માનવતાની ભલાઈ માટે સમર્પિત કરી દીધું. તેણે એટલું પણ નથી લીધું, જેટલું લેવામાં આવતું તો તાર્કિક અને કાનૂની રીતે તથા પ્રચલન મુજબ દરેક રીતે ઉચિત અને વાજબી હોત. આટલી મોટી સિદ્ધિ પર અંગત સ્વાર્થ અને હેતુનો નાનો-સરખો ડાઘ જોવા નથી મળતો. છે કોઈ આનું ઉદાહરણ ?

આર્થિક રીતે જુઓ કે હુઝૂર ﷺ એ પોતાના સફળ વેપારનો ત્યાગ કરી દીધો. તેનાથી પ્રાપ્ત પૂંજી પોતાના મિશન પર ન્યોછાવર કરી દીધી અને જ્યારે સફળતાનો સમય આવ્યો તો ધનદોલતના ઢગલાનું પોતાના હાથથી વિતરણ કરી દીધું, પરંતુ પોતાના ઘર માટે ભૂખ, ગરીબી અને સાદગીભર્યા ગુજરાનને પસંદ કર્યું. પોતાના ઘરવાળાઓ માટે કોઈ થાપણ ન છોડી, કોઈ સંપત્તિ ઊભી ન કરી અને તેમના માટે કોઈ વિશેષ આર્થિક અધિકારો નિર્ધારિત ન કર્યા અને તેમના માટે હોદ્દાની કોઈ સ્થાયી વારસાગત ગાદી ન છોડી, દરવાનો અને સેવકોની ભરતી ન કરી, સવારીઓ જમા ન કરી, વૈભવનો કોઈ સામાન ઘરમાં પસંદ ન કર્યો.

રાજકીય રીતે જોઈએ, તો પોતાના માટે વિશેષાધિકારો પ્રાપ્ત ન કર્યા. કોઈના વિરુદ્ધ અલ્લાહના આદેશો અને સીમાઓનું ઉલ્લંઘન કરીને સત્તાનો કોઈ દુરુપયોગ ન કર્યો. પોતાનું રાજકીય સ્થાન ઉચ્ચ કરવા માટે કોઈ મનમાન્યો કાનૂન ન બનાવ્યો. મદીનામાં સખત કટોકટી હતી અને યહૂદીઓ અને મુનાફિકોના નીતનવા ઉપદ્રવોનો સામનો રહ્યો, પણ કોઈને નજરકેદ ન કર્યો. કોઈના પર પ્રતિબંધ ન લગાવ્યો. અંતરાત્માના અવાજને દબાવી દેતા કોઈ આદેશો જારી ન કર્યા. વિશેષ અદાલતો ઊભી ન કરી અને લોકોની ચામડી ચાબુકોથી ઉખેડી નહીં. તેનાથી વિપરીત, લોકોને ટીકા-ટીપ્પણી કરવાનો તેમજ મત અને અભિપ્રાય આપવાનો હક્ક આપ્યો. મતભેદ કરવાની સ્વતંત્રતા આપી. પોતાના ઉચ્ચ સૂચનોનો સ્વીકાર ન કરવાનો પણ અધિકાર આપ્યો. આ અધિકારો કેવળ કાગળ પર લખેલા દેખાવ ખાતરના અધિકારો નહોતા, બલ્કે લોકોએ આ અધિકારોનો વ્યવહારૂ રૂપે ઉપયોગ કર્યો. ક્યારેક હુઝૂર ﷺ એ પોતાનો કીમતી મત છોડીને જુદા મતને કબૂલ કર્યો. જો કોઈને કોઈ છૂટછાટ આપવાની

ઇચ્છા કરી, તો જમાઅત (સમૂહ)થી પરવાનગી માગી; જેમ કે પોતાના જમાઈ જનાબ અબૂલ આસ કેદી બનીને આવ્યા, તો તેમના ફિદયા (અર્થ-દંડ)માં હઝરત ઝૈનબ ﷺ એ એ હાર મોકલ્યો જે હઝરત ખદીજા ﷺ ની યાદગાર હતો. આ હારને પરત લેવા માટે હુઝૂર ﷺ એ મજલિસે-આમ (જાહેર સભા)માં અપીલ કરી. એ જ રીતે તેમનો માલ 'ગનીમત' (યુદ્ધ-પશ્ચાત્ મળેલ માલ)ના રૂપમાં લાવવામાં આવ્યો, તો તે જમાઅતની પરવાનગીથી પાછો આપવામાં આવ્યો. જઅૂરાના નામના સ્થળે હુનૈનના યુદ્ધના કેદીઓને છોડાવવા માટે એક પ્રતિનિધિ-મંડળ આવ્યું, જેણે હુઝૂર ﷺ ના દૂધ-સગપણ (રઝાઈ કરાબત)નો સંબંધ બતાવીને પોતાની દરખાસ્ત રજૂ કરી. કેદીઓ વહેંચાઈ ગયા હતા. હુઝૂર ﷺ એ ભાગમાં આવેલા બનૂ હાશિમના કેદીઓને મુક્ત કરવાનું તો મંજૂર કર્યું, પણ બાકીના કેદીઓ માટે ફરમાવ્યું કે જાહેર સભામાં મુસલમાનોથી દરખાસ્ત કરો. લોકોને જ્યારે ખબર પડી કે હુઝૂર ﷺ એ પોતાના પરિવારના ભાગના કેદીઓને મુક્ત કરી દીધા છે, તો બધાએ કેદીઓને છોડી દીધા. આવા મામલાઓમાં હુઝૂર ﷺ એ ક્યારેય પણ દબાણ અને બળજબરીથી કામ ન લીધું.

સામાજિક અને સંસ્થાકીય રીતે જુઓ, તો પોતાના માટે સમાન વ્યવહારને પસંદ કર્યો. પોતાના સાથે વિશિષ્ટ પ્રકારના વ્યવહારને ક્યારેય પસંદ ન કર્યો, ન તો ખાવા-પીવા, રહેણી-કરણી, પોશાક અને રંગરૂપમાં કોઈ અસાધારણ શૈલીને અપનાવી; ન સભાઓમાં અને બેઠકોમાં અગ્રસ્થાન પર બેસવાનું પસંદ કર્યું, ન એ પસંદ હતું કે લોકો આદર માટે ઊભા થાય, અને ન માલિક અને સરદાર અને એ જ પ્રકારના આદર-માન માટે વપરાતા ઇલકાબોનો ઉપયોગ કરવાનું પ્રોત્સાહન આપ્યું. યુદ્ધ અને પ્રવાસમાં પણ, ખંદક (ખાઈ)ના ખોદકામમાં પણ અને મસ્જિદોના બાંધકામમાં પણ પોતાના સાથીઓ સાથે મળીને માટી લાવવાનું, ગારો ઉઠાવવાનું, પથ્થરો તોડવાનું અને લાકડાઓ વીણવાનું કામ પોતાના મુબારક હાથે કર્યું. લેણદારોને જ્યારે લેણું ચૂકવવાનો સમય આવી જાય તો લેણું પોતાના પાસેથી કડક રીતે માગવાનું કહ્યું. બદલો લેવા પોતાને સૌ લોકોની સામે રજૂ કર્યા કે જે કોઈના વિરુદ્ધ મારાથી કોઈ અતિરેક થઈ ગયો હોય તો તે મારાથી પોતાનો બદલો લઈ લે.

આપણે ક્યાં ઊભા છીએ ?

માનવતાના ઉપકારક ﷺ નો ક્રાંતિનો આ ઉદ્દેશ્ય હતો, જેના આપણને રક્ષક બનાવવામાં આવ્યા હતા. આ સંદેશ હતો, જેના માટે આપણને 'શુહદા અલન્નાસ' (લોકો સામે સાક્ષી) અને 'ઉમ્મતે વસત' (મધ્યમમાર્ગી ઉત્તમ સમુદાય) હોવાના ઉચ્ચતમ્ સ્થાન પર બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ હતો કલ્મએ-હક્ક (સત્ય

વચન), જેની અમાનત આપણને એટલા માટે સોંપવામાં આવી હતી કે હુઝૂર ﷺ ના નાયબ હોવાના રૂપમાં આપણે કયામત સુધી માનવ-જાતના મુક્તિ-દાતા બનીએ અને જ્યારે પણ જીવન પોતાની સમસ્યાઓમાં ગૂંચવાઈ જાય તેમજ સમાજ અને સભ્યતા અધઃપતનમાં ઘેરાઈ જાય, તો આપણે તેમના માટે સહારો બનીએ. પરંતુ આપણે આ કલ્મએ-હક્કની મશાલને ઉચ્ચ રાખવામાં નિષ્કાળજી દાખવી અને આ સત્યની વ્યવસ્થાને પોતાના હાથે નષ્ટ કરીને મૂકી દીધી. પરિણામ એ છે કે વર્તમાન યુગનો વૈચારિક કાફલો જ્યારે ભટકીને ખોટી દિશામાં વળી ગયો, તો આપણે આપણું કર્તવ્ય અદા કરવાને પાત્ર ન હતા અને આપણી નિષ્કાળજીનો ચમત્કાર છે કે આજે સમગ્ર માનવ-જાતનું જીવન અધઃપતનનો ભોગ બનેલું છે. વિરોધાભાસી ભૌતિક વિચારધારાઓનું મિશ્રણ માનસિક શાંતિને બરબાદ કરી રહ્યું છે. વૈશ્વિક નેતૃત્વ અલ્લાહથી અજાણ શક્તિઓના હાથમાં છે અને આપણે સ્વયં એ જ શક્તિઓના ભિખારી અને યાચક બનીને રહી ગયા છીએ. સંજોગોની ઠોકરો આપણને જાગૃત ન કરી શકી. અપમાન અને હતાશા આપણા અંદર અફસોસની અનુભૂતિ ન કરાવી શકી. ઈસ્લામી જગતનો કુસંપ અને અરાજકતા તેમજ માનવતાનું અધઃપતન આપણને આ જ કરવાના મૂળ કાર્ય તરફ ધ્યાનાકર્ષિત ન કરાવી શક્યા.

આવો, વિચારીએ અને સમીક્ષા કરીએ કે માનવતા ઈતિહાસના કયા તબક્કામાંથી પસાર થઈ રહી છે અને આપણે ક્યાં ઊભા છીએ ?

આ પુસ્તકના લેખકે પોતાના ટૂંકા આયુષ્યમાં પોતાને પણ, પોતાના નજીકના માહોલના લોકોને અને તેનાથી આગળ જઈને દુનિયાભરના લોકોને પણ અવિરત પરેશાની, વ્યાકુળતા, તંગી, દ્વિધા અને ભયની સ્થિતિમાં ગ્રસ્ત જોયા છે. ઘરથી લઈને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સુધી દરેક ઠેકાણે ખોટા પૂર્વાનુમાનો, તણાવ, સંઘર્ષ અને ટકરાવની સ્થિતિ સામે આવી છે. આ સમગ્ર સમયાવધિમાં ઈતિહાસ એક હાંડીની જેમ ઊભરો લેતો રહ્યો છે અને આ હાંડીના ઉકળતા પાણીમાં પોતાના જેવા કરોડો માનવોના સમૂહની સાથે પોતાને પણ ખીચડીના એક દાણાની જેમ નેસ્ત-નાબૂદ થતો જોયો છે. એ માનવ-જગત, જેનાથી અત્યાર સુધી સંબંધ રહ્યો છે અને બે વિશ્વ-યુદ્ધો દરમ્યાન પીસાઈને અને અસંખ્ય પ્રાદેશિક યુદ્ધોના ઘા સહન કરી-કરીને હજુ નિરાંતનો શ્વાસ પણ લઈ શક્યું નથી કે એક વધુ પ્રલયકારી યુદ્ધની તલવાર તેના માથા પર લહેરાતી જોવા મળી રહી છે. આ સંક્ષિપ્ત કાળમાં તોડફોડના અનેક ઉત્પાતો અને આઘાતો આંખોની સામેથી પસાર થયા. વારંવાર ક્રાંતિઓના ભૂકંપો આવતા રહ્યા. સલ્તનતોને ઊભરતી અને ઓસરતી જોઈ. વિચારધારાઓના મોજાઓની અથડામણો જોઈ. ષડયંત્રોની સુરંગો બિછાવાતી અને ફાટતી જોઈ.

દેશો અને પ્રદેશોના ટુકડા થતા જોયા. માનવોના સમૂહોને ઉજડીને સ્થળાંતર કરતા જોયા. ભારત-પાકિસ્તાનના ઉપખંડમાં બરાબર આઝાદીની પરોઢ પ્રગટ થતાંની સાથે તદ્દન પોતાના માથાથી લોહીની સેરને પસાર થતી જોઈ અને આ લોહીના મોજાઓમાં માનવ-પ્રાણો, ઈજ્જતો અને આબરૂઓ તેમજ મૂલ્યવાન પરંપરાઓ અને મૂલ્યોને ગરકાવ થતા જોયા.

વર્તમાન વૈશ્વિક ભૌતિકવાદી સભ્યતાના છેતરામણા પરદાઓની નીચે ઝાંખીને માનવતાનું અવલોકન કરો, તો એ કરુણ દશ્ય સામે આવે છે કે હૃદય ધ્રુજી ઉઠે છે. આદમની સમસ્ત સંતાનને થોડીક મનેચ્છાઓએ પોતાના શિકંજામાં કસી લીધી છે અને દરેક બાજુ ધનદોલત અને સત્તા માટે લડાઈ-ઝઘડો થઈ રહ્યો છે. માનવતાની નૈતિક ચેતનાની મશાલ ઓલવાઈ ગઈ છે. ગુનાઓ સાંસ્કૃતિક ઉન્નતિની સાથે-સાથે તીવ્રતાથી વધી રહ્યા છે. મનોવૈજ્ઞાનિક ઉલઝનોનું જોર છે અને માનસિક શાંતિ સદંતર અદશ્ય થઈ ચૂકી છે. માનવીના આચાર-વિચારમાં એવો ધડમૂળથી બગાડ આવી ગયો છે કે જીવનનું કોઈ ક્ષેત્ર તેના અશુભ પડછાયાથી સુરક્ષિત નથી રહ્યું. વિચાર, દર્શન અને શાસનમાંથી સચ્ચાઈનો આત્મા ખોવાઈ ગયો છે. —આસ્થાઓ-માન્યતાઓ અને વિચારધારાઓમાં સંતુલન નથી રહ્યું. આધ્યાત્મિક મૂલ્યો ચોપટ થઈ ગયા છે. કાનૂન ન્યાયની ભાવનાથી ખાલી થઈ ગયો છે. રાજકારણમાં સેવા-ભાવની જગ્યાએ સ્વાર્થવૃત્તિ ઘૂસી ગઈ છે. અર્થતંત્રના ક્ષેત્રમાં અત્યાચારી અને પીડિત વર્ગ પેદા થઈ ગયો છે. કળામાં સૌંદર્યના સઘળા રંગોનું મિશ્રણ કામુક અને યૌન ભાવનાઓ તેમજ શૈતાની મનેચ્છાઓથી કરવામાં આવી રહ્યું છે. સભ્યતા અને સંસ્કૃતિના તમામ પાસાઓમાં દરેક જગ્યાએ વિરોધાભાસ ઊભરી આવ્યો છે, જેમના વચ્ચે ટકરાવ ચાલુ છે અને સમગ્ર ઇતિહાસ એક ભયાનક નાટકમાં પરિવર્તિત થઈ ગયો છે. બુદ્ધિ વિકસિત થઈ ગઈ છે, પણ તેની મૂર્ખતાઓ આપણને નુકસાન પહોંચાડી રહી છે. જ્ઞાનના સ્રોત ફૂટી રહ્યા છે, પણ તેણે જ પેદા કરેલ અજ્ઞાનતાઓના હાથે આદમની સંતાનનો શ્વાસ રૂંધાઈ રહ્યો છે. ધનદોલતના ખજાનાઓ દરેક બાજુ વિખેરાયેલા પડ્યા છે, પણ માટીથી બનેલ મખ્લૂક (માનવી) ભૂખ, નિર્વસ્ત્ર અને વંચિતતાની યાતનામાં ગ્રસ્ત છે. હજારો-હજારો સંસ્થાઓ અને રાજકીય પક્ષો, વૈચારિક એકમો અને કરારો-સંધિઓ જોવા મળે છે, પણ માનવી અને માનવી વચ્ચે ભાઈ-ભાઈ જેવો સંબંધ રહ્યો નથી. ચિત્તાઓ અને વરુઓ જેવો મામલો છે. બૌદ્ધિક, રાજકીય, નૈતિક અને સાંસ્કૃતિક સભાનતાની પ્રગતિ ચર્ચામાં છે, પણ અત્યાચાર, અન્યાય અને હિંસાની અત્યંત દૂષિત યુક્તિઓ આજે પણ માનવતા વિરુદ્ધ પ્રયુક્ત કરવામાં આવી રહી છે.

ઈતિહાસ એક વ્યાપક અખાડો છે, જેમાં ક્યાંક ઈમરજન્સી અને સ્વતંત્રતા વચ્ચે, ક્યાંક સામ્યવાદ અને મૂડીવાદ વચ્ચે, ક્યાંક લોકશાહી અને સરમુખત્યારશાહી વચ્ચે, ક્યાંક વ્યક્તિ અને સમુદાય વચ્ચે અને ક્યાંક પશ્ચિમ અને પૂર્વ વચ્ચે એક ભયાનક અથડામણ થઈ રહી છે.

આવી છે આ દુનિયા, જેમાં આપણે આપણું જીવન વિતાવી રહ્યા છીએ !

કૃત્રિમ ઉપગ્રહો અને મીસાઈલોના આ યુગમાં વિજ્ઞાન અલાદ્દીનના પ્રણાલિગત ચિરાગના જીનની જેમ ભૌતિક શક્તિઓના નવા-નવા ભંડારો માનવીના એક-એક ઈશારા પર ઉપલબ્ધ કરાવી રહ્યું છે. પ્રકૃતિના છૂપાં રહસ્યોના અનંત તાળાઓ તત્ત્વદર્શિતાની ચાવીથી ખુલી રહ્યા છે. અદ્‌ભુત ગતિઓ માનવીને સમય અને સ્થળ ઉપર વ્યાપક અધિકાર અપાવી રહી છે. પરમાણુ શક્તિએ વિનાશક રાક્ષસોના લશ્કરો માનવીની સામે ઊભા કરી દીધા છે, જે બસ આંખના એક ઈશારાની રાહ જોઈ રહ્યા છે. બીજી બાજુ સ્વયં આ માનવીની પોતાની સ્થિતિ એ છે કે તે શૈતાની અને ખંડનાત્મક શક્તિઓના પંજામાં પહેલાથી વધારે લાચાર દેખાઈ રહ્યો છે, જે વારંવાર તેને પોતાના જ વિરુદ્ધ મોરચો માંડવા મજબૂર કરી રહી છે, અને જેમણે ઈતિહાસના દરેક યુગમાં તેની મહાન રચનાત્મક સિદ્ધિઓ અને તેની ગૌરવશાળી સભ્યતાઓને સ્વયં તેના જ હસ્તે ધૂળધાણી કરાવી છે.

જરા કોઈ એવા કાફલાની કલ્પના કરો, જે કોઈ પહાડના શિખર પર પડાવ નાખીને અને જરી-બુટ્ટીવાળા કાપડના તંબુઓ લગાવીને ખાવા-પીવા, નાચ-ગાન અને સંગીત તેમજ શેરો-શાયરી અને શરાબમાં મગ્ન હોય, તેના પાસે વેપારી માલ-સામાનનો અંબાર હોય, તેના સાથે રૂપિયાથી ભરેલ થેલાઓ હોય, ઘણા પશુઓ અને સવારીઓ હોય, તેના શસ્ત્રો ચમકદાર અને તેનો પહેરો મજબૂત હોય -- પરંતુ બરાબર તેના ગાલીચાઓ અને બિસ્તરો અને બેઠકોના નીચેની જમીનમાં થોડાક જ ફૂટ નીચે ભયાનક લાવા ઉકળી રહ્યો હોય અને થોડોક જ તેમાં સમય બાકી હોય કે પહાડ ફાટી જાય અને આગનું તોફાન ઉમટવા લાગે ! કંઈક આવી જ સ્થિતિ આપણા સભ્યતાના કાફલાની છે, જેણે વર્તમાન ઈતિહાસની પળના પહાડ પર પડાવ નાખેલો છે. આ પહાડની છાતીમાં અત્યંત ભયાનક અધઃપતનનો લાવા ભૂભૂકી રહ્યો છે.

આપણા સામે આપણું ભાગ્ય વૈશ્વિક પતનનો પડકાર લઈને ઊભું છે. સમયના માર્ગ પર પાછળ ભાગવાની સંભાવના નથી. પડકારનો જવાબ આપવાની યોગ્યતા વર્તમાન ભૌતિક સભ્યતા અને તેણે બનાવેલ માનવીમાં નથી. કોઈ નવી વિચારધારા ઊભરી રહી નથી, જે ઓછામાં ઓછું એક ભ્રમણાની જેમ હંગામી ધોરણે જ સંતોષની પૂંજી બની શકે — કોઈપણ બાજુથી મુક્તિનો કોઈ માર્ગ ખુલતો દેખાતો નથી.

બેચેની અને વિહ્વળતાની આ પળમાં જયારે હું ચોતરફ નજર ફેરવું છું, તો અંધકારના એક સમુદ્રએ છ દિશાએથી ઘેરો ઘાલેલો દેખાય છે. આ સમુદ્રમાં દૂર – તેર સદીના અંતરે એક પ્રકાશ-બિંદુ દેખાઈ રહ્યું છે. આ માનવતાના સૌથી મહાન ઉપકારક હઝરત મુહમ્મદ ﷺ ના સંદેશની મશાલ છે !

એ જ મશાલ, જેના પ્રકાશને સ્વયં આપણે – હઝરત મુહમ્મદ ﷺ નું નામ લેનારાઓએ – પોતાના સ્વચ્છંદી અને વેરવિખેર વિચારો તેમજ વિચલિત અને શિથિલ આચરણના ધૂળના વાદળમાં ગુમ કરી દીધો છે.

સીરતના અભ્યાસનું દૃષ્ટિબિંદુ

મારા નજીક સીરતે-પાકના અભ્યાસનો એક જ હેતુ છે. હુઝૂર ﷺ ના સંદેશની મશાલ આપણા સામે અને સમગ્ર માનવતાની સામે એક વાર ફરી ભરપૂર પ્રજ્વલિત થાય અને જીવનનો કાફલો વર્તમાન યુગના અંધકારોમાં એ જ રીતે સફળતાના માર્ગનું પગેરું પામી લે, જે રીતે તેને છઠ્ઠી સદી ઈસ્વીના અધઃપતનથી મુક્તિ પામવાનો માર્ગ મળ્યો હતો.

દુર્ભાગ્યે સીરતે નબવી ﷺ નો અભ્યાસ આપણા ત્યાં એ ભાવના અને એ દૃષ્ટિબિંદુથી ઓછો થઈ રહ્યો છે, જેનાથી થવો જોઈએ. આપણી રુચિ આ ક્ષેત્રમાં સંપૂર્ણપણે એ નથી રહી કે આપણે ત્યાંથી જીવનની એક રૂપરેખા પ્રાપ્ત કરીને પોતાને તેના બીબામાં ઢાળવાના છે, બલ્કે કેટલીક બીજી રુચિ-અભિરુચિઓ વચ્ચે આવી ગઈ અને રોજ-બરોજ વધી રહી છે.

ઘણા મુસલમાનો એવા છે, જેઓ નબી અકરમ ﷺ ની સીરતથી બધી રુચિ કેવળ સવાબ (પુણ્ય) પ્રાપ્ત કરવા માટે રાખે છે. (તેનાથી ઇન્કાર નથી કે હુઝૂર ﷺ થી સામીપ્યની પ્રત્યેક કોશિશ અલ્લાહના દરબારમાં પ્રિય છે અને તેના પર અજ્ર (વળતર)ની આશા રાખવી જોઈએ, પરંતુ આવી કોશિશનો પ્રાથમિક હેતુ જીવનની સુધારણા પણ તો હોય.) ધૂમધામથી મીલાદની મહેફિલોનું આયોજન કરવામાં આવે છે અને એ શ્રદ્ધાથી કરવામાં આવે છે કે આ મજલિસોમાં હુઝૂર ﷺ ની રૂહે-પૂરનૂર (જ્યોતિર્મય આત્મા) પ્રગટ થાય છે અને પોતાના અનુયાયીઓના પ્રેમના દૃશ્યો જોઈ-જોઈને પ્રસન્ન થાય છે. મીઠી વસ્તુઓના થાળ, ફૂલોના ગજરા અને હાર, કવ્વાલી અને ના'ત-ખ્વાનીનો પ્રબંધ, અગરબત્તીઓ અને લોબાનની સુગંધોના ગોટા, ઝગમગ કરતી ઈલેક્ટ્રિક ગોળીઓ અને દીવાઓની ચમક-દમક, આ બધું એ જ શ્રદ્ધાનું પ્રતિબિંબ છે. સીરતે નબવી ﷺ થી આ પ્રકારની શ્રદ્ધા જે રૂપરેખા સામે લાવે છે તે કોઈ માનવીની રૂપરેખા નથી, હાડ-માંસથી બનેલ કોઈ આદમની સંતાનનું

વ્યક્તિત્વ નથી, બલ્કે આપણે એક અલૌકિક (માનવીથી પર) હસ્તીથી પરિચિત થઈએ છીએ, જેનો ઢાંચો નૂર (પ્રકાશ)માં ઢળેલ છે, જેના શરીરનો પડછાયો નથી, જેના કાર્યોમાં બધો હિસ્સો મો'જિઝાઓ (ચમત્કારો)નો છે, જે કાર્યકારણ (પ્રકૃતિ)ના કાનૂનથી પર છે, જેના બધા કામ ફરિશ્તાઓ કરે છે અને જેની દરેક વાત અને પ્રત્યેક વસ્તુ રહસ્યમય છે. ઇન્કાર નથી કે માનવ-જાતિની તુલનામાં હુઝૂર ﷺ નો આધ્યાત્મિક અને નૈતિક દરજ્જો અત્યંત ઉચ્ચ છે, ત્યાં ઘણી અલૌકિક વસ્તુઓ પણ મળે છે, ત્યાં મો'જિઝાઓ (ચમત્કારો) પણ છે અને ત્યાં ફરિશ્તાઓ પણ કામ કરતા દેખાય છે. — પરંતુ છેવટે એ પવિત્ર જીવન એક મનુષ્યનું જીવન છે અને તેની મહાનતાનો આધાર જ એ છે કે આવું અદ્વિતીય જીવન એક માનવીએ જ પ્રસ્તુત કર્યું છે. ત્યાં પ્રાકૃતિક કાનૂન તેમજ કુદરત અને સમાજના નિયમોના વર્તુળમાં જ દરેક કાર્ય થાય છે અને સફળતાના માર્ગમાં ડગલે-ને-પગલે બલિદાનો પ્રસ્તુત કરવામાં આવે છે. તે એક માનવીનું જીવન હોવાથી જ આપણા માટે અનુકરણીય નમૂનો બને છે અને આ જ કલ્પના સાથે આપણા માટે લાભદાયક બની શકે છે. તેનાથી નિશ્ચય અને હિંમતનો પાઠ ગ્રહણ કરી શકીએ છીએ. તેનાથી સિદ્ધાંતો અને કર્તવ્યના પાલનનો સબક શીખી શકીએ છીએ. તેનાથી માનવતાની સેવાની ભાવના પ્રાપ્ત કરી શકીએ છીએ અને તેનાથી બૂરાઈની શક્તિઓ વિરુદ્ધ લડવા માટે એક ઉત્કંઠા પોતાના અંદર પેદા કરી શકીએ છીએ. સીરતે નબવી ﷺ ને જો તમે મો'જિઝો બનાવી દેશો અને જો તેને અલૌકિક (માનવીથી પર) સિદ્ધિનો રંગ આપી દેશો, તો પછી માટીથી બનેલ માનવીઓ માટે તેમાં નમૂનો શું રહેશે ? આવી હસ્તીની સામે આપણે અભિભૂત, પ્રભાવિત અને ચકિત તો થઈ શકીએ છીએ, પરંતુ તેનું કોઈ પ્રતિબિંબ આપણા અંદર આત્મસાત નથી કરી શકતા. તેનાથી આપણે શ્રદ્ધા તો રાખી શકીએ છીએ, પરંતુ તેનું અનુસરણ નથી કરી શકતા. તેથી જયાં-જયાં શ્રદ્ધાનો આ ખાસ રંગ પહોંચ્યો છે, ત્યાં જેટલો-જેટલો તે ઘેરો થતો જાય છે, વ્યવહારૂ જીવન નબી ﷺ ના અનુસરણથી એટલું જ ખાલી થતું જાય છે, બલ્કે ઊલ્ટું સ્થિતિ એ છે કે ઘૃણિત આર્થિક અને સામાજિક ગુનાઓના પીઠામાં જે લોકો કૂંજા પર કૂંજા નાખે છે, તેઓ આ સસ્તી રીતે શ્રદ્ધાનું પ્રદર્શન કરીને પોતાના બેચેન અંતરાત્માને સંતોષ અપાવે છે કે —

''કુછ ભી હૈ, લેકિન તેરે મહેબૂબ કી ઉમ્મત મેં હૈં.''

બીજી બાજુ પશ્ચિમથી એક બીજું એ દૃષ્ટિબિંદુ આવી ઘૂસ્યું છે, જેને વ્યક્તિ-વિશેષની પૂજા (Hero Worship) કહેવામાં આવે છે. આ દૃષ્ટિબિંદુ પોતાના મૂળ આત્માની રીતે રાષ્ટ્રવાદી ભાવના (Nationalism)ને પ્રતિબિંબિત કરે છે. એક

પ્રકારનું કોમી ગર્વ છે, જે બીજાઓની સામે ભૂતકાળના વિશિષ્ટ લોકોનું પ્રદર્શન કરાવે છે. આ દૃષ્ટિબિંદુ જાણે એમ કહે છે કે જુઓ, અમારા પાસે આવી અને આવી હસ્તીઓ છે, અમારા ઇતિહાસમાં આટ-આટલા મોટા મહાન વડવાઓ થઈ ગયા છે અને તેમની આવી-આવી સિદ્ધિઓ છે, જેના અમે વારસદારો છીએ અને જેઓ અમારા માટે ગૌરવ છે. આ દૃષ્ટિબિંદુની નિશાની એ છે કે તે હંમેશા બોદું હોય છે. તેના હેઠળ પ્રત્યેક કોમ વિભિન્ન વ્યક્તિઓની મૃત્યુ-તિથિ, જન્મ-તિથિ અને અન્ય યાદગાર દિવસો ખૂબ ધૂમધામથી મનાવે છે. પરંતુ આ પ્રસંગો ક્યારેય અને ક્યાંય પણ આ વ્યક્તિઓથી પ્રેરણા મેળવવાનું માધ્યમ નથી બનતા. માનવતાના જે નમૂનાઓને ગર્વના રૂપમાં બીજાઓની સામે પ્રસ્તુત કરવામાં આવે છે, તેમનું કોઈ પ્રતિબિંબ આ પ્રસ્તુત કરનારાઓના જીવનમાં જોવા મળતું નથી અને ન ક્યારેય આ પ્રતિબિંબને આત્મસાત કરવા તરફ ધ્યાન આપવામાં આવે છે. આ દૃષ્ટિબિંદુ હેઠળ હુઝૂર ﷺ ની યાદ તાજી કરવા માટે જે ઉજવણીઓનું આયોજન કરવામાં આવે છે, તેમાં કહેવા માટે તો એક વિશેષ પ્રકારની વાતો હંમેશા કરવામાં આવે છે, પરંતુ જીવનમાં તેની કોઈ અસર દેખાઈ આવતી નથી.

ત્રીજું ખોટું દૃષ્ટિબિંદુ એ છે કે હુઝૂર ﷺ ના સંદેશને એક જીવન-વ્યવસ્થાનો સંદેશ સમજવામાં આવતો નથી, બલ્કે એક મઝહબ (સીમિત અર્થમાં ધર્મ)નો સંદેશ ઠેરવે છે. આ દૃષ્ટિબિંદુથી જે લોકો પ્રભાવિત છે, તેમની કલ્પના એ છે કે હુઝૂર ﷺ બસ અમુક આસ્થાઓ, થોડાક રોઝા-નમાઝ અને ઇબાદતો, કેટલાક વિર્દ (દૈનિક જાપ) અને વઝાઈફ (મંત્રોચ્ચાર), કેટલીક નૈતિક શિખામણો અને થોડાક ફિકહી (ઇસ્લામના કાનૂની) આદેશો પહોંચાડવા માટે આવ્યા હતા અને આપ ﷺ નો આશય એવા લોકો તૈયાર કરવાનો હતો, જેઓ વ્યક્તિગત રૂપે મુસલમાનો જેવી છાપ પેદા કરીને કોઈપણ ગંદામાં ગંદી વ્યવસ્થા માટે સૌથી સારા કાર્યકરો સાબિત થાય. આવા લોકો હુઝૂર ﷺ થી માત્ર તહારત (પવિત્રતા), રોઝા-નમાઝ, નવાફિલ (ઐચ્છિક ઇબાદતો) અને અઝકાર (સ્મરણ) અને વ્યક્તિગત ગુણો સુધી લાભ પ્રાપ્ત કરે છે, પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક જીવનના અત્યંત વ્યાપક મામલાઓમાં તે સંપૂર્ણ અવગણના કરીને દરેક અસત્ય શક્તિઓના કામ આવે છે અને પ્રત્યેક બગાડની સાથે અનુકૂળ થઈ જાય છે. આ લોકોએ જાણે સીરતે નબવી ﷺ ના પવિત્ર પુસ્તકના અસંખ્ય સોનેરી પ્રકરણોને વિસ્મરણની જમીનમાં દફન કરી દીધા છે અને બસ, પ્રસ્તાવનાના એક ભાગને લઈને એમાં જ ખોવાઈ ગયા છે. આ લોકોએ અત્યાર સુધી હુઝૂર ﷺ નું જે પ્રતિનિધિત્વ કર્યું છે, તેનાથી પ્રભાવિત થઈને વર્તમાન યુગની કોઈ બિનમુસ્લિમ કોમ તો દૂરની

વાત છે, સ્વયં મુસ્લિમ શિક્ષિત નવયુવાનો સુદ્ધાં એ કલ્પના નથી કરી શકતા કે હુઝૂર ﷺ તેમના માટે સભ્યતા અને સંસ્કૃતિના કાફલાના નેતા પણ હોઈ શકે છે અને તેમના ત્યાંથી તાજેતરની મુશ્કેલ અને જટિલ સમસ્યાઓનો કોઈ સંતોષકારક હલ પણ મળી શકે છે. આ દૃષ્ટિબિંદુ પણ હુઝૂર ﷺ ની હસ્તી માટે એક પવિત્ર આવરણ બની ગયું છે.

આ ખોટા દૃષ્ટિબિંદુઓ એટલા માટે ફૂલીફાલી રહ્યા છે કે વાતાવરણ તેમના માટે અનુકૂળ છે. વાતાવરણ એ રીતે અનુકૂળ છે કે જે રાજકીય અને સાંસ્કૃતિક વ્યવસ્થા તથા આર્થિક અને સામાજિક માળખાનો આપણે સામનો કરી રહ્યા છે, તેને એક વિશેષ ઢબનો ાનવી જોઈએ છે. આ મશીનને વિશેષ પ્રકારના ભાગોની આવશ્યકતા છે. તે તદ્દન બીજી જ સીરત લોકોમાં જોવા માગે છે. આનું કામ એક બીજા જ પ્રકારની માનસિકતા અને ચરિત્રથી ચાલે છે. બીજા શબ્દોમાં અહીં વ્યવહારૂ જીવનને મૂળથી એ માનવતાના આદર્શની જરૂર જ નથી, જેને મુહમ્મદ ﷺ ની સીરત પ્રસ્તુત કરે છે અને આ મંડીમાં એ વૈચારિક અને વ્યવહારિક સામગ્રીની માંગ જ નથી, જે હુઝૂર ﷺ ના જીવનથી પ્રાપ્ત કરી શકાય છે. વર્તમાન દુનિયાની સામૂહિક વ્યવસ્થા જે પ્રકારના મંત્રીઓ અને શાસકો, ન્યાયાધીશો અને વકીલો, નેતાઓ અને પત્રકારો, સેનાપતિઓ અને સૈનિકો, ઇન્સ્પેક્ટરો અને પોલીસો, મામલતદારો અને તલાટીઓ, કમિશ્નરો અને કલેક્ટરો, જમીનદારો અને ખેડૂતો, લેખકો અને સાહિત્યકારો, કૂલીઓ અને મજૂરો માંગે છે, એ ઢબનો માનવી તેનાથી તદ્દન અલગ પ્રકારનો છે, જેનું દર્શન સરવરે આલમ ﷺ એ ઇતિહાસના સ્ટેજ પર કરાવ્યું. જે વ્યવસ્થા આજે છવાયેલ છે તેની માંગ અનુસાર દરેક ઘરમાં માતાઓની મમતાના ખોળાઓ અને પિતાઓના પ્રેમની નજરો સંતાનોનું પાલન-પોષણ કરી રહી છે. તેની જરૂરતને આધીન શિક્ષણ અને પ્રશિક્ષણ સંસ્થાઓ વીસ-વીસ વર્ષ સુધી એક-એક વ્યક્તિ પર પ્રયોગ કરીને ભાગો તૈયાર કરી રહી છે અને તેના જ તકાદાઓ અનુસાર દરેક જાગૃત વ્યક્તિ સ્વયં પોતાના મનો-મસ્તિષ્ક અને ચરિત્રને એક વિશેષ રંગરૂપ આપવામાં જીવનભર વ્યસ્ત રહે છે. આ વ્યવસ્થા જે-જે વસ્તુઓને પસંદ કરે છે, તેને જ સમાજ પોતાના લોકોમાં પોતે જ ઉત્પન્ન કરતો રહે છે અને જે-જે વસ્તુઓને ધિક્કાર અને ઘૃણાથી જુએ છે, વાતાવરણની સમગ્ર શક્તિ તેને નષ્ટ કરવા મથે છે. આ વ્યવસ્થા જે બોલીને પસંદ કરે છે, જીભ આપોઆપ એ જ બોલી બોલવા લાગે છે. આ જે પહેરવેશને પસંદ કરે છે, તે પહેરવેશ આપોઆપ શરીર પહેરવા લાગે છે. ઇજ્જતનું વલણ એ ઠરે છે, જેને પ્રચલિત વ્યવસ્થા પ્રચલિત કરવા માગે

છે, અને અપમાનની રીત એ ઠરે છે, જેને ચાલી રહેલી સભ્યતા નાપસંદ કરે. જે કળાને આ પસંદ કરે છે તે લોકપ્રિયતાનું માધ્યમ બને છે અને જે પ્રવૃત્તિઓને આ રદ કરે છે તે ઉપેક્ષાનો ભોગ બની જાય છે. આ પોતાના મૂલ્યો સ્વયં બનાવે છે અને તમામ લોકોથી તેને મનાવડાવે છે અને બીજી તમામ પરંપરાઓ, મૂલ્યો અને પ્રતીકોને મુરઝાઈ જવાનું છે. કેટલાક સ્વાભિમાની લોકો અને પરિવારો માહોલના જબરજસ્ત વહેણની વિરુદ્ધ જોર કરે છે, પરંતુ આર્થિક વંચિતતા, સામાજિક પછાતપણું અને લઘુતાગ્રંથીનું દબાણ એટલું સખત હોય છે કે છેવટે સમયની સાથે તરવૈયાઓ થાકી-હારીને પોતાને માહોલના હવાલે કરતા જાય છે, જો એવું ન થાય તો તેમના પછીની પેઢી હિંમત હારી બેસે છે. અત્યાર સુધી આખી દુનિયા અને બધા લોકો પોતાના ચરિત્રનું નિર્માણ જાગૃત અવસ્થામાં પણ અને અજાગૃત અવસ્થામાં પણ માહોલની મરજી અનુસાર કરવામાં મગ્ન છે, તેઓ સરવરે આલમ ﷺ ના જીવન-ચરિત્ર પર જો પુસ્તકો લખે અને વાંચે તેમજ પ્રવચનો અને વ્યાખ્યાનો સંભળાવે અને સાંભળશે, તો ઉસ્વએ-હસના (અનુકરણીય નમૂનો)નો શોખ લોકોમાં આવશે ક્યાંથી ?

સાચી વાત એ છે કે સીરતે નબવી ﷺ માં એ લોકો માટે કોઈ સંદેશ જ નથી, જેઓ કોઈ બિનઈસ્લામી વ્યવસ્થાથી સંબંધ બનાવી રાખવા માગતા હોય અને જેમના સ્વાર્થ અને હિતોના સોદાઓ કોઈ બાતિલ (અસત્ય) સાથે થઈ ગયા હોય. આ લોકો સીરત વાંચીને માથું ધુણાવતા હશે, તેમના મનને મજા આવતી હશે, તેમની જાણકારીમાં વધારો થતો હશે, પરંતુ તેમનામાં એ પ્રેરણા અને આંદોલન ક્યાંથી આવશે કે તેઓ આ સીરતના બીબામાં જીવનને ઢાળે. તેમની જડતા અને સ્થગિતતા કોઈપણ રીતે તૂટી નથી શકતી.

પરંતુ અમે કહીએ છીએ કે હઝરત મુહમ્મદ ﷺ નું જીવન-વૃત્તાંત 'રુસ્તમ' અને 'સોહરાબ'ની વાર્તા નથી, 'અલિફ-લૈલા'ની કહાણી નથી અને કોઈ કાલ્પનિક ચરિત્રની નવલકથા નથી. આનું સ્થાન કદાપિ એ નથી કે તેને આપણે જ્ઞાન અને સાહિત્યના મનોરંજક ફોરમનું માત્ર એક ઝળહળતું પાત્ર બનાવીએ. તેનું મૂલ્ય અને મહત્ત્વ પરવાનગી નથી આપતા કે આપણે કેવળ માનસિક આનંદ પ્રાપ્ત કરવા માટે તેનો ઉપયોગ કરીએ. આની પ્રતિષ્ઠા અને સન્માન રોકે છે કે આપણે તેને પ્રચલિત કોમી ગૌરવની ભાવનાની તૃપ્તિનું માધ્યમ બનાવીએ.

આ વિભિન્ન દૃષ્ટિબિંદુઓ આપણા ત્યાં સાથે મળીને-એક સાથે કામ કરી રહ્યા છે અને આ બધા જ મૂળ ઉદ્દેશ્યમાં અવરોધરૂપ બની ગયા છે. કોણ ગણાવી શકે છે કે દર વર્ષે કેટલી મીલાદની મજલિસો અને સીરતના સમારંભો આપણા દેશમાં

આયોજિત થતા હશે ? એક રબીઉલ-અવ્વલના મહિનામાં જ કેટલા વાઅ્ઝ (વ્યાખ્યાનો) અને પ્રવચનો હવામાં લહેરો ઉઠાવતા હશે ? કેટલા લેખો અને પુસ્તકો લખવામાં આવતા હશે ? કેટલા સામયિકોના વિશેષાંકો આ વિશે પ્રકાશિત થતા હશે ? શાયરો અને કવિઓ કેટલી નાઅ્ત (પયગંબરના પ્રશસ્તિ-ગીતો) લખતા હશે અને કવ્વાલ તેમને ક્યાં-ક્યાં ગાતા ફરતા હશે ? વડીલો અને આગેવાનો તરફથી કેટલા સંદેશાઓ અને નિવેદનો પ્રસિદ્ધ થતા હશે ? નિમંત્રણો અને મિજબાનીઓની કેવી અને કેટલી વસંતો દસ્તરખાનો પર આવતી હશે ? બજારોના સુશોભનમાં તેમજ દરવાજાઓ ઊભા કરવામાં અને મહેરાબો લગાવવામાં (અને રોશનીઓ કરવામાં) કેટલા રૂપિયા ખપાવી દેવામાં આવતા હશે ?(1)

પરંતુ બીજી બાજુ જરા એ પણ વિચારો કે એક સારા ઉદ્દેશ્ય માટે શક્તિઓ અને નાણાના આ ઉપયોગનું ખરેખર શું પરિણામ આવે છે ? સમીક્ષાના ત્રાજવાના એક પલ્લામાં પોતાની એક વર્ષની એ પ્રવૃત્તિઓને મૂકો અને બીજા પલ્લામાં પ્રાપ્ત થયેલ પરિણામોને મૂકીને જાંચો કે શું વજન બરાબર થાય છે ? કેટલા લોકો હશે, જેઓ આ નેક કોશિશોના કારણે સીરતે નબવી ﷺ ના બીબામાં પોતાના જીવનને ઢાળવાના અભિયાનમાં દર વર્ષે લાગી જતા હશે ? જો એક જલ્સા (સભા) અને એક લેખ અને એક નાઅ્ત દ્વારા માત્ર એક જ વ્યક્તિમાં પરિવર્તન આવ્યું હોય તો અનુમાન લગાવો કે ગત બસો વર્ષોથી કેટલું પ્રાપ્ત થવું જોઈતું હતું, અને જો વાસ્તવમાં તે પ્રાપ્ત નથી થયું તો ક્યાંક આપણી કોશિશોમાં કોઈ ઊણપ છે, અને આ ઊણપ ખૂબ પાયાની ઊણપ છે. રુદન એનું જ નથી કે જે અપેક્ષિત છે તે પ્રાપ્ત નથી થઈ રહ્યું, બલ્કે તેનાથી વધારે માતમ એ વાતનું છે કે આપણા ભાગે એ બધું આવી રહ્યું છે કે જે માનવતાના ઉપકારક ﷺ ના સંદેશ અને સિદ્ધિથી ખુલ્લંખુલ્લા ટકરાય છે. આપણા અંદર આજે એવા તત્ત્વો ફૂલીફાલી રહ્યા છે, જેઓ હુઝૂર ﷺ ના મિશનને વર્તમાન યુગ માટે નકામું અને હુઝૂર ﷺ એ પ્રદાન કરેલ જીવન-વ્યવસ્થાને અવ્યવહારૂ અને અપ્રસ્તુત ઠેરવે છે. આવા તત્ત્વો હુઝૂર ﷺ ના શિક્ષણની મજાક ઉડાવે છે. આવા તત્ત્વો સીરત અને સુન્નત અને હદીસના આખા રેકર્ડને સમુદ્રમાં નાખી દેવા માગે છે. આવા તત્ત્વો કુર્આનને કુર્આન પ્રસ્તુત કરવાવાળી હસ્તીને તેના ૨૩ વર્ષોના સંઘર્ષ અને ચીરસ્થાયી આંદોલનની સિદ્ધિથી અસંબદ્ધ કરી દેવા માગે છે અને હુઝૂર ﷺ ની હસ્તીને માનવતા માટે અમલ-યોગ્ય નમૂના તરીકે આપણી નજરોથી ગુમ કરી દેવા પ્રયત્નશીલ છે. આના પર વધારે અત્યાચાર એ કે અર્થઘટન અને ભાવાર્થના નામે આપણા ત્યાં એ કોશિશ થઈ રહી છે કે હુઝૂર ﷺ નું વ્યક્તિત્વ, સંદેશ અને સિદ્ધિને વર્તમાન ભ્રષ્ટ સંસ્કૃતિના વૈચારિક બીબામાં ઢાળી દેવામાં આવે અને માનવતાના ઉપકારક ﷺ ની તદ્દન નવી છબી વૈશ્વિક શક્તિઓને પસંદ હોય એ મુજબ તૈયાર કરી દેવામાં આવે.

મારા અભ્યાસ અને સંશોધનનો નિષ્કર્ષ એ છે કે આપણે સીરતના અભ્યાસનો સાચો મૂળભૂત દૃષ્ટિકોણ ગુમ કરી દીધો છે અને હાલ ઉપર મુજબના ખોટા દૃષ્ટિકોણો કામ કરી રહ્યા છે. આ જ કારણ છે કે સરકારે દો-આલમ ﷺ ના પ્રેમ અને આસ્થાના અસંખ્ય દૃશ્યો મોજૂદ હોવા છતાં અને સીરત પર જોરદાર બૌદ્ધિક પ્રયાસો છતાં આપણા ઈતિહાસના ફલક પરથી એ નવો માનવી પ્રગટ નથી થઈ રહ્યો, જેનો પરિપૂર્ણ નમૂનો હુઝૂર ﷺ એ પ્રસ્તુત કર્યો હતો.

હુઝૂર ﷺ ની સીરત આપણામાં એ સિવાય કોઈપણ રીતે દૃશ્યમાન નથી થઈ શકતી કે આપણે એ લક્ષ્ય માટે એવી જ રીતે સંઘર્ષ કરવા ઉઠીએ, જેના માટે આપણે હુઝૂર ﷺ ને પોતાના સમગ્ર જીવનને ખપાવી દેતા જોઈએ છીએ. એ જ સંઘર્ષ પોતાના જેવી સીરત પેદા કરવાનું માધ્યમ પણ બની શકે છે અને ઉપયોગિતા પણ !!

હઝરત મુહમ્મદ ﷺ ની સીરત એક વ્યક્તિની સીરત નથી, બલ્કે તે એક ઐતિહાસિક શક્તિનું વૃત્તાંત છે, જે એક માનવ-શરીરમાં દૃશ્યમાન થઈ. તે જીવનથી કપાઈ ગયેલા કોઈ દરવેશ (સંત)નો અહેવાલ નથી, જે કિનારા પર બેસીને માત્ર પોતાની વ્યક્તિગત ઉન્નતિમાં વ્યસ્ત રહ્યો હોય, બલ્કે તે એક એવી હસ્તીની આપવીતી છે, જે એક સામૂહિક આંદોલનનું હૃદય અને આત્મા હતો. તે કેવળ એક માનવીની નહીં, માનવીનું ઘડતર કરનાર હસ્તીનું વૃત્તાંત છે. તે નવનિર્મિત જગતના નિર્માતાની ઉપલબ્ધિ પર આધારિત છે. એક આખી જમાઅત (સમૂહ), એક ક્રાંતિકારી આંદોલન અને એક સંગઠિત સમાજ આ સિદ્ધિની વિગત પોતાના અંદર રાખે છે. સરવરે આલમ ﷺ ની સીરત ગારે-હિરાથી લઈને ગારે-સૂર સુધી, હરમે-કાબાથી લઈને તાઈફના બજાર સુધી, ઉમ્મહાતુલ-મુ'મિનીનના હુજરાઓ (ઓરડાઓ)થી લઈને યુદ્ધના મેદાન સુધી ચારે તરફ ફેલાયેલ છે. તેના ચિહ્નો અસંખ્ય લોકોના જીવનના પૃષ્ઠોની શોભા છે. અબૂબક્ર અને ઉમર, ઉસ્માન અને અલી, અમ્માર અને યાસિર, ખાલિદ અને ખૌલિદ તેમજ બિલાલ અને સુહૈબ (رضي الله عنهم) એમ બધા એક જ સીરતના પુસ્તકના પૃષ્ઠો છે. એક આખું ઉપવન છે કે જેના ફૂલ-છોડ અને નરગિસ અને ગુલાબના એક-એક પાંદડા પર આ ઉપવનના માળીનું જીવન અંકિત છે. વસંતનો આ કાફલો સમયની જે-જે ભૂમિથી પસાર થયો છે, તેના કણ-કણમાં તેની સુવાસની મહોર અંકિત કરી ગયો છે.

દુનિયાની આ ઉચ્ચતમ્ હસ્તીને જો સીરત-લેખનમાં કેવળ એક 'વ્યક્તિ' બનાવીને પ્રસ્તુત કરવામાં આવે અને જીવન-ચરિત્ર લેખનની પ્રચલિત શૈલીમાં તેના

૧. ધીમે-ધીમે નબી અકરમ ﷺ ની યાદગાર ઉજવણીઓમાં આનંદ અને મનોરંજન તેમજ તમાશાઓ વગેરે ખૂબ વધતા જઈ રહ્યા છે, બલ્કે બૂરાઈ, બગાડ અને નિર્લજ્જતાના પ્રદર્શનો પણ જાહેરમાં થવા લાગ્યા છે, અર્થાત્ સમાજ તદ્દન એ સંદેશથી વિપરીત દિશામાં ચાલી નીકળ્યો છે, જે સીરતમાં નિહિત છે.

જીવનના મોટા-મોટા કાર્યો, તેની વિશિષ્ટ મહારત અને તેના ગુણો અને તેની આદતોનું વર્ણન કરી દેવામાં આવે, અમુક તારીખોની જાંચ-પડતાલ અને કેટલીક ઘટનાઓની શોધખોળ કરી દેવામાં આવે, તો આવા સીરત-લેખનથી સાચો ઉદ્દેશ્ય પૂરો નહીં થાય.

વધુમાં, સરવરે આલમ ﷺ ના જીવનનું ઉદાહરણ એક ખાબોચિયામાં અટકેલા પાણીનું નથી કે જેના એક કિનારા પર ઊભા થઈને આપણે એક નજરમાં અવલોકન કરી નાખીએ. એ તો એક વહેતી નદી છે, જેમાં ગતિ છે, પ્રવાહ છે, સંઘર્ષ છે, મોજાઓ અને પરપોટાઓમાં છીપલાં અને મોતી છે અને જેના પાણીમાંથી મૃત ખેતીઓને નિરંતર જીવનં મળી રહ્યું છે. આ નદીના રહસ્યોને જાણવા માટે તેના સાથે-સાથે વહેતા રહેવું પડે છે. આ જ કારણ છે કે સીરતના ઘણા પુસ્તકો વાંચીને અમૂલ્ય માહિતી તો મળે છે, પરંતુ આપણા અંદર આંદોલન પેદા થતું નથી, ભાવનાઓ સળવળતી નથી, નિર્ધાર અને હિંમતની નસોમાં લોહી નથી દોડતું, આચરણમાં નવી ચેતના નથી જાગતી, આપણા જીવનની જડતા નથી તૂટતી, આકાંક્ષા અને અભિલાષાની એ ચિનગારી આપણે પ્રાપ્ત કરી શકતા નથી, જેની ગરમીએ એક એકલા અને સાધન-સામગ્રીવિહિન વ્યક્તિને સૈકાઓથી જામી ગયેલ ભ્રષ્ટ વ્યવસ્થા વિરુદ્ધ ઊભો કરી દીધો. ઈમાનની એ ઉત્કટ ભાવના આપણને નથી મળતી, જેણે એક અનાથ અને નિરાધારને અરબ અને અજમ (આરબ પ્રદેશ અને શેષ દુનિયા)ના ભાગ્યનો નિર્ણાયક બનાવી દીધો.

વાસ્તવમાં હુઝૂર ﷺ પ્રચલિત પરિભાષાની સીમિત ધારણા મુજબ માત્ર કોઈ 'મોટા માણસ' નહોતા, આપ ﷺ ની સીરત એક એવા 'મોટા કે પ્રસિદ્ધ માણસ'નું વૃત્તાંત નથી, જેને લોકો સામે પ્રસિદ્ધ લોકોના જીવન-ચરિત્રોના ક્રમમાં ગણાવવામાં આવે છે. આ હસ્તી 'મોટા' અને 'પ્રસિદ્ધ' માણસોથી અત્યંત ઉપર છે.

દુનિયામાં મોટા માણસો ઘણા પેદા થયા અને થાય છે. મોટા લોકો એ પણ છે, જેમણે કોઈ સારું શિક્ષણ અને સારો રચનાત્મક વિચાર પ્રસ્તુત કરી દીધો. એ પણ છે, જેમણે નીતિમત્તા અને કાનૂનની વ્યવસ્થાઓ આપી. એ પણ છે, જેમણે સમાજ-સુધારણાનું કાર્ય કર્યું. એ પણ છે, જેમણે દેશો જીત્યા અને વીરતાભર્યા કાર્યોનો વારસો છોડ્યો. એ પણ છે, જેમણે સલ્તનતો ચલાવી. એ પણ છે, જેમણે ત્યાગ અને સંન્યાસના ચિત્ર-વિચિત્ર નમૂનાઓ આપણા સામે પ્રસ્તુત કર્યા. એ પણ છે, જેમણે દુનિયાની સામે વ્યક્તિગત ચરિત્રનું ઊંચામાં ઊંચું માપદંડ સ્થાપીને બતાવ્યું — — પરંતુ આવા મોટા માણસોના જીવનનો જ્યારે આપણે અભ્યાસ કરીએ છીએ, તો

મહદ્અંશે એ જ જોઈએ છીએ છીએ કે શક્તિઓ અને યોગ્યતાઓનો બધો રસ-કસ જીવનની કોઈ એક શાખાએ ચૂસી લીધો અને શેષ બધી ડાળીઓ સૂકી રહી ગઈ. એક પાસું જો ખૂબ વધારે પ્રકાશિત મળે છે, તો કોઈ બીજું પાસું અંધકારમય દેખાય છે. એક તરફ અતિશયોક્તિ છે, તો બીજી તરફ શૂન્યાવકાશ ! પરંતુ નબી ﷺ ના જીવનનું દરેક પાસું બીજા પાસાઓની સાથે સંપૂર્ણપણે સમતોલ છે અને પછી દરેક પાસું એક જ પ્રકારની પરિપૂર્ણતાનો નમૂનો છે. જલાલ (પ્રતાપ) છે, તો જમાલ (સૌંદર્ય) પણ છે. આધ્યાત્મિકતા છે, તો ભૌતિકતા પણ છે. આલોક છે અને પરલોક (આખિરત) પણ છે. દીન છે, તો દુનિયા પણ છે. એક પ્રકારનો પરમ્ આનંદ છે, જો કે તેમાં સભાનતા પણ કાર્યરત છે. અલ્લાહની બંદગી છે, તો તેના સાથે બંદાઓ માટે પ્રેમ અને સ્નેહ પણ છે. કડક સામૂહિક શિસ્ત અને અનુશાસન પણ છે, તો વ્યક્તિના અધિકારોનો આદર પણ છે. ઊંડી ધાર્મિકતા છે, તો બીજી બાજુ સર્વગ્રાહી રાજકારણ પણ છે. કોમના નેતૃત્વમાં એકાગ્રતા છે, પણ તેના સાથે દાંપત્ય-જીવનની વ્યસ્તતા પણ ખૂબ સરસ રીતે ચાલી રહી છે. પીડિતોની ફરિયાદો સાંભળવામાં આવે છે, તો અત્યાચારીઓના હાથને પકડવાનો પ્રબંધ પણ છે.

આપ ﷺ ની સીરતના મદ્રસા (શાળા)માંથી શાસક, મંત્રી, અધિકારી, કર્મચારી, માલિક, સૈનિક, વેપારી, મજૂર, ન્યાયાધીશ, શિક્ષક, પ્રવક્તા અને વ્યાખ્યાનકાર, નેતા, સુધારક, ફિલોસોફર (દર્શનશાસ્ત્રી અને ચિંતક), સાહિત્યકાર - એમ એક સાથે બધા લોકો વિવેકશીલતા અને ડહાપણનું શિક્ષણ તેમજ વ્યવહારૂ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ત્યાં એક પિતા માટે, એક જીવન-સાથી માટે, એક પાડોસી માટે સમાન અનુકરણીય નમૂનો મોજૂદ છે. એક વાર જે કોઈ આ શાળા સુધી પહોંચી જાય છે, પછી તેને કોઈ બીજા દરવાજાને ખટખટાવવાની જરૂર નથી પડતી. માનવતા, જે અંતિમ સિદ્ધિ અને ઉપલબ્ધિ સુધી પહોંચી શકતી હતી, તે આ એક હસ્તીમાં તાદૃશ્ય છે. તેથી જ હું આ હસ્તીને 'મહા-માનવ'ના ઇલકાબથી પોકારવા માટે વિવશ થયો. ઇતિહાસની પાસે મહા-માનવ માત્ર આ જ એક છે, જેને દીપક બનાવીને દરેક યુગમાં આપણે જીવનના મહેલને ઝગમગતો કરી શકીએ છીએ. માનવ-જાતિના કરોડો લોકોએ આનાથી પ્રકાશ પ્રાપ્ત કર્યો. લાખો મહાનુભાવોએ પોતાના જ્ઞાન અને આચરણના દીપકો આની જ જ્યોતથી જલાવ્યા. દુનિયાના ખૂણે-ખૂણામાં આનો સંદેશ ગૂંજી રહ્યો છે અને દેશ-દેશની સંસ્કૃતિ અને સભ્યતા પર તેણે આપેલ શિક્ષણની ઊંડી અસરો પડી છે. કોઈ માનવી એવો નથી, જે આ 'મહા-માનવ'નો કોઈને કોઈ પાસાથી ઋણી ન હોય. પરંતુ જેમના પર ઉપકાર કરવામાં આવ્યો છે તેઓ તેને જાણતા નથી, તેમને તેનો પરિચય નથી.

તેની હસ્તીનો પરિચય અને તેના સંદેશના પ્રસારની જવાબદારી તેણે સ્થાપેલ સમુદાય પર હતી. પરંતુ એ સમુદાય સ્વયં તેનાથી અને તેના સંદેશથી દૂર જઈ પડ્યો છે. તેના પાસે પુસ્તકોના પૃષ્ઠો પર શું-શું નથી, પરંતુ તેના આચરણના ખુલ્લા પુસ્તકના પૃષ્ઠો પર 'મહા-માનવ'ની સીરતનું કોઈ ચિત્ર જોવા મળતું નથી. આ સમુદાય અને કોમની ધાર્મિકતા, તેનું રાજકારણ, તેની સમાજ વ્યવસ્થા, તેની નીતિમત્તા, તેનું કાનૂની-તંત્ર અને તેની સભ્યતા પર આ સીરતના ખૂબ જ ધૂંધળા ચિહ્નો બાકી રહી ગયા છે, અને એ પણ અસંખ્ય નવા-નવા નકશાઓમાં ભેળસેળ થઈને વિકૃત થઈ રહ્યા છે. આ સમુદાય કે કોમનું સામૂહિક વાતાવરણ જમીનના કોઈ એક ટુકડા પર પણ એ સાક્ષી નથી આપતું કે હું હઝરત મુહમ્મદ ﷺ એ આપેલ સિદ્ધાંતો અને તેમણે સ્થાપેલ પરંપરાઓ અને મૂલ્યોનું પ્રતિબિંબ છું, બલ્કે ઊલ્ટું આ સમુદાય અને આ કોમ દુનિયાની વિભિન્ન ભ્રષ્ટ વ્યવસ્થાઓના દરવાજાઓ પર ભીખ માંગતી ફરે છે અને પ્રત્યેક સ્થાપિત શક્તિથી પ્રભાવિત થઈને પોતાની ગૌરવપૂર્ણ સંપત્તિ પર લજ્જિત થતી દેખાઈ રહી છે. તેણે કુર્આનને ગિલાફોમાં લપેટી લીધું અને 'મહા-માનવ'ની સીરતના ગુલદસ્તા બનાવીને તેને તદ્દન ભુલાવી દીધો છે.

બીજો અત્યાચાર એ કરવામાં આવ્યો કે આ સમુદાયે પોતાને એક ધાર્મિક અને કોમી જથ્થામાં બદલીને હઝરત મુહમ્મદ ﷺ ને કેવળ પોતાના કોમી અને ધાર્મિક માર્ગદર્શકની હેસિયત આપી દીધી અને આ વૈશ્વિક હસ્તીના સંદેશ અને જીવન-આદર્શને વર્ગીય ઇજારો બનાવી દીધો, જ્યારે કે આપ ﷺ સમસ્ત માનવતાના માર્ગદર્શક બનીને આવ્યા હતા અને સમસ્ત માનવતા માટે સંદેશ અને આદર્શ લઈને આવ્યા હતા. વાસ્તવમાં સીરતને એ રીતે પ્રસ્તુત કરવાની હતી કે તે માનવતા માટે એક એવો અનુકરણીય નમૂનો છે કે જેના બીબામાં ઢળીને માનવી પોતાના અને પોતાના લોકોની સફળતાનું માધ્યમ બની શકે છે અને સમસ્યાઓની વિભિન્ન કાંટાળી ઝાડીઓમાંથી મુક્તિ પામીને એક પવિત્ર જીવન-વ્યવસ્થા પ્રાપ્ત કરી શકે છે. હુઝૂર ﷺ નો સંદેશ અને આદર્શ વાસ્તવમાં સૂર્યના પ્રકાશ, વર્ષાના પાણી અને હવાના ઝોંકાઓની જેમ સમસ્ત માનવતા માટે લાભદાયક હતો. પરંતુ તેને આપણે આપણી અયોગ્યતાથી જૂથબંદીના કોચલામાં બંધ કરી દીધો. આજે અફલાતૂન (Plato) અને સુકરાત (સોક્રેટિસ), ડાર્વિન, મેક્યાવલી (Niccolò Machiavelli), માર્કસ, ફ્રોઈડ અને આઇન્સ્ટાઈનથી તો દરેક દેશ અને ધર્મના લોકો થોડો-ઘણો લાભ ઉઠાવતા દેખાય છે અને તેમાંથી કોઈના વિરુદ્ધ કોઈ જૂથમાં આંધળો પૂર્વગ્રહ નથી, પરંતુ હઝરત મુહમ્મદ ﷺ ના પ્રકાશ અને જ્ઞાન અને માર્ગદર્શનથી લાભાન્વિત થવામાં અસંખ્ય પૂર્વગ્રહો અવરોધરૂપ છે. લોકો એમ વિચારે છે કે હઝરત મુહમ્મદ ﷺ તો

મુસલમાનોના છે અને મુસલમાનો આપણાથી જુદા અને આપણે મુસલમાનોથી જુદા છીએ, તેથી મુસલમાનોના માર્ગદર્શક અને નેતાથી આપણો શું સંબંધ !! અફસોસ છે કે આ દુર્ભાવનાના ઉત્પન્ન થવામાં અને અસામાન્ય હદ સુધી જઈ પહોંચવામાં આપણા પોતાના વ્યવહારનું ખૂબ મોટું યોગદાન છે. એ તો સ્વયં આપણે છીએ કે જેમણે માનવતાના ઉપકારક ﷺ નું અત્યંત ખોટું પ્રતિનિધિત્વ કર્યું છે.

પશ્ચિમને સમર્પિત

સરવરે આલમ ﷺ ની હસ્તી માનવ-ઇતિહાસના બે મોટા યુગોની મધ્યમાં છે. પયગંબર મુહમ્મદ ﷺ ના કાળથી ઊભા થઈને જોઈએ, તો આપણા પાછળ કબીલાઓ, જાગીરદારો, બાદશાહો અને પરંપરાગત અને રૂઢિવાદી સાંસ્કૃતિક યુગ દેખાય છે. સામે જોઈએ તો વૈશ્વિક અને આંતરરાષ્ટ્રીય, પ્રજાતાંત્રિક અને લોકતાંત્રિક, બૌદ્ધિક અને તાર્કિક, પ્રગતિશીલ અને નવ-સર્જક સાંસ્કૃતિક યુગની પહેલી કિરણોનો કાફલો દૂરના આકાશથી ઉમટતો દેખાય છે, અને આ બૌદ્ધિક અને વિકાસશીલ યુગનો આરંભ માનવતાના શિરોમણી (ﷺ)ના હસ્તે કરાવવામાં આવ્યો અને આગામી યુગ માટે એવા સિદ્ધાંતો દુનિયાને ઉપલબ્ધ કરી દેવામાં આવ્યા, જે કયામત સુધી અમલ-યોગ્ય અને પરિણામદાયી હોઈ શકે, અને આ સિદ્ધાંતોની સાથે એક એવો માનવી તૈયાર કરીને બતાવી દેવામાં આવ્યો, જે આવનારી જવાબદારીઓને ઉઠાવવાને યોગ્ય હોઈ શકે. હુઝૂર ﷺ દ્વારા આ જ આવનારા યુગની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને આત્મા અને શરીર, નીતિમત્તા અને ભૌતિકતા, બુદ્ધિ અને ભાવનાઓ, આસ્થાઓ અને આચરણ, ઇચ્છાઓ અને કર્તવ્ય તેમજ સમુદાયની પરિસ્થિતિ અને તકાદાઓ દરમ્યાન ચમત્કારિક સ્વરૂપનું સંતુલન સ્થાપિત કરી દીધું. આપ ﷺ ના હસ્તે એક એવા સમુદાયનો પાયો નાખવામાં આવ્યો, જે એક બાજુ દુનિયાથી નિરપેક્ષ હતો અને બીજી બાજુ દુનિયા પર શાસન કરતો હતો. એક બાજુ ખુદાપરસ્તી (ઈશપરાયણતા)માં અનુપમ હતો અને બીજી બાજુ પદાર્થ પર કાબૂ અને અધિકાર મેળવવામાં અગ્રેસર હતો. એક બાજુ સત્યની સામે અત્યંત આજીજીથી માથું નમાવી દેવાવાળો હતો અને બીજી બાજુ અસત્યનું જોર તોડવા માટે જાન અને માલની બાજી લગાવી દેવાવાળો હતો. એક બાજુ પોતે અલ્લાહની પ્રસન્નતા માટે સમર્પિત થઈ ગયો હતો અને બીજી બાજુ પ્રકૃતિની શક્તિઓને પરાજિત કરીને તેનાથી કામ લેવામાં હોશિયાર અને સાવધ હતો. આ શક્તિએ ઇતિહાસના મહાલયમાં જેવો પ્રવેશ કર્યો કે તેણે જ્ઞાન અને તત્ત્વદર્શિતાના દીપકો જલાવી દીધા, તેણે નવી શોધો અને અન્વેષણોના દરવાજાઓ ખોલી દીધા અને તેણે સંસ્થાઓ અને એકમોના આયોજન માટે નવા-નવા પ્રયોગો ખૂબ જ ઝડપથી કરી નાખ્યા. ઇતિહાસમાં અંકિત

તમામ પ્રવૃત્તિઓ, તેની બધી પ્રગતિ, તેના જ્ઞાન અને અન્વેષણો, તેની સાંસ્કૃતિક અને સામાજિક ઉપલબ્ધિઓનો ખરો શ્રેય હઝરત મુહમ્મદ ﷺ ને જાય છે.

અફસોસ છે કે પશ્ચિમી શક્તિઓ, જેના કબજામાં આગળ ચાલીને આ બૌદ્ધિક અને લોકતાંત્રિક યુગની લગામ આવી, હઝરત મુહમ્મદ ﷺ અને તેમના સંદેશ અને તેમણે પ્રસ્તુત કરેલ વ્યવસ્થાને સમજી ન શકી. એ હસ્તી, જેની સિદ્ધિ પશ્ચિમની નવ-જાગૃતિની પશ્ચાદભૂમિમાં ઝગમગી રહી છે અને એ હસ્તી, જે લોકશાહી અને આંતરરાષ્ટ્રીયતાના પરદાની પાછળ મલકાઈ રહી છે અને એ હસ્તી કે જેનો હાથ ધાર્મિક સુધારણા (Reformation)ના આંદોલનની ડોરને હલાવનાર હતો; તેને યુરોપનો આધુનિક માનવી ન તો જોઈ શક્યો, ન સમજી શક્યો. તેના ઘણા કારણો છે અને યોગ્ય લાગે છે કે હું અહીં એ કારણોનો ટૂંકમાં ઉલ્લેખ કરું :

(૧) હઝરત મુહમ્મદ ﷺ જ્યારે પોતાનો સંદેશ લઈને ઉઠ્યા, તો આપ ﷺ ને યહૂદીઓ અને ઈસાઈઓ બંનેનો સામનો કરવો પડ્યો. બંને ધર્મો તે વખતે બગાડ અને અધઃપતનના અફસોસનાક તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા. આસ્થા અને નીતિમત્તાના આત્માથી ખાલી એક પ્રણાલિકાગત ઢાંચો પવિત્રતાની શાનથી બંનેના ત્યાં ઊભો હતો. બંને સમૂહોમાં ધાર્મિક વર્ગો પેદા થઈ ચૂક્યા હતા અને તેમણે વેપારી માનસિકતાની સાથે પોતાના સ્વાર્થની દુકાનો ખોલી રાખી હતી. આચાર-વિચારની વાસ્તવિક સંપત્તિ લૂંટાઈ ચૂકી હતી, માત્ર બહાર ચમકદાર સાઈન-બોર્ડ લાગેલા હતા. બધી શક્તિઓ પોત-પોતાની જૂથબંધીને સ્થાપિત રાખવા અને પોત-પોતાના માણસોને તેના વર્તુળમાં રોકી રાખવા પર લાગેલી હતી. સભ્યતા અને સમાજની સુધારણા તેમજ માનવતાનું કલ્યાણ કોઈના સામે રહ્યું નહોતું. આ પરિસ્થિતિમાં એકંદરે યહૂદીઓ અને ઈસાઈઓની માનસિકતા એટલી બગડી ચૂકી હતી કે તેમણે હઝરત મુહમ્મદ ﷺ ની મૂલ્યવાન હસ્તીને જાંચવા અને તેમના સંદેશને પારખવા તેમજ તેમણે પ્રસ્તુત કરેલ વ્યવસ્થાનું નિરીક્ષણ કરવાના બદલે તેમના વિરુદ્ધ જીદ, પૂર્વગ્રહ, ઈર્ષ્યા અને વૈમનસ્યના મોરચાઓ ઊભા કરી દીધા. તેમના સંદેશનો વિરોધ કર્યો, તેમના આંદોલનના માર્ગમાં અવરોધો ઊભા કર્યા, તેમના સાથે વચન-ભંગ અને વિશ્વાસઘાત કર્યો, તેમણે કરેલ નિર્માણને ધ્વસ્ત કરી નાખવાનું વિચાર્યું અને તેમની હત્યાના કાવતરાઓ કર્યા. પછી પોતાના કૃત્યોના સ્વાભાવિક પરિણામોથી પોતાની ઝોળીઓ ભરી. આમ, ઇતિહાસના વહેતા પાણીને ગંદી ભાવનાઓ અને પતિત વિચારોથી ડહોળી નાખ્યું, અને આ જ ડહોળાયેલ પાણી વહી-વહીને પછીની પેઢીઓ સુધી પહોંચ્યું. તેમણે વૈમનસ્ય અને પૂર્વગ્રહનો એવો વારસો પેદા કર્યો, જે પછીના યહૂદીઓ અને ઈસાઈઓ માટે સુરક્ષિત મૂકીને ગયા.

હઝરત મુહમ્મદ ﷺ ના સમકાલીન યહૂદીઓ અને ઈસાઈઓની આ જ ભ્રષ્ટ ભાવનાત્મક પ્રતિક્રિયા આજ સુધી તેમના ઉત્તરાધિકારીઓમાં દેખાઈ રહી છે.

(૨) ઇસ્લામથી પહેલાંની ઇસ્લામી દુનિયામાં ધાર્મિક વર્તુળમાં પણ અને રાજકીય ક્ષેત્રમાં પણ ઈસાઈઓને વ્યાપક વર્ચસ્વ પ્રાપ્ત હતું અને કામ કરવાનું વ્યાપક મેદાન સામે હોવાથી તેના પ્રસારની આશાઓ ખૂબ હતી. પરંતુ ઇસ્લામના ઉભરવાથી જાણે તેમની દૃષ્ટિમાં એક પ્રતિસ્પર્ધી શક્તિ ઊભરી અને ધીમે-ધીમે ફૂલી-ફાલીને દુનિયાભરમાં એક નિર્ણાયક શક્તિ બની ગઈ. આ કારણસર ઈસાઈયતના દિલમાં શત્રુતાની ભાવના ઉત્પન્ન થઈને વધતી જ ગઈ. પછી વ્યવહારૂ રૂપે ઇસ્લામની શક્તિએ ઈસાઈયતના હાથમાંથી વર્ચસ્વ અને સત્તાની લગામ ધરતીના વિભિન્ન ભાગોમાંથી છીનવીને તેની પ્રતિક્રિયાને વધારે સખત બનાવી દીધી. ઇતિહાસના મેદાનમાં ખુલ્લા અને સમાન સંગ્રામમાં ઈસાઈઓએ ખેલદિલી બતાવવાને બદલે પોતાના અંદર દુરાગ્રહ અને ચીડ ઉત્પન્ન કરી લીધી. આ દુરાગ્રહ અને ચીડ મૂળભૂત રીતે મુસલમાનો વિરુદ્ધ હતી અને પ્રત્યક્ષ રૂપે ઇસ્લામ અને હઝરત મુહમ્મદ ﷺ થી તંગદિલી વધતી ગઈ. આ તંગદિલી સલીબી યુદ્ધો (મુસલમાનો અને ઈસાઈઓ વચ્ચે યુદ્ધો, ધર્મયુદ્ધો, Crusades)ના કાળમાં પોતાની ચરમસીમાએ જઈ પહોંચી. આ કાળ સુધી આવતાં-આવતાં, કેમ કે મુસલમાનોમાં અધઃપતન પોતાનું કામ કરી ચૂક્યું હતું, તેથી તેમની વિશેષ નબળાઈઓ અને પથભ્રષ્ટતાઓ ઇસ્લામ અને સરવરે આલમ ﷺ ની સાથે જોડવામાં આવવા લાગી અને મુસલમાનોના અમલ અને આચરણના રંગોથી સીરતે મુહમ્મદી ﷺ ની એક ખોટી છબી તૈયાર કરવામાં આવવા લાગી.

(૩) ઇસ્લામ અને ઈસાઈયતના આ લાંબા સંઘર્ષ-કાળના આરંભિક ભાગમાં પાદરી જૂથે ઈસાઈ પ્રજાને માનસિક રીતે સંપૂર્ણપણે પોતાના વર્ચસ્વ હેઠળ લઈ લીધી હતી અને આ જૂથના અંગત હિતો પર પ્રહાર કરવાનું કારણ ઇસ્લામ હતો, તેથી આ જૂથે માનવતાના ઉપકારક ﷺ અને તેમના સંદેશની એક જૂઠી ધારણા ઘડી અને ઘડી-ઘડીને ગલી-ગલીમાં ફેલાવી. સૈકાઓના આ દુષ્પ્રચારે પશ્ચિમના માનસને તદ્દન વિકૃત કરીને મૂકી દીધું. આમ, આજે પણ મૂળથી ધર્મનો ઇન્કાર કરનારાઓ અને ઈસાઈયત (ખ્રિસ્તી ધર્મ)થી સ્વતંત્ર થઈને વિચારનારા બુદ્ધિજીવીઓ સુદ્ધાં જ્યારે ઇસ્લામ અને હઝરત મુહમ્મદ ﷺ વિશે અભિપ્રાય વ્યક્ત કરે છે, તો તેઓ આજથી છ સદી પૂર્વેના તંગદિલ અને અંધકારયુક્ત વિચારો ધરાવતા પાદરીઓથી વૈચારિક સ્તરે જરાપણ ઉચ્ચ નથી હોતા. આમ, ઉઠાવીને જોઈ લો, પૌરત્સ્યવાદીઓ (Western Orientalists)ના પુસ્તકોને કે તેમાં કેટલી ખોટી, જૂઠી અને અધૂરી

માહિતી કેટલી શૈતાની રીતે સકંલિત કરીને લાવવામાં આવી છે, અને દુનિયાના સૌથી મહાન માનવીની છબી કેટલી અનુચિતતા અને અસભ્યતાથી તૈયાર કરવામાં આવી છે. કોઈ એકાદ અપવાદરૂપ ઉદાહરણ મળી જવું બીજી વસ્તુ છે, અહીં તો એ પ્રચલિત અને સામાન્ય અંદાજનો ઉલ્લેખ છે, જે પશ્ચિમવાદીઓના ત્યાં જોવા મળે છે.

(૪) ગત બે સદીઓનો કાળ પશ્ચિમી સામ્રાજયવાદનો શૈતાની કાળ છે. આ કાળમાં મુસલમાન કોમો ઈસ્લામથી વિમુખતા, અલ્લાહથી વિદ્રોહ અને હઝરત મુહમ્મદ ﷺ ના સિદ્ધાંતોથી દૂર ભાગવાની સજા રૂપે એક-એક કરીને ભૌતિકવાદી પશ્ચિમની શાહીવાદી મહત્ત્વકાંક્ષાઓનો ભોગ બનવા લાગી. પશ્ચિમની સામ્રાજયવાદી મહત્ત્વકાંક્ષાઓને મુસલમાનોમાં દરેક ઠેકાણે ભારે પ્રતિકારક શક્તિ કાર્યરત જોવા મળી અને આ શક્તિ દરેક ઠેકાણે ધાર્મિક શક્તિ હતી. ઈસ્લામે તૌહીદ (એકેશ્વર-વાદ)ની જે ધારણા આપી છે, તે આઝાદી અને સ્વતંત્રતા અને સમાનતાની એવી વિચારસરણીને પ્રોત્સાહિત કરે છે, જે ઈસ્લામને માનવાવાળાઓને ગુલામી પર રાજી થવા દેતી નથી. આમ, મુસલમાનોમાં પશ્ચિમી સામ્રાજયવાદ વિરુદ્ધ જેટલા પણ આંદોલનો ઉઠ્યા છે તેમાં ઈસ્લામનો સ્વભાવ કામ કરી રહ્યો હતો. દરેક જગ્યાએ દીની (ધાર્મિક) મહાનુભાવો માર્ગદર્શન કરતા દેખાય છે અને દરેક ઠેકાણે ઈસ્લામી વ્યવસ્થાના પુનરુત્થાનનો જોશ અને ઉમંગ કામ કરતો રહ્યો છે. એ જ પ્રમાણે મુસ્લિમ દેશોના તમામ સ્વતંત્રતા આંદોલનોમાં દીની પ્રેરણા પૂરેપૂરા જોશથી કામ કરતી રહી છે. આમ, પશ્ચિમના સામ્રાજયવાદી પારધીઓમાં આ શક્તિના વિરુદ્ધ નવેસરથી એક અણગમો ઉત્પન્ન થયો, જે ડગલે-ને-પગલે તેમનો માર્ગ રોકતો હતો અને વારંવાર અજેય જોશ ઉભારતો હતો. આમ, આ અણગમાના કારણે મુસલમાનોની ધાર્મિકતાને 'ધર્માંધતા' અને 'ધાર્મિક ઝનૂન'નું નામ આપવામાં આવ્યું અને 'મુલ્લાઈઝ્મ'ને એક ભયાનક પીશાચ બનાવીને પ્રસ્તુત કરવામાં આવ્યું. તેના સાથે-સાથે મુસલમાનોનો દીની-આત્મા કંઈક એવો દઢ પ્રતીત થયો, જે સરળતાથી પશ્ચિમી વિચારસરણી અને સભ્યતાની સામે પરાજિત થવાનો ન હતો, બલ્કે જેણે દરેક દેશમાં તેનો સામનો કર્યો. શિક્ષણ અને સાહિત્ય અને પ્રભાવશાળી બધી શક્તિઓ પ્રયુક્ત કરીને પશ્ચિમી સામ્રાજયવાદે વર્ષો પછી મુસલમાન કોમોમાંથી પોતાના પક્ષમાં એક મામૂલી લઘુમતી પ્રાપ્ત કરી અને તેને સહારો આપીને સત્તા સુધી પહોંચાડી અને પછી તેનો મુસલમાનોના ઈસ્લામી વલણો વિરુદ્ધ વૈચારિક, રાજકીય અને સાંસ્કૃતિક મોરચાઓમાં ખૂબ ઉપયોગ કર્યો. આ પરિસ્થિતિમાં ઈસ્લામ અને તેને પ્રસ્તુત કરનાર હસ્તીથી પશ્ચિમની તંગદિલી વધતી જ ગઈ.

(૫) પશ્ચિમી કોમો જ્યારે મુસલમાનોને ગુલામ બનાવવામાં સફળ થઈ ગઈ,

તો તેમના માટે એ મુશ્કેલ બની ગયું કે જે શક્તિ રાજકીય અને ભૌતિક રીતે તેમજ સામાજિક અને સામૂહિક રીતે તેમનાથી નિમ્ન છે, તે તેનાથી જીવનના દૃષ્ટિકોણ અને જીવન-વ્યવસ્થાનો પાઠ લઈ શકે અને તેને ઉદયમાન કરનારી હસ્તીનો આદર કરી શકે. વધુમાં જ્યારે મુસલમાનોને તેમણે પોતાની માનસિક ગુલામીમાં ગ્રસ્ત જોયા અને તેમના પર ભયનો પડછાયો પડતો જોયો, તો આ વસ્તુએ વધારે મોટો અવરોધ ઊભો કરી દીધો. તેમણે જ્યારે પોતે તૈયાર કરેલ આધુનિક મુસલમાનોને અને ઇસ્લામને પશ્ચિમી દૃષ્ટિકોણ અનુસાર જોયા, તો ઇસ્લામ અને તેના આવાહકની પ્રતિષ્ઠા તેમની નજરમાં વધારે ઓછી થઈ ગઈ. મુસલમાનોના રક્ષણાત્મક દૃષ્ટિકોણે ઇસ્લામના ગૌરવ તેમજ હઝરત મુહમ્મદ ﷺ ની મહાનતાને ખૂબ નુકસાન પહોંચાડ્યું.

આ બધા કારણો અને પરિબળો હેઠળ હઝરત મુહમ્મદ ﷺ અને પશ્ચિમના વ્યક્તિ વચ્ચે અવરોધરૂપ દીવાલો ઊભી થઈ ગઈ.

આજે પશ્ચિમ માનવતાના ઉપકારક ﷺ ને માત્ર મુસલમાનોના જ માર્ગદર્શકની હેસિયતે લે છે અને સમજવા-સમજાવવાના દૃષ્ટિબિંદુના બદલે આલોચના, વિરોધ અને વાદ-વિવાદ કરનારી માનસિકતાની સાથે સીરતનો અભ્યાસ કરે છે. આમ, પશ્ચિમે આ ઉચ્ચ દરજ્જા-પ્રાપ્ત હસ્તીની જે છબી પોતાના સાહિત્યમાં તૈયાર કરી છે, તે એક એવા માણસની રૂપરેખા સામે લાવે છે, જે માનસિક સ્વાસ્થ્ય અને સંતુલનથી વંચિત છે, જેની તમામ દોડધૂપ અચેતનાવસ્થાના પ્રેરકોની પ્રતિક્રિયાથી ઉત્પન્ન થયેલ ઉન્માદનું પરિણામ છે. તે ખૂનખાર તલવાર લઈને જે તરફ આગળ વધે છે, કત્લેઆમ કરતો જાય છે. આ દયાની પ્રતિમાને દુનિયાનો ભૂખ્યો અને સત્તાલાલચુ યુદ્ધખોરનો દરજ્જો આપી દેવામાં આવ્યો છે, અને તેના વિશુદ્ધ અને નિષ્ઠાપૂર્ણ કાર્યોને છેતરપિંડી અને કપટ બનાવી દેવામાં આવ્યા છે. એવું બતાવવામાં આવ્યું છે કે ઇસ્લામી આંદોલનમાં જે-જે સારા પાસાઓ છે, તે ઈસાઈઓ અને યહૂદીઓથી ઉધાર લેવામાં આવેલ હતા, નહિં તો મુહમ્મદ (ﷺ)માં પોતાનો કોઈ ગણનાપાત્ર ગુણ ન હતો. એ જાહેર કરવામાં આવ્યું છે કે આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનો બધો રંગ તો માત્ર આડંબર હતો, અને માત્ર નાટકીય યુક્તિઓ વડે લોકોના મનને ભ્રમિત કરીને પોતાનો સ્વાર્થ સાધવામાં આવ્યો હતો. તમે જેને ઇચ્છો તેને દુનિયાપ્રેમી અને ધોકેબાઝ કહી શકો છો, પરંતુ પ્રશ્ન એ હશે કે આવી વ્યક્તિમાં એ પ્રકારનું ઉચ્ચ અને નિષ્કલંક ચરિત્ર કેવી રીતે ખપાવી શકાય છે, જે આપણને સરવરે આલમ ﷺ ના સમગ્ર જીવનમાં જોવા મળે છે.

ઉપરાંત, અત્યાચાર તો એ પણ છે કે આ આવાહક હસ્તીએ પ્રસ્તુત કરેલ સંદેશનો અભ્યાસ તેના મૂળથી શરૂ કરીને ડાળીઓ તથા પાંદડા અને ફળ સુધી

પહોંચાડવામાં આવતો નથી, બલ્કે પાયાના દૃષ્ટિકોણને સમજ્યા વગર અને વિચારનું મૂળ સ્વરૂપ નક્કી કર્યા વગર વાદ-વિવાદ કરનાર પાદરીઓના ઢંગથી ગૌણ અને ક્ષુલ્લક મામલાઓની કેટલીક કુંપળોને લઈ લેવામાં આવે છે; જેમ કે ઇસ્લામના આવાહકે બહુપત્નીત્વને માન્ય રાખ્યું, ધર્મ માટે તલવાર ઉઠાવી, યુદ્ધ-કેદીઓને ગુલામ બનાવવાનું કાયદેસર ઠેરવ્યું અને ફલાણા પ્રસંગે આમ કર્યું અને ફલાણા મામલામાં આ કર્યું. અભ્યાસની આ પદ્ધતિ હંમેશા પૂર્વગ્રહયુક્ત અને વિરોધી માનસિકતાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેના દ્વારા કોઈ જીવન-વ્યવસ્થાને અને કોઈ દીન (ધર્મ)ને સમજી શકાતો નથી, બલ્કે તેના દ્વારા તો વાતને સમજવાના દરવાજાઓ બંધ થઈ જાય છે. જોવા અને જાણવા અને સમજવાની ખરી વસ્તુ પાયાનો દૃષ્ટિકોણ છે કે તે ક્યાં સુધી સત્ય છે અને તેનાથી ભ્રષ્ટ જીવનને ક્યાં સુધી સુધારી શકાય છે. વધુમાં આ દૃષ્ટિકોણથી નીકળેલ સિદ્ધાંતોને જોવામાં આવે છે કે જેના પર જીવનના જુદા-જુદા વિભાગોનું નિર્માણ થાય છે. પછી આ સિદ્ધાંતોના માળખામાં ગૌણ બાબતોના ક્રમને જોવામાં આવે છે કે તે બરાબર સ્થાપિત થાય છે કે નહીં. કોઈ વ્યક્તિ તમારા સામે જીવનની એક ફિલસૂફી લઈને આવે છે. તમે એ ફિલસૂફી પર વિચાર કરવાને બદલે અમુક એવા ગૌણ પ્રશ્નો ઊભા કરી દો છો, જેના વિશે તમારા સમાજનું એક ખાસ માનસ બનેલું છે અને આ માનસિકતાથી બહાર નીકળીને તમે વિચારી નથી શકતા. પરિણામ એ હોય છે કે સ્વયં ભ્રમણાઓમાં પડે છે અને હજારો લોકોને પૂર્વગ્રહમાં નાખે છે. એક વ્યક્તિ માનવતાની એક સંપૂર્ણ રૂપરેખા પોતાની જાતમાં બનાવીને સામે લાવે છે. તમે આ રૂપરેખાને સમગ્રપણે સમજ્યા પહેલા તેની એક-બે રેખાઓ અને ચિહ્નોને પકડીને ચર્ચા શરૂ કરી દો છો કે આ રેખાઓ અને ચિહ્નો કેમ લગાવવામાં આવ્યા છે, જ્યારે કે જો રૂપરેખાના સમગ્ર અનુક્રમની પદ્ધતિને સમજી લેવામાં આવતું તો આ રેખાઓ અને ચિહ્નોનું સ્વરૂપ પણ આપોઆપ સમજમાં આવી જતું. વિભિન્ન દૃષ્ટિકોણો અને વ્યવસ્થાઓને સમજવા માટે તેમજ ઐતિહાસિક વ્યક્તિત્વોની સમીક્ષા કરવા માટે પશ્ચિમ જે અત્યંત વૈજ્ઞાનિક પદ્ધતિનો સામાન્ય રીતે ઉપયોગ કરે છે, એ ઇસ્લામ અને હઝરત મુહમ્મદ ﷺ નો અભ્યાસ કરતી વખતે તદ્દન અભરાઈએ ચઢાવી દેવામાં આવે છે. એક બગીચા પર અભિપ્રાય તૈયાર કરવા માટે તેના બધા પાસાઓને સામે રાખવામાં આવે છે, ન કે તેના અંદરની ઘાસના એક-બે પાંદડાઓ અને કોઈ છોડની કુંપળોને આખા બગીચાથી અલગ કરીને અભ્યાસ હેઠળ લાવવામાં આવતા હોય. તમે હઝરત મુહમ્મદ ﷺ ના જીવન-ચરિત્ર અને તેમના સંદેશના આખા ઉપવનને જુઓ અને તેના સમગ્ર અનુક્રમને સમજો, પછી તમને તેના અંદર રહેલ એક-એક ડાળી અને એક-એક પાંદડાનું સ્થાન આપોઆપ સમજમાં આવી જશે. જો કોઈ વ્યવસ્થા કે વિચારધારા કે આંદોલન કે

નેતૃત્વ કરનાર વ્યક્તિમાં અમુક વસ્તુઓ તમારા મિજાજ અને તમારી પસંદગીની પરંપરા અને આદત વિરુદ્ધ હોય, તો તેનો અર્થ એ નથી હોઈ શકતો કે ત્યાં કોઈ નોંધપાત્ર અને મહત્ત્વની વસ્તુ જ નથી અને તે આખો સંગ્રહ રદ કરી નાખવા લાયક છે. છેવટે તમારો મિજાજ અને તમારી પસંદ કંઈ વૈશ્વિક અને ઐતિહાસિક માપદંડ નથી. સંભવ છે, બલ્કે અનિવાર્ય છે કે કોઈ વિચારધારા, વ્યવસ્થા, આંદોલન અને નેતૃત્વ કરનાર વ્યક્તિ પોતાનું ભલાઈ અને બૂરાઈનું માપદંડ પોતાની સાથે લાવે, અને મૂળથી તેના સારા-ખોટા હોવાના માપદંડો જ તમારાથી ભિન્ન હોય, તેથી સૌપ્રથમ તો માપદંડ અને ધોરણને સામસામે મૂકીને તપાસ કરવામાં આવે તથા માપદંડ અને ધોરણને તપાસ કરતા પહેલા પાયાની વિચારધારાનું મહત્ત્વ અને મૂલ્ય નક્કી હોવું જોઈએ.

કુર્આન, ઈસ્લામ અને હઝરત મુહમ્મદ ﷺ વિશે જે સાહિત્ય ચર્ચના અધિપતિઓ અને પૌરત્સ્યવાદી ઈતિહાસકારોએ તૈયાર કર્યું છે, તે એક તરફ ગેરસમજો અને અજ્ઞાનતાઓથી ભરેલું છે, અને બીજી તરફ વૈમનસ્યયુક્ત પૂર્વગ્રહનું ઝેર તેની નસે-નસમાં ફેલાયેલ છે, બલ્કે હદ તો એ છે કે જે લોકોએ ઉદારતાનું પ્રદર્શન કરીને સત્યનો સ્વીકાર કર્યો પણ છે, બલ્કે તેનાથી આગળ વધીને પ્રશસ્તિની રીત અપનાવી છે, તેમણે પણ એવા-એવા મીઠા ડંખ જાદૂઈ શબ્દોના પરદામાં મૂકી દીધા છે કે વ્યક્તિ વર્ણન-શૈલીના ફરેબને દાદ આપવા માંડે છે. બે-ચાર જ્વલંત ઉદાહરણો એવા અવશ્ય મળે છે કે જેમણે હુઝૂર ﷺ ના સંદેશ અને સિદ્ધિના હૃદયપૂર્વક એકરારની સાથે વર્ણન કર્યું છે. પરંતુ તેમને પોતાને પણ પશ્ચિમના મનો-મસ્તિષ્કે કંઈ વધારે મહત્ત્વ ન આપ્યું, જેમ કે તાજેતરમાં જ થોડીક સારી શૈલીમાં એક પુસ્તક પ્રસિદ્ધ થયું છે, તો તેને 'દર મદ્હે મુસ્લિમીન' (મુસ્લિમ તુષ્ટિકરણ, Pro-Mohammadan) ઠેરવીને તેનું મહત્ત્વ ઓછું કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. આશ્ચર્ય એ વાત પર છે કે મુસ્લિમ દેશોથી આજે પશ્ચિમના કુટિલ રાજકીય હિતો જોડાઈ ગયા છે. તેના હેઠળ આ કોમના દિલ જીતવા માટે કેવી-કેવી યુક્તિઓ કરવામાં આવી રહી છે, પરંતુ ક્યાંય આ અત્યાચારના નિર્મૂલન માટેની ચિંતા કરવામાં નથી આવી, જે સરવરે આલમ ﷺ ની સાથે અત્યાર સુધી કરવામાં આવી રહ્યો છે.

તકાદો એ નથી કે તમે અંતરાત્માના અવાજ વિરુદ્ધ હઝરત મુહમ્મદ ﷺ ની વિચારધારા અને વ્યવસ્થાની સચ્ચાઈની સાક્ષી આપો. ના, તમે મતભેદ કરો અને ભારપૂર્વક કરો. તકાદો એ વાતનો છે કે તમે ઈતિહાસ-લેખન અને જીવન-ચરિત્ર લેખનના પોતે બનાવેલા, પોતે જ સ્વીકારેલા સિદ્ધાંતો અને માપદંડોને તોડી-મરોડીને સચ્ચાઈઓને વિકૃત ન કરો. તકાદો એ વાતનો છે કે તમે એવા સ્રોતોથી નોંધો ન

લો, જે એક બાજુ મુસલમાનોની દૃષ્ટિએ સર્વ-સંમત રીતે અપ્રમાણિત છે અને બીજી બાજુ જેને ઐતિહાસિક તથ્યોના સર્વ-સ્વીકૃત માપદંડો સ્વીકારી શકતા નથી. તકાદો એ વાતનો છે કે તમે દલીલોથી વાત કરો, કટાક્ષ અને વાંધાઓ તેમજ અપમાન અને અનાદરની અશિષ્ટ અને અસભ્ય રીત ન અપનાવો.

આ ચર્ચાથી અમારો ઉદ્દેશ્ય અપ્રિય ભાવનાત્મક વાતાવરણ ઊભું કરવાનો નથી, બલ્કે અત્યાર સુધી જે વાતાવરણ જોવાય છે, અમે ઇચ્છીએ છીએ કે તેને સમાપ્ત કરવામાં આવે. આ હેતુસર પ્રથમ શરત એ છે કે પશ્ચિમ ઈસ્લામ, કુર્આન અને હઝરત મુહમ્મદ ﷺ વિશે પોતાના દૃષ્ટિકોણને સ્પષ્ટ કરી લે. એક નવ માનસને કાર્યાન્વિત કરવાની જરૂર છે અને એ નવું માનસ 'કલ્મએ-સવા' (સમાન વાત) અથવા સહયોગના મુદ્દાને સમજવાથી પેદા થઈ શકે છે, જે પશ્ચિમવાસીઓ અને મુસલમાનો વચ્ચે છે. આપણો 'કલ્મએ-સવા' નીચેના સમાન મુદ્દાઓથી મળે છે :

— ખ્રિસ્તીઓ, યહૂદીઓ અને મુસલમાનો ત્રણેય ખુદાપરસ્ત (ખુદાને માનનાર) સમુદાયો છે. ત્રણેયના ત્યાં આખિરત (પરલોક)ની ધારણા છે. ત્રણેયની બંદગીની પદ્ધતિ સરખી છે. ત્રણેયના નજીક પાયાના નૈતિક મૂલ્યો સમાન છે.

— ત્રણેની ધાર્મિક શિક્ષાઓ એક જ ઈલહામી (વહી) સ્રોતથી લેવામાં આવેલ છે અને મુસલમાન તમામ પયગંબરોને એક જ મહાન સચ્ચાઈ અને એક જ દીન (ધર્મ)ના ધ્વજવાહકો માને છે.

— પશ્ચિમી સભ્યતાએ જ્ઞાન અને વિજ્ઞાનના જે માર્ગો ખોલ્યા છે, મુસલમાનોનો વિશુદ્ધ દૃષ્ટિકોણ આ પ્રગતિની કદર કરે છે અને ઈસ્લામી દૃષ્ટિકોણો આધ્યાત્મિકતાની સાથે-સાથે પોતાની સભ્યતામાં આ ભૌતિકતાને (થોડીક મર્યાદાની સાથે) સ્થાન આપી શકે છે, જેમાં પશ્ચિમે ઉન્નતિ કરી છે. બીજા ધર્મોની સરખામણીમાં ઈસ્લામ એક દીન (ધર્મ) અને વ્યવસ્થાંના કારણે વધારે સહિષ્ણુ અને ઉદાર છે.

— લોકશાહીના જે સિદ્ધાંતોની સાથે પશ્ચિમી સભ્યતાએ રાજકીય સ્વરૂપો બનાવ્યા છે, ઈસ્લામના અનુયાયીઓની વિચારધારામાં તે અગાઉથી જ સામેલ છે, બલ્કે તેને પૂર્ણપણે અભિવ્યક્ત કરવામાં ઈસ્લામી સભ્યતા જ અગ્રેસર રહી છે.[1] પ્રતિનિધિત્વ અને ચૂંટણી, પરામર્શ, કાનૂનનું અમલીકરણ, નાગરિક હક્કો અને તેમાં સમાનતાની તમામ ધારણાઓને મુસલમાનોએ પશ્ચિમથી પહેલા અમલમાં મૂકી છે, જો કે સમયના સાંસ્કૃતિક અને સામાજિક વાતાવરણને અનુરૂપ રહીને !

વૈશ્વિક તણાવ અને અધઃપતનને નજર સામે રાખીએ તો તેનો ઉકેલ શોધવામાં પણ બે કારણોથી મુસલમાનોનો જ સહયોગ પશ્ચિમના સુધારકો માટે વધારે કીમતી હોઈ શકે છે :

—જો પશ્ચિમ ગંભીરતાથી અને નિષ્ઠાપૂર્વક વિચારે તો વૈશ્વિક શાંતિના પ્રશ્નમાં જેટલો સહયોગ મુસલમાનો ઉપલબ્ધ કરાવી શકે છે, એટલો અન્ય કોઈ સમૂહથી પ્રાપ્ત થઈ શકતો નથી. આ જ સમુદાય આસ્થાકીય રીતે એટલો માનવ-પ્રેમ રાખે છે અને વૈશ્વિક એકતા માટે એવો સૈદ્ધાંતિક આધાર ધરાવે છે કે જો તેને પૂરેપૂરી રીતે કામ કરવાની તક મળે તો આંતરરાષ્ટ્રીય સંઘર્ષનું નિવારણ થઈ શકે છે. ભવિષ્યની વૈશ્વિક વ્યવસ્થાના નિર્માણ માટે સિદ્ધાંત અને મૂલ્યોની સામગ્રી ઈસ્લામ પાસેથી મોટા પ્રમાણમાં મળી શકે છે.

—ભૌતિકતાના બે અંતિમ સ્વરૂપો - અર્થાત્ મૂડીવાદ અને સામ્યવાદ, બંનેના પ્રતિકાર માટે અને એક ન્યાયી મધ્યમ-માર્ગ પર માનવતાને લાવવાના કાર્યમાં ઈસ્લામ અને તેના અનુયાયીઓથી જ વધારે આશા રાખી શકાય છે.

ચિંતન-મનન માટે આ સમાન મુદ્દાઓ સામે મૂકીને અમે કહીએ છીએ કે શા માટે પશ્ચિમવાસીઓ હઝરત મુહમ્મદ ﷺ વિશે પોતાનો દૃષ્ટિકોણ બદલી ન નાખે ? શા માટે તેઓ પાદરીઓ અને પૌરત્સ્યવાદીઓએ મૂકેલા પૂર્વગ્રહના આવરણોના લીરે-લીરા કરી ન નાખે ? આજે, જ્યારે કે એક તરફ ભૌતિકવાદી વિચારધારાનો અનુભવ પૂરેપૂરી રીતે કરી લેવામાં આવ્યો છે અને હવે આ અનુભવને એ જ રીતે આગળ ચાલુ રાખી શકાતો નથી, વધુમાં આ અનુભવનું વૃક્ષ હવે નવી કુંપળ પણ કાઢી નથી રહ્યું, જેને આશાનું કેન્દ્ર બનાવીને થોડોક વધારે સમય પસાર કરી શકાય. બીજી બાજુ જે ધર્મો મોજૂદ છે, તેમાંથી દરેક ધર્મ વ્યક્તિના જીવનના એક વિભાગમાં સમેટાઈને રહેવામાં સંતોષ માને છે, પરંતુ આગળ વધીને સભ્યતાનું નેતૃત્વ હાથમાં લેવા માટે તૈયાર નથી. જાણે આપણે વિચારધારાની રીતે બધી પૂંજી સમાપ્ત કરીને તદ્દન નાદાર થઈ જવા ઊભા છીએ. આ પરિસ્થિતિમાં કેવળ એક ધ્યાન આપવા યોગ્ય કેન્દ્ર બાકી છે, જ્યાંથી આશાનું કિરણ ફૂટે છે. તેના માટે જો હૃદયોના દરવાજા બંધ કરી દેવામાં આવશે, તો છેવટે મંગળ (ગ્રહ)થી તો કોઈ માર્ગદર્શન ઉપલબ્ધ કરાવી શકાતું નથી.

સમય છે કે તમે લોકો હઝરત મુહમ્મદ ﷺ ને ઇતિહાસના એક ઘડવૈયા, માનવતાના ઉપકારક, સભ્યતાના નેતા અને એક મહા-માનવની હેસિયતે જાણો. જે પ્રકાશ ત્યાંથી મળે છે તેના માટે મનો-મસ્તિષ્કના દ્વાર ખોલી નાખો. આ હસ્તી અધિકારી છે કે તેને તમે વૈજ્ઞાનિક રીતે સમજવાની કોશિશ કરો. તમારે ઈસ્લામને ઈસાઈયત (ખ્રિસ્તી ધર્મ)ના પ્રતિસ્પર્ધીના રૂપમાં ન લેવો જોઈએ, બલ્કે લોકશાહી, સામ્યવાદ અને અન્ય સૈદ્ધાંતિક આંદોલનોની જેમ એક આંદોલન અને જીવનની એક

૧. બ્રીફોલ્ટ અને લેબોનની સાક્ષીઓ મોજૂદ છે કે લોકશાહીનો આત્મા મુસલમાનો મારફતે જ પશ્ચિમ સુધી પહોંચ્યો છે.

સામાજિક વ્યવસ્થાની હેસિયતે લો, અને હઝરત મુહમ્મદ ﷺ ને આ આંદોલનના નાયક અને આ વ્યવસ્થાના સંસ્થાપકની હેસિયતે જુઓ, જેમણે એક મહાન અને જ્વલંત ઐતિહાસિક યુગનો આરંભ કર્યો. આ હસ્તીએ પ્રસ્તુત કરેલ સિદ્ધાંતોને તમે એ રીતે પારખો કે તે એક વૈશ્વિક શાસન ચલાવવા માટે આજે ક્યાં સુધી લાભદાયક અને આવશ્યક છે. તેમણે તૈયાર કરેલ માનવતાના આદર્શ અને નમૂનાનો અભ્યાસ એ ઉદ્દેશ્યથી કરો કે આ આદર્શ અને નમૂનો પરમાણુ યુગની સભ્યતાનો મુખ્ય ભાગ બનવા કઈ હદ સુધી યોગ્ય છે.

આજે, જ્યારે કે ઘનઘોર અંધકાર આપણા સામે છે અને દૂર-દૂર સુધી કોઈ કિરણ પણ ચમકતું દેખાતું નથી, પાછળ પલટીને નજર નાખીએ તો માનવતાના ઉપકારક ﷺ ના હસ્તે એક મશાલ પ્રજ્વલિત જોવાઈ રહી છે, જે ગત પોણા ચૌદ સદીઓથી આંધીઓ અને તોફાનોની વચ્ચે એક જ શાનથી પ્રજ્વલિત છે. માત્ર સ્વયં પેદા કરેલ પૂર્વગ્રહો અને ગેરસમજોના કારણે આ મશાલના પ્રકાશનો સ્વીકાર કરવાનો ઈન્કાર કરી દેવો અને પોતાની આંખો પર પટ્ટી બાંધી લેવી શું કોઈ સારું પરિણામ આપી શકશે ? શું માનવતા અને સભ્યતાને આ અંધકારમાં નષ્ટ-વિનષ્ટ થવા દેવા માટે છોડી દેવામાં આવે ? બરાબર વિચાર કરી લો કે પરિસ્થિતિ આપણા સામે કેટલો ભયંકર પડકાર લઈને ઊભી છે અને શું તમારામાં આનો જવાબ આપવાનું સાહસ છે ?

સત્ય એ છે કે ખરા ગુનેગાર આપણે પોતે છીએ અને આપણે જ માનવતાના ઉપકારક ﷺ નું વ્યક્તિત્વ, સંદેશ અને સિદ્ધિઓને દુનિયાથી પણ ઓઝલ કરવાવાળા છીએ અને આપણી પોતાની દૃષ્ટિમાં પણ છુપાવનારા છીએ. આજે માનવતાના ઉપકારક ﷺ ની હસ્તીનો નવેસરથી પરિચય કરાવવાની જરૂર છે અને આ સેવા અણું-શક્તિના સંશોધનથી પણ મોટી સેવા હશે.

આ પુસ્તક !

સીરતે પાક (પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ના જીવન-ચરિત્ર) પર ઉચ્ચ દરજ્જાના વિદ્વતાપૂર્ણ અને સંશોધનાત્મક પુસ્તકો ઉપલબ્ધ છે. મેં આ કઠિન ખીણમાં મારા અસામર્થ્ય છતાં એ ભાવનાથી પગ મૂકવાનું સાહસ કર્યું છે કે માનવતાના ઉપકારક ﷺ ની હસ્તી એ હેસિયતે ફરી એક વાર દૃશ્યમાન થઈ જાય કે એ જ જીવનની ચેતના અને સભાનતાનો એક માત્ર સ્રોત છે. સીરત-લેખનની અત્યંત સન્માનનીય કૃતિઓ, જે આપણા સામે છે, તેમાં સંપૂર્ણ ઘટનાકીય સામગ્રી અવશ્ય જોવા મળે છે, પરંતુ વાચક ક્યાંક તો વિરોધાભાસી નોંધો અને સંશોધનાત્મક ચર્ચાઓમાં ખોવાઈ જાય છે. ક્યાંક ઘટનાઓના સંબંધ અને ક્રમનો દોર તેના હાથમાંથી

છૂટી જાય છે. ક્યાંક તેના સામે એવા ગૌણ મામલાઓ આવે છે કે જેનો સ્પષ્ટ હેતુ અને સંતોષકારક સમજૂતી તેને મળતી નથી. ક્યાંક બૌદ્ધિક મુદ્દાઓ અને સંશોધનાત્મક સામગ્રી તેમજ સંદર્ભોની વિપુલતા તેને થકવી નાખે છે. આ ઢગલાબંધ પુસ્તકો જો તે વાંચી પણ નાખે છે, છતાં તે એક આંદોલનને પોતાની સામે હરકત કરતું નથી જોતો. તે સંઘર્ષના એ દૃશ્યને નથી જોઈ શકતો, જે હુઝૂર ﷺ ના આમંત્રણથી ઊભો થયો. તે પોતાને એ યુગમાં નથી જોતો, જેનો જીવંત આત્મા નબી અકરમ ﷺ હતા. તે અધ્યયનના ઉપવનોમાંથી એ ભાવના લઈને નથી પલટતો કે હું પણ હુઝૂર ﷺ ના આંદોલનની એક બેચેન લહેર છું અને મારા વાતાવરણના અંધકાર વિરુદ્ધ સંઘર્ષ કરવાનું કર્તવ્ય મારા શિરે પણ આવે છે. મને પણ હુઝૂર ﷺ ના કલ્મએ-હક્ક (સત્ય-વચન)ની મશાલને વાતાવરણમાં ઉચ્ચ રાખવાની છે અને તેના પ્રકાશને એટલો ફેલાવવાનો છે કે સભ્યતાની દુનિયાઓમાં એક સાર્વત્રિક પ્રભાત ઉદય પામે.

આ જ એક પાસું એવું છે, જેના અભાવને દૂર કરવા માટે આ અદના લેખન-પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઇતિહાસના અભ્યાસ માટે મેં કુર્આની દૃષ્ટિબિંદુ અપનાવ્યું છે. મારા મતે ચારે તરફ ફેલાયેલ દુનિયા ગતિશીલ અને પરિભ્રમણ કરનારી દુનિયા છે, પરિવર્તન અને વિવિધતાની દુનિયા છે અને સૌથી વધારે એ કે સ્પર્ધા અને સંઘર્ષ તથા યુદ્ધ અને લડાઈની દુનિયા છે. આમાં આકર્ષણ પણ કામ કરે છે, પ્રત્યાકર્ષણ પણ ! આમાં ક્રિયા પણ જોવા મળે છે અને પ્રતિક્રિયા પણ ! આમાં નાશ પણ છે અને નિર્માણ પણ ! આમાં પ્રકાશ અને અંધકાર એક-બીજાની ઘાતમાં છે ! આમાં રાત અને દિવસ એક-બીજાનો પીછો કરી રહ્યા છે ! આમાં મૃત્યુ અને જીવન એક-બીજાની સાથે લડી રહ્યા છે ! આમાં આગ અને પાણી પરસ્પર એક-બીજાથી જોડાયેલા છે ! આમાં પાનખર અને વસંત એક-બીજાની તાકમાં બેસેલા છે !

ટૂંકમાં, દુનિયાની કોઈપણ સ્થિતિ અને કોઈપણ ખૂણામાં નજર દોડાવો, વિરોધી જોડાં એક-બીજાની આમને-સામને આવીને સંઘર્ષરત જોવા મળે છે. સૃષ્ટિના એક ખૂબ જ નાનકડા ભાગમાં માનવ-જીવનની સૌથી વધારે ધાંધલ-ધમાલવાળી સંગ્રામ-ભૂમિ આવેલ છે. આપણી સાંસ્કૃતિક અને સામાજીક વ્યવસ્થા એક તોફાની મહાસાગર છે, જેમાં મોજાઓથી મોજાં, પરપોટાઓથી પરપોટાં અને ટીપાઓથી ટીપાં નિરંતર ટકરાઈ રહ્યા છે. અહીં સત્ય અને અસત્ય, ભલાઈ અને બૂરાઈ, સચ્ચાઈ અને જૂઠ, ન્યાય અને અન્યાય-અત્યાચાર, નેકી અને ગુના વચ્ચે આદમથી લઈને અત્યાર સુધી એક લડાઈ લડવામાં આવી રહી છે. આ લડાઈની લગામ માનવીના આત્મા અને નફસ (મન)ના હાથમાં છે, જેના સ્રોતોથી જાત-જાતના ખ્યાલો અને

આસ્થાઓ તેમજ દૃષ્ટિકોણો એક-પછી-એક ઊભરાઈ રહ્યા છે. વિભિન્ન ચરિત્રો અને વ્યક્તિત્વો ઉપસી રહ્યા છે અને વિરોધી પ્રકૃતિની સામૂહિક વ્યવસ્થાઓ પ્રગટ થઈ રહી છે. દરેક ખ્યાલ, આસ્થા, દૃષ્ટિકોણ, ચરિત્ર અને વ્યવસ્થા પોતાના વિરોધીને એક ક્લૉન (Clone, સહ-જન્મેલ)ની જેમ સાથે લઈને જન્મે છે, અને દરેક શક્તિ જે ઊભરે છે પોતાના વિરોધી પક્ષને સંગતમાં લઈને આવે છે. આ મતભેદ અને વિરોધાભાસથી એ ચોતરફી અને સાર્વત્રિક અથડામણો પેદા થાય છે, જેણે આપણા સમગ્ર ઇતિહાસને યુદ્ધની એક દાસ્તાન બનાવીને મૂકી દીધો છે અને આજે આ યુદ્ધની દાસ્તાન આપણા પોતાના જ લોહીની શાહીથી પ્રકરણે-પ્રકરણમાં અને ખંડે-ખંડમાં લખેલ આપણા સામે મોજૂદ છે.

માનવ-સભ્યતાની પરસ્પર સંકલિત દુનિયાઓમાં જે પળેપળ અને સાર્વત્રિક સંઘર્ષ ક્યાંક દલીલો અને ક્યાંક તલવારોથી કરવામાં આવી રહ્યો છે, તેમાં માનવી બે જ ભૂમિકા ભજવી રહ્યો છે. એક તરફથી તે બૂરાઈ અને બગાડનો ઝંડાધારી બનીને ઊઠે છે, બીજી તરફથી તે ભલાઈ અને કલ્યાણનો આવાહક બનીને મેદાનમાં ઉતરે છે. ક્યારેક તે તોડફોડ અને બગાડની શક્તિઓનું સક્રિય સાધન બને છે, ક્યારેક નિર્માણ અને બનાવની અંતરેચ્છાના પ્રત્યુત્તરમાં 'હું અડીખમ ઊભો છું' કહેતો સામે આવે છે. માનવતાના અમુક શૈતાની ચહેરાઓ એ છે, જેઓ જીવનને દુઃખો અને મુસીબતોથી ભરી દેવા માટે એડીચોટીનું જોર લગાવી દે છે. બીજી બાજુ કેટલાક ચહેરા એવા પણ હોય છે, જેઓ ધરતી પર સુખ-શાંતિનું એક સ્વર્ગ બનાવવા માટે પોતાની સમગ્ર જીવન-પૂંજી ખપાવી દે છે. જીવનના સંઘર્ષના કેટલાક દુઃસાહસીઓ એ હોય છે, જેમના હાથે બૂરાઈ, જૂઠ અને અત્યાચારની દરેક બાજુ બોલબાલા થઈ જાય છે અને જીવનના સંઘર્ષમાં કેટલાક સૈનિકો એ હોય છે, જેઓ નેકી અને સચ્ચાઈ અને ન્યાયનો સિક્કો ચલાવીને દુનિયાથી વિદાય થાય છે.

આ જ નેકી અને સચ્ચાઈ અને ન્યાયના સૈનિકો છે, જેમણે જીવનને એ બધું આપ્યું છે, જેમના હોવાથી જીવન ખરેખર જીવવા-યોગ્ય બન્યું છે. સભ્યતામાં આજે જે-જે પાસું પણ જે મહત્ત્વ અને મૂલ્યની સાથે ભરપૂર જોવા મળે છે, તે આ જ ગૌરવપૂર્ણ હસ્તીઓને આભારી છે. તેમણે માનવીની સામે ઉદાહરણરૂપ જીવન પ્રસ્તુત કર્યું છે. તેમણે સભ્યતા અને સમાજનું એક ધોરણ અને આદર્શ આપણા સામે મૂકેલ છે. તેમણે આપણને સોનેરી સિદ્ધાંતો અને ઉદ્દેશ્યો આપ્યા છે. તેમણે ઇતિહાસની નસોમાં જીવંત અને દૃઢ પરંપરાઓનું લોહી દોડાવી દીધું છે. તેમણે નૈતિક મૂલ્યોના તારા-સિતારાઓ સંસ્કૃતિના આકાશમાં ઝગમગાવી દીધા છે. તેમણે માણસને સાહસ અને અભિલાષા તેમજ ઉમંગ અને ઉત્સાહ આપ્યો છે. તેમણે સિદ્ધાંતો અને ઉદ્દેશ્યો

માટે ત્યાગ અને બલિદાન તથા સંઘર્ષનો પાઠ ભણાવ્યો છે. આ જ એ હસ્તીઓ છે, જેમની જ્વલંત સિદ્ધિઓના કારણે ઇતિહાસ એ યોગ્ય બન્યો કે તેનો રેકર્ડ સુરક્ષિત રાખવામાં આવે અને તેનાથી પ્રલય-પર્યંત માનવ-જાતિ આચરણ અને અમલની નીત-નવી પ્રેરણા મેળવતી રહે.

વધુમાં, જો ક્યારેક બૂરાઈ અને જૂઠ અને અત્યાચારી શક્તિઓએ એક સંગીન વ્યવસ્થા અને એક લોખંડી વાતાવરણ બનીને જીવનને ખૂબ સારી રીતે ઘેરી અને ભીંસી નાખ્યું છે અને માણસ હિંમત હારીને નિરાશાની ગર્તામાં જઈને પડ્યો છે, તો એવા પ્રસંગે ઇતિહાસના આ જ 'હીરો' માનવ-જાતિને કામ લાગ્યા છે અને તેમણે જ સૂતેલાઓને જગાડ્યા, પડેલાઓને ઉઠાવ્યા, કાયરોને વીરતાનું અમૃત પીવડાવ્યું અને હથિયાર નાખી દેનારાઓને નવેસરથી રણભૂમિની અગ્ર-હરોળમાં ઊભા કરીને બૂરાઈ અને બગાડની શક્તિઓથી લડાવી દીધા.

બીજા શબ્દોમાં આ ગૌરવવંતી હસ્તીઓએ ઇતિહાસના ઠરી ગયેલા સમુદ્રમાં ફરી હરકત પેદા કરી. આચાર-વિચારની અટકી ગયેલ નદીઓને નવેસરથી પ્રવાહ આપ્યો અને પરિવર્તનની ભરતી ઉઠાવીને સંગીન વ્યવસ્થા અને લોખંડી વાતાવરણને ઊલટાવીને મૂકી દીધું, ત્યાં સુધી કે માનવતાનો કાફલો પોતાની ઉન્નતિના સીધા માર્ગ પર બેરોકટોક ચાલવા લાગ્યો.

ભલાઈ અને કલ્યાણ તેમજ નિર્માણ અને બનાવના અભિયાનમાં ભાગ લેનારાઓની પંક્તિઓનું જ્યારે પણ અવલોકન કરવામાં આવે છે, તો તેમાં અલ્લાહના પયગંબરો અને રસૂલો (ઈશદૂતો)ની પ્રથમ હરોળ જ પોતાની વિશિષ્ટ શાનના કારણે આપણાથી વધારેમાં વધારે શ્રદ્ધાંજલિ અને શ્રેય પ્રાપ્ત કરે છે. શેષ જેટલી પણ હરોળો સિદ્દીકો (સત્ય-નિષ્ઠો) અને શહીદો (ઈશ-માર્ગમાં પ્રાણ ન્યોછાવર કરનારાઓ) અને સાલેહીન (સદાચારીઓ)થી સુશોભિત દેખાય છે, એ તમામ હરોળો આ જ પ્રથમ હરોળની સિદ્ધિઓથી પ્રેરિત અને તેની કમાન્ડમાં કામ કરવાવાળી છે. પયગંબરો અને રસૂલોની પવિત્ર હરોળમાં અનાયાસે નજર જે હસ્તી પર સૌથી પહેલા જઈને અટકે છે, તે સૈયદના મુહમ્મદ ﷺ ની મુબારક જાત છે. આ છે ઇતિહાસના સૌથી મહાન માનવતાના ઉપકારક ﷺ ! આ હસ્તીને જે પાસાથી જુઓ, તેમની વિભિન્ન મહાનતાઓ દેદિપ્યમાન દેખાય છે અને આ મહાનતાઓના ગુણગાન ગાતાં-ગાતાં ગત ચૌદ સદીમાં પેઢી-દર-પેઢી રિસાલતના કોણ જાણે કેટલા શ્રદ્ધાળુઓ વિદાય થઈ ગયા. પરંતુ હક્ક એ છે કે હક્ક અદા ન થઈ શક્યો ! અને ભવિષ્યમાં પણ આ હક્ક કોઈનાથી અદા થઈ શકશે ??

માત્ર ઉત્કટ પ્રેમની ભાવનાનો એક તકાદો છે કે જેને પહેલા પણ સમર્પિત

રહ્યા અને પછી પણ સમર્પિત રહીશું, જનાબ માહિરુલ કાદરીના પ્રોત્સાહનથી આ જ ઉત્કટ પ્રેમ-ભાવના હેઠળ આ લેખકના મનમાં આવ્યું કે આં-હુઝૂર ﷺ ની સીરત (જીવન-ચરિત્ર)ના આ મહાન પાસાને સંક્ષિપ્તમાં સ્પષ્ટ કરવામાં આવે કે આપ ﷺ એ પોતાની કોમ અને માનવતાના નિર્માણ અને કલ્યાણ માટે જ્યારે મેદાનમાં પગ મૂક્યો, તો કયા અત્યાચાર અને અતિરેકથી આપ ﷺ નું સ્વાગત કરવામાં આવ્યું અને કેવી રીતે જીવનભર એક અનુપમ ઉપકારક ﷺ ના ઉપકારનો જવાબ આંધળા વિરોધો અને નીચ પ્રકારની દુષ્ટતાઓથી આપવામાં આવતો રહ્યો અને બીજી બાજુ આ અત્યાચાર અને અતિરેક તેમજ વિરોધો અને એ દુષ્ટતાઓના તોફાનથી પસાર થતાં રસૂલે પાક ﷺ એ કેવા ચરિત્ર અને આચરણનું પ્રદર્શન કર્યું ! — પ્રિય-પાત્ર (ﷺ)ના વૃત્તાંતના આ દર્દભર્યા પાસામાં તેમના માટે પણ એક બોધપાઠ છે, જેઓ નેકી અને ભલાઈના શાસનની સ્થાપનાના સંઘર્ષમાં ભાગ લે અને તેમના માટે પણ એક બોધપાઠ છે, જેઓ આવા કોઈ સંઘર્ષનો વિરોધ કરવા ઊભા થાય !

આ છે માનવ-ઇતિહાસમાં હઝરત મુહમ્મદ ﷺ નું સ્થાન ! – ઇતિહાસ સાક્ષી આપે છે કે ઇતિહાસના આ સૌથી મહાન ઘડવૈયા હતા !

માનવ-કલ્યાણ અને તેની ભલાઈનું સૌથી મોટું કાર્ય કરવા માટે જ્યારે હઝરત ખાતિમુન્નબિય્યિન (પયગંબરોના સમાપક) ﷺ પધાર્યા, તો એ તમામ યાતનાઓ અને પીડાઓ જે બધા પયગંબરો અને રસૂલો પર જુદા-જુદા જમાનાઓમાં અજમાવવામાં આવી, શૈતાન એક સાથે બધાને જમા કરીને લઈ આવ્યો અને તેનાથી એક એકલા અને એકલવાયા અનાથ નવયુવાનને ચોતરફથી લડાઈ લડતા રહેવા માટે મજબૂર કરી દીધો ! સીરતે નબવી ﷺ નું દૃશ્ય કંઈક એવું છે, જેમ કે અંધકારભર્યા તોફાની સમુદ્રમાં નૌકા અને સુકાન વગર કોઈ તરવૈયો મોજાઓ, વમળો અને મગરમચ્છોથી લડી રહ્યો હોય; સુસવાટા મારતી તેજ અને તીવ્ર હવાઓ ચાલી રહી હોય, કાળા ઘનઘોર વાદળોનો પ્રકોપ, વીજળી અને મેઘગર્જનાઓના કડાકા અને ચમક તૂટી પડતી હોય, ભરપૂર હીમવર્ષા થઈ રહી હોય – પરંતુ તરવૈયો તેમ છતાં પોતાનો માર્ગ કાઢતો આગળને આગળ વધતો જઈ રહ્યો હોય ! શું ઇતિહાસની પાસે આવી દયાજનક અને હૃદય કંપાવનાર દમન અને જુલમના ભોગ બનવાની સ્થિતિ અને તેના સામે દૃઢ-નિશ્ચયી મક્કમતાનું આના જેવું કોઈ ઉદાહરણ છે ?

ભલાઈ અને બૂરાઈના સંઘર્ષનો ડ્રામા જ્યારે પણ સ્ટેજ પર થાય છે, તેના મૂળ ચરિત્રો હંમેશા એક જ હોય છે. જમાનો બદલાઈ જાય છે, ભૌગોલિક સ્થિતિ નવી ઊભી થઈ જાય છે, વ્યક્તિઓના નામો બદલાઈ જાય છે, પરંતુ તેમની નિર્ધારિત ભૂમિકા નથી બદલાતી. એક ચરિત્ર આવાહકના ચરિત્રનું હોય છે. બીજું ચરિત્ર

સમાજના એ વિશિષ્ટ સજ્જન લોકોનું હોય છે, જે સચ્ચાઈ અને ભલાઈની પોકાર સાંભળતાં જ, અવાજને પ્રાકૃતિક રુચિથી ઓળખીને તેનો બેધડક એકરાર કરે છે અને 'સાબિકૂન અવ્વલૂન' (પ્રથમ પંક્તિમાં અગ્રેસર રહેનારાઓ)નું સ્થાન સંભાળી લે છે. ત્રીજું ચરિત્ર શિષ્ટતાની સાથે મતભેદ કરનારાઓનું છે, જેઓ વાતને સાંભળે છે, વિચારે છે, પરંતુ જ્ઞાન અને સમજદારીની ઊણપ તેમજ કેટલીક વૈચારિક અને માનસિક રુકાવટોના કારણે સત્યને પૂરેપૂરી રીતે સમજવામાં વિલંબ કરે છે – ચોથું ચરિત્ર, ખૂબ જ સક્રિય અને ઉપદ્રવી ચરિત્ર, સત્યના દુશ્મનોનું હોય છે, જેઓ પોતાના સ્વાર્થ અને પોતાના હોદ્દાઓ અને પોતાના દરજ્જાઓ અને પોતાની બગડેલ આદતોના કારણે પહેલા દિવસથી જ જાણી-સમજીને જીદ અને હઠાગ્રહના આધારે વિરોધનું અભિયાન ચલાવે છે અને રોજ-બરોજ આ પ્રવાહમાં બહેકતા જ જાય છે. પાંચમું ચરિત્ર અસમર્થ-અશક્ત પ્રજાનું હોય છે, જે સમાજના ઉચ્ચ વર્ગોના આધીન હોવાને કારણે કોઈ હિંમતભર્યું અને સક્રિય પગલું ભરી શકતી નથી અને ન તો વૈચારિક રીતે સરળતાથી કોઈ દા'વત (સંદેશ)ના મૂળ સુધી પહોંચવાની યોગ્યતા રાખે છે. એ રીતે તેઓ મોટાભાગે સત્યના આવાહક અને સત્યના દુશ્મનોના સંઘર્ષને વર્ષો-વર્ષ સુધી પ્રતીક્ષાપૂર્વક જોતા રહે છે અને જ્યારે છેવટે પાસું પલટાઈ જાય છે, તો પછી આ શક્તિનું ઘોડાપૂર પણ હરકતમાં આવે છે અને આ જ રુખ પર વહી નીકળે છે. આમ, ભલાઈ અને બૂરાઈના ડ્રામાની ગરમા-ગરમી બે જ ચરિત્રો પર આધારિત હોય છે ! અર્થાત્ સત્યનો આવાહક અને તેના સાથીઓનું ચરિત્ર તથા પ્રતિકારક અને નકારાત્મક તોફાન ઉઠાવનારા સક્રિય વિરોધીઓનું ચરિત્ર ! અસંભવ છે કે સત્યના આમંત્રણનો ખેલ ખેલવામાં આવે અને આ બંને ચરિત્રો આમને-સામને ન આવી જાય ! અસંભવ છે કે સચ્ચાઈ અને સદાચારનો અવાજ ઉઠાવો, તો તેના જવાબમાં જૂઠ અને બૂરાઈની તમામ શક્તિઓ ઉમટીને ન આવી જાય ! અસંભવ છે કે માનવતાની ભલાઈ અને સેવા માટે કામ શરૂ કરો, તો ગાળો અને આરોપો તેમજ દુષ્પ્રચાર, ષડયંત્રો અને હિંસાના વિભિન્ન હથિયારોની સાથે દુનિયા ટોળું કરીને ન આવી જાય !

નબી અકરમ ﷺ પણ જો થોડીક સારી વાતો વિચારતા અને કહેતા રહેતા, પોતાને પસંદ હોય એ પદ્ધતિથી રુકૂઅ અને સિજદાઓની સાથે માત્ર અલ્લાહની બંદગી કરતા રહેતા, કોઈ એકાંતમાં બેસીને ઝિક્ર-અઝકાર (જાપ અને રટણ) કરતા રહેતા, બલ્કે સારા-સારા પ્રવચનો પણ કરતા રહેતા અને મુરીદો (શિષ્યો)નું એક જૂથ કે અનુયાયીઓ નિરુપદ્રવી હોય એવી કોઈ સંસ્થા પણ બનાવી નાખતા, તો જમાનો આ બધું સહન કરી લેતો. પરંતુ આપ ﷺ તો સમગ્ર જીવન બદલવા નીકળ્યા

હતા. આપ ﷺ સભ્યતાની આખી ઈમારતનું નવનિર્માણ કરવા માગતા હતા. આપ ﷺ સામાજિક વ્યવસ્થાને ઉખેડીને સૌથી શ્રેષ્ઠ રૂપરેખા પર નવેસરથી તેને બનાવવા માટે નિયુક્ત હતા. પોતાના સ્વાર્થ અને અધિકારોના એ તમામ સંતુલનને વેરવિખેર કરી નાખવા માગતા હતા, જે લોખંડી મજબૂતાઈની સાથે સ્થાપિત હતું. આપ ﷺ નું આગમન માનવીને એક નવા આસ્થાકીય અને નૈતિક બીબામાં ઢાળવા માટે થયું હતું. પહેલા દિવસથી આપ ﷺ એ આ જ વસ્તુનું આમંત્રણ આપ્યું અને પહેલા દિવસથી જ કોમે આપ ﷺ ના સંદેશનો આ જ અર્થ સમજ્યો. તેથી આખેઆખું જવાબી વર્તન આ અર્થની સ્વાભાવિક પ્રતિક્રિયાથી પેદા થયું.

નેકી અને સચ્ચાઈના સાર્વત્રિક આંદોલનના વિરોધીઓનું કોઈપણ યુગમાં અવલોકન કરો, તો જોશો કે તેમના નકારાત્મક ઉપદ્રવોનો ક્રમ અને તેની ટેકનિક હંમેશા એક જ રહી છે. સૌપ્રથમ હંમેશા મામૂલી ઉપહાસ અને અપમાનથી કામ લેવામાં આવ્યું. પછીના તબક્કામાં ગાળો અને મહેણા-ટોણા, જૂઠ, આરોપો અને અહંકારયુક્ત શબ્દ-પ્રયોગ, હાંસીપાત્ર ઈલકાબોનું તોફાન ઉઠાવવામાં આવ્યું. પછી સામાન્ય લોકોમાં ગેરસમજો અને ભ્રમણાઓ ફેલાવવા માટે દુષ્પ્રચારનું જોર લગાવવામાં આવ્યું. મામલો વધારે આગળ વધ્યો, તો એક બાજુ કોમી હિત અને એકતાના જોખમમાં પડવાની દુહાઈ આપવામાં આવી, અને બીજી બાજુ ધાર્મિક આધારો પર અજ્ઞાની સામાન્ય વર્ગમાં ઉશ્કેરાટ પેદા કરવાની કોશિશ કરવામાં આવી. વચ્ચે-વચ્ચે બૌદ્ધિક દલીલોના તીર-તુક્કા છોડવામાં આવતા રહ્યા. વાંધાઓ અને પ્રશ્નોની ઝડી વરસાવવામાં આવતી રહી. જ્યારે એવું પ્રતીત થયું કે એક ખતરનાક સંદેશ જોર પકડી રહ્યો છે, તો સોદાબાજીનો પ્રયાસ કરવામાં આવ્યો. બધી યુક્તિઓ નિષ્ફળ થતી જોઈને હિંસાની અત્યંત નીચ અને હલકી પદ્ધતિઓ અપનાવવામાં આવી, અને આર્થિક અને સામાજીક બહિષ્કારનું દબાણ લાવવામાં આવ્યું. કેદ અને દેશનિકાલની યોજનાઓ પર અમલ કરવામાં આવ્યો, ત્યાં સુધી કે છેવટે સત્યના આવાહકની હત્યાના ઈરાદાઓ કરવામાં આવ્યા. જ્યારે મામલો આ તબક્કાથી પણ આગળ નીકળી ગયો, તો રણભૂમિને ગરમ કરીને લડવાનો પડકાર આપવામાં આવ્યો. હઝરત સૈયદના ખાતિમુલ-મુરસલીન (રસૂલોના સમાપક) ﷺ ને આ બધા તબક્કાઓનો એક-પછી-એક સામનો કરવો પડ્યો. પરંતુ અલ્લાહ તઆલાએ આપ ﷺ ને દરેક તબક્કામાંથી જ્વલંત સફળતાની સાથે આગળ વધાર્યા અને એ દિવસ આવી ગયો કે સમગ્ર આરબ પ્રદેશ હુઝૂર ﷺ ના ચરણોમાં હતું.

આ પુસ્તકમાં સીરતે-પાકની પ્રમાણિત અને ઘટનાકીય સામગ્રીને સંપૂર્ણ ક્રમ અને સાતત્યની સાથે એવી રીતે પ્રસ્તુત કરવામાં આવી છે કે ભલાઈ અને બૂરાઈના

આ મહાન સંગ્રામનું દશ્ય આંખોની સામે આવી જાય, જેમ કે ઇતિહાસની જડતા તોડીને હુઝૂર ﷺ એ આરંભ કર્યો અને પછી આયુષ્યની એક-એક પળ આમાં ખપાવી દીધી. મને આશા છે કે વાચક આનો અભ્યાસ કરતાં સાડા તેર સદીઓના અંતરને વટાવીને પોતાને માનવતાના ઉપકારક ﷺ ના સમીપ હોવાની અનુભૂતિ કરશે. તેને પ્રસંગો અને ઘટનાઓનો પ્રવાહ પોતાના સામે ચાલતો પ્રતીત થશે. તે ઇસ્લામી આંદોલનને પોતાના કાલ્પનિક જગતમાં ઊભરતું જોશે. તે સત્ય અને અસત્યના આ સંઘર્ષનો બિનપક્ષપાતી શ્રોતા બનીને કિનારે બેસેલો રહી નહીં શકે, બલ્કે તેનામાં હકારાત્મક ભાવનાઓ ઊભરશે. તે વિચારવા વિવશ થઈ જશે કે માનવ-ઇતિહાસમાં મારી ભૂમિકા અને યોગદાન શું છે અને શું હોવું જોઈએ ?!

મને આશા છે કે આ પુસ્તકથી નિર્ધાર અને દઢતાનો પાઠ પ્રાપ્ત કરી શકાશે અને અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં કર્તવ્યના પાલનની હિંમત બંધાશે. આના અભ્યાસથી પોતાના સૌથી મહાન ઉપકારક ﷺ ની સાચી કદર હૃદયોમાં પેદા થશે. એક ઊંડી કૃતજ્ઞતાની ભાવના ઊભરશે. એક ઉમળકો અને શ્રદ્ધા આપ ﷺ ની જાત માટે પેદા થશે, જે દીનની અપેક્ષા છે. એ અંદાજ કરી શકાશે કે આજે જે સત્યનો પ્રકાશ આપણા હૃદયોમાં પ્રકાશિત છે, તેને લાવવાવાળા કેવી-કેવી પરીક્ષાઓમાંથી પસાર થઈને, કેવા-કેવા વિરોધોનો સામનો કરીને, કેવા-કેવા લૂંટારાઓના હુમલાઓનું લક્ષ્ય બનીને તેમજ લોહી અને આંસુઓના કેવા-કેવા સમુદ્રોને પાર કરીને તેને આપણા સુધી પહોંચાડી શક્યા છે. આનાથી એ જાગૃતિ આવશે કે સચ્ચાઈ અને નેકીના ધ્વજવાહકોનો માર્ગ વિકટ ખીણોમાં થઈને નીકળે છે અને આ માર્ગને જ્યારે હઝરત મુહમ્મદ ﷺ જેવી અલ્લાહના દરબારમાં સ્વીકૃત અને દુનિયામાં અનુપમ હસ્તી માટે કંટકોને સાફ કરીને ફૂલોના ફર્શથી સજાવવામાં આવેલ નથી, તો હવે બીજા કોના માટે કોઈ એવો શોર્ટ-કટ કાઢી આપવામાં આવશે કે માણસ પોતાના આરામ-ખંડમાંથી ઊભો થાય, તો પગમાં ધૂળ લાગ્યા વગર સીધો જન્નતમાં જઈ પહોંચે. અલ્લાહના મહાન પયગંબર ﷺ ના જીવન-ચરિત્રની દુઃખભરી કહાણી વાંચવાથી એ બધી ભ્રમણાઓ અને માની લીધેલી વાતો અદશ્ય થઈ જાય છે, જેના કારણે માણસ ખેરિયત અને ખુદાપરસ્તી (ઈશપરાયણતા)ને જમા કરીને સુખચેનથી પડ્યો રહે છે. આપણે સીરતે નબવી ﷺ ના પ્રકાશમાં જોવું જોઈએ કે જો એવા માઇલ-સ્ટોન (માર્ગ-સૂચકો) ક્યાંય જોવા નથી મળતા, રસ્તાની એ નિશાનીઓ સામે નથી આવતી, એ વળાંકો અને ઉતાર-ચઢાવ સામે નથી આવતા, એ કંટકો અને પથ્થરો રસ્તામાં નથી પડતા, રાહમાં એ લૂંટારાઓ અને હુમલાખોરો નથી હોતા જેઓ અચાનક હુમલો કરે છે, એ ઠોકરો નથી હોતી, એ નાની-મોટી ઇજાઓ નથી થતી

જેના ઉલ્લેખોથી કુર્આનના પૃષ્ઠો અને સીરતના પ્રકરણો ભરેલા પડ્યા છે... તો આપણે આપણા સફરની દિશા વિશે, આપણી અપેક્ષિત મંજિલ વિશે, આપણે અપનાવેલ નિર્ધારિત માર્ગ વિશે પુનઃવિચારણા કરવી જોઈએ. ક્યાંક એવું તો નથી કે - 'કીં રાહ કે તૂ મી-રવી બહ તુર્કસ્તાન અસ્ત.' (તું ચાલી રહ્યો છે તે રસ્તો તુર્કસ્તાન તરફ જઈ રહ્યો છે ! અર્થાત્ ખોટા રસ્તે જઈ રહ્યો છે.)— આના અભ્યાસથી દરેક મુસલમાન અગાઉથી સજાગ રહી શકે છે કે આ ઉમ્મતમાં જ્યારે પણ કોઈ વ્યક્તિ કે સમૂહ નબી ﷺ ના સંદેશાને લઈને ઉઠશે અને આ પદ્ધતિ મુજબ કામ કરવા ઇચ્છશે, તો તેના વિરુદ્ધ ઉપહાસ અને અપમાન અને બદનામી, આરોપો, શબ્દોના બાણ, ધાર્મિક ઉશ્કેરણી, કાફિર (ઇસ્લામનો ઇન્કાર) અને ફાસિક (નાફરમાન) ઠેરવવા, જૂઠો પ્રોપેગન્ડા, ષડયંત્રો અને દુષ્ટતાઓ, અત્યાચાર અને હિંસાના એ બધા તોફાનો ઊભા થઈ જશે, જે આ કાર્ય કરવાના પરિણામ-સ્વરૂપ ભાગ્યમાં લખાયેલ છે. આવા તોફાનોથી ઘેરાયેલ કોઈપણ યુગમાં ઊભા થનાર સત્યના આવાહકને ઓળખવો અને તેની વાતને સમજવી અને તેની પોકાર પર લબ્બૈક કહેવી માત્ર એવા જ લોકો માટે સરળ હોઈ શકે છે, જેઓ કુર્આન અને નબી ﷺ ની સીરતના અભ્યાસથી ભલાઈ અને બૂરાઈના સંગ્રામના ડ્રામામાં ભજવાતી દરેક ભૂમિકા અને દૃશ્યની સાચી કલ્પના પહેલાથી રાખતા હોય. દરેક મુસલમાને એ જાણવું જોઈએ કે અસત્યની એ શક્તિઓ, જેમણે નબી અકરમ ﷺ જેવી નિષ્કલંક અને નિર્દોષ વ્યક્તિને નથી છોડી અને જેમણે પછીના યુગમાં હુઝૂર ﷺ ની અનુયાયી હસ્તીઓ — ઈમામ હુસૈન ؓ, ઈમામ માલિક ؒ, ઈમામ અહમદ બિન હમ્બલ ؒ, ઈમામ અબૂ હનીફા ؒ, હઝરત મુજદ્દીદ અલ્ફ-સાની ؒ, શાહ વલીઉલલાહ ؒ — ને બચીને જવા ન દીધા, તેઓ કેવી રીતે કોઈ અન્યને પોતાની 'મહેરબનીઓ'થી વંચિત રાખવા માટે તૈયાર હોઈ શકે છે. નબી ﷺ ની સીરત (જીવન-ચરિત્ર) આપણને દરેક યુગમાં સત્યના આવાહકો અને સત્યના દુશ્મનોના ચરિત્રમાં તફાવત કરવાનું શીખવાડે છે. મેં આ બધા ચરિત્રોને આ પુસ્તકમાં સ્પષ્ટ કરી દેવાનો પ્રયત્ન કર્યો છે, જે ભલાઈ અને બૂરાઈના સંગ્રામમાં કામ કરે છે !

મને આશા છે કે આ પુસ્તકનો અભ્યાસ એ ભયાનક વિરોધાભાસની અનુભૂતિ કરાવશે, જે આપણા રિસાલત (ઈશદૂતત્વ) પર ઈમાન અને આપણા વ્યવહારૂ જીવનમાં પેદા થઈ ગયેલ છે. આજે કોઈ એકપણ ભૂમિ એવી નથી, જ્યાં માનવતાના ઉપકારક ﷺ ની જીવન-વ્યવસ્થા સ્થાપિત હોય અને ત્યાં કાર્યરત હોય. ઇસ્લામી જગત બાદશાહતો અને સરમુખત્યારોની રણભૂમિ બનેલ છે, જેના કારણે એક બાજુ પ્રાચીન અજ્ઞાનતાનો અંધકાર આપણા આસપાસ છવાયેલ છે અને બીજી બાજુ

આધુનિક યુગનો અંધકાર આપણા પર વ્યાપ્ત છે. વૈચારિક રીતે આપણે અજ્ઞાનતામાં ડૂબેલા છીએ, આર્થિક રીતે દરિદ્રતા અને ગરીબીમાં સપડાયેલા છીએ, સાંસ્કૃતિક રીતે બીજાઓના ભિખારી છીએ અને આંતરરાષ્ટ્રીય સ્તરે આપણે બંને બ્લોકો માટે સરળ શિકાર છીએ. આ છે આચાર-વિચારમાં એ વિરોધાભાસની સજા, જેને આપણે ભોગવી રહ્યા છીએ.

આ પુસ્તકનો મૂળ સંદેશ એ છે કે માનવતાના ઉપકારક ﷺ ના સંદેશને પુનર્જીવિત કરીએ – હુઝૂર ﷺ એ નિર્ધારિત કરેલ રૂપરેખા મુજબ પરિવર્તન લાવીએ, સ્થિતિને બદલવા માટે સંઘર્ષ કરીએ તથા ન્યાય અને દયાની વ્યવસ્થાને બરાબર એ વ્યવહારૂ રૂપરેખા અનુસાર કરીએ, જે કુર્આનના સિદ્ધાંતોને સામે રાખીને માનવતાના નાયક ﷺ એ તૈયાર કરી હતી !

સમય આવી ગયો છે કે આપણે અને આપણા નવયુવાનો આધુનિક સભ્યતાના પ્રભાવનો બોજ માથા પરથી ઉતારી ફેંકીએ, અને આ ભૌતિકવાદી યુગ વિરુદ્ધ વૈચારિક વિદ્રોહની મશાલ ઉઠાવીએ. હઝરત મુહમ્મદ ﷺ ના જીવન-ચરિત્રને પુસ્તકોના પૃષ્ઠોમાંથી કાઢીને નવેસરથી વ્યવહારૂ જીવનના પૃષ્ઠો પર અંકિત કરીએ. તેને એક સામૂહિક વ્યવસ્થાના સ્વરૂપે સંકલન કરીએ અને મુક્તિ-માર્ગને ખોલનાર એ ત્રીજી શક્તિ બનીએ, જેનું સ્થાન ઇતિહાસમાં ખાલી પડ્યું છે.

દયાળુ અલ્લાહ આ અદના પ્રયાસનો સ્વીકાર કરે અને તેને પોતાના ધ્યેયમાં સફળ બનાવે !

નઈમ સિદ્દીકી

તા. ૧ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૫૯

(૨)

— પરિચય —

વ્યક્તિત્વ એક નજરમાં !

وَاِذَا نَظَرْتُ اِلٰی اَسِرَّةِ وَجْهِهٖ
بَرَقَتْ كَبَرْقِ الْعَارِضِ الْمُتَهَلِّلِ۔

— અબૂ કબીર હઝલી

✤

જ્યારે મેં તેના તેજસ્વી વદન પર નજર નાખી,
તો તેની દીપ્તિ એવી હતી, જાણે કે
કોઈ ઘનઘોર વાદળમાં વીજળી ચમકી રહી હોય !

ગઝલના રંગથી રંગાયેલ આ શે'ર અજ્ઞાનતા-કાળના એક પ્રખ્યાત શાયર 'હઝલી'એ કહ્યો છે, અને હઝરત આઇશા ﷺ એ સહજ-અનૌપચારિક પ્રસંગે ખૂબ સોહામણા અંદાજમાં હુઝૂર ﷺ ને એના સુસંગત ઠરાવ્યા.

''આ ચહેરો
કોઈ જૂઠા માણસનો
ચહેરો નથી
હોઈ શકતો.''
— અબ્દુલ્લાહ બિન સલામ (ﷺ)

એક ઝાંખી [૧]

દુનિયામાં મહાન સિદ્ધિઓ મેળવનાર હસ્તીઓ (વિશેષરૂપે પયગંબરો) હંમેશા અસાધારણ દરજ્જાના વ્યક્તિત્વથી સુશોભિત હોય છે. સુધારણાના કાર્યો, તેહરીકો (આંદોલનો)નું માર્ગદર્શન અને નિર્દેશન તેમજ સભ્યતાઓનું નવનિર્માણ કરવા-વાળાઓની મૂળ શક્તિ તેમનું વ્યક્તિત્વ જ હોય છે, જે વિશેષ પ્રકારના વિચારોથી ઘડતર પામે છે. સીરતે-પાક (પયગંબર મુહમ્મદ ﷺ પવિત્ર જીવન)ના અભ્યાસનો એક હેતુ એ પણ છે કે માનવતાના ઉપકારક ﷺ ના વ્યક્તિત્વને સમજવામાં આવે.

કોઈપણ વ્યક્તિત્વને સમજવામાં તેના ચહેરા અને દેખાવ (Personality)થી ખૂબ મદદ મળે છે. માણસનું સમગ્ર શરીર, શારીરિક બાંધો, તેના શારીરિક અંગોની વિશેષ સપ્રમાણતા તેના વૈચારિક, માનસિક, નૈતિક અને ભાવનાત્મક સ્થાનને પ્રતિબિંબિત કરે છે. વિશેષરૂપે ચહેરો એવો કાગળ હોય છે, જેના પર માનવીના ચરિત્ર અને તેની સિદ્ધિઓનું આખું વૃત્તાંત લખેલું હોય છે, અને તેના પર એક દૃષ્ટિપાત કરતાં જ આપણે કોઈના સ્થાનની કલ્પના કરી શકીએ છીએ.

આપણે પાછળના (અર્થાત્ નબી ﷺ ના પછીના) લોકોના ભાગ્યની એ ઊણપ છે કે દુનિયાના સૌથી મહાન માનવીનો મનોરમ અને સુંદર ચહેરો આપણા સામે નથી, અને ન આપણે વાસ્તવિક જગતમાં નરી આંખોથી તેમની ઝ્યારત (દર્શન)નું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે હુઝૂર ﷺ ની સુંદરતા અને

૧. બીજા પુસ્તકો પણ નજર સામે છે, પરંતુ આ વિશે લેખક સવિશેષ હદીસ-સંગ્રહ 'શમાઈલે તિરમિઝી'ના અનુગ્રહિત રહ્યા છે.

સૌંદર્યની જે થોડીઘણી ઝલક મેળવી શકીએ છીએ, તે હુઝૂર ﷺ ના સંદેશ અને સિદ્ધિઓના દર્પણમાં જ પ્રાપ્ત કરી શકીએ છીએ.

હુઝૂર ﷺ નું કોઈ સાચું ચિત્ર કે છબી નથી. સ્વયં હુઝૂર ﷺ એ ઉમ્મતને આનાથી દૂર રાખી, કેમ કે છબી કે ચિત્રના શિર્ક (અલ્લાહ સિવાય અન્યોની ઉપાસના)નો ફિત્નો (ઉપદ્રવ) કોઈપણ રીતે રોકી શકાતો નહીં. જો હુઝૂર ﷺ ની છબી કે ચિત્ર હોત તો કોણ જાણે તેના સાથે શું-શું કરામતો (ચમત્કારો) અને અલૌકિકતાઓ જોડાઈ જતી અને તેના માન-સન્માન માટે કેવી-કેવી રસમો અને પ્રસંગો શરૂ થઈ ગયા હોત, બલ્કે સંભવ હતું કે તેની પૂજા-અર્ચના થવા લાગતી. યુરોપમાં હુઝૂર ﷺ ના કાલ્પનિક ચિત્રો બનાવવામાં આવતા રહ્યા છે. પરંતુ કયો આર્ટિસ્ટ (કલાકાર) એવો છે કે જે હુઝૂર ﷺ ના વૈચારિક વિશ્વ અને ચરિત્રના અંશ-અંશની સંપૂર્ણ અને સર્વગ્રાહી કલ્પના રાખતો હોય અને પછી તેની કલ્પનાને રેખાઓ અને રંગોમાં સંપૂર્ણપણે ચિત્રિત કરી શકતો હોય ? કાલ્પનિક ચિત્રો જે કંઈ બને છે, તે એ વિશિષ્ટ હસ્તીના નથી હોતા, જેનું પ્રતિષ્ઠિત નામ મુહમ્મદ ﷺ હતું, બલ્કે કોઈ ભ્રામક અસ્તિત્વની રૂપરેખા ઘડીને તેને હુઝૂર ﷺ નું નામ આપી દેવામાં આવે છે. મામલો પ્રમાણિકતા પર પણ નિર્ભર નથી રહેતો, બલ્કે જાણી-જોઈને એવા ચિત્રો પ્રસ્તુત કરવામાં આવે છે, જેનાથી એક અશક્ત-અસમર્થ તેમજ અપૂર્ણ અને ત્રુટિપૂર્ણ વ્યક્તિત્વનો ખ્યાલ ઊભો થાય. આ ચિત્રો માટે રંગ એ જ પૂર્વગ્રહ આધારિત પુસ્તકો અને ઉલ્લેખોથી લેવામાં આવે છે, જે વૈમનસ્ય અને વિકૃત માનસિકતા અને હકીકત-દોષથી ભરપૂર છે. પયગંબરો અને સદાચારી મહાનુભાવોની કાલ્પનિક છબીઓ બનાવવા કે તેમના ચરિત્રોને નાટકોમાં લેવાથી નુકસાન એ જ છે કે ક્યાંક તેમના સાચા વ્યક્તિત્વો આ પરદાઓની પાછળ તદ્દન ગુમ થઈને ન રહી જાય.

પરંતુ હુઝૂર ﷺ ના સહાબાએ શાબ્દિક આવરણમાં તો હુઝૂર ﷺ ની છબીને કંડારી દીધી છે અને તેને સુરક્ષિત સ્થિતિમાં નોંધોને અંકિત કરનારાઓએ આપણા સુધી પહોંચાડી દીધી છે. અહીં અમે આ શાબ્દિક છબીને પ્રસ્તુત કરીએ છીએ, જેથી હુઝૂર ﷺ ના વ્યક્તિત્વનો અભ્યાસ કરતાં પહેલાં આ મહા માનવની એક ઝાંખી જોઈ લઈએ. આ જાણે એક પ્રકારની મુલાકાત છે — ! એક પરિચય !!

હુઝૂર ﷺ ના પાવન ચહેરાનું, કદ અને બાંધાનું, રૂપ-રંગ, ચાલ-ઢાલ તેમજ સમગ્ર દેખાવનું જે પ્રતિબિંબ સદીઓના પરદાઓમાંથી છંટાઈને આપણા સુધી પહોંચે છે, તે આમ તો એક એવા માનવીની કલ્પના આપે છે, જે બુદ્ધિમત્તા, સાહસ, ધૈર્ય અને દઢતા, સચ્ચાઈ અને પ્રમાણિકતા, વિશાળ-હ્રદયતા અને ઉદારતા, સખાવત, કર્તવ્યનિષ્ઠા, સ્વાભિમાન અને વિનમ્રતા તેમજ પ્રભાવી વક્તૃત્વ-છટાની શૈલી જેવા

પ્રશંસનીય ગુણોનો સમુચ્ચય હતો; બલ્કે કહેવું તો એ જોઈએ કે હુઝૂર ﷺ ની શારીરિક રૂપરેખામાં નબૂવ્વતના આત્માનું પ્રતિબિંબ જોઈ શકાય છે અને આપનો સમગ્ર દેખાવ સ્વયં આપના પવિત્ર સ્થાનની એક દલીલ હતી. આ પ્રસંગે આપ ﷺ નું એક કથન યાદ આવે છે, ફરમાવ્યું - وان تقوى الله تبيض الوجوه 'અલ્લાહનો તકવા (ડર) જ ચેહેરાઓને પ્રકાશિત કરે છે.' નબૂવ્વત તો ઈમાન અને તકવા (ઈશનિષ્ઠા)ની મે'રાજ (ચરમ-શિખર) છે. નબીનો ચહેરો પ્રકાશ પાથરનાર તો હોવો જ જોઈએ.

તો, આ છે સત્યના સૂરજની એક ઝાંખી..!

★ ''મેં જેવા હુઝૂર ﷺ ને જોયા, તો તરત જ સમજી ગયો કે આપ ﷺ નો ચહેરો કોઈ જૂઠા માણસનો ચહેરો નથી હોઈ શકતો.'' — *અબ્દુલ્લાહ બિન સલામ*[1]

★ ''હું મારા પુત્રને સાથે લઈને હાજર થયો, તો લોકોએ બતાવ્યું કે આ છે અલ્લાહના રસૂલ ! — જોતાં જ મેં કહ્યું - વાસ્તવમાં આ અલ્લાહના નબી છે.''[2] — *અબૂ રમષા તૈમી.*

★ ''સંતુષ્ટ રહો, મેં એ વ્યક્તિના ચહેરાને જોયો હતો, જે ચૌદમી રાત્રિના ચંદ્રમાની જેમ ઝળહળતો હતો. તે ક્યારેય તમારા સાથે દુર્વ્યવહાર કરવાવાળો વ્યક્તિ નથી હોઈ શકતો. જો આવો માણસ (ઊંટની કિંમત) ન ચૂકવે, તો હું મારા પાસેથી ચૂકવી દઈશ.''[3] — *એક પ્રતિષ્ઠિત મહિલા.*

★ ''અમે આવો સુંદર માણસ નથી જોયો[4]... અમે તેના ચહેરાથી પ્રકાશ નીકળતો જોયો છે.'' — *અબૂ કરસાફાની માતા અને માસી.*

★ ''હુઝૂર ﷺ થી વધારે સુંદર કોઈને નથી જોયો. એવું લાગતું, જાણે સૂર્ય ચમકી રહ્યો છે.'' — *અબૂ હુરૈરા* رضي الله عنه.

★ ''જો તમે હુઝૂર ﷺ ને જુઓ, તો સમજતા કે સૂર્યનો ઉદય થઈ ગયો છે.'' — *રબીઅ બિન્તે મુઅવ્વિઝ*

---

૧. યહૂદીઓના એક મોટા આલિમ (ધાર્મિક વિદ્વાન) હતા. સરવરે આલમ ﷺ મદીના આવ્યા પછી જોવા માટે ગયા, જોતાં જ એમના પર આ અસર થઈ. પાછળથી આને તેમણે આ શબ્દોમાં વર્ણન કર્યું છે. ઈમાન લાવ્યા અને અબ્દુલ્લાહ નામ રાખવામાં આવ્યું. (સીરતુલ મુસ્તફા ﷺ : મૌલાના ઇદ્રીસ કાંધલ્વી, ભા-૧, પૃ. ૩૪-૩૫)

૨. 'શમાઈલે તિરમિઝી'.

૩. મદીનામાં એક વેપારી કાફલો આવ્યો અને શહેરથી બહાર રોકાયો. હુઝૂર ﷺ આકસ્મિક જ ત્યાંથી પસાર થયા. એક ઊંટનો સોદો કર્યો અને એમ કહીને ઊંટ સાથે લઈ ગયા કે કિંમત મોકલાવી દઉં છું. પાછળથી કાફલાવાળાઓને આશંકા થઈ કે પરિચય વગર વ્યવહાર કરી લીધો. આના પર કાફલાના સરદારની એક મહિલાએ ઉપરોક્ત વાત કહી. આ ઘટના તારિક બિન અબ્દુલ્લાહે વર્ણવી, જે સ્વયં કાફલામાં સામેલ હતા. પાછળથી હુઝૂર ﷺ એ નિર્ધારિત કિંમતથી વધારે માત્રામાં ખજૂરો મોકલાવી. (સીરતુન્નબી ﷺ, : મૌલાના શિબ્લી નો'માની મરહૂમ, ભા-૨, પૃ. ૩૮૦; અલ મવાહિબુદ્દ-દુનિયા, ભા-૧, પૃ.૨૪૪.

૪. આ મહિલાઓ હુઝૂર ﷺ ની સેવામાં અબૂ કરસાફાની સાથે ઈસ્લામનો સ્વીકાર કરવા ગઈ હતી અને પાછા ફરતી વખતે તેમણે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. (અલ મવાહિબુદ્દ-દુનિયા, ભા-૧, પૃ. ૨૫૫).

★ ''જોવાવાળો પહેલી નજરમાં જ પ્રભાવિત થઈ જતો.'– *હઝરત અલી* ﷺ.

★ ''હું એક વાર ચાંદની રાત્રે હુઝૂર ﷺ ને જોઈ રહ્યો હતો, આપ ﷺ તે વખતે લાલ પોશાક પહેરેલ હતા. હું ક્યારેક ચંદ્રને જોઈ રહ્યો હતો અને ક્યારેક આપ ﷺ ને. છેવટે હું એ નિર્ણય પર પહોંચ્યો કે હુઝૂર અકરમ ﷺ ચંદ્રથી ક્યાંય વધારે સુંદર છે.'' – *હઝરત જાબિર બિન સુમરા* ﷺ.

ચહેરો—

★ ખુશીમાં હુઝૂર ﷺ નો ચહેરો એવો ચમકતો, જાણે ચંદ્રનો ટુકડો છે ! આ જ ચમકને જોઈને અમે આપ ﷺ ની ખુશીને ઓળખી જતા હતા.''

– *કઅબ બિન માલિક* ﷺ.

★ ''ચહેરા પર ચંદ્ર સમાન ચમક હતી.'' – *હિન્દ બિન અબી હાલા* ﷺ.

★ ''પૂર્ણિમાના ચંદ્રની જેમ ગોળાકાર.'' – *બર્રાહ બિન આઝિબ* ﷺ.

★ ''ચહેરો તદ્દન ગોળ ન હતો, થોડોક ગોળાકાર હતો.'' – *હઝરત અલી* ﷺ.

★ ''લલાટ વિશાળ – કાળી ભ્રમરો ઝુકેલી – ઝીણી અને ભરાવદાર, બંને અલગ-અલગ : બંનેના વચ્ચે એક નસ ઊપસેલી, જે ગુસ્સો આવે ત્યારે સ્પષ્ટ તરી આવતી હતી.'' – *હિન્દ બિન અબી હાલા* ﷺ.

★ 'પ્રસન્નતા લલાટથી ઝળકતી હતી.'' – *કઅબ બિન માલિક* ﷺ.

રંગ—

★ ''ન ચૂના જેવી સફેદી – ન શ્યામલ – ઘઉંવર્ણ જેમાં સફેદી છવાયેલી હતી.''

– *હઝરત અનસ* ﷺ.

★ ''શ્વેત લાલાશ પડતો.'' – *હઝરત અલી* ﷺ.

★ ''શ્વેત, પરંતુ લાવણ્યમય.'' – *અબૂલ તુફૈલ.*

★ ''શ્વેત – ચમકદાર.'' – *હિન્દ બિન અબી હાલા* ﷺ.

★ ''શરીર જાણે ચાંદીમાં ઢળેલું હતું.'' – *હઝરત અબૂ હુરૈરા* ﷺ.

આંખો —

★ ''આંખો શ્યામ – પલકો લાંબી.'' — *હઝરત અલી* ﷺ.

★ ''કાળી કીકીઓ – નજરો નીચી – આંખોના ખૂણાથી જોવાનો વિનયી અને લજ્જાશીલ અંદાજ.'' — *હિન્દ બિન અબી હાલા* ﷺ.

★ ''આંખના સફેદ ભાગમાં રાતા રેષાઓ – આંખોની આકૃતિ લાંબી – કુદરતી સુરમાઈ રંગ.'' — *જાબિર બિન સમરહ* ﷺ.

નાક —

★ ''ઊંચું જતું – તેના પર દીપ્તિમાન ચમક – જેના કારણે પહેલી નજરમાં મોટી લાગે.'' — *હિન્દ બિન અબી હાલા* ﷺ.

ગાલ —

★ ''સમતળ અને હળવા – નીચેની તરફ સહેજ માંસલ.''

— *હિન્દ બિન અબી હાલા* ﷺ.

મુખ - મ્હોં —

★ ''વિશાળ !'' — જાબિર બિન સમરહ ﷺ.

★ ''સંતુલિત રીતે વિશાળ.'' — *હિન્દ બિન અબી હાલા* ﷺ.

દાંત મુબારક —

★ ''પાતળા – પાણીદાર – સામેના દાંતોની વચ્ચે સુંદર સાધારણ જગ્યા.''

— *હઝરત ઈબ્ને અબ્બાસ* ﷺ.

★ ''બોલતા તો દાંતોમાંથી ચળકાટ ઝરતો દેખાતો.'' — *હઝરત અનસ* ﷺ.

દાઢી —

★ ''ભરાવદાર અને ઘટાદાર વાળ.'' — *હિન્દ બિન અબી હાલા* ﷺ.

ગરદન —

★ ''પાતળી, લાંબી – જાણે સુંદર રીતે ઘડવામાં આવેલ મૂર્તિ !''

''ગરદનની રંગત ચાંદી જેવી ઊજળી અને મનોહર.''

— *હિન્દ બિન અબી હાલા* ﷺ.

માથું —

★ ''મોટું – પરંતુ મધ્યમ અને સપ્રમાણ.'' — *હિન્દ બિન અબી હાલા* رضي الله عنه.

વાળ —

★ ''થોડા વાંકડિયા.'' — હઝરત અબૂ હુરૈરા رضي الله عنه.

★ ''ન તો તદ્દન સીધા, કડક – ન વધારે વાંકડિયા.'' — *કતાદા* رضي الله عنه.

★ ''સહેજ વાંકડિયા.'' — *હઝરત અનસ* رضي الله عنه.

★ ''ભરાવદાર – ક્યારેક કાનોની લોલ સુધી લાંબા ! ક્યારેક ખભા સુધી.''
— *બર્રા બિન આઝિબ* رضي الله عنه.

★ ''મધ્યમાંથી પસાર થતી માંગ.'' — *હિન્દ બિન અબી હાલા* رضي الله عنه.

★ ''શરીર પર વધારે વાળ ન હતા – છાતીથી નાભિ સુધી વાળની પાતળી રેખા.'' — *હઝરત અલી* رضي الله عنه, *હિન્દ બિન અબી હાલા* رضي الله عنه.

★ ''ખભા, ભુજાઓ અને છાતીના ઉપરના ભાગમાં થોડાક વાળ હતા.''
— *હિન્દ બિન અબી હાલા* رضي الله عنه.

સમગ્ર શારીરિક બાંધો —

★ ''શરીર ઘાટીલું – અંગોના સાંધાઓના હાડકાં મોટા અને મજબૂત.''
— *હિન્દ બિન અબી હાલા* رضي الله عنه.

★ ''શરીર ભારે ન હતું.'' — હઝરત અલી رضي الله عنه.

★ ''કદ – ન વધારે લાંબુ, ન વામણું ! મધ્યમસરનું !'' — *હઝરત અનસ* رضي الله عنه.

★ ''કદ જરા ઊંચું ! – સમૂહમાં હોય તો બીજાઓથી કદ ઊંચું હોય એવું લાગે !''
— *બર્રા બિન આઝિબ* رضي الله عنه.

★ ''પેટ બહાર નીકળેલું ન હતું.'' — *ઉમ્મે મઅ્બદ* رضي الله عنها.

★ ''દુનિયાની ને'મતો મેળવનારાઓથી હુઝૂર ﷺ નું શરીર ભૂખ અને તંગી હોવા છતાં વધુ તરોતાજા અને સ્વસ્થ હતું.''(૧) — *અલ-મવાહિબ, ભા. ૧, પૃ. ૩૧૦*

---

૧. પ્રસિદ્ધ ઘટના છે કે હુઝૂર ﷺ એ ઉમરા કર્યો, તો એકસો ઊંટ પોતે હાંક્યા અને તેમાંથી ૯૩ ઊંટોની કુરબાની પોતાના મુબારક હાથોથી કરી અને બાકીના ઊંટોને હઝરત અલી رضي الله عنه ને સોંપ્યા (કુરબાની કરવા માટે).

★ ''મેં રસૂલુલ્લાહ ﷺ થી વધારે કોઈ બહાદુર અને જોરાવર નથી જોયો.''[1]

— ઈબ્ને ઉમર رضي الله عنه.

ખભાઓ અને છાતી —

★ ''છાતી પહોળી — છાતી અને પેટ સમતળ.'' *— હિન્દ બિન અબી હાલા رضي الله عنه.*

★ ''છાતી પહોળી.'' — બર્રા બિન આઝિબ رضي الله عنه.

★ ''ખભાઓ વચ્ચેનું અંતર સામાન્ય માપથી વધારે.''

— હિન્દ બિન બિન હાલા رضي الله عنه, બર્રા બિન આઝિબ رضي الله عنه.

★ ''ખભાઓની વચ્ચેનો ભાગ માંસલ.'' *— હઝરત અલી رضي الله عنه.*

ભુજાઓ અને હાથ —

★ ''કાંડાઓ મોટા — હથેળીઓ પહોળી — આંગળીઓ યોગ્ય સીમા સુધી લાંબી.''

— હિન્દ બિન અબી હાલા رضي الله عنه.

★ ''રેશમનું ઘટ્ટ કે ઝીણું કપડું અથવા કોઈ અન્ય વસ્તુ એવી નથી, જેને મેં સ્પર્શ કર્યો હોય અને તે હુઝૂર ﷺ ની હથેળીઓથી વધારે નરમ અને સુંવાળી હોય.''

— હઝરત અનસ رضي الله عنه.

★ ''પિંડીઓ પર માંસ ન હતું — હલકી-હલકી સુડોળ.''

— જાબિર બિન સમરહ رضي الله عنه.

★ ''હથેળીઓ અને પગ માંસલ — પગનાં તળવા થોડા ઊંડા — પગ એટલા ચીકણા કે પાણી ન થોભે.'' *— હિન્દ બિન અબી હાલા رضي الله عنه.*

★ એડીઓ પર માંસ ખૂબ ઓછું.'' *— જાબિર બિન સમરહ رضي الله عنه.*

એક સર્વગ્રાહી શાબ્દિક ચિત્ર

આમ તો હુઝૂર ﷺ ના સાથીઓએ હુઝૂર ﷺ ના વ્યક્તિત્વના ચિત્રો શબ્દોમાં પ્રસ્તુત કર્યા છે, પરંતુ ઉમ્મે મઅ્બદ رضي الله عنها એ જે ચિત્ર સંકલિત કર્યું છે, તે અદ્વિતીય છે. હિજરતની ઘાટીનો પ્રવાસ કરતી વખતે સત્યના પ્રવાસીઓ જ્યારે પોતાની પ્રથમ મંજિલ (ગારે-સૂર)થી આગળ વધ્યા, તો પહેલા જ દિવસે ખુઝાઆ કોમની

---

૧. મક્કામાં 'રુકાના' નામનો એક પહેલવાન હતો, જે અખાડાઓમાં કુશ્તીઓ લડતો હતો. એક દિવસ હુઝૂર ﷺ કોઈ નજીકની ખીણમાં તેને મળ્યા અને પોતાનું ઈસ્લામનું આંમત્રણ આપ્યું. તેણે આંમત્રણ માટે કોઈ સચ્ચાઈનું પ્રમાણ માંગ્યું. તેની રુચિને જોતાં હુઝૂર ﷺ એ કુશ્તી કરવાનું પસંદ કર્યું. ત્રણ વાર કુશ્તી થઈ અને ત્રણેય વાર આપ ﷺ એ તેને પછાડી દીધો. આ જ 'રુકાના' પહેલવાનના પુત્ર અબૂ જાફર મુહમ્મદની રિવાયત (નોંધ) હાકિમે 'મુસ્તદરક'માં લીધી છે અને અબૂ દાઊદ અને તિરમિઝીએ તેને પ્રસ્તુત કરી છે, અને બયહકીએ સઈદ બિન જુબૈરની બીજી રિવાયત લીધી છે, જેમાં ઉલ્લેખ છે કે હુઝૂર ﷺ એ બીજા કેટલાક લોકોને પણ કુશ્તીમાં પછાડ્યા છે, જેમાં એક અબૂલ અસ્વદ જમઈ પણ છે.''(અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ.૩૦૨-૩૦૩)

એક નેક બહાદુર વૃદ્ધાનો તંબુ રસ્તામાં આવ્યો. હુઝૂર ﷺ અને આપનાં સાથી-સહપ્રવાસીઓ તરસ્યા હતા. અલ્લાહની કૃપા હતી કે દુબળી લાગતી ભૂખી બકરીએ આ પળે પુષ્કળ પ્રમાણમાં દૂધ આપ્યું. હુઝૂર ﷺ એ પણ પીધું, સહપ્રવાસીઓએ પણ પીધું અને થોડુંક બચ્યું. ઉમ્મે મઅ્બદ ﵂ ના પતિએ ઘર આવીને દૂધ જોયું, તો આશ્ચર્યચકિત થઈને પૂછ્યું કે આ ક્યાંથી આવ્યું ? ઉમ્મે મઅ્બદ ﵂ એ આખી વાત કહી. તે પૂછવા લાગ્યો કે ભલે, એ કુરૈશી નવયુવાનનો રંગરૂપ તો બતાવો. આ એ તો નથી, જેની અભિલાષા છે ? આ વાત પર ઉમ્મે મઅ્બદ ﵂ એ અત્યંત સુંદર શબ્દોમાં ચિત્ર ખેંચ્યું. ઉમ્મે મઅ્બદ ﵂ ને ન તો કોઈ પરિચય હતો, ન કોઈ પ્રકારનો પૂર્વગ્રહ, બલ્કે જે કંઈ જોયું, જેમનું તેમ કહી દીધું. મૂળ અરબીમાં જોવાની વસ્તુ છે.[૧] આનો અનુવાદ 'રહમતુલ-લિલ-આલમીન'ના લેખકે કર્યો છે, તેને જ અમે અહીં લઈ રહ્યા છીએ :

''રૂપાળો દેખાવ, તેજસ્વી ચહેરો, આકર્ષક સ્વભાવ, ન પેટ બહાર નીકળી ગયેલું, ન માથાના વાળ વિખરાયેલા, મોહક, સુંદરતાની પ્રતિમા, આંખો શ્યામવર્ણી અને વિશાળ, વાળ લાંબા અને ભરાવદાર, અવાજ સ્પષ્ટ, લાંબી-ઊંચી ગરદન, કીકીઓનો રંગ કાળો અને ચમકતો, કુદરતી સુરમાઈ આંખો, સૂક્ષ્મ અને ઢળેલી ભ્રમરો, કાળા અને વાંકડિયા વાળ, સૌહાર્દપૂર્ણ ઝુકાવની સાથે ગરિમાયુક્ત મૌન પ્રકૃતિ, દૂરથી જોવામાં સોહામણા અને મનોહર, નજીકથી અત્યંત મધુર અને પરમ્ સુંદર, મીતભાષી, શબ્દો સ્પષ્ટ, ઔચિત્યથી ન વધારે અને ન ઓછા, વાતમાં સંતુલન, સમગ્ર વાતચીત મોતીઓની માળાની જેમ પરોવેલી, મધ્યમસરનું કદ કે ટૂંકી દૃષ્ટિથી જોનારને વામન ન લાગે, ન એટલા લાંબા કે આંખ તેનાથી અણગમો કરે, આકર્ષક રોપાની તાજી શાખા જેવા, મનમોહક દેખાતું કદ, સાથીઓ એવાં કે હર પળ તેમના આસપાસ રહે છે, જયારે તે કંઈ કહે છે તો ચુપચાપ સાંભળે છે, જયારે આદેશ આપે છે તો તેના પાલનમાં તત્પરતા બતાવે છે. પ્રતિષ્ઠિત અને સન્માનીય, આજ્ઞાંકિત, ન વાચાળ, ન કટુવાચક.''[૨]

પહેરવેશ

માનવીના વ્યક્તિત્વનો સ્પષ્ટ ખ્યાલ તેના પહેરવેશથી પણ આવે છે. તેની રીતભાત અને ઢબ, લંબાઈ-પહોળાઈ, રંગ, ધોરણ, સફાઈ અને એવા જ વિભિન્ન પાસાઓ બતાવી દે છે કે કયા પહેરવેશમાં વિભૂષિત વ્યક્તિ કઈ માનસિકતા અને ચરિત્રની છે. નબી અકરમ ﷺ ના પોશાક વિશે આપના સાથીઓએ જે જાણકારી

૧. જુઓ : ઝાદુલ મિઆદ, ભા-૧, પૃ. ૩૦૭. ૨. જુઓ : ઝાદુલ મિઆદ, ભા-૧, પૃ. ૩૦૭.

આપી છે, તે મહદ્અંશે હુઝૂર ﷺ ની રુચિ-અભિરુચિને સ્પષ્ટ કરી દે છે. હુઝૂર ﷺ એ પોશાક વિશે વાસ્તવમાં આ આયતની વ્યવહારૂ સમજૂતી આપી છે :

يٰبَنِيْٓ اٰدَمَ قَدْ اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا يُّوَارِيْ سَوْاٰتِكُمْ وَرِيْشًا ۭ وَلِبَاسُ التَّقْوٰى ۙ ذٰلِكَ خَيْرٌ ۭ

"હે આદમની સંતાન ! અમે તમારા માટે સત્ર (શરીરના લજ્જાસ્પદ અંગો) ઢાંકવાવાળો અને તમને શોભા આપનાર પોશાક તમારા માટે નિર્ધારિત કર્યો છે, અને તકવા (ઈશનિષ્ઠા)નો પોશાક સૌથી ઉત્તમ છે." (સૂરઃ આ'રાફ, આ. ૨૬)

પોશાકના બીજા પાસાનું વર્ણન આ પ્રમાણે થયું છે :

سَرَابِيْلَ تَقِيْكُمُ الْحَرَّ وَسَرَابِيْلَ تَقِيْكُمْ بَاْسَكُمْ ۭ

"તમને ગરમીથી બચાવનાર અને યુદ્ધમાં સુરક્ષિત રાખવા માટે ખમીસો અને બખતરો ઉપલબ્ધ કર્યા." (સૂરઃ નહ્લ, આ.૮૧)

આમ, હુઝૂર ﷺ નો પોશાક 'સાતિર' (લજ્જાસ્પદ અંગોને ઢાંકવાવાળો, સભ્ય) હતો. શોભા આપનાર હતો અને બીજા શબ્દોમાં તકવાનો પોશાક હતો. આમાં જરૂરતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. તે કેટલાક કડક નૈતિક મૂલ્યોના પાલનને પણ દર્શાવતો હતો અને આપની સુરુચિને અભિવ્યક્ત પણ કરતો હતો. હુઝૂર ﷺ ને અહંકાર અને આડંબરથી ઘૃણા હતી તેમજ ઠાઠમાઠથી રહેવાનું પસંદ ન હતું. ફરમાવ્યું : إِنَّمَا أَنَا عَبْدٌ أَلْبَسُ كَمَا يَلْبَسُ الْعَبْدُ[1] "હું તો બસ, અલ્લાહનો બંદો (દાસ) છું અને બંદાઓની જેમ પોશાક પહેરું છું." રેશમ, જરી-બુટ્ટીવાળા અને સૂક્ષ્મ-ઝીણાં કપડાં પુરુષો માટે આપ ﷺ એ હરામ (નિષિદ્ધ) ઠેરવી દીધા. એક વાર ભેટ-સ્વરૂપે આવેલ રેશમી કબા (લાંબો ઝભ્ભો) પહેરી અને પછી તરત જ વિહ્વળતાની સાથે ઉતારી નાખી.(મિશ્કાત) લુંગી, ખમીસ અને અમામા (પાઘડી)ની લંબાઈ અહંકારનું પ્રતીક હતી અને પોશાકની આ રીત ઘમંડીઓમાં પ્રચલિત હતી, તેથી તેનાથી સખત અણગમો હતો.[2] બીજી કોમો વિશેષરૂપે ધાર્મિક વર્ગોના વિશિષ્ટ ફેશનોના અનુકરણ અને નકલની પણ હુઝૂર ﷺ એ મનાઈ કરી,[3] જેથી ઉમ્મતમાં પોતાનું સ્વાભિમાન અને સ્વમાન જળવાઈ રહે. વધુમાં ફેશન અને પોશાકનું અનુકરણ વિચારધારા અને ચરિત્રના અનુકરણનું કારણ ન બની શકે. આમ, હુઝૂર ﷺ એ ઈસ્લામી સભ્યતા હેઠળ ફેશન, શિષ્ટાચાર અને રહેણી-કરણીની એક નવી રુચિ પેદા

---

૧. અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ.૩૨૮.

૨. ઘણી રિવાયતો છે, જેમ કે - સાલિમની રિવાયત પોતાના પિતાથી ઉલ્લેખિત, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજા, 'દેખાવ અને પ્રસિદ્ધિના પોશાક પર ચેતવણી' રિવાયતકર્તા ઈબ્ને ઉમર رضي الله عنه થી ઉલ્લેખિત અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજા.

૩. જેમ કે - રિવાયત ઈબ્ને ઉમર ઉલ્લેખિત અહમદ, અબૂ દાઊદ.

કરી દીધી. પોશાકમાં ઋતુઓથી સુરક્ષા, સત્ર (લજ્જાસ્પદ અંગોને ઢાંકવા), સાદગી, પવિત્રતા, સુઘડતા અને સ્વચ્છતા તેમજ શુદ્ધતા તથા ગરિમા અને ગૌરવની વિશેષ કાળજી રાખવામાં આવી હતી. જો આપણે હુઝૂર ﷺ ના પોશાકને સમયના સાંસ્કૃતિક યુગ, આરબ પ્રદેશની મોસમી અને ભૌગોલિક તેમજ સાંસ્કૃતિક જરૂરિયાત અને પરંપરાઓના માળખામાં મૂકીને જોઈએ તો તે રુચિના ઉચ્ચ ધોરણના દર્શન કરાવે છે. આવો, હુઝૂર ﷺ ના પોશાક પર એક દષ્ટિપાત કરીએ :(1)

કુરતો (ખમીસ) ખૂબ પસંદ હતો. કુરતાની બાંયો ન સાંકડી રાખતા, ન વધારે ખુલ્લી, મધ્યમસરની પસંદ હતી. બાંયો કાંડા અને હાથના સાંધા સુધી પહોંચતી. મુસાફરી (વિશેષરૂપે જિહાદ અર્થાત્ ધર્મયુદ્ધ) માટે જે કુરતો પહેરતા તેના પાલવ અને બાંયોની લંબાઈ થોડી ઓછી રહેતી. ખમીસનો કોલર છાતી પર રહેતો, જેને ક્યારેક (મોસમી જરૂરત અનુસાર) ખુલ્લો પણ રાખતા અને એ જ હાલતમાં નમાઝ પઢતા. કુરતો પહેરતી વખતે પહેલા સીધો (જમણો) હાથ નાખતા પછી ઊલટો (ડાબો). સાથીઓને તેનું જ શિક્ષણ આપતા. (જમણા હાથની પ્રાધાન્યતા અને સારા કાર્યો માટે જમણા હાથનો ઉપયોગ હુઝૂર ﷺ એ શીખવાડેલ ઈસ્લામી સભ્યતાનો એક મહત્ત્વનો અંશ છે.)

આખું જીવન તહબંદ (લુંગી)નો ઉપયોગ કર્યો, જેને નાભિથી જરા નીચે બાંધતા અને પગના અડધા નળા સુધી (ઘૂંટણથી જરા ઊંચો), આગળનો ભાગ સહેજ નીચો રહેતો.

પાયજામો (સુરવાલ) જોયો તો પસંદ કર્યો. આપ ﷺ ના સહાબીઓ પહેરતા હતા. એક વાર પોતે ખરીદ્યો (મતભેદ છે કે પહેર્યો કે નહીં) અને તે આપ ﷺ ના 'તરકા' (અવસાન પછી છોડેલ વારસાના માલ-સામાન)માં હતો. તેની ખરીદીનો પ્રસંગ રસદાયક છે. હઝરત અબૂ હુરૈરા رضي الله عنه ને સાથે લઈને હુઝૂર ﷺ બજાર ગયા અને કાપડ અને કપડાં વેચનારાઓના ત્યાં ગયા. એક પાયજામો ચાર દિરહમના હિસાબે ખરીદ્યો. બજારમાં વસ્તુઓ તોલવા માટે એક ખાસ તોલાટ હતો. વજન કરાવવા ગયા અને તેને કહ્યું કે આને તોલો (اِتَّزِنْ وارجح), તોલાટ કહેવા લાગ્યો કે આ શબ્દો મેં કોઈના પાસેથી સાંભળ્યા નથી. હઝરત અબૂ હુરૈરા رضي الله عنه એ ધ્યાન અપાવ્યું, الاتعرف نَبِيَّك؟ "તમે તમારા નબીને ઓળખતા નથી ?" તે હાથ ચૂમવા વધ્યો, તો આપ ﷺ એ તેને અટકાવ્યો કે આ અજમીઓની (બિનઈસ્લામી) રીત છે. છેવટે વજન કરાવ્યું અને પાયજામો ખરીદીને લઈ ગયા. હઝરત અબૂ હુરૈરા رضي الله عنه એ ખૂબ

૧. વિગત માટે સંદર્ભો આપવામાં નથી આવી રહ્યા, સ્રોતના રૂપમાં મોટાભાગે 'શમાઈલે તિરમિઝી', 'ઝાદુલ મિઆદ' અને 'અલ-મવાહિબુદ-દુનિયા' નજર સમક્ષ છે.

આશ્ચર્યથી પૂછ્યું કે શું આપ ﷺ આને પહેરશો ? આશ્ચર્ય સંભવતઃ એટલા માટે થયું હશે કે એક તો લાંબા સમયથી ચાલ્યા આવતા નિત્યક્રમમાં આવો સ્પષ્ટ ફેરફાર અજીબ લાગ્યો. બીજું પાયજામા ફારસવાસીઓ (ઈરાનીઓ)નો પોશાક હતો અને બીજાઓની સામ્યતાથી હુઝૂર ﷺ નું બચવું જાણીતું હતું. (જો કે બીજી સભ્યતાઓના સારા અંશોને હુઝૂર ﷺ કબૂલ કરતા હતા.) આપ ﷺ એ જવાબ આપ્યો : "હા, પહેરીશ. સફરમાં પણ, મુકામ પર પણ, દિવસે પણ, રાત્રે પણ; કેમ કે મને 'સત્‌ર' (લજ્જાસ્પદ અંગોને ઢાંકવા)નો આદેશ આપવામાં આવ્યો છે અને આનાથી વધારે 'સત્‌રપોશ' (લજ્જસ્પદ ઢાંકવાવાળો) પોશાક કોઈ બીજો નથી."[1]

માથા પર અમામા (પાઘડી) બાંધવો ખાસ પસંદ હતું. તે ન વધારે મોટો હતો, ન નાનો. એક રિવાયત અનુસાર તેની લંબાઈ ૭ ગજ★ રહેતી હતી. અમામાનું લટકતું ફુમતું એક વેંત જેટલું અવશ્ય છોડતા, જે પાછળના ભાગે બંને ખભાઓની વચ્ચે રહેતું. તેનો છેડો પાછળની તરફ ખોસી દેતા. સૂર્યના સખત તડકાથી બચવા માટે તેને ઢીલો કરીને ફેલાવીને માથા પર નાખી દેતા. એ જ રીતે ઋતુને અનુરૂપ અંતિમ છેડો દાઢીની નીચે લઈને ગરદનના આસપાસ લપેટી લેતા. ક્યારેક અમામા ન હોય તો કપડાનો એક રૂમાલ પટ્ટીની જેમ માંથાથી બાંધી લેતા.[2] વધુમાં અમામાની શુદ્ધતા માટે તેલની ચીકાશથી બચાવવા એક ખાસ કપડું (અરબી નામ 'કિનાઅ') વાળ પર નાખતા, જેમ કે આજકાલ કેટલાક લોકો ટોપીઓના અંદર કાગળ કે સેલ્યૂલોઈડનો ટુકડો મૂકી દે છે. કપડાનો ટુકડો ચીકણો તો થઈ જતો, પરંતુ શુદ્ધતાની સ્થિતિ એ હતી કે (રિવાયતમાં સ્પષ્ટતા છે) તેને ક્યારેય મેલો કે ગંદો જોવામાં આવ્યો નથી. સફેદ ઉપરાંત પીળા (સંભવતઃ રાખોડી, માટી જેવા કે ઊંટ જેવા રંગ)નો અમામો પણ બાંધ્યો છે અને મક્કા-વિજય પ્રસંગે કાળા અમામાનો પણ ઉપયોગ કર્યો છે. અમામાની નીચે કપડાની ટોપી પણ ઉપયોગમાં રહી અને તેને પસંદ કરી. વધુમાં રિવાયતો અનુસાર અમામાની સાથે ટોપીનો આ ઉપયોગ જાણે ઈસ્લામી સભ્યતાની વિશિષ્ટ રીત હતી અને તેને આપ ﷺ એ મુશ્‌રિકોની તુલનામાં આગવી ફેશન ઠેરવી.

અમામા ઉપરાંત ક્યારેક માત્ર સફેદ ટોપી પણ પહેરતા. ઘરમાં પહેરવાની ટોપી માથાથી ચોંટેલી રહેતી, સફરમાં નીકળતા તો ઊંચી કોરની ટોપીનો ઉપયોગ કરતા. રેસાવાળી સીવેલા કપડાની જાડી ટોપી પણ પહેરી છે.

ઓઢવાની ચાદર ચાર ગજ લાંબી, સવા બે ગજ પહોળી હતી. ક્યારેક લપેટી

---

૧. અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ. ૩૩૬.
૨. એક મત એ છે કે આવું બીમારી (વિશેષરૂપે માથાના દુઃખાવા) વખતે થયું.
★ એક ગજ = ચોવીસ તસુનું લંબાઈનું માપ (અર્થાત્ ૧ ગજ = ચોવીસ ઈંચ)

લેતા, ક્યારેક એક પાલવ જમણા હાથની બગલમાંથી કાઢીને ડાબા ખભા પર નાખી દેતા. આ જ ચાદર ક્યારેક બેસતા ત્યારે પગોની આસપાસ લપેટી લેતા અને અમુક પ્રસંગોએ તેને વાળીને તકિયો (ઓશિકું) પણ બનાવી લેતા. પ્રતિષ્ઠિત મુલાકાતીઓના આતિથ્ય માટે ચાદર ઉતારીને બિછાવી પણ દેતા. યમનની ચાદર, જેને 'હબરા' કહેવામાં આવતી હતી, ખૂબ પસંદ હતી. તેમાં લાલ કે લીલી કિનારીઓ હતી. એક વાર હુઝૂર ﷺ માટે કાળી ચાદર (સંભવતઃ વાળની બનાવટની) બનાવવામાં આવી. તેને ઓઢી તો પરસેવાના કારણે દુર્ગંધ આવવા લાગી, તેથી શુદ્ધતાને ધ્યાનમાં રાખીને તેને તે પછી ન ઓઢી.

નવા કપડાં, અલ્લાહની પ્રશંસા અને આભારની સાથે, સામાન્ય રીતે જુમ્આ (શુક્રવાર)ના દિવસે પહેરતા. વધારાના જૂતાં (પગરખા) બનાવીને નહોતા રાખતા. કપડાંમાં થીગડાં લગાવતા હતા. તેને સાંધી લેતા. સાવધાની રૂપે ઘરમાં જોઈ લેતા કે સમૂહમાં બેસવાના કારણે કોઈ જૂ વગેરે આવી ન ઘૂસી હોય. (સભાઓ અને નમાઝોમાં મેલા-ગંદા લોકો પણ આવતા હતા અને સફાઈનું સામાન્ય ધોરણ પણ આપ ﷺ એ નિરંતર પ્રશિક્ષણ આપી-આપીને વર્ષોના ગાળામાં ઉચ્ચ કર્યું હતું.)

જ્યાં એક તરફ ગરીબી અને સાદગીનું આ સ્તર હતું, ત્યાં બીજી તરફ આપ ﷺ એ સંન્યાસ (કે સંસાર-ત્યાગ)નું નિર્મૂલન પણ કરવાનું હતું અને એ સિદ્ધાંતનું અમલીકરણ પણ અપેક્ષિત હતું કે અલ્લાહ તઆલાને એ વાત પસંદ છે કે તેણે પ્રદાન કરેલ ને'મત (આજીવિકા)ની અસર તેના બંદામાં જોવા મળે.[1] તેથી હુઝૂર ﷺ એ ક્યારેક-ક્યારેક સારા કપડાં પણ પહેર્યા. આપ ﷺ નો પંથ સંતુલિત હતો અને અંતિમવાદથી ઉમ્મતને બચાવવું અપેક્ષિત હતું. આમ, તંગ બાંયોનો રોમન ઝભ્ભો પણ પહેર્યો. (બુખારી, મુસ્લિમ) લાલ કિનારીવાળી સારી જોડ પણ પહેરી. 'તૈલસાની' પ્રકારનો, ઉપરથી પહેરવાનો ખુલતો-લાંબો જામા જેવો ઝભ્ભો (આજકાલ ન્યાયાધીશો પહેરે છે એવો) પણ ક્યારેક પહેર્યો, (અલ-મવાહિબુદ્-દુનિયા)[2] જેના કોલરની સાથે રેશમી કિનાર લાગેલી હતી. એક વાર ૨૭ ઊંટણીઓના બદલામાં એક મોંઘું જોડું ખરીદ્યું અને પહેર્યું અને તેના સાથે નમાઝ પણ પઢી. આ સમજૂતી હતી કુર્આનના એ બોલની કે "પૂછો, કોણ છે અલ્લાહે પ્રદાન કરેલ શોભાને હરામ કરવાવાળું?" (સૂરઃ આ'રાફ, આ.૩૨) બસ, હકીકત એ છે કે સામાન્ય નિત્યક્રમ સાદગીવાળો હતો.

કપડાં માટે સૌથી વધારે સફેદ રંગ વિશેષરૂપે પ્રિય હતો. ફરમાવ્યું, "સાચું

૧. અમ્ર અને ઇબ્ને શુઐબ અને તેમના પિતાની રિવાયત. (તિરમિઝી), અબી અહવઝ અને તેમના પિતાની રિવાયત. (નિસાઈ)
૨. રિવાયત : અસ્મા બિન્તે અબૂબક્ર ﷺ. (મુસ્લિમ)

એ છે કે તમારા માટે મસ્જિદોમાં અને કબરોમાં પણ અલ્લાહની સામે જવાનો સૌથી ઉત્તમ પોશાક સફેદ પોશાક છે."[1] ફરમાવ્યું, "સફેદા કપડાં પહેરવાનું રાખો અને સફેદ કાપડથી જ પોતાના મૃતકોને કફન આપો, કેમ કે આ વધારે પવિત્ર અને પસંદગીપાત્ર છે."[2]

સફેદ પછી લીલો રંગ પણ પસંદ હતો. પરંતુ એ રીતે કે આછી કિનારીઓ હોય. એ જ પ્રમાણે ભભકાદાર માત્ર લાલ રંગ ખૂબ જ અપ્રિય હતો. (પોશાક ઉપરાંત પણ તેના ઉપયોગની બીજા કેટલાક સ્વરૂપોમાં મનાઈ કરી.) પરંતુ આછા લાલ રંગની કિનારીવાળા કપડા આપ ﷺ એ પહેર્યા. આછો પીળો (માટી જેવો કે ઊંટ જેવો) રંગ પણ કપડાંમાં જોવામાં આવ્યો.

હુઝૂર ﷺ ના પગરખા પરંપરાગત અરબી સભ્યતા અનુસાર ચપ્પલ કે ચાખડીઓના પ્રકારના હતા, જેની બે પટ્ટીઓ હતી. એક અંગૂઠા અને તેના પાસેની આંગળીની વચ્ચે રહેતી, બીજી ટચલી આંગળી અને તેના પાસેની આંગળી વચ્ચે. પગરખા પર વાળ ન હતા, જેમ કે સામાન્ય રુચિના લોકોના પગરખામાં રહેતા હતા. પગરખા એક વેંત-બે આગળી લાંબા હતા. તળિયા (એડી)ની પાસેથી સાત આંગળી પહોળા અને બંને પટ્ટીઓ વચ્ચે પંજા પરથી બે આંગળીનું અંતર હતું. ક્યારેક ઊભા થઈને પહેરતા, ક્યારેક બેસીને પણ. પહેલા જમણો પગ નાખતા, પછી ડાબો પગ, અને ઉતારતા તો પહેલા ડાબા પગનું અને પછી જમણા પગનું પગરખું ઉતારતા.

જુરાબ (પગના લાંબા મોજાઓ) અથવા મોજાઓનો પણ ઉપયોગ કર્યો, જેમાં ક્યારેક ચાંદીના નંગ પણ હોતા, સાદા અને મામૂલી પણ અને ઉચ્ચ પ્રકારના પણ. હબશા (ઇથોપિયા)ના બાદશાહ નજ્જાશીએ કાળા રંગના સાદા મોજા ભેટ-સ્વરૂપે મોકલ્યા હતા. તેને પહેર્યા અને તેના પર મસહ (વુઝૂ કરતી વખતે હાથ ફેરવવો) કર્યો. એ જ પ્રમાણે વહય્ય કલ્બીએ પણ મોજાઓ ભેટ-સ્વરૂપે પ્રસ્તુત કર્યા. એ મોજાઓનો ઉપયોગ તે જ્યાં સુધી ફાટી ન ગયા ત્યાં સુધી કર્યો.

ચાંદીની વીંટીનો પણ ઉપયોગ કર્યો, જેમાં ક્યારેક ચાંદીનો નંગ હોતો, ક્યારેક હબશાના પથ્થરનો નંગ. અમુક રિવાયતોમાં એવું છે કે લોખંડની વીંટી પર ચાંદીનું પડ કે તેના પર ઢોળ ચઢાવેલ હતો. બીજી બાજુ એ સ્પષ્ટ છે કે લોખંડની વીંટી (અને ઘરેણા)થી આપ ﷺ ને અણગમો હતો. વીંટી સામાન્ય રીતે જમણા હાથમાં જ પહેરી હતી, ક્યારેક ડાબા હાથમાં, વચ્ચેની અને શહાદતની (અંગૂઠા અને વચલી)

૧. અબૂ દાઊદ, ઇબ્ને માજા.
૨. રિવાયત : સમરહ. (અહમદ, તિરમિઝી, નિસાઈ, ઇબ્ને માજા).

આંગળીમાં ન પહેરતા, ટચલી આંગળીમાં પહેરવાનું પસંદ કરતા. નંગ ઉપરની તરફ રાખવાને બદલે હથેળી તરફ રાખતા. વીંટી પર 'મુહમ્મદુર્રસૂલુલ્લાહ'ના શબ્દો ક્રમવાર નીચેથી ઉપર સુધી પંક્તિમાં કોતરેલા હતા. આનાથી પત્રો પર મહોર (સિક્કો) લગાવતા હતા. સંશોધકોનો એ મત સાચો છે કે વીંટી મહોરની જરૂરતથી બનાવડાવી હતી અને રાજકીય હોદ્દાના કારણે તેનો ઉપયોગ આવશ્યક હતો.

વેશભૂષા અને સાજ-સજ્જા

હુઝૂર ﷺ પોતાના વાળ ખૂબ સારી રીતે રાખતા હતા. તેમાં તેલનો ખૂબ ઉપયોગ કરતા, કાંસકી કરતા, પાંથી પાડતા..હોઠો પર આવી જતાં વાળને કાપવાની કાળજી રાખતા. દાઢી પણ લંબાઈ-પહોળાઈમાં કાતરથી બરાબર કરતા. આ મામલામાં સાથીઓને પ્રશિક્ષિત કરતા, જેમ કે - એક સહાબીને વિખરાયેલા વાળ સાથે જોયા તો ઠપકો આપ્યો. એક સહાબીની દાઢીના વધી ગયેલા વાળને પોતાના હાથે કાપીને બરાબર કર્યા. ફરમાવ્યું કે જે વ્યક્તિ માથા કે દાઢીના વાળ રાખતો હોય તેણે તેને સારી રીતે, ઢંગથી રાખવા જોઈએ; જેમ કે અબૂ કતાદાને સંબોધન કરતાં ફરમાવ્યું, 'أَكْرِمْهَا.' (આને બરાબર રાખો.)[૧]

આ તાકીદ હુઝૂર ﷺ એ એટલા માટે ફરમાવી હતી કે ક્યારેક ધાર્મિક લોકો સફાઈ અને સૌજન્યશીલતાના તકાદાઓથી બેદરકાર થઈ જાય છે. વિશેષરૂપે તસવ્વુફ (સૂફીવાદ)નો રંગ જ્યારે વધી જાય છે અને સંન્યાસ ઊભરે છે, તો ગંદા રહેવું ઉચ્ચ દરજ્જાની દલીલ બની જાય છે. આ જોખમનું નિવારણ ફરમાવ્યું.

સફર અને મુકામમાં સાત વસ્તુઓ હમેશા સાથે રહેતી અને બિસ્તરના નજીક - (૧) તેલની શીશી (૨) કાંસકો - હાથીદાંતનો પણ. (૩) સુરમાદાની-કાળા રંગની (૪) કાતર (૫) મિસ્વાક (૬) દર્પણ (૭) લાકડાની અણિયારી સાંકડી ચીપ.

સુરમો રાત્રે ઊંઘતી વખતે (જેથી વધારે દેખાઈ ન આવે) ત્રણ-ત્રણ સળી બંને આંખોમાં લગાવતા. રાત્રિના અંતિમ ભાગમાં હાજતથી નિવૃત્ત થઈને વુઝૂ કરતા. કપડાં માંગતા અને ખુશબો લગાવતા. રૈહાન (ડમરો)ની ખુશબો પસંદ હતી. મહેંદીના ફૂલ પણ તેની મંદ અને ભીની સુવાસના કારણે પ્રિય હતા. મુશ્ક અને ઊદની ખુશબો સૌથી વધારે પસંદ હતી. ઘરમાં ખુશબોદાર ધૂપ કરવાનું રાખતા. એક અત્તરદાની હતી, જેમાં ઉત્તમ ખુશબો હંમેશા રહેતી અને તેનો નિત્ય ઉપયોગ કરતા. (ક્યારેક હઝરત આઈશા رضي الله عنها પોતાના મુબારક હાથે ખુશબો લગાવતા.) પ્રસિદ્ધ વાત એ છે કે આપ જે શેરીમાંથી પસાર થતા હતા, ઘણીવાર તેમાં મહેંક

૧. રિવાયત : અબૂ હુરૈરા رضي الله عنه

રહેતી હતી, અને વાતાવરણ બતાવતું હતું કે 'ગુઝર ગયા હૈ ઇધર સે વો કારવાંને બહાર.' ખુશબોની ભેટ મળતી તો તેનો અવશ્ય સ્વીકાર કરતા અને જો કોઈ ખુશબો ભેટરૂપે લેવામાં સંકોચ કરતો તો એ વાતને પસંદ ન કરતા. ઈસ્લામી સભ્યતાની વિશેષ રુચિ મુજબ આપ ﷺ એ પુરુષો માટે એવી ખુશબોને પસંદ કરી, જેનો રંગ દેખાય નહીં અને મહેંક ફેલાય અને સ્ત્રીઓ માટે એ ખુશબો પસંદ કરી જેનો રંગ દેખાય, પણ મહેંક ન પ્રસરે.

ચાલ

હુઝૂર ﷺ ની ચાલ મહાનતા, સ્વમાન, સૌજન્યશીલતા અને જવાબદારીની સભાનતાનું દર્શન કરાવતી હતી. ચાલતા, તો મક્કમતાથી પગ જમાવીને ચાલતા, ઢીલાપણાથી પગ ઘસડીને નહીં. ડાબે-જમણે જોયા વગર ચાલતા. શક્તિપૂર્વક આગળ ડગ ઉઠાવતા. ચાલતી વખતે શરીર થોડુંક આગળની તરફ ઝુકેલું રહેતું. એવું લાગતું કે ઊંચાઈથી નીચેની તરફ ઊતરી રહ્યા હોય ! હિન્દ બિન અબી હાલા રઝિ. ના શબ્દોમાં, "જાણે જમીન આપ ﷺ ની ચાલની સાથે લપેટાઈ રહી હોય." ચાલમાં ઝડપ રહેતી, ડગલા ખુલ્લા રાખતા. આપ ﷺ સામાન્ય ગતિથી ચાલતા, પણ હઝરત અબૂ હુરૈરા રઝિ. ના કથનાનુસાર, "અમે મુશ્કેલીથી સાથ આપી શકતા." હુઝૂર ﷺ ની ચાલ એ સંદેશ પણ આપતી હતી કે, "જમીનમાં ઘમંડપૂર્વક ન ચાલો." (સૂરઃ લુકમાન)

વાણી અને વાતચીત

વાણી, માનવીના ઈમાન, ચરિત્ર અને સ્થાનને સંપૂર્ણપણે ખોલી નાખે છે. વિષયો અને શબ્દોની પસંદગી, વાક્યોની બાંધણી, અવાજનો ઉતાર-ચઢાવ, લહેજો અને વર્ણન કરવાની આવડત, આ બધી વાતો સ્પષ્ટ કરે છે કે વાતચીત કરનાર કે બોલનાર કયા સ્તરનું વ્યક્તિત્વ ધરાવે છે.

હુઝૂર ﷺ ના હોદ્દા અને જવાબદારીઓનું સ્વરૂપ એવું હતું કે જો તેનો ભાર કોઈ બીજા વ્યક્તિ પર નાખવામાં આવ્યો હોત, તો તે વિચારો અને ચિંતાઓમાં ડૂબીને રહી જતો અને તેને એકાંતવાસ પ્રિય થઈ ગયો હોત. પરંતુ હુઝૂર ﷺ ના વિશેષ ગુણોમાં એ વાત પણ સામેલ છે કે એક તરફ આપ વિચારો અને પ્રશ્નોના કામોનો પહાડ માથા પર ઉપાડતા અને ભિન્ન-ભિન્ન પ્રકારની પરેશાનીઓમાંથી પસાર થતા, પરંતુ બીજી બાજુ લોકોની સાથે ખૂબ હળતા-મળતા પણ રહેતા અને દિવસ-રાત વાતચીતોનો ક્રમ ચાલતો રહેતો. સ્વભાવમાં ગંભીરતા પોતાની જગ્યાએ હતી તેમજ ચહેરા પર સ્મિત અને વિનોદવૃત્તિ પોતાની જગ્યાએ. તદ્દન વિપરીત

વાતોમાં આશ્ચર્યજનક સંતુલન હતું, જેની અભિવ્યક્તિ હુઝૂર ﷺ ની જાત હતી. વૈશ્વિક આંદોલનની જવાબદારી, રાજ્યના પ્રશ્નો, જમાઅત (સમુદાય) અને સમાજના મામલાઓ અને વધારામાં પોતાના વિશાળ પરિવારની જવાબદારીઓ સારા એવા ભાર સમાન હતી, જેને હુઝૂર ﷺ ના ખભાઓ વહન કરી રહ્યા હતા. તેથી ઇમામ હસન رضي الله عنه પોતાના મામા હિન્દ બિન અબી હાલા رضي الله عنه ના સંદર્ભથી બતાવે છે કે, ''અલ્લાહના રસૂલ ﷺ એક પછી એક પરેશાનીઓમાં રહેતા. હંમેશા સમસ્યાઓ પર વિચાર કરતા રહેતા. ક્યારેય આપ ﷺ ને નિશ્ચિંતતાની કોઈ પળ ન મળી. લાંબા સમય સુધી મૌન રહેતા અને બિનજરૂરી વાતચીત ન કરતા.''(૧)

પરંતુ આપ ﷺ એક દાઈ (ઇસ્લામના આમંત્રક) હતા, અને એક આંદોલનના વડા. તેથી પ્રચાર અને પ્રશિક્ષણ, આત્મ-શુદ્ધિ અને સંવર્ધન તેમજ રાજકીય વ્યવસ્થા ચલાવવા માટે લોકો સાથે સંપર્ક આવશ્યક હતો, વાતચીત તેનું સૌથી મુખ્ય માધ્યમ હતું. તેથી બીજી પરિસ્થિતિ હઝરત ઝૈદ બિન સાબિત رضي الله عنه ના શબ્દોમાં આ હોત કે, ''જ્યારે અમે દુનિયાના મામલાઓનો ઉલ્લેખ કરી રહ્યા હોઈએ તો હુઝૂર ﷺ તેમાં પણ ભાગ લેતા, જ્યારે અમે આખિરતની ચર્ચા કરતા તો હુઝૂર ﷺ અમારા સાથે આ વિશે પણ વાતચીત કરતા, અને જ્યારે અમે લોકો ખાવા-પીવાની કોઈ વાત કરતા તો હુઝૂર ﷺ તેમાં પણ સામેલ રહેતા.''(૨) તેમ છતાં આપ ﷺ એ અલ્લાહના સોગંદ ખાઈને એ સૈદ્ધાંતિક હકીકત વર્ણવી કે મારા મોઢામાંથી સત્ય સિવાય કોઈ વાત નીકળતી નથી. કુર્આને પણ وَمَا يَنْطِقُ عَنِ الْهَوَىٰ★ની સાક્ષી આપી.

વાતચીતમાં શબ્દો એટલા થોભી-થોભીને બોલતા કે સાંભળનાર સરળતાથી યાદ કરી લેતો, બલ્કે તેના સાથે શબ્દોને ગણી શકાતા હતા. ઉમ્મે મઅ્બદે કેટલી સરસ સમજૂતી આપી કે, ''સમગ્ર વાતચીત મોતીઓની માળાની જેમ પરોવેલી.'' શબ્દો ન જરૂરતથી વધારે, ન ઓછા – વાત ન અધૂરી, ન લાંબી. તાકીદ, સમજણ અને સરળતાથી યાદ રહી જાય એ માટે ખાસ શબ્દો અને વાક્યોને ત્રણ વાર દોહરાવતા પણ હતા. અમુક બાબતોમાં જ્યારે વિસ્તારથી વાત કરવાનું યોગ્ય ન સમજતા, તો ઈશારાઓમાં કહેતા. ઘૃણાસ્પદ, અશ્લીલ અને નિર્લજ્જ વાતોથી નફરત હતી. વાતચીતમાં સામાન્ય રીતે સ્મિત સામેલ રહેતું. અબ્દુલ્લાહ બિન હારિસનું વર્ણન છે કે, ''મેં હુઝૂર ﷺ થી વધારે કોઈને સ્મિત કરતા જોયા નથી.'' આ સ્મિત હુઝૂર ﷺ ની ગંભીરતાને રૂક્ષ અને નિષ્ઠુર બનવાથી બચાવતું હતું, અને સાથીઓ માટે આકર્ષણનું કારણ બનતું. વાત કરતાં વારંવાર આકાશ તરફ જોતા, વાતચીત દરમ્યાન

૧. શમાઈલે તિરમિઝી, પ્રકરણ : કૈફ કાન કલામ રસૂલુલ્લાહ ﷺ.
૨. શમાઈલે તિરમિઝી, પ્રકરણ : મા જાઅ ફી ખલ્કિ રસૂલુલ્લાહ ﷺ.
★ "તે પોતાની મરજીથી નથી બોલતો." (સૂરઃ નજ્મ, આ.૩)

કોઈ વાત પર ભાર મૂકવા માટે ટેકાથી ખસીને સીધા બેસી જતા અને વિશેષ વાક્યોને વારંવાર દોહરાવતા. હાજરજનોને કોઈ વાતથી ડરાવતા તો વાતચીતની સાથે-સાથે જમીન પર હાથ મારતા. વાતની સ્પષ્ટતા માટે હાથ અને આંગળીઓના ઇશારાઓ (Gesture)થી પણ મદદ લેતા, જેમ કે બે વસ્તુઓના એકઠા થવાનું સ્પષ્ટ કરવા માટે શહાદત (અંગૂઠા પાસે)ની આંગળી અને વચ્ચેની આંગળીને મેળવીને બતાવતા. ક્યારેક બંને હાથોની આંગળીઓને પરસ્પર એક-બીજાની આરપાર કરીને મજબૂતી કે એકતાના ભાવાર્થને સ્પષ્ટ કરતા. કોઈ વસ્તુ કે દિશા તરફ ઇશારો કરવો હોય તો આખો હાથ એ તરફ ફેરવતા. ક્યારેક ટેકો લગાવીને મહત્ત્વના મામલાઓ પર વાત કરતા તો જમણા હાથને ડાબા હાથની પીઠ પર મૂકીને અંગૂઠાના અંદરના ભાગ પર મારતા. ક્યારેક માથું હલાવતા અને હોઠોને દાંતોથી દબાવતા. ક્યારેક હાથને જાંઘ પર મારતા.

— મક્કાના કુરૈશના એક પ્રતિષ્ઠિત પરિવારનો આ વિશિષ્ટ વ્યક્તિ કબીલા બનૂ સઅદના વાતાવરણમાં આરબ પ્રદેશની ખૂબ જ સમૃદ્ધ ભાષાથી વિભૂષિત તો હતો જ, વળી વહી (દિવ્ય વાણી)ની સ્પષ્ટ ભાષાએ વાતચીતની સુંદરતાને વધારે ચમકદાર બનાવી દીધી હતી. સત્ય એ છે કે હુઝૂર ﷺ 'અફસહુલ અરબ' (આરબોમાં શ્રેષ્ઠ ભાષા બોલનાર) હતા. એક તરફ હુઝૂર ﷺ ની વાતનું સાહિત્યિક ધોરણ ખૂબ ઉચ્ચ હતું, તો બીજી તરફ તેમાં સામાન્ય રીતે સમજમાં આવી જાય એવી સાદગી પણ હતી, અને વધુમાં કમાલ એ છે કે ક્યારેય કોઈ હલકા અને બજારુ શબ્દોનો ઉપયોગ નથી કર્યો અને ન ક્યારેય બનાવટી શૈલીની ભાષાને પસંદ કરી. કહેવું જોઈએ કે હુઝૂર ﷺ એ પોતાના સંદેશ અને અને પોતાના મિશનની જરૂરતોને સામે રાખીને સ્વયં પોતાની એક ભાષા પેદા કરી હતી, એક શૈલી બનાવી હતી. આમ, હુઝૂર ﷺ ના એક કથન 'الحرب خدعة' (યુદ્ધ ચાલો અને યુક્તિઓથી લડવામાં આવે છે) પર ચર્ચા કરતાં સઅ્લબનું કહેવું હતું કે 'هي لغة النبي ﷺ' (એ નબી ﷺ ની વિશિષ્ટ ભાષા હતી.) અસંખ્ય પરિભાષાઓ બનાવી, વાક્ય-રચનાઓ બનાવી, ઉપમાઓ અને રૂપકો ઘડ્યા, વક્તૃત્વ અને પ્રવચનની નવી શૈલી પેદા કરી તેમજ ઘણા પ્રચલિત શબ્દો અને શૈલીને ત્યજી. એક વાર બનૂ નહદના લોકો આવ્યા, તો વાતચીત દરમ્યાન આવનારાઓએ આશ્ચર્યથી કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! અમે અને આપ બધા એક જ માતા-પિતાની સંતાન છીએ, એક જ સ્થળે પાલન-પોષણ થયું છે, તો પછી આ શું વાત છે કે આપ ﷺ એવી અરબીમાં વાત કરો છો કે જેને (અર્થાત્ તેના લાલિત્યને) અમારામાંથી મોટાભાગના સમજી શકતા નથી ?'' આપ ﷺ એ ફરમાવ્યું અને સરસ ફરમાવ્યું, '' ان الله عزّ وجل أدّبني فأحسن أدبي ونشأت في بني سعد بن بكر۔ (મારું

ભાષાકીય પ્રશિક્ષણ સ્વયં મહાન અને ઉચ્ચ અલ્લાહે કર્યું છે અને મારી સાહિત્યિક રુચિને વધારે સુંદર બનાવી દીધી. વધુમાં મારો ઉછેર બનૂ સઅદ કબીલાના સમૃદ્ધ અને સહજ ભાષાકીય વાતાવરણમાં થયો છે.) એક પ્રસંગે કોઈ મુલાકાતી સાથે વાત થઈ. હઝરત અબૂબક્ર ؓ આશ્ચર્યથી સાંભળી રહ્યા હતા. પૂછ્યું, આ વ્યક્તિએ આપ ﷺ ને શું કહ્યું અને આપ ﷺ એ શું કહ્યું ? હુઝૂર ﷺ એ સ્પષ્ટતા કરી. તેના પર સિદ્દીકે અકબર હઝરત અબૂબક્ર ؓ કહેવા લાગ્યા, ''હું આરબ પ્રદેશમાં ફર્યો છું અને આરબ ભાષાવિદોની વાતો સાંભળી છે, પરંતુ આપ ﷺ થી વધારે સુંદર અને સહજ ભાષા બીજા કોઈની નથી સાંભળી.'' અહીં પણ એ જ વાત હુઝૂર ﷺ ફરમાવે છે – أدّبني ربي ونشأت في بني سعد (મારું ભાષાકીય પ્રશિક્ષણ અલ્લાહે કર્યું છે અને મારો ઉછેર બનૂ સઅદમાં થયો છે.) એ જ પ્રમાણે હઝરત ઉમર ؓ એક વાર કહેવા લાગ્યા, ''હે અલ્લાહના નબી ﷺ ! શું વાત છે કે આપ ભાષાના સૌંદર્ય અને તેની સાહજિકતામાં અમારાથી શ્રેષ્ઠ છો, જ્યારે કે આપ ﷺ અમારાથી ક્યારેય જુદા નથી થયા.'' તો ફરમાવ્યું, كانت لغة اسمٰعيل قد درست فجاء بها جبريل وحفظنيها. (હઝરત ઈસ્માઈલ ؑ ની ભાષા જે મૃત થઈ ચૂકી હતી, તેને જિબ્રઈલ ؑ મારા સુધી લાવ્યા અને મને યાદ કરાવી દીધી.)[૧] આનો અર્થ એ છે કે હુઝૂર ﷺ ની ભાષા સામાન્ય અરબી ન હતી, બલ્કે ખાસ પયગંબરી ભાષા હતી. તેના સાથે-સાથે એ બાબત સામે રહેવી જોઈએ કે ઇતિહાસના મહાન લોકો, વિશેષરૂપે અંબિયા ؑ, જેઓ એક મિશન સાથે માહોલથી સંઘર્ષ કરે છે અને તેમાં હર પળ સાચી ભાવનાઓની લહેરો ઊઠતી રહે છે, તેઓ વાત કરે છે તો તેમાં ઉદ્દેશ્યની મહાનતા ભાવાર્થો અને અર્થઘટનોના ઊંડાણ સર્જે છે, નિષ્ઠાપૂર્ણ ભાવનાઓ તેને સાહિત્યિક માધુર્ય પ્રદાન કરે છે અને ચરિત્રની ઉચ્ચતા તેને પવિત્રતા બક્ષે છે.

હુઝૂર ﷺ ની વિશિષ્ટ શાન એ હતી કે આપ ﷺ ને جوامع الكلم પ્રદાન કરવામાં આવ્યા હતા. આપ ﷺ એ સ્વયં ફરમાવ્યું, أعطيت جوامع الكلم (મને જવામિઉલ કલમ પ્રદાન કરવામાં આવેલ છે.)[૨] 'જવામિઉલ-કલમ' હુઝૂર ﷺ ના એ અતિ સંક્ષિપ્ત વાક્યો છે, જે ભાવાર્થની રીતે ખૂબ વિસ્તૃત છે. ઓછામાં ઓછા શબ્દોમાં વધારેમાં વધારે અર્થ પ્રસ્તુત કરવામાં સરવરે આલમ ﷺ અનુપમ હતા. આપ ﷺ એ આને વિશેષરૂપે અલ્લાહનું પ્રદાન લેખ્યું છે.

અહીં અમે અમુક ઉદાહરણો આપીએ છીએ :–

(૧) المرء مع من احبّ – માનવી એના જ સાથે ઊઠશે, જેના સાથે તે પ્રેમ રાખે છે.

૧. વિગત માટે જુઓ : અલ-મવાહિબુદ્દ-દુનિયા, ભા-૧, પૃ. ૨૫૯

૨. રિવાયત : અબૂ હુરૈરા ؓ. (મુસ્લિમ)

(૨) أسلم تسلم — તમે ઈસ્લામ કબૂલ કરો, તો સલામતી પામશો.[1]

(૩) إنما الأعمال بالنيات — આ'માલ (કર્મો)નો આધાર નિયત પર છે.

(૪) ليس للعامل من عمله إلا ما نواه — કોઈ અમલ કરવાવાળાને પોતાના અમલમાંથી તેના સિવાય કંઈ નથી મળતું, જેની તેણે નિયત કરી છે.

(૫) الولد للفراش وللعاهر الحجر — સંતાન તેની, જેના બિસ્તર પર (ઘરમાં) તેનો જન્મ થાય, અને વ્યભિચારી માટે પથ્થર !

(૬) الحرب خدعة — યુદ્ધ ચાલો અને યુક્તિઓથી લડવામાં આવે છે.

(૭) ليس الخبر كالمعاينة — સાંભળેલું જોયા સમાન નથી હોતું.

(૮) المجالس بالأمانة — પરામર્શની સભાઓ માટે અમાનત (ગુપ્તતા) અનિવાર્ય છે.

(૯) ترك الشر صدقة — બૂરાઈથી બચવું પણ સદકો (નેકી) છે.

(૧૦) سيد القوم خادمهم — કોમનો વડો એ છે, જે તેની સેવા કરે.

(૧૧) كل ذي نعمة محسود — ને'મત (કૃપા) પ્રાપ્ત કરનાર પ્રત્યેક વ્યક્તિથી ઈર્ષ્યા કરવામાં આવે છે.

(૧૨) الكلمة الطيبة صدقة — સારી વાતચીત પણ એક સદકો (નેકી) છે.

(૧૩) من لا يرحم لا يرحم — જે (મખ્લૂક પર, અલ્લાહે પેદા કરેલ સર્જનો પર), વિશેષરૂપે મનુષ્યો પર દયા નથી કરતો, તેના પર (અલ્લાહના દરબારથી) દયા કરવામાં નહીં આવે.

આદર-માનને લાયક રસૂલ ﷺ ના કથનો, શબ્દોની રીતે, શૈલીની રીતે, ભાવાર્થની રીતે સામાન્યપણે ઓળખાઈ આવે છે, તેમજ હદીસો અને સીરત (જીવન-ચરિત્ર)ના રેકર્ડમાં હુઝૂર ﷺ ના જે વાક્યો છે, તે મોતીઓની જેમ ઝળહળે છે. થોડા શબ્દો, તેનો સુંદર વિન્યાસ, તેમાં ભાવાર્થની ગહનતા, હૃદયને પ્રભાવિત કરનાર નિષ્ઠાનો ભાવ નબી ﷺ ના કલામ (વાણી)ની વિશિષ્ટતાઓમાંથી છે. ઉચિત રહેશે કે લાલિત્ય અને સાહજિકતાથી ભરપૂર ત્રણ-ત્રણ ફકરાઓ દર્શાવવામાં આવે :—

★ ''હું તમને અલ્લાહથી ડરતા રહેવાની વસિયત કરું છું. સામૂહિક વ્યવસ્થા માટે સાંભળવા અને અનુસરણની તાકીદ કરું છું — ચાહે (તેને ચલાવવા માટે) કોઈ હબશી ગુલામ જ (નેતૃત્વના પદ પર) કેમ ન હોય, કેમ કે તમારામાંથી જે લોકો મારા પછી જીવંત રહેશે, તેઓ અનેક મતભેદોનો સામનો કરશે. બસ, (આવી પરિસ્થિતિમાં) તમારા પર અનિવાર્ય છે કે મારી રીત અને મારા

માર્ગદર્શન-પ્રાપ્ત ખુલફાએ-રાશેદીનની રીતને અપનાવો. તેને મજબૂત પકડો, તેને દાંતોથી પકડી રાખો. સાવધાન ! દીનમાં નવા-નવા ફણગાઓ કાઢવાથી દૂર રહો, કેમ કે દરેક નવો ફણગો 'બિદઅત' છે, અને દરેક 'બિદઅત' ગુમરાહી (પથભ્રષ્ટતા) છે."[૧]

★ ઉમરૂ બિન અબસહએ હુઝૂર ﷺ સાથે થોડીક વાતો કરી, જેના ખૂબ જ સંક્ષિપ્ત, પરંતુ સર્વગ્રાહી જવાબો હુઝૂર ﷺ એ આપ્યા. આ નાના વાર્તાલાપને જુઓ.

— આ દા'વત (ઇસ્લામના આમંત્રણ) અને આહવાન્ના કાર્યમાં (આરંભમાં) કોણ-કોણ તમારા સાથે હતું ?

● એક સ્વતંત્ર પુરુષ (અર્થાત્ હઝરત અબૂબક્ર ﵁) અને એક ગુલામ (અર્થાત્ હઝરત બિલાલ ﵁).

— ઇસ્લામ (ની નૈતિક વાસ્તવિકતા) શું છે ?

● પવિત્ર વાત અને ભૂખ્યાઓને ભોજન કરાવવું.

— ઈમાનનો સાર અને સત્વ શું છે ?

● સબ્ર (ધૈર્ય) અને સખાવત.

— કેવો ઇસ્લામ શ્રેષ્ઠ (પ્રમાણભૂત) છે ?

● એ વ્યક્તિનો, જેની જીભ અને જેના હાથના નુકસાનથી મુસલમાન સુરક્ષિત રહે."

— કેવું ઈમાન શ્રેષ્ઠ (પ્રમાણભૂત) છે ?

● જેના સાથે સારા ગુણો જોવા મળે.

— કેવી નમાઝ શ્રેષ્ઠ (પ્રમાણભૂત) છે ?

● જેમાં વધારે વાર આજીજી અને વિનમ્રતાની સાથે ઊભા રહેવામાં આવે.

— કેવી હિજરત શ્રેષ્ઠ (પ્રમાણભૂત) છે ?

● એવી કે તમે એ વસ્તુઓને ત્યજી દો, જે તમારા પાલનહારને અપ્રિય છે.

— કેવો જિહાદ શ્રેષ્ઠ (પ્રમાણભૂત) છે ?

● એ વ્યક્તિનો, જેનો ઘોડો પણ મેદાનમાં માર્યો જાય અને પોતે પણ શહીદીને વરે.

— કઈ ઘડી (ઇબાદત માટે) સૌથી સારી છે ?

● રાત્રિનો પાછલો પહોર.[૨]

---

૧. મિશ્કાત : પ્રકરણ : અલ-એ'તેસામ બિલ-કિતબ વલ-સુન્નહ.
૨. મિશ્કાત : કિતાબુલ ઈમાન.

★ એક વાર પૂછવામાં આવ્યું કે 'માનવીઓને દોજખ સુધી પહોંચાડનાર પ્રેરકો મુખ્યત્વે ક્યા છે ? ફરમાવ્યું : الفم والفرج[1] અર્થાત્ મોઢું અને ગુહ્યેન્દ્રિય. 'મોઢા'થી ઈશારો વાણી અને ભોજન બંને વસ્તુઓ તરફ છે. ગુહ્યેન્દ્રિયથી ઈશારો છે કામવાસનાના પ્રેરકો તરફ. અર્થાત્ વાણીનું ખરાબ હોવું, રોજીનું અપવિત્ર હોવું, અને જાતીય ઇચ્છાઓનું સ્વચ્છંદી હોવું, મનુષ્યોની આખિરતને સૌથી વધારે બરબાદ કરવાવાળા છે. મોટાભાગે ઝઘડાઓ અને અથડામણો તેમજ અતિરેકો અને અત્યાચારો પણ આ જ ખરાબીઓનું પરિણામ હોય છે.

★ હઝરત અલી ؓ એ એક વાર પ્રશ્ન કર્યો કે આપ ﷺ પોતાના મસ્લક (પંથ)ની સ્પષ્ટતા કરે. આપ ﷺ એ સંક્ષિપ્તમાં સહજ અંદાજમાં જે જવાબ આપ્યો અને આ જવાબમાં પોતાની વિચારધારા, પોતાના ચરિત્ર અને પોતાની ધાર્મિકતાની સર્વગ્રાહી છબી ખેંચી તે સ્વયં માનવીય વાણીના ઇતિહાસમાં એક ચમત્કાર છે. જુઓ :

المعرفةُ رأس مالی، والعقلُ اصلُ دینی، والحب اساسی، والشوقُ مرکبی، وذکر الله انیسی ، والثقةُ کنزی، والحزن رفیقی، والعِلمُ سلاحی، وَالصَّبرِ ردائی، وَالرِّضاءُ غنیمتی، والعجزی فخری، والزُّهد حِرفَتی، والیقینُ قُوّتی، والصّدقُ شفیعی، والطّاعتُ حسبی، والجهادُ خُلقی، وَقُرَّةُ عَینِي فی الصَّلوة۔

અનુવાદ : ''ઇરફાન (બ્રહ્મજ્ઞાન) મારી સંપત્તિ છે. બુદ્ધિ મારા દીન (ધર્મ)નું મૂળ છે. પ્રેમ મારો પાયો છે. શોખ અને ઉમંગ મારી સવારી છે. અલ્લાહનો ઝિક્ર (સ્મરણ) મારો સાથી છે. વિશ્વાસ મારો ખજાનો છે. દુઃખ અને વ્યથા મારા મિત્રો છે. જ્ઞાન મારું શસ્ત્ર છે. સબ્ર (ધૈર્ય) મારો પોશાક છે. અલ્લાહની પ્રસન્નતા મારો ગનીમત (યુદ્ધ પછી મળેલ માલ-સામાન) છે. આજીજી અને વિનમ્રતા મારા માટે પ્રતિષ્ઠાનું કારણ છે. આત્મ-સંયમ મારો વ્યવસાય છે. ભરોસો મારી શક્તિ છે. ('કુવ્વત' હોય તો ખોરાક છે) સચ્ચાઈ મારો ભલામણકર્તા છે. અનુસરણ મારો બચાવ છે. જિહાદ મારું ચરિત્ર છે, અને મારી આંખોની ઠંડક નમાઝમાં છે.''[2]

★ ઉપમા અને રૂપકોના અનુપમ ઉદાહરણો આપ ﷺ ની વાતમાં સુરક્ષિત છે, જેની મદદથી મોટી-મોટી સચ્ચાઈઓ આપ ﷺ એ બદ્દુઓ (આરબ ગ્રામ-વાસીઓ)ના મનમાં બેસાડી દીધી. તેમાંથી અહીં એક જ દૃષ્ટાંતને લો :–

૧. રિવાયત : અબૂ હુરૈરા ؓ (તિરમિઝી).
૨. જુઓ : રિવાયત હઝરત અલી ؓ, ઉલ્લેખિત : 'અલ-શિફા' લે. : કાઝી અયાઝ.

''મને અલ્લાહે માર્ગદર્શન અને જ્ઞાનની જે કંઈ સંપત્તિ આપીને મોકલ્યો છે, તેનું ઉદાહરણ એવું છે, જેમ કે મુશળાધાર વરસાદ થાય, પછી જમીનના એ ટુકડો જે ખૂબ ફળદ્રુપ છે તેણે પાણીને સંપૂર્ણપણે આત્મસાત કર્યું અને મુરઝાઈ ગયેલ વનસ્પતિ તેનાથી તરોતાજા થઈ ગઈ અને પુષ્કળ પ્રમાણમાં તેનાથી નવી કુંપળો ફૂટી નીકળી. પછી જમીનનો કેટલોક કઠણ ભાગ એવો પણ હતો, જેણે પાણીને પોતાનામાં એકઠું કરી રાખ્યું અને અલ્લાહે તેને લોકો માટે લાભપ્રદ બનાવ્યું. તેમણે તેને પીધું-પીવડાવ્યું અને ખેતરોને તેનાથી સિંચ્યા. પછી આ પાણી એક બીજા ટુકડા પર વરસ્યું, જે સપાટ મેદાન હતું, અને ન તેણે પાણી એકઠું કરીને રાખ્યું, ન આત્મસાત કરીને હરિયાળી બતાવી. આમ, તેમાં એક દૃષ્ટાંત તો એ લોકોનું છે, જેમણે દીનના જ્ઞાનમાં સૂઝબૂજ પેદા કરી અને જે કંઈ માર્ગદર્શન મને આપીને અલ્લાહતઆલાએ મોકલ્યો છે, તેનાથી તેને લાભ પહોંચ્યો. તેણે સ્વયં જ્ઞાન પ્રાપ્ત કર્યું અને બીજાઓને શીખવાડ્યું. બીજું દૃષ્ટાંત એ લોકોનું છે, જેમણે આ દા'વત (સંદેશ)નો સ્વીકાર કર્યો, જે મારા માધ્યમથી મોકલવામાં આવેલ છે.''

— આપ ﷺ ની વાતચીતના અંદાજનું કોઈ શીર્ષક બાંધવામાં આવી શકે છે, તો કુર્આનના એ વાક્યથી કે - وقولوا للناس حسنا ''લોકો સાથે ભલી રીતે વાતચીત કરો.'' આપ ﷺ ની સુંદર વાતચીતમાં સાદગીની શાન હતી. બનાવટી વાતચીતથી આપ ﷺ ને ઘૃણા હતી. ફરમાવ્યું :

ابعدكم منى يوم القيمة الثرثارون المتشدقون والمتفيهقون.

''તમારામાંથી કયામતના દિવસે એ લોકો મારાથી અત્યંત દૂર હશે, જેઓ ખૂબ જ બોલવાવાળા વાતોડિયા અને અહંકાર કરવાવાળા હશે.''

એ જ રીતે આપ ﷺ ને ગંભીરતા અને પવિત્રતાની સીમાઓથી નીકળીને ગંદકી અને અશ્લીલતાના વર્તુળમાં દાખલ થવાવાળી વાતચીત સખત અપ્રિય હતી. હુઝૂર ﷺ ની વાતચીતના ઉપવનમાં હંમેશા સ્મિતનું ઝળહળતું ઓસ (ઝાકળ) દેખાતું હતું. જવાબદારીઓ તેમજ મુશ્કેલીઓ અને મુસીબતો તથા વારંવારની પરેશાનીઓના કંટકોનો સામનો હોવા છતાં સૌથી વધારે આનંદ અને ખુશમિજાજીથી આપ ﷺ નો ચહેરો સુશોભિત રહેતો હતો.

પ્રવચન અને વ્યાખ્યાન

વાતચીતનું જ એક મહત્ત્વનું અંગ પ્રવચન અને વ્યાખ્યાન છે. માનવતાના ઉપકારક ﷺ એક મહાન સંદેશના વાહક હતા અને તેમના માટે પ્રવચન અને વ્યાખ્યાન

અનિવાર્ય જરૂરત હતી. પ્રવચન અને વ્યાખ્યાન આમ પણ આરબોની મૂડી હતી. વધુમાં કુરૈશ તો આ ખૂબીથી વિશેષરૂપે સંપન્ન હતા. આરબો અને કુરૈશના એવા વાતાવરણથી, જ્યાં પ્રવચનો અને વ્યાખ્યાનોની બોલબાલા હતી, હુઝૂર ﷺ ખૂબ ઉચ્ચતર હતા. નેતૃત્વના કર્તવ્યએ જયારે પણ તકાદો કર્યો, આપ ﷺ ની જીભ ક્યારેક પ્રભાતની આહ્લાદક મંદ લહેરોની જેમ, ક્યારેક ઝરણાની જેમ અને ક્યારેક તલવારની ચમકતી ધાર જેવી વીજળીની જેમ ચાલવા લાગતી.

વધારે પડતા ઉપદેશ અને પ્રવચનથી આપ ﷺ અળગા રહ્યા અને સમાજની જરૂરત અને તેની ગ્રહણ-શક્તિને જોઈને સંયમપૂર્વક પ્રવચન-શક્તિનો ઉપયોગ કર્યો. મસ્જિદમાં વ્યાખ્યાન આપતા, તો પોતાની છડી (લાઠી)નો સહારો લેતા અને રણભૂમિમાં પ્રવચન કરતા તો કમાન પર ટેક લગાવતા. ક્યારેક સવારી પરથી વક્તવ્ય આપ્યું છે. પ્રવચન વખતે શરીર ડાબે-જમણે ઝૂમી જતું. હાથોને આવશ્યકતાનુસાર હલાવતા. પ્રવચનમાં અમુક પ્રસંગે والذی نفسی بیدہ અથવા والذی نفس محمد بیدہ (સોગંદ છે એ જાતની, જેના કબજામાં મારા પ્રાણ છે અથવા મુહમ્મદના પ્રાણ છે) કહીને સોગંદ ખાતા, લહેજામાં પણ અને ચહેરા પર પણ હૃદયની સાચી ભાવનાઓ ઝળકતી અને શ્રોતાઓને પ્રભાવિત કરી દેતા. આ મહા-માનવ ﷺ ના પ્રવચનો હૃદયોને હચમચાવી નાખતા હતા. અમે અહીં માત્ર બે ઉદાહરણો આપીશું. હુનૈન અને તાઈફના યુદ્ધ પછી હુઝૂર ﷺ એ માલે-ગનીમત (યુદ્ધ પછી મળેલ માલ-સામાન)ની વહેંચણી કરી, તો કુર્આનમાં દર્શાવેલ શીર્ષક 'મુઅલ્લિફતુલ કુલૂબ' (હૃદયોને જીતવા) હેઠળ મક્કાના નવ-મુસ્લિમ ધનવાનોને તેમાંથી વધારે ભાગ આપ્યો, જેથી તેમનાં હૃદય વધારે પીગળે અને તેઓ આ વિશેષ અનુગ્રહને લઈને ઈસ્લામી રાજ્ય સાથે વધારે દૃઢતાથી જોડાઈ જાય. અન્સારના કેટલાક લોકોએ આ સંદર્ભે વિક્ષિપ્ત લાગણીઓ વ્યક્ત કરી, કહેવામાં આવ્યું કે :–

''રસૂલુલ્લાહ ﷺ એ કુરૈશને વધારે ઈનામો આપ્યા અને અમને વંચિત રાખ્યા, જ્યારે કે અમારી તલવારોથી અત્યાર સુધી લોહી ટપકી રહ્યું છે.''

''મુશ્કેલીઓમાં અમે યાદ આવીએ છીએ અને ગનીમત (યુદ્ધ પછી જે માલ-સામાન પ્રાપ્ત થયો તે) બીજા લોકો લઈ જાય છે.''

આ ચાર્ચાઓ હુઝૂર ﷺ ના કાનો સુધી પણ પહોંચી. તરત જ એક ચામડાનો તંબુ ઊભો કરવામાં આવ્યો અને તેમાં અન્સારની સભા બોલાવવામાં આવી. હુઝૂર ﷺ એ પૂછ્યું કે તમે લોકોએ આવી-આવી વાતો કહી છે? જવાબ મળ્યો કે, ''આપ ﷺ એ જે સાંભળ્યું એ સાચું છે. પરંતુ આ વાતો અમારામાંથી જેઓ જવાબદાર છે તેમણે નથી કહી. કેટલાક નવયુવાનોએ આવા વાક્યો કહ્યા છે.'' ઘટનાની

વાસ્તવિકતા જાણ્યા પછી આપ ﷺ એ આ પ્રવચન આપ્યું :–

''શું એ સાચું નથી કે પહેલા તમે લોકો પથભ્રષ્ટ હતા, અલ્લાહે મારા દ્વારા તમને માર્ગદર્શન આપ્યું ? તમે વેરવિખેર અને અવ્યવસ્થિત હતા, અલ્લાહે મારા દ્વારા તમને સંપન્ન અને શાંત કર્યા ? (દરેક પ્રશ્ન પર અન્સાર કહેતા જતા હતા કે ચોક્કસ ! અલ્લાહ અને અલ્લાહના રસૂલનો ખૂબ મોટો ઉપકાર છે અમારા પર.) – ના, તમે એ જવાબ આપો કે હે મુહમ્મદ (ﷺ) ! તમને જયારે લોકોએ ખોટા ઠેરવ્યા તો અમે તમને સાચા ઠેરવ્યા, તમને લોકોએ જયારે છોડી દીધા તો અમે તમને શરણ આપ્યું, તમે જયારે ગરીબ બનીને આવ્યા હતા તો અમે દરેક પ્રકારની મદદ કરી. તમે જવાબમાં આવું કહેતા જાઓ અને હું કહેતો જઈશ કે હાં, તમે સાચું કહો છો. પરંતુ હે અન્સારના લોકો ! શું તમને એ પસંદ નથી કે લોકો ઊંટ અને બકરીઓ લઈ જાય અને તમે મુહમ્મદ (ﷺ)ને લઈને પોતાના ઘરોએ જાઓ.''(૧)

વાતનો ઉતાર-ચઢાવ જુઓ, પ્રવચનના ખંજરની ધારને જુઓ, જેને કોમળ ભાવનાઓથી ધારદાર કરવામાં આવી હતી. પછી તેના પ્રવાહને જુઓ. અર્થો અને ભાવાર્થોના વળાંકોને જુઓ. પછી એ વિચાર કરો કે કઈ રીતે ખતીબે (વક્તા ﷺ એ) છેવટે શ્રોતાઓમાં અપેક્ષિત ભાવનાઓ સંપૂર્ણપણે ઊભારી દીધી. અન્સાર અનાયાસ પોકારી ઉઠ્યા કે, ''અમને માત્ર મુહમ્મદ (ﷺ) જોઈએ !''

દા'વત (ઈસ્લામના આમંત્રણ)ના આરંભિક કાળમાં સફા પર્વતના પ્રવચન ઉપરાંત ઘણી વખત આપ ﷺ એ કુરૈશની સામે પ્રવચનો કર્યા છે. આ કાળમાં આપેલ એક પ્રવચનનું એક અવતરણ જુઓ :–

اِنَّ الرَّائِدَ لَا يَكْذِبُ اَهْلَهٗ، وَاللهِ لَوْ كَذَبْتُ النَّاسَ جَمِيْعًا مَّا كَذَبْتُكُمْ، وَلَوْ غَرَرْتُ النَّاسَ جَمِيْعًا مَّا غَرَرْتُكُمْ، وَاللهِ الَّذِىْ لَا اِلٰهَ اِلَّا هُوَ اِنِّىْ لَرَسُوْلُ اللهِ اِلَيْكُمْ خَاصَّةً وَاِلَى النَّاسِ كَافَّةً. وَاللهِ لَتَمُوْتُنَّ كَمَا تَنَامُوْنَ وَلَتُبْعَثُنَّ كَمَا تَسْتَيْقِظُوْنَ وَلَتُحَاسَبُنَّ بِمَا تَعْمَلُوْنَ وَ لَتُجْزَوُنَّ بِالْاِحْسَانِ اِحْسَانًا وَّبِالسُّوْٓءِ سُوْٓءً وَاِنَّهَا الْجَنَّةُ اَبَدًا اَوْ لَنَارٌ اَبَدًا.

અનુવાદ : ''કાફલાનો રક્ષક પોતાના સાથીઓને ક્યારેય ખોટી માહિતી આપતો નથી. અલ્લાહના સોગંદ ! (માની લો કે) જો હું બીજા બધા લોકોને જૂઠ કહેવા માટે તૈયાર પણ થઈ જતો, તો પણ તમારાથી ખોટી વાત કદાપિ ન કહેત્તો અને (માની લો કે) જો હું બીજા તમામ લોકોને વિનાશ અને જોખમમાં નાખી પણ દેતો, તો તમને કદાપિ જોખમમાં ન નાખતો. એ અલ્લાહના સોગંદ, જેના સિવાય બીજો કોઈ ઈલાહ (ઉપાસ્ય) નથી, હું તમારા તરફ વિશેષરૂપે અને તમામ મનુષ્યો

૧. બુખારી, ભા-૨, પૃ. ૬૨૦.

તરફ સામાન્યરૂપે અલ્લાહે નિયુક્ત કરેલ રસૂલ (ઈશદૂત) છું. અલ્લાહના સોગંદ ! તમને સૌને અનિવાર્યપણે મરવાનું છે, જે રીતે તમે ઊંઘી જાઓ છો અને ફરી મૃત્યુ પછી તમારે જીવંત થઈને ઉઠવાનું છે, જે રીતે કે તમે ઊંઘમાંથી જાગો છો. તમારાથી અનિવાર્યપણે તમારા કર્મોનો હિસાબ લેવામાં આવશે અને તમને સત્કર્મોનો બદલો સારો અને દુષ્કર્મોનો બદલો ખરાબ અવશ્ય મળવાનો છે. પછી કાં તો હંમેશ માટે જન્નત હશે અથવા હંમેશ માટે દોજખ."[૧]

કેટલી સાદી વર્ણન-શૈલી છે ! કેટલી તાર્કિક અને ભાવનાત્મક અપીલ છે ! દાઈ (આવાહક)ની શુભનિષ્ઠા એક-એક શબ્દથી ટપકી રહી છે. ઉપરાંત વિશ્વાસ કૂટી-કૂટીને ભરેલો છે. નાના-સરખા આ પ્રવચનમાં ઉપમાથી કામ લેવામાં આવ્યું છે. આમાં તૌહીદ (એકેશ્વરવાદ), રિસાલત (ઈશદૂતત્વ) અને આખિરત (પરલોક)નું મૂળભૂત આમંત્રણ સંપૂર્ણપણે સમાયેલ છે.

હુઝૂર ﷺ ના બે બીજા અસાધારણ પ્રવચનો છે, જેમાંથી એક મક્કા-વિજયના પ્રસંગે અને બીજું હજ્જતુલ-વિદાઅના પ્રસંગે આપ્યું. આ પ્રવચનોની ભાવના અત્યંત ક્રાંતિકારી છે અને તેમાં ઈમાન, ચારિત્ર્ય અને સત્તા ત્રણેયની ગૂંજ સંભળાય છે. હજ્જતુલ-વિદાઅનું પ્રવચન તો જાણે એક નવા યુગના આરંભનું એલાન છે.

સામાન્ય સામાજિક સંબંધો

મહાન કાર્યો કરવાવાળા લોકો સામાન્ય રીતે જાહેર સંપર્કો માટે સમય ફાળવી શકતા નથી અને ન તો દરેક બાજુ ધ્યાન આપી શકે છે. કેટલાક મોટા લોકો એકાંતપ્રિય અને શુષ્ક સ્વભાવના બની જાય છે, અને કેટલાક અહંકારી બનીને પોતાના માટે એક ઉચ્ચ સ્થાન બનાવી લે છે. પરંતુ હુઝૂર ﷺ અત્યંત મહાનતાના સ્થાને બિરાજમાન થઈને અને ઈતિહાસની દિશા બદલી નાખનારી સિદ્ધિઓ પ્રાપ્ત કરીને પણ સામાન્ય જન-સમૂહ સાથે બરાબર જોડાયેલ હતા તેમજ સમૂહ અને સમાજના લોકોથી વ્યક્તિગત અને અંગત સંબંધો રાખતા હતા. એકાંતપ્રિયતા કે અહંકાર કે શુષ્કતાનો અંશ સુદ્ધાં ન હતો. વાસ્તવમાં આપ ﷺ એ ભ્રાતૃત્વની વ્યવસ્થાનો પાયો નાખ્યો હતો, તેથી તેનો મુખ્ય તકાદો હતો કે લોકો પરસ્પર સંગઠિત અને એકીકૃત રહે, એક-બીજાને કામ લાગે અને એક-બીજાના હક્કોને ઓળખે. આનાથી વિપરીત, આજે જે સભ્યતા પશ્ચિમમાં ફૂલીફાલી છે, તેમાં 'કોઈને કોઈની પડી નથી'નું વાતાવરણ ખરેખર માનવતા માટે વિઘાતક બની ગયું છે. હઝરત મુહમ્મદ ﷺ ના નિર્દેશનમાં

૧. જમ્હરતુલ ખુત્બ, પૃ. ૫.

આ વાતાવરણને બદલવાની જરૂર છે. આવો, આપણે હુઝૂર ﷺ ને સામાન્ય સામાજિક સંબંધોના વર્તુળમાં જોઈએ.

આપ ﷺ નો નિત્યક્રમ હતો કે રસ્તામાં મળવાવાળાઓને સલામ કહેતા અને સલામ કહેવામાં પહેલ કરતા. કોઈને સંદેશો મોકલાવતા તો તેના સાથે સલામ અવશ્ય કહેવડાવતા. કોઈનો સલામ આપ ﷺ ને પહોંચાડવામાં આવતો તો મોકલનારને અને લાવનાર બંનેને અલગ-અલગ સલામ કહેતા. એક વાર બાળકોની ટોળીની પાસેથી પસાર થયા તો તેમને સલામ કર્યો. મહિલાઓના સમૂહના નજીકથી નીકળ્યા તો તેમને સલામ કર્યો. ઘરમાં દાખલ થતી વખતે અને ઘરમાંથી નીકળતી વખતે ઘરના લોકોને પણ સલામ કહેતા. સાથીઓ અને નજીકના લોકોને ભેટતા અને મુસાફો (હસ્તધુનન) પણ કરતા. જેના સાથે હસ્તધુનન કરતા, તો હાથ ત્યાં સુધી ન ખેંચતા, જ્યાં સુધી એ વ્યક્તિ પોતે પોતાનો હાથ અલગ ન કરતો.

સભામાં જતા તો એ બાબતને નાપસંદ કરતા કે સહાબા આદર માટે ઊભા થઈ જાય. સભામાં જ્યાં જગ્યા મળે ત્યાં જ બેસી જતા, ખભાઓને ઓળંગીને વચ્ચે કદાપિ ન ઘૂસતા. ફરમાવ્યું : أَجْلِسُ كَمَا يَجْلِسُ الْعَبْدُ "એ જ રીતે ઉઠું - બેસું છું, જે રીતે અલ્લાહનો એક બંદો ઉઠે - બેસે છે." (રિવાયત હઝરત આઇશા ؓ) બેસતા ત્યારે પોતાના ઢીંચણ સાથીઓથી આગળ વધારીને ન બેસતા. કોઈ આવતું તો તેના આદર માટે પોતાની ચાદર બિછાવી દેતા. આવનાર જ્યાં સુધી પોતે ન ઉઠતો આપ ﷺ તેના પાસેથી અલગ ન થતા.

સભામાં સામેલ લોકોની ચર્ચામાં અસંબંધિત વિષય ક્યારેય શરૂ ન કરતા, બલ્કે જે વાતચીતનો ક્રમ ચાલી રહ્યો હોય તેમાં જ સામેલ થઈ જતા. સામાન્ય રીતે સવારની નમાઝ પછી બેઠક થતી અને તેમાં સહાબા ؓ સાથે ઘણી વાતો થતી. અજ્ઞાનતા-કાળના કિસ્સાઓ છેડાતાં અને તેના પર હાસ્યની છોળો ઉડતી.[1] સહાબા ؓ શાયરી પણ બોલતા. જે વિષયથી બેઠકમાં સામેલ લોકોના ચહેરાઓ પર અણગમો જાહેર થતો તેને બદલી નાખતા. બેઠકમાં બેસેલ એક-એક વ્યક્તિ તરફ ધ્યાન આપતા, જેથી કોઈને એવું ન લાગે કે કોઈને તેના પર આપ ﷺ એ પ્રાધાન્યતા આપી છે. વાતચીત દરમ્યાન કોઈ વ્યક્તિ અસંબંધિત પ્રશ્ન કરતો, તો તેને અવગણીને વાતચીત ચાલુ રાખતા, અને એ ક્રમ પૂરો થઈ ગયા પછી તેના તરફ ધ્યાન આપતા. બોલનાર તરફથી ત્યાં સુધી રૂખ ન ફેરવતા, જ્યાં સુધી તે પોતે ચહેરો ફેરવી ન લે. કાનમાં કોઈ કંઈ ગુસપુસ કરતું, તો જ્યાં સુધી તે વાત પૂરી કરીને મોઢું ન હટાવી લેતો, આપ ﷺ પોતાનું માથું તેના તરફ ઝુકાવી રાખતા. કોઈની વાતને ક્યારેય ન

૧. રિવાયત : હઝરત જાબિર બિન સમરહ ؓ.

કાપતા, સિવાય કે સત્ય અને હકીકતના વિરુદ્ધ હોય. આવું થાય તો કાં તો ટોકી દેતા અથવા ચહેરા પર અણગમો આવી જતો અથવા ત્યાંથી ઉઠીને જતા રહેતા. એ વાતને પસંદ કરતા ન હતા કે ઊભા-ઊભા જ કોઈ મહત્ત્વની વાત છેડી દેવામાં આવે. અપ્રિય વાતોથી કાં તો દૂર રહેતા, નહિં તો પકડ કરવાની સામાન્ય રીત એ હતી કે સીધેસીધું નામ લઈને ઉલ્લેખ ન કરતા, બલ્કે બધાને ઉલ્લેખિત કરીને ઈશારાઓમાં વાત કરતા અથવા જાહેર શિખામણ આપી દેતા. અત્યંત અણગમા કે કડવાશની પરિસ્થિતિમાં, જે માત્ર દીની (ધાર્મિક) બાબતોમાં હોય, તો સાથીઓને અહેસાસ અપાવવા માટે વધારેમાં વધારે અણગમા કે કડવાશને પ્રગટ કરવાની એ રીત અપનાવતા કે સંબંધિત વ્યક્તિના આવવા પર તેનો સલામ કબૂલ ન કરતા અથવા દુર્લક્ષ સેવતા. અપ્રિય વ્યક્તિના આવવા પર પણ પ્રેમથી, ખુશી-ખુશી તેને આવકારતા. એ રીતે એક વાર કોઈ આવ્યું જેને આપ بئس اخو العشیرۃ અથવા بئس ابن العشیرۃ (પોતાના સમાજનો મોટો માણસ) સમજતા હતા, પણ આપ ﷺ એ તેના સાથે સાફ દિલથી-નિખાલસતાથી વાતચીત કરી. હઝરત આઇશા رضی اللہ عنہا ને આના પર આશ્ચર્ય થયું, તો આપ ﷺ એ ફરમાવ્યું, ''સોગંદ છે કે કયામતના દિવસે અલ્લાહ સમક્ષ એ વ્યક્તિ સૌથી ખરાબ માણસનું સ્થાન પામશે, જેનાથી લોકો તેના દુર્વ્યવહારના ડરથી હળવા-મળવાનું છોડી દે.[૧]

કોઈની મુલાકાત માટે જતા, તો દરવાજાની જમણી બાજુ ઊભા થઈને જાણ કરવા અને પરવાનગી લેવા માટે ત્રણ વાર સલામ કહેતા. જવાબ ન મળતો, તો કોઈપણ પ્રકારના અણગમા વગર પાછા જતા રહેતા. રાત્રે કોઈથી મળવા જતા, તો એટલા અવાજમાં સલામ કહેતા કે જો તે જાગતો હોય તો સાંભળી લે અને ઊંઘી ગયો હોય તો તેની ઊંઘમાં ખલેલ ન થાય.

શરીર કે કપડાં પરથી કોઈ વ્યક્તિ તણખલું કે માટી વગેરે હટાવતો, તો તેનો આભાર માનતાં ફરમાવતા – مسح اللہ عنک ما تکرہ (અલ્લાહ તમારાથી પ્રત્યેક એ વસ્તુ દૂર કરી દે, જે તમને ખરાબ લાગે.) ભેટનો સ્વીકાર કરતા અને જવાબમાં ભેટ આપવાનો ઈરાદો રાખતા. કોઈ વ્યક્તિને આકસ્મિક કોઈ તકલીફ પહોંચી જતી, તો તેને બદલો લેવાનો હક્ક આપતા અને ક્યારેક બદલામાં તેને કોઈ ભેટ આપતા. કોઈ વ્યક્તિ નવા કપડાં પહેરીને સામે આવતો, તો ફરમાવતા – حسنۃ حسنۃ أبل واخلق (સુંદર છે, સુંદર છે, ઘણા સમય સુધી પહેરો, જીર્ણ કરી નાખો.) દુર્વ્યવહારનો જવાબ દુર્વ્યવહારથી ન આપતા, બલ્કે ક્ષમા અને દરગુજરથી કામ લેતા. બીજાઓની

---

૧. અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ. ૨૯૧, (બુખારી).

ભૂલોને માફ કરી દેતા, તો તેને જાણ કરવા માટે પોતાનો અમામા (સાફો, પાઘડી) નિશાનીરૂપે મોકલી દેતા. કોઈ બોલાવતું, તો ચાહે તે ઘરનો વ્યક્તિ હોય કે સાથીમાંથી, હંમેશા 'લબ્બૈક' (હાજર છું) કહેતા.

બીમારોને જોવા જવાની હંમેશા કાળજી રાખતા અને ઓશિકા પાસે બેસીને પૂછતા - كيف تجدك؛ (તમારી તબિયત કેવી છે ?) બીમારની પેશાની અને નાડી પર હાથ મૂકતા. ક્યારેક છાતી પર અને પેટ પર સ્નેહભર્યો હાથ ફેરવતા અને ક્યારેક ચહેરા પર. ખાવાનું પૂછતા. બીમાર કોઈ વસ્તુની ઇચ્છા કરતો, તો જો હાનિકારક ન હોય તો મંગાવી આપતા. આશ્વાસન આપતા અને ફરમાવતા - لا بأس طهور إن شاء الله (ચિંતાની કોઈ વાત નથી, અલ્લાહે ઇચ્છ્યું તો જલ્દી સાજા થઈ જશો.) તંદુરસ્તી માટે દુઆ કરતા. હઝરત સઅદ ؓ માટે ત્રણ વાર દુઆ કરી. મુશ્રિક ચાચાઓની બીમારી વખતે જોવા ગયા. એક યહૂદી બાળકને તેની બીમારી વખતે પણ જોવા ગયા, (જે પાછળથી ઈમાન લઈ આવ્યો). આ કામ માટે કોઈ ખાસ દિવસ કે સમય નિશ્ચિત ન હતો, જ્યારે પણ જાણ થતી અને સમય મળતો, તશરીફ લઈ જતા.

એક વાર હઝરત જાબિર ؓ બીમાર પડ્યા, રસૂલે ખુદા ﷺ પોતાના ઘનિષ્ઠ સાથી હઝરત અબૂબક્ર ؓ ને સાથે લઈને ઘણે દૂર સુધી ચાલતા ગયા. (મદીનાની વસ્તી ફેલાયેલ હતી.) હઝરત જાબિર ؓ બેભાન પડેલા હતા. આપ ﷺ એ જોયું, પછી વુઝૂ કરી, પાણીના છાંટા નાખ્યા, દુઆ કરી અને બીમારની હાલત સુધરવા લાગી. પછી હઝરત જાબિર ؓ એ આપના સાથે વાતચીત કરી અને પોતાના વારસા અંગેના મામલાઓ પૂછ્યા.

વિનમ્રતાની ચરમસીમા એ હતી કે મુનાફિકોના લીડર અબ્દુલ્લાહ બિન ઉબ્બી સુદ્ધાંને જ્યારે તે બીમાર પડ્યો તો જોવા ગયા.

જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થઈ જતું તો તશરીફ લઈ જતા, અંતિમ ઘડીએ બોલાવવામાં આવતા અથવા જાણ થતાં સ્વયં પહોંચી જતા, તો તૌહીદ (એકેશ્વરવાદ) અને અલ્લાહ તરફ ધ્યાન કરવાની તાકીદ કરતા. મૃતકના સગા-સંબંધીઓથી સહાનુભૂતિ પ્રગટ કરતા, ધૈર્યની શિખામણ આપતા તેમજ ચીસો તથા આક્રંદ અને કલ્પાંત કરવાથી રોકતા. સફેદ કાપડમાં સારું કફન આપવાની તાકીદ કરતા તેમજ કફન-દફનમાં ઉતાવળ કરાવતા. જનાઝો ઉઠતો તો સાથે-સાથે ચાલતા, મુસલમાનોના જનાઝાની નમાઝ સ્વયં પઢાવતા અને મગફિરત (માફી) માટે દુઆ કરતા. કોઈ જનાઝો પસાર થતો - ચાહે તે બિનમુસ્લિમનો હોય - ઊભા થઈ જતા. (બેસી રહેવાની રિવાયત પણ છે અને કેટલાક લોકો કહે છે કે ઊભા રહેવાની રીત રદબાતલ

થઈ ગઈ હતી – જુઓ : ઝાદુલ મિઆદ, ભા-૧, પૃ. ૧૪૫) શિખામણ આપતા કે મૃતકના ઘરવાળાઓ માટે બીજા લોકો ખાવાનું રાંધીને મોકલાવે. (આનાથી વિપરીત આજે એ ઊલટો રિવાજ પ્રચલિત થઈ ગયો છે કે મૃતકના ઘરમાં બીજાઓની મિજબાની થાય છે.) આપ ﷺ ને એ વાત અપ્રિય હતી કે વિધિસર શોક-સભાઓનું આયોજન કરીને એક રિવાજના રૂપમાં કેટલાય દિવસો સુધી ચાલુ રહે.

કોઈ મુસાફર સફરથી પાછો આવતો અને આપના પાસે આવતો, તો તેને ભેટતા, અમુક વખતે પેશાની (કપાળ) ચૂમી લેતા. કોઈને સફર માટે વિદાય કરતા, તો કહેતા કે ભાઈ ! અમને તમારી દુઆઓમાં યાદ રાખજો.

પ્રેમથી, સાલસતામાં ક્યારેક-ક્યારેક સાથીઓના નામોને ટૂંકા કરીને પણ બોલી લેતા, જેમ કે 'યા અબૂ હુરૈરા'ના બદલે 'અબાહુર'. હઝરત આઇશા ؓ ને ક્યારેક 'આઈશ' કહીને પોકારતા.

બાળકોથી ખૂબ રુચિ હતી. બાળકોના માથા પર હાથ ફેરવતા, વહાલ કરતા, દુઆ કરતા. નાના ભૂલકાઓને લાવવામાં આવતા તો તેમને ખોળામાં લઈ લેતા. તેમને બહેલાવવા માટે ચિત્ર-વિચિત્ર શબ્દો બોલતા, અર્થાત્ خرقة خرقة في عين كل بقة.(૧) એક નિર્દોષ બાળકને ચૂમતા ફરમાવ્યું, إنهم لمن ريحان الله (આ બાળકો તો અલ્લાહના ફૂલો છે.) બાળકોના નામ પ્રસ્તાવિત કરતા. બાળકોને પંક્તિમાં એકઠા કરીને દોડની સ્પર્ધા કરાવતા કે કોણ મને પહેલા સ્પર્શે છે અને ઇનામ આપતા. બાળકો દોડતા આવતા તો કોઈ છાતી પર પડતું, કોઈ પેટ પર. બાળકોથી મસ્તી-મજાક પણ કરતા, જેમ કે હઝરત અનસ ؓ ને ક્યારેક હેતથી કહ્યું, يا ذا الأذنين! (હે બે કાનવાળા !) હઝરત અનસ ؓ ના ભાઈ અબૂ ઉમૈરનું પાળેલું કબૂતર મરી ગયું, તો તે ઉદાસ બેસ્યો હતો. હુઝૂર ﷺ આવ્યા, તો બોલાવીને કહ્યું : يا أبا عمير! ما فعل النغير؟ (અબૂ ઉમૈર ! તમારા કબૂતરને શું થયું ?) અબ્દુલ્લાહ બિન બશીરની સાથે તેમની માતાએ ભેટરૂપે દ્રાક્ષ હુઝૂર ﷺ ની સેવામાં મોકલાવી. સાહેબ રસ્તામાં તે ખાઈ ગયા. પાછળથી ખબર પડી, તો આપ ﷺ પ્રેમથી અબ્દુલ્લાહના કાન પકડીને કહેતા : يا غدر! يا غدر! (હે ધોકેબાજ ! હે ધોકેબાજ !) સફરમાંથી આવતા તો જે બાળક રસ્તામાં મળતું, તેને સવારી પર બેસાડી લેતા, બાળક નાનું હોય તો આગળ અને મોટું હોય તો પાછળ. ૠતુનું પહેલું ફળ આવતું તો બરકતની દુઆ માંગીને ઓછી ઉંમરના બાળકને આપી દેતા. આપ ﷺ ના મનમાં હોતું કે આ જ નવી પેઢી ભવિષ્યમાં ઇસ્લામી આંદોલનની ધ્વજવાહક હશે.

---

૧. કેટલાક લોકોએ આનો અર્થ કાઢવાની કોશિશ કરી છે. (દરેક મચ્છરની આંખમાં તીડનું જડબું છે.) પરંતુ દેખીતી રીતે આ એવાં જ શબ્દો છે, જેમ કે દરેક દેશમાં બાળકોને બહેલાવવા માટે બોલાતા હોય છે.

વૃદ્ધોનો આદર કરતા. મક્કા-વિજય પ્રસંગે હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ પોતાના વૃદ્ધ પિતાને (જેઓ દૃષ્ટિથી વંચિત થઈ ગયા હતા) ઈસ્લામ સ્વીકાર માટે આપ ﷺ ની સેવામાં લાવ્યા, તો ફરમાવ્યું : આમને કેમ તકલીફ આપી, હું પોતે તેમના પાસે ચાલ્યો જતો.

ભલમનસાઈ અને ઉદારતાની પરાકાષ્ઠા એ હતી કે મદીનાની એક મહિલા, જેનું મગજ થોડુંક અસ્થિર હતું, આવે છે અને કહે છે કે મને કંઈક કામ છે. આપ ﷺ તેને કહે છે કે તમે ચાલો, કોઈ શેરીમાં મારી રાહ જુઓ, હું હમણા આવું છું. પછી જઈને તેની વાત સાંભળી અને તેનું કામ કરી આપ્યું.(1) આવી જ એક ઘટના અદી બિન હાતિમે પણ જોઈ હતી અને તેમણે હુઝૂર ﷺ ની ભલમનસાઈ અને ઉદારતાને નુબૂવ્વતની નિશાનીના રૂપમાં લીધી.

જીવનમાં મેળ-મેળાપ વિશે આપ ﷺ ના સુંદર ચરિત્રની છબી હઝરત અનસ ﷺ એ ખેંચી છે. તેઓ કહે છે :

''હું દસ વર્ષ સુધી હુઝૂર ﷺ ની સેવામાં રહ્યો અને આપ ﷺ એ ક્યારેય 'ઉફ' સુદ્ધાં નથી કહ્યું. કોઈ કામ જેવું પણ કર્યું, નથી કહ્યું કે આવું કેમ કર્યું, અને કોઈ કામ ન કર્યું, તો નથી કહ્યું કે કેમ નથી કર્યું. આવો જ વ્યવહાર આપ ﷺ નો બીજા સેવકો અને સેવિકાઓ સાથે રહ્યો. આપ ﷺ એ તેમાંથી કોઈને ક્યારેય માર્યો નથી.''

આની પુષ્ટિમાં હઝરત આઈશા ﷺ કહે છે કે આપ ﷺ ની પુનિત પત્નીઓ કે સેવકોમાંથી ન કોઈને ક્યારેય માર્યો, ન કોઈનાથી કોઈ અંગત બદલો લીધો — સિવાય કે આપ ﷺ અલ્લાહના માર્ગમાં જિહાદ કરતા હોય અથવા અલ્લાહના કાનૂન હેઠળ તેણે નિર્ધારિત કરેલ સીમાઓની રક્ષા માટે કાર્યવાહી કરી હોય.

પવિત્ર અંગત જીવન

મોટાભાગે 'મોટા લોકો' એમને કહેવાય છે, જેઓ જાહેર જીવન માટે કૃત્રિમ ચરિત્રનો ચોળો પહેરી રાખે છે, જે અંગત જીવનમાં ઉતારી નાખે છે. બહાર જુઓ તો મોટી ઠાઠ-માઠ હોય છે, ઘર પહોંચ્યા તો ખૂબ જ નિમ્ન સ્તરે ઊતરી જાય છે. બહાર સાદગી અને વિનમ્રતાનું પ્રદર્શન કરે છે, ઘર પાછા આવે છે તો એશો-આરામ અને ભોગવિલાસમાં ડૂબી જાય છે. જાહેર અને અંગત જીવનમાં કોઈ વ્યક્તિમાં જેટલું અંતર અને વિરોધાભાસ હોય છે, એટલું જ તેનું સ્થાન નિમ્ન સ્તરનું હોય છે. હુઝૂર ﷺ ને જુઓ તો એક જ રંગ ઘરમાં પણ છે અને ઘરના બહાર પણ.

હઝરત આઈશા ﷺ ને કોઈએ પૂછ્યું કે, ''રસૂલે ખુદા ﷺ પોતાના ઘરમાં

શું-શું કરતા હતા ?" તેમણે જવાબમાં કહ્યું, "આપ ﷺ મનુષ્યોમાંથી એક મનુષ્ય હતા. પોતાના કપડાંની દેખભાળ પોતે જ કરતા હતા (કે તેમાં કોઈ જૂ વગેરે ન ઘૂસી આવી હોય), બકરીનું દૂધ પોતે દોહતા અને પોતાની જરૂરત પોતે જ પૂરી કરી લેતા.(1) ઉપરાંત, પોતાના કપડાંને પોતે થીગડું લગાવી લેતા. પોતાના જૂતાને પોતે જ સાંધી લેતા અને એ કે પોતાની ડોલને પોતે જ ટાંકો લગાવી લેતા. બોજ ઉઠાવતા, જાનવરોને ચારો નાખતા, કોઈ સેવક હોય તો તેના સાથે મળીને કામ કરી લેતા, (જેમ કે) તેને લોટ પીસવામાં મદદ કરતા. ક્યારેક એકલા જ શ્રમ કરી લેતા.(2) બજાર જવામાં સંકોચ ન હતો, પોતે જ ઘરવખરીનો માલ-સામાન ખરીદી લાવતા અને જરૂરિયાતની ચીજ-વસ્તુઓ કપડામાં બાંધીને ઉઠાવી લાવતા."

લોકોએ એ પણ પૂછ્યું કે રસૂલે ખુદા ﷺ જયારે ઘરમાં હોતા તો શું રંગ રહેતો ? હઝરત આઈશા رضي الله عنها બતાવે છે, أَلْيَنَ النَّاسِ بَسَّامًا ضَحَّاكًا (સૌથી વધારે વિનમ્ર, હસતો ચહેરો, ખુશમિજાજી લલાટ !) આપ ﷺ ની નમ્રતા એવી હતી કે કોઈ સેવકને ઝાટક્યો નથી, ઠપકો આપ્યો નથી.(3) સાચું એ છે કે રસૂલે ખુદા ﷺ થી વધીને કોઈપણ પોતાના કુટુંબીજનો માટે હેતાળ ન હતો. (મુસ્લિમ)

એક વાર હઝરત હુસૈન رضي الله عنه એ પૂછ્યું તો હઝરત અલી رضي الله عنه એ વર્ણવ્યું કે રસૂલે ખુદા ﷺ ઘરમાં આવતા તો પોતાનો સમય ત્રણ પ્રકારના કાર્યોમાં વ્યતીત કરતા. અમુક સમય અલ્લાહની ઇબાદતમાં જતો, અમુક સમય કટુંબીજનો માટે હતો અને અમુક પોતાના આરામ માટે. પછી આ જ સમયગાળામાંથી એક ભાગ મુલાકાતીઓ માટે કાઢતા, જેમાં મસ્જિદની સામાન્ય મજલિસો ઉપરાંત વિશેષ વાતચીતો કરવાવાળા સાથીઓ કે મહેમાનો આવી-આવીને મળતા અથવા કેટલાક લોકો જરૂરિયાતો અને હાજતો લઈને આવતા.(4) જોવામાં આવે તો આરામ માટે ખૂબ જ ઓછો સમય રહી જતો હતો.

અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ) ના ભરણ-પોષણ અને જુદી-જુદી જરૂરિયાતોનો પ્રબંધ પણ આપ ﷺ ને કરવો પડતો હતો, પછી તેમનું શિક્ષણ-પ્રશિક્ષણ પણ આપ ﷺના શિરે હતું. આમના દ્વારા મહિલા વર્ગની સુધારણાનું કાર્ય કરવાનું હતું. મહિલાઓ પોતાના પ્રશ્નો લઈને આવતી અને પુનિત પત્નીઓના માધ્યમથી પૂછાવતી. આમ છતાં ઘરના વાતાવરણને આપ ﷺ એ ક્યારેય શુષ્ક અને ભારે બનવા દીધું ન હતું, અને ન તેમાં કોઈ કૃત્રિમ માહોલ પેદા થવા દીધો. ઘર

૧. જુઓ : શમાઈલે તિરમિઝી, પ્રકરણ : મા જાન્અ ફી તવાઝોઅ રસૂલુલ્લાહ ﷺ.
૨. અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ. ૨૯૩.
૩. અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ. ૨૯૩.
૪. શમાઈલે તિરમિઝી, પ્રકરણ : મા જાન્અ ફી તવાઝોઅ રસૂલુલ્લાહ ﷺ.

એક મનુષ્યના ઘર સમાન હતું, જેના વાતાવરણમાં સ્વાભાવિક લાગણીઓનો ઉતાર-ચઢાવ રહેતો. તેમાં અશ્રુઓની ચમક પણ રહેતી અને સ્મિતનો ચળકાટ પણ. પ્રેમ પણ રહેતો અને ક્યારેક-ક્યારેક ઈર્ષ્યાનો વિક્ષેપ પણ પેદા થઈ જતો. પરેશાનીઓ પણ રહેતી અને આનંદની પળો પણ આવતી. હુઝૂર ﷺ આ બાગમાં આવતા તો પ્રભાતની લહેરોની જેમ આવતા અને ઉલ્લાસ પ્રસરી જતો. વાતચીત થતી. ક્યારેક કિસ્સા-કહાણીઓ પણ થતી અને રસદાયક ટુચકાઓ પણ થતા. જેમ કે એક પ્રસંગ હઝરત આઇશા ﵂ વર્ણવે છે કે એક વાર મેં 'ખઝીરહ' (માંસનો ખીમો કરીને પાણીમાં રાંધીને પછી તેના પર આટો છાંટવામાં આવતો અને જે સાથે જ રંધાતું) તૈયાર કર્યું. હઝરત સૌદહ ﵂ હાજર હતા અને રસૂલે ખુદા ﷺ બંનેની વચ્ચે બેસ્યા હતા. હળવાશનું વાતાવરણ હતું. મેં સૌદહ ﵂ ને કહ્યું, ખાવ. તેમણે ઇન્કાર કર્યો, પછી આગ્રહપૂર્વક કહ્યું કે ખાવ. તેમણે ઇન્કાર કર્યો, ફરી આગ્રહપૂર્વક કહ્યું કે તમારે ખાવું જ પડશે. તેમણે ફરી ઇન્કાર કર્યો. આ બાજુથી ફરી કહેવામાં આવ્યું કે આમાંથી ખાવ, નહિં તો હું ઉઠાવીને તમારા ચહેરા પર મસળી દઈશ. હઝરત સૌદહ ﵂ એ પણ જીદ કરી. હઝરત આઇશા ﵂ એ ખઝીરહ હાથમાં લીધો અને ખરેખર હઝરત સૌદહ ﵂ ના ચહેરા પર લેપ કરી નાખ્યો. આ હળવાશ અને ઘનિષ્ઠતા પર હુઝૂર ﷺ ખૂબ હસ્યા અને હઝરત સૌદા ﵂ ને કહ્યું કે તમે પણ તેના ચહેરા પર લેપ કરો, જેથી હિસાબ બરાબર-બરાબર થઈ જાય. આમ, સૌદા ﵂ એ પણ એવું જ કર્યું, અને હુઝૂર ﷺ હસતા રહ્યા.

એક પ્રસંગે હઝરત અબૂબક્ર ﵁ આવ્યા તે વખતે હઝરત આઇશા ﵂ હુઝૂર ﷺ સાથે રમૂજ કરી રહ્યા હતા. ક્રોધિત થઈને મારવા માટે આગળ વધ્યા. હુઝૂર ﷺ એ તેમને શાંત પાડ્યા કે કોઈ ખાસ વાત નથી. આ જ ગુસ્સામાં જનાબે સિદ્દીક (﵁) ત્યાંથી ચાલ્યા ગયા. તેમના ગયા પછી આપ ﷺ એ જરા માર્મિક શૈલીમાં કહ્યું, ''જોયું ! અમે તમને આ માણસથી કેવા બચાવી લીધા !''

ઘરેલુ જીવનના આ સ્વાભાવિક ઉતાર-ચઢાવને કેટલાક લોકો ઇસ્લામી વિચારધારાથી નિમ્ન કક્ષાનું માને છે. વિશેષરૂપે, તેમણે નબી કરીમ ﷺ ના ઘરનો નકશો મનમાં કંઈક એવો બનાવી રાખ્યો છે કે આમાં કોઈ અમાનવીય પુતળા રહેતા હતા, જેમાં ન કોઈ લાગણી હતી, ન કોઈ ઇચ્છા – જ્યારે કે એ ઘર માનવીઓનું ઘર હતું, અને તેમાં બધી માનવીય લાગણીઓ કામ કરી રહી હતી, પરંતુ આ ઘરમાં બૂરાઈ ન હતી, એ રીતે તે એક નમૂનારૂપ ઘર હતું. રાત્રે જ્યારે હુઝૂર ﷺ બિસ્તર પર હોતા, તો કુટુંબીજનોથી સામાન્ય વાતો થતી – ક્યારેક ઘરેલુ બાબતો વિશે, ક્યારેક સામાન્ય મુસલમાનોના પ્રશ્નો વિશે, ત્યાં સુધી કે ક્યારેક કિસ્સા-કહાણીઓ

પણ સંભળાવતા. એક વાર આપ ﷺ એ હઝરત આઈશા ؓ ને ઉમ્મે ઝરઅની વાર્તા સંભળાવી. આ વાર્તામાં અગિયાર સ્ત્રીઓ પોત-પોતાના પતિઓનું ચરિત્ર પરસ્પર વર્ણવે છે. તેમાંથી એક સ્ત્રી ઉમ્મે ઝરઅ પોતાના પતિ અબૂ ઝરઅનું મનમોહક ચરિત્ર પ્રસ્તુત કરે છે. આ વાર્તા સાહિત્યિક રીતે ખૂબ રસદાયક છે. વાર્તા પૂરી થતાં હુઝૂર ﷺ એ હઝરત આઈશા ؓ ને કહ્યું કે હું પણ તમારા માટે એવો જ છું, જેવો અબૂ ઝરઅ ઉમ્મે ઝરઅ માટે હતો. એ જ પ્રમાણે બીજા પ્રસંગે એક વાર્તા સંભળાવી, તો સાંભળનારાઓમાંથી એકે કહ્યું કે આ તો ખુરાફાની વાર્તાઓ જેવી છે. (આરબ પ્રદેશમાં ખુરાફાનું એક પરંપરાગત વ્યક્તિત્વ હતું, જેના સાથે ખૂબ જ અચરજભરી વાર્તાઓ જોડાયેલી હતી.) હુઝૂર ﷺ એ કહ્યું કે જાણો પણ છો કે ખુરાફાની શું હકીકત હતી ? પછી આપ ﷺ એ ખુરાફાની પરંપરાગત ચરિત્રની વાર્તા સંભળાવી કે બનૂ અઝરાના એક વ્યક્તિને જિન્નાતો પકડીને લઈ ગયા હતા અને અમુક સમય પછી પાછો મૂકી ગયા.[1]

જીવનભર એ નિત્યક્રમ રહ્યો કે રાતના બીજા અડધા ભાગની શરૂઆતમાં જાગીને મિસ્વાક અને વુઝૂ પછી 'તહજ્જુદ' અદા કરતા.[2] કુર્આન થોભી-થોભીને પઢતા, ક્યારેક એટલો લાંબો કયામ કરતા (ઊભા રહેતા) કે મુબારક પગમાં સોજા ચડી જતા.[3] સહાબા ؓ એ આ શ્રમ જોઈને અરજ કરી કે અલ્લાહ તઆલાએ આપ ﷺ ને વિશેષ માફીથી નવાજ્યા છે... (لِيَغْفِرَ لَكَ اللَّهُ مَا تَقَدَّمَ مِن ذَنبِكَ وَمَا تَأَخَّرَ)★ તો પછી આટલી હદે હુઝૂર ﷺ જાન કેમ ખપાવો છો ? ફરમાવ્યું, أَفَلَا أَكُونُ عَبْدًا شَكُورًا "શું હું અલ્લાહનો આભાર વ્યક્ત કરનાર અને કૃતજ્ઞ બંદો ન બનું ?[4]

ઘર અને તેની સાધન-સામગ્રી વિશે આપ ﷺ નો દૃષ્ટિકોણ એ હતો કે જીવન એ રીતે પસાર કરવામાં આવે જે રીતે મુસાફર પસાર કરે છે. ફરમાવ્યું કે મારું ઉદાહરણ એ મસાફર જેવું છે, જે થોડી વાર માટે છાંયડામાં આરામ કરે અને પછી પોતાનો માર્ગ પકડે. અભિપ્રેત એ છે કે જે લોકો આખિરત (પરલોક)ને લક્ષ્ય બનાવે, તેઓ દુનિયાના જીવનને કર્તવ્ય-પાલનના કે પરીક્ષાના રૂપમાં પસાર કરે; અને જેને અહીં દુનિયામાં કોઈ મોટા લક્ષ્ય માટે સંઘર્ષ કરવાનો હોય, તેમના માટે એ અવસર કેવી રીતે હોઈ શકે છે કે ઉચ્ચ દરજ્જાના મકાનો બનાવે અને તેમને સાજ-સામાનથી સુશોભિત કરે અને પછી તેમાં મગ્ન બનીને તેનો આનંદ લે ? તેથી આપ ﷺ અને

---

૧. શમાઈલે તિરમિઝી, ભાગ : મા જા-અ ફી કલામ રસૂલુલ્લાહ ﷺ ફી અલ-સમર.
૨. ઝાદુલ મિઆદ.
૩. શમાઈલે તિરમિઝી, ભાગ : મા જા-અ ફી ઈબાદહ રસૂલુલ્લાહ ﷺ.
★ "જેથી અલ્લાહ તમારી આગળ-પાછળની દરેક ભૂલને માફ કરે..." (સૂરઃ ફત્હ, આ.૨)
૪. શમાઈલે તિરમિઝી, ભાગ : મા જા-અ ફી ઈબાદહ રસૂલુલ્લાહ.

આપ ﷺ ના સાથીઓએ ન તો ઉચ્ચ દરજ્જાની ઈમારતો બનાવી અને ન તેમાં સાધન-સામગ્રી એકઠી કરી અને ન તેને સાજ-સજ્જાથી શણગારી. તેમના ઘર તો બસ, સારા મુસાફરો માટે રોકાવાની જગ્યા હતી.[૧] તેમાં ગરમી-ઠંડીથી બચવાનો પ્રબંધ હતો, જાનવરો ઘૂસી ન આવે એવી વ્યવસ્થા હતી, પરદાદારી (Privacy)નો બંદોબસ્ત હતો તથા સ્વાસ્થ્ય અને આરોગ્યની જાળવણી માટેના આવશ્યક પાસાઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.[૨] હુઝૂર ﷺ એ મસ્જિદની સાથે પુનિત પત્નીઓ માટ હુજરાઓ (નાના-નાના ઓરડાઓ) બનાવી લીધા હતા. સફાઈ માટે કોઈ અન્ય પ્રકારના અલગથી સાધનો ન હતા. સફાઈ વિશે નબી ﷺ ની રુચિ ત્યાં સુધી હતી કે સહાબા ؓ ને તાકીદ ફરમાવી : ''ઘરોના આંગણાને સાફ રાખો.''[૩]

સાધન-સામગ્રીમાં અમુક વાસણો ખૂબ જ સાદા પ્રકારના હતા. જેમ કે - એક લાકડાનું પવાલું (બાદિયા, વાટકો) હતું, જેના પર લોખંડનું પતરું લાગેલું હતું. તેનો ખાવા-પીવામાં વધારે ઉપયોગ થતો હતો. ખોરાકનો સામાન જમા તો કરવામાં આવતો, તેમ છતાં રોજે-રોજનો પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ ક્યારેય ન થયો. બિસ્તર ચામડાના ગાદલા પર આધારિત હતો, જેમાં ખજૂરની છાલ ભરેલી રહેતી. વાણનો ભરેલો ખાટલો રાખતા. ટાટ (કંતાન)ના બિસ્તરનો પણ ઉપયોગ થતો, જેને બમણો કરીને બિછાવવામાં આવતો, એક વાર તો ચાર ગણો કરીને બિછાવવામાં આવ્યો, તો પૂછવામાં આવ્યું કે આજે શું વિશેષતા હતી કે મને ગાઢ ઊંઘ આવી અને તહજ્જુદ છૂટી ગઈ. જાણ થતાં હુકમ આપ્યો કે પહેલાની જેમ રહેવા દેવામાં આવે. જમીન પર ચટાઈ બિછાવીને ઊંઘવાનો નિત્યક્રમ હતો. અમુક વખતે વાણવાળા ખાટલાની નિશાનીઓ શરીર પર જોઈને ખાસ સાથીઓ (જેમ કે હઝરત ઉમર ؓ અને અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ؓ) રડી પડ્યા.[૪]

જરા હઝરત ઉમર ؓ એ આંખે જોયેલ એક દૃશ્યને જોઈ લઈએ. 'ઈલા'ની ઘટનાના જમાનામાં તેમણે હુઝૂર ﷺ ને એ સ્થિતિમાં જોયા કે, ''આપ ﷺ ખુલ્લા, કંઈ પાથર્યા વગરના ખાટલા પર આડા પડ્યા છે, અને શરીર પર નિશાન પડી ગયા છે. આમ-તેમ જોયું તો એક તરફ મુઠ્ઠીભર જુવાર મૂકેલા છે. એક ખૂણામાં કોઈ જાનવરની ખાલ ખીલી પર લટકી રહી છે. આ દૃશ્ય જોઈને મારી આંખોમાંથી આંસુ વહી નીકળ્યા.'' હુઝૂર ﷺ એ રડવાનું કારણ પૂછ્યું, તો અરજ કરી કે કૈસર (રોમનો બાદશાહ) અને કિસરા (ઈરાનનો બાદશાહ) મોજમજા કરે અને આપ ﷺ ની આ

૧. ઝાદુલ મિઆદ ફી તદબીરુલ અમ્ર અલ-મસકન, ભા-૩, પૃ. ૧૪૨.
૨. ઝાદુલ મિઆદ ફી તદબીરુલ અમ્ર અલ-મસ્કન, ભા-૩, પૃ. ૧૪૨.
૩. રિવાયત ઇબ્ને અલ-મુસૈબ (તિરમિઝી).
૪. જુઓ : શમાઈલે તિરમિઝી, પ્રકરણ : મા જા-અ ફી ફરાશ રસૂલુલ્લાહ ﷺ.

સ્થિતિ છે !'' ફરમાવ્યું, ''ઉમર ! શું તમે એના પર ખુશ નથી કે એ લોકો દુનિયા લઈ જાય અને આપણને આખિરત (પરલોક) મળે.''(૧)

ખાન-પાન

ખાવા-પીવાની રુચિ ખૂબ જ ચોકસાઈપૂર્વકની સુંદર હતી. માંસથી ખાસ રુચિ હતી. તેમાંથી વધારે પ્રાથમિકતા બાવડું, ગરદન અને પૂંઠના માંસને આપતા. ઉપરાંત, પડખાંનું હાડકું પસંદ હતું. 'સુરીદ' (માંસના સૂપમાં રોટલીના ટુકડા પલાળીને એક વિશેષ અરબી ભોજન) ખાવું વધારે પ્રિય હતું. પસંદગીની વસ્તુઓમાં મધ, સરકો, શક્કર-ટેટી, કાકડી, દૂધી, ખિચડી, માખણ વગેરે વસ્તુઓ સામેલ હતી. દૂધની સાથે ખજૂર (સૌથી સંપૂર્ણ ખોરાક બને છે)નો ઉપયોગ પણ સારો લાગતો અને માખણ લગાવીને ખજૂર ખાવી પણ પસંદ કરતા હતા. ખુરચણ (તહ-દેગી, વાસણની નીચેની વસ્તુ જેમાં ઘી વધારે હોય છે) ભાવતી હતી. કાકડી મીઠું લગાવીને અને શક્કર-ટેટી ખાંડ લગાવીને પણ ખાતા. બીમારો માટે પરેજીવાળા ખોરાકના રૂપમાં હરીરા (મીઠી અને ઘટ્ટ વસ્તુ જે મેદાને ખાંડમાં ઘોળીને બનાવવામાં આવે છે)ને સારું સમજતા અને સૂચવતા પણ ખરા. મીઠું પકવાન પણ ખૂબ પસંદ હતું. મોટાભાગે જુવારના 'સત્તુ'નો પણ ઉપયોગ કરતા. એક વાર બદામનો 'સત્તુ' પ્રસ્તુત કરવામાં આવ્યો, તો એમ કહીને ઇન્કાર કરી દીધો કે આ તો ધનવાનોનું ભોજન છે. ઘરમાં રસાવાળું શાક પાકતું તો પાડોસી માટે સહેજ વધારે બનાવવામાં આવતું.

પીવાની વસ્તુઓમાં નંબર એક પર મીઠું પાણી હતું, અને વિશષેરૂપે બે દિવસના અંતરેથી મંગાવવામાં આવતું. દૂધ, પાણી મેળવેલું દૂધ (જેને કાચી લસ્સી કહેવામાં આવે છે) અને મધનું શરબત પણ શોખથી પીતા. નશા વિનાની 'નબીઝ' (જુવારમાંથી બનાવેલ) પણ શોખથી પીતા. મશક કે પથ્થરના વાસણમાં પાણી નાખીને ખજૂર પલાળી દેવામાં આવતી અને તેનો દિવસભર ઉપયોગ કરતા, પરંતુ સમય વધારે થઈ જાય તો નશાની આશંકાના કારણે ફેંકાવી દેતા. અબૂ માલિક અશ્અરીની રિવાયત અનુસાર એ પણ ફરમાવ્યું કે મારી ઉમ્મતમાંથી કેટલાક લોકો શરાબ પીશે અને તેનું નામ બદલીને કંઈનું કંઈ કરી નાખશે. (પછીના સુલતાનોએ 'નબીઝ' ના નામે નશીલી વસ્તુઓનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું હતું.)

લોકોનું અલગ-અલગ બેસીને જમવું અપ્રિય હતું. ભેગા થઈને જમવાની તાકીદ ફરમાવી. ટેબલ-ખુરશી પર બેસીને જમવાને પોતાની વિનમ્રતા અને સંયમી

૧. અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ. ૩૪૦; સહીહ મુસ્લિમ, પ્રકરણ : ફી અલ-રજૂલ લયતક ઉમરાઅ, રિવાયત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺ.

સ્વભાવના વિરુદ્ધ સમજતા. એ જ રીતે દસ્તરખાન (જમવાના પાથરણા) પર નાની-નાની વાટકીઓ અને પ્લેટોમાં ભોજન પીરસવાની રીત પણ સ્વભાવ વિરુદ્ધ હતી. સોના-ચાંદીના વાસણોને તદ્દન હરામ (અવૈધ) ઠરાવી દીધા હતા. કાચ, માટી, તાંબા અને લાકડાના વાસણોનો ઉપયોગ કરતા રહ્યા. હાથ ધોઈને, જૂતા ઉતારીને દસ્તરખાન પર બેસતા. જમણા હાથથી ખાવાનું લેતા અને પોતાની સામેથી લેતા. વાસણની વચ્ચે હાથ કદી ન નાખતા. ટેકો લગાવીને ખાવું-પીવું આદતથી વિરુદ્ધ હતું. બંને પગ વાળીને કે ઊકડું બેસતા. દરેક કોળિયો લેતા ત્યારે 'બિસ્મિલ્લાહ' પઢતા. અપ્રિય હોય એવું ખાવાનું ખામી કાઢ્યા વગર ચુપચાપ છોડી દેતા. વધારે ગરમ ખાવાનું ન ખાતા. ક્યારેક રાંધેલું માંસ છરીથી કાપી-કાપીને ખાધું છે, પરંતુ આ વૈભવી રીત પસંદ ન હતી.(૧) ખાવાનું હંમેશા ત્રણ આંગળીઓથી લેતા અને બીજી આંગળીઓને કે આખી હથેળીને બગડવા ન દેતા. ક્યારેક મેવા અને ફળ ચાલતા-ચાલતા અને ઊભા રહીને પણ ખાઈ લીધા. બે ફળ ભેગા પણ ખાધા, જેમ કે એક હાથમાં શક્કર-ટેટી લીધી અને બીજામાં ખજૂર. ખજૂરનો ઠળિયો ડાબા હાથથી ફેંકતા. દા'વત (ભોજન-નિમંત્રણ) અવશ્ય કબૂલ કરતા અને જો સંયોગથી કોઈ બીજી વ્યક્તિ (વાતચીત કરતા કે કોઈ અન્ય કારણસર) સાથે હોય તો તેને લઈ તો જતા, પણ યજમાનથી તેના માટે પરવાનગી લઈ લેતા. મહેમાનને ભોજન કરાવતા તો વારંવાર આગ્રહથી કહેતા કે બરાબર ખાજો, નિઃસંકોચ ખાજો. સહભોજન વખતે સભ્યતાનો ખ્યાલ કરીને સૌથી છેલ્લે ઉઠતા. બીજા લોકો જો પહેલા ખાઈ લેતા તો તેમના સાથે આપ ﷺ પણ ઊભા થઈ જતા. ખાઈને હાથ અવશ્ય ધોતા, દુઆ કરતા, જેમાં અલ્લાહની ને'મતો (કૃપાઓ) માટે કૃતજ્ઞતાના શબ્દો હોતા. ઉપરાંત રોજીની દુઆ કરતા અને યજમાન માટે બરકત ઇચ્છતા. ખાવાની કોઈ વસ્તુ આવતી તો ઉપસ્થિત મિત્રોને આગ્રહ કરીને સામેલ કરતા અને અનુપસ્થિત મિત્રોનો ભાગ અલગ રાખી લેતા. ફળ વગેરે ખાવાની મજલિસમાં એક-એક દાણો લેવાનું પ્રશિક્ષણ આપ ﷺ એ આપ્યું છે. પાણી ગટ-ગટના અવાજ કાઢ્યા વગર પીતા અને સામાન્ય રીતે ત્રણ વાર પ્યાલો (કે ગ્લાસ) મોઢાથી અલગ કરીને શ્વાસ લેતા અને દરેક વખતે આરંભ 'બિસ્મિલ્લાહ'થી અને અંત 'અલહમ્દુલિલ્લાહ વ શુક્ર અલ્લાહ' પઢીને કરતા. સામાન્ય રીતે બેસીને પાણી પીતા. પરંતુ ક્યારેક ઊભા રહીને પણ પીધું છે. પીવાની વસ્તુ મજલિસમાં આવતી તો સામાન્ય રીતે જમણી બાજુથી ક્રમ ચલાવતા અને જ્યાં એક ક્રમ સમાપ્ત થતો, બીજો ત્યાંથી શરૂ કરતા. મોટી ઉંમરના લોકોને પ્રાથમિકતા આપતા. પરંતુ જમણી બાજુવાળાના નિર્ધારિત હક્કના કારણે તેમની પરવાનગી

૧. રિવાયત : ઉમર બિન ઉમૈયા (બુખારી, મુસ્લિમ), રિવાયત : હઝરત આઈશા رضي الله عنها (અબૂ દાઊદ, બયહકી).

લઈને જ ક્રમ તોડતા. સાથીઓને કોઈ વસ્તુ પીવડાવતા તો સ્વયં સૌથી છેલ્લે પીતા અને ફરમાવતા કે, ''સાકી (પીવડાવનાર) છેલ્લે પીવે છે.'' ખાવા-પીવાની વસ્તુઓમાં ફૂંક મારવાનું કે તેને સૂંઘવાનું નાપસંદ હતું. શ્વાસમાં દુર્ગંધ હોવું ગમતું ન હોવાને કારણે કાચી ડુંગળી અને લસણનો ઉપયોગ હંમેશા અપ્રિય રહ્યો. ખાવા-પીવાની વસ્તુઓને ઢાંકવાનો હુકમ આપ્યો છે. ખાવાની કોઈ નવી વસ્તુ આવતી તો ખાતા પહેલા તેનું નામ જાણતા. ઝેર ખવડાવવાની ઘટના પછી નિત્યક્રમ બની ગયો હતો કે જો કોઈ અજાણ્યો વ્યક્તિ ખાવાનું ખવડાવતો તો પહેલા એકાદ-અડધો કોળિયો પહેલા તેને ખવડાવતા.(૧)

શોખ અને રૂચિની આ પસંદગીની સાથે બીજી બાજુ મોટાભાગે ભૂખ અને ગરીબીની સ્થિતિનો સામનો રહ્યો, જેની વિગત અમે બીજી જગ્યાએ આપીશું. ફરમાવ્યું : آكل كما يأكل العبد. ''મારું ખાવું-પીવું એવું છે જેવું કે (અલ્લાહના) કોઈ બંદાનું હોવું જોઈએ.

ઊઠવું - બેસવું

ક્યારેક ઊકડું બેસતા, ક્યારેક બંને હાથ જાંઘોની આસપાસ વિંટાળીને બેસતા. ક્યારેક હાથોના બદલે કપડું (ચાદર વગેરે) લપેટી લેતા. બેસતી વખતે ટેકો લગાવતા તો સામાન્ય રીતે ડાબા હાથ પર. ચિંતા કે વિચારની સ્થિતિમાં બેસીને જમીનને લાકડીથી ખોતરતા. ઊંઘતી વખતે જમણે પાસે ઊંઘતા અને જમણા હાથની હથેળી પર જમણો ગાલ મૂકી દેતા. ક્યારેક સીધા પણ સૂઈ જતા અને પગ પર પગ પણ મૂકી દેતા. પરંતુ 'સત્ર' (લજ્જાસ્પદ ભાગોને છુપાવવા)ની હંમેશા કાળજી રાખતા. પેટને દબાવીને ઊંધા સૂવાનું સખત નાપસંદ હતું અને તેની મનાઈ કરતા હતા. એવા અંધારા ઘરમાં ઊંઘવાનું પસંદ ન હતું, જેમાં દીવો સળગતો ન હોય. ખુલ્લી છત પર, જ્યાં પરદાની દીવાલ ન હોય, ઊંઘવાનું સારું ન સમજતા. વુઝૂ કરીને સૂવાની આદત હતી અને ઊંઘતી વખતે જુદી-જદી દુઆઓ પઢવા ઉપરાંત છેલ્લી ત્રણ સૂરઃઓ (સૂરઃ ઇખ્લાસ અને મુઅવ્વઝતૈન) પઢીને શરીર પર દમ કરતા.(૨) ઊંઘતી વખતે હળવા અવાજથી નસકોરા લેતા. રાત્રે હાજત પૂરી કરવા ઉઠતા તો ફારેગ થયા પછી હાથ-મોઢું જરૂર ધોઈ લેતા.(૩) ઊંઘવા માટે એક લૂંગી અલગ હતી, કુરતો (ખમીસ કે ઝભ્ભો) ઉતારીને લટકાવી દેતા.

---

૧. જુઓ : શમાઈલે તિરમિઝી. (સંબંધિત પ્રકરણો).

૨. જુદા-જુદા અઝકાર અને દુઆઓ અમે અલગથી લાવીશું.

૩. શમાઈલે તિરમિઝી.

માનવીય હાજતો (જરૂરતો)

જરૂરત માટે એ જમાનામાં ઘરોમાં જાજરૂ ન હતા, તેથી હુઝૂર ﷺ તેના માટે જંગલ જતા. સામાન્ય રીતે એટલા દૂર જતા (૨-૨ માઈલ સુધી) કે નજરોથી ઓઝલ થઈ જતા. એવી નરમ જગ્યા શોધતા કે છાંટા ન ઊડે. હાજતની જગ્યાએ પહેલા ડાબો પગ મૂકતા, પછી જમણો. બેસતી વખતે જમીનથી તદ્દન નજીક થઈને સત્રની જગ્યાથી કપડું ખોલતા. કોઈ ટીલા વગેરેની આડ અવશ્ય લેતા. જરૂરત વખતે હંમેશા જૂતા પહેરીને અને માથું ઢાંકીને નીકળતા. કિબ્લાની તરફ ચહેરો કરવાથી અથવા પીઠ કરવાથી બચતા. હાજત વખતે વીંટી કાઢી નાખતા. (સ્પષ્ટ રહે કે તેના પર અલ્લાહ અને રસૂલ ﷺ ના નામ અંકિત હતા.) પાક થવા પાણીથી ધોવા માટે ડાબા હાથનો જ ઉપયોગ કરતા. જરૂરતની જગ્યાએથી દૂર થતાં તો પહેલા જમણો પગ ઉઠાવતા, પછી ડાબો.

ગુસ્લ (સ્નાન) માટે પરદો જરૂરી ઠેરવેલ હતો. ઘરમાં સ્નાન કરતા તો કપડાનો પરદો તાણવામાં આવતો. ક્યારેક વરસાદમાં ન્હાતા તો લૂંગી બાંધી લેતા.

છીંક ધીમા અવાજથી ખાતા અને હાથ કે કપડું મોઢા પર મૂકી લેતા.

પ્રવાસ / મુસાફરી

મુસાફરી માટે ગુરુવારે રવાના થવાનું પસંદ હતું. સવારીને ઝડપથી ચલાવતા. પડાવ હોય ત્યાંથી સવારે કૂચ કરવાનો નિયમ રહ્યો. મુસાફરી (Camp Life)માં જે સામૂહિક કાર્યો કરવાના હોય તેમાં ભાગ જરૂર લેતા. એ રીતે એક વખતે ભોજન તૈયાર કરવાનું કાર્ય હતું. બધા સાથીઓમાં કાર્યની વહેંચણી કરી લેવામાં આવી. આપ ﷺ એ પણ લાકડા વીણવાનું કામ પોતાને શિરે લીધું. કહેવામાં આવ્યું કે આપ તકલીફ ન લો, અમે બધા આ કામ માટે પૂરતા છીએ. ફરમાવ્યું કે મને ભેદભાવ પસંદ નથી.[૧] મુસાફરીમાં પોતાની સવારી પર વારાફરતે કોઈને કોઈ પગપાળા સાથીને સામેલ કરતા. મુસાફરીથી રાત્રે પાછા આવવું પસંદ ન હતું. પાછા આવતા ત્યારે સીધા ઘર જવાને બદલે મસ્જિદમાં જઈને નફલ નમાઝ અદા કરતા. ઘરમાં જાણ થઈ ગયા પછી શાંતિથી જતા.

લાગણીઓ

માનવતાની કલ્પના આપણે લાગણીઓને અલગ કરીને નથી કરી શકતા. હુઝૂર ﷺ માં પણ માનવીય લાગણીઓ સરસ રીતે કાર્યરત હતી. આપ ﷺ

૧. અલ-મવાહિબુદ-દુનિયા, ભા-૧, પૃ. ૨૯૪.

સંવેદનશીલ વ્યક્તિ હતા અને ખુશીમાં ખુશ અને દુઃખમાં દુઃખથી પ્રભાવિત થતા.

હુઝૂર ﷺ એવા કથિત મોટા લોકોમાંથી ન હતા, જેઓ દુનિયાના લોકોના દુઃખોને જોઈને તો દુબળા થઈ જાય છે, પરંતુ ઘર માટે પાષાણ-હૃદયી અને બેપરવા સાબિત થાય છે. બહારનું જીવન જોર-શોરવાળું હોય છે અને ઘરનું ફીકું અને નીરસ. આપ ﷺ ને પોતાની પત્નીઓથી સાચો પ્રેમ હતો. હઝરત આઇશા ؓ ની સાથે એક જ પ્યાલામાં પાણી પીધું અને જ્યાં તેઓ મોઢું લગાવતા ત્યાં પોતે મોઢું લગાવીને પાણી પીતા. અન્સારની બાળાઓને બોલાવતા, જેથી તેઓ તેમના સાથે રમે. હબશીઓના અંગ કસરતના ખેલ એવી રીતે દેખાડ્યા કે હઝરત આઇશા ﷺ ની હડપચી આપ ﷺ ના ખભા પર હતી. વારંવાર પૂછતા કે, ''શું તમે હવે બરાબર જોઈ ચૂક્યા ?'' તેઓ કહેતા, ''હજુ નહીં.'' ઘણી વાર સુધી આમ ચાલતું રહેતું.[૧] હઝરત સફિયા ؓ ને સફર વખતે ઊંટ પર બેસાડવા આપ ﷺ પોતાનું ઢીંચણ મૂકી દેતા અને તેના પર તેઓ પગ મૂકીને સવાર થઈ જતા. એક વાર સફરમાં ઊંટણીનો પગ લપસ્યો અને હુઝૂર ﷺ અને હઝરત સફિયા ؓ બંને પડી ગયા. અબૂ તલ્હા ؓ સાથે હતા. દોડતા આપ ﷺ ની પાસે આવ્યા. આપ ﷺ એ ફરમાવ્યું, ''પહેલા ખાતૂન (હઝરત સફિયા)ને જુઓ.'' એક વાર ઊંટ હાંકનારે ઊંટોને દોડાવ્યા, તો ફરમાવવા લાગ્યા, ''જુઓ, કાચના પ્યાલાઓ છે, કાચના પ્યાલાઓ ! જરા સાવધાનીથી.''[૧] આવી જ લાગણીના કારણે એક વાર મધ ન ખાવાના સોગંદ ખાધા, જેના પર ઠપકો આવ્યો કે હલાલ (વૈધ) વસ્તુને હરામ (અવૈધ) ન કરો.[૩]

પોતાના બાળકો પ્રત્યે પણ હુઝૂર ﷺ ને ઊંડો પ્રેમ હતો. હઝરત ઇબ્રાહીમ ؓ ને દૂધ પીવડાવવા (ધાવણ) માટે એક લુહારના ઘરમાં મદીનાના ઉપરના ભાગમાં મૂકવામાં આવ્યા હતા. તેમને જોવા માટે લાંબું અંતર કાપીને તશરીફ લઈ જતા. ઘરમાં ધુમાડો ભરેલો રહેતો, પણ ત્યાં બેસતા અને બાળકને ખોળામાં લઈને હેત કરતા.[૪]

હઝરત ફાતિમા ؓ આવતા તો ઊભા થઈને અભિવાદન કરતા. પોતે તશરીફ લઈ જતા. પોતાની વાત કહેતા અને તેમની પણ સાંભળતા. તેમના સુપુત્રો

---

૧. અલ-મવાહિબુદ-દુનિયા, ભા-૧, પૃ. ૨૯૬.

૨. મુસ્લિમ, બુખારી.

૩. પશ્ચિમી લેખકોએ હુઝૂર ﷺ ના આ સ્વચ્છ અને નિર્મળ દાંપત્ય જીવનને વિરોધનું લક્ષ્ય બનાવ્યું છે, જ્યારે કે તેમની પોતાની સંસ્કૃતિએ જે ઉચ્ચતર અને સર્વોત્તમ જવાબદાર વ્યક્તિઓ પેદા કરેલ છે, તેઓ ન કેવળ ઘરના વર્તુળમાં અશ્લીલતા અને અસંસ્કારિતાની હદ સુધી પહોંચી જાય છે, બલ્કે એ વર્તુળની બહાર પણ તેમને તેમની મનેચ્છાઓ અધઃપતનમાં ગ્રસ્ત કરતી રહે છે. હુઝૂર ﷺ ની સ્થિતિ એ હતી કે બધી રુચી-અભિરુચિઓ દાંપત્ય-જીવન સુધી સીમિત હતી અને તેમાં પણ પવિત્રતાનો રંગ સ્પષ્ટ હતો. આપ ﷺ એ પ્રાકૃતિક તકાદાઓને સંસ્કારિતાની સીમાઓમાં રાખીને સૌજન્યશીલતાથી પૂરા કર્યા અને દાંપત્ય-પ્રેમની એક સભ્યતાનું નિર્માણ કર્યું.

૪. રિવાયત : હઝરત અનસ ؓ.

હઝરત હસન અને હઝરત હુસૈન رضي الله عنهما થી ખૂબ પ્રેમ હતો. તેમને ખોળામાં લેતા. તેમને ખભા પર બેસાડતા. તેમના માટે ઘોડો બનતા. નમાઝની સ્થિતિમાં પણ તેમને ખભા પર બેસવા દેતા. એક વાર અકઝઅ બિન હાબિસ رضي الله عنه એ આપ ﷺ ને હઝરત હસન رضي الله عنه ને ચૂમતા જોયા, તો આશ્ચર્યથી કહ્યું કે મારા તો દસ પુત્રો છે, મેં ક્યારેય કોઈને વ્હાલ નથી કર્યો, જ્યારે કે આપ ﷺ ચૂમે છે. ફરમાવ્યું, ''જે રહમ (દયા, પ્રેમ) નથી કરતો, તેના પર રહમ કરવામાં નથી આવતો.

આ જ સુપુત્ર હઝરત ઈબ્રાહીમ رضي الله عنه નું જ્યારે અવસાન થયું, તો દુ:ખથી આંખો ભરાઈ આવી. એ જ રીતે એક પુત્રનું અવસાન આપ ﷺ ની સામે થયું, ઉમ્મે ઐમન (સેવિકા رضي الله عنها) પોક મૂકીને રડવા લાગી. હુઝૂર ﷺ એ મનાઈ કરી, તો તેઓ કહેવા લાગ્યા કે આપ ﷺ પોતે પણ તો રડી રહ્યા છે. આપ ﷺ એ ફરમાવ્યું કે આ રીતે રડવાની મનાઈ નથી. આ રડવું જે હેત અને અનુકંપાના કારણે છે તે અલ્લાહની એક રહમત (દયા) છે. પોતાની સુપુત્રી ઉમ્મે કુલસુમ رضي الله عنها ની કબર પર ઊભા થયા તો તે વખતે પણ આપ ﷺ ની આંખોમાંથી અશ્રુ વહેતા હતા. ઉસ્માન બિન મઝઊન رضي الله عنه ની મય્યતના સામે પણ આપ ﷺ ની આંખો આંસુઓથી ભરાઈ આવી હતી અને આપ ﷺ એ તેમના લલાટ પર ચુંબન કર્યું.[૧] પોતાના રડવાની સ્થિતિને પોતે આ રીતે વર્ણવી : ''આંખો અશ્રુભીની છે, હૃદય દુ:ખી છે, પણ આપણે આપણી જીભથી એ સિવાય કંઈ નથી કહેતા, જે આપણા રબ (પાલનહાર)ને પસંદ છે.'' દુ:ખની હાલતમાં મોટાભાગે મોઢાથી આ શબ્દો નીકળતા : حسبي الله ونعم الوكيل (અલ્લાહ મારા માટે પૂરતો છે અને એ જ મારો સૌથી સારો કાર્યસાધક છે.) રડવામાં અવાજ ઊંચો ન થતો, બલ્કે ઠંડો શ્વાસ લેતા અને ઉકળતી હાંડી જેવો અવાજ છાતીમાંથી નીકળતો.

આ સંવેદનશીલ હૃદય જ્યારે પોતાના અલ્લાહની સામે પ્રાર્થના અને નિવેદન કરી રહ્યું હોતું કે કુર્આનનું રટણ કરી રહ્યું હોતું, તો એ સ્થિતિમાં પણ ક્યારેક પાંપણો પર મોતી ચમકવા લાગતા. એક વાર હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضي الله عنه ને ફરમાઈશ કરીને કુર્આન સાંભળ્યું. તેઓ જ્યારે સૂરઃ નિસાની આયત فكيف اذا جئنا... (એ વખતે શું સ્થિતિ હશે, જ્યારે કે અમે પ્રત્યેક ઉમ્મતમાંથી એક સાક્ષીને ઊભો કરીશું અને એ લોકો પર તમને સાક્ષી બનાવીને લાવીશું. - આ. ૪૧) પર પહોંચ્યા, તો આંખોમાંથી અશ્રુધારા વહેવાની શરૂ થઈ ગઈ.[૨]

સંવેદનશીલતાનું આ ઝરણું છે, એ સહાનુભૂતિ અને સ્નેહનું જે હુઝૂર ﷺ ને

---

૧. શમાઈલે તિરમિઝી, પ્રકરણ : મા જાઅ ફી બકાઅ રસૂલુલ્લાહ ﷺ.

૨. અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ. ૨૯૭.

સમગ્ર માનવતાથી હતો અને વિશેષરૂપે ઈસ્લામી સમુદાયના લોકોથી. આશ્ચર્ય છે કે આ કોમળ લાગણીઓની સાથે હુઝૂર ﷺ એ આટલી બધી મુશ્કેલીઓ અને મુસીબતોની સામે કેટલા ધૈર્ય અને મક્કમતાનું પ્રદર્શન કર્યું !

વિનોદી સ્વભાવ

અમે અગાઉ પણ ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે રસૂલે ખુદા ﷺ ખુશમિજાજીના ગુણથી સુશોભિત હતા, બલ્કે ફરમાવ્યું : وتبسمك في وجه اخيك صدقة (તારું તારા ભાઈની સામે હસતા-હસતા આવવું પણ એક ભલાઈનું કાર્ય છે.) આપ ﷺ ની એ શાન પણ વર્ણવવામાં આવી ચૂકી છે કે كان بساماً ضحاكاً (આપ ﷺ હંમેશા સ્મિત કરનારા અને હસતા રહેનારા હતા.) મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરનારી હસ્તી માટે એ એક અનિવાર્ય ગુણ છે કે તે જીવનના કર્તવ્યોના બોજને પોતાના હાસ્યથી સહ્ય બનાવી લે અને સાથીઓના હૃદયોમાં ઘર કરાવી લે. આપ ﷺ ની સ્થિતિ એ હતી કે, قد كان يباسط اصحابه بما يزرع حبه في القلوب. અર્થાત્ ''આપ ﷺ એવા અનૌપચારિક વિનોદી સ્વભાવથી સાથીઓને મળતા હતા કે તેમના દિલોમાં આપનો પ્રેમ રચી-વસી ગયો હતો.'' આપ ﷺ જ્યારે હાસ્ય અને રમૂજની વાતો કરતા તો મજલિસમાં ઉલ્લાસનું વાતાવરણ પ્રસરી જતું. જો કે સંતુલન અને મધ્યમમાર્ગ હંમેશા જાળવતા. વિનોદનો રંગ આટામાં મીઠાની જેમ હલકો રહેતો અને તેમાં પણ ન તો સત્ય વિરુદ્ધ કોઈ વાત સામેલ રહેતી, ન કોઈને મનદુઃખ થતું અને ન ઠહાકા લગાવીને હસવાની આદત હતી. ફૂલો જેવો મલકાટ રહેતો, જેમાં વધારેમાં વધારે માત્ર દાંતોની કિનારીઓ દેખાતી, ગળું ન દેખાતું.

એક વાર આશ્ચર્યથી હઝરત અબૂ હુરૈરા رضي الله عنه એ કહ્યું, ''આપ ﷺ અમારા સાથે મજાક પણ કરી લો છો ?'' કહ્યું, ''હા, પણ હું સત્ય વિરુદ્ધ કોઈ વાત નથી કહેતો.''

અહીં અમે હુઝૂરે પાક ﷺ ના વિનોદના કેટલાક નમૂનાઓ નોંધીએ છીએ, જે સુન્નતના રેકર્ડમાં સુરક્ષિત છે.(૧)

— કોઈ માંગનારે સવારીનું ઊંટ માંગ્યું. ફરમાવ્યું, ''અમે તમને ઊંટણીનું એક બચ્ચું આપીશું.'' માંગનારે આશ્ચર્યથી કહ્યું કે હું તેને લઈને શું કરીશ ? ફરમાવ્યું, ''દરેક ઊંટ કોઈ ઊંટણીનું બચ્ચું જ હોય છે ને !''

— એક વૃદ્ધાએ આવીને અરજ કરી કે મારા માટે દુઆ કરો કે અલ્લાહ મને જન્નત પ્રદાન કરે. હુઝૂર ﷺ એ મજાકમાં કહ્યું, ''હે ઉમ્મે ફલાણી ! જન્નતમાં કોઈ

૧. મોટાભાગના પ્રસંગો 'શમાઈલે તિરમિઝી'થી લેવામાં આવેલ છે. પ્રકરણ : મા જા-અ ફી સિફતે મિઝાજ રસૂલુલ્લાહ ﷺ.

વૃદ્ધ સ્ત્રી નથી જઈ શકતી.'' તે રડતી-રડતી ઉઠીને જવા લાગી, તો હાજરજનોને કહ્યું, ''તેને કહો કે અલ્લાહ તેને આ વૃદ્ધાની સ્થિતિની સાથે જન્નતમાં નથી લઈ જવાનો, બલ્કે તેનો ઈરશાદ છે કે إِنَّا أَنْشَأْنَاهُنَّ إِنْشَاءً ۝ فَجَعَلْنَاهُنَّ أَبْكَارًا ۝ عُرُبًا أَتْرَابًا ۝ (સૂરઃ વાકિઆ, આ.૩૫-૩૭). અભિપ્રેત એ છે કે જન્નતમાં જવાવાળી સ્ત્રીઓને અલ્લાહ તૂઆલા યુવાનીથી નવાજશે.

— ઝાહિર (કે ઝહીર) નામે એક આરબ ગ્રામવાસી હતા. તેમનાથી સાહજિક સંબંધો હતા. આપ ﷺ પોતાના આ ગ્રામવાસી મિત્રને શહેર વિશેના કાર્યોમાં મદદ કરતા અને તેઓ ગામ વિશે હુઝૂર ﷺ ના કામો કરતા. ઉપરાંત નિખાલસતાથી ભેટસોગાદ આપતા, (જેની કિંમત હુઝૂર ﷺ આગ્રહથી ચૂકવતા). એ રીતે ફરમાવતા કે ઝાહિર ગામમાં અમારો ગુમાસ્તો (એજન્ટ) છે અને અમે શહેરમાં તેના ગુમાસ્તા છીએ. આ જ ઝાહિર એક દિવસ બજારમાં પોતાની કોઈ વસ્તુ વેચી રહ્યા હતા. હુઝૂર ﷺ એ પાછળથી આવીને ચુપકેથી તેમની આંખો પર હાથ મૂકી દીધો, અને પૂછ્યું કે બતાવો, હું કોણ છું. તેઓ પહેલા તો કંઈ ન સમજ્યા, પછી જ્યારે ખબર પડી તો તરત જ ભાવપૂર્વક હુઝૂર ﷺ ની છાતીથી પોતાના ખભા ઘસવા લાગ્યા. હુઝૂર ﷺ એ મજાકમાં કહ્યું કે કોણ આ ગુલામને ખરીદે છે? ઝાહિર કહેવા લાગ્યા, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! મારા જેવો નકામો ગુલામ જે ખરીદશે તે નુકસાનમાં રહેશે.'' ફરમાવ્યું, ''તમે અલ્લાહની નજરમાં નકામા નથી.''

— એક પ્રસંગે મજલિસમાં ખજૂરો ખાઈ રહ્યા હતા. આપ ﷺ ઠળિયા કાઢી-કાઢીને હઝરત અલી رضي الله عنه ના આગળ નાખતા રહ્યા. અંતે ઠળિયાના ઢગલા તરફ ઈશારો કરીને તેમને કહ્યું કે તમે તો ઘણી ખજૂરો ખાઈ ગયા ! તો હઝરત અલી رضي الله عنه કહ્યું કે ખજૂરો મેં ઠળિયા સાથે નથી ખાધી.

— ખન્દકના યુદ્ધ પ્રસંગે એક ઘટનાને કારણે હુઝૂર ﷺ ખૂબ હસ્યા અને આપ ﷺ ના દાંત (અંદરના) સુદ્ધાં દેખાયા. થયું એ કે આમિરના પિતા સઅદ તીર ફેંકી રહ્યા હતા. એક દુશ્મન લક્ષ્ય પર હતો. જેવા તેઓ નિશાન લેતા તરત જ તે ઢાલ ચહેરાની સામે કરી દેતો. સઅદના તીરો લક્ષ્ય પર બેસી રહ્યા ન હતા. છેવટે સઅદ તીર કમાન પર ચઢાવીને તાકમાં રહ્યા કે તક મળતાં જ તીર છોડે. તેણે જેવો ઢાલથી ચહેરો બહાર કાઢ્યો, તીર છોડ્યું અને તે સીધું તેના કપાળમાં ઘૂસી ગયું. તે ખરાબ રીતે ચકરાઈને પડી ગયો કે પગ ઉપરની તરફ થઈ ગયા.

પછીના જમાનાના લોકોને આ વિનોદ-વૃત્તિનો રંગ જોઈને આશ્ચર્ય થતું હતું, કેમ કે એક તો ધર્મની સાથે સંયમ અને તપસ્વીતાની કલ્પના હંમેશા રહી છે અને

ખુદાપરસ્તો (ઈશનિષ્ઠો) અને મુત્તકીઓ (સંયમીઓ)ના હંમેશા રૂહાની (આધ્યાત્મિક) રંગ-રૂપ તેમજ શુષ્ક સ્વભાવો લોકોની સામે રહ્યા છે. બીજું, હુઝૂર ﷺ ની અલ્લાહની ઈબાદતો, હુઝૂર ﷺ નો તકવા (ઈશભય), હુઝૂર ﷺ ની ભારે જવાબદારીઓ અને હુઝૂર ﷺ ના વિચારોને ધ્યાનમાં લઈએ તો એ સમજવું મુશ્કેલ થઈ જાય છે કે આ માનવતાના નમૂનારૂપ આદર્શ માનવીએ આ હાસ્ય અને સ્મિત માટે જીવનના નક્શામાં કેવી રીતે જગ્યા પેદા કરી લીધી ? એ રીતે જ્યારે ઇબ્ને ઉમર ؓ ને પૂછવામાં આવ્યું કે, "શું રસૂલુલ્લાહ ﷺ ના સાથીઓ પણ હસ્યા કરતા હતા ?" તેમણે ફરમાવ્યું, "હા, હસતા હતા અને તેમ છતાં તેમના હૃદયોમાં પહાડથી મોટું ઈમાન હતું. (અર્થાત્ હાસ્ય અને વિનોદ, ઈમાન અને તકવાના વિરોધાભાસી અને તેનાથી અસંગત નથી.) તીરોનું નિશાન (પ્રેક્ટિસ કે અભ્યાસ માટે) લેતાં ડરતા હતા, પણ પરસ્પર મળીને હસતા હતા." (રિવાયત : કતાદા)

અમે અગાઉ ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે સવારની નમાઝ પછી મજલિસ થતી અને તેમાં અજ્ઞાનતા-કાળની વાતો પણ છેડાતી અને સહાબા ؓ ની સાથે રસૂલે અકરમ ﷺ પણ ખૂબ હસતા. બાળકોથી આપ ﷺ ની મજાક કરવાના પ્રસંગો પણ અમે વર્ણવી ચૂક્યા છીએ. ઉપરાંત, ઘરમાં પુનિત પત્નીઓની સાથે હસવા-હસાવવાનો ઉલ્લેખ પણ થઈ ચૂક્યો છે.

મનોરંજન

સંતુલિત જીવનનું એક આવશ્યક અંગ મનોરંજન (જાઈઝ સીમાઓમાં) પણ છે. હાસ્ય અને વિનોદની જેમ આ અંગ નિરસ્ત થઈ જાય તો જીવન બોજ બની જાય છે. જે જીવન-વ્યવસ્થામાં મનોરંજનનો અવકાશ રાખવામાં ન આવ્યો હોય એવી જીવન-વ્યવસ્થાને કોઈ સમાજ વધારે સમય સુધી વહન કરી શકતો નથી. હુઝૂર ﷺ ને પણ અમુક મનોરંજનો પસંદ હતા અને જાઈઝ (ઉચિત) સીમાઓમાં તેના માટે તકો પણ શોધી લેતાં.

વ્યક્તિગત રીતે આપ ﷺ ને બાગોની સહેલનો શોખ હતો. ક્યારેક એકલા અને ક્યારેક સાથીઓની સાથે બાગોમાં જતા અને ત્યાં મજિલસ પણ કરી લેતા.

તરવાનો શોખ પણ હતો અને સાથીઓની સાથે ક્યારેક તળાવમાં તરવા પણ જતા. બબ્બે સાથીઓની જોડીઓ બનાવવામાં આવતી અને પછી દરેક જોડીના સાથીઓ દૂરથી એક-બીજા તરફ તરતા-તરતા આવતાં. એક પ્રસંગે આપ ﷺ એ પોતાના સાથીના રૂપમાં હઝરત અબૂબક્ર ؓ ને પસંદ કર્યા.

ઘણા દિવસો પછી જ્યારે વરસાદ પડતો, તો લૂંગી બાંધીને વરસાદમાં ન્હાયા કરતા. ક્યારેક કોઈ કૂવામાં પગ લટકાવીને તેની પાળ પર બેસતા.[1]

દોડ અને તીરંદાજીની સ્પર્ધાઓ કરાવતા અને અખાડામાં પોતે સંપૂર્ણ સક્રિયતાથી સામેલ રહેતા. આવા પ્રસંગે હસી-મજાક પણ થતી.

ખુશીના પ્રસંગોએ ડફ (ખંજરી) વગાડવામાં આવે અથવા બાળાઓ ગીત ગાય એ પસંદ હતું. ઈદની ઉજવણી પર હઝરત આઇશા ؓ ની પાસે બે બાળાઓ ગીત ગાઈ રહી હતી. હુઝૂર ﷺ નજીક જ સૂઈ રહ્યા હતા. હઝરત અબૂબક્ર ؓ આવ્યા, તો ગુસ્સામાં ઠપકો આપ્યો કે અલ્લાહના રસૂલ ﷺ ના ઘરમાં આ શું શૈતાની ધમાલ મચાવી રાખી છે. આના પર હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે તેમને ગાવા દો.[2]

શાદી-વિવાહ માટે પણ ફરમાવ્યું કે આવા પ્રસંગોએ ડફ વગાડવામાં આવે. (રિવાયત : હઝરત આઇશા ؓ અને મુહમ્મદ બિન ખત્તાબ અલ-જમઈ). હઝરત આઇશા ؓ જ વર્ણવે છે કે મારા પાસે એક અન્સારી છોકરી રહતી હતી. મેં તેના નિકાહ કરાવી દીધા. તો હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''આઇશા ! તમે ગીતની વ્યવસ્થા નથી કરાવતા, જ્યારે કે અન્સાર કબીલો ગાવાનું પસંદ કરે છે.'' એક અન્ય રિવાયતમાં (સંભવતઃ આ જ પ્રસંગથી સંબંધિત) એ ઉલ્લેખ છે કે, ''તમે લોકો કોઈ ગાવાવાળાને બાળકીની સાથે મોકલતા, જે કહેતો : أَتَيْنَاكُمْ أَتَيْنَاكُمْ فَحَيَّانَا وَحَيَّاكُمْ. (અમે તમારા પાસે આવ્યા, અમે તમારા પાસે આવ્યા, બસ તમે પણ સલામત રહો, અમે પણ સલામત રહીએ.)'' આવા જ એક લગ્ન-પ્રસંગે બાળાઓ કંઈક ગાઈ રહી હતી. હઝરત આમિર બિન સઅદ ؓ એ કેટલાક ઉપસ્થિત-જનો સામે આનો વાંધો લેતા કહ્યું, ''હે રસૂલુલ્લાહ ﷺ ના સાથીઓ ! હે બદ્રમાં સામેલ લોકો ! તમારા સામે આ બધું થઈ રહ્યું છે ?'' જવાબ મળ્યો, ''જી, ઇચ્છો તો બેસીને સાંભળો, નહિં તો ચાલ્યા જાઓ. અમને રસૂલુલ્લાહ ﷺ એ આની પરવાનગી આપી છે.''[3]

આ ઉપરાંત, હુઝૂર ﷺ એ શાયરી (કવિતા)માં પણ રસ લીધો છે. પણ આરબ પ્રદેશમાં શાયરીનું જે જોરદાર પ્રચલન હતું, તેનાથી આપ ﷺ ને અગણમો હતો. 'ઇલહામી (દિવ્ય સંચેતનાઓના) ગીતો'ના આકર્ષણો અને પ્રલોભનો એટલો અવસર જ નહોતા આપતા કે શે'ર-શાયરી તરફ વધારે ધ્યાન આપી શકે. પરંતુ બીજી બાજુ શાયરીની અભિરુચિથી કુદરતે વંચિત રાખ્યા ન હતા. સારા શે'રની (ઉદ્દેશ્યને આધીન) કદર કરતા હતા, બલ્કે કહેવું જોઈએ કે હુઝૂર ﷺ એ નવી રુચિ

૧. શમાઈલે તિરમિઝી. (જુદા-જુદા પ્રકરણો).
૨. રિવાયત : હઝરત આઇશા ؓ (મુસ્લિમ — પ્રકરણ : મા યકૂલુલ જવારી ફીલ ઈદ.
૩. જુઓ : મિશ્કાત, પ્રકરણ : એલાને નિકાહ.

સમાજને આપી તથા અવલોકન અને મૂલ્યાંકનનું એક નવું માપદંડ નિર્ધારિત કર્યું. જાબિર બિન સમરહનું વર્ણન છે કે, હું હુઝૂર ﷺ ની સાથે એકસોથી વધારે મજલિસોમાં સામેલ થયો છું, જેમાં અજ્ઞાનતા-કાળના કિસ્સાઓ પણ કહેવામાં આવતા, અને સહાબા ؓ શે'ર પણ સંભળાવતા અને આરબ શાયરોના કલામમાંથી એક વાર લબીદ નામના શાયરનો પોતાની પસંદનો આ મિસરો (પંક્તિ) પણ સંભળાવ્યો :

الا كُلُّ شَيْءٍ مَا خَلَا اللهَ بَاطِلُ

(સાવધાન થઈ જાઓ કે અલ્લાહ સિવાય દરેક વસ્તુ નાશવંત છે.)

وَكُلُّ نَعِيْمٍ لَا مَحَالَةَ زَائِلُ

(દુનિયાની બધી ને'મતો નાશ પામવાની છે.)

હઝરત શરીદથી એક પ્રવાસમાં એક પછી બીજાની ફરમાઈશ કરી-કરીને ઉમૈયા બિન સુલતના એકસો શે'ર સાંભળ્યા. અંતે ફરમાવ્યું કે આ વ્યક્તિ ઈસ્લામ સ્વીકારવાની નજીક પહોંચી ગયો હતો. અમુક અવસરે પોતે પણ (વિશેષરૂપે યુદ્ધમાં) સહજ ભાવથી શે'રના અંદાજમાં વાક્યો કહ્યા છે. ઈસ્લામ-દુશ્મનોના ઈસ્લામની નિંદા કરતા શે'રોના જવાબમાં હઝરત હસ્સાન ؓ અને કઅબ બિન માલિક ؓ પાસે શે'ર કહેવડાવતા અને ક્યારેક હઝરત હસ્સાન ؓ ને પોતાના મિમ્બર પર બેસાડીને તેમના પાસે શે'ર પઢાવ્યા અને કહેતા કે, ''આ શે'ર દુશ્મનો માટે તીરથી વધારે ધારદાર છે.'' એ પણ ફરમાવ્યું કે, ''મોમિન તલવારથી પણ જિહાદ કરે છે અને જીભથી પણ.'' શે'ર અને સાહિત્ય ઉપરાંત, બીજા સાંસ્કૃતિક વિષયો પર અમે વિસ્તારથી એક અલગ લેખમાં ચર્ચા કરીને બતાવવા માગીએ છીએ કે હુઝૂર ﷺ એ માનવીય રુચિ-અભિરુચિને કેવા રચનાત્મક માર્ગે વાળી હતી.

કેટલાક બીજા વિશિષ્ટ ગુણો

અંતમાં, અમે કેટલાક એવા વિશિષ્ટ ગુણો અને શોખનો ઉલ્લેખ કરીએ છીએ, જેને કોઈ બીજા શીર્ષક હેઠળ નથી લઈ શકાયા.

— કોઈના પાસેથી કોઈ વસ્તુ લેતા, તો જમણા હાથથી લેતા અને કોઈ વસ્તુ આપતા તો જમણા હાથથી આપતા.

— પત્રો લખાવતા, તો સૌપ્રથમ 'બિસ્મિલ્લાહ' લખાવતા. પછી મોકલનારનું નામ અને તેના નીચે જેને પત્ર લખવામાં આવતો તેનું નામ હોતું. તે પછી મૂળ વિષય લખવામાં આવતો. સમાપનમાં મહોર લગાવડાવતા.

— હુઝૂર ﷺ અંધશ્રદ્ધાથી પવિત્ર હતા અને ક્યારેય શુકન લેતા ન હતા. અલબત્ત, વ્યક્તિઓ અને સ્થળોના સારા નામ પસંદ આવતા. ખરાબ નામો પસંદ ન કરતા. પ્રવાસમાં રોકાણ માટે એવું જ સ્થળ પસંદ કરતા, જેના નામમાં ખુશી કે બરકત કે સફળતાનો ભાવાર્થ હોય. એ જ પ્રમાણે જે વ્યક્તિના નામમાં લડાઈ-ઝઘડા કે નુકસાનનો ભાવાર્થ સામેલ હોય, તેને કામ ન સોંપતા. એવા માણસોને નિયુક્ત કરતા, જેમના નામોમાં ખુશી કે સફળતાનો ભાવાર્થ હોય. ઘણા નામોને આપ ﷺ એ બદલી પણ નાખ્યા.

—સવારીઓમાંથી ઘોડો ખૂબ પસંદ હતો. ફરમાવતા કે ઘોડાની કેશવાળીઓમાં ભલાઈ અને બરકત છે. ઘોડાની આંખ, મોઢું, નાકને કાળજીથી પોતાના હાથે સાફ કરતા.

—શોર-બકોર, કોલાહલ અને ધાંધલ-ધમાલ સારા ન લાગતા. દરેક કામમાં શાંતિ, સ્વમાન અને શિસ્ત-અનુશાસન ઈચ્છતા હતા. નમાઝ સુદ્ધાં વિશે કહ્યું કે દોડાદોડી કરીને ન આવો - 'عليكم بالسكينة' (તમારા માટે શાંતિ અને સ્વમાન અનિવાર્ય છે.) અરફાના દિવસે ટોળું હતું અને ખૂબ કોલાહલ અને શોરબકોર હતો. લોકોને પોતાના કોરડાથી ઈશારો કરીને અનુશાસન અને શાંતિનો આદેશ આપ્યો અને ફરમાવ્યું, فان البر ليس بالايضاع (ઉતાવળ કરવાનું નામ નેકી નથી.)[૧]

ચરિત્ર અને નીતિમત્તા

હુઝૂરે પાક ﷺ ના ચરિત્ર અને નીતિમત્તાનું વર્ણન અહીં કોઈ ગૌણ વિષય હેઠળ નથી કરી શકાતું. ત્યાં તો સંપૂર્ણ જીવન સુંદર ચરિત્ર અને સદ્ગુણોનું વિવરણ છે, જેના વિશે હઝરત આઈશા رضي الله عنها એ ફરમાવ્યું હતું - كان خلقه القرآن (આપ ﷺ નું ચરિત્ર કુર્આન હતું.) હઝરત અનસ બિન માલિક رضي الله عنه નું કથન ખૂબ જ વ્યાપક અર્થ ધરાવે છે — كان احسن الناس وكان اجود الناس وكان اشجع الناس[૨] (આપ ﷺ લોકોમાં સૌથી વધારે સારા ચરિત્રવાળા અને લોકોમાં સૌથી વધારે સખી અને સૌથી વધારે બહાદુર હતા.)'خير الناس' (લોકોમાં સૌથી સારા માનવી)ની સ્થિતિ એ હતી કે કોઈને જીવનમાં તકલીફ નથી પહોંચાડી. (સિવાય કે એ વાતોના જે અલ્લાહના આદેશ હેઠળ હતી) અને બીજાઓના અત્યાચારો પર ક્યારેય બદલો નથી લીધો. દરેકને માફ કરી દીધો, ત્યાં સુધી કે મક્કા અને તાઈફના અત્યાચારીઓને પણ માફ

૧. બુખારી અને મુસ્લિમ.
૨. પ્રકરણ : ફી શુજાઅતન્-નબી ﷺ, મુસ્લિમ.

કરી દીધા તથા મુનાફિકો અને દુષ્ટ અને ધૃષ્ટ લોકોને પણ માફ કરી દીધા. 'اجود الناس' (લોકોમાં સર્વશ્રેષ્ઠ સાથી) હોવાની સ્થિતિ એ હતી કે જાબિર ﷺ કહે છે કે રસૂલ ﷺ પાસે જે કંઈપણ કોઈએ માંગ્યું, આપ ﷺ એ ક્યારેય ઈન્કાર નથી કર્યો.(1) (જો પાસે હોય તો આપી દીધું, ક્યારેક તો કરજ લઈને આપ્યું, પાસે ન હોય તો બીજા કોઈ સમયે આવવાનું કહ્યું, અથવા મૌન રહ્યા.) 'اشجع الناس' (લોકોમાં સર્વશ્રેષ્ઠ ચરિત્રવાન) હોવા માટે એટલું જ પૂરતું છે કે સત્યની વિચારધારાને લઈને એકલા ઉઠ્યા અને દુનિયાભરના વિરોધો અને અત્યાચારોની સામે અડગ ઊભા રહ્યા. ક્યારેય અત્યંત જોખમી પ્રસંગે પણ ડર કે નબળાઈ ન બતાવી. ગારે-સૂર અથવા ઉહદ કે હુનૈનના યુદ્ધોમાં, દરેક પ્રસંગે 'યકીં-મોહકમ' (અલ્લાહ પર અટલ વિશ્વાસ)નું પ્રદર્શન કર્યું.

---

૧. પ્રકરણ : મા સુઅીલનૂ-નબી ﷺ...

(૩)

— મક્કાકાળ —

ભરતી અને ઓટ !

''બસ, એ એક કલમો છે,
જો તેનો સ્વીકાર કરીને
મારા સાથે આવો, તો
તમે તેના જોરે સમગ્ર આરબ પ્રદેશને
જીતી લેશો અને તેના પ્રભાવથી
અજમ (બિનઆરબ પ્રદેશ) તમારા વર્ચસ્વ હેઠળ હશે.''
– માનવતાના ઉપકારક ﷺ

એ નવયુવાન !

આવો, જરા પરિસ્થિતિ પર વિચાર કરીએ ! — એ પુષ્પની શાખાની વૃદ્ધિ અને વિકાસ જુઓ, જેનું અભિવાદન કાંટાઓથી કરવામાં આવ્યું !

આરબ પ્રદેશના એક પ્રખ્યાત, સભ્ય અને ઉચ્ચ પરંપરાઓ રાખનારા પરિવારમાં સુશીલ અને સંનિષ્ઠ માતા-પિતાના શુભયોગથી એક અદ્વિતીય બાળક અનાથાવસ્થાની પરિછાયામાં જન્મ લે છે. એક ગરીબ, પણ કુલીન જાતની સુયાણી (દાયણ)નું દૂધ પીને ગામડાના તંદુરસ્ત વાતાવરણમાં પ્રકૃતિના ખોળામાં ઉછરે છે. તે અલ્લાહના વિશિષ્ટ પ્રબંધ હેઠળ રણમાં સંઘર્ષ કરતાં-કરતાં જીવનની રણભૂમિમાં મુશ્કેલીઓનો સામનો કરવાની તૈયારીઓ કરે છે અને બકરીઓ ચરાવીને ભરવાડ કોમનું પ્રશિક્ષણ મેળવે છે. બાળપણની આખી યાત્રા પસાર કરતાં પહેલા આ અદ્વિતીય બાળક માતાની હૂંફની છત્રછાયાથી પણ વંચિત થઈ જાય છે. દાદાની હસ્તી થોડેક અંશે માતા-પિતાના આ શૂન્યાવકાશને ભરવાવાળી હતી, પરંતુ આ સહારો પણ છીનવી લેવામાં આવે છે. છેવટે ચાચા (કાકા) પાલક બને છે. આ જાણે ભૌતિક સહારાઓથી નિરપેક્ષ બનીને એક વાસ્તવિક માલિક (પ્રભુ)ના સહારે ભારે કર્તવ્યોને નિભાવવાની તૈયારી થઈ રહી છે !

યુવાવસ્થામાં પગ મૂકતાં સુધી આ અદ્વિતીય બાળક સામાન્ય બાળકોની જેમ રમતિયાળ અને અશિષ્ટ બનીને નહોતું આવ્યું, બલ્કે વૃદ્ધો જેવી ગંભીરતાથી વિભૂષિત દેખાય છે. યુવાન થાય છે, તો અત્યંત બગડેલા-ભ્રષ્ટ માહોલમાં ઉછર્યા હોવા છતાં

પોતાની યુવાનીને નિષ્કલંક રાખે છે. ઇશ્ક અને લંપટબાજી તેમજ વ્યભિચાર જ્યાં નવયુવાનો માટે ગર્વની વાત બની ગયેલ હોય, ત્યાં તે પોતાની નજરના પાલવને અંશ બરાબર પણ ગંદો થવા દેતો નથી. જ્યાં શેરીએ-શેરીએ શરાબ પીવાની ભઠ્ઠીઓ લાગેલી હોય અને ઘરે-ઘર શરાબખાનાઓ ખુલેલા હોય અને જ્યાં દરેક બેઠક અને સભામાં અંગૂરની બેટી (શરાબ)ના ચરણોમાં ઈમાન અને ચરિત્રને ન્યોછાવર કરવામાં આવતા હોય, અને પછી જ્યાં ખૂબ દારૂ ઢીંચવાની ચર્ચાઓ પ્રશસ્તિ-ગીતો અને શાયરીઓમાં કરવામાં આવતી હોય, ત્યાં આ ભિન્ન પ્રકૃતિનો નવયુવાન ક્યારેય સોગંદ ખાવા માટે પણ શરાબનું એક ટીપું સુદ્ધાં પોતાની જીભ પર મૂકતો નથી. જ્યાં જુગાર કોમી શોખ અને પ્રવૃત્તિ બની ગયેલ હતી, ત્યાં આ પવિત્રતાની પ્રતિમા હતો કે જેણે ક્યારેય મહોરાઓને હાથ પણ લગાવ્યો ન હતો. જ્યાં કથા-વાર્તાઓ અને સંગીત સંસ્કૃતિનું અનિવાર્ય અંગ બની ગયા હતા, ત્યાં કોઈ બીજી જ પ્રકૃતિનો આ નવયુવાન નિરર્થક અને નકામી વાતોથી તદ્દન દૂર હતો — અને બે વાર એવા અવસરો પણ આવ્યા કે આ નવયુવાન આ પ્રકારની મનોરંજનની મહેફિલોમાં જઈ પહોંચ્યો, પણ જતાં જ એવી નિદ્રા છવાઈ ગઈ કે દૃષ્ટિ અને શ્રવણનો પાલવ તદ્દન પવિત્ર રહ્યો. જ્યાં મૂર્તિઓની સામે સિજદાઓ કરવા એ જ ધર્મ બની ગયો હતો, ત્યાં ઇબ્રાહીમ (ﷺ)ના કૂળના આ વિશુદ્ધ પ્રકૃતિના નવયુવાને ન તો ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ)ની સામે કદી માથું નમાવ્યું, ન આસ્થાના રૂપમાં અનેકેશ્વરવાદી ધારણા પોતાનામાં આત્મસાત કરી, બલ્કે એક વાર મૂર્તિઓને ચઢાવેલ પશુ રાંધીને લાવવામાં આવ્યું તો તેણે તેને ખાવાનો ઇન્કાર કરી દીધો. જ્યાં કુરૈશે હજ્જના જમાનામાં પોતાને અરફાત જવાથી દૂર રાખેલ હતા, ત્યાં આ વિશિષ્ટ દરજ્જાવાળા કુરૈશીએ મનઘડત અપવાદથી ક્યારેય ફાયદો ન ઉઠાવ્યો. જ્યાં ઇબ્રાહીમ (ﷺ)ની સંતાને ઇબ્રાહીમી પંથને બગાડીને બીજી ખરાબીઓની સાથે કાબાના નગ્ન તવાફ (પરિક્રમા) કરવાની એક વિકૃત બિદઅત (નવી વાત) શરૂ કરી લીધી હતી, ત્યાં આ મિત અને શિષ્ટ સ્વભાવના નવયુવાને ક્યારેય આ બિદઅતને ન અપનાવી. જ્યાં લડાઈ-ઝઘડો એક રમત હતી અને માનવીનું લોહી વહાવવું એક તમાશો હતું, ત્યાં માનવતાની ગરિમા અને ગૌરવનો ધ્વજવાહક આ નવયુવાન એવો હતો કે જેના પાલવ પર લોહીનું એક ટીપું પણ પડ્યું ન હતું. — યુવાનીના ઉંબરે આ નવયુવાનને 'હર્બે ફુજ્જાર' નામના મોટા યુદ્ધમાં સામેલ થવાનો અવસર આવ્યો અને તેણે કુરૈશના સત્ય પર હોવાના કારણે ભાગ પણ લીધો, તેમ છતાં કોઈ વ્યક્તિ પર પોતે હાથ ન ઉઠાવ્યો.

પછી — આ પવિત્ર અને પાવન નવયુવાનની અભિરુચિઓ જુઓ કે તદ્દન

બહેકી જવાની ઉંમરમાં તે પોતાની સેવાઓ પોતાના જેવા વિચારો ધરાવતા નવયુવાનોની એક સુધારક સંસ્થાને સુપ્રત કરે છે, જે 'હિલફુલ ફુઝૂલ'ના નામથી ગરીબો અને પીડિતોની મદદ અને અત્યાચારીઓના અત્યાચાર અને અતિરેકના નિર્મૂલન માટે સ્થપાઈ હતી. આના સભ્યોએ આ હેતુસર શપથ લીધા હતા !

આપ ﷺ નુબૂવ્વત-કાળમાં આની યાદ તાજી કરતાં ફરમાવ્યા કરતા કે –

''આ સંધિની સામે મને જો લાલ ઊંટો પણ આપવામાં આવતા, તો હું તેનાથી ન ફરતો અને આજે પણ આવી સંધિ માટે કોઈ બોલાવે, તો હું હાજર છું.''

પછી – આ નવયુવાનના ગુણો અને યોગ્યતાઓનું અનુમાન તેનાથી કરો કે કાબાના નિર્માણના પ્રસંગે 'હજ્રે અસ્વદ' સ્થાપિત કરવાના મામલામાં કુરૈશમાં ઘર્ષણ પેદા થઈ જાય છે અને મ્યાનમાંથી તલવારો નીકળી આવે છે, પરંતુ ભાગ્યના સંકેતથી આ કજિયાના નિવારણનો શ્રેય આ જ નવયુવાનના ફાળે આવે છે. અત્યંત સંવેદનશીલ તણાવના આ વાતાવરણમાં આ ન્યાયાધીશ અને સુલેહનો ધ્વજવાહક એક ચાદર બિછાવે છે અને તેના પર પથ્થર (હજ્રે અસ્વદ) ઉઠાવીને મૂકી દે છે અને પછી આમંત્રણ આપે છે કે તમામ કબીલાઓના લોકો મળીને આ ચાદરને ઉઠાવે. ચાદર પથ્થર સહિત બધા ઉપાડી લે છે અને જ્યાં સ્થાપિત કરવાનો હોય છે ત્યાં પહોંચે છે, તો એ નવયુવાન એ પથ્થરને ઉઠાવીને તેની જગ્યાએ સ્થાપિત કરી દે છે. ઝઘડાનું બધું ધુમ્મસ છંટાઈ ગયું અને ચહેરાઓ ખુશી અને સંતોષથી ચમકી ઉઠે છે.

આ નવયુવાન આર્થિક મેદાનમાં પગ મૂકે છે, તો વેપાર જેવું પવિત્ર અને પ્રતિષ્ઠિત કાર્ય પોતાના માટે પસંદ કરે છે. કોઈ તો વાત આ નવયુવાનમાં હતી કે સારા-સારા ધનવાન લોકોએ એ પસંદ કર્યું કે આ નવયુવાન તેમની મૂડી અને સંપત્તિ પોતાના હાથમાં લે અને વેપાર કરે. પછી સાયબ, કૈસ બિન સાયબ, મખઝૂમી, હઝરત ખદીજા (رضي الله عنها) અને જે-જે બીજા લોકોને આ નવયુવાનના સાચા અને ભરોસાપાત્ર વ્યવહારનો જાત-અનુભવ થયો, તો આ સૌએ તેને 'તાજિરે-અમીન' (વિશ્વસનીય વેપારી)નું ઉપનામ આપ્યું. અબ્દુલ્લાહ બિન અબી અલ-હમાઅની સાક્ષી આજે પણ સુરક્ષિત છે કે નુબૂવ્વત પહેલાં ખરીદ-વેચાણના મામલામાં આ તાજિરે-અમીનની સાથે નક્કી થયું કે તમે થોભો ! હું હમણા આવું છું. પરંતુ વાત વિસરાઈ ગઈ. ત્રીજા દિવસે સંયોગથી અબ્દુલ્લાહનું એ જ રસ્તે પસાર થવાનું બન્યું, તો જોયું કે એ તાજિરે-અમીન વચન મુજબ એ જ જગ્યાએ ઊભો છે અને કહે છે કે ''તમે મને કષ્ટ આપ્યું. હું આ જ જગ્યાએ ત્રણ દિવસથી ઊભો છું.'' (અબૂ દાઊદ)

પછી – જુઓ કે આ નવયુવાન જીવન-સંગિનીની જ્યારે પસંદગી કરે છે,

તો મક્કાની નવયુવાન, મોજિલી અને ચંચળ યુવતીઓ તરફ સહેજપણ નજર નાખ્યા વગર એક એવી મહિલાથી નિકાહનો સંબંધ બાંધે છે, જેની સૌથી મોટી ખૂબી એ છે કે તે પરિવાર તેમજ પોતાના ચરિત્ર અને ગુણોના સંદર્ભમાં અત્યંત સભ્ય અને સૌજન્યશીલ મહિલા છે. તેની આ પસંદગી તેના માનસ, તેના આત્મા, તેના સ્વભાવ અને તેના ચરિત્રની ગહનતાને સંપૂર્ણપણે પ્રદર્શિત કરી દે છે. સંદેશો સ્વયં મહિલા – હઝરત ખદીજા (رضي الله عنها) મોકલે છે, જે આ અનુપમ વેપારી નવયુવાનના ચરિત્રથી પ્રભાવિત થઈ છે અને આ નવયુવાન આ સંદેશાને અતંઃકરણપૂર્વક કબૂલ કરે છે.

પછી – કોઈ વ્યક્તિના આચાર-વિચારને જો તેના સાથીઓનું અવલોકન કરીને પારખી શકાય છે, તો આવો, જુઓ કે આ અરબી નવયુવાનના મિત્રો કેવા લોકો હતા. સંભવતઃ સૌથી ગાઢ મિત્રતા અને સૌથી વધારે નિખાલસ-સાલસ સંબંધ હઝરત અબૂબક્ર رضي الله عنه થી હતો. એક તો સમવયસ્ક, ઉપરથી સમાન સ્વભાવ ! આ નવયુવાનના મિત્રોમાં એક હસ્તી હકીમ બિન હિઝામ હતા, જેઓ હઝરત ખદીજા رضي الله عنها ના પિતરાઈ ભાઈ હતા અને હરમ-શરીફમાં જરૂરિયાતની વસ્તુઓ ઉપલબ્ધ કરાવવાના હોદ્દા પર બિરાજમાન હતા.[1] પછી સાથી-વર્તુળના એક સભ્ય ઝિમાદ બિન સઅ્લબા અઝદી હતા, જેઓ ડૉક્ટર હતા અને ઓપરેશન પણ કરતા હતા. આ નવયુવાનના મિત્ર-વર્તુળમાં શું એક પણ અધમ પ્રકૃતિનો, નિમ્ન સ્તરની રુચિનો અને દુષ્ટ સ્વભાવનો માણસ જોવા મળે છે ? મક્કાના દુષ્ટ લોકોમાંથી કોઈનું નામ આ યાદીમાં જોવા મળે છે ? અત્યાચારીઓ અને ઉપદ્રવીઓમાંથી કોઈ આ વર્તુળમાં સામે આવે છે ?

પછી – જુઓ કે આ અનુમપ નવયુવાન ઘરબારની દેખરેખ, વેપાર અને દુનિયાના મામલાઓની વિભિન્ન વ્યસ્તતાઓમાંથી નિવૃત્ત થઈને જ્યારે ક્યારેક કોઈ ફુરસદનો સમય મળે છે, તો તેને મનોરંજન અને ભોગવિલાસમાં નથી વેડફતો, તેને રખડવામાં અને નિરર્થક બેઠકો અને ગપ્પાઓમાં નથી ખપાવતો, તેને ઊંઘી-ઊંઘીને અને ગફલતમાં નકામા પડ્યા રહેવામાં પસાર નથી કરતો, બલ્કે બધા કોલાહલથી નીકળીને અને બધી વ્યસ્તતાઓને છોડીને 'હિરા' (ગુફા)ના એકાંતમાં એક અલ્લાહની ઈબાદત અને તેનું સ્મરણ વિશુદ્ધ પ્રકૃતિના નિર્દેશન અનુસાર કરે છે. સૃષ્ટિની ગહન હકીકતોને ઓળખવા અને માનવ-જીવનના પરોક્ષ રહસ્યોને પામવા માટે પ્રાણી-સૃષ્ટિ અને અવકાશ-સૃષ્ટિમાં ચિંતન-મનન કરે છે, તેમજ પોતાની કોમ અને માનવ-જાતને નૈતિક અધઃપતનમાંથી કાઢીને ઉચ્ચ સ્થાન પર લાવવાના

૧. હિજરતના આઠમા વર્ષમાં આ ઈમાન લાવ્યા, તેમ છતાં હુઝૂર ﷺ થી ઊંડો પ્રેમ રાખતા હતા, અને આ જ પ્રેમમાં એક વાર પચાસ અશરફીઓનો એક કીમતી ડગલો ખરીદીને મદીનામાં આપ્યો, પરંતુ હુઝૂર ﷺ એ આગ્રહપૂર્વક તેની કિંમત અદા કરી દીધી.

ઉપાયો વિચારે છે. જે નવયુવાનની યુવાનીની ફુરસદો આવા મનોમંથનમાં પસાર થતી હોય, શું તેની પ્રકૃતિ વિશે માનવીય બુદ્ધિ કોઈ મત નિશ્ચિત નથી કરી શકતી ?

અંતિમ નબી બનનાર જીવનની આ રૂપરેખાની સાથે કુરૈશની આંખોની સામે અને તેમના પોતાના મક્કી સમાજના ખોળામાં ઉછરે છે, યુવાન થાય છે અને પુખ્તતાએ પહોંચે છે. શું જીવનની આ રૂપરેખા પોકારી-પોકારીને બતાવી રહી નહોતી કે આ અત્યંત અસાધારણ મહાનતા ધરાવનાર માનવી છે ? શું આ ઉત્થાન પામનાર વ્યક્તિ વિશે એ મત નિશ્ચિત કરવાનો પણ કોઈ અવકાશ કોઈ એક પાસાથી મળે છે કે નઊઝુબિલ્લાહ (અલ્લાહ ન કરે) આ કોઈ જૂઠા અને દગાબાજ માણસની રૂપરેખા હશે ? આ કોઈ સત્તાલોલુપ અને હોદ્દાનો લાલચુ હશે ? આ કોઈ સ્વાર્થી અને તકસાધુ હશે ? આ અલ્લાહના નામને ધંધાનો સામાન બનાવીને પોતાની દુકાન ચમકાવનાર કોઈ સોદાગર હશે ? કદાપિ નહીં !! — સ્વયં કુરૈશે આમને 'સાદિક' (સત્યનિષ્ઠ) અને 'અમીન' (અમાનતદાર, પ્રમાણિક), દૂરંદેશ અને બુદ્ધિશાળી તેમજ પવિત્ર હૃદયી અને ઉચ્ચ ચરિત્રવાન તરીકે માન્ય રાખ્યા. તેમના દુશ્મનોએ તેમની બૌદ્ધિક અને નૈતિક મહાનતાની સાક્ષી આપી, અને આ સાક્ષી ખૂબ જ કઠિન સંઘર્ષ કરતાં આપી. સત્ય-સંદેશના આવાહકના જીવનની રૂપરેખાને સ્વયં કુર્આને દલીલ બનાવીને પ્રસ્તુત કરી : فَقَدْ لَبِثْتُ فِيكُمْ عُمُرًا مِّن قَبْلِهِ ۚ أَفَلَا تَعْقِلُونَ ★

પરંતુ પોતાની કોમનો આ ચમકતો હીરો જ્યારે નુબૂવ્વતના પદ પરથી કલ્મ્એ-હક્ક (સત્ય-બોલ) પોકારે છે, તો જમાનાની આંખોનો રંગ એકાએક બદલાઈ જાય છે તથા તેની સચ્ચાઈ અને પ્રમાણિકતા તેમજ તેની સૌજન્યશીલતા અને પારિવારિક શ્રેષ્ઠતાનું મૂલ્ય અને મહત્ત્વ સમયના બજારમાં અચાનક ઓછું કરી નાખવામાં આવ્યું. કાલ સુધી જે વ્યક્તિ કોમનો ગર્વયુક્ત ફરજંદ હતો, આજે તે તેનો દુશ્મન અને વિરોધી તેમજ તેના માટે અપમાન અને લાંછનનું કારણ સમજવામાં આવે છે. કાલ સુધી જેનું સન્માન દરેક નાનું-મોટું બાળક કરતું હતું, આજે તે એક-એક કદરદાનની નજરોમાં તિરસ્કૃત ઠરે છે. એ વ્યક્તિ, જેણે ચાળીસ વર્ષ પોતાને બધી જ કસોટીઓમાં પાર કરીને દેખાડ્યો હતો, તૌહીદ (એકેશ્વરવાદ), નેકી અને સચ્ચાઈનો સંદેશ સંભળાવતાં જ કુરૈશ ઝવેરીઓની નજરોમાં તે ખોટો સિક્કો બની જાય છે. ખોટો એ ન હતો, બલ્કે શરાફોની પોતાની નજરોમાં ખરાબી અને વિકૃતિ હતી અને તેમના પોતાના જ માપદંડો ખોટા હતા !

શું કુરૈશની આંખો ખરેખર એટલી આંધળી હતી કે તે વાતાવરણના અંધકારમાં

★ "છેવટે આ પહેલાં હું એક આયુષ્ય તમારા વચ્ચે પસાર કરી ચૂક્યો છું, શું તમે બુદ્ધિથી કામ લેતા નથી ?" (સૂરઃ યૂનુસ, આ.૧૬)

ઝગમગતા એક ચંદ્રની ચમકને જોઈ શકતી ન હતી ? શું વેંતિયાઓની મહેફિલમાં તે ઉચ્ચ નૈતિક કદ ધરાવનાર એક મહામાનવને ઓળખી શકતી ન હતી ? શું ગંદકીના ઢગલામાં પડેલ મોતીઓનો એક હાર તેમને અલગ દેખાતો નહીં હોય ? શું ઘાસ-તણખલાઓના ઢગલામાં સૌજન્યશીલતા અને મહાનતાનો એક પુષ્પગુચ્છ તેમનાથી પોતાનું મૂલ્ય અને મહત્ત્વ નહીં મનાવી શક્યો હોય ? — ના, ના ! કુરૈશ સારી રીતે ઓળખતા હતા કે મુહમ્મદ (ﷺ) શું છે, પરંતુ તેમણે જાણી-જોઈને આંખો સામે ઠીકરું મૂકી દીધું ! સ્વાર્થ અને પૂર્વગ્રહોએ તેમને મજબૂર કર્યા કે તેઓ આંખો રાખવા છતાં આંધળા બની જાય — وَلَهُمْ أَعْيُنٌ لَّا يُبْصِرُونَ بِهَا ("તેમના પાસે આંખો છે પરંતુ તેઓ તેનાથી જોતા નથી.." - સુરઃ આ'રાફ, આ.૧૭૯) અને, જ્યારે કોઈ આંખો રાખવા છતાં આંધળો બની જાય છે, તો તેનાથી મોટી-મોટી મુસીબતો અને વિનાશ ઉદ્‌ભવે છે.

કુરૈશના વિરોધના કારણો

જો આજે કોઈપણ રીતે આપણે મક્કાના મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)થી વાત કરી શકતા, તો તેમને પૂછતા કે તમારા પરિવારના આ આંખોના તારાએ જે આમંત્રણ અને સંદેશ આપ્યો હતો, તે શું મૂળભૂત રીતે બૂરાઈનું આમંત્રણ અને સંદેશ હતો ? શું તેણે તમને ચોરી અને ધાડ પાડવા માટે બોલાવ્યા હતા ? શું તેણે તમને અત્યાચાર અને હત્યા માટે પોકાર્યા હતા ? શું તેણે તમારા સામે અનાથો, વિધવાઓ અને અશક્તો પર ક્રૂરતા આચરવાની સ્કીમ પ્રસ્તુત કરી હતી ? શું તેણે તમને પરસ્પર એક-બીજા સાથે લડાવવા અને કબીલાઓ વચ્ચે બગાડ નાખવાનું અભિયાન ચલાવ્યું હતું ? શું તેણે ધનદોલત સમેટવા અને સંપત્તિ પચાવી પાડવા માટે એક સમુદાય ઊભો કર્યો હતો ? છેવટે તમે તેના આમંત્રણ અને સંદેશમાં શું વિકૃતિ જોઈ ? તેના કાર્યક્રમમાં કયો બગાડ તમે અનુભવ્યો ? શા માટે તમે જીદ કરીને તેના વિરુદ્ધ ઊભા થઈ ગયા ?

કુરૈશને જે વસ્તુએ જાહિલિય્યત (અજ્ઞાનતા)ની ભ્રષ્ટ વ્યવસ્થાની રક્ષા માટે અને પરિવર્તનના વહેણને અવરોધવા માટે આંધળા ઝનૂનની સાથે ઊભા કરી દીધા હતા તે એ કદાપિ ન હતી કે હઝરત મુહમ્મદ ﷺ ના વિચારો અને ચરિત્રમાં કોઈ ત્રુટી હતી, અથવા આપ ﷺ ના સંદેશમાં કોઈ ખતરનાક બગાડ હતો, અથવા આપ ﷺ નું આંદોલન અજ્ઞાનતાયુક્ત સભ્યતાને પતન તરફ લઈ જવાનું કારણ બનતું દેખાતું હતું, બલ્કે એ વસ્તુ કેવળ તેમનો સ્વાર્થ હતો ! કુરૈશ વર્ષોથી કુંઠિત અરબી સમાજના બીબામાં પોતાના માટે નેતૃત્વનું એક ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા

હતા. તમામ રાજકીય અને ધાર્મિક હોદ્દાઓ તેમના હાથમાં હતા. આર્થિક અને વ્યવસાયિક રીતે તેમની સર્વોપરિતાનો સિક્કો ચાલી રહ્યો હતો. સમગ્ર કોમની આગેવાની તેમને પ્રાપ્ત હતી. તેમની આ આગેવાની એવા જ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક ઢાંચામાં ચાલી શકતી હતી; જે અજ્ઞાનતા-કાળમાં સ્થપાયેલ હતી. જો તેઓ જાણે-અજાણે મજબૂર હતા કે પોતાની આગેવાનીની રક્ષા કરે, તો પછી તેના માટે પણ તેઓ મજબૂર હતા કે અજ્ઞાનતાયુક્ત વ્યવસ્થાને પણ પ્રત્યેક હુમલા તેમજ દરેક ખળભળાટ અને પ્રક્ષોભથી બચાવે.

કુરૈશ જ્યાં રાજકીય અને સામાજિક રીતે સરદાર હતા, ત્યાં તેઓ આરબ પ્રદેશના અનેકેશ્વરવાદી ધર્મના પુરોહિત, ધાર્મિક સ્થાનોના મહંત અને પૂજારી તેમજ દરેક ધાર્મિક બાબતોના ઠેકેદાર પણ હતા. આ ધાર્મિક ઠેકેદારી રાજકીય અને સામાજિક સરદારીની પણ રખેવાળ હતી, અને સ્વયં એક મોટો કારોબાર પણ હતો. તેના દ્વારા સમગ્ર આરબ પ્રદેશમાંથી નજ-નિયાઝો (ભેટસોગાદો અને ચઢાવાઓ) ખેંચાઈને આવતા હતા. તેના કારણે જ તેમના હાથોને ચૂમવામાં આવતા હતા. તેના કારણે તેમના ચરણ-સ્પર્શ કરવામાં આવતા હતા. ધર્મ, જ્યારે એક વર્ગનો કારોબાર બની જાય છે, તો તેના મૂળ આત્મા અને ઉદ્દેશ્યને અભરાઈએ ચઢાવી દેવામાં આવે છે અને જાત-જાતના રીત-રિવાજોનું એક બનાવટી આભાચિત્ર કાયમ થઈ જાય છે. સૈદ્ધાંતિક તકાદાઓ ભુલાઈ જાય છે અને મનઘડત પ્રથાઓ અને પ્રતીકો પાયાનું મહત્ત્વ પ્રાપ્ત કરી લે છે. અલ્લાહે આપેલ જ્ઞાન અને કાનૂન ગુમ થઈ જાય છે અને ધર્મના વેપારીઓએ પોતે બનાવેલ એક શરીઅત (કાનૂન) ધીમે-ધીમે ફૂલવા-ફાલવા લાગે છે. સમજદારી અને વિવેક સમાપ્ત થઈ જાય છે. અંધશ્રદ્ધાઓ અને નિરર્થક વહેમો દરેક બાજુ છવાઈ જાય છે. દલીલો ગાયબ થઈ જાય છે અને ભાવનાત્મક ઉત્તેજનાઓ બુદ્ધિના ગળે ટૂંપો દઈ દે છે. ધર્મનો સાર્વજનિક અને લોકતાંત્રિક સ્વભાવ અદૃશ્ય થઈ જાય છે, અને ઠેકેદાર વર્ગની આજ્ઞાઓ સમાજની છાતી પર સવાર થઈ જાય છે. વાસ્તવિક જ્ઞાન નાશ પામે છે, પોકળ વાતો લોકપ્રિય બની જાય છે. આસ્થા અને આદેશોની સાદગી હવામાં ઊડી જાય છે: વાત-વાતમાં મોટી-મોટી જટિલતાઓ અને ગૂંચવણો પેદા થઈ જાય છે. મતભેદોનો હક્ક સંપૂર્ણપણે છીનવી લેવામાં આવે છે અને એક વર્ગની સત્તા બેરોક-ટોક લાગુ થઈ જાય છે. સત્ય અને સદાચાર તેમજ શિષ્ટતા અને ઈશનિષ્ઠાનું નામ-નિશાન મટી જાય છે અને ધાર્મિકતા એક ફરેબી બહુરૂપ ધારણ કરી લે છે. જ્યારે પણ ધર્મોમાં બગાડ પેદા થયો છે, તો હંમેશા આ જ રીતે પેદા થયો છે. અજ્ઞાની આરબોમાં આ બગાડ તદ્દન પોતાના અંતિમ સ્વરૂપે પહોંચેલો હતો. આ જ બગાડના કારણે કુરૈશની મહંત અને પૂજારીની બધી ગાદીઓ

સલામત હતી. આ ફળદ્રુપ ગાદીઓ પોતાના અસ્તિત્વ માટે એ વાતની મોહતાજ હતી કે ભ્રષ્ટ ધાર્મિકતાના ઢાંચાને યથાવત રાખવામાં આવે અને તેના વિરુદ્ધ ન તો કોઈ આંદોલન અને વિરોધ ઊભો થવા દેવામાં આવે, ન કોઈ પરિવર્તન અને સુધારણાનું આહવાન્ આપવા દેવામાં આવે. આમ, કુરૈશ જો દા'વતે મુહમ્મદી (પયગંબર મુહમ્મદ ﷺ ના આમંત્રણ) જેવા ખતરનાક પ્રવાહ વિરુદ્ધ રોષે ભરાઈને ઊભા ન થઈ જતા, તો શું કરતા !!

અને પછી – સ્થિતિ એ હતી કે કુરૈશની સંસ્કૃતિ ખૂબ જ ભ્રષ્ટ સંસ્કૃતિ હતી. શરાબ અને વ્યભિચાર, જુગાર અને વ્યાજખોરી, સ્ત્રીઓનું અપમાન અને શોષણ તેમજ દીકરીઓને જીવતી દાટી દેવી, સ્વતંત્ર લોકોને ગુલામ બનાવવા અને અશક્તો પર અત્યાચાર કરવો, આ બધું આ સંસ્કૃતિની અનિવાર્યતાઓ હતી. આ સંસ્કૃતિ સદીઓથી જામી ગયેલ ભ્રષ્ટ પ્રથાઓ અને ગર્વયુક્ત કોમી પરંપરાઓ બની ગયેલ નીચ અને હલકા રિવાજોથી બનેલ હતી. કુરૈશ માટે સરળ ન હતું કે તેઓ પોતાના હાથે બનાવેલ આ લોખંડી સાંસ્કૃતિક પિંજરાને તોડીને એક નવી હવામાં ઊડવા માટે તૈયાર થઈ જાય. તેમને તરત જ પ્રતીત થઈ ગયું કે દા'વતે મુહમ્મદી ﷺ તેમની પ્રથાઓ, તેમની મનેચ્છાઓ, તેમની લલિતકળાઓ અને તેમની પ્રિય સંસ્કૃતિની દુશ્મન છે. તેથી તેઓ ભાવનાત્મક ઉશ્કેરાટની સાથે તેની દુશ્મની માટે ઊભા થઈ ગયા.

વાસ્તવમાં આ જ કારણો અને પરિબળો હંમેશા સત્યના આહવાન્ વિરુદ્ધ કોઈ ભ્રષ્ટ સમાજના સત્તાધીશો અને ધાર્મિક ઠેકેદારો તેમજ મનેચ્છાઓના ગુલામોને એક મોરચો બનાવીને ઊભા થવા માટે વિવશ કરી દે છે.

તિમિરમાં પ્રકાશિત અમુક તણખાઓ

નબી ﷺ ના આગમનથી પહેલાં બુદ્ધિશાળી અને સમજદાર લોકોમાં અલ્લાહની મરજી અનુસાર બેચેની પેદા થઈ ચૂકી હતી અને માનવ-પ્રકૃતિ તેના વિરુદ્ધ સભાનતાની સાથે આળસ ખંખેરી રહી હતી. હમણા ઉપર જે સંવેદનશીલ વ્યક્તિઓનો ઉલ્લેખ કરી ચૂક્યા છીએ તેમના આત્માઓના વાદ્યમાંથી ધીમું-ધીમું ગીત ઊભરવા લાગ્યું હતું.

કુરૈશ પોતાની એક મૂર્તિની આસપાસ એકત્ર થઈને ઈદની ઉજવણી કરી રહ્યા હતા. પથ્થરના આ ખુદાની પ્રશંસા અને તેનું આદર-સન્માન થઈ રહ્યું હતું. તેના પર ચઢાવા ચઢાવવામાં આવી રહ્યા હતા. તેની પરિક્રમા થઈ રહી હતી અને બરાબર આ સમયમાં ચાર માણસો, અર્થાત્ વરકા બિન નૌફલ, અબ્દુલ્લાહ બિન

હજશ, ઉસ્માન બિન અલ-હુવૈરિસ અને ઝૈદ બિન ઉમરૂ બિન નુફૈલ આ નિરર્થક કોલાહલથી નિરપેક્ષ થઈને અલગ-થલગ બેસીને એક ગુપ્ત મીટિંગ કરી રહ્યા હતા. પરસ્પર એક-બીજાથી ગોપનીયતાના શપથ લીધા પછી વાતચીત થઈ. આ લોકોના વિચારો એ હતા કે આપણી કોમ એક નિરાધાર પંથ પર ચાલી રહી છે. પોતાના દાદા હઝરત ઈબ્રાહીમ (عليه السلام)ના દીન (ધર્મ)ને એમણે ખોઈ નાખ્યો છે. આ પથ્થરની જે પ્રતિમાની પરિક્રમા કરવામાં આવી રહી છે, તે ન જુએ છે, ન સાંભળે છે, ન નુકસાન પહોંચાડી શકે છે, ન લાભ આપી શકે છે. સાથીઓ ! પોતાના હૃદયોને ઢંઢોળશો તો ખુદાના સોગંદ ! તમને પ્રતીત થશે કે તમારું કોઈ મૂળ નથી, દેશ-દેશ ફરો અને તપાસ કરો ઈબ્રાહીમ (عليه السلام)ના દીનના અનુયાયીઓની.[1] પાછળથી તેમાંથી વરકા બિન નૌફલે ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લીધો. અબ્દુલ્લાહ બિન હજશ વિહ્વળતામાં પહેલા ઈસ્લામ સ્વીકાર કર્યો, પછી આ જ વિહ્વળતામાં ખ્રિસ્તી બની ગયો. ઉસ્માને રોમના કૈસર (બાદશાહ)ના ત્યાં જઈને ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો અને ઝૈદે ન યહૂદી ધર્મ અપનાવ્યો અને ન ખ્રિસ્તી ધર્મ, પણ પોતાની કોમનો ધર્મ ત્યજી દીધો, મૂર્તિપૂજા છોડી દીધી, મુડદાલ અને લોહી અને સ્થાનકોના બલિથી બચવાનું શરૂ કરી દીધું. પુત્રીઓની હત્યાથી લોકોને રોકતો રહ્યો અને કહ્યા કરતો કે أَعْبُدُ رَبَّ إِبْرَاهِيمَ ''હું તો ઈબ્રાહીમ (عليه السلام)ના રબનો પૂજારી છું.''[2] અસ્મા બિન્તે અબૂબક્ર (رضي الله عنها) નું વર્ણન છે કે મેં વૃદ્ધ સરદાર ઝૈદ બિન ઉમરૂને કાબાની સાથે ટેકો લગાવેલ જોયા અને તેઓ કહી રહ્યા હતા : હે કુરૈશના લોકો ! સોગંદ છે એ હસ્તીના, જેના કબજામાં ઝૈદ બિન ઉમરૂના પ્રાણ છે ! મારા સિવાય કોઈપણ તમારામાંથી ઈબ્રાહીમ (عليه السلام)ના દીન પર કાયમ નથી રહ્યું. પછી કહેવા લાગ્યા, હે ખુદા ! જો હું જાણતો કે તને કઈ પદ્ધતિઓ પસંદ છે, તો હું એ પદ્ધતિઓથી તારી ઈબાદત કરતો, પરંતુ હું એ નથી જાણતો. પછી હથેળીઓ ટેકવીને સિજદો કરતો.[3] પોતાના મળવાવાળાઓની સામે હંમેશા તે આલાપ્યા કરતો :

أَرَبًّا وَاحِدًا أَمْ أَلْفَ رَبٍّ   أَدِينُ إِذَا تُقُسِّمَتِ الْأُمُورُ

''રબ એક હોવો જોઈએ, કે સેંકડો બનાવી લેવામાં આવે ? હું એ ધર્મ પર કેવી રીતે ચાલું, જ્યારે કે જીવનની સમસ્યાઓ અનેક ઉપાસ્યોમાં વહેંચી નાખવામાં આવી હોય !''

عَزَلْتُ اللَّاتَ وَالْعُزَّى جَمِيعًا   كَذَٰلِكَ يَفْعَلُ الْجَلْدُ الصَّبُورُ

૧. સીરત ઈબ્ને હિશામ, ભા-૧, પૃ.૨૪૨. ૨. સીરતે ઈબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૪૪.
૩. સીરત ઈબ્ને હિશામ, ભા-૧, પૃ.૨૪૪.

''હું લાત અને ઉઝ્ઝાને ત્યજી ચૂક્યો છું, અને દઢ અને ધૈર્યવાન વ્યક્તિઓ આવું જ કરે છે.''

ولٰكِنْ أَعْبُدُ الرَّحْمٰنَ رَبِّيْ   لِيَغْفِرَ ذَنْبِي الرَّبُّ الْغَفُوْرُ

''પણ હા, હવે હું મારા રબ 'રહમાન' (પરમ્ કૃપાળુ)ની ઇબાદત કરું છું, જેથી તે માફ કરવાવાળો માલિક મારા ગુનાઓને માફ કરી દે.''

فَتَقْوَى اللّٰهِ رَبِّكُمْ احفظوها   مَتٰى مَا تَحْفَظُوْهَا لَا تَبُوْرَا

''તેથી તમે અલ્લાહના જ તકવા (ઈશનિષ્ઠા)ની રક્ષા કરો, જ્યાં સુધી આ ગુણને કાયમ રાખશો, ક્યારેય નુકસાનમાં નહીં પડો.''

બિચારા ઝૈદની પત્ની સફિયા બિન્તે અલ-હઝરમી હંમેશા તેના પાછળ-પાછળ ફરતી રહેતી. ક્યારેક તે વિશુદ્ધ ઇબ્રાહીમી દીનની શોધમાં મક્કાથી ચાલી નીકળવાનો ઇરાદો કરતો, પણ તેની પત્ની ખત્તાબ બિન નુફૈલને જાણ કરી દેતી અને તે તેને પૈતૃક દીનને ત્યજી દેવા વિશે ઠપકો આપતો. ઝૈદની અલ્લાહના પ્રેમમાં ઝૂરવાની સ્થિતિ એ હતી કે કાબામાં સિજદા કરવાની જગ્યામાં દાખલ થતો, તો પોકારી ઉઠતો - لَبَّيْكَ حَقًّا حَقًّا تَعَبُّدًا وَرِقًّا અર્થાત્, ''હે સાચા ખુદા ! હું તારા સમક્ષ નિષ્ઠાથી, ઉપાસક અને ગુલામના રૂપમાં હાજર છું.'' પછી કહેતો, ''હું કાબાની તરફ ચહેરો કરીને એ જ જાતનું શરણ માગું છું, જેનું શરણ ઇબ્રાહીમ ﷺ એ શોધ્યું હતું.''(૧)

ખત્તાબ બિન નુફૈલ ઝૈદની પાછળ પડી ગયો, એટલે સુધી કે મક્કાના ઊંચા ભાગ તરફ શહેરમાંથી તડીપાર કરી દીધો અને ઝૈદે મક્કાની સામે હિરાની પાસે જઈને ધૂણી ધખાવી. પછી ખત્તાબે કુરૈશના અમુક નવયુવાનો અને કેટલાક દુષ્ટ લોકોને તેના પર નજર રાખવા નિયુક્ત કરી દીધા અને તેમને તાકીદ કરી કે સાવધાન ! આને મક્કામાં દાખલ ન થવા દેજો. આમ, ઝૈદ જો ક્યારેક આવ્યો તો છુપાઈને, અને તેની પણ જો ખબર પડી જતી તો ખત્તાબ અને તેના સહયોગીઓ તેને ધક્કો મારીને હાંકી કાઢતા અને તેને ધર્મને ખરાબ કરનાર ગુનેગાર સમજીને અત્યંત નફરતની સાથે દુ:ખ આપતા. છેવટે તંગ આવીને તેણે વતન છોડ્યું અને મોસૂલ, અલ-જઝીરા અને શામ (સીરિયા) વગેરેમાં નિર્ભેળ ઇબ્રાહીમી દીનની શોધમાં માર્યો-માર્યો ફરતો રહ્યો. અંતે તે દમાસ્કસના વિસ્તારમાં બલ્કામાં એક જ્ઞાની સંન્યાસીની

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૪૮

પાસે પહોંચ્યો અને તેને ગુમ થઈ ગયેલ ઇબ્રાહીમી પંથ વિશે પૂછ્યું. સંન્યાસીએ કહ્યું કે, ''આજે તને એ પંથ પર ચાલનાર કોઈ એક વ્યક્તિ પણ નહીં મળે. અલબત્ત, એક નબી (પયગંબર)ના આગમનનો સમય આવી પહોંચ્યો છે, જે એ જ જગ્યાએ આવશે, જ્યાંથી નીકળીને તું આવ્યો છે. તે દીને-ઇબ્રાહીમીનો ધ્વજવાહક બનીને આવશે, જઈને તેને મળ, હાલ તેનું આગમન થઈ ચૂક્યું છે.'' ઝૈદે યહૂદી ધર્મ અને ખ્રિસ્તી ધર્મને બરાબર જોઈ-પારખી લીધા અને તેની કોઈ વસ્તુ તેના હૃદયમાં ન ઊતરી. તે સંન્યાસીની સૂચના અનુસાર મક્કા તરફ પાછો ફર્યો. બિલાદે-લખિમમાં લોકોએ તેની હત્યા કરી નાખી.[1] વરકા બિન નૌફલે ખૂબ દર્દનાક શે'ર આલાપતાં દુ:ખનું પ્રદર્શન કર્યું છે :

فَأَصْبَحْتَ فِي دَار كريمٍ مُقَامُهَا   تُعَلَّلُ فِيهَا بِالْكَرَامَةِ لَاهِيَا
تُلَاقِي خليل الله فيهَا و لم تكن   من النَّاس جَبَّارًا الى النار هَاوِيَا
و قد تدرك الا نسان رحمة ربّهِ   ولو كان تحت الارض سبعين وَادِيَا

(ઇબ્ને અબી સુલત)[1]

તેના પુત્ર સઈદ અને હઝરત ઉમર બિન ખત્તાબ ؓ એ ઇસ્લામ લાવ્યા પછી હુઝૂર ﷺ ને પૂછ્યું કે, ''શું અમે ઝૈદ માટે મગ્ફિરત (માફી)ની દુઆ કરી શકીએ છીએ ?'' હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''હા ! فَإِنَّهُ يُبْعَثُ أُمَّةً وَحْدَهُ - અલ્લાહ તઆલા તેને કયામતના દિવસે એક સ્વતંત્ર અલગ ઉમ્મત (સમુદાય)ની હેસિયતે ઊભા કરશે.'' કહેવાનો આશય એ છે કે એક વ્યક્તિને જ્યાં સુધી તેની સાચી પ્રકૃતિથી માર્ગદર્શન મળી શકતું હતું, તેણે હૃદયના સંતોષ સાથે તેનો સ્વીકાર કર્યો અને પછી એ વહી (દિવ્ય) માર્ગદર્શનની અભિલાષામાં માર્યો-માર્યો ફર્યો અને છેવટે રિસાલતના સ્રોત તરફ દોડતો જઈ રહ્યો હતો કે એ જ જિજ્ઞાસામાં શહીદ થયો.[2]

આ લાંબા વૃત્તાંતથી એ હકીકત સામે લાવવાનો હેતુ છે કે ઇતિહાસ એક વળાંક લેવા માટે બેચેન થઈ રહ્યો હતો. સમાજનો આત્મા એક નવી કરવટ લેવા માગતો હતો. માનવીનો અંતરાત્મા એક ઊંડી વિહ્વળતાનો સામનો કરી રહ્યો હતો. પરંતુ પ્રકૃતિના ધુંધળા માર્ગદર્શન સિવાય કોઈ પ્રકાશ ન હતો. વધારામાં ભ્રષ્ટ

---

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૪૯-૨૫૦.
અનુવાદ : ''તમે એક એવા ઘરમાં પહોંચી ગયા છો કે જ્યાં માન-સન્માન અને એશઆરામની સાથે જીવન છે. તમે ત્યાં ખલીલુલ્લાહ (હઝરત ઇબ્રાહીમ અલૈ.)થી મુલાકાત કરશો, અને તમે લોકો પર અત્યાચાર કરવાવાળા નહોતા અને તમે જહન્નમમાં જવાવાળા નહોતા અને માનવી, જે તેના રબની રહમત (દયા) પામી લે છે, ભલે ને તે ધરતીના નીચે ખીણોમાં હોય.''

૨. કુસ બિન સાઅદાનો કિસ્સો પણ ઇતિહાસ અને સાહિત્યના પુસ્તકોમાં આ જ પ્રકારનો વર્ણવવામાં આવ્યો છે, પરંતુ જે શે'ર અને અક્કાઝના ખુત્બા તેના નામથી સંલગ્ન છે, તેને અલ્લામા શિબ્લી ખોટા ઠેરવે છે. જુઓ : સીરતુન્નબી, લેખક : શિબ્લી નો'માની, ભા-૧, પૃ. ૧૮૨-૧૮૩.

ધાર્મિકતા અને આંધળી રૂઢિચુસ્તતાના વાતાવરણે લોખંડી કવચની જેમ માનવ-ગૌરવને ભીંસી લીધું હતું. જડતાએ જીવનના સમુદ્ર પર બરફનું એક મોટું પડ ચઢાવી દીધું હતું કે જેને તોડીને કોઈ મોજ માટે ઉપર આવવાની કોઈ તક ન હતી. સંવેદનશીલ લોકો કાં તો ખ્રિસ્તી પંથની મંજિલ પર અટકી ગયા હતા, જેના માટે વાતાવરણમાં અવકાશ હતો, અથવા વતન છોડવા માટે વિવશ થઈ ગયા. પરંતુ તેના વિરુદ્ધ જિહાદ (તનતોડ સંઘર્ષ)નો આરંભ કરવો ખૂબ હિંમતનું કામ હતું. ઉપરોલ્લેખિત ચાર વ્યક્તિઓમાં વિદ્રોહની એક લહેર ઉઠી હતી, તેમનામાં માત્ર એક ઝૈદે એટલું સાહસ બતાવ્યું કે હરમમાં બેસીને એક અલ્લાહને પોકાર્યો અને કુરૈશની સામે મૂર્તિપૂજાથી વિમુક્તિ બતાવી. પરંતુ ઝૈદ પણ એક બેચેનીના પ્રદર્શન અને વિરોધની જાહેરાતથી વધારે કંઈ ન કરી શક્યો, કેમ કે તેના સામે કોઈ સ્પષ્ટ અને હકારાત્મક અને સંપૂર્ણ વિચારધારા અને માર્ગ ન હતો, જેને તે દા'વત (આમંત્રણ) અને આંદોલનનો આધાર બનાવી શકતો. તેમ છતાં પણ મક્કાએ તેના અસ્તિત્વને સહન કરવાનો ઈન્કાર કરી દીધો.

શાયરો (કવિઓ)ને અજ્ઞાની સમાજમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત હતું અને આ લોકો વૈચારિક નેતૃત્વના પદ ઉપર પણ બિરાજમાન હતા અને એ સમયે જે માનસિક અને વૈચારિક વાતાવરણ હતું, તેમની કળાકૃતિઓ તેના દર્પણનું પ્રતિબિંબ પણ હતું. સમાજના અંતરાત્માની બેચેની જે લહેરો ઉઠાવી રહી હતી, તે હુઝૂર ﷺ થી પહેલાંના નજીકના કાળની અજ્ઞાની શાયરીઓમાં સ્પષ્ટ જોવા મળતી હતી. આ લહેરોમાં માનવીય પ્રકૃતિ ક્યારેક મૂળભૂત સચ્ચાઈઓને પોકારી ઉઠતી હતી.

તેમાં એક વિશિષ્ટ વ્યક્તિત્વ ઉમૈયા બિન અબી અસ્-સુલતનું હતું, જેઓ તાઈફના સરદારોમાંથી હતા. આ શાયરે તૌહીદ તેમજ હશ્ર-વ-નશ્ર (કયામત પછી હિસાબ-કિતાબ તેમજ ઇનામ અને સજા) વિશે સારા વિચારો પ્રસ્તુત કર્યા છે. વધુમાં, નૈતિક વિવેકશીલતા અને શિખામણની વાતો તેની નજમમાં છે. આ શાયર પણ મૂર્તિપૂજક અજ્ઞાની વિચારધારાનો વિદ્રોહી હતો. પરંતુ હુઝૂર ﷺ ના સંદેશ અને આમંત્રણથી એ હિસ્સો ન મેળવી શક્યો. તેના શે'રોને હુઝૂર ﷺ પસંદ કરતા હતા અને ફરમાવતા હતા કે તે ઇસ્લામનો સ્વીકાર કરતાં-કરતાં રહી ગયો.

આ પ્રકારનાં સંવેદનશીલ લોકોના વૈચારિક ઉતાર-ચઢાવને જોઈએ, તો અનુમાન થાય છે કે માહોલ એક નવજીવન માટે બેચેન બની રહ્યું હતું.

ઇતિહાસ જે ક્રાંતિકારી શક્તિને ઇચ્છી રહી હતી, તે પોતાની બરોબર સાંસ્કૃતિક વસંતમાં મુહમ્મદ ﷺ ની હસ્તીના રૂપમાં કુંપળ કાઢે છે. આપ એક

નકારાત્મક વિરોધની ગૂંજ બનીને અને પોતાની અંગત ઇચ્છા અને વિચારો લઈને પ્રગટ નહોતા થયા, બલ્કે એક સર્વગ્રાહી અને હકારાત્મક વિચારધારા અને માર્ગની સાથે આખી કોમ અને સમગ્ર માનવ-જાતના સામૂહિક પરિવર્તન માટે મેદાનમાં ઉતર્યા હતા. આ 'ગુના'ને વળી કેવી રીતે ઠંડા કલેજે સહન કરી શકાતો હતો !!

ઈસ્લામી આમંત્રણનો પહેલો ગુપ્ત તબક્કો

નુબૂવ્વત-કાળની પ્રસ્તાવના રૂપે 'તહન્નુષ' (હિરાની ગુફાના એકાંતવાસમાં ઈબાદત)ના જમાનામાં હુઝૂર ﷺ ને સાચા સ્વપ્નોથી નવાજવામાં આવ્યા. ક્યારેક અદૃશ્ય અવાજો સંભળાવા લાગ્યા. ક્યારેક ફરિશ્તો દેખાવા લાગ્યો, ત્યાં સુધી કે અલ્લાહના અર્શ (સિંહાસન)થી પહેલો સંદેશ આવી પહોંચ્યો. હઝરત જિબ્રઈલ عليه السلام આવે છે અને પોકારે છે કે, اقْرَأْ بِاسْمِ رَبِّكَ الَّذِي خَلَقَ (પઢો, હે પયગંબર ! પોતાના રબના નામ સાથે જેણે સર્જન કર્યું. - સૂરઃ અલક, આ.૧) વહી (દિવ્ય સંચેતના)ના સૌપ્રથમ અનુભવમાં ભય અને ભવ્યતાનો ભાર આપ ﷺ ને પ્રતીત થયો. ઘર આવીને જીવન-સંગીની અને રાઝદાર (હઝરત ખદીજા رضي الله عنها)ની સામે દરવાજા પર જ ઘટના વર્ણવી. તેમણે સાંત્વના આપી કે આપ ﷺ નો ખુદા આપનો સાથ નહીં છોડે. વરકા બિન નૌફલે પુષ્ટિ આપી કે, "આ તો એ જ ફરિશ્તો છે, જે મૂસા (عليه السلام) પર ઉતર્યો હતો, બલ્કે વધુમાં એ કહ્યું કે ચોક્કસ, લોકો આપ ﷺ ને ખોટા ઠેરવશે, આપને તંગ કરશે, આપને વતનમાંથી કાઢી મૂકશે અને આપથી લડશે. જો હું એ સમય સુધી જીવતો રહ્યો તો ખુદાના કામમાં હું આપ ﷺ ની હિમાયત કરીશ." હવે જાણે આપ ﷺ અલ્લાહ તરફથી સત્યના આમંત્રણ માટે વિધિસર નિયુક્ત થઈ ગયા, અને આપ ﷺ પર એક ભારે જવાબદારી નાખી દેવામાં આવી. આ સંદેશ સૌથી પહેલા હઝરત ખદીજા رضي الله عنها ના જ સામે આવ્યો અને તેઓ જ આના પર ઈમાન લાવનારાઓમાંથી પહેલી હસ્તી બન્યા. પછી આ કાર્ય ગુપ્ત રીતે ધીમી ગતિએ ચાલવા લાગ્યું. આપ ﷺ ના બાળપણના સાથી અને સંપૂર્ણપણે સમાન સ્વભાવ અને સમાન પ્રકૃતિવાળા હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه ની સામે જયારે આ સત્ય-સંદેશ પહોંચ્યો, તો તેમણે કોઈ સંકોચ અને વિલંબ વગર એ રીતે લબ્બૈક કહ્યું કે જાણે પહેલાથી તેમનો આત્મા આનો જ તરસ્યો હતો. તે ઉપરાંત, ઝૈદ આ માર્ગના સાથી બન્યા, જેઓ આપ ﷺ ના ત્યાં ઉછરેલા ગુલામ હતા અને આપ ﷺ ના જીવન અને ચરિત્રથી પ્રભાવિત હતા.

આપ ﷺ પર સૌથી નજીકના લોકોનું ઈમાન લાવવું આપ ﷺ ની નિખાલસતા અને આપ ﷺ ની સચ્ચાઈનો સ્વયં એક પુરાવો છે. આ એ હસ્તીઓ હતી, જે ઘણા

વર્ષોથી આપ ﷺ ના ખાનગી અને જાહેર જીવનથી તેમજ આપ ﷺ ના અંદર અને બહારથી સંપૂર્ણપણે વાકેફ હતી. તેમનાથી વધારે આપ ﷺ ના જીવન અને ચરિત્ર તેમજ આપ ﷺ ની માનસિકતા અને વિચારોને જાણવાવાળું કોઈ અન્ય નથી હોઈ શકતું. આ સૌથી નજીકની હસ્તીઓએ એકદમ શરૂઆતમાં આપ ﷺ ના આમંત્રણ પણ લબ્બૈક કહીને જાણે એક સાક્ષી ઉપલબ્ધ કરી દીધી - દા'વત (આમંત્રણ)ની સચ્ચાઈની તેમજ દાઈ (આમંત્રક)ની નિષ્ઠા અને પ્રમાણિકતાની !

હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه એ હઝરત મુહમ્મદ ﷺ ના આંદોલનના સૈનિક બનતાં જ પોતાના પ્રભાવ હેઠળના લોકોમાં જોરશોરથી કામ શરૂ કરી દીધું અને કેટલાય મુખ્ય લોકો, જેમ કે હઝરત ઝુબૈર, હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ, હઝરત સઅદ બિન વક્કાસ, હઝરત તલ્હા رضي الله عنهم ને આ ક્રાંતિકારી સમૂહના સભ્ય બનાવી દીધા. અત્યંત ચુપકેથી, ગુપ્તતાથી અને સાવધાનીથી આ સમૂહના સાહસિક સભ્યો આ સંદેશને વિસ્તારી રહ્યા હતા. અમ્માર, ખબ્બાબ, અરકમ, સઈદ બિન ઝૈદ (એ જ ઝૈદ બિન ઉમરૂના પુત્ર જેમનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો છે, તેઓ પિતાના જીવનથી પ્રભાવિત હતા), અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, ઉસ્માન બિન મઝઊન, ઉબૈદા, સુહૈબ રૂમી رضي الله عنهم પણ ઇસ્લામી આંદોલનના આરંભિક ગુપ્ત તબક્કામાં 'સાબિકૂન-અવ્વલૂન' (સૌપ્રથમ ઈમાન લાવનારાઓમાં અગ્રણીઓ)ની હરોળમાં આવી ચૂક્યા હતા.

નમાઝનો સમય થતો, તો હુઝૂર ﷺ કોઈ પહાડની ખીણમાં જતા રહેતા અને પોતાના સાથીઓની સાથે છુપાઈને બંદગી કરતા. માત્ર ચાશ્ત (સૂર્યોદયની પછીનો સમય)ની નમાઝ હરમમાં પઢતા, કેમ કે આ નમાઝ સ્વયં કુરૈશના ત્યાં પણ પ્રચલિત હતી. એક વાર હુઝૂર ﷺ હઝરત અલી رضي الله عنه સાથે પહાડોની વચ્ચેના કોઈ સાંકડા રસ્તામાં નમાઝ પઢી રહ્યા હતા કે આપ ﷺ ના કાકા અબૂ તાલિબે જોઈ લીધા. આ નવી પદ્ધતિની બંદગી જોઈને તેઓ થોભી ગયા અને ખૂબ ધ્યાનથી જોતા રહ્યા. નમાઝ પછી આપ ﷺ ને પૂછ્યું કે આ કયો દીન (ધર્મ) છે , જેને તમે અપનાવ્યો છે ? આપ ﷺ એ ફરમાવ્યું, ''આપણા દાદા ઇબ્રાહીમ عليه السلام નો આ જ દીન હતો.'' આ સાંભળીને અબૂ તાલિબે કહ્યું કે હું આને અપનાવી તો નથી શકતો, પરંતુ તમને અનુમતિ છે અને કોઈ વ્યક્તિ તમને અટકાવી નહીં શકે.[1]

હઝરત અબૂઝર رضي الله عنه પણ ઇસ્લામી આંદોલનના આ જ ઇસ્લામી આમંત્રણના ગુપ્ત તબક્કામાં ઈમાન લાવ્યા અને આપ ﷺ પર ઈમાન લાવનારાઓમાં તેમનો ક્રમ અલ્લામા શિબ્લીના સંશોધન પ્રમાણે છઠ્ઠો કે સાતમો છે. આ પણ એ જ બેચેન લોકોમાંથી હતા, જેઓ મૂર્તિપૂજા છોડીને માત્ર વિવેક-બુદ્ધિના માર્ગદર્શનમાં ખુદાનું

૧. સીરતુન્નબી ﷺ, અલ્લામા શિબ્લી, ભા-૧, પૃ. ૧૯૨.

સ્મરણ કરતા અને તેની બંદગી કરતા. તેમના સુધી કોઈક માધ્યમથી હુઝૂર ﷺ ના સંદેશનો પ્રકાશ પહોંચી ગયો. તેમણે પોતાના ભાઈને મોકલ્યા કે જઈને સાચી જાણકારી મેળવી લાવે. તેમણે હુઝૂર ﷺ સાથે મુલાકાત કરી, કુર્આન સાંભળ્યું અને ભાઈને બતાવ્યું કે મેં એ વ્યક્તિને જોયો છે, લોકો તેને 'મુર્તદ'(૧) (ધર્મથી ફરી ગયેલો) કહે છે — પરંતુ તે ઉચ્ચતમ્ નીતિમત્તાની શિખામણ આપે છે અને એક વિચિત્ર કલામ સંભળાવે છે, જે શે'ર-શાયરીથી તદ્દન અલગ છે. તેની રીત તમારી રીતથી મળતી છે. આ જાણકારી મળતાં અબૂઝર પોતે આવ્યા અને આપ ﷺ ના હાથ પર ઇસ્લામ કબૂલ કરી લીધો.

આનાથી ખ્યાલ આવે છે કે ગુપ્તતા છતાં સત્યની સુવાસને હવાની લહેરો લઈને ઊડી રહી હતી અને અલ્લાહના રસૂલ ﷺ ની ક્રાંતિને બદનામ કરવાનો ક્રમ શરૂ થઈ ગયો હતો, તેમ છતાં માહોલ શાંત હતો, આ આંદોલન 'જોખમ' છે એનું પૂરેપૂરું અનુમાન તત્કાલીન માહોલ કરી શક્યો ન હતો.

જુઓ, એક બીજી મહત્ત્વની ઐતિહાસિક હકીકત કે આંદોલનના એ પ્રથમ ધ્વજવાહકોમાંથી કોઈ એક પણ એવો ન હતો, જે ઉચ્ચ દરજ્જાના ધાર્મિક અને કોમી હોદ્દાઓ પર નિયુક્ત હોય. આ મહાનુભાવો સ્વાર્થના બોજ હેઠળ દબાયેલા અને અંગત હિતોના ધાગાઓથી બંધાયેલા ન હતા. હંમેશા આવા જ સ્વતંત્ર સ્વભાવના નવયુવાનો ઇતિહાસમાં મોટા-મોટા પરિવર્તનો પેદા કરવા માટે અગ્ર હરોળમાં આવતા હોય છે. લીડરો અને હોદ્દેદારોમાંથી કોઈપણ આ બાજુ આવ્યો ન હતો.

'તેહરીક' (આંદોલન) પોતાના ગુપ્ત તબક્કામાં કુરૈશની નજરોમાં હજુ આવી ન હતી. તેઓ સમજતા હતા કે આ તો ગણ્યા-ગાંઠ્યા નવયુવાનોનું ઝનૂન છે, ઊલટી-સીધી વાતો કરે છે, ચાર દિવસમાં દિમાગોમાંથી આ હવા નીકળી જશે. અમારા સામે કોણ દમ મારી શકે છે. પરંતુ સત્તા પર આસીન વર્ગ નેતૃત્વના સિંહાસન પર બેસીને પોતાના ભ્રમમાં મગ્ન રહ્યો અને સચ્ચાઈ તેમજ નેકીની કુંપળ સિંહાસનના પડછાયામાં ધીમે-ધીમે મૂળિયા ઊંડા કરતી રહી અને નવી શાખાઓ ફૂટતી રહી, ત્યાં સુધી કે ઇતિહાસની ભૂમિમાં તેણે પોતાનું એક સ્થાન બનાવી લીધું. કુરૈશનો એક વિશ્વાસ એ પણ હતો કે લાત અને મનાત તેમજ ઉઝ્ઝા, જેના આગળ અમે હંમેશા પેશાનીઓ ઘસીએ છીએ અને ચઢાવાઓ રજૂ કરીએ છીએ અને જેના સ્થાનકોના અમે સેવકો છીએ, પોતાની પ્રતિષ્ઠા અને મૂર્તિપૂજક ધર્મની સ્વયં રક્ષા કરશે અને તેમની આધ્યાત્મિક માર આ કોલાહલને સમાપ્ત કરી દેશે.

૧. જુઓ, ભ્રષ્ટ સમાજની હાલત કે જે વ્યક્તિ દુનિયાભરને ઈમાનથી માલમાલ કરવા આવ્યાં હતો, તેના પર જ 'ધર્મવિમુખ'નો થપ્પો લગાવી દીધો. દરેક યુગમાં ધાર્મિક ઠેકેદારોનું વલણ આ જ હોય છે.

ઈસ્લામનું જાહેર આમંત્રણ

ત્રણ વર્ષ આ જ પ્રમાણે પસાર થઈ ગયા, પરંતુ અલ્લાહની મરજી પરિસ્થિતિના સમુદ્રને વળી ઠરેલો થોડો રહેવા દેતી ? તેનો નિયમ તો હંમેશા એ રહ્યો છે કે તે અસત્યના વિરુદ્ધ સત્યને ઉઠાવીને ઊભું કરી દે છે અને પછી ટકરાવ પેદા કરે છે. (بَلْ نَقْذِفُ بِالْحَقِّ عَلَى الْبَاطِلِ - સૂરઃ અંબિયા, આ.૧૮) આ નિયમ હેઠળ એકાએક બીજા તબક્કાના આરંભનો આદેશ થાય છે فَاصْدَعْ بِمَا تُؤْمَرُ - જે કંઈ આપવામાં આવી રહ્યું છે તેને સ્પષ્ટ કહી દો ! (સૂરઃ હિજ્ર, આ.૯૪)

હુઝૂર ﷺ પોતાની બધી હિંમત અને સંકલ્પને સમેટીને નવા તબક્કાની અપેક્ષિત પરિસ્થિતિ માટે પોતાને તૈયાર કરીને સફા પર્વત પર આવીને ઊભા થાય છે અને કુરૈશને આરબોની એ વિશેષ પદ્ધતિથી પોકારે છે, જેનાથી ત્યાં કોઈ જોખમની સંગીન પળે કોમને બોલાવવામાં આવતી હતી. લોકો દોડીને આવે છે, એકઠા થઈ જાય છે અને કાન રાહ જોઈ રહ્યા છે કે શું સમાચાર સંભળાવવામાં આવનાર છે.

આપ ﷺ એ ઊંચા અવાજથી પૂછ્યું, ''જો હું એમ કહું કે આ પહાડના પાછળથી એક હુમલાખોર સૈન્ય આવી રહ્યું છે, તો શું તમે મારા પર વિશ્વાસ કરશો ?''

''હા, કેમ નહીં ? અમે તમને હંમેશા સાચું બોલતા જોયા છે.'' આ જવાબ હતો, જે સર્વ સંમતિથી સમૂહ તરફથી આપવામાં આવ્યો.

''તો પછી હું એ કહું છું કે અલ્લાહ પર ઈમાન લાવો – હે બનૂ અબ્દુલ મુત્તલિબ ! હે બનૂ અબ્દે મનાફ ! હે બનૂ ઝુહરા ! હે બનૂ તમીમ ! હે બનૂ મખઝૂમ ! હે બનૂ અસદ ! — નહિં તો તમારા પર કઠિન યાતના અવતરિત થશે.'' આ સંક્ષિપ્ત શબ્દોમાં આપ ﷺ એ પોતાનું આમંત્રણ જાહેરમાં પ્રસ્તુત કરી દીધું.

આપ ﷺ ના કાકા અબૂ લહબે આ સાંભળ્યું તો ક્રોધાવેશમાં બોલ્યો, ''સત્યાનાશ જાય તમારું આજે જ ! શું આ જ વાત હતી, જેના માટે તમે અમને બધાને અહીં એકઠા કર્યા હતા ?'' અબૂ લહબ અને બીજા આગેવાનો ખૂબ જ ગુસ્સે થઈને ચાલ્યા ગયા.

જુઓ ! અબૂ લહબના શબ્દોમાં નબી ﷺ નું આમંત્રણ ચિંતા કરવાને લાયક નથી એવી અસર ઝળકી રહી છે. હજુ કોઈ બીજી પ્રતિક્રિયા ઊભી થઈ ન હતી. ફરિયાદ માત્ર એ હતી કે તમે અમને નકામી તકલીફ આપી અને અમારો સમય બરબાદ કર્યો.

જાહેર આમંત્રણની સમજણ માટે બીજું પગલું એ ઉઠાવવામાં આવ્યું કે હુઝૂર ﷺ એ અબ્દુલ મુત્તલિબના પરિવારના તમામ સભ્યોને ભોજન પર બોલાવ્યા. આ મિજબાનીની મહેફિલમાં હમઝા અને અબૂ તાલિબ અને અબ્બાસ જેવા મહત્ત્વના લોકો પણ સામેલ હતા. જમ્યા પછી આપ ﷺ એ ટૂંકું પ્રવચન આપ્યું અને કહ્યું કે જે સંદેશ લઈને હું આવ્યો છું એ દીન અને દુનિયા બંને માટે પર્યાપ્ત છે.[1] કોણ આ અભિયાનમાં મારો સાથ આપે છે ?

આ વાત પર સન્નાટો છવાઈ ગયો. આ સન્નાટામાં તેર વર્ષનો એક છોકરો ઊભો થાય છે અને કહે છે કે, ''આમ તો હું આંખો આવવાના રોગમાં ગ્રસ્ત છું, ભલે મારા પગ પાતળા છે, ભલે હું એક બાળક છું, પરંતુ હું આ અભિયાનમાં આપનો સાથ આપીશ.'' આ હઝરત અલી ؓ હતા, જેઓ આગળ જતાં આંદોલનના સ્તંભોમાં ગણાયા.

આ દૃશ્ય જોઈને હાજર રહેલા લોકો ખડખડાટ હસ્યા ! — આ હાસ્યથી જાણે અબ્દુલ મુત્તલિબના પરિવારજનો એમ કહી રહ્યા હતા કે આ આમંત્રણ અને આમંત્રણ આપનાર તેમજ લબ્બૈક કહેનાર શું મોટું કામ કરી નાખશે ? આ બધું એક મજાક છે, એક ઝનૂન છે અને બસ, બીજું કંઈ નહીં ! આનો જવાબ તો માત્ર એક ઉપહાસભર્યા હાસ્યથી જ આપી શકાય છે !

આ બીજી ઘટનાથી પણ માહોલની શાંતિ ન તૂટી. જીવનના સમુદ્રના મગરમચ્છોએ કોઈ જ હલચલ ન કરી. પરંતુ તે પછી ત્રીજું પગલું ઉઠાવવામાં આવ્યું, તો તેણે સમાજને હિસ્ટીરિયાના એ હુમલામાં નાખી દીધો, જે ધીમે-ધીમે શરૂ થઈને રોજ-બ-રોજ તીવ્ર થતો ગયો.

આ ત્રીજા પગલા વિશે ચર્ચા કરતાં પહેલા એક અન્ય ઘટનાનો ઉલ્લેખ જરૂરી લાગે છે. જેમ કે અમે વર્ણવી ચૂક્યા છીએ કે વિરોધી વાતાવરણની સંગીનતાને ધ્યાનમાં રાખીને નમાઝ છુપાઈને પઢવામાં આવતી હતી. હુઝૂર ﷺ અને આંદોલનના સાથીઓ શહેરથી બહાર ખીણો અને ઘાટીઓમાં જઈ-જઈને નમાઝ પઢતા હતા. એક દિવસ એક ઘાટીમાં હઝરત સઅદ બિન અબી વક્કાસ ؓ નબી ﷺ ના બીજા સાથીઓની સાથે નમાઝમાં હતા કે મુશ્રિકોએ જોઈ લીધા. બરાબર નમાઝની હાલતમાં જ આ મુશ્રિકોએ મહેણા-ટોણા મારવાનું શરૂ કર્યું, ખરું-ખોટું કહ્યું અને નમાઝની એક-એક હરકત પર ઠઠ્ઠો કરતા રહ્યા. જ્યારે નિરર્થક વાતોનો કોઈ જવાબ ન

૧. તદ્દન આરંભિક આમંત્રણમાં હુઝૂર ﷺ પોતે એ હકીકતની સભાનતા રાખતા હતા કે તેઓ દુનિયાથી કપાયેલો દીન (ધર્મ) લઈને નથી આવ્યા, બલ્કે દુનિયાને સુધારવાવાળો, સંવર્ધન કરવાવાળો દીન લઈને આવ્યા છે.

મળ્યો, તો કંટાળીને લડવા પર ઉતરી આવ્યા. આ ધમાલમાં એક મુશ્‌રિકની તલવારે સઅદ બિન અબી વક્કાસને જખમી કરી નાખ્યા. આ હતી લોહીની સૌથી પહેલી ધાર, જે મક્કાની જમીન પર અલ્લાહના માર્ગમાં વહી ! આ અજ્ઞાની સમાજની સૌપ્રથમ ઝનૂની લોહિયાળ પ્રતિક્રિયા હતી અને આ પ્રતિક્રિયાનો રંગ બતાવી રહ્યો હતો કે વિરોધ હવે હિંસાની મંજિલમાં દાખલ થવાનો છે.

હિંસા અને અંધાધૂંધીની શરૂઆત

'તેહરીક' (આંદોલન)ની સપાટી નીચેના પ્રવાહે ધીમે-ધીમે આગળ વધતાં ચાળીસ મોતી એકત્ર કરી લીધા હતા અને હવે જાણે ઇસ્લામી સમૂહ એક સ્પષ્ટ શક્તિ બની ચૂક્યો હતો. ખુલ્લંખુલ્લા કલ્મએ-હક્ક (સત્ય-બોલ) પોકારવાનો આદેશ આવી જ ચૂક્યો હતો. તેના અમલમાં હુઝૂર ﷺ એ એક દિવસ હરમે-કાબામાં ઊભા થઈને તૌહીદ (એકેશ્વરવાદ)નું એલાન કર્યું. પરંતુ ધર્મ અને ધાર્મિકતામાં જ્યારે બગાડ આવે છે, તો તેના મૂલ્યો એવી રીતે વેરણછેરણ થઈ જાય છે કે એ ઘર જેનું નિર્માણ તૌહીદના સંદેશના કેન્દ્રની હેસિયતથી કરવામાં આવ્યું હતું, આજે તેની જ ચાર દીવાલોની અંદર એક અલ્લાહના એકત્વની પોકાર કરવી આ તૌહીદના કેન્દ્રના અપમાનનું કારણ બની ચૂક્યું હતું. મૂર્તિઓના અસ્તિત્વથી કાબાનું અપમાન નહોતું થતું, મૂર્તિઓની સામે પેશાનીઓ ઘસવાથી પણ નહીં, નગ્ન થઈને તવાફ (પરિક્રમા) કરવા તેમજ સીટીઓ અને તાળીઓ વગાડવાથી પણ નહીં, ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાય હસ્તીઓ)ના નામે ઝબીહા (કુરબાની, બલિ) પ્રસ્તુત કરવાથી પણ નહીં, પૂજારી-પદની ફી અને પુરોહિતપણાનો ટેક્સ વસૂલ કરવાથી પણ નહીં — પરંતુ આ ઘરના મૂળ માલિક (અલ્લાહ)નું નામ લેતાં જ તેનું અપમાન થઈ ગયું હતું ![1]

કાબાનું અપમાન ! હરમનો અનાદર ! — તૌબા, તૌબા..! કેવી લોહી ઉકાળી નાખે એવી વાત છે ! ભાવનાઓને ઉત્તેજિત કરી દેનારું કેવું કૃત્ય છે ! તેથી ઉકળતા લોહી અને ઉત્તેજિત કરી નાખનાર ભાવનાઓની સાથે ચારે તરફથી તૌહીદના કલ્માને સાંભળનારા મુશ્‌રિકો અને કાફિરો ઉમટી આવે છે, ધાંધલ-ધમાલ મચી જાય છે. નબી ﷺ ઘેરાઈ જાય છે. હારિસ બિન ઉબ્બી, ઉમ્મે હાલાના ઘરમાં હતા. શોર-બકોર સાંભળીને હુઝૂર ﷺ ને બચાવવા માટે દોડ્યા, પરંતુ દરેક બાજુથી તલવારો તેમના પર તૂટી પડી અને તેઓ શહીદ થઈ ગયા. આરબ પ્રદેશમાં ઇસ્લામ અને અજ્ઞાનતાના સંઘર્ષમાં આ પહેલા પ્રાણ હતા, જે સત્યની હિમાયતમાં શહીદ થયો.

૧. આ તો ભલે મુશ્‌રિકો હતા અજ્ઞાનતા-કાળના ! આજે આપણા સામે એક મુસલમાન, અને મામૂલી મુસલમાન નહીં, એક ધાર્મિક અગ્રણી વ્યક્તિ કાબાના વ્યવસ્થાપકની ખરાબીઓની ટીકા કરવાવાળા પોતાના ભાઈને કાબાના અપમાનનો ગુનેગાર ગણાવે છે. فَاعْتَبِرُوا يَا أُولِي الْأَبْصَارِ - "તો પછી શિક્ષા ગ્રહણ કરો, હે જોવાવાળી આંખો રાખવાવાળાઓ !" (સૂરઃ હશ્ર, આ.૨)

જોયું તમે ! એક આમંત્રણ, જે તાર્કિક અને શાંતિમય રીતે આપવામાં આવી રહ્યું હતું, તેના પર વિચાર કરીને મત નિર્ધારિત કરવા અને તેની દલીલનો જવાબ દલીલોથી આપવાને બદલે આંધળી ભાવનાત્મક ઉત્તેજનાથી આપવામાં આવે છે. સૈયદના મુહમ્મદ ﷺ લોખંડની તલવારથી કલ્મએ-હક્ક મનાવવા નથી ઉઠતા, પરંતુ વિરોધી શક્તિઓ ત્વરિત તલવાર ઉઠાવીને આવી જાય છે. આ જ એક ભ્રષ્ટ વ્યવસ્થાના સ્વાર્થી રખેવાળોની નિશાની છે કે તર્ક અને દલીલના જવાબમાં તલવાર લઈને મેદાનમાં ઉતરે છે. વિરોધીઓમાં એટલી ક્ષમતા ન હતી કે તેઓ ઓછામાં ઓછું અમુક અઠવાડિયા, કેટલાક દિવસ, થોડીક ક્ષણો હરમથી ઉઠનાર પોકાર પર શાંતિથી ચિંતન-મનન કરી શકતા ! એ વાતનો સ્વીકાર કરતા કે હઝરત મુહમ્મદ ﷺ ને પણ તેમની જેમ કોઈ દષ્ટિકોણ, કોઈ વિચારધારા, આસ્થા પર ઈમાન રાખવા, કોઈ ધર્મ પર ચાલવા અને તેમણે સ્થાપેલ ધાર્મિક સ્વરૂપથી મતભેદ કરવાનો અધિકાર છે. ઓછામાં ઓછું સંભાવનાની હદ સુધી એ અવકાશને માનતા કે બની શકે છે કે આપણામાં ભૂલ હોય અને મુહમ્મદ (ﷺ) ના આમંત્રણથી જ હકીકતની કોઈ કડી કે સગડ મળી શકતા હોય. કોઈ ભ્રષ્ટ વ્યવસ્થાના અગ્રણીઓમાં જ્યારે આટલી ક્ષમતા બાકી નથી રહેતી, તો તેમનામાં મતભેદ માટેની સહન-શક્તિ તદ્દન સમાપ્ત થઈ જાય છે, તેમની ચિંતન-મનનની યોગ્યતા કાટ ખાઈ જાય છે.

જરા કલ્પના કરો એ વાતાવરણની, જેમાં આપણા-સૌની દુનિયા અને આખિરત (પરલોક)ની સફળતા અને સૌભાગ્ય માટે પોતાના પ્રાણની બાજી લગાવી દેવાવાળો સત્યનો આવાહક નિઃસહાયતાની સ્થિતિમાં પોતાનું કર્તવ્ય અદા કરી રહ્યો હોય !

અધમ દુષ્પ્રચાર તેમજ મહેણા-ટોણા અને ઉપહાસ

હઝરત ઇબ્રાહીમ ﷺ અને હઝરત ઇસ્માઈલ ﷺ ની પવિત્ર ભાવનાઓ અને વિશુદ્ધ અભિલાષાઓ તેમજ ઇચ્છાઓના સંમિશ્રણથી નિર્માણ પામેલ હરમે-પાકમાં મક્કાવાસીઓના આ કૃત્યએ તેના ભવિષ્યની એક કલ્પના તો અવશ્ય આપી દીધી, અને એક નિર્દોષના લોહીથી આગામી ઐતિહાસિક પ્રકરણોના શીર્ષકો તો બાંધી દીધા, તેમ છતાં આ ખરેખર હિંસક તબક્કાનો આરંભ ન હતો.

વિરોધનો પહેલો તબક્કો હંમેશા ઠઠ્ઠા-મશ્કરી અને નિરર્થક દલીલોનો હોય છે, જે ધીમે-ધીમે ગુંડાગીરીનો રંગ લઈ લે છે.

નબી ﷺ ના આમંત્રણની વિશ્વસનીયતાનો પાયો હચમચાવી નાખવા માટે

અપશબ્દો બોલવાની નીચ ભાવનાની સાથે દુષ્પ્રચારના નિપુણ ગુરુઓએ જાત-જાતના ઉપનામો ઘડવાનું શરૂ કર્યું.

જેમ કે એમ કહેવા માંડ્યું કે આ વ્યક્તિની વાત કેમ સાંભળો છો, આ તો (નઊઝુબિલ્લા) 'મુર્તદ' (ધર્મથી ફરી ગયેલો) છે. પૂર્વજોનો રૂઢ થઈ ગયેલો ધર્મ, જેના આપણે ઇજારેદાર છીએ, આ તેના વર્તુળમાંથી બહાર નીકળી ગયો છે અને હવે પોતાના પાસેથી એક અનોખો ધર્મ ઘડી લાવ્યો છે. ––બસ, પોતાની ગાદીઓ પર બેઠાં-બેઠાં કુફ્ર (અધર્મ)નો ફતવો (ધર્માદેશ) લાગુ કરી દેવામાં આવે છે. એ પણ કહેવામાં આવે છે કે આ તો 'સાબી' થઈ ગયો છે. 'સાબી' મત, કેમ કે એ સમયના અનેકેશ્વરવાદી સમાજમાં એક બદનામ અને અપ્રિય મત હતો, તેથી કોઈને 'સાબી' કહી દેવું એવી જ ગાળ હતી, જે રીતે આજે કોઈ મુસલમાનને યહૂદી કે ખારજી કે નાસ્તિક કહી દેવામાં આવે. સત્ય વિરુદ્ધ દલીલોની રીતે બોદા લોકો જ્યારે નકારાત્મક શોરબકોર મચાવે છે, તો તેમના દુષ્પ્રચારના અભિયાનનું એક શસ્ત્ર હંમેશા આ પ્રકારના બદનામ ઇલ્કાબો અને નામો તેમજ પરિભાષાઓને લાગુ કરી દેવાનું હોય છે. શેરીએ-શેરીએ અને બેઠકે-બેઠકે દુષ્પ્રચારકો એ ઢંઢેરો પીટતા ફરતા હતા કે જુઓ, આ લોકો 'સાબી' થઈ ગયા છે, વિધર્મી બની ગયા છે, બાપ-દાદાનો ધર્મ તેમણે છોડી દીધો છે, નવી-નવી આસ્થાઓ અને નવી-નવી રીતો ઘડીને લાવ્યા છે. જુઓ તો ખરા, કેવી અનોખી વાતો થઈ રહી છે ! આ આંધી જ્યારે ઉઠી રહી હશે તો કલ્પના કરો કે તેમાં રસ્તો જોવો અને શ્વાસ લેવો સામાન્ય લોકો માટે કેટલું મુશ્કેલ બની ગયું હશે અને સત્યના આવાહકોના આ નાના કાફલાને કેવી આફતનો સામનો કરવો પડ્યો હશે ! પરંતુ આંધીઓ દૃઢ-નિર્ધાર લોકોનો માર્ગ ક્યારેય રોકી શકતી નથી ! مَا يَفْتَحِ اللّٰهُ لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ لَهَا ★

દલીલોની સામે જ્યારે ગાળો લાવવામાં આવે છે, તો હંમેશા એવું થાય છે કે દલીલો તો પોતાની જગ્યાએ અટલ રહે છે, પરંતુ જે ગાળ સામે લાવવામાં આવે છે, તે ભાવનાઓની હદ સુધી બે-ચાર દિવસ કામ આપીને તદ્દન નિષ્પ્રભાવી બની જાય છે અને માનવ-પ્રકૃતિ તેનાથી નફરત કરવા લાગે છે. તેથી કળાના કસબીઓનો એ નિયમ છે કે નીત-નવી ગાળો ઉત્પન્ન કરતા રહે.આમ, હુઝૂર ﷺ માટે એક વધુ ગાળ ઉત્પન્ન કરવામાં આવી. આપને 'ઇબ્ને અબી કબ્શા' કહેવામાં આવતા હતા. 'અબી કશ્બા' એક પ્રખ્યાત, પણ બદનામ વ્યક્તિ હતો. આ માણસ આખા આરબ પ્રદેશના ધાર્મિક વલણો વિરુદ્ધ 'શિઅ્‌રા' નામના તારાની પૂજા કરતો હતો. ઇબ્ને અબી કશ્બાનો અર્થ થયો - 'અબી કબ્શાનો પુત્ર' અથવા અબી કશ્બાનો અનુયાયી.

★ "અલ્લાહ જે કૃપાનો દરવાજો પણ લોકો માટે ખોલી નાખે, તેને કોઈ રોકવાવાળું નથી..." (સૂરઃ ફાતિર, આ.૨)

(નઊઝુબિલ્લાહ) દિલનો ઊભરો ઠાલવવા માટે મક્કાના ભાવાવેશના રોગીઓએ શું-શું ન ઘડ્યું !

કોઈ આવાહક કે આંદોલનના નેતાની જાત પર જ્યારે આ રીતે પ્રહાર કરવામાં આવે છે તો મૂળ આશય એ એક માણસને માનસિક પીડા આપવાનો નથી હોતો, બલ્કે વાસ્તવમાં ગાળ આપવામાં આવે છે એ વિચારધારા અને પંથને તેમજ એ કાર્ય અને સંગઠનને, જેને દરરોજ વધતા જતા હુમલાનો સામનો કરવો પડે છે. પરંતુ શું એક ધસમસતા પૂરની સામે ગોબરનો બંધ બાંધીને તેને રોકી શકાય છે ! મક્કાના દુષ્પ્રચારકો જોઈ રહ્યા હતા કે ગંદકીના જે-જે બંધ પણ તેઓ બાંધે છે, આ આંદોલન તેને વહાવીને લઈ જાય છે અને દરેક સવાર અને પ્રત્યેક સંધ્યા કંઈ-ને-કંઈ આગળ જ વધતું જાય છે, તો તેમણે દુષ્પ્રચારના અન્ય પાસાઓ અપનાવ્યા. એક નવો ઇલ્કાબ એ ઘડવામાં આવ્યો કે આ માણસ (નઊઝુબિલ્લાહ) વાસ્તવમાં પાગલ થઈ ગયો છે. મૂર્તિઓની માર પડવાથી તેનું મગજ ફરી ગયું છે. આ જે વાતો કરે છે તે ભાન વગરની તેમજ બુદ્ધિ અને વિવેકશીલતાની વાતો નથી, બલ્કે આ એક મનોરોગી છે કે જેનો હુમલા થતાં ક્યારેક તેને ફરિશ્તાઓ દેખાય છે, ક્યારેક જન્નત અને દોજખના સ્વપ્નો આવે છે, ક્યારેક વહી ઊતરે છે અને ક્યારેક કોઈ અનોખી વાતનું રહસ્યોદ્‌ઘાટન થાય છે. આ એક માથાફરેલો માણસ છે. તેથી તેની વાતો પર સામાન્ય લોકોએ ધ્યાન ન આપવું જોઈએ અને પોતાના ધર્મ અને આસ્થાની રક્ષા કરવી જોઈએ. હંમેશા એવું બન્યું છે કે સત્યના આવાહકોની દલીલોની શક્તિને તોડવા માટે કાં તો તેમને પાગલ કહેવામાં આવે છે, અથવા બેવકૂફ અને મૂર્ખ ! બુદ્ધિશાળી અને સમજદાર તો બસ એ જ લોકો હોય છે, જેઓ પોતાની દુનિયા બનાવવા અને જમાનાની 'હા' માં 'હા' મેળવવા તેમજ પોતાની ઇચ્છાઓને સંતોષવામાં મગ્ન રહ્યા. બાકી એ લોકો, જેઓ નવસર્જન અને સુધારણાનું અભિયાન ચલાવીને જીવ જોખમમાં નાખે, તેમને દુનિયાપરસ્ત લોકો જો મૂર્ખ અને પાગલ ન કહે તો છેવટે તેમના શબ્દ-કોષમાં બીજો કયો શબ્દ યોગ્ય હોઈ શકે છે !

પછી આ વાત પીઠ પાછળ કહેવા પર સંતોષ માનવામાં આવતો ન હતો. يَاأَيُّهَا الَّذِي نُزِّلَ عَلَيْهِ الذِّكْرُ إِنَّكَ لَمَجْنُونٌ ۝ (હે એ મનુષ્ય, જેના પર આ ઝિક્ર નાઝિલ કરવામાં આવ્યું છે, ચોક્કસ તું દીવાનો છે." - સૂરઃ હિજ્ર, આ.૬) ગાળની ખરી મજા તો ત્યારે આવે છે, જ્યારે તે રૂબરૂ સંભળાવવામાં આવે !

પરંતુ, શું ક્યારેય પાગલોની આસપાસ પણ દુનિયા કોઈ આંદોલન ચલાવવા

માટે સંગઠિત થઈ છે ? શું ક્યારેય મૂર્ખાઓનો પણ હાથ સભાન અને સમજદાર નવયુવાનોએ પકડ્યો છે ? શું ક્યારેય માથાફરેલા લોકોના આમંત્રણ પર સમજદાર લોકોએ લબ્બૈક કહી છે ? — આ પ્રશ્નોના જવાબ આપવા માટે મક્કાના મુશ્રિકો[1]એ એક વ્યંગ્ય ઘડી કાઢ્યો. કહેવા લાગ્યા કે નબી હોવાનો દાવો કરનાર વાસ્તવમાં જાદૂ-વિદ્યામાં પણ નિપુણ છે. આ તેની કારીગરી જ છે કે બે-ચાર વાતોમાં દરેક મળવાવાળા પર હિપ્નોટિઝ્મ કરી નાખે છે, નજરબંદી કરી નાખે છે, અને સહેજ કોઈ તેની વાતોમાં આવ્યો કે તે જાદૂની જાળમાં ફસાઈ જાય છે. આ જ કારણ છે કે સારા-સારા, સમજદાર લોકો તેનો શિકાર બનતા જઈ રહ્યા છે !

હા, પરંતુ એક પ્રશ્ન એ પણ ઊભો થતો હતો કે ક્યારેય જાદુગરે પણ આજ સુધી ધાર્મિક અને સાંસ્કૃતિક આંદોલનો ચલાવ્યા છે ? અને ક્યારેય જ્યોતિષીઓએ ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા) અને તૌહીદ (એકેશ્વરવાદ) અને ઉચ્ચ નૈતિકતાનો ઉપદેશ આપવા માટે જાદૂ-વિદ્યાનો ઉપયોગ કર્યો છે ? કોઈ ઉદાહરણ ઇતિહાસમાં એવું છે કે જાદુગરો જેવું માનસિક સ્તર રાખનાર કોઈ વ્યક્તિએ પ્રચલિત વ્યવસ્થાને બદલી નાખવા માટે જાદૂના જોરથી ક્રાંતિની હવા ચલાવી હોય ? ક્યારેય જાદૂના જોરે હૃદયો અને દિમાગો, આત્માઓ અને વ્યક્તિત્વોને પણ બદલવાનું કોઈ દૃષ્ટાંત સામે આવ્યું ? પછી એ કેવો જાદુગર હતો, જે છેતરપિંડી કરીને ચાર પૈસા કમાવાને બદલે દુનિયાભરની યાતનાઓ ભોગવીને સમાજના સૌથી સારા સદાચારી લોકોને પોતાના આસપાસ એક મોટા સામૂહિક અભિયાન માટે એકઠા કરી રહ્યો હતો ! શું આ કોઈ નજરબંદીનો ખેલ હતો, જે તમારી આંખોની સામે ખેલાઈ રહ્યો હતો ? પરંતુ આ ચાલ્યો આવતો જૂનો આરોપ છે. આવો આરોપ દરેક યુગમાં દરેક આવાહક પર લગાવવામાં આવ્યો છે. વિશ્વાસ અપાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે સ્વયં આમંત્રણમાં સચ્ચાઈ નથી કે તેનું પ્રાકૃતિક આકર્ષણ કામ કરે, આવાહકની દલીલોમાં કોઈ વજન નથી કે જેનાથી હૃદયોને જીતી શકાય, બલ્કે આખો ખેલ કોઈ રહસ્યમય પ્રકારના ધોકા અને જાદૂ પર આધારિત છે અને આ એની જ અસર છે કે સારા-ભલા લોકો સંતુલન ખોઈ બેસે છે.

લોકો કુરૈશના આગેવાનો સામે હુઝૂર ﷺ ના પ્રેરણાદાયી પ્રવચનો અને કુર્આનની આયતો વિશેષરૂપે પ્રસ્તુત તો કરતા હશે જ કે આ અને આવી-આવી વાતો કહેવામાં આવી છે. ભાષા અને વાણીના એ વિશેષજ્ઞો છેવટે એ તો પ્રતીત

---

૧. દૃઢ ધાર્મિક ધારણાઓ રાખવાવાળાઓ માટે પશ્ચિમવાસીઓએ ઝનૂની (Fanatic)ની ખાસ પરિભાષા એ અર્થમાં અપનાવી રાખી છે કે આવા લોકો બૌદ્ધિક સંતુલનથી વંચિત ભાવુક લોકો હોય છે. સ્વયં આપણામાં ભ્રષ્ટ ધાર્મિક તત્ત્વો સત્યના આવાહકોને 'મુલ્લા' કહે છે, તો એ અર્થમાં કહે છે કે આ લોકો સૂઝબૂજથી ખાલી, જમાનાની પરિસ્થિતિથી નાવાકેફ અને પોતાના ભૂતકાળના જીર્ણ વિચારોના આંધળા પ્રેમમાં હોય છે. તેનાથી પણ વધારે નીચે ઉતરીને વિરોધી તત્ત્વો ધાર્મિક લોકોને રાજકારણથી અજાણ હોવાનું મહેણું પણ મારે છે અને કહે છે કે આ લોકો છે જ મૂર્ખ !

કરી જ લેતા હશે કે સ્વયં આ વાણી જ પ્રભાવકારી છે. તેના પર ચર્ચા પણ થતી હશે અને અભિપ્રાયો પણ નક્કી થતા હશે. વાણીના આ ચમત્કારનું કારણ સમજાવવા માટે તેમણે કહેવાનું શરૂ કર્યું કે, ''અરે આ શું છે ! બસ, શાયરી છે, શબ્દોની એક કળા છે. સાહિત્યિક પ્રભાવ છે. મુહમ્મદ (ﷺ) પ્રથમ કોટિના કલાકાર અને ભાષાના નિપુણ વક્તા છે. તેમની શાયરીના કારણે અમુક કાચા મનના નવયુવાનો બહેકી રહ્યા છે.''

હે મક્કાના કુરૈશ ! શાયરો તો દુનિયામાં હંમેશા થતા રહ્યા છે. શું કોઈ એવો અનોખો શાયર ક્યારેય પેદા થયો છે, જે આવા નિષ્કલંક ચરિત્ર અને મહાન વ્યક્તિત્વનો માલિક હોય, જેનું દર્શન મુહમ્મદ (ﷺ) અને તેમના સાથીઓ કરાવી રહ્યા હતા ? શું શાયરીનું જાદૂ બાંધવાવાળાએ ક્યારેય એવા ધાર્મિક અભિયાનો પણ ચલાવ્યા છે, જેવા તમારા સામે ચાલી રહ્યા છે ?

કુરૈશની સામે પણ આ પ્રશ્ન હતો. આનો જવાબ આપવા માટે હુઝૂર ﷺ પર જ્યોતિષીનો એક બીજો આરોપ ઘડ્યો. જ્યોતિષીઓ થોડોક ધાર્મિક અંદાજ અને રૂપરંગ રાખતા હતા. એક વિચિત્ર રહસ્યમય વાતાવરણ ઊભું કરતા હતા. દોરા-ધાગા અને એકાંતવાસ, અને જાપ અને રટણ, અને મંત્ર-તંત્રમાં તેમનું જીવન પસાર થતું હતું. સમાધિઓ, અંતઃસ્ફૂરણાઓ અને શકુનવિદ્યા દ્વારા એક ટેકનિકલ ભાષામાં અદૃશ્યના રહસ્યો લોકોને બતાવતા હતા. સામાન્ય લોકોથી ભિન્ન એક અનોખી રીતભાત અને દેખાવ રાખતા હતા. થોડુંક દીવાના જેવું રૂપ હોતું. જ્યોતિષી કહેવાનો કુરૈશનો આશય એ જ હતો કે હુઝૂર ﷺ એ પણ બસ આ જ પ્રકારનો એક ઢોંગ રચાવી રાખ્યો છે, જેથી લોકો આવે, શિષ્ય બને, તેમના જ્યોતિષનો સિક્કો પણ ચાલે અને પેટનો પ્રશ્ન પણ હલ થઈ જાય. (મઆઝઅલ્લાહ)

અને, કુર્આન આ તમામ દુષ્પ્રચારના ધુમાડાઓ પર છવાઈને આકાશી ઊંચાઈઓથી પોકારી રહ્યું હતું કે :—

وَمَا هُوَ بِقَوْلِ شَاعِرٍ — قَلِيلًا مَّا تُؤْمِنُونَ.
وَلَا بِقَوْلِ كَاهِنٍ — قَلِيلًا مَّا تَذَكَّرُونَ.

આ શાયર નથી, પરંતુ આફત તો એ આવી પડી છે કે તમે ઈમાન અને વિશ્વાસના દરવાજાઓ બંધ કરી રાખ્યા છે. આ જ્યોતિષ નથી, પરંતુ અવરોધ એ ઊભો થયો કે તમે ચિંતન-મનન ન કરવા અને કોઈપણ પ્રકારનો બોધપાઠ ન લેવાના સોગંદ લઈ રાખ્યા છે. આ અશિષ્ટતા અને ધૃષ્ટતાના તોફાન પર કુર્આને ચાર શબ્દોમાં કેટલી શાનદાર સમીક્ષા કરીને હુઝૂર ﷺ ને સંબોધન કર્યું - اُنْظُرْ كَيْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ

(સૂરઃ ફુરકાન, આ.૯) જુઓ, આ લોકો કેવા-કેવા રૂઢિપ્રયોગો અને વાતો લાગુ કરે છે, કેવા-કેવા નામો રાખે છે, શું-શું રૂપકો ઘડે છે અને ક્યાં-ક્યાંથી પરિભાષાઓ શોધી લાવે છે ! પરંતુ આ બધું કરીને પછી એકાએક પલ્ટો મારે છે ! فَضَلُّوْا અર્થાત્, પોતે જ પોતાને પથભ્રષ્ટતામાં નાખે છે.

જુઓ ! હવે એક અન્ય અડપલું કરવામાં આવે છે. દીને-ઈબ્રાહીમીના નામ લેનારાઓ ફરમાવે છે કે એ કોઈ જિન્નાત છે, જે મુહમ્મદ (ﷺ) પર આવે છે અને તે આવીને ચિત્ર-વિચિત્ર વાતો બતાવે છે, અથવા એ કે તે શીખવાડી-ભણાવી જાય છે. ક્યારેક મક્કાના એક રોમન અને ખ્રિસ્તી ગુલામ (જાબિર કે જેરા કે જબર)નું નામ લેવામાં આવે છે, જે હુઝૂર ﷺ ની સેવામાં હાજર થઈને દીન (ધર્મ)ની વાતો સંભળાવી જાય છે અને એકાંતમાં મુહમ્મદ (ﷺ)ને એ પાઠ અને ભાષણની નોંધ કરાવે છે. એક પ્રસંગે કુરૈશના અગ્રણીઓના એક પ્રતિનિધિ-મંડળે સ્વયં હુઝૂર ﷺ ને કહ્યું કે, ''અમને ખબર પડી છે કે યમામામાં કોઈ વ્યક્તિ 'રહમાન' નામનો છે, જે તમને આ બધું શીખાવે-ભણાવે છે. અલ્લાહના સોગંદ ! અમે આ 'રહમાન' પર ઈમાન નથી લાવવાના.''[1] આ અફવાઓ અને ઊડતી વાતોથી એ જાહેર કરવું અપેક્ષિત હતું કે આ કોઈ બાહ્ય શક્તિ અને કોઈ બીજા જ માણસનું દુષ્ટ કૃત્ય છે, જે આપણા ધર્મ અને આપણા સમાજને તબાહ કરવા પાછળ પડી ગયો છે અને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ તો માત્ર સાધન છે. આ કોઈ પ્રકારની સાંઠ-ગાંઠ છે. બીજી બાજુ આમાં એ છાપ પણ સામેલ હતી કે વાણીનું આ સૌંદર્ય અને અલંકારિતા ન મુહમ્મદ (ﷺ) ની કમાલ છે, ન અલ્લાહનું પ્રદાન અને ન બક્ષિસ, આ તો કોઈ બીજી શક્તિ કાર્યરત છે. ત્રીજી બાજુ તેના દ્વારા જૂઠ અને અલ્લાહના નામે બનાવટી વાતોનો આરોપ પણ સત્યના આવાહક પર લાગુ થઈ રહ્યો હતો. આના જવાબમાં કુર્આને વિસ્તૃત દલીલો કરી છે, પરંતુ તેનો એ પડકાર કે મનુષ્યો અને જિન્નાતોની સંયુક્ત મદદથી તમે આ પ્રકારની કોઈ સૂરઃ કે આવી કેટલીક આયતો જ બનાવી લાવો, ત્યારે આ પડકારે તેમને તદ્દન ચુપ કરી દીધા.

તેના સાથે વધુ એક દાવો એ પણ સામે આવ્યો કે આ કોઈ નવી વાત નથી. કોઈ વિશિષ્ટ સિદ્ધિ પણ નથી. વાસ્તવમાં પ્રાચીન વાર્તાઓ અને કથાઓ છે; જેની સામગ્રી ક્યાંકથી એકત્ર કરીને જોરદાર ભાષામાં ઢાળવામાં આવી રહી છે. આ એક પ્રકારે ઘડેલી વાર્તાઓ છે અને દાસ્તાનો કહેવામાં આવી રહી છે, અને જે રીતે વાર્તા કહેનાર સભામાં છવાઈ જાય છે એ જ રીતે મુહમ્મદ (ﷺ) રસદાયક રીતે કિસ્સાઓ સંભળાવી-સંભળાવીને દાદ લઈ રહ્યા છે. સત્યના આમંત્રણ પર 'અસાતીરુલ

૧. ઈબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૧૭.

અવ્વલીન' (પ્રાચીન વાર્તાઓ)નું મહેણું મારવામાં એ વ્યંગ પણ સામેલ હતો કે પુરોગામીઓની આ વાતો દ્વારા આજની સમસ્યાઓનો ઉકેલ ક્યાંથી મળી શકે છે. જમાનો ક્યાંથી ક્યાં આવી પહોંચ્યો છે, પુરોગામીંઓની વાર્તાઓ આમાં કેવી રીતે માનવીઓનું કામ બનાવી શકે છે.

કમાલ એ છે કે એક તરફ એ આરોપ મૂકવામાં આવી રહ્યો હતો કે પુરોગામીઓના પ્રચલિત ધર્મની સામે નવી વાતો ઘડવામાં આવી રહી છે. બીજી બાજુ તદ્દન વિરોધાભાસી પ્રકારનું આ મહેણું કે જૂની વાતો રજૂ કરાઈ રહી છે ! – હંમેશા બિનમુસ્લિમ ઉપદ્રવીઓની એ જ રીત રહી છે કે સમજયા-વિચાર્યા વગર ક્યારેક આવીને એક પાસાથી ભૂલો કાઢે છે અને ક્યારેક બીજી બાજુથી હુમલો કરીને બીજો વિરોધી પ્રકારનો વાંધો લાવીને ફેંકે છે અને જોતા નથી કે સ્વયં રદ કરેલી વાત પોતે કરી રહ્યા છે.

આ સંદર્ભમાં એક મોરચો શાયરોનો ઊભો કરવામાં આવ્યો હતો. અબૂ સુફિયાન બિન હારિસ, ઉમરૂ બિન આસ અને અબ્દુલ્લાહ બિન ઝલ્અબરી એ અભિયાન પર નિયુક્ત કરવામાં આવ્યા કે તેઓ હુઝૂર ﷺ વિરુદ્ધ ગંદા ઉપહાસ કરતા કાવ્યો કહે અને તેને પ્રસિદ્ધ કરે. સ્પષ્ટ રહે કે શાયરોનો અજ્ઞાની સમાજ પર ખૂબ પ્રભાવ હતો. આ લોકો જાણે વૈચારિક માર્ગદર્શન અને પ્રશિક્ષણના પદ પર નિયુક્ત હતા અને તેમના મોઢામાંથી નીકળેલ એક-એક શબ્દ હૃદયોમાં ઘર કરી જતો હતો અને તેને યાદ કરીને ફેલાવવામાં આવી રહ્યો હતો. એમ સમજો કે શાયરો એ કાળમાં લગભગ આજના પત્રકારોની પોઝીશનમાં હતા. જે રીતે આજે એક કુશળ પત્રકાર જો પોતાની કલમ અને અખબારની શક્તિના જોરે કોઈના પાછળ પડી જાય, તો તે પોતાની સંપાદકીય ટીપ્પણીઓ અને નોંધોથી, ચતુરાઈથી, વ્યંગ અને ઉપહાસયુક્ત ટીકાઓથી અને કટાર-લેખકોના ઉદ્ધતાઈભર્યા ઉપયોગથી, સમાચારોને બ્લેક-આઉટ કરીને અને નિવેદનોની કાપકૂપ કરીને અને ભ્રમિત કરનારા શીર્ષકો મૂકીને ગમે તે સંદેશ, સમુદાય કે તેહરીક (આંદોલન) માટે ભારે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. બરાબર આ જ સ્થાન આરબ પ્રદેશના શાયરોનું હતું. ત્યાં એકથી વધારે શાયરો આ કામ પર લગાવી દેવામાં આવ્યા કે હઝરત મુહમ્મદ ﷺ અને આપના સંદેશ અને આંદોલનને શેરીએ-શેરીએ બદનામ કરતા ફરે તેમજ ગદ્ય-પદ્યમાં, જોડકણા અને છંદોમાં ગાળો બોલતા રહે. તદ્દન એ વાતાવરણ હતું કે જાણે માનસિક અને વૈચારિક દુનિયામાં પોતાના રસ્તે જતા એક સભ્ય અને સજ્જનની પાછળ કૂતરા લગાવી દેવામાં આવ્યા હોય ! પરંતુ માનવતાના ઉપકારક ﷺ નો સંદેશ અને ચરિત્ર સ્વયં શાયરોના જાદૂનો સફળ તોડ હતો.

સ્પષ્ટ રહે કે આ આખું અભિયાન કોઈ ગેરસમજના કારણે નહીં, બલ્કે સમજી-વિચારીને, ઇરાદાપૂર્વક કુચેષ્ટા અને ટોળટીખળના રૂપમાં ચલાવવામાં આવી રહ્યું હતું. તેમણે મળીને એ નક્કી કર્યું હતું કે لا تسمعوا لهذا القرآن والغوا فيه لعلكم تغلبون (આ કુર્આનને કદાપિ ન સાંભળો, અને જ્યારે તે સંભળાવવામાં આવે તો તેમાં ખલેલ નાખો, કદાચ આવી રીતે તમે વર્ચસ્વ પામો. - સૂરઃ હા-મીમ-સજદહ, આ.૨૬) અર્થાત્, આમંત્રણ આપનારની વાત સાંભળો જ નહીં, તેના પર વિચાર જ ન કરો, ક્યાંક વિચારો ડામાડોળ ન થઈ જાય, ક્યાંક ઈમાન ખરાબ ન થઈ જાય. બસ, બૂમબરાડા પાડીને શોરબકોર મચાવીને તેમાં વિઘ્ન નાખો અને તેમાં ગરબડ ઊભી કરો અને તેને મજાક-મશ્કરી કરીને ઘેરી લો. આ રીતે કુર્આનનો પ્રભાવ સમાપ્ત થઈ જશે અને અંતિમ વિજય તમારો હશે. આ આયતના સંદર્ભમાં અભ્યાસ કરો સત્યનો વિરોધ કરનારી શક્તિઓની માનસિકતાનો, તેઓ વાતને સાંભળવા અને સમજવાથી નિરપેક્ષ થઈને અને બીજાઓને પણ સાંભળવા અને સમજવાથી રોકીને તોફાન મચાવે છે. આવા દિમાગોથી આપણા ઉપકારક અને પ્રિય માર્ગદર્શક ﷺ નો સામનો હતો.

આસ બિન વાઈલ અસ્-સહમીએ હુઝૂર ﷺ ના આમંત્રણ અને આંદોલનનું અપમાન કરતા આ ઝેરીલા વાક્યો કહ્યા - دعوه فإنما هو رجل أبتر لا عقب له لو مات لانقطع ذكره واسترحتم منه. અર્થાત્ એ કે શું છે ભાઈ ! છોડો આને તેની હાલત પર, આ તો એક મૂળ કપાયેલો માણસ છે, કોઈ તેના પાછળ રહેવાવાળું નથી, તેના મરતાં જ તેનું સ્મરણ સુદ્ધાં વિસરાઈ જશે અને તમે તેની ઝંઝટથી મુક્તિ પામીને સુખ-ચેનથી રહેજો. ટોણો મારવામાં આવ્યો હતો હુઝૂર ﷺ ને નર સંતાન ન હોવાનો, અને આરબોમાં આ મહેણું વાસ્તવમાં અર્થસભર હતું. પરંતુ આસ જેવાઓની દૃષ્ટિઓ એ નથી સમજી શકતી કે પયગંબરો જેવી ઇતિહાસ-સર્જક હસ્તીઓની વાસ્તવિક સંતાન તેમની મહાનતમ્ સિદ્ધિઓ હોય છે, તેમના મનો-મસ્તિષ્કમાંથી સંસ્કૃતિઓના નવા યુગો જન્મ લે છે અને તેમના સંદેશ અને શિક્ષણનો વારસો સંભાળવા અને તેમની યાદ તાજી રાખવા માટે તેમના સાથીઓ અને અનુયાયીઓ સમૂહના સમૂહ મોજૂદ હોય છે. તેઓ જે પુષ્કળ ભલાઈઓ લઈને આવે છે તેની શક્તિ અને તેનું મહત્ત્વ અને મૂલ્ય કોઈ નર સંતાનના મોટામાં મોટા લશ્કરથી અનેકગણું વધારે હોય છે. આમ, આ મહેણાના જવાબમાં સૂરઃ કૌસર અવતરિત થઈ, જેમાં આસ અને તેના જેવા વિચારો ધરાવતા લોકોને બતાવવામાં આવ્યું કે અમે નબી ﷺ ને 'કૌસર' પ્રદાન કરેલ છે. તેને પુષ્કળ ભલાઈઓનો સ્રોત બનાવેલ છે. તેને કુર્આનની મહાન ને'મત (કૃપા) પ્રદાન કરી છે. તેને ઈમાન લાવનારાઓ અને અનુસરણ કરનારાઓ

અને તેના કાર્યને ફેલાવનારાઓ અને ચાલુ રાખનારાઓનો એક મોટો સમૂહ આપવામાં આવ્યો છે તેમજ તેના માટે આખિરતમાં 'હૌઝે-કૌસર'ની ભેટ અનામતના રૂપમાં મૂકી રાખી છે, જેનાથી એક વાર જો કોઈને પાણી પીવાની અનુમતિ મળી જાય તો તે અનંત-કાળ સુધી તરસ નહીં અનુભવે. વધુમાં ફરમાવ્યું કે હે નબી ﷺ ! 'અબતર' તો તમારા દુશ્મનો છે કે જેમનું વાસ્તવમાં કોઈ નામ લેનાર અને તેમને પાણી આપનાર પણ નથી, અને જેમના મૃત્યુ પછી કોઈ ભૂલથી પણ તેમને યાદ નહીં કરે કે ફલાણો કોણ હતો, અને આવા લોકો માટે માનવ-ઇતિહાસના પૃષ્ઠોમાં કોઈ જગ્યા નથી.

આ પ્રસંગે યોગ્ય લાગે છે કે મક્કાના ખૂબ જ સક્રિય ઠઠ્ઠા-મશ્કરી કરનારાઓની યાદી પ્રસ્તુત કરી દેવામાં આવે. બનૂ અસદમાંથી અસ્વદ બિન અલ-મુત્તલિબ, બનુ ઝુહરા બિન કલાબમાંથી અસ્વદ બિન અબ્દે યગૂસ, બની મખઝૂમમાંથી વલીદ બિન અલ-મુગીરા, બનૂ સહમમાંથી આસ બિન વાઈલ, બનૂ ખુઝાઆમાંથી હારિસ બિન તલાતલા - આ લોકો મહેણા-ટોણા અને ઠઠ્ઠા-મશ્કરી તેમજ બદનામ કરવાના મોરચાના સેનાપતિઓ હતા.

બહાનાબાજી અને ગલ્લાંતલ્લાં કરવા

ઠઠ્ઠા-મશ્કરી અને ખોટા ઇલ્કાબોની સાથે-સાથે બહાનાબાજી અને ગલ્લાંતલ્લાં કરવાનો ક્રમ પણ શરૂ થઈ ચૂક્યો હતો. જે લોકો નરી આંખે દેખાતા સત્યને માનવા નહોતા માગતા તેઓ પોતાના અને દાઈ (આવાહક)ની વચ્ચે જાત-જાતના મુદ્દાઓ અને ટુચકાઓ અને વાતોમાંથી વાત બનાવી-બનાવીને એક સંગીન દીવાલ ઊભી કરતા રહેતા હતા. આ બોદી દીવાલની દરેક ઈંટ મૂકતાં જ પડી જાય છે. વિરોધીઓ થોડોક વધારે ઈંટ-ગારો લાવે છે. પછી બધી મજૂરી નિરર્થક બની જાય છે. પછી તેઓ બીજા મસાલાનો ઉપયોગ કરે છે. ટૂંકમાં, તેમનું સમગ્ર જીવન આ જ ખેલમાં વીતી જાય છે, પણ ન તેઓ પોતાનું કંઈ બનાવી શકે છે, ન બીજાઓની કોઈ રચનાત્મક સેવા કરી શકે છે. એ પ્રશ્નો અને વાંધાઓ તદ્દન જુદા જ સ્વભાવના હોય છે, જે નિખાલસ ભાવનાની સાથે ઉભરે છે અને એ પ્રશ્નો અને વાંધાઓ તદ્દન બીજા પ્રકારના હોય છે જે કુચેષ્ટાઓથી આવાહકનો માર્ગ રોકવા માટે ઊભા કરવામાં આવે છે. આ બીજા સ્વરૂપને બહાનાબાજી કહે છે અને બહાનાબાજી હંમેશા બેઈમાની અને કુચેષ્ટાઓ અને ઉપદ્રવની સાક્ષી આપે છે. બહાનાબાજી કરવાવાળા દિમાગોની રીત એ હોય છે કે આંમત્રણથી કોઈ બોધપાઠ ગ્રહણ કરતા નથી, બલ્કે કોશિશ કરીને કોઈ-ને-કોઈ વિકૃતિ શોધી કાઢે છે. وَيَبْغُوْنَهَا عِوَجًا ("તેના માર્ગને વિકૃત કરવા માગે છે..." - સૂરઃ હૂદ, આ.૧૯ અને અન્ય આયતો)

પૂર્વજોની પ્રચલિત ધાર્મિકતાના આ રક્ષક 'મહાનુભાવો' હુઝૂર ﷺ થી એક તો વારંવાર પૂછતા હતા કે તમે જો નબી છો, તો છેવટે એવું કેમ થતું નથી કે તમારા નબી હોવાની કોઈ સ્પષ્ટ નિશાની તમારા સાથે હોય ? કોઈ એવો ચમત્કાર હોય, જેને જોયા પછી જોવાવાળાઓ માટે નુબૂવ્વતને માન્યા વગર કોઈ બીજો ઉપાય ન રહે? لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيٰتٌ مِّنْ رَّبِّهٖ ("અને શું આ લોકો માટે આ (નિશાની) પૂરતી નથી કે અમે તમારા પર ગ્રંથ અવતરિત કર્યો..." - સૂરઃ અન્-કબૂત, આ. ૫૦ અને અન્ય આયતો)

પછી તેઓ ચહેરા પર નિર્દોષ-ભાવ બનાવીને કહેતા - لَوْلَآ اُنْزِلَ عَلَيْنَا الْمَلٰٓئِكَةُ ("અમારા પાસે ફરિશ્તાઓ કેમ ન મોકલવામાં આવે..." - સૂરઃ ફુરકાન, આ. ૨૧) અર્થાત્, લાંબી-લાંબી ચર્ચાઓ અને દલીલોની ક્યાં જરૂર છે, સીધી રીતે આકાશમાંથી ફરિશ્તાઓના ટોળા ઉતરે, અમારા સામે ચાલતા-ફરતા દેખાય, અને અલ્લાહ તમારા દ્વારા સંદેશ મોકલીને પોતાને મનાવવાના બદલે પોતે જ શા માટે અમારા સામે આવી ન જાય અને અમે જોઈ લઈએ કે આ છે અમારો રબ ! બસ, ઝઘડો સમાપ્ત !!

પછી, તેઓ કહેતા કે જે કંઈ તમે પ્રસ્તુત કરી રહ્યા છો, તે જો વાસ્તવમાં અલ્લાહ તરફથી હોતું, તો થવું એ જોઈતું હતું કે એક લેખિત પુસ્તક અમારા જોતાં-જોતાં આકાશમાંથી ઉતરતું, બલ્કે તમે સ્વયં સીડી દ્વારા પુસ્તક લઈને ઉતરતા અને અમે માથું નમાવી દેતા કે ખરેખર તમે સાચા છો. આ સંદર્ભમાં એક પ્રશ્ન એ પણ ઊભો કરવામાં આવતો હતો કે આ કુર્આન અલગ-અલગ પ્રવચન સ્વરૂપે અને ટુકડે-ટુકડે કેમ અવતરિત થાય છે, સીધી રીતે એક જ વારમાં આખું પુસ્તક કેમ અવતરિત થતું નથી ? વાસ્તવમાં તેમને આ સ્વરૂપ ખૂબ જ ખૂંચતું હતું કે જેટલા પ્રશ્નો તેઓ ઉઠાવતા હતા, જે-જે કુચેષ્ટાઓ કરતા હતા, જે-જે પાસાથી ખામીઓ કાઢતા હતા, તેના પર વહી દ્વારા પ્રસંગોપાત ટીપ્પણી થતી, તેનું વિશ્લેષણ કરવામાં આવતું અને સંપૂર્ણ દલીલોથી તેમની વિરોધી કોશિશોના મૂળિયા ઉખાડી દેવામાં આવતા.

પછી, તેઓ એ બહાનાબાજી કરતા કે તમે જે હાડ-માંસના બનેલા અમારી જેમ એક માનવી છો, તમને ભૂખ લાગે છે, રોટી ખાઓ છો, શેરીઓ અને બજારોમાં ચાલો-ફરો છો, ચીથરેહાલ રહો છો, તમારા પર જાત-જાતના અત્યાચારો થઈ રહ્યા છે, કેવી રીતે એ વાત બુદ્ધિમાં આવે કે તમે અલ્લાહના પ્રિય અને તેના વિશ્વસનીય સંદેશવાહક છો અને દુનિયાની સુધારણા માટે જવાબદાર બનાવીને મોકલવામાં

આવ્યા છો. તમે વાસ્તવમાં એવા ચૂંટી કાઢેલા હોતા તો ફરિશ્તાઓ તમારા આગળ-આગળ હટો-બચોની પોકારો કરતા, બોડીગાર્ડ બનીને સાથે ચાલતા, જો કોઈ ધૃષ્ટતા આચરતું તો લાઠીથી તેનું માથું ભાંગી નાખતા, તમારી આ શાન અને ઠાઠમાઠ જોઈને દરેક વ્યક્તિ નિ:સંકોચપણે માની લેતો કે તમે અલ્લાહના પ્રિય અને નબી છો. એટલું જ નહિં, તમારા માટે આકાશથી ખજાનો ઉતરતો અને આ ખજાનાના જોરે તમે શાન-શૌકતથી એશઆરામવાળું જીવન પસાર કરી રહ્યા હોત. તમારા રહેવા માટે સોનાનો મહેલ હોત, તમારા માટે કોઈ ઝરણું વહી રહ્યું હોત, કોઈ નહેર વહાવી દેવામાં આવી હોત. તમારા પાસે ફળોનો કોઈ ઉચ્ચ પ્રકારનો બાગ હોત, આરામથી બેસીને કમાણી ખાતા. આ રૂપરંગની સાથે નુબૂવ્વતનો દાવો લઈને ઉઠતા, તો અમે બધા રાજીખુશીથી માનતા કે વાસ્તવમાં આ કોઈ દુનિયાભરમાંથી પસંદગીપાત્ર અને અલ્લાહની પ્રિય હસ્તી છે. આનાથી વિપરીત સ્થિતિ એ છે કે અમે લોકો ધનદોલત અને સંતાન બંને રીતે તમારાથી ઘણા આગળ છીએ અને તમારી સ્થિતિ જે કંઈ છે તે અમારા સામે છે. એક તમે જ નહીં, તમારા આસપાસ જે 'હસ્તીઓ' એકઠી થઈ છે, તે સૌ એવા લોકો છે, જેઓ અમારા સમાજના સૌથી નિમ્ન વર્ગથી સંબંધ ધરાવે છે અને તેઓ બુદ્ધિહીન અને અલ્પ-જ્ઞાની છે. તમને લોકોને અમારી સરખામણીમાં કોઈપણ રીતે શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી. બતાવો, હે મુહમ્મદ ! કે આવી પરિસ્થિતિમાં કોઈ બુદ્ધિશાળી માણસ તમને કેવી રીતે નબી માની લે !!

આમ, સ્થિતિ એ હતી કે જે બાજુથી નબી ﷺ પસાર થતા, મહેણા મારવામાં આવતા કે أَهَٰذَا الَّذِي بَعَثَ اللَّهُ رَسُولًا (સૂરઃ ફુરકાન, આ.૪૧) અર્થાત્, આંગળીઓ ઉઠાવીને અને ઇશારાઓ કરીને ગુંડાઓ જેવો સ્વભાવ રાખનારા મક્કાવાસીઓ કહેતા કે જરા જુઓ આ સાહેબને ! આ છે, જેમને અલ્લાહે નબી બનાવ્યા છે ! અલ્લાહે કોઈ આદમની સંતાનથી કામ લેવાનું જ હતું, તો શું છેવટે આ જ વ્યક્તિ રહી ગયો હતો ! શું સરસ પસંદગી છે ! એ જ રીતે ઇસ્લામી આંદોલનના ધ્વજવાહકો પર પણ સર્વગ્રાહી રીતે કટાક્ષ કરવામાં આવતો હતો - أَهَٰؤُلَاءِ مَنَّ اللَّهُ عَلَيْهِم مِّن بَيْنِنَا (સૂરઃ અન્આમ, આ.૫૩) આ છે એ વિશિષ્ટ હસ્તીઓ, જેમને ખાસ દરજજાઓથી નવાજવા માટે અલ્લાહે આપણામાંથી છાંટી લીધી છે !

પછી કહેવામાં આવે છે કે હે મુહમ્મદ ! એ જે યાતનાની તમે દરરોજ ધમકીઓ આપો છો અને જેના દ્વારા પોતાની ધાક જમાવવા માગો છો, તેને લઈ કેમ આવતા નથી ? مَا يَحْبِسُهُ (સૂરઃ હૂદ, આ.૮) તેને છેવટે કઈ વસ્તુએ રોકી રાખી છે ? પડકાર આપી-આપીને કહેતા કે فَأَسْقِطْ عَلَيْنَا كِسَفًا مِّنَ السَّمَاءِ إِن كُنتَ مِنَ الصَّادِقِينَ (સૂરઃ

શુઅ્રા, આ. ૧૮૭) શા માટે તમે આકાશમાંથી કોઈ ટુકડો તોડીને નીચે નથી પાડતા અમારા જેવા અવજ્ઞાકારીઓ પર ? જો તમે સાચા છો તો અમને સમાપ્ત કરી નાખો. વ્યંગમાં તેઓ દુઆ કરતા - اللّٰهُمَّ إِنْ كَانَ هٰذَا هُوَ الْحَقَّ مِنْ عِنْدِكَ فَأَمْطِرْ عَلَيْنَا حِجَارَةً مِّنَ السَّمَاءِ أَوِ ائْتِنَا بِعَذَابٍ أَلِيمٍ ('હે ખુદા ! જો આ વાસ્તવમાં સત્ય છે અને તારા તરફથી છે તો અમારા ઉપર આકાશમાંથી પથ્થરો વરસાવી દે અથવા કોઈ પીડાકારી આપત્તિ અમારા ઉપર લઈ આવ." - સૂરઃ અન્ફાલ, આ.)

પછી, આ પૂર્વજોના ધર્મના ઠેકેદારો એ કટાક્ષ કરતા કે હે મુહમ્મદ ! જ્યારે તમે બતાવો છો કે અલ્લાહ સર્વશક્તિશાળી અને સર્વસત્તાધીશ અને પ્રભુત્વશાળી છે, તો શા માટે તે અમને પોતાની શક્તિના જોરથી એ માર્ગદર્શનના પથ પર નથી ચલાવતો, જેના પર ચાલવા માટે તમે અમને કહો છો ? જો તે અમને એકેશ્વરવાદી અને સદાચારી જોવા માગતો હોય તો પછી અમને એકેશ્વરવાદી બનાવી દે અને સદાચારના માર્ગે ચલાવી દે. તેને કોણે રોક્યો છે ? તે અમને મૂર્તિઓને ન પૂજવા દે. તે અમને શિર્ક ન કરવા દે. તે અમને અશ્રદ્ધાળુ ન બનવા દે. જ્યારે તે આવું નથી કરતો, બલ્કે અમને તે પ્રિય રાખે છે અને અમારું હાલનું વર્તન તેને સહ્ય છે, તો પછી વચ્ચે તમે કોણ છો દખલ કરવાવાળા, 'મુદ્દઈ સુસ્ત, ગવાહ ચુસ્ત'વાળી વાત છે.

આ જ રીતે તેઓ કયામતની મજાક ઉડાવતા — ખૂબ નાટકીય રીતે પૂછતા કે જરા એ તો ફરમાવો કે આ દુર્ઘટના ક્યારે ઘટિત થવાની છે ? مَتٰى هٰذَا الْوَعْدُ (સૂરઃ મુલ્ક, આ.૨૫) કંઈક તો સમય બતાવો કે આ વચન ક્યારે પૂરું થવાનું છે ? أَيَّانَ مُرْسَاهَا (સૂરઃ નાઝિઆત, આ.૪૨) કયામત ક્યારે આવી પહોંચવાની છે ? શું કોઈ તારીખ અને કોઈ પળ નિર્ધારિત નથી થઈ ?

આ કેટલાક ઉદાહરણોથી, જેની વિગત કુર્આન અને હદીસ તેમજ સીરત અને ઇતિહાસના પુસ્તકોમાં મળે છે, અનુમાન કરો કે દુનિયાના સૌથી મોટા ઉપકારક અને માનવતાના મહાનતમ્ શુભચિંતકને કેવા વાતાવરણનો સામનો હતો. અત્યંત નીચ પ્રકારના લોકો ચારે તરફથી કટાક્ષમય શૈલીની સાથે વાંધાઓ ઊભા કરી રહ્યા છે. નાટકીય ઢબે પ્રશ્નો ઘડી-ઘડીને નાખી રહ્યા છે અને હુઝૂર ﷺ છે કે વાંધાઓ અને ખામીઓ કાઢનારાઓના ટોળામાં ખૂબ જ સૌજન્યતાપૂર્વક અને સભ્યતાથી, ઠંડા અને ગંભીર અંદાજમાં પોતાના આમંત્રણ વિશે દલીલો આપી રહ્યા છે, પ્રતિભાવમાં કોઈ મજાક નથી કરતા, મહેણા નથી મારતા, નાટકીય શૈલી નથી અપનાવતા, ઉત્તેજિત નથી થતા, પરંતુ એક પળ માટે પણ દલીલોનો મોરચો અને આમંત્રણનું મેદાન છોડીને પાછળ નથી હટતા !

ઠઠ્ઠા-મશ્કરી અને બહાનાબાજીના આ તોફાનમાંથી પસાર થતાં હુઝૂર ﷺ પર માનસિક પીડાની જે પળો વીતી છે અને જે રીતે આપ ﷺ દુ:ખી અને ગમગીન થયા છે, એ તમામ બાબતોનું કુર્આનમાં સંપૂર્ણ પ્રતિબિંબ મળે છે. ઉચ્ચ લોકમાંથી આપ ﷺ ને વિશ્વાસ અપાવવામાં આવે છે, અલ્લાહતઆલા પોતાની વાણીથી સ્વયં સાંત્વના આપે છે અને સાથે-સાથે આ તબક્કામાંથી પસાર થવા માટે વારંવાર માર્ગદર્શન આપવામાં આવે છે. જેમ કે એક સર્વગ્રાહી માર્ગદર્શન એ આપવામાં આવ્યું કે خُذِ الْعَفْوَ وَأْمُرْ بِالْعُرْفِ وَأَعْرِضْ عَنِ الْجَاهِلِينَ ﴿١٩٩﴾ અર્થાત્, અંગોને કંપાવનાર તેમજ હૃદય અને અંતરાત્માને ભેદી નાખનાર આ કાળ માટે હુઝૂર ﷺ ને ત્રણ તકાદાઓના પાબંદ કરી દેવામાં આવ્યા. એક એ કે ગલીચ ભાષા અને અપશબ્દોથી નિસ્પૃહ બની જવામાં આવે. તેનો કોઈ જવાબ આપવામાં નહીં આવે. બીજું એ કે સત્ય વાત કહેવાની જવાબદારી દરેક પરિસ્થિતિમાં અદા કરવામાં આવે. ત્રીજું એ કે નીચ તેમજ દુરાચારી અને અજ્ઞાની લોકોના પાછળ પડવાની જરૂર નથી !

અને, કુર્આન અને ઇતિહાસ બંને સાક્ષી છે કે હુઝૂર ﷺ એ આ નિર્દેશોની સીમાઓનું વાળ બરાબર ઉલ્લંઘન કર્યા વગર આ આખો તબક્કો પસાર કરી નાખ્યો, પોતાનો જીવ બાળ્યો અને મનોમન પીડા સહન કરી - فَلَعَلَّكَ بَاخِعٌ نَّفْسَكَ ("કદાચ તમે આમના પાછળ દુ:ખના માર્યા પોતાના પ્રાણ ખોઈ બેસવાના છો..." - સૂર: કહફ, આ. ૬) પરંતુ ન પોતાની જીભમાં કોઈ ધૃષ્ટતા આવવા દીધી અને ન પોતાના આવાહકના ચરિત્રની ઉચ્ચતામાં કોઈ ફરક આવવા દીધો, ન દલીલોની ગંભીરતામાં કમી ચલાવી લીધી ! — અલ્લાહની કૃપાઓ અને બરકતો અવતરિત થાય આપ ﷺ ના જ્યોતિર્મય આત્મા પર અને આપના અનુયાયીઓ પર ! આમ, આ બહાનાબાજીઓમાં જ્યાં પણ ક્યાંય કોઈ દલીલ - ચાહે તે ત્રીજા દરજ્જાની કેમ ન હોય — જોવા મળી, તેને આપ ﷺ ની જીભથી અલ્લાહની વહીએ સંપૂર્ણપણે નષ્ટ-વિનષ્ટ કરીને છોડ્યું.

દલીલબાજી

ઠઠ્ઠા-મશ્કરી, નિંદા અને અપશબ્દો તેમજ બહાનાબાજીના હુમલાઓની વચ્ચે ક્યારેક-ક્યારેક કુરૈશને વિચાર-વિમર્શથી કોઈ તાર્કિક પ્રકારની દલીલ પણ હાથ લાગી જતી હતી, પરંતુ આવી તાર્કિક દલીલોનું પ્રમાણ આખા વિરોધ-વંટોળમાં લોટમાં મીઠા બરાબરનું પ્રમાણ ધરાવતું હતું. કેટલાક ઉદાહરણો જુઓ :—

એક વાત તેઓ એ કહેતા હતા કે અમે ક્યાં મૂર્તિઓને 'ખુદાવંદે તઆલા'

(મહાન ઈશ્વર)ના સ્થાને રાખીએ છીએ, અમે તો માત્ર એ કહીએ છીએ કે આ જે-જે વડવાઓના આત્માઓનું પ્રાગટ્ય છે, તે અલ્લાહના દરબારમાં અમારા માટે ભલામણ કરવાવાળા છે, અને આ મૂર્તિઓની સામે સિજદા (દંડવત્) અને કુરબાની (બલિ) કરીને અમે માત્ર અલ્લાહનું સામીપ્ય પ્રાપ્ત કરવા માગીએ છીએ.

એ જ પ્રમાણે એક વાત તેઓ એ કહેતા હતા કે અમારા નજીક જીવન માત્ર આ જ દુનિયાનું જીવન છે. કોઈ અન્ય દુનિયા આવવાની નથી અને ન તો અમને ફરીથી જીવતા કરવામાં આવનાર છે. તો પછી અમે શા માટે કોઈ એવા દિવસને માનીએ, જે કોઈ બીજી દુનિયાનો ખ્યાલ અપાવીને આ દુનિયાના લાભો અને તેની રુચિઓથી અમને વંચિત કરવા માગે છે ?

એ જ પ્રમાણે એક વાત તેઓ એ કહેતા હતા કે જો અમે મુહમ્મદ (ﷺ)ના આમંત્રણને માની લઈએ અને વર્તમાન ધાર્મિક અને સામાજિક વ્યવસ્થાને તૂટી જવા દઈએ અને પોતાના સ્થાપિત વર્ચસ્વને ઉઠાવી લઈએ, તે પછી તો અમારામાંથી એક-એક વ્યક્તિને ધોળા દિવસે ચૂંટી-ચૂંટીને ઉઠાવી લેવામાં આવશે - نُتَخَطَّفْ مِنْ أَرْضِنَا (પોતાની ધરતીમાંથી આંચકી લેવામાં આવીશું. - સૂરઃ કસસ, આ.૫૭)

આ બે-ત્રણ ઉદાહરણો એ વાસ્તવિકતાને દર્શાવવા માટે સંક્ષેપમાં લેવામાં આવ્યા છે કે દુષ્ટતાઓ અને અધમતાઓની વચ્ચે-વચ્ચે તેઓ કંઈને કંઈ દલીલબાજી પણ કરતા રહેતા હતા. પરંતુ આ દલીલબાજીના દરેક તારને કુર્આન અલગ કરીને બતાવી દેતું હતું અને દરેક પ્રસંગે તેના લીરેલીરા ઊડતા રહેતા હતા.

ગુંડાગીરી

ઉપહાસ, ખોટા નામ પાડવા અને ગાળાગાળીનું આ અભિયાન કુરૈશના વિરોધના ઝનૂનના તીવ્ર થવાની સાથે-સાથે ગુંડાગીરીનો રંગ પકડતું જઈ રહ્યું હતું. નકારાત્મક દુષ્ટતાઓના ઝંડાધારીઓ જ્યારે ઉપહાસ અને બદનામ કરવાના કૃત્યને નિષ્ફળ થતાં જુએ છે, તો તેમનું આગળનું પગલું હંમેશા ગુંડાગીરી હોય છે. મક્કા-વાસીઓએ હુઝૂર ﷺ ને નીચા પાડવા માટે એ અધમ હરકતો કરી છે કે રસૂલ ﷺ સિવાય કોઈ અન્ય આવાહક હોત તો ખૂબ જ દૃઢ નિર્ધાર હોવા છતાં તેની હિંમત તૂટી જતી અને તે કોમથી નિરાશ થઈને બેસી જતો. પરંતુ અલ્લાહના રસૂલ ﷺ ની સૌજન્યતા અને ગંભીરતા ગુંડાગીરીના ઉછળતા દરિયામાંથી પણ પોતાની પવિત્રતાને કમળની જેમ સહીસલામત લઈને આગળને-આગળ વધતી જઈ રહી હતી.

એ કૃત્યો, જે તદ્દન દરરોજનો નિત્યક્રમ બની ગયા, એ હતા કે આપ ﷺ ના

મહોલ્લામાં રહેતા અને પાડોસીઓ જેઓ મોટા-મોટા સરદારો હતા, રાબેતા મુજબ આપ ﷺ ના રસ્તામાં કાંટાઓ બિછાવતા હતા. નમાઝ પઢતી વખતે શોરબકોર કરતા અને મજાક-મસ્તી કરતા. બરાબર સિજદાની હાલતમાં હોજરીઓ લાવીને નાખતા. ચાદરને લપેટી-લપેટીને ગળું રૂંધતા. મહોલ્લાના બદમાશોને પાછળ લગાવી દેતા કે તેઓ તાળીઓ પીટે અને તોફાન કરે. કુર્આન પઢતા ત્યારે આપને અને કુર્આનને અને અલ્લાહને ગાળો બોલતા.

આ મામલામાં અબૂ લહબની સાથે-સાથે તેની પત્ની મોખરે રહેતી હતી. તે એક પણ દિવસ ચૂક્યા વગર ઘણા વર્ષો સુધી આપ ﷺ ના રસ્તામાં ગંદકી અને કચરો અને કાંટાઓ એકઠા કરીને નાખ્યા કરતી હતી અને હુઝૂર ﷺ દરરોજ ખૂબ મહેનતથી રસ્તો સાફ કરતા. આપ ﷺ ને આ અભાગણે એટલી હદે પરેશાન કર્યા કે અલ્લાહ તઆલાએ આપની સાંત્વના માટે એ ખુશખબર સંભળાવી કે વિરોધી મોરચાની આ નાયિકાના 'નામદાર' પતિના કષ્ટ આપતા હાથ તૂટી જવાના છે અને સ્વયં આ 'મહારાણી' પણ દોજખને હવાલે થઈ જવાની છે.

એક વાર હરમમાં અલ્લાહના રસૂલ ﷺ નમાઝમાં વ્યસ્ત હતા કે ઉકબા બિન મુઈતે આપ ﷺ ના ગળામાં ચાદર નાખી અને તેને ખૂબ વાળીને ગળે ટૂંપો દીધો, ત્યાં સુધી કે આપ ﷺ ઊંધા મોઢે નીચે પડી ગયા.(1) આ વ્યક્તિએ એક વાર નમાઝની હાલતમાં આપ ﷺ પર હોજરી પણ નાખી.

એક વાર આપ ﷺ રસ્તે જઈ રહ્યા હતા કે કોઈ દુષ્ટે માથા પર માટી નાખી દીધી. એ જ હાલતમાં આ ધૈર્ય અને અડગતાના સાક્ષાત્ નમૂના ચુપચાપ ઘરે પહોંચ્યા. નિર્દોષ નાની બાળકી ફાતિમા رضي الله عنها એ આ જોયું, તો આપ ﷺ નું માથું ધોતા જતા હતા અને સાથે-સાથે દુઃખથી રડતા જઈ રહ્યા હતા. આપ ﷺ એ આ નાની બાળકીને સાંત્વના આપી કે, "હૃદયના ટુકડા ! રડ નહીં, અલ્લાહ તારા પિતાને બચાવશે."(2)

એક અન્ય પ્રસંગે આપ ﷺ હરમમાં નમાઝમાં વ્યસ્ત હતા કે અબૂ જહલ અને બીજા કેટલાક કુરૈશ સરદારોનું એ તરફ ધ્યાન ગયું. અબૂ જહલ કહેવા લાગ્યો, "કાશ ! અત્યારે કોઈ આવી જતું અને ઊંટની હોજરી, ગંદકી સહિત ઉઠાવી લાવતું, જેથી જ્યારે મુહમ્મદ (ﷺ) સિજદામાં જતો તો તેની ગરદન પર નાખી દેતો." ઉકબાએ કહ્યું કે આ સેવા આપવા માટે બંદો હાજર છે. હોજરી લાવવામાં આવી. આ 'મહાનુભાવો'એ ગુંડાગીરીના શોખની સાથે વાસ્તવમાં તે આપ ﷺ પર સિજદાની હાલતમાં નાખીને ચેન લીધું. પછી ઠઠ્ઠો કરીને મજાક કરવામાં આવી રહી હતી.

---

૧. સીરતુન્નબી ﷺ, અલ્લામા શિબ્લી, ભા-૧, પૃ. ૧૬૨.
૨. સીરતુન્નબી ﷺ, અલ્લામા શિબ્લી, ભા-૧, પૃ. ૧૮૨.

હઝરત ફાતિમા ﷺ ને જાણ થઈ, તો તેઓ દોડ્યા અને પવિત્ર પિતાની માસૂમ બાળકીએ એ બધી ગંદકીનો ભાર આપ ﷺ પરથી દૂર કર્યો. સાથે-સાથે ઉકબાને શ્રાપ પણ આપતી જતી હતી.(૧)

આ હતો એ પ્રતિભાવ શુભેચ્છાપૂર્ણ શિખામણનો કે એક અલ્લાહને માનો, ભલાઈ અને ન્યાયના માર્ગે ચાલો, અનાથો અને મુસાફરોની દેખભાળ કરો..!

કાંટાઓ બિછાવીને અપેક્ષા કરવામાં આવી કે સત્યનું આંદોલન અટકી જાય !

ગંદકી ફેંકીને કોશિશ કરવામાં આવી કે તૌહીદ અને સદાચારના સંદેશની પવિત્રતાને સમાપ્ત કરી દેવામાં આવે !

હુઝૂર ﷺ ને બોજ હેઠળ દબાવીને એ આશા કરવામાં આવી કે બસ, હવે સચ્ચાઈ માથું ઊંચું કરી નહીં શકે !

આપ ﷺ ના ગળે ટૂંપો દઈને એ ખ્યાલ કરવામાં આવ્યો કે બસ, હવે અલ્લાહની વહીનો અવાજ બંધ થઈ જશે ! કાંટાઓથી જેનું અભિવાદન કરવામાં આવ્યું તે નિરંતર ફૂલ વરસાવતો રહ્યો ! ગંદકી જેના પર ઉછાળવામાં આવી તે સમાજ પર અવિરત કસ્તૂરી અને અંબરનો છંટકાવ કરતો રહ્યો ! જેના પર બોજ નાખવામાં આવ્યો, તે માનવતાના ખભા પરથી અસત્યનો બોજ સતત ઉતારતો રહ્યો ! જેનું ગળું રૂંધવામાં આવ્યું, તે સભ્યતાની ગરદનને રીત-રિવાજોના ફંદાઓમાંથી મુક્તિ અપાવવા વ્યસ્ત રહ્યો !

ગુંડાગીરી એક પળ માટે પણ દૃઢ સૌજન્યતાનો માર્ગ ન રોકી શકી ! — અને શિષ્ટતા-સૌજન્યશીલતા જો ખરેખર મજબૂત અને દૃઢ હોય તો માનવ-ઇતિહાસનો અટલ કાનૂન સામે આવતી સખતમાં સખત ગુંડાગીરીનું માથું કચડી નાખે છે.

હિમાયતીઓને તોડવાની કોશિશ

સત્યના સંદેશ અને આમંત્રણના વિરોધીઓ જ્યારે પાણી માથાથી ઉપર વહેતું જુએ છે તો એક અભિયાન શરૂ કરે છે કે આંદોલન અથવા તેનો નાયક અને તેના ધ્વજવાહકોને સમાજમાં દરેક પ્રકારની પ્રભાવકારી હિમાયત અને સહાનુભૂતિથી વંચિત કરી દેવામાં આવે. પ્રત્યક્ષરૂપે પ્રભાવ ઊભો ન કરી શકાતો હોય તો પરોક્ષરૂપે દબાણ ઊભું કરીને પરિવર્તનના લડવૈયાઓને વિવશ કરી દેવામાં આવે.

મક્કાવાસીઓ હુઝૂર ﷺ પર હાથ સાફ કરવા માગતા હતા, પરંતુ એ વાતથી ડરતા હતા કે કબીલાઓના સ્વમાન હેઠળ ખુનરેજીની એવી આગ ભડકી ઉઠશે કે

---

૧. સીરતુન્નબી ﷺ, અલ્લામા શિબ્લી, ભાગ-૧, પૃ. ૧૮૬.

કોઈના અટકાવવાથી અટકશે નહીં અને નજીકના ભૂતકાળમાં એક વ્યાપક યુદ્ધે તેમને એવા હચમચાવી નાખ્યા હતા કે તેઓ એવા જ એક બીજા યુદ્ધ માટે તૈયાર ન હતા. વચ્ચે એક ગૂંચવણ બીજી આવી ગઈ હતી. બનૂ હાશિમ અને બનૂ ઉમૈયા વચ્ચે જૂની અદાવત હતી. બનૂ ઉમૈયાના સરદારો – વિશેષરૂપે અબૂ લહબ કદાપિ એ વાત સહન કરી શકતો ન હતો કે બનૂ હાશિમ પરિવારના કોઈ વ્યક્તિની નુબૂવ્વત ચાલે અને એ રીતે તેમનો સિક્કો ચાલુ થઈ જાય. એ રીતે બનૂ હાશિમે એક-બે વાર એ ઇરાદો કર્યો પણ કે મુહમ્મદ (ﷺ) અમારા છે અને તેમની મોટાઈ અને તેમના દીન (ધર્મ)નો ફેલાવો અમારા જ માટે ભલાઈ અને બરકતનું કારણ હશે, તેથી શા માટે અમે ખુલીને સાથ ન આપીએ, પરંતુ બનૂ ઉમૈયાના આગેવાનોએ તેમને આ ઇરાદાથી દૂર રાખવા માટે હંમેશા કોશિશ કરી. બનૂ હાશિમ હકારાત્મક રીતે તો કંઈ ન કરી શક્યા, પણ તેમના કોઈ એક વ્યક્તિ પર હાથ ઉપાડવો છેવટે સરળ ન હતું, ત્યાં સુધી કે તેઓ તેને પોતાના વર્તુળમાંથી બહાર કાઢી ન મૂકે. આ તરફ સત્યના આવાહક ﷺ પોતાના કાકા અબૂ તાલિબના સંરક્ષણ હેઠળ હતા અને આ સંરક્ષણ જ્યાં સુધી યથાવત હતું, જાણે આખા હાશમી કબીલાની હિમાયત હુઝૂર ﷺ ના સાથે હતી. આમંત્રણના વિરોધીઓએ હવે સંપૂર્ણ જોર એ વાત પર લગાવી દીધું કે કોઈપણ રીતે અબૂ તાલિબ પર દબાણ નાખીને હુઝૂર ﷺ ને તેમના સંરક્ષણથી વંચિત કરી નાખવામાં આવે. દબાણ લાવવાનો આ ક્રમ લાંબા સમય સુધી ચાલુ રહ્યો, પરંતુ વિરોધીઓને દરેક વખતે નિષ્ફળતા સાંપડી.

રબીઆના બંને પુત્રો ઉત્બા અને શૈબા, અબૂ સુફિયાન બિન હરબ, અબૂલ બખ્તરી, અસ્વદ બિન અબ્દુલ મુત્તલિબ, અબૂ જહલ, વલીદ બિન અલ-મુગીરા, હિજાજ બિન આમિરના બંને પુત્રો નબીહ મુનબ્બહ અને આસ બિન વાઈલ જેવા આગેવાનોનું એક જોરદાર પ્રતિનિધિ-મંડળ હુઝૂર ﷺ ના કાકાની પાસે પહોંચે છે. આ લોકો પોતાનો હેતુ બતાવે છે :

> "હે અબૂ તાલિબ ! તમારો ભત્રીજો આપણા ખુદાઓ અને આપણા ઠાકોરો (દેવતાઓ)ને ગાળો બોલે છે. આપણા ધર્મમાં ખામી કાઢે છે. આપણા વડવાઓને મૂર્ખ કહે છે અને આપણા પૂર્વજોને પથભ્રષ્ટ ગણાવે છે. હવે કાં તો તમે તેને આપણા વિરુદ્ધ આવા અતિરેકો કરવાથી રોકો, અથવા અમારા અને તેના વચ્ચેથી તમે નીકળી જાઓ, કેમ કે તમે પણ (આસ્થા અને પંથની રીતે) અમારી જેમ જ તેના વિરુદ્ધ છો. તેની જગ્યાએ અમે તમારા માટે પૂરતા હોઈશું."[1]

૧. ઇબ્ને હિશામ. ભા-૧, પૃ. ૨૭૭.

અબૂ તાલિબે આખી વાત ઠંડા દિલથી સાંભળી અને નરમીથી સમજાવીને મામલાને ટાળી દીધો, અને પ્રતિનિધિ-મંડળને વિદાય કર્યું. હુઝૂર ﷺ રાબેતા મુજબ પોતાના મિશનની સેવામાં લાગેલા રહ્યા અને કુરૈશ ધૂંધવાતા રહ્યા. પ્રતિનિધિ-મંડળના સભ્યોના આ વક્તવ્યને ધ્યાનથી વાંચો. આમાં ખૂબ ઊંડી ભાવુકતા જોવા મળે છે, આમાં ખૂબ જોરદાર અપીલ છે અને ખાસ વાત એ છે કે આનાથી ખ્યાલ આવે છે કે સત્યના વિરોધીઓએ લોકોમાં ઉશ્કેરણી ફેલાવવાનો વિશેષ પ્રબંધ કર્યો હતો. એવા નારાઓ અને આરોપો ઉપલબ્ધ કરી દેવામાં આવ્યા હતા કે જેને સાંભળતાં જ સામાન્ય લોકો કાબૂ બહાર થઈ જાય અને રસૂલુલ્લાહ ﷺ ની સામે ઉશ્કેરાટમાં આવી જાય. ધર્મોના ઇતિહાસમાં જ્યારે પણ સત્યની સામે મોરચો ઊભો કરવામાં આવ્યો છે, તો લોકોમાં ઉશ્કેરણી પેદા કરવા માટે કેટલીક અતિશયોક્તિભરી પ્રતિક્રિયાઓ તેમને અવશ્ય આપવામાં આવે છે.

એક એ કે તમારી આસ્થાઓને દુભાવવામાં આવી રહી છે અને તમારા પ્રિય લોકોને ગાળો ભાંડવામાં આવી રહી છે.

બીજું એ કે પ્રાચીન અને બાપ-દાદાના ધર્મમાં ખામીઓ કાઢવામાં આવી રહી છે.

ત્રીજું એ કે પૂર્વજો અને વડવાઓનું અપમાન કરવામાં આવી રહ્યું છે.

ઉશ્કેરણી પેદા કરવાની આ યુક્તિઓ હતી, જેનો મક્કાના કાફિરો (અધર્મીઓ) અને મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) પ્રયુક્ત કરી ચૂક્યા હતા. હુઝૂર ﷺ ના દિવ્ય સંદેશમાં આમ તો કુરૈશના ઉપાસ્યોને અપશબ્દો કહેવામાં આવ્યા નથી, પરંતુ તેમને ઉપાસ્ય બનાવવાના વિરોધમાં જે દલીલો કરવામાં આવી તેને દુષ્પ્રચારના રંગમાં રંગીને ગાળોનું શીર્ષક આપી દેવામાં આવ્યું. હુઝૂર ﷺ એ કોમની સામે તેમના પૂર્વજો અને વડવાઓનું અપમાન નથી કર્યું, માત્ર એ કહ્યું કે કોઈ વસ્તુને કેવળ એટલા માટે છાતીથી લગાવી રાખવી કે તે પહેલાથી ચાલી આવી રહી છે, કોઈ બુદ્ધિગમ્ય વલણ નથી. પરંતુ દુર્ભાવનાના તેજાબમાં ડૂબકી મારીને આ વસ્તુ પૂર્વજો અને વડવાઓના અપમાનના નારામાં ઢળી ગઈ. એ જ પ્રમાણે હુઝૂર ﷺ એ તૌહીદ (એકેશ્વરવાદ)ની સચ્ચાઈ અને શિર્ક (અનેકેશ્વરવાદ)ના ખંડનમાં જે કંઈ દલીલ કરી અને વિરોધીઓ તરફથી પ્રશ્નો અને જવાબો ઊભા કરવામાં આવતાં પ્રચલિત ધાર્મિકતા વિશે જે-જે ટીપ્પણી કરી તે પ્રાચીન ધાર્મિકતામાં ખામી શોધવાની વાત ઠરાવી દેવામાં આવી.

લો, એક બીજું પ્રતિનિધિ-મંડળ આવે છે અને ફરી એ જ રોવા-ધોવાનું શરૂ થઈ જાય છે :

"હે અબૂ તાલિબ ! તમે આપણા બધાની વચ્ચે વય, પ્રતિષ્ઠા અને મહત્ત્વ અને મોભાની દૃષ્ટિએ એક ઉચ્ચ દરજ્જો ધરાવો છો. અમે માંગણી કરી હતી કે તમારા ભત્રીજાથી અમને બચાવો, પણ તમે આ ન કર્યું, અને ખુદાના સોગંદ ! જે રીતે આપણા બાપ-દાદાને ગાળો બોલવામાં આવી રહી છે, જે રીતે આપણા વડવાઓને મૂર્ખ ઠેરવવામાં આવી રહ્યા છે, અને જે રીતે આપણા ઉપાસ્યો પર કીચડ ઉછાળવામાં આવી રહ્યું છે, તેને અમે સહન કરી શકતા નથી – સિવાય કે તમે તેને રોકો, અથવા તો પછી અમે તેનાથી અને તમારાથી પણ લડીશું, ત્યાં સુધી કે એક પક્ષકાર સમાપ્ત થઈ જાય."(૧)

અબૂ તાલિબે હુઝૂર ﷺ ને બોલાવ્યા અને આખી વાત બતાવી. પછી સંકોચની સાથે કહ્યું કે ભત્રીજા ! મારા પર એવો બોજ ન નાખો, જેને ઉઠાવવો મારી શક્તિની બહાર હોય. હવે એવી સ્થિતિ આવી ગઈ હતી કે પગ જમાવવા માટે સહારાનો જે એક પથ્થર બાકી હતો, તે પણ ડગમગી રહ્યો હતો. દેખીતી રીતે આંદોલન માટે એક અત્યંત ખતરનાક પળ આવી ગઈ હતી. પરંતુ બીજી બાજુ જુઓ, સચ્ચાઈની એ ભાવના અને વીરતાભર્યા નિર્ધારને, કે જેને સમર્પિત થઈને હુઝૂર ﷺ આ જવાબ આપે છે :

"હે પ્રિય કાકા ! અલ્લાહના સોગંદ ! આ લોકો જો મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચંદ્ર મૂકીને એવું ઇચ્છે કે હું આ મિશનને છોડી દઉં, તો હું આનાથી રોકાઈ શકતો નથી, ત્યાં સુધી કે કાં તો અલ્લાહ તઆલા આ મિશનને પ્રભુત્વ આપી દે અથવા હું આ જ સંઘર્ષમાં સમાપ્ત થઈ જાઉં."(૨)

અહીં એ મૂળ શક્તિ બોલી રહી હતી, જે ઇતિહાસને ઊલટપુલટ કરીને મૂકી દે છે તથા વિરોધો અને દુષ્ટતાઓને કચડતી પોતાના લક્ષ્ય સુધી જઈ પહોંચે છે. અફસોસ કે કુરૈશ આ જ શક્તિનું રહસ્ય પામી ન શક્યા ! અબૂ તાલિબ આ જ ચમત્કારિક શક્તિથી પ્રભાવિત થઈને કહે છે કે, "ભત્રીજા ! જાવ, જે કંઈ તમને પસંદ છે તેનું આમંત્રણ આપો, હું કોઈપણ કારણસર તમને નહીં છોડું."

એક અન્ય પ્રતિનિધિ-મંડળ અમ્મારા બિન વલીદને સાથે લઈને ફરી આવે છે. આ વખતે આ લોકો એક બીજી જ યુક્તિની સાથે આવે છે. અબૂ તાલિબને કહે છે કે જુઓ, આ અમ્મારા બિન વલીદ છે, જે કુરૈશમાંથી એક સશક્ત અને અત્યંત

---

૧. સીરતે ઇબ્ને હિશામ, ભા-૧, પૃ.૨૭૮.
૨. સીરતે ઇબ્ને હિશામ, ભા-૧, પૃ.૨૭૮

સુંદર યુવાન છે. તમે તેને લઈ લો. તેની બુદ્ધિ અને તેની શક્તિ તમારા કામ આવશે. આને પોતાનો પુત્ર બનાવી લો અને તેના બદલામાં 'મુહમ્મદ'ને અમારા હવાલે કરી દો, જેણે તમારા અને તમારા પૂર્વજોના ધર્મનો વિરોધ આદર્યો છે અને તમારી કોમનું માળખું છિન્ન-ભિન્ન કરી નાખ્યું છે અને તેમના વડવાઓને મૂર્ખ ઠેરવ્યા છે. તેને અમે મારી નાખવા માગીએ છીએ, સીધેસીધું એક માણસના બદલામાં એક માણસ તમને આપીએ છીએ.''(૧)

જરા આ લોકોની વિચારસરણી તો જુઓ !! જાણે મુહમ્મદ (ﷺ) જેવી મહાન હસ્તી કોઈ વેપારી માલસામાન હતો, કોઈ વિનિમયની વસ્તુ હતી ! અને અબૂ તાલિબ આપ (ﷺ)ના કાકા ન હતા, બલ્કે કોઈ સોદાગર હતા ! પ્રતિનિધિ-મંડળની વાતચીત સાંભળીને ચોક્કસ અબૂ તાલિબની લાગણીઓ ખૂબ ઘવાઈ અને કહ્યું કે તમે લોકો એમ ઇચ્છો છો કે તમારા પુત્રને તો હું લઈને પાળું-પોષું અને મારા પુત્રનો તમે તલવારથી વધ કરી નાખો ! આવું કદાપિ થઈ શકતું નથી. મામલો આગળ વધ્યો, સંઘર્ષનું વાતાવરણ ખૂબ ગરમ થઈ ગયું અને સ્વયં પ્રતિનિધિ-મંડળમાં પણ સર્વસંમતિ તૂટી ગઈ.

હવે કુરૈશે હુઝૂર ﷺ ના સાથીઓ પર સખ્તાઈઓ કરવા માટે એ તમામ કબીલાઓને ઉશ્કેરવાનું શરૂ કર્યું, જેમાં ઇસ્લામી આંદોલનનો કોઈ-ને-કોઈ વ્યક્તિ હતો. અત્યાચાર શરૂ કરવામાં આવ્યો, ઇસ્લામથી હટાવવા માટે દમનથી કામ લેવાનું શરૂ થયું. પરંતુ અલ્લાહે પોતાના રસૂલ ﷺ ને અબૂ તાલિબની આડ ઊભી કરીને બચાવી રાખ્યા હતા. અબૂ તાલિબે કુરૈશના ગુસ્સાને જોઈને બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબની સામે હુઝૂર ﷺ ના ટેકા અને સમર્થન માટે અપીલ કરી. લોકો એકઠા થયા અને મુહમ્મદ ﷺ ની હિમાયત માટે તૈયાર થઈ ગયા. પરંતુ અબૂ લહબે સખત વિરોધ કર્યો અને કંઈ નક્કી ન થઈ શક્યું.

આગળ ચાલીને જ્યારે સત્યના આંદોલને વિરોધીઓની હરોળમાંથી હમઝા અને ઉમર જેવી બે હસ્તીઓ ચૂંટી લીધી, તો ગુસ્સાનો ધુંધવાટ અને ક્રોધની નવી લહેર ઊઠી. પ્રતીત થઈ ગયું કે મુહમ્મદ (ﷺ)એ ચલાવેલ હવા તો હવે ઘર-ઘરમાં મહેંકતી જઈ રહી છે. કંઈક કરવું જોઈએ. અબૂ તાલિબની બીમારીની હાલતમાં આ લોકો ફરી પહોંચ્યા. હવે તેમની યુક્તિ એ હતી કે સંધિ થઈ જાય. પ્રતિનિધિ-મંડળે કહ્યું કે, ''જે કંઈ પરિસ્થિતિ છે તેને તમે જાણો છો. તમારા ભત્રીજાને બોલાવો. તેના વિશે અમારા પાસેથી વચન લો અને અમારા વિશે તેના પાસેથી વચન લો. તે અમારાથી દૂર રહે, અમે તેનાથી દૂર રહીએ. તે અમારાથી અને અમારા ધર્મથી

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૭૯.

સંબંધ ન રાખે, અમે તેનાથી અને તેના ધર્મથી સંબંધ નહીં રાખીએ.'' અલ્લાહના રસૂલ ﷺ ને બોલાવવામાં આવે છે, વાતચીત થાય છે અને આપ તમામ માંગણીઓ સાંભળ્યા પછી જવાબ આપે છે - كلمة واحدة، تعطينها تملكون بها العرب، وتدين بكم بها العجم - અર્થાત્, હે કુરૈશના પ્રતિષ્ઠિત લોકો ! મારા આ કલમાને માની લો, તો પછી અરબ (સમગ્ર આરબ પ્રદેશ) અને અજમ (શેષ દુનિયા) બધું તમારા આધીન હશે.''

જરા કલ્પના કરો, પ્રાણઘાતક માહોલની, સળવળતી દુષ્ટતા અને ધૃષ્ટતાઓ તેમજ વિરોધોથી ભરેલ વાતાવરણની, અને પછી વિચારો કે હુઝૂર ﷺ ને પોતાના સંદેશ અને આંદોલનના પ્રભાવ અને તેની સંભાવનાઓ પર કેટલી ઊંડી સભાનતા અને કેટલો અટલ વિશ્વાસ હતો. જાણે અંધારી રાત્રિમાં ઊભા રહીને આપ નિર્ણયિકરૂપે ફરમાવી રહ્યા હતા કે હમણા સૂર્યોદય થવાનો છે. પછી એ વાતની પણ નોંધ લો કે પોતાના કલમાનું માત્ર ધાર્મિક જ નહીં, બલ્કે રાજકીય અને સામૂહિક પાસું પણ આપ ﷺ ની સામે હતું.

અબૂ જહલે છંછેડાઈને કહ્યું, ''હા ! તારા બાપના સોગંદ ! એક શા માટે, દસ કલમા ચાલશે !''

કોઈ બીજું બોલ્યું, ''આ માણસ તો, ખુદાના સોગંદ ! તમારી મરજીની કોઈ વાત માનવા માટે તૈયાર નથી.''(૧)

આના પછી આ લોકો નિરાશ થઈને ચાલ્યા ગયા. પરંતુ આ પ્રતિનિધિ-મંડળની વાતચીતે કેટલીક હકીકતોને સ્પષ્ટ કરી દીધી. એક એ કે હવે ઇસ્લામી આંદોલનને તેઓ એક એવી શક્તિ માનવા માટે વિવશ થઈ ગયા હતા, જેને ઉખાડી ફેંકવાની નિષ્ફળ કોશિશથી વધારે સારી વાત એ હતી કે સમાધાનનો કોઈ રસ્તો કાઢવો. બીજું એ કે કુરૈશ તમામ દુષ્ટતાઓ અને અત્યાચારોને અજમાવ્યા પછી પોતાની લાચારીનો અનુભવ કરી રહ્યા હતા.

આ તો એ મામલો હતો, જેનો સામનો આંદોલનના નાયક ﷺ કરી રહ્યા હતા. આપ ﷺ ના સાથીઓમાંથી પણ જે કોઈ વ્યક્તિ કોઈના આશ્રયમાં હતો તેને પણ આ આશ્રયથી વંચિત કરાવવાનો પ્રયાસ આ જ રીતે કરવામાં આવ્યો.

જેમ કે, હઝરત અબૂ સલમા પણ અબૂ તાલિબના આશ્રયમાં હતા. બનૂ મખઝૂમના લોકો આવ્યા અને તેમણે કહ્યું, ''હે અબૂ તાલિબ ! તમે ભત્રીજાને તો ભલે અમારા હવાલે કરવાનો ઇન્કાર કરી દીધો હતો, પણ હવે તો મામલો અમારા પોતાના માણસનો છે. તેને રોકવાનો તમને શું અધિકાર છે ?'' અબૂ તાલિબ કહેવા

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પુ.૨૬-૨૭.

લાગ્યા કે તે મારો ભાણિયો છે અને તેણે મારો આશ્રય માંગ્યો છે, તમે તેના પર અત્યાચાર કરો છો અને દમન કરવાથી જરા પણ અટકતા નથી. ખુદાના સોગંદ ! કાં તો તમે લોકો આનાથી દૂર રહો, નહિં તો જ્યાં આ ઊભો હશે અમે તેની હિમાયતમાં ઊભા રહેશું.

આ જ રીતે હબશાની હિજરત પછી એક વાર હઝરત અબૂબક્ર ﷺ મક્કાની ગૂંગળામણથી તંગ આવીને નીકળી પડ્યા. થોડેક દૂર પહોંચ્યા હતા કે ઇબ્ને દુગુન્નાથી મુલાકાત થઈ. પૂછતાં તેને જ્યારે આપના હિજરતના ઇરાદાની જાણ થઈ તો તેણે કહ્યું કે તમારા જેવા માણસનું આ રીતે નીકળી જવું મારા માટે અસહ્ય છે, જે મુસીબતોના સમયે સગાવહાલાઓને કામ આવે છે, ભૂખ્યાઓને ભોજન અને નિર્વસ્ત્રને પોશાક આપે છે, નેક કાર્યો કરે છે અને બીજાઓને કમાઈને આપે છે. પોતાના આશ્રયમાં તે હઝરત સિદ્દીક ﷺ ને પાછો લઈ આવે છે અને કુરૈશની સામે લાવીને એલાન કરી દે છે કે અબૂબક્ર (ﷺ) મારા રક્ષણ હેઠળ છે. આપનો નિત્ય-ક્રમ બની ગયો હતો કે પોતાની મસ્જિદમાં, જે ઘરના દરવાજાની સામે બનાવી રાખી હતી, ખૂબ સુંદર અવાજમાં કુર્આન પઢતા રહેતા અને આંખોમાથી આંસુઓ વહી નીકળતા. આનાથી દરેક સાંભળનાર પ્રભાવિત થતો હતો. કુરૈશ ઇબ્ને દુગુન્નાની પાસે પહોંચ્યા અને ફરિયાદ કરી કે તમે અબૂબક્ર (ﷺ)ને આશ્રય શું આપ્યો, અમારા પર તો આફત ઊતરી આવી છે. તે સુંદર અવાજમાં કુર્આન પઢે છે અને તેનાથી અમારી સ્ત્રીઓ અને બાળકો અને નબળા મનના લોકો પ્રભાવિત થાય છે. તમે રક્ષણ હટાવી લો તો તે પોતાના ઘરમાં બેસીને જે ઇચ્છે એ કરે. ઈબ્ને દુગુન્નાએ આ દબાણમાં આવીને આપની પાસે આવીને ફરિયાદ કરી કે મેં શરણ એટલા માટે નહોતું આપ્યું કે તમે લોકોને સતાવો. આપ ﷺ એ શરણ પાછું કરી દીધું.[૧]

વિરોધીઓનો સંગઠિત મોરચો

મહા-માનવ ﷺ આદમની સંતાનની જે સૌથી મોટી સેવામાં વ્યસ્ત હતા, તેને નિષ્ફળ બનાવવા માટે વિરોધીઓ જે વિભિન્ન યુક્તિઓથી કામ લઈ રહ્યા હતા, એ બધાથી વિપરીત દા'વત (ઇસ્લામના આમંત્રણ)નું કાર્ય અવિરત ચાલુ હતું અને કલ્મએ-હક્ક (સત્ય બોલ) ફૂલી-ફાલી રહ્યો હતો. આ પરિસ્થિતિમાં વિરોધીઓએ પ્રોપેગન્ડા માટે એક સક્રિય મશીનરી ઊભી કરી. મક્કાના અમુક ઉચ્ચ આગેવાનો હુઝૂર ﷺ ની સાથેને સાથે રહેવા લાગ્યા. મોટી મુશ્કેલી એ હતી કે મક્કા આરબ પ્રદેશનું કેન્દ્ર હતું અને દરેક બાજુથી કાફલાઓ આવતા-જતા હતા અને સત્યના

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૯૫-૩૯૬.

આવાહક માટે કામનું નીત-નવું મેદાન ઉપલબ્ધ કરાવતા. મક્કાના સરદારોની જે ધાક સ્વયં મક્કાના રહેવાસીઓ પર ચાલતી હતી, એવી ધાક બહારથી આવનારાઓ પર ચાલી શકતી નહોતી. વધુમાં, નવાગંતુકોમાં કેટલાક એવા કુશાગ્ર બુદ્ધિના અને સ્વચ્છ પ્રકૃતિના લોકો પણ રહેતા, જેઓ કોઈ સંદેશને કેવળ તેના તાર્કિક મહત્ત્વ અને મૂલ્ય તેમજ કોઈ નિમંત્રકને માત્ર તેના ચરિત્ર વડે પારખીને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ અને દ્વેષના ઓછાયા વગર સ્વીકારીને સ્વતંત્રતાથી પોતાનો મત કાયમ કરી શકતા હતા. હઝરત મુહમ્મદ ﷺ ના આંદોલન વિરુદ્ધ તેમના હૃદયોમાં કોઈ ઈર્ષ્યાના ફોલ્લાઓ નહોતા. જ્યારે બહારનો અરબી માહોલ સત્યના આમંત્રણથી પ્રભાવિત થતો જાય એ પરિસ્થિતિમાં મક્કાને બચાવી લેવાનો કોઈ અર્થ ન હતો, એ જ વાત જેને કુર્આને સ્વયં જ કહી દીધી કે, أَوَلَمْ يَرَوْا أَنَّا نَأْتِي الْأَرْضَ نَنقُصُهَا مِنْ أَطْرَافِهَا، (શું આ લોકો જોતા નથી કે અમે આ ભૂ-ભાગ ઉપર વધતા આવી રહ્યા છીએ અને આનું વર્તુળ દરેક બાજુથી નાનું કરતા જઈ રહ્યા છીએ ?- સૂરઃ રા'દ, ૪૧) આમ, આ પાસાને જોતાં સૌથી વધારે ચિંતાજનક અવસર હજનો હતો. આરબ કબીલાઓ ટોળે-ટોળા પોત-પોતાના સરદારોની સાથે મક્કામાં એકત્ર થતા અને નબી અકરમ ﷺ પોતાનો સંદેશ ફેલાવવા માટે એક તંબુથી બીજા તંબુએ ફરવામાં વ્યસ્ત થઈ જતા. પ્રતિક્રિયારૂપે નકારાત્મક શોરબકોર કરનારાઓ આ વખતે ખૂબ ધૂંધવાતા હતા. આ રીતે એક વર્ષે હજના મોસમનું આગમન થવાનું હતું કે વલીદ બિન મુગીરાના ત્યાં કુરૈશ 'મહાનુભાવો' એકઠા થયા અને માથું પકડીને વિચાર-વિમર્શ કરવામાં લાગી ગયા. વલીદે વાતને આ રીતે શરૂ કરી –

> ''હે કુરૈશના લોકો ! આ મોસમ તો આવી પહોંચી છે. આરબોના પ્રતિનિધિ-મંડળો આ જમાનામાં તમારા ત્યાં આવશે અને પરિસ્થિતિ એ છે કે તે બધા તમારા આ માણસ (નબી અકરમ ﷺ)નો કિસ્સો સાંભળી ચૂક્યા છે. (એટલા માટે તેઓ જિજ્ઞાસા અને તપાસના શોખ સાથે આવશે.) તેથી હવે તમે આ મામલામાં કોઈ એક વાત નક્કી કરી લો અને પછી પરસ્પર મતભેદ ન કરો કે એક, બીજાને ખોટો ઠેરવતો ફરે અને બીજો, પહેલાની વાત કાપતો રહે.''[1]

હાજરજનોએ કહ્યું :

> ''તમે જ કહો, હે અબૂ અબ્દે શમ્સ ! કહો અને અમારા માટે કોઈ અભિપ્રાય નિર્ધારિત કરી દો. અમે એ અનુસાર જ વાત કરીશું.''

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૮૭.

પરંતુ વલીદ બિન મુગીરાએ આગ્રહ કર્યો કે તમે લોકો પોતે જ વાત કરો, હું સાંભળીશ. આમ, વાતચીતનો ક્રમ શરૂ થયો.

હાજરજનો : ''અમે તો કહીએ છીએ કે તે (મુહમ્મદ ﷺ) કાહિન (જ્યોતિષી) છે.''

વલીદ : ''ના, ખુદાના સોગંદ ! તે કાહિન નથી. આપણે કાહિનોને જોયા છે. એ મુજબ તેના ત્યાં ન તો કાહિનો જેવી રહસ્યમય વાતો છે, ન અનુપ્રાસ.''

હાજરજનો : ''તો પછી અમે કહીશું કે તેને વળગાડ છે.''

વલીદ : તેને વળગાડ પણ નથી. આપણે વળગાડને જાણીએ-ઓળખીએ છીએ. પરંતુ અહીં ન તો એ પ્રકારે ગળાની ગૂંગળામણ છે, ન અંગોમાં ધ્રુજારી અને થથરાટ, ન ચિત્ર-વિચિત્ર વાતો.''

હાજરજનો : ''સારું ! તો પછી અમે એ કહીશું કે તે શાયર છે.''

વલીદ : ''તે શાયર પણ નથી. આપણે શાયરીના દરેક પ્રકારને જાણીએ છીએ. તેમાંથી રજઝ (શૌર્યગીતો)ને, હઝજ (સૂર-તાલ સાથેની શાયરી)ને, કુરૈઝને, મક્બૂઝને, મબ્સૂતને (બહેરા લોકો માટે શાયરીના પ્રકારો), તો તે (મુહમ્મદ ﷺ) શાયર પણ નથી.''

હાજરજનો : ''તો પછી અમે કહીશું કે તે જાદૂગર છે.''

વલીદ : ''જી ના, તે જાદુગર પણ નથી. આપણે જાદુગરોને પણ અને તેમના જાદૂને પણ જોઈ રાખેલ છે. તો તેના (મુહમ્મદ ﷺ ના) ત્યાં ન દોરાધાગા છે, ન ફૂંકો છે.''

હાજરજનો : ''તો હે અબૂ અબ્દે શમ્સ ! તમે જ બતાવો કે અમે તેના વિરુદ્ધ (દુષ્પ્રચારની આંધી ચલાવવા માટે) કહીએ શું ?''

વલીદ : ''ખુદાના સોગંદ ! તેની વાતમાં ખૂબ મીઠાશ છે અને વાતનું મૂળ ખૂબ ફેલાયેલું છે. તેની શાખાઓ ફળદાર છે.'' 'મુસ્તદરક'ની રિવાયતમાં એટલી વાત વધારે આવે છે કે ''આ સંદેશ વર્ચસ્વ પ્રાપ્ત કરશે. આને પરાજિત કરી શકાશે નહીં અને આ બધાને પરાધીન કરીને રહેશે.[1] તમે કહેલી વાતોમાંથી જે પણ કહેશો, નકામી ઠરાવી દેવામાં આવશે. હવે આના વિશે આમાંથી સંબંધિત વાત બસ એક જ હોઈ શકે છે અને તે એ છે કે તમે કહો કે આ એક જાદૂગર છે, જેની વાણી જાદૂ છે અને તેનાથી પુત્ર અને પિતામાં, પતિ અને પત્નીમાં, ભાઈ અને ભાઈમાં,

૧. સીરત અલ-મુસ્તફા, લે. મૌલાના ઇદ્રીસ કાંધલવી, ભા-૧, પૃ. ૧૫૨.

એક વ્યક્તિ અને એક કબીલામાં વિખવાદ ઊભો કરવામાં આવે છે (સંકેત છે સત્યના આમંત્રણ તરફ કે આના કારણે દરેક બાજુ ફાટફૂટ પડી ગઈ છે અને બે શક્તિઓ પરસ્પર સંઘર્ષરત છે, જ્યારે કે આ સંઘર્ષનું કારણ સ્વયં સત્યના વિરોધીઓની દુષ્ટતાઓ છે) અને કહો કે લોકો આના કારણે જ તેનાથી કપાઈ ગયા છે.(૧)

જુઓ કે કઈ રીતે એક વ્યક્તિના વિરુદ્ધ જુઠા પ્રચાર માટે ષડયંત્ર કરવામાં આવે છે. હૃદય જે વાતને નથી માનતું તેને જ લઈને વિરોધી શોરબકોર કરવાની યુક્તિ કરવામાં આવે છે. આમ, આ સભામાં નક્કી થઈ ગયું કે જુદી-જુદી ટુકડીઓ મક્કામાં આવનારા માર્ગો પર ચોકીઓ લગાવી દે અને આવનારા દરેક પ્રતિનિધિ-મંડળને મુહમ્મદ ﷺ અને આપના સંદેશ વિશે સાવધાન કરી દે. એ રીતે આ જ યોજના પર અમલ કરવામાં આવ્યો, પરંતુ પરિણામ ઊલટું આવ્યું. હુઝૂર ﷺ ની ચર્ચા અરબના ખૂણે-ખૂણા સુધી ફેલાઈ ગઈ, અને જેમને કંઈ ખબર નહોતી તેમને પણ ખબર પડી ગઈ કે એક નવીન આહવાન્ આવું-આવું ઊઠ્યું છે અને તેની ધ્વજવાહક હસ્તી મુહમ્મદ (ﷺ) છે.

આવો, જરા ઈતિહાસના પરદા પર સત્યના આવાહક અને પ્રતિક્રિયાત્મક આંદોલનના નેતાઓને મેદાનમાં કામ કરતાં જોઈએ !

રબીઆ બિન ઉબાદાનું વર્ણન છે કે, ''હું મિનામાં મારા બાપ-દાદાની સાથે હાજર હતો. તે વખતે હું એક કિશોર વયનો છોકરો હતો, અને જોયું કે રસૂલુલ્લાહ ﷺ આરબ કબીલાઓના પડાવોમાં જઈ-જઈને રોકાતા અને ફરમાવતા, ''હે બની ફલાણા ! હું તમારા તરફ અલ્લાહનો રસૂલ છું. તમને કહું છું કે અલ્લાહની બંદગી કરો અને તેના સાથે બીજા કોઈને ભાગીદાર ન બનાવો, અને તેના સિવાય આ મૂર્તિઓમાંથી જેની-જેની પણ તમે બંદગી કરી રહ્યા છો, તેનાથી અલગ થઈ જાઓ અને મારા પર ઈમાન લાવો. મારી વાત માનો અને મારી હિમાયત કરો, ત્યાં સુધી કે અલ્લાહ તરફથી સમગ્ર વાત ખોલીને મૂકી દઉં, જેના માટે મને નિયુક્ત કરવામાં આવેલ છે.''

ઘટનાનો રીપોર્ટર કહે છે કે એક વ્યક્તિ એડનનું વસ્ત્ર ઓઢીને હુઝૂર ﷺ ની સાથે-સાથે લાગેલો હતો. જ્યારે રસૂલુલ્લાહ ﷺ પોતાની વાત ફરમાવી લેતા, તો આ વ્યક્તિ પોતાની હાંકવાનું શરૂ કરી દેતો – ''હે બની ફલાણા ! આ માણસ તમને લાત અને ઉઝ્ઝાથી હટાવીને બિદઅત (નવી વાત) અને પથભ્રષ્ટતાના સંદેશ તરફ ખેંચીને લઈ જવા માગે છે. બસ, ન તેની સાંભળો, ન તેની વાત માનો.''

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૮૩-૨૮૪.

એ નવયુવાન આ દૃશ્ય જોઈને પોતાના પિતાને પૂછે છે કે કોણ છે, જે હુઝૂર ﷺ ની પાછળ લાગેલો છે અને તેમની વાતનું ખંડન કરી રહ્યો છે. જવાબ મળે છે કે આ આપ ﷺ નો પોતાનો જ કાકો અબૂ લહબ છે.

નબી અકરમ ﷺ હજના મેળાઓની સભાઓમાં પણ તશરીફ લઈ જતા હતા, જેથી માનવ-મહેરામણથી ફાયદો ઉઠાવે. એક વાર 'ઝૂલ-મજાઝ'ના બજારમાં પહોંચ્યા અને લોકોને સત્યનો સંદેશ સંભળાવીને કલ્મએ-તૈયબાનું આમંત્રણ આપ્યું. અબૂ જહલ સાથે લાગેલો હતો. દુર્ભાગીને નફરત અને દ્વેષે એટલો નીચ કરી નાખ્યો હતો કે માટી ઉઠાવી-ઉઠાવીને આપ ﷺ પર ફેંકતો અને સાથે-સાથે પોકારતો કે, લોકો ! આના પાસે ન આવતા. આ ઇચ્છે છે કે તમે લાત અને ઉઝ્ઝાની પૂજા છોડી દો.(૧)

વિરોધી દુષ્પ્રચારના આ તોફાની અભિયાનથી અબૂ તાલિબને આશંકા પણ ગઈ કે ક્યાંક આરબ પ્રજા સામૂહિક વિરોધ પર ન ઊતરી આવે. તેમણે એક લાંબો કસીદો લખીને કાબામાં લગાવી દીધો, જેમાં એક તરફ એ સ્પષ્ટતા આપી હતી કે મેં મુહમ્મદ (ﷺ)ના આમંત્રણનો સ્વીકાર કર્યો નથી. પરંતુ બીજી તરફ એ એલાન પણ કર્યું કે કોઈપણ કિંમતે મુહમ્મદ (ﷺ)ને નથી છોડી શકતો અને તેના માટે મારા પ્રાણ પણ આપી દઈશ. જો કે આવા ઘણા કસીદાઓની ઐતિહાસિક હેસિયત કમજોર છે, તેમાંથી ઘણા અંશો સાચા પણ છે.(૨)

ઊલટી અસર

જ્યારે કોઈ મહત્ત્વની વ્યક્તિ મક્કામાં આવી, તો ઇસ્લામી આંદોલનના વિરોધીઓ તેને રસૂલુલ્લાહ ﷺ ના પ્રભાવથી બચાવવા માટે બધા પ્રકારના પ્રયાસો કરતા, પરંતુ ક્યારેક તેની ઊલટી અસર પડતી. આ પ્રકારના અમુક ખાસ પ્રસંગોનો ઉલ્લેખ જરૂરી લાગે છે :

તુફૈલ બિન ઉમર દૌસી એક શિષ્ટ માણસ અને સમજદાર શાયર હતો. એક વાર તે આવ્યો. કુરૈશના કેટલાક લોકો તેના પાસે પહોંચ્યા, કહેવા લાગ્યા કે, તુફૈલ ! જુઓ, તમે અમારા શહેરમાં આવ્યા છો અને અહીં મુહમ્મદ (ﷺ) ની પ્રવૃત્તિઓ અમારા માટે અસહ્ય બની ગઈ છે. આ માણસે અમારી એકતાને છિન્ન-ભિન્ન કરી નાખી છે અને અમારા હિતોના ટુકડે-ટુકડા કરી નાખ્યા છે. તેની વાતો જાદૂગરો જેવી છે, અને તે પુત્ર અને પિતામાં, ભાઈ અને ભાઈમાં, પતિ અને પત્નીમાં

૧. સીરતુન્નબી ﷺ, લે. શિબ્લી નો'માની, ભા-૧, પૃ. ૨૩૭.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૮૯.

વિખવાદ ઊભો કરીરહ્યો છે. અમને તમારી અને તમારી કોમ માટે ચિંતા છે કે ક્યાંક તમે તેના ભોગ ન બની જાઓ. તેથી વધારે સારું એ છે કે આ માણસ સાથે ન તો વાત કરજો અને ન તેની કોઈ વાત સાંભળજો.

તુફૈલનું પોતાનું નિવેદન છે કે આ લોકોએ ત્યાં સુધી પીછો ન છોડ્યો, જ્યાં સુધી મેં પૂરેપૂરી રીતે માની ન લીધું કે ન વાત કરીશ, ન સાંભળીશ. આમ, જ્યારે મસ્જિદે-હરામની તરફ જતો તો કાનોમાં રૂ ખોસી લેતો. એક વાર રસૂલુલ્લાહ ﷺ કાબાની પાસે ઇબાદતમાં ઊભા હતા, તો હું પણ નજીક જઈને ઊભો થઈ ગયો. મેં ખૂબ સુંદર વાણી સાંભળી. પછી દિલમાં મેં કહ્યું કે મારી મા મને રડે ! ખુદાના સોગંદ ! હું એક બુદ્ધિશાળી માણસ છું, શાયર છું, ખરા-ખોટાને ઓળખી શકું છું, પછી કઈ વસ્તુ મને આ વાતોને સાંભળવાથી રોકી શકે છે, જે સંદેશ આ લાવ્યો છે તે જો સારો હશે તો સ્વીકારી લઈશ, જો ખરાબ હશે તો છોડી દઈશ.

આ વિચારમાં થોડોક સમય નીકળી ગયો. હવે હુઝૂર ﷺ ઘર તરફ ચાલ્યા. તુફૈલ તેમના સાથે થઈ ગયો. રસ્તામાં આખી ઘટના સંભળાવી કે મને જૂઠા પ્રોપેગન્ડાના કયા ચક્કરમાં નાખી રાખવામાં આવ્યો હતો. પછી મકાને પહોંચીને દરખાસ્ત કરી કે પોતાનો સંદેશ બતાવો. રસૂલુલ્લાહ ﷺ એ ઇસ્લામની હકીકત વર્ણવી અને કુર્આન પઢીને સંભળાવ્યું. તુફૈલ કહે છે : ''ખુદાના સોગંદ ! ન આનાથી સારો કલામ (વાણી) મેં ક્યારેય સાંભળ્યો છે અને ન આનાથી સારો કોઈ સંદેશ.'' અને પછી તે બતાવે છે કે મેં ઇસ્લામ સ્વીકારી લીધો અને સત્યની સાક્ષી આપી.(૧) આ તુફૈલ દૌસી (رضي الله عنه)એ ત્યારબાદ પોતાના કબીલામાં જઈને જોશપૂર્વક દા'વત (ઇસ્લામના આમંત્રણ)નું કામ કર્યું અને આખો કબીલો તેનાથી પ્રભાવિત થયો.

તેમના પ્રચારના જોશની સ્થિતિ એ હતી કે ઘર પહોંચીને જેવી વૃદ્ધ પિતાથી મુલાકાત થઈ, કહેવા લાગ્યા કે, ''ન તમે મારા, ન હું તમારો.'' તેમણે પૂછ્યું, ''દીકરા ! આ શું ?'' જવાબ આપ્યો કે હવે મેં મુહમ્મદ ﷺ નો દીન (ધર્મ) સ્વીકારી લીધો છે અને આપ ﷺ નું અનુસરણ ગ્રહણ કરી લીધું છે. પિતાએ કહ્યું કે બેટા ! જે તારો દીન છે, એ જ મારો પણ હશે. તરત જ સ્નાન કરીને ઇસ્લામ કબૂલ કરી લીધો. તુફૈલે આ જ પ્રમાણે પોતાની પત્નીને પણ આમંત્રણ આપ્યું અને તેણે પણ સ્વીકારી લીધું. પછી કબીલામાં જાહેર આમંત્રણ આપવાનું શરૂ કર્યું. પછી હુઝૂર ﷺ ની સેવામાં આવીને આખો અહેવાલ સંભળાવ્યો અને કબીલાની ખરાબીઓ વર્ણવીને અઝાબ (યાતના)ની દુઆ માટે દરખાસ્ત કરી. પરંતુ હુઝૂર ﷺ એ માર્ગદર્શનની

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૪૦૭.

દુઆ કરી કે اللهم اهد دوسا (હે અલ્લાહ ! તુફૈલ દૌસીના કબીલાને માર્ગદર્શન પ્રદાન કર.) તુફૈલને તાકીદ કરી કે પાછા જઈને પોતાના લોકોમાં આમંત્રણ આપવાનું કામ ચાલુ રાખો અને ખાસ શિખામણ આપી કે તેમના સાથે નરમી દાખવો. (તેમનો અતિરેકયુક્ત પ્રચારનો જોશ ઇસ્લામી ઉદ્દેશ્ય અનુસાર ન હતો.)[૧]

એક અન્ય પ્રસંગ જુઓ. અઅ્શા બિન કૈસ પણ એક પ્રસિદ્ધ શાયર હતો. તેણે રસૂલુલ્લાહ ﷺ ની ચર્ચા સાંભળી અને એ ઇરાદાથી મક્કા તરફ નીકળ્યો કે જઈને ઇસ્લામ કબૂલ કરે. તેણે હુઝૂર ﷺ ની શાનમાં કસીદો પણ કહ્યો. હવે જેવો તે મક્કાની હદમાં પહોંચ્યો કે એક મુશ્રિક કુરૈશી[૨]એ તેને ઘેરી લીધો અને તેના હેતુ વિશે જાંચ-પડતાલ આદરી. તેણે બતાવ્યું કે હું રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં જઈને ઇસ્લામ સ્વીકારવા ચાહું છું. તેના પર વાત આગળ વધી. બહાનેબાજ મુશ્રિકે અઅ્શાની દુખતી નસોને દબાવવા માટે કહ્યું કે જુઓ, મુહમ્મદ (ﷺ) તો વ્યભિચારને હરામ (અવૈધ) ઠરાવે છે. આ વાર ઓછો પડ્યો તો કહ્યું કે તે તો દારૂથી પણ રોકે છે, ત્યાં સુધી કે વાત-વાતમાં અઅ્શાના ઇરાદાને નબળો કરી દીધો. આમ, તેણે એ વાત મનાવી લીધી કે આ વખતે તો તમે પાછા ચાલ્યા જાઓ અને પછીના વર્ષે આવીને ઇસ્લામ કબૂલ કરી લેજો. અઅ્શા પાછો જતો રહ્યો અને એ પહેલાં કે તે મક્કા ફરી આવતો દુર્ભાગ્યે તે મૃત્યુ પામ્યો.[૩]

સૌથી વધારે રસદાયક ઘટના અરાશી નામના માણસની છે. આ માણસ મક્કા આવ્યો. સાથે ઊંટ હતું, જે અબૂ જહલે ખરીદી લીધું હતું. પરંતુ તેની કિંમત ચૂકવવામાં બહાનાઓ કરી રહ્યો હતો. તે કુરૈશના જુદા-જુદા લોકો પાસે ગયો કે અબૂ જહલ પાસેથી ઊંટની કિંમત કોઈ તેને અપાવે. ત્યાં એક મજલિસ ભરાઈ હતી. અરાશીએ મજલિસના લોકોને અપીલ કરી કે તમારામાંથી કોઈ મારી રકમ અબૂ જહલ પાસેથી અપાવી દે. હું એક ગરીબ પરદેશી છું અને મારા સાથે અન્યાય થઈ રહ્યો છે. મજલિસના લોકોમાંથી કોઈને હિંમત ન હતી કે તે અબૂ જહલ પાસે જઈને એક મુસાફરનો હક્ક અપાવે. તેથી વાત ટાળવા માટે ઇશારો કરીને કહેવા લાગ્યા કે પેલો માણસ (મુહમ્મદ ﷺ) દેખાય છે, બેસેલો છે, તેના પાસે જાઓ, તે તમારી રકમ અપાવડાવી દેશે. વાસ્તવમાં આ એક પ્રકારની મજાક હતી, કેમ કે મુહમ્મદ ﷺ સાથે અબૂ જહલની જે દુશ્મની હતી તે જગજાહેર હતી. અરાશી હુઝૂર ﷺ પાસે પહોંચ્યો અને પોતાની વાત કહીને મદદ માંગી. હુઝૂર ﷺ ઊભા થયા અને

૧. સીરત ઈબ્ને હિશામ, ભા-૧, પૃ. ૪૦૭-૪૦૯.
૨. આ અબૂ જહલ જ હતો. સીરત ઈબ્ને હિશામ, ભા-૧, પૃ. ૪૧૬.
૩. સીરત ઈબ્ને હિશામ, ભા-૧, પૃ. ૪૧૫-૪૧૬.

ફરમાવ્યું કે મારા સાથે આવો. પેલા લોકો જોવા લાગ્યા કે જોઈએ હવે શું થાય છે? રસૂલુલ્લાહ ﷺ હરમમાંથી નીકળીને અબૂ જહલના ઘર પહોંચ્યા. દરવાજો ખખડાવ્યો, અદરથી અવાજ આવ્યો, ''કોણ છે?'' ફરમાવ્યું, ''મુહમ્મદ. બહાર આવો મારા પાસે.'' અબૂ જહલ નીકળ્યો. ચહેરાનો રંગ તદ્દન ઊડી ગયો હતો. આપ ﷺ એ ફરમાવ્યું, ''આ માણસનો હક્ક એને આપી દો.'' અબૂ જહલે ચુપચાપ રકમ ચૂકવી આપી. અરાશી ખુશી-ખુશી હરમની એ મજલિસ તરફ પાછો ફર્યો અને આખી ઘટના કહી સંભળાવી.

આ અસર હતી એ મહાન ચરિત્રની, જે મુહમ્મદ ﷺ ની જાતમાં ઝળહળતું હતું. તેનો સ્વીકાર સ્વયં અબૂ જહલે કર્યો અને મજલિસના લોકોને કહ્યું કે આણે (મુહમ્મદ ﷺ એ) આવીને દરવાજો ખખડાવ્યો. મેં તેનો અવાજ સાંભળ્યો અને એકાએક એક રોફ મારા પર છવાઈ ગયો.[1]

અનુમાન કરી શકાય છે કે આ ઘટનાની ખૂબ ઊંડી અસર અરાશી પર અને સ્વયં મક્કાના લોકો પર પડી હશે.

હબશાના મુહાજિરો દ્વારા ઇસ્લામનો સંદેશ એક નવા પ્રદેશમાં પહોંચ્યો, તો ત્યાંથી ૨૦ ઈસાઈઓ (ખ્રિસ્તીઓ)નું એક પ્રતિનિધિ-મંડળ મક્કા આવ્યું. આ લોકો મસ્જિદે-હરમમાં હુઝૂર ﷺ ની સેવામાં આવ્યા, બેસ્યા, વાતચીત કરી અને પ્રશ્નો પૂછ્યા. હુઝૂર ﷺ એ કુર્આન સંભળાવ્યું અને સત્યનું આમંત્રણ આપ્યું. આ લોકોની આંખોમાં આંસુ ભરાઈ આવ્યા. અલ્લાહની પોકારનો તેમણે સ્વીકાર કર્યો, ઈમાન લાવ્યા અને નબી અકરમ ﷺ ની પુષ્ટિ કરી. જ્યારે આ લોકો ઊભા થઈને નીકળ્યા, તો બહાર કુરૈશી વિરોધીઓ મસ્જિદના આસપાસ ચક્કર મારી રહ્યા હતા. અબૂ જહલે આ જૂથને નિંદાનું લક્ષ્ય બનાવ્યું કે તમે પણ શું મૂર્ખ લોકો છો, જેમણે પોતાના દીનને ત્યજી દીધો. પ્રતિનિધિ-મંડળે જવાબ આપ્યો, ''તમને લોકોને અમારા તરફથી સલામ છે. અમને તમારા સાથે કોઈ ઝઘડો નથી કરવો. અમારો માર્ગ અલગ છે, અમે એક ભલાઈથી અમને વંચિત રાખવા નથી માગતા.''

દ્વિતીય બૈતે-ઉકબા (ઉકબા સ્થાને પ્રતિજ્ઞાનો બીજો પ્રસંગ)ની આખી કાર્યવાહી રાત્રિના અંધકારમાં ખૂબ તકેદારીની સાથે એટલા માટે જ કરવામાં આવી હતી કે મક્કાના દુષ્ટ લોકો તરફથી સખત વિરોધ હતો. પ્રતિનિધિ-મંડળના લોકો જ્યારે બૈત (પ્રતિજ્ઞા)ની સભામાંથી નિવૃત્ત થઈને પડાવમાં પહોંચ્યા, તો કુરૈશના સરદારોએ તેમને ત્યાં જઈને પકડ્યાં. તેમની જાસૂસીનો પ્રબંધ એટલો મજબૂત હતો કે તેમણે બૈતનો પ્રસંગ વર્ણવીને કહ્યું કે તમે અમારા માણસ (મુહમ્મદ ﷺ)ને કાઢીને લઈ

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૪૧૬-૪૧૭.

જવા માગો છો અને તેના હાથ પર તમે અમારા વિરુદ્ધ યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. બરાબર જાણી લો કે તમે લોકો જો અમને અને આરબવાસીઓને લડાવી દેશો, તો તમારાથી વધારે નફરતને લાયક અમારી દૃષ્ટિએ બીજું કોઈ નથી હોઈ શકતું. અન્સારે (મદીનાવાસીઓએ) વાત છુપાવી દીધી. તેથી એ વખતે તો વાત ટળી ગઈ અને અન્સારનો કાફલો રવાના થઈ ગયો. પરંતુ કુરૈશ તે પછી સતત તપાસમાં લાગેલા રહ્યા, અને સમગ્ર જાણકારી મેળવી લીધી. અન્સારના કાફલાનો પીછો કરવામાં આવ્યો અને સઅદ બિન ઉબાદા અને મન્ઝર ઇબ્ને ઉમરૂ તેમના હાથ લાગી ગયા. આ બંને પોત-પોતાના કબીલાઓ પર બૈત દરમ્યાન નિરીક્ષક તરીકે નિયુક્ત હતા. મન્ઝર તો હતા જ અશક્ત માણસ, અલબત્ત સઅદ બિન ઉબાદાને કુરૈશે પકડી લીધા અને તેમના હાથ ગરદનની સાથે બાંધી દીધા અને ધરપકડ કરીને મક્કા લઈ ગયા. મક્કા પહોંચીને ખૂબ માર્યા. તેમના વાળ પકડીને ઝંઝોડ્યા.

સઅદ બિન ઉબાદાનું પોતાનું નિવેદન છે કે આ જ હાલતમાં કુરૈશનો એક માણસ આવ્યો, જેનો ચહેરો પ્રકાશિત અને દેખાવમાં મોભાદાર હતો, લાંબો અને સુંદર. મેં મનમાં કહ્યું કે જો આ કોમમાં કોઈ ભલાઈ બાકી છે, તો તેની આશા આ વ્યક્તિથી જ કરી શકાય છે. જ્યારે તે નજીક આવ્યો, તો તેણે હાથ ઉઠાવીને જોરથી મને થપ્પડ મારી. હવે દિલમાં મેં સમજી લીધું કે આ લોકોમાં ભલાઈનો કોઈ અંશ બાકી નથી. છેવટે એક વ્યક્તિએ નરમીની સાથે પૂછ્યું કે શું તમારો કોઈ માણસ કુરૈશમાં એવો નથી, જેનાથી તમારો કોઈ ભાઈચારો કે તેનાથી તમારો કોલ-કરાર હોય? મેં જુબૈર ઇબ્ને મુત્ઈમ અને હારિષ બિન હરબના નામ લીધા. તેણે કહ્યું કે તો પછી પોકારો તેમના નામ અને જે સંબંધ તેમના સાથે છે તે બતાવો. આમ, મેં એવું જ કર્યું. એ જ વ્યક્તિ તેમને શોધવા નીકળ્યો. તે બંને પાસે જ મળી ગયા, અને તેમણે આવીને મને છોડાવ્યો.

આ ઘટનાઓથી અનુમાન કરી શકાય છે કે સત્યના આમંત્રણ વિરુદ્ધ પ્રતિક્રિયાત્મક ઉત્પાતના ઝંડાધારીઓ કેવી રીતે સંઘર્ષના મેદાનમાં સક્રિય હતા.

કળા-કસબનો મોરચો

ઇસ્લામના વિરોધના અભિયાનનો એક અગ્રણી નઝર બિન હારિષ પણ હતો. આ માણસ પોતાના વેપાર માટે ઘણી વખત ફારસ (ઈરાન) જતો. ત્યાંથી બાદશાહોના ઐતિહાસિક કિસ્સાઓ પણ ભેગા કરીને લઈ આવતો અને સાહિત્યિક વાર્તાઓ પણ. એ રીતે તેણે મક્કામાં કુર્આનના ક્રાંતિકારી સાહિત્યની સામે બિનઆરબ દુનિયાના મનોરંજક સાહિત્યનો અડ્ડો ઊભો કર્યો અને લોકોને બોલાવતો કે મુહમ્મદ

(ﷺ) પાસે આદ અને સમૂદના નિરસ કિસ્સાઓ શું સાંભળો છો ? આવો, હું તમને રુસ્તમ અને અસ્ફંદયારની ભૂમિની ચટપટી કહાણીઓ સંભળાવું. નઝર બિન હારિષને એક સ્થાયી પાત્ર બનાવીને કુર્આને આપણા સામે આ રીતે મૂકેલ છે કે –

وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِيْ لَهْوَ الْحَدِيْثِ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ بِغَيْرِ عِلْمٍ ۖ
وَّيَتَّخِذَهَا هُزُوًا ۚ

"અને મનુષ્યોમાંથી જ કોઈ એવો પણ છે જે મનમોહક વાર્તાઓ ખરીદી લાવે છે જેથી લોકોને અલ્લાહના માર્ગથી જ્ઞાન વગર પથભ્રષ્ટ કરી દે અને આ માર્ગ પર આવવાના આમંત્રણને મજાકમાં ઊડાવી દે." (સૂરઃ લુકમાન, ૬)

આ નઝર બિન હારિષ એ જ છે, જેણે એક સભામાં અબૂ જહલની સામે મુહમ્મદ ﷺ ના આમંત્રણ વિશે આ વક્તવ્ય આપ્યું હતું –

> "હે કુરૈશના લોકો ! તમારા ઉપર એક એવો મામલો આવીને પડ્યો છે કે આગળ ચાલીને તેના વિરુદ્ધ તમારી કોઈ યુક્તિ ચાલશે નહીં. મુહમ્મદ (ﷺ) તમારા વચ્ચે એક મનમોહક કિશોર હતો, તમારા બધાથી સૌથી વધારે અમાનતદાર ! ત્યાં સુધી કે જ્યારે તેના કાન પાછળ સફેદ વાળ આવી ગયા અને તેણે તમને પોતાનો એ સંદેશ આપ્યો, તો હવે તમે કહો છો કે તે જાદૂગર છે... કહો છો કે તે જ્યોતિષી છે... કહો છો કે તે શાયર છે... અને કહો છો કે તે મજનૂ (ઉન્માદગ્રસ્ત) છે ! ... આમાંથી કોઈ વાત પણ સાચી નથી.[૧] ...હે કુરૈશના લોકો ! પોતાના વલણ પર વિચાર કરો, કેમ કે ખુદાના સોગંદ ! તમારા સામે એક મહાન સત્ય આવી ચૂક્યું છે."[૨]

નઝર બિન હારિષનું આ વક્તવ્ય બતાવે છે કે તે મુહમ્મદ ﷺ ના આમંત્રણની મહાનતાને પણ સમજતો હતો અને માનવતાના ઉપકારકના ચરિત્રની ઉચ્ચતાથી પણ માહિતગાર હતો. તે પોતાના અંતરાત્માને દબાવીને હુઝૂર ﷺ ના સંદેશના વિરોધ માટે શૈતાની યુક્તિઓ કરતો હતો. તેને અંદાજ હતો કે એક ધ્યેયનિષ્ઠ આંદોલનના ગંભીર સંદેશની સામે સામાન્ય લોકો માટે મનોરંજક સાહિત્યમાં વધારે આકર્ષણ હોઈ શકે છે. તેથી તેણે મનોરંજક સાહિત્યના કેન્દ્રનો આરંભ કરી દીધો. નઝર બિન હારિષ કહ્યા કરતો હતો કે, "હું મુહમ્મદ (ﷺ)થી વધારે રસદાયક વાર્તાઓ પ્રસ્તુત કરું છું." પછી જ્યારે તે દુનિયાની દાસ્તાનોનું વર્ણન કરતો તો

૧. અહીં અમે વાત સંક્ષિપ્તમાં વર્ણવી છે.
૨. સીરત ઈબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૧૯.

કહેતો કે છેવટે મુહમ્મદ (ﷺ) ની વાતો કયા પાસાથી મારી વાતોથી વધારે આનંદદાયક છે ?'' બીજી બાજુ તે હુઝૂર ﷺ ના કલામ (વાણી) વિશે જરીપુરાણી પ્રાચીન વાતોનો કટાક્ષ કરતો.

એટલું જ નહિં, તેણે ગાવા-વગાડવાવાળી એક કલાકાર લોંડી (ગુલામ સ્ત્રી) પણ ખરીદી હતી. લોકોને એકઠા કરીને ભોજન કરાવતો, પછી આ લોંડીથી ગીતો સંભળાવતો. જે નવયુવાન વિશે ખબર પડી જતી કે તે ઇસ્લામ તરફ આકર્ષિત થઈ રહ્યો છે, તો તેના ત્યાં આ કલાકાર લોંડીને લઈને જતો અને તેને નિર્દેશ કરતો કે જરા તેને ખવડાવી-પીવડાવીને અને સંગીતથી ખુશ કર. આર્ટ અને કલ્ચરના આવા પ્રદર્શનો પછી કટાક્ષમાં કહેતો કે મુહમ્મદ (ﷺ) જે કામ તરફ બોલાવે છે તે મજાનું છે કે આ ?[૧]

વાસ્તવમાં સત્ય-ધર્મનો આત્મા છે ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા) અને સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન. મનેચ્છા અને વિષય-વાસનાના વાતાવરણમાં આ આત્માનું મૃત્યુ થઈ જાય છે. જે માહોલમાં બધું ધ્યાન ખાવા-પીવા, વિષય-વાસના, ગાવા-વગાડવા, મનોરંજન અને કળા-કસબ તરફ થઈ જાય, તે સત્ય-ધર્મ માટે અનુકૂળ નથી હોઈ શકતો. આ જ કારણસર નઝર બિન હારિષે એક બાજુ મનોરંજક વાર્તાઓનો ક્રમ શરૂ કર્યો, બીજી બાજુ ગાવા-વગાડવા અને સ્ત્રી-સૌંદર્યના પ્રદર્શનોથી સભાઓ ગરમ કરી.

પરંતુ એક રચનાત્મક સંદેશ અને એક ધ્યેયલક્ષી આંદોલનની સામે મનોરંજક સાહિત્ય પણ કામ ન લાગ્યું, તેમજ કળા અને કસબની ધૂર્તતા પણ કોઈ પરિણામ લાવી ન શકી. ચાર દિવસ ઊંચી-ઊંચી વાતો થતી રહી અને પછી આ તમામ કોલાહલ ઠંડો પડી ગયો.

આમ, પોતાની આ યુક્તિમાં નિષ્ફળ થઈને નઝર બિન હારિષ કુરૈશના સરદારોની સલાહથી યહૂદી આલિમો (ધાર્મિક વિદ્વાનો)ની પાસે પહોંચ્યો કે તમે જ્ઞાન ધરાવો છો, અમને અજ્ઞાનીઓને બતાવો કે અમે ઇસ્લામી આંદોલનનો કેવી રીતે સામનો કરીએ, અને કેવી રીતે માનવતાના ઉપકારક ﷺ ને નીચું દેખાડીએ. યહૂદી આલિમોએ શીખવાડ્યું કે આ માણસથી અસ્હાબે-કહ્ફ અને ઝૂલકરનૈનનો કિસ્સો પૂછો અને 'રૂહ' (આત્મા)ની વાસ્તવિકતા પૂછો. તેથી નિર્ણાયક અંદાજમાં આ પ્રશ્નો મૂકવામાં આવ્યા. અલ્લાહની વહી (દિવ્ય પ્રકાશના)એ સંતોષકારક જવાબ આપી દીધા. પરંતુ કુફ્ર (અધર્મ)ની જીદનો શું ઇલાજ !![૨]

---

૧. સીરતે મુસ્તફા ﷺ, લે. મૌલાના ઈદ્રીસ કાંધલવી, ભા-૧, પૃ.૭૫.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૨૦-૩૨૧.

સોદાબાજીની કોશિશો

આરંભિક છુપા પ્રચારના તબક્કામાંથી નીકળ્યા પછી ઇસ્લામી આંદોલન જ્યારે ઝડપથી ફેલાવા લાગ્યું અને પછી આગળ ચાલીને જ્યારે વિરોધીઓના દુષ્પ્રચાર અને હિંસાની વિભિન્ન યુક્તિઓ નિષ્ફળ પુરવાર થઈ, તો તેઓ મનમાં-ને-મનમાં અનુભવવા લાગ્યા કે આ એક અપરાજિત શક્તિ છે અને કોઈ વ્યાપક પરિણામ લાવવાની છે. તેથી ફરી એવા પ્રયત્નો થવા લાગ્યા કે કોઈપણ રીતે સમાધાન (Compromise)નો માર્ગ નીકળે અને કંઈક માનીને અને કંઈક મનાવીને વિવાદ સમાપ્ત કરી શકાય. પરંતુ સૈદ્ધાંતિક આંદોલનોમાં એટલું લચકપણું હોતું જ નથી કે લેવડ-દેવડ કરીને કોઈ વચ્ચેનો માર્ગ કાઢી લેવામાં આવે. તેમ છતાં કુરૈશના સરદારોએ આ યુક્તિને પૂરેપૂરી રીતે અજમાવી કે કદાચ કોઈપણ રીતે આંગળી ખોસી શકાય.

જેમ કે, તેમની સમાધાનની એક શરત એ હતી કે હુઝૂર ﷺ તેમની મૂર્તિઓ અને ઉપાસ્યો વિરુદ્ધ મોઢું ન ખોલે અને તેમના ધર્મની નિંદા ન કરે અને તેના સિવાય જે કંઈ પ્રવચન કરવા માગે અને જેવી નૈતિક શિખામણો આપવા માગે સહન કરી લેવામાં આવશે. અર્થાત્ તમે તમારા કલ્મએ-દા'વત (ઇસ્લામના આમંત્રણના બોલ)માંથી અસત્યના ઇન્કારનો અંશ રદ કરી નાખો અથવા એમ કહો કે 'લા ઇલાહ' ન કહો. માત્ર અલ્લાહનું નામ લેવાનો અવકાશ હોઈ શકે છે. આનો અર્થ એ થયો કે જે અસત્ય ધારણાઓ પર સાંસ્કૃતિક વ્યવસ્થાનું નિર્માણ થયું હતું, તેના વિરુદ્ધ કંઈ કહેવામાં ન આવે અને સમાજનું જે ભ્રષ્ટ વાતાવરણ જે સ્વરૂપમાં મોજૂદ હતું તેને યથાવત રહેવા દેવામાં આવે. સચ્ચાઈને એવા સ્વરૂપમાં લાવવામાં આવે કે તે પરિવર્તનની સૂત્રધાર ન હોય અને તેનાથી ક્રાંતિની રૂહને ખેંચી લેવામાં આવે. સત્ય-ધર્મનો રાજકીય ભાગ નિષ્પ્રભાવી થઈ જાય અને સામૂહિક વ્યવસ્થાને તેના પાયા પર યથાવત રાખીને તેની છત્રછાયામાં આધ્યાત્મિક પ્રકારની સમાજ-સુધારણા કરવામાં આવતી રહે. તાત્પર્ય એ કે કુરૈશની માંગણી એ હતી કે અમારી વર્ગીય શ્રેષ્ઠતા અકબંધ, અમારું રાજકીય અને આર્થિક નેતૃત્વ તેમજ ધાર્મિક આગેવાની સલામત, અમારા હોદ્દાઓ યથાવત, અમારા હિતો સુરક્ષિત — બાકી જે કંઈ તમે કરવા ઇચ્છો, કરો – પરંતુ ઇસ્લામી આંદોલન જો આ શરત પૂરી કરે તો પોતે જ સમાપ્ત થઈ જતું.

એ જ પ્રમાણે તેમના તરફથી ઇચ્છવામાં આવ્યું કે –

ائْتِ بِقُرْآنٍ غَيْرِ هَٰذَا أَوْ بَدِّلْهُ * અર્થાત્ આ કુર્આનને તો અભરાઈએ ચઢાવીને

★ "આના બદલે કોઈ બીજું કુર્આન લઈ આવો અથવા આમાં થોડો ફેરફાર કરો." (સૂરઃ યૂનુસ, ૧૫)

મૂકી દો અને કોઈ બીજું કુર્આન લાવો, અથવા આમાં ફેરફાર કરી લો, (જેથી કંઈક અમારી અપેક્ષાઓનો પણ અવકાશ નીકળી આવે.)

આનો જવાબ અલ્લાહની વહીના શબ્દોમાં હુઝૂર ﷺ ની જીભથી એ અપાવવામાં આવ્યો કે, ''મને એ અધિકાર નથી કે આ (કુર્આન)ને સ્વયં પોતે બદલી નાખું. જે કંઈ મારા પર વહી કરવામાં આવે છે તેના સિવાય કોઈ અન્ય વસ્તુનું અનુસરણ હું કરી શકતો નથી. હું જો મારા રબની અવજ્ઞા કરું, તો મહાન દિવસ (કયામત)ની યાતનાંનો ડર રાખું છું.... તેનાથી વધારે અત્યાચારી બીજું કોણ હશે જે કોઈ જૂઠી વાત (પોતાના તરફથી ઘડીને) અલ્લાહ તઆલાથી જોડી દે.'' (સૂરઃ યૂનુસ, ૧૫)

સમાધાનનો માર્ગ કાઢવા માટે આંદોલનના વિરોધીઓએ હુઝૂર ﷺ ની સામે એક માંગણી એ પણ મૂકી કે જો તમે પોતાના સમૂહમાંથી અમારા સમાજના નીચ લોકો, અમારા ગુલામો અને નોકરો અને કાલના છોકરાઓને બહાર કાઢી દો, તો પછી અમે તમારા પાસે આવીને બેસીએ અને તમારી શિક્ષાઓને સાંભળીએ. છેવટે વર્તમાન પરિસ્થિતિમાં અમારા સ્થાન અને મોભાથી એ દૂરની વાત છે કે અમે કોઈ લાભ પ્રાપ્ત કરી શકીએ. નીચ લોકોએ અમારો રસ્તો રોકી રાખ્યો છે. અહીં અમે તેમને જોઈએ છીએ કે તેઓ આંદોલનના 'વિશિષ્ટ' બની બેસ્યા છે અને તેમને ખૂબ સામીપ્ય પ્રાપ્ત છે. આ જ લોકો વિશે તેઓ ઘણી વખત કટાક્ષમાં કહ્યા કરતા હતા કે આ છે એ હસ્તીઓ જેઓ કૈસર (રોમનો બાદશાહ) અને કિસરા (ઈરાનનો બાદશાહ)ના ઉત્તરાધિકારી બનવાની છે ! હકીકત એ ન હતી કે તેમનાં હૃદય ઇસ્લામી આંદોલનની સેવા માટે વ્યાંકુળ હતા, બલ્કે આશય એ હતો કે એ નવયુવાનો જેઓ ઉત્કંઠા અને ઉમંગથી સચ્ચાઈના સંદેશનો ધ્વજ ઉઠાવી રહ્યા હતા, જેઓ પોતાના હિતોને કુરબાન કરી રહ્યા હતા અને જેઓ દરેક પ્રકારની મુસીબતોને સહન કરીને પોતાના ચરિત્રનું ઘડતર કરી રહ્યા હતા અને એ કે જેમનો એક-એક શ્વાસ પોતાના મિશનના ઉદ્દેશ્યની સેવા માટે સમર્પિત હતો — તેમને હતોત્સાહ કરવામાં આવે અને તેમની સેવાઓથી મિશનને વંચિત કરાવી દેવામાં આવે. એ પહેલા કે હુઝૂર ﷺ ના દિલમાં આ કપટયુક્ત ઇચ્છાની કોઈ અસર થતી, કુર્આને આપ ﷺ સામે સ્પષ્ટ કરી દીધું કે આ તો વિરોધીઓની માત્ર એક ચાલ છે, જેવી તેઓ અન્ય પયગંબરો વિરુદ્ધ ચાલતા રહ્યા છે. જેમ કે તદ્દન આવી જ વાત નૂહ عليه السلام ની સામે પણ મૂકવામાં આવી હતી. (સૂરઃ હૂદ, ૨૭) તેથી આપ ﷺ વિરોધીઓને ખુશ કરવા આ સાથીઓને પોતાના સામીપ્યથી કદાપિ વંચિત ન કરજો, જેઓ સવાર-સાંજ અલ્લાહનું નામ પોકારનારા છે. (સૂરઃ અન્આમ, ૫૨) બલ્કે નિર્દેશ કરવામાં આવ્યો કે આ નિષ્ઠા

અને નિખાસલતાની પ્રતિમાઓ, જે વિભિન્ન મુસીબતો ઉઠાવી રહી છે, તેમને પોતાના પ્રેમ અને સ્નેહની છાંયમાં રાખો - وَاخْفِضْ جَنَاحَكَ لِمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ (સૂરઃ શુઅ્રા, ૨૧૫), બલ્કે એક પ્રસંગે એક પ્રભાવશાળી વ્યક્તિ સાથે વાતચીત કરતાં હુઝૂર ﷺ એ એક અંધ સાથી (ઇબ્ને મક્તૂબ رضي الله عنه)ના હસ્તક્ષેપને પસંદ ન કર્યો, તો આટલી નાની વાત પર ઠપકો આવી ગયો. (સૂરઃ અબસ, ૧-૧૦)

આ જ ક્રમમાં એક વાર કુરૈશ વિરોધીઓની સભામાં વિચાર-વિમર્શ થઈ રહ્યો હતો અને બીજી બાજુ અલ્લાહના રસૂલ ﷺ હરમમાં એકલા બેસેલા હતા. ઉત્બા બિન રબીઆએ સભામાં હાજરજનોને કહ્યું કે જો તમે લોકો પસંદ કરો તો હું મુહમ્મદ (ﷺ)ની પાસે જઈને વાત કરું અને તેના સામે એવા મુદ્દાઓ રજૂ કરું, જેમાંથી સંભવ છે કે કોઈને તે ઇચ્છે તો સ્વીકારી લે અને પછી આપણે એ મુજબ ચાલીએ અને તે આપણો સામનો કરવાથી દૂર રહે. આ સ્પષ્ટરૂપે સોદાબાજીનો એક પ્રસ્તાવ હતો અને ત્યાં સુધી જો કુરૈશ આવી પહોંચ્યા હતા, તો વાસ્તવમાં હઝરત હમઝા (رضي الله عنه)ના ઈમાન લાવવા અને આંદોલનના ઝડપથી ફેલાવાના કારણે નમીને આવી પહોંચ્યા હતા. સભાની અનુમતિથી ઉત્બાએ હુઝૂર ﷺ ને જઈને આ પ્રમાણે વાતચીત કરી –

> ''હે ભત્રીજા ! તમારો જે કંઈ દરજ્જો અમારા દરમ્યાન છે તે તમે સ્વયં જાણો છો. આખા પરિવારમાં તમારું સ્થાન ઉચ્ચ છે અને વંશની રીતે સારી પ્રતિષ્ઠા ધરાવો છો.''

આ ખુશામતયુક્ત, પણ વાસ્તવિક પ્રસ્તાવના પછી ઉત્બાએ ફરિયાદ કરી કે તમે કોમને ખૂબ ભારે ઉલઝનમાં નાખી દીધી છે. તેની એકતાને છિન્ન-ભિન્ન કરી નાખી છે. તેના આગેવાનોને મૂર્ખ ઠેરવી દીધા છે. તેના ઉપાસ્યો અને તેના ધર્મમાં ખામીઓ કાઢી છે. તેના વિતી ગયેલા બાપ-દાદાઓ અને પૂર્વજોનો ઇન્કાર કરી નાખ્યો છે. હવે મારી વાત સાંભળો અને હું જે કંઈ પ્રસ્તુત કરી રહ્યો છું એ તમામ સ્વરૂપો પર વિચાર કરો, કદાચ તેમાંથી કોઈ વાત કબૂલ કરી લો.

હુઝૂર ﷺ એ ફરમાવ્યું - કહો, હે અબૂ વલીદ ! હું સાંભળીશ.

ઉત્બાએ નીચે મુજબ સ્વરૂપોનો પ્રસ્તાવ મૂક્યો.

- જો આ બધી ધમાલથી તમારો હેતુ ધનદોલત હોય, તો પછી અમે તમારા માટે એટલી ધનદોલત એકઠી કરી દઈશું કે તમે અમારા બધાથી વધારે ધનંવાન થઈ જશો.

- જો તમે આના દ્વારા સરદારી અને નેતૃત્વ ઇચ્છો છોં, તો અમે તમને

અમારા પર સરદાર નિયુક્ત કરી લઈએ છીએ, ત્યાં સુધી કે તમારા વગર અમે કોઈપણ મામલામાં કોઈ નિર્ણય નહીં કરીએ.

● જો તમે બાદશાહત ઇચ્છો છો, તો અમે તમને બાદશાહ માની લઈએ છીએ.

● અને, જો આ એ કારણસર છે કે તમારા પર કોઈ જિન્નાત વગેરેનો પડછાયો થાય છે અને તે તમારા પર કબજો કરી લે છે, તો પછી અમે જરૂરી ફાળો વગેરે કરીને તમારા માટે ઇલાજનો કોઈ ઉપાય કરીએ. પછી તો તમને એનાથી મુક્તિ અપાવી દઈએ અથવા નિષ્ફળતા મળે તો લાચાર સમજીએ.

સંમજૂતીના આ પ્રસ્તાવમાં એ વિભિન્ન દષ્ટિકોણો ઝળકી રહ્યા છે, જે ઇસ્લામી આંદોલનના વિરોધીઓમાં જોવા મળતા હતા. આ દષ્ટિકોણોથી સ્પષ્ટ થઈ જાય છે કે તેમની દૃષ્ટિમાં બે જ સંભાવનાઓ હતી. એક એ કે હુઝૂર ﷺ અજ્ઞાની વ્યવસ્થાની શક્તિથી આવી ભારે ટક્કર લેવાનું પગલું સભાન અને બુદ્ધિની અવસ્થામાં નહોતા ભરી રહ્યા, બલ્કે કોઈ ભૂત-પ્રેતના પડછાયામાં હોવાના કારણે ભરી રહ્યા હતા. બીજું એ કે જો સભાન અને બુદ્ધિની અવસ્થામાં આ સંઘર્ષ કરવામાં આવી રહ્યો હતો, તો પછી તેનું લક્ષ્ય અનિવાર્યપણે નેતૃત્વ અને બાદશાહતનું સ્થાન હતું. જે હોય તે, સમગ્ર પ્રસ્તાવને સાંભળીને હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ‘‘અબૂ વલીદ ! શું તમે તમારી વાત કહી ચૂક્યા ?’’ તેણે કહ્યું, ‘‘હા.’’ ફરમાવ્યું, ‘‘તો હવે મારી વાત સાંભળો.’’ તેણે કહ્યું, ‘‘કહો.’’ હુઝૂર ﷺ એ આખા પ્રસ્તાવને એક તરફ નાખીને ‘હા-મીમ’ની આયતો સંભળાવવાનું શરૂ કર્યું :

> ‘‘આ હા-મીમ છે, ખૂબ મહેરબાન અને દયાળુ હસ્તી તરફથી મોકલવામાં આવેલ છે. આ એક અનુસ્મરણ છે, જેની એક-એક આયત સ્પષ્ટ છે. આ કુર્આન છે અરબી ભાષામાં, સમજબૂઝથી કામ લેનારાઓ માટે ! (ઈમાનવાળાઓ માટે) ખુશખબર સંભળાવનાર અને (ઇન્કાર કરનારાઓને) સચેત કરનાર. બસ, આ (મક્કા-વાસીઓ)માંથી મોટાભાગના લોકોએ આની અવગણના કરી અને તેઓ સાંભળતા નથી અને તેઓ કહે છે કે અમારા હૃદય આ હકીકતના વિરોધી છે, જેના તરફ તમે બોલાવો છો અને અમારા કાનોમાં બહેરાંશ છે અને અમારા અને તમારા દરમ્યાન એક આડ ઊભી થઈ ગઈ છે. તેથી તમે પોતાની જગ્યાએ કામ કરો અને અમે અમારી જગ્યાએ કામ કરીએ છીએ.’’ (હા-મીમ-સજદહ, ૧-૫)

હુઝૂર ﷺ જયાં સુધી સંભળાવતા ગયા, ઉત્બા બંને હાથ પાછળ લઈ જઈને તેના પર ટેકો લગાવીને ચુપચાપ ધ્યાનથી સાંભળતો રહ્યો. હુઝૂર ﷺ એ 'સિજદએ તિલાવત' આવતાં કિરા'ત (પઠન) અટકાવી દીધી અને સિજદો કર્યો, પછી ફરમાવ્યું, ''અબૂ વલીદ ! તમે સાંભળી લીધું જે કંઈ સાંભળ્યું. હવે તમે જાણો અને આ.''

ઉત્બા ઉઠ્યો અને પોતાના સાથીઓની પાસે પહોંચ્યો. તેમણે નજર પડતાં જ જોયું કે ઉત્બાનો ચહેરો બદલાઈ ગયેલો છે. હવે એ રંગ નથી, જે જતી વખતે હતો. ચિંતાની સાથે તેમણે મામલો પૂછ્યો. ઉત્બાએ કહ્યું,

> ''મામલો એ છે કે મેં એવી વાણી સાંભળી છે, જે ક્યારેય નથી સાંભળી. ખુદાના સોગંદ ! ન એ શાયરી છે, ન જાદૂ છે અને ન જ્યોતિષ છે. હે કુરૈશના લોકો ! મારી વાત માનો અને તેની જવાબદારી મારા પર રહેવા દો. આ માણસને તેની હાલત પર છોડી દો અને તેના પાછળ ન પડો. ખુદાના સોગંદ ! જે વાણી મેં સાંભળી છે તેનાથી નિશ્ચિતપણે કોઈ મોટું પરિણામ નીકળવાનું છે. જો આરબવાસીઓએ તેનાથી નિપટી લીધું તો બીજાઓ દ્વારા તમને તેનાથી મુક્તિ મળી જશે અને જો તેણે અરબ પર વર્ચસ્વ પ્રાપ્ત કરી લીધું તો તેની સલ્તનત તમારી સલ્તનત હશે અને તેની શક્તિ તમારી શક્તિ હશે અને તમે તેના માધ્યમથી લોકોમાં સૌથી વધારે સૌભાગ્યશાળી બની જશો.''(૧)

ઉત્બાનાં આ મતથી કેટલીય મહત્ત્વની હકીકતો સામે આવે છે. એક એ કે અરબના ભાષાવિદો વિવશ થઈને કુર્આનની વાણીની મહાનતા સામે શિશ ઝુકાવી લેતા હતા. બીજું એ કે જયાં સુધી વિરોધીઓ મૂળ સંદેશને પ્રત્યક્ષરૂપે આમંત્રકના મોઢેથી સાંભળવાથી બચતા રહેતા અને માત્ર પોતાના વર્તુળના ઝેરીલા દુષ્પ્રચારની અસરમાં રહેતા, તો તેમના વિરોધનું જોર યથાવત રહેતું. પરંતુ જે વ્યક્તિએ પણ પ્રત્યક્ષરૂપે સંદેશનો કોઈ અંશ સાંભળ્યો તો તેનું હૃદય જીત્યા વગર ન રહી શક્યું. ત્રીજું એ કે આ વાણી વિશે તેમના દરેક બુદ્ધિશાળી વ્યક્તિનો પ્રતિભાવ એ જ હતો કે આનાથી કોઈ મોટું પરિણામ (મહાન ઘટના) ઉદ્‌ભવવાનું છે, બલ્કે તેઓ તેના પરદાની પાછળ એક પરિપૂર્ણ ક્રાંતિનું દૃશ્ય જોઈ રહ્યા હતા અને અનુમાન કરી લેતા હતા કે આ વાણીના આધારે એક સલ્તનત અને એક જીવન-વ્યવસ્થાની સ્થાપના થવાની છે.

---

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૧૩-૩૧૪.

પરંતુ ઉત્બાની વાત સાંભળીને સભામાં એ રીતે મજાક ઉડાવવામાં આવી કે, ''અબૂ વલીદ ! તેની જીભનો જાદૂ તો તમારા પર પણ ચાલી ગયો. !''

ઉત્બાએ કહ્યું, ''તેના વિશે મારો અભિપ્રાય તો આ જ છે, જે મેં કહી દીધો. હવે તમે જે ઇચ્છો એ કરો.''

એક પ્રયાસ આ અનુસંધાનમાં બીજો કરવામાં આવ્યો. પીઢ આગેવાનો ઉત્બા બિન રબીઆ, શીબા બિન રબીઆ, અબૂ સુફિયાન બિન હરબ, નઝર બિન હારિષ, કલદહ (જેને અબ્દુદ્-દારે ભાઈ બનાવ્યો હતો), અબૂલ બખ્તરી બિન હિશામ, અસ્વદ બિન મુત્તલિબ, ઝમ્આ બિન અસ્વદ, વલીદ બિન મુગીરા, અબૂ જહલ બિન હિશામ, અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયા, આસ બિન વાઈલ, નુબય્યહ અને મુનબ્બહ, અબ્નાએ હજ્જાજ (બનૂ સહમ), ઉમૈયા બિન ખલફ – સૂર્યાસ્ત પછી કાબાની પાસે અકઠા થયા. તેમણે અલ્લાહના રસૂલ ﷺ ને બોલાવ્યા. હુઝૂર ﷺ સારી આશાઓ સાથે જલ્દી-જલ્દી પહોંચી ગયા. તેમણે પોતાના એ જ પ્રસ્તાવને, જે ઉત્બાએ અગાઉ મૂક્યો હતો, ફરી દોહરાવ્યો. તેને સાંભળીને હુઝૂર ﷺ એ જવાબ આપ્યો –

> ''તમે બધા જે કંઈ કહી રહ્યા છો, મારો મામલો તેનાથી જુદો છે. હું જે સંદેશ તમારા સામે લઈને આવ્યો છું, તેને એટલા માટે પ્રસ્તુત નથી કરી રહ્યો કે તેના દ્વારા તમારાથી ધનદોલત પ્રાપ્ત કરું, અથવા તમારામાં સરદારી હાંસલ કરું, અથવા તમારા પર બાદશાહત સ્થાપિત કરું. મને તો અલ્લાહે તમારા સામે પોતાનો પયગંબર બનાવીને મોકલ્યો છે. તેણે મારા પર ગ્રંથ અવતરિત કર્યો છે અને મને આદેશ આપ્યો છે કે તમારા માટે 'બશીર' (ખુશખબર આપનાર) અને નઝીર (ડરાવનાર) બનું. એ રીતે મેં અલ્લાહનું માર્ગદર્શન તમારા સુધી પહોંચાડી દીધું છે અને તમારી ભલાઈનો હક્ક અદા કરી દીધો છે. હવે જે કંઈ લાવ્યો છું, જો તેને તમે કબૂલ કરી લો, તો તે તમારા માટે દુનિયા અને આખિરત (પરલોક)ની ભલાઈનું સાધન છે અને જો તમે તેને મારા તરફ ફેંકી દો, તો હું અલ્લાહના આદેશની રાહ જોવામાં ધૈર્ય દાખવીશ, ત્યાં સુધી કે અલ્લાહ મારા અને તમારા લોકો દરમ્યાન પોતાનો નિર્ણય લાગુ કરી દે.''[1]

આ જવાબ સાંભળીને જ્યારે તેમણે જોયું કે આગળ વધવાનો કોઈ રસ્તો નથી મળી રહ્યો, તો જાત-જાતની બહાનાબાજીઓ કરવાનું શરૂ કરી દીધું. જેમ કે -

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૧૫-૩૧૬.

એ કહ્યું કે તમે જાણો છો આપણી આ ભૂમિ ખૂબ જ તંગ છે. આમાં પાણીની અછત છે અને અહીંનું જીવન ખૂબ કઠિન છે. તમે અલ્લાહને કહો કે તે આ પહાડોને હટાવી દે અને આપણી જમીનને વિશાળ કરી દે અને તેમાં શામ (સીરિયા) અને ઇરાકની જેમ નદીઓ વહાવી દે. પછી એમ કહ્યું કે અલ્લાહ આપણા પૂર્વજોને ઉઠાવી ઊભા કરે અને તેમાં કુસ્સી બિન કલાબ અવશ્ય સામેલ હોય, કેમ કે તે મહાનુભાવ ખૂબ જ પ્રમાણિક હતો. અમે તેને તમારા સંદેશ વિશે પૂછીશું કે આ સત્ય છે કે અસત્ય ! પછી આપણા આદરણીય પૂર્વજો જીવતા થઈને તમારી પુષ્ટિ કરી દે અને તું એ વાતો કરી દેખાડે જેની અમારાથી માંગણી કરી છે, તો અમે તારી પુષ્ટિ કરીશું અને અલ્લાહના ત્યાં તારું આ સ્થાન અમને સ્વીકાર્ય હશે કે તેણે તને વાસ્તવમાં રસૂલ (ઈશદૂત) બનાવીને મોકલ્યો છે. પછી કહ્યું કે આ પણ નથી કરતો તો તું અમારા પર અઝાબ (યાતના) જ લાગુ કરાવી દે. હુઝૂર ﷺ આ નિરર્થક માંગણીઓ પર વારંવાર પોતાની વાત દોહરાવતા રહ્યા અને કહેતા ગયા કે –

مَا بِهٰذَا بُعِثْتُ. (આ કામો માટે મને મોકલવામાં આવ્યો નથી.)

છેવટે જ્યારે હુઝૂર ﷺ ઊભા થઈ ગયા, તો આપની સાથે-સાથે અબ્દુલ્લાહ બિન ઉબી ઉમૈયા (જે હુઝૂર ﷺ નો ફોઈ-ભાઈ હતો) પણ ઊભો થઈ ગયો અને આપને સંબોધીને કહેવા લાગ્યો કે તમારી કોમે તમારા સામે અમુક વાતો મૂકી, પરંતુ તમે એક પણ પ્રસ્તાવ ન માન્યો. હવે તો, ખુદાના સોગંદ ! હું તમારા પર ઈમાન નહીં લાવું, ભલે ને તમે આકાશ પર સીડી લગાવીને તેના પર ચઢતા કેમ ન દેખાવ, અને પછી આંખોની સામે ઉતરો અને તમારા સાથે ચાર ફરિશ્તાઓ પણ આવીને તમારી સચ્ચાઈની સાક્ષી કેમ ન આપી દે. ખુદાના સોગંદ ! જો હું આવું કરું તો પણ, મારો તદ્દન એ વિચાર નથી કે વાસ્તવમાં તમારી પુષ્ટિ કરીશ.[૧]

માનવતાના ઉપકારક ﷺ ખૂબ દુઃખી હૃદયથી ઘર પાછા ફર્યા.

આવી જ ઘટનાઓમાંથી એક એ છે કે તાઈફના સફર પછી જ્યારે હુઝૂર ﷺ એ મક્કાથી નીકળીને આસપાસના કબીલાઓ, જેવા કે બનૂ કન્દા અને બનૂ હનીફા વગેરેમાં સંદેશ પહોંચાડવાનું શરૂ કર્યું, તો એક વાર બનૂ આમિર બિન સઅ્સઆ કબીલાની પાસે પણ પહોંચ્યા અને કબીલાના સરદાર બખીરહ બિન ફરાસથી મુલાકાત કરી. તેણે હુઝૂર ﷺ નો સંદેશ સાંભળ્યો, પછી સાથીઓને કહેવા લાગ્યો, ''ખુદાના સોગંદ ! જો કુરૈશનો આ નવયુવાન મારા હાથમાં આવી જાય, તો હું તેના દ્વારા આખા અરબને મુઠ્ઠીમાં લઈ લઈશ.[૨] પછી આપ ﷺ ને સંબોધીને પૂછ્યું કે જો અમે

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૧૬-૩૧૮.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૩૩.

લોકો આ સંદેશને કબૂલ કરી લઈએ અને તમે વિરોધીઓ પર વર્ચસ્વ પ્રાપ્ત કરી લો, તો શું એ વચન આપો છો કે તમારા પછી આ બધું મારા હવાલામાં આવી જશે ?

વિચાર કરો કે આરંભિક સંક્ષિપ્ત સંદેશ સાંભળીને આ વ્યક્તિએ અંદાજ લગાવી લીધો હતો કે આ સંદેશ એક સંઘર્ષ પેદા કરનારો સંદેશ છે અને તેના વર્ચસ્વ પ્રાપ્ત કરી લેવાની સંભાવના પણ છે અને ત્યારે તે લાભકારક પણ હશે. આ જ વિચારોએ બખીરહની અંદર વેપારી માનસિકતા પેદા કરી દીધી, પરંતુ હુઝૂર ﷺ તો દાઈ (ઇસ્લામના આમંત્રક) હતા, રાજકીય વેપાર કરવા નહોતા નીકળ્યા. તેથી આપ ﷺ એ જવાબ આપ્યો કે –

''એ તો અલ્લાહના અધિકારમાં છે, તે જેને ઇચ્છશે મારા પછી નિયુક્ત કરી દેશે.''

બખીરહે આ વાત પર કહ્યું, ''કહેવું પડે ! અત્યારે તો અરબની સામે અમે તમારી ઢાલ બની જઈએ, અને જ્યારે કામ બની જાય તો લાભ કોઈ બીજો લઈ જાય. જાઓ, અમને આનાથી કોઈ મતલબ નથી.''(૧)

હુઝૂર ﷺ જો કોઈ બિનરાજકીય પ્રવક્તા હોત અથવા સૂફીવાદની ઢબથી સમાજની નૈતિક સુધારણા કરવા નીકળ્યા હતો, તો આ તક પર તેમનો સીધો-સાદો જવાબ એ હોત કે વાહ રે ભાઈ ! તમે આ કેવા સપના જોઈ રહ્યા છો, આ તો અલ્લાહ-વાળાઓનું એક સમાજ-સુધારનું કાર્ય છે. તેમાં લાભનો પ્રશ્ન જ ક્યાં છે અને આમાં કોઈની સરદારી અને ઉત્તરાધિકારની વાત જ ક્યાં છે ? હુઝૂર ﷺ પણ પોતાના આંદોલનની સર્વગ્રાહિતા અને તેના રાજકીય પાસાથી વાકેફ હતા અને જેને સંબોધન કરવામાં આવ્યું તેણે પણ આ લક્ષ્યને પામી લીધું, જેના તરફ આ સંદેશ જવાવાળો હતો.

સોદાબાજીની આ વિભિન્ન કોશિશોથી વિરોધી શક્તિ એ ફાયદો ઉઠાવવા ઇચ્છતી હતી કે જો હુઝૂર ﷺ આંદોલન માટે પ્રભાવિત થવાનો માર્ગ શોધવા અથવા દમનની ભઠ્ઠીથી સાથીઓને બચાવવા માટે નમી જાય, તો સૈદ્ધાંતિક આંદોલનની હેસિયતે તેમના સંદેશ અને આમંત્રણનું જોર તૂટી જશે અને જો તેઓ અચળ હોવાનો પુરાવો આપે તો એ દુષ્પ્રચાર કરી શકાય કે જુઓ લોકો ! અમે ઘર્ષણ સમાપ્ત કરવા માટે કેટલીય વસ્તુઓનો પ્રસ્તાવ મૂક્યો અને કેટલાક ઉપાયો કર્યા, પરંતુ આ માણસ એવી જીદમાં પડેલો છે કે કોઈ ઉપાયને માનવા જ તૈયાર નથી. સ્થિતિ ખરેખર ખૂબ સંવેદનશીલ હતી, તેથી કુર્આન હુઝૂર ﷺ ને આ સોદાબાજોની સામે દૃઢ રાખવા

૧. રહમતુલ લિલ આલમીન ﷺ, ભા-૧, પૃ. ૮૯.

માટે એક-પછી-એક ચેતવણીઓ આપતું રહ્યું, ત્યાં સુધી કે એક વાર તો ખૂબ કઠોર અંદાજમાં વિરોધીઓની આ ચાલથી બચવાની તાકીદ પણ કરી અને આ વિશે અલ્લાહની સુરક્ષાનો વિશ્વાસ પણ અપાવ્યો. જેમ કે –

"અને જો અમે તમને મજબૂતીથી જમાવી ન રાખતા, તો દૂર ન હતું કે તમે તેમના તરફ કંઈક અંશે નમતું બતાવી દેતા. જો આવું થઈ જતું તો અમે તમને દુનિયામાં પણ અને આખિરતમાં પણ (અમારી પકડની) મજા ચખાડી દેતા. પછી તમે અમારા સામે કોઈને મદદગાર ન જોતા." (સૂરઃ બની ઇસરાઈલ, ૭૪-૭૫)

ટૂંકમાં એ કે ખૂબ વિવેક-બુદ્ધિ તથા ખૂબ ધૈર્ય અને સહનશીલતાથી હુઝૂર ﷺ એ આ આંદોલનને સોદાબાજીની કોશિશોથી બચાવીને બહાર કાઢ્યું.

હિંસા પોતાની ચરમસીમાએ

સત્યના વિરોધીઓ પોતાની નિયતો અને ઇરાદાઓમાં ખોટા અને દલીલમાં પોકળ હોય છે. તેમના સામે મૂળ પ્રશ્ન પોતાના સ્વાર્થ અને પોતાની સત્તાનો હોય છે. તેઓ કોઈ આમંત્રણના શરૂ થતાં શક્તિના તમામ હથિયારો ઉઠાવી લે છે અને દલીલનો જવાબ હિંસાથી આપે છે. સત્યનું આંદોલન માનવીની વૈચારિક શક્તિ અને ક્ષમતાના આધારે કામ કરે છે, પરંતુ વિરોધીઓ રોષ અને ક્રોધની ભાવનાઓનો ઉપયોગ કરે છે. જ્યારે પણ પરિવર્તન માટે કોઈ શક્તિએ તત્કાલીન વ્યવસ્થાના વિરુદ્ધ કોઈ હલચલ કરી, તો તેને સમાજના ઠેકેદારોના હાથે માર ખાવો પડ્યો છે. પરંતુ સત્યનું આમંત્રણ જે સર્વગ્રાહી પરિવર્તનનું આહવાન્ છે, તેના પ્રત્યાઘાતરૂપે તો પ્રચલિત વ્યવસ્થાના રક્ષકોને અનિવાર્યપણે એક સખત હિસ્ટિરીયાનો હુમલો આવે છે. આ જ સ્થિતિ મક્કામાં ઊભી થઈ હતી. આમ તો જાહેર આમંત્રણના આરંભની સાથે જ હિંસાની શરૂઆત પણ થઈ ગઈ હતી, પરંતુ ધીમે-ધીમે અજ્ઞાનતાની વ્યવસ્થાનો પારો ચઢતો ગયો અને અત્યાચારના સમુદ્રના મોજાઓ વિફરતા ગયા. પાંચ-છ વર્ષમાં જાણે મક્કા શાંતિ અને સલામતીની નવીન વ્યવસ્થાના ધ્વજવાહકો માટે એક ગરમ ભઠ્ઠી બની ગયું, અને આ ભઠ્ઠી હઝરત ખદીજા رضي الله عنها અને જનાબ અબૂ તાલિબના અવસાન પછી પોતાની ગરમીના લિહાજથી તેની ચરમસીમાએ પહોંચી ગઈ. કોઈ નહોતું, જે આ ભઠ્ઠીમાં તપાવવામાં ન આવ્યો હોય, પરંતુ બરાબર બળી-બળીને અને તપી-તપીને અને પીગળી-પીગળીને ઇસ્લામી સમુદાયના લોકો શુદ્ધ સોનું સાબિત થયા. આ ભઠ્ઠીની ગરમીનો સૌથી મોટો હિસ્સો તો આંદોલનના નેતા – હઝરત મુહમ્મદ ﷺ – ના ભાગમાં આવ્યો, પરંતુ આપ ﷺ ના સાથીઓ رضي الله عنهم પર પણ જે કંઈ વિત્યું છે તેને ઇતિહાસ દ્વારા આપણે સંપૂર્ણપણે

ક્યાં જાણી શકીએ છીએ અને કેવી રીતે અનુભવી શકીએ છીએ !! જો કે તેમની વિતક-કથાઓના ઇતિહાસને વાંચવાથી રૂંવાડા ઊભા થઈ જાય છે. અહીં અમે સત્યના દુશ્મનોના હિંસક મોરચાનો તદ્દન સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરી રહ્યા છીએ –

પ્રત્યક્ષરૂપે હુઝૂર ﷺ વિરુદ્ધ તો પ્રત્યેક ક્ષણે અને દરેક શ્વાસે જુદા-જુદા પ્રકારના અત્યાચારો કરવામાં આવતા જ રહ્યા, પરંતુ આપ ﷺ ના સાથીઓને જે તકલીફો આપવામાં આવતી હતી, તે પણ પરોક્ષરૂપે આપ ﷺ ના સંવેદનશીલ હૃદયને દુભાવનારી જ હતી. હવે જુઓ કે કોના પર શું વિત્યું ?

– હઝરત ખબ્બાબ બિન અલ-અર્ત તમીમી رضي الله عنه ને અજ્ઞાનતાકાળમાં ગુલામ બનાવીને વેચી નાખવામાં આવ્યા હતા. ઉમ્મે નુમારે તેમને ખરીદ્યા હતા. તેઓ એ વખતે ઈમાન લાવ્યા, જ્યારે અરકમ رضي الله عنه નું ઘર ઇસ્લામી આંદોલનનું કેન્દ્ર હતું અને ત્યાંથી જ હુઝૂર ﷺ સમગ્ર સામૂહિક વ્યવસ્થા ચલાવી રહ્યા હતા. કુરૈશે બળતા અંગારા બિછાવીને તેમને આગના બિસ્તર પર સૂવડાવ્યા અને છાતી પર એક વ્યક્તિને ઊભો કરી દીધો, જેથી તેઓ પડખું ફેરવી ન શકે. અંગારા પીઠના નીચે જ ઠંડા થઈ ગયા. પાછળથી ખબ્બાબ رضي الله عنه એ હઝરત ઉમર رضي الله عنه ને એક વાર પીઠ બતાવી, તો કોઢના જેવા સફેદ ડાઘાઓ દેખાતા હતા. વ્યવસાયે તેઓ લુહાર હતા. ઇસ્લામ લાવ્યા પછી જ્યારે તેમણે લોકો પાસે મજૂરીની બાકીની રકમ માંગી તો જવાબ મળ્યો કે મુહમ્મદ ﷺ નો ઇન્કાર નહીં કરો ત્યાં સુધી એક કોડી પણ નહીં મળે. આ જાણે આર્થિક પ્રહાર લગાવવામાં આવી રહ્યો હતો. પરંતુ સત્યનો આ સૈનિક કહે છે કે તમે લોકો જ્યાં સુધી મરીને જીવતા થઈ ન જાઓ, આવું નથી થઈ શકતું.

– હઝરત બિલાલ હબશી رضي الله عنه ઉમૈયા બિન ખલફના ગુલામ હતા. જ્યારે સૂર્ય બરાબર મધ્યમાં આવી જતો તો અરબસ્તાનની તપતી રેત પર તેમને સૂવડાવી દેવામાં આવતા અને છાતી પર ભારે પથ્થર મૂકી દેવામાં આવતો, જેથી પડખું ન બદલી શકે. ઉમૈયા આ સ્થિતિમાં તેમને કહેતો કે ઇસ્લામ છોડી દો, નહિં તો આ જ રીતે ખતમ થઈ જશો. હઝરત બિલાલ رضي الله عنه જવાબમાં માત્ર 'અહદ, અહદ' પોકારતા. ઉમૈયાનો ક્રોધ વધારે ભડકી ઉઠતો. તેણે તેમના ગળામાં રસ્સી નાખીને શહેરના બદમાશોને સાથે લગાવી દીધા. તેઓ તેમને લઈને ગલી-ગલી ઘસડતા ફરતા, પરંતુ આ ઇસ્લામનો વીર પ્રેમી એ જ પ્રમાણે 'અહદ, અહદ' પોકારતો રહેતો. ક્યારેક તેમને ગાયના ચામડામાં લપેટી દેવામાં આવતા, ક્યારેક લોખંડી બખ્તર પહેરાવીને ધોમધખતા તડકામાં બેસાડી દેવામાં આવતા. હઝરત અબૂબક્ર رضي الله عنه એ ઉમૈયા બિન ખલફ પાસેથી એક ગુલામના બદલામાં તેમને ખરીદીને આઝાદ કરી દીધા.

— હઝરત અમ્માર બિન યાસર ﷺ મૂળ કહતાન (દક્ષિણ અરબ પ્રદેશ, વિશેષરૂપે યમન)ના હતા. તેમના પિતા યાસર યમનથી પોતાના બે ભાઈઓની સાથે ગુમ થઈ ગયેલા ભાઈની શોધમાં આવ્યા હતા. બે ભાઈઓ તો પાછા જતા રહ્યા અને યાસર અબૂ હુઝૈફા મખઝૂમીની સાથે મિત્ર-સંબંધો બાંધીને મક્કામાં જ રહી ગયા, અને અહીં જ લગ્ન કરી લીધા. યાસર સહિત આશરે આખા પરિવારે ઇસ્લામ સ્વીકારી લીધો હતો. અમ્માર બિન યાસરનો કોઈ કબીલો મક્કામાં ન હોવાથી તેમના પર અતિશય અત્યાચાર કરવામાં આવતો. તેમને ઇસ્લામ-સ્વીકારના ગુનાની સજા એ રીતે આપવામાં આવતી અને તેમને એટલી હદે મારવા-પીટવામાં આવતા કે ધખધખતી જમીન પર સૂવડાવવામાં આવતા અને કુરૈશ તેમને એટલા મારતા કે વારંવાર તેઓ બેભાન થઈ જતા. તેમના માતા-પિતા પર પણ આવો જ અત્યાચાર કરવામાં આવતો. પાણીમાં પણ ડૂબકીઓ લગાવવામાં આવતી અને અંગારાઓ પર પણ સૂવડાવવામાં આવતા. હુઝૂર ﷺ તેમના માથા પર સ્નેહભર્યો હાથ ફેરવીને ખાસ દુઆ કરતા અને ખુશખબર આપતા. હઝરત અલી ﷺ ની રિવાયત (નોંધ) છે કે હુઝૂર ﷺ ફરમાવતા કે અમ્માર માથાથી પગ સુધી ઈમાનથી છલોછલ છે.

— હઝરત સુમૈયા ﷺ, જેઓ હઝરત અમ્માર ﷺ ના માતા હતા. તેમના ઇસ્લામ સ્વીકાર કરવા અંગે અબૂ જહલે તેમને અત્યંત પાશવી રીતે ભાલો મારીને મારી નાખ્યા. આ સૌપ્રથમ જીવ છે, જે સત્ય-માર્ગમાં શહીદ થયો.

— હઝરત યાસર ﷺ, જેઓ હઝરત અમ્માર ﷺ ના પિતા હતા, તેઓ પણ અત્યાચારો સહન કરતા-કરતા શહીદ થઈ ગયા.

— હઝરત સુહૈબ ﷺ પણ હઝરત અમ્માર ﷺ ની સાથે ઈમાન લાવ્યા હતા. તેમને એટલી નિર્દયતાથી મારવામાં આવતા હતા કે માનસિક સંતુલન વારંવાર જતું રહેતું હતું. હિજરત વખતે કુરૈશે તેમને એ શરત પર મદીના જવાની અનુમતિ આપી કે તેઓ પોતાનો બધો સાજ-સામાન આપી જાય. તેમણે ખુશીથી એ શરત મંજૂર કરી અને ખાલી હાથે મક્કાથી નીકળી ગયા.

— અબૂ કહાફા જુહની ﷺ સફવાન બિન ઉમૈયાના ગુલામ હતા અને ઇસ્લામ સ્વીકારવામાં હઝરત બિલાલ ﷺ ના સમકાલીન. ઉમૈયાને ખબર પડી તો પગમાં રસ્સી નાખીને લોકોને કહ્યું કે તપતી રેત પર સૂવડાવવા માટે ઘસડીને લઈ જાઓ. રસ્તામાં એક ઉકરડાનો વાંદો જોવા મળ્યો તો તેમને કહ્યું કે, 'આ જ તો તારો ખુદા નથી ને !' તેમણે ગંભીરતાથી જવાબ આપ્યો કે મારો અને તારો બંનેનો ખુદા અલ્લાહ ત્આલા છે. આના પર ઉમૈયાએ એટલા જોરથી ગળું રૂંધવાનું શરૂ કર્યું કે લોકો એમ સમજ્યા કે તેનો શ્વાસ નીકળી ગયો, પરંતુ તેઓ બચી ગયા. એક વાર એટલો ભારે

પથ્થર તેમની છાતી પર મૂકી દેવામાં આવ્યો કે અતિશય અસ્વસ્થ થઈ જવાને કારણે મોઢામાંથી જીભ બહાર નીકળી ગઈ. ક્યારેક તેમને લોખંડની બેડીઓ પહેરાવીને ધોમધખતી જમીન પર ઊંધા સૂવડાવી દેવામાં આવતા. તેમને પણ હઝરત અબૂબક્ર ﷺ એ ખરીદીને આઝાદ કરી દીધા.

— લુબૈના ﷺ એક લોંડી (સેવિકા) હતા. હઝરત ઉમર (ﷺ ઇસ્લામ લાવ્યા એ પહેલા) તેમને અતિશય પાશવી રીતે મારતા. થાકી જતા તો કહેતા કે મેં દયા ખાઈને નહીં, બલ્કે થાકી જવાને કારણે તને છોડી દીધી છે.

— ઝનીરહ ﷺ હઝરત ઉમર (ﷺ) ના પરિવારમાં દાસી હતા. તેમને હઝરત ઉમર ખૂબ જ નિર્દયતાથી મારતા હતા. અબૂ જહલે તેમને એક વાર પાશવી રીતે માર્યા. તેનાથી તેમની આંખો જતી રહી. એક નોંધ એ છે કે તેમના ઈમાનની બરકતથી ખાસ મહેરબાની અને કૃપા કરીને અલ્લાહ તૂઆલાએ તેમની દૃષ્ટિ પાછી આપી. તેમને પણ હઝરત અબૂબક્ર ﷺ એ ખરીદીને આઝાદ કરી દીધા.

— નહદિયહ ﷺ અને ઉમ્મે ઉબૈસ ﷺ બંને પણ દાસીઓ હતા અને તેમણે પણ અત્યંત કઠોર અત્યાચારો સહ્યા.

— હઝરત ઉસ્માન ﷺ, જેઓ ઉંમરની રીતે આદરણીય હતા અને ધનવાન પણ હતા. જ્યારે ઇસ્લામનો સ્વીકાર કર્યો તો તેમના પોતાના કાકાએ રસ્સીથી બાંધીને પીટ્યા.

— હઝરત અબૂઝર ﷺ એ ઇસ્લામનો સ્વીકાર કરતાં જ કાબામાં આવીને એલાન કર્યું. કુરૈશ તૂટી પડ્યા અને મારતા-મારતા તેમને જમીન પર સૂવડાવી દીધા.

— હઝરત ઝુબૈર બિન અલ-અવ્વામ ﷺ ને ઇસ્લામ સ્વીકારવાની સજા આપવા માટે તેમના કાકા ચટાઈમાં લપેટીને નાકમાં ધૂમાડો આપતા હતા. પરંતુ તેઓ ખૂબ દૃઢતાથી ફરમાવતા, ''હું કુફ્ર તો હવે કદાપિ નહીં કરું.''

— સઈદ બિન ઝૈદ ﷺ (હઝરત ઉમર ﷺ ના પિતરાઈ ભાઈ) ને હઝરત ઉમર (ﷺ) રસ્સીઓથી બાંધી દેતા.

— સઅદ બિન વક્કાસ ﷺ ની સાથે પણ પાશવી કાર્યવાહીઓ ચાલુ રાખવામાં આવી.

— અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﷺ એ ઇસ્લામ સ્વીકાર્યા પછી પહેલી વાર હરમમાં ઊંચા અવાજથી કુર્આન પઢ્યું. સૂરઃ રહમાનની તિલાવત તેમણે ચાલુ રાખી અને ઇજાગ્રસ્ત ચહેરાની સાથે પાછા આવ્યા.

—હઝરત ઉસ્માન બિન મઝઊન ؓ વલીદ બિન મુગીરાની શરણમાં હોવાને કારણે શરૂઆતમાં સુરક્ષિત હતા. પરંતુ અલ્લાહના રસૂલ ﷺ ના સાથીઓ જે કટોકટીની ઘડીઓમાંથી પસાર થઈ રહ્યા હતા, તેમને જોઈને ઉસ્માન ؓ ના હૃદયમાં લાગણી થઈ કે હું એક મુશ્રિકના આશ્રયમાં અમન-ચેનથી કેવી રીતે રહું, જ્યારે કે મારા સાથીઓ આ બધું ભોગવી રહ્યા છે. તેમણે વલીદ બિન મુગીરા સાથે વાત કરી કે હું શરણ પાછું કરું છું. વલીદે સમજાવ્યા કે, 'ભત્રીજા ! મારી કોમનો કોઈ માણસ તમારા સાથે દુર્વ્યવહાર ન કરી બેસે." તેમણે કહ્યું કે હું તો અલ્લાહની શરણમાં રહીશ અને તેના સિવાય બીજા કોઈના શરણની મને આવશ્યકતા નથી. કાબામાં જઈને તેમણે ઊંચા અવાજથી વલીદ બિન મુગીરાનું શરણ પાછું કરવાનું એલાન કર્યું અને તે પછી કુરૈશની સભામાં જઈ બેસ્યા. લુબૈદે કાવ્ય-પંક્તિ બોલી —

الا كل شيء ما خلا الله باطل (દરેક વસ્તુ અલ્લાહ સિવાય અસત્ય છે.) ઉસ્માન બોલ્યા - તમે સાચું કહ્યું. તેણે બીજી કાવ્ય-પંક્તિ બોલી - وكل نعيم لا محالة زائل (અને દરેક ને'મતો નિશ્ચિતપણે નષ્ટ થવાવાળી છે.) તેમણે કહ્યું - આ વાત તમે ખોટી કહી છે. જન્નતની ને'મતો (બક્ષિસો) ક્યારેય નષ્ટ નહીં થાય.લુબૈદનું લોહી ઉકળી ઉઠ્યું કે આ હિંમત કોની છે. બોલ્યો - હે કુરૈશ ! કોણ છે જે તમારા સાથી સાથે આવો દુર્વયવહાર કરે છે. કોઈએ કહ્યું કે આ મૂર્ખ લોકોમાંથી એક મૂર્ખ છે, જે આપણા ધર્મથી ફરી ગયો છે. તેથી તેની વાતનું ખોટું ન લગાડો. હઝરત ઉસ્માન ؓ પણ ચૂપ ન રહી શક્યા. તેમણે પણ એવો જ જવાબ આપ્યો. તેના પર એ જ માણસ ઊભો થયો અને તેણે ઉસ્માન બિન મઝઊન ؓ ને એક એવી થપ્પડ મારી કે તેમની આંખો ફૂટી ગઈ. આના પર વલીદ બિન મુગીરાએ કહ્યું કે તમે જો મારા શરણમાં રહેતા તો આંખથી આ રીતે હાથ ધોવા ન પડતા. હઝરત ઉસ્માન ؓ એ જવાબ આપ્યો કે મારી જે આંખ બચી ગઈ છે તે પણ કુરબાન જવા તૈયાર છે. હું એ હસ્તીના શરણમાં છું જે તમારાથી વધારે પ્રતિષ્ઠિત અને શક્તિશાળી છે.

— હઝરત અબૂઝર ؓ એ સત્યના આમંત્રણનો સ્વીકાર કર્યો તો ક્રાંતિકારી આત્માથી તરબોળ થઈને સીધા હરમમાં પહોંચ્યા, અને ત્યાં જઈને ઊંચા અવાજથી પોતાની નવી આસ્થાનું એલાન કર્યું. કુરૈશ છટપટી ગયા અને કહેવા લાગ્યા કે આ કોણ અધર્મી છે, મારો તેને. એ પછી મારપીટ શરૂ થઈ ગઈ. ઇરાદો એ હતો કે તેમને જાનથી મારી નાખવામાં આવે, પરંતુ હુઝૂર ﷺ ના કાકા અબ્બાસ (ؓ) સંયોગવશ ત્યાંથી પસાર થયા. તેમણે કહ્યું કે આ તો ગફ્ફાર કબીલાનો માણસ છે અને તમને વેપાર માટે આ જ કબીલાની સરહદોમાંથી પસાર થઈને જવાનું થાય છે,

કંઈક ભાનમાં આવો. લોકો અટકી ગયા. બીજા દિવસે તેમણે ફરી ઇસ્લામી આસ્થાનું એલાન કર્યું અને ફરી માર ખાધો.

— હઝરત ઉમ્મે શરીક ﷺ ઈમાન લાવ્યા, તો તેમના સગાવહાલાંઓએ તેમને ધોમધખતા તડકામાં ઊભા કરી દીધા. આ હાલતમાં તેઓ તેમને ભોજનમાં રોટીની સાથે મધ આપતા અને પાણી ન આપતા, જેથી ગરમીની બમણી યાતના ભોગવે. ત્રણ દિવસ નિરંતર આ જ હાલતમાં વિતી ગયા. અત્યંત પીડાની ક્ષણોમાં તેમને કહેવામાં આવ્યું કે ઇસ્લામ છોડી દે. તેઓ એટલી હદે ભાન ગુમાવી ચૂક્યા હતા કે તેઓ આ વાતને સમજી પણ શકતા ન હતા. પછી અત્યાચારીઓએ આકાશ તરફ ઇશારો કરીને કહ્યું કે એક અલ્લાહનો ઇન્કાર કરો. જ્યારે તેઓ હેતુ સમજી ગયા તો કહ્યું કે અલ્લાહના સોગંદ ! હું તો મારી આસ્થા પર યથાવત છું.

હઝરત ખાલિદ ﷺ બિન અલ-આસના ઇસ્લામ સ્વીકાર પર તેમના પિતાએ એટલી હદે તેમને માર્યા કે માથું જખમી થઈ ગયું. તેમને ભૂખની યાતના પણ આપવામાં આવી.

ટૂંકમાં એ કે કોણ હતું, જેને આ ભઠ્ઠીમાં નાખવામાં આવ્યો ન હોય? હઝરત ઉસ્માન ﷺ ને તેમના કાકા હકમ બિન અલ-આસે રસ્સીઓથી બાંધી દીધા. આ જ વ્યવહાર હઝરત અબૂબક્ર ﷺ અને હઝરત તલ્હા ﷺ ની સાથે થયો. વલીદ ﷺ બિન વલીદ, અયાશ ﷺ બિન અબી રબીઆ અને સલમા ﷺ બિન હિશામને ખૂબ જ કષ્ટ આપવામાં આવ્યા અને પછી તેમને હિજરતથી પણ રોકવામાં આવ્યા. જોર-જુલમ અને દમનની અંતિમ કક્ષાનું પ્રદર્શન એ પણ હતું, જે પોતાની જ બહેન અને બનેવીની સાથે હઝરત ઉમર (ﷺ) એ બતાવ્યું. તેની વિગત આગળ આવશે.

એક તરફ એક-પછી-બીજી આ ભયાનક હિંસાના ક્રમને જુઓ, અને બીજી તરફ ઇસ્લામી આંદોલનના ધ્વજવાહકોની દૃઢતા અને મક્કમતાને જુઓ કે પુરુષો, સ્ત્રીઓ, ગુલામો અને દાસીઓ, જે પણ આ સત્યના કેફમાં ચકચૂર થઈ ગયો, પછી તેના ડગ પાછળ ન હટ્યા. અત્યાચારો કોઈ એક વ્યક્તિને પણ ઇસ્લામને ત્યજી દેવાના માર્ગ પર ન નાખી શક્યા. સાચા અર્થમાં આપણે જોઈએ છીએ કે એક ક્રાંતિકારી લહેર એ હસ્તીઓના મનો-મસ્તિષ્કમાં દોડી રહી હતી અને તેમના ધૈર્યએ દમન અને અત્યાચારને તદ્દન પરાજિત કરી દીધા. જે કોઈ ઇસ્લામની પોકાર પર લબ્બૈક કહી દેતો, તેના અંદરથી તદ્દન એક નવો માનવી પ્રગટ થઈ જતો અને તેના દિલમાં નવી શક્તિઓ જાગી ઉઠતી.

હબશાની હિજરત

સહન કરવાની પણ એક સીમા હોય છે. પરીક્ષાની જે કઠિન ઘડીઓનો ઇસ્લામી આંદોલનના ધ્વાજવાહકોને સામનો કરવો પડ્યો હતો, તેને સહન કરવામાં તેમણે હંમેશ માટે યાદગાર નમૂનાઓ સ્થાપિત કરી દીધા. પરંતુ અત્યાચાર અને દમનનો પ્રવાહ ક્યાંય અટકતો દેખાઈ રહ્યો ન હતો, બલ્કે રોજ-બ-રોજ વધારે જોર પકડતો જઈ રહ્યો હતો. હુઝૂર ﷺ પોતાના સાથીઓની હાલત જોઈ-જોઈને વ્યથિત થઈ જતા, પરંતુ કોઈ જોર ચાલતું ન હતું. સહારો હતો, તો માત્ર અલ્લાહ પર ઈમાનનો હતો, આખિરતના વિશ્વાસનો હતો, સચ્ચાઈના અંતિમ વિજયની પ્રબળ આશાઓનો હતો, હૃદયદ્રાવક દુઆઓનો હતો. હુઝૂર ﷺ પોતાના સાથીઓને સાંત્વના આપતા કે અલ્લાહ કોઈ-ને-કોઈ માર્ગ કાઢશે. દેખીતી રીતે મક્કાનું વાતાવરણ નિરાશાજનક બનતું જઈ રહ્યું હતું અને એ બાબતના કોઈ ચિહ્નો દેખાતા નહોતા કે ઇસ્લામી આંદોલનનું પવિત્ર વૃક્ષ આ પથરાળ જમીનમાં ફૂલશે-ફાલશે. પરિસ્થિતિ બતાવી રહી હતી કે સત્યની વ્યવસ્થાનો પાયો અહીં નાખી શકાશે નહીં, બલ્કે અન્ય ભૂમિને આ સૌભાગ્ય પ્રાપ્ત થવાનું છે. ઇસ્લામી આંદોલનના ઇતિહાસમાં પહેલા પણ હંમેશા હિજરતનું પ્રકરણ અવશ્ય સામેલ રહ્યું છે. એ રીતે અંદાજ આવી ગયો હતો કે માનવતાના ઉપકારક ﷺ અને તેમના સાથીઓને પણ વતન છોડવું પડશે. એક વૈશ્વિક માનવ-લક્ષી આંદોલનનો આરંભ આમ તો કોઈ ખાસ દેશ અને કોમમાં જ થાય છે, પરંતુ તે રાષ્ટ્રવાદ અને કોમવાદની સીમાઓથી પર હોય છે. એક કોમ કે પ્રદેશના લોકો જો અયોગ્ય પુરવાર થાય, તો તે કોઈ બીજી વસ્તીને આમંત્રણ આપવાનું શરૂ કરે છે. પરંતુ જ્યાં સુધી અલ્લાહ તરફથી સ્પષ્ટરૂપે અનુમતિ ન મળે, પયગંબરોની એ શાન નથી હોતી કે આમંત્રણ અને સંદેશના પ્રથમ કેન્દ્રને છોડી દે. તેમ છતાં હુઝૂર ﷺ જોરજુલમ અને ધૈર્યના સંઘર્ષને એવા તબક્કામાં પ્રવેશ કરતા જોઈ રહ્યા હતા, જ્યાં માનવીનું ધૈર્ય ખૂટી શકે છે. મુસલમાનો બેચેન હતા કે અલ્લાહની મદદ ક્યારે આવશે. આ પરિસ્થિતિમાં હુઝૂર ﷺ એ સહાબા રદિ. ને સલાહ આપી કે, ''ક્યાંક બીજી જમીન પર જતા રહો. અલ્લાહ ટૂંક સમયમાં જ તમને કોઈ જગ્યાએ એકઠા કરી દેશે.'' પૂછવામાં આવ્યું કે ક્યાં જઈએ? હુઝૂર ﷺ એ હબશા (ઇથોપિયા) દેશ તરફ ઇશારો કર્યો. વાસ્તવમાં અલ્લાહના રસૂલ ﷺ ના જ્ઞાનમાં હતું કે ત્યાંનું રાજ્ય ન્યાય પર કાયમ છે અને ઈસાઈયત (ખ્રિસ્તી ધર્મ)ના આધારે ચાલી રહ્યું છે. આપ ﷺ ની સામે એ સંભાવના હતી કે કદાચ આ જ પ્રદેશ હિજરત કરવા માટે યોગ્ય હોઈ શકે છે. તેથી આપ ﷺ એ આ દેશ વિશે ફરમાવ્યું, هي ارض صدق (એ ભૂમિ સચ્ચાઈની છે.)(૧)

૧. સીરતે ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૪૩.

નુબૂવ્વતના પાંચમા વર્ષે હુઝૂર ﷺ ના ક્રાંતિકારી સમુદાયના અગિયાર પુરુષો અને ચાર મહિલાઓનો કાફલો હઝરત ઉસ્માન બિન અફફાન રઝિ. ના નેતૃત્વમાં રાત્રિના અંધકારમાં હબશા રવાના થયો. આ પ્રથમ હિજરતના સફરમાં હઝરત ઉસ્માન રઝિ. ની સાથે તેમની આદરણીય પત્ની, અર્થાત્ અલ્લાહના રસૂલ ﷺ ના સુપુત્રી હઝરત રુકૈયા રઝિ. પણ નીકળ્યા. હુઝૂર ﷺ એ આ મુબારક જોડા વિશે ફરમાવ્યું - લૂત અને ઇબ્રાહીમ અલૈ. પછી આ પહેલું જોડું છે, જેણે અલ્લાહના માર્ગમાં વતન છોડ્યું.[૧]

આ કાફલાના નીકળ્યા પછી જ્યારે કુરૈશને જાણકારી મળી તો પીછો કરવા માણસો દોડાવ્યા, પણ જ્યારે તેઓ બંદરગાહ (જિદ્દાહ) પહોંચ્યા તો ખબર પડી કે તેમને બરાબર એ જ સમયે હોડીઓ તૈયાર મળી ગઈ હતી અને તેઓ હવે પહોંચની બહાર છે. આ મુહાજિરો થોડો જ સમય (રજબથી શવ્વાલ સુધી) હબશામાં રહ્યા. એક અફવા એવી પહોંચી કે કુરૈશે ઇસ્લામ સ્વીકારી લીધો છે, તો આ બધા પાછા આવી ગયા. પરંતુ મક્કાના નજીક પહોંચતાં જ ખબર પડી કે આ અફવા ખોટી હતી. હવે ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા. કેટલાક છુપાઈને શહેરમાં આવી ગયા અને અમુક કોઈની હિમાયત પ્રાપ્ત કરીને દાખલ થયા. આ રીતે પાછા આવી જવાનું અનિવાર્ય પરિણામ એ જ આવવાનું હતું કે પહેલાથી વધારે અત્યાચાર થવા લાગ્યો.

ફરીથી મોટો કાફલો, જેમાં ૮૫ પુરુષો અને ૧૭ સ્ત્રીઓ સામેલ હતી, હબશા જઈ પહોંચ્યો. ત્યાં તેમને શાંતિભર્યું વાતાવરણ મળ્યું અને તેઓ શાંતિથી ઇસ્લામના તકાદાઓ અનુસાર જીવન વિતાવવા લાગ્યા.

હવે જુઓ કે સત્યના દુશ્મનોનો દ્વેષ ક્યાં સુધી પહોંચે છે. આ લોકોએ એક સભામાં બધા મામલાઓ પર વિચાર કરીને યોજના બનાવી અને અબ્દુલ્લાહ બિન રબીઆ અને ઉમરૂ બિન અલ-આસને એલચી તરીકે નિયુક્ત કર્યા કે તેઓ હબશાના બાદશાહને જઈને વાત કરે અને મુહાજિરોને પાછા લઈ આવે. આ હેતુ માટે નજ્જાશી અને તેના દરબારીઓ માટે કીમતી ભેટસોગાદો તૈયાર કરવામાં આવી અને ભારે સર-સામાનની સાથે વાતચીત માટે આ લોકો રવાના થયા. હબશા પહોંચીને દરબારીઓ અને પાદરીઓ સાથે મળીને તેઓ ષડયંત્ર ઘડવામાં વ્યસ્ત થઈ ગયા અને તેમને રુશ્વતો આપી. તેમના સામે મામલાની એ વિગત મૂકી કે અમારા શહેરમાં કેટલાક માથાફરેલા લોકોએ એક ધાર્મિક ઉપદ્રવ ઊભો કર્યો છે, અને એ ઉપદ્રવ તમારા ધર્મ માટે પણ એટલો જ ખતરનાક છે, જેટલો અમારા પૂર્વજોના ધર્મ માટે. અમે તેમને કાઢી મૂક્યા હતા, તો હવે આ લોકો અહીં તમારા શરણમાં આવીને

૧. અલ-મવાહિબુદ્-દુન્યા, ભા-૧, પૃ. ૫૧ અને રહમતુલ લિલ આલમીન, ભા-૧, પૃ. ૭૨.

પડ્યા છે. તેમને અહીં રહેવા દેવા ન જોઈએ. આ હેતુમાં તમે અમને સહયોગ કરો. તેમની કોશિશ તો એ હતી કે દરબારમાં આખો વિવાદ ચર્ચામાં જ ન આવે અને મુહાજિરોને મૂળથી વાત કરવાની કોઈ તક જ ન મળે અને બાદશાહ એક તરફી વાત સાંભળીને તેમને અમારા હવાલે કરી દે. આ જ હેતુસર રુશ્વત અને ગુપ્ત કારસ્તાનીની રીતો અપનાવવામાં આવી હતી. આ લોકો જ્યારે દરબારીઓ અને પાદરીઓને શીશામાં ઊતારી ચૂક્યા તો નજ્જાશીની સામે ભેટસોગાદો લઈને રજૂ થયા. પછી પોતાનું નિવેદન રજૂ કર્યું કે મક્કાના આગેવાનોએ અમને તમારી સેવામાં ભેટસોગાદો લઈને મોકલ્યા છે કે તમે અમારા માણસોને અમારા સાથે પાછા કરી દો. દરબારીઓ અને પાદરીઓએ પણ સમર્થન કર્યું, પણ નજ્જાશીએ એક તરફી દાવા પર કાર્યવાહી કરવાનો ઇન્કાર કરી દીધો અને સ્પષ્ટ કહી દીધું કે આ લોકો પાસેથી પરિસ્થિતિ જાણ્યા વગર હું તેમને તમારા હવાલે કરી શકતો નથી.

બીજા દિવસે દરબારમાં બંને પક્ષકારોને બોલાવવામાં આવ્યા. મુસલમાનોને જ્યારે દરબારમાં હાજરીનો સંદેશો મળ્યો તો તેમના વચ્ચે સલાહ-મસ્લત થઈ કે બાદશાહ ઈસાઈ (ખ્રિસ્તી) છે અને આપણે લોકો આપણી આસ્થા અને મસ્લક (પંથ)માં તેમનાથી મતભેદ ધરાવીએ છીએ, છેવટે શું કહેવામાં આવે ? પરંતુ નિર્ણય એ જ થયો કે આપણે દરબારમાં એ જ બધું કહીશું, જે અલ્લાહના નબી ﷺ એ આપણને શીખવાડ્યું છે, અને તેમાં એક શબ્દ પણ બદલીશું નહીં — જે થવું એ થાય. અનુમાન કરો કે આ લોકોનું ઈમાન કેટલું અટલ હતું. આટલી સંગીન પરિસ્થિતિમાં સત્ય અને સચ્ચાઈ પર કાયમ રહેવાનો નિર્ધાર વાસ્તવમાં અલ્લાહની દેણ છે. પછી જ્યારે આ મહાનુભાવો દરબારમાં પહોંચ્યા, તો નિર્ધારિત શિષ્ટાચાર મુજબ નજ્જાશીને સિજદો ન કર્યો. દરબારીઓએ આ વ્યવહાર પર માઠું લગાડ્યું અને પ્રશ્ન કર્યો કે છેવટે તમે લોકોએ સિજદો કેમ ન કર્યો. હઝરત જાફર رضي الله عنه (પ્રતિનિધિ-મંડળના પ્રવક્તા)એ પૂરી હિંમતથી જવાબ આપ્યો કે અમે લોકો અલ્લાહ સિવાય કોઈને સિજદો કરતા નથી અને સ્વયં રસૂલુલ્લાહ ﷺ ને પણ સીધી-સાદી રીતે સલામ જ કહીએ છીએ. વિચાર કરો — કેટલી સંવેદનશીલ પરિસ્થિતિમાં સાચી તૌહીદ (એકેશ્વરવાદ)નું આ ક્રાંતિકારી પ્રદર્શન કરવામાં આવી રહ્યું હતું. પ્રતિપક્ષ જે શક્તિની સામે ખુશામદ કરી રહ્યો હતો, આ લોકો તેના રૂબરૂ સિદ્ધાંત-પ્રિય સ્વાભિમાનનો રંગ બતાવી રહ્યા હતા.

હવે મક્કાના એલચીઓએ પોતાનો દાવો રજૂ કર્યો કે આ મુહાજિરો અમારા ત્યાંથી ભાગેડુ ગુનેગારો છે. તેમણે એક નવો દીન (ધર્મ) ઘડી લીધો છે અને સમાજને છિન્નભિન્ન કરી નાખે એવું તોફાન ઊભું કરી રાખ્યું છે. તેથી આમને અમારા હવાલે

કરવામાં આવે. નજ્જાશીએ મુસલમાનોને પૂછ્યું કે આ શું મામલો છે, અને ઈસાઈયત અને મૂર્તિપૂજા સિવાય કયો દીન (ધર્મ) છે, જેને તમે લોકોએ અપનાવ્યો છે ?

હઝરત જાફર ﷺ મુસલમાનો તરફથી પ્રતિનિધિ બનીને ઊભા થયા અને નજ્જાશીથી અનુમતિ માંગી કે પહેલા તેઓ મક્કાના એલચીઓને થોડાક પ્રશ્નો કરી લે. અનુમતિ મળતાં આ રીતે વાર્તાલાપ થયો –

હઝરત જાફર : ''શું અમે કોઈના ગુલામ છીએ કે જેઓ માલિકથી ભાગીને આવ્યા હોય ? જો આવું હોય તો અમને પાછા મોકલી દેવામાં આવે.''

ઉમરૂ બિન અલ-આસ : ''ના, આ લોકો કોઈના ગુલામ નથી. સ્વતંત્ર નાગરિકો છે.''

હઝરત જાફર : ''શું અમે કોઈની નાહક હત્યા કરીને આવ્યા છીએ ? જો આવું હોય તો અમને મૃતકના વાલીઓને સોંપી દો.

ઉમરૂ બિન અલ-આસ : ના, તેમણે કોઈનું લોહીનું એક ટીપું પણ નથી વહાવ્યું.''

હઝરત જાફર : ''શું અમે કોઈનો માલ-સામાન લઈને ભાગ્યા છીએ ? જો આવું હોય તો અમે તેની ચૂકવણી કરવા તૈયાર છીએ.

ઉમરૂ બિન અલ-આસ : ના, તેમના શિરે કોઈની એક કોડી પણ નથી.''

સામ-સામેની આ દલીલોથી જ્યારે મુસલમાનોની નૈતિક સ્થિતિ સંપૂર્ણપણે ચોખ્ખી થઈ ગઈ, તો હઝરત જાફર ﷺ એ આ પ્રવચન કર્યું –

> ''હે બાદશાહ ! અમે લોકો એક અજ્ઞાની કોમ હતા, મૂર્તિઓને પૂજતા હતા, મુરદાર ખાતા હતા, વ્યભિચાર કરતા હતા, પાડોસીઓને સતાવતા હતા, એક ભાઈ બીજા ભાઈ પર અત્યાચાર કરતો હતો, શક્તિશાળી લોકો અશક્તોને ખાઈ જતા હતા. આ જ અરસામાં અમારામાં એક વ્યક્તિનો ઉદય થયો, જેની સૌજન્યશીલતા, સચ્ચાઈ અને પ્રમાણિકતાથી અમે લોકો પહેલાથી જ વાકેફ હતા. તેણે અમને ઇસ્લામનું આમંત્રણ આપ્યું, અને એ શીખવાડ્યું કે અમે પથ્થરોને પૂજવાનું છોડી દઈએ, સાચું બોલીએ, ખુનામરકીથી દૂર રહીએ, અનાથોનો માલ ન ખાઈએ, પાડોસીઓને રાહત પહોંચાડીએ, સુશીલ સ્ત્રીઓ પર બદનામીનો આરોપ ન મૂકીએ, નમાઝ પઢીએ, રોઝા રાખીએ, સદકો (દાન) આપીએ. અમે તેના પર ઈમાન લાવ્યા, શિર્ક (અનેકેશ્વરવાદ) અને મૂર્તિપૂજા છોડી દીધી અને બધા પ્રકારના

દુરાચારોને ત્યજી દીધા. આ ગુનાસર અમારી કોમ અમારા પ્રાણોની દુશ્મન બની ગઈ અને અમને મજબૂર કરે છે કે અમે ફરી એ જ પથભ્રષ્ટતામાં પાછા ફરીએ. બસ, અમે અમારા ઈમાન અને અમારા પ્રાણોને લઈને તમારા તરફ ભાગીને આવ્યા છીએ. જો અમારી કોમ અમને વતનમાં રહેવા દેતી, તો અમે ન નીકળતા. આ છે અમારું વૃત્તાંત !"

વાત સાચી હોય અને કહેનાર હૃદયની સાચી ભાવના સાથે તેને કહે, તો અનિવાર્યપણે અસર કરે છે. નજ્જાશી જેવા ખુદાતરસ (ઈશનિષ્ઠ) બાદશાહનું હૃદય મીણ થઈ ગયું. કહેવા લાગ્યો કે જરા એ ગ્રંથનો પણ કોઈ ભાગ સંભળાવો, જે તમારા લોકો પર અવતરિત થયો છે. તેથી હઝરત જાફર ﷺ એ સૂરઃ મરયમનો એક ભાગ સંભળાવ્યો. અલ્લાહની આયતોને સાંભળીને બાદશાહનું હૃદય ભરાઈ આવ્યું. તેની આંખોમાં આસુ આવી ગયા. તે અનાયાસ પોકારી ઉઠ્યો, "ખુદાના સોગંદ ! આ કલામ (વાણી) અને ઈંજીલ બંને એક જ દીપકનો પ્રકાશ છે." બલ્કે તેનાથી આગળ એ કહ્યું કે, "મુહમ્મદ (ﷺ) તો એ જ રસૂલ છે, જેના સમાચાર યસૂઅ મસીહ (પયગંબર હઝરત ઈસા ﷺ)એ આપ્યા હતા. અલ્લાહનો આભાર છે કે મને રસૂલ ﷺ નો જમાનો મળ્યો." તેના સાથે એ નિર્ણય સંભળાવ્યો કે મુહાજિરોને પાછા મોકલી શકાય નહીં. કાર્યવાહી સમાપ્ત થઈ ગઈ અને એલચીઓ નિષ્ફળ પાછા ફર્યા. પાછળથી એલચીઓએ ફરી પરસ્પર સલાહ-મસ્લત કરી કે એક બીજી કોશિશ કરવી જોઈએ. નજ્જાશી ઈસાઈ છે અને જો હઝરત ઈસા (ﷺ) વિશે મુસલમાનોની આસ્થા શું છે એ જો દરબારમાં દર્શાવી દેવામાં આવે તો સંભવ છે કે બાદશાહના અંદર ધાર્મિક પૂર્વગ્રહની આગ ભડકી ઊઠે !

બીજા દિવસે ઉમરૂ બિન અલ-આસ ફરી દરબારમાં પહોંચ્યા અને નજ્જાશીના કાન ભરવા માટે એ આરોપ ઘડ્યો કે આ લોકો હઝરત ઈસા (ﷺ) વિશે ખૂબ ખરાબ આસ્થા રાખે છે. નજ્જાશીએ ફરી મુસલમાનોને બોલાવ્યા. તેમને જ્યારે પરિસ્થિતિની ખબર પડી તો થોડીક વાર ચિંતામાં પડ્યા કે હઝરત ઈસા (ﷺ) ના 'ઈબ્નુલ્લાહ' (અલ્લાહના પુત્ર) હોવાનો ઈન્કાર કરીશું તો નજ્જાશીની પ્રતિક્રિયા કોણ જાણે શું હોય ! પરંતુ તેમનો નિર્ધાર પોકારી ઉઠ્યો કે જે વાત સત્ય છે તેને સાફ-સાફ પ્રસ્તુત કરી દો. હઝરત જાફર ﷺ એ પોતાના પ્રવચનમાં કહ્યું કે –

"અમારા પયગંબર ﷺ એ બતાવ્યું છે કે ઈસા (ﷺ) અલ્લાહના બંદા અને તેના પયગંબર અને કલિમતુલ્લાહ (અલ્લાહની વાણી) છે."

નજ્જાશીએ જમીન પરથી એક તણખલું ઉઠાવ્યું અને કહ્યું કે અલ્લાહના સોગંદ ! જે તમે કહ્યું છે ઈસા તેનાથી આ તણખલાથી જરાપણ વધારે નથી. ષડયંત્રનો શિકાર અને રુશ્વત અને ભેટસોગાદોથી ખરીદાયેલા પાદરીઓ મનમાં-ને-મનમાં ખૂબ જ ગુસ્સે થઈ રહ્યા હતા, ત્યાં સુધી કે તેમના નસકોરાઓમાંથી શ્વાસોચ્છવાસનો અવાજ સંભળાવા લાગ્યો. નજ્જાશીએ તેમની કંઈ જ પરવા ન કરી. આદેશ આપ્યો કે તમામ ભેટસોગાદો પાછી આપી દેવામાં આવે. મક્કાનું પ્રતિનિધિ-મંડળ સંપૂર્ણપણે હતાશ અને નિરાશ થઈને પાછું ફર્યું.

ઉમરને જીતી લેવાય છે

હિંસાના વૃત્તાંતનું એ પ્રકરણ ખૂબ જ વિશિષ્ટ છે, જેનું આલેખન હઝરત ઉમર ﷺ ના ક્રોધ અને રોષ વિશે થયું છે. જ્યારે હઝરત મુહમ્મદ ﷺ ની પયગંબરીનો ધ્વજ લહેરાયો, ત્યારે ઉમર ﷺ સત્તાવીસમાં વર્ષમાં હતા. ઈસ્લામ ખૂબ જ ઝડપથી તેમના પરિવારમાં પ્રવેશી ગયો હતો. તેમના બનેવી સઈદ ﷺ સૌથી પહેલા ઈમાન લાવ્યા. તેમના પ્રભાવથી તેમની બહેન ફાતિમા ﷺ પણ મુસલમાન થઈ ગઈ. પરિવારની એક અન્ય પ્રભાવી હસ્તી નઈમ બિન અબ્દુલ્લાહ ﷺ એ પણ સત્યના આમંત્રણને સ્વીકારી લીધું. પહેલા તો આ લોકોના ઇસ્લામ-પ્રવેશની તેમને જાણ ન થઈ શકી, પણ જેવી જાણ થઈ, કાબૂ બહાર થઈ ગયા અને ઇસ્લામ સ્વીકારનારાઓના દુશ્મન બની ગયા. લુબૈના ﷺ તેમના પરિવારની દાસી હતી. તેમને મારતા, અને મારતા-મારતા થાકી જતા, તો શ્વાસ લેવા માટે થોડીક વાર અટકી જતા, ફરી તાજામાજા થઈને મારવાનું શરૂ કરતા.

છેવટે એક દિવસ નિર્ધાર કરી લીધો કે શા માટે સત્યના મૂળ આવાહક પર જ હાથ સાફ કરી લેવામાં ન આવે ! આનું એક પ્રેરક-બળ ઐતિહાસિક નોંધોમાં એ પણ વર્ણવવામાં આવેલ છે કે અબૂ જહલે અલ્લાહના રસૂલ ﷺ ની હત્યા કરનાર માટે આ જ દિવસોમાં એકસો ઊંટોનું ઇનામ રાખ્યું હતું. પરંતુ હઝરત ઉમર ﷺ ના સ્વભાવમાં નહોતું કે તેઓ આવી લાલચનો ભોગ બને. અનુમાન એ જ બતાવે છે કે તેઓ આ કામ એક નૈતિક ફરજ અને પૂર્વજોના ધર્મની સેવા સમજીને કરવા માગતા હતા. જે હોય તે, તેઓ તલવાર લઈને ચાલી નીકળ્યા. રસ્તામાં નઈમ બિન અબ્દુલ્લાહ ﷺ થી ભેટો થઈ ગયો. તેમણે કહ્યું કે પહેલા પોતાના ઘરની ખબર લો અને બહેન-બનેવીથી નિપટારો કરી લો. — પછી બીજી બાજુ જજો. તરત જ પાછા ફર્યા અને બહેનના ઘર પહોંચ્યા. તેઓ કુર્આન પઢી રહ્યા હતા. પગરવ થયો તો ચૂપ થઈ ગયા અને કુર્આનના પૃષ્ઠો છુપાવી દીધા. હઝરત ઉમર ﷺ એ ઘરમાં આવીને પૂછ્યું કે શું

પઢી રહ્યા હતા. બહેને વાતને ટાળી. કહેવા લાગ્યા કે મને ખબર પડી ગઈ છે કે તમે બંને મુર્તદ (ધર્મથી વિમુખ) થઈ ગયા છો. આમ કહીને બનેવી પર તૂટી પડ્યા. પતિને બચાવવા માટે બહેન વચ્ચે આવી, તો તેમને પણ માર્યા. તેમનું શરીર લોહીલુહાણ થઈ ગયું. પરંતુ અશ્રુભીની આંખોથી નિર્ધારપૂર્વક કહેવા લાગ્યા –

''ઉમર (ؓ)! જે કંઈ કરી શકતા હોવ, કરો. પણ હવે ઈસ્લામ હૃદયમાંથી નીકળી શકતો નથી.''

એક સ્ત્રી અને એ પણ બહેન ! ભાવનાઓથી છલોછલ પ્રતિમા ! શરીર જખમી ! કપડાં લોહીમાં લથપથ – આંખોમાં આંસુ – અને જીભ પર નિર્ધારના બોલ ! કલ્પના કરો કે ઈસ્લામે મહિલાઓ સુદ્ધાંના અંદર એક નવી રૂહ ફૂંકી દીધી હતી. ઉમર ؓ ની ક્રૂર શક્તિએ આ હૃદયદ્રાવક દૃશ્યની સામે હાર માની લીધી. કઠણ હીરાનું હૃદય ફૂલની પાંખડીથી કપાઈ ગયું. ફરમાવ્યું - જે તમે પઢી રહ્યા હતા મને પણ લાવીને સંભળાવો. તે ગઈ અને કુર્આનના ભાગો કાઢીને લઈ આવી. જ્યારે આ શબ્દો સામે આવ્યા કે امنوا بالله ورسوله (ઈમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ પર) તો અનાયાસ પોકારી ઉઠ્યા اشهد ان لا اله الا الله واشهد ان محمدا عبده ورسوله. (હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ નથી, અને મુહમ્મદ ﷺ તેના બંદા અને રસૂલ છે.) તેઓ ઈમાનની દોલતથી માલામાલ થઈને સત્યના આંદોલનના કેન્દ્ર અરકમ ؓ ના ઘર તરફ ચાલ્યા. ત્યાં જઈને અલ્લાહના રસૂલ ﷺ ના હાથ પર બૈત કરી (શપથ લીધા). આ ઘટના પર મુસલમાનોએ ખુશીના માર્યા એવો 'નારએ તકબીર' (અલ્લાહની મહાનતાનો નારો) બુલંદ કર્યો કે મક્કાનું સમગ્ર વાતાવરણ ગૂંજી ઉઠ્યું. સત્યના આવાહકો ઉઠ્યા અને મક્કામાં ફેલાઈ ગયા. તેમણે અનુભવ્યું કે તેમની શક્તિ વધી ગઈ છે. હઝરત ઉમર ؓ ના ઈમાન લાવતાં જ કાબામાં પહેલી વાર જાહેરમાં જમાઅત સાથે નમાઝ અદા કરવાનો ક્રમ શરૂ થયો.

હઝરત ઉમર ؓ મક્કાના નવયુવાનોમાં પોતાના જોશ અને બુદ્ધિના કારણે વિશિષ્ટ સ્થાન ધરાવતા હતા. તેમનું વ્યક્તિત્વ નિષ્ઠા અને નિખાલસતાથી ભરપૂર હતું. તેઓ અજ્ઞાનતા-કાળમાં હતા ત્યારે પૂરી નિષ્ઠાથી ઈસ્લામી આંદોલનના દુશ્મન હતા, ન કે કોઈ અંગત સ્વાર્થ ખાતર; અને જ્યારે સત્ય તેમના સામે ખુલી ગયું અને સાલસ પ્રકૃતિ પરથી પરદાઓ ઉઠી ગયા તો સંપૂર્ણ નિષ્ઠાથી ઈસ્લામી આંદોલનનો ધ્વજ ઊંચો કરી દીધો. તેમના વિરોધના જોશનો અંદાજ આમ તો ખૂબ જ તોફાની હતો, પરંતુ તેમની બુદ્ધિ અને તેમની સાલસ પ્રકૃતિ નિરંતર સત્યના પ્રકાશને આત્મસાત કરતી રહી. મક્કાના વાતાવરણમાં જે ઉતાર-ચઢાવ આવી રહ્યા હતા

તેની લહેરોથી તેઓ પ્રભાવિત થતા રહ્યા અને એક-પછી-એક ઘણા પ્રસંગોએ તેમના હૃદયને સત્યના સ્વીકાર માટે તૈયાર કરી દીધું. એક તરફ દરરોજ સત્યના સંદેશની ચર્ચાઓ તેમના સુધી પહોંચતી હશે, બીજી તરફ તેના વિરોધીઓની માનસિક અધોગતિ તેમના સામે ખુલતી ગઈ હશે. પછી એક તરફ તેઓ એ ચરિત્રને જોતા હશે જે માનવતાના ઉપકારક ﷺ ના સાથીઓ પ્રસ્તુત કરી રહ્યા હતા અને બીજી તરફ માનવ-ચરિત્રનો એ અંધકાર તેમની નજરો સામેથી પસાર થતો હશે, જેમાં ઇસ્લામના વિરોધીઓ ગળાડૂબ હતા. દરેક સવાર અને પ્રત્યેક સાંજ આ તુલનાત્મક દૃશ્યો મક્કાના આ જાગૃત હૃદયના નવયુવાન પર અસર કરતા હશે. પરંતુ આ સામાન્ય પરિસ્થિતિ સિવાય બીજા કેટલાક ખાસ પ્રસંગોએ પણ કામ કર્યું હતું.

જેમ કે — ઉમ્મે અબ્દુલ્લાહ બિન્તે અબી હશમા رضي الله عنها હબશાની હિજરતની તૈયારીઓ કરી રહ્યા હતા ત્યારે હઝરત ઉમર رضي الله عنه તેમના ત્યાં પહોંચી ગયા, કહેવા લાગ્યા : ''ઉમ્મે અબ્દુલ્લાહ ! એવું લાગે છે કે મક્કા છોડવાની તૈયારી છે ?'' ઉમ્મે અબ્દુલ્લાહે رضي الله عنها જવાબ આપ્યો : ''હા, અલ્લાહના સોગંદ ! અમે અલ્લાહની ધરતીમાં હિજરત કરીને નીકળી જવાના છીએ. તમે લોકોએ અમને ઘણું દુઃખ આપ્યું છે અને અમારા પર અત્યાચાર કર્યો છે, ત્યાં સુધી કે હવે અલ્લાહ અમારા માટે કોઈ મુક્તિનો માર્ગ ખોલી દે.'' ઉમર رضي الله عنه કહેવા લાગ્યા : ''ખુદા તમારો સાથી હોય.'' ઉમ્મે અબ્દુલ્લાહ رضي الله عنها નું નિવેદન છે કે આ ક્ષણે તેમનું હૃદય એટલું વ્યથિત હતું, જે આ પહેલાં મેં ક્યારેય જોયું ન હતું. અમારી વતન છોડવાની તૈયારીઓને જોઈને તેઓ દુઃખી થઈ ગયા હતા. એટલામાં આમિર બિન રબીઆ (ઉમ્મે અબ્દુલ્લાહ رضي الله عنها ના પતિ) આવી ગયા. ઉમ્મે અબ્દુલ્લાહ رضي الله عنها એ તેમને કહ્યું કે કદાચ, તમે એ વખતે ઉમર (رضي الله عنه)ની વ્યથા અને ગમગીની જોતા, જે આપણા કારણે તેમના પર છવાઈ ગઈ છે. આમિર કહેવા લાગ્યા કે શું તમને તેનાથી તેમના ઇસ્લામ લાવવાની આશા બંધાઈ છે ? ઉમ્મે અબ્દુલ્લાહે હકારમાં જવાબ આપ્યો. તેમણે કહ્યું : ''તમે જેને જોયો છે તે ત્યાં સુધી ઈમાન નથી લાવી શકતો, જ્યાં સુધી ખત્તાબ (હઝરત ઉમર رضي الله عنه ના પિતા)નો ગધેડો ઇસ્લામનો સ્વીકાર ન કરી લે.'' ઉમ્મે અબ્દુલ્લાહ કહે છે કે ઇસ્લામ વિશે તેમની સખ્તાઈ અને ઉદાસિનતાના કારણે આટલી હદની નિરાશા હતી.[1]

પરંતુ કોને ખબર કે આ પ્રસંગે લાગણીનું એક નવું શૂળ ઉમર رضي الله عنه ના હૃદયમાં ભોંકી નહીં દીધું હોય ! એક બીજી રિવાયત પણ બતાવે છે કે તેમનું હૃદય હુઝૂર ﷺ થી કુર્આન સાંભળીને પ્રભાવિત થઈ ગયું હતું. તેમનું પોતાનું નિવેદન છે કે —

''હું ઇસ્લામથી ખૂબ દૂર હતો. અજ્ઞાનતા-કાળમાં શરાબનો એદી

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૬૫.

હતો. શરાબથી રુચિ હતી અને ખૂબ પીતો હતો. 'હઝવરહ'[1]માં અમારી મહેફિલ જામતી હતી, જેમાં કુરૈશી સાથીઓ એકઠા થતા. એક રાત્રે હું મારા આ જ સાથીઓના આકર્ષણમાં મજલિસમાં પહોંચ્યો. તેમને શોધ્યા, પણ તેમાંથી કોઈ એક પણ ન મળ્યો. પછી એક શરાબ વેચનાર યાદ આવ્યો કે ત્યાં જઈને શરાબ પીવું. સંયોગથી એ પણ ન મળ્યો. પછી વિચાર આવ્યો કે શા માટે હું કાબામાં જઈને સાત કે સિત્તેર વાર તવાફ ન કરું. – ત્યાં પહોંચ્યો તો જોયું કે રસૂલુલ્લાહ (ﷺ) ઊભા રહીને નમાઝ પઢી રહ્યા હતા. આપ રુક્ને અસ્વદ અને રુક્ને યમાનીની વચ્ચે (શામ તરફ, અર્થાત્ બૈતુલ મુકદ્દસ તરફ ચહેરો કરીને) ઊભા હતા. ઇરાદો થયો કે ખુદાના સોગંદ ! શા માટે આજે સાંભળવામાં ન આવે કે આ વ્યક્તિ શું કહે છે ? કાબાના ગિલાફની અંદર ઘૂસીને ધીમે-ધીમે નજીક જઈને કુર્આન સાંભળતો રહ્યો. મારા અને અલ્લાહના રસૂલના વચ્ચે માત્ર કાબાનો ગિલાફ હતો. જ્યારે મેં કુર્આન સાંભળ્યું તો મારું હૃદય પીગળી ગયું અને મારી આંખો ભરાઈ આવી. એ જ પળે ઇસ્લામ મારા અંદર પ્રવેશી ગયો."[2]

બાકીની રિવાયત એ બતાવે છે કે હઝરત ઉમર رضي الله عنه એ જ વખતે હુઝૂર ﷺ ના પાછળ-પાછળ ગયા અને ઇસ્લામ કબૂલ કરી લીધો. પરંતુ વાસ્તવિકરૂપે ઇસ્લામ સ્વીકારની એ જ રિવાયત સાચી છે, જે અનુસાર બહેનના ઈમાન અને ધૈર્ય અને અડગતાથી પ્રભાવિત થઈને તેમનું મન બદલાયું. આ રિવાયતનો એ ભાગ પોતાની જગ્યાએ મહત્ત્વનો છે કે હઝરત ઉમર رضي الله عنه જેવી વ્યક્તિ તેના સિવાય કેવી રીતે રહી શકતી હતી કે પોતાના કાનોથી સત્યનો સંદેશ સાંભળે અને પોતાનો મત પોતે નિર્ધારિત ન કરે. વર્ષોના સંઘર્ષમય કાળમાં એવા પ્રસંગોનું બનવું બિલકુલ સંભવ છે કે હઝરત ઉમર رضي الله عنه નબી અકરમ ﷺ ના મોઢે કુર્આન સાંભળવા પહોંચ્યા હોય અને પછી અલ્લાહની આયતોએ ઈમાનનું બીજ તેમના હૃદયમાં વાવી દીધું હોય.

કુર્આનનો વિરોધ કરનારા બીજા લોકો પણ – બલ્કે આગેવાનો સુદ્ધાં – એવા હતા કે ઉત્સુકતા તેમને ચોરી-છૂપે આ આકાશી 'ગીત'ને સાંભળવા માટે લઈ આવતી હતી, જ્યારે કે જાહેરમાં આ જ લોકો કહ્યા કરતા હતા કે قُلُوبُنَا فِي أَكِنَّةٍ ! (અમારા હૃદયો પર ગલેફ ચઢેલા છે) فِي آذَانِنَا وَقْرٌ ! (અમારા કાન બહેરા થઈ ગયા છે). જેમ કે – એક જ રાત્રે અબૂ સુફિયાન બિન હરબ, અબૂ જહલ બિન હિશામ અને

૧. એ જમાનામાં આ મક્કાનું એક બજાર હતું. હવે એ જ જમીનનો ભાગ મસ્જિદમાં સામેલ છે.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૬૮-૩૬૯.

અખ્નસ બિન શરીક છુપાઈને હુઝૂર ﷺ ના ઘરની આસપાસ સંતાઈને કુર્આન સાંભળી રહ્યા હતા. પાછા ફર્યા તો સંયોગથી આમનો-સામનો થઈ ગયો. એક-બીજાને દોષ આપવા લાગ્યા કે આવું ન કરવું જોઈએ, નહિં તો અણસમજ લોકોએ જોઈ લીધું તો તેમના હૃદયોમાં વિનાકારણ વાત બેસી જશે, એમ કહીને તેઓ છૂટા પડીને ચાલ્યા ગયા. રાત્રે તેઓ ફરી આવી પહોંચ્યા અને ફરી એ જ વાતો થઈ અને એ જ નિર્ણય કર્યો. પરંતુ ફરી રાત આવી તો એ જ વાતનું પુનરાવર્તન થયું. છેવટે ખૂબ દૃઢ પ્રતિજ્ઞા લેવામાં આવી કે હવે આવું કોઈ કૃત્ય કરવામાં આવશે નહીં. આ અનુસંધાનમાં એ પ્રશ્ન ઊભો થયો કે દરેકનો શું અભિપ્રાય છે, આ કલામ (વાણી) વિશે જે મુહમ્મદ (ﷺ) ના મોઢેથી સાંભળવામાં આવેલ છે ? બધાએ કંઈ-ને-કંઈ કહ્યું અને બધાના અંતે અબૂ જહલે ઉશ્કેરાઈને કહ્યું કે, ''અમે અને બનૂ અબ્દે મનાફ હંમેશા પ્રતિસ્પર્ધી રહ્યા છીએ. તેમણે અતિથિઓનો સત્કાર કર્યો તો અમે પણ કર્યો, તેમણે ખૂંબહા (હત્યાનું વળતર, Blood Money) આપ્યા તો અમે પણ આપ્યા, તેમણે સખાવતો કરી તો અમે પણ કરી, ત્યાં સુધી કે અમે તેમના સમકક્ષ થઈ ગયા, તો હવે તેઓ એમ કહે છે કે આ અમારો નબી છે, જેના પર આકાશથી વહી આવે છે, અમે છેવટે આવી વાત કેવી રીતે સ્વીકારી શકીએ છીએ ? ખુદાના સોગંદ ! અમે તેના પર ઈમાન નથી લાવી શકતા અને ન તેનું સમર્થન કરી શકીએ છીએ.''(૧)

આ ગૌણ પ્રસંગને અમે એટલા માટે વર્ણવ્યો છે કે એ માનવ-સહજ ઉત્સુકતાનું અનુમાન કરી શકાય, જે ક્યારેક-ક્યારેક હઝરત ઉમર રદિ. ને પણ રસૂલુલ્લાહ ﷺ ની પાસે અલ્લાહની વાણી પોતાના કાનોથી સાંભળવા માટે લઈ ગઈ હશે.

ઈસ્લામી આંદોલનની નવી હરણફાળ

જે હોય તે, હઝરત ઉમર રદિ. નો ઇસ્લામ-સ્વીકાર એક મોટી ઘટના હતી, જેના પાછળ ઘણા નવા પ્રેરકબળો કામ કરી રહ્યા હતા. આ ઘટના એ રીતે વધારે મહત્ત્વની બની જાય છે કે હિંસા અને અત્યાચારના ગાળાના બરાબર મધ્યાહ્નમાં આ સત્ય-નિષ્ઠ આગળ વધે છે. વિરોધી શક્તિ અત્યાચાર એટલા માટે કરી રહી હતી કે લોકોને ઇસ્લામથી રોકે. પરંતુ એ જ હિંસા અને અત્યાચાર તેમની યોજનાઓથી વિપરીત હૃદયોને પીગળાવી રહ્યો હતો. આ પરિસ્થિતિ ઇસ્લામની સચ્ચાઈ પર સ્વયં પૂર્ણ સાક્ષી છે કે જેટલો પ્રતિકાર વધતો ગયો એટલા જ સૌથી સારા મનો-મસ્તિષ્કના લોકો તેના સામે જીતાતા ગયા. હબશાની હિજરત પછીના ગાળામાં મક્કા પોતાના છેલ્લા મોતીઓને પ્રસ્તુત કરી રહ્યું હતું.

હઝરત ઉમર રદિ. જેવી વ્યક્તિ સચ્ચાઈના સંદેશનો આગળ વધીને સ્વીકાર

કરે અને પછી કોઈ નવીન ઉતાર-ચઢાવ ન આવે, એવું કેવી રીતે બની શકતું હતું ! તેમણે ઈરાદો કરી લીધો કે એક વાર તો માહોલને પડકાર કરીને રહીશું. ઇબ્ને ઉમર ﷺ (જેઓ તે વખતે બાળક હતા, પણ મામલાને સમજતા હતા)નું નિવેદન છે કે, ''મારા પિતા ઉમર ﷺ જયારે ઈમાન લાવ્યા તો તપાસ કરી કે કુરૈશનો કયો માણસ વાતને સારી રીતે ફેલાવી શકે છે. તેમને જમીલ બિન મુઅમ્મર હમ્જીનું નામ બતાવવામાં આવ્યું. તેઓ વહેલી સવારે તેના ત્યાં પહોંચ્યા અને હું પણ સાથે ગયો કે જોઉં, શું કરે છે. તેને જઈને કહેવા લાગ્યા કે હે જમીલ ! તમને ખબર છે કે મેં ઇસ્લામ સ્વીકારી લીધો છે અને મુહમ્મદ (ﷺ)ના દીનમાં સામેલ થઈ ગયો છું. તે પછી જમીલ પોતાની ચાદર ઓઢીને મસ્જિદે-હરામના દરવાજા પર પહોંચ્યો અને ત્યાં જોરથી એલાન કર્યું કે હે કુરૈશના લોકો ! સાંભળો ! ઉમર બિન ખત્તાબ સાબી બની ગયો છે. હઝરત ઉમર ﷺ પણ પાછળથી આવી પહોંચ્યા અને તેમણે પોકારીને કહ્યું કે આણે ખોટું કહ્યું છે. હું મુસલમાન થયો છું અને મેં જાહેરાત કરી છે કે એક અલ્લાહ સિવાય કોઈ ઇલાહ (ઉપાસ્ય) નથી અને મુહમ્મદ ﷺ તેના બંદા અને તેના રસૂલ છે. કુરૈશીઓ તેમના પર તૂટી પડ્યા. મારા પિતા સાથે તેઓ ખૂબ લડ્યા અને મારા પિતા પણ તેમના સાથે ખૂબ લડ્યા અને આ જ મારામારીમાં સૂર્ય માથા પર આવી ગયો. આ જ સમયે એક કુરૈશી સરદાર યમની ચાદર ઓઢીને આવ્યો અને તેણે પૂછ્યું કે મામલો શું છે ? તેણે વાત સાંભળી અને કહ્યું કે, ''આ વ્યક્તિએ પોતાના માટે એક માર્ગ પસંદ કરી લીધો છે, તો તમે હવે શું ઇચ્છો છો ? વિચારો તો ખરા કે શું બનૂ અદી બિન કઅબ પોતાના માણસને આ રીતે તમારા હાથોમાં આપી શકે છે ? છોડી દો આને.'' આ હતા આસ બિન વાઈલ સહમી. તેમણે હઝરત ઉમર ﷺ ને પોતાના આશ્રયમાં લઈ લીધા.[1]

આના સાથે-સાથે હઝરત ઉમર ﷺ એ પોતાના ઈમાની જોશના પ્રદર્શનનો બીજો એક વધુ ઉપાય શોધી કાઢ્યો. તેમણે ઈમાન લાવ્યાની પહેલી જ રાત્રે વિચાર્યું કે અલ્લાહના રસૂલ ﷺ ના વિરોધમાં અત્યંત કઠોર કોણ છે ? ખબર પડી કે અબૂ જહલથી વધારે સખત કોઈ બીજો નથી. સવાર થતાં જ અબૂ જહલના ત્યાં પણ જઈ પહોંચ્યા. દરવાજો ખખડાવ્યો. અબૂ જહલ નીકળ્યો અને અભિવાદન કરીને હેતુ પૂછ્યો. તેમણે બતાવ્યું કે હું એ જાણકારી આપવા આવ્યો છું કે હું (મુહમ્મદ ﷺ પર) ઈમાન લઈ આવ્યો છું અને આપ ﷺ ના સંદેશની સચ્ચાઈને સ્વીકારી ચૂક્યો છું. અબૂ જહલે ક્રોધિત થઈને દરવાજો બંધ કરી દીધો અને કહ્યું કે, ''ખુદાની માર તારા પર અને તારી આ જાણકારી પર.''

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૭૦-૩૭૧.

ત્રીજી તરફ તેમણે ઇસ્લામી આંદોલન માટે એક ડગ વધારે આગળ વધારી દીધું. માર તો ખાધો, પણ તેના જવાબમાં હરમમાં જાહેરમાં નમાઝ પઢવાનો આરંભ કરી દીધો. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﷺ ના કથન અનુસાર, ''હઝરત ઉમર ﷺ દ્વારા ઇસ્લામ સ્વીકાર્યા પહેલા અમારામાં એટલી હિંમત ન હતી કે અમે કાબામાં નમાઝ અદા કરી શકીએ. ઉમર ﷺ મુસલમાન બન્યા, તો કુરૈશથી લડીને કાબામાં નમાઝ અદા કરી અને અમે પણ તેમના સાથે નમાઝ અદા કરી.''

એક તરફ અત્યાચારનું એ જોર જુઓ અને બીજી તરફ એ દશ્ય જુઓ કે દુશ્મનોમાંથી ઇસ્લામ સૌથી શ્રેષ્ઠ અંશને તારવી રહ્યો હતો.

હમઝા ﷺ નો ઇસ્લામ-સ્વીકાર

આવી જ ઘટના હઝરત અમીર હમઝા ﷺ ની છે. મક્કાનો આ નવયુવાન બુદ્ધિ, સાહસ અને પ્રતિભાનો માલિક હતો. હુઝૂર ﷺ ના કાકાઓમાંથી જનાબ અબૂ તાલિબ પછી એક આ જ કાકા એવા હતા, જેમને મતભેદ છતાં આપ ﷺ સાથે પ્રેમ હતો. ઉંમર પણ માત્ર બે-ત્રણ વર્ષ વધારે હતી અને આ રીતે સમવયસ્ક હોવાને કારણે બાળપણમાં કાકા-ભત્રીજા મિત્રો પણ રહ્યા હતા.

એક દિવસનો પ્રસંગ છે કે સફા પર્વતની પાસે અબૂ જહલે હુઝૂર ﷺ પર હાથ ઉગામ્યો અને ખૂબ ખરાબ શબ્દો બોલ્યો. હુઝૂર ﷺ એ ધીરજથી પીડા સહન કરી લીધી અને કોઈ જવાબ ન આપ્યો. સંયોગથી અબ્દુલ્લાહ બિન જુદઆનની દાસીએ આ આખો મામલો જોયો. હઝરત હમઝા ﷺ શિકાર કરવા માટે ગયા હતા. કમાન ઉઠાવીને પાછા આવ્યા, તો આ દાસીએ આખી વિગત સંભળાવી અને કહ્યું કે, ''હાય ! જો તમે પોતે જોઈ શકતા કે તમારા ભત્રીજા પર શું વિતી !'' આ સાંભળીને હમઝા ﷺ નું સ્વાભિમાન જાગી ઉઠ્યું. સીધા કુરૈશની મજલિસમાં પહોંચી ગયા, જ્યાં અબૂ જહલ બેસેલો હતો. હરમમાં જઈને અબૂ જહલના માથા પર કમાન મારી અને કહ્યું કે, ''શું તેં મુહમ્મદ (ﷺ)ને ગાળ બોલી ? જો આવું છે તો હું પણ તેના દીન પર છું અને જે કંઈ તે કહે છે એ જ બધું હું પણ કહું છું. હિંમત હોય તો મારા મુકાબલામાં આવ.'' અબૂ જહલની હિમાયતમાં બની મખઝૂમનો એક માણસ મજલિસમાંથી ઊભો થયો, પરંતુ અબૂ જહલે તેને એમ કહીને રોકી દીધો કે જવા દો. મેં અબૂ અમ્મારાના ભત્રીજાને ખૂબ ગંદી ગાળો બોલી છે. હઝરત હમઝા ﷺ ઇસ્લામ પર અડગ રહ્યા અને કુરૈશે અનુભવી લીધું કે અલ્લાહના રસૂલ ﷺ ની શક્તિ વધી ગઈ છે.(૧)

---

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૩૧૨-૩૧૩.

બહિષ્કાર અને નજરબંદી

સત્યના દુશ્મનો પોતાની બધી યુક્તિ-પ્રયુક્તિઓથી વિપરીત એ દૃશ્ય જોઈ રહ્યા હતા કે સત્યનું પૂર આગળ-ને-આગળ વધી રહ્યું છે અને મોટી-મોટી મહત્ત્વની વ્યક્તિઓને પોતાની લપેટમાં લઈ રહ્યું છે. આના પર તેમની વિહ્વળતા ઓર વધી ગઈ. મુહર્રમ, નબવી સન ૭ માં મક્કાના તમામ કબીલાઓએ મળીને એક કરાર કર્યો કે બનૂ હાશિમ પરિવારનો બહિષ્કાર કરવામાં આવે અને કોઈપણ વ્યક્તિ ન તો નાતો-નિસ્બત રાખે, ન શાદી-વિવાહનો સંબંધ જોડે. ન લેવડ-દેવડ કરે, ન હળે-મળે અને ન ખાવા-પિવાની કોઈ સામગ્રી તેમના સુધી પહોંચવા દે, સિવાય કે બનૂ હાશિમ મુહમ્મદ (ﷺ)ને આપણને સુપ્રત કરી દે અને તેમને મારી નાખવાનો અમને હક્ક આપી દે. આ નિર્ણય જનાબ અબૂ તાલિબથી અસંખ્ય વાર્તાલાપ પછી એ બાબતથી નિરાશ થઈને લેવામાં આવ્યો હતો કે ન અબૂ તાલિબ રસૂલ ﷺ ને પોતાના સંરક્ષણમાંથી કાઢવા તૈયાર છે અને ન તેમના કારણે બનૂ હાશિમ સંબંધ તોડી શકે છે. જે હોય તે, કબીલાના યુગને જોતાં આ નિર્ણય ખૂબ સંગીન હતો અને એક અંતિમ પ્રકારની કાર્યવાહીનું સ્વરૂપ ધરાવતો હતો. બનૂ હાશિમ વિવશ થઈને 'શેઅ્બે અબિ તાલિબ'માં આશ્રિત થઈ ગયા. જાણે આખા પરિવારને ઈસ્લામી આંદોલનના આવાહકના કારણે એક પ્રકારની કેદ અને નજરબંદીમાં નાખી દેવામાં આવ્યો ! આ નજરબંદીનો સમયગાળો આશરે ત્રણ વર્ષ સુધી લાંબો થયો અને આ ગાળામાં જે બનાવો બન્યા છે તેને વાંચીને પથ્થર પણ પીગળવા લાગે છે. વૃક્ષોના પાંદડાઓ ખાવા પડતા હતા અને સૂકા ચામડાને ઉકાળી-ઉકાળીને અને આગ પર શેકીને ખાવામાં આવતા હતા. હાલત એ થઈ ગઈ કે બનૂ હાશિમના માસૂમ બાળકો જ્યારે ભૂખથી ટળવળતા હતા, તો દૂર-દૂર સુધી તેમના પીડાદાયક અવાજો જતા હતા. કુરૈશ આ અવાજોને સાંભળતા, તો ખુશીથી ઝૂમી જતા હતા. નાકાબંદી એટલી જડબેસલાક હતી કે એક વાર હકીમ બિન હઝામ (હઝરત ખદીજા ؓ ના ભત્રીજા) એ થોડાક ઘઉં પોતાના ગુલામના હસ્તે ચોરીછૂપે મોકલ્યા. રસ્તામાં અબૂ જહલે જોઈ લીધું અને ઘઉં છીનવવા લાગ્યો. સંયોગથી અબૂલ બખ્તરી પણ આવી ગયો. તેના અંદર કોઈ માનવીય લાગણીએ સળવળાટ કર્યો અને અબૂ જહલને કહ્યું કે છોડો ભઈ ! એક ભત્રીજો પોતાની ફોઈ માટે કંઈક મોકલે છે, તો તમે તેને પણ રોકો છો. આ જ પ્રમાણે હિશામ બિન ઉમરૂ પણ ચોરીછૂપે થોડુંક અનાજ મોકલી દેતો હતો.

આ જ હિશામ બિન ઉમરૂ આ નિર્દયી કરાર વિરુદ્ધ સૌપ્રથમ આવાહક બન્યો. પહેલા તે ઝહીર બિન અબી ઉમૈયાની પાસે ગયો. તેનાથી વાતચીત કરી કે શું તમે

એ વાત પર ખુશ છો કે તમે ખાઓ-પીવો, કપડાં પહેરો, શાદી-વિવાહ કરો અને તમારા મામાઓની એ સ્થિતિ હોય કે તેઓ ન ખરીદ-વેચાણ કરી શકે, ન શાદી-વિવાહના સંબંધો બાંધી શકે. જો મામલો અબૂલ હકમ અબૂ હિશામના મામાઓ અને નાનાઓનો હોત અને તમે તેને આવા કરારનું આમંત્રણ આપ્યું હોત, તો તે કદાપિ આની પરવા ન કરતો. આ સાંભળીને ઝહીરે કહ્યું, ''હું શું કરું ? હું તો એકલો માણસ છું. ખુદાના સોગંદ ! જો કોઈ બીજો મારો સાથી હોત તો હું આ કરારને રદ કરાવવા ઊભો થઈ જતો અને તેને સમાપ્ત કરીને જ શ્વાસ લેતો.'' હિશામ બિન ઉમરૂએ કહ્યું કે, ''બીજો સાથી તો તમને મળી ગયો છે.'' ઝહીરે પૂછ્યું, ''કોણ – ?'' હિશામે કહ્યું, ''હું – '' પછી હિશામ, મુત્‌ઈમ બિન અદીની પાસે પહોંચ્યો અને એ જ પ્રમાણે તેને પ્રોત્સાહિત કર્યો. તેણે પણ એ જ જવાબ આપ્યો કે એકલો છું, શું કરું ? હિશામે એ જ જવાબ આપ્યો કે બીજો હું છું. મુત્‌ઈમે કહ્યું કે હવે કોઈ ત્રીજાને શોધવો જોઈએ. હિશામે બતાવ્યું કે એ તો મેં શોધી કાઢ્યો છે. તેણે પૂછ્યું – કોણ ? હિશામે બતાવ્યું કે ઝહીર બિન અબી ઉમૈયા. મુત્‌ઈમ કહેવા લાગ્યો કે તો પછી કોઈ ચોથાને મેળવવો જોઈએ. આ રીતે અબૂલ બખ્તરી અને ઝમ્‌આ બિન અલ-અસ્વદ સુધી પહોંચીને હિશામે વાત કરી.

ટૂંકમાં, બહિષ્કારના કરારની સમાપ્તિનું અભિયાન અંદર-ને-અંદર જ્યારે કામ કરવા લાગ્યું, તો આ બધા લોકોએ એક જગ્યાએ બેસીને કાર્ય-પદ્ધતિ નક્કી કરી. સ્કીમ બની કે જાહેરમાં હિશામ જ વાત મૂકશે. એ રીતે હિશામે બૈતુલ્લાહનો સાત વાર તવાફ કર્યો. પછી લોકોની તરફ આવ્યો અને કહ્યું કે મક્કાવાસીઓ ! શું એ શોભાસ્પદ છે કે આપણે ખાવાનું ખાઈએ અને કપડાં પહેરીએ અને બનૂ હાશિમ ભૂખથી તરફડી રહ્યા હોય, ન તેઓ કંઈ ખરીદી શકે, ન વેચી શકે, અને પછી તેણે પોતાનો નિર્ધાર આ શબ્દોમાં વ્યક્ત કર્યો –

> ''ખુદાના સોગંદ ! હું ત્યાં સુધી નહીં બેસું, જ્યાં સુધી સંબંધો તોડવાવાળા આ નિર્દયી લખાણને ફાડી ન નાખું.''

અબૂ જહલ ગુસ્સામાં ઊભો થયો અને ચીસ પાડીને બોલ્યો, ''જૂઠા છો તમે. ખુદાના સોગંદ ! તમે આને ફાડી નથી શકતા.''

ઝમ્‌આ બિન અલ-અસ્વદે અબૂ જહલને જવાબ આપ્યો, ''ખુદાના સોગંદ ! તમે સૌથી વધારે જૂઠા છો. આ સમજૂતી જે રીતે લખવામાં આવી છે અમે તેને પસંદ નથી કરતા.'' અબૂલ બખ્તરી પણ બોલી ઉઠ્યો, ''સાચું કહ્યું ઝમ્‌આએ, અમને પસંદ નથી જે કંઈ આમાં લખ્યું છે, અને ન અમે આને માનીએ છીએ.'' મુત્‌ઈમે પણ

તેનું સમર્થન કર્યું, ''તમે બંને બરાબર કહી રહ્યા છો અને ખોટું કહે છે એ જે આના સિવાય કંઈ કહે છે.'' હિશામે પણ આ જ વાત કહી. બહુમતી લોકોને આ રીતે બોલતા જોઈને અબૂ જહલનો ચહેરો પડી ગયો, અને કરારને ફાડી નાખવામાં આવ્યો. લોકો જ્યારે તેને કાબાની દીવાલથી ઉતારવા લાગ્યા, તો એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા કે તેને ઉધઈ ખાઈ ચૂકી હતી. માત્ર 'બિ-ઇસ્મિક અલ્લાહુમ્મ'ના શબ્દો સલામત હતા.[1]

દુઃખોનું વર્ષ

નજરબંદીનો ગાળો સમાપ્ત થઈ ગયો અને એક વાર ફરી અલ્લાહના નબી ﷺ એ પોતાના પરિવાર સહિત મુક્ત વાતાવરણમાં પ્રવેશ કર્યો, પરંતુ હવે તેનાથી પણ વધારે કઠિન સમયનો આરંભ થાય છે.

નુબૂવ્વતનું આ દસમું વર્ષ હતું. આ વર્ષે સૌપ્રથમ દુઃખદ ઘટના એ ઘટી કે હઝરત અલી ؓ ના પિતા અબૂ તાલિબનું અવસાન થઈ ગયું. એ રીતે એક બાહ્ય સહારો પણ છીનવાઈ ગયો, જે હુઝૂર ﷺ ને પોતાના વાત્સલ્યની છત્રછાયામાં લઈને દુશ્મનો માટે સંપૂર્ણ મક્કમતાથી છેલ્લા શ્વાસ સુધી અવરોધરૂપ બની રહ્યો હતો.

આ જ વર્ષે બીજો આઘાત હુઝૂર ﷺ ને હઝરત ખદીજા ؓ ની વિદાયનો લાગ્યો. હઝરત ખદીજા ؓ કેવળ હુઝૂર ﷺ ના પત્ની જ ન હતા, બલ્કે 'સાબિકૂન અવ્વલૂન' (સૌપ્રથમ ઈમાન લાવનારાઓ)માંથી હતા અને તેમણે રિસાલત-કાળ પહેલા પણ સાથ આપવામાં અને દુઃખોને વહેંચવામાં કોઈ કસર છોડી ન હતી, અને સૌપ્રથમ વહીના અવતરણથી લઈને છેલ્લા શ્વાસ સુધી સત્યના માર્ગમાં હુઝૂર ﷺ ની સાથે સાચા સંગાથનો હક્ક અદા કરીને બતાવીને ગયા. સત્યના આંદોલનના સમર્થનમાં ધન પણ ખર્ચ કર્યું. ડગલે-ને-પગલે સલાહ-સૂચનો પણ આપ્યા અને હૃદયપૂર્વક સહયોગ આપ્યો. સાચું જ કહેવામાં આવ્યું છે કે كانت له وزيرا. (તેઓ હુઝૂર ﷺ માટે મંત્રી હતા.)

એક તરફ તો એક-પછી-એક આ બે આઘાતો હુઝૂર ﷺ ને સહેવા પડ્યા, અને બીજી તરફ એ બાહ્ય સહારાઓના દૂર થઈ જવાથી વિરોધના તોફાનમાં ખૂબ ઊભરો આવી ગયો. હવે તો મોજાઓ માથાથી ઉપર જવા લાગ્યા. પરંતુ અલ્લાહની મરજીનો તકાદો સંભવતઃ એ હતો કે હવે જ્યારે દુનિયાના સહારાઓ સંપૂર્ણ હટાવી દેવામાં આવ્યા હતા ત્યારે સચ્ચાઈ પોતે પોતાનો માર્ગ બનાવે, સચ્ચાઈ પોતે પોતાની રક્ષા કરે અને સચ્ચાઈ પોતે પોતાના માટે એક માત્ર સહારો હોય. કદાચ આના

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૪-૧૬.

વગર સચ્ચાઈનો આત્મા સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ શકતો ન હતો. આ જ દુઃખભરી પરિસ્થિતિના કારણે આ વર્ષ 'દુઃખોનું વર્ષ' અથવા 'આમુલ-હઝન'ના નામથી પ્રસિદ્ધ થયું છે.

હવે કુરૈશ ખૂબ જ નીચ અને અધમ પ્રવૃત્તિઓ પર ઊતરી આવ્યા હતા. છોકરાઓના ટોળા પાછળ લગાવી દેવામાં આવતા જે શોરબકોર કરતા, અને હુઝૂર ﷺ નમાઝ પઢતા તો તેઓ તાળીઓ પીટતા. હુઝૂર ﷺ રસ્તે જતા તો તેમના પર ગંદકી ફેંકવામાં આવતી. દરવાજાની સામે કાંટાઓ બિછાવવામાં આવતા. ક્યારેક ગળું રૂંધવામાં આવતું અને ક્યારેક મારપીટ કરવામાં આવતી. ખુલ્લંખુલ્લા ગાળો બોલવામાં આવતી, મહેણા-ટોણા મારવામાં આવતા. આપના મુબારક ચહેરા પર ધૂળ ઉછાળવામાં આવતી. ક્યારેક તો એવી શૈતાની ધૃષ્ટતા આચરવામાં આવતી કે આપ ﷺ ના તેજોમય ચહેરા પર થૂકી દેવામાં આવતું.

એક વાર અબૂ લહબની પત્ની ઉમ્મે જમીલ પથ્થર લઈને હુઝૂર ﷺ ને શોધતી-શોધતી હરમ સુધી એ ઇરાદાથી આવી કે બસ, એક જ પ્રહારમાં કામ તમામ કરી દે. હુઝૂર ﷺ જો કે હરમમાં સામે જ હતા, પરંતુ અલ્લાહે તેની નજરને ત્યાં સુધી પહોંચવા જ ન દીધી અને તે હઝરત અબૂબક્ર رضي الله عنه ની સામે પોતાના મનનો ગુસ્સો ઠાલવીને જતી રહી. તેણે આ શેર પણ પઢ્યા –

مُذَمَّمًا عَصَيْنَا وَاَمْرَهٗ اَبَيْنَا وَدِيْنَهٗ قَلَيْنَا

'મુઝમ્મમ' (હુઝૂર ﷺ ને 'મુહમ્મદ'ના બદલે 'મુઝમ્મમ' કહીને મનનો ઊભરો ઠાલવવામાં આવ્યો)ની અમે અવજ્ઞા કરી, તેની વાત માનવાનો અમે ઇન્કાર કર્યો. તેના દીન (ધર્મ)થી અમે દ્વેષ રાખ્યો. (નામ બગાડવું અને ખરાબ-ખરાબ શબ્દોનો ઉપયોગ કરવો નૈતિક અધઃપતનની દલીલ છે. પ્રતિસ્પર્ધી જ્યારે તદ્દન નીચલી કક્ષાએ ઊતરી જાય છે તો આવા મલીન હથિયારોથી કામ લે છે.)

આના પર હુઝૂર ﷺ કહ્યા કરતા હતા કે અલ્લાહ તઆલા મને આ લોકોની ગાળો અને શ્રાપથી એ રીતે બચાવે છે કે તેઓ 'મુઝમ્મમ' (નિંદિત)ને ગાળ બોલે છે અને હું 'તો મુહમ્મદ' (પ્રશંસિત) છું.

એ જ પ્રમાણે એક વાર અબૂ જહલે પથ્થરથી હુઝૂર ﷺ ને મારી નાખવાનો ઇરાદો કર્યો અને આ જ ઇરાદાથી હુઝૂર ﷺ સુધી પહોંચી પણ ગયો. પરંતુ અલ્લાહે અબૂ જહલને ભય અને દહેશતની એવી હાલતમાં નાખી દીધો કે તે કંઈ જ કરી ન શક્યો.

એક વાર દુશ્મનોનું ટોળું તૂટી પડ્યું અને માનવતાના ઉપકારક ﷺ ને અસહ્ય

પીડાઓ આપી. બનાવ એ બન્યો કે સત્યના દુશ્મનો બેસીને એ જ ચર્ચા કરી રહ્યા હતા કે આ માણસ (મુહમ્મદ ﷺ)ના મામલામાં આપણે એવું-એવું સહન કર્યું છે કે તેનું કોઈ બીજું દૃષ્ટાંત નથી. આ જ સમયે હુઝૂર ﷺ પધાર્યા. તેમણે પૂછ્યું કે શું તમે આવું-આવું કહો છો ? હુઝૂર ﷺ એ સંપૂર્ણ નૈતિક હિંમતથી ફરમાવ્યું, ''હા ! હું જ છું જે આવું અને આવું કહું છે.'' બસ, આટલું કહેવું હતું કે ચારે તરફથી હુમલો કરી દેવામાં આવ્યો. અબ્દુલ્લાહ બિન ઉમરૂ બિન આસનું વર્ણન છે કે કુરૈશ તરફથી હુઝૂર ﷺ વિરુદ્ધ આનાથી વધારે કોઈ મારપીટ મેં જોઈ નથી.

હુમલાખોરો અટકી ગયા, તો રસૂલુલ્લાહ ﷺ એ ફરી એ જ અદ્‌ભુત માનવીય હિંમતથી કામ લઈને તેમને આ શબ્દોમાં સચેત કર્યા કે, ''હું તમારા સામે એ સંદેશ લાવ્યો છું કે તમે ઝબેહ થઈ જવાના છો.'' અર્થાત્‌ અત્યાચાર અને દમનની આ છરી જે તમે મારા પર ચલાવી રહ્યા છો, ઇતિહાસમાં કાર્યરત અલ્લાહનો કાનૂન છેવટે આનાથી જ સ્વયં તમને ઝબેહ કરી નાખશે. તમારી આ સત્તાનું જોર જે અત્યાચારના રસ્તે વળી ગયું છે, તે સંપૂર્ણપણે સમાપ્ત થઈ જવાનું છે.

આ વિસ્તૃત બનાવોના સમયગાળા વિશે ચોક્કસ કંઈ કહી શકાય એમ નથી, પરંતુ અનુમાન એ છે કે આ ઘટનાઓ અત્યંત હિંસાના ગાળાથી સંબંધિત હોઈ શકે છે અને આ ગાળો છેવટે જનાબ અબૂ તાલિબના અવસાન પછી પ્રગટ થયો હતો.

હઝરત ઉસ્માન رضي الله عنه બિન અફફાન એક ઘટનાનું વર્ણન કરે છે કે નબી અકરમ ﷺ બૈતુલ્લાહનો તવાફ કરી રહ્યા હતા. ઉત્બા બિન મુઈત, અબૂ જહલ અને ઉમૈયા બિન ખલફ 'હતીમ'માં બેસેલા હતા. જ્યારે હુઝૂર ﷺ તેમના સામેથી પસાર થતા તો આ લોકો અપશબ્દો બોલતા. ત્રણ વખત આવું થયું. છેલ્લી વખતે હુઝૂર ﷺ એ ઉગ્ર થઈને કહ્યું કે, ''અલ્લાહના સોગંદ ! તમે એ સિવાય અટકશો નહીં કે અલ્લાહની યાતના તમારા પર તૂટી પડે.'' હઝરત ઉસ્માન رضي الله عنه કહે છે કે સત્યની એ ધાક હતી કે આ સાંભળીને તેમાંથી કોઈ ન હતો જે ધ્રુજી રહ્યો ન હોય. આટલું ફરમાવીને હુઝૂર ﷺ પોતાના ઘર તરફ ચાલ્યા તો હઝરત ઉસ્માન رضي الله عنه અને બીજા લોકો સાથે થઈ ગયા. આ પ્રસંગે હુઝૂર ﷺ એ અમને સંબોધીને ફરમાવ્યું –

> ''તમને લોકોને ખુશખબર છે. અલ્લાહ તઆલા ચોક્કસ પોતાના દીનને પ્રભુત્વ આપશે અને પોતાના કલમાને પરિપૂર્ણ કરશે અને પોતાના દીનની મદદ કરશે અને આ લોકો, જેમને તમે જોઈ રહ્યા છો, અલ્લાહ તઆલા તેમને ખૂબ જલ્દી તમારા હાથે ઝબેહ કરાવશે.''

વિચાર કરો કે દેખીતી રીતે નિરાશાજનક માહોલમાં આ ખુશખબર આપવામાં

આવી રહી હતી અને પછી કેટલી શાનથી તે ટૂંક સમયમાં સાચી ઠરી, અર્થાત્ સત્યના આંદોલને ખૂબ ઝડપથી આ કામ કરી દેખાડ્યું.

તાઈફમાં સત્યનું આમંત્રણ

કાળની રીતે નિશ્ચિતપણે આપણે નથી કહી શકતા કે આ પ્રસંગ ક્યારનો છે. કેટલાક લોકોએ આને સૂરઃ મુદસ્સિરના ઉતરાણ-કાળનું કારણ દર્શાવ્યું છે, જેનો અર્થ એ છે કે આ પ્રસંગને આરંભિક કાળમાં રાખવો જોઈએ. પરંતુ પ્રસંગનું સ્વરૂપ બતાવે છે કે આનો સમય મક્કી કાળના અંતના નજીક હશે.

એક દિવસે રસૂલે અકરમ ﷺ વહેલી સવારે ઘરથી નીકળ્યા અને અલ્લાહનો સંદેશ સંભળાવવા મક્કાના જુદા-જુદા મહોલ્લાઓમાં ફર્યા, પરંતુ તે દિવસ એવો વિત્યો કે આપ ﷺ ને એક પણ વ્યક્તિ એવો ન મળ્યો જે વાત સાંભળતો. નવી યુક્તિ એ અપનાવવામાં આવી હતી કે આપ ﷺ જ્યારે આવતા દેખાય તો લોકોએ આમ-તેમ ખસી જવું. વાત સાંભળવાથી ફેલાય છે તથા વિરોધ કરવા અને ચર્ચા છેડવાથી તે વધારે ઊભરે છે. યુક્તિ સફળ રહી. અમુક લોકો મળ્યા તો પણ તેમણે ઉપહાસ અને ગુંડાગીરીનું પ્રદર્શન કર્યું. આ દિવસે આપ ﷺ જ્યારે આખો દિવસ પસાર કરીને પાછા ફર્યા તો ઉદાસીનો એક ભારે બોજ આપ ﷺ ના મનમાં લદાયેલો હતો. ખૂબ વ્યથિત હતા – એવી વ્યથા જે કોઈ ભલાઈપસંદ અને હિતેચ્છુને ત્યારે થાય છે કે જ્યારે એ જ વ્યક્તિ, જેની ભલાઈ કરવામાં આવી રહી છે, અપકાર પર ઊતરી આવે.

આ વિશેષ દિવસનો અનુભવ જાણે એ બાબતની જાણકારી હતી કે મક્કાની જમીન હવે બિનઉપજાઉ બનતી જઈ રહી છે અને તેને જે કંઈ ઉપજ આપવાની હતી, એ તે આપી ચૂકી. પછીની પરિસ્થિતિ – વધારેને વધારે ખરાબ થતા જતા સંજોગોએ તેની પુષ્ટિ કરી અને ધીમે-ધીમે સાર-ક્ષમતા ધરાવતા છેલ્લા અંશો પણ માનવતાના ઉપકારક ﷺ ની આસપાસ સમેટાઈને આવી ગયા. કદાચ આ જ દિવસથી આપ ﷺ ના હૃદયમાં એ વલણ પેદા થઈ ગયું હશે કે હવે મક્કાથી નીકળીને બહાર કામ કરવું જોઈએ. એક દીર્ઘદૃષ્ટા આવાહક જ્યારે પોતાના આરંભિક કેન્દ્ર પર એટલું કામ કરી ચૂકે છે કે ત્યાંના કામના લોકો સાથે આવી જાય છે અને બાકી કેવળ જીદ્દી વિરોધીઓ રહી જાય છે, તો પછી તે પોતાની શક્તિઓ વિનાકારણ વ્યર્થ નથી કરતો, બલ્કે નવી ભૂમિ શોધે છે અને માહોલને બદલીને અનુભવ કરે છે.

આવી જ પરિસ્થિતિમાં નબી અકરમ ﷺ એ મક્કાના આસપાસમાં કામ કરવાનો ઇરાદો કર્યો. દા'વત (ઇસ્લામના આમંત્રણ)ની આહ્લાદક મંદ લહેર

વાસ્તવમાં તાઈફથી ચાલી હતી. ઝૈદ બિન હારિસ ﷺ ને સાથે લઈને સરવરે આલમ ﷺ મક્કાથી પગપાળા નીકળ્યા અને રસ્તામાં જે કબીલાઓ આબાદ હતા, એ બધાની સામે અલ્લાહનો સંદેશ પ્રસ્તુત કર્યો. લગભગ એક મહિનાનો સમય આવવા-જવામાં લાગ્યો.

તાઈફ એક ખૂબ હરિયાળી ભૂમિ હતી. છાંયડો, ખેતીઓ, બગીચાઓ, પ્રમાણમાં ઠંડો પ્રદેશ. લોકો ઘણા ખુશહાલ હતા અને દુનિયાના પ્રેમમાં ખરાબ રીતે મગ્ન. માનવી એક વાર આર્થિક ખુશહાલી પામી લે, તો પછી તે ખુદાફરામોશી (અલ્લાહના વિસ્મરણ) અને નૈતિક દુર્દશામાં દૂર સુધી આગળ વધતો જાય છે. આ જ સ્થિતિ તાઈફવાસીઓની હતી. મક્કાવાસીઓમાં તો છેવટે ધાર્મિક નેતૃત્વ અને પ્રદેશની આગેવાનીની જવાબદારીઓના કારણે કંઈક અંશે નૈતિક પ્રચલન હોઈ શકતું હતું, પરંતુ તાઈફના લોકો 'મસ્તરામ મનોવૃત્તિ'ના, તદ્દન બેપરવા હતા અને વધારામાં વ્યાજખોરીએ તેમની સારી માનવીય સંવેદનાઓને બિલકુલ નેસ્તનાબૂદ કરી દીધી હતી. હુઝૂર ﷺ જાણે મક્કાથી વધારે ખરાબ વાતાવરણમાં પગ મૂકી રહ્યા છે.

માનવતાના ઉપકારક ﷺ તાઈફમાં પહોંચ્યા, તો પહેલા સકીફના સરદારોથી મુલાકાત કરી. આ ત્રણ ભાઈઓ હતા – ઉબૈદ કે લૈલ, મસ્ઊદ અને હબીબ. આમાંથી એકના ઘરમાં કુરૈશ (બની જુમ્હ)ની એક મહિલા હતી. આ કારણસર થોડીઘણી આશા રાખી શકાતી હતી કે આનો ખ્યાલ રાખવામાં આવશે. હુઝૂર ﷺ તેમના પાસે જઈ બેસ્યા. તેમને સારી રીતે અલ્લાહ તૂઆલા તરફ બોલાવ્યા અને પોતાના સંદેશ અંગે ચર્ચા કરી અને તેમના પાસે સત્યની સ્થાપના માટે સમર્થનની માંગણી કરી. હવે જવાબ સાંભળો, જે આ ત્રણે તરફથી મળે છે –

એક – જો ખરેખર ખુદાએ જ તમને મોકલ્યા છે, તો બસ, પછી તે કાબાનો ગિલાફ ઉખાડી નાખવા માગે છે.

બીજો – અરે ! શું ખુદાને તમારા સિવાય રિસાલત (પયગંબરી) માટે બીજો કોઈ યોગ્ય માણસ ન મળી શક્યો !

ત્રીજો – ખુદાના સોગંદ ! હું તારા સાથે વાત પણ નહીં કરું, કેમ કે જો તું પોતાના કહેવા મુજબ ખરેખર અલ્લાહનો રસૂલ છે, તો પછી તારા જેવા માણસને જવાબ આપવો શિષ્ટાચારના ખૂબ જ વિરુદ્ધ હશે, અને જો તેં ખુદા પર જૂઠ ઘડ્યું છે તો તું એ યોગ્ય નથી કે તારા સાથે વાત કરવામાં આવે.

આ ઝેરમાં બોળેલા તીર હતા, જે માનવતાના ઉપકારકના દિલમાં એક-પછી-એક ભોંકાતા ગયા. આપ ﷺ એ ધીરજથી પોતાના દિલ પર બધા જખમો

સહી લીધા અને તેમના સામે છેલ્લી વાત એ મૂકી કે તમે પોતાની આ વાતો પોતાના સુધી જ રાખો અને ઓછામાં ઓછું લોકો પર તેનો પ્રભાવ ન પડવા દો.

પરંતુ તેમણે પોતાના ત્યાંના નીચ અને બજારૂ છોકરાઓ અને નોકરો અને ગુલામોને ઉશ્કેરીને આપ ﷺ ના પાછળ લગાવી દીધા કે જાઓ, આ વ્યક્તિને વસ્તીમાંથી બહાર કાઢી મૂકો. એક આખું ટોળું આગળ-પાછળથી સાથે થઈ ગયું. આ લોકો ગાળો બોલતા હતા, બૂમો પાડતા હતા અને પથ્થરો મારતા હતા. પથ્થરો તાકી-તાકીને પગની ઘૂંટીના હાડકા પર મારતા હતા, જેથી વધારે પીડા પહોંચે. હુઝૂર ﷺ જયારે ખૂબ થાકીને ક્ષીણ થઈ જતા તો બેસી જતા, પણ તાઈફના ગુંડાઓ આપ ﷺ ને બાવડાથી પકડીને ઉઠાવતા અને ફરી ઘૂંટીના હાડકા પર પથ્થરો મારતા અને તાળીઓ વગાડી-વગાડીને હસતા. પુષ્કળ લોહી વહી રહ્યું હતું અને પગરખા અંદર અને બહારથી લોહીથી લથપથ થઈ ગયા હતા. આ અલભ્ય તમાશાને જોવા માટે ખૂબ મોટું ટોળું ભેગું થઈ ગયું હતું. ગુંડાઓનું ટોળું આ રીતે આપ ﷺ ને શહેરથી કાઢીને એક બગીચાની વાડ સુધી લઈ આવ્યું, જે રબીઆના પુત્રો ઉત્બા અને શીબાનો હતો. આપ ﷺ તદ્દન નિશ્ચેતનની હાલતમાં દ્રાક્ષના એક વેલાનો ટેકો લઈને બેસી ગયા. બગીચાના માલિકો આપ ﷺ ને જોઈ રહ્યા હતા અને જે કંઈ આપ ﷺ પર વિત્યું તેને પણ નિહાળી ચૂક્યા હતા.

આ જ એ પ્રસંગ હતો, જ્યારે કે બે રકાત નમાઝ પઢ્યા પછી આપ ﷺ ના મોઢેથી આ વેદનાસભર દુઆ નીકળી –

> ‘‘ઇલાહી ! મારી શક્તિનો અભાવ, મારી નિઃસહાયતા અને લોકોના સામે મારી લાચારીની ફરિયાદ તારાથી જ કરું છું. તું સૌ દયા કરવાવાળાઓથી વધારે દયાળુ છે. દુઃખી નિરાધારોનો પાલનહાર તું જ છે. તું જ મારો માલિક છે. છેવટે તું મને કોના હવાલે કરવાનો છે ? શું એ વિરોધી પારકાના જે મારા સાથે ઉદ્ધતાઈ દાખવે છે, કે પછી એવા દુશ્મનના જે મારા મામલામાં કાબૂ ધરાવે છે. પરંતુ જો મારા પર તારો પ્રકોપ નથી તો પછી મને કંઈ પરવા નથી. બસ, તારી સલામતી મારા માટે ઘણી છે. હું એ વાતની સરખામણીમાં કે તારો પ્રકોપ મારા પર થાય કે તારો ગુસ્સો મારા પર તૂટી પડે, તારા જ સૌંદર્યના તેજસ્વી પ્રકાશનું શરણ માંગું છું, જેનાથી સમગ્ર અંધકાર ઝળહળી જાય છે અને જેના વડે દીન અને દુનિયાના તમામ મામલાઓ સુધરી જાય છે. મને તો તારી પ્રસન્નતા અને ખુશીની અભિલાષા છે. તારા સિવાય ક્યાંયથી શક્તિ અને પ્રબળતા મળી શકતી નથી.’’

એટલામાં બગીચાના માલિકો પણ આવી પહોંચ્યા. તેમના હૃદયમાં સહાનુભૂતિની ભાવના ઊભરી આવી હતી. તેમણે પોતાના ખ્રિસ્તી ગુલામને બોલાવ્યો. તેનું નામ અદ્દાસ હતું. પછી એક ટોકરીમાં દ્રાક્ષનું ઝુમખું મૂકીને મોકલાવ્યું. અદ્દાસ આ દ્રાક્ષ આપીને હુઝૂર ﷺ ની સામે બસી ગયો. આપ ﷺ એ હાથ દ્રાક્ષ તરફ આગળ વધારતાં 'બિસ્મિલ્લાહ' કહ્યું. અદ્દાસ કહેવા લાગ્યો, ''ખુદાના સોગંદ ! આ પ્રકારની વાત આ શહેરના લોકો નથી કહેતા.'' રસૂલુલ્લાહ ﷺ એ પૂછ્યું કે તમે કયા શહેરના છો ? અને તમારો ધર્મ શું છે ? તેણે બતાવ્યું કે ખ્રિસ્તી છું અને નેનવાનો રહેવાસી છું. આપ ﷺ એ ફરમાવ્યું, ''તો તમે યૂનુસ બિન મત્તી જેવા સદાચારી વ્યક્તિની વસ્તીના માણસ છો ?'' અદ્દાસે આશ્ચર્યથી પૂછ્યું, ''તમને કેવી રીતે ખબર કે યૂનુસ બિન મત્તી કોણ છે ?'' આપ ﷺ એ કહ્યું કે, ''તે મારો ભાઈ છે. તે પણ નબી (પયગંબર) હતા અને હું પણ નબી છું.'' આ સાંભળતાં જ અદ્દાસ આપ ﷺ ના હાથ-પગ ચૂમવા લાગ્યો. રબીઆના પુત્રોમાંથી એકે આ દૃશ્ય જોયું, તો તેણે અદ્દાસના પાછા આવતાં તેને ઠપકો આપ્યો કે, ''એ શું હરકત તમે કરી રહ્યા હતા. તમે તમારો ધર્મ ખરાબ કરી નાખ્યો.'' અદ્દાસે ઊંડા પ્રભાવની સાથે જવાબ આપ્યો, ''મારા માલિક ! આનાથી વધારે ભલી વસ્તુ જમીનમાં બીજી કોઈ નથી. આ વ્યક્તિએ મને એક એવી વાત બતાવી છે, જેને નબી સિવાય બીજું કોઈ જાણી શકતું નથી.''

વાસ્તવમાં હવે જનાબ અબૂ તાલિબના અવસાન પછી મક્કામાં આપ ﷺ દેખીતી રીતે બિલકુલ નિઃસહાય હતા અને દુશ્મનો વાઘ બની ગયા હતા. તેથી વિચાર કર્યો કે તાઈફમાંથી કદાચ થોડાક અલ્લાહના બંદાઓ મળી જાય, પરંતુ ત્યાં આવું બન્યું. ત્યાંથી પછી આપ ﷺ નખ્લામાં રોકાયા. ત્યાંથી પાછા ફર્યા અને ગારે-હિરામાં પધાર્યા. અહીંથી મુત્ઈમ બિન અદીને સંદેશો મોકલ્યો કે, ''શું તમે મને તમારી હિમાયતમાં લઈ શકો છો ?'' આરબોની કોમી સભ્યતાની એક મહત્ત્વની પરંપરા એ હતી કે હિમાયત માંગવાવાળાને હિમાયત આપવામાં આવતી હતી, ચાહે તે દુશ્મન જ કેમ ન હોય. મુત્ઈમે સંદેશો સ્વીકારી લીધો. પુત્રોને આદેશ કર્યો કે શસ્ત્રસજ્જ થઈને હરમમાં ચાલો. સ્વયં રસૂલ ﷺ ને સાથે લાવ્યો અને મક્કામાં આવીને ઊંટ પરથી એલાન કર્યું કે મેં મુહમ્મદ (ﷺ) ને આશ્રય આપ્યો છે. મુત્ઈમના પુત્રો આપ ﷺ ને તલવારોના પહેરામાં હરમમાં લાવ્યા. પછી ઘરે પહોંચાડ્યા.

તાઈફમાં હુઝૂર ﷺ પર જે વીત્યું તેને ભાગ્યે જ રિવાયતોના શબ્દો આપણા સુધી પહોંચાડી શકે છે. એક વાર હઝરત આઇશા رضي الله عنها એ પૂછ્યું, ''હે રસૂલુલ્લાહ ﷺ ! શું આપ પર ઉહદના દિવસથી પણ કઠોર કોઈ દિવસ વીત્યો છે ?'' ફરમાવ્યું, ''તારી કોમ તરફથી બીજી બધી જે તકલીફો પહોંચી એ તો પહોંચી, પણ સૌથી

વધારે કઠોર દિવસ એ હતો જ્યારે મેં (તાઈફના) અબ્દે યાલૈલના પુત્રો સામે સંદેશ મૂક્યો અને તેને તેમણે રદ કરી દીધો અને તેનું એ હદે મને દુઃખ પહોંચ્યું કે કર્નુસ્-સાલિબ સુધી પહોંચીને માંડ-માંડ તબિયત બરાબર થઈ.(૧)

આપ ﷺ નિશ્ચેતન અને બેભાન થઈ જવાથી ઝૈદ બિન હારિસ رضي الله عنه એ આપને ખભા પર ઉઠાવીને તાઈફથી શહેરની બહાર પહોંચાડ્યા હતા. તેઓ વ્યથિત અને દુઃખી હૃદયે અરજ કરવા લાગ્યા કે આપ આ લોકો માટે અલ્લાહથી બદ્દુઆ કરો. ફરમાવ્યું, "હું તેમના માટે બદ્દુઆ શા માટે કરું ? જો આ લોકો અલ્લાહ પર ઈમાન નથી લાવતા, તો આશા છે કે તેમની આગામી પેઢીઓ અવશ્ય એક અલ્લાહની ઉપાસક હશે."

આ જ સફરમાં જિબ્રઈલ عليه السلام આવે છે અને ખબર આપે છે કે પહાડોનો ઇન્ચાર્જ ફરિશ્તો આપની સેવામાં હાજર છે. જો આપ ઈશારો કરો તો તે આ બે પહાડોને પરસ્પર મેળવી દે, જેના વચ્ચે મક્કા અને તાઈફ સ્થિત છે, અને બંને શહેરોને પીસીને મૂકી દે.

આ જ નિરાશાજનક વાતાવરણમાં જિન્નાતોની એક જમાઅત (સમૂહ) આવીને કુર્આન સાંભળે છે અને હુઝૂર ﷺ ના હાથ પર ઈમાન લાવે છે. આ રીતે અલ્લાહે એ હકીકત સ્પષ્ટ કરી દીધી કે જો તમામ લોકો સત્યના આમંત્રણને રદ કરી દે, તો અમારા બીજા સર્જનો એવા છે કે તેઓ આપ ﷺ ને સાથ આપવા તૈયાર છે.

ઊષાનો શુભ-સંકેત

તાઈફનો અનુભવ એવો હતો કે જેમાંથી પસાર થતાં માનવતાના ઉપકારક ﷺ એ દુઃખ અને પીડાના એ ચરમબિંદુનો સ્પર્શ કરી લીધો, જેના સુધી પહોંચ્યા પછી અલ્લાહની મરજી સફળતાના દ્વાર ખોલી દેતી હોય છે. દેખીતી આંખે જમાનો સત્યની વ્યવસ્થાના આવાહકને જેટલો નીચે પાડી શકતો હતો, પાડી ચૂક્યો હતો અને તેનું અનિવાર્ય પરિણામ એ જ હતું કે આપનો દરજ્જો અલ્લાહના દરબારમાં અંતિમ ચોટી સુધી ઉચ્ચ થઈ જાય.

અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરોને મોકલીને જ્યારે પણ સત્ય અને અસત્યનો સંઘર્ષ કરાવ્યો છે, તો તેનો નિયમ એ રહ્યો છે કે અસત્ય જ્યારે અંતિમ હદ સુધી પૂરેપૂરું જોર બતાવી ચૂકે છે અને સત્યના આવાહકો એક-એક કરીને હિંસા અને દમનના તમામ તબક્કાઓમાંથી નમૂનારૂપ ધૈર્યની સાથે પસાર થતાં એક અંતિમ

---

૧. અલ મવાહિબુદ્-દુન્યા, ભા-૧, પૃ. ૫૬

ભયાનક તબક્કાને પણ પાર કરી લે છે, તો અલ્લાહની મદદનું પ્રભાત પ્રગટે છે. જન્નત તરફ જવાવાળો સચ્ચાઈનો માર્ગ કંટકોથી છવાયેલો હોય છે અને તેના પર જવાવાળાઓ માટે સફળતા પામવાની ખુશખબર ત્યારે આવે છે, જ્યારે –

> ''તેમને સખ્તાઈઓ અને મુસીબતો ઘેરી વળી અને તેઓ ખૂબ હચમચી ગયા, ત્યાં સુધી કે રસૂલ અને તેના સાથે ઈમાનવાળા લોકો પોકારી ઉઠ્યા કે અલ્લાહની મદદ ક્યારે આવશે ? (આ તબક્કામાં પહોંચીને તેમને ખુશખબર આપવામાં આવે છે કે) સાંભળો ! અલ્લાહની મદદ નજીક છે.'' (સૂરઃ બકરહ, ૨૧૪)

તાઈફના અનુભવ પછી જાણે હુઝૂર ﷺ એ અંતિમ કસોટીમાંથી પસાર થઈ ગયા. અલ્લાહના નિયમ અનુસાર અનિવાર્ય હતું કે હવે નવા યુગના દ્વાર ખુલી જાય અને પરોઢના ઉદયની ખુશખબર આપવામાં આવે. આ જ ખુશખબર આપવા માટે હુઝૂર ﷺ ને મેઅ્રાજથી નવાજવામાં આવ્યા.

મેઅ્રાજની હકીકત એ છે કે હુઝૂર ﷺ ને અલ્લાહના સામીપ્યના સર્વોચ્ચ સ્થાન પર બિરાજમાન કરવામાં આવ્યા. જે સર્વસત્તાધીશનું પ્રતિનિધિત્વ કરતાં માનવતાના ઉપકારક ﷺ એ કેટલાય વર્ષ જાત-જાતની મુસીબતોનો સામનો કરીને અને બૂરાઈની શક્તિઓ વિરુદ્ધ વૈચારિક યુદ્ધ લડીને પસાર કરી દીધા હતા, તેણે પોતાના દૂતને પોતાના ત્યાંનું સર્વોચ્ચ સન્માન આપવા માટે તેને પોતાના દરબારમાં બોલાવ્યો. સૃષ્ટિ અને જીવનની મૂળભૂત સચ્ચાઈઓને મનાવવા માટે એક સૈનિક રણભૂમિમાં ઊતરીને ચારે તરફથી વાર સહી રહ્યો હતો, તેને આ સૌભાગ્ય બક્ષવામાં આવ્યું કે તે સચ્ચાઈઓનો નજીકથી સાક્ષાત્ અનુભવ કરે. જે માનવલક્ષી ભલાઈ અને સદાચારના આંદોલનનું પુનરુત્થાન અંતિમ આવાહક કરી રહ્યા હતા, તેમને સૌભાગ્ય પ્રદાન કરવામાં આવ્યું કે તેઓ આ આંદોલનના એક મોટા પુરાતન કેન્દ્ર (બૈતુલ મુકદ્દસ) સુધી જઈને અને પછી ત્યાંથી ઉચ્ચ લોક સુધી ઊડીને આ આંદોલનના પૂર્વ વિશિષ્ટ નેતાઓથી મુલાકાત કરે.

પૂર્વ પયગંબરોને પણ પ્રસંગોપાત એ સૌભાગ્ય પ્રદાન કરવામાં આવતું રહ્યું હતું કે તેઓ પરોક્ષ સચ્ચાઈઓનો સાક્ષાત્ અનુભવ કરે અને અલ્લાહના સમીપ પહોંચીને વિશિષ્ટ એનાયતથી લાભાન્વિત થાય. કુર્આનમાં જ્યાં એક તરફ હઝરત ઈબ્રાહીમ عليه السلام વિશે બતાવવામાં આવ્યું છે કે તેમને مَلَكُوتَ السَّمَاوَاتِ وَالْأَرْضِ ('આકાશો અને ધરતીના રાજ્યતંત્ર' - સૂરઃ અન્આમ, ૭૫) નો સાક્ષાત્ અનુભવ કરાવવામાં આવ્યો હતો, ત્યાં હઝરત મૂસા عليه السلام ને તૂર પર બોલાવવામાં આવ્યા અને ત્યાં

મહાન અલ્લાહે એક જ્યોતિર્મય વૃક્ષની આડથી إِنِّي أَنَا اللَّهُ (હું જ અલ્લાહ છું - સૂરઃ તા-હા, ૧૪)કહીને તેમના સાથે વાર્તાલાપ કરીને તેમને નવાજવામાં આવ્યા, અને પછી બીજા પ્રસંગે એવી જ સામીપ્યની પળોમાં શરીઅતના આદેશો સુપ્રત કરવામાં આવ્યા. અર્થાત્ કોઈ-ને-કોઈ પ્રકારની મેઅ્રાજ અગાઉના મહાનતમ્ પયગંબરોને પણ પ્રાપ્ત થતી રહી હતી. હુઝૂર ﷺ ની મેઅ્રાજ પોતાનામાં પરિપૂર્ણતાની શાન ધરાવે છે.

તાઈફ અને હિજરત વચ્ચે આ પ્રસંગથી વધારે મહત્ત્વ અને વિશિષ્ટ પ્રસંગ બીજો નથી બન્યો. આની જાણકારી જ્યારે આપ ﷺ એ આપી, તો આખા મક્કામાં હોબાળો મચી ગયો. આપ ﷺ એ જાહેરમાં લોકોની સામે પોતાના સાક્ષાત્ અનુભવોનું વર્ણન કર્યું. બૈતુલ-મુકદ્દસનો આખો નક્શો ખેંચી બતાવ્યો. રસ્તાની એવી સચોટ નિશાનીઓ બતાવી, જેની પાછળથી પુષ્ટિ થઈ ગઈ.

આ વેદનાભરી ક્ષણમાં જે ખાસ વહી કરવામાં આવી فَأَوْحَىٰ إِلَىٰ عَبْدِهِ مَا أَوْحَىٰ - (ત્યારે તેણે અલ્લાહના બંદાને વહી પહોંચાડી જે પણ વહી તેણે પહોંચાડવાની હતી. - સૂરઃ નજ્મ, ૧૦) એ જ સૂરઃ બની ઇસરાઈલના શીર્ષકથી આપણા સામે છે. આ સૂરઃનો આરંભ જ 'ઇસરા'ના પ્રસંગના ઉલ્લેખથી થાય છે અને પછી આખી સૂરઃમાં મેઅ્રાજનો આત્મા વ્યાપ્ત દેખાય છે. આ સૂરઃના નીચે દર્શાવેલ પાસાઓ ખૂબ નોંધપાત્ર છે –

(૧) બની ઇસરાઈલનું શિક્ષાપ્રદ વૃત્તાંત સામે રાખીને એક તરફ એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે અલ્લાહનો કાનૂન મોટી-મોટી શક્તિઓનો હિસાબ લે છે અને તેમની પથભ્રષ્ટતા પર તેમને કોઈ માધ્યમ વડે સજા અપાવે છે. બીજી તરફ બોધપાઠ આપવામાં આવ્યો કે પ્રભુત્વ અને સફળતાના યુગમાં પહોંચીને ક્યાંક આ શક્તિ પણ બની ઇસરાઈલનો રસ્તો ન અપનાવી લે.

(૨) એ ખુશખબર અત્યંત પ્રતિકૂળ માહોલમાં સાફ-સાફ શબ્દોમાં અને નિર્ણયાત્મક રીતે આપવામાં આવી કે جَاءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ (સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું. - સૂરઃ બની ઇસરાઈલ, ૮૧). સત્ય આવી ગયું અને અસત્ય હવે જીવ બચાવીને ભાગવાનું છે. અંધકાર ટૂંક સમયમાં જ દૂર થવાનો છે અને પ્રભાત થવાનું છે.

(૩) એ સમાચાર આપી દેવામાં આવ્યા કે હવે મક્કાવાસીઓ આપ ﷺ ને મક્કામાંથી કાઢી મૂકવા પાછળ પડી જશે. પરંતુ આપ ﷺ ને કાઢી મૂક્યા પછી વધારે સમય સુધી સુખ-ચેનથી નહીં રહી શકે. (આ.૭૬) હિજરતની દુઆ આ

શબ્દોમાં શીખવાડવામાં આવી કે, ''હે મારા રબ ! મને (નવા યુગમાં) સચ્ચાઈના દરવાજાથી દાખલ કર અને (વર્તમાન માહોલમાંથી) સચ્ચાઈના માર્ગેથી કાઢ અને મને તારા દરબારમાંથી સત્તાના સ્વરૂપમાં મદદ કર." (આ.૮૦) આ દુઆમાં સત્તાની માંગણીને સામેલ કરીને જાણે ખુશખબર પણ આપી દેવામાં આવી કે હિજરત પછીનો યુગ પ્રભુત્વ અને શાસનનો યુગ હશે.

(૪) આયત ૨૨ થી ૨૯ સુધીના સળંગ વાણીના પ્રકરણમાં ઇસ્લામી વ્યવસ્થાના તદ્દન આરંભિક સિદ્ધાંતો પ્રદાન કરવામાં આવ્યા કે તેને આધાર બનાવીને નવીન સમાજ અને નવીન સભ્યતાનું નિર્માણ કરવામાં આવે.

મેઅ્‌રાજના આ પ્રસંગની વહીના મુદ્દાઓનું નૂર (જ્યોતિ) હૃદયમાં લઈને જ્યારે સરવરે આલમ ﷺ ભવિષ્ય તરફ નજર ઉઠાવતા હશે, તો ઇતિહાસની ક્ષિતિજેથી પ્રકાશનો એક તીવ્ર ધોધ ઉભરતો દેખાતો હશે. કોઈ ભૌતિકવાદી મક્કાના આ ભયાનક માહોલમાં હોત, તો કદાચ નિરાશ થઈને પોતાની પ્રવૃત્તિઓની ચાદરને લપેટી ચૂક્યો હોત ! પરંતુ હુઝૂર ﷺ હતા કે અત્યંત પ્રતિકૂળ અને હતોત્સાહભરી પરિસ્થિતિના અંધકારમાં ઘેરાયેલા હોવા છતાં પણ એ ચોક્કસ વિશ્વાસથી છલોછલ હતા કે સવાર આવી રહી છે અને મંદ લહેરોના ઝોંકાઓએ આવીને સરવરે આલમ ﷺ ના કાનોમાં કહી દીધું કે નવીન પ્રભાતના ઉદયમાન થવાનું સ્થળ'યસરબ' (મદીના) હશે. એ 'યસરબ' જ્યાંના નવયુવાનોએ અત્યંત નિષ્ઠાથી અને અંતઃકરણપૂર્વક ઇસ્લામી આંદોલનને 'લબ્બૈક' કહેવાનું શરૂ કર્યું છે.

મક્કામાં જીવન સમાપ્ત થઈ ગયા પછી હુઝૂર ﷺ તાઈફને પૂછવા ગયા કે શું તમે સચ્ચાઈની મશાલને ઉઠાવી શકો છો ? તાઈફે જવાબ આપ્યો કે હું તો મક્કાથી પણ વધારે અયોગ્ય છું. હજુ હુઝૂર ﷺ આ નિરાશાજનક જવાબના પ્રભાવમાં જ હતા કે દૂરથી 'યસરબ'નો ધીમો-ધીમો અવાજ આવ્યો કે, ''હું મદીનતુન્નબી (નબી ﷺ નું શહેર) બનવા માટે હાજર છું, હું સત્યની જ્યોતિની મશાલ ઉઠાવીશ અને સમગ્ર દુનિયાને પ્રકાશ આપીશ. મારા ખોળામાં નેકીની વ્યવસ્થા ફૂલશે-ફાલશે અને મારા પારણામાં એક નવો ઇતિહાસ ઉછરશે."

તાઈફ નજીક હતું અને દૂર થઈ ગયું.

'યસરબ' દૂર હતું અને નજીક આવી ગયું.

'યસરબ' એ દિવસે તદ્દન નજીક આવી ગયું, જે દિવસે (નુબૂવ્વતના અગિયારમા વર્ષે) છ ક્રાંતિકારીઓના એક સમૂહે હુઝૂર ﷺ થી વફાદારીની પ્રતિજ્ઞા લીધી. પછી બીજા વર્ષે ૧૨ વ્યક્તિઓએ ઇસ્લામી આંદોલનના ધ્વજ-વાહક બનવા

વિધિસર વાતચીત કરીને પ્રથમ 'બૈતે-ઉકબા'ની ગાંઠ બાંધી અને ઇસ્લામી તૌહીદ અને નૈતિક સીમાઓની રક્ષાની જવાબદારી પોતાના શિરે લીધી. પછી હજના અવસરે એક મોટો સમૂહ હાજર થયો અને તેણે રાત્રિના અંધકારમાં એક ગુપ્ત સભામાં એક બીજી 'બૈતે ઉકબા'નો સ્વીકાર કર્યો, જે સંપૂર્ણપણે રાજકીય રંગે રંગાયેલ હતી. આમાં જ હુઝૂર ﷺ નું હિજરત કરીને મદીના જવાનું નક્કી થયું અને આ ઉષ્માપૂર્ણ પ્રસ્તાવની સાથે નક્કી થયું કે મદીનાના અન્સાર આપ ﷺ માટે સમગ્ર દુનિયાથી લડવા તૈયાર છે.

સંભવતઃ આ જ યુગ – તાઈફના સફરથી હિજરત – છે, જેમાં સૂરઃ યૂસુફ અવતરિત થઈ હતી અને જેણે બીજાઓના અહેવાલના પરદામાં સત્યના આવાહકને ખુશખબર આપી અને તેના વિરોધીઓને તેમના નીચ અને અધમ તથા અત્યાચારી વ્યવહારથી સચેત કરીને તેમનું પરિણામ તેમના સામે મૂકી દીધું.

અલવિદા ! હે મક્કા !!

હિંસા અને અત્યાચાર કોઈપણ જર્જરિત વ્યવસ્થાનું અંતિમ શસ્ત્ર હોય છે, અને જો આ સફળ ન થાય તો નિયમ એ છે કે પરિવર્તનના દુશ્મનો ક્રાંતિના આવાહકનો જીવ લેવા માટે તૈયાર થઈ જાય છે. મક્કાવાસીઓ તો પહેલાથી જ દાંત ભીંચતા હતા અને આવી જ ઇચ્છાઓ રાખતા હતા, પરંતુ હિંમત થતી નહોતી. હવે છેલ્લી ઘડી આવી ચૂકી હતી. સંઘર્ષ એક નિર્ણયાત્મક તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. હવે પરસ્પર એક-બીજાથી વિરોધી શક્તિઓ છંટાઈને બિલકુલ અલગ-અલગ થઈ ચૂકી હતી. હવે સ્પષ્ટરૂપે વિચાર અને આસ્થાની એક રેખાની સરહદ ખેંચાઈ ચૂકી હતી, અને જે પેલે પાર હતા તેઓ પેલે પાર હતા અને જે આ તરફ આવી ગયા હતા તેઓ બસ આ તરફના જ હતા. હવે સત્યના સંદેશની એક સંગઠિત શક્તિ હતી. તેની સામૂહિક વ્યવસ્થા ખૂબ દૃઢ હતી. તેના ચરિત્રનું વજન ખૂબ વધારે હતું. તેની તાર્કિક અપીલ અસાધારણ હદ સુધી જોરદાર હતી અને તેના સેવકોની લાચારી હૃદયોને જીતવાની તાકાત ધરાવતી હતી. હવે સચ્ચાઈનું નાનકડું બીજ એક વટવૃક્ષ બની ચૂક્યું હતું અને જે જોખમ કાલ સુધી અજ્ઞાનતાના ઠેકેદારો માટે કાલ્પનિક હતું તે હવે વાસ્તવિક રૂપમાં સામે હતું. હવે સમય તેમને કહી રહ્યો હતો કે આ જોખમથી નિપટવાની શક્તિ રાખતા હોવ તો નિપટી લો, નહિં તો નવયુગના પ્રકાશની આંધી આવી રહી છે, જેમાં તમે અને તમારા હોદ્દાઓ અને તમારો ધર્મ અને તમારી અજ્ઞાની પરંપરાઓ બધું જ વહી જવાનું છે. કાલે તમારે તમારી અક્કડ ગરદનો મુહમ્મદ ﷺ અને તેના સંદેશની સામે ઝુકાવી દેવી પડશે. અજ્ઞાનતાના ઠેકેદારો ઇતિહાસની આ

લલકારને સાંભળી રહ્યા હતા અને સતત વિહ્વળ થઈ રહ્યા હતા. તેથી હવે તેઓ સત્યના આવાહકના લોહીના તરસ્યા બનીને એક નવા ષડયંત્ર માટે માનસિક રીતે તૈયાર હતા.

આમ પણ સત્યના સમુદાયના લોકો માટે મક્કાની ભઠ્ઠીની ગરમીનો પારો અંતિમ બિંદુ પર આવી પહોંચ્યો હતો. અત્યાચારો માનવીની સહનશક્તિથી બહાર થઈ ગયા હતા. કુરૈશ પોતાના અત્યાચારના વિષયુક્ત પ્યાલાઓ છલોછલ ભરી ચૂક્યા હતા. આ તરફ સત્યના ધ્વજવાહકો માટે ધીરજનો પ્યાલો પણ છલોછલ થઈ ચૂક્યો હતો. આનો સ્પષ્ટ અર્થ એ હતો કે હવે પરિસ્થિતિમાં કોઈ મોટું પરિવર્તન આવશે. હવે કોઈ મુક્તિ-માર્ગ ખુલશે અને હવે ઇતિહાસ કોઈ સ્પષ્ટ દિશા બદલશે. કુરૈશે એક મહાન સૌભાગ્યનો દરવાજો બંધ કરી દીધો હતો. તેમણે પોતાને ઇસ્લામી આંદોલનના અગ્રેસર બનવા માટે અયોગ્ય પુરવાર કરી દીધા હતા. આ મનોવૈજ્ઞાનિક માહોલમાં મેઅ્રાજની ઘટના બનતાં હુઝૂર ﷺ એ જ્યારે ઉજ્જવળ ભાવિની ખુશખબર આપી હશે, સંકેતમાં હિજરતનું દ્વાર ખુલવા અને તેના પછી સત્તા અને શાસનના યુગની શુભસૂચના સંભળાવી હશે, તો મુસ્લિમ સમુદાયમાં નવી ઉમંગો જાગી ઉઠી હશે. હિંસા અને દમનનો ભોગ બનનારાઓને આશ્વાસન મળ્યું હશે. ઘવાયેલા હૃદયોને શાંતિની દવા મળી ગઈ હશે, હિંમતો બંધાઈ ગઈ હશે અને મનની દુનિયામાં એક નવું પ્રભાત ઊગી રહ્યું હશે. પછી જ્યારે માનવતાના ઉપકારક ﷺ ના સંવેદનશીલ આત્માએ એ સંભવિત લાગતી પળ નજીક આવતી જોઈ હશે, તો લાગણીઓ હિલોળા ખાવા લાગી હશે, ત્યાં સુધી કે આપ ﷺ નું દિલ અગાઉથી જ આ અદૃશ્ય હકીકતને સમજવા લાગ્યું કે બનવાવાળું આશ્રય-સ્થાન 'મદીના' હશે. એક તરફ પરિસ્થિતિ આંગળી ઉઠાવીને સ્પષ્ટ ઇશારો કરી રહી હતી, વિશેષરૂપે ઉકબાની બૈત (પ્રતિજ્ઞાઓ) સાક્ષી આપી રહી હતી અને બીજી તરફ ઉચ્ચ લોકથી પણ સંકેતો મળી રહ્યા હતા. આ પરિસ્થિતિમાં આપ ﷺ એ પોતાના સાથીઓને મદીના જવાની અનુમતિ આપી દીધી, અને એક-પછી-એક જુદા-જુદા સહાબાઓ જવા લાગ્યા. ધીમે-ધીમે ઘણા લોકો નીકળી ગયા. મહોલ્લાઓ ખાલી થવા લાગ્યા અને ઘર બધા સૂના – એક વાર અબૂ જહલ અને કુરૈશના બીજા આગેવાનો બની જહશના સૂના ઘરો પાસેથી પસાર થયા, તો અબૂ જહલે આ દૃશ્યને જોઈને કહ્યું કે –

''આ આપણા ભાઈબંદનું કર્યું-કરાવ્યું છે. તેણે આપણા સમાજને વેરણ-છેરણ કરી નાખ્યો. આપણી એકતાને વેરવિખેર કરી નાખી અને આપણને પરસ્પર એક-બીજાથી ફાડી નાખ્યા.''(૧)

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૧૪.

સાથીઓને મદીના મોકલી દીધા છતાં હુઝૂર ﷺ એ પોતાના આમંત્રણનું સ્થળ ન છોડ્યું. અલ્લાહની આજ્ઞાની રાહ જોતા રહ્યા. હવે કોઈ એક પણ મુસલમાન મક્કામાં રહ્યો ન હતો, સિવાય એવા લોકોના, જેમને કુરૈશે રોકી રાખ્યા હતા, અથવા યાતનામાં નાખી રાખ્યા હતા. અલબત્ત, ખાસ સાથીઓમાં હઝરત અબૂબક્ર ؓ અને હઝરત અલી ؓ બાકી હતા. આ પરિસ્થિતિમાં કુરૈશે અનુમાન કરી લીધું કે હવે જ્યારે કે મુસલમાનોને એક ઠેકાણું મળી ગયું છે અને એક-એક કરીને બધા લોકો જઈ ચૂક્યા છે, નજીક છે કે મુહમ્મદ (ﷺ) પણ હાથથી નીકળી જાય અને પછી અમારા પ્રભાવ હેઠળથી બહાર રહીને શક્તિશાળી બની જાય અને અગાઉનો બધો હિસાબ ચૂકતે કરે. આ લોકો મક્કાના પબ્લિક હોલ 'દારુન્-નદવા'માં એકત્ર થયા અને વિચારવા લાગ્યા કે હવે મુહમ્મદ (ﷺ) વિરુદ્ધ શું કાર્યવાહી કરવામાં આવે. એક પ્રસ્તાવ સામે આવ્યો કે આપ (ﷺ)ને લોખંડી કેદખાનામાં નાખીને તેનો દરવાજો બંધ રાખવામાં આવે. આના પર વાંધો પડ્યો કે આ વ્યક્તિની વાત બંધ લોખંડી દરવાજામાંથી પણ નીકળી જશે અને તેના સાથીઓ જ્યારે શક્તિશાળી બની જશે તો તેને કાઢીને લઈ જશે. કોઈ બીજી યુક્તિ વિચારો. સભામાંથી એક વ્યક્તિએ બીજો પ્રસ્તાવ મૂક્યો કે આપ (ﷺ)ને સમાજ અને તેના પ્રભાવથી બહાર કાઢી મૂકવામાં આવે. તે પછી આપણને તેનાથી શું મતલબ કે આપ (ﷺ) પર શું વિતે છે. આના પર વાંધો એ લેવામાં આવ્યો કે શું તમે તેની પ્રભાવશાળી વાતચીતને નથી જાણતા ? તેની વાતોના માધુર્યથી તમે વાકેફ નથી ? આ વસ્તુઓ લોકોના હૃદયો પર તેના છવાઈ જવાનું સાધન બને છે. આવું કરશો તો તમે તેનાથી નથી બચી શકતા. તે આરબવાસીઓમાં પગપેસારો કરી લેશે, અને પોતાના સંદેશ અને વાતોના જોરથી તેમના પર છવાઈ જશે, પછી તે તેમને લઈને તમારા પર હુમલો કરી દેશે અને સત્તાની લગામ તમારા હાથમાંથી છીનવી લેશે, અને પછી જે વ્યવહાર ઇચ્છશે, તમારા સાથે કરતો રહેશે. હવે અબૂ જહલની હોશિયારી જોરદાર યુક્તિ શોધી લાવે છે. તેણે પ્રસ્તાવ મૂક્યો કે દરેક કબીલામાંથી એક-એક મજબૂત અને પ્રતિષ્ઠિત નવયુવાન લેવામાં આવે અને બધાને તલવારો આપવામાં આવે, પછી એકી સાથે આના (અર્થાત્ મુહમ્મદ ﷺ) પર હુમલો કરીને તેનું કામ તમામ કરી નાખવામાં આવે. બસ, આપણને આ રીતે મુક્તિ મળી શકે છે. આ રીતે મુહમ્મદ (ﷺ)નું લોહી તમામ કબીલાઓમાં વહેંચાઈ જશે અને બનૂ અબ્દે મનાફ આટલા બધા કબીલાઓથી બદલો લેવાની હિંમત નહીં કરી શકે. બસ, આના પર સર્વસંમતિ થઈ ગઈ અને આ ષડયંત્ર પર મીટિંગ બરખાસ્ત થઈ ગઈ.

આ મીટિંગની કાર્યવાહી પર કુર્આને આ શબ્દોમાં ટિપ્પણી કરી :–

''અને યાદ કરો એ સમયને, જ્યારે કે કાફિરો યુક્તિઓ કરી રહ્યા હતા કે આપને કેદમાં નાખે કે કતલ કરી દે કે દેશનિકાલ કરી દે. તેઓ પોતે જે કરી શકતા હતા એવી યુક્તિઓ તેઓ કરે છે, અને અલ્લાહ જવાબમાં બીજી યુક્તિ કરે છે, અને અલ્લાહ યુક્તિ કરવામાં સૌથી સર્વશ્રેષ્ઠ છે.'' (સૂરઃ અન્ફાલ, ૩૦)

આવનારી રહસ્યમય રાત્રિ સામે હતી. હુઝૂર ﷺ બપોરે પોતાના ગાઢ અને પ્રિય મિત્ર હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ.ના ઘર તશરીફ લઈ ગયા. જઈને ચુપકેથી જાણકારી આપી કે હિજરતની અનુમતિ આવી ગઈ છે. હઝરત સિદ્દીક રદિ. એ સાથે રહેવાની દરખાસ્ત કરી, જે પહેલાથી જ સ્વીકૃત વાત હતી. આ સૌભાગ્યની પ્રાપ્તિ પર ખુશીથી હઝરત અબૂબક્ર રદિ. ની આંખો ભરાઈ આવી. તેમણે હિજરત માટે બે ઊંટણીઓ પહેલાથી જ સારી રીતે તાજીમાજી કરી રાખી હતી. નમ્ર નિવેદન કર્યું કે હુઝૂર ﷺ બંનેમાંથી જેને પસંદ કરે, તે હદિયા (ભેટ) છે. પરંતુ હુઝૂર ﷺ એ આગ્રહપૂર્વક એક ઊંટણી (જેનું નામ 'જુદઆ' હતું) કિંમતથી લીધી. રાત થઈ, તો હુઝૂર ﷺ અલ્લાહના ઇશારાથી પોતાના મકાન પર ન ઊંઘ્યા અને બીજા અત્યંત પ્રિય સાથી હઝરત અલી રદિ. ને પોતાના બિસ્તર પર કોઈપણ પ્રકારનો ભય રાખ્યા વગર ઊંઘી જવાની સૂચના આપી. તેના સાથે લોકોની અમાનત તરીકે મૂકેલી વસ્તુઓ તેમને સુપ્રત કરી કે સવારે આ વસ્તુઓ તેમના માલિકોને આપી દેવામાં આવે. આવા ચરિત્રનું કોઈ ઉદાહરણ ઇતિહાસ પાસે છે કે એક પક્ષકાર તો હત્યાનું ષડયંત્ર રચી રહ્યો છે અને બીજો પક્ષકાર પોતાના હત્યારાઓને અમાનતો અદા કરવાની ચિંતા કરી રહ્યો છે !! પછી હુઝૂર ﷺ હઝરત સિદ્દીક રદિ. ના ઘર પહોંચ્યા. હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર રદિ. એ જલ્દીથી પોતાનો કમરબંધ ફાડ્યો અને એક ટુકડામાં ભોજનની પોટલીઓ બાંધી અને બીજા ટુકડાથી પાણીની નાની મશકનું મોઢું બંધ કર્યું. સન્માર્ગના બે મુસાફરોનો આ કાફલો રાત્રિના અંધકારમાં રવાના થઈ ગયો.

આજે દુનિયાનો સૌથી મહાન ઉપકારક અને શુભેચ્છક (ﷺ) કોઈ કસૂર વગર બેઘર થઈ રહ્યો હતો !

આજે તે એ ગલીઓને અલવિદા કરી રહ્યો હતો, જેમાં તે ચાલી-ફરીને યુવાન થયો હતો અને જેમાં તેણે સત્યની બોલબાલા કરવા માટે હજારો ચક્કરો ખાધા હતા અને જેમાં તેણે ગાળો સાંભળી હતી અને પીડાઓ સહન કરી હતી.

આજે તે આધ્યાત્મિકતાના કેન્દ્ર (મસ્જિદે-હરામ)થી વિખૂટો પડી રહ્યો હતો, જેમાં તેણે અનેક વાર સિજદાઓ કર્યા હતા, અનેક વાર કોમની સફળતા અને

કલ્યાણ માટે દુઆઓ માંગી હતી, અનેક વાર કુર્આન પઢ્યું હતું અને અનેક વાર આ પવિત્ર ચાર દિવાલો – આ એક માત્ર શાંતિ અને સલામતીના આશ્રય-સ્થાન – માં પણ વિરોધીઓના હાથે દુઃખ ઉઠાવ્યા હતા અને હૃદય ભેદી નાખે એવા તેમના કટુવચનો સાંભળ્યા હતા.

આજે તે આ શહેરને અંતિમ વાર સલામ કરી રહ્યો હતો, જેમાં ઇબ્રાહીમ અને ઇસ્માઈલ ﷺ ના મહાન કાર્યોનો રેકર્ડ હતો અને જેના વાતાવરણમાં તેમની દુઆઓની લહેરો હજુ સુધી ચાલી રહી હતી.

કાળજું કપાયું હશે, આંખો ભરાઈ આવી હશે, ભાવનાઓ ઊભરી આવી હશે, પરંતુ અલ્લાહની પ્રસન્નતા અને જીવનના મિશને જયારે આની કુરબાની પણ માંગી, તો પરિપૂર્ણ માનવ હઝરત મુહમ્મદ ﷺ એ આ કુરબાની પણ આપી દીધી.

આજે મક્કાના દેહમાંથી તેનો આત્મા નીકળી ગયો હતો. આજે આ ઉપવનના ફૂલોમાંથી સુવાસ ઊડી જઈ રહી હતી. આજે આ ઝરણું સૂકાઈ રહ્યું હતું. આજે તેના અંદરથી સિદ્ધાંતપ્રિય અને ચરિત્રવાન હસ્તીઓનો અંતિમ કાફલો રવાના થઈ રહ્યો હતો.

સત્યના સંદેશનો છોડ મક્કાની ભૂમિમાં ઊગ્યો, પરંતુ તેના ફળોથી પાલવ ભરવાનું મક્કાવાસીઓના ભાગ્યમાં નહોતું. ફળો મદીનાવાસીઓના હિસ્સામાં આવ્યા – સમગ્ર દુનિયાના હિસ્સામાં આવ્યા ! મક્કાવાસીઓને આજે ધકેલીને પાછળ હટાવી દેવામાં આવી રહ્યા હતા અને મદીનાવાસીઓ માટે અગ્ર-હરોળમાં જગ્યા બનાવવામાં આવી રહી હતી. જેઓ પોતાને ઉચ્ચ સમજતા હતા, તેમને અધઃપતનમાં ધકેલવાનો નિર્ણય થઈ ગયો હતો અને જેમને અપેક્ષાકૃત નિમ્ન દરજ્જાએ મૂકવામાં આવતા હતા, એ જ લોકોને ઉઠાવીને ઉપર લાવવામાં આવી રહ્યા હતા.

હુઝૂર ﷺ એ છેલ્લી નજર નાખતા મક્કાને સંબોધન કર્યું –

> "અલ્લાહના સોગંદ ! તું અલ્લાહની સર્વશ્રેષ્ઠ ભૂમિ છે અને અલ્લાહની નજરમાં સૌથી વધારે પ્રિય – જો અહીંથી મને કાઢવામાં ન આવતો, તો હું ક્યારેય ન નીળકતો." (૧)

થોડા સમય પછી હુઝૂર ﷺ ગારે-સૂરમાં હતા.

રસ્તો સ્વયં હુઝૂર ﷺ એ નક્કી કર્યો હતો અને અબ્દુલ્લાહ બિન રૈકત દવ્લાને મહેનતાણું આપીને ગાઈડ (ભોમિયો) નિયુક્ત કર્યો હતો. ત્રણ દિવસ આપ ﷺ ગારે-સૂરમાં રહ્યા. અબ્દુલ્લાહ બિન અબૂબક્ર રાત્રે મક્કાના બધા સમાચાર પહોંચાડી

૧. તિરમિઝી.

જતા. આમિર બિન ફુહૈરા (હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه નો ગુલામ) બકરીઓનું રેવડ લઈને આ તરફ નીકળતો અને અંધારું થઈ જાય ત્યારે ગાર (ગુફા)ની સામે પહોંચી જતો, જેથી બંને મુહાજિરો જરૂર અનુસાર દૂધ લઈ લે.

આ તરફ કુરૈશે હુઝૂર ﷺ ના મકાનને આખી રાત ઘેરો નાખી રાખ્યો અને આખા શહેરની નાકાબંધીનો કડક પ્રબંધ પણ કર્યો. પરંતુ જ્યારે અચાનક તેમને એ ખબર પડી કે જેની શોધ હતી તે તો નીકળી ગયો છે, તો તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ. હુઝૂર ﷺ ના બિસ્તર પર હઝરત અલી رضي الله عنه ને જોઈને તેઓ ખૂબ ધુંધવાયા અને તેમના પર ગુસ્સો ઠાલવીને ચાલ્યા ગયા. શોધ માટે ચારે તરફ માણસો દોડાવ્યા. કંઈ પત્તો ન લાગ્યો. એક જૂથ શોધખોળ કરતું બરાબર ગારે-સૂરના દરવાજા પર જઈ પહોંચ્યું. તેમના પગ અંદરથી દેખાઈ રહ્યા હતા. કેટલી નાજુક અને સંવેદનશીલ ઐતિહાસિક ક્ષણ હતી ! હઝરત અબૂબક્ર رضي الله عنه ને ચિંતા થઈ કે જો આ લોકો ગારમાં દાખલ થઈ ગયા, તો વાસ્તવમાં આખું આંદોલન જોખમમાં મૂકાઈ જશે. આવી ક્ષણોમાં વાસ્તવિક માનવ પ્રકૃતિમાં જેવી લાગણીઓ પેદા થવી જોઈએ, બરાબર એવી જ લાગણીઓ હઝરત સિદ્દીક رضي الله عنه ની હતી. પરંતુ હુઝૂર ﷺ ની સાથે અલ્લાહ તઆલાના કેટલાક વચનો હતા અને તેના તરફથી સુરક્ષા અને મદદની બાંહેધરી હતી, તેથી અદશ્યના પરદાની પાછળ સુધી જોવાવાળું હૃદય જાણતું હતું કે અલ્લાહ આપણને સહી-સલામત રાખશે. તેમ છતાં પણ બરાબર એ જ રીતે શાંતિ અને સાંત્વના આપતી વહી અવતરિત થઈ, જેવી હઝરત મૂસા عليه السلام પર અવતરિત થઈ હતી (لَا تَخَفْ ગભરાવ નહીં.). ઇરશાદ થયો لَا تَحْزَنْ إِنَّ اللّٰهَ مَعَنَا - "ચિંતા ન કરો, અલ્લાહ આપણા સાથે છે." (સૂરઃ તૌબા, ૪૦) આમ, આવનાર જૂથ ગારના મુખ પરથી જ પાછું વળી ગયું.

ત્રણ દિવસ ગારમાં રહ્યા પછી હુઝૂર ﷺ હઝરત સિદ્દીક رضي الله عنه ની સાથે પોતાના ભોમિયા અને આમિર બિન ફુહૈરાને લઈને નીકળ્યા. પીછો કરનારાઓથી બચવા માટે હંમેશના સામાન્ય રસ્તાને (જે ટૂંકો હતો) છોડીને દરિયા-કિનારાનો લાંબો રસ્તો અપનાવ્યો. આ તરફ મક્કામાં એલાન કરવામાં આવ્યું કે બંને મુહાજિરોમાંથી જે કોઈને પણ જે વ્યક્તિ કતલ કરી નાખે અથવા ધરપકડ કરીને લાવે તેના માટે એકસો ઊંટનું ઇનામ છે. લોકો શોધખોળમાં લાગી ગયા. સુરાકા બિન જઅ્શમને સમાચાર મળ્યા કે આવા-આવા બે માણસો તટીય માર્ગે જોવામાં આવ્યા હતા. તેણે ભાલો લીધો અને ઘોડા પર સવાર થઈને રવાના થઈ ગયો. નજીક આવીને સુરાકા જ્યારે ઝડપથી ઝપટ્યો તો તેના ઘોડાના આગળના પગ જમીનમાં ધસી ગયા. સુરાકાએ બે-ત્રણ વારની નિષ્ફળ કોશિશ પછી માફી માંગી, વધુમાં

નિવેદન કર્યું કે એક લેખિત સુરક્ષા લખી દેવામાં આવે. જાણે તેણે એ પ્રતીત કરી લીધું હતું કે આ હસ્તીઓના માધ્યમથી એક નવીન યુગનો આરંભ થવાનો છે. સુરક્ષા-પત્ર લખી આપવામાં આવ્યો, જે મક્કા-વિજય વખતે કામ આવ્યો. આ જ પ્રસંગે હુઝૂર ﷺ એ સુરાકાને એક ખુશખબર પણ આપી કે, ''હે સુરાકા ! એ વખતે તારી શાન કેવી હશે, જ્યારે તું કિસરા (ઈરાનના શહેનશાહ)ના કંગન પહેરીશ !'' (આ ભવિષ્યવાણી હઝરત ઉમર رضي الله عنه ના શાસનકાળમાં ઈરાનના વિજયના પ્રસંગે પૂરી થઈ.)

આ સફરમાં હઝરત ઝુબૈર (رضي الله عنه) શામ (સીરિયા)થી પાછા ફરતા વેપારી કાફલાની સાથે રસ્તામાં એમને મળ્યા. તેમણે હુઝૂર ﷺ અને હઝરત અબૂબક્ર رضي الله عنه બંનેની સેવામાં સફેદ પોશાક ભેટ-સ્વરૂપે પ્રસ્તુત કર્યો.

આ સફરમાં બુરૈદા અસ્લમી (ﷺ) પણ સિત્તેર સહ-પ્રવાસીઓની સાથે સામે મળ્યા. આ પણ વાસ્તવમાં ઇનામની લાલચમાં નીકળ્યા હતા. જ્યારે સામનો થયો, તો બુરૈદાનો હૃદય-પલટો થઈ ગયો. સામાન્ય વાતચીતમાં જ જ્યારે હુઝૂર ﷺ એ એક ખુશખબરવાળું વાક્ય خرج سهمك (તારો હિસ્સો નીકળી આવ્યો) કહ્યું, તો સિત્તેર સાથીઓની સાથે બુરૈદા ઈમાન લઈ આવ્યા. પછી બુરૈદા رضي الله عنه એ એ ઇચ્છા વ્યક્ત કરી કે હુઝૂર ﷺ ના મદીનામાં પ્રવેશ વખતે આપ ﷺ ના આગળ-આગળ એક ઝંડો હોવો જોઈએ. હુઝૂર ﷺ એ પોતાનો અમામો ભાલા પર બાંધી દીધો અને બુરૈદાને આપી દીધો, અને ઝંડાને લહેરાવતો-લહેરાવતો આ કાફલો 'દારુલ હિજરત (હિજરત-સ્થાન મદીના)માં દાખલ થયો.

અનિવાર્યપણે તમારી પરીક્ષા કરવામાં આવશે પ્રાણ અને ધનના નુકસાનથી, અને તમને ખૂબ જ વાહિયાત અને બીભત્સ વાતો સાંભળવી પડશે — એ લોકોથી પણ જેમને તમારાથી પહેલા ગ્રંથ આપવામાં આવ્યો હતો, અને એ લોકોથી પણ જેમણે શિર્ક (અનેકેશ્વરવાદ)નો માર્ગ અપનાવી રાખ્યો છે અને જો તમે (આ પરીક્ષાઓની સરખામણીમાં) મક્કમ અને અડગ રહો અને (ગંદકીઓથી) પાલવ બચાવી-બચાવીને ચાલો, તો — નિશ્ચિતપણે આ એક ભારે હિંમતનું કાર્ય છે.'' (સૂરઃ આલે ઇમરાન, ૧૮૬)

O

"કોઈ નબી માટે તેના નજીકના સગાઓ જેટલા પ્રમાણમાં ખરાબ હોઈ શકે છે, તમે તમારા નબી માટે એવા જ ખરાબ પુરવાર થયા !

તમે મને ખોટો ઠેરવ્યો,
અને બીજા લોકોએ મારી સચ્ચાઈની સાક્ષી આપી !

તમે મને વતનમાંથી કાઢ્યો,
અને બીજા લોકોએ મને પોતાના પાસે જગ્યા આપી !

તમે મારા વિરુદ્ધ લડવા ઉઠ્યા,
અને બીજા લોકોએ મને પોતાનો સહયોગ આપ્યો !"

——— રસૂલુલ્લાહ ﷺ નો ઇરશાદ
બદ્રના મેદાનમાં
મુશ્રિકોની લાશોને
સંબોધન કરતાં !

માનવતાના ઉપકારક ﷺ
વિરોધોના વંટોળમાંથી પસાર થતાં

(૪)

— મદનીકાળ —

ઇતિહાસ બદલાય છે !

★ ———————————

— વહેલી સવારે જ્યારે ઉમ્મે અહમદે મને સફરની તૈયારી કરતો જોયો કે હું એ હસ્તીની સુરક્ષામાં નીકળી રહ્યો છું, જેનાથી જોયાં વગર ભય અને ડર રાખું છું...

— તો તે કહેવા લાગી કે જો તમારે અનિવાર્યપણે આ પગલું ભરવાનું જ હોય, તો યસરબ જવાનો વિચાર માંડી વાળો અને અમને કોઈ બીજા પ્રદેશમાં લઈ ચાલો !

— આના પર મેં તેને જવાબ આપ્યો કે બસ, હવે તો યસરબ જ આપણી અપેક્ષિત મંજિલ છે અને પરમ્ કૃપાળુ અલ્લાહ જે તરફ ઇચ્છે છે, બંદો એ તરફ જ સવાર થઈને નીકળે છે !

— કેટલાય પ્રિય સાથીઓ અને કેટલાય શુભેચ્છકોને આપણે પાછળ છોડી દીધા અને કેટલીય હમદર્દ મહિલાઓ હતી કે જે આંસુ વહાવતી અને વિલાપ કરતી રહી ગઈ !

— તું સમજે છે કે આપણે એ આશયથી વતનનો ત્યાગ કરી રહ્યા છીએ કે આપણે દેશનિકાલ કરનારાઓથી બદલો લેવાને કાબેલ થઈ જઈએ, જ્યારે કે આપણે જાણીએ છીએ કે એ બીજા જ ઉદ્દેશ્યો છે, જેની આપણને અભિલાષા છે !

— એક આપણે છીએ, અને એક આપણા એ મિત્રો છે, જેઓ સન્માર્ગથી દૂર હટી ગયા છે, અને તેમણે આપણા વિરુદ્ધ દમન અને અત્યાચારના શસ્ત્રો ઉઠાવ્યા અને ઉપદ્રવ મચાવી દીધો.

— આ સંઘર્ષ કરતાં બે પક્ષકારો છે, જેમાંથી એકને સત્યનઃ ધ્વજવાહક બનવાની સદ્પ્રેરણા મળી, અને તેઓ માર્ગદર્શન-પ્રાપ્ત છે. બીજો પક્ષકાર અલ્લાહની યાતનાની ઘાતમાં આવવાનો છે.

— જો કે આપણે તેમના સાથે સગપણની રીતે ગાઢ સંબંધ ધરાવીએ છીએ, પરંતુ જ્યાં (વિચારધારા અને ઉદ્દેશ્યો સાથે) હાર્દિક સંબંધ જોડવામાં ન આવ્યો હોય, ત્યાં કેવળ સગપણનો સંબંધ નથી ચાલી શકતો !

— એક દિવસ આવશે, જ્યારે તમારી એકતા છિન્ન-ભિન્ન થઈ જશે અને તમારી સામૂહિક વ્યવસ્થાનું માળખું વિખેરાઈ જશે.

— એ સમયે તમે સારી રીતે જાણી લેશો કે આ બંને પક્ષકારોમાંથી કોણ ઠીક-ઠીક સફળ છે.

(ટૂંકસાર – રજ્ઝે હિજરત – અબૂ અહમદ બિન જહશ)

طَلَعَ الْبَدْرُ عَلَيْنَا
مِنْ ثَنِيَّاتِ الْوَدَاعِ
وَجَبَ الشُّكْرُ عَلَيْنَا
مَا دَعَا لِلّٰهِ دَاعٍ
أَيُّهَا الْمَبْعُوثُ فِينَا
جِئْتَ بِالْأَمْرِ الْمُطَاعِ

O

માનવતાના મહાન ઉપકારક અને દુનિયાના ઇતિહાસના સૌથી મહાન ઘડવૈયા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ની જીવન-સિદ્ધિનો મક્કી-કાળ ઇસ્લામના આમંત્રણ અને સંદેશનો કાળ છે, અને મદની-કાળ સત્તા અને શાસનનો કાળ છે. મક્કામાં વ્યક્તિઓને તૈયાર કરવામાં આવ્યા, મદીનામાં સામૂહિક વ્યવસ્થાનું નિર્માણ થયું. અહીં મસાલો તૈયાર થયો અને ત્યાં ઇમારત ઊભી કરવામાં આવી.

આ ફરકના કારણે કુર્આન અને સીરત (જીવન-ચરિત્ર) અને ઇતિહાસને ઉપરછલ્લી દૃષ્ટિએ જોવાવાળા સામાન્ય લોકોનો પ્રતિભાવ એ છે કે ઇસ્લામી આંદોલન અને તેના આવાહક પર પરીક્ષાની કઠિન પળો માત્ર મક્કી-કાળમાં જ વિતી છે, મદીનામાં વિરોધના એવા પ્રચંડ તોફાનોનો સામનો કરવો પડ્યો ન હતો, અને અહીં એ પ્રકારની ભઠ્ઠીઓ ગરમ થતી ન હતી, અથવા ઓછામાં ઓછું કલ્પના એવી કરવામાં આવતી હતી કે વિરોધ હવે એક નગ્ન તલવાર બનીને રણભૂમિમાં આવી ગયો હતો અને વિરોધીઓ તરફથી નીચ કૃત્યો અને અધમ કાર્યવાહીઓનો તબક્કો પસાર થઈ ગયો હતો. વાસ્તવિકતા આનાથી તદ્દન વિપરીત છે. નિઃશંક, કુરૈશની શરૂઆતની વિરોધી શક્તિ તો હવે આમને-સામને થઈને યુદ્ધ-મેદાનમાં પડકાર કરી રહી હતી, પરંતુ બીજી બાજુ મદીનામાં આંદોલનની જોરદાર ઉન્નતિએ નવી વિરોધી શક્તિઓ ઊભી કરી દીધી હતી અને તે દુષ્ટતાઓમાં મક્કાવાસીઓથી કોઈપણ રીતે ઓછી ન હતી. આ દુષ્ટતાઓના નીતનવા કરતૂકોએ સત્યના આવાહક અને તેમના સાથીઓને શરૂઆતથી અંત સુધી પરેશાન કર્યા અને સભ્યતાના નવનિર્માણના કાર્યમાં અવરોધો ઊભા કરવામાં કોઈ કસર ઉઠાવી ન રાખી.

ઐતિહાસિક નિયમ એ જ છે કે સુધારણા અને નિર્માણનું કાર્ય જેમ-જેમ આગળ વધે છે, સુધારણાના દુશ્મનો અને જડતા-પ્રિય શક્તિઓ તેને સમાપ્ત કરવા માટે વૈમનસ્યની લાગણીમાં એટલી જ વધારે બહેકતી જાય છે, ત્યાં સુધી કે સત્ય જ્યારે પરાધીનતાના બંધનમાંથી છલાંગ લગાવીને સત્તાના સિંહાસન પર પગ મૂકે છે, તો અસત્યનો દ્વેષ અને ઈર્ષ્યા પણ બધી સીમાઓ પાર કરી જાય છે. આ જ પરિસ્થિતિ મદીનામાં નવીન મુસ્લિમ સમાજની સ્થાપના તેમજ શાંતિ અને સલામતીના રાજ્યના ઉભરવાથી ઉત્પન્ન થઈ.

મદીનાનું ભિન્ન વાતાવરણ

ઐતિહાસિક રીતે આ પરિસ્થિતિ સ્વયં ખૂબ મહત્ત્વની છે કે મદીનાનું રાજકીય અને ધાર્મિક વાતાવરણ મક્કાથી તદ્દન ભિન્ન હતું. આ જ કારણ હતું કે જે છોડ ત્યાં ખૂબ જ પ્રતિકૂળ સ્થિતિનો સામનો કરી રહ્યો હતો, તે અહીં લાવીને જેવો રોપવામાં આવ્યો તો ઝડપથી ફૂલવા-ફાલવા લાગ્યો.

પહેલી વાત એ કે મક્કા અને તેના માહોલની તમામ વસ્તી પરસ્પર એક-બીજાથી સંલગ્ન હતી અને ધાર્મિક કબીલાઓના તેમજ સંધિ-કરારોના બંધનોમાં બંધાયેલ હતી, અને કુરૈશનું તેના પર પૂર્ણ વર્ચસ્વ હતું. પરંતુ મદીના અને તેના વાતાવરણમાં બે જુદા-જુદા તત્ત્વો વસતા હતા, જેમના વચ્ચે ખેંચતાણ જોવા મળતી હતી.

મદીના 'યસરબ'ના નામથી યહૂદીઓએ વસાવેલું શહેર હતું. અહીં જેમ-જેમ તેમની પેઢીઓ ફેલાતી ગઈ, મદીનાની આસપાસ તેમની નવી વસ્તીઓ સ્થપાતી ગઈ, અને તેના સાથે તેમના નાના-નાના કિલ્લાઓ બંધાતા ગયા. આમ, આખો વિસ્તાર યહૂદીઓના ધાર્મિક અને રાજકીય વર્ચસ્વમાં હતો.

બીજી વસ્તી અન્સારની હતી. તેમનું મૂળ વતન યમન હતું અને 'કહતાન'નો પરિવાર તેમનો વંશીય સ્રોત હતો. જે જમાનામાં 'સીલે-ઇરમ' નામના પ્રખ્યાત પૂરે તારાજી સર્જી હતી અને બચી ગયેલ અમુક લોકો આમ-તેમ વિખેરાઈ ગયા હતા, એ જમાનામાં કહતાન કબીલામાંથી ઔસ અને ખઝરજ નામના બે ભાઈઓ 'યસરબ' આવી પહોંચ્યા અને અહીં વસી ગયા. સંભવ છે કે પાછળથી બીજા લોકો પણ આવ્યા હોય. આમ, આ જ નવાંગતુકો દ્વારા આ વિસ્તારમાં નવા લોકોનો વધારો થયો. પાછળથી પેઢીઓ વધતી ગઈ અને ધીમે-ધીમે એક નવી શક્તિ ઉભરવા લાગી. શરૂ-શરૂમાં આ લોકોએ યહૂદી સમાજ અને સભ્યતાથી અલગ રહીને વિકાસ સાધવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અગાઉથી પ્રસ્થાપિત શક્તિના જોર અને પ્રભાવથી

દબાઈને તેમનાથી મિત્ર-સમજૂતીઓ કરી લીધી. સંધિ-સંબંધો લાંબા સમય સુધી સારી રીતે ચાલતા રહ્યા. પરંતુ યહૂદીઓએ જેવું એ અનુભવ્યું કે અન્સારની રોજ-બરોજ ઉન્નતિ અને પ્રગતિ તેમની સત્તાની સામે જોખમ બનતી જઈ રહી છે, તેમણે મૈત્રી-સંબંધો તોડી નાખ્યા.

યહૂદીઓમાં એક વિલાસી ધનવાન 'ફત્યૂન' નામનો હતો. તેણે બળજબરી અને શક્તિથી પોતાનો એ આદેશ લાગુ કરી દીધો કે તેની હદોમાં જે છોકરીના પણ લગ્ન કરવામાં આવે તે તેના શયનખંડમાંથી પસાર થઈને દાંપત્ય જીવનના વર્તુળમાં દાખલ થાય. યહૂદીઓના બગાડનું અનુમાન તેનાથી કરો કે તેમણે 'ફત્યૂન'ના આ આદેશ સામે માથું નમાવી દીધું હતું. છેવટે એક દિવસ આ શૈતાની આદેશે અન્સારના સ્વાભિમાનને પણ પડકારી દીધો. માલિક બિન અજલાનની બહેનના લગ્ન થઈ રહ્યા હતા કે બરાબર જાન નીકળવાના દિવસે તે ભાઈની સામેથી તદ્દન નગ્નતાની હાલતમાં નીકળી. માલિકે નિંદા કરી તો તેણે કહ્યું કે કાલે જે કંઈ થવાનું છે, તે આનાથી વધારે ખરાબ છે. તે પછી માલિકે 'ફત્યૂન'ને મારી નાખ્યો, અને શામ (સીરિયા) તરફ ભાગી ગયો. ત્યાં ગસ્સાની સત્તાધીશ અબૂ જબલાનું શાસન ચાલી રહ્યું હતું. તેને જ્યારે આ પરિસ્થિતિની જાણ થઈ તો તેણે હુમલો કરીને મોટા-મોટા યહૂદીઓને મારી નાખ્યા, અને ઔસ અને ખઝરજને સ્વતંત્રતા અને ઇનામોથી નવાજ્યા. આ ઘટનાઓએ યહૂદીઓના જોરને તોડી નાખ્યું, અને અન્સારની તાકાત વધી ગઈ.

ટૂંકમાં, યહૂદીઓની સામે અન્સારની ટક્કર બરાબરની હતી. પરંતુ સિદ્ધાંતો અને હેતુ ન હોવાના કારણે તેમની એકતા અને સંપ મજબૂત પાયા પર નહોતા. પરસ્પર ઘર્ષણે ઉધઈ બનીને શક્તિને ખાવાનું શરૂ કર્યું, ત્યાં સુધી કે ઔસ અને ખઝરજ વચ્ચે બુઆષનું યુદ્ધ થયું અને બંને પક્ષકારોના મહત્ત્વના માણસો એક-બીજાની તલવારોનો કોળિયો બની ગયા. આ રીતે યહૂદીઓની સામે તેઓ ફરી નિર્બળ બની ગયા. આ પરિસ્થિતિથી લાચાર થઈને તેમણે નજીકના સમયમાં કુરૈશની સામે મૈત્રી-સંબંધોનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ કેટલાક કારણોસર આ પ્રયત્ન સફળ ન થઈ શક્યો.

બીજી બાજુ યહૂદીઓના ચઢિયાતા હોવાનું એક કારણ તેમની ધાર્મિક સર્વોચ્ચતા પણ હતી. તેમના પાસે તૌરાત ગ્રંથ હતો, અને તેઓ એક સ્થાયી ધાર્મિક વ્યવસ્થાના ધ્વજવાહકો હતા. તેમના પાસે આસ્થાની પૂંજી હતી. એક નૈતિક આચાર-સંહિતા હતી. ન્યાયી ધારાધોરણો હતા. ધાર્મિક કાનૂન હતો. થોડીક પરંપરાઓ હતી અને

ઉપાસના કરવાની એક પદ્ધતિ હતી. અન્સાર આ પાસાથી તદ્દન કોરાં હતા અને તેઓ વર્તુળમાં તેમના સામે હાથ ફેલાવવા માટે વિવશ હતા. તેમના જ 'બૈતુલ મુકદ્દસ' (યહૂદીઓના ધાર્મિક શિક્ષણના કેન્દ્રો)થી તેઓ લાભ ઉઠાવતા હતા. હદ એ હતી કે કોઈ અન્સારીની સંતાન જીવંત ન રહેતી તો તે નઝર (માનતા, બાધા) જ એ માનતો હતો કે જો બાળક જીવંત રહેશે તો તેને યહૂદી બનાવવામાં આવશે. અન્સાર આ વિશે લઘુતાગ્રંથીમાં હતા અને તેમનું સ્વમાન અને સ્વાભિમાન આ અંગે પીડા અનુભવતું હતું.

ઉપરની હકીકતોને સામે રાખવાથી અંદાજ કરી શકાય છે કે મદીનાના માહોલમાં યહૂદીઓ અને અન્સાર વચ્ચે તંગદિલી હતી અને સંબંધોના ઊંડાણમાં હરીફાઈની અને વૈમનસ્યની ભાવના કામ કરી રહી હતી.

આ અનુસંધાનમાં એ વાતનું વર્ણન રસપ્રદ છે કે યહૂદીઓ અન્સારની સામે વારંવાર એ કહ્યા કરતા હતા કે અંતિમ નબીનું ટૂંક સમયમાં જ આગમન થવાનું છે. તેઓ આવી જાય તો પછી અમે તેના સાથે મળીને તમારી ખબર લઈશું. યહૂદીઓની આ ભવિષ્યવાણીએ અન્સારને પણ આ પયગંબરના આગમન અંગે આતુર બનાવી દીધા હતા, અને તેમના અંદર એક સભાનતા એ કામ કરી રહી હતી કે જો એ નબી આવી જાય તો તેઓ આગળ વધીને તેમનો પાલવ પકડી લે. આમ, એ જ થયું કે ભવિષ્યવાણી સંભળાવનારાઓ સ્વયં તો વંચિત રહ્યા અને જેમને તેઓ ધમકીઓ આપી રહ્યા હતા, તેઓ અંતિમ યુગના નબી ﷺ ના સાથીઓમાં સામેલ થઈ ગયા. યહૂદીઓ જેમને માર ખવડાવવા માગતા હતા, તેમના હાથે તેઓ પોતે માર ખાઈ ગયા.[૧]

મદીનાના આ વાતાવરણ અને તેની પશ્ચાદભૂમિને સામે રાખવાથી અંદાજ કરી શકાય છે કે શા માટે આ વાતાવરણ મક્કાની સરખામણીમાં ઈસ્લામી આંદોલનને વધારે માફક આવ્યું.

ઈસ્લામી આંદોલન મદીનામાં

મક્કાએ સત્યનો સંદેશ સાંભળ્યો અને નિરંતર ૧૩ વર્ષ સાંભળ્યો, તેની સમગ્ર દલીલ સામે આવી. તેના 'નૂર' (પ્રકાશ)થી ઓતપ્રોત એક અનુપમ વ્યક્તિત્વનું ચરિત્ર તેના સામે ઝગમગતું રહ્યું, તેના ધ્વજવાહકોએ અત્યાચારની ચક્કીમાં પીસાતાં-પીસાતાં 'અહદ - અહદ'ની પોકાર લગાવી, પરંતુ મક્કાના સામૂહિક વાતાવરણે આરંભથી અંત સુધી એક જ રટ લગાવ્યે રાખી – 'અમને મંજૂર નથી !'

૧. આ માહિતી લે. શિબ્લી નો'માની મરહૂમના પુસ્તક 'સીરતુન્નબી ﷺ' (ભા-૧)થી ટાંકવામાં આવી છે. જુઓ : પૃ. ૧૮૯ થી ૧૯૧.

પરંતુ મદીના સુધી સંદેશના પુષ્પની મહેંકની પહેલી લહેર જ પહોંચી હશે કે તેનો આત્મા અત્યાનંદથી ઉછળીને પોકારવા લાગ્યો - 'લબ્બૈક !' (અમને સ્વીકાર છે). મદીનાનો સૌપ્રથમ નવયુવાન, જે નબી ﷺ ના સંદેશથી માહિતગાર થયો – તે સુવૈદ બિન સામત હતો. આ એક બુદ્ધિશાળી શાયર હતો, એક નિપુણ સવાર હતો, બહાદુર યોદ્ધો હતો. આવા નવયુવાનો સામાન્ય રીતે ક્રાંતિકારી લડવૈયાઓ બનતા હોય છે તેમજ નિર્માણ અને ઉન્નતિના પ્રત્યેક સંદેશ પર લબ્બૈક કહેતા હોય છે અને પછી પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેતા હોય છે. આ નવયુવાન મક્કામાં આવ્યો, તો સરવરે આલમ ﷺ એ રાબેતા મુજબ મળીને આમંત્રણ આપ્યું. સુવૈદે બતાવ્યું કે આવી જ એક વસ્તુ મારા પાસે પણ છે, અર્થાત્ લુકમાનની સંહિતા ! તેનો થોડોક ભાગ તેણે સંભળાવ્યો પણ ખરો. પછી હુઝૂર ﷺ એ કુર્આન સંભળાવ્યું. હવે જુઓ પૂર્વગ્રહરહિત ભાવનાનું દશ્ય ! સુવૈદની સાલસ પ્રકૃતિ તરત જ પોકારી ઉઠી કે إن هذا القول حسن, અર્થાત્ આ વાણી ખૂબીમાં ચઢિયાતી છે. આમ, આ વાણીનો સંદેશ તેના હૃદયમાં ઊતરી ગયો. પરંતુ અફસોસ કે ગયા પછી તે ખઝરજવાળાઓના હાથે માર્યો ગયો. તેના વિશે પાછળથી લોકોએ ઉલ્લેખ કર્યો કે તેની હત્યા થઈ તે વખતે તે મુસ્લિમ હતો અને 'તકબીર' (અલ્લાહના મહાનતા)નું રટણ તેની જીભે હતું.[1]

પ્રભાવિત થનાર યસરબનો બીજો નવયુવાન અયાસ બિન મઆઝ હતો. મદીનાના પ્રતિનિધિ-મંડળનો આ એક સભ્ય હતો. પ્રતિનિધિ-મંડળનો હેતુ એ હતો કે ખઝરજ વિરુદ્ધ કુરૈશ સાથે મૈત્રી-કરાર કરે અને તેમની મદદ પ્રાપ્ત કરે. સત્યના આવાહક ﷺ એ આ લોકો સુધી સંદેશ પહોંચાડવાની તક શોધી. ઈસ્લામનો પરિચય કરાવ્યો અને કુર્આન પઢીને સંભળાવ્યું. અયાસ બિન મઆઝ, જે તે વખતે કિશોરાવસ્થામાં હતો, કહેવા લાગ્યો - أي قوم! هذا والله خير مما جئتم به. કેવી પવિત્ર પ્રકૃતિ બોલી રહી હતી કે, ''હે સાથીઓ ! તમે જે આશયથી આવ્યા છો, આ તેનાથી વધારે સારી વસ્તુ છે.'' પ્રતિનિધિ-મંડળના વડા અબૂ અલ-હસીરે માટી ઉઠાવીને તેના મોઢા પર મારી દીધી. તેઓ અર્થ એ હતો કે આ તમે વચ્ચે શું ગજબ કરી રહ્યા છો ! તેના સાથે કહ્યું, ''આપણે આ આશયથી નથી આવ્યા.'' અબૂ અલ-હસીરને ચિંતા હતી કુરૈશની હિમાયત પ્રાપ્ત કરવાની અને તે સારી રીતે સમજતો હતો કે મુહમ્મદ (ﷺ) ની વાત માની લીધી તો કુરૈશના હૃદયોના દરવાજા ઊલ્ટા વધારે બંધ થઈ જશે. અયાસ ચૂપ થઈ ગયો – પરંતુ તેના હૃદયની માટીમાં સંદેશનું બીજ પડી ગયું. આ લોકો પાછા ફરી ગયા અને અફસોસ કે મદીનાનો આ જાગૃત

---

૧. સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૬૭-૬૮.

નવયુવાન પણ ટૂંક સમયમાં જ બુઆષની લડાઈની લપેટમાં આવીને દુનિયાથી વિદાય થઈ ગયો.

નુબૂવ્વતના અગિયારમા વર્ષે હજ માટે મદીનાથી જે સમૂહ આવ્યો, તેના સાથે એક બેઠકમાં સરવરે આલમ ﷺ ની ખૂબ લાંબી વાતચીત થઈ.આપ ﷺ ના આમંત્રણને સાંભળીને એ લોકો પરસ્પર કહેવા લાગ્યા – ''હે સાથીઓ ! જાણી લો કે નિશ્ચિતપણે આ એ જ નબી છે, જેના વિશે યહૂદીઓ તમારા સામે ભવિષ્યવાણી કરતા રહ્યા છે. તેથી હવે તેઓ ક્યાંક તમારાથી આગળ ન વધી જાય.'' આમ, અલ્લાહ તૂઆલાએ તેમના હૃદયોને ખોલી દીધા અને તેમણે સત્ય-દીનને પોતાના હૃદયોમાં આત્મસાત કરી લીધો. પછી તેઓ કહેવા લાગ્યા –

''અમે લોકોએ અમારી કોમનો સાથ છોડ્યો. બીજી કોઈ કોમમાં અમારા લોકો જેવી દુશ્મની અને ખરાબી નહીં હોય. કદાચ, આપ ﷺ ની જાત દ્વારા અલ્લાહ તૂઆલા અમને ફરી જોડી દે. અમે તેમના પાસે જઈશું અને આપ ﷺ ના દીન (ધર્મ) તરફ તેમને આમંત્રણ આપીશું અને તેના સામે અમારો એ અભિપ્રાય મૂકી દઈશું, જે આ દીન માટે આપ ﷺ ની સામે અમે પ્રગટ કર્યો છે. પછી જો અલ્લાહ તૂઆલાએ એમને આ દીન પર એકઠા કરી દીધા તો તે પછી આપ ﷺ થી વધારે શક્તિ ધરાવનાર કોઈ બીજો નહીં હોય.''

મક્કાના લોકોએ જે સંદેશને ફાટફૂટનું કારણ સમજ્યો, મદીનાના લોકોએ એમાં પોતાના માટે સહમતિ અને એકતાનો આધાર પહેલી નજર નાખતાં જ જોઈ લીધો. ઇસ્લામી આંદોલનના વહન માટે મદીનાના સૌપ્રથમ સમૂહ, જેની રચના મક્કામાં થઈ રહી હતી, છ વ્યક્તિઓ પર આધારિત હતો - (૧) અબૂ અલ-હૈશમ બિન નબ્હાન (૨) અસ્અદ બિન ઝરારહ (૩) ઔફ બિન હારિસ (૪) રાફેઅ બિન માલિક બિન અજલાન, (૫) કુતબાઅ બિન આમિર, (૬) જાબિર બિન અબ્દુલ્લાહ.

આ લોકો પાછા ગયા, તો માહોલમાં તેમણે એક નવી હલચલ પેદા કરી દીધી. ઇસ્લામનો સંદેશ ફેલાવા લાગ્યો અને ખૂબ પ્રસિદ્ધિ મળી. અન્સારના ઘરોમાંથી કોઈ એવું ઘર ન રહ્યું, જેમાં મુહમ્મદ ﷺ ની ચર્ચા ન થઈ રહી હોય.

બૈતે-ઉકબા ઊલા (ઉકબાના પ્રથમ શપથ)

પછીના વર્ષે, અર્થાત્ નુબૂવ્વતના બારમા વર્ષે બાર વ્યક્તિઓનું પ્રતિનિધિ-મંડળ આવ્યું અને આવીને બૈત કરી (શપથ લીધા). આ બૈતને પરિભાષામાં 'બૈતુન્-નિસા', અર્થાત 'સ્ત્રી-બૈત' કહે છે. આનો અર્થ એ છે કે આ બૈતમાં માત્ર મૂળ

વાતોનો એકરાર લેવામાં આવ્યો હતો, તેમજ યુદ્ધ અને અથડામણોનો કોઈ પ્રશ્ન એ વખતે નહોતો. ઈમાનના આ એકરારના અંશો આ પ્રમાણે હતા –

''અમે અલ્લાહની સાથે કોઈને ભાગીદાર નહીં ઠરાવીએ. ચોરી નહીં કરીએ. વ્યભિચાર નહીં કરીએ. પોતાના સંતાનોની હત્યા નહીં કરીએ. કોઈના વિરુદ્ધ જાણી--જોઈને કોઈ મનઘડત આરોપ નહીં ઘડીએ, અને કોઈ પ્રચલનમાં હોય એવા (સ્વીકૃત) મામલામાં મુહમ્મદ ﷺ ની અવજ્ઞા નહીં કરીએ.''

આ લોકો આનાથી નિવૃત્ત થઈને ઉઠ્યા, તો અલ્લાહના પયગંબર ﷺ એ મુસઅબ رضي الله عنه બિન ઉમૈર બિન હાશિમને મદીનામાં ઇસ્લામના પ્રચાર-પ્રસારના કાર્ય માટે નિયુક્ત કર્યા. તેમને જવાબદારી સોંપી કે ત્યાં જઈને લોકોને કુર્આન પઢાવે, ઇસ્લામનું શિક્ષણ આપે, દીનની સૂઝબૂજ પેદા કરે. આમ, તેઓ નમાઝની ઈમામત પણ કરતા હતા અને ઇસ્લામની વિચારધારા અને તેના નૈતિક મૂલ્યોની તાલીમ પણ આપતા હતા.(૧)

બે નેતાઓનો ઇસ્લામ-સ્વીકાર

એક દિવસ અસ્અદ બિન ઝુરારા (જેમના મકાન પર નબી અકરમ ﷺ એ નિયુક્ત કરેલ આવાહક મુસ્અબ બિન ઉમૈર رضي الله عنه રોકાયા હતા) ઇસ્લામના પ્રચારના અભિયાન સંદર્ભે પોતાની સાથે મુસ્અબ બિન ઉમૈર رضي الله عنه ને લઈને બની અબ્દે અશ્હલ અને બની ઝફરના ઘરો તરફ નીકળ્યા. બંને 'મરક' નામના કૂવાની પાસે આવેલ બની ઝફરના આંગણામાં પહોંચ્યા. કેટલાક લોકો, જેઓ ઇસ્લામનો સ્વીકાર કરી ચૂક્યા હતા, તેમના પાસે આવીને એકઠા થઈ ગયા. સઅદ બિન મઆઝ અને ઉસૈદ બિન હુઝૈર બંને બની અબ્દે અશ્હલના નેતાઓ હતા, અને હજુ સુધી પોતાની કોમના અનેકેશ્વરવાદી પંથ પર ચાલી રહ્યા હતા. અસ્અદ બિન ઝુરારા અને મુસ્અબ رضي الله عنه ના ઇસ્લામના આમંત્રણના કાર્ય અંગે સઅદ બિન મઆઝ ગુસ્સે ભરાયેલા તો હતા જ, જેવી આ બંનેના અહીં આવવાની માહિતી મળી, તેમણે ઉસૈદના કાનમાં ભંભેરણી કરી કે આ બંને આપણામાંથી નબળા મનના લોકોને ઊલ્લુ બનાવે છે. તેથી જઈને તેમની ખબર લો અને તેમને મનાઈ કરી દો કે આપણા ઘરોમાં ન આવે. જો સઅદ બિન ઝુરારા મારો માસી-ભાઈ અને સગો ન હોત તો તમારા બદલે હું પોતે જ તેમનાથી નિપટી લેતો. આમ, જેવી મદીનાના મુસલમાન લોકોની બેઠક થઈ, સઅદ બિન મઆઝની શિખામણના પ્રભાવમાં ઉસૈદ બિન હુઝૈર આવ્યો અને ભાલો તાણીને આ બંને ઇસ્લામી પ્રચારકો તરફ દોડ્યો. પછી અચાનક અટકીને

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૭૩-૭૯.

અપશબ્દો બોલતાં કહ્યું કે, ''તમારો અહીં આવવાનો આશય શું છે ? તમે અમારા નબળા મનના લોકોને મૂર્ખ બનાવો છો, જો તમને તમારો જીવ વ્હાલો છે તો અમારાથી દૂર રહો.'' મુસ્અબ ﷺ નરમીથી કહેવા લાગ્યા, ''શું તમે શાંતિથી થોડી વાર બેસશો કે પહેલા ધ્યાનથી સાંભળો, પછી જો વાત પસંદ આવે તો માનો, પસંદ ન આવે તો તેનાથી દૂર રહો.'' આમ, તે થોડોક શાંત થયો. ભાલો નીચે નાખી દીધો અને ઇસ્લામી આંદોલનના બંને પ્રચારકોની પાસે શાંતિથી બેસી ગયો. મુસ્અબ ﷺ એ વાતચીત શરૂ કરી અને કુર્આન પઢીને સંભળાવ્યું. બંને મહાનુભાવો કહે છે કે તેમણે પોતાના સંમુખના બોલતા પહેલાં જ તેના ચહેરાથી ઇસ્લામ-સ્વીકારની લાગણીઓ વાંચી લીધી. છેવટે ઉસૈદનું મોઢું ખુલ્યું, ''શું સરસ છે આ વાણી ! ખૂબ જ મનોહર !'' પૂછ્યું, ''તમે લોકો ઇસ્લામમાં પ્રવેશ વખતે શું કરો છો ?'' બંનેએ કહ્યું : જાઓ, જઈને સ્નાન કરો, શુદ્ધ અને પવિત્ર થઈ જાવ અને પોતાના કપડાં ધોઈ નાખો. પછી સત્યની સચ્ચાઈની સાક્ષી આપો અને નમાઝ અદા કરો. ઉસૈદ, જેઓ હમણાં-હમણાં ભાલો તાણીને ઊભા હતા, હવે સ્વયં ઇસ્લામનો જીવન પ્રદાન કરનારો ભાલો તેમના હૃદયમાં ઊતરી ગયો હતો, ન્હાયા-ધોયા અને આવીને બે રકા'ત નમાઝ પઢી, નમાઝથી નિવૃત્ત થઈને વાત શરૂ કરી, અને ઉસૈદે કહ્યું કે મારા સાથે એક વ્યક્તિ બીજો પણ છે. જો એ પણ તમારા સાથે થઈ જાય તો પછી તેના કબીલાનો કોઈ માણસ માથું ઊંચું કરી શકશે નહીં. હું હમણા જ તેને બોલાવું છું, એ છે સઅદ બિન મઆઝ. આમ, તે તરત જ ભાલો ઉઠાવીને સઅદના ત્યાં પહોંચ્યો. ત્યાં બેઠક લાગેલી હતી. તેના પર નજર પડતાં જ તેણે સાથીઓને કહ્યું કે હું ખુદાના સોગંદ ખાઈને કહું છું કે ઉસૈદનો ચહેરો એવો નથી, જેવો તે તમારા લોકો પાસેથી ઊઠીને ગયો ત્યારે હતો. પછી સઅદે ઉસૈદને પૂછ્યું, ''કહો, શું કરીને આવ્યા ?'' ઉસૈદે અનાયાસ જવાબ આપ્યો, ''મેં બંને સાથે વાતચીત કરી. તો ખુદાના સોગંદ ! મને તેમના તરફથી કોઈપણ પ્રકારના ભયની આશંકા ન લાગી અને મેં તેમને મનાઈ કરી દીધી છે. આ વાત પર તેમણે કહ્યું કે અમે એ જ કરીશું જે તમને પસંદ છે.'' સાથે-સાથે સઅદ બિન મઆઝની ભાવનાઓને ઉત્તેજિત કરવા માટે એ પણ કહી દીધું કે બની હારસા અસ્અદ બિન ઝુરારાની હત્યાની તૈયારી કરી રહ્યા છે અને એ લોકો એ જાણવા છતાં આ હિંમત કરી રહ્યા છે કે અસ્અદ તમારો સગો છે અને એ રીતે તેઓ તમારું અપમાન કરવા ચાહે છે. સઅદ બિન મઆઝ બની હારસા તરફથી આવા કૃત્યના જોખમને અનુભવીને ક્રોધિત થઈને લપક્યો અને ઉસૈદના હાથમાંથી ભાલો છીનવી લીધો. પરંતુ ત્યાં પહોંચીને જોયું કે ઇસ્લામના બંને ધ્વજવાહકો શાંતિથી છે. તે સમજી ગયો કે ઉસૈદનો આશય માત્ર એ હતો કે હું પ્રત્યક્ષરૂપે તેમની વાત સાંભળું.

તેમને ખરુ-ખોટું સંભળાવતા તે ત્યાં જ ઊભો રહી ગયો અને અસ્અદ બિન ઝુરારાને સંબોધીને કહ્યું કે તમે લોકો અમારા પાસે આવો છો, તો એવી વાતો અમારા ઘરોમાં લઈને આવો છો જેનાથી અમને નફરત છે. મુસ્અબ ﷺ એ નરમીથી એ જ ઢબથી કામ લેતાં કહ્યું કે જરા થોભો, વાત સાંભળો, પસંદ પડે તો માનો, નહિં તો પછી એ વસ્તુ તમારા સામે નહીં લાવીએ જેનાથી તમને નફરત હોય. સઅદ બિન મઆઝ કહેવા લાગ્યો, ''તમે વાત તો ન્યાયની કહી.'' એ રીતે એ શાંત થઈ ગયો. ભાલો નીચે નાખી દીધો અને બેસી ગયો. સંભળાવનારે સત્યનો સંદેશ સંભળાવ્યો અને કુર્આન પઢ્યું. ફરીથી એ જ સ્થિતિ ઊભરી આવી. સઅદ બિન મઆઝના બોલતા પહેલા તેના ચહેરાથી ઇસ્લામ-સ્વીકારની ભાવના ઝળકવા લાગી. આ બીજો નેતા પણ થોડીક પળોમાં ઇસ્લામના મોરચા પર ઊભો હતો.

સઅદ ﷺ 'નવજીવન' લઈને પલટ્યા તો બેઠકમાં ઉપસ્થિત લોકોએ દૂરથી જોતાં જ પરસ્પર કહ્યું કે ચહેરાનો રંગ બદલાયેલો છે. આવતાં જ તેમણે આ રીતે સંબોધન કર્યું, ''હે અબ્દે અલ-અશ્હલ ! મારા વિશે તમારો શું અભિપ્રાય છે ?'' બધા કહેવા લાગ્યા કે તમે અમારા સરદાર (નેતા) છો. તમારો મત અમારાથી વધારે મજબૂત છે. ખૂબીઓની રીતે સૌથી વધારે સંપન્ન છો. સઅદ બિન મઆઝ ﷺ એ કહ્યું, ''તો પછી જ્યાં સુધી તમે લોકો અલ્લાહ અને તેના રસૂલ ﷺ પર ઈમાન નહીં લાવો, તમારા પુરુષો અને તમારી સ્ત્રીઓ સાથે વાત કરવી મારા માટે હરામ !'' પછી શું હતું... આખા કબીલાના સ્ત્રી-પુરુષોમાંથી કોઈ એક પણ ઇસ્લામના વર્તુળથી બહાર ન રહ્યો.

આ બંને નેતાઓ દ્વારા જ્યારે સત્યના આંદોલનની શક્તિ એકાએક એટલી વધી ગઈ, તો ઇસ્લામના પ્રચારના અભિયાને પણ જોર પકડ્યું અને એક-એક ઘરમાં ઇસ્લામના સુપ્રભાતના તેજસ્વી કિરણોનો પ્રકાશ પ્રસરી ગયો.(1)

બૈતે-ઉકબા સાનિયા (ઉકબાના દ્વિતીય શપથ)

આ જ ગાળામાં હજનો સમય આવી ગયો. આ વખતે મુસલમાનોની મોટી સંખ્યા મક્કા પહોંચી. મદીનાની જમીન ખૂબ ફળ આપી રહી હતી. દીનની નવીન ભાવનાઓ લઈને આવનારા હાજીઓ કુરૈશથી બચી-બચીને રાત્રિના અંધકારમાં પોતાના પ્રિય નેતાથી મળ્યા. આ પ્રસંગે ફરીથી વફાદારીના શપથ લેવામાં આવ્યા. પરંતુ આ વખતે મામલો 'બૈતુન્-નિસા'થી ખૂબ આગળ સુધી જઈ પહોંચ્યો. પહેલી બૈતમાં રાજકીય પાસું માત્ર એક મુદ્દામાં પ્રગટ થતું હતું, અર્થાત્ એ એકરાર કે અમે

૧. આ પરિસ્થિતિનું વિવરણ સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૭૭-૭૮ થી લેવામાં આવેલ છે.

'મુહમ્મદ ﷺ ના પ્રચલનમાં હોય એવા આદેશોનું ઉલ્લંઘન નહીં કરીએ. પરંતુ આ વખતે રાજકીય પાસું સંપૂર્ણપણે તેના જોખમો સાથે સામે આવ્યું. હવે મુહમ્મદ ﷺ નો સાથ આપવાનો અર્થ કુરૈશ અને સમગ્ર અરબની સાથે લડવાનો હતો અને આ જ અર્થ સામે રાખીને બીજી બૈત કરવામાં આવી. વાતચીતમાં ઇસ્લામી આંદોલનના એ યસરબી સૈનિકોએ આગામી સંભાવનાઓનું પૂરેપૂરું અનુમાન કરીને કહ્યું, "લોકો (અર્થાત્ યહૂદીઓ)ની સાથે આપણા મૈત્રી-સંબંધો છે અને આપણે એ સંબંધોને તોડવા પડશે. ક્યાંક એવું ન થાય કે જ્યારે આપણે એ કરી ચૂકીએ અને પછી અલ્લાહ તઆલા આપ ﷺ ને પ્રભુત્વ પ્રદાન કરી દે, તો આપ ﷺ પોતાના પરિવારજનો તરફ પાછા જતા રહે, અને આપણને છોડી દે." આ આશંકાના જવાબમાં મલકાતાં હુઝૂર ﷺ એ ફરમાવ્યું, "તમારું લોહી મારું લોહી છે. તમારાં દુશ્મનો મારા દુશ્મનો, હું તમારો અને તમે મારા ! જેનાથી તમારી લડાઈ તેનાથી મારી લડાઈ, જેનાથી તમારી સમજૂતી તેનાથી મારી સમજૂતી." અબ્બાસ બિન ઉબાદાએ કહ્યું, "હે ખઝરજવાળાઓ ! જાણો છો કે આ હસ્તીની સાથે કઈ વાતની પ્રતિજ્ઞા લઈ રહ્યા છો ? — આ પ્રતિજ્ઞા લોકોમાંથી લાલ અને કાળાની સાથે યુદ્ધની પ્રતિજ્ઞા છે. (અર્થાત્ લોકોમાંથી ગમે તેની સાથે યુદ્ધની પ્રતિજ્ઞા છે.) પ્રતિનિધિ-મંડળે પૂર્ણ જવાબદારીના ભાન સાથે જવાબ આપ્યો, "હા, અમે અમારી સંપત્તિની તારાજી, અમારા સરદારોની હત્યાની સામે આપ ﷺ ના સાથે પ્રતિજ્ઞા લઈ રહ્યા છીએ." આ બૈતના વિશેષ સ્વરૂપના કારણે જ આનું નામ 'બૈતે હર્બ' (યુદ્ધના શપથ) પડી ગયું. આ બૈતની મુખ્ય શરત એ હતી કે, "અમે પ્રતિકૂળ અને અનુકૂળ કોઈપણ સ્થિતિમાં, ખુશીમાં અને દુઃખમાં હુઝૂર ﷺ ના પ્રત્યેક આદેશને સાંભળીશું અને તેનું અનુપાલન કરીશું અને હુઝૂર ﷺ અને હુઝૂર ﷺ ના ફરમાનને પોતાના પર પ્રાધાન્યતા આપીશું, અને એ કે અમારા પૈકી જે અમીર (વડો) હોય તેના સાથે ઘર્ષણમાં નહીં ઉતરીએ, અને એ કે અમે અલ્લાહના દીનના મામલામાં નિંદા કરનારાઓની નિંદાની પરવા નહીં કરીએ."

આ બૈત જાણે ઇસ્લામી રાજભવનની પહેલી ઈંટ હતી અને તેના સાથે આંદોલનના પુસ્તકમાં લખવામાં આવનાર હિજરતના પ્રકરણની પ્રસ્તાવના ! આ બૈત દ્વારા ભાવિ ઇસ્લામી રાજ્ય માટે જાણે તેના બનનારા નાગરિકોએ રાજીખુશીથી મુહમ્મદ ﷺ ના નેતૃત્વનો સ્વીકાર કરી લીધો, વધુમાં અનુપાલન અને અનુસરણની વ્યવસ્થા સ્થાપિત થઈ ગઈ.

આ પ્રસંગે માત્ર એક પ્રતિજ્ઞા જ લેવામાં ન આવી, બલ્કે સામૂહિક વ્યવસ્થાનો પાયો પણ નાખી દેવામાં આવ્યો. ઇસ્લામી આંદોલનના વડાએ નાગરિક સમુદાયના

મતથી બાર નકીબ (નિરીક્ષકો) નિયુક્ત કર્યા - નવ ખઝરજમાંથી, ત્રણ ઔસમાંથી. આ નિરીક્ષકોને એટલા માટે નિયુક્ત કરવામાં આવ્યા કે તમે તમારી કોમના બધા મામલાઓ માટે જવાબદાર છો, બરાબર એ રીતે, જે રીતે ઈસા ઇબ્ને મરયમ ﷺ ના હવારીઓ જવાબદાર હતા, અને જે રીતે સ્વયં હું મારા આખા સમુદાયનો જવાબદાર છું. આ નિરીક્ષકો જાણે હુઝૂર ﷺ ના નાયબ હતા ! તેમની નિયુક્તિથી સુગઠિત સમાજના નિર્માણના કાર્યનો વિધિસર આરંભ થઈ ગયો.

કુરૈશને ખબર પડી તો ધુંધવાયા. પ્રતિનિધિ-મંડળ જઈ ચૂક્યું હતું, તેથી તેમનો પીછો કરવામાં આવ્યો અને સઅદ બિન ઉબાદા અને મન્ઝર બિન ઉમરૂને પકડી લેવામાં આવ્યા. તેમના પર તેમણે પોતાનો ગુસ્સો ઠાલવ્યો, પરંતુ સાપ નીકળી ચૂક્યો હતો ! હવે લીસોટા ભૂંસવાથી શું મળવાનું હતું !

મદીનામાં આંદોલનનો નવીન ઉતાર-ચઢાવ

આ શક્તિ મક્કાથી નવું જોમ લઈને મદીના પાછી ફરી, તો પ્રચારનું કાર્ય જાહેરમાં જોરશોરથી શરૂ થઈ ગયું. નવયુવાનો જ્યારે કોઈ પરિવર્તનના અગ્રદૂત બનીને ઊભા થઈ જાય છે, તો તેમના સામે વૃદ્ધત્વમાંથી પસાર થઈ રહેલી પેઢી વધારે વાર સુધી ટકી શકતી નથી, અને ટકે તો પણ તેનો ગાળો લાંબો નથી હોઈ શકતો, અને કોઈ આંદોલનના ભાવિનું અનુમાન કરવા માટે એ જાણવું ખૂબ લાભપ્રદ હોય છે કે તે મેદાન છોડી જતી વયોવૃદ્ધ પેઢીના જોર પર ચાલી રહ્યું છે, કે તેની નસોમાં નવું લોહી વહી રહ્યું છે. એ રીતે મક્કામાં પણ અને વિશેષરૂપે મદીનામાં નવયુવાન શક્તિ ઇસ્લામી આંદોલનનો ધ્વજ ઉઠાવીને આગળ-ને-આગળ વધી રહી હતી.

નવયુવાન શક્તિએ શું-શું નહીં કર્યું હોય, તેનું અનુમાન કરવા માટે એક રસપ્રદ ઘટનાનો ઉલ્લેખ કરવો આવશ્યક લાગે છે.

વડીલોમાંથી એક વડીલ હતા - ઉમરૂ બિન અલ-જમૂહ, જેમનો સંબંધ બની સલમા કબીલાથી હતો. આ વડીલે પોતાના ઘરમાં લાકડાની મૂર્તિ 'મનાત' નામની મૂકી રાખી હતી. આ તેની પૂજા કરતા હતા અને તેની સેવા-ચાકરીમાં લાગેલા રહેતા હતા. બની સલમાના બે નવયુવાનો મુઆઝ બિન જબલ અને મુઆઝ બિન ઉમરૂ સત્ય-સંદેશ પર ઈમાન લાવીને ઇસ્લામી આંદોલનના સભ્ય બની ચૂક્યા હતા. બીજા આ જ વડીલના સુપુત્ર હતા. આ બંને રાત્રિના અંધકારમાં જતા અને વડીલના ખુદાવંદને કીચડમાં લથપથ કરી દેતા અને ઉઠાવીને બની સલમાના ખાડામાં ઊલટા કરીને નાખી દેતા, જ્યાં લોકો ગંદકી અને કચરો ફેંકતા હતા. સવાર થતી તો ઉમરૂ

બિન અલ-જમૂહ બરાડા પાડતો કે આ કોણ છે, જેણે રાત્રે અમારા ખુદાવંદ સાથે અભદ્ર વર્તન કર્યું છે ? પછી તે પોતાના ગુમ થઈ ગયેલા ખુદાને શોધતો ફરતો અને જ્યારે મળી જતો તો તેને ધોઈ-સાફ કરીને સ્થાનક પર લાવીને બેસાડતો. પછીની રાત્રે ફરી આ જ ઘટના બનતી. વડીલ ફરી આ જ ચક્કરમાં બડબડ કરતા ફરતા. એક દિવસ ઉમરૂએ તંગ આવીને પોતાની તલવાર મૂર્તિની સાથે લટકાવી દીધી અને તેને સંબોધીને કહ્યું કે ''ખુદાના સોગંદ ! હું નથી જાણતો કે કોણ તારા સાથે આ વ્યવહાર કરે છે. તેથી જો તારામાં કંઈ શક્તિ છે તો પછી પોતે જ પોતાની રક્ષા કર, આ તલવાર અહીં મૂકી છે.'' સાંજ થઈ અને ઉમરૂ ઊંઘી ગયો, તો નાટકના આ બંને ચરિત્રો રાત્રે આવ્યા અને તલવાર મૂર્તિની ગરદનમાંથી ખોલી નાખી. પછી એક મૃત કૂતરો શોધીને તેના ગળામાં રસ્સીથી બાંધ્યો અને તેને એક વેરાન કૂવામાં જઈને નાખી આવ્યા, જે માનવીય ગંદકીથી ભરેલો હતો. સવારે ઊઠીને ઉમરૂએ જોયું, તો મહાનુભાવ ફરી ગુમ થઈ ગયા હતા. શોધ કરી તો આ દુર્દશા જોઈ. શિક્ષાપ્રદ ઘટનાની આ સ્થિતિ જોતાં જ હૃદયે પલટો ખાધો અને એ જ ઉમરૂ ઇસ્લામની હરોળમાં આવીને સામેલ થઈ ગયા.

આંદોલનનું નવું કેન્દ્ર

અલ્લાહે નિયુક્ત કરેલ સત્યના આંદોલનના વડા નિરંતર એ વિચારતા રહ્યા કે જો મક્કામાં સમાવવાની ક્ષમતા નથી અને અહીંનું જડ નેતૃત્વ 'નવીન જગત'નો પાયો નાખવાની તક આપવા તૈયાર નથી, તો પછી ધરતીની એ બીજી કઈ જગ્યા હોઈ શકે છે, જ્યાં શક્તિને સમેટીને નિર્માણ-કાર્ય કરી શકાય. પહેલી નજર 'હબશા' પર ગઈ અને એટલા માટે જ સાથીઓને ત્યાં મોકલ્યા. જો કે નજ્જાશી બાદશાહે મક્કાના પીડિતોની હિમાયતનો હક્ક અદા કરી દીધો, પરંતુ એક તો ત્યાં ખ્રિસ્તી આલિમો (ધાર્મિક વિદ્વાનો)ની નિમ્ન-સ્તરની ભૂમિકા સામે આવી ચૂકી હતી, અને તેમના છવાયેલ પ્રભાવ હેઠળ સત્ય-ધર્મનું ફૂલવું-ફાલવું સરળ નહોતું. બીજું, ત્યાંની સ્થાનિક વસ્તીમાં તદ્દન નવેસરથી કાર્ય કરવાની જરૂર હતી અને તેમાં અનભિજ્ઞતાના અનેક કારણો અવરોધરૂપ જોઈ શકાતા હતા. તેથી કોઈ નવી જમીનની શોધ હતી. મદીનાએ જ્યારે ખુલ્લા હૃદયે સત્ય-સંદેશનો તત્પરતાથી સ્વીકાર કર્યો તો સરવરે આલમ ﷺ ને આશાનું એક નવું કિરણ દેખાયું. ઉકબાની પ્રથમ બૈતે આ આશાને બળ પૂરું પાડ્યું. પછી મુસ્અબ બિન ઉમૈર رضي الله عنه એ સ્વયં ત્યાં રહીને અને અમુક દિવસો કામ કરીને, ઉકબાની બીજી બૈતવાળા હજના ગાળાથી થોડાક વહેલા આવીને હુઝૂર ﷺ ની સેવામાં રીપોર્ટ પ્રસ્તુત કર્યો. મદીનાનો વિગતવાર અહેવાલ દર્શાવ્યો.

તેમની શક્તિની હકીકત બતાવી અને ખુશખબરી આપી કે તેઓ આ વર્ષે મોટી સંખ્યામાં આવી રહ્યા છે. આ રીપોર્ટે હુઝૂર ﷺ ને ચિંતન-મનન કરવા માટે પ્રેર્યા. આ પરિસ્થિતિ વાસ્તવમાં ખૂબ આશાસ્પદ હતી કે મદીનાના મુસલમાનોની સંખ્યા અને શક્તિમાં રોજ-બરોજ વધારો થઈ રહ્યો હતો અને વધુમાં યહૂદીઓ તરફથી આ પ્રકારના કઠિન વિરોધનો તેમને એવો સામનો પણ કરવો પડતો ન હતો, જેવો તેમના મક્કાના સાથીઓને કુરૈશ તરફથી કરવો પડી રહ્યો હતો, અને યસરબવાસીઓ મક્કાના સાથીઓ માટે સામાન્ય રીતે દુ:ખી થઈ રહ્યા હતા, તેમને ખૂબ વધારે સગવડો ઉપલબ્ધ હતી. તેમના ત્યાં ખેતીઓ હતી અને વાડીઓ અને બગીચાઓ હતા. હુઝૂર ﷺ વિચારતા હતા કે શું એ સારું નહીં હોય કે મક્કાના સાથીઓ મદીના ચાલ્યા જાય અને કુરૈશના અત્યાચારોથી મુક્તિ મેળવીને દીનના તકાદાઓ પૂરા કરે. આમ, આવનારા પ્રતિનિધિ-મંડળમાં જે લોકો 'મહરમ' (નિકટના વિશ્વસનીય લોકો) હતા, તેમના સામે આપ ﷺ એ વિચાર મૂક્યો પણ ખરો અને પછી જે સ્વરૂપમાં કરાર કરવામાં આવ્યો તે આ જ પશ્ચાદભૂમિની સાથે હતો.(૧)

આમ તો, હબશાની હિજરતથી મુહાજિરોના પાછા આવ્યા પછી જ એકલ-દોકલ સાથીઓ આપ ﷺ ની અનુમતિથી મદીના જતા રહ્યા હતા. પરંતુ ઉકબાની બીજી બૈત પછી આમાં ઝડપ આવી અને મોટાભાગે નક્કી થઈ ગયું કે બીજું 'દારુલ હિજરત' (હિજરતનું બીજું સ્થળ) મદીના જ હશે.

મક્કાના સરદારો જોઈ રહ્યા હતા કે ઇસ્લામી આંદોલને એક નવું મજબૂત કેન્દ્ર ઊભુ કરી લીધું છે. તેમની નજરો સામે ભવિષ્ય ખૂબ બિહામણું બનીને વારંવાર આવવા લાગ્યું. તેઓ પોતાની રીતે બરાબર સમજી રહ્યા હતા કે હવે જો મદીનામાં સત્યની પોકાર મૂળ પકડી લે છે, તો આપણા પ્રભાવ-ક્ષેત્રની બહાર આ પોકાર એક અપરાજિત શક્તિ બનીને એક દિવસ આપણી જ ખબર લઈ નાખશે અને આપણે જ આપણા એક-એક કૃત્યનો હિસાબ આપવો પડશે. તેઓ એ જોખમનો પણ અનુભવ કરી રહ્યા હતા કે સીરિયાનો વેપારી રાજ-માર્ગ મદીના થઈને પસાર થાય છે, તેથી મદીનાનું નવું ઇસ્લામી કેન્દ્ર રાજ-માર્ગની નાકાબંધી કરી શકશે અને એ રીતે તેમની આર્થિક ધોરી નસ કપાઈ જશે. તેઓ અંદર-ને-અંદર ખૂબ ગભરાઈ રહ્યા હતા. પરંતુ સમજમાં આવતું નહોતું કે કરે શું? તેઓ દિવસ-રાત એ ભયમાં રહેવા લાગ્યા કે મુહમ્મદ ﷺ અને તેમનો આખો સમુદાય ક્યાંક હાથથી નીકળી ન જાય. આ જ આશંકામાં તેઓ છેવટે નબી ﷺ ની હત્યા કરવાની યોજના પર ઊતરી આવ્યા. એક ઐતિહાસિક શક્તિ, જે તેમના પોતાના ઘરથી ઊભરી અને આખી દુનિયાથી વધારે

૧. વધુ વિગત માટે જુઓ : હયાતે મુહમ્મદ ﷺ, લે. મુહમ્મદ હુસૈન હૈકલ મિસરી, પૃ. ૨૦૨.

તે તેમની પોતાની હતી, તેને પોતાના જ કૃત્યોથી 'પારકી' બનાવી દીધી અને સ્વયં તેના દુશ્મન બનીને ઊભા થઈ ગયા. હવે જેમ-જેમ તે જોર પકડતી જતી હતી, તેમના માટે જીવલેણ બનતી જતી હતી.

આમ, પહેલો મુહાજિર જ્યારે મદીનાના ઇરાદાથી નીકળ્યો, તો મક્કાવાસીઓએ તેના સાથે નિર્દયી વ્યવહાર કર્યો. આ સૌપ્રથમ મુહાજિર અબૂ સલમા અબ્દુલ્લાહ બિન અલ-અસદ મખઝૂમી ﷺ હતા. તેઓ પત્ની-બાળકોને ઊંટ પર બેસાડીને નીકળ્યા. તેમના પત્ની બનૂ મુગીરા કબીલામાંથી હતા. એ લોકો બરાબર રવાના થવાના સમયે ધૂંવાપૂંવા થતા આવ્યા અને ઉમ્મે સલમા ﷺ ના ઊંટની લગામ એમ કહીને અબૂ સલમા ﷺ ના હાથમાંથી છીનવી લીધી કે તેને અમે તારા સાથે દુ:ખ ઉઠાવવા માટે કેવી રીતે મોકલી શકીએ છીએ. આ ભાવનાત્મક સ્થિતિએ અબૂ સલમા ﷺ ના કબીલાવાળાઓમાં ઘેરો પ્રત્યાઘાત પેદા કરી દીધો. તેમણે બનૂ મુગીરાને કહ્યું કે જો તમે અમારા માણસથી તેની પત્નીને આ રીતે છીનવી લો છો, તો પછી તેનું નાનું બાળક તેના ખોળામાં નહીં રહેવા દઈએ. આમ, પતિ, પત્ની અને બાળક ત્રણેય એક-બીજાથી વિખૂટા પડી ગયા, અને આ દુ:ખભરી સ્થિતિમાં અબૂ સલમા ﷺ એ ત્યાંથી કૂચ કરી. ઉમ્મે સલમા ﷺ દરરોજ સવારે આવીને શહેરથી બહાર આ જ જગ્યાએ આવીને કલ્પાંત કરતા. છેવટે એક વર્ષ પછી કોઈને દયા આવી ગઈ અને તેણે બનૂ મુગીરાને ઠપકો આપીને ઊંટ પર સવાર કરીને ઉમ્મે સલમા ﷺ ને તેમના બાળક સહિત મદીના રવાના કરી દીધા. તેઓ એકલા-અટૂલા નીકળ્યા. અલ્લાહનું કરવું એવું થયું કે એક સ્થળે ઉસ્માન બિન તલ્હા ﷺ મળી ગયા અને તેમણે આ મુહાજિર મહિલાને મદીનાની સીમ પર પહોંચાડી દીધા.

અર્થાત્, હબશાની હિજરતના કડવા અનુભવ પછી હવે એ નીતિ અપનાવવામાં આવી કે ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા) પર આધારિત જીવન-વ્યવસ્થાના ધ્વજ-વાહકોને પોતાના કાબૂમાંથી નીકળવાથી રોકવામાં આવે. તેઓ નીકળે, તો એ પરિસ્થિતિમાં નીકળે કે તેમના બાળબચ્ચાઓ બાનરૂપે મક્કાવાસીઓના પાસે રહે. આ નીતિ શરૂઆતમાં થોડી હળવી હતી, પરંતુ ધીમે-ધીમે તેમાં સખ્તાઈ વધતી ગઈ, ત્યાં સુધી કે હઝરત ઉમર, અયાશ બિન અબી રબીઆ અને હિશામ બિન આસ બિન વાઈલ ﷺ અંતિમ તબક્કામાં એવી રીતે લપાતા-છુપાતા નીકળ્યા કે તેમને પ્રત્યેક ક્ષણે એ ભય રહેતો હતો કે ક્યાંક પકડી લેવામાં ન આવે. હઝરત ઉમર અને અયાશ ﷺ તો ઝડપથી નીકળી ગયા, પરંતુ હિશામ ﷺ ને પકડી લેવામાં આવ્યા અને તેઓ અત્યાચારીઓના નિર્દયી પંજામાં ફસાઈ ગયા. હઝરત ઉમર અને અયાશ સહીસલામત મદીના પહોંચી ગયા. મક્કાથી એક કાવતરાખોર પ્રતિનિધિ-

મંડળ તેમના પાછળ રવાના થયું, જે અબૂ જહલ બિન હિશામ અને હારિસ બિન હિશામ પર આધારિત હતું. આ લોકો અયાશ رضي الله عنه ને જઈને મળ્યા અને કહ્યું કે તમારી માતાની તબિયત ખૂબ ખરાબ છે અને તેણે સોગંદ ખાધા છે કે જ્યાં સુધી તમને નહીં મળે, માથાના વાળ નહીં ઓળે અને ધોમધખતા તડકામાં ઊભી રહેશે. સાથીઓએ સમજાવ્યા કે આ સ્પષ્ટરૂપે એક ચાલ છે, જો તમે એક વાર મક્કા-વાળાઓના ફંદામાં ફસાઈ ગયા તો એ લોકો તમને તમારા દીનથી ફેરવી નાખશે. અયાશ رضي الله عنه ને એક લાલચ એ હતી કે તેઓ ધનવાન હતા અને થોડોક માલ કાઢી લાવવા માગતા હતા. હઝરત ઉમર رضي الله عنه એ પ્રસ્તાવ મૂક્યો કે હું આનાથી વધારે માલ ધરાવું છું, તમે મારા પાસેથી અડધો માલ લઈ લો. તેમના સાથે ન જાઓ. અયાશ رضي الله عنه ન માન્યા, તો હઝરત ઉમર رضي الله عنه એ કહ્યું કે ભલે, જો આ જ નક્કી છે, તો મારી અસલ ઊંટણી લઈ જાવ, જ્યાં પણ કોઈ આશંકા થાય ભાગી નીકળજો. પરંતુ મક્કાના ષડયંત્રકારીઓએ રસ્તામાં એવી ચાલ ચાલી કે અસલ ઊંટણીથી ફાયદો ઉઠાવવાનો પણ અવસર અયાશ رضي الله عنه પાસે ન રહ્યો અને તેમને બાંધી દેવામાં આવ્યા. પ્રતિનિધિ-મંડળ જ્યારે મક્કા પહોંચ્યું, તો તેમણે લોકોને કહ્યું કે જુઓ, આ રીતે આમનો ઇલાજ કરો પોત-પોતાના મૂર્ખ લોકોનો, જે રીતે અમે કર્યો છે.

પછી હઝરત ઉમર رضي الله عنه એ એક વિશ્વસનીય માણસ સાથે એક પત્ર હિશામ બિન અલ-આસને મોકલાવ્યો અને તેમાં પ્રસિદ્ધ આયત-يٰعِبَادِیَ الَّذِيْنَ اَسْرَفُوْا ــــ ★ નોંધી. આ પત્રને મક્કાની પાસે 'ઝૂ-તૂવા' નામના પ્રસંગે હિશામે વાંચ્યો. વારંવાર તેના પર વિચાર કર્યો અને જ્યારે વાતને પામી ગયો કે આમાં ઇશારો સ્વયં તેના તરફ છે, તો તરત જ ઊંટ લીધું, તેને પલાણ્યું અને રવાના થઈ ગયો. પરંતુ આનાથી વધારે મજબૂત રિવાયત એ છે કે જ્યારે હુઝૂર ﷺ મદીના પધાર્યા, તો એક દિવસે સભામાં આ બંને કેદીઓનો ઉલ્લેખ થયો. આપ ﷺ એ ફરમાવ્યું, ''અયાશ બિન અબી રબીઆ અને હિશામ બિન આસને મુક્ત કરાવવા કોણ પોતાની સેવાઓ મને સુપ્રત કરે છે?'' વલીદ બિન મુગીરા رضي الله عنه એ પોતાને પ્રસ્તુત કર્યા. વલીદ رضي الله عنه નબી ﷺ ના આદેશાનુસાર મક્કા રવાના થઈ ગયા. લપાતા-છુપાતા વસ્તીના નજીક આવ્યા. એક સ્ત્રી ભાથું લઈને જતી જોવા મળી. પૂછ્યું, ''અલ્લાહની બંદી ! ક્યાં જઈ રહી છે ?'' તેણે જવાબ આપ્યો કે, ''અહીં બે કેદીઓ છે, આ ભોજન તેમના માટે છે.'' વલીદ رضي الله عنه પાછળ ચાલી નીકળ્યા. એ જ બંને હતા અને એક છત વગરના મકાનમાં કેદ હતા. સાંજ પડી ગઈ, તો તેઓ દીવાલ ઓળંગીને ઉતર્યા,

★ ''કહી દો કે હે મારા બંદાઓ ! જેમણે પોતાના પર અતિરેક કર્યો છે, અલ્લાહની કૃપાથી નિરાશ ન થઈ જાઓ, નિશ્ચિતપણે અલ્લાહ બધા જ ગુના માફ કરી દે છે, તે તો અત્યંત ક્ષમાશીલ, દયાળુ છે.'' (સૂરઃ ઝુમર, ૫૩)

તેમની બેડીઓની નીચે પથ્થર મૂકીને પોતાની તલવારથી તેને કાપી નાખી, પછી બહાર કાઢીને બંનેને ઊંટ પર બેસાડ્યા અને ભાગી ગયા.

આ પ્રમાણે મોટાભાગના લોકો નીકળ્યા તો ખરા, પણ તેમની માલ-મિલકત મક્કાવાસીઓએ મૂકાવી દીધી, જેવું ભારતથી જીવ બચાવીને નીકળનારા ઘણા મુસલમાનો સાથે થયું.

પરંતુ હિજરત આટલી હદે જોખમી હોવા છતાં પુરુષ નહીં, મહિલાઓ પણ નિરંતર કર્તવ્યના માર્ગ પર ચાલી રહી હતી. ઇસ્લામી આંદોલનની આ ખૂબી અનુપમ છે કે આજથી સદીઓ પહેલાના જંગલી આરબોની આ અભણ મહિલાઓ સુદ્ધાંમાં આ જીવંત શક્તિએ એક જોરદાર કાર્યશીલતા પેદા કરી દીધી હતી.

મુહાજિરોના રસ્તામાં અવરોધો ઊભા કરીને કુરૈશ પોતાની ક્ષુબ્ધતા અને ગભરાટનું પ્રદર્શન કરી રહ્યા હતા. પરંતુ બીજી બાજુ જે વ્યક્તિનો સામનો હતો, તે ઉચ્ચ સાહસ અને ઉમંગના સર્વોચ્ચ શિખર પર ઊભા હતા. ત્યાં મહાસાગર જેવી વિશાળ ક્ષમતા હતી. તેઓ ધૈર્ય અને ધીરજ તથા અડગતાની પ્રતિમાની જેમ, દૃઢ નિર્ધાર અને ઠરેલ પ્રકૃતિથી વિભૂષિત હતા. તેથી તેઓ પોતાના પ્રચાર-પ્રસારના કેન્દ્ર પર છેક સુધી મક્કમ રહ્યા. તેમને છેલ્લી ઘડી સુધી દલીલ અને પ્રમાણનું કર્તવ્ય નિભાવવાનું હતું. તેઓ મક્કાવાસીઓ વિરુદ્ધ અલ્લાહની મરજીને તેની પૂર્ણતા સુધી પહોંચાડવા માટે પોતાનું કર્તવ્ય ધૈર્ય અને સહનશીલતાની સાથે પૂરું કરી રહ્યા હતા. તેમનું દૃષ્ટાંત એવા ડૂબતા જહાજના બહાદુર કેપ્ટન જેવું હતું, જે બધા ખલાસીઓ અને તમામ મુસાફરોને સહીસલામત નૌકામાં સવાર કર્યા પછી સૌથી છેલ્લે જહાજને છોડતો હોય છે.

જ્યારે થોડાક એવા લોકો સિવાય કોઈ બાકી ન રહ્યું, જેમને કુરૈશના અત્યાચારે કેદ કરી રાખ્યા હતા, અથવા જેમને કોઈ હિત કે ઉદ્દેશ્યએ બાંધી રાખ્યા હતા, તો તે વખતે આપ ﷺ ને અલ્લાહ તરફથી હિજરતની અનુમતિ મળી. આપ ﷺ નીકળ્યા, તો એવી સ્થિતિમાં, જ્યારે મક્કાવાસીઓ આપ ﷺ ને જીવતા જોવાનું સહન કરી શકે તેમ નહોતા, અને જ્યારે નીકળવાની પળ આવી ગઈ, તો લોહી-તરસી તલવારોના ઘેરામાંથી આપ ﷺ નીડરતાપૂર્વક નીકળી ગયા.

મદીના – દર્શન માટે આતુર

મુહાજિરોની સંખ્યા જેમ-જેમ વધી રહી હતી, મદીનામાં જીવનનો પ્રવાહ વેગ પકડતો જઈ રહ્યો હતો. સત્ય-સંદેશનો પ્રકાશ ધીમે-ધીમે વધતો જઈ રહ્યો હતો અને જેમ-જેમ ઇસ્લામ લોકોના હૃદયોને જીતતો જતો હતો, ઇસ્લામનો સંદેશ લઈને

આવતા ઉપકારક ﷺ નો પ્રેમ વધતો જતો હતો. વિશેષરૂપે ઉકબાની બીજી બૈત પછી મદીનાના આતુર નયનો હર પળ મક્કા તરફથી આવતા માર્ગ પર ટકેલા રહેવા લાગ્યા. જાણે તૈયાર પાક લહેરાઈ રહ્યો હતો અને એ ઇંતેજારમાં હતો કે કૃપાની વર્ષા આવે અને વરસી પડે. જાણે રંગબેરંગી ફૂલોથી બાગ શોભી રહ્યો હતો અને રાહ જોઈ રહ્યો હતો કે વસંતની લહેરો આવે અને રંગ અને સુગંધ ચોતરફ પ્રસરી જાય. મસાલો એકઠો પડ્યો હતો અને તત્પર હતો કે માનવતાનો નિર્માતા આવે અને નવનિર્માણ શરૂ કરી દે.

હવાની લહેરો એ જાણકારી પણ કોઈ-ને-કોઈ રીતે લઈ આવી કે મુહમ્મદ ﷺ મક્કાથી નીકળી ચૂક્યા છે અને હિજરતની મંજિલો વટાવી આગળ વધી રહ્યા છે. આ સમાચાર મળતાં જ મદીનામાં ઉત્સુકતાની ભાવનાઓ વ્યાકૂળતાની હદે પહોંચી ગઈ હશે. પ્રતીક્ષાની વિહ્વળતાઓ વધી ગઈ હશે. વિચારો કે દરેક બાજુ શું ચર્ચાઓ થઈ રહી હશે ? શું-શું પૂછવામાં આવી રહ્યું હશે ? કેવી-કેવી વાતો સભાઓની શોભા બની રહી હશે ? ભાવનાઓ અને લાગણીઓની કેવી સ્થિતિ હશે, મુશ્રિકોની, યહૂદીઓની, અન્સારની અને મુસલમાનોની !

નાના-નાના બાળકોના મોઢે એ જ વાત આવવા લાગી કે રસૂલ (ﷺ) આવી રહ્યા છે, રસૂલ (ﷺ) આવી રહ્યા છે. લોકો દરરોજ સવારે ઘરોથી નીકળતા અને શહેરથી બહાર એકઠા થઈને રાહ જોતા. જ્યારે ગ્રિષ્મ ઋતુનો સૂર્ય માથે આવી જતો અને તડકો અસહ્ય બની જતો, તો નિરાશ થઈને પાછા વળી જતા. આગમનના દિવસે પણ લોકો આ જ રીતે એકઠા થઈને પાછા વળી રહ્યા હતા કે એક યહૂદીએ કિલ્લા પરથી જોયું અને ખુશખબર સંભળાવી કે, "યસરબવાસીઓ ! લો, તમને જે મહાનુભાવની પ્રતીક્ષા હતી, તેઓ આવી પહોંચ્યા." આખું શહેર 'તકબીર'ના અવાજોથી ગૂંજી ઉઠ્યું. લોકો ઉત્સુકતાથી દોડ્યા. મોટાભાગના અન્સાર શસ્ત્ર-સજ્જ થઈને નીકળ્યા.

સૌપ્રથમ રોકાણ 'કુબા' નામના સ્થળે થયું, જે મદીનાથી ત્રણ માઈલના અંતરે એક ઉપનગર હતું. ઉમરૂ બિન ઔફના પરિવારે હર્ષનાદથી સ્વાગત કર્યું અને આ જ પરિવારને મહેમાનગતિનું સૌભાગ્ય સાંપડ્યું. આ ઘર વાસ્તવમાં ઇસ્લામી આંદોલનનું એક કેન્દ્રીય મથક હતું. મુહાજિરોમાંથી મોટાભાગના લોકો માટે પહેલો પડાવ આ જ ઘર બન્યું અને કેટલાક મુહાજિર સહાબીઓ એ વખતે પણ ત્યાં રોકાયેલા હતા. હઝરત અલી رضي الله عنه પણ અમાનતો તેમના માલિકોને સુપ્રત કર્યા પછી રવાના થઈને અહીં જ પ્રિય-પાત્ર (મુહમ્મદ ﷺ)ના કાફલાની સાથે જોડાઈ ગયા. અહીં ચૌદ દિવસ રોકાણ રહ્યું. મુહાજિરો અને અન્સાર ટોળે-ટોળા મુલાકાતનું સૌભાગ્ય

પ્રાપ્ત કરવા માટે આવી રહ્યા હતા. લોકો એ હસ્તીને જોવા માગતા હતા, જેમનો સંદેશ તેમના હૃદયોમાં ઘર કરી ચૂક્યો હતો. તેમના ચહેરાની એક ઝલક આંખોના પાલવમાં સમેટી લેવા માગતા હતા. તેમના મોઢેથી મીઠા બોલ સાંભળવા માગતા હતા. તેમની ભલાઈની દુઆમાંથી હિસ્સો પ્રાપ્ત કરવા માગતા હતા. અદૃશ્ય પ્રેમ હવે માનવતાના ઉપકારક ﷺ ને રૂબરૂ જોવા માગતો હતો. સલામ, મુલાકાતો, વાતચીત, દુઆઓ, બેઠકો શું-શું નહીં હોય !

કુબામાં આપ ﷺ એ પોતાના હાથે એક મસ્જિદનો પાયો નાખ્યો. એક-એક મુસલમાન આ નિર્માણ-કાર્યના અભિયાનમાં સામેલ હતો અને દુનિયાના ઇતિહાસનો સૌથી મહાન ઘડવૈયો એક સામાન્ય મજૂરની જેમ ભારે પથ્થરો ઉઠાવી-ઉઠાવીને લાવી રહ્યો હતો અને તેના સાથે ગીત ગવાઈ રહ્યું હતું –

افلح من یوالج المساجداً ویقرء القرآن قائماو قاعدًا
ولا یبیت اللیل عنه راقدًا

અર્થાત્, સફળ એ છે જે મસ્જિદોનું નિર્માણ કરે, ઉઠતાં-બેસતાં કુર્આન પઢે અને (ઇબાદત માટે) રાત્રિ-જાગરણ કરે. આ મસ્જિદ કેવળ ઈંટ-પથ્થર અને ગારા અને ઘાસનું મિશ્રણ નહોતી. આમાં ખાતિમુન્-નબિય્યીન (નબીઓના સમાપક) ﷺ થી લઈને એક સામાન્ય મુસલમાન સુદ્ધાં દરેકે સૌથી ઉત્તમ ભાવનાઓનું સિંચન કર્યું હતું. તેથી તેની શાનમાં કુર્આને કહ્યું, لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى - આ એવી મસ્જિદ છે કે તેનો પાયો તકવા અર્થાત્ ઈશનિષ્ઠા પર મૂકવામાં આવ્યો છે.. (સૂરઃ તૌબા, ૧૦૮)

કુબામાં આગમન ૮ રબીઉલ-અવ્વલ, સને ૧૧ (નબવી) ગુરુવારના રોજ થયું. ચૌદ દિવસ પછી મહા-માનવ ﷺ એ સાથીઓ સહિત મદીનાનું રૂખ કર્યું. કુબાથી મદીના સુધી રસ્તાના બંને તરફ અન્સાર અભિવાદન માટે કતારો બાંધીને ઊભા હતા. આપ ﷺ ના મોસાળ-પક્ષના રિશ્તેદારોએ ખાસ ઉત્સુકતાથી હથિયારો સજાવ્યા હતા. સ્ત્રીઓ છતો પર એકઠી થઈને સ્વાગત-ગીત ગાઈ રહી હતી –

طلع البدر علینا من ثنیات الوداع
وجب الشکر علینا ما دعا للّٰه داع

(વિદાયની ખીણોમાંથી પૂર્ણિમાનો ચંદ્ર પ્રગટ થયો, આભાર વ્યક્ત કરવો અનિવાર્ય છે, જ્યાં સુધી દુઆ કરનાર દુઆ કરે છે.)

અને, નાની બાળાઓ ગોળ-ગોળ ફરી રહી હતી, આ બાળકીઓ દફ વગાડી-વગાડીને ગાતી ફરી રહી હતી –

نحن جوار من بنی نجّار   یا حبّذا محمّدًا من جار

(અમે કબીલા બનૂ નજ્જારની બાળાઓ છીએ, કેટલી ખુશીની વાત છે કે અમારા પાડોસી મુહમ્મદ છે.)

આ બાળકીઓના પવિત્ર પ્રેમનો જવાબ સરવરે આલમ ﷺ એ પણ ખાસ સ્નેહથી આપ્યો, તેમના સાથે વાતો કરી અને પૂછ્યું, ''શું તમે મને જાણો છો ?'' તેમણે કહ્યું, ''જી હા. –'' આપ ﷺ એ ફરમાવ્યું કે, ''હું પણ તમને જાણું છું.''(1)

જરા કલ્પના કરો કે એ ઐતિહાસિક ક્ષણની, જે મદીનાના ભાગ્યમાં આવી હતી ! શેરીઓની ધૂળના કણ-કણમાં હૃદયો ધડકી રહ્યા હશે ! દીવાલોની તડોને આંખો મળી ગઈ હશે ! હવાઓના ઝોંકાઓમાં માનવીય લાગણીઓ ઉત્પન્ન થઈ ગઈ હશે !

હંગામી રોકાણ માટે હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضي الله عنه ના ઘરનું ભાગ્ય ખુલી ગયું. સાત મહિના સુધી નબી અકરમ ﷺ નું રોકાણ અહીં જ રહ્યું.

નિર્માણના પગલાઓ

જરા થોડીક શાંતિ મળી અને મુસાફરીનો થાક જેવો ઉતર્યો, તો સરવરે આલમ ﷺ એ નિર્માણ-કાર્ય તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. સૌપ્રથમ કાર્ય મસ્જિદના નિર્માણનું હતું. બે અનાથ બાળકોની પડતર જમીન ખરીદવામાં આવી અને હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضي الله عنه એ જ તેની કિંમત ચૂકવી. આ જમીન પર 'મસ્જિદે-નબવી'નો પાયો નાખવામાં આવ્યો. મસ્જિદનું મહત્ત્વ માત્ર ઉપાસના-ગૃહનું ન હતું, બલ્કે તેને ઇસ્લામી સાંસ્કૃતિક અને રાજ્ય વ્યવસ્થાના સ્રોત અને કેન્દ્ર બનવાનું હતું. તેને રાજ્યના દરબાર, સલાહ-મસ્લતના ભવન, સરકારી અતિથિ-ગૃહ, લોકતાંત્રિક વિદ્યાધામ અને સાર્વજનિક સભાગૃહની હેસિયતથી ઊભી કરવામાં આવી. આ સૌપ્રથમ નિર્માણ-કાર્ય અંગે પણ એ જ કુબાવાળી સ્થિતિ જોવા મળી. કયો મુસલમાન હશે, જેણે આમાં દિલ ખોલીને તન-મન-ધનથી ભાગ ન લીધો હોય. સ્વયં સરવરે આલમ ﷺ પથ્થરો અને ગારો ઉઠાવી-ઉઠાવીને લાવતા. આ દૃશ્યને જોઈને એક મુસલમાન લાગણીના આવેશમાં બોલી ઉઠ્યો –

لئن قعدنا والنبّی یعمل   لذاک منّا العمل المضلّل

અર્થાત્, જો અલ્લાહના નબી (ﷺ) આ કાર્યમાં આ રીતે લાગી જાય અને અમે બેસીને જોતા રહીએ, તો અમારું કર્યું-કરાવ્યું વ્યર્થ થયું. આટલું ઝડપથી કામ

1. સીરતુન્નબી ﷺ, ભા-1, પૃ. 203-204.

થતું હતું છતાં કોઈ અશિષ્ટ શબ્દો ન હતા, બલ્કે હુઝૂર ﷺ સહિત બધા જ લલકારી રહ્યા હતા કે –

لا عيش الاّ عيش الآخرة اَللّٰهُمَّ ارحم الانصار والمهاجره

અર્થાત્ આખિરતનું જીવન જ શાશ્વત જીવન છે, અને તે ન હોય તો પછી જીવનનું કોઈ મૂલ્ય નથી. હે અલ્લાહ ! તું અન્સાર અને મુહાજિર પર દયા કર.[1]

આ હતી ભવાના અને આ હતી દુઆઓ, જે મસ્જિદે-નબવી ﷺ ના નિર્માણની ખરી સામગ્રી બની. મસ્જિદની સાથે માનવતાના ઉપકારક ﷺ માટે ગારા અને ઘાસના હુજરાઓ (ક્વાર્ટર્સ) બનાવવામાં આવ્યા. આપ ﷺ પોતાના આ જ ક્વાર્ટર્સમાં રહેવા જતા રહ્યા.

મદીનામાં હુઝૂર અકરમ ﷺ ના પધારવાથી ઇસ્લામના આમંત્રણનું વર્તુળ વ્યાપક થવા લાગ્યું, અને આ સાત મહિનાના ગાળામાં સત્યના આંદોલને પ્રત્યેક કબીલા અને દરેક ઘરમાંથી સમર્પિત લોકો મેળવી લીધા. માત્ર ખતમા, વાકિફ, વાઈલ અને ઉમય્યાના પરિવારોમાં શિર્ક (અનેકેશ્વરવાદ)નો અંધકાર બાકી રહ્યો, અને આ બધાનો સંબંધ ઔસ કબીલા સાથે હતો.[2]

નિર્માણ-કાર્યના અનુસંધાનમાં ઇસ્લામના આમંત્રણનું કાર્ય આગળ વધારવું પ્રાથમિકતા ધરાવતું હતું. વ્યક્તિગત આમંત્રણ ઉપરાંત હુઝૂર અકરમ ﷺ એ સામૂહિકરૂપે કાર્યનો આરંભ, જે પ્રવચનથી કર્યો, તે આ શબ્દોમાં છે –

> ''(અલ્લાહની પ્રશંસા અને સ્તુતિ પછી) – લોકો ! પોતાની જાત માટે સમયસર કંઈક કમાણી કરી લો. બરાબર જાણી લો, અલ્લાહના સોગંદ ! તમારામાંથી દરેક પર મૃત્યુ આવશે અને તે પોતાના ધણને એ સ્થિતિમાં છોડીને જશે કે તેનો કોઈ ગોવાળ નહીં હોય. પછી તેને તેના પાલનહાર તરફથી એવી સ્થિતિમાં સંબોધન કરવામાં આવશે, જ્યારે કે વચ્ચે કોઈ દુભાષિયો નહીં હોય. કહેવામાં આવશે કે શું તારા સુધી મારો રસૂલ પહોંચ્યો ન હતો, જેણે વાત તારા સુધી પહોંચાડી હોય ? પછી શું મેં તને માલ નહોતો આપ્યો અને તારા પર કૃપાઓ કરી નહોતી ? તો પછી પોતાની જાત માટે તેં શું જોગવાઈ કરી ? પછી તે જોશે જમણે-ડાબે, પરંતુ તેને કંઈ નહીં દેખાય. પછી સામેની તરફ નજર નાખશે, પણ જહન્નમ સિવાય બીજું કંઈ સામે નહીં આવે. તેથી જેને પણ 'તૌફીક' (સદ્‌પ્રેરણા) પ્રાપ્ત થાય કે તે ખજૂરના એક

(૧) સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૧૪-૧૧૫.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૧૪-૧૧૫.

નાના ટુકડાના બદલામાં પણ પોતાના ચહેરાને દોજખની આગથી બચાવવા માટે કંઈ કરી શકતો હોય, તો કરે. જે આટલું પણ ન કરી શકે તે કોઈ સારી વાત કહીને જ બચાવ કરી લે, કેમ કે નેકીનો બદલો દસ ગણાથી લઈને સાતસો ગણા સુધી મળે છે. તમારા પર સલામતી થાય અને અલ્લાહની કૃપાઓ અને બરકતો ઉતરે."(૧)

બીજું જાહેર પ્રવચન, જે આપ ﷺ એ આપ્યું, તે હતું –

"સર્વ પ્રશંસા અલ્લાહ માટે છે. હું તેની જ સ્તુતિ કરું છું. તેનાથી જ મદદની યાચના કરું છું. આપણે-સૌ આપણા મનની દુષ્ટતાઓ અને આપણા કર્મોની ખરાબીઓની સામે અલ્લાહનું જ શરણ માગીએ છીએ. જેને અલ્લાહ માર્ગદર્શન આપે, તેને કોઈ પથભ્રષ્ટ કરવાવાળું નથી અને જેને તે માર્ગદર્શનથી વંચિત કરી દે, તેના માટે કોઈ માર્ગદર્શક નથી, અને હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય, જે એક છે અને જેના સાથે કોઈ બીજો ભાગીદાર નથી, કોઈ બીજી હસ્તી ઈબાદત અને અનુસરણને લાયક નથી. નિઃશંક, સૌથી શ્રેષ્ઠ વાત બરકતવાળા મહાન અલ્લાહનો ગ્રંથ છે. જે વ્યક્તિના હૃદય માટે અલ્લાહે તેને પ્રિય બનાવી દીધો અને જેને કુફ્ર પછી ઈસ્લામમાં દાખલ કર્યો અને જેણે બધી માનવીય વાણીઓની સરખામણીમાં તેને પોતાના માટે પસંદ કરી લીધો, તેણે સફળતા પ્રાપ્ત કરી. આ સૌથી શ્રેષ્ઠ વાણી છે અને સૌથી વધારે પ્રભાવશાળી. તમે એ જ પસંદ કરો જે અલ્લાહને પસંદ છે અને અલ્લાહની સાથે નિષ્ઠાપૂર્વક પ્રેમ કરો. અલ્લાહના કલામ (વાણી)થી બેપરવાઈ ન કરો અને તમારા હૃદયો તેના માટે કઠોર ન થવા પામે. એ હકીકત છે કે અલ્લાહ જે કંઈ પેદા કરે છે તેમાંથી સૌથી ઉત્તમને છાંટી અને પસંદ કરી લે છે, તેથી તેણે કર્મોમાંથી સૌથી ઉત્તમ અને બંદાઓમાંથી સૌથી ઉત્તમ પસંદ કરેલા અને વાણીઓમાંથી સૌથી વધારે પવિત્રને નિર્ધારિત કરી નાખેલ છે. વધુમાં, મનુષ્યોને જે કંઈ આપવામાં આવ્યું છે એ બધામાંથી અમુક હલાલ (વૈધ) છે, અમુક હરામ (અવૈધ) છે. બસ, અલ્લાહની ગુલામી અપનાવો. તેના સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો. તેના પ્રકોપથી એ રીતે બચો, જે રીતે બચવાનો હક્ક છે, અને અલ્લાહ સમક્ષ એ તમામ પવિત્ર બોલ સાચા કરી દેખાડો, જેને તમે પોતાની

૨. સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૧૮.

જીભથી બોલો છો અને અલ્લાહની દયા દ્વારા એક-બીજા સાથે પ્રેમનો સંબંધ બાંધો – ચોક્કસ, અલ્લાહ નારાજ થાય છે, જો તેના સાથે કરેલ (ઈમાનના) કરારને તોડવામાં આવે, અને તમારા પર સલામતી થાય."(૧)

પ્રવચનના શબ્દો, જે રિવાયતમાં મળે છે, ખૂબ જ સંક્ષિપ્ત છે અને હુઝૂર ﷺ ના સંભાષણો મહદ્અંશે ટૂંકા જ રહેતા હતા. પરંતુ અર્થ અને ભાવાર્થની વ્યાપકતા અને સર્વગ્રાહિતા જુઓ કે સમયના તમામ મુખ્ય પ્રશ્નો આ શબ્દોમાં બોલી રહ્યા છે. પ્રવચનમાં ઇસ્લામનું આમંત્રણ પણ આપવામાં આવ્યું છે, કુર્આનની તાલીમના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે, હલાલ અને હરામ વચ્ચેના ભેદની શીખ આપવામાં આવી છે તેમજ સૈદ્ધાંતિક અને ધ્યેયલક્ષી ભાઈચારો અને મિત્ર-ભાવના પેદા કરવાની તાકીદ કરવામાં આવી છે.

આ બંને પ્રવચનોના અભ્યાસથી અંદાજ આવે છે કે સાર્વજનિક આમંત્રણની નવી લહેર કઈ રીતે ઉઠાવવામાં આવી હતી. એક તરફ મૂળભૂત દૃષ્ટિકોણનો સંદેશ આપવામાં આવતો હતો અને બીજી તરફ આ દૃષ્ટિકોણની ભાવના દ્વારા સમસ્યાઓના ઉકેલ માટે સમાજને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

ઈસ્લામી રાજ્યની સ્થાપના

ત્રીજું નિર્માણનું કાર્ય – અને સંભવતઃ રાજકીય રીતે સૌથી મોટું નિર્માણ-કાર્ય – એ હતું કે રાજ્ય ચલાવવા માટે મદીનાના યહૂદીઓ અને મુશ્રિકો તથા મુસલમાનોના સમાજને એક વ્યવસ્થામાં સાંકળી લેવામાં આવે. રાજકીય સ્વરૂપના વ્યવસ્થિત સમાજ માટે એક લેખિત કરાર તૈયાર કરવામાં આવ્યો, જેનું સ્વરૂપ વાસ્તવમાં એક વિધિસર લેખિત બંધારણનું છે. તેને હકીકતમાં દુનિયાનું સૌપ્રથમ લેખિત બંધારણ કહી શકાય છે. અમે અહીં આ બંધારણની કલમો પર ચર્ચા કરવા નથી માગતા, અલબત્ત તેના અમુક મહત્ત્વના પાસાઓનો સાર બતાવી દઈએ છીએ. આ બંધારણીય કરાર દ્વારા નબી કરીમ ﷺ એ જે કંઈ પ્રાપ્ત કર્યું તે આ પ્રમાણે હતું –

– મદીનાના સુગઠિત થવાવાળા સમાજમાં અલ્લાહના સાર્વભૌમત્વ અને તેના કાનૂનને પાયાનું મહત્ત્વ પ્રાપ્ત થઈ ગયું.

– રાજકીય, કાનૂની અને ન્યાયિક રીતે અંતિમ સત્તા (Authority) હઝરત મુહમ્મદ ﷺ ના હાથમાં આવી ગઈ.

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૧૮-૧૧૯.

— સંરક્ષણની દૃષ્ટિએ મદીના અને તેના આસપાસની આખી વસ્તી એક સંગઠિત શક્તિ બની ગઈ અને તેના કોઈ ભાગ માટે કુરૈશની હિમાયતના દરવાજા બંધ થઈ ગયા. વધુમાં સંરક્ષણની રીતે પણ કેન્દ્રીય અને નિર્ણયાત્મક અધિકાર હુઝૂર ﷺ ની પાસે આવી ગયો.

— આ બંધારણીય કરારથી વિધિસર ઇસ્લામી રાજ્ય અને ઈસ્લામી જીવન-વ્યવસ્થાની સ્થાપના અસ્તિત્વમાં આવી ગઈ.(૧)

આ કાળની પરિસ્થિતિની જટિલતાઓને સામે રાખવામાં આવે, તો પછી અનુમાન કરી શકાય છે કે આ સિદ્ધિ કેટલી મોટી સિદ્ધિ હતી અને તેની પશ્ચાદભૂમિમાં એક અનુપમ રાજકીય દૂરંદેશી તેમજ વાટાઘાટોની નિપુણતા કામ કરતી દેખાય છે. આ બંધારણીય દસ્તાવેજ પણ અને બીજા કરારો અને સમજૂતીઓ તથા યુદ્ધ વ્યૂહરચનાઓ પણ આપણને દર્શાવે છે કે નબી અકરમ ﷺ કેવળ એક સૂફી અને દરવેશ (સાધુ-સંત) નહોતા, બલ્કે સામૂહિક મામલાઓને સંભાળવા અને તેનું સંવર્ધન કરવા માટે વિશિષ્ટ વિદ્વતા, ક્ષમતા અને દક્ષતાથી સુસજ્જ હતા અને આ જવાબદારીઓને અદા કરવાની સંપૂર્ણ યોગ્યતાઓ ધરાવતા હતા.

ભ્રાતૃત્વ વ્યવસ્થા

મદીનાના સમાજનો એક મોટો પ્રશ્ન સેંકડો મુહાજિરોના પુનર્વસનનો પ્રશ્ન હતો. ઘરબાર છોડીને નિરંતર લોકો અહીં આવી રહ્યા હતા અને થોડાક હજારની મધ્યમસરની વસ્તીએ તેમને પોતાનામાં સમાવવાના હતા. વાસ્તવિકતા એ છે કે આ પ્રશ્ન, જ્યારે પણ ઇતિહાસમાં ઊભો થાય છે, તે ખૂબ જ પરેશાન કરનારો બની જાય છે. તેને મદીનાના સમાજ અને તેના રાજ્યના વડાએ જે વિવેકબુદ્ધિ અને ડહાપણથી હલ કર્યો તેનું કોઈ બીજું ઉદાહરણ દુનિયામાં મળતું નથી. કોઈ અધ્યાદેશ જારી કરવામાં ન આવ્યા, કોઈ કાનૂન થોપવામાં ન આવ્યો, કોઈ આંકણી-ફાળવણી કરવામાં ન આવી, મુહાજિરોની સંખ્યા નિર્ધારિત કરીને કોઈ મર્યાદા બાંધવામાં ન આવી, કોઈપણ પ્રકારની બળજબરી કરવામાં ન આવી, માત્ર એક નૈતિક અપીલ દ્વારા આ જટિલ અને ગૂંચવણભર્યા પ્રશ્નને થોડાક દિવસોમાં હલ કરી નાખવામાં આવ્યો. સરવરે આલમ ﷺ એ આસ્થા અને વિચારધારા અને ઉદ્દેશ્યના સાચા અર્થોમાં એક નવીન બિરાદરી પેદા કરી દેખાડી તથા એક-એક અન્સારીનો એક-એક મુહાજિર

૧. જે શક્તિ કોઈ લક્ષ્ય લઈને ઊભી થાય છે, તે હંમેશા સૌથી પહેલા આની ચિંતા કરે છે. અરબના ઇસ્લામી સમુદાયની નિઃસહાયતાને જુઓ અને મદીનાના અપરિચિત માહોલમાં આવીને અમુક ઘરવિહોણા અને નિઃસહાય લોકોની દુર્દશાને જુઓ કે કેવી રીતે સૌપ્રથમ ઈસ્લામી રાજ્યની સ્થાપના ઝડપથી કરવામાં આવે છે અને કેવી રીતે થોડાક મહિનાઓમાં બંધારણ લાગુ થઈ જાય છે. વંશીય અને ધાર્મિક દૃષ્ટિએ ભિન્ન-ભિન્ન વિરોધી તત્ત્વોને આટલી ઝડપથી એક બંધારણ પર એકત્ર અને સહમત કરી દેવા ઇતિહાસની એક આશ્ચર્યજનક ઘટના છે.

સાથે ભ્રાતૃત્વનો સંબંધ સ્થાપિત કરી દીધો. અન્સારની સ્થિતિ એ હતી કે તે પોતાના ધન, મકાનો, બગીચાઓ અને ખેતરો અડધો-અડધ વહેંચીને ઉદ્દેશ્યથી જોડાયેલા સાથીઓને આપી રહ્યા હતા, બલ્કે અમુક તો ત્યાં સુધી તૈયાર થઈ ગયા હતા કે બબ્બે પત્નીઓમાંથી એકને તલાક આપીને પોતાના દીની ભાઈઓના નિકાહમાં આપી દે. બીજી બાજુ મુહાજિરોના સ્વમાનનું સ્વરૂપ પણ એ હતું કે તેઓ કહેતા હતા કે અમને ખેતરો કે બજારોનો રસ્તો બતાવી દો, અમે વેપાર કે મજૂરી કરીને પેટ ભરી લઈશું.

અવિવાહિતો, વિશેષરૂપે કિશોરવયના મુહાજિરો, જે પોતાને શિક્ષણ માટે સમર્પિત થવાની ઇચ્છા રાખતા હતા, તેમનું રહેઠાણ 'સુફ્ફા' (મસ્જિદે-નબવીનો એક ચબૂતરો) હતો. રચનાત્મક કાર્યના સંદર્ભમાં આ એક મહત્ત્વની સંસ્થા હતી. 'અસ્હાબે સુફ્ફા'નું ભરણ-પોષણ સમાજ કરતો હતો અને હુઝૂર ﷺ સ્વયં તેમની જરૂરતોની પૂર્તિમાં સક્રિય રહેતા.

ફરી એ જ સંઘર્ષ !

અહીં ઇતિહાસ અને સીરતના સમગ્ર અનુસંધાનને વર્ણવવાનો આશય નથી. સંક્ષિપ્તમાં અમે એ દર્શાવવા ઇચ્છીએ છીએ કે ઇસ્લામી આંદોલનનો છોડ મક્કાથી આવીને મદીનામાં કઈ રીતે વવાય છે અને કેવી રીતે નવી કુંપળો નીકળવા લાગે છે. વાતાવરણ શું હતું અને હવે એક નવી પ્રભાવશાળી શક્તિના આવી જવાથી તેમાં કઈ ઢબ પર નવીન કાર્યો શરૂ થઈ રહ્યા હતા. નિદ્રાધીન સમાજને સત્યની ઘંટડીએ આવીને જગાડી દીધો હતો. કર્મનું એક સ્ટેજ તૈયાર થઈ ગયું હતું અને તેના પર એક સકારાત્મક અને રચનાત્મક શક્તિ પોતાનું ચરિત્ર પ્રસ્તુત કરી રહી હતી. હકારાત્મક ચરિત્રના સામે આવતાં જ ઐતિહાસિક નિયમનો એ તકાદો હતો કે કોઈ-ને-કોઈ નકારાત્મક ચરિત્ર પણ પ્રગટ થાય. રચનાત્મક અભિયાનની સામે કુદરતી નિયમ અનિવાર્યપણે એક ધ્વંસાત્મક શક્તિને સક્રિય કરવા ઇચ્છતો હતો. સત્ય જો મેદાનમાં આવી ગયું હોય તો પછી અનિવાર્ય હતું કે અસત્યના મોરચા પર પણ ધમધમાટ પેદા થઈ જાય. સમર્પિત પ્રેમી જ્યારે પ્રિયતમની શેરી તરફ આગળ વધે તો પછી કાળમુખ દુશ્મનની આવશ્યકતા પણ પેદા થઈ જાય. મદીનામાં જે નવા સમાજનું ઉત્થાન થઈ રહ્યું હતું, તેને જોઈ-જોઈને શૈતાન ખરાબ રીતે રોષે ભરાઈ રહ્યો હતો. તે પોતાના કેટલાક વફાદારો અને સમર્પિતોને મેદાનમાં લાવવા માગતો હતો. આમ, તેને હાથાઓ મળી ગયા અને તે તેમને ઉઠાવીને સ્ટેજ પર લઈ આવ્યો. આંદોલનને પહેલા હઝરત ઇબ્રાહીમ عليه السلام નું નામ લેનારાઓનો સામનો હતો, હવે હઝરત મૂસા عليه السلام ના

ઉત્તરાધિકારીઓ મોટા-મોટા પવિત્ર ઝભલાઓ પહેરીને, અલ્લાહના ગ્રંથને બગલમાં દબાવીને ધીમે-ધીમે આગળ વધતા જોવા મળ્યા. ઇસ્લામી આંદોલનના રંગમંચ પર અગાઉ જે ભૂમિકા કાબાના મુતવલ્લીઓ (પ્રબંધકો)એ નિભાવી હતી, હવે મદીનામાં એ જ ભૂમિકાની જવાબદારી બૈતુલ-મુકદ્દસના 'સુપુત્રો'એ પોતાના શિરે લીધી.

યહૂદીઓનું ઐતિહાસિક સ્થાન અને ભૂમિકા

ઇસ્લામ અને અજ્ઞાનતાના ઇતિહાસની એ વિચિત્ર વિડંબના છે કે સત્ય-દીનનો પ્રતિકાર અને તેનો વિરોધ કરવાની 'સેવા' સૌથી આગળ વધીને શ્રદ્ધાપૂર્વક ધાર્મિક લોકોએ જ બજાવી છે. ધાર્મિક લોકો, જેમણે સત્ય-દીનના આમંત્રણની પહેલી પોકાર સાંભળીને પ્રથમ હરોળમાં જઈને ઊભા રહેવું જોઈએ, તેઓ જ હંમેશા 'اَوَّلَ كَافِرٍ بِهٖ' (સૌથી પહેલા ઇન્કાર કરનારા) બનતા રહ્યા છે - (ઇલ્લા મા-શા અલ્લાહ). ધાર્મિક લોકો શરૂઆતમાં ધર્મના સેવકો અને તેના ધ્વજવાહકો હોય છે, પરંતુ ધીમે-ધીમે જ્યારે તેઓ એક દરજ્જો પ્રાપ્ત કરી લે છે અને તેમના કેટલાક હિતો ધર્મથી જોડાઈ જાય છે, તો પછી તેઓ ધર્મને પોતાના આધીન બનાવી લે છે. તેઓ ધીમે-ધીમે ધર્મના નામે પોતાના કેટલાક સ્થાયી અગ્રહક્કો પ્રસ્થાપિત કરી લે છે. ધર્મના અનુયાયીઓ પાસે તેઓ પોતાના માટે અમુક વર્ગીય માંગણીઓ મનાવડાવી લે છે, અને કેટલાક બહુમાન અને ઇલકાબો તેમના માટે અનામત થઈ જાય છે. ધર્મ પોતાના પતન-કાળમાં હંમેશા આ જ તબક્કાઓમાંથી પસાર થાય છે. અહીં પહોંચીને ધર્મ એક સારા નફાકારક ધંધાના સ્તરે આવી જાય છે અને તે એક વારસાગત જાગીર બની જાય છે. અહીં પહોંચીને ધાર્મિક ઉપદેશો વેપારની સામગ્રી બની જાય છે. જ્ઞાન અર્થોપાર્જનનું સાધન ઠરે છે. ધાર્મિક અધ્યાદેશો (ફતવાઓ) બજારની વસ્તુ બનીને પોતાનું એક બજાર-મૂલ્ય પેદા કરી લે છે. ધાર્મિક હોદ્દાઓ આધ્યાત્મિક નેતૃત્વ અને સત્તાની સીડી ઠરે છે. આ સ્થાને જ્યારે એક વાર ધાર્મિક લોકો આવી પહોંચે છે, તો પછી તેમનું વેપારી મસ્તિષ્ક દરેક મામલામાં એ વિચારવા મજબૂર થઈ જાય છે કે અમારો સ્વાર્થ સુરક્ષિત રહે છે કે નહીં, અને અમારો હોદ્દો અને અમારું સ્થાન કોઈ અન્ય તરફ તો જતા રહેતા નથી ને ! ધંધાદારી માનસ જ્યારે લક્ષણોની સાથે ધર્મના વર્તુળમાં આવીને ઘૂસે છે, તો ધાર્મિક લોકો –

– કોઈના તરફથી વિરોધને સહન કરી શકતા નથી અને ન કોઈ મોટા ઉદ્દેશ્ય માટે બીજાની સાથે સહયોગ કરી શકે છે.

– પોતાનામાં કોઈ નબળાઈ કે ભૂલને માનવા અને તેની સુધારણા કરવા માટે તૈયાર થતા નથી.

— નેતાગીરી અને સત્તાની ખુરશી છોડીને કોઈ અન્યના આમંત્રણ પર કર્તવ્યનું પાલન કરી શકતા નથી.

તદ્દન આ જ સ્થિતિ હતી, જેની અંતિમ સરહદ પર યહૂદીઓ આવી પહોંચ્યા હતા. તેઓ એ કદાપિ નહોતા માની શકતા કે સત્ય તેમના જૂથના વર્તુળના બહાર પણ હોઈ શકે છે. તેઓ નહોતા માની શકતા કે તેમના પાછળ લાગીને ચાલ્યા વગર પણ કોઈ માર્ગ પામી શકે છે. તેઓ એ નહોતા માની શકતા કે માર્ગદર્શનનો હોદ્દો કોંઈ અન્યને પણ મળી શકે છે.

વિરોધ મક્કાના કુરૈશે પણ કર્યો અને વિરોધ યહૂદીઓએ પણ કર્યો અને બંનેમાંથી કોઈએ પણ કોઈ કસર બાકી ન રાખી, પરંતુ બંનેની વિરોધની ભૂમિકામાં મોટું અંતર છે. જ્યારે આપણે સમીક્ષા અને તુલના કરીને જોઈએ તો પ્રથમ હકીકત એ સામે આવે છે કે મક્કાના કુરૈશના વિરોધમાં મૂળ કાર્યરત વસ્તુ અહંકારની ભાવના હતી. પરંતુ યહૂદીઓમાં ઈર્ષ્યાની ભાવના છવાયેલી છે. ત્યાં મોટાઈનો ઘમંડ હતો અને અહીં લઘુતાગ્રંથીનો રોગ હતો. એટલા માટે ત્યાં ખુલ્લો-ખુલ્લો ઇન્કાર અને ઘર્ષણ હતું અને અહીં ધૂર્તતા અને તરકટ સ્વભાવ વિરોધી પ્રવૃત્તિઓમાં સ્પષ્ટ દેખાતો હતો. ત્યાં વીરતાપૂર્ણ સાહસ હતું અને અહીં કાયરતાપૂર્ણ ધૃષ્ટતાઓ. ત્યાં વિરોધી સીધેસીધો હિંસાની દિશામાં આગળ વધતો જતો હતો, પરંતુ અહીં એ સાંઠગાંઠ અને ષડયંત્ર તેમજ નિફાક (દંભ અને કપટાચાર) તરફ વધતો જતો હતો. મક્કામાં માત્ર મુસલમાન અને કાફિર બે સમૂહો હતા, પરંતુ મદીનામાં મુસલમાન અને કાફિર શક્તિઓની વચ્ચે એક ત્રીજું ચરિત્ર 'નિફાક'નું પ્રગટી આવ્યું. આ અભ્યાસથી અંદાજ કરી શકાય છે કે જડ ધાર્મિકતા અને ભ્રષ્ટ દીનદારી ખુલ્લંખુલ્લા કુફ્ર (ઇન્કાર, અધર્મ) અને શિર્ક (અનેકેશ્વરવાદ) તેમજ સ્પષ્ટ અજ્ઞાનતાથી વધારે હલકી પ્રકૃતિ રાખે છે અને સત્યના વિરોધમાં વધારે નીચ ચરિત્ર પ્રસ્તુત કરે છે.

તે પછી આપણે જોઈએ છીએ કે આ કુફ્ર અને દીનના સંઘર્ષમાં યહૂદીઓની જડ ધાર્મિકતા અને ભ્રષ્ટ દીનદારીએ ઇસ્લામની સામે કુફ્ર અને શિર્કની શક્તિના પલ્લામાં પોતાના સંપૂર્ણ સહયોગનું વજન નાખી દીધું, જ્યારે કે મોટામાં-મોટા મતભેદ છતાં તેને ખુદાપરસ્તી અને નૈતિક પંથના ધ્વજવાહકો સાથે વધારે સહાનુભૂતિ હોવી જોઈતી હતી. વધારેમાં વધારે અવકાશ એ વાતનો હોઈ શકતો હતો કે યહૂદીઓ ઇસ્લામના વિરોધમાં પોતાની સ્થિતિ કાફિરો અને મુશ્રિકોથી તદ્દન અલગ તરી આવે એવી રાખતા. પરંતુ تَعَالَوْا إِلَىٰ كَلِمَةٍ سَوَاءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ (''આવો, એક એવી વાત તરફ, જે તમારા અને અમારા વચ્ચે સમાન છે.'' -સૂરઃ આલે ઇમરાન, ૬૪)ની આર્દ્રતાભરી

પોકાર સાંભળવા છતાં તેમણે મહા-માનવ ﷺ અને તેમના સાથીઓના પવિત્ર ધાર્મિક આચાર-વિચારને છોડીને અબૂ જહલ અને અબૂ લહબ જેવા નીચ માનવોનો સાથ આપવાનો નિર્ણય કર્યો. જડ ધાર્મિકતા અને ભ્રષ્ટ દીનદારીની હંમેશા એ ઐતિહાસિક ભૂમિકા રહી છે કે તે રણભૂમિમાં દીની મોરચા પર કોઈ કિંમતે પણ પોતાનો સહયોગ પ્રસ્તાવિત કરી શકતી નથી, બલ્કે અનિવાર્યપણે તે દીનની વિરોધી શક્તિઓના ખોળામાં જઈ પડે છે. તેમનું ગોત્ર હંમેશા કુફ્ર (અધર્મ), બગાડ અને દુરાચારના ઝંડાધારીઓ સાથે જ મેળ ખાય છે. અહીં વાત અમુક અપવાદરૂપ વ્યક્તિઓની નથી થઈ રહી, જેઓ કોઈ જૂથના અંદરથી સૌથી ખરાબ ભ્રષ્ટ કાળમાં પણ જોવા મળતા હોય છે, અમે સર્વ-સામાન્ય નિયમની વાત કરી રહ્યા છે.

આ હતું વલણ જે યહૂદીઓએ અપનાવ્યું ! તેઓ પોતાના ઘાત લગાવવાના સ્થાનોથી નીકળ્યા તેમજ જ્ઞાન અને તકવા (ઈશનિષ્ઠા)ના બધા રૂપો ધારણ કરીને ખંડનાત્મક માનસિકતા સાથે વિરોધના મોરચા પર જઈ બેસ્યા, અને તેમણે વ્યવહારૂ રીતે કાફિરો અને મુશ્રિકોને પોતાનો સંપૂર્ણ સહયોગ પ્રસ્તુત કરી દીધો. તેમણે સત્યના આવાહક અને ઇસ્લામી આંદોલન અને તેના કાર્યકરો વિરુદ્ધ મહેણાં-ટોણાં માર્યા, તેમની મજાક ઉડાવી, નીતનવા પ્રશ્નો અને વાંધાઓ ઘડી-ઘડીને બહાના-બાજીઓ કરી, આરોપો મૂક્યા, દુષ્પ્રચારનું તોફાન ઊભું કર્યું, છૂપી નજર રાખી અને જાસૂસી કરી, મુસલમાનોને પરસ્પર લડાવવાની યુક્તિઓ કરી, કુફ્ર અને અવજ્ઞાના ફતવાઓ લગાવ્યા, દયા અને કૃપાના સાગર મુહમ્મદ ﷺ ની હત્યાના કાવતરાઓ કર્યા તેમજ યુદ્ધ અને કટોકટીની સ્થિતિમાં સખત પ્રકારની ગદ્દારીઓ કરી. પોતાના તરફથી એડીચોટીનું જોર લગાવી દીધું. પરંતુ આરંભથી અંત સુધી તેઓ મોટી ભ્રમણામાં રહ્યા — અને વિરોધી અને નકારાત્મક સ્વભાવના ખંડનાત્મક અભિયાનો ચલાવનાર શક્તિઓ હંમેશા એ ભ્રમમાં રહે છે (જો કે અનુગામી લોકોને આનાથી બોધપાઠ લેવાની પ્રેરણા થતી નથી) — કે કોઈ સૈદ્ધાંતિક અને રચનાત્મક આંદોલનનો તોડ એવા લોકો સફળતાપૂર્વક કરી શકે છે, જેઓ પોતે અસૈદ્ધાંતિક અને મૂલ્યહીન હોય, કોઈ રચનાત્મક યોજના ન રાખતા હોય અને જેઓ નૈતિક પતનની અંતિમ ગર્તામાં જઈ પડ્યા હોય. વાસ્તવમાં આવા લોકોની ભૂમિકા તદ્દન એ પ્રકારની હોય છે, જાણે સૂર્યના પ્રકાશને ફેલાતો અટકાવવા ચામાચીડિયું હવામાં પોતાની પાંખો ફેલાવીને દુનિયાને અંધકારમાં રાખવા મથતું હોય ! જાણે ઘોડેસવારોની કોઈ ટુકડીનો રસ્તો રોકવા માટે અમુક મચ્છરો અને કેટલીક માખીઓ પોતાની ભણભણાટનું બધું જોર બતાવી દે ! જાણે પૂર્ણિમાના ચંદ્રને જોઈને કોઈ મૂર્ખ તેના તરફ મોઢું કરીને થૂંકી દે !

જે લોકોમાં સ્વયં પોતાનું કોઈ મૂલ્ય કે કદર બાકી રહી ન હોય, જેમના પાસે કોઈ જીવંત સંદેશ ન હોય, જેમનું ચરિત્ર અને ગુણો દુનિયા માટે કોઈ આકર્ષણ ન રાખતા હોય અને જેમનાથી કોઈ રચનાત્મક સેવાની આશા માનવ-જાતને ન રહી હોય, તેઓ માત્ર બીજાઓનો માર્ગ રોકીને અને તેમને પરેશાન કરીને કોઈ સ્થાન પ્રાપ્ત કરી શકતા નથી. જેમના પાસે જડતા અને બગાડ અને ખંડનાત્મક પ્રવૃત્તિ સિવાય બીજી કોઈ જીવન-પૂંજી બાકી રહી ન હોય, તેઓ સુધારાત્મક અને રચનાત્મક કામ કરવાવાળી કોઈ ગતિશીલ અને સક્રિય શક્તિના મોઢે લાગીને પોતાનું મૂલ્ય અને કદર પેદા કરી શકતા નથી. છેવટે આવા આળસુઓના ભાગમાં અપમાન અને નિષ્ફળતા સિવાય બીજું કંઈ આવતું નથી. પરંતુ જ્યારે ભાવનાત્મક પ્રતિક્રિયાના પ્રવાહમાં વહીને કોઈ ભ્રષ્ટ શક્તિ આંધળી બની જાય છે, તો પછી તે પરિણામ વિશે નથી વિચારતી. બસ, આગળ-ને-આગળ વધતી જાય છે. યહૂદીઓની ભ્રષ્ટ શક્તિ પણ લઘુતાગ્રંથી અને ઈર્ષ્યામાં આંધળી બનીને ઇસ્લામથી ઉલઝવા લાગી.

યહૂદીઓના ચરિત્રને મુસલમાનોના ચરિત્રની સરખામણીમાં મૂકીને જોવાથી એક પરિણામ એ પણ મળે છે કે સચ્ચાઈના કોઈ ધ્વજવાહકની પોકાર પર લબ્બૈક કહેનારાઓનું ચારિત્ર્ય જેટલું ઉચ્ચ થતું જાય છે, તેનો વિરોધ કરનારાઓના ચરિત્રોમાં એટલી જ પડતી પેદા થતી જાય છે. સકારાત્મક આંદોલન પોતાના વર્તુળમાં માનવતાનું જેટલું વધારે સંવર્ધન કરે છે, નકારાત્મક પ્રતિક્રિયા પોતાના જૂથમાં એટલો જ વધારે ઉપદ્રવ અને બગાડ પેદા કરતી જાય છે.

ઇસ્લામી સમાજના વડાની સામે એક બાજુ ખૂબ વિશાળ અને વિભિન્ન પાસાઓ ધરાવનાર રચનાત્મક આયોજન હતું. બીજી બાજુ અવિરત આવનારા મુહાજિરોના પુનર્વસન અને તેમને આર્થિક સહારો ઉપલબ્ધ કરાવવાની સમસ્યા હતી. ત્રીજી બાજુ મક્કાના કુરૈશ તરફથી ગમે ત્યારે હુમલો થવાની સંભાવના હતી, અને તેના માટે સંરક્ષણને મજબૂત કરવાની આવશ્યકતા હતી, અને આ તમામ મુશ્કેલીઓમાં વધારો કરનાર મોટી મુશ્કેલી એ હતી કે મદીનાનું નવોદિત રાજ્ય અને તેના હેઠળ નિર્માણાધીન સમાજના પોતાના વર્તુળમાં ગદ્દારો અને ષડયંત્ર-કારીઓની એક ખૂબ મોટી સંખ્યા ઉપદ્રવ મચાવી રહી હતી. વિચાર કરો કે સરવરે આલમ ﷺ ની જવાબદારીઓ કેટલી સંગીન અને જટિલ બની ગઈ હશે. કલ્પના કરો કે એક જીવ કેટલી અનેકવિધ ઉલઝનોમાં દિવસ-રાત ઉલઝતો રહેતો હશે. અનુમાન કરો કે નાનકડો ઇસ્લામી સમુદાય અને આરંભિક તબક્કાઓમાંથી પસાર થતું આંદોલન કેવા પ્રાણઘાતક જોખમમાં પડી ગયું હશે, અને આ તમામ પરિસ્થિતિઓને પેદા કરવાનો 'તાજ' ઇતિહાસમાં યહૂદીઓને શિરે બંધાયેલો દેખાય

છે. — જી હા ! એક અલ્લાહને માનવાવાળા, હઝરત ઇબ્રાહીમ ﷺ અને હઝરત મૂસા ﷺ પર પ્રાણ પાથરનારાઓ, તૌરાતના ધ્વજવાહકો તથા જ્ઞાન અને ધર્મશાસ્ત્ર તેમજ પવિત્રતા અને ઈશનિષ્ઠાના ઠેકેદારોના માથે !

''હુવે તુમ દોસ્ત, જિસકે દુશ્મન ઉસકા આસ્માં ક્યૂં હો.''

શરૂઆતમાં યહૂદીઓને હુઝૂર સરવરે આલમ ﷺ થી અને ઇસ્લામથી ખૂબ આશાઓ હતી. તેઓ જોઈ રહ્યા હતા કે આ નવી શક્તિ તેમના જેમ જ બનૂ ઇસ્માઈલથી વિરોધમાં છે, યહૂદીઓ જે પયગંબરોને માનતા હતા તેમને જ માને છે, તેમના ગ્રંથનો આદર કરે છે અને તેમના જ ઇબાદતના કેન્દ્ર, અર્થાત્ 'બૈતુલ મુકદ્દસ'ને પોતાનો કિબ્લા બનાવેલ છે. આ કારણસર તેમનું અનુમાન એ હતું કે ધીમે-ધીમે અમે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ અને આપના સાથીઓને પોતાનામાં ભેળવી લઈશું. યહૂદીઓનું મન સત્યના પ્રેમની ભાવનાથી વિચારી રહ્યું નહોતું, બલ્કે આ કેવળ સોદાબાજીની માનસિકતા હતી. તેઓ સમજી રહ્યા હતા કે આ ઘરબાર વગરના નિ:સહાય લોકો, જેઓ સેંકડોની સંખ્યામાં આ રીતે નિરાધાર આવી રહ્યા છે, તેમને અમે અમારા વાડાના ઘેટાં બનાવી શકીશું. આ જ આશાએ તેમણે મુસલમાનોની સાથે કોઈપણ પ્રકારના વાંધાવચકા વગર કરારો કરી લીધા, અને એ રાજકીય વ્યવસ્થાને સહન કરી લીધી, જે મદીનામાં સ્થાપવામાં આવી રહી હતી. તેમનું અનુમાન હતું કે આ રાજકીય શક્તિ, જે પોતાની કુંપળો કાઢી રહી છે, એ તો બસ અમારા ખિસ્સામાં છે. અમારી આધ્યાત્મિક અને સંતપણાની ગાદીઓએ તેમને ચારે તરફથી ઘેરી લીધા છે, અને અમારા જ્ઞાન અને તકવા (ઈશનિષ્ઠા)ની શાખનો પાલવ તેમના ઉપર ફેલાયેલો છે. કોઈ પ્રશ્ન ન હતો કે સત્ય અને સચ્ચાઈ સુધી પહોંચી જવાનો, કોઈ પ્રયાસ ન હતો આચાર-વિચારને સુધારવાનો, કોઈ પ્રબંધ ન હતો આખિરત બનાવવાનો. કેવળ એક પક્ષીય હિતોનું રાજકારણ હતું, જે આ દુર્ભાગીઓના માથા પર સવાર હતું. તેમની દૃષ્ટિએ તો જાણે મદીનાના માહોલમાં તેમના ઘરના દરવાજાઓ પર શિકાર આવીને એકઠો થઈ રહ્યો હતો. તેઓ બધી તૈયારીઓ સાથે ઘાતમાં બેસેલા હતા. તેમની નજરમાં જાણે માછલીઓ હતી, જે ટોળે-ટોળા કિનારે આવી રહી હતી અને આ માછીમારો હાથ ફેલાવીને ધાર્મિક ધૂર્તતાની દોરીઓ અને ગલ પાણીમાં નાખી રહ્યા હતા, પરંતુ થોડાક સમયના અનુભવથી તેમની ભ્રમણાઓ સમાપ્ત થવા લાગી. તેમને ઇસ્લામી સમુદાયે દર્શાવી દીધું કે આ કોઈ સસ્તો શિકાર નથી. આ એવી મજબૂત શક્તિ છે કે શિકારીઓ તેના હાથે સ્વયં શિકાર થઈને રહી જવાના છે. તેમની આંખોની સામે ધીમે-ધીમે એક ક્રાંતિકારી સ્વભાવનું રાજ્ય પાંગરવા લાગ્યું અને આ રાજ્ય પોતાની રીતે એક

કિલ્લાની જેમ મજબૂત બનતું ગયું. યહૂદીઓને થોડાક દિવસોમાં જ ખબર પડી ગઈ કે આ રાજ્ય, જેને બનાવવામાં બંધારણીય સમજૂતીના આધારે તેઓ પોતે પણ સહભાગી છે, તેમના હાથોની કઠપૂતળી નથી બની શકતું અને ન તેમાં આંગળી ઘૂસાડવાની કોઈ જગ્યા મળી શકે છે. તેમણે પોતાના માટે જે નેતૃત્વ હાંસલ કરવાનું ચાહ્યું તેના વિશે તેમને ટૂંક સમયમાં જ નાલેશીનો સામનો કરવો પડ્યો. તેની જુદી-જુદી સંસ્થાઓ અને પ્રવૃત્તિઓમાં તેમણે ઘૂસવાની અને અધિકાર પ્રાપ્ત કરવાની જે કોશિશો કરી, તેમાં વારંવાર નિષ્ફળતા સાંપડી. આ રાજ્યના વડા અને કાર્યકરો તેમજ તેના સિદ્ધાંતો પર ઈમાન રાખનારા નાગરિકોને તેમણે હાથ પર લેવાની જેટલી પણ યોજનાઓ બનાવી, તે તમામ નિષ્ફળ થઈ ગઈ. ઊલટું શરૂઆતના તબક્કાઓમાં એ થયું કે યહૂદીઓના પોતાના માણસોએ માનવતાના ઉપકારક ﷺ એ પ્રસ્તુત કરેલ સચ્ચાઈઓની સામે શિશ ઝુકાવવાનું શરૂ કરી દીધું. આ 'ખતરનાક' ક્રાંતિકારી પ્રવાહ સામાન્ય લોકોને જ નહિં, તેમની કેટલીક સક્રિય હસ્તીઓને પણ વહાવી લઈ ગયો, ત્યારે તેમની આંખો ખુલી. તેમણે અનુભવ્યું કે તેમની પવિત્રતાનું આખું બજાર વેરાન થઈ જવાનું છે અને તેમના વાડાના ઘેટા-બકરાઓ એક-એક કરીને હાથથી નીકળી જવાના છે. આ સોદો યહૂદીઓને ખૂબ મોંઘો પડ્યો. એક બાજુ તેઓ સંધિ અનુસાર મુસ્લિમ રાજ્યની વ્યવસ્થાને પ્રતિબદ્ધ થઈ ચૂક્યા હતા, બીજું બાજુ મુસલમાનોની સાથે સુરક્ષાત્મક હેતુ માટે મૈત્રી-સંધિ કરી ચૂક્યા હતા, અને ત્રીજી બાજુ તેઓ જોઈ ચૂક્યા હતા કે આ બધું જે હેતુસર કરવામાં આવ્યું હતું તે હેતુ નષ્ટ થતો જઈ રહ્યો હતો. તેથી અંદર-ને-અંદર તેમનામાં અદેખાઈનો ઊભરો આવવા લાગ્યો, અને સમયાંતરે આ ગંદો પદાર્થ તેમના સામૂહિક શરીરના નાસૂરોમાંથી વહેવા લાગ્યો. વિશેષરૂપે કિબ્લાના ફેરફાર પર તો આ લોકોનું ભાવોત્તેજક પરુ યહૂદી સમાજના છિદ્રોમાંથી નીકળવા લાગ્યું. આ ભાવોત્તેજનાએ સૌપ્રથમ ઉપદ્રવો અને દુષ્ટતાઓનો રસ્તો અપનાવ્યો, પછી તે ધ્વંસાત્મક પ્રવૃત્તિઓના સ્વરૂપમાં ઢળી, ત્યાં સુધી કે પરિપૂર્ણતાએ પહોંચીને તેણે ગદ્દારીનું રૂપ ધારણ કરી લીધું. આવો, આપણે મદની-કાળમાં આ ભાવોત્તેજનાની પ્રતિક્રિયાથી ઉત્પન્ન થયેલ વિરોધી પ્રવૃત્તિઓનું અવલોકન કરીએ, જેનો સામનો માનવતાના સૌથી મહાન હિતેચ્છુ અને તેમના સાથીઓ કરી રહ્યા હતા અને જેને લઈને ઇસ્લામી રાજ્યને કઠિન જહેમતો ઉઠાવવી પડી.

તણાવ

મદીનાનો નવોદિત પ્રભાવશાળી સમુદાય જે જવાબદારીઓમાં ઘેરાયેલો હતો; તેને જોતાં તેના એક-એક વ્યક્તિનું જીવન ખૂબ કીમતી હતું, અને એક-એક કાર્યકરની

ભૂમિકા ખૂબ મહત્ત્વની હતી. વિશેષરૂપે જે લોકો અગ્ર હરોળના કાર્યકરો હતા, તેમાંથી કોઈ એકની પણ કમી સરવરે આલમ ﷺ અને આપ ﷺ ના સાથીઓ માટે ખૂબ મોટી દુર્ઘટના હતી. અબૂ ઉમામા અસ્અદ બિન ઝરારા رضي الله عنه, જેઓ બનૂ નજ્જાર પર નિરીક્ષક નિયુક્ત કરવામાં આવ્યા હતા, આવું જ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. તદ્દન આરંભિક કાળમાં તેમને આખિરતની દુનિયાનું તેડું આવી ગયું અને એક મહાન-મૂલ્યવાન સૈનિક ઇસ્લામી આંદોલનની હરોળમાંથી અદશ્ય થઈ ગયો. હુઝૂર ﷺ માટે આ આઘાત વાસ્તવમાં મોટો આઘાત હતો. પરંતુ આ આઘાતને મદીનાની ઇસ્લામ વિરોધી શક્તિએ પોતાના ઉપદ્રવી દુષ્પ્રચાર દ્વારા બમણો બનાવી દીધો. યહૂદીઓ અને તેમનો સાથ આપનારા મુનાફિકો કહેતા ફરતા હતા કે અરે જુઓ, શું થયું ? જો આ મુહમ્મદ (ﷺ) સાચો નબી હોત તો તેનો આવો સક્રિય સાથી આવી સ્થિતિમાં કેવી રીતે મર્યો હોત ! જાણે વિરોધીઓના ત્યાં આ મૃત્યુ પર પણ દીપકો સળગી ઉઠ્યા ! એ સંવેદનશીલ હૃદય, જે ચારે તરફથી દુઃખોના તીરના લક્ષ્ય પર હતું, તે પણ એ કહ્યા વગર ન રહી શક્યું કે —

بئس الميت ابو امامة ليهود ومنافقي العرب،
يقولون لو كان نبيًا لم يمت صاحبه ولا املك لنفسي ولا صاحبي من الله شيئًا۔ (1)

આ નાનકડી ઘટનાથી સમજી શકાય છે કે દુશ્મનોના હૃદયના ફોલ્લાઓ કેવાં પાકી ગયા હતા ! બનૂ નજ્જારે આવીને હુઝૂર ﷺ ને અરજ કરી કે હવે અમારા માટે કોઈ બીજો નિરીક્ષક નિયુક્ત કરી દો. બનૂ નજ્જારની સાંત્વના માટે આપ ﷺ સગપણને ધ્યાનમાં રાખીને પોતે જ નિરીક્ષક બની ગયા, انتم اخوالی وانا بما فیکم، وانا نقیبکم★

યહૂદીઓએ જે શરતોને આધીન બંધારણીય સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા, તેના કારણે તેઓ એ શક્તિ ધરાવતા ન હતા કે ઇસ્લામી આંદોલનને રોજ-બરોજ આગળ વધતા અટકાવી શકે. તેમના નાકની નીચે સામાન્ય લોકો અને તેમના આગેવાનો ઇસ્લામના ઝંડા તળે આવી રહ્યા હતા અને તેમની ગાદીઓ અને મહંતાઈ, તેમની ખાનકાહો (મઠો) અને ફતવા જારી કરનારા ભવનો ચુપચાપ આ દૂરોગામી ક્રાંતિને આવતી જોઈ રહ્યા હતા, ત્યાં સુધી કે સત્યના આંદોલનની લહેરો તેમના ઘરોના દરવાજાઓમાં પ્રવેશ કરવા લાગી. ધંધાદારી ધાર્મિકતાના ધૈર્યનો ઘડો આવી ઘટનાઓ બનતાં અનિવાર્યરૂપે છલકાઈ જાય છે કે તેના પોતાના વર્તુળના લોકો —

---

૧. ઇબ્ને હિશામ, ભા-૨, પૃ.૧૨૭ — "ખરાબ નીવડ્યું અબૂ ઉમામાનું મૃત્યુ અરબના યહૂદીઓ અને મુનાફિકો માટે. કહે છે કે જો આ વ્યક્તિ નબી હોત તો તેનો સાથી ન મરતો. જો કે અલ્લાહ તુઆલાની મરજીથી ન હું પોતે બચી શકું છું અને ન મારા કોઈ સાથીને બચાવી શકું છું."

★ "તમે મારા માસી-ભાઈ છો અને હું તમારા માટે પૂરતો છું, અને હું તમારો નિરીક્ષક છું."

વિશેષરૂપે અગ્રગણ્ય અને કીમતી લોકો – તૂટવા લાગે. બીજી બાજુ પ્રત્યેક ક્રાંતિકારી આંદોલનનો પગપેસારો હોય છે જ એટલો પ્રચંડ કે નકારાત્મક વલણની સાથે જે લોકો તેનો સામનો કરવા આગળ આવે છે, તેઓ સ્વયં તેમના જ ઘરોમાંથી યુવા-શક્તિને એકત્ર કરીને તેમના સામે લઈ આવે છે. પુત્રો પિતાઓ સાથે, વહુઓ સસરાઓ સાથે, પુત્રીઓ માતાઓ સાથે, પૌત્રો દાદાઓ સાથે, ગુલામો માલિકો સાથે મતભેદ કરતા જોવા મળે છે. ઘરડી ધાર્મિકતા જ્યારે યુવા આંદોલનના આ આંતરિક હુમલાઓનો સામનો કરે છે, તો તે ગુસ્સામાં ગ્રસ્ત થઈ જાય છે, અહીં પહોંચીને તેની ધીરજ અને સહનશીલતા તદ્દન સમાપ્ત થઈ જાય છે. મદીનામાં પણ ઇતિહાસે પોતાના આ જ નિયમનું પુનરાવર્તન કરી દીધું. અમે અગાઉ વર્ણવી ચૂક્યા છીએ કે કેટલા જોરશોરથી સચ્ચાઈની બોલબાલા થઈ રહી હતી અને કેટલી તીવ્રતાથી ઘર-ઘર નવી વ્યવસ્થાનો ડંકો વાગી રહ્યો હતો. આ સ્થિતિ-પરિવર્તનને જોઈને યહૂદીઓની છાતીઓમાં ઝેર પ્રસરી જતું હતું, વિશેષરૂપે જ્યારે કબીલાઓના સરદારો, મશહૂર અને પ્રભાવી વ્યક્તિઓ ઇસ્લામની સ્વાભાવિક પોકારનો ઉમંગથી સ્વીકાર કરી રહ્યા હતા, તો ઈર્ષ્યા અને લઘુતાગ્રંથીના કારણે સમગ્ર યહૂદી સમાજના શરીરમાં ધ્રુજારી વ્યાપી જતી હતી. જેમ કે તેમના જોત-જોતામાં જે દિવસે અબૂ કૈસ બિન અબી અનસે સત્યના કલમાને હૃદયમાં જગ્યા આપી હશે, એ દિવસે યહૂદિયતની છાતીમાં શું-શું ઊભરા નહીં આવ્યા હોય ! આ એક પ્રખ્યાત વડીલ હતા. અજ્ઞાનતા-કાળમાં જ મન બદલાઈ ગયું હતું. માત્ર પ્રકૃતિના માર્ગદર્શનથી જ મૂર્તિપૂજા ત્યજી દીધી હતી. 'ગુસ્લે જનાબત' (સંભોગ પછીના સ્નાન)ને અનિવાર્ય ઠેરવી લીધું હતું. માસિક-ધર્મવાળી સ્ત્રીઓથી દૂર રહેવાનું શરૂ કરી દીધું હતું. પહેલા ખ્રિસ્તી ધર્મ તરફ વળ્યા, પરંતુ અટકી ગયા. પોતાના ઘરમાં મસ્જિદ બનાવી લીધી, જેમાં નાપાકી (અપવિત્રતા)ની સ્થિતિમાં દાખલ થતા નંહોતા. કહેતા હતા કે હું ઇબ્રાહીમ (ﷺ)ના રબની બંદગી અને ગુલામી કરું છું. આ વડીલ ખૂબ વૃદ્ધ હતા. સત્ય વાત કહેવામાં ખૂબ હિંમત બતાવનારા અને અજ્ઞાનતામાં અલ્લાહ તઆલાની મહાનતાનું એલાન કરવાવાળા હતા. તેમણે પોતાની મનોભાવનાઓને શાયરીઓમાં વ્યક્ત કરી. તેમના કેટલાક શેર પુસ્તકોમાં નોંધેલા જોવા મળે છે. આવા બુદ્ધિશાળી અને સદ્ચરિત્ર વડીલનું વિશિષ્ટ સ્થાન ઉચ્ચ હોવું જ જોઈએ.

અસંભવ નથી કે યહૂદીઓની તેમના સાથે ચર્ચાઓ થતી હોય અને તેમણે આ વડીલને પોતાના તરફ આકર્ષવાનો પ્રયત્ન કર્યો હોય. પરંતુ આ વ્યક્તિમાં તેમના પોતાના સાલસ સ્વભાવે સત્ય-ધર્મની જે અભિરુચિ પેદા કરી દીધી હતી, તે ઇસ્લામના આવાહક સિવાય બીજા કોઈથી સંતોષાઈ શકી નહીં. હુઝૂર ﷺ મદીના

આવી પહોંચ્યા, તો ભાગ્યના જાગી ઉઠવાની પળ આવી પહોંચી અને આ વડીલ આંદોલનના વર્તુળમાં સામેલ થઈ ગયા અને શ્રેષ્ઠ રીતે ઇસ્લામ પર અમલ કરવા લાગ્યા. આ ઘટનાથી યહૂદીઓમાં જે પ્રત્યાઘાત પડ્યા હશે તેનું થોડુંક અનુમાન કલ્પના-શક્તિથી કરી શકાય છે.

પરંતુ અહીં સુધી તો ભલે જે કંઈ થયું એ ઘરની બહાર થયું, સંગીન ઘટનાઓ તો ત્યારે ઘટીત થઈ જ્યારે આંદોલન સ્વયં તેમના ઘરમાં પ્રવેશી ગયું. તેમાંથી યહૂદીઓના માનસિક સંતુલનને તદ્દન ઊલટસૂલટ કરી નાખનાર ઘટના તેમના એક પ્રતિષ્ઠિત આલિમ (ધાર્મિક વિદ્વાન)ના માનસ-પરિવર્તનની હતી. ઇતિહાસ સાક્ષી છે કે સાંસારિક હોય કે ધાર્મિક આગેવાનોમાં તો સત્યના સ્વીકારનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે, પરંતુ પ્રત્યેક ક્ષેત્રમાં સાલસ પ્રકૃતિ ધરાવનારા વ્યક્તિઓ અવશ્ય જોવા મળતા હોય છે, અને તેઓ સચ્ચાઈના સૂર્યના ઉદયમાન થવા પર આંખો બંધ કરીને પૂર્વગ્રહની ગુફાઓમાં જઈને છુપાઈ જતા નથી, બલ્કે સોનેરી અને રૂપેરી કિરણો માટે મનો-મસ્તિષ્કના દ્વાર ખોલી નાખતા હોય છે. આ પંક્તિઓમાંથી જો કે ઓછા લોકો આવતા હોય છે, પરંતુ જે લોકો આવે છે તેઓ ખૂબ કીમતી હોય છે, કેમ કે તેમને સ્વાર્થ અને હોદ્દાઓની ખૂબ વજનદાર જંજીરો અને બેડીઓ તોડીને આવવાનું હોય છે. યહૂદીઓની હરોળમાં આવા જ એક વડીલ અબ્દુલ્લાહ બિન સલામ હતા. ઇસ્લામ પહેલા તેમનું નામ 'હસીન' હતું. આ મહાનુભાવ મોટા ધાર્મિક વિદ્વાન અને સંયમી હતા અને ધાર્મિક નેતા હતા. તેમનો સંબંધ યહૂદીઓના બની કૈનુકાઅ કબીલાથી હતો. હુઝૂર ﷺ સાથે મુલાકાત પછી તેમણે ઇસ્લામ સ્વીકારી લીધો અને પોતાના ઘરવાળાઓને પણ આમંત્રણ આપ્યું અને તેમને પ્રભાવિત કરી લીધા. આમ, બધા ઇસ્લામી આંદોલનના વર્તુળમાં સામેલ થઈ ગયા. તેમના ઇસ્લામ-સ્વીકારનું વૃત્તાંત સાંભળો, જેનું વર્ણન તેમના એક સંબંધીએ કર્યું છે –

> ''મેં જ્યારે અલ્લાહનો સંદેશ લાવનાર હસ્તી વિશે સાંભળ્યું, તો આપ ﷺ ની ખૂબીઓને, આપ ﷺ ના નામને અને આપ ﷺ ના જમાનાને ઓળખી લીધા, કેમ કે અમે તેમની રાહ જોઈ રહ્યા હતા. તેથી આ જાણકારી પર હું દિલમાં-ને-દિલમાં ખુશી અનુભવી રહ્યો હતો. પરંતુ જીભથી કંઈ કહેતો ન હતો, ત્યાં સુધી કે રસૂલે ખુદા ﷺ મદીના આવી પહોંચ્યા. જ્યારે આપ ﷺ કુબામાં બની ઉમરૂ બિન ઔફના પરિવારમાં પહોંચ્યા, તો એક વ્યક્તિ આવ્યો અને તેણે આપ ﷺ ની પધરામણીની માહિતી મને એ સ્થિતિમાં આપી કે હું મારા ખજૂરના વૃક્ષની ટોચ પર ચઢીને કામમાં વ્યસ્ત હતો. મારી ફોઈ

ખાલિદા બિન્તે હારિસ નીચે બેસી હતી. મેં જેવા પધરામણીના સમાચાર સાંભળ્યા, 'તકબીર' (અલ્લાહુ અકબર - અલ્લાહ મહાન છે) પોકારી. ફોઈએ મારી તકબીર સાંભળીને મને કહ્યું, 'ખુદા તારો નાશ કરે. તને જો મૂસા બિન ઇમરાનના આગમનની ખુશખબરી પણ મળી હોત તો તું તેનાથી વધારે આનંદ વ્યક્ત ન કરતો.' મેં કહ્યું, 'ફોઈ! ખુદાના સોગંદ! આ મૂસા બિન ઇમરાનના ભાઈ છે અને એમના જ દીન (ધર્મ) પર અમલ કરી રહ્યા છે. આ એ જ સંદેશ લાવ્યા છે, જે મૂસા લાવ્યા હતા.' આના પર તે કહેવા લાગી કે, 'હે મારા ભત્રીજા! શું આ એ જ નબી છે, જેના વિશે આપણને બતાવવામાં આવ્યું છે કે તેમનું આગમન કયામતની ઘડીના નજીક થશે?' મેં કહ્યું, 'હા, આ જ તો છે.' પછી હું અલ્લાહનો સંદેશ લાવનારની સેવામાં પહોંચ્યો અને મેં ઇસ્લામ સ્વીકારી લીધો. પછી મારા ઘરવાળાઓની પાસે આવ્યો અને તેમને પણ આમંત્રણ આપ્યું. તો તેઓ પણ ઇસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયા."[૧]

આ નવમુસ્લિમ આલિમ, યહૂદીઓની નબળાઈઓના રહસ્યો, તેમની ઈર્ષ્યાખોર માનસિકતા અને તેમના નીચ ચરિત્રથી બરાબર વાકેફ હતા, તેથી સમજતા હતા કે પોતાના વૈચારિક પરિવર્તન પર શું પ્રત્યાઘાત આપવામાં આવશે. નિયમ એ છે કે જ્યારે સ્વાર્થના કારણે જૂથવાદ ઉત્પન્ન થઈ જાય છે, તો ચરિત્ર એટલું પતન-ગ્રસ્ત થઈ જાય છે કે સારાને સારો અને ખરાબને ખરાબ કહેવાના બદલે પોતાના ખરાબ લોકોને સારા અને બીજાઓના સારા લોકોને ખરાબ ઠેરવી દેવામાં આવે છે, અને પોતાના વાડાની કાળી ઘેટી પણ સફેદમાં સામેલ થઈ જાય છે અને બહારની સફેદ ઘેટી હોય તો પણ તેને કાળી કહેવામાં આવે છે; બલ્કે પોતાના વાડાની સફેદ ઘેટી વાડ ઓળંગીને બહાર આવતાં જ કાળી થઈ જાય છે. આમ, દરેક યુગમાં આ પ્રકારના ધાર્મિક ધંધાદારીઓની સ્થિતિ એ જ રહી છે કે જ્યાં સુધી કોઈ વ્યક્તિ તેમના સાથે રહે છે, અથવા ઓછામાં ઓછું તેનાથી એ આશંકા નથી હોતી કે તેની પ્રવૃત્તિઓ પોતાના વેપાર પર પ્રભાવ પાડી શકે એમ છે, તો તેની ખૂબીઓનો હૃદયપૂર્વક સ્વીકાર કરવામાં આવે છે; બલ્કે ક્યારેક તો પૂરેપૂરી અતિશયોક્તિથી તેના વ્યવહાર અને ચારિત્ર્યની મહાનતાનું વર્ણન કરવામાં આવે છે. પરંતુ સમયના થોડાક પરિવર્તનની સાથે જ્યારે આવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ભૂમિકા કોઈ વડીલના ધાર્મિક વેપાર માટે નુકસાનકારક બની જાય છે, તો તરત જ 'મૂલ્યવાન' અભિપ્રાય

૧. ઇબ્ને હિશામ. ભા-૧, પૃ. ૧૩૮-૧૩૯.

બદલાઈ જાય છે, તથા જીભ અને કલમ ફરી જાય છે. કોઈ આલિમ (વિદ્વાન) હતો, તો હવે જાહિલ (અજ્ઞાની) ઠરશે. મોમિન (ધાર્મિક, ઈશનિષ્ઠ) હતો, તો હવે તેને ફાસિક (અવજ્ઞાકારી) અને કાફિર (અધર્મી) માનવામાં આવશે. ધર્મ અને સમુદાયનો સેવક હતો, તો હવે તેને પથભ્રષ્ટ અને બહેકાવનારો ગણવામાં આવશે. શિષ્ટાચાર અને સન્માનને પાત્ર હતો, તો હવે ગાળોનું લક્ષ્ય બની જશે. અબ્દુલ્લાહ બિન સલામ رضي الله عنه ની સામે યહૂદીઓની આ ભ્રષ્ટ પ્રકૃતિની આ જ પડતીઓ હતી અને તેમણે નિર્ધાર કરી લીધો કે આ પડતીઓ પરથી ઢોંગના પરદાઓ દૂર કરી દેવામાં આવે. મનોમન એક નાટકની યોજના બનાવીને તેમણે પોતાના ઇસ્લામને છુપાવી રાખ્યો. યોગ્ય તક મળતાં જ માનવતાના પયગંબર ﷺ ની સેવામાં આવ્યા અને અરજ કરી કે યહૂદીઓ એક અસત્યપ્રેમી જૂથ છે અને તેમના બગાડની સ્થિતિને ખોલવા માટે આપ ﷺ મને પોતાના ઘરમાં પરદાની પાછળ બેસાડી દે અને તેમની નજરોથી છુપાવીને મારા વિશે તેમનો અભિપ્રાય પૂછે અને પછી જુએ કે મારા ઇસ્લામ લાવવાથી અજાણ રહીને તેઓ મને શું સ્થાન આપે છે, કેમ કે જો તેમને મારા ઇસ્લામ-સ્વીકારની જાણ થઈ ગઈ તો પછી તેઓ મારા પર આરોપ મૂકશે અને ખામીઓ કાઢશે. હુઝૂર ﷺ એ આવું જ કર્યું કે અબ્દુલ્લાહ બિન સલામ رضي الله عنه ને ઘરમાં આડની પાછળ બેસાડી દીધા અને આ બાજુ યહૂદી વડીલો આવી પહોંચ્યા. વાતો થઈ, સવાલ-જવાબ થતા રહ્યા. અંતે રસૂલે ખુદા ﷺ એ પૂછ્યું, ''હસીન બિન સલામ તમારામાંથી કેવા માણસ છે?'' કહેવા લાગ્યા કે તેઓ અમારા સરદાર છે અને અમારા એક સરદારના સુપુત્ર છે. અમારા એક મહાન વ્યક્તિ છે. એક ઉચ્ચ વિદ્વાન છે. જ્યારે તેઓ આ બધું કહી ચૂક્યા તો અબ્દુલ્લાહ બિન સલામ رضي الله عنه આડથી બહાર આવી ગયા અને તેમને સંબોધીને કહ્યું, ''હે યહૂદીઓ! અલ્લાહનો ડર રાખો અને જે દીન હુઝૂર ﷺ દ્વારા આવ્યો છે તેને અપનાવી લો, કેમ કે અલ્લાહના સોગંદ! તમે સારી રીતે જાણો છો કે આપ ﷺ અલ્લાહના સંદેશવાહક છે. તમે હુઝૂર ﷺ ના નામ અને આપ ﷺ ના ગુણોનો ઉલ્લેખ તમારા ત્યાં તૌરાતમાં લખેલ જુઓ છો. તેથી હું તો સાક્ષી આપું છું કે હુઝૂર ﷺ અલ્લાહના પયગંબર છે અને આપ ﷺ પર ઈમાન લાવું છું અને આપ ﷺ ની પુષ્ટિ કરું છું અને આપ ﷺ ને ઓળખું છું.'' યહૂદીઓ પરદો ઊંચકી લેનાર આ નાટકને જોઈને ખૂબ ધૂંધવાયા અને કહેવા લાગ્યા, ''તમે જૂઠા છો.' અને પછી અબ્દુલ્લાહ બિન સલામ رضي الله عنه ને હેરાન કરવાનું શરૂ કરી દીધું. હમણા થોડીક વાર પહેલા જે વ્યક્તિને 'સૈયદ' (નેતા) અને વિદ્વાન અને મહાન વ્યક્તિ કહેતા હતા, ક્ષણવારમાં તેને જ જૂઠો માણસ કહી રહ્યા હતા. અબ્દુલ્લાહ رضي الله عنه એ રસૂલુલ્લાહ ﷺ ને નિવેદન કર્યું કે મેં હુઝૂર (ﷺ) ને કહી

દીધું નહોતું કે આ એક અસત્યપ્રેમી જૂથ છે. આ વિદ્રોહ, જૂઠ અને બૂરાઈમાં ગ્રસ્ત લોકો છે. આમ, રસપ્રદ રીતે અબ્દુલ્લાહ બિન સલામ ﷺ એ પોતાના અને પોતાના ઘરવાળાના ઇસ્લામ-સ્વીકારની જાહેરાત કરી. કલ્પના કરો કે યહૂદીઓના મનો-મસ્તિષ્ક પર શું વિતી હશે ?(૧)

આવી જ એક ઘટના પ્રખ્યાત બુઝુર્ગ અને વિદ્વાન મુખિરિકનો છે, જે થોડાક સમય પછીના કાળમાં બની હતી, અર્થાત્ ઉહદના દિવસે. યહૂદીઓમાંથી આ સાહેબ ખૂબ જ ધનવાન પણ હતા અને ખજૂરોના બગીચાઓના માલિક હતા. પોતાના જ્ઞાનના કારણે નબી ﷺ ની વિશેષતાઓથી તેઓ આપ ﷺ ને ઓળખી ગયા હતા, ત્યાં સુધી કે ઉહદનો દિવસ આવી ગયો અને સંયોગથી એ જ દિવસે 'સબ્ત' (શનિવારનો દિવસ) આવતો હતો. કોઈ સભામાં તેમણે કહ્યું કે, ''હે યહૂદીઓ ! અલ્લાહના સોગંદ ! તમે જાણો છો કે મુહમ્મદ ﷺ ની મદદ કરવી તમારા પર અનિવાર્ય છે.'' તેમનો હેતુ એ હતો કે – શિર્ક કરનારાઓની સામે મુસ્લિમ સમુદાયની સહાયતા કરવી વાસ્તવમાં તમારા પર વાજિબ (આવશ્યક) છે. બીજું, સંધિ અનુસાર તમે એ વાતના પાબંદ છો કે જે અથડામણનો સામનો છે આ મિત્ર-સમૂહનો સાથ આપો. આના પર જે જવાબ યહૂદીઓએ આપ્યો, તે બહાનાબાજ અને કપટી ધાર્મિક માનસિકતાની ઘૃણિત છબીને સંપૂર્ણપણે સામે લઈ આવે છે. કહેવા લાગ્યા કે, ''આજનો દિવસ સબ્તનો દિવસ છે.'' આ જવાબ પર કઠોરતાથી મુખિરિકે કહ્યું, ''કોઈ સબ્ત નથી તમારા માટે !'' પછી આ કર્તવ્યનિષ્ઠ મુજાહિદે (વીર-યોદ્ધાએ) શસ્ત્રો ઉઠાવ્યા અને શહેરથી નીકળીને ઉહદના મેદાનમાં રસૂલુલ્લાહ ﷺ સાથે જઈ મળ્યા. જતાં-જતાં પોતાના પરિવારજનો સાથે એ વાત નક્કી કરતા ગયા કે જો હું આજે માર્યો જાઉં તો મારી સઘળી સંપત્તિ રસૂલુલ્લાહ ﷺ ને સુપ્રત કરી દેવામાં આવે અને તેઓ અલ્લાહના માર્ગદર્શન અનુસાર જે રીતે ઇચ્છે તેનો ઉપયોગ કરે. આમ, આ વીર શહીદ થઈ ગયા, અને તેમના વારસાને રસૂલે ખુદા ﷺ એ પોતાના કબજામાં લઈને ઉપયોગ કર્યો. આ અંગે થોડોક મતભેદ છે કે મુખિરિકે ઇસ્લામ સ્વીકાર્યો હતો કે નહીં.

ઇસ્લામી આંદોલનની વિજયી આગેકૂચ પર યહૂદીઓની ભ્રષ્ટ ધાર્મિકતાનો જે આંતરિક પ્રત્યાઘાત હતો, તેનું અનુમાન આ જ સંદર્ભના એક રસપ્રદ પ્રસંગથી લગાવી શકાય છે. હઝરત સફિયા ﷺ બિન્તે હય્ય બિન અખતબ એ વૃત્તાંત વર્ણવે છે કે હું મારા પિતા અને કાકાની નજરમાં તમામ સંતાનોમાં સૌથી વધારે વહાલી હતી અને બંને હંમેશા મને સાથે રાખતા હતા. જ્યારે રસૂલે ખુદા ﷺ મદીના

૧. સીરતે ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૩૮-૧૩૯.

આવ્યા અને કુબામાં રોકાણ કર્યું, તો મારા પિતા હય્ય બિન અખતબ અને કાકા અબૂ યાસર બિન અખતબ પરોઢિયે મુલાકાત માટે ગયા. પાછા ફર્યા તો સૂર્યાસ્તનો સમય હતો. એવું લાગતું હતું કે થાકીને લોથપોથ થઈ ગયેલા તથા પરેશાન અને ચિંતિત છે. તેઓ ખૂબ ધીમી ચાલે આવી રહ્યા હતા. મેં રાબેતા મુજબ હસતાં-મલકાતાં તેમના તરફ જોયું, પરંતુ અલ્લાહના સોગંદ ! પરેશાનીના કારણે બંનેમાંથી કોઈએ મારા તરફ ધ્યાન જ ન આપ્યું. મારા કાકા અબૂ યાસર મારા પિતાને કહી રહ્યા હતા, ''શું આ (જે પયગંબરનો વાયદો કરવામાં આવ્યો હતો) એ જ છે ?'' પિતાએ કહ્યું, ''હા, ખુદાના સોગંદ !'' કાકાએ ફરી પૂછ્યું, ''શું તમે તેને ઓળખી લીધો છે અને વિશ્વાસ કરી લીધો છે ?'' પિતાએ જવાબ આપ્યો, ''હા – '' આ વાત પર કાકાએ પૂછ્યું, ''તો પછી તેના માટે તમારા હૃદયમાં શું લાગણી છે ?'' પિતાએ કહ્યું, ''દુશ્મની જ દુશ્મની – જ્યાં સુધી જીવતો છું, ખુદાના સોગંદ !''

આ હતી યહૂદીઓની ખરી માનસિકતા ! અર્થાત્ બરાબર સમજે છે કે તેમના સામે આવનાર આવાહક સત્ય છે, અલ્લાહનો સંદેશ લઈને આવવાવાળો છે, તેનો દરેક બોલ તેની સચ્ચાઈ પર સાક્ષી છે, તેનું આખું ચરિત્ર તેના દરજ્જાને સ્પષ્ટ કરી રહ્યું છે, તેનો ચહેરો અને તેના રંગરૂપ તેની નુબૂવ્વતને પ્રતિબિંબિત કરી રહ્યા છે. કેવળ સમજતા જ નથી, એકાંતમાં જીભથી એકરાર સુદ્ધાં કરે છે, પરંતુ ઈમાન અને અનુપાલનનો માર્ગ અપનાવવાને બદલે વિરોધ અને વૈમનસ્યનો નિર્ધાર કરે છે. આ સ્વભાવ યહૂદીઓના ત્યાં સામાન્ય હતો. સૂર્ય નીકળે છે, તો કોણ નથી જાણતું કે પ્રકાશનું તોફાન ઉમટી પડ્યું. માનવી અને પશુઓ તો વળી આંખો રાખે છે, ઘાસના એક-એક તણખલાને ખબર પડી જાય છે કે તે ઘટનાર ઘટના ઘટી ગઈ, જે પ્રત્યેક અંધારી રાત્રિની સમાપ્તિએ દરરોજ ઘટતી હોય છે; બલ્કે ઉષ્ણતા અને ગરમી, માટીના નિર્જીવ રજકણો અને પાણીના બિંદુઓ અને હવાઓની લહેરો સુદ્ધાંને એક જાણકારી આપે છે કે પ્રકાશનો સંદેશવાહક પ્રગટ થઈ ચૂક્યો. સૂર્યોદય તો એવી મોટી પરિવર્તનશીલ ઘટના હોય છે કે તેને ચામાચીડિયાં અને ઘુવડો સુદ્ધાં જાણી લે છે. તેમની વિકૃત પ્રકૃતિની વિશિષ્ટ ખૂબી બસ એ હોય છે કે પ્રકાશ થાય તો બીજી દુનિયાની તો આંખો ખૂલી જાય છે, પણ આમની આંખો બંધ થઈ જતી હોય છે; બલ્કે તેમના માટે સૂર્યના નીકળવાની નિશાની જ એ હોય છે કે તેમની આંખો અંજાઈને રહી જાય. માનવી એટલો આંધળો નથી હોઈ શકતો કે તેના સામે અલ્લાહના પયગંબરો વિશેષ સ્થાને પહોંચેલા જ્ઞાન અને ચરિત્રની સાથે પ્રગટ થાય અને તેઓ એ ન અનુભવી શકે કે કોઈ મહાનતમ્ અને અસાધારણ મહિમાવાન વ્યક્તિનો ઉદય થઈ ગયો છે. માનવી જુએ છે, સમજે છે, જાણે છે અને જાણ્યા પછી આંખો બંધ કરી

લે છે. હાથોથી તેમને ભીંસી લે છે, મોઢું રેતીમાં સંતાડી દે છે, રૂમના બારી-બારણાઓ બંધ કરીને કાળા પરદાઓ તેના પર નાખી દે છે. કહે છે - ઊંઘતાને જગાડી શકાય છે, જાગતાને જગાડવા સંભવ નથી. બરાબર એ જ પ્રમાણે અજ્ઞાનીને જ્ઞાન આપી શકાય છે, પરંતુ જાણકાર જો અજાણ બની જાય તો તેને અજ્ઞાનતાની સ્થિતિમાંથી બહાર કાઢી શકાતો નથી. તદ્દન આવી જ સ્થિતિ હતી, જેમાં યહૂદીઓની બહુમતી અને વિશેષરૂપે તેમના વિદ્વાનો અને આગેવાનો ગ્રસ્ત થઈ ગયા હતા. કુર્આને પણ તેમના આ બગાડ તરફ નિર્દેશ કરતાં કહ્યું, يَعْرِفُونَهُ كَمَا يَعْرِفُونَ أَبْنَاءَهُمْ અર્થાત્, આ લોકો સત્ય અને સત્યના આવાહકને એટલી જ ચોકસાઈથી જાણે છે, જે રીતે તેઓ પોતાના સંતાનોને જાણે અને ઓળખે છે. (સૂરઃ બકરહ, ૧૪૬)

યહૂદિયતના આગેવાનો માનવતાના ઉપકારક ﷺ ના ઉચ્ચ સ્થાનને જોઈ-જોઈને બળતા હતા અને જેમ-જેમ સામાન્ય-જન અને તેમના પોતાના જૂથના લોકો નવીન સંદેશ તરફ દોડી રહ્યા હતા, તેમના હૃદયોની દુનિયામાં તણાવ વધતો જતો હતો.

વાદ-વિવાદયુક્ત પ્રશ્નો

બગડેલા ધંધાદારી ધાર્મિક લોકોના હૃદયોમાં જ્યારે કોઈ પ્રભાવકારી સંદેશ અને કોઈ પ્રગતિ કરી રહેલા આંદોલન તેમજ કોઈ મહાન આવાહક વિરુદ્ધ દ્વેષ પેદા થઈ જાય છે અને ધીમે-ધીમે મજબૂત બની જાય છે, તો તે સંવાદ અને સમજવા-સમજાવવાના દરવાજાઓ બંધ કરીને ધાર્મિક-તાત્ત્વિક વાદ-વિવાદનું સમરાંગણ શરૂ કરી દે છે. આવા ધાર્મિક વાદ-વિવાદના અંદરથી જે પ્રશ્નો અને સંદેહો ઊભા કરવામાં આવે છે, તેનો હેતુ ક્યારેય એ નથી હોતો કે વાતને સમજવાની છે, બલ્કે આશય એ હોય છે કે સીધી-સાદી વાતને સમજવાની જ નથી, અર્થાત્ આવા ધાર્મિક વાદ-વિવાદનો મૂળ આશય એ હોય છે કે - 'હું નહીં માનું.' પરંતુ આશય આટલો જ નથી હોતો. લાંબા ગાળાનો ધ્યેય એ હોય છે કે સામાન્ય લોકોને સત્યની અભિલાષાના સ્વાભાવિક માર્ગથી હટાવીને શંકા-કુશંકાની ઝાડીઓમાં નાખી દેવામાં આવે અને તેઓ સહજ દલીલથી દૂર થઈને વૈચારિક પ્રશ્નોના ચક્કરમાં પડી જાય. તેઓ આમંત્રણના બૌદ્ધિક મૂલ્ય અને મહત્ત્વ તેમજ તેના નૈતિક પ્રભાવને પારખવાને બદલે જટિલ-પારિભાષિક પ્રશ્નોની ભુલભુલામણીમાં ફરતા રહે. ભ્રષ્ટ આલિમો પોતાના વિશે તો એકસો ટકા ખાતરી ધરાવે છે કે અમને સત્યનું આમંત્રણ ક્યારેય નષ્ટ કરી શકતું નથી. તેમને ડર એ હોય છે કે પોતાના જડ અનુયાયીઓ હાથથી નીકળી ન જાય, તેની સુરક્ષા માટે તેઓ ચિત્ર-વિચિત્ર અને આડા-અવળા પ્રશ્નોની

છાયા આપતો વાડો બનાવે છે. યહૂદીઓના ભ્રષ્ટ આલિમો પણ આના સિવાય બીજું શું કરતા ?

અબ્દુલ્લાહ બિન સલામ ﷺ ના ઇસ્લામી આંદોલનમાં સામેલ થઈ ગયા પછી યહૂદીઓએ ધાર્મિક વાદ-વિવાદો અને પ્રયાસોના મોરચાઓ ઊભા કરવા પર પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરી દીધું અને વિકૃત-નિરર્થક ચર્ચાઓની કમાનને ખોલીને તર્ક-વિતર્કના તીરો ઇસ્લામી આંદોલન પર વરસાવવાનું શરૂ કરી દીધું. પરંતુ આ તમામ યુદ્ધ-કાર્યવાહી પણ ખુલ્લા મોરચાથી નહીં, બલ્કે દંભ અને કપટની ટટ્ટીઓની પાછળ સંતાઈને શરૂ કરવામાં આવી. આ 'ઈશનિષ્ઠ મહાનુભાવો' સત્યના અભિલાષીઓની ખૂબ પ્રભાવી વેશભૂષા અપનાવીને ઇસ્લામી આંદોલનના સંમેલનોમાં સામેલ થતા. પછી વાતો-વાતોમાં ગરીબ-દરિદ્રની જેમ હોઠ લટકાવી-લટકાવીને પ્રશ્નો પૂછતા.

એક સંમલનમાં હુઝૂરે અકરમ ﷺ ની સામે તેમણે એ પ્રશ્ન મૂક્યો - ''સૃષ્ટિને જ્યારે મહાન ખુદાએ પેદા કરી છે, તો છેવટે સ્વયં મહાન ખુદાને કોણે પેદા કર્યો ?'' જોયું તમે મનો-મસ્તિષ્કની વિકૃતિ — ! યહૂદીઓ પોતે એ જ ખુદા પર ઈમાન રાખવાનો દાવો કરતા હતા. તેના પયગંબરોને માનનારા અને તેના ગ્રંથના ધ્વજવાહકો હતા. તેઓ ખુદાને પહેલાથી જ જાણતા હતા, તેના ગુણોથી વાકેફ હતા, પરંતુ એ જ ખુદા તરફ જ્યારે ઇસ્લામે બોલાવ્યા, તો ખુદા વિશે તેમના હૃદયોમાં ખૂબ ભારે સંદેહ પેદા થઈ ગયો ! અને તેમના પ્રશ્નનો દેખીતો આશય એ હતો કે જો સંદેહ દૂર થઈ જાય, તો પછી તેમના માટે આગળ વધવાનો રસ્તો ખુલી જાય. પરંતુ પ્રશ્નની વિકૃતિ બતાવી રહી છે કે હેતુ માર્ગદર્શનની પ્રાપ્તિ નહીં, બલ્કે લોકોને માર્ગદર્શનથી બચવા માટે ભાગવાનો માર્ગ બતાવવાનો છે. હુઝૂર અકરમ ﷺ એ આ વિકૃત પ્રશ્નનો જવાબ ખૂબ જ સીધી-સાદી રીતે આપ્યો, અર્થાત્ ગંભીરતાથી સૂરઃ ઇખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ) પઢી દીધી - ''કહો, (હે મુહમ્મદ !) કે અલ્લાહ એક છે, તે એકલો-અદ્વિતીય છે, ન કોઈ તેની સંતાન છે અને ન તે કોઈની સંતાન છે, અને કોઈ તેના સમકક્ષ નથી હોઈ શકતો.''(૧)

આવો, તમને એક વધુ રસપ્રદ ચર્ચા-સભામાં લઈ જાઉં. યહૂદીઓના કેટલાક પ્રખ્યાત વિદ્વાનો એક દિવસ હુઝૂર ﷺ ની બેઠકમાં આવ્યા અને કહેવા લાગ્યા કે અમારા ચાર પ્રશ્નોના જવાબ આપો. પછી અમે આપ ﷺ ના આમંત્રણને માની લઈશું અને આપનું અનુસરણ સ્વીકારી લઈશું. હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે હવે આ વચનની જવાબદારી તમારા પર છે. પૂછો, જે કંઈ પૂછવાનું છે. પ્રશ્નોના સામે

૧. હયાતે મુહમ્મદ ﷺ, લે : મુહમ્મદ હુસૈન હૈકલ મિસરી.

આવતાં પહેલા તમે પોતે જરા કલ્પના કરો કે ઇસ્લામી આંદોલનના સ્વરૂપને સમજવા માટે સમજદાર લોકો તરફથી કયા પ્રકારની પૂછપરછની આશા કરવી જોઈએ. તેઓ પૂછતા, તો પાયાની સચ્ચાઈઓ વિશે પૂછતા, ઇસ્લામના નૈતિક મૂલ્યો વિશે પૂછતા, રાજકીય અને આર્થિક વ્યવસ્થા તેમજ તેની કાર્ય-પ્રણાલી વિશે પૂછતા, મુસલમાન હોવાની શરતો અને અનિવાર્યતાઓ વિશે પૂછતા, પોતાના જીવનથી સંબંધિત અન્ય વિચાર માંગી લે એવી સમસ્યાઓ વિશે પૂછતા. પરંતુ આ વાતો અંગે ત્યાં મૂળથી કોઈ રસ-રુચિ જ નહોતા. તેમણે પોતાના જ્ઞાન અને વિદ્વતાનું પ્રદર્શન કરવા માટે આ પ્રશ્નો એક-પછી-એક રજૂ કર્યા :

(૧) બાળક માતા જેવું કેમ હોય છે, જ્યારે કે તે પોતાના પિતાના વીર્યથી બનતું હોય છે ?

(૨) આપ ﷺ ની ઊંઘની સ્થિતિ શું હોય છે ?

(૩) ઇસરાઈલે (પયગંબર હઝરત યાકૂબ عليه السلام એ) કઈ વસ્તુઓ પોતાના પર હરામ (અવૈધ) કરી લીધી હતી અને શા માટે ?

આ કસોટીઓ પર ઇસ્લામી આંદોલનની સચ્ચાઈની ચકાસણી કરવામાં આવી રહી હતી !

ચોથા પ્રશ્નનો સંબંધ થોડેક અંશે પ્રત્યક્ષરૂપે ઇસ્લામના આમંત્રણ અને આંદોલન સાથે હતો, પરંતુ આશય તેનો પણ એવો જ હતો. પૂછવામાં આવ્યું કે 'રૂહ' (વહી લઈને આવતો ફરિશ્તો) શું છે ?

હુઝૂર ﷺ એ શાંતિથી એકે-એક પ્રશ્નનો જવાબ આપ્યો અને છેલ્લા પ્રશ્નના જવાબમાં ફરમાવ્યું કે તમે પોતે આ વિશે જાણો છો કે તે જિબ્રઈલ عليه السلام છે અને એ જ મારા પાસે આવે છે.

બધા પ્રશ્નો થઈ ચૂક્યા, જવાબો મળી ગયા. આ જવાબોમાંથી કોઈનું ખંડન કરવામાં ન આવ્યું, બલ્કે દરેક વિશે કહેવામાં આવ્યું - اللهم نعم અર્થાત્ ''બરાબર, હે અમારા અલ્લાહ !''

તમે આશા કરશો કે આ જવાબો પછી તેમણે હૃદયના દરવાજા ઇસ્લામ માટે ખોલી દીધા હશે. કદાપિ નહીં, છેલ્લી વાત પર તેઓ કહેવા લાગ્યા, ''પરંતુ હે મુહમ્મદ (ﷺ) ! જિબ્રઈલ (عليه السلام) તો અમારા દુશ્મન છે. તેઓ એક ફરિશ્તા છે કે જયારે-જયારે આવે છે, તો મુસીબત અને ખુનામરકીનો સંદેશ લઈને આવે છે.''

આશય એ હતો કે તેઓ જ્યારે પણ અલ્લાહ તરફથી દીનની જવાબદારીની માંગણીનો સંદેશ લાવે છે, તો એક સંઘર્ષ અનિવાર્ય થઈ જાય છે. જાત-જાતના નુકસાન સહન કરવા પડે છે અને ઘણા ઘાં ખાવા પડે છે, બલ્કે નોબત જિહાદ (ધર્મ-યુદ્ધ) સુધી પહોંચી જાય છે. તેના સાથે અમારું બનતું નથી. "બસ, આ ફરિશ્તાની દુશ્મની વચ્ચે ન આવતી તો અમે તમારો અવશ્ય સાથ આપતા અને તમારું અનુસરણ કરતા." અર્થાત્ આમંત્રણ બરાબર, સંદેશ સાચો, ઇસ્લામી આંદોલન બરાબર, પરંતુ તેના પાછળ જે ફરિશ્તાને અલ્લાહે લાવીને મૂકી દીધો છે, તેનાથી અમારા સંબંધો સમાપ્ત થઈ ચૂક્યા છે, તેથી જ્યાં એ હશે ત્યાં અમે નથી આવી શકતા !

આનો જવાબ માનવતાના ઉપકારક ﷺ એ કુર્આનના શબ્દોમાં એવો આપ્યો કે બસ, સાંભળનારને હંમેશા યાદ રહી ગયો હશે. ફરમાવ્યું, "કહો (હે મુહમ્મદ ﷺ) ! જે કોઈ જિબ્રઈલ (عليه السلام)નો દુશ્મન હોય, તો (તે કાન ખોલીને સાંભળી લે કે) કુર્આન અલ્લાહ તઆલાએ તમારા હૃદય પર પોતાના ફરમાન અનુસાર અવતરિત કરેલ છે, જે તમારા પહેલાના આકાશી ગ્રંથોની પુષ્ટિ કરે છે અને ઈમાન લાવનારાઓ માટે (દુશ્મની અને મુસીબત અને ખુનામરકીનો સંદેશ નહીં, બલ્કે) માર્ગદર્શન અને ખુશખબરનું માધ્યમ છે." (૧)

એક અન્ય ચર્ચા ઊભી થઈ ગઈ. સરવરે આલમ ﷺ એ કોઈક પ્રસંગે હઝરત સુલૈમાન (عليه السلام) નો પયગંબરોના ક્રમના અનુસંધાનમાં ઉલ્લેખ કર્યો. આના પર યહૂદી જૂથોમાં ખૂબ ચર્ચા થઈ. દરેક બાજુ કહેવામાં આવ્યું કે, "મુહમ્મદ (ﷺ)ની અનોખી વાત સાંભળી ? કહે છે કે સુલૈમાન બિન દાઊદ પણ પયગંબર હતા ! ખુદાના સોગંદ ! તેઓ તો માત્ર એક જાદૂગર (નઊઝુબિલ્લાહ) હતા." તેથી કુર્આને આ વાહિયાત ચર્ચાનું ખંડન કર્યું કે જાદૂગીરી તો એક કુફ્રયુક્ત કૃત્ય છે અને હઝરત સુલૈમાન (عليه السلام) એ ક્યારેય આ કૃત્ય નથી આચર્યું. બેબિલોનના કૂવાના જે કિસ્સાઓ મશહૂર છે તે તો શૈતાનના કરિશ્માઓ હતા. (૨)

તોફાન ઊમટી પડ્યું

ઇસ્લામી આંદોલનના આરંભિક કાળમાં યહૂદીઓ એવા પાસાઓ જોઈ રહ્યા હતા, જેના કારણે તેમને એ આશા બંધાતી લાગી કે ધીરે-ધીરે આ ઐતિહાસિક શક્તિ આપણા કાબૂમાં આવી જશે. કુર્આનમાં બની ઇસરાઈલની વૈશ્વિક શ્રેષ્ઠતાનો ઉલ્લેખ હતો - إِنِّي فَضَّلْتُكُمْ عَلَى الْعَالَمِينَ ★ — તેમના પયગંબરોની પયગંબરીની પુષ્ટિ

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૬૭-૧૬૮.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૬૮-૧૬૯.
★ "મેં તમને દુનિયાની બધી કોમો પર શ્રેષ્ઠતા પ્રદાન કરી હતી." (સૂરઃ બકરહ, ૪૭)

હતી, તેમના પવિત્ર ગ્રંથની સચ્ચાઈની સાક્ષી હતી. તેમના સામે تَعَالَوْا إِلَىٰ كَلِمَةٍ سَوَاءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ★ના આત્માથી દીન (ધર્મ)ની મુખ્ય હકીકતને સ્પષ્ટ કરવામાં આવી રહી હતી. હુઝૂર સરવરે આલમ ﷺ મુશ્‌રિકોની રીત-રસમોની સામે યહૂદીઓની કેટલીક રીત-રસમોને પસંદ કરતા. જેમ કે – મુશ્‌રિકો વાળમાં પાંથી પાડતા હતા અને યહૂદીઓ નહોતા પાડતા. તેથી આપ ﷺ એ આ મામલામાં મુશ્‌રિકોનો વિરોધ કર્યો અને યહૂદીઓની રીતને પસંદ કરી. જે મામલાઓમાં કુર્આનમાં કોઈ આદેશ અલ્લાહ ત્‌આલા તરફથી આવતો ન હતો તેમાં નબી અકરમ ﷺ એહલે કિતાબ (ગ્રંથવાળાઓ)ની રીતને અપનાવતા.[1] મદીનાના યહૂદીઓ આશૂરાના દિવસનો રોઝો રાખતા હતા, આપ ﷺ એ પણ આ દિવસે રોઝો રાખ્યો અને મુસલમાનો માટે આશૂરાના દિવસનો રોઝો રાખવાનું પસંદ કર્યું. કોઈ યહૂદીનો જનાઝો પસાર થતો તો આપ ﷺ ઊભા થઈ જતા. સૌથી વધારે એ કે મુસલમાનો માટે નમાઝનો કિબ્લા બૈતુલ મુકદ્દસ હતો. આ એક ખુલ્લી નિશાની હતી કે ઇસ્લામી આંદોલન મુશ્‌રિકોની સરખામણીમાં એહલે કિતાબથી વધારે નજીક હતા. વાસ્તવિકતા એ હતી કે યહૂદી પંથનું માળખું તો આ ધર્મના સ્વાર્થી આલિમો (ધાર્મિક વિદ્વાનો) અને પીરો (મહંતો)એ સંપૂર્ણપણે વિકૃત કરી નાખ્યું હતું અને આ માળખું જીર્ણ-ક્ષીણ પણ થઈ ચૂક્યું હતું. પરંતુ હઝરત મૂસા عليه السلام જે દીન (ધર્મ)ને લાવ્યા હતા તે એ જ ઇસ્લામ હતો, જેને બધા જ પયગંબરોએ શરીઅત (ધાર્મિક આચાર-સંહિતા)ના થોડા તફાવત સાથે પ્રસ્તુત કર્યો હતો અને હવે તેને જ હઝરત મુહમ્મદ ﷺ દુનિયાની સામે મૂકી રહ્યા હતા, બલ્કે એક વ્યવસ્થાના સ્વરૂપે તેની સ્થાપના કરી રહ્યા હતા. આ જ સંબંધ હતો, જેના આધારે હુઝૂર ﷺ ને પણ આશા હતી કે યહૂદીઓ ઇસ્લામી સંઘર્ષને જેમ-જેમ સમજતા જશે, તેનું સ્વાગત કરશે અને આ કામને પોતાનું કામ સમજશે. તેમને ખુશી થશે કે અલ્લાહના નામનો ધ્વજ ઉચ્ચ થઈ રહ્યો છે અને પયગંબરોએ આપેલ નૈતિક સિદ્ધાંતો જીવન-વ્યવસ્થાનો આધાર બની રહ્યા છે અને તૌરાતની શરીઅત (ધર્મશાસ્ત્ર)ના મૂળભૂત મૂલ્યોના બુઝાઈ ગયેલ દીપકો નવેસરથી પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ જ આશાઓના વાતાવરણમાં કુર્આને પોતાનું આમંત્રણ આ પ્રમાણે પ્રસ્તુત કર્યું હતું કે મૂળ પ્રશ્ન જૂથવાદનો નહીં, સિદ્ધાંત અને આચરણનો છે. યહૂદીઓમાંથી, ખ્રિસ્તીઓમાંથી, સાબીઓમાંથી અને સ્વયં ઇસ્લામનું નામ લેનારાઓમાંથી જે કોઈ વાસ્તવમાં અલ્લાહ અને તેના કાનૂન તેમજ તેના પયગંબરોના આમંત્રણ અને બદલાના દિવસ પર ઈમાન લાવે અને પછી પોતાના જીવનને

★. "આવો એક એવી વાત તરફ જે તમારા અને અમારા વચ્ચે સમાન છે..." (સૂરઃ આલે ઈમરાન, ૬૪)

૧. બુખારી, કિતાબુલ લિબાસ.

સદ્‌કાર્યોવાળું બનાવીને બતાવી દે, તો બસ આ વસ્તુ છે જે અપેક્ષિત છે. મૂળ વસ્તુ નામ નથી, કામ છે. મતલબ થપ્પાઓ નથી, ખરો માલ છે. હેતુ નિસ્બતો નથી, ચરિત્ર છે. પ્રશ્ન કોઈ ટોળા અને જૂથના હિતનો નથી, માનવતાની સામૂહિક ભલાઈ અને કલ્યાણનો છે. પરંતુ ન યહૂદીઓ તરફથી ઇસ્લામી આંદોલનની આશા પૂરી થઈ, ન ઈસ્લામી આંદોલન તરફથી યહૂદીઓની ઇચ્છાઓ પૂરી થઈ.

અને, એકાએક ઈસ્લામી આંદોલને એક ક્રાંતિકારી વળાંક લીધો. આ વળાંક હતો તેહવીલે-કિબ્લાનો (કિબ્લાના પરિવર્તનનો) પ્રસંગ ! ઈસ્લામી આંદોલનની મૂળ પ્રકૃતિ દરેક યુગમાં એ રહી છે કે તે પોતાના વિશિષ્ટ અસ્તિત્વને સ્પષ્ટ રાખવા માગે છે, અને પોતાના લોકોના અંદર સૈદ્ધાંતિક અને આસ્થાના સ્વાભિમાનને જીવંત રાખવા માગે છે. મક્કામાં આ જ તકાદા અનુસાર બૈતુલ-મુકદ્દસને કિબ્લા બનાવવામાં આવ્યો હતો, જેથી ઈસ્લામી વિચારધારાના ધ્વજવાહક સમુદાયમાં પોતાની આગવી હેસિયતની ભાવના બળવત્તર બને. આમ, હિજરત સુધીના લાંબા સમયમાં મુસલમાનોએ મુશ્‌રિકોની તુલનામાં પોતાની જુદી હેસિયતને સંપૂર્ણપણે જાણી-અનુભવી લીધી, અને સ્વંયં મુશ્‌રિકોને પણ પ્રતીત થઈ ગયું કે તેઓ અને મુસલમાનો બે અલગ-અલગ દિશાઓમાં કામ કરનાર શક્તિઓ છે. આ જ સભાનતા અને ભાવનાની પરિપૂર્ણતા હતી, જેની અભિવ્યક્તિ لَكُمْ دِينُكُمْ وَلِيَ دِينِ *ના સંક્ષિપ્ત કુર્આની બોલમાં કરી દેવામાં આવી. વાત પૂરેપૂરી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે તમારો રસ્તો અલગ, અમારો માર્ગ જુદો. અમારા-તમારા વચ્ચે કોઈ મેળ નથી.


હવે મદીનામાં આવીને જે કંઈપણ આશંકા અને ગૂંચવાડો હતો તે એહલે-કિતાબથી હતો અને હવે એ વાતની જરૂર હતી કે ઈસ્લામી આંદોલનને એહલે-કિતાબની જડ ધાર્મિકતાથી અલગ રાખવામાં આવે અને મુસ્લિમ સમુદાયને યહૂદી સમુદાયમાં વૈચારિક રીતે ભળી જવાથી બચાવવામાં આવે. હવે મક્કા-કાળની એ જરૂરત સમાપ્ત થઈ ચૂકી હતી, જે અનુસાર બૈતુલ-મુકદ્દસને હંગામી રીતે કિબ્લા બનાવવામાં આવ્યો હતો. મુસલમાનોનો વૈચારિક સંબંધ કિબ્લએ-ઇબ્રાહીમીથી જ વધારે નજીક હતો, સ્વયં હુઝૂર ﷺ આ જ વંશના કુળદીપક હતા અને ઈસ્લામી આંદોલનના સૌપ્રથમ સમર્પિત વ્યક્તિ પણ બનૂ ઈસ્માઈલથી સંબંધિત હતા. વિશિષ્ટતા દેખાડવાના એ હંગામી પ્રબંધની હવે કોઈ આવશ્યકતા નહોતી. આ જ કારણ હતું કે હકીકતને પારખનાર હુઝૂર ﷺ નું દિલ પહેલાથી જ આ પરિવર્તનની પ્રતીક્ષામાં હતું અને આનો ઉલ્લેખ સ્વયં કુર્આનમાં છે કે قَدْ نَرَىٰ تَقَلُّبَ وَجْهِكَ فِي السَّمَاءِ **

★ "તમારા માટે તમારો દીન (ધર્મ) છે અને મારા માટે મારો દીન (ધર્મ)." (સૂરઃ કાફિરૂન, ૬)
★★ "હે નબી ! તમારું વારંવાર આકાશ તરફ મુખ કરવું અમે જોઈ રહ્યા છીએ." (સૂરઃ બકરહ, ૧૪૪)

કિબ્લા-પરિવર્તનનું ફરમાન લાગુ કરીને હકીકતમાં જીવનના રાજ્યના વાસ્તવિક સર્વસત્તાધીશે જગતના નેતૃત્વના હોદ્દા પરથી બની ઈસરાઈલને હટાવી દીધા અને તેમની જગ્યાએ 'મિલ્લતે ઈસ્લામિયા' (ઈસ્લામી સમુદાય)ને નિયુક્ત કરી દીધી. ભલાઈ અને કલ્યાણના આમંત્રણનું વૈશ્વિક કેન્દ્ર પહેલા બૈતુલ-મુકદ્દસમાં ચાલી રહ્યું હતું, તે હવે હરમે-કાબા તરફ ફેરવી દેવામાં આવ્યું. મુસલમાનોને 'ઉમ્મતે વસ્ત' (મધ્યમમાર્ગી સર્વશ્રેષ્ઠ સમુદાય), અર્થાત્ વૈશ્વિક આમંત્રણનો કેન્દ્રીય સમુદાય ઠેરવવામાં આવ્યો, જેના પર 'શહાદતે અલન્નાસ' (માનવ-જાતની સામે ઈસ્લામની સાક્ષી આપવાની) જવાબદારી મૂકવામાં આવી, અને સમસ્ત માનવ-જાતના માર્ગદર્શનનું કર્તવ્ય સુપ્રત કરવામાં આવ્યું.

સોળ મહિના સુધી મદીનામાં બૈતુલ-મુકદ્દસ તરફ રૂખ કરીને નમાઝ પઢવામાં આવતી રહી. રજ્જબ કે શા'બાન, હિજરી-૨ ની ઘટના છે કે ઈબ્ને સઅદની રિવાયત અનુસાર સરવરે આલમ ﷺ બશર બિન બર્રા બિન મા'રૂરના ત્યાં જમવા માટે ગયા હતા. ત્યાં ઝુહ્રનો સમય થઈ ગયો અને આપ ﷺ લોકોને નમાઝ પઢાવવા માટે ઊભા થયા. બે રકા'ત પઢાવી ચૂક્યા હતા કે ત્રીજી રકા'તમાં એકાએક વહી દ્વારા આ આયત અવતરિત થઈ કે فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ. કહેવામાં આવ્યું કે લો, અમે તમને એ જ કિબ્લા તરફ ફેરવી દઈએ છીએ, જેને તમે પસંદ કરો છો, તો (હવે) મસ્જિદે-હરામ તરફ રૂખ ફેરવી દો. હવે જ્યાં પણ તમે હોવ, આના જ તરફ ચહેરો કરીને નમાઝ પઢવાનું રાખો.

આ આદેશના સાંભળતાં જ અલ્લાહનો સૌથી વધારે આજ્ઞાપાલક બંદો નમાઝની સ્થિતિમાં જ રૂખ બદલી નાખે છે અને તેના સાથે-સાથે તેનું અનુસરણ કરનારા તમામ નમાઝીઓ નવા કિબ્લા તરફ ફરી જાય છે. બૈતુલ-મુકદ્દસ મદીનાથી સીધા ઉત્તરમાં છે અને મક્કા દક્ષિણમાં. નમાઝની સ્થિતિમાં કિબ્લાના પરિવર્તનનો અર્થ એ થયો કે ઈમામ (વડા)ને મુક્તદીઓ (અનુપાલન કરનારા)ની સામેથી સીધા પાછળની તરફ આવવું પડ્યું હશે અને નમાઝીઓની સફ (પંક્તિ)ને તદ્દન ઊલટા



પગે ફરવું પડ્યું હશે. આના પછી મદીના અને આસપાસની વસ્તીઓમાં સાર્વજનિક ઘોષણા કરાવી દેવામાં આવી. બર્રા બિન આઝેબ કહે છે કે એક જગ્યાએ ઘોષણા એ સ્થિતિમાં પહોંચી કે લોકો રુકૂઅમાં હતા અને તેઓ એલાન સાંભળતાં એ જ સ્થિતિમાં કાબા તરફ ફરી ગયા. હઝરત અનસ ﷺ બિન માલિકની રિવાયત છે કે બની સલમાના ત્યાં આ માહિતી બીજા દિવસે સવારની નમાઝ દરમ્યાન પહોંચી, લોકો એક રકા'ત પઢીને બીજી રકા'તમાં હતા કે ઘોષણાની પોકાર સાંભળી અને તે સાંભળતાં જ આખી જમાઅતે પોતાનું રૂખ બદલી નાખ્યું.(૧)

આ પરિવર્તન પર જે હોબાળો થવાનો હતો તેના વિશે કુર્આને મુસલમાનોને પહેલાથી સચેત કરી દીધા - سَيَقُولُ السُّفَهَاءُ مِنَ النَّاسِ مَا وَلَّاهُمْ عَن قِبْلَتِهِمُ الَّتِي كَانُوا عَلَيْهَا અર્થાત્ મૂર્ખ અને હકીકતથી અજાણ લોકો વાદ-વિવાદનું તોફાન મચાવી દેશે કે આ લોકોએ કયા કારણસર કિબ્લએ-અવ્વલ બદલી નાખ્યો છે. જાત-જાતની ગુસપુસ થશે. ચિત્ર-વિચિત્ર વૈચારિક પ્રતિક્રિયા આવશે તેમજ સંબંધો અને સંપર્કો પર અવળો પ્રભાવ પડશે. દુષ્પ્રચારની આવનારી આંધીમાં દૃઢ વલણ લઈને ઊભા રહેવા માટે કુર્આને મુસલમાનોને કિબ્લા-પરિવર્તનનો ઉદ્દેશ્ય અગાઉથી સમજાવી દીધો. તેમને બતાવ્યું કે પહેલા બૈતુલ-મુકદ્દસને કિબ્લા બનાવવાનો હેતુ એ હતો કે આરબવાદની મૂર્તિને તોડી નાખવામાં આવે, કેમ કે આરબો પોતાના કોમી વર્તુળમાંથી બહાર કોઈ વસ્તુના મહત્ત્વને માનવા તૈયાર ન હતા. હવે બૈતુલ-મુકદ્દસથી કાબા તરફ રૂખ ફેરવી દેવાનો ઉદ્દેશ્ય એ છે કે ઇસરાઈલિયતની મૂર્તિ પણ તૂટી જાય. એક કામ પહેલાં થઈ ચૂક્યું હતું, બીજું કામ હવે કરી દેવામાં આવ્યું. અરબિયતના પૂજારીઓ અગાઉ છંટાઈ ચૂક્યા હતા, અને ઇસરાઈલિયતના પૂજારીઓ હવે છંટાઈ જશે. આ રીતે નિફાક (દંભ)ની ગંદકીથી ઇસ્લામી સમુદાય પવિત્ર થઈ શકશે. હવે આ વર્તુળમાં એ જ લોકો રહેશે, જેમની નજરમાં વાસ્તવિક આદર અલ્લાહના ફરમાન અને તેના રસૂલ ﷺ ની સુન્નતનો છે. આ વળાંક, જેનાથી ઇસ્લામી આંદોલન પસાર થઈ રહ્યું છે, રસૂલ ﷺ ના પાલવને સંપૂર્ણ વિશ્વાસથી પકડીને ચાલનારાઓને એ તમામ સિદ્ધાંતવિહોણા લોકોથી છાંટીને અલગ કરશે, જેઓ એ હકીકત પર ઈમાન રાખતા હોય કે પૂર્વ અને પશ્ચિમ બધું અલ્લાહનું છે અને વાસ્તવિક અનુપાલનનું કેન્દ્ર એ જ અલ્લાહ છે. વધુમાં જે આ મુદ્દાના રહસ્યને જાણે છે કે નેકી કે ભલાઈ પૂર્વ કે પશ્ચિમ તરફ ચહેરો કરી લેવાનું નામ નથી, બલ્કે શરીઅતના આ બાહ્ય સ્વરૂપોના અંદર કામ કરનાર જે આત્માનું નામ નેકી કે ભલાઈ છે તે અલ્લાહ પર, આખિરતના દિવસ પર, ફરિશ્તાઓ પર, અલ્લાહના ગ્રંથો પર અને તેના પયગંબરો પર ઈમાન

૧. તફહીમુલ કુર્આન, ભા-૧, પૃ. ૧૧૯-૧૨૧.

રાખવું અને તેના માર્ગમાં ખર્ચ કરવું છે. તેથી તમારે કિબ્લાના બાહ્ય પ્રતીકને સ્થાપિત કરવામાં જે વસ્તુની કાળજી રાખવી જોઈએ તે છે – استبقوا الخيرت અર્થાત્ નેકીઓ તરફ દોડો અને ભલાઈઓ તરફ વળો. તમારે અલ્લાહના મોટામાં મોટા પરિવર્તન કરનારા અને ક્રાંતિકારી આદેશના પાલનમાં કોઇ વિરોધી શક્તિથી ન ડરવું જોઈએ. માત્ર અલ્લાહથી જ ડરો. આનો મતલબ એ છે કે فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِي.★

કુર્આને સૃષ્ટિના સર્વસત્તાધીશના ફરમાંનને સંભળાવતા જ કહી દીધું હશે કે આ ઘટના ઈમાન અને વિશ્વાસ રાખનારાઓ સિવાય અન્ય સૌ પર અસહ્ય નીવડશે. આ ઘટના પર જ્યારે હોબાળો થયો હશે તો ગભરાટ છવાઈ જશે અને શેરીએ-શેરીએ એવી વિકૃત ચર્ચાઓ શરૂ થશે કે કાચાપોચા લોકોનાં માથા ચકરાઈ જશે અને ભાવનાઓમાં હલચલ મચી જશે. હવે સાંભળો કે વાદ-વિવાદ કેવા-કેવા થયા હશે.

મુશ્રિકોએ કહ્યું કે લો, હવે કંઈક તો ભાન થયું. અમારો કિબ્લા અપનાવી લીધો છે, તો ધીરે-ધીરે આ લોકો અમારા ધર્મ તરફ પણ પોતે જ પાછા વળશે.

યહૂદીઓએ કહ્યું કે ઇસ્લામના આવાહકે અમારા વિરોધના જોશમાં પયગંબરોના કિબ્લાને છોડી દીધો, જ્યારે કે જો આ નબી હોત તો ક્યારેય પણ આ કિબ્લાને ન છોડતો.

નિફાક (દંભ)ના રોગીઓ કહેતા હતા કે કંઈ સમજમાં આવતું નથી કે મુહમ્મદ (ﷺ)નો સાચો કિબ્લા કઈ બાજુ છે ! જો પહેલો કિબ્લા સાચો હતો તો હવે તેને છોડી દીધો, અને જો હવે આ બીજો કિબ્લા ખરો છે તો પહેલા જે કંઈ હતું તે ખોટું હતું, આ તો કિબ્લા શું થયો, એક રમત થઈ ગઈ ! જે બાજુ મન કર્યું એ બાજુ રૂખ કરી લીધું. આ તો આખો ધર્મ જ બસ મરજીનો ખેલ છે.

અને, જે લોકો ઈમાન અને વિશ્વાસની ભાવનાથી સંપન્ન હતા તેમણે કહ્યું કે અમે આદેશ સાંભળ્યો અને તેનું અનુપાલન કર્યું અને અમે તેના પર ઈમાન લાવ્યા. આ બધું અમારા પાલનહાર તરફથી છે.[૧]

આ જ ઈમાનવાળાઓ બિચારા દુષ્પ્રચારની આંધીમાં અટવાઈ ગયા અને ચારે તરફથી પ્રશ્નો, ચર્ચાઓ અને મહેણા-ટોણા અને મજાકના તીરોનો વરસાદ શરૂ થઈ ગયો. દરેક સભામાં ગરમા-ગરમ વાતો હતી, શેરીએ-શેરીએ ઊહાપોહ હતો, પળ-પળ ભાવનાત્મક ઉત્તેજનાઓ પેદા થતી હતી. ક્રાંતિકારી આંદોલનોમાં દરેક મોટા પરિવર્તન અને પ્રત્યેક મોટા વળાંક પર અને લોકોના વિચારોની પ્રતિમાઓને

★ "તેમનાથી તમે ન ડરો, બલ્કે મારાથી ડરો..." (સૂરઃ બકરહ, ૧૫૦)

૧. ઝાદુલ મિઆદ, ભા-૨, પૃ. ૫૭-૫૮.

તોડવાવાળા દરેક પગલા પર આ પ્રકારના તોફાની ઉત્પાત સામે આવે છે અને આવી પરિસ્થિતિમાં તેમના કાર્યકરો ગભરાટ અને પરેશાનીમાં સપડાઈને ક્યારેક ઉશ્કેરાટની હદ સુધી પહોંચી જાય છે.

આ આશંકાને સામે રાખીને શીખ આપ દેવામાં આવી કે આ વમળોમાંથી નીકળવા ધૈર્ય અને નમાઝની મજબૂત હોડીઓ જ ઉપયોગી બની શકે છે. વિરોધી દુષ્પ્રચાર કરનારાઓ વિશે બતાવવામાં આવ્યું કે તેમનો ઉદ્દેશ્ય સત્યની શોધ કદાપિ નથી અને આ લોકો દલીલોથી માનવા બિલકુલ તૈયાર નથી, તેમના પ્રશ્નોનો આશય માત્ર પરેશાન કરવાનો છે, આ લોકો ત્યાં સુધી રાજી નથી થઈ શકતા, જ્યાં સુધી તમે લોકો પોતાના સિદ્ધાંતો અને વ્યવસ્થા છોડીને તેમના ચેલા ન બની જાઓ.

ધૃષ્ટતાભરી ટીકાઓના જવાબમાં અંતિમ પ્રમાણરૂપે ઇસ્લામી આંદોલન તરફથી ગંભીર અને નિર્ધારિત રીતે જોરદાર દલીલ કરવામાં આવી અને સામાન્ય લોકો સામે કાબાના મહિમાને સૂરઃ આલે ઇમરાનના એક સંબોધનમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યો. ઇરશાદ થયો –

> "નિઃશંક, સૌપ્રથમ ઉપાસના-ગૃહ, જે મનુષ્યો માટે નિર્માણ કરવામાં આવ્યું, તે એ જ છે જે મક્કામાં આવેલ છે. તેને ભલાઈ અને નિરંતર સમૃદ્ધિ પ્રદાન કરવામાં આવી હતી અને જગત-નિવાસીઓ માટે માર્ગદર્શનનું કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું. તેમાં સ્પષ્ટ નિશાનીઓ છે, ઇબ્રાહીમ (ﷺ)નું ઇબાદતનું સ્થાન છે અને તેની શાન એ છે કે જે તેમાં દાખલ થયો, સુરક્ષિત થઈ ગયો. લોકો પર અલ્લાહનો એ હક્ક છે કે, જે આ ઘર સુધી પહોંચવાનું સામર્થ્ય ધરાવતો હોય તે આની હજ્જ કરે અને જે કોઈ તેના આદેશના પાલનનો ઇન્કાર કરે, તો તેને જાણ થઈ જવી જોઈએ કે અલ્લાહ સમસ્ત જગત-નિવાસીઓથી નિરપેક્ષ છે."
>
> (સૂરઃ આલે ઇમરાન, ૯૦-૯૬)

બૈતુલ-મુકદ્દસ વિશે એ હકીકત સ્વયં બાઇબલથી સાબિત હતી કે તેને હઝરત મૂસા ﷺ ના સાડા ચાર સદીઓ પછી હઝરત સુલૈમાન ﷺ એ બંધાવેલ હતું, અને સુલૈમાન ﷺ ના શાસનકાળમાં જ તેને ખુદાપરસ્તોનો કિબ્લા નિર્ધારિત કરવામાં આવેલ હતો. તેનાથી વિપરીત ઐતિહાસિક અને ધાર્મિક બંને પ્રકારની સર્વસંમત અને નિરંતર ચાલી આવતી નોંધોથી એ સાબિત હતું કે કાબાને હઝરત ઇબ્રાહીમ ﷺ એ નિર્માણ કર્યું હતું અને હઝરત ઇબ્રાહીમ ﷺ, હઝરત મૂસા ﷺ થી આઠ

સદીઓ પહેલા થઈ ગયા હતા. કાબાની સામયિક અગ્રતાની સાથે-સાથે એ બતાવવામાં આવ્યું કે તેના પવિત્રતમ માહોલમાં ખૂબ મહત્ત્વની નિશાનીઓ છે. તેમાં દીન (ધર્મ)ની મહામૂલી પરંપરાઓ ઝળહળી રહી છે. નેકીના ધ્વજવાહકોનો એક ઇતિહાસ તેના પથ્થરો અને ઈંટો પર અંકિત છે. ઉપરાંત, તેમાં હઝરત ઇબ્રાહીમ ﷺ નું ઉપાસના-સ્થળ આવેલું છે, જેના સ્રોતથી આજે પણ તૌહીદ (એકેશ્વરવાદ)ની તરસ સંતોષાઈ શકે છે. વધુમાં આ ઉપાસના-કેન્દ્રનું અલ્લાહના ત્યાં સ્વીકૃત હોવું એ દેખીતી નિશાનીથી ચોખ્ખું જણાય છે કે નિર્જન-વેરાન રણમાં નિર્મિત આ ઇમારતની આસપાસ એક માનવ-વસ્તી આબાદ થઈ ગઈ છે, અને આના તરફ લાંબા-લાંબા અંતર કાપીને લોકો ખેંચાઈને ચાલ્યા આવે છે. ઉપરાંત, તેના ઉચ્ચ દરજ્જાની સ્પષ્ટ દલીલ એ છે કે ઉજ્જડ ખીણમાં વસનારાઓની પાસે દરેક પ્રકારની આજીવિકા સ્વયં પહોંચી રહી છે અને સૌથી વધારે એ કે આરબ પ્રદેશના લડાયક ગ્રામ્ય સમાજના તોફાની સમુદ્રમાં આ ઘર ચાર હજાર વર્ષથી એક શાંતિનું દ્વીપકલ્પ બનીને ઊભું છે. જે કોઈ આના પ્રતિષ્ઠિત પરિઘમાં દાખલ થઈ જાય છે તેના પ્રાણ, તેનો માલસામાન અને ઇજ્જત-આબરૂને સુરક્ષા મળી જાય છે. એક-બીજાના લોહીના તરસ્યા તેની છત્રછાયામાં આવીને તલવારો મ્યાનમાં કરી લે છે, અને ભાવનાઓની લગામ કસી લે છે. હત્યારાઓ અને ડાકૂઓ તેના માહોલમાં શ્વાસ લેતાં જ શાંતિપ્રિય નાગરિકો બની જાય છે. તેથી આ ઘરનો અધિકાર હતો કે તે હઝરત ઇબ્રાહીમ ﷺ ના સંદેશનો ધ્વજ ઉચ્ચ કરનારા આંદોલનનું આધ્યાત્મિક કેન્દ્ર ઠરે. આમાં દીન (ધર્મ) કે બુદ્ધિ વિરુદ્ધ છેવટે એવી કઈ વાત છે કે તેના પર શેરી-શેરીએ ગુસપુસ કરવામાં આવી રહી છે !

આ દલીલનું જો કોઈ સુખદ પરિણામ આવ્યું, તો તે કેવળ સામાન્ય લોકો માટે હતું. રહ્યા યહૂદીઓ, તો તેમણે તો કિબ્લાના પરિવર્તનની ઘટનાને મુસલમાનો તરફથી એક નિર્ણાયક વિરોધી પગલું ઠેરવ્યું, જેના કારણે તેમની એ તમામ આશાઓ સમાપ્ત થઈ ગઈ જે તેઓ મુસલમાનો વિશે હૃદયોમાં બાંધીને બેસ્યા હતા. તેમને ખબર પડી ગઈ કે આ શક્તિ આસાન શિકાર નથી. બીજી બાજુ મુસલમાનો પર પણ યહૂદીઓની માનસિકતાના એ તમામ છૂપા પાસાઓ ખુલી ગયા, જેના હોવાના કારણે એ શુભ-ભાવના યથાવત રહી શકતી ન હતી, જેના સાથે સંબંધોની શરૂઆત કરવામાં આવી હતી. તેમને પ્રતીત થઈ ગયું કે મદીનામાં પણ આંદોલનને બસ પોતાના જ બળે ચાલવું પડશે તેમજ ધર્મ અને ઈશનિષ્ઠાના ધંધાદારી ઇજારેદારોથી કોઈ સહયોગ અને હિમાયતની આશાઓ રાખવી નિરર્થક છે; બલ્કે ઊલટું એ જોખમ ધીમે-ધીમે લાગવા માંડ્યું કે યહૂદીઓ મક્કાના કાફિરો અને મુશ્રિકોથી વધારે ઘૃણિત

ભાવનાઓ સાથે સત્યના આંદોલનના માર્ગમાં અવરોધો ઊભા કરશે. તેમ છતાં હુઝૂર ﷺ અને આપના આંદોલનના સાથીઓનો વ્યવહાર એક આવાહકને શોભે એવા ગુણોવાળો હતો, અને યહૂદીઓ અને અન્ય વિરોધીઓ સાથે કોઈ મામલો 'જેવા સાથે તેવા'ની જેમ કરવામાં ન આવ્યો. મુસલમાનો વિકૃત ચર્ચાઓ, મહેણાં-ટોણાં તેમજ ઉપહાસ અને બાલિશતાઓની અવગણના કરતા. વાત કરવી પડતી તો સભ્યતાથી અને યોગ્ય રીતે, દલીલ પર સંતોષ માનતા અને અત્યાચારો પર ઉદાર વલણ દાખવીને ધૈર્ય કરતા.

છેવટે હવે હૃદયોમાં ધરબાયેલ તોફાન બંધ તોડીને ઊમટી આવ્યું.

અશિષ્ટતાઓ અને ઉદ્ધતાઈઓ

જે લોકો પોતે કોઈ રચનાત્મક ઉદ્દેશ્ય અને લક્ષ્ય નથી રાખતા, તેઓ કોઈ રચનાત્મક કાર્યને માત્ર એટલા માટે નથી થવા દેવા માગતા કે તેના કારણે તેમનું બોદાપણું અને દંભ આખી દુનિયાની સામે જાહેર થવા લાગે છે. આ જ પરિસ્થિતિ યહૂદીઓની હતી. તેઓ વર્ષોથી મદીનાના માહોલ પર છવાયેલા હતા, પરંતુ ક્યારેય તેઓ એટલા કાબેલ ન થયા કે પતનગ્રસ્ત માનવતાને ઉચ્ચ નીતિમત્તા પર લઈ જઈ શકે, લોકોના હૃદયો અને વિચારોનું સંવર્ધન કરી શકે અને તેમના આચરણની સુધારણા કરી શકે, તેમને શાંતિ અને સલામતીની કોઈ વ્યવસ્થા આપી શકે. તેઓ પતનગ્રસ્ત માનવતાને તો શું સહારો આપતા, સ્વયં પોતાને સંભાળવા કાબેલ નહોતા. દુનિયાનો દરેક રોગ તેમની નસેનસમાં પ્રવેશ કરી ચૂક્યો હતો અને તેઓ પોતાના કોઈ રોગનો ઇલાજ કરવાની સૂઝબૂજ નહોતા રાખતા. હવે જ્યારે તેમની આંખોની સામે એક નવી શક્તિ ઊભરી અને તેણે લોકોના મનો-મસ્તિષ્કમાં જીવંત સિદ્ધાંતો અને આસ્થાઓના દીપકો જલાવવાના શરૂ કર્યા, તેમના ચરિત્રોના ખંડેરોને સાફ કરીને નવનિર્માણનો આરંભ કર્યો, એક પવિત્ર લક્ષ્યના બીબામાં ઢાળીને વ્યક્તિઓ તૈયાર કરવા અને આ વ્યક્તિઓના બળે એક શાંતિ અને ન્યાયની વ્યવસ્થાનો પાયો નાખવાનું અભિયાન શરૂ કરી દીધું, તો યહૂદીઓ છંછેડાઈ ગયા, અને આ રચનાત્મક આંદોલનને નિષ્ફળ બનાવવાની પ્રત્યેક નીચમાં નીચ યુક્તિઓ અપનાવી. આ પ્રકારની નકારાત્મક અને ખંડનાત્મક શક્તિઓ જ્યારે કોઈના વિરોધ માટે કમર કસે છે, તો સૌજન્યશીલતા, યોગ્યતા અને સભ્યતાને અભરાઈએ ચઢાવી દે છે. અત્યંત અધમતાની સાથે અશિષ્ટતા આચરવી તેમની ગૌરવયુક્ત પવિત્રતા માટે સહ્ય બની જાય છે. એ રીતે અશિષ્ટતાઓનો મોરચો પણ ખોલી દેવામાં આવ્યો.

આ પયગંબરોના ઉત્તરાધિકારીઓ અને અલ્લાહના ગ્રંથોના ધ્વજવાહકો તેમજ

બોધવચનો અને ધર્માદેશોના પીઠાધીશોએ ઈર્ષ્યા અને વૈમનસ્યના મદિરાલયથી જામ પર જામ ચઢાવીને જે કૃત્યોનું પ્રદર્શન કર્યું, તેમાંથી બે-ત્રણ ઉદાહરણો યાદગાર રહેશે. ધર્મ અને ઈશભક્તિના આ ઈજારેદારો જ્યારે હુઝૂર સરવરે આલમ ﷺ થી મળતા તો ' અસ્સલામુ અલૈક' કહેવાને બદલે જીભને જરા ફેરવીને 'અસ્સલામ'થી 'લામ' અક્ષરને ગાયબ કરી દેતા - 'અસ્સામ અલૈક' કહેતા. આ વાક્યનો અર્થ એ હતો કે 'હે શ્રોતા ! તને મોત આવે.' આ વર્તન કરવામાં આવી રહ્યું હતું એ મહાન-પ્રતિષ્ઠિત હસ્તી સાથે જે ઈબ્રાહીમ عليه السلام, મૂસા عليه السلام, યાકૂબ عليه السلام, યૂસુફ عليه السلام, ઈસ્હાક عليه السلام અને ઈસ્માઈલ عليه السلام એ જ પ્રસ્તુત કરેલ એ સંદેશને પુનર્જીવિત કરવા માટે સક્રિય હતી, જે તૌરાતના મૂળ આત્માના નવસર્જનમાં વ્યસ્ત હતી, જે અલ્લાહની શરીઅત અને આકાશી કાનૂનના પુનરુત્થાન માટે સંઘર્ષરત હતી; બલ્કે કહેવું તો એ જોઈએ કે જે વાસ્તવમાં યહૂદીઓએ ભુલાવી દીધેલ કર્તવ્યને અદા કરી રહી હતી અને તેમણે છોડી દીધેલ કામ કરી રહી હતી. એક વાર મદીનાના આ પવિત્રાચારીઓ પયગંબરે-હક્ક ﷺ પાસે આવ્યા, તો ગુંડાઓ અને અધમોના આ જ વાક્યનો ઉપયોગ કર્યો. આ અશિષ્ટતા પર હઝરત આઈશા رضي الله عنها એ પરદાની પાછળથી કઠોર પ્રતિક્રિયા આપી. તેઓ ગુસ્સામાં જવાબ આપ્યા વગર ન રહી શક્યા અને કહી ઉઠ્યા કે દુર્ભાગીઓ ! તમારા પર મોત આવે. સરવરે આલમ ﷺ ના કાનમાં આ અવાજ આવ્યો. આપ ﷺ એ ઉમ્મુલ મુ'મિનીનને સમજાવ્યા, ''આઈશા ! નમ્રતાથી કામ લો.'' હઝરત આઈશા رضي الله عنها એ અરજ કરી, ''આપ ﷺ એ કંઈ સાંભળ્યું, તેમણે શું કહ્યું હતું ?'' ફરમાવ્યું, ''સાંભળ્યું તો હતું. પણ મેં પણ 'વ-અલૈક' કહી દીધું, આટલું પૂરતું છે.''

અશિષ્ટતાના શરમજનક ઉદાહરણો, જેનો રેકર્ડ કુર્આને હંમેશ માટે સુરક્ષિત કરી લીધો, જુઓ :–

એક એ કે અલ્લાહના રસૂલની સભામાં આ ધર્મના ઈજારેદારો જઈને બેસતા અને વાતચીત દરમ્યાન જ્યારે ક્યાંક એ કહેવાની જરૂર ઊભી થતી કે જરા થોભો, અમને વાત સમજવા દો, તો આ પ્રસંગે એક દ્વિઅર્થી શબ્દનો ઉપયોગ કરતા, કહેતા - رَاعِنَا. આ શબ્દનો દેખીતો અર્થ એ જ હતો કે અમારો ખ્યાલ રાખો, અમારી વાત સાંભળી લો, અમારા તરફ થોડુંક ધ્યાન આપો; પરંતુ બીજી તરફ ઈબ્રાની (હિબ્રુ) ભાષામાં આનો સમાનાર્થી શબ્દ એ અર્થમાં પ્રયુક્ત થતો હતો કે 'સાંભળ, તું બહેરો થઈ જાય.' તદુપરાંત, અરબી ભાષામાં એક જેવા ધાતુમાંથી નીકળેલા સમાનાર્થી શબ્દો એવા હતા, જેમાંથી વિકૃત અર્થ નીકળતો હતો, જેમ કે رَعُنَ-رَعَنَ થી એક શબ્દ હતો اَرْعَنُ, જેનો અર્થ હતો 'سفیہ الناس' (મનુષ્યોમાં

અધમ કે નીચ). આને رَاعِنَا નું સ્વરૂપ આપવું કંઈ મુશ્કેલ ન હતું. એ જ પ્રમાણે رَعَن و رَعْن وَ رَعُن માં અજ્ઞાની અને બુદ્ધિહીન હોવાનાં અર્થ સમાયેલા હતા. જરા જીભને વધારે હલાવીને તેને رَاعِيْنَا પણ બનાવી શકાતો હતો અને આ સ્વરૂપે અર્થ થતો 'હે અમારા ભરવાડ !', 'હે અમારા ગોવાળ !'. આ વિભિન્ન રીતો હતી, જેનો લાંબા ઝભ્ભા અને પાઘડીમાં સજ્જ થઈને, ભોળો ચહેરો બનાવી-બનાવીને યહૂદી આગેવાનો ઉપયોગ કરતા હતા. સામાન્ય લોકો બિચારા શબ્દકોષ, ભાષા અને સાહિત્યના એટલા જાણકાર કેવી રીતે હોઈ શકતા હતા. આ મહાન મોભાદાર ધાર્મિક વિદ્વાનો હતા, જેઓ ઘરથી ખૂબ તૈયારી કરી-કરીને આવતા કે આજે શું-શું ઉદ્ધતાઈઓ આચરવી જોઈએ. આ હસ્તીઓમાંથી ઓછામાં ઓછો એક, અર્થાત્ રફાઆ બિન ઝૈદ વિશે તો સ્પષ્ટ નોંધ સુરક્ષિત છે કે 'નીતિમત્તા અને શિષ્ટતા'નું આ શાનદાર ઉદાહરણ સ્થાપિત કરવાંમાં આ યહૂદી આલિમે પણ ભાગ લીધો હતો. અર્થાત્ બાહ્ય રીતે જોઈએ તો ખૂબ સૌજન્યશીલતા હતી, પરંતુ હૃદયોના ઊંડાણમાં ઊતરો તો અંદર ગુંડાઓ જેવી માનસિકતા કામ કરી રહી હતી. પરસ્પર જાણતા હતા કે આપણે સમયની વિશિષ્ટ અને પ્રતિષ્ઠિત વ્યક્તિની મજાક ઉડાવી રહ્યા છીએ. પરંતુ જો કોઈ ટોકી દેતું, તો 'ઇરશાદ' ફરમાવતા કે વાહ, અમને તમે અસભ્ય સમજ્યા છે ? અમે તો શિષ્ટાચાર અને સન્માનની સાથે અરજ કરી રહ્યા છીએ કે જરા, અમને સમજવા-સમજાવવાનો અવસર આપો.

બીજું એ કે વાતચીત દરમ્યાન માનવતાના ઉપકારક ﷺ ને વારંવાર આ પયગંબરો અને રસૂલોના ઉત્તરાધિકારીઓ આ રીતે સંબોધન કરતા - اِسْمَعْ غَيْرَ مُسْمَعٍ. આનો બાહ્ય અર્થ એ હતો કે જરા સાંભળો, તમારો આદર આમાં આડે આવે છે કે આપ ﷺ ને કોઈ વાત આપની મરજી અને અનુમતિ વગર સંભળાવી શકાય. પરંતુ તેમની ધૃષ્ટતાપૂર્ણ માનસિકતા તેનાથી એક અન્ય અર્થ સમજતી. તે એ કે તમે એ લાયક નથી કે તમને કોઈ વાત સંભળાવી કે સમજાવી શકાય અને એ કે ખુદા કરે, તમે બહેરા થઈ જાઓ, સાંભળવાને યોગ્ય જ ન રહો.

આવું વિકૃત માનસ અને ચરિત્ર હતું, જે હઝરત મુહમ્મદ ﷺ નો સામનો કરવા માટે ઊભું થયું હતું.

ત્રીજું એ કે ઈમાનવાળાઓ હુઝૂર ﷺ ની સભામાં બેસીને જ્યારે કોઈ આદેશ સાંભળતા અને સમજી લેતા, તો અલ્લાહના માર્ગદર્શન અનુસાર નિષ્ઠાપૂર્વક પોકારી ઉઠતા - سمعنا و اطعنا. અમે આદેશ સાંભળ્યો અને અમે તેનું અનુપાલન અપનાવી લીધું. પરંતુ તૌરાતને માનનારાઓ આવા પ્રસંગે ખૂબ નાટકીય રીત અપનાવતા.

પહેલા જોરથી પોકારતા - سمعنا. જી હા, અમે સાંભળી લીધું છે. પછી જરા ધીમા અવાજે જીભને હલાવીને أطعنا ના બદલે કહેતા عصينا - અમે તમારી વાતને રદ કરી દીધી, અવજ્ઞાનો ઇરાદો કરી લીધો છે. અહીં પણ એ જ મુશ્કેલી કે કોઈ પકડ કરતું તો ભવાં ચઢાવીને કહેતા, તમે અમને લોકોને એટલા નાસમજ સમજી લીધા છે, વિરોધના જોશમાં આવીને અમારા પર આવા નીચ કૃત્યનો આરોપ લગાવો છો, તમારામાં પોતાના બહારના આલિમ અને વડીલોનો આદર બાકી રહ્યો નથી, પોતાના સિવાય કોઈને તમે સભ્ય અને સમજદાર માનવા તૈયાર જ નથી !

વિચાર કરો કે છેવટે આ પ્રકારની નીચ હરકતોથી માનવતાના ઉપકારક ﷺ ના સંદેશમાં શું કોઈ વિકૃતિ આવી શકતી હતી ? શું આ વાતચીત કરવાની બજારૂ રીતની અસરથી સચ્ચાઈ અને ન્યાયના ઇસ્લામી આંદોલનની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠા સમાપ્ત થઈ શકતી હતી ? શું આ ઉદ્ધતાઈના જોરથી ઇસ્લામી સમુદાયનું અસ્તિત્વ નષ્ટ થઈ શકતું હતું ? ગાળો આપવા અને ભવાં ચઢાવવાથી કોઈ રચનાત્મક શક્તિનો વાળ પણ વાંકો કરી શકાતો નથી. અલબત્ત, આમાં બધી મજા માત્ર એટલી હોય છે કે પ્રતિપક્ષની જડ, નકારાત્મક અને ખંડનાત્મક શક્તિના મનનો ઉભરો ઠલવાઈ જાય છે. આ વડીલો, જ્યારે નબી અકરમ ﷺ ની સભામાં આ પ્રકારના 'મહાન કૃત્યો' કરીને વિદાય લેતા હશે, તો પોતાની સભાઓમાં જઈને ગર્વ કરતા હશે કે આજે તો ભઈ અમે શબ્દોની ઊલટફેરથી કેવા-કેવા અર્થ કાઢ્યા અને આરોપિત કર્યા છે, અને અમારી વિભક્તિઓ-રૂપાખ્યાનો, વાક્ય-રચનાઓ તેમજ ભાષા-કૌશલ્ય અને વાક્છટાના જ્ઞાને આ મોરચામાં અમને કેટલી સહાયતા કરી છે !

યહૂદી વડીલોના આ 'મહાન કાર્યો'માં બોધપાઠ એ છે કે ધાર્મિક લોકો જ્યારે અધ:પતનનો ભોગ બને છે, તો તેમને વાક્યોની હેરફેરની વિકૃત બીમારી લાગુ થઈ જાય છે. બીજું એ કે તેમનામાં માનવતા, સૌજન્યશીલતા અને સભ્યતાના તકાદાઓનો આદર તદ્દન સમાપ્ત થઈ જાય છે. ત્રીજું એ કે તેમનાં કૃત્યોના બાહ્ય અને આંતરિક શરમજનક વિરોધાભાસ પેદા થઈ જાય છે. ચોથું એ કે તેમનામાં એક પ્રકારની કાયરતા જોવા મળે છે, જેના કારણે તેઓ સીધી રીતે દિલની વિકૃત ભાવનાઓને બહાર કાઢી પણ શકતા નથી, બલ્કે પોતાના બદઇરાદા પર શિષ્ટતાના કૃત્રિમ આવરણો ચઢાવી-ચઢાવીને લાવે છે. આ એવી નિશાનીઓ છે, જે કોઈ મન અને વિચારના ભ્રષ્ટ થઈ જવાની અંતિમ દલીલ હોય છે. વિશેષરૂપે તોછડાપણું તેમજ સંબોધન કરવાની અને વાતચીતની બજારૂ રીત જ્યાં પણ જોવા મળે, ત્યાં સત્ય અને ન્યાય તેમજ સચ્ચાઈથી કોઈ સંબંધ બાકી રહી શકતો નથી. વ્યક્તિનો પ્રત્યેક બોલ અને તેની વાતચીત કરવાની રીત તેના ચરિત્રનું એ જ રીતે પ્રતિબિંબ હોય છે, જે

રીતે જમવાના કોઈ વાસણમાંથી તેની સુગંધ ફેલાઈને દૂર-દૂર સુધી રસોઈના પ્રકાર અને તેના મસાલાની ગુણવત્તા જાહેર કરી દે છે. હવે જો કોઈ મનો-મસ્તિષ્કના વાસણમાંથી અપશબ્દો અને ધૃષ્ટતાની દુર્ગંધ ઊઠી રહી હોય, તો કેવી રીતે આશા કરી શકાય છે કે તેમાં પવિત્ર વિચારો અને સૌજન્યપૂર્ણ ભાંવનાઓના સમન્વયથી કોઈ ઉચ્ચ ચરિત્ર પાકી રહ્યું હશે. જ્યારે કોઈ વ્યક્તિને જુઓ કે તે મતભેદ કરનારાઓની સામે અપશબ્દો અને ધૃષ્ટતાના સ્તરે ઊતરી આવ્યો છે, તો સમજો કે તે તેના સામે દલીલની બાજી પણ હારી ચૂક્યો અને નૈતિકતાની તુલનામાં પણ પરાજિત થઈ ગયો છે. હવે આ હારેલો ખેલાડી માત્ર મનનો ઊભરો ઠાલવી રહ્યો છે, અને મનનો ઊભરો ઠાલવનારી શક્તિઓ ઇતિહાસમાં કોઈ અસર ઊભી કરી શકતી નથી. તે બસ મનનો ઊભરો ઠાલવતી રહે છે અને રચનાત્મક આમંત્રણ આપતા કાફલાઓ આગળને આગળ વધતા રહે છે.

આટલેથી તેઓ અટકતા નથી. મદીનામાં જ્યારે અઝાનની શરૂઆત થઈ, તો યહૂદીઓના રૂઢિવાદી પંથના વિરુદ્ધ આ પણ ધાર્મિક વ્યવસ્થામાં એક 'બિદઅત' (ધર્મમાં વધારો) હતી, તેથી તેઓ આના પર પણ ખૂબ અકળાતા. વિશેષરૂપે તેઓ જોઈ રહ્યા હતા કે અઝાનના વાક્યો ઇસ્લામનું સંપૂર્ણ ક્રાંતિકારી આમંત્રણ તથા તેની મૂળભૂત વિચારધારાને સર્વગ્રાહીરૂપે સામે લાવી રહ્યા હતા, અને દિવસમાં પાંચ વાર તેને પોકારવું – પ્રચાર-પ્રસારનું એક પ્રભાવશાળી માધ્યમ છે. આ અવાજ તેમની સ્ત્રીઓ, તેમના બાળકો અને તેમના ગુલામોના કાનોમાં પડતો, દરરોજ પડતો અને પાંચ-પાંચ વાર પડતો; કલ્પના કરો કે જ્યારે આ અદ્‌ભુત અવાજ બિલાલી અનુરાગ અને સૂરની સાથે ગૂંજતો હશે, તો મદીનાના સમગ્ર વાતાવરણમાં સન્નાટો છવાઈ જતો હશે. પોતાના અને પારકાઓનાં હૃદય આકર્ષિત થઈ જતા હશે. વિશેષરૂપે તેમને એ ફરક અનુભવાતો હશે જે ઘંટનાદ અને શંખ વગાડવા તથા અઝાન પોકારવાના વચ્ચે હતો, અને જેના વિશે સ્વયં તેમના લોકો પણ કંઈ-ને-કંઈ અનુભવતા હશે. ઘંટનાદ અને શંખનો અવાજ માત્ર અવાજ હતો. તેમાં ન શબ્દો હતા, ન અર્થ હતો. તેનાથી વિપરીત અઝાનનો અવાજ કેટલાક બોલ અને અમુક વાક્યો પર આધારિત હતો, જેમાં સામાન્ય લોકો સમજી શકે એવો અર્થ સમાયેલ હતો. ઘંટનાદ અને શંખના અવાજમાં માનવીય ભાવનાઓની અભિવ્યક્તિ નહોતી. પરંતુ અઝાનની પોકારમાં માનવીય હૃદયની સંવેદનશીલતા કાર્યરત રહેતી હતી. આ ફરકને અનુભવીને યહૂદીઓ એ સ્વીકાર કરી લેતા કે અઝાન વાસ્તવમાં ઇબાદતનું આમંત્રણ આપવાનું શ્રેષ્ઠ અને પ્રભાવી માધ્યમ છે અને તેના વાક્યો બહુમૂલ્ય છે, તેના બદલે તેઓ ચીડ કરવામાં લાગી ગયા. પોતાની સભાઓમાં, પોતાના વર્તુળમાં

તેઓ અઝાન પોકારનારના અવાજને વિચિત્ર વસ્તુઓ સાથે સરખાવતા. તેઓ નકલ કરતા અને અઝાનના બોલને વિકૃત કરીને મજાકનું સાધન બનાવતા. ઈર્ષા અને દ્વેષ આ ધાર્મિક લોકોને વિદૂષકના સ્તર સુધી લઈ જતો. પરંતુ જે કામ અઝાન કરી રહી હતી, તેનો અટકાવ મજાક-મશ્કરી અને વિદૂષકવેડાથી કેવી રીતે થઈ શકતો હતો.

ધૃષ્ટતાઓની ચરમસીમા એ હતી કે સ્વયં અલ્લાહતઆલાને પણ (નઊઝુબિલ્લાહ) લક્ષ્ય બનાવી લેવામાં આવ્યો. જેમ કે જ્યારે એ આયત ઊતરી કે مَنْ ذَا الَّذِي يُقْرِضُ اللَّهَ قَرْضًا حَسَنًا (સૂરઃ હદીદ, ૧૧) અર્થાત્ કોણ છે જે અલ્લાહને સારું ઋણ આપે, તો તેનો સીધો અને સાફ અર્થ લેવામાં આવતો, તેના બદલે યહૂદીઓએ એમ કહીને મજાક ઉડાવવાનું શરૂ કર્યું કે, 'લોકો ! સાંભળો છો, હવે તો અલ્લાહ પણ કંગાળ થઈ ગયો છે ! લો, હવે તે બંદાઓથી ઋણ માંગવા નીકળી પડ્યો છે !' અલ્લાહથી નિડરતા અને નિર્લજ્જતાની આનાથી વધારે અપવિત્ર ઉદાહરણો ભાગ્યે જ મળે છે.

એ જ પ્રમાણે કુર્આનમાં જ્યાં માખી અને મચ્છર કે એવી જ દેખીતી રીતે તુચ્છ વસ્તુનો ઉદાહરણરૂપે ઉલ્લેખ થયો છે અને તેના અસ્તિત્વથી કોઈ દલીલ કરવામાં આવી છે, ત્યાં આ લોકો કટાક્ષ અને અપમાનનું તોફાન મચાવવાનો અવસર ઊભો કરી દેતા. કહેતા કે આ મુસલમાનોનો અલ્લાહ પણ વિચિત્ર છે કે જેને ઉદાહરણ આપવા માટે પણ આવી તુચ્છ વસ્તુઓ મળે છે ! તેમના ઉપહાસમાં એ દલીલ પણ સામેલ રહેતી કે કુર્આન અલ્લાહની વાણી કેવી રીતે હોઈ શકે છે, જ્યારે કે તેમાં આવી તુચ્છ વસ્તુઓનો ઉલ્લેખ છે. આ લોકોને કેટલો સુંદર જવાબ મળ્યો કે :

"હા, અલ્લાહ એનાથી કદાપિ નથી શરમાતો કે મચ્છર કે તેનાથી પણ વધારે તુચ્છ કોઈ વસ્તુનું દૃષ્ટાંત આપે. જે લોકો સત્ય વાતનો સ્વીકાર કરવાવાળા છે તેઓ આ જ દૃષ્ટાંતોને જોઈને જાણી લે છે કે એ સત્ય છે જે તેમના રબ તરફથી જ આવ્યું છે, અને જેઓ માનવાના નથી, તેઓ આને સાંભળીને કહેવા લાગે છે કે આવા દૃષ્ટાંતોથી અલ્લાહને શું સંબંધ ?" (સૂરઃ બકરહ, ૨૬)

હાસ્યાસ્પદ માંગણી

યહૂદીઓની ઉદ્ધતાઈઓ પ્રમાણની માંગણીનું સ્વરૂપ ધારણ કરીને એક વિચિત્ર હાસ્યાસ્પદ માંગણી બની ગઈ. હુઝૂર ﷺ ને કહેવા લાગ્યા - لَوْلَا يُكَلِّمُنَا اللَّهُ (સૂરઃ બકરહ, ૧૧૮) છેવટે આ શું ગરબડ છે કે અલ્લાહ તમારા તરફ એક ફરિશ્તો છૂપેછૂપે મોકલે છે અને ઉપર-ઉપરથી તમારા સુધી વાત પહોંચાડી દે છે ! તે સામે

આવીને શા માટે અમારા સાથે પ્રત્યક્ષ વાત કરતો નથી કે તે ઇચ્છે છે શું ! તે જમીન પર ઊતરે, આંખોથી જોવાય અને અમને રૂબરૂ કહે કે આ અને આ મારા આદેશો છે, તેને માનો અને આ વ્યક્તિ મારો પયગંબર છે. તેનું પાલવ પકડીને ચાલો. આવું નહીં તો, ઓછામાં ઓછું એટલું જ કરે કે કોઈ સ્પષ્ટ અને ચોક્કસ નિશાની મોકલી દે, જેના પછી કોઈની ઇન્કાર કરવાની મજાલ ન હોય કે તમે તેના નબી છો અને કુર્આન તેની વાણી છે.

આ નિશ્ચિત અને નિર્ણાયક નિશાની પણ તેમણે ચોક્કસ સ્વરૂપમાં બતાવી દીધી, જે તેમને સંતુષ્ટ કરી શકતી હતી. ઇતિહાસ અને સીરત (જીવન-ચરિત્ર)ના રેકર્ડથી જાણવા મળે છે કે આ માંગણી યહૂદીઓના સમૂહોમાં ખૂબ જ મહત્ત્વની બની ગઈ હતી. લાંબા ગાળા સુધી તેની ચર્ચા થતી રહી અને વારંવાર તેઓ આપ ﷺ ની સામે આને દોહરાવતા રહ્યા.

પહેલા એ પણ જુઓ કે આ હાસ્યાસ્પદ માંગણી પેદા કેવી રીતે થઈ. વાસ્તવિક ઘટના એ હતી કે મદીનાના યહૂદીઓ હુઝૂર ﷺ ના આગમન પહેલા ઔસ અને ખઝરજને નીચું દેખાડવાની યુક્તિઓ કરી-કરીને આવનારા નબીના ત્વરિત આગમનની દુઆઓ માંગ્યા કરતા હતા. જ્યારે હુઝૂર ﷺ ની નુબૂવ્વતનો સૂર્ય ઉદયમાન થઈ ગયો, તો એકાએક તેમણે પેંતરો બદલી નાખ્યો તથા ઇન્કાર અને વિદ્રોહના મોરચા પર લાગી ગયા. તેમના અસલ રૂપથી એકાએક પરિવર્તન પર સામાન્ય લોકોમાં વિચિત્ર પ્રશ્નાર્થક સ્થિતિ પેદા થઈ ગઈ. લોકો આવીને તેમને પૂછતા કે આ મામલો શું છે કે પહેલા તમે જ મહાનુભાવો આ દુઆઓ કરતા હતા અને એક નબીના આગમનની ભવિષ્યવાણી સંભળાવતા હતા અને હવે તમે પોતે જ આવનારાના આગમન પર બગડી બેસ્યા છો. વિશેષરૂપે સભામાં મઆઝ બિન જબલ અને બશીર બિન બર્રાઅ બિન મા'રૂર જેવા બુદ્ધિશાળી આગેવાનોએ યહૂદી મહાનુભાવોને સાફ-સાફ કહ્યું કે, ''હે યહૂદીઓ ! અલ્લાહથી ડરો, કેમ કે તમે અમારા વિરુદ્ધ સમર્થન પ્રાપ્ત કરવા માટે અલ્લાહ તઆલાથી પોતે જ હઝરત મુહમ્મદ (ﷺ)ના આગમનની અભિલાષાઓ કર્યા કરતા હતા અને અમારી સ્થિતિ એ હતી કે અમે શિર્ક કરવાવાળા હતા અને તમે જ અમને એ સમાચાર સંભળાવ્યા કરતા હતા કે તેનું આગમન થઈ ચૂક્યું છે અને પછી તમે તેના ગુણો અમારા સામે ગણાવ્યા કરતા હતા.'' અનુમાન કરી શકાય છે કે આવી વાતચીતોમાં કેવી ખરાબ રીતે યહૂદીઓની પોલ ખુલી જતી હશે અને તેઓ પોતે પ્રતીત કરી લેતા હશે કે અમારા વિશે સંમુખોનો અભિપ્રાય શું છે ! પોતાની પ્રમાણિકતા અને ધર્મનિષ્ઠાની પ્રતિષ્ઠા બચાવવા માટે અનિવાર્ય હતું કે તેઓ કોઈને કોઈ ઢાલ લઈ આવતા. એ ઢાલ શું

હતી ? તેને જાણવા માટે ઉપરની વાતનો જવાબ સાંભળો, જે બની નઝીરના એક મહાનુભાવ સલામ બિન મુશ્કમની પવિત્ર જીભથી નીકળ્યો. ફરમાવે છે : ''મુહમ્મદ (ﷺ) પોતાની સાથે કોઈ એવી નિશાની નથી લાવ્યો, જેના વડે અમે તેને નબીની હેસિયતે ઓળખી શકતા. તેથી આ એ વ્યક્તિ નથી જેના વિશે અમે તમારા સામે ઉલ્લેખ કર્યા કરતા હતા.''(૧) આ જ વાત ઇબ્ને સલૂબા ફિત્યૂનીએ સ્વયં માનવતાના પયગંબર ﷺ ને પ્રત્યક્ષરૂપે પણ કહી દીધી હતી; અર્થાત્ એક નિર્ણાયક નિશાની જોઈતી હતી – અને આનો નિર્ણય કરવો યહૂદીઓનું કામ હતું. તેઓ ગમે તેવી નિશાનીની માંગણી કરે. એ જ પ્રમાણે લોકો તરફથી એ 'મીસાક' (પાકા કરાર)નો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો, જે અંતિમ નબી વિશે પૂર્વ પયગંબરોની સામે તેમણે ઊભો કર્યો હતો, તો તેના વિશે પણ એ લોકોએ આમ-તેમ કહીને વાતને ઊડાવી દીધી. માલિક બિન અઝ્-ઝૈફે એક વાર સ્પષ્ટરૂપે કહી દીધું કે, ''ખુદાના સોગંદ ! મુહમ્મદ (ﷺ) વિશે અમારા પાસેથી કોઈ વચન લેવામાં નથી આવ્યું.''(૨)

તેમના માટે કુર્આનની પવિત્ર વાણી અને હચમચાવી નાખે એવી દલીલોમાં કોઈ નિશાની ન હતી. માનવતાના પયગંબર ﷺ ના ચરિત્રમાં કોઈ નિશાની ન હતી. જીવનની રૂપરેખા બદલી નાખનાર આંદોલનની લહેરોમાં કોઈ નિશાની ન હતી. સત્યના ધ્વજવાહકોની ફૂલી-ફાલી રહેલી જમાઅત (સમુદાય)માં કોઈ નિશાની ન હતી. એ ત્યાગ અને બલિદાનો તેમજ શૂરવીરતાઓમાં કોઈ નિશાની ન હતી, જે મુઠ્ઠીભર મુસલમાનો હિંસા અને અત્યાચારના હથિયારોથી કામ લેવાવાળી પ્રભાવશાળી શક્તિઓની સામે બતાવી રહ્યા હતા. તેમને તો બસ, કોઈ ચમત્કાર અને તમાશો જોઈતો હતો !

હવે સાંભળો, કઈ નિશાનીની માંગણી હતી !

રાફેઅ બિન હુરૈમલા અને વહબ બિન યઝીદ હુઝૂર સરવરે કાયનાત ﷺ ની સેવામાં આવ્યા. વાતો થઈ, કહેવા લાગ્યા, ''હે મુહમ્મદ ! અમારા સામે લખી-લખાવેલી (લેખિત) પુસ્તક લાવો, જેને આકાશમાંથી અમારા પર અવતરિત કરાવો અને અમે તેને જાતે વાંચીએ અને અમારા સામે ઝરણાઓ વહાવી દો. પછી અમે તમારા પાછળ ચાલીશું અને તમારી સચ્ચાઈની સાક્ષી આપીશું.''(૩)

આ જ રાફેઅ બિન હુરૈમલાએ એ માંગણી પણ કરી કે, ''હે મુહમ્મદ ! જો તમે અલ્લાહના રસૂલ (ઈશદૂત) છો, જેમ કે તમે પોતે કહો છો, તો જરા અલ્લાહને

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૭૩-૧૭૪.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૭૪.
૩. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૭૪.

એમ કહો કે તે અમારા સાથે વાત કરે, ત્યાં સુધી કે અમે તેની વાત સ્વયં સાંભળી લઈએ.''[1]

એક અન્ય સભામાં ફખ્ખાસ, અબ્દુલ્લાહ ઇબ્ને સબૂરિયા અથવા ઇબ્ને સલૂબા, કિનાના બિન રબિઅ બિન અબી અલ-હકીક, અશ્યઅ, કઅબ બિન અસદ, સમુઇલ બિન ઝૈદ અને જબલ બિન ઉમરૂ બિન સકીના જેવા યહૂદી મહાનુભાવો હુઝૂર સરવરે આલમ ﷺ સાથે વાતચીત કરી રહ્યા હતા. કહેવા લાગ્યા, ''હે મુહમ્મદ ! શું ખરેખર આ કુર્આન તમને કોઈ જિન્નાત કે કોઈ મનુષ્ય નથી શિખવાડતો ?'' અલ્લાહના રસૂલ ﷺ એ ફરમાવ્યું, ''તમે સારી રીતે સમજો છો કે આ અલ્લાહ તરફથી છે અને એ કે હું અલ્લાહનો રસૂલ છું. તમે આ હકીકતને પોતાના ત્યાં તૌરાતમાં લખેલી જુઓ છો.'' આ વાત તેઓ કહેવા લાગ્યા, ''હે મુહમ્મદ ! તો હકીકત એ છે કે જ્યારે ખુદા પોતાના કોઈ રસૂલને મોકલી દે છે, તો પછી જે કંઈ રસૂલ ઇચ્છે, ખુદા તેના માટે એ જ કરી દે છે અને રસૂલ જે વાતનો પણ ઇરાદો કરી લે, ખુદા તરફથી એ જ કરી નાખવાનો અધિકાર પ્રાપ્ત કરી લે છે. તેથી તમે આકાશમાંથી અમારા પર લખી-લખાવેલ પુસ્તક અવતરિત કરાવો, જેને અમે વાંચીએ અને ઓળખીએ.[2]

યહૂદીઓએ ખૂબ અસરકારક ઢાલ શોધી કાઢી. હવે કોઈ પ્રશ્ન ન રહ્યો કે સત્યના આવાહકનો સંદેશ શું છે ? તે શું વાત કહે છે ? તેના માટે દલીલો શું મૂકે છે ? તેના સંદેશની અસરથી કેવું જીવન બને છે ? તેના શિક્ષણ-પ્રશિક્ષણથી કયા પ્રકારનું ચરિત્ર બને છે ? તેના રચનાત્મક કામથી કેવી સાંસ્કૃતિક વ્યવસ્થા બને છે ? આ બધા પ્રશ્નો પાછળ ધકેલાઈ ગયા અને સામે એ માંગણી આવી ગઈ કે, 'આકાશમાંથી પુસ્તક અવતરિત કરાવીને બતાવો.' હવે લોકોનું મોઢું બંધ કરવા માટે એક સાધન હાથ લાગી ગયું. જેણે વાત મૂકી તેને કહી દેવામાં આવ્યું કે અમે તો માનવા તૈયાર જ છીએ, પરંતુ તેમને જઈને કહો કે તેઓ જો સાચા નબી હોય તો અલ્લાહને કહો કે જરા આ એક નિશાની બતાવી દે. અલ્લાહવાળાઓની શાન તો એ હોય છે કે તેઓ જે કંઈ ઇચ્છે છે ઉપરથી મનાવડાવા લે છે. પછી આ કેવો રસૂલ (ઈશદૂત) છે, જેની વાત પર ઉપરલોકમાં ધ્યાન આપવામાં આવતું નથી. લોકો ! છોડો આવી કુસંપ ફેલાવનારી વાતોને, જાઓ કોઈ અલ્લાહવાળાનું પાલવ પકડી લો. આ તો બસ, આમ જ એક ઢોંગ છે.

યહૂદીઓનું શાયલોકી વર્તન

આ તો એવી હકીકત છે જેને સૌ-કોઈ જાણે છે કે મદીનાના સીમિત સંસાધનો

---
૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૭૬.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૨૧૯-૨૨૦.

પર જ્યારે મુહાજિરોની રોજ-બ-રોજ વધતી વસ્તીનો બોજ પડવા લાગ્યો, અને નિર્ધન અને નિ:સહાય લોકો પોતાના આર્થિક જીવનના નવનિર્માણમાં લાગ્યા, તો આંદોલનના મોટાભાગના કાર્યકરો પર ગરીબી અને ભૂખમરાની સ્થિતિ આવી પડી. આ ગરીબી અને ભૂખમરાની પરીક્ષામાં સ્વયં આંદોલનના વડા અને તેના ઘરના લોકો બધા સામાન્ય સાથીઓની સાથે બરાબરના સહભાગી હતા; બલ્કે આ પરીક્ષામાં સૌથી વધારે ફાળો આ જ માનવતાના પયગંબર ﷺ ને ભાગે આવ્યો. મુસીબત ક્યારેય એકલી નથી આવતી. ગરીબી અને ભૂખમરાની અસહ્ય હાલતને મુહાજિરોની બીમારીએ બમણી કરી નાખી. નવી આબોહવા બહારથી આવનારાઓને માફક ન આવી અને એક-પછી-એક સત્ય અને સચ્ચાઈની વ્યવસ્થાના સૈનિકો બીમાર થવા લાગ્યા. તાવનો રોગચાળો ફેલાઈ ગયો અને આ તાવ ખૂબ જ હઠીલો અને ચેપી પુરવાર થયો. અપૂરતા ખોરાકની સાથે આ નવી આફતે જેને ભોગ બનાવ્યો, તેને હાડપિંજર બનાવીને મૂકી દીધો. લોકો આર્થિક દોડધૂપને યોગ્ય ન રહ્યા. એક બાજુ આંદોલનની નૌકાને મુશ્કેલીઓ અને વિરોધોના નીત-નવા વમળોનો સામનો હતો. નવોદિત ઇસ્લામી રાજ્યની દરેક પાસાથી રચના આવશ્યક હતી. આંતરિક અને બાહ્ય દુશ્મનોથી વિભિન્ન જોખમો હતા. બીજી બાજુ કામના માણસો માંદગીના બિસ્તર પર પટકાઈ રહ્યા હતા અને પેટ ભરવા માટે રોટી અને તન ઢાંકવા માટે કપડાંનો ઉચિત પ્રબંધ ન હતો. આ તબક્કાને નાનકડા ક્રાંતિકારી સમૂહે જે સામર્થ્યથી પાર કર્યો, તે અલ્લાહ પર ઈમાન, ઉદ્દેશ્યથી પ્રેમ અને પારસ્પારિક ભ્રાતૃભાવની શક્તિ હતી. વાસ્તવમાં મોટી-મોટી ઐતિહાસિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવાવાળા લોકો અને સંગઠનોની મુખ્ય શક્તિ હોય જ છે - ઈમાન (વિશ્વાસ) અને ભ્રાતૃભાવ ! આ જ શક્તિએ નબળાઓને શક્તિશાળી બનાવી રાખ્યા, અને આ જ શક્તિએ સંસાધનોના અભાવની અસરોને ઓછામાં ઓછી કરી નાખી. વધુમાં, પ્રતિકૂળ સંજોગો વિરુદ્ધ જે કંઈ સંઘર્ષ કરવામાં આવી રહ્યો હતો, તેને રોગચાળાએ ખૂબ જ નબળો કરી નાખ્યો અને આ દરમ્યાન એ ચર્ચા પણ થવા લાગી કે મદીનાના યહૂદીઓએ જાદૂ કરી દીધો છે અને હવે મુસલમાનો ફૂલીફાલી શકતા નથી. પરિસ્થિતિ ખૂબ જ સંગીન હતી. આવો, આનો અંદાજ લગાવવા માટે માનવતાના પયગંબર ﷺ ના અમુક સાથી-કાર્યકરોથી મળો :

આ જુઓ — સૈયદના હઝરત અબૂબક્ર رضي الله عنه છે. માંદગીના બિછાને તકલીફના કારણે તરફડી રહ્યા છે અને એક શાયરીમાં પોતાના હૃદયની વિહ્વળતા દર્શાવી રહ્યા છે :

(1) كُلُّ امْرِئٍ مُصَبَّحٌ فِي أَهْلِهِ   وَالْمَوْتُ أَدْنَى مِنْ شِرَاكِ نَعْلِهِ

સ્થિતિ એ છે કે પોતાના માટે મૃત્યુને જૂતાંની દોરીથી પણ વધારે નજીક જોઈ રહ્યા છે.

અને, આ બાજુ જુઓ, આ સૈયદના બિલાલ ﷺ છે. પડખાં ફેરવી રહ્યા છે અને વેદનાભર્યા અવાજમાં આલાપી રહ્યા છે :

الا ليت شعري هل ابيتن ليلة   بوادٍ و حولي إذخرٌ و جليل
(2) وهل أرِدَن يومًا مياه مجنة   وهل يبدون لي شامة وطفيل

આ મક્કાની ખીણો અને ઝરણાઓ અને પહાડોની યાદ તાજી કરવામાં આવી રહી છે. એ ખીણમાં એક રાત વિતાવી લેવાની અભિલાષાની અભિવ્યક્તિ છે, જેમાં 'અઝખર' અને 'જલીલ' નામની ઘાસ ઊગે છે અને ત્યાં 'મજના'ના ઝરણાનું પાણી પીવા તેમજ 'શામ્મા' અને 'તુફૈલ' નામના પહાડોનું દૃશ્ય જોવાનો ઉમંગ ઊભરી આવે છે.

આવો અને જુઓ, આ આમિર ﷺ છે. હોઠો પર કેવા હૃદયદ્રાવક શે'ર રમી રહ્યા છે :

(3) اني وجدت الموت قبل ذوقه   ان الجبان حتفه من فوقه

તેમની શારીરિક વેદનાની સ્થિતિ એ છે કે મૃત્યુના આગમનથી પહેલા મૃત્યુના પગરવ સાંભળી રહ્યા છે.

અને, આ છે હઝરત શદાદ ﷺ. રસૂલુલ્લાહ ﷺ પોતાના આ ગાઢ સાથીની ખબર કાઢવા પધારે છે. બીમાર વ્યાકુળ થઈને કહે છે કે જો 'બત્હા' (મક્કા)નું પાણી પી લેતો, તો સારું થઈ જતું. રસૂલુલ્લાહ ﷺ ફરમાવે છે - ચાલ્યા જાઓ, કોણ રોકે છે ? બીમાર કહે છે, ''હિજરત !!'' રસૂલુલ્લાહ ﷺ સાંત્વના માટે ફરમાવે છે કે, ''ચાલ્યા જાઓ, તમે જ્યાં પણ હશો, મુહાજિર જ રહેશો.''

સુલેહ હુદૈબિયા (હુદૈબિયાની સંધિ) વખતે જ્યારે મુસલમાનો મક્કા ગયા, ત્યારે તેમના શરીરોને વારંવારની બીમારીઓએ એટલા ચૂર-ચૂર કરી નાખ્યા હતા કે મક્કાવાસીઓ તરફથી કટાક્ષ કરવામાં આવ્યા કે, 'હજુ જાઓ ને મદીના !' આ જ કટાક્ષોની પ્રતિક્રિયા હતી કે રસૂલુલ્લાહ ﷺ ના ઇરશાદ મુજબ મુસલમાનો છાતી કાઢીને ચાલતા હતા.

---

૧. દરેક વ્યક્તિ પોતાના ઘરવાળાઓની સાથે સવાર કરે છે અને એ કે મૃત્યુ તેના જૂતાંની દોરીથી પણ વધારે નજીક છે.
૨. કદાચ ! હું જાણતો, શું હું કોઈ રાત્રિ વિતાવી શકું છું એવી ખીણમાં, જેના આસપાસ 'અઝખર' અને 'જલીલ' નામની ઘાસ છે. અને, શું હું કોઈક દિવસ 'મજના'ના ઝરણાના સમીપ આવીશ અને શું મારા સામે 'શાના' અને 'તુફૈલ'ની પહાડીઓ પ્રગટ થશે ?
૩. મેં મૃત્યુના સ્વાદને ચાખતા પહેલા પામી લીધું, ચોક્કસ કાયર વ્યક્તિની મોત તેના ઉપરથી આવે છે.

આ જ પરિસ્થિતિના કારણે હુઝૂર ﷺ ફરમાવતા હતા કે ان شان الهجرة لشديد, અર્થાત્ 'હિજરતનો મામલો ખૂબ જ કઠિન છે, કોઈ રમત નથી !' આ સંદર્ભમાં એક રસપ્રદ ઘટના બની. એક બદ્દુ (આરબ ગ્રામવાસી)એ આવીને સરવરે આલમ ﷺ ના હાથ પર બૈત (શપથ) કરી, પરંતુ મદીના આવતાં જ તેને તાવ આવી ગયો. તેણે આને ઈસ્લામનું અપશુકન ગણ્યું. હઠાગ્રહ કરીને બૈત સમાપ્ત કરી અને ચાલ્યો ગયો. આના પર હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''મદીના સોનીની ભઠ્ઠી જેવું છે કે બગાડ અને મેલને બહાર ફેંકી દે છે, અને શુદ્ધ ધાતુને અલગ કરી નાખે છે.'' (બુખારી) અર્થાત્ તેહરીકો (આંદોલનો)ના મહાન કાર્ય માટે જે લોકો ઉઠે છે તેમને ડગલે-ને-પગલે એવી આકરી કસોટીના તબક્કાઓનો સામનો કરવો પડે છે કે તેને પાર એ જ કરે છે, જેના પાસે ઈમાનરૂપી વિશુદ્ધ સો ટચનું સોનું હોય. ખોટો માલ કોઈ-ને-કોઈ તબક્કે અલગ થઈ જાય છે. આમ, મદીનાનો આ આકરી કસોટીનો તબક્કો સોનીની ભઠ્ઠીનું કામ કરી રહ્યો હતો.(૧)

આ જ એ સમયગાળો હતો, જ્યારે કે હુઝૂર સરવરે આલમ ﷺ એ અલ્લાહ તઆલાને આજીજીપૂર્વક દુઆ કરી કે, ''હે અલ્લાહ ! અમારા માટે મદીનાને એવું જ મનમોહક બનાવી દે, જેવું મક્કાને બનાવ્યું હતું અથવા એનાથી પણ વધારે, અને અમારા માટે તેના ત્રાજવા (અર્થાત્ અનાજ અને ઉપજો)માં બરકત (નિરંતર વધતી જતી સમૃદ્ધિ) પ્રદાન કર, અને એના પર આવેલ આફતને 'મહીઅહ' (સીરિયા-વાસીઓની સરહદ) તરફ ફેરવી દે.''(૨)

બીજી બાજુ નિર્ધનતા અને ભૂખમરાની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક હતી. નવી જગ્યાએ આવીને આર્થિક જીવનનો પાયો નાખવો, વળી તેમાં હલાલ રોજીનો પ્રબંધ કરવો અને એ પણ એ હાલતમાં જ્યારે કે એક આંદોલન પળેપળ (અલ્લાહના માર્ગમાં) માલના ખર્ચની માંગણીઓ લઈને સામે ઊભું હોય, આવી પરિસ્થિતિમાં જે આકરી કસોટીનો સામનો કરવો પડતો હોય છે, તે દીવા જેવું સ્પષ્ટ છે. સત્યના ધ્વજવાહકો પર જે કંઈ વિત્યું તેના હૃદયદ્રાવક વૃત્તાંતોથી ઇતિહાસ, સીરત અને હદીસોના ભંડારો ભરેલા પડ્યા છે.

હઝરત અબૂ તલ્હા ؓ આ આકરી કસોટીના સમયની સ્થિતિનું વર્ણન કરે છે કે અમે લોકો ભૂખની મુસીબતમાં ગળી-ગળીને જ્યારે થાકી ગયા, તો સહારો મેળવવા માટે સરવરે આલમ ﷺ ની સેવામાં પહોંચ્યા, સ્થિતિનું વર્ણન કર્યું અને પેટ ખોલીને બતાવ્યું કે ઘણા દિવસોના ભૂખમરાના કારણે (જઠરમાં થતી એક ખાસ

૧. ઉસ્વએ સહાબા, લે. મૌલાના અબ્દુસ્સલામ નદવી.
૨. સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૨૧૧.

પ્રકારની બળતરાને રોકવા) પથ્થરો બાંધી રાખ્યા હતા. આના પર ઇતિહાસના આ મહામાનવે પોતાના પેટ પરથી કપડું ઉઠાવીને બતાવ્યું કે એક નહીં, બબ્બે પથ્થરો બાંધેલા હતા. આ દૃશ્યને જોઈને પોતાનું દુઃખ દર્શાવનારાઓને સંતોષ થઈ ગયો.[1]

એક વાર આવી જ સ્થિતિમાં હઝરત અબૂબક્ર رضي الله عنه કસમયે આવ્યા અને ઇચ્છ્યું કે સાંત્વના મેળવવા માટે પોતાની તકલીફ વર્ણવે. પરંતુ પછી વિચાર આવ્યો કે આનાથી ઇસ્લામના વડા ﷺ ને વિનાકારણ વધારે પરેશાની થશે. થોડી વારમાં હઝરત ઉમર رضي الله عنه પણ આવી પહોંચ્યા. તેઓ પણ આ જ પરીક્ષામાંથી પસાર થઈ રહ્યા હતા. આવવાનું કારણ પૂછવામાં આવ્યું, તો તેમણે સાફ-સાફ અરજ કરી કે ભૂખના માર્યા બેચેન છું. હુઝૂર ﷺ એ આ સાંભળ્યું તો ફરમાવ્યું કે મારી હાલત પણ કંઈક આવી જ છે. નક્કી થયું કે પોતાના સાથી અબૂલ હશીમ رضي الله عنه ના ત્યાં જઈએ. અબૂલ હશીમ બગીચાઓના માલિક અને સુખી હતા. ત્રણેય પોતાના સાથીના ત્યાં પહોંચ્યા, તો તેઓ બિચારા સેવક ન હોવાને કારણે પોતે જ પાણી લેવા ગયા હતા. આવ્યા, તો ખુશીથી ભેટી પડ્યા. પછી બગીચામાં લઈ જઈને દસ્તરખાન બિછાવ્યું અને ખજૂરો તોડીને મૂકી. ખજૂરો ખાઈને આ સત્યના માર્ગના ભૂખ્યા સાથીઓએ ઠંડું પાણી પીધું અને અલ્લાહનો આભાર માનતાં અને અબૂલ હશીમ માટે ભલાઈની દુઆ કરતાં પાછા ફર્યા.[2]

સઅદ બિન અબી વક્કાસે એક પ્રસંગે દર્શાવ્યું કે હઝરત મુહમ્મદ ﷺ ના આંદોલનનો હું જ એ સભ્ય છું, જેના હાથે એક સત્યના દુશ્મનનું પહેલું લોહી વહ્યું. હું જ છું જેણે જિહાદમાં સૌપ્રથમ તીર ફેંક્યું. અમે લોકોએ એવી હાલતમાં જિહાદ કર્યો કે અમે વૃક્ષોના પાંદડાઓ અને બાવળની ફળીઓ ખાતા હતા અને આના કારણે મોઢાની કિનારીઓ જખમી થઈ જતી હતી, અને મળ ઊંટો અને બકરીઓની લીંડીઓ જેવું થતું હતું.[2]

હુઝૂર ﷺ ના ખાસ સાથી હઝરત અબૂ હુરૈરા رضي الله عنه નું વર્ણન છે કે... એક એ જમાનો હતો કે જ્યારે હું નબી ﷺ ના મિમ્બર અને હઝરત આઇશા رضي الله عنها ના હુજરા (ઓરડા)ની વચ્ચે ભૂખ અને ગરીબીની તીવ્રતાના કારણે બેભાન પડેલો હતો અને લોકો મને ઉન્માદી સમજીને (ઇલાજ માટે) પગોથી મારા ગળાને દબાવતા હતા, જો કે મને ઉન્માદ ન હતો. એ માત્ર ભૂખની હાલત હતી.[3] હઝરત અબૂ હુરૈરા رضي الله عنه ના વર્ણન અનુસાર એક પ્રસંગ એ પણ છે કે આપ ﷺ હઝરત ઉમર رضي الله عنه ની સાથે

---

૧. શિમાઈલે તિરમિઝી, પ્ર. મા-જાઅ ફી ઐશુન્નબી ﷺ.
૨. શિમાઈલે તિરમિઝી, પ્ર. મા-જાઅ ફી ઐશુન્નબી ﷺ.
૩. ઉપર મુજબ. આ પ્રસંગ થોડાક સમય પછીનો છે, પરંતુ એનાથી મદીનામાં જે આર્થિક મુસીબતોનો સામનો હતો તેનું સામાન્ય અનુમાન થઈ શકે છે.

ચાલતા જઈ રહ્યા હતા અને કોઈ આયતના અર્થ વિશે ચર્ચા કરી રહ્યા હતા. વાતો કરતાં-કરતાં અને સાથે ચાલતાં-ચાલતાં હઝરત અબૂ હુરૈરા ﷺ બેભાન થઈને પડી ગયા. ભૂખમરાએ નોબત અહીં સુધી પહોંચાડી દીધી હતી.

આ સ્થિતિમાં હુઝૂર ﷺ, આમ તો બૈતુલ-માલ (રાજ્ય-કોષ)માં આવનાર ધનની સાથે-સાથે સાથીઓની દેખભાળ માટે ખર્ચ કરતા રહેતા હતા, પરંતુ ખર્ચનું વર્તુળ માત્ર એટલું જ હતું કે બૈતુલ-માલની આવકો તેમજ અન્સાર અને મુહાજિરો ઉદારતાથી વધારેમાં વધારે વ્યક્તિગત સદકાઓ (દાન) આપે તો પણ પર્યાપ્ત થતા ન હતા. ભૂખમરાથી પીડાતા સામાન્ય મુહાજિરોની સાથે 'અસ્હાબે સુફ્ફા'નો કાયમી 'દારુલ ઇકામા' (રહેવાની જગ્યા) પણ જરૂરતમંદ હતો. મહેમાનો આવતા હતા. બદ્દુ લોકો (ગ્રામવાસી આરબો) સમયાંતરે ઇસ્લામનો સ્વીકાર કરવા, ઝ્યારત કરવા અને આદેશો જાણવા માટે આવતા. પ્રશ્નો પૂછનારાઓ આવીને પ્રશ્નો કરતા અને નિરંતર મુહાજિરો આવતા રહેતા. આ પરિસ્થિતિમાં 'બૈતુલ-માલ' પણ લાચાર હતું. જ્યારે સાથીઓ અને જરૂરતમંદોની જરૂરતોનું દબાણ ખૂબ વધી જતું, તો આંદોલનના વડા પયગંબર હઝરત મુહમ્મદ ﷺ કાં તો મદદ માટે અપીલ કરી દેતા અથવા લોકો સાચા દિલથી પોતાનું ધન ન્યોછાવર કરી દેતા, અથવા તો પછી કરજ લેવું પડતું. કરજ પોતાના સમુદાયમાંથી વધારે પ્રમાણમાં મળી શકતું ન હતું, તેથી યહૂદી ધનવાનો પાસે કરજ માગવા જવું પડતું. યહૂદીઓની હાલત એ હતી કે તેઓ પાકા મહાજન અને વ્યાંજખોર હતા અને તેમની વ્યાજની જાળ તમામ વિસ્તારોમાં ફેલાયેલી હતી. પરંતુ હઝરત મુહમ્મદ ﷺ અને આપ ﷺ ના સાથીઓને તેઓ જે આશયથી કરજ આપતા હતા તે વ્યાજ કરતાં વધારે બીજો હતો. તે એ હતો કે રૂપિયા અને ઉપકારના જોરે તેમના પર કાબૂ મેળવવામાં આવે, અને આ માનસિકતાની સાથે તેઓ કરજની વસૂલાતમાં તદ્દન 'શાયલોકી'* માનસિકતાનું પ્રદર્શન કરતા તથા અપમાન અને અવમાનના પર ઊતરી આવતા. આ જ સ્થિતિ મુશ્રિકોની હતી. આ કડવો અનુભવ સ્વયં સરવરે આલમ ﷺ ને પણ થયો હતો અને આપ ﷺ ના સાથીઓને પણ. આવી કેટલીય ઘટનાઓનો સીરત અને ઇતિહાસના પુસ્તકોમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. આહ..! દુનિયાની ભલાઈ અને કલ્યાણ માટે પ્રાણની બાજી લગાવી દેવાવાળાઓએ આ બધું વેઠ્યું, તેમ છતાં આ નિર્ધનતામાં પણ પોતાના ઈમાન અને ઉદ્દેશ્ય વિશે આંદોલનના સૈનિકો જરા પણ ડગ્યા નહીં.

માનવતાના ઉપકારક ﷺ એ પોતાના નજીકના સાથી અને અંગત નાયબ હઝરત બિલાલ ﷺ ને આદેશ આપી રાખ્યો હતો કે આંદોલન અને તેના સૈનિકોની

૧. 'શાયલોક' શેક્સપિયરના નાટકનું એક યહૂદી શાહુકારનું પાત્ર છે, જે પોતાની પાષાણ-હૃદયતા માટે કુખ્યાત છે. – (અનુવાદક)

જરૂરતો માટે તેઓ જરા પણ સંકોચ વગર આવકમાંથી ખર્ચ કરે. હઝરત બિલાલ ﵁ આ પદ્ધતિનું હંમેશા અનુપાલન કરતા હતા. એક વાર નેવું હજાર દિરહમની રકમ આવી અને એક કોથળા પર ઢગલો કરી દેવામાં આવ્યો. ત્યાં જ બેઠાં-બેઠાં સરવરે આલમ ﷺ એ તેનું જરૂરતમંદોમાં વિતરણ કરાવી દીધું. વિતરણ થઈ ગયા પછી એક માંગનાર આવ્યો, તો તેના માટે કરજ લેવાનો આદેશ આપ્યો. હઝરત અબૂ હુરૈરા ﵁ નું વર્ણન છે કે એક વખતે સૈયદના બિલાલ ﵁ ની સામે ખજૂરોનો એક ઢગલો પડ્યો હતો. હુઝૂર ﷺ એ પૂછ્યું કે આ કેવો માલ છે ? સૈયદના બિલાલ ﵁ એ અરજ કરી કે આને ભવિષ્યની વધારે જરૂરતો માટે રાખી મૂકવાનો ઇરાદો છે. ફરમાવ્યું, ''શું તમે નિશ્ચિત થઈ ગયા છો કે કાલે કયામતના દિવસે ક્યાંક આ માલને આમ જ રોકી રાખવાના બદલામાં જહન્નમનો ધુમાડો તમારા સુધી નહીં પહોંચે ? ખર્ચ કરો, હે બિલાલ ! અને સત્તાના માલિક (અલ્લાહ) તરફથી કરકસરની આશંકા ન રાખો.'' હઝરત બિલાલ ﵁ નું જ વર્ણન છે કે મદીનાનો એક મુશ્રિક તેમના પાસે આવ્યો અને તેણે પોતે જ પ્રસ્તાવ મૂક્યો કે મારા પાસે પુષ્કળ પ્રમાણમાં માલ છે. જ્યારે જરૂરત પડે તો મારા પાસેથી લઈ લેજો. આમ, હઝરત બિલાલ ﵁ એ કરજ લેવાનું શરૂ કરી દીધું. અચાનક એક દિવસ એવું થયું કે હઝરત બિલાલ ﵁ વુઝૂ કરીને અઝાન પોકારવાની તૈયારીમાં હતા કે એ મહાજન પોતાના સાથે અમુક બીજા વેપારીઓને લઈને આવ્યો અને બૂમ પાડી કે, ''હે હબશી – !'' હઝરત બિલાલ ﵁ તેના પાસે ગયા. તે ખૂબ જ ગુસ્સે થયો અને ખરું-ખોટું સંભળાવવા લાગ્યો અને ધમકી આપી કે મહિનો સમાપ્ત થવા આવ્યો છે, જો કરજ સમયસર ચૂક્યું નહીં તો (આરબ અજ્ઞાનતાની પદ્ધતિ મુજબ) તમને ગુલામ બનાવી લઈશ અને તમારી એ જ સ્થિતિ થશે જે પહેલા હતી. હઝરત બિલાલ ﵁ કહે છે કે આ ફજેતીના કારણે મારા પર એ જ વિત્યું, જે આવી સ્થિતિમાં દરેક સજ્જન માણસ પર વિતે છે. સૈયદના બિલાલ ﵁ ઈશાની નમાઝ પછી પોતાનું દુઃખ સંભળાવવા માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ ﷺ ની સેવામાં પહોંચ્યા અને કરજ ચૂકવવવાનો કોઈ ઉપાય ન દેખાતા છુપાઈ જવાનો ઇરાદો જાહેર કર્યો, અને કહ્યું કે જ્યારે કરજ ચૂકવવાની કંઈક વ્યવસ્થા થઈ જશે, તો હું પાછો આવી જઈશ. પરંતુ હઝરત બિલાલ ﵁ પોતાના ઇરાદા પર અમલ કરતા એ પહેલાં બીજા જ દિવસે સવારે માનવતાના ઉપકારક ﷺ તરફથી હાજર થવાનું કહેણ આવ્યું. હાજર થયા તો જોયું કે ફદકના શાસક તરફથી માલ-સામાનથી લદાયેલ ચાર ઊંટણીઓ ભેટસ્વરૂપે ઊભી છે. કરજ આપનારને બોલાવીને ચૂકતે હિસાબ કર્યો અને બાકીનો માલ-સામાન રાબેતા મુજબ જરૂરતમંદોમાં વહેંચી દીધો.

ઇસ્લામી આંદોલનના એક સૈનિક અબૂ હદરદ અલ-સલમા ﷺ એક યહૂદીના કરજદાર થઈ ગયા. પરંતુ કરજ અદા કરવા માટે તેમના પાસે શરીર પરના કપડાં સિવાય બીજું કંઈ ન હતું. અબૂ હદરદે યહૂદીને વધારે મહેતલ આપવા કહ્યું. પરંતુ તેનું 'શાયલોકી' વલણ જરા પણ મહેતલ આપવા તૈયાર ન હતું. તે અબૂ હદરદને પકડીને હુઝૂર ﷺ ની સામે લઈ આવ્યો અને પોતાની માંગણી રજૂ કરી. હુઝૂર ﷺ એ અબૂ હદરદને કરજ ચૂકવી દેવાનું કહ્યું. તેમણે પોતાની પરિસ્થિતિ સામે મૂકીને લાચારી દર્શાવી. પરંતુ યહૂદી કરજદારની અમાનવીય મનોવૃત્તિને સામે રાખીને આપ ﷺ એ આગ્રહ કર્યો કે ગમે તે રીતે તેને ચૂકવી આપો. તેમણે ફરી વિતંની કરી કે ખૈબરનું યુદ્ધ સામે છે. કદાચ ત્યાંથી પાછા ફરીને કોઈ માર્ગ નીકળી આવે. હુઝૂર ﷺ એ ફરી સખ્તાઈથી આ આપત્તિમાંથી છુટકારો મેળવવા માટે આદેશ આપ્યો. આમ, એ યહૂદી અબૂ હદરદની લૂંગી લઈને ટળ્યો અને આ સાચા માણસને પોતાનો સાફો ઉતારીને કમર પર બાંધવો પડ્યો. જરા કરજની રકમનો અંદાજ કરો, અને તેના માટે યહૂદી લેણદારનો દુરાગ્રહ જુઓ ! અને પછી આ અમાનવીય વસૂલાતની કલ્પના કરો કે પોતાના કરજદારના શરીરનું કપડું ઉતારીને જંપ્યો.(૧)

હઝરત જાબિર ﷺ બિન અબ્દુલ્લાહ ઇસ્લામી આંદોલનની એક બીજી વડીલ હસ્તી છે. આ મદીનાના રહેવાસી હતા અને ખૂબ સુખી હતા. તેમ છતાં પરિસ્થિતિ અને જરૂરત પડતાં એક યહૂદી મહાજન પાસેથી સમયાંતરે કરજ લેવા માટે વિવશ થઈ જતા. એક વર્ષ સંયોગથી ખજૂરીઓ પર પૂરેપૂરા ફળ ન આવ્યા અને કરજ નિયત સમયમાં ચૂકવી ન શકાયું. યહૂદી મહાજન પાસે મુશ્કેલીથી આગામી મોસમમાં પાક આવે ત્યાં સુધીની મહેતલ માંગી. તે વખતે ફરી પાક ખરાબ થયો. વધારે મહેતલ આપવાનો મહાજને ઇન્કાર કરી દીધો. છેવટે જાબિર ﷺ પણ પોતાની વીતક-કથા સંભળાવવા પોતાના માલિકની સેવામાં પહોંચ્યા. હુઝૂર ﷺ અમુક સાથીઓને સાથે લઈને યહૂદીના ઘર ગયા અને તેને વિનંતી કરી કે તે જાબિરને મહેતલ આપી દે. તેણે ઇન્કાર કર્યો. હુઝૂર ﷺ થોડી વાર આમ-તેમ ફર્યા અને એક વાર ફરી આવીને તેનાથી વાતચીત કરી, પરંતુ કોઈપણ રીતે પથ્થરને પીગળાવી શકાયો નહીં. પછી થોડી વાર માટે આપ ﷺ ઊંઘી ગયા. જાગ્યા તો ફરી જઈને એ જ વાત કરી, પણ એ અત્યાચારી ન પીગળ્યો. છેવટે આપ ﷺ જાબિર ﷺ ના ખજૂરીઓના ઝુંડની વચ્ચે જઈને ઊભા રહ્યા અને તેમને કહ્યું કે ખજૂરો તોડો. ખજૂરો તોડવામાં આવી, તો આશાથી ખૂબ વધારે નીકળી. કરજ પણ અદા થઈ ગયું અને મોટા પ્રમાણમાં બાકી પણ બચી.(૨)

---

૧. સીરતુન્નબી ﷺ, શિબ્લી નો'માની, ભા-૨, પૃ. ૨૪૩. ૨. સીરતુન્નબી ﷺ, શિબ્લી નો'માની, ભા-૨, પૃ. ૨૩૭.

હુઝૂર ﷺ નું પોતાનું એક બખ્તર એક યહૂદી લેણદારની પાસે ગીરો હતું. છેલ્લી ઘડી સુધી આપ ﷺ પાસે તેને છોડાવવા માટે રકમ એકત્ર ન થઈ શકી.(૧)

એક વાર સરવરે આલમ ﷺ પાસે એક બદ્દુ (આરબ ગ્રામવાસી) લેણદાર પૈસાની ઉઘરાણી માટે આવ્યો. પોતાના ગામડિયા સ્વભાવ મુજબ તેણે ખૂબ જ તોછડી ભાષામાં વાતચીત કરી. નબી ﷺ ના સાથીઓએ તેને સમજાવ્યો કે તમે જોતાં નથી કે કેવી હસ્તીથી વાતચીત કરી રહ્યા છો ? તે કહેવા લાગ્યો કે હું તો મારો હક્ક માંગી રહ્યો છું. હુઝૂર ﷺ પોતાના સાથીઓને ફરમાવે છે કે તેની હિમાયત કરવી જોઈએ, કેમ કે આ તેનો હક્ક છે. પછી તેનો હિસાબ ચૂકતે કરવાનો આદેશ આપ્યો અને તેના હક્કથી કંઈક વધારે આપ્યું.(૨)

ઝૈદ બિન સઅ્નાનો પ્રસંગ આ પરિસ્થિતિ અંગે વધારે પ્રકાશ પાડે છે. આ યહૂદી આલિમ હતા અને પ્રમાણિકતાથી માનવતાના ઉપકારક ﷺ ની પયગંબરીની સમીક્ષા વિભિન્ન નિશાનીઓના પ્રકાશમાં કરી રહ્યા હતા. તેમનું વર્ણન છે કે એક બદ્દુ આવ્યો અને હુઝૂર ﷺ ને આવીને મળ્યો. તેણે કહ્યું કે મારી કોમ મુસલમાન બની ચૂકી છે અને મેં તેમને ઈસ્લામનું આમંત્રણ આપતી વખતે કહ્યું હતું કે જો તમે ઈસ્લામનો સ્વીકાર કરશો તો અલ્લાહ તઆલા તમને ભરપૂર રોજી આપશે. પરંતુ દુર્ભાગ્યવશ ઊલટો દુષ્કાળ પડી ગયો છે. હવે જો તેમને સહાયતા કરવામાં નહીં આવે તો આશંકા છે કે તેઓ ઈસ્લામથી ફરી જશે. હુઝૂર ﷺ એ હઝરત અલી رضي الله عنه તરફ પ્રશ્ન-સૂચક દૃષ્ટિથી જોયું. તેમણે અરજ કરી કે હમણાં તો કંઈ જ નથી. ઝૈદ બિન સઅ્નાએ પ્રસ્તાવ મૂક્યો કે મારા પાસેથી ૮૦ મિશ્કાલ સોનું લઈ લો અને તેના બદલામાં નિયત મુદતે ખજૂરો આપી દો. મામલો નક્કી થઈ ગયો અને હુઝૂર ﷺ એ સોનું લઈને બદ્દુના હવાલે કરી દીધું. ઝૈદ બિન સઅ્નાનું વર્ણન છે કે નિયત મુદતમાં જ્યારે બે-ત્રણ દિવસ બાકી રહી ગયા, તો તેની મુલાકાત હુઝૂર ﷺ સાથે એ સ્થિતિમાં થઈ કે આપ ﷺ પોતાના અમુક સાથીઓ સહિત કોઈના જનાઝાની નમાઝથી નિવૃત્ત થઈને એક દીવાલની પાસે બેસેલા હતા. ઝૈદે હુઝૂર ﷺ ના પહેરણ અને ચાદરના પાલવને ખેંચતા અત્યંત તોછડી રીતે કહ્યું, ''હે મુહમ્મદ ! મારું કરજ અદા નથી કરતા. ખુદાના સોગંદ ! અબ્દુલ મુત્તલિબની બધી સંતાનને હું સારી રીતે ઓળખું છું કે તેઓ પાકા હક્ક મારવાવાળા છે.'' હઝરત ઉમર رضي الله عنه એ ઝૈદ તરફ ગુસ્સાથી જોયું અને કહ્યું કે, ''હે ખુદાના દુશ્મન ! શું બકવાટ કરે છે ! ખુદાના સોગંદ ! મને (હુઝૂર ﷺ નો) ડર ન હોત તો તારી ગરદન ઉડાવી દેતો.'' માનવતાના ઉપકારક ﷺ એ હઝરત ઉમર رضي الله عنه ને સમજાવ્યા કે આવા અવસરે તમારે એ કરવું જોઈએ કે એક

૧. શુમાઈલે તિરમિઝી, પ્ર. મા-જાઅ ફી તવાઝુઅ રસૂલુલ્લાહ ﷺ. ૨. સીરતુન્નબી ﷺ. લે. શિબ્લી નો'માની, ભા-૨, પૃ. ૨૩.

બાજુ ખૂબ સારી રીતે મને કરજની ચૂકવણીની શિખામણ આપતા, બીજી બાજુ આ વ્યક્તિને ઉઘરાણી કરવાની સારી રીતની શિખામણ આપતા. પછી ફરમાવ્યું કે હવે જાઓ અને આનો હિસાબ ચૂકતે કરી દો અને ઠપકો આપવાના બદલામાં વીસ સાઅ (મદીનાનું એક પ્રચલિત માપ) ખજૂરો વધારે આપો.

આ વાસ્તવમાં ઝૈદ બિન સઅ્‌ના તરફથી નબી ﷺ ની છેલ્લી પરીક્ષા હતી. હઝરત ઉમર رضي الله عنه ને પોતાનો પરિચય આપ્યો અને તેમને પોતાના સાક્ષી બનાવીને ઇસ્લામનો સ્વીકાર કરી લીધો, અને પોતાનો અડધો માલ ઇસ્લામી સમુદાય પર સદકા (દાન) કરી દીધો. આ ઝૈદ યહૂદી મહાજનોની હરોળથી તદ્દન અલગ પોતાનું એક ઉચ્ચ સ્થાન રાખતા હતા. તેમ છતાં તેમના પ્રસંગથી એ અવશ્ય સ્પષ્ટ થઈ જાય છે કે મદીનામાં તેહરીક (આંદોલન) અને તેના લોકોની આર્થિક મુશ્કેલીઓ કેવી સંગીન હતી અને તેના આધીન દરરોજ કંઈ-ને-કંઈ કરજની ચૂકવણી કરવી પડતી હતી અને લેણદારો તરફથી સખ્તાઈઓ સહન કરવી પડતી હતી.

યહૂદીઓ અને ધનવાન મુશ્‌રિકોએ એક બાજુ તો મહાજની મોરચો ઇસ્લામી આંદોલન વિરુદ્ધ ખોલી રાખ્યો હતો, બીજી બાજુ તેઓ એક અન્ય અભિયાનમાં પણ વ્યસ્ત હતા. તે એ હતું કે લોકોને 'ઇન્ફાક ફી સબીલિલ્લાહ'થી રોકવામાં આવે, જેથી આંદોલન આર્થિક તંગીના કારણે સૂકાઈ-સૂકાઈને સમાપ્ત થઈ જાય. આ હેતુસર એક તો તેઓ ઇન્ફાક (દાન) માટે પ્રેરિત કરતી આયતોની મજાક ઊડાવતા હતા કે લો ભઈ, મુસલમાનોનો અલ્લાહ પણ દેવાળિયો થઈને કરજ માંગવા નીકળી પડ્યો છે. ક્યારેક કહેતા કે ઇસ્લામી આંદોલનના ખુદાનો હાથ બંધાયેલો છે. આ વાતો યહૂદીઓથી નીકળીને મુનાફિકોના મોઢા પર ચઢી જતી અને આખા વાતાવરણને દૂષિત કરી નાખતી. બીજી બાજુ તેઓ ઇન્ફાક કરનારાઓને મળીને કહેતા કે જુઓ, શા માટે પોતાનું ધન વેડફો છો ? મક્કાના કેટલાક કંગાળોને ખવડાવી-પીવડાવીને તમે શું પ્રાપ્ત કરશો ? પોતાના બાલ-બચ્ચાઓની સેવા કરો, વેપાર કરો. છેવટે ધન ખર્ચવાનો આ કેવો મૂર્ખામીભર્યો રસ્તો શોધી કાઢ્યો છે ? આ અભિયાન ચલાવનારા યહૂદીઓ અને મુનાફિકો જ વિશે કુર્આને કહ્યું છે કે وَيَأْمُرُونَ النَّاسَ بِالْبُخْلِ (સૂરઃ હદીદ, ૨૪) અર્થાત્ આ (યહૂદીઓ અને મુનાફિકો) લોકોને કંજૂસીની તાલીમ આપે છે. આ કંજૂસીના પ્રચારકોમાં કર્દમ બિન કૈસ (કઅબ બિન અશરફનો સાથી), ઉસામા બિન હબીબ, નાફેઅ બિન અબી નાફેઅ, બહરી બિન ઉમરૂ, હય્ય બિન અખ્તબ અને રફાઆ બિન ઝૈદ બિન તાબૂત નામાંકિત અને અગ્રેસર હતા. આ લોકો અન્સારની પાસે આવીને બેસતા અને તેમને શિખામણ આપતા હોય એ રીતે કહેતા, ''પોતાનું ધન આ રીતે ન ઉડાવો. આ જો આ રીતે જ જતું રહેશે તો અમને તમારા

કંગાળ થઈ જવાનો ભય છે. તેથી તમે (ઇસ્લામી આંદોલન પર) ખર્ચ કરવામાં આટલી રુચિ ન બતાવો. તમને કંઈ ભાન નથી કે પરિસ્થિતિ શું થઈ જશે.''(૧)

યહૂદીઓના પાંચમી કતારના કાર્યકરોમાં એ ગુસપુસ થતી હતી કે, 'રસૂલુલ્લાહ (ﷺ) ના સાથીઓ પર ધન ખર્ચ કરવાથી અટકી જાઓ, જેથી આ બધા છંટાઈ જાય.'' (કુર્આન, સૂરઃ મુનાફિકૂન, ૭)

કેટલી દૂરંદેશીભરી યોજના હતી ! અર્થાત્ એક બાજુ ઇન્ફાકની ભાવનાના સ્રોતને બંધ કરી દેવામાં આવે અને બીજી બાજુ મહાજન બનીને પોતાના 'શાયલોકી' પંજાની પકડ ઇસ્લામી આંદોલનની ગરદન પર કસવામાં આવે. યોજના સફળ થઈ જતી તો ઈમાન અને દલીલ તેમજ આચરણ અને ચરિત્રના મેદાનમાં સામનો કર્યા વગર માથા પર ઘુમરાઈ રહેલી ક્રાંતિને હરાવી શકાતી હતી. પરંતુ મામલો બુદ્ધિશાળી અને દૃષ્ટિવાન અલ્લાહ તેમજ તત્ત્વદર્શી, પ્રભુત્વશાળી અને શક્તિશાળી સત્તાવાન સાથે હતો. તેની ગહન યુક્તિઓએ સત્યના દુશ્મનોની ચાલબાજીઓને પરાજિત કરી દીધી.

આ વૃત્તાંતમાં જોવાની વસ્તુ માનવતાના ઉપકારક અને સંવર્ધન પામેલ સત્ય-આંદોલનના સૈનિકોનું એ ધૈર્યવાન ચરિત્ર છે, જે વિરોધીના અત્યાચારપૂર્ણ નીચ કૃત્યોના જવાબમાં સામે આવ્યું. માનવતાનો એ કેવો ઉચ્ચતમ્ નમૂનો હતો, જેણે નૈતિક ઊંચાઈઓનું પાલવ અત્યંત નિરાશાજનક અને પીડાદાયક પરિસ્થિતિમાં પણ હાથથી ન છોડ્યો !!

યહૂદીઓએ ઊભી કરેલ પાંચમી કતાર

માનવ-ઇતિહાસના અસંખ્ય અનુભવો એ સત્યની સાક્ષી આપે છે કે જ્યારે પણ કોઈ ભલાઈ અને કલ્યાણનું આંદોલન નિખાલસતા અને નિષ્ઠાનો આત્મા પોતાનામાં લઈને વિજયી કૂચ આદરે છે, તો તેના સામે આવનાર પ્રત્યાઘાતી શક્તિઓમાંથી એક એ હોય છે, જે આમને-સામને આવીને તેનાથી ટક્કર લે છે અને સમયની તલવાર મ્યાનમાંથી કાઢીને અંતિમ શ્વાસ સુધી સામનો કરે છે. પરંતુ એવા બગડેલા-વિકૃત તત્ત્વો, જે નૈતિક પતનના કારણે કાયરતા અને નીચતાના સ્તરે પહોંચી ગયા હોય છે, તેઓ નિફાક (દંભ અને કપટ)ના ગુપ્ત સ્થાનોમાં બેસીને છૂપાં કાવતરાઓ અને ઉપદ્રવો આચરવામાં લાગી જાય છે. મક્કાના મુશ્રિકોનું પ્રત્યાઘાતી કૃત્ય પહેલા સ્વરૂપનું હતું. પરંતુ મદીનાના યહૂદીઓ અને તેમના સાથીદારોએ બીજી પોઝીશન અપનાવી.

ઇસ્લામી આંદોલન હવે એક રાજ્યનું રૂપ ધારણ કરી ચૂક્યું હતું અને આ

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૮૮.

રાજ્ય બધાની આંખોની સામે ફૂલી-ફાલી રહ્યું હતું, અને દરેક બાજુથી જાગૃત અને સક્રિય, ગતિશીલ અને અનુશાસિત લોકોને વીણી-વીણીને પોતાની સાથે લઈ રહ્યું હતું; તેથી વિરોધી શક્તિઓ ઈર્ષ્યા અને લઘુતાગ્રંથીની ભયાનક પ્રતિક્રિયાનો ભોગ બનતી જઈ રહી હતી. પરંતુ હૃદયોમાં જે ઉકળાટ હતો તેના માટે નીકળવાનો કોઈ રસ્તો ન હતો અને પરિસ્થિતિ પર કાબૂ પ્રાપ્ત કરવાનો કોઈ ઉપાય સંભવ ન હતો. ઇસ્લામી વિચારધારાની સામે યહૂદીઓની પાસે કોઈ બુદ્ધિગમ્ય, સીધો-સાદો, પ્રજાને અપીલ કરવાવાળો અને ગતિશીલતા પ્રદાન કરનારો રચનાત્મક દૃષ્ટિકોણ ન હતો. તેમના પાસે થોડીક નિર્જીવ અને બોદી આસ્થાઓ હતી, જે ઊલટી ઇતિહાસના પ્રવાહને રોકનાર અને માનવીય પ્રકૃતિમાં જડતા પેદા કરવાવાળી હતી. તેમના પાસે ઇસ્લામી આંદોલને પેદા કરેલ નૈતિક ચરિત્રના જવાબમાં બરાબરની ટક્કર લઈ શકે એવું નૈતિક ચરિત્ર ન હતું. બલ્કે તેઓ ચરિત્રની રીતે માનવતાના ઓછામાં ઓછા અપેક્ષિત ધોરણથી પણ વધારે પતિત થઈ ગયા હતા; અને કોઈ પ્રેરકબળ બાકી બચ્યું ન હતું, જે તેમને આ અધઃપતનમાંથી બહાર કાઢી શકે. માનવતાના નવ-નિર્માણનું કુર્આની નિમંત્રણ જે નવીન મનુષ્ય બનાવીને લાવ્યું હતું, યહૂદી ધર્મનો માનવતાનો જીર્ણ-ક્ષીણ નમૂનો તેના સામે ઊભો રહેવાને પણ કાબેલ ન હતો. પ્રોપેગન્ડાના મેદાનમાં ગેરસમજો અને ધૃષ્ટતાઓના ગમે તેટલા કાળા-ઘટાટોપ વાદળો તેઓ ઊડાવતા ફરે, પરંતુ દલીલના મેદાનમાં તેઓ હાર પર હાર ખાતા જઈ રહ્યા હતા. વધુમાં, તેઓ પોતાને ગમે તે સમજતા રહ્યા, ઇતિહાસની શક્તિ ઇસ્લામી આંદોલનની સાથે હતી અને ઘટનાઓની રણભૂમિમાં યહૂદીઓ પર પ્રત્યેક ક્ષણે સજ્જડ પ્રહાર થઈ રહ્યા હતા. જમાનો તેને પાછળ છોડીને ઇસ્લામી જીવન-દૃષ્ટિકોણનો ધ્વજ લહેરાવતો આગળ-ને-આગળ ચાલતો જઈ રહ્યો હતો. રાજકીય રીતે તેઓ ઇચ્છતા હતા કે ઇસ્લામી ક્રાંતિની ધોરી નસ કાપી નાખવામાં આવે, પરંતુ સંધિઓ અને કરારોએ તેમના હાથ બાંધી રાખ્યા હતા. ઘટનાઓની આ રૂપરેખામાં ઘેરાઈને તેઓ પોતાને લાચાર અને વિવશ જોતા હતા. લાચારી અને વિવશતાની આ લાગણીએ તેમના વ્યક્તિત્વની મૂળ નબળાઈઓની સાથે મળીને કાયરતાનો રંગ અપનાવી લીધો હતો. લાચારી અને કાયરતાની સ્થિતિમાં માણસમાં સક્રિય પ્રતિસ્પર્ધાત્મક લાગણી હંમેશા ઈર્ષ્યા અને દ્વેષના માર્ગે તેને નિફાક (દંભ)ના ગુપ્ત સ્થાન સુધી લઈ જાય છે. તે વિરોધી પર સામેથી પ્રહાર કરવાને બદલે પાછળથી છાપો મારે છે. તે ખુલ્લંખુલ્લા હુમલો કરવાને બદલે ખાતર પાડવાની યોજનાઓ બનાવે છે. યહૂદીઓએ પણ આ જ કાયરતાપૂર્ણ વલણ અપનાવી લીધું.

'મુનાફિકો'ના નીચ તત્ત્વો માટે વાસ્તવિક પરિસ્થિતિએ બે પરિબળો પેદા

કરી દીધા હતા. એક તો એ જ યહૂદીઓ અને તેમના સાથીઓની દ્વેષયુક્ત બદલાની ભાવના કાર્યરત હતી અને આ ભાવનામાં પ્રત્યક્ષરૂપે હુમલો કરવાની શક્તિ ન હતી, તેથી 'નિફાક'નો છૂપો મોરચો કાર્યરત થઈ ગયો. બીજું પરિબળ એ હતું કે ઇસ્લામની વધતી શક્તિને જોઈને ઘણા લોકો પોતાનું ભાવિ બનાવવા માટે આ જ ચોર-દરવાજાથી અંદર દાખલ થવા લાગ્યા.

આ ચોર-દરવાજાનો આરંભ આમ તો યહૂદી માનસે કર્યો. તેમના મોટા-મોટા સરદારો હતા જેઓ ઇસ્લામી સમુદાયની હરોળોમાં પોતાની પ્રતિસ્પર્ધાત્મક ભાવનાઓને ઇસ્લામના છદ્મવેશમાં છુપાવીને દાખલ થવા લાગ્યા. બની કૈનુકાઅમાંથી જાણીતા હોદ્દાવાળા નીચે દર્શાવેલ મહાનુભાવો 'પાંચમી કતાર'ના રૂપે ઇસ્લામના વર્તુળમાં દાખલ થયા.

(૧) સઅદ ઇબ્ને હનીફ (૨) ઝૈદ ઇબ્ને લુસૈત (૩) નો'માન ઇબ્ને ઔફી ઇબ્ને ઉમર (૪) રાફેઅ બિન હુરૈમલા (૫) રિફાઆ બિન ઝૈદ બિન તાબૂત (૬) સિલસિલા ઇબ્ને બરહામ (૭) કિનાના ઇબ્ને સૂરિયા.

આમાંથી ઝૈદ બિન લુસૈત એ વ્યક્તિ છે, જે બની કૈનુકાઅના બજારમાં હઝરત ઉમર ﷺ થી ઝઘડી પડ્યો હતો. પછી આ જ એ હતો, જેણે રસૂલુલ્લાહ ﷺ ની ઊંટણીના ખોવાઈ જવા પર કટાક્ષ કર્યો હતો કે, ''આમ તો આકાશોના સમાચાર આપતા ફરે છે, પણ એટલી પણ ખબર નથી કે ઊંટણી અત્યારે ક્યાં છે ?'' આના જવાબમાં હુઝૂર ﷺ એ ફરમાવ્યું હતું કે, ''અલ્લાહના સોગંદ ! મારી સ્થિતિ એ છે કે હું એના સિવાય કંઈ નથી જાણતો, જે કંઈ અલ્લાહ તઆલા મને બતાવી દે અને અત્યારે અલ્લાહ તઆલાએ મને ઊંટણી વિશે માહિતી આપી દીધી છે. તદનુસાર તે એક ખીણમાં છે અને એક વૃક્ષની સાથે તેની લગામ ગૂંચવાઈ ગઈ છે.'' આમ, સાથીઓ શોધવા ગયા તો બિલકુલ એ જ વાત પોતાની આંખોથી જોઈ.

આમાંથી રાફેઅ બિન હુરૈમલાનું નિફાકમાં એટલું ઉચ્ચ સ્થાન હતું કે જે દિવસે તે મર્યો તો સ્વયં હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે, ''આજે મુનાફિકોના અગ્રેસરોમાંથી એક અગ્રેસર મરી ગયો છે.'' આવું જ સ્થાન રિફાઆ બિન ઝૈદ બિન તાબૂતનું હતું. એ રીતે બની મુસ્તલિકના યુદ્ધથી પાછા ફરતી વખતે જે ગરમ હવાનું તોફાન ઉઠ્યું અને લોકો થોડાક ગભરાઈ ગયા, તો હુઝૂર ﷺ એ સાંત્વના આપતાં ફરમાવ્યું કે આ તોફાન મુનાફિકોના એક અગ્રેસરને તેની બૂરાઈઓનો બદલો ચૂકવવા માટે ઉઠ્યું છે. લોકો મદીના પહોંચ્યા તો ખબર પડી કે રિફાઆનું પ્રાણ-પંખેરું આ જ તોફાનની લહેરોની સાથે ઊડી ગયું છે.[1]

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૭૪-૧૭૫.

રસપ્રદ હકીકત એ છે કે મુનાફિકોની પંક્તિઓમાં જેટલા પણ લોકો સામેલ થયા, બધા જ પીઢ અને સુખી-સંપન્ન લોકો હતા. તેમના સામે તેમના પોતાના હિતો અને સ્વાર્થો હતા. યુવા-શક્તિ ઇસ્લામી આંદોલનની સાથે હતી. શોધખોળ કરતાં જાણવા મળે છે કે માત્ર એક નવયુવાન પાંચમી કતારમાં મળે છે, જેનું નામ કૈસ ઇબ્ને ઉમરૂ બીન સહલ હતું.

આ ગ્રુપ આટલું જ મર્યાદિત ન હતું, બલ્કે વાસ્તવમાં આ અમુક મહાનુભાવો તો પાંચમી કતારના આગેવાનો અને સેનાપતિઓ હતા. આ લોકો પોતાના જૂથોમાં મુનાફિકોની ભરતી પણ કરતા, ઇસ્લામી સમુદાયમાંથી નબળા લોકોને શોધી-શોધીને તેમને પ્રભાવિત પણ કરતા અને તેમનો ઉપયોગ પણ કરતા. શંકા-કુશંકાઓ ફેલાવીને અને મુસલમાનોની સભાઓમાં ગંભીર મામલાઓમાં મજાક-મશ્કરી અને અપમાનના મુદ્દાઓ ઊભા કરીને વાતાવરણને દુષિત કરતા રહેતા. મસ્જિદમાં જઈને બધી મહત્ત્વની વાતચીતો સાંભળતા અને પછી આવીને પોતાની સભાઓમાં રીપોર્ટ કરતા. રાત્રે કાવતરાઓ ઘડવાની સભાઓમાં દુષ્ટતાઓ આચરવાની નવી યોજનાઓ બનાવતા અને નવી-નવી પદ્ધતિઓથી તેને અમલમાં મૂકતા. આમ તો પોતાના રંગ-ઢંગના કારણે નિફાકથી ઉદ્ભવેલ આ કઢંગા ચરિત્રને નબી અકરમ ﷺ અને મુસલમાનોની નજરો ઓળખી જતી હતી અને તેના સાથે-સાથે દરેક તબક્કે અલ્લાહની વહીનો પ્રકાશ તેમના વિચારો, તેમના કૃત્યો અને તેમની કાર્યવાહીઓ તેમજ ષડયંત્રો, બલ્કે તેમના ગુનાહિત અંતરાત્માની ખાસ-ખાસ નિશાનીઓને સ્પષ્ટ કરતી રહેતી હતી, તેમ છતાં એક પ્રસંગે મસ્જિદે નબવી ﷺ માં આ મુનાફિકોના અગ્રેસરોના કૃત્યો અસહ્ય બની ગયા, જાહેર સભામાં આ આખી ટોળી તદ્દન અલગ જૂથ બનાવીને બેસી હતી, અને પોતાની જગ્યાએ અલગ ગુસપુસ કરી રહી હતી. આ દૃશ્ય જોઈને સરવરે આલમ ﷺ એ તેમને મસ્જિદમાંથી બહાર નીકળી જવાનો આદેશ આપ્યો. કેટલાક મહાનુભાવો તો એટલા હઠાગ્રહી હતા કે તેમને 'ટાંગાટોળી' કરીને બહાર કાઢવામાં આવ્યા.

પરંતુ નિફાકના આ અગ્રેસરોનું પોતાનું મુખ્ય નેતૃત્વ અબ્દુલ્લાહ બિન ઉબ્બીની 'મહાન જાત'માં કેન્દ્રીત હતું. આ વ્યક્તિ, જે 'ઇફ્ક'ની ઘટનામાં ઉપદ્રવના દારૂગોળાને પલીતો ચાંપનાર નાયક હતો, તેની નસે-નસમાં ઇસ્લામી ક્રાંતિ વિરુદ્ધ દ્વેષ અને ઈર્ષ્યાનો લાવારસ ઉકળી રહ્યો હતો. આ અસાધ્ય દ્વેષ અને ઈર્ષ્યાનું મૂળ કારણ શું હતું ? તે ઉસૈદ બિન ઉઝૈર رضي الله عنه ના મોઢેથી સાંભળો, જેમણે બની અબ્દુલ મુસ્તાલિકના યુદ્ધના પ્રસંગે અબ્દુલ્લાહ બિન ઉબ્બીની એક દુષ્ટતા વિશે સમીક્ષા કરતાં માનવતાના વડા સામે સવિનય કહ્યું :—

"હે રસૂલુલ્લાહ ﷺ ! આ વ્યક્તિની (ઘવાયેલી લાગણીઓને) ધ્યાનમાં લેજો. મદીનામાં જ્યારે આપનું આગમન થયું હતું, તે વખતે અમે તેને બાદશાહના હોદ્દા પર બેસાડવાની સંપૂર્ણ તૈયારીઓ કરી ચૂક્યા હતા અને તેના માટે તાજ તૈયાર થઈ રહ્યો હતો. આપના આગમનથી તેનો બન્યો-બનાવેલ ખેલ બગડી ગયો. બિચારો એનો જ બળાપો કાઢી રહ્યો છે." (તફહીમુલ કુર્આન, સૂરઃ નૂરની પ્રસ્તાવના)

જે લોકોના બન્યા-બનાવેલા ખેલ કોઈ આહવાન્ કે આંદોલનના હાથે બગડી જાય છે અને જેના હિતો અને સ્વાર્થની સીડી એવી ક્ષણે તૂટી જાય છે કે સામે બે-ચાર હાથ દૂર જ કિનારો હોય છે, તેઓ પછી પોતાના મનમાં ઝેર ભરીને આંખું જીવન આકુળ-વ્યાકૂળ રહે છે. આવા પરાજિત પ્રતિસ્પર્ધી ક્યારેય માફ નથી કરતા. ઇસ્લામ વિશે આ જ દુર્ભાવ હતો, જેમાં પ્રથમ દિવસથી અબ્દુલ્લાહ બિન ઉબ્બી ગ્રસ્ત થઈ ગયો હતો અને મૃત્યુ-પર્યંત એમાં જ ગ્રસ્ત રહ્યો. શરૂ-શરૂમાં ઇસ્લામ લઈ આવ્યો, જેથી આ નવી શક્તિની વ્યવસ્થાના અંદર પોતાનું સ્થાન બનાવી શકે, અને પછી તેના અંદરથી એક-એક ડગલું ઉપર ઉઠીને નેતૃત્વ અને સત્તાના શિખર સુધી પહોંચી શકે. પરંતુ આ વ્યવસ્થાની અંદરથી તો જે તરફ પણ કોઈ રસ્તો જતો હતો, તે ઈમાન અને આચરણના બળે નક્કી થઈ શકતો હતો. તેથી અબ્દુલ્લાહ બિન ઉબ્બી માટે નિફાક સિવાય કોઈ અન્ય સ્થાન ન હતું. આ નિફાક છૂપો રહ્યો, પણ એક દિવસે અચાનક તેના હૃદયનો સડો ફાટી ગયો અને ગંદુ દુર્ગંધ મારતું પરૂ વહેવા લાગ્યું.

થયું એ કે હુઝૂરે પાક ﷺ સઅદ બિન ઉબાદા رضي الله عنه બીમાર હોવાથી તેમની ખબર કાઢવા ગયા. હુઝૂર ﷺ ગધેડા પર સવાર હતા અને પોતાની પાછળ આપ ﷺ એ ઉસામા બિન ઝૈદ બિન હારિસા رضي الله عنه ને બેસાડી લીધા. આ જ ઉસામા رضي الله عنه બતાવે છે કે રસ્તામાં એક ઠેકાણે અબ્દુલ્લાહ બિન ઉબ્બી મંડળી જમાવીને બેસ્યો હતો. તેના આસપાસ કબીલાના લોકો ગોળ ફરતે બેસેલા હતા. સરવરે આલમ ﷺ ત્યાંથી પસાર થયા, તો તેને ખરાબ લાગ્યું અને મોઢું ફેરવી લીધું. હુઝૂર ﷺ નજીક પહોંચ્યા તો સલામ કર્યો. પછી થોડી વાર માટે થોભ્યા અને કુર્આનનો થોડોક ભાગ પઢ્યો અને અલ્લાહ તરફ આમંત્રણ આપ્યું. અલ્લાહની યાદ અપાવી અને તેના પ્રકોપથી ડરાવ્યો. ઉસામા رضي الله عنه કહે છે કે અબ્દુલ્લાહ બિન ઉબ્બી અચંભિત થઈને બેસી રહ્યો અને કોઈ વાત ન કરી, પરંતુ જ્યારે હુઝૂર ﷺ વાત પૂરી કરીને ત્યાંથી જવા લાગ્યા, તો ખૂબ ધૃષ્ટતાપૂર્વક અને બજારૂ રીતે મોઢું ફાડીને કહ્યું કે, "હે ફલાણા ! વાત કરવાની તારી આ રીત બરાબર નથી – તારા ઘરમાં બેસ અને જે

કોઈ તારા પાસે આવે, તું બસ તેને તારી વાત સંભળાવવાનું રાખ — અને જે કોઈ તારા પાસે ન આવે તેને હેરાન ન કર અને તેના ઘરમાં આવીને એવો સંદેશો ન સંભળાવ જે તેને પસંદ ન હોય." જુઓ આ શબ્દોને ! પારખો આ કહેવાની રીતને ! એક-એક શબ્દ ઝેરમાં બોળેલો છે અને અક્ષરે-અક્ષરથી દુર્ગંધ મારી રહી છે. કેવાં હૃદયમાં ભોંકાતા વાક્યો છે ! કેવી ઉત્પ્રેરિત કરનારી ભાવનાઓ છે !

વાસ્તવમાં આ અબ્દુલ્લાહ બિન ઉબ્બી બોલી રહ્યો ન હતો, આ અજ્ઞાનતાનો સમાપ્ત થઈ રહેલ યુગ હતો, જે આવનાર શાંતિ અને સલામતીના યુગ વિરુદ્ધ હૃદયનો બળાપો કાઢી રહ્યો હતો !

અને, હુઝૂર ﷺ એ પોતાના સ્થાનના ઉચ્ચ શિખરેથી અધઃપતનની આ બકવાટને સાંભળી —— આ નેક સ્વભાવ હસ્તીને ગુસ્સાને બદલે ખરેખર દયા જ આવી હશે !!

સભામાં અબ્દુલ્લાહ બિન રવાહા પણ હાજર હતા, જેઓ મુસ્લિમ સમુદાયના સભ્ય હતા. તેમના સ્વાભિમાને પોતાનું કર્તવ્ય નિભાવ્યું અને તેમણે મહા-મુનાફિકને તાડૂકીને જવાબ આપ્યો, "હુઝૂર ﷺ શા માટે ન આવે ? અમે આપને ચાહીએ છીએ, આપ અમારા ઘરોમાં અને અમારી સભાઓમાં આવશે, અમે આપને પ્રેમ કરીએ છીએ અને આપના માધ્યમથી જ અલ્લાહ તઆલાએ અમને ઉન્નતિ પ્રદાન કરી અને આપના માધ્યમથી જ માર્ગદર્શન પ્રદાન કર્યું છે."

આ અનુભવમાંથી પસાર થયા પછી માનવતાના નાયક ﷺ સઅદ બિન ઉબાદાના ત્યાં પહોંચ્યા. ચહેરાનો એક ખાસ રંગ જોઈને પૂછપરછ કરી. આપ ﷺ એ ઘટનાનું વર્ણન કર્યું. સઅદ رضي الله عنه એ પણ એ જ ઘટનાત્મક પશ્ચાદભૂમિનું વર્ણન કર્યું કે અલ્લાહ આપ ﷺ ને મદીના લઈ આવ્યો, નહિં તો અમે તેના માટે તાજ તૈયાર કરાવી રહ્યા હતા. આપ ﷺ એ તો આવીને તેના બાદશાહ બનવાના સપનાને ચૂર-ચૂર કરી નાખ્યું. હેતુ એ હતો કે તેની આ પ્રતિક્રિયા સ્વાભાવિક હતી. તેને જરા પણ મહત્ત્વ ન આપવું જોઈએ.

આ વ્યક્તિ નિફાકના સમગ્ર નાટકનો મુખ્ય હીરો બનીને ઇતિહાસના સ્ટેજ પર કામ કરતો રહ્યો ! સૌથી આગળ આ હતો, તેના પાછળ મોટા-મોટા યહૂદી આગેવાનો હતા. તેમના પાછળ સમજી-વિચારીને નિફાક (દંભ)ની રમત રમનારા લોકો હતા. તેમના પાછળ અધકચરા અને અધીરા-ઉતાવળિયા મુસલમાનો હતા અને સૌથી છેલ્લે અજ્ઞાની અને નાસમજ બદુઓ (આરબ ગ્રામવાસીઓ) હતા. ઈસ્લામી આંદોલનના વિરુદ્ધ જે પણ પ્રત્યાઘાત સામે આવતો હતો, તેમાં ઓછા-વત્તા અંશે આ વિભિન્ન તત્ત્વોની ભૂમિકા રહેતી હતી.

મદીનામાં મુસ્લિમ સમુદાયે જે-જે વિરોધો અને અવરોધોનો સામનો કર્યો અને સરવરે આલમ ﷺ ને જે-જે દુષ્ટતાઓના તોફાની પ્રવાહને સહન કરવો પડ્યો, એ બધામાં યહૂદીઓના પ્રભાવ હેઠળ નિફાકની આ ઉપદ્રવી શક્તિનો મોટો હિસ્સો સામેલ રહ્યો છે. વિરોધના તમામ મોરચે અંકૂશ જો કે યહૂદીઓનો રહ્યો, પરંતુ જેટલા પણ નકારાત્મક ઉપદ્રવો માનવતાના ઉપકારક ﷺ નો માર્ગ અવરોધવા માટે ઉઠ્યા, તેમાં વ્યવહારિકરૂપે મોટો ભાગ નિફાકના રોગીઓનો હતો, જેઓ યહૂદીઓનું હથિયાર બનીને કામ કરી રહ્યા હતા.

ઉપદ્રવી દુષ્પ્રચારનો મોરચો

જડતાવાદી ઉપદ્રવી તત્ત્વો જ્યારે કોઈ સુધારણા અને નિર્માણના આંદોલનનો સામનો કરે છે, તો પછી સંપૂર્ણપણે શાંતિના ધ્વજવાહકોના પાછળ પડી જાય છે. પોતે તો કંઈ કરતા નથી તેમજ ખુદા અને ખલ્ક (બંદાઓ) તરફથી કોઈપણ પ્રકારની જવાબદારીઓ એમને સ્વીકાર્ય નથી હોતી. તેથી બધી અક્કલ અને હોંશિયારીઓ તેમજ શક્તિઓ સરળતાથી નકારાત્મક પ્રવૃત્તિઓમાં લગાવી દેવામાં આવે છે. આ તત્ત્વો ટોળું બનીને સુધારણા અને નિર્માણના આવાહકોને ચારે તરફથી ઘેરી લે છે. દૂરબીનો અને સૂક્ષ્મદર્શક યંત્રો લાગી જાય છે તથા માપદંડો અને સાધનોને કામે લગાડી દેવામાં આવે છે. પળેપળ દરેક વાતનું અવલોકન થાય છે, એક-એક ઘટનાની ઊંડી સમીક્ષા કરવામાં આવે છે. પ્રત્યેક મામલાનું પોસ્ટમોર્ટમ થાય છે. કોઈ વાંધો આ બાજુથી કાઢવામાં આવે છે; કોઈ વિકૃતિ બીજી બાજુથી શોધી કાઢવામાં આવે છે, અને પછી ઢંઢેરો પીટી-પીટીને એલાન કરવામાં આવે છે કે લોકો ! જુઓ આ પથભ્રષ્ટતા છે, આ કુફ્ર છે, આ પૂર્વજોની દુશ્મની છે, આ વડીલોનું અપમાન છે, આ આગેવાનો પર ટીકા છે. આમ, આંધળા વિરોધના નશામાં બહેકીને જ્યારે કોઈ ભલા માણસ અને તેના માનવતાને લાભદાયી કાર્યોને નુકસાન પહોંચાડવાનો હેતુ હોય છે, તો પછી એક તરફ સારામાં સારી વાતની અંદરથી કીડાઓ કાઢીને બતાવવામાં આવે છે, અને બીજી તરફ આ કામ કરનારાઓથી સહેજ પણ ચૂક થઈ જાય તો વાતનું વતેસર કરીને પ્રજામતનું તોફાન ઊભું કરી દેવામાં આવે છે. સૌથી સારા સોનેરી અવસરો વિધ્વંસક તત્ત્વો માટે એ હોય છે, જ્યારે કોઈ વાત કે ઘટના સામાન્ય લોકોના ખોટા અંધવિશ્વાસો અને ખોટી માન્યતાઓ તથા પ્રચલિત પ્રથાઓ વિરુદ્ધ બને —— ચાહે તે સ્વયં ગમે તેટલી સાચી, યથાર્થ અને કલ્યાણકારી કેમ ન હોય ! એ દેખીતું છે કે સુધારણા અને નિર્માણના ક્રાંતિકારી આંદોલનોએ પ્રજામાં પ્રચલિત ઘણી પ્રથાઓની મૂર્તિઓને તોડવાની હોય છે, તેથી વિરોધી પ્રોપેગન્ડા

માટે નીત-નવા વિષયો પેદા થતા રહે છે. આ જ પરિસ્થિતિનો હુઝૂર અકરમ ﷺ અને આપ ﷺ ના સાથીઓને યહૂદીઓ તરફથી સામનો હતો. સવાર-સાંજ કોઈ-ને-કોઈ તોફાન ઊભું થતું રહેતું અને કોઈ-ને-કોઈ જાહેરાતબાજી થતી રહેતી.

હોદ્દાની લાલચનો આરોપ

કોઈ સત્યના ધ્વજવાહકની નિષ્ઠા અને પ્રમાણિકતાના પાલવ પર મનેચ્છા અને સ્વાર્થનો કલંકિત ધબ્બો પાડવા માટે વિરોધીઓએ દરેક યુગમાં એક આરોપ એ મૂક્યો છે કે આ વ્યક્તિ કંઈક બનવા માંગે છે, કોઈ હોદ્દો પ્રાપ્ત કરવા ચાહે છે, પોતાનું કોઈ સ્થાન ઊભું કરવા ઇચ્છે છે. હઝરત મૂસા અને હારૂન عليهما السلام વિરુદ્ધ આ જ દુષ્પ્રચાર કરવામાં આવ્યો કે આ લોકો પોતાની સત્તા જમાવવા માગે છે. હઝરત ઈસા عليه السلام વિરુદ્ધ હોબાળો કરવામાં આવ્યો કે આ સાહેબ તો યહૂદીઓના બાદશાહ બનવાનું સપનું જોઈ રહ્યા છે. એ જ રીતે નજરાનના પ્રતિનિધિ-મંડળના આગમન વખતે હુઝૂર અકરમ ﷺ વિરુદ્ધ યહૂદીઓએ એક પ્રોપેગન્ડા એ પણ કર્યો કે આ બધી દોડધૂપ તો બસ એ આશયથી છે કે જે સ્થાન હઝરત ઈસા عليه السلام નું ચાલતું આવી રહ્યું છે, તે આપ ﷺ ના કબજામાં આવી જાય, તથા ઈસાઈઓ અને અન્ય લોકોને ધીમે-ધીમે ઘેરીને પોતાની પૂજામાં લગાવી દેવામાં આવે. વિચાર કરો, હુઝૂર ﷺ એ આ પ્રકારનો ક્યારેય કોઈ દાવો નહોતો કર્યો. આવા હોદ્દાની અભિલાષાનો સંકેત સુદ્ધાં નહોતો આપ્યો. તેમ છતાં વિરોધી શક્તિઓએ પોતે જ, પોતાના મનથી એક ભારે વાત ઘડી લીધી અને પોતાની જગ્યાએ નક્કી કરી લીધું કે મુહમ્મદ (ﷺ) નો ઉદ્દેશ્ય તો એ છે કે 'ઈસા' બનીને પૂજા કરાવડાવે. ભલે દાવો નથી કર્યો, દિલમાં તો તેનો જ ઇરાદો છે. હજુ આ ઇરાદો સામે નથી આવ્યો, તો શું થયું. ચિહ્નો બતાવી રહ્યા છે કે ગમે ત્યારે એ સામે આવીને રહેશે.

નજરાનના પ્રતિનિધિ-મંડળના સભ્યોના કાન આવી નિરર્થક વાતોથી ભરાઈ ગયા હશે, ત્યારે તો આ પ્રતિનિધિ-મંડળના એક સભ્ય અબૂ નાફેઅ કુરઝીએ આ પ્રશ્ન હુઝૂર ﷺ ને ચોખ્ખા શબ્દોમાં કર્યો કે, ''શું તમે અમારાથી એવું ઇચ્છો છો કે અમે તમારી એ રીતે પૂજા કરીએ, જે રીતે નસારા (ખ્રિસ્તીઓ) ઈસા (عليه السلام)ની પૂજા કરે છે ?'' પ્રતિનિધિ-મંડળના એક અન્ય સભ્ય અર્રિબ્બુયુસે (અથવા અર્રિસે કે અર્રઈસે) પણ પૂછ્યું કે, ''હે મુહમ્મદ (ﷺ) ! શું તમે અમારાથી આ જ ઇચ્છો છો અને તેનું જ આમંત્રણ આપો છો ?'' આપ ﷺ એ જવાબ આપ્યો, ''અલ્લાહનું શરણ, એ વાતથી કે હું અલ્લાહ સિવાય કોઈ અન્યની બંદગી કરૂં અથવા તેના સિવાય અન્ય કોઈની બંદગીનું આમંત્રણ આપું. બસ, મને અલ્લાહે આ ઉદ્દેશ્ય માટે

નથી મોકલ્યો અને ન મને આનો આદેશ આપવામાં આવ્યો છે."(૧) કુર્આન પણ આ પ્રસંગે પોકારી ઉઠ્યું કે કોઈ મનુષ્યનું એ કામ નથી કે અલ્લાહ તેને ગ્રંથ અને હિકમત (તત્ત્વદર્શિતા) અને નુબૂવ્વત (પયગંબરી)થી નવાજે, તો પછી તે લોકોને એમ કહે કે અલ્લાહના બદલે મારા બંદા બની જાઓ.

પ્રચલિત ધાર્મિક પ્રતીકોના અનાદરનો આરોપ

માનવતાના નાયક હઝરત મુહમ્મદ ﷺ હિજરત કરીને ચાલ્યા ગયા એ વાત પર મક્કામાં બદલાની ભાવના ફરી સળવળવા લાગી હતી અને નિરંતર સૈનિક કાર્યવાહી અંગે વિચાર કરવામાં આવી રહ્યો હતો. તેમના જાસૂસો મદીનાના આસપાસ ફરતા હતા. તેમનો ગુપ્ત સંદેશ-વ્યવહાર મદીનાના યહૂદીઓ સાથે શરૂ થઈ ચૂક્યો હતો અને તેમની લશ્કરી ટુકડીઓ સમયાંતરે ઇસ્લામી રાજ્યની સરહદો સુધી પહોંચવા લાગી હતી. તેના જવાબમાં ઇસ્લામી રાજ્યએ પણ પોતાનું ચોકી-પહેરાનું તંત્ર ગોઠવી દીધું. સૈનિક અને બિનસૈનિક ટુકડીઓ ગસ્ત કરવા નીકળતી અને કુરૈશના જાસૂસો અને લશ્કરી ટુકડીઓની હિલચાલ પર નજર રાખતી. મદીના પોતાની આ હિલચાલ દ્વારા કુરૈશને એક બાજુ એ પ્રતીત કરાવવા માગતું હતું કે અમે ઊંઘી નથી રહ્યા અને તેના સાથે એ ડર બતાવવાનો હેતુ પણ હતો કે જો તમે શાંતિના વાતાવરણને ડહોળ્યું તો પછી તમારા વેપારી કાફલાઓ માટે આ રાજમાર્ગ બંધ થઈ જશે.

આ જ ચોકી-પહેરાની વ્યવસ્થા હેઠળ રજબ હિ. ૨ માં આઠ વ્યક્તિઓની એક ટુકડી કુરૈશની હિલચાલ અને તેમની આગામી યોજનાઓની બાતમી લેવા માટે માનવતાના નાયક હઝરત મુહમ્મદ ﷺ એ રવાના કરી. આ ટુકડીને કોઈ સૈનિક કાર્યવાહી કરવાનો અધિકાર ન હતો, પરંતુ તેમની અથડામણ કુરૈશના એક નાના કુરૈશી વેપારી કાફલા સાથે થઈ, તો આ અથડામણથી પારસ્પારિક માનસિક તણાવ એ હદ સુધી જઈ પહોંચ્યો કે ઇસ્લામી રાજ્યની ટુકડીએ હુમલો કરીને એક વ્યક્તિને મારી નાખ્યો. બાકીને પકડીને માલ-સામાન સહિત મદીના લઈ આવ્યા. આ ઘટના રજબ મહિનાના અંત અને શાબાન મહિનાના આરંભની વચ્ચેના કોઈક સમયે બની હતી, તેથી અનિશ્ચિતતા અને સંદિગ્ધતાના આ અવસરથી ફાયદો ઉઠાવીને એક તરફ મક્કાના મુશ્રિકોએ અને બીજી તરફ મદીનાના યહૂદીઓ અને મુનાફિકોએ દુષ્પ્રચારનું તોફાન ઊભું કરી દીધું. તેમણે આ ઘટનાને સંપૂર્ણપણે શાબાનથી જોડીને લોકોને ઉશ્કેરવા માટે પૂરેપૂરું જોર લગાવી દીધું. તેઓ કહેતા ફરતા કે, "આ લોકો મોટા અલ્લાહવાળા બનીને નીકળ્યા છે અને હાલત એ છે કે હરામ (પ્રતિષ્ઠિત)

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૮૧.

મહિના સુદ્ધાંમાં રક્તપાત કરવાથી નથી ચૂકતા.''[1] આ દુષ્પ્રચારનું પરિણામ મુસલમાનોના પક્ષમાં ખૂબ હાનિકારક હતું. આ નાનકડી નવોદિત શક્તિ, જે ચારે તરફથી દુશ્મનો અને જોખમોમાં ઘેરાયેલી હતી અને જેના માટે કોઈપણ વ્યક્તિ અને ગમે તે સમૂહની હિમાયત ખૂબ કીમતી હતી, તેના વિશે આરબ પ્રદેશમાં આ વાતનું ફેલાઈ જવું કે તે હરામ મહિનાઓનું સન્માન સમાપ્ત કરી રહી છે, – જ્યારે કે આ હુરમત પર જ આરબ પ્રદેશની ધાર્મિક અને આર્થિક વ્યવસ્થાનો આધાર હતો – તેના હિમાયત કરનારાઓને તેનાથી કાપીને તેના વિરોધીઓમાં ધકેલી દેનાર હતી. વધુમાં, આ મામલાનો સંબંધ લોકોની સંવેદનશીલ ધાર્મિક ભાવનાઓથી હતો, તેથી તે ઉત્પ્રેરિત કરનાર પણ હતો. વિશેષરૂપે આ દુષ્પ્રચાર મુસલમાનોની ખુદાતરસી (ઈશનિષ્ઠા) અને દીનદારી (ધાર્મિકતા) અને નૈતિક રીતે તેમની કર્તવ્યપરાયણતા પર એક કારમા પ્રહારની હેસિયત ધરાવતો હતો.

'નખલા'નો આ એક બનાવ એક કારણથી સ્વયં ઇસ્લામી રાજ્યની નજરમાં અપ્રિય ઠર્યો. હુઝૂર અકરમ ﷺ એ આ ટુકડીને કોઈપણ પ્રકારની અથડામણની અનુમતિ આપી ન હતી. કોઈ પ્રકારના કાયદેસરના અધિકાર વગર આ ટુકડીએ એક એવું પગલું ભરી લીધું, જે ઇસ્લામી રાજ્યના એ આખા આયોજનને પ્રભાવિત કરનાર હતું, જે સુરક્ષા અને ચોકી-પહેરાના હેતુથી વિચારવામાં આવ્યું હતું, અને તદનુસાર ખૂબ સાવધાનીપૂર્વક દરેક કાર્યવાહી કરવામાં આવી રહી હતી. હવે નખલાની દુર્ઘટના મૂળથી અનિયમિત અને ગેરકાનૂની કાર્યવાહી હતી, તેથી હુઝૂર ﷺ એ સંબંધિત વ્યક્તિઓની કડક પૂછપરછ કરી અને તેમના સામે પગલા લીધાં, અને પકડવામાં આવેલ યુદ્ધ-કેદીઓનો સ્વીકાર કરવાથી અને તેમનો માલ-સામાન બૈતુલ-માલ (રાજ્ય-કોષ)માં દાખલ કરવાનો ઇન્કાર કરી દીધો.

ઇસ્લામી રાજ્યએ પોતાની વ્યવસ્થા હેઠળ આ અનિયમિતતા પર જે કાર્યવાહી ઉચિત હતી, તે તો પોતાની જગ્યાએ કરી દીધી, પરંતુ વિરોધીએ ઉપદ્રવી દુષ્પ્રચારનું જે તોફાન ઊભું કરી દીધું હતું તેનો સામનો વધારે મજબૂત, દલીલસભર અને નૈતિક રીતે પ્રભાવી સાફ-સુથરા પ્રચારથી કર્યો. સ્વયં અલ્લાહ તઆલાએ વહી દ્વારા આનો જવાબ સરવરે આલમ ﷺ ના મોઢેથી આ શબ્દોમાં અપાવડાવ્યો કે :–

> ''લોકો પૂછે છે કે હરામ મહિનાઓમાં લડવું કેવું છે? હે પયગંબર ! કહો કે એમાં લડવું ખૂબ જ ખરાબ છે, પણ અલ્લાહના માર્ગથી લોકોને રોકવું અને અલ્લાહથી કુફ્ર કરવું અને મસ્જિદે-હરામ

૧. તફહીમુલ કુર્આન, ભા-૧, પૃ. ૧૬૫.

(કાબા)નો રસ્તો ખુદાપરસ્તો (ઈશનિષ્ઠો) માટે બંધ કરવો, હરમના રહેવાસીઓને ત્યાંથી કાઢી મૂકવા અલ્લાહના નજીક તેનાથી પણ વધારે ખરાબ છે ! — અને ફિત્નો (ઉપદ્રવ) રક્તપાતથી વધારે ગંભીર છે.'' (સૂરઃ બકરહ, ૨૧૭)

સ્પષ્ટ ખ્યાલ આવે છે કે આંદોલનના વિરોધીઓના આ તોફાની દુષ્પ્રચારથી જે ઇસ્લામી સમુદાયના સભ્યો પ્રભાવિત થયા અને પરેશાનીમાં મૂકાઈને તેમણે પ્રશ્નો કર્યા કે હરામ મહિનામાં સૈનિક કાર્યવાહીઓ કરવી ઇસ્લામી દૃષ્ટિકોણમાં શું હેસિયત ધરાવે છે ? જે લોકો પર નેકી અને સુલેહની એક અસંતુલિત કલ્પના છવાયેલ હતી અને જેઓ આ વિરોધથી થોડાક ગભરાઈ ગયા હતા, તેમને વિશેષરૂપે ચિંતા થવા લાગી હતી કે ક્યાંક દીન (ધર્મ)નો આત્મા અને તકવા (ધર્મનિષ્ઠા અને સંયમ)નું સત્ત્વ અને તત્ત્વ હાથથી છૂટી તો નથી રહ્યા ને ! અને, ક્યાંક આપણે રાજકીય માનસિકતા હેઠળ પોતાના મૂળ ઉદ્દેશ્યથી દૂર જઈને સામાન્ય લોકોને સ્વયં જ દૂર તો નથી ધકેલી રહ્યા ને ! તેથી આવા લોકોની પરેશાની અને મુંઝવણ અસાધારણ સ્વરૂપની હતી. તેમના હૃદયનો વિશ્વાસ તૂટતો જઈ રહ્યો હતો. તેથી તેઓ વિશેષરૂપે આ મામલામાં સંતોષ પ્રાપ્ત કરવા માગતા હતા. પ્રશ્નોની પાછળ આ માનસિકતા ખાસ પ્રેરકબળ હતી. તેને સામે રાખીને આંદોલનના દુશ્મનોને જોરદાર જવાબ આપવામાં આવ્યો. ફરમાવવામાં આવ્યું કે મક્કાના મુશ્રિકો, જેઓ પોતે તો અલ્લાહના માર્ગથી રોકવા અને અલ્લાહથી કુફ્ર કરવા અને હરમના દર્શનાર્થીઓનો માર્ગ અવરોધવા અને હરમના રહેવાસીઓને હરમની સીમાઓમાંથી હેરાન કરીને બહાર કાઢી મૂકવાના ગુનેગાર છે. હવે તેઓ હરામ મહિનાની હુરમત (પ્રતિષ્ઠા)ના રક્ષક બનીને કયા મોઢે મેદાનમાં આવી રહ્યા છે. આમાં યહૂદીઓ અને મુનાફિકો માટે એ સંદેશ છુપાયેલો હતો કે તમે જે મક્કાવાસીઓના આ બધા અત્યાચારો અને ધાર્મિક પ્રતીકોની પ્રતિષ્ઠાને તોડી નાખનારી કાર્યવાહીઓ વખતે મોઢામાં મગ ભરી લો છો, અને આજે પણ તમને આ અંગે કોઈ લાગણી નથી, ત્યારે નખલાની ઘટનાના સંદર્ભમાં મુસલમાનોની એક આકસ્મિક કાર્યવાહી પર શા માટે પ્રતીકોના રક્ષક બનીને ઊભા થઈ ગયા છો, જેના માટે રાજ્ય તરફથી વિધિસર પરવાનગી આપવામાં નહોતી આવી, બલ્કે અમુક લોકોની અણસમજથી એક પગલું ભરાઈ ગયું ! આમ, આના પરિણામોનો સ્વીકાર કરવાથી રાજ્યના વડાએ ઇન્કાર કરી દીધો અને સંબંધિત વ્યક્તિઓ સામે કઠોર પગલા પણ ભરવામાં આવ્યા.

આ ઘટનાના ઐતિહાસિક દર્પણમાં જોઈ શકાય છે કે સત્યવાદીઓના દુશ્મનો કેવી રીતે ઘાત લગાવીને બેસ્યા રહે છે કે ક્યાંકથી તેમને કોઈ બાકોરું મળે અને તેઓ

ત્યાંથી હુમલો કરી દે, અને કામ કરનારાઓથી ક્યાંક કોઈ ચૂક અને નિષ્કાળજી થઈ જાય અને તેઓ તરત જ તેને આખી દુનિયામાં પોતાની નોંધોની સાથે ઉછાળી દે.

જ્યાં પ્રત્યેક ક્ષણ, દરેક મામલામાં આ પ્રકારે ગેરસમજો, દુર્ભાવનાઓ અને ઉશ્કેરણીઓના તોફાન ઉઠાવવામાં આવી રહ્યા હશે, ત્યાં અનુમાન કરી શકાય છે કે દુશ્મનોમાં ઘેરાયેલ નાનું-સરખુ રાજ્ય અને તેને અસ્તિત્વમાં લાવનાર ક્રાંતિકારી આંદોલન અને આ માનવ-કલ્યાણના આંદોલનના નાયક હઝરત મુહમ્મદ ﷺ પર શું વીતતું હશે ? શંકા-કુશંકાઓ, ધૃષ્ટતાપૂર્ણ વાંધાઓ અને કાર્યકરોને માનસિક રીતે મૂંઝવી નાખનારાં પ્રશ્નો વાતાવરણમાં વરસાદી જીવડાઓની જેમ ઊડતા ફરતા હશે અને જમીન પર વરસાદના કીડાઓની જેમ દરેક બાજુ ઘસડાતા જોવા મળતા હશે, પરંતુ જીવડાઓ અને કીડાઓના હલન-ચલન અને હરકતોને ક્યારેય કોઈ સૈદ્ધાંતિક અને ચરિત્રવાન શક્તિની વિજયી કૂચને રોકવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી.

દીન (ધર્મ)ના પરદામાં મનેચ્છાનો આરોપ

અમે એ દર્શાવી ચૂક્યા છીએ કે ઇસ્લામે લાગુ કરેલ સુધારાઓમાંથી દરેક પર યહૂદી ધાર્મિક વિદ્વાનો અને ધર્માદેશ આપનારાઓએ અનુચિત અને મૂર્ખામીભર્યા ઉપદ્રવો મચાવ્યા હતા. ખૂબ મોટો સુધારો દત્તક પુત્રના સ્થાન અને અધિકારોના સંદર્ભમાં લાગુ કરવામાં આવ્યો. તદનુસાર તેના પર વિરોધી દુષ્પ્રચારનું તોફાન પણ જોરશોરથી ઊભું કરવામાં આવ્યું.

એક મહત્ત્વની ઐતિહાસિક પરંપરા અગાઉના ધાર્મિક અને સામાજિક ધારણાઓ અનુસાર એ ચાલતી આવી રહી હતી કે 'મુતબન્ના' (દત્તક પુત્ર)ની તલાકશુદા પત્નીથી સગી પુત્રવધુની જેમ લગ્ન કરવું પ્રતિબંધિત છે. આ પરંપરાને સમાપ્ત કરવા માટે અલ્લાહની મરજીએ ઘટનાઓને ખૂબ અનોખી રીતે ઓપ આપ્યો, અને પછી એક ક્રાંતિકારી પરિણામ સુધી પહોંચાડી. થયું એમ કે હઝરત ઝૈદ ؓ, જે દસ વર્ષની વયે ગુલામ બનીને વેચાયા હતા અને જેમને હુઝૂર અકરમ ﷺ એ ખરીદીને પોતાના વાત્સલ્યની છત્રછાયામાં લઈ લીધા હતા. તેઓ હુઝૂર ﷺ ના ઘરમાં દત્તક પુત્રની હેસિયત ધરાવતા હતા. પાછળથી હઝરત ઝૈદના પિતા અને ભાઈ તેમને લેવા માટે આવ્યા અને હુઝૂર ﷺ એ અનુમતિ પણ આપી કે ચાહો તો જઈ શકો છો, પરંતુ હઝરત ઝૈદ ؓ ને આપ ﷺ સાથે એટલો ગાઢ પ્રેમ થઈ ગયો હતો કે આ સંબંધ તૂટે એ તેમને પસંદ ન પડ્યું. મૂળ તેઓ આરબ કુલીન પરિવારમાંથી હતા. તેથી મક્કાના અમુક વડીલોએ હઝરત ઝૈનબ ؓ (હુઝૂર ﷺ ના ફોઈની

દીકરી)ને તેમના દાંપત્યમાં આપવાની દરખાસ્ત કરી. પરંતુ હઝરત ઝૈનબ ﵅ ના ભાઈ આ સંબંધ માટે રાજી ન થયા, કેમ કે નિકાહ માટે જે માપદંડ અને ધોરણ એ સમાજમાં પ્રચલિત હતા, તેના પર આ જોડું પૂરું ઉતરતું ન હતું. અજ્ઞાનતાપૂર્ણ માનસિકતાની દૃષ્ટિએ હઝરત ઝૈદ ﵁ ના જીવન-પાલવ પર ગુલામીના ડાઘની અસર બાકી હતી અને વધુમાં તેમની નિર્ધનતા સ્વયં એક ત્રુટિ હતી. ઇસ્લામ આવ્યો, તો તેણે આ માનસિકતાને બદલવી આવશ્યક સમજ્યું અને માનવતાના ઉપકારક ﷺ એ પારિવારિક ભેદભાવની દીવાલોને તોડીને નિકાહ (લગ્ન) અને દાંપત્યના માર્ગમાંથી તેને હટાવીને સમગ્ર ઇસ્લામી સમાજને એક પરિવારમાં પરિવર્તિત કરવાની કોશિશ કરી. એ રીતે વાસ્તવમાં એ દીવાલો સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ગઈ અને 'કફુ' (સમાન ધોરણ)નો એક નવો અર્થ પ્રચલિત બન્યો.

આપ ﷺ એ ખૂબ તાકીદથી લોકોનો દૃષ્ટિકોણ બદલ્યો અને તેમને શીખવાડ્યું કે સ્ત્રીઓને નિકાહમાં લેવા માટે સૌપ્રથમ પ્રાથમિકતા તેના દીન (ધર્મ) અને ચરિત્રને જુઓ, બાકીની વસ્તુઓનું મહત્ત્વ એના પછી છે. એક પ્રસંગે તો એ પણ ફરમાવ્યું કે જો દીન અને ચરિત્રના બદલે કોઈ બીજું ધોરણ અપનાવશો, તો સમાજમાં મોટો બગાડ ઊભો થશે. આ રીતે 'કફુ'ની નવી કલ્પના એ બની કે દાંપત્ય સંબંધ એ રીતે બંધાવો જોઈએ કે મૂળ જીવન-ધ્યેયમાં કોણ સૌથી ઉત્તમ સાથી બની શકે છે તેમજ મન અને શોખની દૃષ્ટિએ વધારેમાં વધારે મેળ કોના સાથે સંભવ છે, અને અસંખ્ય લગ્નો, બલ્કે મોટાભાગના લગ્નો આ જ નવા દૃષ્ટિબિંદુથી વ્યવહારિકરૂપે થવા લાગ્યા. આ જ માનસિક અને સામાજિક પરિવર્તનનું અનુમાન એ ઘટનાથી કરો કે હઝરત અબૂ તલ્હા ﵁ એ કુફ્રના સમયમાં હઝરત ઉમ્મે સલીમ ﵅ ને નિકાહનો સંદેશો મોકલ્યો. તે વખતે આ મહિલા ઇસ્લામ સ્વીકારી ચૂકી હતી. તેમણે જવાબમાં કહેવડાવ્યું કે તમે રહ્યા કાફિર અને હું ઇસ્લામ લાવી ચૂકી છું. હવે બે વિરોધી જીવન કેવી રીતે એકત્ર થઈ શકે છે. હા, જો તમે ઇસ્લામ કબૂલ કરી લો તો હું તમારા પાસે ઇસ્લામ સિવાય અન્ય કોઈ 'મહ્ર' પણ નહીં લઉં.[1] આનાથી જાણ થાય છે કે આ સંબંધ સ્વયં ઉમ્મે સલીમ ﵅ ને પણ પસંદ હતો. પરંતુ ઇસ્લામે એવું ક્રાંતિકારી દૃષ્ટિબિંદુ પેદા કરી દીધું હતું કે તેમણે હૃદય પર પથ્થર મૂકીને ઇન્કાર કરી દીધો, પણ તેના સાથે ઇસ્લામ અંગે પ્રોત્સાહન પણ આપ્યું. છેવટે હઝરત અબૂ તલ્હા ﵁ એ ઇસ્લામનો સ્વીકાર કરી લીધો. નિકાહ થયા અને વાસ્તવમાં તેમનો ઇસ્લામ જ 'મહ્ર' ઠર્યો. (મુવત્તા ઇમામ માલિક) ટૂંકમાં, દાંપત્ય મામલામાં શોખ અને ધોરણના પરિવર્તનો આવી રહ્યા હતા. તેમ છતાં કેટલીક રુકાવટો હતી. આ જ કારણસર

૧. જુઓ 'ઉસ્વએ સહાબિયાત' લે. મૌલાના અબ્દુસ્સલામ નદવી, પૃ. ૪૮.

હઝરત ઝૈનબ رضي الله عنها ના ભાઈ પ્રસ્તાવિત લગ્ન પર રાજી ન થયા. હુઝૂર ﷺ પણ ઇચ્છતા હતા કે આ નિકાહ થાય. પરંતુ જ્યારે આમાં પ્રચલિત એક અજ્ઞાનતાપૂર્ણ દૃષ્ટિબિંદુ અવરોધરૂપ બન્યું, તો અલ્લાહ અને તેના રસૂલ ﷺ ની દૃષ્ટિમાં અપ્રિય ઠર્યું. આ સંદર્ભમાં સંકેતમાં સૂરઃ અહઝાબમાં પકડ કરવામાં આવી. જુઓ આયત – اِنَّ الْمُسْلِمِيْنَ وَالْمُسْلِمٰتِ ...... اَجْرًا عَظِيْمًا (આ.૩૫) આ આયતની મૂળ ભાવના એ છે કે ઇસ્લામી દૃષ્ટિકોણ અને ઇસ્લામી વિચાર અને ઇસ્લામી ચરિત્ર ધરાવનાર મુસલમાન પુરુષો અને સ્ત્રીઓ સમાન, સાથી અને સહકર્મી છે તેમજ તેમનામાં નિકટતાના અને સ્નેહ-સદ્ભાવના સંબંધો છે, તેઓ એક-બીજા માટે સન્માનનીય છે, ત્યાં તેમના વચ્ચે પારિવારિક ભેદભાવો તેમજ શ્રેષ્ઠતા અને ઉચ્ચતાની અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓ આડે આવે એ સંભવ નથી. પરંતુ સંકેત માત્ર આટલો જ ન હતો. તે પછીની આયત ખૂબ કઠોર હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે અલ્લાહ અને તેનો રસૂલ (ﷺ) કોઈ મામલાને કોઈ સ્વરૂપે નક્કી કરી લે, તો પછી કોઈ ઈમાનવાળા પુરુષ અને કોઈ ઈમાનવાળી સ્ત્રીનું એ સ્થાન નથી કે તેના પછી તે આ નિર્ણયની તુલનામાં પોતાની પસંદ અને નાપસંદ તથા પોતાના ધોરણોને મહત્ત્વ આપે. આ રીતે જે લોકો અલ્લાહ અને રસૂલ (ﷺ) ની અવજ્ઞા કરે છે, તો તેઓ ખૂબ દૂર સુધી ભટકી ગયા. (અહઝાબ, ૩૬) અભિપ્રેત એ હતું કે જ્યારે એક મુસ્લિમ પુરુષ અને એક મુસ્લિમ સ્ત્રી વચ્ચે દાંપત્યનો સંબંધ જોડવા માટે દરવાજાઓ ખોલી દેવામાં આવ્યા છે, તો હવે પોતાના માર્ગમાં પુરાણી અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓને મહત્ત્વ આપીને અવરોધ ઊભો કરવો અલ્લાહ અને રસૂલ ﷺ ના નિર્દેશ અને તેના નિર્ણયોની સરખામણીએ એક પ્રકારની મનમાની અને આપખુદી છે, અને આવી મનમાની છેવટે પથભ્રષ્ટતામાં પરિણમે છે. પ્રહાર જોરદાર હતો અને બરાબર લક્ષ્ય પર વાગ્યો. હઝરત ઝૈનબ رضي الله عنها ના ભાઈ આ આયતને સાંભળીને સંકેતોમાં વાતને પામી ગયા અને નિકાહ માટે તૈયાર થઈ ગયા. બીજા શબ્દોમાં શ્રેષ્ઠતા અને અપમાનના અજ્ઞાનતાપૂર્ણ ધોરણોની બેડીઓ તૂટી ગઈ.

અલ્લાહ ત્આલાએ આ જ ઘટના દ્વારા 'મુતબન્ના' (દત્તક પુત્ર) વિશે ખોટી ધારણાઓને તોડવાનો પણ ઇરાદો કર્યો. પાછળથી એ થયું કે દંપતિમાં સુમેળ ન થઈ શક્યો અને તેમાં એ માનસિક તફાવત અસર કરી ગયો, જે એક ઘટના-સ્વરૂપે દંપતિમાં જોવા મળતો હતો. હવે રસૂલુલ્લાહ ﷺ ની પાસે ફરિયાદો આવવા લાગી અને મામલો સુધરવાને બદલે બગડતો ગયો, ત્યાં સુધી કે છેવટે હઝરત ઝૈદ رضي الله عنه તલાકનો ઇરાદો આપ ﷺ સામે વ્યક્ત કરવા લાગ્યા. તેના પર આપ ﷺ ને ચિંતા થઈ કે એક એવો નિકાહ તૂટી રહ્યો છે જે સમાજમાં એક નવું ક્રાંતિકારી દૃષ્ટાંત

સ્થાપિત કરવા માટે કરવામાં આવ્યો હતો. વધુમાં, તેમાં સ્વયં રસૂલુલ્લાહ ﷺ ની પ્રેરણા અને સલાહનો મોટો હસ્તક્ષેપ હતો, અને આપ ﷺ પોતે જ હઝરત ઝૈદ رضي الله عنه તરફથી 'વલી' (વાલી) હતા, તેથી આપ ﷺ ની મોટી જવાબદારી હતી. આપ ﷺ એ વારંવાર આ સંબંધને બચાવવા તેમજ હઝરત ઝૈદ رضي الله عنه ને તલાક આપવાથી રોકવાની કોશિશ કરી, પરંતુ છેવટે આ તમામ કોશિશો નિષ્ફળતાની હદ સુધી જઈ પહોંચી — અને જે પ્રકારની ફરિયાદો ઊભી થઈ ગઈ હશે, તેને દૂર કરવા માટેનો એક જ ઉપાય સંભવ હતો, અને તે એ કે આપ ﷺ પોતે હઝરત ઝૈનબ رضي الله عنها ને પોતાના નિકાહમાં લઈ લે. શરીઅતમાં પોઝીશન તદ્દન સ્પષ્ટ હતી અને આ મામલામાં કોઈ અવરોધ ન હતો. પરંતુ પૂર્વ અજ્ઞાનતાપૂર્ણ પ્રભાવ હેઠળ ભય હતો કે લોકોને આશ્ચર્ય થશે અને તેના સાથે વિરોધીઓને દુષ્પ્રચારનો એક નવો વિષય મળી જશે. પરંતુ અલ્લાહની મરજી એ હતી કે અજ્ઞાનતાના જમાનાથી દત્તક પુત્ર વિશે ખોટી પોઝીશન ચાલી આવી રહી હતી તેનું ખંડન સ્વયં આપ ﷺ દ્વારા જ સંપૂર્ણ નિર્દેશ અને સ્પષ્ટતા સાથે કરી દેવામાં આવે, જેથી આ રસમનું મૂળ બિલકુલ કપાઈ જાય. કુર્આનમાં અલ્લાહ તઆલાએ આપ ﷺ ના મનના અંદર ચાલી રહેલા ખ્યાલો અને વિચારોને કાઢીને જાહેરમાં મૂકી દીધા. ફરમાવ્યું, 'تُخْفِيْ فِيْ نَفْسِكَ مَا اللّٰهُ مُبْدِيْهِ وَتَخْشَى النَّاسَ' (સૂરઃ અહઝાબ,૩૭) તમે પોતાના મનના છુપા પરદામાં એ વાત રાખો છો જેને અલ્લાહ ખોલી દેવાનો છે... અને તમે લોકોથી ડર રાખો છો; અર્થાત્ એક વાત જેની શરીઅતમાં છૂટ છે તેને લોકોની અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓના ભયથી દિલમાં છુપાવી રાખવી અલ્લાહને પસંદ નથી, તે સામે આવવી જોઈએ, અને આ ઘટના ઘટવી જોઈએ - لَا يَكُوْنَ عَلَى الْمُؤْمِنِيْنَ حَرَجٌ فِيْٓ اَزْوَاجِ اَدْعِيَاۗىِٕهِمْ اِذَا قَضَوْا مِنْهُنَّ وَطَرًا (સૂરઃ અહઝાબ,૩૭) આનાથી અભિપ્રેત એ હતું કે દત્તક પુત્રો વિશે એ ખોટું બંધન જેનું પ્રચલન ચાલતું આવી રહ્યું છે, તે મુસલમાનોથી હંમેશ માટે દૂર થઈ જાય. આ જ અજ્ઞાનતાની બેડીને કાપવા માટે ભરપૂર પ્રહાર કરવાનું એ સ્વરૂપ અપનાવવામાં આવ્યું કે હુઝૂર ﷺ સાથે હઝરત ઝૈનબ رضي الله عنها ના નિકાહનો સંબંધ સ્વયં અલ્લાહ તઆલાએ વિશેષરૂપે સ્થાપિત કરી નાખ્યો.

બસ, આ ઘટનાનું ઘટવું હતું કે મદીનાના સત્યના દુશ્મનોના વર્તુળોમાં ભૂકંપ આવી ગયો. આ લોકો દુષ્પ્રચાર કરવા લાગ્યા કે જોયો, આ ધાર્મિકતા અને પવિત્રતાનો ઢોંગ ! દત્તક પુત્રની તલાકશુદા સ્ત્રીથી લગ્ન કરી નાખ્યા છે. તેના સાથે-સાથે વાર્તાને વધારે મનમોહક બનાવવા માટે કહાણીઓ પણ ઘડી લેવામાં આવી. તોછડા યહૂદીઓ અને મુનાફિકોએ એ ચર્ચા ચગડોળે ચઢાવી કે (નઊઝુબિલ્લાહ), 'ખરેખર તો પુત્રવધુ પર આશિક થઈ ગયા હતા, એટલા માટે તલાક અપાવડાવી અને પછી નિકાહની

ગાંઠ બાંધી લીધી.[1] નિકાહ પણ ગમે-તેવો નહીં, આકાશો પર આયોજિત થઈ ગયો ! આ નિકાહ માટે સાનુકૂળ વાતાવરણ બનાવવા પોતાના મતલબની વહી પણ અવતરિત કરાવી લેવામાં આવી.' આનાથી પહેલા અત્યાર સુધી આસ્થા વિશે, વાણી (વહી) વિશે તથા કાનૂની બાબતોમાં વિરોધી બકવાટ, વાહિયાત અને નકામી વાતો કરવામાં આવતી હતી, પરંતુ આ ઘટનાના અનુસંધાનમાં તો સાચા અર્થમાં ગંદો દુષ્પ્રચાર કરવામાં આવ્યો, અને માનવતાના ઉપકારક ﷺ ના સર્વોચ્ચ નૈતિક સ્થાન પર હુમલો કરી દેવામાં આવ્યો. દેખીતું છે કે કોઈ નિર્માણ અને સુધારણાના આંદોલન માટે સૌથી વધારે કારમો ઘા નૈતિક પાસું જ હોઈ શકે છે. કોઈ આવાહક વિશે જો વિરોધીઓ એવા ગપગોળા છોડવા લાગે કે તે વાસનાનો ગુલામ છે, તે પોતાની કામવાસનાને પૂરી કરવા ગમે તે રસ્તો અપનાવી શકે છે, અને તે કોઈ નૈતિક માપદંડનો આદર કરવા તૈયાર નથી, તો તેનાથી વધારે નવ-નિર્માણના કાર્યને નુકસાન કરનારો હુમલો બીજો કોઈ નથી હોઈ શકતો. ખૂબ સરળતાથી અનુમાન લગાવી શકાય છે કે મદીનામાં સત્યના દુશ્મનોએ કેટલી ગંદકી આ ઘટના વિશે ફેલાવી હશે, કેટલી દુર્ગંધ પેદા કરી દીધી હશે, અને માનવતાના સૌથી મહાન ઉપકારક પર કેટલાય દિવસો સુધી કેવી તીવ્ર વેદનાની પળો વિતી હશે !

યહૂદીઓનો આ દુષ્પ્રચાર બિચારા મુસલમાનો માટે પણ ખૂબ પરેશાનીઓનું કારણ બન્યો હશે. તેમને રસ્તે ચાલતાં હેરાન કરવામાં આવતા હશે. તેમને મહેણા-ટોણા મારવામાં આવતા હશે અને તેમને શંકા-કુશંકાઓના ચક્કરમાં નાખવામાં આવતા હશે. તેમાં એ મુસલમાનો પણ હતા, જેઓ પોતાની અપરિપકવતાના કારણે ગભરાઈ ઉઠ્યા હશે. તેમાં મુનાફિકો પણ ઘૂસી આવ્યા હશે અને તેઓ 'પોતાના' બનીને વિચિત્ર પ્રકારની બેરંગી વાતો કરતા હશે. આ પરિસ્થિતિમાં મુસલમાનોના સંતોષ અને પ્રશિક્ષણ માટે અલ્લાહ ત્આલાએ કેટલીક હકીકતો તેમના

૧. સ્પષ્ટ રહે કે આજના યુગના પૂર્વગ્રહથી પીડાતા પૌરત્સ્યવાદીઓ (Orientalists)એ ઇતિહાસના પૃષ્ઠોથી એ બધી ગંદી સામગ્રી પોતાના ત્યાં એકત્ર કરી લીધી છે, જે ઇસ્લામી આંદોલનના દુશ્મનોએ પ્રસ્તુત કરી હતી. સ્વયં આ ઘટના પણ એ બુદ્ધિજીવીઓ અને સંશોધનકર્તાઓના ત્યાં સૌથી વધારે લોકપ્રિય ચર્ચાનો વિષય બન્યો અને તેને ખૂબ મરી-મસાલો ભેળવીને પુસ્તકોના પૃષ્ઠો પર ફેલાવી દેવામાં આવી. એક હલકી અને બજારૂ પ્રકારની વાર્તા બનાવીને તેને પ્રસ્તુત કરવામાં આવે છે. આરંભ-બિંદુ એ છે કે હુઝૂર ﷺ ની નજર સંયોગથી હઝરત ઝૈનબ ؓ પર પડી ગઈ અને લાગણીઓ બેકાબૂ થઈ ગઈ. જરા વિચારો કે એ વ્યક્તિ, જેની યુવાની નિર્મળ-નિષ્કલંક હતી અને જે હંમેશા વ્યસ્ત રાખવાવાળા સંઘર્ષમાં જીવનભર ડૂબેલો રહ્યો, અને જેને ચેનનો શ્વાસ લેવાનું નસીબ ન થયું, તેનું ચરિત્ર બરાબર પુખ્તતાના શિખરે પહોંચીને માત્ર એ જ રહી ગયું હતું કે તેનું હૃદય તેની આંખોની પાંપણો પર આવીને અટકી ગયું હોય ! આ આરોપ તેના સર્વગ્રાહી ચરિત્રમાં ખપી શકે છે ? વધુમાં હઝરત ઝૈનબ ؓ હુઝૂર ﷺ ના ફોઈની દીકરી હતા. બાળપણથી આપ ﷺ ના સામે રમ્યા અને યુવાનીએ પહોંચ્યા. તેમનું અસ્તિત્વ કંઈ નવી વાત ન હતી. ઉપરાંત, એ પણ વાસ્તવિકતા છે કે આપ ﷺ એ પોતે જ ખૂબ આગ્રહ કરીને હઝરત ઝૈદ ؓ ની સાથે તેમના નિકાહ કરાવ્યા હતા અને આ નિકાહમાં આપ ﷺ હઝરત ઝૈદ ؓ તરફથી વલી (વાલી) હતા. પરિસ્થિતિનો આ તમામ ક્રમ શું એ વાર્તા માટે ખરેખર કોઈ આધાર ઉપલબ્ધ કરે છે, જેને મદીનાના યહૂદીઓ અને મુનાફિકોએ દુષ્પ્રચારના મોરચાનો એક બોંબ બનાવવામાં કાચા-માલના રૂપમાં ઉપયોગ કર્યો હતો ? અને હવે એ જ કાચા-માલને ફરીથી પૌરત્સ્યવાદીઓ ઇસ્લામ વિરુદ્ધ ઉપયોગ કરી રહ્યા છે ? શું આ વાતો બુદ્ધિ અને તર્ક (Rationalism) તેમજ સંશોધન (Research)ના દાવેદારોના પોતાના માપદંડ પર પૂરી ઉતરે છે ?

મનમાં ઉતારી. તેમને બતાવ્યું કે નબી માટે કોઈ એવી વાતમાં કોઈ વાંધો નથી, જેને અલ્લાહ તઆલાએ તેના માટે નિર્ધારિત કરી દીધી હોય. (સૂરઃ અહઝાબ, ૩૮) આ પગલાનો હેતુ પણ સ્પષ્ટ કરી દીધો કે મુહમ્મદ (ﷺ) તમારા પુરુષોમાંથી કોઈના પિતા નથી. (સૂરઃ અહઝાબ, ૪૦) અંતે સ્વયં હુઝૂર ﷺ ને સંબોધીને કહ્યું કે કાફિરો અને મુનાફિકોની વાત ન માનો અને તેમની દિલને દુભાવનારી વાતોને અભરાઈએ ચઢાવી દો, અને અલ્લાહ પર ભરોસો કરો, અને અલ્લાહ જ કામ બનાવવા માટે પૂરતો છે. (સૂરઃ અહઝાબ, ૪૮) આ ગંભીર શૈલીથી એ ઘૃણિત અને ગંદા દુષ્પ્રચારનો જવાબ આપવામાં આવ્યો, જે યહૂદીઓ તરફથી હદથી વધારે માનસિક અને વૈચારિક પતનની સાથે શરૂ કરવામાં આવ્યો હતો.

વધુ એક ગંદા આરોપનું મોટું તોફાન

ઉપરના પ્રસંગથી અનુમાન કરી શકાય છે કે ઇસ્લામી આંદોલનની વિચારધારા અને ઉદ્દેશ્ય પર જ્યારે કોઈ બાજુથી ભરપૂર પ્રહાર કરવાની તક ન મળતી, તો તેની પીઠમાં ખંજર ભોંકવાની સૌથી ઉત્તમ રીત શૈતાનની નજરમાં એ જ રહી જાય છે કે તેના આવાહક અને ધ્વજવાહકના વ્યક્તિત્વ અને તેના સર્વોચ્ચ નેતૃત્વના પવિત્ર પાલવ પર ગંદકીના છાંટા ઉડાડી દેવામાં આવે. આમ, એક અવસરે સત્તાની લાલચનો અને બીજા અવસરે કામવાસનાનો ઘૃણિત આરોપ તેના સામે ઉછાળી દેવામાં આવ્યો. તે પછી આ ક્રમ વધારે આગળ ચાલે છે અને ઇસ્લામી આંદોલનના સર્વોચ્ચ વડાના ઘરને લક્ષ્ય બનાવવામાં આવે છે, જે સમગ્ર ઉમ્મત (મુસ્લિમ સમુદાય) અને સમગ્ર માનવ-જાત માટે સામાજિક અને નૈતિક રીતે કેન્દ્રીય નમૂનો ઠરાવવામાં આવ્યો હતો. આ જ ઘરના આસપાસ નવીન ઇસ્લામી સમાજ-વ્યવસ્થાનો માળો તૈયાર થઈ રહ્યો હતો અને આ માળાને બરબાદ કરવા માટે સૌથી વધારે અસરકારક ઘા એ જ હોઈ શકે છે, જે તેના કેન્દ્ર પર કરવામાં આવે. વિરોધી ખંડનાત્મક શક્તિએ આ છેલ્લો ઘા પણ કરી નાખ્યો. આ વિરોધી ઘાનું પીડાદાયક વૃત્તાંત 'ઇફક'ની ઘટનાના શીર્ષકથી કુર્આન, સીરત અને ઇતિહાસની પોથીઓમાં બોધ ગ્રહણ કરવા માટે સુરક્ષિત છે.

એ પહેલાં કે અમે તેની હકીકત સામે મૂકીએ, એ વાત સ્પષ્ટ કરવાની જરૂર લાગે છે કે આટલા ગંદા આરોપનું મોટું તોફાન છેવટે ઇસ્લામી આંદોલને પેદા કરેલ એ સદાચારી સમાજ અને પ્રશિક્ષિત સામૂહિક વ્યવસ્થામાં ઉઠી કેવી રીતે શક્યું ? કયા બાકોરાઓમાંથી આ તોફાન સુગઠિત કિલ્લામાં પ્રવેશ પામ્યું અને કેવી રીતે તેને થોડાક સમય માટે ભયાનક ઉતાર-ચઢાવ પેદા કરવાની તક મળી ?

ઉપદ્રવ માટે સાનુકૂળ વાતાવરણ

શૈતાનને ઇસ્લામી સામૂહિક વ્યવસ્થામાં ભાંગફોડ અને અંધાધૂંધીનું તોફાન ઊભું કરવા માટે છેવટે એક ખાસ વાતાવરણની જરૂર હોય છે. આ વાતાવરણ ચાહે જમાઅત (સમુદાય)ના અનુશાસન અને નીતિમત્તાની કોઈ ભૂલને કારણે અસ્તિત્વમાં આવે, અથવા સંજોગોએ પેદા કરેલ એક લાચારીના રૂપમાં જોવા મળે. જે હોય તે, ઉપદ્રવ અને બગાડ પેદા કરવાના કેટલાક પ્રકારો છે, જે પૂરા થઈ જાય તો શૈતાનના દાવપેચ કામ કરી શકે છે. અલ્લાહની વ્યવસ્થા, જે રૂપરેખા પર ચાલી રહી છે તેમાં શૈતાન માટે કામ કરવાના અવસરો કોઈ-ને-કોઈ રીતે અવશ્ય બાકી રહે છે, ચાહે ગમે તેટલો આદર્શ સમાજ હોય. વાસ્તવમાં માનવ-પ્રકૃતિમાં એવી નબળાઈઓ છે, જેના માર્ગેથી ફિત્ના (ઉપદ્રવ)નું પૂર ધસી આવી છે. નબી ﷺ દ્વારા નિર્મિત એ સમુદાય વિશે પણ એ બાંહેધરી નથી આપી શકાતી કે તેના વર્તુળમાં ફિત્નાની શક્તિને કામ કરવાનો મૂળથી અવસર જ નહીં મળે. આ તદ્દન એવું જ છે, જેમ કે તંદુરસ્તમાં તંદુરસ્ત માણસ પણ ક્યારેક શરદી-સળેખમ અને તાવમાં સપડાઈ શકે છે. એ જ રીતે એક પવિત્રથી પવિત્ર સમાજને પણ બીમારી લાગુ પડી શકે છે. જીવનથી ધબકતા એક સમાજથી આશા એ જ કરી શકાય છે કે તે બીમારીથી રક્ષા અને પ્રતિકારમાં ઢીલ અને નિષ્કાળજી નહીં દાખવે, અને હુમલાખોર જીવાણુંઓનો નાશ કરીને બહાર ફેંકી દેશે. પરંતુ એ આશા નથી કરી શકાતી કે તેમાં કોઈ બીમારી ક્યારેય આવશે જ નહીં.

શૈતાન માટે એક સામૂહિક વ્યવસ્થામાં સૌથી વધારે સાનુકૂળ વાતાવરણ 'નજવા'નું વાતાવરણ હોય છે. 'નજવા' ગુસપુસ (ગુપ્ત વાતચીત)ને કહે છે. કોઈ સામૂહિક વ્યવસ્થામાં 'નજવા'નો પારિભાષિક અર્થ એ થાય છે કે સમગ્ર સમુદાયની સામે ખુલ્લંખુલ્લા પોતાના વિચારો, સૂચનો, ટીપ્પણીઓ અને સમાલોચનાઓ તેમજ વાંધાઓને રજૂ કરવાને બદલે અલગ-અલગ વ્યક્તિઓ અલાયદા બેસીને ગુપચુપ સલાહ-મસ્લત કરે. 'નજવા' વાસ્તવમાં સામૂહિક જીવનમાં એક ખરાબ માર્ગ તરફ આગળ વધવાનો આરંભ છે. કોઈ-ને-કોઈ વાત હોય છે, ત્યારે તો ખુલ્લેઆમ કામ કરવાથી માણસ દૂર ભાગે છે અને સામે આવતાં પહેલા ચુપકે-ચુપકે સલાહ-મસ્લત કરવાની કોશિશ કરે છે. આ જ વસ્તુ છેવટે કાવતરાનું સ્વરૂપ ધારણ કરે છે.

દુર્ભાગ્યે હુઝૂર અકરમ ﷺ ના નિરીક્ષણમાં ચાલતા આંદોલનમાં યહૂદીઓના નેતૃત્વમાં મુનાફિકોએ 'નજવા'નું આ વાતાવરણ ઊભું કર્યું હતું, અને તે નિરંતર આંદોલનના આગેવાનો અને કાર્યકરોને પરેશાન કરતું રહ્યું. કુર્આન આ વાતાવરણ

ઊભું કરનારાઓને પણ સુધારણાની શિખામણ આપતું રહ્યું અને ઈસ્લામી સામૂહિક વ્યવસ્થાના પ્રબંધકોને પણ આના વિશે સતત સાવધાન કરતું રહ્યું. તેણે સાદ આપ્યો :

"શું તમે જોઈ નથી રહ્યા કે જે લોકોને ગુસપુસ કરવાથી દૂર રહેવાનું કહેવામાં આવ્યું હતું, તેઓ ફરી એ જ કૃત્ય આચરી રહ્યા છે, જેનાથી તેમને રોકવામાં આવ્યા હતા અને તેઓ પરસ્પર બૂરાઈ અને વિદ્રોહ તથા રસૂલની અવજ્ઞા વિશે ગુપ્ત સલાહ-મસ્લત કરતા ફરે છે."

(સૂરઃ મુજાદલા, ૮)

"હે ઈમાનવાળાઓ ! જ્યારે ક્યારેક તમે એકાંતમાં સલાહ-મસ્લત કરો, તો બૂરાઈ અને વિદ્રોહ તથા રસૂલ ﷺ ની અવજ્ઞાની યોજનાઓ ન બનાવો, બલ્કે ભલાઈ અને તકવા (ઈશનિષ્ઠા) માટે સલાહ-મસ્લત કરો." (સૂરઃ મુજાદલા, ૯)

"આ ગુપ્ત સલાહ-મસ્લતો શૈતાની કામ છે, એટલા માટે કે તેઓ ઈમાનવાળાઓને પરેશાન કરે, જો કે અલ્લાહની મરજી વગર કોઈપણ વસ્તુ તેમનું કંઈ બગાડી શકતી નથી." (સૂરઃ મુજાદલા, ૧૦)

"આ (ગુસપુસ કરનારા) લોકો મનુષ્યોની નજરથી તો ઓઝલ રહી શકે છે, પરંતુ અલ્લાહથી નથી છુપાઈ શકતા. સ્થિતિ એ છે કે જ્યારે રાત્રિના અંધકાર અને એકાંતના પરદામાં તેઓ એવી કોઈ વાત કરે છે, જે અલ્લાહને પસંદ નથી, તો એ ક્ષણે અલ્લાહ તેમના સાથે હાજર હોય છે." (સૂરઃ નિસા, ૧૦૮)

"ગુપ્ત સલાહ-મસ્લત માટે કોઈ ત્રણ વ્યક્તિઓ એવા એકઠા થતા નથી કે તેમના સાથે ચોથો અલ્લાહ ન હોય, અને ન પાંચ કે જેમના સાથે છઠ્ઠો તે ન હોય અને ન તેનાથી ઓછા અથવા તેનાથી વધારે સંખ્યામાં કે તેમના સાથે તે ન હોય — ચાહે તેઓ ગમે ત્યાં હોય."

(સૂરઃ મુજાદલા, ૭)

"તેઓ મોઢા પર કહે છે કે અમે (સમુદાયના નિર્ણયો અને નેતૃત્વના આદેશોનું) અનુપાલન કરીશું ! પરંતુ જ્યારે (હે નબી ﷺ !) આપની પાસેથી નીકળે છે તો તેમાંથી એક ટોળું રાત્રિઓમાં માથા જોડીને આપ ﷺ એ કહેલ વાતો વિરુદ્ધ ગુપ્ત સલાહ-મસ્લત કરે છે અને અલ્લાહ તેમની યોજનાઓને લખી રહ્યો હોય છે." (સૂરઃ નિસા, ૮)

આ આયતોમાં વાત તદ્દન સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે ઇસ્લામી સામૂહિક વ્યવસ્થા સામૂહિક રીતે જે નિર્ધારિત રૂપરેખા પર ચાલી રહી હોય અને જે સામૂહિક નિર્ણયો તેમજ સામૂહિક પ્રણાલીઓ તેમાં કાર્યરત હોય, તેની હિમાયત અને સમર્થન તથા તેનું પાલન અને અનુસરણ અને તેના અમલીકરણ અને તેને દૃઢતા પ્રદાન કરવા તો અલાયદા રહીને લોકો પરસ્પર જાહેરમાં પણ અને એકાંતમાં પણ મુક્ત રીતે વાતચીત કરી શકે છે. પરંતુ તેમનાથી મતભેદ દર્શાવવા અને તેમને નિષ્ફળ બનાવવા, તેના વિરુદ્ધ દુર્ભાવના ફેલાવવા અને વાંધાઓ ઊભા કરવા અને તેની દિશા બદલી નાખવા માટે અલાયદા બેસીને લોકોનું સલાહ-મસ્લત કરવું અને ગુસપુસ કરવું એક એવો ઘૃણાસ્પદ ગુનો છે, જે આ લોકોના ચરિત્ર અને આખિરતને તબાહ કરી નાખે છે, અને આખી સામૂહિક વ્યવસ્થાને પરેશાનીઓ અને ગૂંચવણોમાં નાખી દે છે. ગુપ્ત વિરોધી ગુસપુસનો મૂળ સ્રોત શૈતાન છે, જેનાથી ઇસ્લામી સામૂહિક વ્યવસ્થાને કુર્આને સાવધાન કરી દીધી.

ગુપ્ત વાતચીતનો એક વિષય 'મઅ્સિયતુર્-રસૂલ' (રસૂલના વ્યક્તિત્વમાં ખરાબીઓ શોધવી) પણ આપણા સામે આવે છે. વાસ્તવમાં આ જ કેન્દ્રીય વિષય હતો. મદીનાના ઇસ્લામી આંદોલનના વર્તુળમાં એ વાતનો તો કોઈ અવકાશ ન હતો કે આંદોલનના અનુશાસન અને વ્યવસ્થા તેમજ વિચારધારા અને ઉદ્દેશ્યને દુષ્પ્રચારનું લક્ષ્ય બનાવી શકાય તથા સ્વયં અલ્લાહની અવજ્ઞા અને તેના ગ્રંથથી વિદ્રોહનું પગલું ભરી શકાય. મુનાફિકો માટે વધુમાં વધુ ઉપદ્રવનો અવકાશ એટલો જ હતો કે ઇસ્લામી આંદોલનના નેતૃત્વથી વિવાદ કરે અને ધ્વજવાહકોના ચરિત્ર વિરુદ્ધ લાવા ઉકાળતા રહે. એક નૈતિક આંદોલન માટે તેને નષ્ટ કરી દેવાનું સૌથી વધારે અસરકારક અને સૌથી સરળ હથિયાર એ જ હોઈ શકે છે કે તેના સર્વોચ્ચ વ્યક્તિઓને કલંકિત કરી દેવામાં આવે.

આ સંદર્ભમાં એ તો અમે બતાવી ચૂક્યા છીએ કે સત્તાલાલસા અને મનેચ્છાના આરોપો પહેલાથી જ મૂકી દેવામાં આવ્યા હતા, પરંતુ વાસ્તવમાં મામલો એક આરોપ કે બીજા આરોપ સુધી સીમિત ન હતો. અફવાઓ ફેલાવવાનું એક અભિયાન (Whispering Campaign) અને 'ઠંડું અભિયાન' સતત ચલાવવામાં આવતું રહ્યું.

જેમ કે – પછીના કાળમાં જ્યારે કે ઝકાત વસૂલ કરવા અને ખર્ચ કરવાની વ્યવસ્થાની વિધિસર સ્થાપના થઈ ગઈ, ત્યારે હુઝૂર ﷺ પર એક નીચ આરોપ એ પણ મૂકવામાં આવ્યો કે આપ 'બૈતુલ-માલ' (રાજ્ય-કોષ)માં આવતા 'સદકાત' (દાન)ને મનમાની રીતે ઊડાવી દે છે.[૧] હકીકત એ હતી કે તમામ બચતો, વેપારી

૧. وَمِنْهُمْ مَنْ يَلْمِزُكَ فِي الصَّدَقَاتِ (અલ-કુર્આન, સૂરઃ તૌબા, આ.૫૮)

મૂડી તેમજ ઢોરઢાંખર અને ખેત-ઉપજોમાંથી જ્યારે વિધિસર અલ્લાહના જરૂરતમંદ બંદાઓનો હક્ક લેવામાં આવવા લાગ્યો, તો પુષ્કળ ધનદોલત એક કેન્દ્રમાં એકત્ર થવા લાગી, અને સરવરે આલમ ﷺ ના મુબારક હાથે રહમત (દયા)ની વર્ષાની જેમ તેનું વિતરણ થવા લાગ્યું. ધનદોલતની આ વહેતી નદીને જોઈને ધનના પૂજારીઓના મોઢામાંથી લાળ ટપકવા લાગી અને તેઓ ઇચ્છતા કે અજ્ઞાનતા-કાળની જેમ આજે પણ આ નદીથી એ જ લોકો લાભ મેળવે જેઓ પહેલાથી જ સદ્ધર આર્થિક હેસિયતના માલિક છે. પરંતુ ઇસ્લામી આંદોલને સ્થાપેલ આર્થિક વ્યવસ્થાએ ધનના પ્રવાહની દિશા ગરીબ વર્ગો તરફ ફેરવી દીધી હતી અને સમાજના માંધાતાઓ આ ક્રાંતિ પર મનોમન ગુસ્સે થતા હતા. તેઓ પ્રત્યક્ષ રીતે તો ઇસ્લામની આર્થિક વ્યવસ્થા પર તો હુમલો નહોતા કરી શકતા, જે તેમના ખિસ્સાઓ ભરી દેવાને બદલે ઊલ્ટી તેમનાથી કાનૂની રીતે 'ઝકાત'નો 'દંડ' વસૂલ કરી રહી હતી. બસ, હૃદયનો રોષ ઠાલવવા માનવતાના પયગંબર ﷺ ને લક્ષ્ય બનાવી લેતા. તેમનું એ કહેવું હતું કે ધનદોલત પોતાના ટેકેદારો અને પ્રિયપાત્રોમાં ખર્ચ કરવામાં આવી રહી છે અને મુહાજિરોને વિશેષરૂપે નવાજવામાં આવી રહ્યા છે. બીજા શબ્દોમાં ખુદાઈ ખજાનાના જોરે મિત્રવાદ અને સગાવાદ ચાલી રહ્યો છે. જાત-જાતની વાતોમાં મસાલો ભરી-ભરીને કહેવામાં આવતું હશે. સામાન્ય લોકોના નીતરતા પરસેવાની કમાણી ખુદાના નામે નીચોવવામાં આવે છે. પરંતુ તેનો પોતાની ધાક બેસાડવા અને પોતાની સત્તા થોપવા માટે નિર્દયતાથી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જાહેર ભંડોળ વિશે કોઈપણ વ્યવસ્થામાં નેતૃત્વ પર આરોપ મૂકવામાં આવે, તો તે સંગીન હોય છે. પરંતુ વિશેષરૂપે એક ધાર્મિક અને નૈતિક સમાજ વ્યવસ્થામાં જ્યાં ભંડોળ અલ્લાહની સંપત્તિ કહેવાતી હોય અને જેની પ્રત્યેક આવક અને ખર્ચ અલ્લાહના નામે — અને તેના આદેશો હેઠળ કરવામાં આવતો હોય, આવા આરોપથી તીવ્ર ભાવનાત્મક ઉત્તેજના ફેલાવી શકાય છે.

વિચારો કરો, આ આરોપ નમૂનારૂપ વ્યક્તિ પર મૂકવામાં આવી રહ્યો હતો, જેણે સદકા (દાન)ની આવકને સ્વયં પોતાના અને પોતાના પરિવારજનો માટે નહીં, બલ્કે સમગ્ર બની હાશિમ કૂળ માટે હરામ (અવૈધ)ના દરજ્જાની ઠેરવી દીધી હતી. આ સર્વોચ્ચ નિઃસ્વાર્થ ભાવના, જેનું કોઈ ઉદાહરણ ઇતિહાસમાં ભાગ્યે જ જોવા મળશે, તેના પ્રશસ્ત-ચમકદાર પાલવ પર પણ અત્યંત અધમ ચરિત્રના લોકોએ ઊભા થઈને ડાઘ લગાવી દીધા.

પછી આ જ લોકો હતા, જેનો ઉલ્લેખ કુર્આન આ રીતે કરે છે કે આ લોકો પોતાની વાતોથી નબીને દુઃખ આપે છે. (સૂરઃ તૌબા, ૬૧) અર્થાત્ આંદોલનની

સામૂહિક સમસ્યાઓ વિશે ખુલ્લા દિલથી ખુલ્લા વાતાવરણમાં વાત કરવાને બદલે આ લોકો આધારભૂત વ્યક્તિ પર ધાર ફેરવતા રહેતા હતા. આ ધાર ફેરવવાના કૃત્યનું એક દૃષ્ટાંત કુર્આને સ્વયં વર્ણવી દીધું છે. ઘટના એ બની કે ઇસ્લામી સામૂહિક વ્યવસ્થામાં મુનાફિકોની ચેષ્ટાઓ અને વલણો એક એવી વિસંવાદી અને મેળ ન ખાય એવી વસ્તુઓ હતી કે તેમની દુર્ગંધ ઈમાનવાળાઓની સૌજન્યશીલ પ્રકૃતિને અપ્રિય લાગતી હતી અને તેઓ વિહ્વળ થઈ જતા હતા. આના પર મુશ્કેલી એ હતી કે મુનાફિકોની છુપી પ્રવૃત્તિઓ પર કાનૂન અને અનુશાસનના તકાદાઓ હેઠળ વિધિસર પકડ કરવી પણ મુશ્કેલ અને તેના પર મૌન ધારણ કરી લેવું મુશ્કેલ ! ઈમાનવાળા બિચારા સામૂહિક જવાબદારીના તકાદાઓથી પ્રેરાઈને મુનાફિકોની હાનિકારક પ્રવૃત્તિઓથી હુઝૂરે પાક ﷺ ને સચેત કરતા રહેતા હતા. નિફાકમાં ગ્રસ્ત દરેક વ્યક્તિ ધીમે-ધીમે સમુદાયમાં ઓળખાઈ જતો, અને તેના વિશે આંદોલનના સંચાલક એક વિશેષ પ્રકારે પ્રતિક્રિયા આપતા, જે ખૂબ નરમીના વર્તનથી ધીમે-ધીમે કડકાઈના સ્વરૂપમાં બદલાતું ગયું. આ પરિસ્થિતિમાં નિફાકના રોગીઓ પોતાને અપમાનિત જોઈને ચર્ચા કરવા લાગ્યા કે - هُوَ اُذُنٌ (સૂરઃ તૌબા, ૬૧) અર્થાત્ નઊઝુબિલ્લાહ ! આ વ્યક્તિ તો કાનનો કાચો છે. મામૂલીથી મામૂલી દરજ્જાના માણસો, જેની અમારી સરખામણીમાં કોઈ હેસિયત નથી, જાય છે અને જેના વિશે જે વાત ઇચ્છે કહી આવે છે અને ત્યાં દરેક વાત પર વિશ્વાસ પણ તરત જ કરી લેવામાં આવે છે. કાફલાના સરદાર (ﷺ) ની આ નબળાઈના કારણે અમે માર્યા જઈએ છીએ. હવે અમે તો ઠર્યા મુનાફિક અને કાવતરાખોર, અને ગઈકાલના મામૂલી સેવક અને ભૂખના માર્યા ગુલામ લોકો બની ગયા છે ખાસ નિકટના !

કંઈક આવી જ પરિસ્થિતિની પ્રતિક્રિયા હશે કે એક વાર મુનાફિકોએ આંદોલનના સૌથી પહેલા અગ્રણી સાથે એકાંતમાં સમય લેવા અને વાતચીતો કરવાનું એક ચક્કર ચલાવ્યું. સભાઓ ભરાય છે. એક મુનાફિક સાહેબ વચ્ચે બોલી ઉઠે છે કે મને જરા એકાંતમાં ખાસ વાત કરવી છે. હુઝૂર ﷺ વિનય-વિવેક અને સૌમ્યતાને લઈને આની તક દરેક માટે ખુલ્લી રાખતા હતા. પરંતુ એકાતંમાં ખાસ વાતો કરવા અને સમય લેવાનો નાટકીય ક્રમ કોઈ અન્ય આશયથી હતો. આનાથી મુનાફિકોનો હેતુ એ હતો કે એક તો સમાજ પર એક ધાક જમાવે કે અમે ખૂબ ખાસ લોકો છીએ, માત્ર ઉચ્ચ કક્ષાની મુખ્ય જવાબદાર હસ્તીથી ખાસ વાતો કરીએ છીએ. બીજું એ કે હુઝૂર ﷺ ની નજરમાં બનાવટી રીતે નિકટતા અને વિશ્વાસ પ્રાપ્ત કરવામાં આવે અને જ્યાં શક્ય હોય ત્યાં નિષ્ઠાવાન લોકો વિશે દુર્ભાવનાઓ પેદા કરીને આ અપમાનનો ઉપાય કરવામાં આવે, જેમાં પોતાના જ કૃત્યોના કારણે આ મહાનુભાવો ઘેરાઈ ગયા

હતા, પરંતુ હુઝૂર ﷺ ની સૌમ્યતા અને વિવેકે મુનાફિકોને સમય વેડફવાનો જે અવસર આપ્યો હતો તેને વાસ્તવિક સર્વસત્તાધીશ અલ્લાહ તઆલાએ આ આદેશ આપીને સમાપ્ત કરી નાખ્યો કે :–

"હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે પયગંબર સાથે (વિશેષ સમય લઈને) એકાંતમાં વાત કરો, તો દરેક ખાસ વાતચીતથી પહેલા સદકો (દાન) કરો." (સૂરઃ મુજાદલા, ૧૩)

આ આદેશથી કંજૂસીના માર્યા મુનાફિકોની કમર તૂટી ગઈ અને વારંવાર વિશેષ સમય લેવા અને એકાંતમાં વાત કરવાનો ક્રમ અટકી ગયો. જો કે એ શરૂ એ જ ધારણાથી કરવામાં આવ્યો હતો કે આંદોલનના મુખ્ય સંચાલક કાનનો કાચો (એમના મોઢે ધૂળ !) છે. તો પછી શા માટે અમે પણ નિષ્ઠાવાનની સરખામણીમાં તેની કાન ભંભેરણી કરીને તેને અમારા તરફ વાળી ન લઈએ ! પરંતુ તેમને અંદાજ ન હતો કે ત્યાં નિષ્ઠાવાન લોકો માટે કાન જેટલા પણ નરમ હતા, ઉપદ્રવકારીઓ માટે એટલા જ ભારે પણ હતા. જે હોય તે, અનુમાન કરી શકાય છે કે જે લોકો ઈસ્લામી આંદોલનના અંદર રહીને તેના મુખ્ય સંચાલક વિરુદ્ધ આવી અપમાનજનક વાતો કરતા ફરતા હશે – તેમનામાં શિસ્ત અને અનુશાસનથી પ્રેમ અને જોડાણ બાકી કેવી રીતે રહી શકતા હતા, જે કોઈ સંગઠનના કાર્યકરોને સક્રિય અને ગતિશીલ બનાવે છે. એક ધાર્મિક અને નૈતિક સામૂહિક વ્યવસ્થામાં તો જે વ્યક્તિ શિસ્ત અને અનુશાસન તેમજ નેતૃત્વ વિરુદ્ધ અપમાનની આંધી જગાવે છે અને ગુપ્ત વાતચીત અને ગુસપુસનું અભિયાન ચલાવે છે; તે વાસ્તવમાં મૂળથી તેની પ્રવૃત્તિ, તેના પ્રયાસો અને તેની આત્મ-નિર્ભરતા અને તેની ક્રિયાશીલતાને નષ્ટ કરવાની સામગ્રી તૈયાર કરે છે.

આંદોલન જ્યારે આમંત્રણના તબક્કાથી જિહાદના તબક્કા તરફ એક ક્રાંતિકારી વળાંક લઈ રહ્યું હતું, એ જ વખતે એક મોટી સંખ્યાનો નિફાક (દંભ અને કપટાચાર) ઊભરીને આવ્યો હતો. આદોલનોના આવા વળાંક ઘણા લોકોને મૂંઝવણમાં નાખી દે છે. આવા અવસરોએ સંતુલન કેવળ એ જ કાર્યકરો જાળવી શકે છે, જેઓ પહેલાથી કંઈ-ને-કંઈ સમજીને ચાલ્યા હોય કે અમે ક્યાં જઈ રહ્યા છીએ અને કયા-કયા પડાવો માર્ગમાં આવશે; નહિં તો દુનિયાના આંદોલનોને જ્યારે કોઈ મોટો વળાંક આવે છે અને તે કૂદકો મારીને એક તબક્કાથી બીજા તબક્કામાં પ્રવેશ કરે છે, તો આ પરિવર્તનની સાચી સમજ ન રાખનાર અવશ્ય નકામો અને શિથિલ બનીને રહી જાય છે. – આવા જ ઐતિહાસિક પ્રસંગોએ ક્યારેક સારા ક્રિયાશીલ લોકો વૈચારિક મૂંઝવણોમાં પડીને હતાશાનો ભોગ બની જાય છે. આવું જ ઈસ્લામી આંદોલનની સાથે પણ થયું. આંદોલન આમંત્રણથી જિહાદના તબક્કામાં દાખલ

થયું, તો કેટલાક લોકો પોતાનું વૈચારિક સંતુલન ખોઈ બેસ્યા અને વિશેષરૂપે એ લોકો તો હંમેશ માટે નિફાક (દંભ)નો ભોગ બની ગયા, જેઓ 'જિહાદ'ની ભારે જવાબદારીઓનો બોજ ઉઠાવવા માટે તૈયારી ધરાવતા ન હતા અને પહેલાથી મન અને વિચારને આ તબક્કા માટે તૈયાર કરીને આવ્યા નહોતા.

કુર્આનમાં ઉલ્લેખ છે કે કેટલાક લોકો હતા, જેમને જ્યારે શરૂઆતમાં એ આદેશ આપવામાં આવ્યો હતો કે كُفُّوْٓا اَيْدِيَكُمْ (સૂરઃ નિસા, ૭૭) અર્થાત્ સત્યના આમંત્રણને ઓળખીને અત્યાચાર અને અતિરેકને ચુપચાપ સહન કરો અને હાથ ન ઉઠાવો. બસ, નમાઝની સ્થાપના અને ઝકાત અદા કરવા જેવા કાર્યોમાં લાગેલા રહો. (સૂરઃ નિસા, ૭૭) પરંતુ તેમને તે સમયે આ આદેશ પસંદ ન હતો. પછીના તબક્કામાં જ્યારે આ જ લોકોને 'જિહાદ'નો આદેશ સંભળાવવામાં આવ્યો, તો તેઓ લોકોની શક્તિઓથી ભયભીત થઈને અચાનક અટકી ગયા અને પાછા હઠી ગયા. તેમની માનસિક પ્રતિક્રિયા એ હતી કે رَبَّنَا لِمَ كَتَبْتَ عَلَيْنَا الْقِتَالَ (હે અમારા પાલનહાર ! તેં જિહાદનો આદેશ અમારા માથે શા માટે થોપી દીધો ?) હજુ અમે લોકોને આમંત્રણ આપતા, નમાઝ અને ઝકાત દ્વારા ચરિત્રની સુધારણા કરતા, ફંડ-ફાળો ઉઘરાવવાનું અને રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલુ રાખતા. એ તબક્કાના તકાદાઓ પૂરા નથી થયા કે સમય પહેલા નવી જવાબદારીઓ લાદી દેવામાં આવી છે.

પરંતુ બિચારા ન અલ્લાહથી વાદ-વિવાદ કરી શકતા હતા, ન તેના આદેશની સામે કોઈ અવરોધ ઊભો કરી શકતા હતા. તેમના સામે તો માત્ર રસૂલની જાત હતી. તેથી એ જાત અને એ હસ્તીનો તેમણે છેલ્લા શ્વાસ સુધી કેડો ન મૂક્યો. જિહાદના દરેક મોરચાથી દૂર ભાગતા રહ્યા અને પ્રત્યેક સંગીન અવસરે જાત-જાતની વાતો બનાવતા રહ્યા. તેમણે અલ્લાહે સુપ્રત કરેલ જવાબદારીઓનો બદલો તેના દીન (ધર્મ)નું આંદોલન ચલાવનાર સત્યના ધ્વજવાહકથી દિલ ખોલીને લીધો.

આંદોલનો જ્યારે રણભૂમિમાં ઉતરે છે, તો તેના ધ્વાજવાહકો વિરોધી શક્તિઓને જ્યાં પ્રહાર કરે છે, ત્યાં તેમના હાથે ઘા પર ઘા પણ ખાય છે. યુક્તિઓના તીર લક્ષ્ય પર વાગે પણ છે અને નિષ્ફળ પણ જાય છે. પરિણામો આશાઓ મુજબ પણ મળે છે અને તેના વિરુદ્ધ પણ આવે છે. એવું તો કોઈ પણ યુદ્ધ-મેદાન નથી જોવા મળ્યું, જેમાં દરેક નુકસાન એક જ પક્ષકારના ભાગમાં આવે અને દરેક ફાયદો બીજા પક્ષકારને મળે. જે પક્ષકાર અંતિમ વિજય પ્રાપ્ત કરે છે એ પણ ઘણા પ્રાણો વિજયની કિંમતરૂપે ચૂકવે છે, અસંખ્ય જખમો ઉઠાવે છે, પુષ્કળ ધનદોલત યુદ્ધની આગમાં ઝોંકે છે. પરંતુ મદીનાના ઇસ્લામી આંદોલનમાં કામ કરનાર મુનાફિકો اِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا (સૂરઃ અલમ-નશ્રહ, ૬)ની આ રબ્બાની (ઈશ્વરીય) ફિલસૂફીથી

ખાલી થઈને દરેક તકલીફ, દરેક નુકસાન અને દરેક આઘાત વખતે સહસા ચિત્કારી ઉઠતા હતા કે આ પરિણામ છે આંદોલનના વડાની અણસમજનું ! (નઊઝુબિલ્લાહ) કુર્આનમાં આ ધીમા-ધીમા ફિલસૂફીભર્યા દુષ્પ્રચારનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે :—

"અને જો તેમને કોઈ ફાયદો પહોંચે છે તો કહે છે કે આ અલ્લાહ તરફથી છે અને જો કોઈ નુકસાન પહોંચે છે તો કહે છે કે આ તમારા (અર્થાત્ રસૂલ અકરમ ﷺ ના) કારણે છે." (સૂરઃ નિસા, ૭૮)

અર્થાત્ આંદોલનના યુદ્ધોમાં જે આઘાત લાગતા, જે નુકસાનો ભોગવવા પડતા, જે કુરબાનીઓ આપવી પડતી અને યુક્તિઓના આશાઓ અનુસાર પરિણામો ન મળતા, એ બધી જવાબદારી હુઝૂર ﷺ ના શિરે નાખી દેવામાં આવતી કે, આ બધું આમનું કર્યું-કરાવ્યું છે. મતલબ એ કે દીન મૂળભૂત રીતે તો સત્ય છે, આંદોલન પવિત્ર અને સામૂહિક વ્યવસ્થા પણ અનુપમ, પરંતુ બસ જે હાથોમાં નેતૃત્વ છે તેમણે બધા કામોને વિચિત્ર ચક્કરોમાં નાખી દીધા છે. જરા તેમના સંયમ અને ઈશનિષ્ઠાને જુઓ કે અલ્લાહથી વાત બનાવી રાખી છે તેમજ લાભો અને સફળતાઓનો સંબંધ ખૂબ કાળજીથી તેના તરફ જોડવામાં આવી રહ્યો છે; અર્થાત્ દુષ્પ્રચાર ફિલસૂફીભર્યો નહીં, ખૂબ સંયમ અને અલ્લાહથી નિષ્ઠાવાળો પણ હતો, પરંતુ આ દંભી ઈશનિષ્ઠા જે રસૂલ ﷺ જેવા આંદોલનના વડા સાથે ભલાઈ અને તેના અનુસરણનો એટલો પણ હક્ક અદા કરી શકી નહીં જેટલો ઇસ્લામે એક હબશી ગુલામ સુદ્ધાંના નેતૃત્વ માટે માગ્યો છે, અને જે અલ્લાહના રસૂલ ﷺ અને ઇસ્લામી આંદોલનના સર્વોચ્ચ વડાની ઉપરવટ જઈને અલ્લાહથી નિકટતાનો સંબંધ જોડી રાખવા માગતો હતો. આનાથી વધારે આત્મછલનાનું બીજું કયું સ્વરૂપ હશે, જે માનવીએ પોતાના વિનાશ માટે પેદા કર્યું હોય. આ પ્રસંગે એ સ્પષ્ટ કરી દેવું જરૂરી લાગે છે કે 'હસનાત' (ભલાઈઓ)નો જે સંબંધ એ લોકો અલ્લાહ તઆલા સાથે જોડતા હતા, તે કૃતજ્ઞતા અને સ્વીકાર માટે ન હતો, બલ્કે તેમનો આશય એ રહેતો કે પરિસ્થિતિમાં જે કંઈ સારા પાસાઓ ઊભરી આવે છે અને યુદ્ધોથી જે લાભપ્રદ પરિણામો ઉદ્‌ભવતા હોય છે તેમાં માનવતાના ઉપકારક ﷺ ના નેતૃત્વ અને દૂરંદેશીનો કોઈ હસ્તક્ષેપ નથી, એ તો અલ્લાહ તઆલાની મરજીથી ઉત્પન્ન સંયોગો છે.[૧]

મદીનાના ઇસ્લામી આંદોલનના સર્વોચ્ચ વડાને કયા પ્રકારની માનસિક

૧. આ પ્રસંગે એ બતાવી દેવું લાભપ્રદ હશે કે 'મૌઝુલ કુરઆન'ના લેખકે પોતાની ટિપ્પણીમાં તદ્દન આ જ વાત આ રીતે સંકેતોમાં કહી છે કે - આ મુનાફિકોનો ઉલ્લેખ છે કે જો યુદ્ધની યુક્તિ સાચી ઠરી અને વિજય અને માલે-ગનીમત મળ્યો તો કહે છે કે આ અલ્લાહ તરફથી થયું, અર્થાત્ સંયોગવશ થયું. હઝરતની યુક્તિનો તેઓ સ્વીકાર કરતા ન હતા અને જો યુક્તિ બગડી જતી તો આરોપ મૂકતા હઝરતની યુક્તિ પર. (જુઓ : 'હમાઈલ શરીફ', મુદ્રક : તાજ કંપની, પ્રકરણ–૮)

સ્થિતિમાંથી પસાર થવું પડ્યું હશે, જ્યારે કે તકલીફના પ્રસંગે ઘરમાં વિરોધી આલોચના કરવાવાળા, મજાક ઉડાવનારા અને અપમાન કરવાવાળા કથિત સાથીઓ હોય. વાત-વાત પર કહેતા ફરતા હોય કે આંદોલનના વડાના હાથે આ મુસીબત આવી, હવે એ ઘા વાગ્યો અને પેલી બાજુથી તબાહી આવી. પ્રત્યેક મહત્ત્વના પગલાના પરિણામો આવી ગયા પછી પંડિત બનીને બેસી જતા હોય અને સમીક્ષાઓ કરતા હોય કે આમ ન કર્યું હોત તો સારું થતું !

આ જ નીચ અને હલકી માનસિકતાની સાથે તેઓ દરેક યુદ્ધ વખતે ઉટપટાંગ વાતો કરવા લાગી જતા, જેમ કે કહેતા કે આશંકા છે કે પરિસ્થિતિનું કોઈ ચક્કર અમને પોતાની લપેટમાં ન લઈ લે." (સૂરઃ માઇદા, ૫૨) અભિપ્રેત એ હોય છે કે આ આંદોલનની ગાડીને જે રીતે ચલાવવામાં આવી રહી છે તેને જોતાં દરેક વખતે એ જોખમ છે કે હમણા કોઈ પહાડ સાથે ટકરાઈ જશે અને કોઈ ખીણમાં જઈ પડશે. — છેવટે શા માટે વિનાકારણ પોતાનાથી હાથ ધોઈ બેસીએ !

ઉહદના યુદ્ધના પ્રસંગે આ જ માનસિકતા હતી, જેણે ઇચ્છા કરી હતી કે لَوْ كَانَ لَنَا مِنَ الْأَمْرِ شَيْءٌ مَّا قُتِلْنَا هٰهُنَا (અર્થાત્ જો નેતૃત્વના અધિકારમાં અમારો કોઈ ભાગ હોત તો અહીં અમે માર્યા ન જતા... તફહીમુલ કુર્આન, સૂરઃ આલે ઇમરાન, ૧૫૪) આ માનસિકતામાં હુઝૂર ﷺ ના નેતૃત્વ અને નિર્દેશન વિરુદ્ધ સરાસર અવિશ્વાસ જોવા મળતો હતો. તેઓ પોતાને મહાન ફરિશ્તા સમજતા હતા, અને જે વ્યક્તિ ઘણા વર્ષોથી અલ્લાહની વહી (દિવ્ય પ્રકાશના)ના પ્રકાશમાં આંદોલન ચલાવતો આવી રહ્યો હતો તે પયગંબર હોવા છતાં તેમની નજરમાં કંઈ ન હતો. જો મામલો પયગંબરના અનુયાયીઓના નેતૃત્વનો હોત, તો અલ્લાહ જાણે બુદ્ધિમત્તાના આ ઠેકેદારોના હાથે તેની શું દુર્દશા થઈ હોત ?

આ ઉદાહરણોથી અનુમાન લગાવી શકાય છે કે આંદોલનના સીધા વિરોધના બદલે નબી અકરમ ﷺ ના વ્યક્તિત્વને લક્ષ્ય બનાવીને પરોક્ષરૂપે હુમલાની સૌથી સફળ કાર્ય-પદ્ધતિ અપનાવવામાં આવી હતી. આંદોલનના કાફલાના વડાના જ વિરુદ્ધ વાંધાઓ, અપમાનજનક અને નિર્લજ્જ દોષો શોધી કાઢવાનો લાવા 'નજવા' (ગુપ્ત કાવતરાઓ)ના અપવિત્ર માહોલમાં પકાવવામાં આવતો અને તેની અવજ્ઞા અને તેનાથી વિદ્રોહ કરવા માટે નીત-નવા પગલાઓ વિચારવામાં આવતા.

નૈતિક સામૂહિક વ્યવસ્થાની જટિલતાઓ

આ વાતાવરણ શૈતાન માટે કામ કરવાનું સૌથી ઉત્તમ અને વ્યાપક મેદાન પોતાનામાં રાખતું હતું. વિશેષરૂપે આના બે પાસાઓ ઉપદ્રવકારીઓના પક્ષમાં

જતા હતા. ઈસ્લામી આંદોલનની સામૂહિક વ્યવસ્થા નૈતિક વ્યવસ્થા હતી. નૈતિક વ્યવસ્થાની એક જટિલતા એ છે કે તેમાં ધરપકડ કરી શકાય એવા કૃત્યો જ્યાં સુધી સાબિત થયેલ તથ્યોના સ્વરૂપમાં સામે ન આવી જાય, તેના પર ન સામૂહિક વ્યવસ્થા પકડ કરી શકે છે અને ન તો ખરાબી અનુભવનારા લોકો પરિસ્થિતિના ધુંધળા વાતાવરણને અંતિમ પરિણામો નીકળે એ પહેલાં જાહેરમાં લાવી શકે છે. ઈસ્લામની સામૂહિક નૈતિક વ્યવસ્થા પોતાના લોકોને એક-બીજા વિશે દુર્ભાવનાથી રોકે છે અને એક નિખાલસ વ્યક્તિ અંતિમ ઘડી સુધી વિવશ હોય છે કે પોતાના સાથીઓના સંદિગ્ધ કાર્યના પ્રત્યેક અંશનું સારમાં સારું અર્થઘટન કરતો રહે, અને પછી જો બિનતંદુરસ્ત સળંગ ઘટનાઓની અસંખ્ય કડીઓ મળી જાય તો પોતાના હૃદયના ઊંડાણમાં કોઈ ખરાબ અભિપ્રાય બાંધી પણ લે તો વધારેમાં વધારે સમય એ રાહ જોવામાં વિતાવે કે કદાચ તેના ખોટા અભિપ્રાયનું ખંડન કરવાવાળી કોઈ સ્પષ્ટ હકીકત સામે આવી જાય.

માત્ર પ્રતિભાવો, ચાહે તે તેની પોતાની નજરમાં ગમે તેટલા મજબૂત કેમ ન હોય, એ યોગ્ય નથી હોતા કે તેને એક કેસના રૂપમાં વિધિસર સમાજની સામે લાવીને અનુશાસનને કાર્યાન્વિત કરવામાં આવે. આ કારણસર મદીનામાં નિષ્ઠાવાન લોકો વિવશ હતા કે તેઓ ઉપદ્રવકારીઓ અને બગાડ ફેલાવનારાઓની આરંભિક પ્રવૃત્તિઓને જે 'નજવા'ના ઓઠા હેઠળ ચાલી રહી હતી, કેટલાક અપ્રિય રંગઢંગ અને ચિહ્નો સામે આવી ગયાં છતાં પણ ચુપચાપ જોતા રહે. હા, જ્યારે ઉપદ્રવનો પાક રીતસર ફૂલવા-ફાલવા લાગતો, ત્યારે નૈતિક સામૂહિક વ્યવસ્થા તેમને અવસર આપતી કે તેઓ મોઢું ખોલે અને સામૂહિક વ્યવસ્થાને કાર્યાન્વિત કરે.

બીજી જટિલતા નૈતિક સામૂહિક વ્યવસ્થાની એ હોય છે કે જો તેમના વડાનું વ્યક્તિત્વ અને તેમના અન્ય હોદ્દેદારો અને સત્તાધિકારીઓની સત્તાને કોઈ લપેટમાં લઈ લે, તો તેમની દશા અત્યંત નાજુક બની જાય છે. એક તરફ એ જ હોય છે, જેમના હાથમાં સમાજના તંત્રની લગામ હોય છે અને જેમના હાથે ઉપદ્રવોનું માથું કચડી શકાય છે. બીજી તરફ ઉપદ્રવ તેમને જ લક્ષ્ય બનાવીને એવી સ્થિતિ ઊભી કરી દે છે કે જો તેઓ ઉપદ્રવકારીઓનું રહસ્ય આખા સમાજની સામે સંપૂર્ણપણે ખૂલી જાય એ પહેલાં તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરે, તો તેમના પર એ આરોપ મૂકવામાં આવે છે કે આલોચના અને મતભેદને દબાવે છે તેમજ સચ્ચાઈનો અવાજ બુલંદ કરનારાઓને આપખુદશાહીથી પરાસ્ત કરે છે. જે રીતે વ્યક્તિઓના મામલામાં કહી શકાય છે કે સૌજન્યશીલતા જ્યાં ખૂબ મોટી શક્તિ છે, ત્યાં સૌજન્યશીલતા જ સૌથી મોટી નબળાઈ પણ હોય છે. તદ્દન એ જ રીતે સમાજો માટે નૈતિક વ્યવસ્થા

જ્યાં સૌથી મોટી શક્તિ છે, ત્યાં આ જ નૈતિક વ્યવસ્થા તેમની સૌથી મોટી જટિલતા પણ છે. આ જટિલતાનો એક જ ઉપાય છે અને તે એ છે કે સમાજ પોતાની સમસ્ત માનસિકતાની રીતે એટલો જાગૃત અને પોતાના ચરિત્રની રીતે એટલો મજબૂત હોય કે તે પોતાના સ્વભાવ વિરુદ્ધ કોઈપણ વસ્તુને પોતાનામાં ચાલવા ન દે. તેના વર્તુળમાં કોઈ હોશિયાર વ્યક્તિ સામૂહિક વ્યવસ્થા વિરુદ્ધ ગુસપુસ સાંભળવા માટે તૈયાર ન હોય અને કોઈ જીભ કાનમાં પડેલી કોઈ વાતને આમ-તેમ ફેલાવવાની હિંમત ન કરે. પરંતુ આ સર્વોચ્ચ ધોરણ પર વ્યવહારૂરૂપે આખા સમાજનું પહોંચવું અને હંમેશા તેના પર કાયમ રહેવું મુશ્કેલ છે. નીચ અને હલકી વાતો વિચારનારા મગજો, તેમને ફેલાવનારી જીભો અને તેમને સાંભળનાર કાનોથી કોઈ માનવ-સમાજ તદ્દન પવિત્ર અને શુદ્ધ નથી રહી શકતો. માનવ-વિચાર, વાણી અને શ્રવણમાંથી શૈતાન થોડો-ઘણો ભાગ તો લઈ જ લે છે.

મુનાફિકોએ નૈતિક વ્યવસ્થાની આ ઢીલથી પૂરેપૂરો ફાયદો ઉઠાવ્યો, પરંતુ પરિણામરૂપે તેઓ આની જબરજસ્ત પકડથી બચી ન શક્યા. તેમના સમગ્ર કાર્યો અને પ્રવૃત્તિઓનો સાર કુર્આનની ભાષામાં બસ એ હતો وَهَمُّوا بِمَا لَمْ يَنَالُوا ("તેમણે એ બધું કરવાનો ઇરાદો કર્યો, જેને પૂરો ન કરી શક્યા." - સૂરઃ તૌબા, ૭૪) તેઓ જે ધ્યેય તરફ નખરાં કરતા ચાલી રહ્યા હતા ત્યાં સુધી પહોંચી ન શક્યા. પરંતુ સમાજને પરેશાન તો કર્યો, તેને વ્યાકૂળ તો રાખ્યો.

'નજવા'ના આ સાનુકૂળ વાતાવરણમાં, જેમાં આંદોલનના પ્રથમ ધ્વજવાહક પયગંબર મુહમ્મદ ﷺ ની જાત લક્ષ્ય બનતી ચાલતી આવી રહી હતી અને તેમના વિરુદ્ધ એક-પછી-એક નિંદા અને ટીકાઓના તીર ચલાવવામાં આવી રહ્યા હતા, ગંદામાં ગંદા આરોપના કોઈ તોફાનને ઉઠાવી દેવું અસંભવ ન હતું, એ શરતે કે કોઈ સારી તક ઉપદ્રવકારીઓને મળી જાય. શૈતાનને આ વાતાવરણથી ફાયદો ઉઠાવવા અને મુનાફિક જૂથનો બરાબર ઉપયોગ કરવા માટે બીજી જરૂર એક સક્રિય વ્યક્તિની હતી, જેનું મન ઉપદ્રવ મચાવવામાં આગળ રહીને નવી વસ્તુઓને શોધનાર અને સર્જક હોય તેમજ જેનામાં 'નજવા'એ સર્જેલ દારૂગોળાના ઢગલામાં પલીતો ચાંપવાની હિંમત હોય. આમ, આ પ્રકારનું સક્રિય ચરિત્ર અબ્દુલ્લાહ બિન ઉબ્બીના રૂપમાં પહેલાથી જ હતું. એ વ્યક્તિમાં પોતાના વ્યક્તિત્વ અને મહત્ત્વની લાગણી કૂટી-કૂટીને ભરેલી હતી. — છેવટે હિજરતથી પહેલા મદીનાની બાદશાહીનો તાજ તેના જ માથા પર મૂકવાની તૈયારી ચાલી રહી હતી ! પરતુ પયગંબર મુહમ્મદ ﷺ નું અસ્તિત્વ તેની અભિલાષાઓના માર્ગમાં રુકાવટ બની ગયું. બાદશાહી તો દૂર રહી, તેને પોતાના ચરિત્રના કારણે ઇસ્લામી આંદોલનના સમૂહમાં આવીને પ્રથમ પંક્તિનો

દરજ્જો પણ દૂર રહ્યો, બીજા કે ત્રીજા ક્રમનો દરજ્જો સુદ્ધાં પણ પ્રાપ્ત ન થઈ શક્યો. આ દુર્ઘટનાએ તેના મનમાં ખૂબ તીખી અને ઝેરી પ્રતિક્રિયા પેદા કરી દીધી. આ પ્રતિક્રિયા હર પળ એક નવા ઉપદ્રવના રૂપમાં હલચલ પેદા કરતી રહેતી હતી. શૈતાન મનુષ્યોમાં પ્રત્યક્ષરૂપે તો ખૂબ ઓછું કામ કરે છે. તેને સાધનરૂપે માનવ-શૈતાનોની આવશ્યકતા રહે છે અને માનવ-શૈતાનોને અલ્લાહના માર્ગમાં બગાડ ફેલાવવાના કાર્યમાં સક્રિય રાખવા માટે તેને તેમના પર કોઈ વડાની જરૂર રહે છે, ફિત્નો (ઉપદ્રવ) ઊભો કરનાર જૂથનો વડો ! ફિત્નો ઊભો કરનાર જૂથનો આવો વડો તેને મદીનામાં તૈયાર મળી ગયો અને તે હતો પણ ઇસ્લામી આંદોલનના સમૂહમાં ! આ વ્યક્તિ પયગંબરના નેતૃત્વમાં ચાલતા આંદોલન પર દેખીતી રીતે آمَنَّا وَصَدَّقْنَا પણ કહી ચૂક્યો હતો અને બીજી બાજુ આ જ પયગંબરની જાત અને તેના મિશન વિરુદ્ધ દરેક પાસાથી ટક્કર પણ લઈ રહ્યો હતો. અહંભાવ (Self Importance)ના પ્રભાવ હેઠળ આ સક્રિય ચરિત્રએ મોટા ઐતિહાસિક પ્રસંગે પોતાના ઈર્ષા-ભાવની ભડકતી ભઠ્ઠીમાંથી ચિંગારી ઉઠાવીને નબી અકરમ ﷺ ના ઘરમાં નાખી દીધી અને જોત-જોતામાં આખો સમાજ માનસિક રીતે ભડ-ભડ બળવા લાગ્યો.

હઝરત આઈશા رضي الله عنها ની આપવીતી

આ પ્રચંડ તોફાનમાં હઝરત આઈશા رضي الله عنها ના હૃદય અને આત્મા પર જે કંઈ વિત્યું, તેની પ્રમાણભૂત વિગત સ્વયં તેમના અને અન્ય રિવાયતકર્તાઓના મોઢે, હદીસ, સીરત અને ઇતિહાસના મહત્ત્વના પુસ્તકોમાં સુરક્ષિત છે. મારા સામે હાલ 'ઝાદુલ મિઆદ' (જુઓ : ભા-૨, પૃ. ૧૧૩-૧૧૫) તથા સીરત ઇબ્ને હિશામ (જુઓ : ભા-૩, પૃ. ૩૪૨-૩૪૭) જેવા પ્રમાણિત સ્રોત છે. પરંતુ તફહીમુલ કુર્આનના લેખકે (મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી رحمه الله એ) હઝરત આઈશા رضي الله عنها ની વિતક-કથાનો અનુવાદ ઉત્તમ શબ્દોમાં કરી દીધો છે. તેથી તેને ત્યાંથી જ નોંધું છું :

> ''મદીના પહોંચીને હું બીમાર પડી ગઈ અને એક મહિનાથી ખાટલા પર પડી રહી. શહેરમાં આ તહોમતના સમાચારો ફેલાઈ રહ્યા હતા. રસૂલુલ્લાહ ﷺ ના કાન સુધી પણ આ વાત પહોંચી ચૂકી હતી, પણ મને કંઈ ખબર નહોતી. અલબત્ત, જે વસ્તુ મને ખટકી રહી હતી તે એ કે રસૂલુલ્લાહ ﷺ નું એ ધ્યાન મારા તરફ નહોતું જે બીમારીના સમયે રહેતું હતું. આપ ﷺ ઘરમાં આવતા, તો બસ એટલું જ પૂછતા કે كَيْفَ تِيكُمْ (કેવી છે આ ?) તેનાથી વધારે કોઈ વાત ન કરતા. આનાથી મને શંકા થતી કે કોઈ વાત છે જરૂર. છેવટે આપ ﷺ થી

અનુમતિ લઈને હું મારી માતાના ઘરે જતી રહી, જેથી મારી સારવાર સારી રીતે થઈ શકે. એક દિવસે રાત્રિના સમયે કુદરતી હાજત પૂરી કરવા માટે હું મદીનાની બહાર ગઈ. એ સમય સુધી અમારા ઘરોમાં જાજરૂ નહોતા અને અમે લોકો જંગલમાં જ જતા હતા. મારા સાથે મુસ્તહ બિન અસાસાની માતા પણ હતી, જે મારા પિતાની માસીની દીકરી-બહેન હતા. (બીજી રિવાયતથી જાણવા મળે છે કે આ સમગ્ર પરિવારનું ભરણ-પોષણ હઝરત અબૂબક્ર ﷺ એ પોતાના શિરે લઈ રાખ્યું હતું, પણ આ ઉપકાર છતાં મુસ્તહ પણ એ લોકોમાં સામેલ થઈ ગયો હતો, જેઓ હઝરત આઈશા ﷺ વિરુદ્ધ આ તહોમતને ફેલાવી રહ્યા હતા.) રસ્તામાં તેમને ઠોકર વાગી અને અનાયાસ તેમના મોઢેથી નીકળ્યું : નખ્ખોદ જાય મુસ્તહ ! મેં કહ્યું : ખરી માતા છો કે જે પુત્રને ભાંડો છો, અને પુત્ર પણ એ જેણે બદ્રના યુદ્ધમાં ભાગ લીધો છે ! તેમણે કહ્યું : બેટા ! શું તને તેની વાતોની કંઈ ખબર નથી ! પછી તેમણે આખી ઘટના સંભળાવી કે તહોમત મૂકનારા લોકો મારા વિશે શું વાતો ફેલાવી રહ્યા છે. (મુનાફિકો સિવાય સ્વયં મુસલમાનોમાંથી જે લોકો આ ફિત્ના (ઉપદ્રવ)માં સામેલ થઈ ગયા હતા તેમાં મુસ્તહ, પ્રખ્યાત ઇસ્લામી શાયર હસ્સાન બિન સાબિત અને હઝરત ઝૈનબ ﷺ ના બહેન હુમ્ના બિન્તે જહશની ભૂમિકા સૌથી વધારે હતી. આ વાત સાંભળીને મારું લોહી સૂકાઈ ગયું. એ કુદરતી હાજત પણ ભૂલી ગઈ, જેના માટે હું આવી હતી. સીધી ઘરે ગઈ અને આખી રાત રડી-રડીને કાપી. (માસિક 'તર્જુમાનુલ કુરઆન' ભા-૪૫, અંક-૨, પૃ.૧૭-૧૯) (આ પ્રસંગે ઇબ્ને હિશામે નોંધેલ રિવાયતમાં એ શબ્દો ખૂબ મહત્ત્વના છે કે, 'રડવાની એ સ્થિતિ રહી કે મને ડર લાગ્યો કે મારું કાળજું ફાટી જશે !'' (ન.સિ.)

હઝરત આઈશા ﷺ આ પીડામાં દુબળા થઈ રહ્યા હતા. પરંતુ આખા શહેરમાં ગુસપુસનું ચક્કર ચાલી રહ્યું હતું. તેમના તરફથી સૌથી સારી રીતે ખુલાસો આપી શકે એવા તેમના પિતા અને પતિ જ હોઈ શકતા હતા, જેઓ તેમના મન અને ચરિત્રની નજીકથી અને વિસ્તૃત જાણકારી અને અનુભવ રાખતા હતા. પરંતુ આ પ્રકારની તહોમત જ્યારે અત્યાચારી લોકો મૂકી દે છે, તો જે જેટલો નજીક હોય છે તે એટલો જ વધારે મુશ્કેલી અને મુંઝવણમાં મૂકાઈ જાય છે. તેનો ખુલાસો તદ્દન નિરર્થક બનીને રહી જાય છે. આમ, પિતા અને પતિ બંને સ્તબ્ધ હતા અને ચારે

બાજુથી છોડવામાં આવતા વાગ્બાણ ઝીલી રહ્યા હતા.

માનવતાના મહાન ઉપકારક ﷺ પર આ પળો જે પ્રકારે કષ્ટદાયક હશે – અંગત રીતે પણ અને આંદોલનના હિતની રીતે પણ – તેનું થોડુંઘણું અનુમાન દરેક સજ્જન અને સંવેદનશીલ તેમજ જવાબદાર વ્યક્તિ કરી શકે છે. ખૂબ ધૈર્ય અને શાંતિથી કામ લીધું. પરંતુ આ સંવેદનશીલ મામલાને હાલની સ્થિતિમાં એમ-ને-એમ છોડી શકાય એમ તો હતો નહીં. આ બાજુ કે પેલી બાજુ, કોઈ એક નિર્ણય અનિવાર્ય હતો. તેથી હુઝૂર ﷺ એ તટસ્થ રીતે તપાસ શરૂ કરી. પોતાના બે નજીકના સાથીઓ હઝરત અલી رضي الله عنه અને હઝરત ઉસામા બિન ઝૈદ رضي الله عنه ને બોલાવ્યા અને તેમનાથી અભિપ્રાય માંગ્યો. હઝરત ઉસામા رضي الله عنه એ અરજ કરી : હે અલ્લાહના રસૂલ ﷺ ! તે આપની આદરણીય પત્ની છે અને અમે તેમના વિશે ભલાઈ સિવાય બીજું કંઈ નથી જોતા. આ બધું જૂઠ અને અસત્ય છે, જેને ફેલાવવામાં આવી રહ્યું છે.[1] હઝરત અલી رضي الله عنه એ તદ્દન બીજા જ પાસાથી મામલાને જોયો અને કહ્યું : ''હે અલ્લાહના રસૂલ ﷺ ! સ્ત્રીઓની કમી નથી. આપ ﷺ તેના બદલે બીજી પત્ની કરી શકો છો. એ રીતે તમે દાસીને બોલાવીને તપાસ કરી લો.[2] વાસ્તવમાં હઝરત અલી رضي الله عنه નો આશય એ હતો કે એના બદલે કે હુઝૂર ﷺ પરેશાન રહે, શા માટે એ પત્નીને તલાક આપીને બીજા નિકાહ ન કરી લે, જેના વિશે એક તોફાન ઉઠાવી નાખવામાં આવ્યું છે. હકીકત એ છે કે હઝરત અલી رضي الله عنه એ પોતાના ખાસ સંબંધને કારણે આ મામલામાં આંદોલનના પાસાની તુલનામાં હુઝૂર ﷺ ની અંગત પરેશાનીને વધારે મહત્ત્વ આપ્યું અને એ અભિપ્રાય આપ્યો, જેનાથી આપ ﷺ માનસિક ઉલઝનમાંથી બહાર નીકળીને શાંત થઈ જાય.

હઝરત અલી رضي الله عنه ના અભિપ્રાયના બીજા અંશનો હુઝૂર અકરમ ﷺ એ સ્વીકાર કરી લીધો અને તે અનુસાર ઘરની દાસીને બોલાવવામાં આવી. હઝરત અલી رضي الله عنه એ આવતાં જ તેને ધમકાવી નાખી અને મારીને કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ ની સામે સાચું-સાચું કહી દે. તેણે કહ્યું : અલ્લાહના સોગંદ ! હું ભલાઈ સિવાય કંઈ નથી જાણતી અને હું તેના સિવાય બીજી કોઈ ખામી આઈશા رضي الله عنها માં નથી કાઢી શકતી કે હું લોટ ગૂંદતી હતી અને કહીને જતી કે જરા આને જોતી રહેજે, અને તે પડી-પડી ઊંઘી જતી અને બકરી આવીને આટો ખાઈ જતી.[3] આ અનાયાસ નિવેદનમાં દાસીએ જેટલો પૂર્ણ ખુલાસો હઝરત આઈશા رضي الله عنها વિશે આપી દીધો હતો તેના પર અન્ય કોઈ નિવેદન ભાગ્યે જ કોઈ વધારો કરી શકે છે. તેણે એક

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૪૬
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૪૬
૩. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૪૬

ભોળી અને સાદા વિચારની યુવતીનું વાસ્તવિક ચિત્ર પ્રસ્તુત કરી દીધું, જેના નકશામાં કોઈ બૂરાઈને માનવ-બુદ્ધિ અંકિત કરી શકતી નથી. – તેના સાથે-સાથે બીજું પગલું ઈસ્લામી આંદોલનના વડા ﷺ[1]એ એ ભર્યું કે સામાન્ય સભામાં સંબોધન કર્યું. અલ્લાહની સ્તુતિ અને પ્રશંસા પછી ખૂબ વેદનાભર્યા શબ્દો મોઢેથી નીકળ્યા :

> ''છેવટે એ લોકોનો હેતુ શું છે, જેઓ મને મારા પરિવારજનો વિશે દુઃખ આપે છે અને તેમના વિશે ખોટી અને અસત્ય વાતો કહેતા ફરે છે. અલ્લાહના સોગંદ ! તેમના વિશે ભલાઈ સિવાય કોઈ અન્ય વાત મારી જાણકારીમાં નથી અને તેઓ આ વાત એક એવા વ્યક્તિ વિશે કહે છે કે તેના તરફથી પણ ભલાઈ સિવાય મારી જાણકારીમાં કોઈ બીજી વાત નથી અને તેણે મારા ઘરમાં પણ મારી હાજરી વગર પગ નથી મૂક્યો.''[2]

બીજી રિવાયતમાં શરૂઆતના શબ્દો આ મુજબ છે :

> ''કોઈ છે જે મને એ વ્યક્તિથી બચાવે, જે મને મારા ઘરવાળાઓ વિશે તકલીફ આપે છે.''[3]

આ સાંભળીને ઔસ કબીલાના સરદાર ઉસૈદ બિન હુઝૈર ؓ એ ઊભા થઈને અરજ કરી : ''હે અલ્લાહના રસૂલ ﷺ ! જો એવા લોકો મારા કબીલાના હોય તો અમે તેમને પહોંચી વળીશું અને અમારા ખઝરજી ભાઈઓમાંથી હોય તો આપ આજ્ઞા કરો, અલ્લાહના સોગંદ ! આવા લોકો એ યોગ્ય છે કે તેમની ગરદનો ઊડાવી દેવામાં આવે.'' બીજી બાજુથી ખઝરજીઓના સરદાર સઅ્દ બિન ઉબાદા ؓ ગુસ્સે થઈને ઊભા થયા અને કહ્યું, ''જૂઠ કહો છો, અલ્લાહના સોગંદ ! અમે તેમની ગરદનો નહીં ઊડાવીએ. હા, હા, અલ્લાહના સોગંદ ! તમે આ વાત એટલા માટે જ કહી છે કે તેમનો સંબંધ ખઝરજથી છે.'' હઝરત સઅ્દ ؓ નો આ જવાબ હઝરત ઉસૈદ ؓ ને ખૂબ ખરાબ લાગ્યો. તેમને સંભવતઃ એવું લાગ્યું હશે કે જે સમાજમાં ગુનેગારો અને બગાડ ફેલાવનારાઓ અને દુષ્ટતા આચરનારાઓને શરણ અને આશ્રય કોઈ મોટા વ્યક્તિ તરફથી પ્રાપ્ત થઈ જાય છે તેના માટે સામૂહિક વાતાવરણની શુદ્ધિ સરળ નથી રહેતી. અબ્દુલ્લાહ બિન ઉબ્બીઓ હંમેશા આંદોલનો અને ચળવળોમાં પેદા થતા રહે છે. પરંતુ કોઈ મજબૂત અને સ્વાભિમાની સામૂહિક વ્યવસ્થાનું પેટ આવી માખીઓને શરીરનું અંગ નથી બનવા દેતું, બલ્કે ઊલટી કરીને ફેંકી દે છે.

---

૧. સીરત ઈબ્ને હિશામની રિવાયત અનુસાર ઘટનાનો આ ભાગ ઘટનાક્રમની રીતે પહેલો હતો. જુઓ : ભા-૩, પૃ.૩૪૬.
૨. સીરત ઈબ્ને હિશામ, ભા-૩, પૃ.૩૪૫.
૩. 'ઝાદુલ મિઆદ' - ૨, પૃ. ૧૧૪.

અલબત્ત, જો કોઈ દુષ્ટ વ્યક્તિને સામૂહિક વ્યવસ્થાની અંદર વિશિષ્ટ અને મજબૂત લોકો પોતાની પાંખોની નીચે લેવાવાળા મળી જાય, તો પછી આસ્તીનના સાપ પાંગરે છે, અને સામૂહિક વ્યવસ્થાને તેમના ડંખ ખાવા પડે છે. આવી કડવી સચ્ચાઈની પ્રતીતિના કારણે હઝરત ઉસૈદ ભાવનાત્મક રીતે બોલી ઉઠ્યા, ''તમે ખોટું કહો છો. અલ્લાહના સોગંદ ! બલ્કે તમે સ્વયં મુનાફિક છો, ત્યારે જ તો મુનાફિકોનો બચાવ અને તરફેણ કરો છો.''(૧)

આ અત્યંત અણગમતી સ્થિતિ એ કારણે ઊભી થઈ કે ઔસ અને ખઝરજ વચ્ચે તણાવ પેદા કરવા માટે પણ નિરંતર ઉપદ્રવનો દારૂગોળો બિછાવવામાં આવી રહ્યો હતો, એટલા માટે જ નાનકડી વાત પર લાગણીઓનો ઉશ્કેરાટ ફેલાઈ ગયો અને સમાજના બે જૂથો સક્રિય થઈ ગયા. અમુક આ તરફથી ઊભા થયા અને અમુક બીજી તરફથી, અને લાગતું હતું કે ઔસ અને ખઝરજ પરસ્પર લડી પડશે. બંને કબીલાઓને એક અને સુગઠિત કરનાર મહાન વડાને એ સ્વીકાર્ય ન હતું કે વર્ષોની મહેનતથી બંધાયેલ માળો તેમની જાતના કારણે વેરવિખેર થઈ જાય અને સ્વયં આંદોલનનો જ પાયો હચમચી જાય. આપ ﷺ મિમ્બરથી ઊતરીને નીચે આવ્યા. લોકોને શાંત પાડ્યા અને સભા બરખાસ્ત કરી દીધી.(૨)

હુઝૂર ﷺ માટે સમાજના આ નબળા પાસાનો આ નવો અનુભવ અગાઉની પરેશાનીમાં કેટલા વધારાનું કારણ બન્યો હશે ! વાસ્તવમાં આ પક્ષપાત અને પૂર્વગ્રહનો એ જ દારૂગોળો ફૂટી રહ્યો હતો, જેને અબ્દુલ્લાહ બિન ઉબ્બી બની મુસ્તલકના યુદ્ધ પ્રસંગે લોકોના હૃદયોના ઊંડાણમાં પાથરી ચૂક્યો હતો.

વૃત્તાંતનો છેલ્લો ભાગ, જેણે દુઃખદ ઘટનાને સુખદ બનાવી દીધી, સ્વયં આ વૃત્તાંતના મુખ્ય ચરિત્ર (હઝરત આઈશા رضي الله عنها)ના મોઢે સાંભળો :

> ''આ તહોમતની અફવાઓ ઓછા-વત્તા અંશે એક મહિના સુધી શહેરમાં ફેલાતી રહી. નબી ﷺ ઊંડી વ્યથામાં ગ્રસ્ત રહ્યા. હું રડતી રહી. મારા માતા-પિતા અત્યંત પરેશાની અને દુઃખ-દર્દમાં ગ્રસ્ત રહ્યા. છેવટે એક દિવસ હુઝૂર ﷺ પધાર્યા અને મારા પાસે બેસ્યા. આ સમગ્ર ગાળામાં આપ ﷺ ક્યારેય મારા પાસે બેસ્યા નહોતા. હઝરત અબૂબક્ર رضي الله عنه અને ઉમ્મે રોમાન رضي الله عنها (હઝરત આઈશા رضي الله عنها ના માતા) ને લાગ્યું કે આજે કોઈ નિર્ણયાત્મક વાત થવાની છે. તેથી તેઓ બંને પણ પાસે આવીને બેસી ગયા. હુઝૂર ﷺ એ ફરમાવ્યું :

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૪૫.
૨. વિગત માટે જુઓ : સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૪૫.

આઈશા (رضي الله عنها) ! મને તમારા વિશે આવી-આવી વાતો પહોંચી છે. જો તમે નિર્દોષ છો તો આશા છે કે અલ્લાહ તઆલા તમારી આમાંથી મુક્તિ જાહેર કરી દેશે, અને જો તમે કોઈ ગુનો કર્યો હશે તો અલ્લાહથી તૌબા કરો અને માફી માંગો. બંદો જ્યારે પોતાના ગુનાનો સ્વીકાર કરીને તૌબા કરે છે તો અલ્લાહ માફ કરી દે છે. આ વાત સાંભળીને મારા આંસુ સૂકાઈ ગયા. (નિર્દોષ વ્યક્તિ પાસેથી આવા જ સ્વાભાવિક વલણની આશા કરવી જોઈએ. - ન.સિ.) મેં મારા પિતાને અરજ કરી : તમે રસૂલુલ્લાહ ﷺ ની વાતનો જવાબ આપો. તેમણે ફરમાવ્યું : દીકરી ! મારી સમજમાં જ કંઈ આવતું નથી કે શું કહું. મેં મારી માતાને કહ્યું કે તમે જ કંઈક કહો. તેમણે પણ એ જ કહ્યું કે હું મૂંઝવણમાં છું કે શું કહું. આના પર હું બોલી : તમારા લોકોના કાનોમાં એક વાત પડી ગઈ છે અને હૃદયોમાં બેસી ગઈ છે. હવે જો હું એમ કહું કે હું નિર્દોષ છું — અને અલ્લાહ સાક્ષી છે કે હું નિર્દોષ છું તો તમે લોકો નહીં માનો, અને જો વિનાકારણ એક એવી વાતનો સ્વીકાર કરું જે મેં કરી નથી — અને અલ્લાહ જાણે છે કે મેં નથી કરી તો તમે માની લેશો. મેં તે વખતે હઝરત યાકૂબ عليه السلام નું નામ યાદ કરવાની કોશિશ કરી, પણ યાદ ન આવ્યું. (એક નિર્દોષ જ્યારે કોઈ ભારે આરોપના બોજ હેઠળ ઊંડી વ્યાકૂળતામાં મૂકાય છે તો તેના મનની દુનિયામાં આવી જ ઘટનાઓ સર્જાય છે. - લેખક) અંતે મેં કહ્યું : આ સ્થિતિમાં મારા માટે તેના સિવાય બીજો શું ઉપાય છે કે એ જ વાત કહું જે હઝરત યૂસુફ عليه السلام ના પિતાએ કહી હતી કે فَصَبْرٌ جَمِيلٌ. (અર્થાત્ ''સારી રીતે ધીરજ રાખીશ.'' સંકેત છે એ ઘટના તરફ, જ્યારે કે હઝરત યાકૂબ عليه السلام ની સામે તેમના પુત્ર બિન યમીન પર ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.) આટલું કહીને હું સૂઈ ગઈ અને બીજી બાજુ પડખું ફેરવી લીધું. (લાચારી અને તેના સાથે આ નિરપેક્ષતાનું પ્રદર્શન ફરી એ જ મનોવલણને જાહેર કરે છે, જ્યારે કોઈ નિર્દોષ પર આરોપ થોપી દેવામાં આવે છે. - લેખક) એ વખતે હું મારા દિલમાં કહી રહી હતી કે અલ્લાહ મારી નિર્દોષતાથી વાકેફ છે. તે અવશ્ય હકીકતને ખોલી દેશે. જો કે એ વાત તો મારી કલ્પનામાં પણ નહોતી કે મારા પક્ષમાં વહી નાઝિલ થશે, જે કયામત સુધી પઢવામાં આવશે. હું મારી જાતને તેનાથી ખૂબ નાની સમજતી હતી

કે અલ્લાહ સ્વયં મારી તરફેણમાં બોલે. પરંતુ મારું એ અનુમાન હતું કે રસૂલુલ્લાહ ﷺ કોઈ સ્વપ્ન જોશે, જેમાં અલ્લાહ તઆલા મારી મુક્તિ જાહેર ફરમાવશે. એટલામાં એકાએક હુઝૂર ﷺ પર એ કેફિયત છવાઈ ગઈ, જે વહી નાઝિલ થતી વખતે થતી હતી; ત્યાં સુધી કે સખત ઠંડીની ઋતુમાં પણ મોતીની જેમ આપના ચહેરા પરથી પરસેવાના બિંદુઓ ટપકવા લાગ્યા હતા. અમે બધા ચુપ થઈ ગયા. હું તો તદ્દન નિર્ભય હતી, પણ મારા માતા-પિતાની સ્થિતિ એ હતી કે કાપો તો શરીરમાંથી લોહી ન નીકળે ! તેઓ ગભરાઈ રહ્યા હતા કે જોઈએ, અલ્લાહ શું હકીકત ખોલે છે. જ્યારે એ કેફિયત દૂર થઈ, તો હુઝૂર ﷺ ખૂબ જ ખુશ હતા. આપ ﷺ એ હસતાં-હસતાં પહેલી વાત જે ફરમાવી તે એ હતી કે મુબારક તમને આઈશા (رضي الله عنها) ! અલ્લાહે તમારી મુક્તિ નાઝિલ કરી દીધી, અને તે પછી હુઝૂર ﷺ એ દસ આયતો સંભળાવી. મારી માતાએ કહ્યું કે ઉઠો અને રસૂલુલ્લાહ ﷺ નો આભાર વ્યક્ત કરો. મેં કહ્યું : હું ન તો તેમનો આભાર વ્યક્ત કરીશ અને ન તમારા બંનેનો ! બલ્કે અલ્લાહ તઆલાનો આભાર વ્યક્ત કરું છું, જેણે મારી મુક્તિ નાઝિલ ફરમાવી. તમે લોકોએ તો આ તહોમતનો ઇન્કાર સુદ્ધાં ન કર્યો."[1]

જરા આ સ્વાભિમાનથી ભરેલ વાતચીતનો અંદાજ જુઓ, શું આ કોઈ ગુનેગાર અંતરાત્માનું દર્શન કરાવે છે ? (લેખક)

આ આપવીતીનો દરેકે-દરેક શબ્દ બોલીને કહી રહ્યો છે કે આ એક નિર્દોષની વીતક-કથા છે, જે દરેક પ્રકારની બનાવટથી પર છે અને જેમાં વાસ્તવિક વેદનાનું અનાયાસ કરેલ વર્ણન છે.

અવલોકન, વિશ્લેષણ અને આત્મ-શુદ્ધિ

દુષ્પ્રચારના આ તોફાન અને તેનાથી ઉદ્ભવેલ કટોકટી (Crisis)ના ઘનઘોર અંધકારને દૂર કરવા માટે એકાએક વહીનું આકાશ ચમકી ઉઠ્યું. સમાજની માનસિક દુનિયામાં અદૃશ્યનું પ્રભાત પ્રગટ્યું અને સ્પષ્ટ આયતોના કિરણો આધ્યાત્મિક વાતાવરણમાં નૃત્ય કરવા લાગ્યા. કેવી સુંદર સુયોગ્યતા અને પ્રાસંગિકતા હતી કે જે સૂરઃ આ કટોકટીને દૂર કરવા અવતરિત થઈ તેનું નામ 'સૂરઃ નૂર' રાખવામાં આવ્યું. આ સૂરઃમાં જમાઅત (સંગઠન) અને સમાજ પર વિશ્લેષણ કરવામાં આવ્યું, તેની

૧. તફહીમુલ કુર્આન, ઉદ્ધૃત : માસિક 'તર્જુમાનુલ કુર્આન' ભા-૪૫, અંક : ૯-૧૦.

નબળાઈઓ સ્પષ્ટ કરવામાં આવી અને એ નબળાઈઓથી સમાજને સ્થાયીરૂપે પવિત્ર કરવા માટે કાનૂની અને નૈતિક નિર્દેશો આપવામાં આવ્યા.

આ જબરજસ્ત સૂરઃના વિષયનો આરંભ જ ચોંકાવનારો છે. ફરમાવવામાં આવ્યું :

''આ એક સૂરઃ છે, જેને અમે અવતરિત કરી છે અને જેને અમે જવાબદારીરૂપે ..... (ઇસ્લામી સમાજ માટે) અનિવાર્ય ઠરાવી છે અને જેમાં અમે ખૂબ જ સ્પષ્ટ વાતો પ્રસ્તુત કરી દીધી છે. કદાચ કે તમે લોકો તેનાથી લાભાન્વિત થાઓ.'' (આ.૧)

એ પછી સૂરઃ નૂરનો અવાજ સમાજમાં ગૂંજે છે :

''જે લોકો આ તહોમત ઘડીને લાવ્યા છે તેઓ તમારા જ અંદરનું એક ટોળું છે... જેણે આમાં જેટલો ભાગ લીધો તેણે એટલો જ ગુનો સમેટ્યો, અને જે વ્યક્તિએ તેની જવાબદારીનો મોટો ભાગ પોતાના શિરે લીધો તેના માટે તો મોટી યાતના છે.'' (આ.૧૧)

કેટલો મોટો કટાક્ષ છે કે એક પુરાવા વગરનો આરોપ, જેના માટે કોઈ સ્પષ્ટ સંદર્ભ કે પૂર્વાપર સંબંધ સુદ્ધાં ન હતો, તે એક આંધીની જેમ ઉઠ્યો અને કોઈ બાહ્ય દુશ્મન અને હરીફ તરફથી નહીં, બલ્કે સ્વયં વર્ષોના પ્રશિક્ષિત મુસ્લિમ સમુદાયના પોતાના અંદરથી ઉઠ્યો; વધુમાં આ એકાદ માણસની હંગામી ચૂક ન હતી, આખા મહિના સુધી એક આખું ટોળું માનસિક અને વૈચારિક ઉતાર-ચઢાવ પેદા કરતું રહ્યું. બતાવવામાં આવી રહ્યું છે કે તમારા સામુદાયિક વાતાવરણમાં એ નબળાઈ જોવા મળે છે કે તેના ઘડવૈયાઓ જ તેના વિનાશનું અભિયાન શરૂ કરી દે. આ વાતાવરણમાં એવા બાકોરા છે કે સચ્ચાઈના ધ્વજવાહકોના સમાજમાં જૂઠ પાંગરે અને ફળફૂલ આપે. ફરમાવવામાં આવી રહ્યું છે કે આ તહોમત ન હતી, અવજ્ઞા, અનાદર અને પાપની એક વહેતી ગંગા હતી, જેનાથી કોઈએ માટલું ભર્યું અને કોઈએ પ્યાલો ભર્યો, અને કોઈએ એક ખોબો જ લીધો; — આમ, જેણે જેટલો પણ ભાગ લીધો, પોતાના જ માટે બૂરાઈ સમેટી. ઉપરાંત, સંકેત કરવામાં આવ્યો એ મુખ્ય ઉપદ્રવ અને એ બૂરાઈના નાયક તરફ, જેણે પહેલી ચિંગારી નાખી હતી અને પછી નિરંતર જ્વાળાઓને પોતાના પાલવથી હવા આપતો રહ્યો, અર્થાત્ અબ્દુલ્લાહ બિન ઉબ્બી.

સૂરઃ નૂર પ્રશ્ન કરે છે —

''જ્યારે તમે લોકોએ તેને સાંભળ્યું હતું એ જ વખતે શા માટે ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓએ પોતાની રીતે સારું

અનુમાન ન કર્યું અને શા માટે કહી ન દીધું કે આ સ્પષ્ટ તહોમત છે." (આ.૧૨)

કેવી નૈતિક અપીલ છે આમાં ! — સૌજન્યપૂર્ણ ભાવનાઓ અને ઈમાની સંવેદના જગાવવા માટે કેટલો તીવ્ર પ્રહાર છે આ શબ્દોમાં ! હેતુ એ છે કે માત્ર એટલી વાત કે ઈસ્લામી સમાજની એક અત્યંત શીલવાન-સભ્ય મહિલા કાફલાથી વિખૂટી પડી જાય છે અને એ સમાજના એક અન્ય પ્રતિષ્ઠિત-ઇજ્જતદાર સભ્ય તેમને રસ્તામાં જોઈને સાથે લઈ આવે છે, તમારા માટે અંતિમ કક્ષાના ખોટા અનુમાનનો આધાર કેવી રીતે બની ગયો ? શું તમારામાંથી કોઈ પુરુષ અને સ્ત્રી કોઈ આકસ્મિક ઘટનાના પરિણામે આ પરિસ્થિતિમાં સપડાઈ જાય તો તેઓ અનિવાર્યપણે આ જ પતનમાં ગ્રસ્ત થતા ? શું તમારા પોતાના ચરિત્ર અને નૈતિકતાનો તમારો અંદાજ આ જ હતો ? શું તમારા સમાજનું સ્તર આટલું નિમ્ન કક્ષાએ પહોંચી ગયું છે કે તેના બે વ્યક્તિઓ જો સંયોગથી એકાંતમાં રહી જાય, તો તેઓ વ્યભિચારથી રોકાવાના નથી ? જો તમે પોતાના વિશે આ અધઃપતનની કલ્પના નથી કરી શકતા તો તમને પોતાની જમાઅત (સંગઠન)ની એક મહિલા અને તેના એક વિશિષ્ટ સભ્ય વિશે આવી અધમ અને નીચ કલ્પના કરવાનો શું અધિકાર હતો ?

અને, આ સમાજની બહુમતી આ અધઃપતનના ગાળામાં પણ પોતાની નૈતિક મહાનતા પર કાયમ હતી, નહિં તો જો આખું શરીર આ ઝેરને કબૂલ કરી લેતું અને માનસિક અને વૈચારિક રીતે તેનો બચાવ કરવા માટે લાચાર થઈ જતું તો આ હુમલો તેના અસ્તિત્વના માળખાને વેરવિખેર કરીને મૂકી દેતો. કેટલી સાચી પ્રતિક્રિયા હતી ! હઝરત અબૂ ઐયૂબ અન્સારી ﷺ ની સામે જ્યારે તેમની પત્નીએ આ ગંદી અફવાઓનો ઉલ્લેખ કર્યો, તો તેઓ કહેવા લાગ્યા : "ઐયૂબની મા ! જો તમે આઈશા (ﷺ) ની જગ્યાએ આ પ્રસંગે હોત તો શું આવું કૃત્ય કરતી ?" તે બોલી : "અલ્લાહના સોગંદ ! હું આવું કૃત્ય કદાપિ ન કરતી." હઝરત અબૂ ઐયૂબ ﷺ એ કહ્યું, "તો આઈશા (ﷺ) તમારા કરતાં ઘણા શ્રેષ્ઠ છે, અને હું કહું છું કે જો સફવાનની જગ્યાએ હું હોત તો આવો વિચાર સુદ્ધાં કરી શકતો ન હતો. સફવાન તો મારાથી સારો મુસલમાન છે."[૧]

સૂરઃ નૂર આ ગંદી તહોમતને ફેલાવનારાઓને હાથ પકડીને પૂછે છે કે છેવટે તમને શું થઈ ગયું હતું, તમે શા માટે અબૂ ઐયૂબ (ﷺ) જેવો પ્રતિભાવ ન આપ્યો ?

તે પછી સૂરઃ નૂર કાનૂની દૃષ્ટિબિંદુથી પ્રશ્ન ઉઠાવે છે કે —

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૪૭-૩૪૮.

> ''એ લોકો (પોતાના આરોપના પુરાવારૂપે) ચાર સાક્ષીઓ કેમ ન લાવ્યા ? અલ્લાહની દૃષ્ટિએ તેઓ જ જૂઠા છે.'' (આ.૧૩)

અર્થાત્, કોઈ પુરુષ અને સ્ત્રીની આબરૂ પર કલંક લગાવવું કોઈ મોજમજા નથી, બલ્કે એક ગંભીર મામલો છે અને તેના પર એક જીવંત સમાજ વ્યવસ્થામાં કાનૂની કાર્યવાહી આવશ્યક થઈ જાય છે. જે રીતે કોઈ સજ્જન નાગરિક વિશે ઊભા થઈને એમ કહી દેવું કે આણે હત્યા કરી છે, તેણે ચોરી કરી છે, એ જ રીતે – બલ્કે તેનાથી પણ વધારે – એ દાવો કરવો કે ફલાણા વ્યક્તિએ વ્યભિચાર કર્યો છે, કોઈ ઉપરછલ્લી અને સામાન્ય વાત નથી કે કહ્યું-સાંભળ્યું થઈ જાય, બલ્કે આ એક જવાબદારીભર્યા વર્તનની માંગ કરે છે. આવા આરોપો લગાવવા માટે તેના પુરાવાઓ આપવા અને તેના માટે કાનૂની સાક્ષી ઉપલબ્ધ કરાવવી અનિવાર્ય થઈ જાય છે. હવે જે લોકો ઇસ્લામી સમાજના બે સજ્જન અને શીલવાન તેમજ પ્રતિષ્ઠિત નાગરિકો વિશે પોતાની આંખોથી કોઈ વાત જોયા વગર કેવળ દંતકથારૂપે એક તહોમતની ચર્ચા કરતા ફરી રહ્યા છે, તેમના માટે ફરજિયાત એ છે કે તેઓ પુરાવા અને સાક્ષી લાવે, નહિં તો કાનૂન અનુસાર તેઓ સ્વયં જૂઠા અને ગુનેગાર છે.

પછી સૂરઃ નૂર મુસ્લિમ સમાજના નબળા લોકોની નબળાઈને દર્શાવે છે કે –

> ''જરા વિચારો, તે વખતે તમે કેવી મોટી ભૂલ કરી રહ્યા હતા, જ્યારે તમારી એક જીભથી બીજી જીભ આ જૂઠને લઈને ફરી રહી હતી અને તમે પોતાના મોઢાથી એ બધું કહી રહ્યા હતા, જેના વિશે તમને કોઈ જ્ઞાન ન હતું. તમે તેને કોઈ મામૂલી વાત સમજી, જ્યારે કે અલ્લાહની દૃષ્ટિએ આ મોટી વાત છે. શા માટે તમે આને સાંભળતાં જ કહી ન દીધું કે અમને આવી વાત મોઢેથી કાઢવાનું શોભતું નથી. સુબ્હાનલ્લાહ (અલ્લાહ પવિત્ર અને ખામીરહિત છે) ! આ તો એક ખૂબ મોટી તહોમત છે.'' (આ. ૧૫-૧૬)

આ કોઈપણ સમાજ અને કોઈપણ સામૂહિક વ્યવસ્થાની – વિશેષરૂપે જ્યારે કે તે સમગ્ર દુનિયાની નૈતિક સુધારણા માટે સ્થાપિત થઈ હોય અને તેના હેઠળ એક સાંસ્કૃતિક અને રાજકીય આંદોલન પણ ચાલી રહ્યું હોય – ખૂબ મોટી નબળાઈ છે કે તેમાં નિરાધાર, નિર્લજ્જ અને બિનજવાબદારીભરી વાતોનું સરળતાથી પ્રચલન થઈ શકે. કાન જે કંઈ સાંભળે, ઉઠાવીને હૃદયમાં મૂકી દે અને હૃદય જીભના હવાલે કરી દે અને જીભ આગળ તેને ફેલાવતી રહે, કોઈ વિચાર કે સંકોચ કરવામાં ન આવે, કંઈ તપાસ કરવામાં ન આવે, કોઈ વાંધો ઉઠાવવામાં ન આવે કે કોઈ રદિયો

આપવામાં ન આવે, અને કોઈ જગ્યાએ જઈને આ ક્રમ અટકે નહીં. કોઈપણ વ્યક્તિ ગમે તેના વિરુદ્ધ મન ફાવે એવા શબ્દોનો ઉપયોગ કરતો જાય, તેને તેની ખુલ્લી છુટ હોય, જે જેની પણ પાઘડી ઉછાળવા માગે તેને પૂરેપૂરી સ્વતંત્રતા હોય અને જે જેની ઇજ્જત-આબરૂના ધજાગરા ઉડાડવા માગે વાતાવરણ તેને વિશાળ અવસર ઉપલબ્ધ કરાવે. આચાર-વિચારનું કેવું ઉપવન હશે, જેમાં ફિત્ના (ઉપદ્રવ)નો માળી કાંટાઓ વાવતો રહે અને જીભોની ક્યારીઓ કાંટાઓ ઊગાડતી રહે ! જે સમાજમાં સરવરે આલમ ﷺ અને હઝરત આઈશા સિદ્દીકા رضي الله عنها અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه અને હઝરત સફવાન رضي الله عنه જેવી હસ્તીઓ એક મુનાફિકે છોડેલ અફવાથી સુરક્ષિત નથી રહી શકતી, તેમાં વળી બીજા કોની ઇજ્જત-આબરૂની સલામતી હશે !

સૂરઃ નૂરના અવાજમાં એક ગૂંજ બીજી ઉત્પન્ન થઈ –

> ''જે લોકો પવિત્ર શીલવાન અને ભોળી ઈમાનવાળી સ્ત્રીઓ પર તહોમતો મૂકે છે, તેમના પર દુનિયા અને આખિરતમાં ફિટકાર કરવામાં આવી અને તેમના માટે મોટી યાતના છે.'' (આ. ૨૩)

આ આયતમાં તો જાણે હઝરત આઈશા رضي الله عنها ના ચરિત્રનું ચિત્ર ખેંચીને મૂકી દેવામાં આવ્યું છે. એક ઈમાનવાળી, શીલવાન મહિલા, જે સ્વભાવની સીધી-સાદી હતી અને જેને કલ્પના સુદ્ધાં ન હતી કે વ્યભિચાર શું હોય છે અને કેવી રીતે કરવામાં આવે છે અને જેના મનના ખૂણામાં પણ ક્યારેય એ આશંકા ઊભી નહીં થઈ હોય કે કોઈ તેના પર પણ એક ઘૃણાસ્પદ આરોપ મૂકી દેશે; આ આયતમાં તેમની પીડા સંપૂર્ણપણે બોલી રહી છે. પીડાનું આ ચિત્ર નૈતિક રીતે એક-એક હૃદયને હચમચાવી નાખે છે.

દુર્ભાગ્યે જે નિષ્ઠાવાન, ઈમાનદાર તેમજ રસૂલુલ્લાહ ﷺ અને જમાઅત (સંગઠન) અને આંદોલનના વફાદાર લોકો આ ધસમસતા-ઉછાળા મારતા પૂરમાં વહી ગયા હતા, તેમાંથી એક એ હસ્તી પણ, જેણે આંદોલનની ઘણી સેવા કરી હતી અને જેણે તેના વૈચારિક અને સાહિત્યિક ભંડારમાં વધારો કર્યો હતો, એ હતા હઝરત હસ્સાન બિન સાબિત رضي الله عنه. સૂરઃ નૂરની દિવ્ય જવાળાઓ જે સંવેદનશીલ હૃદયોમાં ધારદાર ચાકુની જેમ ઊતરી રહી હતી, આજે હસ્સાન પણ તે સમૂહમાં હતા. તેમનું સ્થાન આંદોલન અને રસૂલુલ્લાહ ﷺ ના દરબારમાં ખૂબ ઉચ્ચ હતું. જુદા-જુદા પ્રસંગોએ હુઝૂર ﷺ વિશેષરૂપે ફરમાઈશ કરતા અને ધ્યાન અપાવતા કે શાયરી અને સાહિત્યની અજ્ઞાની (બિનઇસ્લામી) શક્તિઓના હુમલાઓનો જવાબ શાયરી અને સાહિત્યથી જ આપો અને ઇસ્લામનું પ્રતિનિધિત્વ કરો. એ સૌભાગ્યની કલ્પના કરો

કે માનવતાના ઉપકારક ﷺ એ હસ્સાનને પોતે મિમ્બર પર બેસાડ્યા કે તેઓ ઇસ્લામી આંદોલનનું ગીત ગાય. તેમના આ જ સ્થાનનું ધ્યાન સ્વયં હઝરત આઈશા رضي الله عنها ને એટલી હદે હતું કે આ કટોકટી-કાળ વિતી ગયા પછી તે હંમેશા તેમનું સન્માન કરતા રહ્યા. ક્યારેક તેમને યાદ દેવડાવવામાં આવતું કે આ વ્યક્તિએ તમારા વિરુદ્ધ કીચડ ઉછાળવાના અભિયાનમાં ભાગ લીધો હતો, તો તેઓ સૌજન્યતાના અત્યંત ઉચ્ચ સ્થાને રહીને ફરમાવતા કે જવા દો, તેમણે ઇસ્લામ-વિરોધી શાયરોને રસૂલે અકરમ ﷺ અને ઇસ્લામી આંદોલન તરફથી હંમેશા પૂરજોર જવાબ આપ્યો છે અને શાયરીના મોરચે ઘણા પરચા દેખાડ્યા છે.

પરંતુ વાસ્તવિકતા અંતે તો એ જ છે કે ઇસ્લામી આંદોલનના આ વિશિષ્ટ વ્યક્તિ મુનાફિકોએ ઉઠાવેલ ફિત્ના (ઉપદ્રવ)ના ઘેરામાં આવી ગયા – આ કટોકટીમાં, પોતાની જગ્યાએ નિષ્ઠાપૂર્વકની, પણ આંદોલન માટે ખૂબ જ હાનિકારક તેમની ભૂમિકા જોઈને માણસ એ બોધ પ્રાપ્ત કરે છે કે ન તો કોઈ સારામાં સારો વ્યક્તિ પોતાના વિશે એ બાંહેધરી રાખે છે કે તે ભ્રમણા અને અતિશયોક્તિના ચક્કરમાં નહીં પડે, અને ન તે અન્ય અગ્રેસર વ્યક્તિઓ વિશે નિશ્ચિત બની શકે છે કે તે કોઈ ફિત્નાના ઘેરામાં નહીં આવે. કોઈપણ વ્યક્તિ મોટો હોય કે નાનો, હર પળ શૈતાનની કમાનથી નીકળવાવાળા તીરોના લક્ષ્ય પર છે, બલ્કે ફિત્નો પ્રત્યેક મહત્ત્વના અને મોટા માણસના આસપાસ ઘેરો નાખવાનો વધુમાં વધુ પ્રબંધ કરે છે. આ જ કારણસર ઇસ્લામી આંદોલને આપેલ મૂળભૂત વિચારધારા એ છે કે વ્યક્તિઓના બદલે સિદ્ધાંતોના આસપાસ જમાઅત (સમુદાય) એકત્ર થાય.

અબ્દુલ્લાહ બિન ઉબ્બી અને તેના ચેલાઓ માટે આ કેટલી મોટી સફળતા હતી કે તેમણે ઇસ્લામી આંદોલનના એક વિશિષ્ટ વ્યક્તિને શિકાર બનાવી લીધી હતી. — તેઓ નિફાક (દંભ)થી પીડાઈને ધૃષ્ટતાઓ આચરી રહ્યા હતા અને હસ્સાન બિન સાબિત નિષ્ઠાની સાથે તેમણે ઉઠાવેલ ઉપદ્રવને પૂર્ણતાએ પહોંચાડવામાં સક્રિય હતા. એમ કહેવું ખોટું નહીં હોય કે 'તેહરીક' (આંદોલન) માટે અબ્દુલ્લાહ બિન ઉબ્બીનો નિફાક એટલો ખતરનાક અને હાનિકારક ન હતો, જેટલો હસ્સાન બિન સાબિતની નિષ્ઠા. જે કાર્યો નિષ્ઠા અને સારા ઇરાદાથી કરવામાં આવે છે, તે નુકસાન કરવામાં એવાં કાર્યો કરતાં વધારે સફળ રહે છે, જે કાર્યો ઇરાદાપૂર્વકની ધૃષ્ટતાના રૂપમાં કરવામાં આવે છે.

હસ્સાન બિન સાબિત رضي الله عنه એ વાતની પ્રતીતિ ન કરી શક્યા કે તેઓ કયા લોકોની 'હા' માં 'હા' કરી રહ્યા છે, તેઓ કેવા લોકોના દૃષ્ટિકોણને ફેલાવી રહ્યા છે, તેઓ કયા માણસોના વિચારો અને ઇરાદાઓનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને

તેમના કાર્યો અને પ્રવૃત્તિઓ સમાજના કયા તત્ત્વોની હિમાયતમાં કરવામાં આવી રહી છે અને જમાઅત (સંગઠન)ની કઈ ટોળીના હાથ મજબૂત કરી રહ્યા છે. અલ્લાહની મરજી એ હતી કે તેઓ આ મામલામાં મોમિનો જેવી સૂઝબૂજથી કામ લઈ શક્યા નહીં.

અબ્દુલ્લાહ બિન ઉબ્બીની સાથે ઇસ્લામી સમાજનો વ્યવહાર અતડાપણા અને પારકાપણાનો હતો. અવરોધો ઊભા કરવાની તેની પ્રવૃત્તિ સહ્ય હતી, પરંતુ હસ્સાન બિન સાબિત ﷺ ની સંગઠનથી જે આત્મીયતા હતી, તેના કારણે લાગણીઓમાં ઉકળાટ પેદા થતો હતો કે અમારા મ્યાનની એક તલવાર અમારા જ વિરુદ્ધ વપરાઈ રહી છે. આ પરિસ્થિતિ જ્યારે કોઈ આંદોલન અને સંગઠનમાં ઊભી થાય છે, તો ધૈર્યનો ઘડો છલકાઈ જાય છે. ધૈર્યના ઘડાઓ છલકાઈ ગયા હશે, પરંતુ મુસ્લિમ સમાજનું કડક નૈતિક અનુશાસન લાગણીઓની સામે રુકાવટ બનીને ઊભું હતું. એક વ્યક્તિ એવો હતો, જે ધીરજને સંભાળી ન શક્યો. એ સફવાન બિન અલ-મુઅત્તલ ﷺ હતા, જેમને એક તરફ એ દુઃખ હતું કે હઝરત આઈશા ﷺ જેઓ તેમના માટે માતા સમાન હતા, તેમના પર તહોમત મૂકવામાં આવી રહી હતી, અને બીજી બાજુ એ પીડા કે વાતનો બીજો છેડો સ્વયં તેમની જાત સાથે જોડવામાં આવી રહ્યો હતો. એ વ્યક્તિ કે જેઓ બદ્રના યુદ્ધમાં સામેલ હતા, જેમણે આંદોલનને પોતાની સેવાઓ પૂરી પાડી હતી, જેમના વિશે એ મશહૂર હતું કે તેમને દુનિયાથી કોઈ રુચિ નથી, જેમના ચરિત્રમાં આ જ સુધી કોઈ બૂરાઈ અને બગાડ જોવા મળ્યા ન હતા અને જેમણે એક શરમાળ પુત્રના રૂપમાં હઝરત આઈશા ﷺ ને જોયા વગર તથા આખા રસ્તે કોઈપણ વાત કર્યા વગર સંપૂર્ણ સાવધાનીથી પાછળના પડાવથી લશ્કરના ઉતારા સુધી પહોંચાડ્યા હતા. તેમનું લોહી આ અતિરેકથી ખરાબ રીતે ઉકળી ઉઠ્યું.

સફવાન ﷺ એ હઝરત હસ્સાનના ﷺ કેટલાક શેર સાંભળ્યા, જે મુનાફિકોએ મૂકેલ મોટી તહોમત પર આધારિત હતા. ભાષા હઝરત હસ્સાન ﷺ ની હતી, જેને દુષ્ટ લોકોના વિચારોએ હંગામી રૂપે ઉધાર લઈ લીધી હતી. કળા તેમની હતી અને મગજ પારકાઓનું બોલી રહ્યું હતું.

સફવાન ﷺ ની તેમના સાથે ઝપાઝપી થઈ ગઈ અને તેમણે તલવારથી ઘા કરી દીધો. સાબિત બિન કૈસ બિન શમાસે તાકીદે બચાવ કર્યો અને સફવાનને પકડીને બાંધી દીધા અને બની હરસની હવેલીએ લઈ ગયા. છેવટે આ ઝઘડો માનવતાના ઉપકારક ﷺ ની સામે પહોંચ્યો. હસ્સાન અને સફવાન બંનેને બોલાવવામાં આવ્યા. સફવાને અરજ કરી : ''હે અલ્લાહના રસૂલ ﷺ ! આ વ્યક્તિએ

મને તકલીફ આપી છે અને મારા વિશે ખૂબ નિંદા કરી છે. તેથી મારો ગુસ્સો બેકાબૂ થઈ ગયો અને મેં તેને માર્યો.'' આપ ﷺ એ નરમાશથી હસ્સાનને સમજાવ્યા અને પછી સફવાન તરફથી તલવારના ઘાના બદલામાં 'દિયત' (અર્થ-દંડ) અપાવડાવી.[1]

સફવાન ؓ નું સ્વાભિમાન જો કે તદ્દન સ્વાભાવિક હતું. હસ્સાન બિન સાબિત ؓ ઢીલા પડ્યા અને અલ્લાહે તેમને એ જોખમથી બચાવી લીધા કે તેઓ કોઈ ખોટી લાગણીના પ્રવાહમાં વધારે તણાય અને આંદોલન માટે વધારે નુકસાનકારક બને.

હઝરત હસ્સાન ؓ નો આ પશ્ચાતાપ છેવટે એક કસીદા (પ્રશંસા-ગીત)ના સ્વરૂપે ઊમટી આવ્યો, જેમાં શેરના પ્રવાહીથી તેમણે પોતે જ લગાવેલ ડાઘને હઝરત આઈશા ؓ ના પવિત્ર પાલવ પરથી ધોવાની કોશિશ કરી. કેવું સુંદર લખ્યું તેમણે –

حَصَانٌ، رَزَانٌ، مَا تُزَنُّ بِرِيْبَةٍ
وَتُصْبِحُ غَرْثَىٰ مِنْ لُحُوْمِ الْغَوَافِلِ
مُهَذَّبَةٌ قَدْ طَيَّبَ اللّٰهُ خِيْمَهَا
وَ طَهَّرَهَا مِنْ كُلِّ سُوْءٍ وَّ بَاطِلِ
فَاِنَّ الَّذِىْ قَدْ قِيْلَ لَيْسَ بِلَائِطٍ
وَلٰكِنَّهٗ قَوْلُ امْرِئٍ بِىَ مَاحِلِ

''તે એક શીલવાન મહિલા છે, પરદાનશીન, દરેક પ્રકારની શંકા-કુશંકાથી પર. તે એનાથી પર છે કે ભોળી સ્ત્રીઓની ઇજ્જત અને આબરૂ પર વાંધો ઉઠાવે. – તે સંસ્કારી રીતભાતવાળા છે. અલ્લાહે તેમને સ્વભાવની રીતે સુધાર્યા અને નિર્મળ બનાવ્યા છે અને તેમને ગુના અને અસત્યથી પવિત્ર કર્યા છે. એ બધું જે અત્યાર સુધી કહેવામાં આવી ચૂક્યું છે તે એ મહિલાને લાગુ પડવાવાળું કદાપિ નથી, તે તો એક એવા વ્યક્તિની કહેલી વાત હતી જેણે મારા સામે મરીમસાલો ભભરાવીને અને જૂઠ ઘડીને ચાડી ખાધી હતી.''[2]

પછી સૂરઃ નૂરએ એક સામાજિક હકીકતને સૈદ્ધાંતિક દલીલના રૂપમાં મુસ્લિમ સમુદાયની સામે ખોલીને મૂકી કે –

''ખરાબ સ્ત્રીઓ ખરાબ પુરુષો માટે છે અને ખરાબ પુરુષો ખરાબ સ્ત્રીઓ માટે. પવિત્ર સ્ત્રીઓ પવિત્ર પુરુષો માટે છે અને પવિત્ર પુરુષો

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૫૨.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૫૩-૩૫૪.

પવિત્ર સ્ત્રીઓ માટે. તેમનું પાલવ પવિત્ર છે એ વાતોથી જે ઘડનારાઓ ઘડે છે.” (આ.૨૬)

અર્થાત્, દંપતિ માટે આમ પણ માનસિક અને નૈતિક રીતે જોડ શોધવામાં આવે છે તેમજ મનોવૈજ્ઞાનિક રીતે માણસની નજર ત્યાં જ ટકે છે જ્યાં તેને પોતાના ચરિત્રનું પ્રતિબિંબ દેખાતું હોય છે. વિશેષરૂપે કોઈ સિદ્ધાંત અને ધ્યેયને લઈને જે લોકો સમગ્ર જીવન તેમાં લગાવી દે છે તેઓ દાંપત્ય સંબંધ માટે પણ એવો જ સાથી શોધે છે, જે જીવનના મિશનમાં મદદગાર ઉપયોગી સાબિત થઈ શકે. તો પછી આંતરરાષ્ટ્રીય સ્તરની આ અનુભવ-સિદ્ધ હકીકતની અવગણના કેવી રીતે થઈ શકે છે કે નિભાવ તેમજ મેળ અને સાનુકૂળતા કોઈ જોડામાં ત્યારે જ હોય છે કે હૃદય અને દૃષ્ટિમાં મેળ પેદા થઈ જાય, તથા મન અને ચરિત્રમાં એકરૂપતા હોય; નહિં તો આરંભથી અંત સુધી વિવાદ રહેશે. આ આયત તહોમત ઘડનારાઓને વિચારવાનું આહવાન્ કરે છે કે તમે એ ન જોયું કે દાંપત્ય જીવનમાં ઇસ્લામી આંદોલનના નિર્દેશ અને માર્ગદર્શનના ઉચ્ચ સ્થાને બિરાજમાનની પસંદગીની નજર એ હસ્તી પર પડી હતી, જેનાથી હૃદયનો ઊંડો લગાવ હતો અને જેના સાથે હૃદય અને દૃષ્ટિની સાનુકૂળતા અને મેળ એક ઉચ્ચ ધોરણનો નમૂનો હતા, તે શું બધી રીતે ચઢાવેલ ઢોળનો ચમત્કાર હતો કે એકાએક ઢોળ ઊતરી ગયો અને ખામી બાકી રહી ગઈ !

એક પવિત્ર ઘરની નૂરે-નજર, જેના માતા-પિતા ઇસ્લામી આંદોલનના સૌપ્રથમ ધ્વજવાહકોમાંથી હતા અને જેનું બાળપણ આ જ આંદોલનના નીત-નવા ઉમટતા ઘનઘોર વાદળોની છાયામાં વૈચારિક અને દૃષ્ટિકોણના પ્રશિક્ષણમાં વીત્યું; વધુમાં જેને રસૂલ અકરમ ﷺ ની સાથે સંકલન અને સમન્વયનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, જેને સમીપ થઈને આપ ﷺ ના તેજોમય ચરિત્રથી લાભાન્વિત થવાની સૌથી વધારે તક મળી, જેને માનવતાના ઉપકારક ﷺ ના વિશિષ્ટ પ્રશિક્ષણનો લાભ મળ્યો અને જેના હુજરા (ઓરડા)માં અનેક વાર વહી અને ઇલ્હામ (દિવ્ય સંચેતના)ના કિરણોની વર્ષા થતી રહી – શું આવા પવિત્ર વાતાવરણના બીબામાં ઢળેલ મહિલાનું ચરિત્ર એવું હોવું જોઈતું હતું કે એક અત્યંત ઘૃણિત તહોમતનું પહેરણ તેના ઉચ્ચ કદને બરાબર બંધ બેસી જાય, જ્યારે કે ન તેના માતા-પિતા અને ન રસૂલે અકરમ ﷺ અને ન સામાન્ય સમાજને આના વિશે આ તહોમત મૂકાયા પહેલા આવો કોઈ અંદાજ આવી શક્યો હોય ! વર્ષોથી એક ચરિત્ર, જે સૌંદર્ય અને પવિત્રતાની રેખાઓ પર ઉન્નતિ કરી રહ્યું હોય, એ કેવી રીતે સંભવ છે કે અચાનક તેના અંદરથી એક અત્યંત ખરાબ પ્રકારનું ઘૃણાસ્પદ કૃત્ય પ્રગટ થઈ જાય, જેના કોઈ આરંભિક ચિહ્નો ક્યારેય, કોઈનાય સામે ન આવ્યા હોય ! એક પવિત્રતમ્ વૃક્ષ, પૂર્ણ ફળદ્રુપતાની

સાથે, પવિત્ર ફળ-ફૂલ આપતાં-આપતાં એકાએક એક દિવસ ખરાબ ફળ આપવા લાગે ! છેવટે આ કેવી રીતે સંભવ છે ?

કાનૂન અમલી બને છે

સૂરઃ નૂરના પ્રકાશથી ઈમાનવાળાઓના હૃદયોની દુનિયા ઝગમગી ઊઠી, લોકમત એક અને સંગઠિત થઈ ગયો. સમાજે ઉતાર-ચઢાવના એક લાંબા ગાળા પછી પોતાના સ્થાનને શાંત-સંતૃપ્ત અને સહમત કરી લીધું. સૂરઃ નૂર 'હદ્દે-કઝફ' (ખોટા આરોપ, બદનક્ષી)ના કાનૂનનો કોરડો પોતાની સાથે લાવી હતી. તેથી જે-જે લોકોએ સક્રિય થઈને તહોમત મૂકવાની આ ઝુંબેશમાં ભાગ લીધો હતો અને જેમણે પોતાની નિષ્ઠાના કારણે પસ્તાઈને ગુનાનો એકરાર પણ કર્યો અને જેમના વિશે સાક્ષી-પુરાવાઓ પણ હતા, તેમણે પોતાની પીઠ ઇસ્લામી કાનૂનની સામે રજૂ કરી દીધી અને એંશી-એંશી કોરડા ખાઈને તેમણે પોતાના અંતરાત્માઓની પવિત્રતાને બહાલ કરી લીધી. એ હતા મુસ્તહ ઇબ્ને અસાસા, હસ્સાન બિન સાબિત અને હુમ્ના બિન્તે હજશ.

પરંતુ બૂરાઈ અને બગાડનો મૂળ પ્રવર્તક કાનૂની પકડમાંથી બચી નીકળ્યો – અલબત્ત, લોકમતની નજરમાં તેની પ્રકૃતિ અને સ્વભાવની નીચતા સંપૂર્ણપણે પ્રગટ થઈ ગઈ અને ઇસ્લામી સમાજે તેને મહત્ત્વહીન અને તુચ્છ બનાવીને એક બાજુ નાખી દીધો.

ભૂલો કોનાથી નથી થતી, અને કયા વાતાવરણમાં અને કયા સમુદાયમાં પયગંબરોના વિશિષ્ટ અપવાદની સાથે માનવ-પ્રકૃતિ કસોટીના દરજ્જામાંથી નીકળીને ચારિત્ર્યની પરિપૂર્ણ શુદ્ધતાના પૂર્ણ પવિત્રતા અને સંયમના સ્તરે પહોંચી શકે છે ! પરંતુ કિસ્સો આદમના બે પરસ્પર વિરોધી ચરિત્રોના પ્રકાશમાં જોઈએ, તો ભૂલ થઈ જતાં ભૂલ કરનારની સામે બે દરવાજાઓ ખુલી જાય છે - એક શૈતાને પસંદ કરેલ માર્ગ, કે ભૂલ થઈ ગયા પછી માણસ તેના પર દુરાગ્રહી થઈ જાય અને ઊલટો વધારે બેકાબૂ બની જાય; બીજો આદમ ﷺ ની શુદ્ધ-સીધી પ્રકૃતિનો પસંદ કરેલ માર્ગ, કે ભૂલ થઈ ગયા પછી પસ્તાઈને પોતાની સુધારણા કરી લેવામાં આવે – તો અબ્દુલ્લાહ બિન ઉબ્બી અને તેના ચેલાઓ તો શૈતાન તરફ વળી ગયા તથા હસ્સાન, મુસ્તહ અને હુમ્ના رضي الله عنهم એ સુધારણાનો માર્ગ અપનાવ્યો.

દુશ્મનની બૂરાઈમાં પણ ભલાઈ...!

ઘટનાક્રમને કલ્પનાની નજરમાં તાજી કરો અને પોતાને મદીનાના એ

વાતાવરણમાં લઈ જાઓ, જેમાં આ તહોમતનું એકદમ ઊઠેલ વંટોળ આખો મહિનો ચાલતું રહ્યું હતું, તો એક ભયાનક અને પીડાદાયક દૃશ્ય સામે આવે છેઃ એક આંદોલન, જે એક-એક વ્યક્તિને ધીમે-ધીમે સાથે લઈને એક નાના ક્રાંતિકારી કાફલાનું સ્વરૂપ ધારણ કરી શકતું હતું, જેણે કેટલીય ધૈર્યની કસોટી કરનારા તબક્કાઓને પાર કરીને ઇસ્લામી રાજ્યનો એક નાનો માળો માનવતાને આશ્રય આપવા માટે વર્ષો-વર્ષના લાંબા ઉપદ્રવ-કાળ પછી ધરતીના એક ખૂણામાં તૈયાર કર્યો હતો, જે ચારે બાજુથી દુશ્મનોના લક્ષ્ય પર હતો અને જેને હર પળ કોઈ-ને-કોઈ દિશાએથી સૈનિક હુમલાનું જોખમ હતું અને જે સ્વયં પોતાના નવ-મુસ્લિમ નાગરિકોની એક મોટી સંખ્યાની ધૃષ્ટતાઓથી ઘેરાયેલ હતો, તેના બરાબર અંદરથી જો એક વિનાશક તોફાન ફૂટી નીકળે તો એનાથી વધીને બીજો કયો બેચેનીનો અવસર હોઈ શકતો હતો.

પરંતુ કુર્આને સાંત્વના આપી કે ગભરાવાની કોઈ વાત નથી – "તેને પોતાના પક્ષમાં નુકસાન ન સમજો, આ તો તમારા માટે ભલાઈનું સાધન છે." (સૂરઃ નૂર, ૧૧)

અને, હકીકત એ છે કે સૈદ્ધાંતિક અને ક્રાંતિકારી આંદોલનો માટે મનોવૈજ્ઞાનિક પરાજય અને પીછેહઠનો ઉત્પાત – ચાહે બહારથી ઉઠે, ચાહે અંદરથી – પરિણામની રીતે વધુ સફળતા અને ઉન્નતિ, નિર્માણ અને સુધારણા તથા શક્તિ અને સમૃદ્ધિનું માધ્યમ બનીને રહે છે. જે રીતે ઉચ્ચ ધ્યેય રાખનાર યોગ્ય લોકો માટે દુનિયાની આફતો પ્રગતિની સહાયક હોય છે, એ જ રીતે આચાર-વિચારનો આત્મા ધરાવનાર આંદોલનો માટે વિરોધો અને અવરોધો તેમવ ઉપદ્રવોના તોફાનો સ્થિરતા અને સ્થાયીત્વનું સાધન બની જાય છે. જે સામૂહિક વ્યવસ્થામાં ઉદ્દેશ્યની ચેતના કાર્યરત હોય, જેની એક સામૂહિક વિચારધારા બની ગઈ હોય, જેનો વૈચારિક અને નૈતિક સ્વભાવ મજબૂત થઈ ચૂક્યો હોય, જેના શિરે એક સક્રિય, ગતિશીલ તેમજ જાગૃત નેતૃત્વ બેસેલું હોય અને જેમાં ફિત્નાઓ (ઉપદ્રવો) અને વિરોધોના પ્રત્યેક ઉતાર-ચઢાવ પર નજર રાખવાવાળા, તોફાનોને ઊંડે સુધી વાંચી લેવાવાળા અને તેમના સામના માટે ન્યોછાવર થઈ જવાવાળા દૃઢ કાર્યકરો હોય અને જેનો લોકમત કોઈ વિકૃત દૃષ્ટિકોણ અને પગલાને પોતાના અંદર ચાલવા ન દે, એવી સામૂહિક વ્યવસ્થા દરેક વિરોધ અને ધૃષ્ટતાથી પણ કંઈ નિષ્કર્ષ કાઢીને નીકળે છે. આમ, દુષ્પ્રચારના આ ગંદા તોફાનના મોજાઓથી પણ મદીનાના મહાન અને ઉચ્ચ દરજ્જાવાળા ઇસ્લામી સમુદાયે ઘણા પાસાઓથી પોતાના પાલવમાં ભલાઈ અને સમૃદ્ધિના મોતીઓ સમેટ્યા અને તે આમાંથી બહાર નીકળ્યો તો પહેલાથી વધારે મજબૂત અને અગાઉ કરતાં વધારે સચેત અને સાવધાન હતો.

નેકી અને સચ્ચાઈના આ ભવ્ય આંદોલનના ધ્વજવાહકોને માનવતાની એ

ખતરનાક અને વ્યાપક રીતે પ્રભાવ નાખનારી નબળાઈઓનું જ્ઞાન પ્રત્યક્ષરૂપે કડવા અનુભવો દ્વારા થયું, જેની કલ્પના પણ કોઈ ખાનકાહ (મઠ, આશ્રમ)માં બેસીને કરી શકાતી નથી, અને ન તો તેનો સામનો કરવા માટે માનવ-ચરિત્રને તૈયાર કરી શકાય છે. સામૂહિક જીવનના એ બાકોરા સંપૂર્ણપણે સામે આવી ગયા, જેમાંથી સમાજને ઉપર-તળે કરી નાખનાર બગાડ પ્રવેશ કરે છે. હુઝૂર અકરમ ﷺ અને આપના સાથીઓની સામે જમાઅત (સમુદાય)ના વિભિન્ન તત્ત્વો – નિફાક (દંભ)ના રોગીઓ, નબળા ઈમાનવાળા લોકો, છીછરો-ઉપરચોટિયો અને લાગણીશીલ સ્વભાવ રાખવાવાળા, શુભાશયથી કોઈ ખોટા વહેણમાં વહી જવાવાળા અને દુશ્મનોના ભોગ બની જવાવાળા સીધા-સાદા લોકો બધા અલગ-અલગ અને સ્પષ્ટ તરી આવ્યા; વિશેષરૂપે નિફાકના શૈતાને સમુદાયના અંદર જે એક અલગ ટોળી સંગઠિત કરી નાખી હતી તેના વિશે સંપૂર્ણપણે સ્પષ્ટતા થઈ ગઈ કે તેઓ કેટલી હદ સુધી જઈ શકે છે.

વ્યવહારૂ અનુભવના મેદાનમાં સમુદાયના આંતરિક માહોલની આ નબળાઈઓના સામે આવી જવાથી એ ખાસ માનસિક વલણ પેદા થયું, જેનાથી ફાયદો ઉઠાવતાં એક તરફ નવા નૈતિક નિર્દેશો આપીને પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી અને બીજી તરફ એવા સામાજિક આદેશોને લાગુ કરવામાં આવ્યા, જે વિભિન્ન બગાડથી સમુદાયને બચાવવાનું સાધન બની શકતા હતા. ત્રીજી તરફ નવા કાનૂનો અને ફોજદારી ધારાઓ પર આધારિત કડક અનુશાસનના નિયમો અવતરિત થયા, જે હંમેશ માટે માનવતાના સામૂહિક કલ્યાણ અને ઉન્નતિની બાંહેધરી બન્યા.

આ ઘટનાએ મદીનાના સમાજના અંતરાત્માને હચમચાવી નાખ્યો. તેની નૈતિક ભાવના પર પ્રહાર કરીને તેને જાગૃત કરી દીધો તથા તેના સામુદાયિક સન્માન અને સ્વાભિમાન પર કોરડા વરસાવી-વરસાવીને સક્રિય કરી દીધો. સમસ્ત સમુદાય નિફાકના આ બેચેન કરી નાખે એવા હુમલામાંથી બહાર નીકળ્યો, તો તેનો એક-એક સભ્ય પહેલાથી વધારે સચેત અને મજબૂત હતો.

આ ઊથલ-પાથલના તોફાનમાંથી પસાર થતાં હઝરત આઈશા رضي الله عنها ની સાથે સૌથી વધારે પીડિત જાત સ્વયં માનવતાના ઉપકારક ﷺ ની હતી. પરંતુ જે વિશાળ-હૃદયતા, હિંમત, ધૈર્ય અને સહનશીલતાનું પ્રદર્શન હુઝૂર ﷺ એ પોતાના ઠંડા, ઠરેલ અને ગરિમાયુક્ત વર્તનથી કર્યું તે માણસને આશ્ચર્યમાં નાખી દેનારું છે અને તેમાં હુઝૂર ﷺ પછી ઇસ્લામી આંદોલન અને સામૂહિક વ્યવસ્થાનું નેતૃત્વ કરનારાઓ માટે સંવેદનશીલ નમૂનો જોવા મળે છે. કોઈ મોટી ઇજા હતી જે સહન કરનારાએ માત્ર એ કલ્પનાથી સહન કરી કે તે માનવ-જગતને એક દયા અને કૃપાની વ્યવસ્થાથી

સમૃદ્ધ કરવા ઇચ્છતો હતો, જે સમગ્ર માનવતાના ગૌરવની રક્ષા કરવા માટે ઉઠ્યો હતો, તેને દુનિયાએ એ બદલો આપ્યો કે સ્વયં તેના જ ગૌરવ અને પ્રતિષ્ઠા પર કાદવ ઉછાળી દીધો. કોઈ બીજો આ ચક્કરમાં પડ્યો હોત તો કાં તો વિરોધીઓનો નાશ કરી નાખતો, અથવા હતોત્સાહ અને નિરાશ થઈને એકાંતવાસી થઈ જતો. પરંતુ તે ધૈર્ય અને દૃઢનિશ્ચયની પ્રતિમા કર્તવ્યના માર્ગે ચાલતો રહ્યો – કાંટાઓ તેના પગને લોહીલુહાણ કરતા રહ્યા અને તેમ છતાં પણ તે આગળ જ વધતો રહ્યો.

બગાડ અને બૂરાઈઓ

મદીનાના યહૂદી કબીલાઓ એક તરફ પોતાની સ્થાપિત શક્તિના ભ્રમમાં છે અને બીજી તરફ રાજકીય જરૂરતો હેઠળ હુઝૂર ﷺ ની સાથે એક બંધારણીય સંધિથી બંધાઈને ઇસ્લામી રાજ્યની વ્યવસ્થા હેઠળ આવી ચૂક્યા હતા. સૌપ્રથમ તો તેઓ આ નવા રાજકીય માળખાને સમયસર પૂરેપૂરી રીતે સમજી પણ શક્યા નહીં હોય, વધુમાં તેમને તેના ઝળહળતા ભાવિનો ભાગ્યે જ કોઈ અંદાજ આવી શક્યો હશે કે તે અત્યંત તીવ્ર ગતિથી ફૂલશે-ફાલશે અને અમુક ઘરબારવિહોણા-નિરાધાર લોકો મદીનાના અન્સારના સહયોગથી ઈમાન અને ચારિત્ર્યના બળે ઇતિહાસની લગામ પકડનારી શક્તિ બની જશે. તેમનું માનવું એવું હશે કે વતનના વૃક્ષ પરથી તૂટીને નીચે પડી જનારા આ મસળાયેલા અમુક પાંદડાઓ સૌપ્રથમ તો આફતોના ઝંઝાવાતમાં ઊડી જશે, અને જો તે ત્યાં જ પડેલા રહ્યા તો પણ તેનાથી હર્યોભર્યો બાગ તો અસ્તિત્વમાં આવવાનો નથી ! – પરંતુ કલ્મએ-તૈયિબાના મહિમાવાન ક્રાંતિકારી આત્માનો ચમત્કાર હતો કે વિરોધોથી ભરેલા વાતાવરણમાં ઘેરાયેલ આ કેટલાક જીવોથી એક શક્તિશાળી રાજકીય માળખું નિર્માણ પામતું ગયું અને કેટલાક મહિનાઓ પસાર થયા પછી યહૂદીઓને અંદાજ આવી ગયો કે ઇસ્લામી રાજ્ય એક એવો ચઢતો સૂર્ય છે કે તેના સામે તેમના પ્રભાવ અને પહોંચની મશાલો પ્રકાશિત રહી શકશે નહીં; વિશેષરૂપે બદ્રના યુદ્ધથી ઇસ્લામી આંદોલનનું ન કેવળ જીવંત અને સહીસલામત બચીને નીકળવું, બલ્કે વિજયની પતાકા લહેરાવતાં મદીના પાછા ફરવું યહૂદીઓ માટે એવી સ્તબ્ધ કરી નાખનારી ઘટના હતી કે નિશ્ચિતપણે તેઓ આખાય મામલા વિશે ફરીથી વિચારવા માટે મજબૂર થઈ ગયા હશે.

સંધિ-સંબંધોએ તેમને ઇસ્લામી રાજ્યના સાથી, બલ્કે બંધારણ અને કાનૂનના પાબંદ નાગરિક તો બનાવી દીધા હતા, પરંતુ તેમના આત્માઓ વિરોધી અને વિદ્રોહી લાગણીઓથી છલોછલ હતી. ઈર્ષ્યાના માર્યા તેમના મન અંદરને અંદર શેકાતા જઈ રહ્યા હતા.

આ વિરોધાભાસી સ્થિતિએ તેમને ઉપદ્રવ અને બગાડના માર્ગે નાખી દીધા. તેઓ કોઈપણ તક મળતાં, બલ્કે પોતે જ એવા અવસરો પેદા કરી-કરીને એ કોશિશ કરતા કે કોઈપણ રીતે ઇસ્લામી સમાજની એકતા અને સંપ છિન્ન-ભિન્ન થઈ જાય. કોઈપણ રીતે મુસલમાનોને ઉશ્કેરાટના રસ્તે નાખી દેવામાં આવે. કોઈપણ રીતે વ્યવસ્થાને બિનઅસરકારક બનાવી દેવામાં આવે. કાયદો અને વ્યવસ્થા સમાપ્ત થઈ જાય અને અંધાધૂંધી પેદા કરી દેવામાં આવે. કોઈપણ રીતે હુઝૂર ﷺ ના નેતૃત્વને નબળું કરી દેવામાં આવે. આ લોકોના પોતાના માણસો નિફાક (દંભ)ના વેશમાં મુસ્લિમ સમાજમાં હતા અને તેઓ અન્સારમાંથી નબળા ઈમાનવાળાઓને ભેળવીને યહૂદીઓની યોજનાઓને અમલમાં મૂકી રહ્યા હતા.

આ કિન્નાખોર અને દુષ્ટ લોકોની નજરબંદીએ એક ઉપાય એ કર્યો હતો કે આ લોકો મુસ્લિમ મહિલાઓનાં નામ લઈ-લઈને બીભત્સ શાયરીઓ કહેતા અને તેને ફેલાવતા. તેમની આબરૂ અને પ્રતિષ્ઠાને લાંછન લગાડવાની કોશિશ કરતા. આ ગંદી શાયરીઓએ તેમના મનને એવી રીતે બનાવી નાખ્યા કે ઇજ્જત અને ગરિમા જેવું પાયાના સાંસ્કૃતિક મૂલ્યનું સન્માન પણ તેમના હૃદયોમાંથી નીકળી ગયું. યહૂદીઓની આ નિર્લજ્જ અને બેશરમ માનસિકતાની પ્રતિતી એક પ્રસંગે એ રીતે થઈ કે કેટલાક યહૂદીઓ તદ્દન બજારૂ ગુંડાઓના સ્તરે ઉતરી આવ્યા હતા. બનૂ કૈનુકાઅની એક સ્થાયી આબાદી મદીનાનો એક ભાગ હતી. તેમના બજારમાં એક મુસલમાન અરબી મહિલા ખરીદી કરવા ગઈ. દુકાનદારે તેનાથી અડપલા કર્યા અને છેવટે તેને ભરબજારમાં નગ્ન કરી નાખી. આ કૃત્ય પર તેના સાથે બેસેલા લોકો લજ્જિત થવાને બદલે તેની મજાક ઉડાવવા લાગ્યા. અરબના પ્રચલન મુજબ તેણે પોકાર કરી અને મદદ માટે તેણે લોકોને બોલાવ્યા. એક અરબી નવયુવાનનું સ્વાભિમાન તેની ચીસ સાંભળીને સળવળ્યું. તેણે સ્વાભિમાનના જોશમાં બેકાબૂ બનીને બદમાશ યહૂદીને મારી નાખ્યો. ઉપદ્રવકારીઓની ઇચ્છા પૂરી થઈ ગઈ. મુસલમાન આરબો અને યહૂદીઓ વચ્ચે બળવો ફાટી નીકળ્યો. હુઝૂર ﷺ ને જાણ થઈ, તો ઘટના-સ્થળે પહોંચી ગયા. બનૂ કૈનુકાઅને આવા ગંદા કૃત્ય પર ઠપકો આપ્યો અને ચેતવણી પણ આપી કે, "હે યહૂદીઓ ! સુધરી જાઓ, એ પહેલા કે તમને પણ એ બધું ભોગવવું પડે, જે (બદ્રમાં) કુરૈશને ભોગવવું પડ્યું છે."

બનૂ કૈનુકાઅના હૃદયોમાં ઇબ્ને સઅદની રિવાયત અનુસાર દ્વેષભાવ અને ઈર્ષ્યાની લાગણીઓ ઉછળી રહી હતી, તેથી તેમણે ખૂબ જ તીખા અવાજમાં ઉગ્રતાથી જવાબ આપ્યો, "હે મુહમ્મદ (ﷺ) ! તમને પોતાના વિશે એના આધારે કોઈ ગેરસમજ ન થવી જોઈએ કે તમે કુરૈશના અમુક માણસોને મારી નાખ્યા છે. તેઓ તો

અસમર્થ લોકો હતા. તેઓ લડવાનું જાણતા જ નહોતા. ખુદાના સોગંદ ! જો તમે અમારા વિરુદ્ધ તલવાર ઉઠાવી તો તમે પોતે જાણી લેશો અમારામાં લડવાવાળા લોકોને ! અમારા જેવા લોકોથી તમારો સામનો ક્યારેય થયો નથી !"(૧)

યહૂદીઓને એ વાત ખરાબ રીતે ખૂંચતી હતી કે અન્સાર, જેઓ તેમના સામે માનસિક, રાજકીય અને આર્થિક રીતે નબળા હતા, ઇસ્લામી આંદોલને તેમનામાં જીવનના નવા પ્રાણ ફૂંકી દીધા હતા અને એક પવિત્ર ઉદ્દેશ્યની લગને તેમને પરસ્પર પણ અને મુહાજિરો સાથે પણ એકતાના સૂત્રમાં બાંધી દીધા હતા. યહૂદીઓનો મશહૂર હોંશિયાર વૃદ્ધ શાસ બિન કૈસ પરિસ્થિતિના આ ફેરફારને ખૂબ ચિંતિત થઈને જોતો રહ્યો હતો અને સત્યના આંદોલનના ધ્વજવાહકો વિરુદ્ધ પોતાના મનને ઈર્ષ્યા અને દ્વેષથી ભરતો રહ્યો હતો. એક વાર તેણે નબી અકરમ ﷺ ના સાથીઓની એક સભાનું દૃશ્ય પોતાની આંખોથી જોયું, જેમાં ઔસ અને ખઝરજના અમુક લોકો વાતચીત કરી રહ્યા હતા. તેમના વચ્ચે પરસ્પર ભલમનસાઈ અને ઇસ્લામે પેદા કરેલ સમૂહ-ભાવનાનો રંગ જોઈને તેનું કાળજુ બળી ગયું. ક્યાં અજ્ઞાનતાના એ ઝઘડાઓ અને ક્યાં એકતા અને સંપનું આ દૃશ્ય ! મનમાં-ને-મનમાં કહેવા લાગ્યો - 'આ શહેરમાં હવે કૈલા (અન્સારોની દાદી)ના સંતાનો હળી-મળી ગયા છે. આ લોકો જો આ રીતે જોડાઈ જશે તો પછી અમારા માટે આરામ હરામ છે.' તેની કિન્નાખોરીએ એક યોજના બનાવી અને એક યહૂદી નવયુવાનને સાધન બનાવીને સૂચના આપી કે તમે જઈને એ લોકોમાં બેસો અને તેમાં હળી-મળીને બુઆસના યુદ્ધ અને તેનાથી પહેલાની લડાઈઓની યાદ તાજી કરો, જ્યારે ઔસ અને ખઝરજ લડતા રહેતા હતા. તદનુસાર, આ હાથો બનેલ વ્યક્તિએ પોતાની ભૂમિકા બરાબર નિભાવી. એક સભામાં ઔસ અને ખઝરજના લોકો મળીને બેસ્યા હતા. અજ્ઞાનતા-કાળના ઇતિહાસનું એક અંધકારમય પ્રકરણ તેમના સામે આવ્યું, તો વાતચીતનો એ જ વિષય બની ગયો. ધીમે-ધીમે નફરત પેદા થવા લાગી. કટાક્ષ અને વાંધાઓ ઊભા કરવામાં આવવા લાગ્યા. ઉગ્રતા વધી ગઈ તો બંને તરફથી જોશીલા નવયુવાનો આમને-સામને ઊભા થઈ ગયા કે શા માટે નવેસરથી લડાઈ લડીને જોઈ લેવામાં ન આવે કે કોણ શું છે ? 'હથિયારો લાવો-હથિયારો લાવો'નો શોરબકોર થવા લાગ્યો. ઔસે ઔસાવાળાઓએ બોલાવ્યા અને ખઝરજે ખઝરજવાળાઓને ! લડાઈ માટે સ્થળ અને સમય પણ નક્કી થઈ ગયા. જોશમાં વિફરેલા લોકો તૈયાર થઈને નીકળી જ રહ્યા હતા કે હુઝૂર ﷺ અમુક મુહાજિર સાથીઓની સાથે ઘટના-સ્થળે જઈ પહોંચ્યા અને ફરમાવ્યું :

---

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૪, પૃ. ૧૭૯.

"હે મુસલમાનો ! અલ્લાહ-અલ્લાહ કરો ! એ પછી કે અલ્લાહે તમને ઇસ્લામનો માર્ગ બતાવ્યો, તેના વડે તમને ઉન્નતિ બક્ષી, તમારી ગરદનોમાંથી અજ્ઞાનતાની વ્યવસ્થાનો ફંદો કાપી ફેંક્યો, તમને કુફ્રથી મુક્તિ અપાવી દીધી અને તમારા હૃદયોને પ્રેમ અને સ્નેહથી જોડી દીધા. તમે મારી હાજરી હોવા છતાં અજ્ઞાનતાના નારાઓ પોકારવા લાગ્યા છો ?"

આ પ્રવચન સાંભળીને લોકોએ અનુભવ્યું કે આ સમગ્ર ધમાલ શૈતાની ઉપદ્રવ છે અને દુશ્મનો દ્વારા અવરોધ ઊભો કરવાની પ્રવૃત્તિનું પરિણામ. તેમણે શરમથી માથા ઝુકાવી દીધા અને અનુયાયીઓની જેમ હુઝૂર ﷺ ની સાથે પાછા ફરી ગયા.(૧)

આવી જ એક ઘટના બનૂ મુસ્તલકના યુદ્ધના પ્રવાસમાં બની હતી, જ્યાં યહૂદીઓના હાથા બનેલાં મુનાફિકોએ અબ્દુલ્લાહ બિન ઉબ્બીના કહેવાથી મુહાજિરો અને અન્સારમાં સંકટની હદ સુધી ઉશ્કેરણી ફેલાવી દીધી. આનો ઉલ્લેખ અમે કરી ચૂક્યા છીએ. હુઝૂર ﷺ એ આ પ્રસંગે પણ ખૂબ જ ડહાપણથી પરિસ્થિતિને સંભાળી લીધી હતી.

આ પ્રકારના ફિત્નાઓ (ઉપદ્રવો)માં સૌથી વધારે સુનિયોજિત ઉપદ્રવ એ હતો, જે 'મસ્જિદે-ઝરાર'ના રૂપમાં પ્રગટ્યો. આ ઉપદ્રવનો મૂળ પ્રવર્તક ખઝરજ કબીલાનો એક વ્યક્તિ અબૂ આમિર રાહિબ હતો. હુઝૂર ﷺ ના મદીના આગમનથી પહેલા આ વ્યક્તિ ગ્રંથ (તૌરાત અને ઇંજિલ) વિશેના પોતાના જ્ઞાન અને દરવેશીના કારણે ખૂબ પ્રભાવ ધરાવતો હતો. હુઝૂર ﷺ જ્યારે મદીના આવીને લોકોનું કેન્દ્રબિંદુ બની ગયા, તો અબૂ આમિરના પ્રભાવનો દીપક બુઝાઈ ગયો. મનમાં-ને-મનમાં તે ગુસ્સે ભરાતો. બદ્રની ઘટનાએ જે ભવિષ્ય તેના સામે સ્પષ્ટ કરી દીધું, તેની પ્રતીતિ કરીને તેની આંખોમાં તીર ઊતરી ગયા. તેણે એક તરફ ઉહદના યુદ્ધ માટે મક્કાના સરદારોને ઉશ્કેર્યા, બીજી તરફ વિભિન્ન આરબ સરદારોથી સાંઠગાંઠ કરી, ત્રીજી તરફ સ્વયં અન્સારને રસૂલે અકરમ ﷺ વિરુદ્ધ બળવો કરવાનું આહવાન્ કર્યું, અને ચોથી તરફ રોમ દેશના હિરકલને લશ્કરી હુમલો કરવાનું આમંત્રણ આપ્યું.(૨)

તેણે મુનાફિકોથી સાંઠગાંઠ કરી કે હુઝૂર ﷺ નો સામનો કરવા માટે એક વૈકલ્પિક અડ્ડો ઊભો કરવામાં આવે. આમ, આ જ યોજના હેઠળ 'મસ્જિદે ઝરાર' ઊભી કરવામાં આવી. બગાડ અને ઉપદ્રવના આ કેન્દ્રના સ્થાપકોએ હુઝૂર ﷺ થી ખૂબ નાટકીય રીતે એ દરખાસ્ત કરી કે અમે આ મસ્જિદ એવા અશક્તો અને અપંગો

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૪, પૃ. ૧૮૩.
૨. તફસીર ઇબ્ને કસીર, ભા-૪, પૃ. ૩૮૭-૩૮૮.

માટે બનાવી છે, જેઓ વધારે દૂર જઈ શકતા નથી. વધુમાં અંધારી રાત્રિઓમાં અને વરસાદ અને આંધી-તોફાનની સ્થિતિમાં આસપાસના લોકો આમાં સરળતાથી એકઠા થઈ શકશે. આપ ﷺ આમાં પધારો અને તેનું ઉદ્‌ઘાટન કરો અને આને બરકતવાળી બનાવો. હુઝૂર ﷺ તે વખતે તબૂક રવાના થઈ રહ્યા હતા, તેથી આપ ﷺ એ આ મામલાને પાછા ફરે ત્યાં સુધી મુલતવી કરી દીધો. પાછા ફરતી વખતે વહી દ્વારા આપ ﷺ ને સચેત કરી દેવામાં આવ્યા કે :–

> ''અને, એ લોકો જેમણે (ઇસ્લામી સમાજને) નુકસાન પહોંચાડવા, કુફ્ર કરવા, મુસલમાનો વચ્ચે ફાટફૂટ નાખવા અને પહેલાથી અલ્લાહ અને રસૂલ વિરુદ્ધ લડાઈ કરનારાઓ માટે છુપાવાનો અડ્ડો ઉપલબ્ધ કરાવવા માટે મસ્જિદ બનાવી છે — અને હા, એ જ જેઓ સોગંદો ખાઈ-ખાઈને કહેશે કે (આ કામમાં) અમે તો માત્ર નેક ઇરાદાઓનો જ ખ્યાલ કર્યો છે. (તેમની હકીકત એ છે કે) અલ્લાહ સાક્ષી આપે છે કે તેઓ તદ્દન જૂઠા છે. આમાં તમે કદાપિ ક્યારેય ઊભા ન રહેજો. હા, એ મસ્જિદ (અર્થાત્ મસ્જિદે-કૂબા) કે જેનો પાયો પહેલા દિવસથી જ પરહેજગારી (ની ભાવનાઓ) પર મૂકવામાં આવ્યો છે, એ જ વધારે પાત્ર છે કે આપ ﷺ તેમાં (ઇબાદત માટે) ઊભા રહો. તેમાં એવા લોકો છે, જેઓ એ વાતના અભિલાષી છે કે પવિત્રતા અપનાવે, અને અલ્લાહ પવિત્રતાના અભિલાષીઓને જ પસંદ કરે છે.'' (સૂરઃ તૌબા, આ.૧૦૭-૧૦૮)

બોધપાઠ એ છે કે ઈર્ષ્યા અને અદેખાઈની ભાવનાનું નાનકડું બીજ કેવી રીતે એક દૂષિત વૃક્ષ ઊભું કરે છે. જુઓ કે કેવી રીતે ઇસ્લામી આંદોલનનો સામનો કરવા માટે કુફ્ર પણ એક મસ્જિદનું સુંદર આવરણ તૈયાર કરે છે. ધ્યાન આપો એ વાત પર કે દીન (ધર્મ)ને નુકસાન પહોંચાડવા માટે જે ઉપદ્રવો ઊભા કરવામાં આવે છે તે કેવી રીતે પોતાના દેખાવ પર દીન અને તકવા (ઈશપરાયણતા)નો બરાબર વેશ ધારણ કરીને પ્રગટે છે. શિક્ષા ગ્રહણ કરો કે કેટલા સમૂહો, કેટલી ખાનકાહો (મઠો અને આશ્રમો), કેટલી મસ્જિદો, કેટલા પાઠ અને અધ્યાપનના વર્તુળો, કેટલા પ્રકાશન ગૃહો અને કેટલા સામયિકો આજે પણ આપણા સામે આવે છે અને ફૂલતા-ફાલતા જઈ રહ્યા છે, જેમાં આ જ 'મસ્જિદે ઝરાર' જેવો દૂષિત આત્મા કામ કરી રહ્યો છે, અને તેના પ્રવર્તકો-સ્થાપકો દાવો એ જ લઈને ઊઠી રહ્યા છે કે - إِنْ أَرَدْنَا إِلَّا الْحُسْنَىٰ. (''અમારો આશય તો ભલાઈ સિવાય કંઈ ન હતો...'' - સૂરઃ તૌબા, ૧૦૭)

જો આ મસ્જિદ અલ્લાહની બંદગી માટે જ બનાવવામાં આવી હોત, જો આનો હેતુ અપંગ-અશક્ત મુસલમાનોને નમાઝની સહુલત ઉપલબ્ધ કરવાનો જ હોત, તો આ જરૂરત સ્વયં હુઝૂર ﷺ ની સામે રજૂ કરવામાં આવી હોત, ઇસ્લામી સમાજનું નેતૃત્વ તેના બાંધકામનો નિર્ણય કરતું અને જે રીતે અન્ય મસ્જિદો સમગ્ર સમુદાયના યોગદાનથી બની હતી, એ જ રીતે આ પણ અસ્તિત્વમાં આવતી. સમુદાય અને તેના નેતૃત્વથી ઉપરવટ બેસીને અમુક લોકો ગુસપુસ કરીને એક ગુપ્ત યોજના બનાવે છે અને ચુપકેથી ખરા અર્થમાં એક દોઢ ઈંચની મસ્જિદ અલગ બનાવી નાખે છે – જ્યારે કે મસ્જિદે-કૂબા તેના નજીક અગાઉથી મોજૂદ હતી – તો તેનો ચોખ્ખો અર્થ એ છે કે આ ધાર્મિક કાર્યવાહીની દાળમાં કંઈ-ને-કંઈ કાળું છે ! તેને વહીએ બહાર કાઢીને સમાજની સામે મૂકી દીધું. સામૂહિક વ્યવસ્થા હોવા છતાં કોઈ ધ્યેયને લઈને કામ કરનારાઓ કેટલાક લોકો તેના અંદર જો પોતાની અલગ ટુકડી બનાવીને વિચારે છે અને સર્વગ્રાહી રૂપરેખાથી તદ્દન અલગ પોતાની યોજનાઓ બનાવે છે અને તેને અમલમાં મૂકે છે, તો તેઓ પોતાની તકવાબાજીની શાનને (ઉચ્ચ ઈશનિષ્ઠા)ને મનાવવા ગમે તેટલી વાકપટુતા કરતા ફરે અને ગમે તેટલા આકર્ષક બહુરૂપ બનાવે, પરિણામ છેવટે નુકસાન, કુફ્ર અને ફાટફૂટ સિવાય કંઈ નથી હોતું.

આમ, મસ્જિદના પવિત્ર નામથી સ્થાપવામાં આવેલ આ અપવિત્ર અડ્ડો નબી ﷺ ના ફરમાનથી બાળીને રાખ બનાવી દેવામાં આવ્યો, જેથી તેના સાથે તેનો ઘૃણિત ઇતિહાસ પણ નેસ્ત-નાબૂદ થઈને રહી જાય.(૧)

ટૂંકમાં એ કે અલ્લાહના માર્ગદર્શનના આ ઠેકેદારો અને પયગંબરોના વારસોએ ધૃષ્ટતા અને બૂરાઈનો કોઈ અવસર હાથથી ન જવા દીધો. આ બેચેન કરનારા કૃત્યોથી વધારે તેમના એ ખંડનાત્મક ષડયંત્રો વિનાશક હતા, જે દરેક યુદ્ધના પ્રસંગે ઇસ્લામી રક્ષા વ્યવસ્થાને નુકસાન પહોંચાડવા માટે અમલમાં મૂકવામાં આવતા રહ્યા. તેનો ઉલ્લેખ અમે આગળ કરીશું.

ન્યાય-વ્યવસ્થામાં અડચણો ઊભી કરવી

કોઈપણ શાસન-વ્યવસ્થાનો અમલ તેના બે પરિબળોના યોગ્ય સંચાલન પર આધારિત છે. એક એ કે તેની સુરક્ષા વ્યવસ્થા મજબૂત હોય, બીજું એ કે તેની ન્યાય વ્યવસ્થા બરાબર કામ કરતી રહે અને તેના કાનૂનોને બરાબર લાગુ કરવામાં આવતા રહે. પહેલું પરિબળ બાહ્ય હુમલાઓથી રક્ષા માટે હોય છે અને બીજું પરિબળ આંતરિક બગાડ અને ઉપદ્રવોને અટકાવવા માટે. પરંતુ નબી અકરમ ﷺ ના શાસનને આ

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૪, પૃ. ૧૮૫.

બંને પરિબળોના અમલીકરણ માટે યહૂદીઓ અને મુનાફિકો તરફથી સખત અવરોધોનો સામનો કરવો પડ્યો. અહીં અમે એ બતાવવા માગીએ છીએ કે આ અવરોધરૂપ શક્તિઓએ કેવી રીતે ઇસ્લામી રાજ્યની ન્યાય વ્યવસ્થામાં ખલેલો ઊભી કરી અને નાગરિક પ્રશાસન અને વ્યવસ્થાને નબળી પાડવા માટે શું કાવતરાઓ કર્યા. એક નવોદિત રાજ્યના નાગરિક પ્રશાસન અને વ્યવસ્થાને જ દૃઢ અને મજબૂત બનવા દેવામાં ન આવે, તો તે ન તો આંતરિક મુશ્કેલીઓ પર કાબૂ મેળવી શકે છે અને ન બાહ્ય શક્તિઓનો સામનો કરી શકે છે. તેનું અસ્તિત્વ જ તદ્દન આરંભિક તબક્કામાં જોખમમાં પડી જાય છે. તેથી ઇતિહાસમાં અસંખ્ય દૃષ્ટાંતો જોવા મળે છે કે વિજેતાઓ અને ક્રાંતિકારીઓએ જ્યાં પણ કોઈ નવું શાસન સ્થાપિત કર્યું છે, ત્યાં નાગરિક પ્રશાસનને લાગુ કરવામાં શરૂમાં અસાધારણ બળ અને સખ્તાઈથી કામ લીધું છે. પરંતુ માનવતાના ઉપકારક ﷺ નું શાસન, જે નૈતિક વિચારધારા અને ન્યાયની જે કલ્પના પર સ્થાપિત હતું તેમાં અનુચિત સખ્તાઈનો અવકાશ ન હતો. તેથી મદીનાની પાંચમી કતારને પ્રમાણમાં ખુલીને કામ કરવાની તક મળી ગઈ હતી.

મદીનાના ઇસ્લામી રાજ્યની એ બંધારણીય સંધિ, જેના હેઠળ મુસલમાન મુહાજિરો, અન્સાર અને યહૂદીઓના કબીલાઓ એક રાજકીય સામૂહિક માળખામાં ભેગા થયા હતા, તેમાં સ્વીકારી લેવામાં આવ્યું હતું કે રાજકીય અને ન્યાયી રીતે સર્વોચ્ચ કે અંતિમ સત્તા (Final Authority) હઝરત મુહમ્મદ ﷺ ના હાથમાં છે. એ દસ્તાવેજ આજ સુધી સુરક્ષિત છે અને તેમાં નીચે મુજબની બે સ્પષ્ટ કલમો છે.[1]

—وَ انّکم مهنا اختَلَفتُمْ فیه من شیءٍ فان مردّهٗ الی الله
عزّ و جلّ والی محمّدٍ صلی الله علیه وسَلّم.

(તમારા વચ્ચે જ્યારે કોઈ મતભેદ હોય (કે મતભેદ ઊભો થાય) તો તેમાં મહાન અને ઉચ્ચ અલ્લાહ અને મુહમ્મદ ﷺ તરફ વળો.)

— و ینه ما کان بین اهل هذه الصحیفة من حدثٍ او
اشتجارٍ فساده فان مردّه الی الله عزّ وجلّ و الی محمد صلی
الله علیه وسلّم.

(આ કુર્આન-મજીદને માનનારાઓ વચ્ચે જ્યારે કોઈ બનાવ બને કે મતભેદ સર્જાય, જેનાથી કુદરતી આફતનો ભય હોય તો તેને મહાન અને ઉચ્ચ અલ્લાહ અને મુહમ્મદ ﷺ તરફ વાળો.)

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૨૨-૧૨૩ અને કિતાબુલ અમ્વાલ, અબૂ ઉબૈદા કાસિમ બિન સલામ, પેરે.૫૧, પૃ.૨૦૪.

આ કાનૂની કરાર પછી કરારાબદ્ધ યહૂદી કબીલાઓ પર ધાર્મિક, નૈતિક અને રાજકીય તથા કાનૂની હેસિયતથી એ અનિવાર્ય બની ગયું હતું કે તેઓ આ ન્યાય અને કાનૂન વ્યવસ્થાને સફળ બનાવવામાં સંપૂર્ણપણે સહયોગ કરે અને તેનું નિષ્ઠાથી અનુપાલન કરે, જે સરવરે આલમ ﷺ ના નેતૃત્વમાં ચાલી રહી હતી. એ રીતે જોઈએ તો પણ એક અવ્યવસ્થિત સમાજને કાનૂની અમલના સિદ્ધાંત પર વિધિસર નાગરિક વ્યવસ્થામાં લઈ આવવું એ માનવતાના ઉપકારક ﷺ ની એક મહાનતમ્ બહુમૂલ્ય સેવા હતી, તેમજ ગુનાઓ અને દુરાચારોના નિર્મૂલન માટે ન્યાયના સ્વાભાવિક અને સ્થાયી મૂલ્યોને સમાનરૂપે લાગુ કરવાનું કાર્ય એક એવું ઉપયોગી અને હિતકારી પગલું હતું, જેના પરિણામે પેદા થતી શાંતિ અને સલામતીની સ્થિતિ યહૂદીઓ માટે પણ એટલી જ લાભપ્રદ હતી, જેટલી બીજાઓ માટે. ઉપરાંત અલ્લાહના કાનૂનની સ્થાપના સ્વયં તેમના પોતાના મિશનમાં સામેલ હતું. વધુમાં કરારની જવાબદારી તેમણે રાજી-ખુશીથી સ્વીકારી હતી.

પરંતુ જ્યારે તેમને એવું લાગ્યું કે ઇસ્લામી રાજ્યના બિનપક્ષપાતી કાનૂનનું લક્ષ્ય તેમના પોતાના હિતો બને છે અને તેમનો કોઈ માણસ તેની લપેટમાં આવે છે, તો તેઓ પોતાના કરાર અંગેની જવાબદારીની તેમજ રાજકીય, નૈતિક અને ધાર્મિક જવાબદારીઓની તેમજ સમાજ અને માનવતાના સામૂહિક હિતની તદ્દન અવગણના કરીને વિપરીત રસ્તે ચાલતા રહ્યા.

યહૂદીઓના એક પરણિત વ્યક્તિએ કોઈ પરણિત યહૂદી મહિલાથી બળાત્કાર કર્યો. મામલો યહૂદી સરદારોની સામે આવ્યો. આગેવાનો 'બૈતે મિદરાસ'માં એકઠા થયા અને પરસ્પર સલાહ-મસ્લત કર્યા પછી એક માણસને સરવરે આલમ ﷺ ની સેવામાં પૂછપરછ કરવા માટે મોકલવામાં આવ્યો કે આવા કૃત્ય પર શું સજા આપવામાં આવશે. તેમણે અગાઉથી મત બનાવી લીધો હતો કે જો આપણી પરંપરાગત સજા (તહમિયા) બતાવવામાં આવે તો મુહમ્મદ (ﷺ) ને બાદશાહ સમજીને વાત માની લો, પરંતુ જો અલ્લાહના ગ્રંથ મુજબ 'રજૂમ' (પથ્થરોથી મારી નાખવા)ની ધાર્મિક કાનૂની સજા લાગુ કરવાનું કહે તો પછી તે (પોતાના સત્ય-જ્ઞાન અને સત્ય-વચનની હિંમત અને અલ્લાહના ફરમાનના પાલનની રીતે) નબી છે અને તેમનાથી બચજો, એટલા માટે કે ક્યાંક તમારા નેતૃત્વનો જે કંઈ પ્રભાવ બાકી છે એ પણ સમાપ્ત ન થઈ જાય. એક વ્યક્તિ પહોંચ્યો અને સંદેશો આપ્યો અને યહૂદીઓના આગેવાનો તરફથી પ્રસ્તાવ મૂક્યો કે અમે આપને 'હકમ' (ન્યાયાધીશ) બનાવવા માગીએ છીએ. આ પ્રસ્તાવ બંધારણીય કરારથી ટકરાતો હતો. કરારની રૂએ હુઝૂર ﷺ સ્થાયીરૂપે મદીનાના 'હકમ' અને અદાલતના વડા હતા જ, સંભવતઃ આ જ કારણ બન્યું કે હુઝૂર ﷺ

ઊભા થઈને સીધા 'બૈતે મિદરાસ' તશરીફ લઈ ગયા, અને યહૂદીઓને કહ્યું કે પોતાના આલિમો (ધાર્મિક વિદ્વાનો)ને બોલાવો. અબ્દુલ્લાહ બિન સૂરિયાને બોલાવવામાં આવ્યો. કેટલીક રિવાયતો અનુસાર આ વ્યક્તિની સાથે અબૂ યાસર બિન અખ્તબ અને વહબ બિન યહૂદા પણ હતા. વાતચીત દરમ્યાન સૌએ અબ્દુલ્લાહ બિન સૂરિયાને તૌરાતના જ્ઞાનમાં સૌથી વધારે પારંગત અને પ્રમાણભૂત ઠરાવ્યો. હુઝૂર ﷺ એ આ આલિમ સાથે એકાંતમાં વાતચીત કરી અને અલ્લાહનો ડર બતાવીને તેમજ બની ઇસરાઈલના સોનેરી ઇતિહાસના પૃષ્ઠોની યાદ તાજી કરાવીને પૂછ્યું કે શું તમે જાણો છો કે પરણિત વ્યભિચારી માટે તૌરાતમાં 'રજ્મ'નો આદેશ આવ્યો છે ? તેણે જવાબ આપ્યો : اللّٰهُمَّ نَعَمْ અર્થાત્ હા, અલ્લાહના સોગંદ ! વહી દ્વારા જે હકીકત હુઝૂર ﷺ ને ખબર હતી તેની પુષ્ટિ વિરોધી પક્ષકાર તરફથી પણ થઈ ગઈ. પરંતુ સામાન્ય સભામાં યહૂદી સરદારો આનાકાની કરતા રહ્યા. તેમનો આગ્રહ હતો કે અમારી શરીઅતના કાનૂનમાં વ્યભિચારની સજા 'તહમિયા' છે. આ પરિભાષાના અર્થ અનુસાર યહૂદી વ્યભિચારીનો ચહેરો કાળો કરીને તેને ગધેડા પર સવાર કરતા અને વસ્તીમાં ફેરવતા. તૌરાતનો 'રજ્મ'નો આદેશ તેમણે અભરાઈએ ચઢાવી દીધો હતો. તેમનામાં જ્યારે વ્યભિચારની આફત ખૂબ ફેલાઈ અને ખૂબ ઉચ્ચ વર્ગના લોકો આ નૈતિક બગાડમાં લિપ્ત થઈ ગયા, તો સમાજે શરીઅતનો સાથ આપવાને બદલે ગુનેગારની હિમાયત કરવાનું વલણ અપનાવી લીધું અને સજામાં ઘટાડો કરી નાખ્યો. હવે યહૂદીઓના આગેવાનોને ભય એ હતો કે જો તૌરાતના 'રજ્મ'ના કાનૂનનું પુનર્જીવન થઈ જાય છે, તો પછી કોઈ તેનાથી બચી શકશે નહીં. આજે તેનો, તો કાલે અમારો વારો છે. આ જ કારણ હતું કે તેઓ 'રજ્મ'ના કાનૂનના અમલને અટકાવવા માગતા હતા. ન છૂટકે હુઝૂર ﷺ એ સામાન્ય સભામાં તેમના પાસે તૌરાત મંગાવી - (فَأْتُوا بِالتَّوْرٰىةِ فَاتْلُوهَا إِن كُنتُمْ صٰدِقِينَ ۝ "જો તમે સાચા હોવ તો લાવો તૌરાત અને રજૂ કરો તેનું લખાણ." - સૂરઃ આલે ઇમરાન, ૯૩) એક યહૂદી આલિમે સંબંધિત જગ્યાનું પઠન કર્યું. આ પ્રતમાં 'રજ્મ'ની આયત હતી. આ અન્યાયી આલિમે આયત પર હાથ મૂકીને આગળ-પાછળથી પઢી નાખ્યું. અબ્દુલ્લાહ બિન સલામે (મશહૂર યહૂદી આલિમ, જેઓ ઈમાન લાવી ચૂક્યાં હતા) તરત જ તેનો હાથ હટાવી દીધો અને હુઝૂર ﷺ બતાવ્યું કે, "હે અલ્લાહના રસૂલ ! જુઓ આ રહી રજ્મની આયત."[1] હુઝૂર ﷺ એ આ મક્કારી વિશે યહૂદીઓને કડક

---

૧. ઇંજીલ યુહન્નામાં સ્પષ્ટ પુરાવો છે કે પરણિત વ્યભિચારી માટે મૂળ તૌરાતમાં 'રજ્મ'નો જ આદેશ હતો. જુઓ : યુહન્ના, પ્ર-૮, આ-૫ ના આ શબ્દો :– "તૌરાતમાં અમે મૂસાને આદેશ આપ્યો છે કે આવી સ્ત્રીઓને સંગસાર (પથ્થરો મારી-મારીને મોતને ઘાટ ઉતારી નાખવું) કરો." તૌરાતની આરંભિક પ્રતોમાં યહૂદી વિવરણકર્તા અને ધર્મશાસ્ત્રીઓ અને ફેરફાર કરનારાઓની ભેળસેળની સાથે વ્યભિચારના કેટલાક પ્રકારોમાં મૃત્યુ-દંડ અને સંગસારની સજાનો ઉલ્લેખ છે. જુઓ : "જો કોઈ પુરુષ... (અનુ. આગળના પૃષ્ઠ પર)

ઠપકો આપ્યો અને એમ કહીને ગુનેગારો પર સજા લાગુ કરી દીધી કે, ''હું પહેલો વ્યક્તિ છું, જે અલ્લાહના આદેશ અને તેના ગ્રંથ પર અમલ કરવા અંગેના પંથને પુનર્જીવિત કરું છું.''(૧)

આ હતા સમયના વિશુદ્ધ ધર્મના અનુયાયીઓ અને મજબૂત ધાર્મિક કાનૂનના સમર્થકો, જેઓ બગલોમાં અલ્લાહના કાનૂનને લઈને મનઘડત પરંપરાગત કાનૂનનો ખોટો સિક્કો ચલાવી રહ્યા હતા ! અને આ ચરિત્રની સાથે તેઓ આ પવિત્ર હસ્તીનો સામનો કરવા નીકળ્યા હતા, જે અલ્લાહના કાનૂનને કોઈપણ પ્રકારના પક્ષપાત વગર પુનર્જીવિત કરવા ઊભા થયા હતા, અને કુર્આનનું એ સત્ય-ગીત વાતાવરણમાં ગૂંજી રહ્યું હતું કે - لَسْتُمْ عَلٰى شَيْءٍ حَتّٰى تُقِيْمُوا التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ "ત્યાં સુધી તમારો કોઈ આધાર જ નથી, જ્યાં સુધી તમે તૌરાત અને ઇંજીલને તથા અલ્લાહ તરફથી જે કંઈ કાનૂન અવતરિત થયા છે તેને પ્રભુત્વ ન અપાવી દો. જ્યાં સુધી તમારી આસ્થા અને આચરણમાં આ મોટો વિરોધાભાસ રહેશે, તમારી કોઈ હકીકત જ નથી, તમે એક વ્યર્થ અને મૂલ્યહીન ટોળું છો.

યહૂદી સમાજના સાર્વજનિક બગાડનું એક મોટું દૃશ્ય એ હતું કે તેમનામાં ઉચ્ચ અને નિમ્ન વર્ગોની વહેંચણી સ્થાયીરૂપે સ્થાપિત થઈ ચૂકી હતી. પ્રભાવશાળી લોકો માટે કાનૂન અલગ હતો અને નબળાઓ માટે અલગ. ન્યાયની નદી ફાટીને જુદા-જુદા વહેણોમાં વિભાજિત ગઈ હતી. તેમના ન્યાયાધીશો અને ધર્માદેશ આપનારાઓ ન્યાયન ત્રાજવાના પલ્લાઓને અસમતોલ કરી ચૂક્યા હતા, અને બેવડા અને ત્રેવડા વજનિયાઓનો ઉપયોગ કરી રહ્યા હતા. આમ, બનૂ નઝીર અને બનૂ કુરૈઝામાં તેમના વર્ચસ્વ અને વડપણના કારણે અસમાન 'દિયત' (અર્થ-દંડ) વ્યવસ્થા પ્રચલિત હતી. બનૂ નઝીર કબીલાનો કોઈ માણસ બનૂ કુરૈઝાના કોઈ માણસની હત્યા કરી નાખતો, તો 'દિયત' એકસો વસક લેવામાં આવતી, અને ગુનો ઊલટો હોતો તો પચાસ વસક આપવામાં આવતી. હુઝૂર ﷺ ના મદીના આગમન અને ઇસ્લામી ન્યાય વ્યવસ્થાના સ્થાપિત થઈ ગયા પછી બનૂ નઝીરના કોઈ માણસે બનૂ કુરૈઝાના કોઈ વ્યક્તિની હત્યા કરી નાખી. બનૂ નઝીરે બમણી 'દિયત' આપવાનો ઇન્કાર કર્યો અને સમાન હક્કને મનાવવાનો પ્રયત્ન કર્યો. હવે તો તેમના સામે એક સહારો હતો. ચર્ચામાં ઉગ્રતા આવતાં-આવતાં સ્થિતિ ત્યાં

કોઈ પતિવાળી મહિલાથી વ્યભિચાર કરતો પકડાઈ જાય તો તે બંનેને મારી નાખો.'' (ઇસ્તશ્ના, પ્ર-૨૧, આ-૨૩)
''જો કોઈ કુંવારી છોકરી કોઈ પુરુષ સાથે જોડાઈ ગઈ હોય અને કોઈ બીજો પુરુષ તેને શહેરમાં જોઈને તેનાથી સંભોગ કરે, તો તમે એ બંનેને શહેરની બહાર કાઢી લાવજો અને તેમને સંગસાર કરી નાખજો કે તેઓ મૃત્યુ પામે.'' (ઇસ્તિશ્ના, પ્ર-૨૨, આ-૨૩)
આ. ૨૬ માં પણ મૃત્યુ-દંડનો આદેશ એવા વ્યક્તિ માટે આપવામાં આવ્યો છે, જે બળજબરીથી કોઈની આબરૂ લૂટે.

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ.૧૯૩-૧૯૪.

સુધી પહોંચી કે બંને કબીલાઓમાં લડાઈની આગ ભડકી ઉઠવાનું જોખમ ઊભું થઈ ગયું. છેવટે બંને એ વાત માટે રાજી થઈ ગયા કે મામલો મુહમ્મદ (ﷺ)ની સામે લઈ જવામાં આવે, અને ત્યાંથી જે નિર્ણય થાય તેને કબૂલ કરી લેવામાં આવે.

હુઝૂર ﷺ એ فَاحْكُمْ بَيْنَهُمْ بِالْقِسْطِ (અને નિર્ણય કરો તો પછી બરાબર ન્યાયપૂર્વક કરો... -સૂરઃ માઈદા, ૪૨)ના આદેશ અનુસાર 'દિયત'ની એ અસમાન વ્યવસ્થાને સમાપ્ત કરીને ત્રાજવાના પલ્લાં હંમેશ માટે બરાબર કરી દીધા,[૧] અને તેના સાથે કુર્આને ન્યાયની ખુદાઈ (ઈશ્વરીય) વ્યવસ્થાને બગાડનારાઓને સંબોધીને ચેતવણી આપી કે :—

> ''જે લોકો અલ્લાહે અવતરિત કરેલ કાનૂન અનુસાર નિર્ણય નથી કરતા તેઓ જ કાફિર (અધર્મી) છે.'' (સૂરઃ માઈદા, ૪૪)

ઈસ્લામી ન્યાય વ્યવસ્થા અને સજાના અમલીકરણમાં જો એકલા મદીનાના યહૂદીઓ જ રુકાવટ હોત તો ચાલતું, મોટી મુશ્કેલી એ હતી કે સર્વાંગીરૂપે આખા આરબ પ્રદેશમાં ન્યાયના અનુસંધાનમાં બેધારી નીતિ જોવા મળતી હતી. પ્રભાવશાળી વર્ગો માટે કાનૂન અલગ હતો, નબળા અને સામાન્ય લોકો માટે અલગ.

મક્કા વિજયનો પ્રસંગ હતો કે ફાતિમા નામની એક મખઝૂમી મહિલા ચોરીના ગુનાસર પકડાઈ. તે પ્રભાવશાળી કબીલામાંથી હતી, તેથી કુરૈશના લોકો તેની ધરપકડ પર ખૂબ બેચેન થયા અને તેમના મગજમાં વાત સમાતી ન હતી કે આવી મહિલા પર પણ કાનૂનનો એ જ યાતનાનો આદેશ લાગુ કરવામાં આવે જે સામાન્ય લોકો માટે છે. આ લોકોએ મસ્લત કરી કે અલ્લાહના રસૂલ ﷺ ને વાત કરીને તેને છોડાવી લેવામાં આવે. પરંતુ આગળ વધીને વાત કોણ કરે. આ આશય માટે તેમણે ઉસામા બિન ઝૈદ ؓ ને ભલામણ કરી. ઉસામા ؓ એ જઈને વાત રજૂ કરી. હુઝૂર ﷺ ના ચહેરાનો રંગ આ વાત સાંભળીને પલટાઈ ગયો અને ફરમાવ્યું, ''શું તમે અલ્લાહની એક સજા વિશે (તેને અટકાવવા) ભલામણ કરો છો?'' બસ આટલી વાતથી જ ઉસામા ؓ ને પ્રતીત થઈ ગયું અને તેમણે માફી માંગી. દિવસ સમાપ્ત થતાં હુઝૂર ﷺ એ લોકોને સંબોધન કરતાં ફરમાવ્યું કે :—

> ''તમારાથી પહેલાંના લોકોના વિનાશનું એક કારણ એ હતું કે જ્યારે તેમાંથી કોઈ વિશિષ્ટ વ્યક્તિ ચોરી કરતો, તો તેનાથી આંખ આડા કાન કરી લેતા અને જ્યારે કોઈ નબળા વર્ગનો માણસ આ જ ગુનો કરતો, તો તેના પર સજા લાગુ કરી દેતા. હું મારા વિશે અલ્લાહના સોગંદ ખાઈને કહું છું, જેના કબજામાં મારા પ્રાણ છે ! જો

ફાતિમા (રદિ.) બિન્તે મુહમ્મદ ﷺ પણ ચોરી કરે તો હું તેના હાથ પણ કાપી નાખું."[1]

આ જ પ્રચલિત માનસિકતા ઉમ્મે હારિસાના મામલામાં પણ સામે આવી. આ મહિલાએ કોઈનો દાંત તોડી નાખ્યો. કેસ હુઝૂર ﷺ ની સામે લાવવામાં આવ્યો. હુઝૂર ﷺ એ 'કિસાસ'નો આદેશ સંભળાવ્યો. ઉમ્મે રબીએ (સંભવતઃ ગુનેગાર મહિલાના બહેન હતા, પરંતુ આ મામલામાં રિવાયતોમાં થોડોક મતભેદ છે) આ નિર્ણય સાંભળ્યો તો હુઝૂર ﷺ ને આશ્ચર્યથી પૂછ્યું કે, "શું ફલાણીથી પણ કિસાસ લેવામાં આવશે ? અલ્લાહના સોગંદ ! તેનાથી કિસાસ લઈ શકાશે નહીં." હુઝૂર ﷺ એ ફરમાવ્યું, "અરે ઉમ્મે રબીઅ ! કિસાસ તો ખુદાઈ (ઈશ્વરીય) લખાણ છે." પણ તે કહેવા લાગી કે, "ના ! અલ્લાહના સોગંદ ! તેનાથી કદાપિ કિસાસ લઈ શકાશે નહીં." તેમની સમજમાં આવતું નહોતું કે આ દરજ્જાની ગુનેગાર મહિલાનો દાંત કેવી રીતે તોડી શકાય છે.

એ બાજુ વાસ્તવમાં એ થયું કે પક્ષકારો વચ્ચે 'દિયત' પર મામલો નક્કી થઈ ગયો. આ રીતે કિસાસનો આદેશ (જેમાં દિયતનો અવકાશ પણ સામેલ હતો) પૂરો થઈ ગયો.[2]

યહૂદીઓએ માત્ર ઇસ્લામી ન્યાય વ્યવસ્થાના કાર્યમાં અવરોધો ઊભા કરવા પર જ સંતોષ ન માન્યો, બલ્કે તેઓ સાર્વત્રિક નાગરિક વ્યવસ્થા અને અનુશાસનમાં, જે તક મળતી, ગેરવ્યવસ્થા સર્જવાથી અટકતા નહીં. આનું એક મોટું ઉદાહરણ એ છે કે ખૈબરના વિજય પછી ખૈબરના યહૂદીઓની દરખાસ્ત પર જ્યારે તેમને જમીનના ખેડૂત તરીકે અડધા ભાગે રાખી લેવામાં આવ્યા અને ઇસ્લામી સરકારનો મહેસૂલ અધિકારી તેમના પાસેથી પહેલી વાર ભાગ લેવા પહોંચ્યો, તો તેમણે તેને લાંચ આપવાની કોશિશ કરી. અપ્રમાણિકતાના જે ભયાનક રોગમાં તેમની કોમ લિપ્ત હતી, તેનો ચેપ તેમણે નવી વ્યવસ્થાના કર્મચારીઓને લગાવવા માગ્યો. આ મહેસૂલ અધિકારી હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા (રદિ.) હતા. અલ્લાહના રસૂલ ﷺ એ મોકલેલ વિશ્વાસુ મહેસૂલ અધિકારી ખૈબરના યહૂદીઓની ધારણાઓ કરતાં ખૂબ ઉચ્ચ હતા. તેમણે તેમને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે, "હે અલ્લાહના દુશ્મનો ! શું તમે મને હરામ (અવૈધ) માલ ખવડાવવા માગો છો ?"[3] તેમના સામે પોતાનો હેતુ સ્પષ્ટ કરી દીધો કે મારે તો ત્રાજવાના તોલે મામલો કરવાનો છે. ફરમાવ્યું :

---

૧. મુસ્લિમ, બાબ અન્-નહી અન્ અશ્-શફાઅત ફીલ હુદૂદ.

૨. મુસ્લિમ, બાબ અલ-કિસાસુ મિન અલ-જિર્રાહ ઇલ્લા અંય્યર્દુ બિદ્-દિયહ.

૩. સીરતુન્નબી, લે. મૌલાના શિબ્લી, ભા-૨, પૃ. ૭૫, સંદર્ભ : ફતુહુલ બલદાન, પૃ. ૭૧

''રસૂલુલ્લાહ ﷺ એ મને અહીં એટલા માટે નથી મોકલ્યો કે તમારો માલ ખાઈ જાઉં, બલ્કે એટલા માટે મોકલ્યો છે કે તમારા અને મુસલમાનો વચ્ચે વહેંચણી કરી દઉં. તમે ઇચ્છો તો હું અંદાજ કાઢીને અડધો તમને આપી દઉં અને જો ઇચ્છો તો તમે સ્વયં અંદાજ કાઢીને અડધો અમને આપી દો.''

આમ, ઇબ્ને રવાહાએ ૪૦ હજાર વસકનો અંદાજ મૂક્યો અને ૨૦ હજાર વસક મુસલમાનોનો ભાગ લઈ લીધો. આ બિનપક્ષપાતી વહેંચણીથી જ્યાં કેટલાક નીચ માનસિકતાના યહૂદીઓએ ગુસ્સે થઈને કહ્યું કે આ તો અન્યાય છે, ત્યાં ન્યાયપ્રિય લોકોએ સ્વીકાર્યું કે આ જ ન્યાય પર આકાશ અને જ઼મીન કાયમ છે. અબ્દુલ્લાહ બિન રવાહા رضي الله عنه જ જીવનભર આ હોદ્દા પર કામ કરતા રહ્યા.[૧]

ટૂંકમાં, એક અર્ધ વ્યવસ્થિત સમાજને વિધિસર એક વ્યવસ્થિત રાજ્ય બનાવવા અને ખુદાઈ ન્યાયના સિદ્ધાંતોને જારી કરવામાં માનવતાના ઉપકારક ﷺ ને સહયોગ આપવાના બદલે સંસ્કૃતિ અને ધર્મના પ્રાચીન ઠેકેદારોએ ભારે અવરોધો ઊભા કર્યા અને સત્ય-વ્યવસ્થાના મૂળને આરંભિક તબક્કામાં બોદું કરવાની અક્ષમ્ય કોશિશો કરી.

નબી ﷺ ના ઘરમાં ચિનગારીઓ

મદીનાના ઇસ્લામ-વિરોધીઓએ દુષ્કૃત્યોની ચિનગારીઓ હુઝૂર ﷺ ના ઘરમાં પણ ફેંકવાની ધૃષ્ટતાપૂર્ણ કોશિશો કરી. તેમની નજરમાં હુઝૂર ﷺ ના પરિવાર અને તેમના ગાઢ સાથીઓમાં ફાટ-ફૂટ નાખવાનો આ ખૂબ જ સીધો અને સરળ રસ્તો હતો. ઇસ્લામી આંદોલનના વડાને ઘરેલુ ઝઘડાઓમાં ફસાવી દેવાની યુક્તિ જો સફળ થઈ જતી તો તેના પરિણામો ઘણા જ હાનિકારક હોત. મદીનાની સામાન્ય મહિલાઓ હુઝૂર ﷺ ના ઘરે આવતી-જતી તો હતી જ. પછી તેઓ જે કંઈ જોતી હશે તેને સ્ત્રી-સહજ માનસિકતા મુજબ વર્ણન કરતી ફરતી હશે. એ રીતે ઉપદ્રવકારીઓ અને મુનાફિકોને સારી રીતે જાણકારી રહેતી હશે કે હુઝૂર ﷺ ના ઘરમાં ભૂખ અને અછતની સ્થિતિ છવાયેલી રહે છે. હુઝૂર ﷺ ની પવિત્ર પત્નીઓ મોટા-મોટા પરિવારોની મહિલાઓ હતી. તેમની રુચિ-અભિરુચિઓ કોઈનાથી ઓછી ઊંચી ન હતી, પરંતુ બીજી બાજુ આર્થિક પરિસ્થિતિ જેવી હતી અને જેના પર હુઝૂર ﷺ દિલથી રાજી હતા તે તેમના પૂર્વ માનસિક ધોરણોથી ખૂબ જ નિમ્ન હતી. હુઝૂર ﷺ ની સાથે પત્નીઓ પણ ધૈર્યના માર્ગે ચાલી રહી હતી અને તેમને પોતાને એ

૧. બુખારી, બાબ અલ-મઝારઅહ વ કિતાબ અલ-શિરકત.

ભાન હતું કે નવયુગના મહાન પ્રવર્તક જે પ્રાણઘાતક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે, તેમાં મોજ-મજા અને વૈભવના સ્વર્ગને સજાવી શકાય એમ નથી. પરંતુ માનવી છેવટે તો માનવી છે ! અને માનવી હંમેશા એ ઇચ્છાઓ અને અભિલાષાઓની વચ્ચે ઘેરાયેલો રહે છે, જેને તેની પ્રકૃતિમાં વણી લેવામાં આવેલ છે. બીજી બાજુ પવિત્ર પત્નીઓ ઈમાન અને ચરિત્રની રીતે ઉચ્ચ સ્થાને હોવા છતાં તથા એકતા, સંપ તેમજ નમ્રતા અને ઉદારતાનો એક ઉચ્ચતમ્ નમૂનો દુનિયાની સામે પ્રસ્તુત કરવા છતાં ક્યારેક પરસ્પર અદેખાઈની લાગણીથી થોડીઘણી પ્રભાવિત થઈ શકતી હતી, જે કોઈ ઘરની રોનક બનનાર મહિલાઓ વચ્ચે હોય છે. ઉપરાંત, કુરૈશની મહિલાઓમાં પતિઓની વફાદારી અને આજ્ઞાપાલનની જે કડક પરંપરા ચાલી આવી રહી હતી, તેનાથી વિરુદ્ધ મદીનાની મહિલાઓ પુરુષોની સરખામણીમાં ખાસ્સું વજન ધરાવતી હતી. આમ, હઝરત ઉમર ؓ જેવા રૂઆબદાર અને પ્રભાવી મહાન પુરુષે મદીના-કાળમાં એક વાર પોતાની આદરણીય પત્નીને ઠપકો આપ્યો, તો તેમણે સામે જવાબ આપ્યો. તેના પર આશ્ચર્યથી હઝરત ઉમર ؓ એ કહ્યું કે, ''તમે મને સામે જવાબ આપો છો ?'' આ જ પ્રસંગે તેમને અંદાજ આવી ગયો કે સમાજના દાંપત્ય જીવનમાં મક્કાની પરંપરા પર મદીનાના વાતાવરણની ઘણી અસર ઊભી થઈ ચૂકી છે.

પરિસ્થિતિનું આ સ્વરૂપ ઉપદ્રવકારીઓ અને મુનાફિકોની સામે હતું અને તેના જ અંદરથી તેમણે ઉપદ્રવનો રસ્તો કાઢ્યો. તેમણે કેટલીક મહિલાઓનો એ આશયથી હાથો બનાવીને ઉપયોગ કર્યો કે હુઝૂર ﷺ ના ઘરમાં ફિત્નાની ચિનગારી ફેંકીને આગ ભડકાવવામાં આવે. એક આવી મહિલા ઉમ્મે જિલ્દહનું નામ આપણા સામે આવે છે, જેની ભૂમિકા એ હતી કે كانت تحشر بين ازواج النبي صلى الله عليه وسلم ـ[૧] અર્થાત્, તે પુનીત પત્નીઓને ભડકાવ્યા કરતી હતી. આ જ પ્રકારની મહિલાઓની મદદથી 'ઇફક'ની ચિનગારીથી ભડકા કરવામાં આવ્યા હતા.

ઉપદ્રવકારીઓની બદગોઈ અને ધૃષ્ટતાઓના કારણે એક-પછી-એક કેટલાક બનાવો એવા બન્યા, જે ખૂબ જ ચિંતાજનક હોઈ શકતા હતા. પરંતુ અલ્લાહની મદદ, રસૂલુલ્લાહ ﷺ નું ચરિત્ર, વિશિષ્ટ સહાબા ؓ ના સહયોગ અને પત્નીઓની સૌજન્યશીલતાના પ્રભાવથી સમયસર સુધારણા થઈ ગઈ.

તેમાંથી સૌથી મોટી ઘટના પત્નીઓનું એ સંયુક્ત પ્રદર્શન હતું, જેનો હેતુ તો ભરણ-પોષણનો ખર્ચ વધારવાનો હતો. આ જ ઘટના 'ઈલા'નું પ્રેરક બની. અલ્લાહની

૧. સીરતુન્નબી ﷺ, લે. મૌલાના શિબ્લી, ભા-૧, પૃ. ૫૦૬, સંદર્ભ : અસાબા ઇબ્ને હજર.

વિશેષ મહેરબાની હતી કે હઝરત અબૂબક્ર ﷺ અને હઝરત ઉમર ﷺ એ પૂર્ણ નિષ્ઠાથી હુઝૂર ﷺ નું પાસું મજબૂત કર્યું અને પોતાની સુપુત્રીઓને પ્રોત્સાહન આપવાને બદલે તેમને કડકાઈથી ઠપકો આપ્યો અને બીજી બાજુ અલ્લાહ ત્આલા તરફથી પડકાર આવી ગયો કે :–

''હે નબી ! પોતાની પત્નીઓને કહી દો કે જો તમે દુનિયાના જીવન અને તેનો વૈભવ તેમજ શોભા ચાહો છો, તો (તે આ ઘરમાં નહીં મળે). આવો, હું તમને વિદાયના જોડાઓ આપીને ભલી રીતે રુખસદ કરી દઉં, અને જો તમને અલ્લાહ, અલ્લાહનો રસૂલ અને આખિરતની અભિલાષા છે, તો અલ્લાહે સદાચારી મહિલાઓ માટે મોટો સવાબ (પુણ્ય) ઉપલબ્ધ કરી રાખેલ છે.'' (સૂર: અહઝાબ, ૨૮-૨૯)

બે માર્ગો પત્નીઓની સામે મૂકી દેવામાં આવ્યા હતા કે જેને ઇચ્છે, અપનાવી લે. હવે એ પત્નીઓની સૌજન્યશીલતા હતી કે તેમને તરત જ સંજ્ઞાન થઈ ગયું. હઝરત આઈશા ﷺ, જેઓ પોતાના પ્રભાવ અને પહોંચ તેમજ પોતાની અસાધારણ બુદ્ધિમત્તા અને આગવી પ્રતિભાને લીધે આ પ્રદર્શનના નેતા બનેલા હતા, હુઝૂર ﷺ એ મેડા પરથી ઊતરીને સૌથી પહેલા તેમને જ આ ખુદાઈ નિર્ણયથી માહિતગાર કર્યા અને તેમણે જ સૌથી પહેલા એલાન કર્યું કે હું સર્વસ્વ છોડીને અલ્લાહ અને રસૂલને લઉં છું. તેમના પછી તમામ પત્નીઓએ પોતાની માંગણી હૃદયપૂર્વક પાછી ખેંચી લીધી.

દુશ્મનો વચ્ચે ઘેરાયેલા એક મહાન પરિવારમાં જો ઉપદ્રવકારીઓનો નિરંતર હસ્તક્ષેપ અને નીચ મહિલાઓની અહીં-તહીંની વાતોના પરિણામે કોઈ એક પ્રસંગે તાણ ઊભું થઈ ગયું હોય તો એ કોઈ મોટી વાત નથી, બલ્કે આટલા બધા દુષ્કૃત્યો છતાં આ ઘરના વહાણનું સહી-સલામત બચીને નીકળી આવવું તેના લોકોની દૃઢતા, સૌજન્યશીલતા અને સંપનો પુરાવો છે.

હવે અનુમાન કરી લો કે હુઝૂર ﷺ ની ચારે બાજુ કેવી-કેવી કુચેષ્ટાઓ અને ષડયંત્રોના ડાઇનામાઈટ બિછાવવામાં આવી રહ્યા હતા, ક્યાં-ક્યાં જામગીરીઓ મૂકવામાં આવી રહી હતી !

હત્યાના કાવતરાઓ

સત્ય જ્યારે કોઈના આહવાન્ પર આંદોલનનું રૂપ ધારણ કરીને ઊઠે છે, તો તેની અવરોધક શક્તિઓ અનુચિત વિરોધમાં પડીને નિરંતર અધઃપતન તરફ ધકેલાતી જાય છે, ત્યાં સુધી કે જ્યારે તે મૂળ આહવાન્‌ની સામે દલીલની બાજી પણ હારી જાય છે અને ઉપદ્રવ અને હિંસાની કાર્યવાહીઓને પણ નિષ્ફળ થતી જુએ છે, તો પછી

તેમની ઈર્ષ્યા તેમજ નીચ અને દુરાચારી વૃત્તિ તેમના અંદર ગુનાઈત ડાકુઓ અને હત્યારાઓ જેવી વિકૃત માનસિકતાને પોષવા લાગે છે. આ તબક્કામાં આવીને તે સત્યના આવાહક અને ન્યાયના આંદોલનના વડાનો જીવ લેવા માટે તૈયાર થઈ જાય છે. આવા મૂર્ખ શેખીખોર લોકો જો શક્તિ અને સત્તા ધરાવતા હોય, તો તેઓ સામેવાળાને રાજકીય હિંસાના શિકંજામાં કસે છે અને કાનૂનની તલવારને હરકતમાં લાવીને તેમજ ન્યાયનું નાટક કરીને માનવતાના સેવકોના લોહીથી હાથ રંગે છે. શક્તિ અને સત્તાથી વંચિત હોય, તો પછી હત્યાના કાવતરાની યુક્તિઓ અપનાવે છે. બરાબર આ જ રસ્તો મક્કાના અજ્ઞાનીઓએ અપનાવ્યો હતો અને હવે એ જ દૂષિત રસ્તે મદીનાના કથિત 'અલ્લાહવાળા' પણ ચાલી નીકળ્યા.

એક વાર (હિ. ૪) ઉમરૂ બિન ઉમૈયા ઝમરીએ આમિર કબીલાના બે માણસોની હત્યા કરી નાખી. તેમની 'દિયત' (અંથ-દંડ) વસૂલ કરવા અને કરારની જવાબદારીઓ યાદ દેવડાવવા માટે અલ્લાહના રસૂલ ﷺ બનૂ નઝીરના ત્યાં પહોંચ્યા. ત્યાંના લોકોએ આપને એક કિલ્લાના છાંયડામાં બેસાડ્યા. પછી એ લોકો અલગથી મળીને એ યુક્તિ કરવા લાગ્યા કે કોઈ વ્યક્તિ જઈને ઉપરથી પથ્થર (ઘંટીની પાટ) નીચે ફેંકે અને હુઝૂર ﷺ ના જીવનને સમાપ્ત કરી નાખે. ઉમરૂ બિન હિજાશ બિન કઅબએ આ 'પવિત્ર' જવાબદારી પોતાના શિરે લીધી. આ બાજુ હુઝૂર ﷺ પર તેમનો બદઇરાદો ખુલી ગયો (અલ્લાહ ત્આલાએ તેમના મનમાં સંચેતના કરી દીધી), અને આપ ﷺ ત્યાંથી ઊભા થઈને નીકળી ગયા.[1]

મશહૂર યહૂદી સરદાર કઅબ બિન અશરફ, જેનો પિતા તય કબીલાથી હતો અને જેની માતા યહૂદીઓના ધનવાન આગેવાન અબૂ રાફેઅ ઇબ્ને અબી હકીકની પુત્રી હતી, પોતાના આ બેવડા સંબંધના કારણે તે આરબો અને યહૂદીઓ વચ્ચે એક સરખો પ્રભાવ ધરાવતો હતો. એક બાજુ આર્થિક શક્તિ ધરાવતો હતો અને બીજી બાજુ તેની શાયરીની પણ ધાક હતી. તેની છાતીમાં ઇસ્લામ વિરુદ્ધ ખૂબ ઝેરીલો લાવા ઉકળી રહ્યો હતો. તેથી તેણે મદીનામાં કેટલાક લોકોને પોતાના સમવિચાર બનાવીને તેમના ભથ્થા નક્કી કરી નાખ્યા હતા અને એ રીતે હુઝૂર ﷺ ના સામના માટે ભાડાના માણસો તૈયાર કરી રાખ્યા હતા.

યા'કૂબીની એક રિવાયત સીરતના પુસ્તકોમાં વર્ણવવામાં આવી છે કે કઅબ બિન અશરફ હુઝૂર ﷺ ને દગાથી મારી નાખવા માગતો હતો. એક બીજી રિવાયત (ફત્હુલ બારી) આની પુષ્ટિ કરે છે. તેમાં બતાવવામાં આવ્યું છે કે કઅબે હુઝૂર ﷺ

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૯૨; રહમતુલ લિલ આલમીન ﷺ, લે. કાઝી સુલૈમાન મન્સૂરપૂરી, ભા-૧, પૃ.૧૮૦; રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, લે. ડૉ. હમીદુલ્લાહ, પૃ. ૩૩૨.

ને ભોજન માટે નિમંત્રણ આપ્યું અને કેટલાક માણસોને નિયુક્ત કર્યા કે જ્યારે હુઝૂર ﷺ આવે તો તેમને મારી નાખે. આ રિવાયત પોતાની સ્થાયી રીતે ભલે મજબૂત ન હોય, પરંતુ કઅબનો દ્વેષ અને તેની તમામ કાર્યવાહીઓના પ્રકાશમાં જોવામાં આવે તો આવું થવું ઘણે અંશે કલ્પી શકાય એવું છે.

જે જમાનામાં બનૂ કુરૈઝા સાથે હુઝૂર ﷺ એ કરારને પુનર્જીવિત કર્યો, એ જ જમાનામાં બનૂ નઝીરે હુઝૂર ﷺ ને સંદેશો મોકલ્યો કે આપ પોતાના સાથે ત્રણ માણસો લઈને આવે અને અમે પણ અમારા ત્રણ આલિમો રજૂ કરીશું. તમે તમારી વાત આ સભામાં બતાવો. જો અમારા આલિમોએ આપ ﷺ ની પુષ્ટિ કરી દીધી, તો અમે-સૌ પણ ઈમાન લઈ આવીશું. હુઝૂર ﷺ રવાના થયા, તો રસ્તામાં આપને જાણ થઈ ગઈ કે યહૂદીઓ તલવાર લઈને એ ઇરાદાથી આપ ﷺ ની રાહ જોઈ રહ્યા છે કે આપને મારી નાખવામાં આવે. આપ ﷺ પાછા ફરી ગયા.

ખૈબરના વિજયના પ્રસંગે એક યહૂદી મહિલા ઝૈનબ બિન્તે અલ-હરસે (સલામ બિન મિશ્કમની પત્નીએ) એક બકરીનું માંસ શેકીને તૈયાર કર્યું અને તેમાં ઝેર ભેળવી દીધું. પછી એ માહિતી મેળવી કે હુઝૂર ﷺ ને કયો ભાગ પસંદ છે. જ્યારે ખબર પડી ગઈ કે બાવડાનું માંસ ખાસ પસંદ છે, તો તેણે તેમાં બાકી માંસથી વધારે પ્રમાણમાં ખૂબ જ તીવ્ર પ્રકારનું ઘાતક ઝેર ભેળવી દીધું. પછી એ માંસ હુઝૂર ﷺ અને તેમના સાથીઓ માટે ભેટરૂપે મોકલાવ્યું. હુઝૂર ﷺ એ કોળિયો મોઢામાં મૂક્યો (કદાચ થોડોક ભાગ ગળી પણ ગયા હશે) અને તરત જ થૂકી દીધું. ફરમાવ્યું કે આ માંસે મને જાણકારી આપી છે કે આમાં ઝેર ભેળવેલું છે. પછી પોતે પણ ન ખાધું અને સાથીઓને પણ અટકાવી દીધા. પછી એ યહૂદી મહિલાને બોલાવવામાં આવી, તો તેણે સ્વીકારી લીધું. હકીકત એ હતી કે આના પાછળ ઘણા યહૂદીઓનું ષડયંત્ર કાર્યરત હતું. હુઝૂર ﷺ એ જ્યારે સામાન્ય સભામાં તેમને બોલાવીને વાત કરી, તો તેમણે પણ સ્વીકાર કર્યો. પરંતુ વાત એ બનાવી કે અમે આપને પારખવા માગતા હતા કે આપ સાચા નબી હશો તો આપના ઉપર હકીકત ખુલી જશે, નહિં તો અમને મુક્તિ મળી જશે.(૧)

ભોજનની આ સભામાં જે સહાબા સામેલ હતા, તેમાં હઝરત બર્રા બિન મા'રૂર પણ સામેલ હતા. તેમણે કોળિયો લીધો અને ઝેરની કડવાશ લાગ્યા છતાં શિષ્ટાચારના તકાદાને લઈને હુઝૂર ﷺ ની સામે ઊલટી કરવું પસંદ ન કર્યું અને કોઈપણ રીતે તેને ગળાની નીચે ઉતારી લીધો. આ જ એક કોળિયાના ઝેરથી તેમનું અવસાન થઈ ગયું.(૧)

---

૧. સીરતુન્નબી ﷺ, લે. અલ્લામા શિબ્લી, ભા-૧, પૃ. ૩૭૬, સંદર્ભ : ફત્હુલ બારી.

તબૂકથી જ્યારે હુઝૂર ﷺ પરત ફર્યા અને મુનાફિકોના હૃદય આ અભિયાનની સફળતાથી શેકાઈ રહ્યા હતા, કેમ કે આ છૂપા દુશ્મનોની આશાઓ જુદી જ હતી, તો તેમણે હુઝૂર ﷺ ને મારી નાખવાનું ઘૃણિત કાવતરું રચ્યું. આ કાવતરામાં બાર માણસો સામેલ થયા – તેમાં અબ્દુલ્લાહ બિન ઉબ્બી, સઅદ બિન અબી સરહ, અબૂ ફાતિર આ'રાબી, આમિર, અબૂ આમિર રાહિબ, જલ્લાસ બિન સુવૈદ, મુજમ્મા બિન જારિયા, મલીહ તૈમી, હસન બિન નુમૈર, તઅ્મિયા ઇબ્ને અબીરક, અબ્દુલ્લાહ બિન ઉય્યના અને મર્રાહ બિન રબીઅ હતા.

કાવતરાની આ સભામાં જલ્લાસે કહ્યું :

> ''આજે રાત્રે આપણે મુહમ્મદ (ﷺ) ને ઉકબાથી પાડીને જ રહીશું, ચાહે મુહમ્મદ (ﷺ) અને તેના સાથીઓ આપણાથી સારા હોય. પરંતુ આપણે લોકો બકરીઓ છીએ અને તેઓ આપણા ભરવાડ બની ગયા છે. આપણે જાણે બુદ્ધિ વગરના છીએ અને એ લોકો મોટા બુદ્ધિશાળી છે.''

આ જ વ્યક્તિના નામે આ કથન પણ છે :

> ''જો આ વ્યક્તિ (મુહમ્મદ ﷺ) સાચો છે તો પછી આપણે લોકો તો ગધેડાઓથી પણ ખરાબ છીએ.''[૨]

અબ્દુલ્લાહે કહ્યું હતું – ''આજની રાત જાગો તો પછી હંમેશ માટે સલામતીથી રહેશો. તમારું કોઈ કામ એના સિવાય નથી કે આ વ્યક્તિને આજે કતલ કરી નાખો.''

મર્રાએ કહ્યું હતું – ''બસ, જો આપણે આ એક વ્યક્તિને કતલ કરી નાખીએ તો સૌને સંતોષ થઈ જશે.''

તેમાંથી હસન બિન નુમૈરનું એક કૃત્ય એ હતું કે તેણે સદકા (દાન)નો માલ લૂંટ્યો હતો.

તેમાંથી અબૂ આમિર દેખીતી રીતે રાહિબ (સંન્યાસી) હતો, તથા સૂફી અને દરવેશ બનીને ફરતો હતો, પરંતુ મસ્જિદે ઝિરારના ફિત્નાનો પ્રવર્તક હતો, અને ગસ્સાન અને રોમના શાસકોથી હુઝૂર ﷺ વિરુદ્ધ સાંઠગાંઠ રાખતો હતો. તેના ધાર્મિક વેશમાં ભાત-ભાતની બૂરાઈઓ નૃત્ય કરી રહી હતી.

---

૧. ઝાદુલ મિઆદ, ભા-૨, પૃ.૧૩૯-૧૪૦; શિમાઈલે તિરમિઝી, બાબ માજાઅ ફી સિફતે અદામ રસૂલુલ્લાહ ﷺ, હદીસ-૧૭, અસહુલ-યસીર, મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૨૪૬.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ.૨૭૧.

નક્કી થયું કે હુઝૂર ﷺ જ્યારે ઉકબાથી પસાર થાય, તો તેમને નીચે ફેંકી દેવામાં આવે. આ યોજના અનુસાર આ બાર ઉપદ્રવકારીઓ હુઝૂર ﷺ ની સાથે-સાથે લાગેલા રહ્યા. હુઝૂર ﷺ જ્યારે ઉકબાના નજીક પહોંચ્યા તો ફરમાવ્યું કે જે લોકો બત્ન ખીણના પહોળા માર્ગેથી જવા માગે તેઓ એ બાજુથી જઈ શકે છે. આપ ﷺ એ ઉકબાનો માર્ગ પકડ્યો. સહાબાની મોટી સંખ્યા બત્ન ખીણ તરફ ચાલી નીકળી. પરંતુ કાવતરાખોરો વિશેષરૂપે હુઝૂર ﷺ ની સાથે રહ્યા. હુઝૂર ﷺ ની નજરો આમ પણ હૃદયોના ઊંડાણમાં ઊતરીને છુપા ઇરાદાઓને વાંચી લેવાવાળી હતી અને પછી પોતાની સામે દુષ્ટતાઓ આચરતા મુનાફિકોના દ્વેષને પામી જનારા આપ ﷺ થી વધારે કોણ હશે. ઉપરાંત, અલ્લાહ તઆલાએ પરોક્ષ સંકેતથી આપ ﷺ ને આ ચાલબાજીથી માહિતગાર પણ કરી દીધા. આપ ﷺ એ બે સાથીઓને સાથે લીધા. એક હઝરત હુઝૈફા બિન યમાન ؓ હતા, બીજા અમ્માર બિન યાસર ؓ. હઝરત અમ્માર ؓ ને આદેશ આપ્યો કે તેઓ આગળ રહે અને ઊંટની લગામ પકડે તથા હઝરત હુઝૈફા ؓ ને ફરમાવ્યું કે તેઓ પાછળ-પાછળ ચાલે. જ્યારે ઉકબાનું ખાસ સ્થળ આવી ગયું તો કાવતરાખોર ટોળી દોડતી-દોડતી આવી. રાત્રિનું અંધારું પણ હતું અને તેમણે ચહેરાઓ પર બુકાનીઓ બાંધી રાખી હતી. હુઝૂર ﷺ ને અવાજ સંભળાયો, તો સાથીઓને આદેશ આપ્યો કે તેઓ આ લોકોને પાછળ ધકેલી દે. હઝરત હુઝૈફા ؓ ઝડપથી પલટ્યા. એ લોકોનું ઊંટ દેખાયું અને તેમણે પોતાનું તીરનું કામઠું તેના મોઢા પર માર્યું. એ લોકો હઝરત હુઝૈફા ؓ ને જ્યારે ઓળખી ગયા તો સમજ્યા કે રહસ્ય ખુલી ગયું છે અને પાછળ ભાગીને લોકોમાં ભળી ગયા.

હઝરત હુઝૈફા ؓ પાછા ફર્યા, તો હુઝૂર ﷺ એ આદેશ આપ્યો કે આ જગ્યાએથી ઊંટને ઝડપથી હંકારીને લઈ ચાલો. પછી હઝરત હુઝૈફા ؓ ને પૂછ્યું કે શું તમે એ લોકોને ઓળખ્યા? તેમણે કહ્યું કે ફલાણા-ફલાણાની સવારી તો ઓળખી લીધી, પણ માણસ નથી ઓળખ્યો. હુઝૂર ﷺ એ પૂછ્યું કે તમે તેમનો ઇરાદો સમજ્યો? તેમણે નકારમાં જવાબ આપ્યો. પછી હુઝૂર ﷺ એ તેમને સ્વયં સચેત કર્યા કે આ લોકો આપણને ઉકબાથી નીચે પાડી નાખવા માગતા હતા.

સવાર થઈ, તો હુઝૂર ﷺ એ દિવ્ય સંકેત અનુસાર નામજોગ એ બાર કાવતરાખોરોને બોલાવ્યા અને દરેકના મનની ભાવનાઓ અને કાવતરામાં કહેવામાં આવેલ તેમની વાતોને તેમના સામે મૂકી દીધી અને એક-પછી-એક દરેકની પાસે સ્પષ્ટતા માગી.

તેમના જવાબો ખૂબ રસદાયક રહ્યા હશે. જેમ કે - હસન બિન નુમૈર કહેવા

લાગ્યો કે, ''મને વિશ્વાસ ન હતો કે આપ ﷺ ને આની જાણકારી હશે. પરંતુ આજે ખબર પડી કે વાસ્તવમાં આપ ﷺ અલ્લાહના રસૂલ છો. આ પહેલા હું સાચો મુસલમાન ન હતો, હવે સાચા હૃદયથી ઈસ્લામ સ્વીકારું છું.''

બધાએ આ જ પ્રકારની વાતો બનાવી, બહાનાઓ રજૂ કર્યા અને કેટલાકે માફી માંગી. હુઝૂર ﷺ એ બધાને માફ કરી દીધા.[1]

ખૂબ મજબૂત રિવાયત આ બાબતે એ છે કે હુઝૂર ﷺ એ આ વ્યક્તિઓના નામ હઝરત હુઝૈફા ؓ ને છુપી રીતે બતાવી દીધા હતા અને સામાન્ય મુસલમાનોની સામે જાહેર ન કર્યા. આ ઉપરાંત, આ નામોમાંથી કેટલાક વિશે ગૌણ મતભેદ છે. વધુમાં આમાં બે-ત્રણ વ્યક્તિઓ વિશે એ ચર્ચા પણ કરવામાં આવી છે કે ઓછામાં ઓછું પછી એમના અંદર નિફાકની કોઈ નિશાની જોવા મળી નથી.

પરંતુ મૂળ ઘટના પોતાની જગ્યાએ ઐતિહાસિકરૂપે સાબિત છે અને તેનો જ ઉલ્લેખ કુર્આને وَهَمُّوا بِمَا لَمْ يَنَالُوا (એ વસ્તુનો ઈરાદો કર્યો કે જેના સુધી પહોંચી ન શક્યા. - સૂરઃ તૌબા, ૭૪) કહીને કર્યો.

માનવતાના ઉપકારક ﷺ ની આવી ઉદારતાનું કોઈ ઉદાહરણ શોધીને લાવો ઈતિહાસમાંથી, જે માનવ-જાતની સેવા માટે સખત પરિશ્રમ કરીને ક્રાંતિ આણે છે અને અમુક ઉપદ્રવકારીઓ બરાબર સંઘર્ષના સમયે તેની સિદ્ધિઓના મૂળ ઉખેડવા માટે તેની હત્યાની યોજના બનાવીને વ્યવહારુ અમલ પણ કરે છે. તેમનું રહસ્ય ખુલી પણ જાય છે અને તેઓ તેનો સ્વીકાર પણ કરી લે છે, પરંતુ માનવતાના તે ઉત્કૃષ્ટ આદર્શ આટલા મોટા અપરાધ પર પણ દરગુજરથી કામ લે છે. હુઝૂર ﷺ ને દરખાસ્ત પણ કરવામાં આવી કે, ''આપ આમાંથી પ્રત્યેક કબીલાવાળાઓને આદેશ આપો કે તેઓ પોત-પોતાના માણસોનું માથું કલમ કરીને આપ ﷺ ની સામે પ્રસ્તુત કરે.'' જવાબમાં હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે, ''હું એ પસંદ કરતો નથી કે આરબોમાં એ ચર્ચા થાય કે મુહમ્મદે (ﷺ) કેટલાક લોકોને સાથે લઈને દુશ્મનોનો સામનો કર્યો, અને પછી વર્ચસ્વ મેળવી લીધું તો પોતે પોતાના સાથીઓને કતલ કરવા લાગ્યો.''[2] હુઝૂર ﷺ નો ઈરાદો એ હતો કે ઈસ્લામી આંદોલનની મૂળ શક્તિ તેનો નૈતિક આત્મા છે. આ નૈતિક આત્માના દર્પણમાં દુર્ભાવનાનો નાનકડો પણ વાળ આવી ગયો, તો પછી તેની વિશિષ્ટ શાન યથાવત નહીં રહી શકે. તેથી પોતાના પ્રાણ માટે જોખમો પણ વહોરી લીધા તથા નીત-નવા ફિત્નાઓ (ઉપદ્રવો) અને કુચેષ્ટાઓનો સામનો કરવાનું પણ

૧. અસહુલ યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૩૭૫-૩૮૦.
૨. તફસીર ઈબ્ને કસીર, ભા-૨, પૃ. ૩૭૨.

સહન કરી લીધું. પરંતુ એ પસંદ ન કર્યું કે પરિસ્થિતિને અંકૂશ હેઠળ કરવા માટે બળજબરી અને શક્તિનો કોરડો ચલાવે અને જ્યાં કોઈ ખરાબી જુએ તેને સત્તા અને કાનૂનના બળે નિર્દયતાથી કચડી નાખે. માનવ-સમાજની વ્યવસ્થા ચલાવતી વખતે અનેક હિતો અને વિવેક-વિચારો નજર સમક્ષ હોય છે તેમજ સુધારણાના ઘણા ઉપાયો વિભિન્ન પાસાઓથી પ્રયુક્ત કરવાના હોય છે. ઇસ્લામી ક્રાંતિ સામાન્ય દુન્યવી ક્રાંતિઓથી વધારે કઠિન એટલા માટે છે કે તેના સૂક્ષ્મ નૈતિક આત્માની રક્ષા ડગલે-ને-પગલે કરવી પડતી હોય છે કે આ દર્પણમાં ક્યાંક કોઈ સામાન્ય ગેરસમજ અને કોઈ વિરોધી દુષ્પ્રચારનું ધુમ્મસ ન ચઢી આવે.

આ જ ઘટનાઓમાંથી એ પણ છે કે યહૂદીઓએ આપ ﷺ પર જાદૂનો એક હુમલો પણ કર્યો હતો. બહાદુર દુશ્મન એ હોય છે, જે સામે આવીને સામનો કરે અને જો તે જીવ લેવા માગતો હોય તો પડકાર કરીને ખુલ્લંખુલ્લા હુમલો કરે. પરંતુ યહૂદીઓમાં એટલું જોર ન હતું. તેથી તેમણે ષડયંત્રોનો રસ્તો અપનાવ્યો, જે કાયરો તથા નીચ અને હલકટ સ્વભાવના લોકોનો રસ્તો હોય છે. પરંતુ એનાથી આગળ જાદૂ-ટોણાં અને મંત્ર-તંત્રના જોરે એવા લોકો કોઈના પર હુમલો કરે છે, જેઓ કાયરતા અને નીચતામાં છેલ્લી હદથી પણ વધારે નીચલા સ્તરે પહોંચી જાય. આમ, આ લોકોએ ઈર્ષ્યાના માર્યા આ નીચ કૃત્ય પણ હુઝૂર ﷺ વિરુદ્ધ કરી નાખ્યું.

બની રઝીકનો એક વ્યક્તિ લુબૈદ બિન આસિમ યહૂદીઓનો સાથીદાર હતો અને મુનાફિક (દંભી) હતો. તેના હાથે જાદૂનો અમલ કરાવવામાં આવ્યો. એક યહૂદી છોકરો પોતાના સારા સ્વભાવને કારણે હુઝૂર ﷺ તરફ આકર્ષાયેલો હતો અને આપ ﷺ ની સેવામાં લાગેલો હતો. તેને મજબૂર કરીને કેટલાક યહૂદીઓએ હુઝૂર ﷺ ના માથાના વાળ અને કાંસકાના દાંતા મેળવ્યા અને તેના પર જાદૂનો અમલ કરીને બાર ગાંઠવાળું માદળિયું બનાવવામાં આવ્યું અને ઝરવાન નામના કૂવામાં તેને મૂકી દેવામાં આવ્યું.

હદીસોમાં ઉલ્લેખ છે કે આ જાદૂના અમલના કારણે હુઝૂર ﷺ એક વિચિત્ર પ્રકારની કેફિયત અનુભવતા. કોઈ કામ અંગે એવો વિચાર કરતા કે તે કરી નાખ્યું છે, જો કે એ કાર્ય કર્યું ન હોય. જાતીય વલણો પર પણ થોડીક અસરો હતી. અલ્લાહ તરફથી સંચેતના દ્વારા આપ ﷺ ને જાદૂના અસરની જાણ થઈ. તે માદળિયું કાઢવામાં આવ્યું અને તે પછી આપની તબિયત સામાન્ય બની ગઈ.(૧)

આ ઘટનાથી સંબંધિત એક મશહૂર ચર્ચા એ કરવામાં આવે છે કે નબી ﷺ પર જાદૂની અસર થઈ શકે છે કે નહીં. એક દૃષ્ટિકોણ એ છે કે જરા પણ અસર થઈ શકતી નથી. આ દલીલને લઈને હદીસના ઇન્કાર કરનારાઓએ હદીસોને

અવિશ્વસનીય સાબિત કરવામાં ઉપયોગ કર્યો છે. જો કે એક નબીનું માનવીય શરીર જે રીતે રોગો, ઇજાઓ અને ઝેરથી અસર લે છે, એ જ રીતે તેની માનસિક શક્તિઓ પણ દરેક પ્રકારના દૃશ્ય-અદૃશ્ય પરિબળોથી અસર લે છે. એ રીતે જોતાં, હઝરત મૂસા ﷺ પર ફિરઔનના જાદુગરોના અમલને જોઈને માનસિક અસર થઈ અને આપ ﷺ એ રસ્સીઓને સાપ માનીને ડર અનુભવ્યો. (فَأَوْجَسَ فِي نَفْسِهِ خِيفَةً مُّوسَىٰ ۝ અને મૂસા પોતાના મનમાં ડરી ગયો. - સૂરઃ તા-હા, ૬૭) જાદૂની જે અસરનો ઇન્કાર પયગંબરોના પક્ષમાં કરવામાં આવેલ છે, તે એવી અસર છે જે પયગંબરની કામગીરીમાં અડચણરૂપ બની શકે અને મન કોઈ બીજાના કાબૂમાં જતું રહે અને ઇરાદાની શક્તિની લગામ હાથમાંથી તદ્દન છૂટી જાય.[૨]

આ ચર્ચાને બાજુએ મૂકીને આ ઘટનાને માની લેવામાં કોઈ રુકાવટ નથી કે યહૂદીઓએ પોતાના તરફથી હુઝૂર ﷺ પર જાદૂનો અમલ કરવાનું પગલું ભર્યું હતું. તેમનો ગુનો પોતાની જગ્યાએ સિદ્ધ છે.

આ ઘટનાઓ જ્યારે આપણા સામે આવે છે, તો તે વખતે આપણા પર એ ચિંતાનો અર્થ સ્પષ્ટ થઈ જાય છે, જે હુઝૂર ﷺ ના પ્રાણ વિશે મદની કાળમાં ઇસ્લામી સમુદાયને રહેતી હતી. હુઝૂર ﷺ ને જો ક્યારેક રાત્રે ઘરથી નીકળવું પડતું તો સાથીઓને ખૂબ બેચેની રહેતી. તલ્હા બિન બર્રા ؓ એ આ જ પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને મૃત્યુ-શૈયા પર વસિયત કરી કે જો મારું મૃત્યુ રાત્રે થવાનું હોય તો હુઝૂર ﷺ ને જાણ કરવામાં ન આવે, કેમ કે યહૂદીઓ તરફથી જોખમ છે. અલ્લાહ ન કરે દુશ્મનોના હાથે કોઈ ઇજા પહોંચે. જો હુઝૂર ﷺ સંયોગથી નજરોથી જરા પણ ઓઝલ થઈ જતાં તો સાથીઓમાં ગભરાટ વ્યાપી જતો અને તેઓ શોધખોળમાં નીકળી પડતા.

હઝરત અબૂ હુરૈરા ؓ ની એ વિખ્યાત અને નોંધપાત્ર રિવાયત, જેમાં શહાદત 'લા-ઇલાહ ઇલ્લલ્લાહુ' ને જન્નતમાં પ્રવેશની બાંહેધરી ઠેરવવામાં આવેલ છે, તેમાં આ સ્થિતિની એક ઝલક દેખાય છે. હઝરત અબૂ હુરૈરા ؓ વર્ણવે છે :

> ''અમે લોકો રસૂલુલ્લાહ ﷺ ના ઘર બેસ્યા હતા અને અમારી આ સભામાં હઝરત અબૂબક્ર ؓ અને હઝરત ઉમર ؓ પણ સામેલ હતા. અલ્લાહના રસૂલ ﷺ અમારા વચ્ચેથી ઊભા થઈને ક્યાંક ચાલ્યા ગયા અને ખૂબ વાર લગાવી દીધી. અમને ચિંતા થઈ કે અમારા સાથે ઉપસ્થિત ન હોવાની સ્થિતિમાં આપ ﷺ ને કોઈ ઇજા ન

૧. તફસીર ઇબ્ને કસીર, ભા-૪, પૃ. ૫૭૪.
૨. તફહીમુલ કુર્આન, ભા-૨, નોંધ-૧૧૪, પૃ. ૬૪.

> પહોંચાડી દે. અમે લોકો આ વિચારથી લગભગ ગભરાઈ ગયા અને ઊભા થઈ ગયા. જેના પર સૌપ્રથમ ગભરાટ છવાયો તે હું જ હતો. તેથી હું હુઝૂર ﷺ ની શોધમાં નીકળી પડ્યો."(૧)

શોધખોળ કરતાં-કરતાં હઝરત અબૂ હુરૈરા رضي الله عنه બનૂ નજ્જારના એક અન્સારીના બગીચા સુધી જઈ પહોંચ્યા. પરિસરની દીવાલના આસપાસ ફરીને જોયું કે કોઈ બાજુ કોઈ દરવાજો છે, પરંતુ પરિસર લાંબુ હશે તથા ગભરાટ અને ઉતાવળમાં તેમને કોઈ નજીકનો માર્ગ ન મળ્યો. છેવટે તેમણે જોયું કે પાણીની એક નાળી પરિસરની દીવાલની નીચેથી પસાર થાય છે. સંકોચાઈને (તેમના પોતાના શબ્દોમાં કે હું શિયાળની જેમ સંકોચાઈને નીકળીને) નાળીના માર્ગે અંદર પહોંચ્યા. હુઝૂર ﷺ ને ત્યાં જોઈને તેમના જીવમાં જીવ આવ્યો. — તે પછી એ વાતચીત થઈ જેમાં હુઝૂર ﷺ એ મશહૂર ખુશખબર આપી.

એક ગાઢ સહાબીના આ નિવેદનને વાંચીને અનુમાન થાય છે કે યહૂદીઓ અને મુનાફિકોની નીત-નવા ખૂની કાવતરાઓના કારણે મદીનાનું વાતાવરણ કેવું રહેતું હતું અને હુઝૂર ﷺ નું જીવન કેવા જોખમોમાં ઘેરાયેલું રહેતું હતું. પરંતુ ત્યાં અલ્લાહ પર ભરોસાની સ્થિતિ એ હતી કે એક વાર આવા જ જોખમો અને આશંકાઓને જોતાં સહાબા કિરામ رضي الله عنهم એ સુરક્ષા પહેરાનો પ્રબંધ કર્યો. પરંતુ હુઝૂર ﷺ એ અલ્લાહ તઆલાના એ વચન અનુસાર કે وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ★ (અલ્લાહ તને લોકોથી સુરક્ષિત રાખશે.) એ વખતે તંબુમાંથી માથું બહાર કાઢીને ફરમાવ્યું :—

> "લોકો ! પાછા જતા રહો, મારી રક્ષાની જવાબદારી સ્વયં અલ્લાહે લઈ લીધી છે."(૨)

આ એ જ ઈમાન હતું, જે હુઝૂર ﷺ વિરુદ્ધ હત્યાનો ઇરાદો કરીને પકડાઈ જવાવાળા એક ગુનેગારની સામે પણ પ્રગટ થયું, ત્યારે આપ ﷺ એ ફરમાવ્યું :—

> "આને છોડી દો, કેમ કે જો આ મને મારી નાખવા માગતો, તો પણ તે મને મારી શકતો ન હતો."(૩)

જરા માનવતાના આ ઘડવૈયાના સ્થાનની કલ્પના કરો કે જેના આસપાસ હત્યાના ષડયંત્રો અમેરિકન વેલાની જેમ પાંગરી રહ્યા હોય અને ઉપદ્રવો ચિત્તાના શરીર પરના ગોળ ચકરડાઓની જેમ ફેલાતા હોય ! મદીનામાં કેટલાક કરોળિયા બેઠાં હતા અને દિવસ-રાત તેઓ જંગલના બહાદુર સિંહનો શિકાર કરવા માટે જાળાઓ વણતા રહેતા હતા !

---

૧. મિશ્કાત, ભાગ-૧, કિતાબુલ ઈમાન, પ્ર-૩.
★ સૂરઃ માઈદા, ૬૭
૨. તફસીર ઇબ્ને કસીર, ભા-૨, પૃ. ૭૮.
૩. તફસીર ઇબ્ને કસીર, ભા-૨, પૃ. ૭૯.

આ બાજુ મક્કાનો જ્વાળામુખી પણ રોજ-બરોજ વધારે-ને-વધારે ઉકળતો જઈ રહ્યો હતો અને તેની છાતીમાં પણ દ્વેષ અને મક્કારીનો લાવા બરાબર ઉછાળા મારી રહ્યો હતો. હિજરતથી પહેલા હુઝૂર ﷺ ની હત્યાનું જે સામૂહિક કાવતરું રચવામાં આવ્યું હતું, જો કે તેણે હવે વિધિસર સૈનિક અભિયાનનું સ્વરૂપ અપનાવી લીધું હતું, પરંતુ આ બોદા અભિયાનોની નિષ્ફળતાઓ હત્યાના ગુપ્ત ષડયંત્રોનું પ્રેરક બની રહી હતી.

બદ્રના યુદ્ધમાં હુઝૂર ﷺ ના મુઠ્ઠીભર સમૂહે પીડિત ધૈર્યની મ્યાનમાંથી સત્યની ચમકતી તલવાર કાઢીને જ્યારે પોતાનો પરચો બતાવ્યો હતો, તો અજ્ઞાનતાના સુપુત્રોને એવા ઘા વાગ્યા હતા, જેની અસહ્ય પીડાએ તેમને વર્ષો સુધી વિહ્વળ કરી રાખ્યા. કોઈ પરિવાર એવો ન હતો, જેના સારા-સારા યુવાનો અને સરદારો માર્યા ગયા ન હોય. તેમ છતાં નિઃસહાય ક્રાંતિકારી મુસલમાનોના હાથે માર ખાઈને હવે 'ઉંહકારો' કરવો પણ વધારે અપમાનનું કારણ હતું. તેથી કુરૈશે ઢંઢેરો પીટાવી દીધો કે કોઈ વ્યક્તિ બદ્રમાં માર્યા ગયેલાઓનું માતમ ન કરે. આ લડાઈમાં અસ્વદના ત્રણ પુત્રો માર્યા ગયા હતા અને તેનું કાળજું કપાઈ રહ્યું હતું, પરંતુ મોઢામાંથી એક શબ્દ પણ કાઢી શકતો ન હતો. એક દિવસે રડવાનો અવાજ સંભળાયો. નોકરને કહ્યું કે જરા જુઓ, શું રડવાની અનુમતિ મળી ગઈ છે. નોકરે તપાસ કરીને બતાવ્યું કે એક મહિલાનું ઊંટ ખોવાઈ ગયું છે. તે તેના માટે રડી રહી છે. આ માહિતીએ અસ્વદની વેદનાને ઓર વધારી દીધી અને અનાયાસ તેણે અમુક શેર આલાપ્યા, જે વિશેષ સાહિત્યિક મૂલ્ય ધરાવે છે. તેમાંથી ત્રણ શેર જુઓ : —

ابتکی اَن یَّضِلَّ لَهَا بعیر   و یمنعُها من النومِ السهُوْدُ
فلا تبکی علی بکرٍ و لکن   علی بدرٍ تقا صرت الجدُودُ
و بکّی اِن بکیت علی عقیلٍ   و بِکّی حارثًا اَسَدَ الأسُوْدُ

"તે એક ઊંટના ખોવાઈ જવા પર રડે છે અને તેને ઊંઘ નથી આવતી. ઊંટ માટે ન રડ, રડવું હોય તો બદ્રની દુર્ઘટના પર રડ, જ્યાં ભાગ્ય બગડી ગયું. રડવું હોય તો પછી અકીલ માટે રડ અને એ હારિસ માટે રડ, જે સિંહોમાંથી એક સિંહ હતો."

મક્કાના આવા શોકભર્યા વાતાવરણમાં ઉમૈર બિન વહબ અને સફવાન બિન ઉમૈયા ભેગા બેસીને માર્યા ગયેલાઓ પર રડી રહ્યા હતા. સફવાને કહ્યું, "હવે જીવવામાં મજા રહી નથી." ઉમૈર કહેવા લાગ્યો, "જો મારા માથે દેવું ન હોત અને બાળકોની ચિંતા ન હોત તો હું સવાર થઈને જતો, અને મુહમ્મદ (ﷺ) ને કતલ કરી આવતો. મારો પુત્ર પણ ત્યાં કેદમાં પડ્યો છે." સફવાને તેના બાળકો અને દેવાની

જવાબદારી લઈ લીધી, અને ઉમૈરે તરત જ ઘર આવીને તલવાર ઝેરમાં બોળી અને મદીના રવાના થઈ ગયો. ત્યાં પહોંચ્યો, તો હઝરત ઉમર ﷺ એ તેના ગુપ્ત ઇરાદાને તેના કપાળથી ભાંપી લીધો અને બોચીમાંથી પકડીને હુઝૂર ﷺ ની સામે લઈ આવ્યા. આપ ﷺ એ હઝરત ઉમર ﷺ ને કહ્યું કે આને છોડી દો. પછી નજીક બોલાવ્યો. પૂછ્યું કે શું ઇરાદાથી પાછા આવ્યા છો ? ઉમૈરે કહ્યું કે પુત્રને છોડાવવા માટે આવ્યો છું. પૂછ્યું કે આ તલવાર કેમ લટકાવી રાખી છે ? ઉમૈરે કહ્યું કે છેવટે આ તલવારો બદ્રમાં શું કામ લાગી !

હુઝૂર ﷺ એ હવે તેની છાતીમાં છુપાયેલું રહસ્ય ખોલીને તેના સામે મૂકી દીધું. ફરમાવ્યું : ''તમે અને સફવાને ઓરડામાં બેસીને મારી હત્યાનું કાવતરું રચ્યું છે. પરંતુ અલ્લાહ તમારા અને તમારા આ ઇરાદાની વચ્ચે આડ છે.''

ઉમૈરે આ સાંભળ્યું તો સ્તબ્ધ થઈ ગયો, બોલ્યો : ''અલ્લાહના સોગંદ ! આપ સાચા પયગંબર છો. મારા અને સફવાન સિવાય આ મામલાની બીજા કોઈને ખબર ન હતી.''

ઉમૈર મુસલમાન થઈને મક્કા પાછા પહોંચ્યા, અને હિંમતથી ઇસ્લામનું આમંત્રણ આપ્યું અને ખૂબ મોટી સંખ્યાને ઇસ્લામી ક્રાંતિના ધ્વજ હેઠળ લઈ આવ્યા.(1)

મક્કા-વિજય પ્રસંગે ફુઝાલા બિન ઉમૈરના મનમાં પણ બદલાની વીજળી ચમકી. મનમાં-ને-મનમાં હુઝૂર ﷺ ની હત્યાનો ઇરાદો કર્યો. હુઝૂર ﷺ બૈતુલ્લાહનો તવાફ કરી રહ્યા હતા કે ફુઝાલા અચાનક આવ્યો. નજીક આવ્યો, તો આપ ﷺ એ બોલાવ્યો, ''ફુઝાલા ! તમે છો ?'' તેણે જવાબ આપ્યો, ''હા, હે અલ્લાહના રસૂલ ﷺ ! ફુઝાલા.'' ફરમાવ્યું, ''શું વાત તમે તમારા મનમાં નક્કી કરી રાખી છે ?'' ફુઝાલાએ ગભરાઈને જવાબ આપ્યો, ''કંઈ નહીં, હું તો અલ્લાહનો ઝિક્ર (સ્મરણ) કરી રહ્યો છું.''

હુઝૂર ﷺ આ જવાબ સાંભળીને હસી પડ્યા અને શિખામણ આપી કે, ''અલ્લાહથી માફી માંગો.'' અને આમ કહેતા પોતાનો હાથ ફુઝાલાની છાતી પર મૂકી દીધો અને તેનું હૃદય ઠેકાણે આવી ગયું. ફુઝાલા ﷺ નું વર્ણન છે કે હુઝૂર ﷺ એ જ્યારે પોતાનો હાથ મારી છાતીથી હટાવી લીધો તો અલ્લાહના સર્જનોમાંથી મારા માટે હુઝૂર ﷺ થી વધીને બીજું કોઈ પ્રિય ન રહ્યું.''

ફુઝાલા ﷺ આ હૃદય-પરિવર્તનમાંથી પસાર થઈને ઘર જતા રહ્યા.(1)

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૩૦૬-૩૦૯.

મક્કાના વિજેતા — બલ્કે આરબ પ્રદેશના વિજેતા વિરુદ્ધ એક વ્યક્તિ હત્યાનો ઇરાદો કરીને આવે છે અને તેના દરબારથી નવું જીવન લઈને રવાના થાય છે. ઊંડો ઘા કરવા આવે છે અને પોતાની ઇજાઓનું મલમ લઈને જાય છે.

કુરૈશ અને યહૂદીઓ અને મુનાફિકો બધા જ પોતાની ચાલબાજીઓ ચાલતા રહ્યા, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાનું વચન પૂરું કરી દેખાડ્યું અને છેલ્લી ઘડી સુધી પોતાના બંદા અને પોતાના રસૂલ (ઈશદૂત)ની રક્ષા કરી.

આ કાવતરાઓનો એક માત્ર હેતુ કોઈ એક વ્યક્તિની હત્યા ન હતો, બલ્કે આ લોકો ઇસ્લામી આંદોલનને નેસ્ત-નાબૂદ કરવા માગતા હતા. સત્યના ઝળહળતા આ પરોઢને મોતને ઘાટ ઉતારવા માગતા હતા, જેના તેજસ્વી પાલવની નીચે અંધકાર માટે કોઈ સ્થાન ન હતું. આ લોકો નવપલ્લવિત વ્યવસ્થાનું ગળું રૂંધવા માગતા હતા, જેણે સદીઓના ઘવાયેલા પીડિત વર્ગોને પહેલી વાર જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ઇજ્જત-આબરૂથી સંપન્ન કર્યા હતા.

ઘોર વિશ્વાસઘાત

ઉપર અમે મદીનાની ઇસ્લામ-દુશ્મન શક્તિઓની જે કુચેષ્ટાઓનો ઉલ્લેખ કર્યો છે, તે નૈતિક અને કાનૂની રીતે સંગીન અપરાધોની વ્યાખ્યામાં આવે છે અને જો તેના પર કઠોર કાર્યવાહી કરવામાં આવતી, તો તે તદ્દન દીન (ધર્મ) અને રાજનીતિના ન્યાયના ઉત્તમ સિદ્ધાંતો અનુસાર હોત. પરંતુ હુઝૂરે પાક ﷺ એ ખૂબ જ ઠંડું અને ધૈર્યપૂર્ણ વલણ દાખવ્યું. જે આંદોલનની સામે મૂળ ઉદ્દેશ્ય માનવતાની નૈતિક સુધારણા અને નવનિર્માણ હોય, તે સત્તાની તલવાર અને કાનૂનના ડંડા પર આધાર રાખીને આગળ વધી શકતું નથી. લોકો ગમે તેટલા નિમ્ન સ્તરે ઊતરી જાય, તે માનવ-પ્રકૃતિથી નિરાશ થઈ જવાને પોતાનું આરંભબિંદુ નથી બનાવતું, બલ્કે લાંબી આશાઓ બાંધીને આગળ વધે છે. તેની મૂળ શક્તિ શિક્ષણ-પ્રશિક્ષણ અને સમજણ હોય છે, ન કે દંડ અને સજા. સત્તા અને કાનૂનની શક્તિનો એક ઉચિત સીમા સુધી ઉપયોગ કર્યા વગર તો કોઈ રાજ્ય વ્યવસ્થા પોતાનું અસ્તિત્વ જ ટકાવી શકતું નથી. પરંતુ મનુષ્યોના હૃદય અને ચરિત્રમાં પરિવર્તનનું કામ તલવારો અને કોરડાઓથી ક્યારેય થતું નથી, બલ્કે બૌદ્ધિક દલીલ અને નૈતિક અપીલથી થાય છે. આ માર્ગમાં ગુસ્સાને બદલે સહનશીલતા અને બદલાને બદલે ધૈર્યની વધારે આવશ્યકતા હોય છે. માનવતાના મહાન ઉપકારક ﷺ એ ઇતિહાસના વાતાવરણને સદાચરણથી પ્રજવલિત કરવા ચાહ્યું, અને વિરોધીઓના અત્યાચારો અને ઉપદ્રવો પર અદ્ભુત

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૪, પૃ. ૩૮.

ધૈર્ય દાખવ્યું. આવી ઉદારતા અને આટલી હદે દરગુજર કરવાનું ઉદાહરણ ઇતિહાસમાં નથી મળતું કે કેટલાક લોકો હુઝૂર ﷺ ની વર્ષોની કમાણીને ઉપદ્રવોના ઝઘડાઓમાં ઊડાવી દેવા માગે છે, વ્યવસ્થા અને કાનૂનને નિલંબિત કરવાની કોશિશો કરે છે, હત્યાના કાવતરાઓ રચે છે, નીચ પ્રકારની રીતોથી પરેશાન કરે છે અને બીજી બાજુ સમગ્ર દુનિયામાં પોતાના આદર્શ પ્રમાણેના પહેલા નવોદિત રાજ્યનો એ વડો બૂરાઈ અને બગાડની આ આંધીઓના ઘેરામાંથી ખૂબ ગૌરવપૂર્ણ અને શાંતિથી – બલ્કે મોજાઓ અને મગરોને ઉપહાસરૂપે દાદ આપતો – નાનકડી હિચકોલા ખાતી નૌકાને બહાર કાઢીને લઈ જઈ રહ્યો છે !

પરંતુ વિરોધી શક્તિઓએ પણ અપરાધ અને કુચેષ્ટાઓની અંતિમ હદને સ્પર્શ કર્યા વગર ચેન ન લીધું. તેમણે એક વાર નહીં, વારંવાર રાજ્યદ્રોહ સુધીના વિશ્વાસઘાત - High Treason - ના ખુલ્લંખુલ્લા પગલાઓ ભર્યા અને એ વાતની કોઈ પરવા ન કરી કે તેઓ એક બંધારણીય કરારનો પટ્ટો પોતાના ગળામાં નાખીને જે રાજ્યના નાગરિક બન્યા છે તેની વફાદારી દીન અને રાજનીતિ બંનેના તકાદા અનુસાર તેમના પર આવશ્યક બની ચૂકી છે. વિશ્વાસઘાતના આ ખુલ્લંખુલ્લા કાર્યો એવા છે જેની સજા, આજથી પહેલા અને આજે કે જ્યારે લોકશાહીના ઊંચા-ઊંચા દાવાઓથી વાતાવરણ ગૂંજી રહ્યું છે, નાગરિકત્વ છીનવી લેવા અને મૃત્યુ-દંડથી ઓછી રાખવામાં નથી આવી; પરંતુ તે જે સભ્યતાનું ભાગ્ય બદલવા આવ્યો હતો, તેણે આટલા મોટા અને ઘાતક અપરાધોની સરખામણીમાં પણ અત્યંત સહનશીલતા દાખવી અને છેલ્લી ઘડી સુધી એ કોશિશ ચાલુ રાખી કે વિરોધી-શક્તિની સૌજન્ય-શીલતાની ભાવના જાગૃત થાય, તેની વિચારવાની શક્તિ જાગી ઊઠે, તે તર્ક તરફ વળી જાય અને એક વાર, બીજી વાર, ત્રીજી વાર સુધરી જાય, પરંતુ જે લોકો વિકૃત માર્ગ પર ચાલી નીકળ્યા હતા તેમની આંખો નિરાશા અને નિષ્ફળતાની ગર્તામાં પડતાં પહેલાં પણ ન ખુલી શકી – ઇલ્લા માશા-અલ્લાહ !

ઘોર વિશ્વાસઘાતની પ્રવૃત્તિઓના કેટલાક સ્પષ્ટ દાખલાઓ અમે અહીં પ્રસ્તુત કરી રહ્યા છીએ, જેનાથી અંદાજ આવી શકશે કે સચ્ચાઈ અને નેકીની વ્યવસ્થા સ્થાપિત કરવાવાળાઓને કેવા કાંટાળા માર્ગોમાંથી પસાર થવું પડ્યું છે :

એ વાત સ્પષ્ટ છે કે બીજી 'બૈતે-ઉકબા'ની સભામાં સચ્ચાઈ અને નિષ્ઠાથી છલોછલ જે વ્યક્તિઓએ સાચા રસૂલ ﷺ ના હાથમાં હાથ આપ્યો હતો, એ સમજણ સાથે આપ્યો હતો કે હુઝૂર ﷺ મદીના જવા અને ત્યાં ઇસ્લામી આંદોલનનું કેન્દ્ર બનવાનો અર્થ 'યુદ્ધ' છે, આ ઘટના કુરૈશ માટે ઘણા કારણોથી ખૂબ ભારે પડકાર

હશે અને તેઓ ઊંડી ભાવનાઓના ઉશ્કેરાટમાં આવીને તલવારો મ્યાનમાંથી કાઢી લેશે. આ કારણસર હકીકત સ્પષ્ટ હતી કે હુઝૂર ﷺ ના પ્રાણ, આપ ﷺ એ સ્થાપેલા સમુદાયનું અસ્તિત્વ અને આંદોલનના બીજા કેન્દ્રની સુરક્ષા અલ્લાહના સમર્થન હેઠળ બધી રીતે મદીનાવાસીઓના સહયોગ પર આધારિત હતું. આ હેતુસર અન્સારના પ્રતિનિધિઓ અને સક્રિય નવયુવાનોથી હુઝૂર ﷺ એ બૈત લીધી, અને આ આશયથી યહૂદી કબીલાઓથી હિજરતના પહેલા જ વર્ષે સંધિઓ કરી લીધી. અન્સારે તો પોતાની 'બૈત'નો સર્વાંગીરૂપે છેલ્લી ઘડી સુધી હક્ક અદા કરી દીધો. પરંતુ અલ્લાહના ગ્રંથના અમાનતદારો અને પયગંબરોના વારસોએ (અર્થાત્ યહૂદીઓએ) તેમજ તેમના શ્રદ્ધાળુઓએ પોતે કરેલ સંધિઓને વારંવાર પોતે જ તોડી નાખી.

સૌથી પહેલી અને સ્પષ્ટ વિશ્વાસઘાતની ઘટના એ છે કે મક્કાના કુરૈશે અબ્દુલ્લાહ બિન ઉબ્બીને સૌથી વધારે કામનો માણસ સમજીને એક ગુપ્ત પત્ર દ્વારા મદીનાના ઉપદ્રવીઓ અને કમજોર તત્ત્વોને પોતાના પ્રભાવમાં લેવા માટે એક ધમકીભર્યો સંદેશો મોકલ્યો. લખ્યું કે :–

"તમે લોકોએ અમારા માણસ (અર્થાત્ મુહમ્મદ ﷺ)ને પોતાના ત્યાં શરણ આપ્યું છે અને અમે ખુદાના સોગંદ ખાઈને કહીએ છીએ કે કાં તો તમે તેને મારી નાખો અથવા મદીનામાંથી કાઢી મૂકો, નહિં તો અમે બધા મળીને તમારા વિરુદ્ધ ચઢાઈ કરીશું અને તમને કતલ કરી નાખીશું અને તમારી સ્ત્રીઓને અમારા માટે ભોગવિલાસનું સાધન બનાવી લઈશું."(૧)

અબ્દુલ્લાહ બિન ઉબ્બી જો ઈમાનદાર અને સજ્જન નાગરિક હોત, તો તરત જ તે આ પત્રને હુઝૂર ﷺ સુધી પહોંચાડતો અને તે દિલથી એમ ઇચ્છતો કે કુરૈશની ધમકીની સામે આખા મદીનાના સ્વાભિમાનની ભાવનાઓને એક હરોળમાં સંગઠિત કરી દેવામાં આવે. પરંતુ વિશ્વાસઘાત તો તેના આત્મામાં ઓતપ્રોત થઈ ગયો હતો. તે પોતાના સત્તાથી વંચિત થવાનો બદલો લેવા માટે તૈયાર થઈ ગયો કે કુરૈશની ઇચ્છાને પૂરી કરવામાં આવે. તેને અંદાજ હતો કે ઇસ્લામી આંદોલનની સરખામણીએ મદીનાવાસીઓમાં ભાંગફોડિયા લોકોની સંખ્યા વધારે છે. પરંતુ આ રહસ્ય ખૂબ જલ્દી ખુલી ગયું અને હુઝૂર ﷺ ને ખબર પડી ગઈ. પોતે જ અબ્દુલ્લાહ બિન ઉબ્બીની પાસે ગયા અને તેને સમજાવ્યો કે તમારા પોતાના પુત્રો, ભત્રીજાઓ અને ભાણિયાઓ ભરપૂર યુવા-શક્તિની સાથે સત્ય-દીનના વાહક હોવાનું કર્તવ્ય નિભાવી રહ્યા છે અને જો કોઈ ખરાબ પરિસ્થિતિ સર્જાઈ જશે તો તમે જોશો કે

૧. સુનન અબૂ દાઊદ, બાબ ખબરુન્-નઝીર.

તમારા પોતાના જ સંતાનો તમારા સામે ઊભા હશે. તમારે તમારા પોતાના બાળકો સાથે જ લડવું પડશે. અબ્દુલ્લાહ બિન ઉબ્બીની સમજમાં આ વાત આવી ગઈ અને તેણે પોતાની યોજના પડતી મૂકી. સ્પષ્ટ રહે કે બદ્રના યુદ્ધ પછી કુરૈશે ફરી આવો જ એક પત્ર અબ્દુલ્લાહ બિન ઉબ્બીને મોકલ્યો હતો.

આ ઉપદ્રવીએ એક ખૂબ જ સંવેદનશીલ પ્રસંગે ભારે વિશ્વાસઘાતનું કાર્ય કર્યું કે બનૂ નઝીરના વારંવારના વચન-ભંગ અને ભાંગફોડની પ્રવૃત્તિઓ પર ઇસ્લામી રાજય તરફથી તેમને દસ દિવસમાં મદીનાની સરહદથી નીકળી જવાનો આદેશ આપવામાં આવ્યો અને તેઓ તેના માટે તૈયારી પણ કરવા લાગ્યા, તો અબ્દુલ્લાહ બિન ઉબ્બીએ તેમને કહેવડાવ્યું કે સાવધાન ! આ આદેશનું પાલન ન કરજો અને પોતાની વસ્તીને ન છોડજો. અમે બે હજાર માણસોની કુમક લઈને આવી રહ્યા છીએ. વધુમાં એ આશા પણ અપાવી કે એક તરફ બનૂ કુરૈઝા તમારી મદદ કરશે અને બીજી તરફ બનૂ ગતફાન તમારા સાથી છે. તેથી બનૂ નઝીરે હુઝૂર ﷺ ને કહેવડાવી દીધું કે અમે અહીંથી જઈશું નહીં. આપને જે મરજીમાં આવે એ કરો. છેવટે ઇસ્લામી રાજયને પોતાના આદેશનું પાલન કરાવડાવવા સૈનિક કાર્યવાહી કરવી પડી.[૧]

ઉપરાંત, આ જ વ્યક્તિએ ઉહદના યુદ્ધના અત્યંત ગંભીર અને નિર્ણાયક અવસરે એ ઉપદ્રવ કર્યો કે જયારે ઇસ્લામી સૈન્ય મદીનાથી નીકળીને 'શૂત' નામના સ્થળે પહોંચ્યું, તો આ વ્યક્તિ ત્રણસો મુનાફિકોને લઈને મદીના પાછો ફરી ગયો. આ કૃત્ય ઇસ્લામી સૈન્યની પીઠમાં ખંજર ભોંકવા સમાન હતું. કહેતો હતો કે જયારે અમારી વાત પર અમલ કરવામાં આવતો નથી અને અધિકારો બીજાઓના હાથમાં છે, તો અમે અમારા ગળા શા માટે કપાવડાવીએ ! વાસ્તવમાં અબ્દુલ્લાહ બિન ઉબ્બીનો મત એ હતો કે મદીનાથી બહાર નીકળવામાં ન આવે.[૨]

દ્રોહપૂર્ણ સાંઠગાંઠની રીતે બીજો કુખ્યાત માણસ અબૂ આમિર હતો. અમે 'મસ્જિદે ઝિરાર'ના સંદર્ભમાં તેનો પરિચય કરાવી ચૂક્યા છીએ. આ ઉપદ્રવીએ બદ્રના યુદ્ધ પછી નબી અકરમ ﷺ ના વિજયથી બળીને મક્કાનો પ્રવાસ કર્યો અને અબૂ સુફિયાનને મળીને કુરૈશ સરદારોને બદલો લેવા માટે ઉશ્કેર્યા. ઉહદના યુદ્ધની આગને ભડકાવવામાં આનો પણ હાથ હતો. આ પોતે પણ કુરૈશી લશ્કરની સાથે રણભૂમિમાં એ ભ્રમમાં ઉતર્યો કે મારા કહેવાથી ઔસ કબીલાના લોકો ઇસ્લામનો

---

૧. અસ્હુલ યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૧૧૭.

૨. અસ્હુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ.૧૪૬; સીરતુન્નબી ﷺ, લે. શિબ્લી નો'માની, ભા-૧, પૃ. ૩૪૩.

સાથ છોડીને કુરૈશની તરફ આવી જશે. તેણે યુદ્ધ-મેદાનમાં ઔસવાળાઓને પોકાર્યા, પરંતુ તેને એવો જવાબ મળ્યો કે મગજ ઠેકાણે આવી ગયું. બીજા બધા તો ઠીક, તેના પોતાના પુત્ર હઝરત હન્ઝલા ؓ અત્યંત નિષ્ઠા અને સમર્પણની ભાવના સાથે સરવરે આલમ ﷺ ના આદેશ અનુસાર માથે કફન બાંધી ઊભા હતા. ઉપરાંત, આ વ્યક્તિ ઉહદના યુદ્ધ પછી રોમના હિરકલની પહોંચ્યો, જેથી ત્યાંથી સૈન્યનો હુમલો કરાવે. આ બાજુ મુનાફિકોને સાથે-સાથે ભરોસો અપાવવામાં આવ્યો કે તમે તૈયાર રહેજો, હું કુમક લઈને આવી રહ્યો છું. આ વ્યક્તિનું એક મોટું કૃત્ય એ પણ છે કે તેણે 'હુનૈન' નામના સ્થળ નજીક હુઝૂર ﷺ ને ઈજા પહોંચાડવા ખાડાઓ ખોદાવ્યા, અને આપ ﷺ એક ખાડામાં પડ્યા, જેનાથી ઘણી ઈજાઓ થઈ.(૧)

દ્રોહપૂર્ણ પ્રવૃત્તિઓનો ત્રીજો મોટો નેતા કઅબ બિન અશરફ હતો, અને આનો ઉલ્લેખ પણ અગાઉ અમે કરી ચૂક્યા છીએ. આ વ્યક્તિએ એક તરફ મદીનામાં ભથ્થા બાંધીને ભાડૂતી ખાંધિયાઓ નક્કી કરી રાખ્યા હતા, અને બીજી તરફ આ વ્યક્તિ મક્કાવાસીઓને મદીના પર ચઢાઈ કરવા માટે ઉશ્કેરતો રહેતો હતો. આ હેતુસર તેણે પોતાના પ્રભાવ, પોતાની શાયરીની કળા અને પોતાની દોલતનો ખૂબ ઉપયોગ કર્યો. તેના પ્રોત્સાહનથી અબૂ સુફિયાન અને બીજા લોકોએ કાબાના ગિલાફને પકડીને બદ્રનો બદલો લેવાના શપથ લીધી.

આવા કાવતરાવાળા વાતાવરણે ઇસ્લામી સમુદાયને વિશેષ સુરક્ષાત્મક પ્રબંધ કરવા માટે વિવશ કર્યો. હુઝૂર ﷺ રાત્રે જાગ્યા કરતા હતા અને પોતાના સાથીઓને વારફરતે પહેરા પર નિયુક્ત કરતા. આ જ ગાળાનો પ્રસંગ છે કે એક વાર આપ ﷺ એ સામાન્ય સભામાં ફરમાવ્યું, ''આજે કોઈ સારો માણસ પહેરો ભરે.'' આ ઇશારો જોઈને સઅદ બિન અબી વક્કાસ ؓ એ હથિયારો સજ્યા અને રાતભર પહેરો ભર્યો. સ્થિતિ એ હતી કે સહાબા ؓ સવાર સુધી હથિયાર સજીને ઊંઘતા હતા અને સંભવતઃ આ જ એ ગાળો છે, જેનાથી હુઝૂર ﷺ ના આ ઇરશાદનો સંબંધ છે :

رِبَاطُ يَوْمٍ فِي سَبِيلِ اللهِ خَيْرٌ مِنَ الدُّنْيَا وَمَا فِيهَا۔

''અલ્લાહના માર્ગમાં એક દિવસ પહેરો ભરવો દુનિયા અને તેમાંની તમામ વસ્તુઓની તુલનામાં શ્રેષ્ઠ છે.''(૨)

رِبَاطُ يَوْمٍ وَلَيْلَةٍ خَيْرٌ مِنْ صِيَامِ شَهْرٍ وَقِيَامِهِ...

''(અલ્લાહના માર્ગમાં) એક દિવસ-રાતનો પહેરો ભરવો આખા

૧. તફસીર ઇબ્ને કસીર, ભા-૨, પૃ. ૩૮૭-૩૮૮.   ૨. રિયાઝુસ્સાલિહીન, કિતાબુલ જિહાદ, પૃ. ૩.

મહિનાના (નફ્લ) રોઝાઓ અને રાત્રિભર નમાઝમાં ઊભા રહેવા કરતાં ઉત્તમ છે."(૧)

આ સેવા વિશે આપ ﷺ એ ફરમાવ્યું કે આનો અજ્ર (ઇનામ) કયામત સુધી વધતો રહે છે અને આ કબ્રની યાતનાથી મુક્તિનું માધ્યમ છે.(૨)

વધુમાં, આ કાવતરાઓના પ્રભાવથી અચાનક હુમલાની આશંકાઓથી હુઝૂર ﷺ એ પોતાના પ્રદેશની અંતિમ સરહદો સુધી (જેમાં ધીમે-ધીમે વિસ્તરણ થતું રહ્યું) રાત્રિ-ગશતનો પ્રબંધ કરી દીધો હતો, જેથી દુશ્મનને જાણ રહે કે ઇસ્લામી રાજ્ય ઊંઘી નથી રહ્યું, બલ્કે સાવધાન છે.

મદીનાની 'પાંચમી કતાર' માટે ઇસ્લામી આંદોલનની પીઠમાં ખંજર ભોંકવાનો સૌથી સારો અવસર જિહાદની લડાઈઓના ગાળામાં ઊભો થતો હતો. આમ તો મદીનામાં નબી અકરમ ﷺ એ દસ વર્ષનો જે ગાળો પસાર કર્યો છે, તેનો મોટાભાગનો હિસ્સો એવો છે કે ગંભીર અને કટોકટીની પરિસ્થિતિ (State of Emergency) છવાયેલી રહી, પરંતુ સત્ય અને અસત્યની પરસ્પર ટક્કર જ્યારે-જ્યારે પણ (થોડા-થોડા સમયના અંતરે વારંવાર આવું થતું રહ્યું) પ્રચલિત અર્થમાં યુદ્ધનું સ્વરૂપ ધારણ કરતી, યહૂદીઓ અને મુનાફિકો દ્રોહપૂર્ણ કૃત્યો આચરવામાં લાગી જતા. ઇસ્લામી રાજ્યના રક્ષકો માટે કેવી સંગીન પરિસ્થિતિ ઊભી થઈ જતી હશે, જ્યારે એક તરફ સખત આર્થિક મુશ્કેલીઓ અને બીજી તરફ ઘમાસાણ લડાઈઓ તેમને પોતાના ઘેરામાં લઈ લેતી હોય અને ત્રીજી તરફ પોતાના અંદરના આસ્તીનના સાપ ડંખ મારી રહ્યા હોય !

ઉહદની ઘટના અમે ઉપર વર્ણવી જ ચૂક્યા છીએ કે ઇસ્લામી લશ્કર યુદ્ધ-ભૂમિ તરફ કૂચ કરી રહ્યું છે અને રસ્તામાં પ્રપંચોનો પ્રવર્તક અબ્દુલ્લાહ બિન ઉબ્બીં ત્રણસો માણસોને અલગ કરીને પાછા લઈ જાય છે. જો હુઝૂર ﷺ અને આપના સમર્પિત સાથીઓની જગ્યાએ કોઈ દુન્યવી શક્તિ આ પરિસ્થિતિનો સામનો કરતી કે ત્રણ હજાર દુશ્મનોનો મુકાબલા માટે જવાવાળા કુલ એક હજાર જેટલા તો સૈનિકો હોય અને તેમાંથી ત્રણસો માણસો એકાએક અલગ થઈ જાય અને બાકીના સાતસોમાં પણ અમુક વ્યક્તિઓ કુચેષ્ટાઓ માટે હળેલા-મળેલા રહી જાય, તો કદાચ ત્યાં જ દિલ તૂટી જતા અને હિંમતો જવાબ આપી જતી, અને વાસ્તવમાં બનૂ સલમા અને બનૂ હારસા હતોત્સાહ થઈને પાછા ફરવાનું વિચારી રહ્યા હતા, પરંતુ સહાબા رضي الله عنهم દ્વારા હિંમત બંધાવવાથી રોકાઈ ગયા. પરંતુ અલ્લાહ પર ઈમાન, રૂહ અને સચ્ચાઈની શ્રેષ્ઠતાનો વિશ્વાસ, નૈતિક શક્તિની સફળતાની ધારણા તેમજ અલ્લાહની

૧. રિયાઝુસ્સાલિહીન, કિતાબુલ જિહાદ, પૃ. ૩.
૨. રિયાઝુસ્સાલિહીન, કિતાબુલ જિહાદ, પૃ. ૩.

મદદ પર ભરોસો ઇસ્લામના ધ્વજવાહકોની અસલ મૂડી હતી. તેમના ઇરાદાઓમાં જરા પણ હતાશા ન આવી, અને તેઓ એ જ નિર્ધારની સાથે ઉહદની યુદ્ધ-ભૂમિ તરફ આગળ વધતા ચાલ્યા ગયા. પછી જ્યારે ઉહદની રણ-ભૂમિમાં કઠિન સમય આવ્યો, અને નબી અકરમ ﷺ ના શહીદ થઈ જવાની અફવા ઊડી, તો મુનાફિકોએ એ ભલામણ માટે સહમતિ પેદા કરવાની કોશિશ કરી કે અબ્દુલ્લાહ બિન ઉબ્બીને વિનંતી અને આજીજી કરીને તૈયાર કરવામાં આવે કે તે અબૂ સુફિયાનથી સુરક્ષા અને શરણ મેળવી આપે. વધુમાં આ પ્રસંગે મુસલમાનોને અલ્લાહ તઆલાએ તેમની નબળાઈઓ પર પકડ કરવા માટે એક પ્રકારનો જે પરાજય આપ્યો હતો, તેના વિશે આ લોકોએ એમ કહેવાનું શરૂ કર્યું કે મુહમ્મદ (ﷺ) જો નબી હોત તો શા માટે પરાજિત થતા? આ તો દુનિયાના શાસકો જેવો મામલો થયો કે ક્યારેક જીતી ગયા, ક્યારેક હારી ગયા ![1] આ દુષ્પ્રચારના પરિણામે મુસલમાનોમાં શંકાઓ પેદા થઈ ગઈ. કેટલાક લોકો એ રીતે વિચારવા લાગ્યા કે અમે જ્યારે અલ્લાહના માર્ગમાં લડવા ગયા હતા અને અલ્લાહના પયગંબર અમારું નેતૃત્વ કરી રહ્યા હતા, તો પછી અમારી હાર કેમ થઈ? આનો જવાબ આપતાં કુર્આને કહ્યું કે, هُوَ مِنْ عِنْدِ أَنْفُسِكُمْ (આ મુસીબત તમારી પોતાની જ લાવેલી છે, અર્થાત્ તમારી કેટલીક નબળાઈઓ રંગ લાવી છે. - સૂરઃ આલે ઇમરાન, ૧૬૫)

અને, પછી કોઈ યુદ્ધ એવું નથી હોતું, જેના પહેલા, જેના વચ્ચે અને જેના અંતે આ 'છુપા રુસ્તમો'એ વિશ્વાસઘાતના લક્ષણો દેખાડ્યા ન હોય ! જ્યાં વ્યવહારૂ રૂપે કોઈ કામ તેમનાથી થઈ શક્યું નહીં, ત્યાં જીભની કાતરો ચલાવી-ચલાવીને ઇસ્લામી આંદોલનની નસો કાપવાની અને મદીનાના રાજ્યના હૃદયને છેદવાની કોશિશ અવશ્ય કરવામાં આવી. લોકોની હિંમત તોડી નાખવી, તેમને ભયભીત કરી નાખવા, હુઝૂર ﷺ સાથે છેતરપિંડી કરવાનો પાઠ ભણાવવો, ઇન્ફાક (અલ્લાહના માર્ગમાં ખર્ચ)થી રોકવા, ઇસ્લામી લશ્કરની મજાક ઉડાવવી, નબી અકરમ ﷺ ના નેતૃત્વ પર વાંધાઓ ઉઠાવવા, ટૂંકમાં કોઈ પાસાથી કોઈ કસર બાકી ન રાખી.

અલબત્ત, આ પાંચમી કતારે સૌથી વધારે પોતાના લક્ષણો અહઝાબ (ખંદક)ના યુદ્ધના પ્રસંગે બતાવ્યા. બદ્રના પ્રથમ યુદ્ધમાં કુરૈશની શક્તિને કારમો ઘા વાગી ચૂક્યો હતો. તેનો બદલો લેવા માટે તેમણે ખૂબ તૈયારીઓની સાથે લશ્કરી હુમલો કર્યો અને ઉહદમાં મુકાબલો થયો. પરંતુ તેઓ સંપૂર્ણ બાજી જીત્યા વગર જ પાછા

૧. તફહીમુલ કુર્આન, લે. સૈયદ અબૂલઆ'લા મૌદૂદી, ભા-૧, સૂરઃ આલે ઇમરાનના વિવરણની નોંધો, ગઝવએ ઉહદના સંદર્ભમાં.

વળવા મજબૂર થઈ ગયા. હિ. ૫ માં તેઓ પોતાની અને પોતાના તમામ ટેકેદારોની અને મદીનાના કાવતરાખોરોની શક્તિઓને એકઠી કરીને અને જુદા-જુદા કબીલાઓને ઉશ્કેરી-ઉશ્કેરીને લાવ્યા; અર્થાત્, દરેક બાજુથી લશ્કરો (અહઝાબ)એ આવીને મુસલમાનોને ઘેરી લીધા ! આ ખૂબ જ નિર્ણાયક લડાઈ હતી અને તેના પછી કુરૈશ અને બીજા ઇસ્લામ-દુશ્મનોનું જોર તૂટી ગયું અને મુસલમાનોએ સુરક્ષાત્મક નીતિને ત્યજીને દુશ્મનોનું માથું કચડી નાખવા માટે આક્રમક નીતિ અપનાવી. અહઝાબના યુદ્ધના અંતિમ દિવસે જ વાસ્તવમાં મક્કા-વિજયના દ્વાર ખુલી ગયા હતા.

આ નિર્ણાયક લડાઈની પશ્ચાદભૂમિમાં જે તત્ત્વોએ ષડયંત્રો કર્યા તેમાં અગ્રક્રમે બનૂ નઝીરના યહૂદીઓને મૂકી શકાય છે. તેમાંથી જે લોકો ખૈબરમાં જઈને વસ્યા, તેમણે પરિસ્થિતિની ચડતી-પડતી પર બરાબર નજર રાખી. જ્યારે તેમને ઉહદના યુદ્ધની જાણ થઈ કે મુસલમાનોને ખૂબ કઠિન પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો અને કુરૈશ, જો કે સંપૂર્ણ વિજયને વરી ન શક્યા, પરંતુ ઘણું જોર બતાવીને આવ્યા છે, તો તેમણે સક્રિય થઈને ઇતિહાસની ઊથલ-પાથલને ઝડપી બનાવવાનો નિર્ણય કર્યો. બનૂ નઝીરમાંથી સલામ બિન અબિ અલ-હકીક, સલામ બિન મુશ્કમ, હુય્ય બિન અખ્તબ, કિનાના બિન અલ-રબીઅ જેવા નામાંકિત સરદારો નીકળ્યા અને તેમણે બનૂ વાઈલમાંથી હવઝહ બિન કૈસ, અબૂ અમ્મારા અને કેટલાક બીજાઓને સાથે લીધા. મક્કા જઈને તેમણે કુરૈશને મદીના પર ચઢાઈ કરવાનું પ્રોત્સાહન આપ્યું અને પોતાનો ટેકો જાહેર કર્યો. પછી આ લોકો બનૂ ગતફાનના ત્યાં પહોંચ્યા અને તેમને પણ તૈયાર કર્યા. પછી બીજા છૂટા-છવાયા કબીલાઓમાં ફર્યા. કુરૈશે પણ કબીલાઓમાં પોતાના તમામ પ્રભાવનો ઉપયોગ કર્યો. એ રીતે દસ હજાર સૈનિકોએ મદીનાને ઘેરો ઘાલ્યો.(૧)

યુદ્ધ શરૂ થયું એ પહેલાં હુય્ય બિન અખ્તબે કઅબ બિન અસદથી સાંઠ-ગાંઠ કરીને બનૂ કુરૈઝાની સંધિ તોડાવી નાખી,(૨) જે નબી અકરમ ﷺ સાથે હતી. આ સમાચારને સાંભળીને મુસલમાનો ખૂબ પરેશાન થઈ ગયા અને બનૂ કુરૈઝા તરફથી હુમલાનું જોખમ ઊભું થઈ ગયું. સ્ત્રીઓ અને બાળકોની સુરક્ષા કરવા હુઝૂર ﷺ એ તાત્કાલિક ધોરણે ત્રણસો સૈનિકોની ટુકડી નિયુક્ત કરી અને આ તરફ મુનાફિકો અને નબળા-ધૈર્યહીન લોકોએ અવિશ્વાસ અને કાયરતાની વાતો ફેલાવવાની શરૂ કરી દીધી અને કેટલાક લોકો ઘરોની રક્ષાના બહાને મોરચાથી જવા લાગ્યા, ત્યાં સુધી કે મહેણાં મારવા લાગ્યા કે, 'એક તરફ તો મુહમ્મદ (ﷺ) અમને કૈસર (રોમનો

૧. અસ્સુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૧૮૬-૧૯૭; સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૨૨૯-૨૩૦.
૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૩૩૫-૩૩૬.

બાદશાહ) અને કિસરા (ઈરાનનો બાદશાહ)ની સામ્રાજ્યની ચાવીઓ મેળવવાની ખુશખબર આપે છે અને બીજી તરફ સ્થિતિ એ છે કે અમારામાંથી કોઈ વ્યક્તિ કુદરતી હાજત માટે પણ શાંતિથી જઈ શકતો નથી.(૧)

એક વાર આવું જ થયું કે બરાબર લડાઈના સમયે જ્યારે કે સ્ત્રીઓની સુરક્ષાનો યોગ્ય પ્રબંધ ન હતો, એક શંકાસ્પદ યહૂદી ચક્કર લગાવતો જોવા મળ્યો. હઝરત સફિયા ﷺ બિન્તે અબ્દુલ મુત્તલિબે એક જાડી લાકડી લીધી અને જઈને તેને મોતને ઘાટ ઉતારી દીધો.(૨)

ઇસ્લામી આંદોલનના રખેવાળો માટે સૌથી વધારે બેચેન કરી નાખે એવી પરિસ્થિતિ આ જ પ્રસંગે ઊભી થઈ.

પરંતુ, સત્યના ધ્વજવાહકો માટે અલ્લાહ તઆલાનું વિશેષ સમર્થન હતું. તેથી એક તરફ ખંદક (મોટો-લાંબો-ઊંડો ખાડો)ની નવી રક્ષાત્મક યુક્તિ, બીજી તરફ કુરૈશ અને બનૂ કુરૈઝાની સાંઠ-ગાંઠ તોડવામાં નઈમ બિન મસ્ઊદની ડહાપણભરી કામગીરી, ત્રીજી તરફ હુઝૂર ﷺ અને આપ ﷺ દ્વારા પ્રશિક્ષિત આગેવાનો અને સમગ્ર સમુદાયની મજબૂત જિહાદના જુસ્સાથી ભરપૂર ભૂમિકા અને ચોથી તરફ અલ્લાહની મરજીથી આવેલ આંધીએ એ પરિણામ દેખાડ્યું કે દુશ્મન અચાનક મેદાનથી એ રીતે વિદાય થઈ ગયો, જાણે કોઈ-કોઈ વખત અચાનક વાદળો છંટાઈ જાય છે !

પછી, એક પ્રસંગ તબૂકના યુદ્ધનો છે, જ્યારે કે મદીનાની પાંચમી કતારે પોતાની હાસ્યાસ્પદ કળાના અમુક ઉમદા નમૂનાઓ પ્રસ્તુત કર્યા. રોમનો હિરકલ હુઝૂર ﷺ ના ઇસ્લામના આમંત્રણ-પત્ર મળવાથી ગુસ્સામાં ભરાયેલો હતો. વચ્ચે કાવતરાખોરોએ પણ રોમના દરબારમાં જઈને તેને ઉશ્કેરવાની કોશિશો કરી હતી. અફવા ઊડી કે હિરકલે ચાળીસ હજારનું લશ્કર મદીના પર આક્રમણ કરવા માટે રવાના કરી દીધું છે.

પરિસ્થિતિ થોડીક વિચિત્ર હતી. દુષ્કાળનો જમાનો હતો. વૃક્ષોમાં ફળ પાકી ગયા હતા. ઋતુ એકદમ ગરમ હતી. સૈનિકોને મોટી સંખ્યામાં વધારે દૂર રવાના કરવાના હતા. પરંતુ નાણાકીય પાસુ નબળું હતું, અને સવારી, સાજ-સામાન અને ખાધા-ખોરાકીની ખૂબ અછત હતી. તેથી આને 'જૈશે ઉસરત' (ગરીબ લશ્કર)નું નામ પણ આપવામાં આવ્યું છે. મુનાફિકોએ આ હાલતને

---

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૨૨૮. ૨. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૨૪૬.

જોઈને તેમજ એ અનુમાન કરીને કે આ લડાઈમાં 'ગનીમત' (યુદ્ધ પશ્ચાતના માલ-સામાન) હાથ લાગવાની ઓછી સંભાવના છે, અસહયોગની નીતિ અપનાવી અને ખોટા બહાનાઓ ઘડીને બેસી રહ્યા. આ પાસાથી આ લડાઈને 'ગઝવએ ફાઝિહા' (અર્થાત્ મુનાફિકોની પોલ ખોલી દેનાર લડાઈ) પણ કહે છે. બહાનાઓના હાસ્યાસ્પદ સ્વરૂપનું અનુમાન તેનાથી થઈ શકશે કે જદ બિન કૈસે આવીને હુઝૂર ﷺ ને કહ્યું કે લોકો જાણે છે કે મને સ્ત્રીનું ખૂબ આકર્ષણ છે અને હું ડરું છું કે બની અલ-અસફરની સ્ત્રીઓને જોઈને ક્યાંક હું ફિત્નામાં ન પડી જાઉં ! તેથી મને બાકાત રાખો. આ લોકો પોતે તો રોકાઈ જ ગયા હતા, દરેકને કહેતા ફરતા હતા કે અલ્લાહ-અલ્લાહ કરો, પાગલ થઈ ગયા છો, આ ધોમધખતા તાપમાં તમે જિહાદ કરવા નીકળ્યા છો ! (وقالوا لا تنفروا في الحر) તેમણે એક અડ્ડો સુવૈલમ યહૂદીના મકાનમાં બનાવી રાખ્યો હતો. તેમાં આ લોકો એકઠા થતા, તો તેમને યુદ્ધમાં જવાથી રોકતા. છેવટે આ અડ્ડાનું ઘૃણિત અસ્તિત્વ જ મિટાવી દેવામાં આવ્યું.

આ બાજુ સક્રિય હસ્તી અબ્દુલ્લાહ બિન ઉબ્બીએ સનીયતુલ વિદાઅમાં ઝુબાબ તરફ યહૂદીઓ અને મુનાફિકો પર આધારિત એક અલગ લશ્કર ઉપદ્રવી કાર્યવાહીઓ માટે ગોઠવી દીધું, જેની સંખ્યા ખૂબ મોટી હતી. પરંતુ આ લશ્કર હુઝૂર ﷺ ની સાથે રવાના ન થઈ શક્યું.

ઉપરાંત, લશ્કરની રવાનગી પછી આ લોકોએ એક બીજો ઉપદ્રવ ઊભો કર્યો. હુઝૂર ﷺ એ હઝરત અલી رضي الله عنه ને એહલે બૈત (નબી ﷺ ના પરિવારજનો)ની દેખભાળ માટે અંગત નાયબ તરીકે મૂક્યા હતા. આ લોકો કહેવા લાગ્યા કે આજકાલ મુહમ્મદ (ﷺ) નું વલણ અલી (رضي الله عنه) સાથે બરાબર નથી, એટલા માટે તેમને સાથે નથી લીધા. હઝરત અલી رضي الله عنه ના સ્વાભિમાનને આ વાક્બાણે ઉભારી દીધું અને હથિયાર લગાવીને તેઓ હુઝૂરે પાક ﷺ ને જઈ મળ્યા અને મુનાફિકોની કુચેષ્ટાની વાત કરી. હુઝૂર ﷺ એ તેમને સમજાવીને પાછા મોકલ્યા કે મદીનામાં આ લોકોથી આશંકા છે.

સાથે જવાવાળા મુનાફિકો (અને થોડા-ઘણા લોકો તો ઉપદ્રવ મચાવવા માટે હંમેશા સામેલ થતા હતા)એ તબૂક પહોંચીને સત્યના સૈનિકોને એમ કહીને ડરાવવાનું શરૂ કર્યું કે બનૂ અસફરના વીર યોદ્ધાઓને તમે લોકોએ આરબો જેવા સમજી લીધા છે, કાલે તમારા સામે પોતાની ગેરસમજની સ્થિતિ ખુલી જશે, જયારે તમે બધા ગુલામ બનીને જકડેલા હશો. પૂછપરછ કરવામાં આવી, તો કહેવા લાગ્યા કે અમે

તો મજાકમાં અમુક વાતો કરી રહ્યા હતા, કોઈ ગંભીર વાત નહોતી.[1]

રોમન લશ્કર તો આવ્યું જ નહોતું. પરંતુ આ અભિયાનથી એક તરફ રોમનોને અંદાજ આવી ગયો કે મદીના સંપૂર્ણપણે સાવધાન છે અને અમારો સામનો કરવાની શક્તિ ધરાવે છે. બીજી તરફ ઈલા, જબરિયા અને દૂમતુલ-જંદલના વિસ્તારો કબજામાં આવી જવાથી બાહ્ય આક્રમણની શક્યતાઓ ઓછી થઈ ગઈ.

આ પ્રવાસમાં બે પ્રસંગોએ હુઝૂર ﷺ ઝરણાઓમાંથી અનુમતિ વગર પાણી પીવાની મનાઈ કરી દીધી હતી. પરંતુ કેટલાક મુનાફિકોએ આદેશનું ઉલ્લંઘન કરીને પોતાના હૃદયના રોગને ખોલી દીધો.

આ જ પ્રવાસમાં ઉકબા નામના સ્થળે હુઝૂર ﷺ ને મારી નાખવાનું નિષ્ફળ કાવતરું કરવામાં આવ્યું, જેનું વર્ણન અમે અગાઉ કરી ચૂક્યા છીએ.

મુનાફિકોના આટલા બધા દ્રોહ અને પ્રપંચો છતાં હુઝૂર ﷺ આ અભિયાનમાં સફળતા પ્રાપ્ત કરીને પાછા ફર્યા અને આપ ﷺ નું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. પાછા ફરતાં પાછળ બેસી રહેનારાઓએ આગળ વધી-વધીને બહાનાઓ રજૂ કર્યા અને આપ ﷺ દરગુજર કરતા રહ્યા. ત્રણ નિષ્ઠાવાન સાથીઓ - કઅબ બિન માલિક, હિલાલ બિન ઉમૈયા અને મરવા બિન રબીઅ ﷺ, જેઓ આળસના કારણે રહી ગયા હતા, તેમણે ભૂલનો સ્વીકાર કર્યો અને તેમને પચાસ દિવસ સુધી અલ્લાહના આદેશની રાહ જોવામાં સમાજથી અલગ રહેવું પડ્યું. આ પરીક્ષામાંથી આ લોકો એ ખૂબીથી પસાર થયા કે તેમણે પોતાને ઝળહળતા ચરિત્રથી સુશોભિત કરી લીધા. તેમની સાચી તૌબા (પશ્ચાતાપ) કબૂલ થઈ, પરંતુ મુનાફિકો કહેતા હતા કે, 'વિચિત્ર મૂર્ખ લોકો છે ! અમારી જેમ કોઈ બહાનું કરી દેતા ! વિનાકારણ પોતાને આફતમાં નાખી દીધા છે ! હવે ભોગવો.'

કલ્પના કરો કે ઇસ્લામી રાજ્ય અને ઇસ્લામી આંદોલનને કેવી-કેવી સંગીન પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો — અને માનવ-જાતને સફળતા અને કલ્યાણનો માર્ગ બતાવનાર હસ્તીને મૂસા ﷺ ના અનુયાયીઓ અને તેમણે પેદા કરેલ મુનાફિકોના હાથે કેવી-કેવી દ્રોહપૂર્ણ કાર્યવાહીઓનો સામનો કરવો પડ્યો.

પરંતુ, ઇસ્લામી રાજ્યનો વિસ્તાર વધતો જ ગયો. સત્યના આંદોલનના કિરણો વાતાવરણમાં ફેલાતા જ ગયા અને હઝરત મુહમ્મદ ﷺ નો સંદેશ ગૂંજતો જ ગયો. નિષ્ઠા ફૂલી-ફાલી, પરંતુ વિશ્વાસઘાતીઓના ઝાડી-ઝાંખરાઓ ફળ તો શું આપતા, તેમના મૂળ જ કપાઈ ગયા.

---

૧. અસ્હુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૩૬૧-૩૮૫.

કુરૈશની અધમ વૈમનસ્યભરી પ્રવૃત્તિઓ

મદીનાના આરંભિક કાળમાં — યુદ્ધ શરૂ થયા એ પહેલાં — ઔસ કબીલાના પ્રતિષ્ઠિત સરદાર સઅદ બિન મઆઝ ﷺ મક્કા-મુઅઝ્ઝમા ઉમરા કરવા માટે ગયા. ઉમૈયા બિન ખલફ સાથે તેમના જૂના સંબંધો હતા, તેથી તેના ત્યાં જ રોકાણ કર્યું. તેઓ ઉમૈયાને લઈને કાબાનો તવાફ કરવા લાગ્યા. સંયોગથી અબૂ જહલ પણ એ બાજુ નીકળ્યો. તેણે બૂમ પાડીને ઉમૈયાને પૂછ્યું, ''કોણ છે તમારા સાથે ?'' ઉમૈયાએ બતાવ્યું કે સઅદ છે. અબૂ જહલે ગુસ્સે થઈને કહ્યું કે તમે લોકો વિધર્મી (સાબી) લોકોને શરણ આપો છો ? પછી સઅદ ﷺ ને કહ્યું કે, ''હું એ સહન કરી શકતો નથી કે તમે લોકો કાબામાં પગ મૂકો. જો તમે ઉમૈયાની હિમાયતમાં ન હોત તો આજે જીવતા બચીને ન નીકળી શકતા.''(૧)

જુઓ રાજકીય બદલાની ભાવના ! આ ભાવના કુરૈશના એક નેતાને ત્યાં સુધી લઈ આવી કે તે અલ્લાહના ઘરના દરવાજાઓ તેના બંદાઓ માટે બંધ કરે છે અને તેમને એક ઇબાદતથી વંચિત કરવા માગે છે. જાણે કાબા પણ એ લોકોની એક જાગીર હતી અને હરમની વ્યવસ્થાને તેમણે વાસ્તવમાં પોતાની રાજકીય શક્તિનું સાધન બનાવી રાખી હતી. આમ તો હુઝૂર ﷺ અને આપના જે સાથીઓને હિજરત માટે મજબૂર કરી દેવામાં આવ્યા હતા, તેમના માટે પવિત્ર હરમના દરવાજાઓ બંધ જ હતા, પરંતુ સઅદ બિન મઆઝ ﷺ ને આ રીતે ચોખ્ખા શબ્દોમાં અટકાવીને અબૂ જહલે પોતાની ખોટી પોઝીશનને ખરાબ રીતે જાહેર કરી દીધી. અહીં સઅદ ﷺ પણ કોઈ આત્મ-સન્માન વગરના સંન્યાસી તો હતા નહીં, તેમનામાં ઇસ્લામી સ્વાભિમાનનો આત્મા કાર્યરત હતો અને તેઓ મદીનાની રાજકીય શક્તિનો અર્થ જાણતા હતા. — તેમણે ટૂંકમાં એવો જવાબ આપ્યો કે અબૂ જહલ અને કુરૈશની સામે એક મોટું જોખમ પ્રગટ થઈ ગયું. સઅદ ﷺ એ કહ્યું, ''જો તમે અમને હજ્જથી રોક્યા, તો અમે તમારો મદીનાનો (વેપારી) માર્ગ રોકી લઈશું.'' બીજા શબ્દોમાં આ કુરૈશની આર્થિક ધોરી નસને કાપી નાખવાની ધમકી હતી. આ ધમકીએ આખા મક્કાને સ્તબ્ધ કરી દીધું. પાછળથી મદીનાની નીતિ અને કાર્ય-પદ્ધતિ હઝરત સઅદ ﷺ ના આ જ કથન અનુસાર બની, અને કુરૈશ વિવશ થઈને છેલ્લી બાજી ખેલવા માટે તૈયાર થઈ ગયા.

અબૂ જહલ લાગણીના આવેશમાં બોલવા ખાતર તો બોલી ગયો, પરંતુ આ અઘટિત ધમકીથી કુરૈશના પ્રભાવને ખૂબ ધક્કો પહોંચ્યો. કુર્આને તેમની હરમની

૧. સીરતુન્નબી ﷺ, લે. શિબ્લી નો'માની, ભા-૧, પૃ. ૨૮૪; સંદર્ભ : મુસ્લિમ અને બુખારી.

આ ઠેકેદારીને, જેના બળે તેઓ અલ્લાહના બંદાઓને અલ્લાહના ઘરમાં પ્રવેશ કરવાથી રોકી રહ્યા હતા, ભરપૂર આલોચનાનું લક્ષ્ય બનાવ્યું. જુઓ : –

— ''અને તેનાથી વધારે અત્યાચારી બીજો કોણ હશે, જે અલ્લાહના ઉપાસનાગૃહોમાં તેના નામની યાદથી રોકે અને (આ રીતે) તેને વેરાન કરવામાં લાગેલો રહે.'' (સૂરઃ બકરહ, ૧૧૪)

— ''લોકો પૂછે છે કે હરામ (પ્રતિષ્ઠિત) મહિનાઓમાં લડવું કેવું છે ? કહો, એમાં લડવું ખૂબ જ ખરાબ છે, પરંતુ અલ્લાહના માર્ગથી લોકોને રોકવું અને અલ્લાહથી કુફ્ર કરવું અને મસ્જિદે-હરામનો માર્ગ ખુદાપરસ્તો (ઈશપરાયણ લોકો) માટે બંધ કરવો અને હરમના રહેવાસીઓને ત્યાંથી કાઢી મૂકવા અલ્લાહની નજીક તેનાથી પણ વધારે ખરાબ છે.'' (સૂરઃ બકરહ, ૨૧૭)

— ''પરંતુ હવે શા માટે તે (અર્થાત્ અલ્લાહ ત્આલા) તેમના પર અઝાબ (યાતના) અવતરિત ન કરે, જ્યારે કે તેઓ મસ્જિદે-હરામનો માર્ગ રોકી રહ્યા છે, જો કે તેઓ આ મસ્જિદના કાયદેસરના મુતવલ્લી (વ્યવસ્થાપક) નથી.'' (સૂરઃ અન્ફાલ, ૩૩)

અને, કુર્આનની આ વાત આખા આરબ પ્રદેશમાં ધીમે-ધીમે ફેલાતી ગઈ, અને કુરૈશની ધાર્મિક ધાકનું જોર ઓછું થતું ગયું.

સુલેહ હુદૈબિયા (ઝિલકઅ્દ, હિ.૬)ના પ્રસંગે સ્વયં કુરૈશે 'મસ્જિદે-હરામથી રોકવાનું' (صدّ عن المسجد الحرام) જરા મોટા પાયે પ્રદર્શન કર્યું. એક અલ્લાહ ત્આલાના સંકેતથી સરવરે આલમ ﷺ એ માત્ર ઉમરાના ઇરાદાથી આ પ્રવાસ કર્યો હતો. યુદ્ધની કોઈ જાહેરાત કરવામાં આવી નહોતી. સ્વૈચ્છિક રીતે લોકો ઉમરા માટે નીકળ્યા હતા. કુરબાનીના જાનવરો સાથે લેવામાં આવ્યા અને યુદ્ધની આવશ્યકતા અનુસાર શસ્ત્રો સજ્યા વગર કેવળ મામૂલી રક્ષા-હેતુથી હથિયારોની સાથે કાફલો રવાના થયો. ઝૂલ-હલીફા નામના સ્થળે પ્રચલિત નિર્ધારિત પ્રતીકો અનુસાર કુરબાનીના ઊંટોને નિશાન કરવામાં આવ્યા અને તેમનાં ગળામાં પટ્ટા નાખી દેવામાં આવ્યા. તેનાથી પહેલી નજરે જોવાવાળાને અંદાજ આવી શકતો હતો કે આ ઊંટો હરમમાં કુરબાની પ્રસ્તુત કરવા માટે લઈ જવામાં આવી રહ્યા છે. આ યુદ્ધની સવારીઓ નથી. રસ્તામાં જ બાતમીદાર – બશર બિન અલ કઅ્બી – મારફતે માહિતી મળી ગઈ કે બની કઅ્બ બિન લવી યુદ્ધની તૈયારીઓ કરી રહ્યા છે, અને કોઈપણ કિંમતે હરમમાં જવા નહીં દે. હુદૈબિયા પહોંચીને હુઝૂર ﷺ એ સંદેશો મોકલાવ્યો કે અમે

લડવા નથી આવ્યા, ઉમરા કરવા આવ્યા છીએ. બુદૈલ બિન વરકા ખુઝાઈએ સમાધાનની કોશિશ કરી. પછી ઉરવા બિન મસ્ઊદે વાતચીતને આગળ વધારી. તે પછી બની કિનાનાનો એક માણસ હુલૈસ વાતચીત કરવા માટે વચ્ચે આવ્યો. તેણે પોતાની આંખોથી જ્યારે પટ્ટાવાળા ઊંટોનું એક મોટું ટોળું ખીણમાં ચરતું-ફરતું જોયું, તો તેની આંખોમાં પાણી આવી ગયું, અને તેણે કહ્યું : ''સુબ્હાનલ્લાહ ! જરા પણ યોગ્ય નથી કે આવા લોકોને બૈતુલ્લાહમાં પ્રવેશથી રોકવામાં આવે.'' જ્યારે તેણે પોતાનો આ અભિપ્રાય કુરૈશ સામે આપ્યો, તો તેમણે એમ કહીને તેને નિરાશ કર્યો કે તમે ગામડિયા માણસ આ મામલાઓને શું જાણો ! હુલૈસને આ વાત પર ખૂબ દુઃખ થયું. તેણે કહ્યું :–

> ''હે કુરૈશ ! અમારા-તમારા વચ્ચે આવી સંધિ નથી, ન આના પર અમે મૈત્રી-સંબંધ સ્થાપિત કર્યો છે. શું ખુદાના ઘરથી એવા વ્યક્તિને રોકવામાં આવશે જે તેનું ગૌરવ વધારવા આવ્યો છે ! સોગંદ છે એ જાતના, જેના હાથમાં હુલૈસના પ્રાણ છે ! તમે મુહમ્મદ (ﷺ) ને તક આપો કે જે કંઈ તે કરવા માગે છે, કરે, નહિં તો અમે અમારા તમામ જૂથોને પાછા લઈ જઈએ છીએ.''

હુઝૂર ﷺ ની સીધી-સાદી જે સ્થિતિ હતી તે આ વ્યક્તિના હૃદયમાં ઘર કરી ગઈ હતી અને તેની વિવેક-બુદ્ધિ કામ કરવા લાગી ગઈ હતી, અને તેનો અંતરાત્મા કુરૈશની આ ઠગાઈ વિરુદ્ધ સક્રિય થઈ ગયો હતો. છેવટે તેનું મન રાખવા એમ કહીને શાંત કરી દેવામાં આવ્યો કે અમારો આશય એ છે કે યોગ્ય શરતો મનાવી લેવામાં આવે. તમે જરા ચુપ રહો. પછી શરતો એવી નક્કી કરવામાં આવી કે હુઝૂર ﷺ અને આપના સાથીઓને હિ. ૬ ના આ સૂચિત ઉમરાથી અટકાવ્યા અને કોઈ બહાનું ન કરી શકાયું તો પોતાની જીદ પૂરી કરવા માટે તેને એક વર્ષ માટે મુલતવી કરાવી દીધો.[૧]

કુર્આને આ પ્રસંગે પણ કાબાના ઇજારેદારોના નીચ ચરિત્રને એમ કહીને સ્પષ્ટ કર્યું કે :–

> ''આ એ લોકો છે, જેમણે (સત્ય-દીનના) ઇન્કારનો માર્ગ અપનાવ્યો અને તમને મસ્જિદે-હરામથી રોક્યા, અને તેમાં અડચણો નાખી કે કુરબાનીના જાનવરો પોતાના હલાલ થવાની જગ્યા સુધી પહોંચી શકે.'' (સૂરઃ ફત્હ, ૨૫)

૧. તફસીર ઇબ્ને. કસીર, ભા-૪, પૃ. ૧૯૪-૧૯૮; સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ.૩૫૫-૩૬૪; અસ્હુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, ૨૧૦-૨૧૮.

દીનના પ્રતીકો અને પરંપરાઓ — જે હઝરત ઇબ્રાહીમ ﷺ ના કાળથી સર્વ-સંમતિથી ચાલતી આવી રહી હતી — તેમાં કુરૈશના હસ્તક્ષેપે તેમની સ્થિતિ ખરાબ રીતે નબળી કરી નાખી અને તેમણે પોતાની મૂર્ખતાથી પોતાના પક્ષમાં એક વિરોધી ચર્ચા આખાય આરબ પ્રદેશમાં શરૂ કરાવી દીધી. એ વાત સામાન્ય લોકોમાં ખુલીને સામે આવી ગઈ કે કુરૈશ ખુદાતરસી (ઈશપરાયણતા), ધર્મ અને તકવા (ઈશનિષ્ઠા) તેમજ સૌજન્યશીલતા જેવા લક્ષણોને ત્યજીને માત્ર હઠાગ્રહ પર ઊતરી આવ્યા છે.

કુરૈશની બદલાની ભાવના નીચતાની હદ સુધી પહોંચી ગઈ. કદાચ આનાથી વધારે કોઈ અન્ય ઘટનાથી સ્પષ્ટ નથી થઈ શકતું કે તેમણે પોતાના દિલોને ઠંડા કરવા હુઝૂર ﷺ ની સુપુત્રીઓને તેમના પતિઓથી તલાક અપાવડાવી. આ ખૂબ ઝેરી ડંખ હતા, જે માનવતાના ઉપકારક ﷺ ના કાળજા પર મારવામાં આવ્યા.

હઝરત રુકૈયા અને હઝરત ઉમ્મે કુલસુમ (રદિ.) અબૂ લહબના બે પુત્રો ઉત્બા અને ઉતૈબા સાથે પરણાવેલી હતી. રિવાજ અનુસાર અત્યંત નજીકના ઘરમાં તેમનો આ સંબંધ અગાઉથી સ્થપાયેલો હતો. અબૂ લહબનું હળહળતું વ્યક્તિત્વ એટલું ઉચ્ચ ક્યારેય હતું જ નહીં કે તે સૈદ્ધાંતિક વિવાદને વ્યક્તિગત અને અંગત સંબંધોથી અલગ રાખી શકતો, અને નજીકના સગપણના હક્કોને મતભેદોની લપેટમાં આવવા ન દેતો. તે પોતાના દ્વેષમાં હંમેશા ઉદંડ અને પોતાના કરતૂકોની રીતે હંમેશા નીચ રહ્યો છે. તેના અધમ કૃત્યોના કારણે જ્યારે સૂરઃ લહબ અવતરિત થઈ અને આકાશોમાંથી પોકાર કરવામાં આવ્યો કે અબૂ લહબના બંને હાથ તૂટી ગયા, અર્થાત્ તે તમામ વિરોધી પ્રવૃત્તિઓથી કામ લેવા છતાં ઇસ્લામી આંદોલનનો વાળ પણ વાંકો કરી શકતો નથી અને સચ્ચાઈની તાકાત તેના હાથોને તોડીને આગળ વધી જવાની છે, તો તે ધૂંવાપૂંવા થઈ ગયો. તેણે પોતાના બંને પુત્રો પર દબાણ કર્યું કે હવે એ વાત તમારા માટે તદ્દન હરામ (અવૈધ) છે કે તમે મુહમ્મદ (ﷺ) ની સુપુત્રીઓને પોતાના ઘરમાં રાખો અને તેમને તલાક ન આપો. હઝરત રુકૈયા રદિ. પોતાના ઘરમાં હતી, ઉત્બાએ પિતાના ઇશારે તલાક આપી દીધી અને પાછળથી હઝરત ઉસ્માન રદિ. સાથે તેમના લગ્ન થયા. અબૂ લહબને ભડકાવવા અને તેના પુત્રોને આ કૃત્ય માટે તૈયાર કરવા માટે કુરૈશના બીજા સરદારોએ પણ ખાસો ભાગ ભજવ્યો. તેમણે પરસ્પર એ વાત પર વિચાર કર્યો કે મુહમ્મદ (ﷺ)ને પરેશાન કરવાનો ક્રમ થોડોક અટકી ગયો છે. કોઈ નવી ધાર તેજ કરવી જોઈએ, જેનાથી થોડાક ઘા કરી શકાય. શા માટે તેમની સુપુત્રીઓને પોતાના પતિઓથી તલાક અપાવવામાં ન આવે, જેથી એક નવી મુસીબત આ વ્યક્તિ માટે ઊભી થઈ જાય. આ સલાહ મુજબ

તેમણે ઉત્બા બિન અબી લહબની સામે પ્રસ્તાવ મૂક્યો કે કુરૈશની જે સ્ત્રી ઇચ્છશો, ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. બસ, શરત એ છે કે મુહમ્મદ (ﷺ)ની પુત્રીને પોતાનાથી અલગ કરી દો. તેથી આ અત્યાચારીએ આ પગલું ભરી નાખ્યું. ઉતૈબાએ જરા વધારે ઉદ્દંડતા દેખાડી અને હઝરત ઉમ્મે કુલસુમ رضي الله عنها ને તલાક આપીને ધમધમતો સરવરે આલમ ﷺ ની પાસે પહોંચ્યો અને ઉદ્ધતાઈથી કહેવા લાગ્યો કે, ''મેં તારા દીન (ધર્મ)નો ઇન્કાર કર્યો, અને તારી દીકરીને તલાક આપી, ન તારો મારાથી કોઈ સંબંધ છે અને ન હું તને પસંદ કરું છું.'' તેણે અત્યંત ધૃષ્ટતાપૂર્વક હાથ લંબાવ્યો અને હુઝૂર ﷺ નો કુરતો ફાડી નાખ્યો. એક નજીકના સગા દ્વારા વિદ્વેષી બાપના કહેવાથી એક તરફ એક સજ્જન મહિલાને તલાક આપીને અત્યાચાર કરવો અને બીજી બાજુ આ પ્રકારે ગુંડાઓની જેમ વર્તવું એટલી તકલીફદાયક ઘટના હતી કે અનાયાસ હુઝૂર ﷺ ના મોઢેથી એ બદ્દુઆ (શ્રાપ) નીકળી કે : ''હે અલ્લાહ ! પોતાના જંગલી પ્રાણીઓમાંથી એક જંગલી પ્રાણીને આના પર થોપી દે.'' અબૂ તાલિબે આ સાંભળ્યું તો ઉતૈબાને કહી દીધું કે, ''હવે તને મારા ભત્રીજાની બદ્દુઆથી કોઈ યુક્તિ બચાવી નહીં શકે.'' એ રીતે શામ (સીરિયા)માં એક જગ્યાએ તેણે વેપારી કાફલાની સાથે રાત્રિ-રોકાણ કર્યું અને રાત્રે એક વાઘે આખા કાફલામાંથી છાંટીને તેનું જ માથું ચાવી ખાધું.[1]

હઝરત રુકૈયા رضي الله عنها ના અવસાન પછી હુઝૂર ﷺ એ પોતાની આ બીજી સુપુત્રી ઉમ્મે કુલસુમ رضي الله عنها ના નિકાહ પણ હઝરત ઉસ્માન رضي الله عنه સાથે કરી દીધા. તેથી આપ رضي الله عنه 'ઝૂન્નુરૈન' કહેવાયા.

કુરૈશના ઉપદ્રવીઓએ જે રીતે ઉત્બા બિન અબી લહબ પર દબાણ કર્યું હતું, બરાબર એ જ રીતે તેમણે હઝરત ઝૈનબ رضي الله عنها ના પતિ હઝરત અબૂલ આસ પર પણ જોર કર્યું અને તેમના સામે પણ એ જ પ્રસ્તાવ મૂક્યો કે તમે જો મુહમ્મદ (ﷺ)ની પુત્રીને તલાક આપી દો, તો જે સૌથી શ્રેષ્ઠ સ્ત્રી પર નજર નાખશો, તમારા સાથે લગ્ન કરાવી દેવામાં આવશે. અબૂલ આસમાં સજ્જનતાનો ઉચ્ચ ગુણ હતો. તેમણે કહ્યું કે અલ્લાહ-અલ્લાહ કરો, આવું કદાપિ નથી થઈ શકતું કે હું મારી પત્નીને અલગ કરી દઉં. મને એ પસંદ નથી કે ઝૈનબ رضي الله عنها ના બદલામાં કુરૈશની બીજી કોઈ સ્ત્રી મારા ઘરમાં હોય. પાછળથી હુઝૂર ﷺ અબૂલ આસના આ મજબૂત ચરિત્રની પ્રશંસા કરતા હતા અને તેમના આ સજ્જનતાપૂર્ણ વલણનો જવાબ તેમણે બે પ્રસંગોએ ખૂબ મોટા ઉપકારના સ્વરૂપે આપ્યો. એક તે વખતે, જ્યારે તેઓ બદ્રના કેદી તરીકે આવ્યા હતા અને ફિદ્યા (અર્થ-દંડ)માં હઝરત ઝૈનબ رضي الله عنها એ મોકલેલ હાર પરત

૧. અલ-મવાહિબુદ્-દુન્યા, ભા-૧, પૃ. ૧૯૭.

કરાવ્યો, અને બીજી વખત ત્યારે કે તેમનો વેપારી માલ 'માલે ગનીમત'ના રૂપે મુસલમાનોમાં વહેંચાઈ ચૂક્યો હતો અને હુઝૂર ﷺ ના કહેવાથી તે જેમનો તેમ તેમને પાછો આપી દેવામાં આવ્યો.(1)

બદ્રના યુદ્ધ પછી જ્યારે અબૂલ આસને હુઝૂર ﷺ એ વિશેષ ઉપકાર સ્વરૂપે મુક્તિ અપાવડાવી, તો વાત-વાતમાં તેમણે વચન આપ્યું કે તેઓ હઝરત ઝૈનબ رضي الله عنها ને મદીના આવવાનો અવસર આપશે. આ વાત સામાન્ય લોકોથી છૂપી રહી. આમ, હઝરત ઝૈનબ رضي الله عنها ની રવાનગીના નિર્ધારિત સમયે બે સહાબીઓ હઝરત ઝૈદ બિન હારિસા رضي الله عنه અને એક અન્સારીને મોકલ્યા કે તમે યાજિજ (એક જગ્યાનું નામ છે, જે મક્કાથી ૮ માઈલના અંતરે હતું)ના વચ્ચે રોકાજો અને જ્યારે ઝૈનબ આવી જાય, તો સાથે લઈ આવજો. આ બાજુ અબૂલ આસે હઝરત ઝૈનબ رضي الله عنها ને તૈયાર કર્યા અને તેમણે સામાન વગેરે તૈયાર કરી લીધો. તેમનો દિયર કિનાના બિન રબીઅ વહેલી સવારે તેમને ઊંટની અંબાડીમાં બેસાડીને નીકળ્યો. કુરૈશને જાણ થઈ, તો આ મૂર્ખ-અભાગીઓએ વિચાર્યું કે મુહમ્મદ (ﷺ)ની પુત્રી આમ જ જતી રહે તો ધિક્કાર છે. કેટલાક લોકો પીછો કરવા નીકળ્યા અને ઝૂતવામાં તેમને પકડી લીધા. હિબાર બિન અસ્વદે આવેશમાં અંબાડી પર તીર ચલાવ્યું. હઝરત ઝૈનબ رضي الله عنها તે વખતે સગર્ભા હતા. તીર વાગવાથી તેઓ ગંભીર દુર્ઘટનાનો ભોગ બન્યા અને ગર્ભ પડી ગયો. પછી જ્યારે તેમના દિયરે તીર-કામઠું ઉઠાવીને તેને લલકાર્યો, તો મક્કાના આ ગુંડા-સ્વભાવના 'બહાદુરો' પીછેહઠ કરી ગયા.

થોડી જ વારમાં અબૂ સૂફિયાન પણ આવી પહોંચ્યો. તેણે દૂરથી જ હુમલાખોરોને પોકારીને કહ્યું કે વાત સાંભળતા જાઓ. તેણે કિનાના બિન રબીઅને ટોક્યો કે છેવટે આ તેં શું કર્યું કે ખુલ્લંખુલ્લા આ મહિલાને લઈને નીકળ્યા, જ્યારે કે તમે દુશ્મનીના આ વાતાવરણને જાણો છો, જે મુહમ્મદ (ﷺ)ના કારણે અમારા માથે છવાયેલ છે. આમ ધોળે દિવસે આ પ્રકારનું પગલું ભરવામાં મક્કાના લોકો અપમાન અનુભવે છે. મને મારા પ્રાણના સોગંદ ! અમને મુહમ્મદ (ﷺ)ની પુત્રીને રોકવાની કોઈ ઇચ્છા નથી. અત્યારે તેને પાછા લઈ ચાલો. કોઈ સમયે ચુપકેથી લઈ જજો.

આનાથી અનુમાન કરી શકાય છે કે મક્કાવાસીઓ હુઝૂર ﷺ ને તકલીફ સગપણનું કોઈ મૂલ્ય નહોતું રહ્યું. તેમને એક સ્ત્રી પર હાથ ઉઠાવવામાં કોઈ શરમ અનુભવાઈ નહોતી. તેમના અંદર અત્યાચારને અત્યાચાર સમજવાનું ભાન જ સમાપ્ત

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૨૯૬.

થઈ ગયું હતું અને તેમની નજરોમાં માનવતાનું કોઈ મૂલ્ય અને સહજાતિઓના કોઈ હક્કો બાકી રહ્યા નહોતા.[૧]

હવે એક બીજી ઘટના લો, જે બધી રીતે લોહીતરસી માનસિકતાને આપણા સામે ખુલ્લી કરે છે. હુઝૂર ﷺ એ સંબંધિત વિસ્તારોમાં શૈક્ષણિક પ્રતિનિધિ-મંડળો મોકલવાનો જે ક્રમ શરૂ કર્યો હતો, તે અનુસાર ઉહદના યુદ્ધના તરત જ પછી (સફર મહિનામાં) અઝ્લ અને કારા (બનૂ હુઝૈલ)ના લોકોની ઇચ્છાનુસાર – જેના પાછળ ષડયંત્ર કામ કરી રહ્યું હતું – છ માણસોનું એક પ્રતિનિધિ-મંડળ રવાના કર્યું, જેમાંથી ચારને રજીઅ (રાઝનું ઝરણું) નામના સ્થળે શહીદ કરી નાખવામાં આવ્યા અને હઝરત ખુબૈબ અને હઝરત ઝૈદ બિન દુશ્ના ﵄ ને કેદી બનાવીને મક્કા લઈ જવામાં આવ્યા.[૨] ત્યાં બનૂ હુઝૈલના બે કેદીઓ કુરૈશની પાસે હતા, જેમને અદલા-બદલી કરીને તેમણે છોડાવ્યા. હુજૈર ઇબ્ને અહાબ તમીમીએ હઝરત ખુબૈબ ﵁ ને ઉત્બા બિન હારિસ બિન આમિર માટે લઈ લીધાં, જેથી તેમનાથી હારિસનો બદલો લે, જેને હઝરત ખુબૈબ ﵁ એ બદ્રના મેદાનમાં મોતને ઘાટ ઉતાર્યો હતો. ઝૈદ બિન દુશ્ના ﵁ ને સફવાન બિન ઉમૈયાએ પોતાના પિતા ઉમૈયા બિન ખલફના બદલામાં કતલ કરવા માટે ખરીદ્યા.

આ પોતાની શૂરવીરતાના ગુણ ગાવાવાળા મેદાનમાં જૂજ સંખ્યા ધરાવતા અને સર-સામાન વગરના મુસલમાનોના હાથે માર ખાઈને હવે વિવશ કેદીઓના પ્રાણ લઈને દ્વેષની આગને બુઝાવવા માગતા હતા. ઇસ્લામી સમાજની બે કીમતી હસ્તીઓને જો કે શહાદતનો જામ પીવડાવી દેવામાં આવ્યો, પરંતુ આ પ્રસંગે બંનેના ચરિત્રોની એવી તુલના થઈ ગઈ કે તેનો પ્રભાવ સમયના ઇતિહાસની નસોમાં ફેલાઈ ગયો.

સફવાને ઝૈદ બિન દુશ્ના ﵁ ને પોતાના ગુલામ ફિસ્તાસના હવાલે કર્યો કે તે હરમની બહાર તનીમમાં જઈને તેમને મારી નાખે. આ રસપ્રદ નાટકથી મજા લેવા માટે કુરૈશના ઘણા લોકો ઘટના-સ્થળે હાજર હતા અને તેમાં અબૂ સુફિયાન પણ જાતે હાજર હતો. અબૂ સુફિયાને નજીક જઈને ઝૈદ ﵁ ને પૂછ્યું કે શું તમને એ પસંદ છે કે તમને છોડી દેવામાં આવે અને તમે પોતાના કુટુંબીજનો સાથે હસી-ખુશી રહો અને તમારા બદલે મુહમ્મદ (ﷺ)ને સમાપ્ત કરી નાખવામાં આવે. ઝૈદ ﵁, જેમના સામે મૃત્યુ ઊભું રહીને મલકાઈ રહ્યું હતું, ઈમાનના સર્વોચ્ચ શિખરે બિરાજીને જવાબ આપે છે :–

---

૧. સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૨૯૬-૨૯૯. ૨. રજીઅની ઘટનાના બીજા પાસાઓની વિગત અમે પછીના એક પ્રકરણમાં આપી રહ્યા છીએ. એ જ રીતે પ્રતિનિધિ-મંડળો મોકલવા અંગેનો ઉલ્લેખ પણ બીજે ઠેકાણે આવશે.

"અલ્લાહના સોગંદ ! અમને લોકોને એટલી વાતના બદલામાં
પણ મુક્ત થઈને અમારા કુટુંબીજનોમાં જઈને રહેવાનું પસંદ નથી કે
અત્યારે મુહમ્મદ ﷺ જ્યાં છે, ત્યાં પણ તેમને એક કાંટો સુદ્ધાં વાગે."

અબૂ સુફિયાન આ જવાબ સાંભળીને દંગ રહી ગયો અને પોકારી ઉઠ્યો કે મેં કોઈને કોઈનો આટલો ચાહક નથી જોયો, જેટલો કે મુહમ્મદ (ﷺ)ને તેના સાથીઓ ચાહે છે. પછી આ સચ્ચાઈ અને નિષ્ઠાની પ્રતિમાને તલવારનો કોળિયો બનાવી દેવામાં આવ્યા. કોણ જાણે છે કે ઝૈદ ؓ ના આ ચરિત્રએ કેટલા લોકોના હૃદયોમાં જગ્યા બનાવી હશે અને કેટલા આત્માઓ કુરૈશની આ અત્યાચારપૂર્ણ અને અધમ કાર્યવાહી પર માતમ કરી રહ્યા હશે.[1]

હઝરત ખુબૈબ ؓ પછી કેટલોક સમય કેદમાં રહ્યા. કેદમાં રહીને તેમણે પોતાના ઈમાન અને આચરણની જે ઝલક નિરંતર બતાવી, તેનું એક સ્પષ્ટ પરિણામ તો એ આવ્યું કે હુજૈર બિન અહાબની સેવિકા માવિયા પાછળથી ઈસ્લામી આંદોલનમાં સામેલ થઈ ગઈ અને તેના દ્વારા જ હઝરત ખુબૈબ ؓ ના કેદનું વૃત્તાંત સામે આવ્યું. માવિયા કહે છે કે તેમની હત્યાનો નિર્ધારિત સમય જયારે નજીક આવી ગયો, તો તેમણે સફાઈ માટે અસ્તરો મંગાવ્યો, જે મોકલાવી દેવામાં આવ્યો. પરંતુ પછી એ જોઈને જમીન મારા પગ નીચેથી સરકી ગઈ કે અસ્તરો તેમનાં હાથમાં છે અને તે ઘરનું એક નાનું બાળક ખુબૈબ ؓ ના ખોળામાં બેસેલું છે. જે કેદીને આટલી નિર્દયતાથી જીવનથી વંચિત કરી દેવામાં આવી રહ્યો હોય, તેના કાબૂમાં દુશ્મનનું એક બાળક આવી જાય અને હથિયાર પણ તેના હાથમાં હોય, તો જે આશંકા ઊભી થઈ શકે છે, દેખીતું છે કે મારી બેચેની અને ડરને ખુબૈબ (ؓ) સમજી ગયા અને તેમણે મને સાંત્વના આપી કે હું કોઈપણ સંજોગોમાં આ નિર્દોષનો જીવ નથી લેવાનો. તેમણે તરત જ છોકરાને અલગ કરી દીધો. શું આ ઉચ્ચ ચરિત્ર એક મશાલની જેમ મક્કાના ઘોર અંધકારમય વાતાવરણમાં ઝગમગી ઊઠ્યું નહીં હોય !

પછી તેમને શૂળી પર ચઢાવવા માટે તનીમ લઈ જવામાં આવ્યા. ત્યાં પહોંચીને તેમણે પરવાનગી લઈને અંતિમ નફ્લ નમાઝ શાંતિથી પઢી, અને પ્રેમની શહાદતગાહ પર પગ મૂકનારાઓ માટે એક મુબારક સુન્નત (શુભ રીતિ) કાયમ કરી દીધી. પછી જલ્દી નિવૃત્ત થઈને કહ્યું કે, "તમે એમ ન સમજો કે હું મૃત્યુના ડરના કારણે નમાઝમાં વિલંબ કરી રહ્યો છું." અને પછી આ ટૂંકી દુઆ માંગી :—

૧. સીરત ઇબ્ને હિશામ, ભાગ-૩, પૃ. ૧૬૫-૧૬૬; અસ્હુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૧૬૦-૧૬૧.

> ''હે અલ્લાહ ! અમે તારા રસૂલ ﷺ નો સંદેશ પહોંચાડી દીધો. તું કાલે એ હસ્તીને આનાથી વાકેફ કરી દે કે જે કંઈ અત્યાચાર અમારા સાથે કરવામાં આવી રહ્યો છે.''

> ''હે અલ્લાહ ! આ (દુશ્મનો)ની સંખ્યાને ઓછી કર. તેમનામાં ફાટફૂટ નાખીને એમનો નાશ કર અને આવા ખૂનખાર લોકોમાંથી કોઈને જીવતો ન છોડ.''

તેમને શૂળી પર લટકાવી દેવામાં આવ્યા અને છેલ્લે અબૂલ મુગીરાએ ભાલો મારીને તેમની જીવન-ડોર કાપી નાખી. બરાબર આ અંતિમ પળે તેમની જીભ પર અમુક શેર આવ્યા, જેમાંથી સૌથી મશહૂર આ છે :—

وَلستُ ابالی حین اُقتل مُسلماً
علی ایّ شقٍّ کانَ فی الله مضجعی

> ''મને જયારે ઇસ્લામથી છલોછલ થઈને કતલ કરવામાં આવી રહ્યો છે, તો પછી મને એ વાતની કોઈ ચિંતા નથી કે અલ્લાહના માર્ગમાં મને કયા પડખે પડવાનું ભાગ્યમાં આવે છે.''(૧)

આ બે જીવોને લઈને કુરૈશે સંખ્યાના ઘમંડમાં એમ સમજયું હશે કે અમે ઇસ્લામી આંદોલનની શક્તિ ઓછી કરી નાખી છે, પરંતુ તેમને એ અંદાજ નહોતો કે આ પીડિતોના શહાદતના રક્તના બિંદુઓ હૃદયોની ખેતીઓમાં એવા બીજ બનીને પડી રહ્યા છે કે આગળ ચાલીને તેનાથી ઇસ્લામની નવી ખેતી લહેરાઈ ઉઠવાની હતી.

આ જ નીચ બદલાની પ્રવૃત્તિઓની સાથે અમે કુરૈશની એ રાજકીય બેઈમાનીને પ્રસ્તુત કરીએ છીએ, જેનું પ્રદર્શન તેમણે હુદૈબિયા-સંધિને તોડીને કર્યું. આ મહાન ઐતિહાસિક સંધિ હેઠળ નક્કી થયું હતું કે આરબ કબીલાઓમાંથી જેનું મન ચાહે તે કુરૈશની સાથે મૈત્રી-સંબંધો સ્થાપિત કરે અને જેને પસંદ હોય તે ઇસ્લામી રાજયની સાથે મૈત્રી-સંબંધો બાંધે. કબીલાઓને સંપૂર્ણ આઝાદી હશે અને કોઈના તરફથી તેમને બળજબરી કરવામાં નહીં આવે. તેથી એ જ વખતે બનૂ બકરે કુરૈશથી અને બનૂ ખુઝાઆએ હુઝૂર ﷺ સાથે મૈત્રી-સંબંધો જોડી લીધા.

ઈસ્લામી કાળથી પહેલા આ બંને કબીલાઓ વચ્ચે એક હત્યાના સંદર્ભમાં વેરની વસૂલાતનું ઘૃણિત ચક્કર ચાલી રહ્યું હતું અને તેમના વચ્ચે હત્યાઓની અનેક

---

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૧૬૫-૧૬૬; અસહુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૧૬૧.

ઘટનાઓ ઘટી ચૂકી હતી. બનૂ બકર પોતાનો વારો આવતાં બદલો લેવા માટે તત્પર થઈ રહ્યા હતા કે ઇસ્લામી આંદોલને ઇતિહાસમાં મોટી ઊથલ-પાથલ કરીને અજ્ઞાનતા-કાળના આરબ પ્રદેશના તમામ કબીલાઓનું ધ્યાન આ તરફ ખેંચ્યું અને તેઓ પરસ્પરના મામલાઓને એક બાજુએ મૂકીને આ નવીન સંદેશના વિરોધમાં કતારબદ્ધ થઈ ગયા. ઇસ્લામી આંદોલનના દ્વેષે જે ઉપરછલ્લી એકતા તેમનામાં પેદા કરી દીધી હતી, તેનું જોર હુદૈબિયાની સંધિ પછી ઓછું થવા લાગ્યું. હવે આ લોકોને પોતાના જૂના ઝઘડાઓ યાદ આવ્યા. બનૂ બકરની એક શાખા બનૂ વૈલ હતી. બનૂ વૈલના એક વ્યક્તિ અસ્વદ બિન રઝનના મારી નાંખવામાં આવેલ પુત્રોનો બદલો લેવા માટે બનૂ વૈલના સરદાર નૌફલ બિન મુઆવિયાએ કબીલાના લોકોનો સાથ લીધો અને 'અય્યામે હદના' (અર્થાત્ સંધિના સમયગાળા)નો લાભ લઈને બનૂ ખુઝાઆ પર હુમલો કરી દીધો અને કુચેષ્ટાની શરૂઆત રૂપે અલ-વતીર ઝરણાની પાસે એક ખુઝાઈના લોહીથી હાથ રંગ્યા. બાકી ખુઝાઈ આ અચાનક કરાર-ભંગના કારણે ગભરાઈને ભાગ્યા, અને તેમને હુમલાખોરોએ પીછો કરીને મારી નાખ્યા.

કુરૈશે હુદૈબિયા-સંધિની જવાબદારીઓને અભરાઈએ ચઢાવીને બનૂ બકરને હથિયાર પણ ઉપલબ્ધ કરાવ્યા અને રાત્રિના અંધકારમાં છૂપાઈને ખુઝાઈઓથી લડ્યા પણ ખરા. બની ખુઝાઆએ હરમમાં જઈને શરણ લીધું, અને બનૂ બકરના સરદારને પોકારીને કહ્યું કે, ''હે નૌફલ ! જુઓ ! હવે અમે હરમમાં દાખલ થઈ ચૂક્યા છીએ. હવે અટકી જાઓ – ખુદા માટે, ખુદા માટે !'' પરંતુ તે વિજયના નશામાં ચૂર થઈને બહેકી રહ્યો હતો. તેણે કહ્યું, ''આજે કોઈ ખુદા નથી, હે બનૂ બકર ! પોતાનો પૂરેપૂરો બદલો લો. શું હરમના સન્માનમાં આપણી ઇજ્જતોનો બદલો લેવાનું ભૂલી જશો.'' તેથી આ અત્યાચારીઓએ હરમમાં ખુનરેજી કરી અને અમુક ખુઝાઈ મુશ્કેલીથી જીવ બચાવીને બુદૈલ બિન વરકા તેમજ તેના ગુલામ રાફેઅના મકાનમાં જઈ છુપાયા.

કુરૈશે કબીલાઓ વચ્ચેના વેરઝેર હેઠળ લાગણીઓના વહેણમાં આવીને આ એટલી મોટી મૂર્ખતા આચરી, જેનું નુકસાન તેમને તાત્કાલિક ભોગવવું પડ્યું. આ જ પ્રસંગ મક્કા-વિજયનું પ્રેરક બન્યો. કુરૈશે જરા પણ ન વિચાર્યું કે ઇસ્લામી આંદોલનના પળ-પળ આગળ વધતા શક્તિશાળી પ્રવાહની સામે તેમની શક્તિ નૈતિક અને રાજકીય બંને રીતે બેહદ પતનગ્રસ્ત થઈ ચૂકી છે અને તેમણે ફૂંકી-ફૂંકીને પગ મૂકવો જોઈએ. દેખીતું છે કે આ પ્રસંગના કારણે આરબ કબીલાઓના સમાજમાં કુરૈશના વચન-ભંગની ચર્ચા થઈ હશે અને તેમની શાખ અને પ્રતિષ્ઠા ખૂબ જ ખરડાઈ ગઈ હશે. વધુમાં બનૂ બકરનું અત્યંત અત્યાચારીપૂર્ણ વર્તન અને બનૂ ખુઝાઆની

અનહદ પીડિત હાલતે તમામ કબીલાઓને સચેત કરી દીધા હશે કે કુરૈશનું નેતૃત્વ શાંતિ અને ન્યાય આપી શકે તેમ નથી. ઉપરાંત, આ ઘટનામાં ખુદાના નામની પવિત્રતા અને હરમની હુરમત અને પ્રતિષ્ઠાની સદીઓ પુરાણી પરંપરા વિરુદ્ધ, જેને અત્યંત ખરાબ રીતે પાયમાલ કરવામાં આવી હતી, તેણે પ્રજાના હૃદયોમાં ભાવનાત્મક હલચલ પેદા કરી દીધી હશે. આ ઉત્પાતથી કુરૈશે પોતાનું વજન અત્યાચારી તત્ત્વોના પલ્લામાં નાખીને પોતાને અપમાનિત કરી લીધા. વધુમાં, કુરૈશે વિચાર્યું તો એ હશે કે અમે ઇસ્લામી રાજ્યના એક મિત્રને કચડીને મુહમ્મદ (ﷺ) ના વિરુદ્ધ પોતાના દ્વેષની આગને ઠંડી કરી રહ્યા છીએ. પરંતુ તેમણે એ ન વિચાર્યું કે આપણે અજ્ઞાનતા-કાળની વ્યવસ્થાને પીઠબળ પૂરું પાડનાર થોડાઘણા બચી ગયેલ કબીલાના માળખાને આપણા જ હાથે વેરવિખેર કરી રહ્યા છીએ અને અમુક સાથી કબીલાઓને પોતે જ ધકેલીને મદીનાના હવાલે કરી રહ્યા છીએ.

વાસ્તવમાં દરેક જીર્ણ-ક્ષીણ વ્યવસ્થા અને બોદું નેતૃત્વ – જે ઉચ્ચ મૂલ્યો અને ઉદ્દેશ્યો તથા નૈતિક માપદંડો અને સંસ્કૃતિની રચનાત્મક રૂપરેખાથી વંચિત થઈને માત્ર એ ગુપ્ત ધ્યેયને અપનાવી લે કે સમયના ક્ષિતિજેથી ઉદ્‌ભવનારી સુધારાત્મક અને રચનાત્મક શક્તિને કચડી નાખવાની છે – તેનું ભાગ્ય જ એ હોય છે કે તેની બુદ્ધિ તેને મૂર્ખતાઓના માર્ગે લઈ જાય છે, તેનું જોર તેને અધઃપતનની ખીણમાં નાખી દે છે, તેનો અહંકાર તેને અપમાનિત કરે છે અને તેણે ભરેલ પ્રત્યેક ડગલું તેના પરાજયનું કારણ બને છે.

ઉમરૂ બિન સાલિમ ખુઝાઈ મદીના રવાના થઈ ગયા અને સરવરે આલમ ﷺ સમક્ષ જઈને બનૂ બકર અને કુરૈશના અત્યાચારોનું દુઃખડું સંભળાવ્યું. હુઝૂર ﷺ મસ્જિદમાં મજલિસની સામે બેસેલા હતા. ઉમરૂ બિન સાલિમે અરબી પરંપરા અનુસાર પોતાની વીતક-કથાને હૃદયદ્રાવક અંદાજમાં વર્ણવી :–

لَا هُمَّ اِنِّیْ نَاشِدٌ مُحَمَّدَا   حِلف اَبِینا و ابیه الْاَتْلَدَا
فَانْصُرْ هَدَاكَ اللهُ نَصْرًا اَعْتَدَا   وَادعُ عِبَادَ اللهِ یاتوا مَدَدَا
فِیْ فَیْلَقٍ كَالْبَحْرِ یَجْرِی مُزْبِدَا   اِنَّ قُرَیْشًا اَخْلَفُوْكَ الْمَوْعِدَا
هُمْ بَیَّتُوْنَا با لوتِیرِ هُجَّدَا   وَ قَتَلُوْنَا رُكَّعًا و سُجَّدَا

''હે અલ્લાહ ! — હું મુહમ્મદ (ﷺ)ને એ કરાર યાદ દેવડાવીશ
જે અમારા અને તેમના પ્રાચીન ઘરાનાઓ વચ્ચે થયો છે. (હે પયગંબર
ﷺ !) અમારી મદદ કરો અને ખુદાના બંદાઓને પોકારો, જેથી

તેઓ મદદ માટે આપ (ﷺ)ના આસપાસ એકઠા થાય. એક એવા જબરજસ્ત લશ્કરની સાથે ઉઠો, જે સમુદ્રની જેમ ઉછાળા મારીને ફીણ પેદા કરી રહ્યો હોય ! કેમ કે કુરૈશે આપ (ﷺ) નો કરાર તોડી નાખ્યો છે. તેમણે અમને રાત્રિના અંધકારમાં 'વતીર'ની પાસે પકડી લીધા. અમે ઊંઘતા હતા ત્યારે અમારા પર હુમલો કર્યો અને પછી અમારા લોકોને રુકૂઅ અને સિજદાઓની હાલતમાં ઘાયલ કર્યા."

જવાબ મળ્યો : نُصِرْتَ يَا عَمْرَو بْنَ سَالِمٍ "તમારી મદદ કરવામાં આવશે."

હવે કુરૈશની આંખો ખુલી કે આપણે કેવું ઘોર કૃત્ય કરી નાખ્યું છે અને અબૂ સુફિયાન તાબડતોબ મદીના પહોંચ્યો, જેથી સંધિ તાજી કરાવે. પરંતુ ત્યાંનું વાતાવરણ એવું હતું કે અબૂ સુફિયાન પોતાની પુત્રીના ઘર જઈને જ્યારે બિસ્તર પર બેસવા લાગ્યો, તો પુત્રીએ બિસ્તર લપેટીને ઉઠાવી લીધું, અને કહ્યું કે, "આ રસૂલુલ્લાહ ﷺ નું બિસ્તર છે અને તમે એક અપવિત્ર મુશ્રિક થઈને આના પર બેસી શકતા નથી." – અબૂ સુફિયાન નિરાશ પાછો ફર્યો અને થોડા દિવસો પછી અચાનક મક્કાએ જોયું કે એક વિશાળ લશ્કર તેના દરવાજા પર ટકોરા મારી રહ્યું છે ![1]

આ ઘટનાઓથી એ સ્પષ્ટ છે કે આ ઐતિહાસિક સંઘર્ષમાં અજ્ઞાનતાયુક્ત નેતૃત્વની નકારાત્મક શક્તિને તેનું દરેક પગલું, તેની પ્રત્યેક કુચેષ્ટા, તેની બદલાની ભાવના સાથે કરેલ દરેક હરકત અને તેની પ્રત્યેક પ્રતિકારાત્મક કાર્યવાહી નબળી કરતી રહી, અને બીજી બાજુ હકારાત્મક, સૈદ્ધાંતિક અને રચનાત્મક શક્તિ ધીમે-ધીમે જોર પકડતી અને આગળ વધતી ગઈ.

આ કુચેષ્ટાઓની સામે તમે જરા માનવતાના ઉપકારક ﷺ ના વર્તન-વ્યવહારને જુઓ કે પક્ષકારો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને યમામાના નેતા ઇસ્લામનો સ્વીકાર કરીને સ્થાયીરૂપે મક્કા જતા અનાજના પુરવઠાને બંધ કરી દે છે. બરાબર આ જ સમયગાળામાં મક્કાના લોકો દુષ્કાળનો સામનો કરી રહ્યા હતા. હુઝૂર ﷺ એ મક્કાના ગરીબોનો ખ્યાલ કરીને યમામાને સ્વયં કહેવડાવીને ખાદ્ય-પુરવઠો ચાલુ કરાવડાવ્યો અને વધુમાં પોતાના પાસેથી મક્કાના ગરીબો માટે પાંચસો અશરફીઓ રવાના કરી. એક આ જ ઉપકારે મક્કાની પ્રજાના હૃદયોને કેવી રીતે મોહી લીધા હશે ! એક રિવાયતમાં તો એવો ઉલ્લેખ છે કે મક્કાવાસીઓએ સ્વયં હુઝૂર ﷺ ને લખ્યું કે, "આપ ﷺ તો સગાઓ સાથે સદ્વ્યવહારનો આદેશ આપો છો, પરંતુ

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૪, પૃ. ૩-૧૩; અસ્હુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૨૮૮-૨૯૦; સીરતુન્નબી ﷺ, લે. શિબ્લી નો'માની, ભા-૧, પૃ. ૪૬૬-૪૬૭.

આપ ﷺ એ અમારા સાથેનો આ સંબંધ તોડી નાખ્યો !" એ વાક્યનો પણ ઉલ્લેખ છે કે قتلت الآباء بالسيف والابناء بالجوع. "પિતાઓને તલવારોથી સમાપ્ત કરી નાખ્યા અને તેમની સંતાનોને ભૂખે મારી રહ્યા છો."[૧]

—★—

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૪, પૃ. ૩૧૦; અસ્સુલ-યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી, પૃ. ૧૧૯; રસૂલ ﷺ કી સિયાસી ઝિંદગી, લે. ડૉ. હમીદુલ્લાહ, પૃ. ૧૨૧.

માનવતાના ઉપકારક ﷺ

વિરોધોના

વંટોળમાંથી

પસાર

થતાં

(૫)

તલવારોની વચ્ચે !

"انا نبيّ الرحمة"
"انا نبيّ الملحمة"

❑

''હું સર્વથા દયા અને કૃપાનો પયગંબર છું.''
''હું (સત્ય-અસત્ય વચ્ચે) યુદ્ધોનો પયગંબર છું.''

❑

— માનવતાના ઉપકારક ﷺ

આમ નહીં,
બલ્કે
અલ્લાહ
સત્યને
અસત્યથી
ટકરાવે છે,
પછી તે તેનું માથું કચડી નાખે છે,
ત્યારે તે (અસત્ય) નાસી જાય છે..!
(સૂરઃ અંબિયા, આ. ૧૮)

સત્યના આમંત્રણનો કાફલો સીના દ્વીપકલ્પથી ચાલે કે ફારાનની ખીણથી, તેનો માર્ગ તલવારોની વચ્ચે થઈને પસાર થાય છે.

ઇસ્લામનું ક્રાંતિકારી આંદોલન દલીલના જોરે દિલોની દુનિયા જીતી રહ્યું હતું. તે વેરવિખેર કબીલાઓની સરખામણીએ ભાઈચારાની વ્યવસ્થાને વિકસાવી રહ્યું હતું. તે અવ્યવસ્થિત ભીડને અનુશાસનના માર્ગ પર લાવી રહ્યું હતું. તે અંધાધૂંધી અને અરાજકતાની જગ્યાએ લોકતાંત્રિક બંધારણીય રાજય તથા કાનૂન અને ન્યાયાલયની સંસ્થાઓનું નિર્માણ કરી રહ્યું હતું. તે નિદ્રાધીન બૌદ્ધિક શક્તિઓમાં ક્રિયાશીલતા પેદા કરી રહ્યું હતું અને અજ્ઞાનતાના અંધકારમાં જ્ઞાનની મશાલો પ્રકાશિત કરતું જઈ રહ્યું હતું. તે ખુદાપરસ્તી (ઈશપરાયણતા)ના મૃત અને ગુમ થઈ ગયેલ આત્માને પુનર્જીવિત કરી રહ્યું હતું. તે નૈતિક મૂલ્યોના બુઝાઈ ગયેલા દીપકોને ફરી ઝગમગાવી રહ્યું હતું. તે પ્રાચીન અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાથી કંટાળી ગયેલ દુનિયાને તેમજ આર્થિક અને સામાજિક હેસિયતથી દબાઈ ગયેલ વર્ગોને સામાજિક ન્યાયના સ્વર્ગનો રસ્તો બતાવી રહ્યું હતું, અને તેના ખોળામાં માનવતાના એક ઉચ્ચતમ્ નમૂનાનું ઘડતર થઈ રહ્યું હતું.

સામે એ અજ્ઞાનતા હતી, જેના પાસે કોઈ ક્રિયાન્વિત વિચારધારા નહોતી; જેનું કામ વિભાજન અને અરાજકતાની રક્ષા હતું, જે સ્વચ્છંદી સમાજ ચલાવી રહી હતી, જેણે ધર્મને હાંસીપાત્ર વસ્તુ બનાવી દીધો હતો અને તેના આધારે પવિત્ર ધંધાઓ ચાલી રહ્યા હતા. બાકી રહી ગયેલા પ્રાચીન નૈતિક મૂલ્યો પણ તેના હાથે નષ્ટ થઈ રહ્યા હતા. ટૂંકમાં — તે સ્વતંત્રતા, શાંતિ, ન્યાય અને વિકાસના માર્ગમાં

રુકાવટ બની રહી હતી. પોતાની આ જ નબળાઈના કારણે તે પીછેહઠ કરતાં-કરતાં પરાસ્ત થતી જઈ રહી હતી. તેના દલીલોના ભાથાઓ ખાલી થઈ ચૂક્યા હતા. તેના હિંસાના હથિયારો બૂઠ્ઠાં થઈ ચૂક્યા હતા. તેના કાવતરાઓ નિષ્ફળ થઈ રહ્યા હતા. તેને માનનાર વ્યક્તિ વધારે-ને-વધારે અપમાનિત થઈ રહ્યો હતો.

અજ્ઞાનતાના ઉચ્ચ નેતાઓએ હઝરત મુહમ્મદ ﷺ અને આપના સાથીઓને મક્કાથી કાઢી મૂકીને પોતાના તરફથી મોટો પ્રહાર કર્યો હતો. પરંતુ ખૂબ જલ્દી તેમને અંદાજ આવી ગયો કે 'બૈતે ઉકબા' દ્વારા હુઝૂર ﷺ ને અન્સારનો સહયોગ પ્રાપ્ત થવાનો અર્થ એ છે કે મદીના ઇસ્લામી આંદોલનનું એક મજબૂત કેન્દ્ર બને; ત્યાં એક શાસન-વ્યવસ્થાનું નિર્માણ થાય અને પછી મુસ્લિમ સમાજ એક એવી શક્તિ બનીને સામે આવે, જેનો માર્ગ રોકવો ક્યારેય સંભવ ન રહે.

પછી, હુઝૂર ﷺ એ મદીના પહોંચીને મદીનાના યહૂદીઓ અને બીજા કબીલાઓથી રાજકીય સંધિઓ કરી લીધી, તો કુરૈશ માટે જોખમ વધારે સ્પષ્ટ થઈ ગયું. તે પછી તરત જ સરવરે આલમ ﷺ એ રક્ષાત્મક શક્તિને સંગઠિત કરવાનું શરૂ કર્યું અને મદીના રાજ્યની સરહદોની ચોકી તેમજ આસપાસના વિસ્તારોમાં દુશ્મનની હિલચાલની દેખરેખ માટે રાત્રિ-ગશ્તના રૂપમાં નાની-નાની સૈનિક ટુકડીઓ મોકલવાનું શરૂ કર્યું, તો કુરૈશની સામે બીજી ઘણી નવી ભયાનક સંભાવનાઓ ઊભી થઈ ગઈ. તેમનો શામ (સીરિયા) જતો વેપારી રાજ-માર્ગ મદીનાની નજીકથી પસાર થતો હતો, અને હવે સમગ્ર વેપારી વ્યવસ્થાનો નાશ થઈ જવાનું જોખમ ઊભું થઈ ગયું, બલ્કે હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه ને જ્યારે હરમમાં ઉમરા કરવાથી અબૂ જહલે અટકાવ્યા, તો તેમણે ચોખ્ખા શબ્દોમાં ચેતવણી આપી કે આવું કરશો તો તમારા વેપારની ધોરી નસ કાપી નાખવામાં આવશે. હુઝૂર ﷺ અને તેમના સાથીઓ જેઓ પહેલા તદ્દન તેમના પંજામાં જકડાયેલા હતા, હવે તેમની પકડથી આઝાદ હતા. પહેલા માત્ર દાઈ (નિમંત્રક) હતા અને હવે તેમને સત્તાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત હતું. પહેલા પીડિત હતા અને દરેક અત્યાચાર પર ધૈર્ય દાખવવું તેમની ઓળખ હતી, પણ હવે તેઓ અત્યાચારનો તોડ કરવાને લાયક બની ગયા હતા. કુરૈશ સચ્ચાઈના આમંત્રણના વિરોધના જુદા-જુદા તબક્કાઓ પસાર કરતાં હવે જે જગ્યા સુધી આવી ગયા હતા તેનાથી આગળનું ડગલું અનિવાર્યપણે રણભૂમિ ગરમ થઈ જવી જ હોઈ શકતી હતી. ઇસ્લામી આંદોલનના આવાહકોને અત્યંત ખરાબ રીતે અત્યાચારોનો ભોગ બનાવ્યા પછી અને હુઝૂર ﷺ ની હત્યાની યોજનાઓ ઘડ્યા પછી અનિવાર્યપણે તેમના અંદર એક પ્રકારની ઘાતક અને ખૂનખાર માનસિકતા પાકી ચૂકી હતી. આ બાજુ હુઝૂર ﷺ એ નવા યુગના નિર્માણ માટે જે થોડીઘણી પૂંજી

મદીનામાં જમા કરી હતી અને જેના બળે નવા રાજ્યની આધારશીલા મૂકવામાં આવી ચૂકી હતી, તેના તારાજ થવાનો અર્થ બધા કર્યા-કરાવ્યા પર પાણી ફરી જવાનો હતો. સત્ય-વ્યવસ્થા સંપૂર્ણપણે ફળ-ફૂલ આપે એ તો દૂરની વાત હતી, તેના વિકાસ અને સુરક્ષાના મામલામાં સમયની ગતિનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી હતું. જો પ્રત્યેક જોખમને સમયસર પારખવામાં ન આવે અને સમયસર તેનો નાશ કરવાનો ઉપાય કરવામાં ન આવે, તો કોઈપણ નેતૃત્વની આનાથી મોટી ભૂલ બીજી કોઈ હોઈ શકતી નથી. એ જ રીતે એ પણ જરૂરી છે કે જે પગલું સૌથી સારા સમયે – બલ્કે સૌથી સારા શરૂઆતના સમયે – ભરવું જોઈએ, બરાબર એ જ સમયે ભરવામાં આવે, નહિં તો તીવ્ર ગતિએ દોડતો સમય ક્યારેય પણ રોકાઈને-અટકીને કોઈની રાહ જોયા કરતો નથી. પ્રત્યેક આહવાન્ અને આંદોલને સ્વયં પોતાનું જ નથી જોવાનું હોતું, બલ્કે પોતાને વિરોધી શક્તિઓની સામે થોભીને જોવાનું હોય છે કે ક્યારે-કોણ, કેટલું આગળ અને કોણ, કેટલું પાછળ જઈ રહ્યું છે. માનવતાના પયગંબર ﷺ અને આપના બુદ્ધિશાળી સાથીઓને સારી રીતે ખબર હતી કે હિજરતની મંજિલ પછી આગળનું પ્રકરણ અનિવાર્યપણે 'જિહાદ'નું પ્રકરણ છે અને અસ્તિત્વ બાકી રાખવાનો માર્ગ કુરૈશની તલવારોની વચ્ચે થઈને નીકળી રહ્યો છે. તેથી મુહાજિરોની બહાલી અને મદીનાની નવી શક્તિમાં સંતુલન સ્થાપિત થઈ જતાં જ હુઝૂર ﷺ એ રાજ્યના વડાની હેસિયતે રક્ષાત્મક પ્રબંધો તરફ સંપૂર્ણ ધ્યાન આપ્યું.

જિહાદનો ઈસ્લામી દૃષ્ટિકોણ

અમે અહીં એ સૈદ્ધાંતિક હકીકતને સંક્ષિપ્તમાં બતાવી દેવી જરૂરી સમજીએ છીએ કે 'જિહાદ' કોઈપણ રાજ્યનું એવું જ સ્વાભાવિક કર્તવ્ય છે, જેવું ગુનાઓને ડામવા માટે પોલીસ અને ન્યાયાલયની વ્યવસ્થા તેનું સ્વાભાવિક કાર્ય છે. પરંતુ એક નવોદિત રાજ્ય, એક નવ-નિર્મિત સમાજ અને પોતાના યુગનો આરંભ કરનાર એક વ્યવસ્થા તો નિશ્ચિતરૂપે એ માટે વિવશ હોય છે કે તે પોતાના અસ્તિત્વ અને વિકાસ માટે એક સંગીન પ્રકારનો જિહાદ (સંઘર્ષ) કાળ વિતાવે; વિશેષરૂપે જ્યારે કોઈ નવીન સામૂહિક અને સામાજિક માળખું કોઈ ક્રાંતિકારી વિચારધારા પર ઊભું થયું હોય, તો તેના સામે અનિવાર્યપણે પુરાણી પરિવર્તન-વિરોધી શક્તિઓ સંગઠિત થઈને આવે છે. પરિવર્તનની આવી વિરોધી શક્તિઓની સામે કેવળ બચાવ જ પર્યાપ્ત નથી હોતો, બલ્કે તેમને નેસ્ત-નાબૂદ કર્યા વગર જરા પણ સંભવ નથી હોતું કે કોઈ ક્રાંતિ પોતાની વર્તમાન સીમાઓ અને ધોરણ પર યથાવત રહી શકે. તેથી ઈસ્લામી જિહાદની વિચારધારા અહીં સુધી સીમિત નથી કે કોઈ હુમલો કરે, તો ન

છૂટકે તેનો સામનો કરી લેવામાં આવે, બલ્કે તે એ નિર્દેશ આપે છે કે ઇસ્લામી ક્રાંતિના આવાહકો એક તરફ પોતાના રાજયના વર્તમાન અસ્તિત્વના એક-એક કણને બચાવી રાખવા માટે જરૂરતના સમયે જાન અને માલની કુરબાનીઓ આપે, બીજી તરફ અલ્લાહના લાખો બંદાઓને અત્યાચાર, અજ્ઞાનતા, આર્થિક પછાતપણા અને નૈતિક અધ:પતનથી બહાર કાઢવા અને ક્રાંતિને પરિપૂર્ણતાએ પહોંચાડવા માટે ક્રાંતિની દુશ્મન-શક્તિઓનું માથું કચડી નાખે. આ સિવાય ક્રાંતિકારી વિચારધારા પર રચાનાર રાજય માટે બીજો કોઈ માર્ગ નથી.(૧)

જો અલ્લાહે પ્રેરણા આપી તો અમે આ ચર્ચા વિગતવાર પુસ્તકના એ ભાગમાં કરીશું, જેમાં હુઝૂર ﷺ ના જમાનાની સૈનિક કાર્યવાહીઓને વિસ્તૃતરૂપે લેવામાં આવશે.

આ વિશે એક તદ્દન ખોટી ચર્ચા ખૂબ ખરાબ માનસિકતા અને ઇરાદા સાથે પશ્ચિમવાદીઓ તરફથી શરૂ કરવામાં આવી અને પછી સ્વયં અજાણ મુસલમાનોનો પશ્ચિમથી પ્રભાવિત વર્ગ પણ દુવિધામાં ગ્રસ્ત થઈ ગયો. વાંધા કાઢનારાઓએ મદીનાની રાજકીય સૈનિક કાર્યવાહીઓને એવો અર્થ પહેરાવી દીધો કે જાણે એક ધર્મને બળજબરીપૂર્વક થોપવા માટે તલવારનો ઉપયોગ કરવામાં આવ્યો; જયારે કે મામલો માત્ર એક ધર્મનો નહોતો, એક ક્રાંતિકારી આંદોલનનો હતો, જેણે જાન અને

૧. અહીં અમે એક શંકાને દૂર કરવા માટે જરૂરી સ્પષ્ટતા કરવા માગીએ છીએ કે સુધારણા અને નિર્માણનું કોઈપણ કામ ગમે તે ક્ષેત્રમાં કરો, તેના માટે કોઈ-ને-કોઈ પ્રકારે શક્તિનો ઉપયોગ અનિવાર્ય બની જાય છે. જે રીતે માતા-પિતા પોતાના બાળકોની ભલાઈ માટે અને સરકારો પોતાના નાગરિકોની ભલાઈ માટે દલીલ, શિખામણ અને શિક્ષા-પ્રશિક્ષાની સાથે બળથી પણ કામ લે છે, એ જ રીતે સુધારણા અને નિર્માણ કરનારી ક્રાંતિઓના ધ્વજવાહકો પણ કોઈ-ને-કોઈ સીમા સુધી શક્તિના ઉપયોગ માટે વિવશ થઈ જાય છે. કહેવા માટે કહી શકાય છે કે આરબોના અજ્ઞાનતાપૂર્ણ કાળમાં કબીલા-વ્યવસ્થાનું જે કંઈપણ સ્વરૂપ કાર્યરત હતું અને લોકો તેના હેઠળ જે પણ હાલતમાં જીવી રહ્યા હતા, તેને બદલવાનો કોઈને પણ અધિકાર જ શું હતો ? સુધારણા અને નિર્માણ માટે કોઈ ક્રાંતિ આણવી અને પછી તેને પૂર્ણતાએ પહોંચાડવાની ઇચ્છા કરવી અને આ અનુસંધાનમાં શક્તિથી કામ લેવું મૂળથી ઉચિત જ કેમ માનવામાં આવે ? આ વાંધાને જો જરાપણ મહત્ત્વ આપવામાં આવે તો પછી કોઈ પિતા કે માતાને તમે છેવટે કયા આધારે એ હક્ક આપશો કે તે પોતાના સંતાનના મનમાં કોઈ વિચારને બેસાડવા, કોઈ શિષ્ટાચાર તેના પર થોપવા અને કોઈ નૈતિક ચેતનાથી તેને સંપન્ન કરવા બળજબરી કરે. તમે કોઈ સરકારને એ અધિકાર કયા આધારે આપશો કે તે નાગરિકોને અમુક કાર્યોથી રોકવા અને અમુક કાર્યો કરવા માટે બળથી મજબૂર કરે ? તે બર્બરતા, ભ્રષ્ટતા, અનૈતિકતા વિરુદ્ધ સુધારાત્મક ઉપાયો અમલમાં મૂકે, અને જે શક્તિ પણ આ ઉપાયોમાં અવરોધરૂપ બને તેના અવરોધને દૂર કરે ? સુધારણા અને નિર્માણનું કોઈપણ કામ કોઈપણ ક્ષેત્રમાં સંભવિત નથી, જેમાં કોઈ અવરોધ હોય તો તે અવરોધને દૂર કરવા માટે શક્તિથી કામ લેવામાં ન આવે. તમે જો અવરોધરૂપ શક્તિઓને પણ ખુલ્લી છૂટ આપી દો છો, તો મૂળથી કોઈ સુધારણા અને નિર્માણનું કામ સંભવ જં નથી. સુધારણા અને નિર્માણના દરેક પગલાના પક્ષમાં સ્વયં માનવ-પ્રકૃતિ પોતાની સંપૂર્ણ શક્તિથી હાજર હોય છે. બસ, એક કોમ કે દેશને પડતીથી બહાર કાઢીને સુધારણા અને સફળતાના માર્ગ પર લઈ આવવા માટે જયારે કોઈ રચનાત્મક ક્રાંતિ ઉભરે છે, તો માનવ-પ્રકૃતિ જ તેના પક્ષમાં સૌથી મોટી દલીલ બને છે અને આ જ દલીલ પ્રજા-મતને તેના પક્ષમાં સાનુકૂળ કરે છે. રહી એ વાત કે માનવ-પ્રકૃતિના પ્રેરક-બળો દ્વિધા અને શંકાઓના વાદળોમાં ઘેરાયેલા હોવાથી સ્પષ્ટ નથી હોતા. તેથી એ નિર્ણાયક માપદંડ શું છે, જે બતાવે કે કોઈ ક્રાંતિ રચનાત્મક અને સુધારાત્મક છે કે નહીં ? તો તેના જવાબમાં માનવતાના ઉપકારક ﷺ એ આપેલ વિચારધારા ખુદાઈ હિદાયત (ઈશ્વરીય માર્ગદર્શન)ને આપણા સામે રાખવાની છે. માનવીઓના આકર્ષક દાવાઓને પારખવાની કસોટી એ છે કે અલ્લાહે પોતાના પયગંબરોના માધ્યમથી નિર્માણ અને સફળતાના માર્ગનો અંગૂલિ-નિર્દેશ કઈ તરફ કર્યો છે. આરબોને અરાજકતાની સ્થિતિમાંથી વ્યવસ્થિત શાસનની ઊંચાઈઓ પર લઈ આવવા, કબીલા-ટુકડીઓને જોડીને એક રાજકીય એકમ બનાવવું, લાખો રહેવાસીઓને જ્ઞાન અને નીતિમત્તાથી સંપન્ન કરવા તથા તેમને શાંતિ અને ન્યાયનો એક નવો યુગ પ્રદાન કરવો એક એવી પવિત્ર અને મહાન સિદ્ધિ છે કે જો તેના માટે શક્તિનો ઉપયોગ યોગ્ય ન હોત, તો પછી મૂળથી માનવ-ઇતિહાસમાં શક્તિના ઉપયોગનું કોઈપણ ઔચિત્ય બાકી રહ્યું ન હોત.

માલની કીમતી કુરબાનીઓના બળે માનવતાના નવ-નિર્માણના કાર્યનો આરંભ કર્યો હતો, અને ક્રાંતિની દુશ્મન સ્વાર્થી શક્તિઓ તે પૂર્ણતાને આરે પહોંચે એ પહેલા જ તેને નષ્ટ કરી દેવા માગતી હતી. ઉપરાંત, મામલો એક રાજ્યનો હતો, જેનો પાયો નાખવા માટે તેના નિર્માણકર્તાઓએ તેર વર્ષ સુધી ખૂબ જ અત્યાચારો સહન કર્યા પછી ઘરબાર બધું જ લુટાવી દીધું હતું, અને તદ્દન નિરાશ્રિત અને નિઃસહાય અવસ્થામાં તેમણે પોતાને એક નાના પ્રદેશમાં સમેટી લીધા હતા, જ્યાં તેઓ પોતાની પસંદગીની જીવન-વ્યવસ્થાની છત્રછાયામાં જીવન વિતાવી શકે અને જ્યાંથી તેઓ સમગ્ર જગતને સલામતીનો માર્ગ બતાવી શકે.

આ નવીન સુવર્ણ પ્રકરણ, જે ઇતિહાસમાં ખોલવામાં આવી રહ્યું હતું, તેને એક તરફ મદીનાના યહૂદીઓ અને મુનાફિકો તથા બીજી તરફ મક્કાના કુરૈશ અને તેમના સહયોગી કબીલાઓ તેમજ ત્રીજી તરફ પછીના સમયમાં કેટલાક મોટા-મોટા વિદેશી સત્તાધીશો પૂર્ણતાએ પહોંચે તે પહેલા જ નષ્ટ કરી દેવા માગતા હતા, અને મુસ્લિમ ક્રાંતિકારીઓને એ વાતનો અવસર આપવા જ માગતા નહોતા કે તેઓ તેના પૃષ્ઠો પર જીવનનું નવું ભાગ્ય અંકિત કરી શકે. ધર્મ ઇસ્લામી આંદોલનનો એક મહત્ત્વનો ભાગ (એ પણ 'ધર્મ' શબ્દની એ વિકૃત ધારણાથી જુદા અર્થની સાથે) અવશ્ય હતો, પરંતુ તેના સાથે બીજા ઘણા મહત્ત્વના ભાગોથી મળીને આંદોલન અસ્તિત્વમાં આવ્યું હતું. તેથી મદીના રાજ્યએ ધર્મના સીમિત વર્તુળમાં બિનમુસ્લિમ વર્ગોને સંપૂર્ણ સ્વતંત્રતાની બાંહેધરી ઉપલબ્ધ કરાવી. તેમણે ધર્મ માટે નહીં, બલ્કે આંદોલન અને દીન અને ઇસ્લામી રાજ્યના તકાદાઓ હેઠળ તલવાર હાથમાં લીધી. તેમનો મૂળ પ્રશ્ન પોતાના આ પવિત્ર રાજકીય સ્વરૂપના અસ્તિત્વને બાકી રાખવાનો અને તેના વિકાસનો હતો, જે સમગ્ર આરબ પ્રદેશ અને સમસ્ત માનવ-જાત માટે સફળતા અને કલ્યાણનું સાધન હતું. તેમના સંઘર્ષનું વ્યાપક વર્તુળ રાજકીય હતું, અને તેઓ ખુદાપરસ્ત (ઈશનિષ્ઠ) નીતિમત્તાના આધારો પર રાજનીતિનો એક નવીન જ્વલંત પ્રયોગ શરૂ કરી ચૂક્યા હતા, જેને કુરૈશ અને યહૂદીઓ અને ગ્રામીણ આરબ (બદ્દુ) કબીલાઓ તાત્કાલિક ધોરણે નિષ્ફળ બનાવી નાખવા વ્યાકુળ હતા. આ પરિસ્થિતિમાં એ નિરર્થક ચર્ચા ઊભી જ ક્યાં થાય છે કે હુઝૂર ﷺ અને આપના સાથીઓએ પ્રચાર માટે તલવારનો ઉપયોગ કર્યો કે નહીં ? એ પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે કે સૈનિક કાર્યવાહીઓ બચાવ માટે હતી કે આક્રમક ? — પરંતુ બીજાની આંખોથી જોવા ટેવાયેલા આપણા 'મહાન' મુસલમાનોએ આ વ્યર્થ ચર્ચાઓનો સ્વીકાર કરી લીધો અને તેમના ગંદા અને વાહિયાત દલીલના મુદ્દાને સ્વીકારીને તેમણે પોતાના ઐતિહાસિક પાલવમાંથી સ્વયં પોતે જ અમુક શરમજનક ડાઘ ધોવા માટે કાગળના

ઘાટ ખોલી દીધા અને પોતાના ઉપરથી બધો વિશ્વાસ સમાપ્ત કરીને પૌરત્સ્યવાદીઓ (Orientalists)ના વૈચારિક દરબારમાં ખૂબ જ લજ્જિત થઈને ક્ષમાયાચના કરવા પર ઊતરી આવ્યા. તેમણે ઇસ્લામની ખૂબ જ ખોટી અને સીમિત ધારણા મનો-મસ્તિષ્કમાં બેસાડી લીધી, અને પછી જિહાદની વિચારધારાને તદ્દન વિકૃત કરીને મૂકી દીધી. તેમના પશ્ચિમી સંસ્કૃતિના ઇમામોની પોતાની સ્થિતિ એ છે કે તેમના ધાર્મિક વડવાઓએ માત્ર મનેચ્છા અને સ્વચ્છંદતા માટે તેમજ તેમના સત્તાધીશોએ કેવળ સામ્રાજ્યના વિસ્તાર માટે જે ઘૃણાસ્પદ યુદ્ધો ભૂતકાળમાં લડ્યા છે તે તેમના સાહિત્યની દુનિયામાં આજ સુધી ગર્વની ધરોહર બનેલા છે. અનેક દેશોને ગુલામ બનાવવા માટે જે પાશવી કાર્યવાહીઓ કરવામાં આવી છે, તેના ગીતો હંમેશા ગર્વ અને અહંકારથી ગાવામાં આવ્યા છે અને સ્વયં પરાધીન કોમોના દિલો-દિમાગમાં ઉતારી દેવામાં આવ્યા છે. તેમના સમુદ્રી ચાંચિયાઓના ગુનાઓ જો સંસ્થાનવાદના અભિયાનોમાં લાભદાયી સાબિત થઈ ગયા હોય, તો એ ચાંચિયાઓને તેમણે હંમેશ માટે પોતાના 'હીરો' બનાવી લીધા છે. પરંતુ જો મદીનાનું ઇસ્લામી રાજ્ય ચોતરફના જોખમોમાં ઘેરાયેલ નવીન વ્યવસ્થાની સુરક્ષા માટે તથા અમુક જીવલેણ અને ખૂનખાર શક્તિઓનો નાશ કરવા માટે, ઉપરાંત એકતા, વ્યવસ્થા, શાંતિ અને સલામતી, ન્યાય, સ્વતંત્રતા અને લોકતંત્રની કૃપાઓથી સ્વયં પોતાના જ દેશને સમૃદ્ધ અને સંપન્ન કરવા માટે તદ્દન નિઃસ્વાર્થ સંઘર્ષ કરે છે, તો તેના વિરુદ્ધ ચાર્જશીટ તૈયાર કરવા અને કેસ દાખલ કરવા પશ્ચિમના અસંખ્ય 'સર્વશ્રેષ્ઠ' દિમાગો એક-પછી-એક પોતાની શક્તિઓ ખપાવવાનું શરૂ કરી દે છે. સમય આવી ગયો છે કે હવે સ્વયં આ દાવેદારો અને તેમના વકીલો વિરુદ્ધ ઇતિહાસની અદાલતમાં બૌદ્ધિક અને તાર્કિક કેસ ચલાવવામાં આવે અને તેમના પ્રપંચોની પોલ ખોલવા માટે આરોપનામું તૈયાર કરવામાં આવે. મિલ્લતે ઇસ્લામિયાની આપણી આ જરૂરત રાહ જોઈ રહી છે કે ઇતિહાસ અને સીરતના નવયુવાન વિદ્યાર્થીઓ આ કર્તવ્યને અદા કરવા માટે આગળ આવે.

આપણો જિહાદનો દૃષ્ટિકોણ જરાપણ એ સીમિત રક્ષાત્મક દૃષ્ટિકોણ પર આધારિત નથી, જે સામાન્ય રીતે દિલો-દિમાગમાં વસી ગયેલો છે. અલબત્ત, તે એ અર્થમાં રક્ષાત્મક છે કે :—

— તેનો ઉદ્દેશ્ય સ્થાપિત ઇસ્લામી રાજ્ય અને ઇસ્લામી સમાજની સુરક્ષા છે.

— તેનો ઉદ્દેશ્ય એ વિચારધારાની સુરક્ષા છે, જેના પાયા પર સત્યની વ્યવસ્થાની સ્થાપના થાય છે.

— તેનો ઉદ્દેશ્ય પ્રત્યેક એ સક્રિય ખંડનાત્મક શક્તિનો નાશ છે, જે ઇસ્લામી ક્રાંતિ માટે થયેલ કામ માટે જોખમનું કારણ હોય અને જે તેની પૂર્ણતામાં અવરોધરૂપ હોય.

— તેનો ઉદ્દેશ્ય પ્રત્યેક એવી અત્યાચારી-અન્યાયી સત્તા – ચાહે રાજકીય હોય, આર્થિક હોય, ધાર્મિક હોય કે સામાજિક હોય – તેને નેસ્તનાબૂદ કરવાનો છે, જે સભ્યતાના વિકાસ અને ઉન્નતિ તેમજ માનવતાની ભલાઈના માર્ગની રુકાવટ બની રહી હોય.

કુર્આનનો યુદ્ધનો દૃષ્ટિકોણ

અહીં વિગતવાર ચર્ચાને સ્થાન નથી, તેમ છતાં કુર્આનની બે-ત્રણ ખૂબ જ મહત્ત્વની આયતોને નજરમાં રાખવી જરૂરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે :–

★ "એ લોકોને (તલવાર ઉઠાવવાની) અનુમતિ આપવામાં આવે છે, જેમના વિરુદ્ધ યુદ્ધ શરૂ કરવામાં આવી રહ્યું છે — કેમ કે તેમને અત્યાચારનો ભોગ બનાવવામાં આવ્યા છે અને (આ પીડિતોના વિરોધીઓ કાન ખોલીને સાંભળી લે કે) અલ્લાહ તેમની મદદ કરવા માટે પૂરેપૂરી શક્તિ ધરાવે છે. આ એ લોકો છે, જેમને કોઈ ઉચિત આધાર વગર માત્ર એ કારણે ઘરોમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે કે તેમની પોકાર એ છે કે, 'અલ્લાહ જ અમારો રબ છે' અને જો અલ્લાહ તઆલા (આ રીતે યુદ્ધનો આદેશ આપીને) અમુક લોકોને (જેઓ બગાડ અને ઉપદ્રવના ઝંડાધારીઓ છે) કેટલાક બીજા લોકોના હાથે (જેઓ સુધારણા અને નિર્માણના આવાહકો છે) સત્તાથી બરતરફ ન કરાવી દે, તો (બૂરાઈના જોર પકડી લેવાના કારણે) સંતો-દરવેશોના મઠો અને આશ્રમો, ખ્રિસ્તીઓના દેવળો, યહૂદીઓના ઉપાસનાગૃહો અને મુસલમાનોની મસ્જિદો, જેમાં પુષ્કળ પ્રમાણમાં ખુદાનું નામ પોકારવામાં આવે છે, વેરાન થઈ જાય, અને અલ્લાહ તો તેમની જ મદદ કરશે, જેઓ અલ્લાહના કામમાં પોતાનો સહયોગ આપે છે અને નિશ્ચિતપણે (તેમને મદદ કરવા માટે) અલ્લાહ સંપૂર્ણ શક્તિ ધરાવે છે અને પ્રભુત્વશાળી અને સર્વોચ્ચ છે."

"આ એવા લોકો છે કે જો અમે તેમને ધરતીમાં સત્તા આપીએ, તો આ લોકો (સ્વચ્છંદતા તેમજ લૂંટફાટ અને ખુનામરકીમાં પડવાને બદલે) નમાઝની સ્થાપના કરશે, ઝકાત (અનિવાર્ય ધર્મ-દાન)

આપશે, ભલાઈની આજ્ઞા કરશે અને અનિષ્ટ (બૂરાઈઓ)નો નાશ કરશે, અને સંઘર્ષના આવા તમામ મામલાઓનું પરિણામ અલ્લાહના અધિકારમાં છે." (સૂરઃ હજ્જ, ૩૯-૪૧)

★ "અલ્લાહના માર્ગમાં (તેની સત્ય-વ્યવસ્થાની સ્થાપના અને સુરક્ષા માટે) એ લોકોથી લડો, જેઓ તમારા વિરુદ્ધ લડે, પરંતુ અતિરેક ન કરો.[૧] અલ્લાહ અતિરેક કરનારા લોકોને પસંદ નથી કરતો. દુશ્મનોને જ્યાં પણ જુઓ, તેમને જીવતા ન છોડો, અને જ્યાંથી તમને તેમણે બહાર કાઢી મૂક્યા હતા, તમે પણ તેમને કાઢી મૂકો, કેમ કે 'ફિત્નો' અને 'શર' (દીનની સ્થાપનામાં અવરોધ, ઉપદ્રવ અને બૂરાઈ)નું હોવું હત્યાથી પણ મોટી બૂરાઈ છે. તેમના વિરુદ્ધ 'મસ્જિદે-હરામ'ના માહોલમાં ન લડો, ત્યાં સુધી કે તેઓ (પોતે જ આ હુરમતની કાળજીને સમાપ્ત કરીને) તમારા સાથે લડે. પછી જો તેઓ વાસ્તવમાં (હરમની સીમાઓમાં) તમારા સાથે યુદ્ધ કરે, તો તમે પણ (કોઈ સંકોચ વગર) તેમનાથી યુદ્ધ કરો. આ કાફિરો (અર્થાત્ ઇસ્લામી ક્રાંતિના દુશ્મનો)ને આ જ પ્રમાણે તેમની બૂરાઈઓની સજા સુધી પહોંચાડી શકાય છે. પછી જો તેઓ અટકી જાય, તો અલ્લાહ ક્ષમાશીલ-મહેરબાન છે, અને (હા) તેમના વિરુદ્ધ ત્યાં સુધી સૈનિક કાર્યવાહી ચાલુ રાખો કે સત્યની વ્યવસ્થાના માર્ગ પરથી અવરોધો દૂર થઈ જાય અને સમગ્ર જીવન-વ્યવસ્થા અલ્લાહના માર્ગદર્શનના તાબે થઈ જાય. પછી જો (તેઓ) વિરોધ છોડી દે, તો તેમના પર — ગુનેગારો સિવાય — કોઈ પકડ નથી." (સૂરઃ બકરહ, ૧૯૦-૧૯૩)

★ "તમને શું થઈ ગયું છે કે તમે અલ્લાહના માર્ગમાં — અને વિશેષરૂપે એ નિઃસહાય પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને અત્યાચારથી બચાવવા માટે યુદ્ધ કરવા માટે ઊભા નથી થઈ રહ્યા, જેમની સ્થિતિ એ છે કે તેઓ દુઆઓ કરે છે કે - 'હે અમારા રબ ! અમને આ વસ્તીમાંથી બહાર કાઢ, જ્યાંના લોકો અત્યાચારી છે અને અમારા માટે પોતાના તરફથી કોઈને હિમાયતી બનાવીને મોકલ, અને પોતાના તરફથી કોઈને અમારો મદદગાર બનાવીને ઊભો કર." (સૂરઃ નિસા, ૭૫)

૧. વિસ્તૃત વિવરણને અહીં અવસર નથી — પરંતુ એટલો સંકેત કરી દેવો જરૂરી છે કે અતિરેકથી રોકવાનો વ્યાપક અર્થ એ છે કે એક તો ઘઉંની સાથે કીડાઓને પીલી નાખવામાં ન આવે, અર્થાત્ જે તત્ત્વો દેખીતી રીતે શાંતિપ્રિય હોય, તેના પર બળ-પ્રયોગ કરવામાં ન આવે. બીજું - સૈનિક કાર્યવાહી એ હદથી વધારે ન કરવામાં આવે, જેટલી તદ્દન અનિવાર્ય હોય, અને ત્રીજું - યુદ્ધ દરમ્યાન ઇસ્લામની નૈતિક શિક્ષાઓનું પૂરેપૂરું પાલન કરવામાં આવે, અને યુદ્ધના નીતિ-નિયમોનું ધ્યાન રાખવામાં આવે.

★ ''પછી જો તેઓ સંધિ કર્યા પછી પોતાની સંધિને તોડી નાખે અને તમારા મામલાઓમાં પ્રપંચો કરે (અને એ સાબિત કરી દે કે તેઓ ઉપદ્રવ પર ઊતરી આવ્યા છે) તો તમે એ ઇસ્લામ-દુશ્મન શક્તિઓના આગેવાનો સામે હુમલો કરી દો. તેમના માટે સંધિ-સંમજૂતીઓનું કોઈ મહત્ત્વ નથી. કદાચ (તમે તેમની ખબર લો તો) આ લોકો અટકી જાય. શું તમે એવા ટોળા સામે નહીં લડો, જેમણે વચન અને કરારને તોડી નાખ્યા અને જેમણે (ઇસ્લામી આંદોલનના મૂળિયા ઉખેડવા માટે) રસૂલ ﷺ ને (મદીનામાંથી) બહાર કાઢી મૂકવાની યોજના બનાવી અને જેમણે તમારા વિરુદ્ધ ઉપદ્રવ કરવાની પહેલ કરી.'' (સૂરઃ તૌબા, ૧૨)

★ ''જો તમે (જિહાદ માટે) નહીં નીકળો, તો અલ્લાહ તઆલા તમને પીડાકારી સજા આપશે અને તમારી જગ્યાએ સત્તા પર કોઈ અન્ય જૂથને લઈ આવશે, જેનો તમે વાળ પણ વાંકો કરી શકશો નહીં.''
(સૂરઃ તૌબા, ૩૯)

ઇસ્લામના જિહાદના દૃષ્ટિકોણ અને હુઝૂરે પાક ﷺ એ અપનાવેલ યુદ્ધ-નીતિ પર કુર્આનમાં બીજી ઘણી જગ્યાએ નોંધપાત્ર ઉલ્લેખો છે. પરંતુ અમે ખૂબ જ સ્પષ્ટ પ્રકારની એ આયતો અહીં નોંધી છે, જેનાથી સૈદ્ધાંતિક વાતો મળી શકે છે. આ આયતોમાં જે મુદ્દાઓ સમજાવવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે :—

(૧) સર્વાંગીરૂપે ઇસ્લામી સમુદાય વર્ષો-વર્ષથી અત્યાચારનો ભોગ બનતો આવી રહ્યો હતો તથા હુઝૂર ﷺ અને આપના સાથીઓને મક્કાથી દેશનિકાલ કરીને સામૂહિક અત્યાચારનો છેલ્લો પ્રહાર કરવામાં આવી ચૂક્યો હતો. વિરોધી-શક્તિનું વલણ શરૂઆતથી અત્યાચારપૂર્ણ હતું, કેમ કે તેઓ મુસ્લિમ સમાજને વિકસવા જ દેતી નહોતી. તે એ તક જ આપતી નહોતી કે સત્યને પસંદ કરતા લોકો અલ્લાહને પોતાનો રબ (પ્રભુ-પાલનહાર) બનાવીને તેના માર્ગદર્શન હેઠળ જીવનનું નિર્માણ કરી શકે. તેણે આસ્થા અને અભિપ્રાય, અભિવ્યક્તિ, સત્યનું આમંત્રણ અને સામૂહિક વ્યવસ્થાની સ્વતંત્રતાઓને છીનવી લીધી હતી અને તેણે કેટલાય વર્ષો સુધી સજ્જન, શાંતિ-પ્રિય અને ધૈર્યવાન મુસ્લિમ ક્રાંતિકારીઓ પર પાશવી અને હિંસક વાર કર્યા હતા અને છેવટે તેમના માટે પોતાના વતનમાં શ્વાસ લેવાનો અવસર જ છોડ્યો ન હતો.

(૨) ઇસ્લામ પોતાના વિરોધીઓને વધુમાં વધુ હદ સુધી વાતને સમજવા

અને પરિવર્તનને સ્વીકારવાનો અવસર તો આપે છે, અને આ જ અવસર ઉપલબ્ધ કરવા માટે તે પોતાના અનુયાયીઓને ધૈર્યના સમય-ગાળામાંથી પસાર કરે છે. પરંતુ તે એ વાતને સહન નથી કરી શકતો કે તેના ધૈર્યવાન ધ્વજવાહકો સ્થાયીરૂપે પીડા સહન કરીને અત્યાચારીઓના મનના અહંકારને પોષતા રહે. તેનો આશય માનવ-સભ્યતામાં અમુક હિંસક પ્રાણીઓને પાળવા-પોષવા માટે આસાન શિકાર ઉપલબ્ધ કરાવવાનો કદાપિ નથી. તે પોતાના ધૈર્યવાનોને તૈયાર જ એટલા માટે કરે છે કે તેઓ અત્યાચારી શક્તિઓને નેસ્તનાબૂદ કરીને માનવતા માટે વિજયના માર્ગો ખોલી દે.

(૩) અત્યાચારી અને ખંડનાત્મક શક્તિઓનું નિર્મૂલન કરવું એટલા માટે ખૂબ જ મહત્ત્વની સાંસ્કૃતિક જરૂરત છે કે જો બગાડ પેદા કરનારાઓ અને ઉપદ્રવકારીઓને બળપૂર્વક સત્તાથી હટાવી દેવામાં ન આવે અને તેમને કામ કરવાની હંમેશા છૂટ પ્રાપ્ત રહે, તો ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા) અને નેકી અને સૌજન્શીલતાના બધા મૂલ્યો નાશ પામીને રહી જાય.

(૪) ઇસ્લામી ક્રાંતિનો દૃષ્ટિકોણ એ છે કે સમયની જરૂરત અનુસાર તલવારની શક્તિનો ઉપયોગ કરીને સત્તાને એવા હાથોમાંથી છીનવી લેવામાં આવે, જે વિખવાદ, પાશવતા અને હિંસા, બૂરાઈ અને અત્યાચારને પીઠબળ પૂરું પાડનાર હોય અને એ સત્તા એ લોકોના હાથમાં આપવામાં આવે, જેઓ ખુદાપરસ્તી, નમાઝ અને ઝકાતની વ્યવસ્થાને સ્થાપિત કરે, જેઓ નેકીને પ્રસરાવે અને બૂરાઈઓને સમાપ્ત કરે.

(૫) ''એ લોકો સાથે લડો, જેઓ તમારા વિરુદ્ધ લડે'' નો અર્થ એ નથી કે જો ક્યારેક વિરોધીઓ તમારા પર ચઢાઈ કરી દે, તો તમે થોડો-ઘણો બચાવ કરી લો. અહીં ઇશારો એ છે કે એક તો એ લોકો છે જેઓ વિરોધ અને અવરોધમાં સક્રિય નથી, તેથી તેમના સાથે લડાઈ કરવાની જરૂર નથી. પરંતુ એ લોકો જેઓ તમારા કામમાં અવરોધ ઊભા કરે છે તથા લડીને તમને અને તમારી વ્યવસ્થાને સમાપ્ત કરી દેવા તત્પર છે, તેમના વિરુદ્ધ તો તલવાર ઉઠાવ્યા વગર બીજો કોઈ ઉપાય નથી. જરૂરી નથી કે ઇસ્લામી રાજ્ય પર તેમના હુમલાખોર થઈ જવાની રાહ જોવામાં આવે, બલ્કે તેઓ જ્યાં પણ હોય તેમનું માથું કચડી નાખવામાં આવે. તેની સ્પષ્ટ દલીલ પણ આપી દેવામાં આવી છે, અને તે એ કે હત્યા પર હત્યા મૂળભૂત રીતે કોઈ સારું કામ નથી, પણ બીજી બાજુ ઇસ્લામી આંદોલન અને ઇસ્લામી વ્યવસ્થા વિરુદ્ધ ઉપદ્રવ કે અવરોધ તેનાથી પણ ઘણી મોટી બૂરાઈ છે, જેને જો પ્રસરવા દેવામાં આવે તો મૂળથી તે ઇસ્લામના મૂળિયા ઉખેડી નાખે. તેથી અનિવાર્ય છે કે આ મોટી બૂરાઈથી બચવા માટે જિહાદની તલવાર ચલાવવામાં આવે. ત્યાં સુધી સંપૂર્ણ

શક્તિથી લડાઈ કરવામાં આવે કે સત્યના માર્ગની તમામ અવરોધરૂપ શક્તિઓ નેસ્તનાબૂદ થઈ જાય અને સમગ્ર જીવન-વ્યવસ્થામાં અલ્લાહનો સંપૂર્ણ દીન લાગુ થઈ જાય.

(૬) જ્યાં એ તાકીદ કરવામાં આવી છે કે ધાર્મિક પ્રતીકોની હુરમત (પ્રતિષ્ઠાપાત્ર પ્રતીકો/વસ્તુઓ)નું પૂરેપૂરું પાલન કરવામાં આવે, ત્યાં તકવા (ધાર્મિકતા)ની એ ખોટી ધારણાથી મુસલમાનોને બચાવવામાં આવ્યા છે કે જો વિરોધીઓ એ 'હુરમતો'ને તોડીને સીમાનું ઉલ્લંઘન કરે, તો તમે ચુપચાપ ઝબેહ થતા રહો અને હલન-ચલન પણ ન કરો કે 'અમે તો હરમ કે હરામ મહિનાઓનો આદર કરવા મજબૂર છીએ.' જો તેઓ કોઈ 'હુરમત'ને તોડે તો તેમને ભરપૂર જવાબ આપો.

(૭) મુસલમાનોનું ધાર્મિક અને નૈતિક કર્તવ્ય માત્ર પોતાનો જ બચાવ નથી દર્શાવવામાં આવ્યું, બલ્કે માનવતાના નબળા વર્ગ અને વિવશ લોકો જો કોઈ વિસ્તાર કે વાતાવરણ કે વ્યવસ્થામાં પીડાઈ રહ્યા હોય અને તેઓ અત્યાચારી શક્તિઓથી મુક્તિ મેળવવા માટે તત્પર હોય, તો ઇસ્લામી વ્યવસ્થાની ફરજ છે કે તેમની પોકારને સાંભળે, અર્થાત્ ઇસ્લામી આંદોલનને તમામ આદમની સંતાન માટે મુક્તિદાતા બનાવવામાં આવેલ છે અને તેનું વાસ્તવિક વ્યપાક કર્તવ્ય સંસ્કૃતિ અને ધર્મના ઉચ્ચતમ્ મૂલ્યોનું જતન અને સુરક્ષા છે.

(૮) અવરોધોને તોડવા માટે સંધિ અને સમજૂતી પણ એક શાંતિ-પ્રિય સાધન છે અને આ સાધનથી રસૂલે પાક ﷺ એ પૂરેપૂરું કામ લીધું. પરંતુ સંધિનું ઉલ્લંઘન કરનારાઓ વિશે કુર્આને કઠોર તાકીદ કરી કે તેમના મગજને બળથી જ ઠેકાણે લાવવામાં આવે. વિશેષરૂપે એવા તત્ત્વો, જેઓ વચન તોડીને ઇસ્લામી કેન્દ્રને તારાજ કરવા, વ્યવસ્થાના વડાને બરતરફ કરવા અને સ્થાપિત વ્યવસ્થાને અસ્ત-વ્યસ્ત કરવા માટે યોજનાઓ બનાવે અને પછી ઉપદ્રવ કરવામાં પહેલ કરે. ભલે તેઓ યુદ્ધની જાહેરાત ન પણ કરે, તો પણ તેમનું દરેક કૃત્ય એલાને-જંગ છે, તેમને ફૂલવા-ફાલવાની તક આપવામાં ન આવે.

(૯) આ જ અનુસંધાનમાં એ વાતનું મુસ્લિમ શાસનને ધ્યાન અપાવવામાં આવ્યું છે કે સૈનિક કાર્યવાહીનો મૂળ હેતુ લોકોના પ્રાણ લેવાનો નહીં, બલ્કે કુફ્રના વડાઓ અને ક્રાંતિની દુશ્મન નેતાગીરીઓને કચડવાનો છે.

(૧૦) જિહાદના કર્તવ્યને અદા કરવામાં ગફલત અને નિષ્કાળનો અર્થ એ

બતાવવામાં આવ્યો છે કે તમારું આ રાજ્ય, તમારી આ સત્તા, તમારી આ વ્યવસ્થા સમાપ્ત થઈ જશે. તમે આગળ નહીં વધો, તો વિરોધી શક્તિઓ ઉમટીને આવશે અને તમને હટાવીને, બલ્કે સંપૂર્ણ પાયમાલ કરીને પોતાનો સિક્કો ચલાવશે. પછી તમે વિલે મોઢે જોયા કરશો અને શ્વાસ પણ નહીં લઈ શકો. વિચારી લો કે આવી પરિસ્થિતિમાં તમે કેટલી કઠોર યાતનામાંથી પસાર થશો.

''તમે નહીં, કે અમે નહીં...''

આ સંકેતોના પ્રકાશમાં ઇસ્લામના જિહાદના દૃષ્ટિકોણને મનો-મસ્તિષ્કમાં ઉતાર્યા વગર આપણે એ ઘમાસાણ યુદ્ધોનું સ્વરૂપ સમજી જ શકતા નથી, જે ઇસ્લામી ક્રાંતિના ધ્વજવાહકો અને ક્રાંતિના દુશ્મનો વચ્ચે થયા. સમજવાની મૂળ હકીકત ફક્ત એક છે અને તે એ કે આરબ પ્રદેશના યુદ્ધોના ઇતિહાસમાં બે શક્તિઓ સામ-સામે આવી ગઈ હતી. એક શક્તિ ભ્રષ્ટ અને અત્યાચારી વ્યવસ્થાથી પ્રજાને મુક્તિ અપાવીને શાંતિ અને ન્યાયનો નવો યુગ પેદા કરવા માગતી હતી; બીજી શક્તિ જર્જરિત અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાને યથાવત રાખવા ઇસ્લામી આંદોલનને નષ્ટ-વિનષ્ટ કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહી હતી. બંનેની વિચારધારાઓ અને ઉદ્દેશ્યોમાં કોઈ સમાધાન સંભવ ન હતું, અને ન તો લેવડ-દેવડ કરીને પક્ષકારો કોઈ સોદો કરી શકતા હતા. સ્થિતિ 'તમે નહીં, કે અમે નહીં'ની હતી, અથવા પ્રખ્યાત અંગ્રેજી કહેવત અનુસાર એમ કહો કે - '' તમે તેમને પહેલા મારી નાખો, નહિં તો તેઓ તમને સમાપ્ત કરી નાખશે' જેવી સ્થિતિ હતી. મામલાનું સ્વરૂપ એ છે, જે એક માળી અને જંગલના હિંસક પ્રાણીઓ વચ્ચે ત્યારે પેદા થઈ જાય છે, જ્યારે કોઈ મહેનતકશ વ્યક્તિ વેરાન જમીનને તૈયાર કરીને તેમાં બગીચો બનાવવા લાગે. તે જો જંગલી પ્રાણીઓ સાથે સંઘર્ષ નથી કરતો તો તેનો બગીચો નાશ પામશે અને બગીચાનું જો તેને સંવર્ધન કરવું તો જંગલી પ્રાણીઓ માટે છેવટે તેણે નિર્દયી બનવું પડશે. ઇતિહાસમાં કોઈપણ સર્વગ્રાહી ક્રાંતિ એવી નથી આવી, જેના પ્રગટ થવા પર તેના ધ્વજવાહકો અને વિરોધીઓ વચ્ચે આવી જ નિર્ણાયક પરિસ્થિતિ ઊભી ન થઈ હોય. આ હકીકત જો મનો-મસ્તિષ્કમાં બેસી જાય, તો મૂળથી એ નકામી ચર્ચા બિનજરૂરી બની જાય છે કે ઇસ્લામી યુદ્ધોનું સ્વરૂપ રક્ષાત્મક હતું કે રક્ષાત્મક ન હતું. એ અતાર્કિક વાંધાનો માર્ગ પણ બંધ થઈ જાય છે કે તલવારનો પોતાની વાત મનાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો કે નહીં. પછી જરૂર એ વાતની પણ નથી રહેતી કે એકે-એક લડાઈને અલગ-અલગ લઈને તેના તાત્કાલિક અને સામયિક પરિબળો તથા પ્રેરકબળોની શોધખોળ કરવામાં આવે, અને જાણી-જોઈને તથ્યો અને હકીકતોને ખોટો રંગ

આપનારાઓને વિશ્વાસ અપાવવામાં આવે કે મુસ્લિમ શાસનને આ યુદ્ધ સ્વબચાવ માટે નછૂટકે લડવું પડ્યું અને તેની મૂળ જવાબદારી બીજા પક્ષકારની હતી. આજે આપણે જ્યારે જોઈએ છીએ કે આપણા કેટલાક વિદ્વાન પુરોગામીઓએ વિભિન્ન યુદ્ધો અને વિશેષરૂપે શરૂઆતના 'બદ્ર'ના યુદ્ધના પરિબળો અને પ્રેરકોની સમીક્ષા કરવામાં અને સ્થિતિની એક વિશેષ રૂપરેખા તૈયાર કરવામાં ખરાબ રીતે મગજનું માખણ કર્યું છે, તો આશ્ચર્ય થાય છે કે આવી-આવી સૂક્ષ્મ વાતોનું ધ્યાન રાખનારાઓને એ સીધી-સાદી બુનિયાદી હકીકત કેમ હાથ ન લાગી, જેને એક વાર સ્પષ્ટ કરીને તેઓ ક્ષમાપાત્ર દૃષ્ટિકોણથી મુક્તિ પામી લેતા. સીરત વિશે તેમણે કરેલ અથાગ મહેનતના પરિણામે પ્રાપ્ત થયેલ મૂલ્યવાન સિદ્ધિઓમાં એવી ઝલક મળે છે, જાણે આ સ્થાન તો બસ પશ્ચિમવાદીઓનું જ છે કે તેઓ નિર્ણય કરે કે હકીકત શું હતી અને શું ન હતી ! અને આપણે લોકો તેમના દરબારમાં પોતાની સફાઈનું નિવેદન લખાવીને કાલાવાલા કરીને એક-એક વાત રજૂ કરતા ફરીએ અને પછી એ 'ઉચ્ચ ન્યાયાધીશ'ના ચહેરાને વાંચ્યા કરીએ કે કેવી અસર થઈ રહી છે ! અમે ચર્ચા-ગોષ્ઠીના આ અનુક્રમને બદલી નાખવા માગીએ છીએ. આપણા દીન (ધર્મ), આપણા ઇતિહાસ અને આપણા નબી ﷺ ની સીરત (જીવન-ચરિત્ર)ને સમજવા-સમજાવવાની સૌથી મોટી ઑથોરિટી આપણે પોતે છીએ અને આપણો દીન અને આપણા રસૂલ ﷺ પોતાના પાસેથી આપણને વિચાર અને દૃષ્ટિના માપદંડો આપે છે. સૌપ્રથમ સ્થાને આપણે પોતે આપણા મામલાઓની જાંચ-તપાસ કરવાવાળા છીએ. પશ્ચિમના લોકો હોય કે ઉત્તરના કે દક્ષિણના – તેમનું એ સ્થાન જ નથી કે તેઓ આપણને આપણો દીન અને આપણો ઇતિહાસ શીખવાડે. તેમનું સ્થાન એ છે કે તેઓ આપણાથી જાણકારી મેળવે કે આપણા દીન અને ઇતિહાસની કઈ હકીકતનો શું અર્થ થાય છે. એ આપણું કામ છે કે આપણા ભૂતકાળની સિદ્ધિઓના અર્થ અને અર્થઘટન આપણે પોતે વર્ણવીએ. એ આપણી જવાબદારી છે કે આપણે આપણા ત્યાંની પરિભાષાઓનો ઉદ્દેશ્ય સમજાવીએ. આપણા દીન, આપણા ઇતિહાસ અને આપણા નબી ﷺ ની સીરતને મૂળથી એ કસોટીઓ સ્વીકાર્ય જ નથી, જે પ્રાચીન ઈસાઈ ચર્ચ કે આધુનિક ભૌતિકવાદી સભ્યતાએ ઘડી છે. આપણે એ અસત્ય અને ખોટી કસોટીઓ પર આપણા ભૂતકાળની ધરોહરની જાંચ-પડતાલ કરીને બતાવવા માટે તૈયાર જ નથી.

મદીનાની સૈનિક કાર્યવાહીઓનું સ્વરૂપ

આ પ્રાયોજિત વાક્યના પ્રકાશમાં એ વાત ખૂબ સારી રીતે નજર સામે રાખો કે ઇસ્લામી રાજ્યની સૈનિક કાર્યવાહીઓ ન તો બે સલ્તનતોની પરસ્પર અથડામણનું

સ્વરૂપ ધરાવે છે, અને ન તે બે ધાર્મિક ફિરકાઓની પરસ્પર ટક્કરની વ્યાખ્યામાં આવે છે. અહીં સિકંદર અને નેપોલિયનની જેમ દુનિયા જીતવાની કોઈ યોજના ન હતી અને ન હૉલેન્ડ, ફ્રાન્સ અને ઇંગ્લેન્ડની જેમ સ્વતંત્ર કોમોની સ્વતંત્રતા છીનવીને ઉપનિવેશ (Colonization) ઊભા કરવાનો કોઈ કાર્યક્રમ હતો. અહીં એક જ દેશ અને એક જ વંશના લોકો વચ્ચે સંઘર્ષ એ વાતનો હતો કે એક પક્ષકાર નવ-નિર્માણ માટે નિઃસ્વાર્થ કુરબાનીઓ આપી રહ્યો હતો અને બીજો તેને નિષ્ફળ બનાવવા, બલ્કે નેસ્તનાબૂદ કરવા માટે તત્પર હતો. ઇતિહાસની અત્યંત કલ્યાણકારી ક્રાંતિના વિરુદ્ધ કુરૈશ, યહૂદીઓ અને ગ્રામ્ય કબીલાઓ પ્રત્યાઘાતી ભાવાવેશમાં બહેકીને એવા-એવા નિમ્ન પ્રકારના કૃત્યો, દુષ્ટતાઓ, ધૃષ્ટતાઓ તથા ખૂની યુક્તિઓ એક-પછી-એક કરી રહ્યા હતા, જેને અમે ઉપર વર્ણવી ચૂક્યા છીએ. વર્ષોના વૈમનસ્યભર્યા પગલાઓ પશ્ચાત્ હવે પછી આગળનું પગલું તેમના માટે આ જ રહી ગયું હતું કે તેઓ પ્રકોપિત તલવારને તદ્દન મ્યાનમાંથી કાઢીને ખુલ્લા મેદાનમાં આવી જાય અને તેમનું ચાલે તો આ ઝઘડાને હંમેશ માટે સમાપ્ત કરી નાખે. તેથી આગળ-આગળ કુરૈશ ઊભા થયા અને તેમના પાછળ બીજા તત્ત્વો ! — પરંતુ છેવટે તેમનું પોતાનું જ અસ્તિત્વ મટી ગયું. આ યુદ્ધોનું સ્વરૂપ — કોઈપણ પ્રકારના સંદેહ વગર — એવું જ હતું, જેમ કે રશિયામાં ફેબ્રુઆરીની ક્રાંતિથી ઑક્ટોબરની ક્રાંતિ સુધી લડાઈઓ થઈ, અથવા ફ્રાન્સની ક્રાંતિ હેઠળ શાહ (રાજા)ના તરફદારો અને ક્રાંતિકારીઓ વચ્ચે અથડામણો થઈ, અથવા જેમ કે અમેરિકામાં ગૃહ-યુદ્ધ (Civil War) થયું. મક્કા અને મદીનાની લડાઈઓ પણ અર્થની દૃષ્ટિએ એક પ્રકારનું ગૃહ-યુદ્ધ જ હતું. આ ગૃહ-યુદ્ધના ઝઘડાનું સૌથી પહેલું મૂળ એ હતું કે માનવતાના પયગંબર ﷺ પૂર્વજોના અજ્ઞાનતાપૂર્ણ ધર્મના આંધળા અનુકરણને છોડીને અલ્લાહના માર્ગદર્શન અનુસાર એક આધુનિક-જ્યોતિર્મય વિચારધારા અપનાવી રહ્યા હતા અને કુરૈશ તેમને અંતરાત્માની આઝાદીથી કામ લેવાનો અધિકાર આપવા માગતા નહોતા. અજ્ઞાનતાના રખેવાળોએ બળજબરીથી હિંસાથી કામ લઈને નવયુવાનોની ચેતનવંતી શક્તિને આસ્થા અને પંથની આઝાદીથી વંચિત રાખવાની કોશિશ કરી, અને આ ચેતનવંતી શક્તિએ પોતાનો સ્વાભાવિક હક્ક પ્રાપ્ત કરવા અને બીજાઓને આ જ હક્ક ઉપલબ્ધ કરાવવા કમર કસી લીધી.

મદીનાના રાજ્યના આરંભિક દસ વર્ષની સૈનિક કાર્યવાહીઓનું એ વિશિષ્ટ સ્વરૂપ જાન-હાનિના આંકડાઓ સામે રાખવાથી સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે. માનવું પડે છે કે હુઝૂર ﷺ એ 'ઓછામાં ઓછી ખુનામરકી'નો સિદ્ધાંત સામે રાખ્યો, અને નામ-માત્ર હદ સુધી ઓછામાં ઓછી જાન-હાનિની સાથે દસ લાખ

ચોરસ માઈલ ધરાવતું રાજ્ય સ્થાપીને બતાવ્યું. મુસ્લિમ શહીદો અને માર્યા ગયેલા દુશ્મનોની કુલ સંખ્યા જે ક્રાંતિને પરિપૂર્ણતાને આરે પહોંચાડવા માટે કામ આવી, તે અનુક્રમે ૨૫૫ અને ૭૫૯ છે.(૧) લાખો આરબોના કલ્યાણ અને સફળતાનો માર્ગ ખોલવા માટે કેવળ ૭૫૦ અવરોધરૂપ લડનારાઓનો નાશ કરવો પડ્યો. હવે જરા આ સંખ્યાને સામે રાખીને વાંધાઓ ઊભા કરનારાઓ પોતાના દૃષ્ટિકોણો અને વિચારધારાઓને ઇતિહાસમાં ગોઠવીને જુએ. આ યુદ્ધો જો ધાર્મિક પ્રચાર માટે થયા હોત, તો ન માત્ર એ કે ખ્રિસ્તીઓ અને યહૂદીઓની જેમ તેમાં સૌથી ખરાબ અત્યાચારોથી કામ લેવામાં આવ્યું હોત; બલ્કે તેનાથી ઘણી વધારે સંખ્યા તો એક-એક યુદ્ધમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હોત. જો વિજયની મહત્ત્વાકાંક્ષાઓની સાથે હુઝૂર ﷺ ઊભા થયા હોત, તો જે રીતે મોટા-મોટા યોદ્ધાઓએ દિલ ખોલીને ખુનામરકીઓ કરી છે અને ઇતિહાસના પાલવને લોહી-રંગે રંગીન કરી દીધો છે, એ રીતે આપ ﷺ એ પણ આરબ પ્રદેશના રણના કણ-કણને માનવ-લોહી પીવડાવી દીધું હોત. આ જો બે જુદી-જુદી સલ્તનતોની અથડામણ હોત, તો પણ જાન-હાનિ ખૂબ મોટી સંખ્યામાં થવી જોઈતી હતી. એ જ પ્રમાણે યુદ્ધ-કેદીઓની સંખ્યા આમ તો ૬૫૬૪ હતી, પરંતુ તેમાંથી માત્ર બે કેદીઓને તેમના સાબિત ગુનાઓના કારણે મૃત્યુ-દંડ આપવામાં આવ્યો, ૬૩૪૭ ને મુક્ત કરી દેવાનું પ્રમાણિત છે. 'રહમતુલ લિલ આલમીન ﷺ' પુસ્તકના લેખકે આ વિશે ખૂબ સંશોધન કરીને બતાવ્યું છે કે માત્ર ૨૧૫ કેદીઓ વિશે હજુ સ્પષ્ટતા નથી થઈ શકી. સંભવતઃ પછીના લોકો તેમના વિશે તપાસ કરવામાં સફળ થઈ જાય. અનુમાન એવું છે કે આ લોકો ઇસ્લામ કબૂલ કરીને મુસ્લિમ સમાજનું અંગ બની ગયા હશે. અહીં તો એક વિકસતી વ્યવસ્થા અને પોતાની પરિપૂર્ણતાએ પહોંચતા રાજ્યને આંતરિક અવરોધોનો સામનો હતો અને એક જ ધરતીના નજીકના સંબંધો ધરાવતા રહેવાસીઓની વચ્ચે ઝઘડો ઊભો થઈ ગયો હતો. આ ઝઘડાનું ખૂબ થોડા સમયમાં ત્રણ-ચાર મોટી-મોટી લડાઈઓ પછી ખૂબ ઓછી જાન-હાનિના અંતે નિવારણ થઈ ગયું, કેમ કે વાસ્તવમાં આનો નિર્ણય લોકમતના વિશાળ વર્તુળમાં થઈ રહ્યો હતો.

વિચાર કરી શકાય છે કે જો સરવરે આલમ ﷺ ની જગ્યાએ સાચા અર્થમાં કોઈ લડાકુ વ્યક્તિ મેદાનમાં આવ્યો હોત, તો શું એ સંભવ હતું કે તે પોતાના સૈનિકોને બદ્રના ઘમાસાણ યુદ્ધમાં એ નિર્દેશ આપતો કે - 'બનુ હાશિમને ન મારજો, કેમ કે તે પોતાની મરજીથી લડવા નથી આવ્યા, નછૂટકે સામેલ થયા છે. અબ્બાસ

૧. રહમતુલ લિલ આલમીન ﷺ, લે. કાઝી સુલૈમાન મન્સૂરપૂરી, ભા-૨, પૃ. ૨૬૫.

બિન અબ્દુલ મુત્તલિબ અને અબૂલ બખ્તરી બિન હિશામને ન મારજો.' (અબૂલ બખ્તરી ભૂલથી માર્યો ગયો હતો.) શું એ કલ્પના કરી શકાય છે કે બદ્રના કેદીઓની બેચેનીથી પ્રભાવિત થઈને મદીનાનો વિજેતા હાકેમ શાંતિથી ઊંઘી ન શકે અને રાત્રે જઈને તેમના બંધનો ઢીલા કરી આવે !! શું એ સમજમાં આવે છે કે ખુનામરકી માટે કોઈ યોદ્ધો ઊભો થયો હોત, તો તે બરાબર યુદ્ધની વચ્ચે મક્કાની દરખાસ્ત પર ખાદ્ય-સામગ્રીનો અટકી ગયેલ પુરવઠો યમામાથી જારી કરાવતો, બલ્કે પાંચસો અશરફીઓ દુષ્કાળ-પીડિત ગરીબો માટે પોતાના તરફથી મોકલાવતો !! ઉપરાંત, મક્કા-વિજયના દિવસે જે વ્યક્તિની વિજય-પતાકા આકાશોમાં લહેરાઈ રહી હતી, તે જો હઝરત મુહમ્મદ ﷺ ના બદલે કોઈ બીજો હોત અને તેનું મિશન સત્યની વ્યવસ્થાના પ્રભુત્વ સિવાય કોઈ બીજું હોત, તો શું તે પંદર-વીસ વર્ષના પાશવી અને બર્બર અત્યાચારોના જખમોના ભારે ઇતિહાસને માફી અને દરગુજરની અભરાઈએ ચઢાવીને 'لَا تَثْرِيبَ عَلَيْكُمُ الْيَوْمَ - اذهبوا فانتم الطلقاء!' (આજે તમારી કોઈ પકડ નથી, જાઓ - તમે સૌ આઝાદ છો)નું એલાન કરી શકતો ? જી ના, કોઈ બીજો હોત તો તેણે મક્કાની ગલીઓમાં કુરૈશના લોહીની નદીઓ વહાવી દીધી હોત !!

વાસ્તવમાં હુઝૂર ﷺ ને નછૂટકે મેદાનમાં ઊતરવું પડ્યું, કેમ કે 'શહાદત ગહે ઉલ્ફત' (પ્રેમની વેદી)ની બહાર-બહાર કોઈ માર્ગ લક્ષ્ય તરફ જતો જ ન હતો. પરંતુ આપ ﷺ જમીનના ટુકડાઓને બદલે હૃદયોને જીતવા માગતા હતા. આપ તલવારના બળે શરીરોને આજ્ઞાંકિત બનાવવાને બદલે દલીલોથી દિમાગોને અને સદાચારથી દિલોને આધીન કરવા માગતા હતા. આપ ﷺ નો ખરો સંઘર્ષ તો લોક-મતના મેદાનમાં હતો અને આ મેદાનમાં પ્રતિસ્પર્ધીઓએ હાર પર હાર વેઠી, અને ઝડપથી બાજી હારતા ચાલ્યા ગયા. સૈનિક કાર્યવાહીઓ આ સંઘર્ષનો ખૂબ નાનો હિસ્સો છે, જે હુઝૂર ﷺ એ ક્રાંતિના દુશ્મનો સામે કરવી પડી.

હુઝૂર ﷺ ની યુદ્ધ વ્યૂહ-રચના

માનવતાના ઉપકારક ﷺ ની યુદ્ધ-નીતિનો મૂળભૂત નિયમ એ હતો કે વિરોધી લોકોનું લોહી વહાવવાને બદલે તેમને વિવશ કરી દેવામાં આવે, ત્યાં સુધી કે કાં તો તેઓ સહયોગ કરે અથવા વિરોધ છોડી દે. તેથી હુઝૂર ﷺ ના પવિત્ર જીવનના પ્રકરણોને જે સંશોધકો અને વિચારકોએ આપણા સામે ખુલ્લા કર્યા છે, તેમાં ભારત-પાકિસ્તાનની ધરતીના એક ગૌરવપાત્ર સુપુત્ર ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી છે. તેમણે સરવરે આલમ ﷺ ની યુદ્ધ-નીતિને આ પ્રમાણે વર્ણવી છે :—

"વાસ્તવમાં હુઝૂર ﷺ એ દુશ્મનને નેસ્તનાબૂદ કરવાની જગ્યાએ મજબૂર કરવાનું પસંદ કર્યું."(૧)

"હુઝૂર ﷺ ની રાજ-નીતિ કુરૈશને તબાહ અને નાબૂદ કરવાની ન હતી, બલ્કે તદ્દન સુરક્ષિત કરીને વિવશ અને પરાધીન કરી નાખવા પર આધારિત હતી."(૨)

હુઝૂર ﷺ એ અપનાવેલ ઉપાયોની વિગત આપીને અને ઘટનાક્રમોનું વિશ્લેષણ કરીને વિદ્વાન સંશોધકે પોતાના આ દૃષ્ટિકોણને અત્યંત ખૂબીથી સાબિત કરેલ છે. આ નીતિ માટે હુઝૂરે પાક ﷺ એ નીચે દર્શાવેલ કાર્ય-પદ્ધતિ અપનાવી :—

— પોતાની રક્ષાત્મક શક્તિનું સંખ્યા, સંગઠન, સમર્પણ, યુદ્ધની તૈયારી અને નૈતિક પ્રશિક્ષણની રીતે ઝડપથી સંવર્ધન કર્યું અને પછી તેને યંત્રની જેમ સક્રિય રાખી અને વિરોધી શક્તિઓને પ્રભાવ અને ડરનું લક્ષ્ય બનાવી.

— મક્કાવાસીઓના વેપારી રાજ-માર્ગની નાકાબંદી (Blockade) કરીને તેમનું જોર તોડી નાખ્યું.

— સંધિ-સંબંધો દ્વારા વિભિન્ન કબીલાઓને ક્રમશઃ દુશ્મનથી તોડીને પોતાની સાથે લઈ લીધા.

— સૈનિક કાર્યવાહી માટે ક્યારેક અચાનક કોઈ પ્રસંગે દુશ્મનને તૈયારીનો અવસર આપ્યા વગર તેમના પર હુમલો કરી દીધો (જેમ કે મક્કા-વિજય), ક્યારેક અનપેક્ષિત માર્ગ અપનાવીને અને હિલચાલનું લક્ષ્ય અને હેતુને ગુપ્ત રાખીને વિરોધી શક્તિને ભ્રમણામાં નાખી (જેમ કે બની મુસ્તલિકનું યુદ્ધ), ક્યારેક પોતાના યુદ્ધની વ્યૂહ-રચના અગાઉથી પોતાના પક્ષમાં કરી લીધી (જેમ કે બદ્રનું યુદ્ધ) અને ક્યારેક કોઈ એવી નવી રક્ષાત્મક યુક્તિ અપનાવી, જેનો અનુભવ દુશ્મનને અગાઉ ન રહ્યો હોય (જેમ કે ખન્દકનું યુદ્ધ).

મદીના રાજ્યની સમગ્ર દસ વર્ષીય રક્ષાત્મક વ્યવસ્થા ઉપર દર્શાવેલ સૈદ્ધાંતિક નીતિનો સ્પષ્ટ પુરાવો છે. વધુમાં, જ્યારે તેના સાથે સરવરે આલમ ﷺ ના એ ઉચ્ચતમ્ દૃષ્ટિકોણને લઈએ છીએ છીએ, જે પોતાનામાં કોઈ વિજેતાને બદલે એક ધર્મ-પ્રચારક જેવો આત્મા રાખે છે અને એક લડાકુ યોદ્ધા જેવા ક્રોધાવેશના બદલે એક શિક્ષક જેવી સહાનુભૂતિ અને શુભકામનાની ઊંડી ભાવનાનું પ્રતિબિંબ છે, ત્યારે એ તમામ વાંધાઓ ઉઠાવવાની પ્રવૃત્તિઓ નકામી અને નિરર્થક ઠરે છે, જે

૧. 'અહદે નબવી કે મૈદાન-હાએ જંગ', ડૉ. હમીદુલ્લાહ સિદીકી, પૃ. ૪૪.
૨. 'અહદે નબવી મેં નિઝામે હુકમરાની', ડૉ. હમીદુલ્લાહ સિદીકી, પૃ. ૨૪૯.

કરનારાઓએ કરી અને પછી આપણે તેમની ચોખવટ આપવા માટે ઘટનાની રૂપરેખાને જ વિકૃત કરવા બેસી ગયા. હુઝૂરે પાક ﷺ ના દિલમાં માનવતા માટે જે સહાનુભૂતિપૂર્ણ સુધારાત્મક ભાવના કાર્યરત હતી, તેને દર્શાવવા માટે અમે કેટલીક કોમો તરફ સંકેતો કરીએ છીએ :—

મક્કામાં જ્યારે અત્યાચારોનો મારો ખૂબ વધી ગયો અને કુરૈશના ક્રોધનો અગ્નિ ભડકે બળવા લાગ્યો, તો તે વખતે હિંસાના મોરચે બે ખૂબ જ સક્રિય વ્યક્તિઓ હુઝૂર ﷺ ની સામે હતી. એક અબૂ જહલ અને બીજા ઇબ્ને ખત્તાબ. આવા કટ્ટર દુશ્મનો વિશે દુનિયાના કોઈ રાજકારણીનું મન તીવ્ર દુશ્મનાવટમાં પડ્યા વગર ન રહેતું, અને તે હૃદયપૂર્વક તેમના સર્વનાશનો અભિલાષી રહેતો. પરંતુ હિંસાની ગરમ ભઠ્ઠીમાં પીડા પર પીડા સહન કરતાં હુઝૂર ﷺ આજીજીપૂર્વક એ દુઆ કરે છે કે અલ્લાહ ! આ બંનેમાંથી ઓછામાં ઓછા કોઈ એકને ઇસ્લામી મોરચે લઈ આવ. આ દુઆ સાક્ષી આપે છે કે માનવતાનો ઘડવૈયો પોતાના વિરોધીઓના સર્વનાશ પર તેમની સુધારણાને પ્રાધાન્યતા આપતો હતો અને છેલ્લા શ્વાસ સુધી તેમનાથી સારી અપેક્ષાઓ રાખતો હતો અને આ દુઆ હઝરત ઉમર رضي الله عنه ના ઇસ્લામ સ્વીકારથી પૂરી થઈ.

બીજો પ્રસંગ તાઈફના રહેવાસીઓના હાથે તેમની ભલાઈના ગુનાસર જખમી થવાનો છે. દુનિયાની રાજનીતિના કોઈ ઝંડાધારીથી આ પ્રસંગે તમે તેના સિવાય બીજી કોઈ આશા નથી કરી શકતા કે તેના હૃદયના દરવાજાઓ આ લોકો માટે હંમેશ માટે બંધ થઈ જાય અને તેનું ચાલે તો તે એ જ વખતે આખી વસ્તીને ઊંધીચત્તી કરી નાખે, નહિં તો આ જખમ તેના કાળજામાં આખી ઉંમર તાજો રહેતો અને જ્યારે પણ તેને શક્તિ પ્રાપ્ત કર્યા પછી પહેલી તક મળતી તો તે આવા નીચ અને નાલાયક શહેરને ખેદાન-મેદાન કરી નાખે. હુઝૂર ﷺ ના સાથીનું હૃદય જ્યારે તાઈફની આ અત્યાચારપૂર્ણ કાર્યવાહીથી ચિરાઈ જાય છે, તો તે ખરેખર આ જ દિશામાં વિચારે છે અને અરજ કરે છે કે આ લોકો માટે બદ્દુઆ કરો (શ્રાપ આપો). — બલ્કે જિબ્રઈલ عليه السلام પણ મનમાં આવી લાગણી છે કે નહીં તેની કસોટી કરવા આ પ્રસ્તાવ મૂકી દે છે કે ઇશારો કરો તો પહાડોનો ફરિશ્તો મક્કા અને તાઈફને પહાડોની વચ્ચે પીસીને મૂકી દે. પરંતુ હુઝૂર ﷺ કહે છે કે ના, આ લોકો અણસમજના કારણે ખોટા માર્ગે ચાલી રહ્યા છે. જો આ લોકો નથી માનતા, તો તેમની સંતાનો સચ્ચાઈના સંદેશને કબૂલ કરીને એક અલ્લાહના ઉપાસક બનશે.

ત્રીજો પ્રસંગ એ છે, જ્યારે ઉહદના મેદાનમાં મુસલમાનોને કેટલીક ભૂલોના કારણે અલ્લાહ તરફથી ચેતવણીરૂપે પરાજયની સ્થિતિમાં નાખવામાં આવ્યા હતા,

અને સ્વયં હુઝૂર ﷺ ને પણ ભારે ઇજાઓ થઈ હતી. આ સમય એવો હતો કે અત્યંત તીખી ભાવનાઓ ઉભરી આવી હતી. આ પરિસ્થિતિથી ઉચિત રીતે પ્રભાવિત થનારા કેટલાક સાથીઓએ અરજ કરી કે આપ ﷺ આ મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) માટે અલ્લાહથી બદ્દુઆ કરો કે તેમના પર ફિટકાર પડે. આપ ﷺ એ જવાબ આપ્યો કે મને ફિટકાર વરસાવનાર બનાવીને નથી મોકલવામાં આવ્યો, બલ્કે હું એક સંદેશ પહોંચાડવા અને દયાની ખુશખબરી સંભળાવવા માટે નિયુક્ત છું. આમ કહીને રણભૂમિમાં હુમલો કરીને સખત નુકસાન પહોંચાડનાર દુશ્મનો માટે આ રીતે દુઆ કરી કે, ''હે અલ્લાહ ! મારી કોમના લોકોને માર્ગદર્શન આપ, કેમ કે તેઓ (સાચી હકીકતને) જાણતા નથી.'' અર્થાત્ કુરૈશની તલવારોના જખમ ખાઈને પણ એ લાગણી નથી ઉભરતી કે તેમનો સર્વનાશ થઈ જવો જોઈએ, બલ્કે યુદ્ધની હાલતમાં પણ એ જ ઝંખના અને આશા છે કે તેમને માર્ગદર્શન મળી જાય.

ખૈબરના યુદ્ધ વખતે કમૂસના કિલ્લાને ફતેહ કરવા માટે હઝરત અલી رضي الله عنه ને સરવરે આલમ ﷺ એ વિશેષ-જ્ઞાન પ્રદાન કરતાં તાકીદ કરી કે :–

''હે અલી ! જો તમારા દ્વારા એક વ્યક્તિને પણ માર્ગદર્શન પ્રાપ્ત થઈ જાય, તો એ તમારા માટે સૌથી મોટી ને'મત (કૃપા) હશે.''

અર્થાત્ મૂળ હેતુ દુશ્મનની જાન-હાનિ અને ખુનામરકી નથી, બલ્કે પ્રાથમિકતા એ વાતને છે કે વધારેમાં વધારે વ્યક્તિઓના મનો-મસ્તિષ્કમાં પરિવર્તન આવી જાય અને તેઓ નવીન વ્યવસ્થાનો સ્વીકાર કરી લે.

આ અમુક પ્રચલિત પ્રસંગો અમે માત્ર નમૂનારૂપે લીધા છે, નહિં તો એવા પુરાવાઓની કમી નથી, જેનાથી હુઝૂર ﷺ નો મૂળભૂત દૃષ્ટિકોણ સામે આવી જાય છે. લડાઈ અને ખુનામરકી કરનારા લોકો ક્રોધ અને પ્રકોપમાં ગ્રસ્ત અને ઉતાવળા હોય છે; તેનાથી વિપરીત આપણે માનવતાના ઉપકારક ﷺ ને ધૈર્યવાન ઇરાદાવાળા અને લાંબા સમય સુધી ઉત્સાહ અને આશાથી સંપન્ન જોઈએ છીએ, અને આપ ﷺ ની રાજનીતિમાં શક્તિના ઉપયોગના બદલે હિકમત (વિવેકબુદ્ધિ અને ડહાપણ) તથા હોશિયારી અને ચતુરાઈ કામ કરતી દેખાય છે. રાજકીય બુદ્ધિમત્તા અને હોશિયારીનો એનાથી મોટો ચમત્કારિક પુરાવો બીજો કયો હશે કે હુઝૂર ﷺ મદીનામાં જતાં જ વિભિન્ન વર્ગો અને જૂથોને વાર્તાલાપથી જોડીને ઇસ્લામી રાજ્યની આધારશિલા મૂકી દે છે. લોહીનું એક ટીપું વહાવ્યા વગર કોઈ ક્રાંતિકારી વિચારધારા પર રાજ્યની વ્યવસ્થાને સહજ રીતે અમલી બનાવી દેવાનું ઉદાહરણ આખા ઇતિહાસમાં નહીં મળી શકે. સાચા અર્થમાં લોહીવિહિન (Bloodless) ક્રાંતિ આપણને આ જ એક મળે છે, જેના પાયાઓમાં માનવીય લોહીનું એક ટીપું ન પડ્યું અને જેના પાયાના

પથ્થરોમાં કોઈ એક આદમની સંતાનની લાશ સામેલ નથી. આ બુદ્ધિને ચકિત કરી દેનાર ઘટના સ્વયં નુબૂવ્વતના સ્વભાવની વિશિષ્ટ શાનનું પ્રતિબિંબ છે.

એ પણ ન ભૂલો કે ઘટનાકીય ઇતિહાસ સ્વયં સાક્ષી છે કે ઇસ્લામી રાજયની તમામ સૈનિક કાર્યવાહીઓ કુરૈશ અને એ યહૂદી કબીલાઓના વિરુદ્ધ થઈ છે, જેમણે તેને મજબૂર કરીને યુદ્ધના મેદાનની તરફ ખેંચી છે. બાકી આખા આરબ પ્રદેશના લોકો પોતાનું રાબેતા મુજબનું જીવન જીવી રહ્યા હતા. નાનાસરખા પ્રદેશને છોડીને શેષ વિસ્તારમાં કોઈ લડાઈ નથી થઈ; બલ્કે આરબ પ્રદેશની સામાન્ય વસ્તી બંને શક્તિઓના હેતુઓ, ચરિત્ર અને રાજકીય શક્તિનું ચુપચાપ અવલોકન કરતી રહી અને જ્યારે મુસ્લિમ શક્તિએ પોતાની સર્વોપરિતા દરેક પાસાથી સાબિત કરી દીધી, તો જુદા-જુદા વિસ્તારો અને કબીલાઓના પ્રતિનિધિ-મંડળોએ આગળ વધી-વધીને ઇસ્લામનો સ્વીકાર કરી લીધો. એ વાત કોઈ સંશોધન-પ્રિય વ્યક્તિનું ધ્યાન ખેંચ્યા વગર રહી શકતી નથી કે બદ્ર, ઉહદ, અહઝાબ વગેરે તમામ મોટી-મોટી લડાઈઓ દુશ્મને હુમલાખોરની હેસિયતે મદીનાની આસપાસ આવીને સ્વયં આવીને લડી છે, અને હુઝૂર ﷺ ને મજબૂર કરી દીધા છે કે આ ક્રમનો અંત આણવા માટે દુશ્મનના શક્તિ-કેન્દ્રોને પોતાના આધીન કરે. તેથી કુરૈશ અને તેમના હિમાયતીઓનું જોર તોડવા માટે મદીના તરફથી એક જ વાર નિર્ણાયક પગલું ભરવામાં આવ્યું, અને મક્કા-વિજય પછી હુનૈન અને તાઈફની લડાઈઓએ વિરોધીઓની શક્તિને સમાપ્ત કરી નાખી. બીજી બાજુ ઓછામાં ઓછી જાન-હાનિ સાથે યહૂદીઓના અડ્ડાઓ ઉખેડીને ફેંકી દીધા.

એક મોટી ગેરસમજ

'ગઝવાત' અને 'સરાયા'ની જે લાંબી યાદી હદીસ, સીરત અને મગાઝી (જેમાં ગાઝીઓ, અર્થાત્ ઇસ્લામી યુદ્ધોમાં વિજેતા સૈનિકોના ગુણોનું વર્ણન હોય)ના પુસ્તકોમાં મળે છે, તેના કારણે બિનમુસ્લિમો તો ઠીક, સ્વયં 'આદરણીય' મુસલમાનો મોટી ગેરસમજોમાં ગ્રસ્ત થતા રહ્યા છે. જ્યારે કે 'ગઝવહ' અને 'સરાયા' હદીસો અને મગાઝીના પુસ્તકોની વિશિષ્ટ પરિભાષાઓ છે અને તેમનો પોતાનો ચોક્કસ અર્થ છે. લશ્કરી અને રક્ષાત્મક પગલાઓ, ચોકીપહેરો કે ગશ્ત અને બળવાખોરો કે ગુનેગારોને કચડવા અથવા શિક્ષણ-પ્રશિક્ષણ અથવા ઇસ્લામના જાહેર આમંત્રણ આપવા અથવા સંધિ-સમજૂતી કરવા વગેરે જુદી-જુદી જરૂરતો હેઠળ જ્યારે પણ કોઈ ટુકડી (ચાહે તે બે જ વ્યક્તિઓ પર આધારિત હોય) મોકલવામાં આવી છે, તો તેને 'સરાયા'નું શીર્ષક આપવામાં આવ્યું છે; અને જે ટુકડીની સાથે હુઝૂર ﷺ પોતે

જાતે નીકળ્યા છે તેને 'ગઝવહ' કહેવામાં આવે છે; તેમાં જરૂરી નથી કે ખરેખર કોઈ અથડામણ કે લડાઈ અથવા કોઈ અન્ય પ્રકારની કાર્યવાહી વ્યવહારૂરૂપે ઘટિત પણ થઈ હોય. ઉપરાંત, જો કેટલાક મુસલમાનોને સંયોગવશ કોઈ અથડામણ કે સરહદ પર ઝપાઝપીનો સામનો કરવો પડ્યો હોય, તો એવી ઘટનાઓને પણ 'સરાયા'ના શીર્ષક હેઠળ અંકિત કરવામાં આવી છે. આમ, તમામ પ્રસંગોને જો છાંટીને અલગ કરવામાં આવે તો સાચા અર્થમાં યુદ્ધો કે લડાઈઓ માત્ર અમુક જ રહી જાય છે; અર્થાત્ બદ્ર, ઉહદ, અહઝાબ, ખૈબર, મક્કાની સાથે હુનૈન. સ્પષ્ટ રહે કે તબૂક અને સંલગ્ન વિસ્તારોમાં વિશેષ લશ્કરી ટુકડીને મોકલવાનો હેતુ શામ (સીરિયા)ના વિદેશી શાસન તરફથી યુદ્ધની આશંકા હતી, અને તેનું સ્વરૂપ અલગ છે. આપણે સૈનિક કાર્યવાહીઓ પર ટૂંકમાં એક નજર નાખીશું.

સૌથી પહેલા ધ્યાન એ વાત તરફ જાય છે કે ઘર્ષણની શરૂઆત કેવી રીતે થઈ ? આના જવાબ માટે આપણે પક્ષકારોની સ્થિતિનું વિશ્લેષણ કરીએ છીએ.

કુરૈશનું આક્રમક વલણ

કુરૈશની સ્થિતિ એ ઘટનાથી આપોઆપ નિશ્ચિત થઈ જાય છે કે તેમણે જ્યારે હુઝૂર ﷺ ની હત્યાનું સામૂહિક કાવતરું રચ્યું હતું, તો તેમાં મક્કાના આગેવાનોએ ચર્ચા કરતાં પોતાના મનની વાત ખોલીને મૂકી દીધી હતી. એક પ્રસ્તાવ આવ્યો હતો કે સચ્ચાઈના આ આવાહકને લોખંડી જેલમાં બંધ કરી દેવામાં આવે અને તેનો દરવાજો બંધ રાખવામાં આવે, ત્યાં સુધી કે તે રિબાઈ-રિબાઈને મરી જાય. એક શૈખ નજદીએ આના પર કહ્યું હતું કે - 'જો તમે તેને કેદ કરશો તો તેનો સંદેશ અને આમંત્રણ લોખંડી જેલના દરવાજામાંથી પણ નીકળી-નીકળીને ફેલાશે અને તેના સાથીઓ સુધી તેની અસરો પહોંચશે, બલ્કે અશક્ય નથી કે આ લોકો તેને બહાર કાઢીને લઈ જાય. પછી તમારી તુલનામાં સંખ્યામાં તેઓ વધી જાય અને છેવટે આ સંઘર્ષમાં તમને હરાવી દે.' બીજો પ્રસ્તાવ એ પણ આવ્યો હતો કે - 'આ વ્યક્તિને આપણા વચ્ચેથી અલગ કરી દઈએ અને આપણા વતનમાંથી કાઢી મૂકીએ. પછી જ્યારે તેને આપણા ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યો હોય તો આપણને શું પડી છે કે તે ક્યાં ગયો અને ક્યાં વસ્યો. બસ તે આપણી નજરોથી ઓઝલ થઈ જાય અને આપણે તેનાથી છુટકારો મેળવીને આપણા મામલાઓને બરાબર કરી લઈએ અને પરસ્પર સંબંધને અગાઉની જેમ બહાલ કરી લઈએ.'(1) ખૂબ મહત્ત્વનું વિશ્લેષણ છે, જે આ પ્રસ્તાવને રદ કરવા માટે શૈખ નજદીએ કર્યું અને જેનો સભાએ સ્વીકાર કરી લીધો. જુઓ :—

૧. સીરત ઈબ્ને હિશામ, ભા-૨, પૃ. ૯૪.

''ના, ખુદાના સોગંદ ! તમારા માટે આ સ્થિતિ યોગ્ય નથી. શું તમે તેની વાતચીતની ખૂબી, તેના કલામ (વાણી)નું માધુર્ય જોતા નથી કે જેના બળે લોકોના હૃદયોને તે પ્રભાવિત કરી દે છે. ખુદાના સોગંદ ! જો તમે આવું કર્યું તો પછી તમે એ સ્થિતિમાં પોતાનો કોઈ બચાવ નથી કરી શકતા કે તે આરબ પ્રદેશના કોઈ કબીલાની પાસે પહોંચે અને પોતાના કલામ અને વાતચીતથી લોકો પર પોતાનો પ્રભાવ નાખે અને તેઓ તેના પાછળ લાગી જાય. પછી તે તેમને લઈને તમારા પર ચઢાઈ કરી દે અને તમારી વસ્તીઓમાં આવી ઘૂસે અને તમારા હાથોમાંથી તમારી સત્તા છીનવીને તમારી સાથે જે વર્તાવ ચાહે, કરે. બસ, કોઈ બીજી યુક્તિ શોધી કાઢો.''

શૈખ નજદીના આ શબ્દો વાંચવાથી અનુમાન કરી શકાય છે કે દુર્ભાગી કેટલો હોંશિયાર, ચતુર અને મામલાને સમજતો હતો ! તેણે માનવતાના ઉપકારક ﷺ ની જાતને સમજવામાં જરા પણ ચૂક નથી કરી. તેના સાથે જ આ તમામ ચર્ચાથી એ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે મક્કાના વહીવટદારો તેર વર્ષના અનુભવના પ્રકાશમાં હુઝૂર ﷺ નું અસ્તિત્વ, ચરિત્ર, સંદેશ અને સુંદર ગુણોને હવે એક સ્થાયી રાજકીય જોખમ અને એક પ્રાણઘાતક ભય સમજતા હતા. હવે તેમને એ વાત પણ સહન થાય એવી ન હતી કે માનવતાનો આ ઉપકારક (ﷺ) ધરતીના કોઈ પણ ખૂણામાં જીવતો રહે અને ક્યાંય પણ બેસીને પોતાના મિશનને ચલાવે; નહિં તો તેઓ જાણતા હતા કે જે અત્યાચારો તેમણે કર્યા છે અને મુસ્લિમ નવયુવાનોને તેમના ઘરોમાંથી બહાર કાઢી મૂકીને જે અપરાધ કર્યો છે, તેનો હિસાબ એક દિવસ તેમણે આપવો પડશે. ત્યારબાદ તેમનું હુઝૂર ﷺ ની હત્યા અંગે સહમત થઈ જવું અને આપ ﷺ ના બચીને નીકળી જવા પર કાબૂ મેળવવા દોડધૂપ કરવી અને ભારે ઇનામો રાખવા એ વાતની ચોખ્ખી દલીલ છે કે જો તેમનું જોર ચાલે તો તેઓ સરવરે આલમ ﷺ ને શ્વાસ લેવાનો પણ અવસર આપવા માગતા નહોતા. હવે હુઝૂર ﷺ નું અસ્તિત્વ તેમના માટે ખતરો અને આપ ﷺ નું જીવન તેમના માટે પડકાર હતું. કુરૈશની આ માનસિકતાની, કોઈ કારણ નથી કે માનવતાના ઉપકારક ﷺ ને તાત્કાલિક જાણકારી ન મળી ગઈ હોય.

જરા આ પ્રસંગથી પણ થોડા પાછળ જતા રહો ! બીજી 'બૈતે ઉકબા'ના પ્રસંગે હઝરત અબ્બાસે અન્સારને સચેત કર્યા હતા કે, 'જે હેતુસર હુઝૂર ﷺ ને આમંત્રણ આપી રહ્યા છો, જો તેને નિભાવી શકો અને તેમનો જે વિરોધ કરવામાં આવશે તેનો સામનો કરી શકો, તો પછી તમારું એ ભારે જવાબદારી ઉઠાવવું યોગ્ય

છે, જે તમે ઉઠાવી છે.' પછી હુઝૂર ﷺ દ્વારા 'બૈત' (શપથ)ના વિષયમાં આ આરંભિક શબ્દો સામેલ કરવા કે, ''જે રીતે તમે પોતાના પત્ની-બાળકો અને પરિવારજનોની રક્ષા કરો છો, એ જ રીતે મારી રક્ષા કરશો.'' પછી અન્સાર દ્વારા એ જવાબ આપવો કે, ''વિશ્વાસ રાખો, અમે લોકો યોદ્ધા છીએ.'' અને એ પ્રશ્ન ઉઠાવવો કે, ''આપના કારણે અમારા ઘણા સંધિ-સંબંધો તૂટી જશે, તો એવું તો નહીં થાય ને કે અમે બધું જ ભોગવીએ અને આપ ફરી પોતાના પરિવારના લોકોમાં પાછા જતા રહો અને અમને છોડી દો.'' આના પર હુઝૂર ﷺ દ્વારા વિશ્વાસ અપાવવો કે انا منكم وانتم منى (હું તમારો છું અને તમે મારા છો). પછી અબ્બાસ બિન ઉબાદા અન્સારીનું પોતાના સાથીઓને તાકીદથી સચેત કરવા કે, ''તમે લોકો મનુષ્યોના અસંખ્ય કાળા અને રાતા જૂથોથી લડાઈ નોતરી રહ્યા છો. પછી એવું ન થાય કે જ્યારે તમે ધન-સંપત્તિની તબાહી અને પોતાની કોમના સરદારોની હત્યાની ઘટનાઓનો સામનો કરો, તો પછી હુઝૂર ﷺ ને દુશ્મનોના હવાલે કરી દો. આ બધું અત્યારે જ વિચારી લો.''

આ વાતચીતોનો અર્થ એ છે કે કુરૈશ તરફથી માહોલના પૃષ્ઠો પર ભવિષ્યના યુદ્ધનું એલાન એવા ચોખ્ખા શબ્દોમાં લખેલ દેખાતું હતું કે હુઝૂર ﷺ અને હઝરત અબ્બાસ જ નહીં, તેને દૂર-સુદૂરથી આવેલ અન્સારે પણ વાંચી લીધું હતું.

વધુમાં, આ બૈતની સભાનું વૃત્તાંત કોઈક શૈતાને છુપાઈને સાંભળ્યું અને કુરૈશને સાવધાન કરી દીધા, તો આગેવાનોએ અન્સારના રોકાણ-સ્થળોએ જઈને આ પ્રમાણે વાતચીત કરી કે, ''અમને ખબર પડી છે કે તમે અમારા આ (અર્થાત્ હઝરત મુહમ્મદ ﷺ)ને મળ્યા છો અને તેને અમારા વચ્ચેથી કાઢીને લઈ જવા માગો છો અને તમે તેના હાથ પર અમારા વિરુદ્ધ કરાર કર્યો છે, જ્યારે કે અમને આરબોના બીજા કોઈપણ કબીલા અને અમારા વચ્ચે લડાઈથી વધારે અપ્રિય છે કે તમારા સાથે અમારી લડાઈ થાય.'' અર્થાત્ અન્સાર જો હુઝૂર ﷺ ને મક્કાથી કાઢીને લઈ જાય અને તેમને પોતાની સુરક્ષામાં રાખે, તો મક્કા તેને યુદ્ધના એલાનના અર્થમાં લેશે, અને આ સ્થિતિમાં કુરૈશના નેતૃત્વ તરફથી જાણે ચોખ્ખા શબ્દોમાં અગાઉથી યુદ્ધનું એલાન સંભળાવી દેવામાં આવ્યું. પરંતુ કેટલાક લોકો તો આ ઘટનાથી અજાણ હતા અને જેઓ જાણતા હતા તેમણે ગુપ્તતા જાળવી.

વધુમાં, જ્યારે અન્સારના બૈત કરનાર વ્યક્તિઓ મક્કાથી નીકળી ગયા, તે પછી મામલા પર ચર્ચા-વિચારણા થઈ અને સલાહ-મસ્લત કરીને તેમનો પીછો કરવામાં આવ્યો. મદીનાનો કાફલો બચીને નીકળી ગયો. અલબત્ત, મક્કાવાસીઓ સઅદ બિન ઉબાદા અને મન્ઝર બિન ઉમરૂને પકડી લઈ ગયા અને તેમને મારવા-

પીટવામાં આવ્યા. આ ઘટના પણ બતાવે છે કે હુઝૂર ﷺ નું મક્કાથી બચીને નીકળવું મક્કાવાસીઓને કેટલું અણગમતું હતું અને હુઝૂર ﷺ ને પોતાની સુરક્ષામાં લેવાનું વચન આપનારાઓ પર તેમને કેટલો ગુસ્સો હતો.

ઉપરાંત, મુહાજિરોને હબ્શાથી પાછા લાવવા અને મદીના જનારા મુહાજિરોને શરૂઆતમાં હિજરતથી રોકવા માટે જે પગલાઓ કુરૈશ તરફથી લેવામાં આવ્યા, તે પણ બતાવે છે કે તેમને એ સહન થાય એમ નહોતું કે કોઈ બીજી ભૂમિમાં ઇસ્લામી આંદોલન મજબૂત થાય. આવી પ્રત્યેક સંભાવનાને તેઓ સમાપ્ત કરવા તત્પર હતા.

આ તમામ ઘટનાકીય પુરાવાઓથી એ તદ્દન સ્પષ્ટ છે કે હિજરતથી પહેલા જ કુરૈશ તરફથી કોઈપણ એવી શક્તિ માટે યુદ્ધનો પડકાર વાતાવરણમાં મોજૂદ હતો, જે હુઝૂર ﷺ ને પોતાના ત્યાં જગ્યા આપે અને ઇસ્લામી આંદોલનના મૂળ પોતાની જમીનમાં નાખવા દે. ઇસ્લામી ક્રાંતિના ધ્વજવાહકો એટલા ભોળા અને પોકળ આશાવાદી નહોતા કે તેઓ આ પડકારની અવગણના કરી શકતા.

છેવટે વાતાવરણના પૃષ્ઠ પર લખેલ યુદ્ધનું આ એલાન એ પ્રપંચી પત્રના રૂપમાં સ્પષ્ટરૂપે સામે આવી ગયું, જે મક્કાથી મદીનાના વિશ્વાસઘાતીઓના ખલનાયક અબ્દુલ્લાહ બિન ઉબ્બીને મળ્યો, જેમાં મદીનાના યહૂદીઓ અને અન્સાર બધા માટે એ ધમકી લખેલી હતી કે કાં તો પોતે મુહમ્મદ (ﷺ) ને પોતાની સરહદથી કાઢી મૂકો, અથવા અમે ચઢાઈ કરીશું અને તમને મારીને તમારી સ્ત્રીઓને મનોરંજનનું સાધન બનાવીશું.

પછી યહૂદીઓથી સાંઠગાંઠ કરીને કુરૈશે સીધો મુસલમાનોને સંદેશ મોકલાવ્યો કે, ''તમે લોકો એ વાત પર અહંકાર ન કરો કે મક્કાથી સહી-સલામત નીકળી ગયા. અમે મદીના પહોંચીને તમારી ખબર લઈશું.''

આ જ ગાળામાં સઅદ બિન મઆઝ رضي الله عنه ને અબૂ જહલે કાબાના તવાફ (પરિક્રમા)થી અટકાવ્યા અને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે મને એ પસંદ નથી કે તમે લોકો કાબામાં પગ મૂકો.

પછી આ દરમ્યાન મક્કાથી નિરંતર ધૃષ્ટતાઓ અને લૂંટફાટ માટે નાની-નાની લશ્કરી ટુકડીઓ નીકળવા લાગી. હુઝૂર ﷺ આ કાર્યવાહીઓની જાણકારી મળતાં જ જવાબરૂપે ગશ્ત-ટુકડીઓ મોકલતા. ઘણી વખત મદીનાની ટુકડીઓએ મક્કાની આ ટોળીઓને જોઈ, જે મુસ્લિમ ટુકડીને સાવધાન જોઈને પાછી વળી જતી.

હિજરતના તેરમા જ મહિનાની એ ઘટના ખૂબ જ આશ્ચર્યમાં મૂકી દેનારી હતી કે કર્ઝ બિન જાબિર ફહરીએ ધાડ પાડી અને મદીનાના ગોચરથી હુઝૂર ﷺ ના

ઢોર, સરકારી ઊંટો અને અન્ય લોકોના પશુઓ હાંકીને લઈ ગયો. આ ઘટનાનો આશય એ સ્પષ્ટ કરી દેવાનો હતો કે અમે ત્રણસો માઈલ દૂરથી તમારી હદોમાં આવીને તમારી સંપત્તિ પર આ રીતે હાથ સાફ કરી શકીએ છીએ.[૧] હુઝૂર ﷺ પોતે એક નાની ટુકડી લઈને પીછો કરવા નીકળ્યા અને મદીનામાં ઝૈદ બિન હારસાને કાર્યકારીનો હોદ્દો સોંપ્યો. સફવાન તળેટી (બદ્રની પાસે) સુધી ગયા, પણ કર્ઝ પહોંચથી દૂર નીકળી ગયો હતો. દુશ્મનનું આ એક એવું દુઃસાહસ હતું કે જેને કોઈ પણ એવું રાજ્ય સહન નથી કરી શકતું, જેના કાર્યકરો હિંમત અને શૌર્યથી ભરપૂર હોય અને તેમને પોતાની સ્વતંત્રતા અને પોતાની ભૂમિની પ્રતિષ્ઠાનું ભાન હોય. આ ધાડ રાજકીય રીતે હુમલા સમાન હતી. હવે એક ઘમાસાણ યુગ અને એક લોહિયાળ ભવિષ્ય મદીનાની સામે હતું.

મક્કા દ્વારા મદીના પર હુમલો હિ.૨ સુધી જો વિલંબિત થયો તો તેનું એક મહત્ત્વનું કારણ હતું. કોઈ રુકાવટ જો વચ્ચે ન હોત તો કદાચ કુરૈશની તલવાર આનાથી પણ ખૂબ પહેલા મ્યાનમાંથી બહાર આવી ગઈ હોત અને તે મદીનાના નવા ઇસ્લામી કેન્દ્રને સ્થિર થવાનો અવસર પણ ન આપતી. મક્કા અને મદીના વચ્ચે બનૂ કિનાનાનો વિસ્તાર પડતો હતો, જેનાથી કુરૈશની જૂની દુશ્મનાવટ હતી. આશંકા હતી કે બનૂ કિનાના સૌપ્રથમ તો કુરૈશને પોતાના વિસ્તારમાંથી પસાર થવા ન દે, અને આવું થાય તો પણ બીજું જોખમ એ હતું કે બનૂ કિનાના મક્કાને ખાલી જોઈને હુમલો ન કરી દે, અથવા ઓછામાં ઓછું કુરૈશી લશ્કરનો મક્કાથી સંપર્ક કોઈ સંવેદનશીલ સમયે કાપી ન નાખે. સુરાકા બિન માલિક મુદલજી કિનાની આ વચ્ચેના વિસ્તારનો સરદાર હતો. તેને જ્યારે માહિતી મળી કે કુરૈશ આવી-આવી આશંકાઓના કારણે આગળ પગલું ભરી શકતા નથી, તો તેણે પોતે મક્કા જઈને કુરૈશને સહયોગનો વિશ્વાસ અપાવ્યો. આ જોડાણનો અર્થ બદ્રનું યુદ્ધ હતું.

આ વિગતથી અમારો હેતુ એ છે કે કુરૈશને મુસલમાનો તરફથી ન કોઈ પગલાનો ઇંતેજાર હતો અને ન તેઓ સૈનિક કાર્યવાહી માટે કોઈ દોષની શોધમાં હતા. તેમના અંદર આક્રમકતાની ભાવના પૂર્ણ આગની જેમ ભડકી રહી હતી.[૨]

મદીનાની સુરક્ષા વ્યવસ્થા

હવે આવો બીજા પક્ષકારને જુઓ.

જ્યારે આપણે માનવતાના ઉપકારક ﷺ અને આપ ﷺ ના ક્રાંતિકારી

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૨૩૮; અસ્હુલ યસીર, મૌલાના અબ્દુર્રઊફ પૃ. ૧૨૫; રહમતુલ લિલ આલમીન ﷺ, કાઝી સુલૈમાન મન્સૂરપૂરી, ભા-૧, પૃ. ૧૪૦.
૨. રહમતુલ લિલ આલમીન ﷺ, કાઝી સુલૈમાન મન્સૂરપૂરી, ભા-૨, પૃ. ૨૬૦-૨૬૧.

સમૂહની પરિસ્થિતિનું ઊંડાણપૂર્વક અવલોકન કરીએ છીએ, તો દરેક પાસાથી એ જ સાક્ષી મળે છે કે આ પક્ષકાર માટે લશ્કરી કાર્યવાહીથી વધારે અપ્રિય કાર્ય બીજું કોઈ હોઈ શકતું નથી. ઘરબાર વગરના નાદાર લોકોનું એક નવા માહોલમાં આવવું, અડધો-અડધ લોકોનું આર્થિક તબાહીનો સામનો કરીને પોતાના પુનર્વસન માટે કઠોર પરિશ્રમ કરવો, એક નવા માહોલને ક્રાંતિકારી આહવાન માટે ધીમે-ધીમે તૈયાર કરવો, જુદા-જુદા કબીલાઓ વચ્ચે ભાઈચારો પેદા કરવો અને તેમનું બૌદ્ધિક અને નૈતિક પ્રશિક્ષણ કરવું, ઉપરાંત એક નવોદિત રાજ્યની સ્થાપના કરીને તેના તમામ વિભાગોની વ્યવસ્થા અને પ્રબંધ કરવો, આ બધા કામો એક સાથે ઇસ્લામી ક્રાંતિના ધ્વજવાહકોના સામે આવી ગયા હતા; અને તેમાંથી દરેક કામ લાંબા સમય સુધી પૂરેપૂરી કાળજી અને મહેનત માગતું હતું. આવા મુશ્કેલ પ્રશ્નોમાં ઘેરાયેલ એક ખૂબ નાનો સમૂહ ક્યારેય પણ કોઈ લડાઈ વ્હોરી લેવા તૈયાર થઈ શકતો ન હતો. પરંતુ બીજી બાજુ આ લોકો માનવતાનું એક મહાન મિશન ધરાવતા લોકો હતા. તેમના સામે સમગ્ર જગતની ભલાઈનું એક પવિત્ર લક્ષ્ય હતું. તેમણે જીવનની મહાનતમ્ સચ્ચાઈ – અર્થાત્ એક જ અલ્લાહ રબ (પ્રભુ-પાલનહાર) અને ઇલાહ (ઉપાસ્ય) છે – ના પ્રકાશથી સભ્યતાને ઝગમગાવી દેવા માટે પોતાના બધા હિતો અને સુખ-ચેનનું બલિદાન આપ્યું હતું તથા ધૈર્ય અને ત્યાગની ભયાનક ખીણો પસાર કરી-કરીને તેઓ આગળ વધી રહ્યા હતા. તેમની તો જીવનની મૂડી જ સત્યની વિચારધારા હતી, પોતાનો નાનો-સરખો સમૂહ હતો અને મદીનાનું નવ-નિર્મિત રાજ્ય હતું. તેમનું સમસ્ત ભાવિ આ જ પૂંજીથી સંબંધિત હતું. તેઓ તેની સુરક્ષા માટે બરાબર એવી જ પવિત્ર લાગણી ધરાવતા હતા, જેને સમર્પિત થઈને કોઈ મુરઘી જ્યારે કોઈ સમડીને ચક્કર ખાતી જુએ છે, તો બધું જ ભૂલીને પોતાના નાના બચ્ચાઓને પાંખોની નીચે સમેટી લે છે. તેઓ ભૂખ્યા રહીને (અલ્લાહના માર્ગમાં) ધન ખર્ચ કરતા હતા. તેઓ દુબળા-પાતળા શરીરો સાથે પર્વતોથી ટકરાઈ જવા તૈયાર હતા. તેઓ બધી મોજ-મજા અને લાભોને ભૂલીને ઉન્માદની હદ સુધી પ્રત્યેક એ તાકાતના હાથ તોડી નાખવા સાચો ઉમંગ ધરાવતા હતા, જે તેમના જીવન-ઉદ્દેશ્યને તારાજ કરવા ત્રાંસી આંખે જુએ. તેઓ મદીનાની આહ્લાદક હવાઓ અને બગીચાઓ અને ભાઈચારાના અનુપમ વાતાવરણમાં આવીને પણ હિંસાના એ જખમોને ભૂલીને ક્યારેય નિશ્ચિંત બનીને ચેનથી ઊંઘ્યા નહીં; અને તેમની દૃષ્ટિ માથાઓ પર લટકતા એ ખતરનાક ખંજર પરથી ક્યારેય ન હટી, જેની મૂઠ પર મક્કાના નેતૃત્વનો હાથ હતો, અને તેના વિશે કંઈ ખબર નહોતી કે ક્યારે તે આગ-ઝરતી વીજળીની જેમ અચાનક તૂટી પડે. ન હુઝૂર ﷺ એ સુરક્ષા-વ્યવસ્થાથી નિષ્કાળજી દાખવી, અને ન આપ ﷺ ના

સાથીઓએ આ સંદર્ભમાં પોતાનું કર્તવ્ય અદા કરવામાં કોઈ બેપરવાઈ કરી. છેવટે આ લોકો દરવેશ (સંત-સંન્યાસી) અને જોગી તો હતા નહીં, અત્યંત હોંશિયાર અને સક્રિય વ્યક્તિઓની સાથે એક નવી દુનિયા બનાવવા નીકળ્યા હતા. આવા ઇતિહાસનું નિર્માણ કરનારા લોકો વિરોધી શક્તિનો જવાબ શક્તિથી આપવાનું દિમાગ ધરાવતા હતા.

હુઝૂર ﷺ ની રક્ષાત્મક યુક્તિઓ

આવો, અવલોકન કરીએ કે હુઝૂર ﷺ એ રક્ષાત્મક યુક્તિઓ શું-શું અપનાવી. મદીનામાં માનવતાના ઉપકારક ﷺ ની સાથે આવનારા મુહાજિરો ફક્ત પોતાના માટે શાંતિ અને સુખ-ચેનની જગ્યા શોધવાવાળા લોકો ન હતા, અને ન વતન બદલવાનું તેમનું પગલું કોઈ આર્થિક સાહસના જોશની પૂર્ણતા માટે હતું. તેઓ એક ઉચ્ચ ધ્યેય માટે આવ્યા હતા અને તેને ભૂલીને તેઓ પોતાના માટે ઠેકાણું પ્રાપ્ત કરવા અને આર્થિક ઉન્નતિના માર્ગો શોધવામાં ગુમ ન થઈ ગયા, બલ્કે હુઝૂર ﷺ એ તેમને વ્યવસ્થિત રીતે વસાવ્યા અને અન્સારની સાથે તેમનો આર્થિક અને સામાજિક ભાઈચારો સ્થાપ્યો, અને પછી તેમને મસ્જિદોના સાંસ્કૃતિક કેન્દ્રો દ્વારા સામૂહિક વ્યવસ્થામાં વણી લીધા. ઇબાદતો, ઉપદેશો, કુર્આનનું શિક્ષણ અને અન્ય ઉપાયો દ્વારા તેમના બૌદ્ધિક અને વૈચારિક, વ્યવહારૂ અને નૈતિક પ્રશિક્ષણનું કામ તાત્કાલિક શરૂ કરી દીધું અને આ કામને ઝડપથી ફેલાવી દીધું. તેના સાથે-સાથે રાજ્ય-વ્યવસ્થા દ્વારા તેમને સંગઠિત કરી દીધા. આ રીતે એ નિઃસહાય મુહાજિરો અન્સારની સાથે મળીને મજબૂત શક્તિ બની ગયા અને આ શક્તિ નિરંતર વધવા લાગી. બીજા શબ્દોમાં માનવ-શક્તિ અને સંસાધનોને પ્રાથમિકતા આપીને તેને તૈયાર કરવામાં આવ્યા.

સાથો-સાથ અહીં એ મુદ્દો વર્ણવી દેવો ખૂબ જ જરૂરી છે કે મક્કાની જેમ મદીના રક્ષાત્મક વ્યૂહ-રચનાની (Strategic) રીતે અત્યંત યોગ્ય સ્થળ હતું. મદીનાને એ ભૌગોલિક સ્થિતિ પ્રાપ્ત હતી કે શામ (સીરિયા) અને ઇરાકના મુખ્ય વિસ્તારોના તે તદ્દન સામે હતું, આરબ પ્રદેશના સૌથી મુખ્ય રાજ-માર્ગના મુખ પર હતું અને સમુદ્રથી માત્ર ૭૦-૭૫ માઈલના અંતરે હતું, આ વાતને ધ્યાનમાં ન લઈએ તો પણ સ્વયં આ શહેરને કુદરતી સુરક્ષાઓનો એક મજબૂત કિલ્લો ઉપલબ્ધ હતો અને થોડીક સાવધાની તેમજ રહેવાસીઓના સંગઠન અને સુરક્ષાના યોગ્ય ઉપાયો તેને ખૂબ જ મજબૂત બનાવી શકતા હતા. શહેર આશરે દસ માઈલ લાંબા અને દસ માઈલ પહોળા મેદાનમાં ફેલાયેલ હતું, અને થોડા-થોડા અંતરે જુદા-જુદા કબીલાઓની

નાની-નાની વસ્તીઓ આ વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલ હતી. આ વિસ્તાર 'જૌફે મદીના' કહેવાયો અને તેને જ 'હરમ' (પ્રતિષ્ઠિત વિસ્તાર) ઠેરવવામાં આવ્યું. આ અસમતળ મેદાનની વચ્ચે 'સુલઅ' નામનો પહાડ આવેલ છે, અને બીજી કેટલીક નાની-નાની પહાડીઓ છે. જબલે ઈર (ઈર નામનો પહાડ) અને જબલે સૂરે (સૂર નામના પહાડે) તેને ઘેરામાં લઈ રાખેલ છે. કબીલાઓની વસ્તીઓમાં 'આજામ' કે આતામ' નામથી મજબૂત રક્ષાત્મક ગઢ (નાના કિલ્લાઓ) હતા, જેની સંખ્યા એક સમયે એકસો જેટલી રહી છે.

'મદીનતુન્નબી' (નબી ﷺ નું શહેર), જ્યાં મસ્જિદે નબવી ﷺ અને નબી ﷺ ના હુજરાઓ (ઓરડાઓ) હતા અને આ રાજધાની હતું જે વચ્ચેના ભાગમાં આવેલ હતું. તેની દક્ષિણે ગાઢ બગીચાઓ હતા. દક્ષિણ-પશ્ચિમમાં કુબા અને અવાલીની વસ્તીઓ પોતાના બગીચાઓ સહિત રહેતી હતી. પૂર્વમાં કુબાથી ઉહદ સુધી યહૂદી મહોલ્લાઓ પૂર્વ-પશ્ચિમમાં ફેલાયેલા હતા. દક્ષિણ-પશ્ચિમમાં પણ આબાદીઓ અને બગીચાઓનો છૂટોછવાયો સિલસિલો હતો. મદીનાના પ્રાચીન કોટના બાબે-શામી (શામ્ અર્થાત્ સીરિયા તરફના દરવાજા)ની પાસે બનૂ સાઈદહ (જેની ચોપાળમાં પ્રથમ ખલીફાની નિયુક્તિ થઈ હતી) કબીલાના લોકો રહેતા હતા, અને તેનાથી આગળ 'જબલે સુલઅ' પર બનૂ હરામની વસ્તી હતી. ઉત્તર-પશ્ચિમમાં અકીકની તળેટીના કિનારે બહરે-રૂમા સુધી અસંખ્ય બગીચાઓ હતા. દક્ષિણમાં ઊંચી પહાડીઓ હતી, અને મુશ્કેલ માર્ગ ખીણો અને ઘાટીઓમાંથી પસાર થતો હતો. મદીનાના પૂર્વ અને દક્ષિણમાં લાવાના પથરાળ મેદાનો હતા, જે ન તો યુદ્ધ વખતે પડાવ માટે જરા પણ યોગ્ય હતા, ન લડાઈના મેદાન માટે. માત્ર ઉત્તર તરફથી શહેરનો રસ્તો લશ્કરી દૃષ્ટિએ ખુલ્લો હતો. તેથી બદ્ર અને ઉહદના યુદ્ધ માટે કુરૈશે એ જ દિશા પસંદ કરી, પરંતુ મક્કાના લશ્કર માટે ઉત્તર તરફ જઈને હુમલો કરવો યુદ્ધની દૃષ્ટિએ ઘણું મુશ્કેલ હતું, જે મદીના માટે લાભદાયી હોઈ શકતું હતું.(૧)

પરંતુ મદીનાની ભૌગોલિક સ્થિતિ અને તેના યોગ્ય સ્થાનથી ફાયદો ઉઠાવવાનો આધાર એ વાત પર હતો કે તેની વસ્તીને એક વ્યવસ્થામાં વણી લેવામાં આવે. આ હેતુસર બીજું સૌથી મોટું કામ હુઝૂર ﷺ એ એ કર્યું કે સંધિઓ દ્વારા યહૂદીઓ તેમજ ઔસ અને ખઝરજ તથા અન્ય બીજા આસપાસના કબીલાઓને તેમના વચ્ચે ધાર્મિક, સાંસ્કૃતિક અને આર્થિક ફરક હોવા છતાં એક વ્યવસ્થામાં સાંકળી લીધા. હુઝૂર ﷺ ની રાજકીય કુનેહનો આ એક સોનેરી પુરાવો છે કે એક વ્યક્તિ તદ્દન અજનબી માહોલમાં જાય છે અને તે જુદા-જુદા વર્ગોને અમુક જ મહિનાઓમાં એક રાજકીય

૧. અહદે નબવી મેં નિઝામે હુકમરાની, ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી; લેખ : દુનિયા કા સબ સે પહલા તેહરીરી દસ્તૂર.

એકમ બનાવી લે છે. સૌથી વધારે નોંધપાત્ર વાત એ છે કે આ રાજકીય એકમના લેખિત બંધારણમાં ખૂબ જ સ્પષ્ટ રીતે ન્યાયિક, કાનૂની, લશ્કરી અને અમલીકરણના અધિકારો હુઝૂર ﷺ ના હાથમાં આપી દેવામાં આવે છે, અને આ બંધારણ અલ્લાહના સાર્વભૌમત્વ (સર્વસત્તાધીશ હોવા)ના મૂળ આત્માથી સજ્જ છે. આ રાજકીય દસ્તાવેજમાં તમામ ભાગીદારો પાસે એ મનાવી લેવામાં આવ્યું કે આરબ કબીલાઓમાં જેઓ મુશ્રિક (અનેકેશ્વરવાદી) અને યહૂદીઓ સામેલ હોય, તેઓ મુસલમાનોના તાબે અને યુદ્ધની સ્થિતિમાં તેમના સહયોગી હશે. ઉપરાંત એ કે મક્કાના કુરૈશના જાન-માલને ન તો તેઓ પોતે શરણ આપશે અને ન મુસલમાનોના માર્ગમાં કોઈ અવરોધ આ સ્થિતિમાં ઊભો કરશે, જ્યારે તેઓ કોઈ કુરૈશી પર આક્રમણ કરે. આમાં એ વાતનો પણ સ્વીકાર કરાવી લેવામાં આવ્યો કે યુદ્ધ અને સુલેહના મામલાઓ સંયુક્તરૂપે કરવામાં આવશે. કોઈપણ યુદ્ધ સૌના માટે યુદ્ધ હશે. લશ્કરી સેવાઓ ફરજિયાત અને અનિવાર્ય હશે. અલબત્ત, તમામ સહયોગીઓ પોત-પોતાના ભાગનો યુદ્ધ-ખર્ચ પોતે અદા કરશે. યહૂદીઓ સાથે એ વાત સ્પષ્ટપણે નક્કી થઈ ગઈ કે તેઓ એ બધાથી લડશે, જેમનાથી મુસલમાનો લડે – અને તેઓ એ બધાથી સુલેહ કરશે, જેમનાથી મુસલમાનો સુલેહ કરે. તેઓ મદીનાની સુરક્ષામાં સમાનરૂપે ભાગ લેશે. મુસલમાનો પર કોઈ હુમલો કરે, તો યહૂદીઓ મુસલમાનોની મદદ કરશે અને જવાબરૂપે જો યહૂદીઓ પર કોઈ હુમલો કરે, તો મુસલમાનો યહૂદીઓની મદદ કરશે.(૧)

મદીનાના બંધારણીય દસ્તાવેજમાં આ પ્રકારની કલમો એ હકીકતનું પ્રતિબિંબ છે કે સરવરે આલમ ﷺ ની સામે સ્પષ્ટપણે કુરૈશ તરફથી લશ્કરી કાર્યવાહીનો ભય હતો અને તેનો સામનો કરવા માટે રાજકીય રીતે અગમચેતીનો પૂરતો પ્રબંધ કરી લેવામાં આવ્યો હતો.

એક ખૂબ જ મહત્ત્વનું પગલું મદીનાને 'હરમ' (City of Peace, શાંતિનું શહેર) ઠેરવી દેવું છે. આ ખૂબ મોટો નિર્ણય પણ આ જ દસ્તાવેમાં લઈ લેવામાં આવ્યો. આનો અર્થ ધાર્મિક રીતે એ હતો કે સમગ્ર વાતાવરણને એક પ્રતિષ્ઠા અને પવિત્રતા પ્રાપ્ત છે અને આ વાતાવરણનો આદર તેના રહેવાસીઓએ કરવો પડશે. આનો રાજકીય અર્થ એ હતો કે જે રીતે કુરૈશ એક 'હરમ'માં સુરક્ષિત હતા, એ જ રીતે હુઝૂર ﷺ એ મદીના રાજ્યના રહેવાસીઓ માટે સુરક્ષા ઉપલબ્ધ કરાવી દીધી. આને ધ્યાનમાં લેતા જાણે હવે મક્કા અને મદીનાની સ્થિતિ અને સ્થાન એક સમાન હતા, અને તેમાં એક પડકાર મક્કાવાસીઓ માટે એ છુપાયેલ હતો કે જો તમે હરમે-

૧. અહદે નબવી મેં નિઝામે હુકમરાની, ડૉ. હમીદુલ્લાહ સિદીકી; લેખ : દુનિયા કા સબ સે પહલા તેહરીરી દસ્તૂર.

મદીનાનું સન્માન તોડીને તેના રહેવાસીઓ પર અતિરેક કરશો, તો પછી તમે પણ હરમે-મક્કાની પવિત્રતાના કિલ્લામાં સુરક્ષિત રહી શકશો નહીં.

મદીનાની હરમની હદો — જે શાસનના ઇસ્લામી કેન્દ્રને પણ આવરી લેતી હતી — ને સ્થાયીરૂપે નિર્ધારિત કરવા માટે હુઝૂર ﷺ એ ખૂબ પ્રબંધ કર્યો અને કઅબ બિન માલિકને નિયુક્ત કર્યા કે હરમે-મદીનાની ઊંચાઈઓ પર મિનારાઓ કે ટાવરો (બુરજો, રિવાયતોમાં પારિભાષિક શબ્દ 'અલમ' આવ્યો છે) બનાવડાવો. તેથી તેમણે 'ઝાતુલ જૈશ' (હફીરહ પહાડીની સાથે જે બૈદાઅની મધ્યમાં આવેલ છે અને મક્કા અને મદીનાના રસ્તા પર છે)ના ટીલાઓ પર, 'મુશૈરબ' (ઝાતુલ જૈશથી અડીને) ઉપર, મખીઝના પહાડો પર (સીરિયાના રસ્તામાં), હફિયા (મદીનાના ઉત્તરના જંગલોમાં અડીને) 'ઝૂલઅશીર'ના સ્થળે, (હફિયાના કિનારે આવેલ છે) અને તીમ પહાડ પર (મદીનાના પૂર્વમાં) ઠેર-ઠેર પ્રતીકાત્મક ટાવરો બનાવડાવ્યા, જેના ખંડેરો હજુ સુધી જોવા મળે છે. આ સીમાંકન કરેલો વિસ્તાર આશરે એક મંઝિલ (તે સમયમાં એક દિવસની મુસાફરી) લાંબો અને એક મંઝિલ પહોળો છે.(૧)

મદીનાની આંતરિક વ્યવસ્થાની આધારશિલા મૂકવાની સાથે-સાથે હુઝૂર ﷺ એ આસપાસના કબીલાઓ તરફ તરત જ ધ્યાન આપ્યું. તેથી મદીનાની દક્ષિણ-પશ્ચિમના વિસ્તાર અને રાતા સમુદ્રના તટીય ક્ષેત્રનો આપ ﷺ એ ઘણી વખત પ્રવાસ કર્યો. સૌપ્રથમ આપ દુવાન નામના સ્થળે ગયા, જે મક્કા જવાના માર્ગ 'અબવા'થી સાત માઈલના અંતરે આવેલ છે, ત્યાં બની હમઝાથી મૈત્રી-સંબંધો સ્થાપ્યા. એ જ રીતે યંબૂઅની આસપાસ રહેવાવાળા કબીલાઓથી પણ ખૂબ જલ્દી સંધિ-સંબંધો સ્થાપી લીધા. આ મહત્ત્વના રાજકીય વિસ્તારમાં હિ.૧માં જુહૈનાનો અને હિ.૨ ની શરૂઆતમાં બનૂ ઝુમરા, બનૂ ઝુરઆ અને બનૂ અર્-રબ્આ તેમજ હિ.૨ ના અંતમાં બનૂ મદલજનો સહયોગ પણ પ્રાપ્ત થઈ ગયો. કેટલાકની સાથે સંયુક્ત સુરક્ષા સંધિ નક્કી થઈ ગઈ કે તેમના પર હુમલો થાય તો મુસલમાનો મદદ કરશે અને મુસલમાનો પર હુમલો થાય તો તેઓ મદદમાં આવશે. કેટલાક કરારોમાં એટલા પર સંતોષ કરવામાં આવ્યો કે હુઝૂર ﷺ ના દુશ્મનોથી મૈત્રી-સંબંધો રાખવામાં ન આવે અને કેટલાકમાં નિષ્પક્ષતાનો સ્વીકાર કરાવવામાં આવ્યો કે ઇસ્લામી રાજ્યની સાથે જો કોઈ દુશ્મનની લડાઈ થાય તો કરારબદ્ધ કબીલો નિષ્પક્ષ રહેશે. આમ, યુક્તિના સંદર્ભમાં હુઝૂર ﷺ ની રાજકીય દૂરંદેશી ખૂબ જ લચકદાર હતી.(૨)

દેખીતું છે કે મિત્રતાના આ વાતાવરણે એ કબીલાઓમાં ઇસ્લામના આમંત્રણના

---

૧. અહદે નબવી કે મૈદાન-હાએ જંગ, ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, પૃ. ૧૧-૧૨.

૨. અહદે નબવી કે મૈદાન-હાએ જંગ, ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, પૃ. ૩૬૪; હદીસે દિફાઅ, મેજર જનરલ મુહમ્મદ અકબરખાં, પૃ. ૧૩૪; તફહીમુલ કુર્આન, લે. મૌલાના સૈયદ અબૂલ આ'લા મૌદૂદી, પૃ. ૧૨૩.

રસ્તાઓ ખોલી દીધા અને આંદોલનના આવાહકો અને હિમાયતીઓ પણ પેદા થવા લાગ્યા.

આ પછી નબી ﷺ ની રાજનીતિની આ યુક્તિ એક સ્થાયી પ્રકરણ બની ગઈ અને દરેક જમાનામાં વિભિન્ન પ્રવાસો આપ ﷺ એ આ જ હેતુસર કર્યા. ચોકી-પહેરાના અભિયાનો હોય કે લશ્કરી પગલાઓ, જયારે પણ આપ ﷺ મદીનાથી નીકળ્યા, મૈત્રી-સંબંધોને વિસ્તારવાનું કામ હંમેશા સામે રહ્યું. અહીં અમે વિગતો નથી આપી રહ્યા. તે કોઈ અન્ય પ્રકરણમાં આવશે. દુશ્મનને નબળો પાડવા, ઇસ્લામી આંદોલનને આગળ વધારવા, પોતાની રક્ષાત્મક રાજનીતિને મજબૂત કરવા અને રાજયની સરહદોને વિસ્તારવા માટેનું ખૂબ જ અસરકારક સાધન આ જ મૈત્રી-સંબંધો અને સંધિ-સંબંધોનો ફેલાવો હતો.

આ ઉપાયોની સાથે ઇસ્લામી ક્રાંતિના સૌપ્રથમ આવાહક અને તેમના સાથીઓએ એ હકીકતને સારી રીતે પ્રતીત કરી લીધી હતી કે અમને એક તોફાની સમુદ્રની વચ્ચે જે નાનકડો ટાપુ પગ મૂકવા માટે મળ્યો છે, તેનું અસ્તિત્વ હર પળ જોખમમાં છે, હવે કાં તો તોફાનોની દિશા ફેરવીને ચોતરફથી સમુદ્રને આધીન કરવો પડશે, નહિં તો પછી આ ટાપુ પણ એક પરપોટાની જેમ તોફાનોમાં અદશ્ય થઈ જશે. તેમણે ખૂબ ઝડપથી પોતાને એક સક્રિય લશ્કરી-શક્તિમાં બદલી નાખ્યા. આ હસ્તીઓ બદલાતા વાતાવરણમાં ઇસ્લામી આંદોલનના નીતનવા તકાદાઓને એટલી ખૂબીથી સમજતી હતી કે નવા તબક્કાઓ માટે તરત જ નવી યોગ્યતાઓ પોતાનામાં પેદા કરી લેતી હતી. મદીનામાં જયારે જિહાદના જમાનાએ તેમને પોકાર્યા, તો આ હસ્તીઓ એક ક્ષણ માટે પણ પોતાની પૂર્વ સ્થિતિથી નવી સ્થિતિ પર આવતા સંકોચ નથી કરતી. તેમાંથી ક્યારેય કોઈએ એમ નથી વિચાર્યું કે અમે તો આવાહકો અને ઉપદેશકો છીએ, અમારો વળી યુદ્ધ અને લડાઈ-ઝઘડાના હંગામાઓથી શું સંબંધ, આ તો દુનિયાના રાજકારણીઓ અને દેશોને જીતવા નીકળનારાઓની પ્રવૃત્તિઓ છે અને સુધારણા-પ્રિય લોકોને આવું ક્યાં શોભે છે; શાસન અને સલ્તનત તથા યુદ્ધ અને લડાઈ-ઝઘડાનો માર્ગ પ્રચારકોનો માર્ગ કેવી રીતે હોઈ શકે છે. પ્રચારકોનું કામ તો બસ મૂંગા રહીને માર ખાતા રહેવાનું અને એ જ હાલતમાં ધૈર્ય દાખવવાનું છે. જો મદીનાનો ઇસ્લામી સમુદાય આ પ્રકારે વિચારતો, તો આંદોલનના તકાદાઓના પરિવર્તનની સભાનતા કેળવી શક્યો ન હોત. આગળ જતાં વાદ-વિવાદમાં લાગી જતો તો ચાર તણખલાઓથી આંદોલને જે માળો બનાવ્યો હતો, તે માળો બનાવનારાઓની પોતાની જ ભાવનાઓની કોઈ ચિનગારીથી બળી ગયો હોત. તેના માટે કોઈ ઉપરથી વીજળી પડવાની જરૂર જ ન પડતી.

આ વિચક્ષણ સ્વભાવના ગણ્યા-ગાંઠ્યા લોકો જ્યાં પોતાની સાચી વિચાર-ધારાના સક્રિય આવાહકો હતા, ત્યાં તેઓ આ વિચારધારા પર સ્થપાયેલ રાજ્યની સુરક્ષા કરવા માટે સૌથી સારા બહાદુર અને સાહસી સૈનિકો પણ પુરવાર થયા. તેમણે પોતાને સંગઠિત અને અનુશાસિત સૈનિકોમાં બદલવા માટે તાત્કાલિક ધોરણે પગલાઓ ભર્યા અને જ્યાં મદીના એક શાંતિનું સ્થાન, એક પ્રશિક્ષણ-ગૃહ અને ઇસ્લામી સભ્યતાનું એક ઉપવન બની રહ્યું હતું, ત્યાં તેણે એક મજબૂત લશ્કરી કેમ્પની હેસિયત પણ અપનાવી લીધી હતી.

અલ્લાહ ત્આલા તરફથી નબીએ પાક ﷺ ના શિરે હવે એક કમાન્ડરની જવાબદારી પણ આવી પડી હતી, જેને તદ્દન સાધન-સામગ્રી વિનાની સ્થિતિમાં આપ ﷺ એ એટલી ખૂબીથી, કૌશલ્યતાથી અને પૂર્ણ બુદ્ધિમત્તાથી અદા કરી કે કેવળ આ જ એક વિષયને આલેખવો હોય તો તેના માટે એક વિશાળકાય પુસ્તકાલય જોઈએ.

રાત્રિ ચોકી-પહેરાની વ્યવસ્થા અને તેનો હેતુ

મદીના રાજ્યના સન્માનનીય વડા ﷺ એ હિજરતના ચાર-છ મહિના પછી સંલગ્ન વિસ્તારોમાં રાત્રિ ચોકી-પહેરા માટે લશ્કરી ટુકડીઓને મોકલવાનું શરૂ કરી દીધું. બદ્રના યુદ્ધથી પહેલા નીચે મુજબ ટુકડીઓ રવાના કરવામાં આવી.

(૧) અમીર હમઝા رضي الله عنه બિન અબ્દુલ મુત્તાલિબની આગેવાનીમાં ૩૦ વ્યક્તિઓની ટુકડી સૈફુલ હજર તરફ દુશ્મનની હિલચાલ પર નજર રાખવા માટે મોકલવામાં આવી હતી. અબૂ જહલ ત્રણસો માણસોની સાથે મક્કાથી નીકળ્યો હતો. પરંતુ મુસલમાનોને સાવધાન જોઈને પાછો ફરી ગયો. (રમઝાન, હિ.૧)

(૨) ૬ સૈનિકો પર આધારિત ટુકડી રાબેઅ ઉબૈદા બિન હારિસ رضي الله عنه ની કમાનમાં મક્કાવાસીઓની લશ્કરી સ્થિતિની જાણકારી મેળવવા મોકલવામાં આવી. દુશ્મનના ૨૦૦ માણસો ઇકરમા અથવા અબૂ સુફિયાનની આગેવાનીમાં સનતુલ મર્રાના સ્થળે હાજર જોવા મળ્યા. ગશ્ત કરીને આ ટુકડી સહી-સલામત પાછી આવી.(શવ્વાલ, હિ.૧)

(૩) સઅદ બિન અબી વક્કાસ رضي الله عنه ના નેતૃત્વમાં ૮૦ વ્યક્તિઓની ટુકડી રાત્રિ ચોકી-પહેરા માટે હજફા સુધી મોકલવામાં આવી. આ લોકો કોઈપણ પ્રકારની દુર્ઘટના વગર પાછા આવી ગયા. (ઝુલકઅદ,હિ.૧)

(૪) નબી અકરમ ﷺ પોતે ૭૦ માણસોને લઈને અબવાના વિસ્તારમાં

ગયા, જ્યાંથી કુરૈશી વેપારી ધોરી-માર્ગ પસાર થતો હતો. હુઝૂર ﷺ ઉમરૂ બિન ફહશી ઝમરીથી સંધિ કરીને કોઈપણ અથડામણ વગર પાછા આવી ગયા. (સફર, હિ.૨)

(૫) હુઝૂર ﷺ પોતે ૨૦૦ સૈનિકોને લઈને બવાત તરફ (રિઝવી પહાડનો વિસ્તાર, જે યંબૂઅની નજીક હતો) ગયા. રસ્તામાં ઉમૈયા બિન ખલફની આગેવાનીમાં એકસો વ્યક્તિઓ પર આધારિત કુરૈશનો કાફલો મળ્યો. પણ કોઈ ઝપાઝપી કરવામાં ન આવી. (રબીઉલ અવ્વલ, હિ.૨)

(૬) કર્ઝ બિન જાબિર અલ-ફહરીએ મદીનાના ઢોરોની લૂંટ ચલાવી, તો જાણકારી મળતાં જ હુઝૂર ﷺ એ ૭૦ સૈનિકોની ટુકડી લઈને પીછો કર્યો. કર્ઝ આમ તો બચીને નીકળી ગયો, પણ આ પીછો કરવાથી લાભદાયી અસર એ થઈ કે મદીના હવે એક સક્રિય અને જાગૃત શક્તિ છે.(રબીઉલ અવ્વલ, હિ.૨)

(૭) હુઝૂર ﷺ ૧૫૦ માણસોની એક ટુકડી લઈને ઝુલ અશીરા (જે મક્કા અને મદીનાની વચ્ચે યંબૂઅના નજીક છે) ગયા અને ત્યાં બની મદરજ અને બની જમરાથી સંધિ કરી. (જમાદિલ આખિર, હિ.૨)

(૮) અબ્દુલ્લાહ બિન હજશ رضي الله عنه ના નેતૃત્વમાં ૧૨૫ વ્યક્તિઓની એક ટુકડી રાત્રિ ચોકી-પહેરા માટે નખલા તરફ મોકલવામાં આવી. કુરૈશના એક કાફલાથી અથડામણ થઈ ગઈ. (રજબ, હિ.૨)

આ અભિયાનો લડવા માટે ચલાવવામાં આવી રહ્યા નહોતા, બલ્કે નખલામાં હંગામી સ્થિતિના કારણે મદીનાની નિર્ધારિત કાર્ય-પદ્ધતિથી વિરુદ્ધ જે અથડામણ થઈ, તેને હુઝૂર ﷺ એ નાપસંદ (Disown) કરી અને કેદીઓને મુક્ત કરી દેવામાં આવ્યા અને માર્યા ગયેલાઓની 'ખૂંબહા'ની રકમ (Blood-money) ચૂકવી દેવામાં આવી. તેમનાથી બીજા ઘણા હેતુઓ સંકળાયેલા હતા; જેમ કે -

— આ અભિયાનો દ્વારા મદીના રાજ્યની સરહદોની સુરક્ષાની વ્યવસ્થા થાય અને દુશ્મનની હિલચાલનો અંદાજ રહે. કુરૈશ અને અન્ય કબીલાઓને આ નવી હકીકતનું ભાન કરાવવાનો પણ આશય હતો કે હવે અહીં એક વિધિસર શાસન વ્યવસ્થા છે અને મદીના તેનું કેન્દ્ર છે.

— મુસ્લિમ ક્રાંતિકારી સમુદાયના સમર્પિત સૈનિકો આસપાસના વિસ્તારો, તેની વસ્તીઓ, તેની ભૂગોળ, તેના માર્ગો, તેના સ્રોતોથી પ્રત્યક્ષ વાકેફ થાય.

— તેમને નેતૃત્વ કરવા, નેતૃત્વમાં રહીને ફરજ-પાલન, પરસ્પર કાર્ય-

વહેંચણી અને સમય-વહેંચણી, યુક્તિઓ અને ઉપાયો અંગે ચર્ચા-વિચારણા, સમયસર નિર્ણયો કરવાની કુનેહ પ્રાપ્ત થાય, જેના વગર કોઈ રક્ષાત્મક વ્યવસ્થા ચાલી શકતી નથી.

— કુરૈશને ભાન થાય કે હવે તેમનો આર્થિક ધોરી-માર્ગ મદીનાના પંજામાં આવી ચૂક્યો છે, અને તેઓ તેમના વેપારી ધોરી-માર્ગને રોકીને તેમના કાફલાઓના પસાર થવાનું જ્યારે ઇચ્છે, બંધ કરી શકે છે. સ્પષ્ટ રહે કે હુઝૂર ﷺ એ બાળપણમાં બસરા અને મદીના તરફ તથા યુવાનીમાં બે વાર શામ (સીરિયા) તરફ જે પ્રવાસો કર્યા હતા, તે દરમ્યાન આપ ﷺ એ મદીનાનું ભૌગોલિક અને રાજકીય મહત્ત્વ સમજી લીધું હતું અને કુરૈશના વેપારી ધોરી-માર્ગના દરેક ઉતાર-ચઢાવથી આપ વાકેફ હતા. પોતાની પૂર્વ જાણકારીના કારણે ડર બતાવવા અને દબાણ ઊભું કરવાની ત્વરિત નીતિ બનાવવામાં આપ ﷺ ને કોઈ મુશ્કેલી ન નડી. બીજી બાજુ આપ ન માત્ર કુરૈશના એક નજીકનાં વ્યક્તિ હોવાના કારણે, બલ્કે પોતે વેપારી રહીને અને કાફલાઓમાં સામેલ થઈને કુરૈશની અર્થ-વ્યવસ્થાના સૌથી મોટા વેપારી માધ્યમથી માહિતગાર હતા. તાઈફ અને યમન અને નજરાનના વેપારી પ્રવાસોને બાજુએ રાખીને જોઈએ તો માત્ર સીરિયા અને ઇરાકના ધોરી-માર્ગના વેપારી પ્રવાસોથી કુરૈશને વાર્ષિક ૨.૫ લાખ અશરફીઓની આવક હતી.[૧]

આ અભિયાનોની રવાનગી જે પ્રશિક્ષણના હેતુસર કરવામાં આવી, તેમાં પ્રબંધ હતો કે સૈનિકોને વ્યવસ્થિત લશ્કરી કાર્યવાહીઓનો અભ્યાસ કરાવવામાં આવે, તેઓ મુખ્ય કમાન્ડ હેઠળ મશીનના પુરજાઓની જેમ હલન-ચલન કરે, કતારબદ્ધ રહેવાનો અભ્યાસ કરે, ઝંડો અને લશ્કરી આચાર-સંહિતાઓ અને સંકેતોનો ઉપયોગ કરવાનું શીખે, રોઝા રાખવા અને નમાઝની પાબંદી તથા મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં આદેશો અનુસાર કર્તવ્યનું પાલન કરીને બહાદુરીની યોગ્યતા પેદા કરી લે. તેના સાથે આપ ﷺ એ જાસૂસીની એક ઠોસ વ્યવસ્થા ઊભી કરી દીધી, જેના આધારે આપ મક્કા અને આસપાસના કબીલાઓ તેમજ પોતાના સરહદી વિસ્તારોની પરિસ્થિતિથી સંપૂર્ણ માહિતગાર રહેતા. આ સંદર્ભમાં આપ ﷺ એ રાજ્યના મુખ્ય મથકની સુરક્ષા માટે સતત નજર રાખવા ચોકીઓ અને પહેરાનો પ્રબંધ પણ કર્યો.

આ હતી બે બાજુની પરિસ્થિતિ, જે અનુસાર કુરૈશે બદ્રની લડાઈ લડવાનો નિર્ણય કર્યો.

૧. 'તફહીમુલ કુર્આન' મૌલાના સૈયદ અબૂલઆ'લા મૌદૂદી રહ., ભા-૨, પૃ. ૧૨૧.

બે પ્રાસંગિક પરિબળો

એ વાતમાં શું સંદેહ છે કે યુદ્ધ માટે વાતાવરણ તદ્દન તૈયાર હતું. કર્ઝ બિન જાબિર ફહરીની ધાડ મદીના માટે સાફ-સાફ યુદ્ધનો પડકાર હતો, કેમ કે કોઈ જીવંત અને જાગૃત શાસન પોતાની સરહદો (Territory)માં વિદેશીઓના આવા ગુનાઈત હસ્તક્ષેપને યુદ્ધના સમાનાર્થી સમજ્યા વગર રહી શકતું નથી. બીજી બાજુ નખલાની ઘટના બની, જેનું સ્વરૂપ આમ તો એવી જ સરહદી અથડામણનું હતું, જેવું સરકારો અને લશ્કરી કમાન્ડરોની મરજી વગર સૈનિકો વચ્ચે કોઈપણ બે દેશોની સરહદો પર થતી રહેતી હોય છે. પરંતુ મક્કાવાસીઓને આ ઘટનાના કારણે વિરોધી દુષ્પ્રચાર કરવાની સોનેરી તક મળી. તેમણે ખૂબ શોર-બકોર કરી મૂક્યો કે લો, નવા ધર્મના ઝંડાધારીઓએ હરામ (પ્રતિષ્ઠિત) મહિનાઓનો આદર પણ પાયમાલ કરી નાખ્યો. આ બાજુ હુઝૂર ﷺ એ કેદીઓને છોડી દીધા. માર્યા ગયેલાઓની 'ખૂંબહા'ની રકમ ચૂકવી આપી, અને પોતાને રાજ્યના વડાની હેસિયતે આ ઘટનાની જવાબદારીથી મુક્ત ઠરાવ્યા. પરંતુ તેના સાથે-સાથે કુર્આને મક્કાના દુષ્પ્રચારનો ભાંડો ફોડી નાખ્યો કે હરામ મહિનામાં 'કિતાલ' (સશસ્ત્ર લડાઈ) કોઈ સારી વાત નથી, પરંતુ તમારું લોકોને અલ્લાહના દીન (ધર્મ)થી રોકવું, તેમને હરમ (મક્કા)થી કાઢી મૂકવા અને માનવતાની સુધારણાના માર્ગમાં અવરોધો ઊભા કરવા તેનાથી પણ વધારે મોટી બૂરાઈ છે અને આ બૂરાઈને નેસ્તનાબૂદ કરવા માટે મુસલમાનો જો તલવારને ઉઠાવે, તો તેમનું આ કાર્ય સેવાનું કાર્ય હશે. નખલાની ઘટનાનું લાભદાયી પાસું એ હતું કે કુરૈશની આંખો ખુલી ગઈ કે જે લોકોને તેમણે નિઃસહાય બનાવીને કાઢી મૂક્યા હતા અને જેમને આસાન શિકાર સમજી રહ્યા હતા તેઓ જરૂરત પડે તો ઈંટનો જવાબ પથ્થરથી આપી શકે છે. આમ, મક્કાની પ્રોપેગન્ડા મશીનરીએ ગુસ્સાની આગને ભડકાવવામાં નખલાની ઘટનાથી ખૂબ ફાયદો ઉઠાવ્યો.

કુરૈશની ત્રેવડી જરૂરિયાતો

મદીના પર ચઢાઈ કરવા માટે કુરૈશની સામે ત્રણ મોટા પ્રશ્નો હતા. એક બનૂ કિનાનાનો સહયોગ પ્રાપ્ત કરવો, બીજો પ્રશ્ન લડી શકે એવા સૈનિકોની ઉપલબ્ધિ અને ત્રીજો યુદ્ધના ખર્ચની વ્યવસ્થા. સૌપ્રથમ ઉલઝન હલ થઈ જવાનો ઉલ્લેખ અમે અગાઉ કરી ચૂક્યા છીએ. બીજી જરૂરત એ રીતે પૂરી થઈ કે કુરૈશનો મામલો અહાબીશથી નક્કી થઈ ગયો. મક્કાની નજીક હબશી નામની એક પહાડી છે, જેને અડીને કેટલાક કબીલાઓ (બનૂ નઝર, બનૂ માલિક અને મુતય્યિબીન)એ પરસ્પર મૈત્રી-કરાર કર્યા હતા, તેથી તેમનું નામ 'અહાબીશ' પડ્યું. મક્કાના લોકોની તુલનામાં

આ લોકો યુદ્ધમાં વધારે નિપુણ હતા અને મૈત્રી-સંબંધો ઉપરાંત આ લોકો વળતરથી પણ લડાઈઓ લડવાનું કામ કરતા હતા. એ અલગ વાત છે કે ઉતાવળના કારણે પહેલી લડાઈમાં ખરેખર તેમને સાથે લઈ જઈ શકાયા નહીં, અને કુરૈશી સરદારોને બદ્રના યુદ્ધનું પરિણામ જોઈને આ ભૂલનું ભાન પણ થયું. આ બાજુ બનૂ મુસ્તલિકથી પણ (જેમાં બાર ગૌણ પરિવારો સામેલ હતા) કુરૈશનો મામલો નક્કી થઈ ગયો.(૧)

ત્રીજા પ્રશ્નનો ઉકેલ એ નીકળ્યો કે કુરૈશનો જે વેપારી કાફલો પોતાના સમયે સીરિયા જઈ રહ્યો હતો, તેના સામે મક્કાએ પોતાની વધારેમાં વધારે મૂડી લાવીને મૂકી દીધી. એવી સ્ત્રીઓ જે વેપાર નહોતી કરતી તેમણે પણ પોતાના ઘરેણાં અને બચતો લાવીને આપી દીધી. સ્વયં અબૂ સુફિયાનનું કથન છે કે મક્કાના કુરૈશી પુરુષો અને સ્ત્રીઓમાંથી કોઈ એવું નહોતું કે જેણે આ પ્રસંગે ભાગ ન લીધો હોય.(૨) મતલબ એ હતો કે વધારેમાં વધારે મૂડી લગાવીને વધારેમાં વધારે નફો પ્રાપ્ત કરવામાં આવે અને આ આવકના જોરે લશ્કર તૈયાર કરીને મદીના મોકલવામાં આવે અને એ રાજ્યને બરબાદ કરી નાખવામાં આવે.

કુરૈશી વેપારી કાફલો યુદ્ધની પ્રસ્તાવના હતી

દેખીતું છે કે યુદ્ધની બીજી તૈયારીઓની સાથે જેની જાણકારી હુઝૂર ﷺ ને તેના સાથે જ મળી રહેતી. આ યુક્તિ અપનાવવાનો અર્થ એ હતો કે કુરૈશનો આ વેપારી કાફલો સ્વયં લશ્કરી કાર્યવાહીની પ્રસ્તાવના હતી. એમ કહો કે ઇસ્લામી આંદોલનનું ગળું કાપવા માટે આ કાફલો સોનાનું ખંજર લેવા નીકળ્યો હતો. પરિસ્થિતિ આવી હોય તો કયું સભ્યમાં સભ્ય શાસન આજે પણ સંલગ્ન ધોરી-માર્ગો, પાણી - માર્ગો અને હવાઈ-માર્ગોથી પસાર થવાનો વિરોધી શક્તિને અવસર આપી શકે છે. વિમાનોને તોડી પાડવામાં આવે છે, સમુદ્રી જહાજોને પકડી લેવામાં આવે છે, અથવા ટોરપીડો (પાણીની સુરંગો) વડે ઊડાવી દેવામાં આવે છે, માલ-સામગ્રી જપ્ત કરી લેવામાં આવે છે, તાર-ટપાલો અટકાવી દેવામાં આવે છે, વેપારી લેવડ-દેવડ સમાપ્ત કરી દેવામાં આવે છે. છેવટે મદીનાના જ રાજ્ય માટે એવી વિચિત્ર માગણી શા માટે કરવામાં આવી કે તેણે વિરોધીને પોતાની જ છાતી પર મગ દળવાની ખુલ્લી છૂટ આપી દેવી જોઈતી હતી ! અને જો આ છૂટ ન આપી તો તેની પ્રતિકાર કરવાની કાર્યવાહીઓને લૂંટમારના અભિયાનોનું નામ શા માટે આપવામાં આવે છે ? જ્યારે એ હકીકત સ્પષ્ટ છે કે વેપારી ધોરી-માર્ગ એવા વિસ્તારોમાંથી પસાર થતો હતો, જે

---

૧. રહમતુલ લિલ આલમીન ﷺ, કાઝી સુલેમાન મન્સૂરપૂરી, ભા-૨, પૃ. ૨૬૧-૨૬૨.
૨. સીરતુન્નબી ﷺ, શિબ્લી નો'માની, ભા-૧, પૃ.૨૯૨

મૈત્રી-સંબંધોના કારણે મદીનાના આધીન વિસ્તારો હતા, તો છેવટે ઇસ્લામી રાજ્ય શા માટે પોતાના વિસ્તારોમાંથી વિરોધી શક્તિને પસાર થવાની તક આપતું.

કોઈ કારણ નથી કે મદીનામાં આ કાફલા પર છાપો મારવાનું જે વલણ જોવા મળતું હતું, તેના સંદર્ભમાં જરા પણ ક્ષમા-યાચના કરવામાં આવે, અને કોઈપણ પ્રકારે તેને રાજકીય કે રક્ષાત્મક અપરાધ માનવામાં આવે. આ કાફલા પર હાથ નાખવા માટે જો મુસ્લિમ શક્તિમાં થોડીક પણ ઉત્કંઠા જોવા મળતી હતી, તો તે પોતાની જગ્યાએ તદ્દન બરાબર હતી, અને અબૂ સુફિયાનને આ પ્રકારનો ડર લાગ્યો તો તે ખરેખર યોગ્ય હતો. ડરના આ વાતાવરણમાં એ અફવા પણ મદીના તરફથી કોઈ કાર્યવાહી ભરતાં પહેલાં ફેલાઈ ગઈ કે કાફલા પર હુમલાની તૈયારીઓ થઈ રહી છે. આ બાજુ અબૂ સુફિયાને શામ (સીરિયા) જતી વખતે પણ મદીનાના વાતાવરણને સૂંઘવાની કોશિશ કરી હતી અને પાછા આવતી વખતે પણ તે ખૂબ જ ફૂંકી-ફૂંકીને પગ મૂકી રહ્યો હતો. તેણે અવલોકન કરીને જ્યારે એ અનુભવી લીધું કે રહસ્યમય પ્રકારની હિલચાલ થઈ રહી છે અને જોખમ બિલકુલ સામે છે, તો તેણે લશ્કરી સહાયતા માટે પોતાનો દૂત મક્કા દોડાવી દીધો અને કાફલાનો માર્ગ બદલી નાખ્યો. દૂતે મક્કા પહોંચીને આરબોની વિશિષ્ટ શૈલીમાં ઊંટના કાન કાપી નાખ્યા, નાક ચીરી નાખ્યું અને કાઠી ઊલટી કરી નાખી, ખમીસ ફાડી નાખ્યું અને 'નઝીરે ઉર્યાં' (બેહાલીનો નમૂનો) બનીને પોકાર કર્યો કે, ''કુરૈશના લોકો ! પોતાના કાફલાને મુહમ્મદ (ﷺ) થી બચાવવા માટે નીકળો. ક્યાંક તમારા પહોંચતા પહેલા તે સમાપ્ત ન થઈ જાય.'' આ પ્રચલિત નાટકીય શૈલીએ આખા મક્કામાં સખત ઉશ્કેરાટ ઊભો કરી દીધો, અને તરત જ એક મજબૂત સૈન્ય, જેના સાથે અબૂ લહબ ઉપરાંત બધા જ આગેવાનો પોતે સામેલ હતા, બધી રીતે શસ્ત્રસજ્જ થઈને નીકળી પડ્યું. લશ્કરના સરદારોની સામે કાફલાને બચાવવાનું સીમિત મિશન ન હતું, બલ્કે જે વૈભવી ઠાઠમાઠ સાથે તેઓ નીકળ્યા હતા, તે સ્વયં સાક્ષી છે કે તેઓ મુસ્લિમ શક્તિને પહેલા જ વારમાં કચડીને હંમેશ માટે કિસ્સો પૂરો કરી નાખવા માગતા હતા.

આ પ્રસંગે જો મુસ્લિમ શક્તિએ સહેજ પણ નબળાઈ બતાવી હોત, લપાઈને બેસી ગયા હોત અને કોઈ લશ્કરી હિલચાલ કરી ન હોત, તો અબૂ સુફિયાન પણ પોતાનો કાફલો શાંતિથી પસાર કરીને લઈ જતો અને કુરૈશી લશ્કર પણ મદીનાના વિસ્તારમાં ઘૂસીને, બલ્કે મદીનાના દરવાજા પર ઐતિહાસિક ટકોરા મારીને સહી-સલામત પાછું ફરી ગયું હોત, તો પછી આ નવોદિત રાજ્યનો પ્રભાવ ઓસરી ગયો હોત. વધારામાં મદીનાના યહૂદીઓ અને મુનાફિકો વિદ્રોહી બની જતા. આસપાસના કબીલાઓની નજરોમાં પ્રતિષ્ઠા બાકી ન રહેતી અને આ શાસનમાં એટલી અસર જ

બાકી ન રહેતી કે તે મૈત્રી-સંબંધોને વધારી શકે, બલ્કે મુઠ્ઠીભર લોકોનું પોતાના જાન-માલ અને ઇજ્જત-આબરૂને બચાવી રાખવું પણ મુશ્કેલ થઈ જતું. સંઘર્ષ કરનારી શક્તિને આવા તબક્કાઓનો સામનો કરવો પડતો હોય છે કે પોતાની ઓછી સંખ્યા, ટાંચા સાધનો અને સંગીન મુશ્કેલીઓ છતાં તેણે ખૂબ હિંમતથી પરિસ્થિતિના પડકારને ઝીલી લેવો પડે છે. આવા પ્રસંગો ક્યારેક જ આવે છે અને આવા પ્રસંગોએ જો સમયની માંગને સાહસથી પૂરી કરી નાખવામાં આવે તો આંદોલનોની મજલ માઈલો આગળ વધી જાય છે, અને કાયરતાથી કામ લઈને આ પ્રસંગને ખોઈ નાખવામાં આવે તો એટલી ખરાબ રીતે હાર થાય છે કે પછી વર્ષોમાં પણ એ નુકસાન ભરપાઈ થઈ શકતું નથી, બલ્કે ક્યારેક તો સમયથી પાછળ રહી જવું હંમેશ માટે આખી બાજીને ચોપટ કરી નાખે છે. આવા ઐતિહાસિક અથડામણના પ્રસંગો જ્યારે સામે આવે છે, તો પછી સૈનિકોની ગણતરી અને શસ્ત્રો અને પુરવઠાને સામે રાખીને યોજનાઓ બનાવવામાં આવતી નથી, બલ્કે પ્રશ્ન એ ઊભો થાય છે કે સમયથી પાછળ રહી જવાના કારણે ઇતિહાસનો પ્રવાહ ક્યાંક માથાઓના ઉપરથી પસાર ન થઈ જાય. વાસ્તવમાં આવા પ્રસંગોએ જ નેતૃત્વની યોગ્યતાઓના પારખા પણ થઈ જાય છે અને અનુયાયીઓના પણ. આમ, મદીનાને આવા જ એક નિર્ણાયક ઐતિહાસિક પ્રસંગનો સામનો હતો. નાનકડા મુસ્લિમ રાજ્ય પાસે જો પર્યાપ્ત શક્તિ હોત તો તેણે ન કાફલાને બચીને નીકળવા દીધો હોત અને ન કુરૈશી લશ્કરને પાઠ ભણાવવામાં કોઈ ચૂક કરી હોત. પરંતુ એકી સાથે બંને મોરચા તેની શક્તિની બહાર હતા, તેથી અલ્લાહનો નિર્ણય પણ એ થયો કે કોઈ એક જ બાજી (احدى الطائفتين - સૂરઃ અન્ફાલ, આ.૭) જીતી શકાય છે. અલ્લાહે એ ઇચ્છ્યું કે યુદ્ધ થાય તો એવું કે જેનાથી સત્યનું સત્ય હોવું અને અસત્યનું અસત્ય હોવું સાબિત થઈ જાય અને કુફ્રના મૂળ કપાઈ જાય.

માનવતાના ઉપકારક ﷺ ને પોતાના જાસૂસી વિભાગ દ્વારા કાફલા અને લશ્કર બંને તરફથી જાણકારીઓ નિરંતર મળી રહી હતી. છેવટે આપ ﷺ એ ઝફરાન તળેટીમાં પરામર્શ સભા બોલાવી અને સમગ્ર પરિસ્થિતિ સામે મૂકીને સમીક્ષા કરવાની ઇચ્છા કરી કે શું સમુદાયમાં એક મોટી બાજી ખેલવાનું સામર્થ્ય છે કે નહીં.[૧]

૧. આપણા યુગના સીરત-લેખકોમાં એ વાતમાં મોટો મતભેદ છે કે શું હુઝૂર ﷺ મદીનામાં જ મુહાજિરો અને અન્સાર સાથે પરામર્શ કરીને કાફલાને છોડીને કુરૈશી લશ્કરથી લડવા નીકળ્યા હતા, કે મદીનાથી નીકળતી વખતે કાફલો આંખો સામે હતો અને પછી જ્યારે ઝફરાન તળેટી પહોંચીને કાફલો નીકળી જવાથી નવી સ્થિતિ સામે આવી ગઈ, તો આપ ﷺ એ ત્યાં જ હંગામી પરામર્શ સભા બોલાવી અને લશ્કરથી લડવાનો નિર્ણય કર્યો. આ ચર્ચા પૌરસ્ત્યવાદીઓ (Orientalists)ના નીચ આરોપથી ઊભી થઈ છે કે મદીનાનું રાજ્ય (નઊઝુબિલ્લાહ) લૂંટમારની કાર્યવાહીઓ કરીને ખરાબ આર્થિક સ્થિતિને બહાલ કરવા માગતું હતું. તેથી તફસીર, હદીસ, મગાઝી અને સીરતના બહોળા સાહિત્ય વિરુદ્ધ જઈને એ સાબિત કરવાની કોશિશ શરૂ થઈ કે હુઝૂર ﷺ લશ્કરને લઈને કાફલાને લક્ષ્ય બનાવવા નહોતા નીકળ્યા, બલ્કે મદીનામાં જ સલાહ-મસ્લત કરીને લશ્કરથી લડવાનો નિર્ણય થઈ ગયો હતો. આ દૃષ્ટિબિંદુના સૌથી મોટા વકીલ (સમર્થક) મૌલાના શિબ્લી નો'માની હતા અને તેમણે કુર્આનને પોતાના પક્ષમાં દલીલ ઠરાવ્યું હતું. (અનુસંધાન આગળના પાને)

સ્વયં આપ ﷺ એ નિર્ધાર રાખતા હતા કે જે કંઈ શક્તિ ઉપલબ્ધ છે તેને જિંદગી અને મોતની બાજીમાં લગાવી દેવામાં આવે. હુઝૂર ﷺ એ બંને સંભાવનાઓ સમુદાયની સામે મૂકી દીધી કે એક બાજુ કાફલો છે અને બીજી બાજુ લશ્કર. કઈ બાજુ આગળ વધવું જોઈએ. એક મોટા સમૂહે કાફલા તરફ આગળ વધવાના પ્રસ્તાવનું સમર્થન કર્યું અને કુર્આનના સંકેત અનુસાર આ સમૂહમાં કેટલાક એવા લોકો પણ સામેલ હતા, જેઓ આસાનીનો રસ્તો પસંદ કરતા હતા, અને જેમના માટે આર્થિક લાભનું પણ મહત્ત્વ હતું. આપ ﷺ એ ફરીથી પ્રશ્ન કર્યો, જેનો અર્થ એ હતો કે હુઝૂર ﷺ કાફલાવાળા પ્રસ્તાવના પક્ષમાં નહોતા. આ સંકેતને સમજીને મુહાજિરો તરફથી હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه, હઝરત ઉમર ફારૂક رضي الله عنه અને મિકદાદ رضي الله عنه બિન ઉમરૂએ ભરપૂર સહકાર આપવાની રજૂઆત કરી કે આપ ﷺ અલ્લાહની આજ્ઞા અનુસાર જે બાજુ પણ આગળ વધવાનું કહેશો, અમે સાથે હોઈશું અને બની ઇસરાઈલની જેમ એમ કહીને બેસી નહીં રહીએ કે મૂસા ! જાઓ, તમે અને તમારો ખુદા મળીને લડો. અમે તો અહીં જ બેસી રહીશું. હુઝૂર ﷺ એ ફરી પોતાનો પ્રશ્ન દોહરાવ્યો અને અપેક્ષા એ હતી કે અન્સારનું દૃષ્ટિબિંદુ સામે આવે. તેમના સાથે ઉકબાના કરારમાં માત્ર એટલી વાત નક્કી થઈ હતી કે મદીના પર હુમલો થવાની સ્થિતિમાં તેઓ બચાવ કરશે. તેઓ જ્યારે હુઝૂર ﷺ ની સાથે મદીનાથી નીકળ્યા હતા, તો કેવળ કાફલા સાથે ટક્કર લેવા માટે. પરંતુ પછી એકાએક પરિસ્થિતિએ રીતસર યુદ્ધ લડવાનું આવશ્યક કરી દીધું, તેથી હવે તેમનો ઇરાદો સામે આવવો જોઈતો હતો. આ અપેક્ષાને સમજીને હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه અન્સાર તરફથી બોલ્યા અને તેમણે સંપૂર્ણ ઈમાની ભાવનાનું પ્રદર્શન કર્યું કે આપ ﷺ પોતાના નિર્ધાર અનુસાર અમલ કરે. અમે આપ ﷺ ની સાથે સમુદ્રમાં પણ કૂદી જવા તૈયાર છીએ.

છેવટે ૧૨ રમઝાન, હિ.૨ ના દિવસે મદીના રાજ્યના વડા (ﷺ) પોતે ત્રણસોથી વધારે સૈનિકોની સાથે (જેમાં ૮૬ મુહાજિરો, ૧૭૦ ખઝરજ અને ૬૧ ઔસ કબીલાના લોકો હતા. જો કે પ્રસિદ્ધ આંકડો ૩૧૩ છે) શહેરથી નીકળ્યા. હુઝૂર ﷺ એ પગલું એટલી બુદ્ધિમત્તાથી લીધું કે હુમલો બંને તરફથી થતો હોય એવું લાગે. એક નજર કાફલા તરફ હતી, જેથી અબૂ સુફિયાનને લાગે કે રસ્તો કઠિન છે. બીજી નજર લશ્કર પર હતી. એ જાણકારી મેળવવી પણ ખૂબ જરૂરી હતી કે કાફલો ક્યાં છે અને લશ્કર ક્યાં છે. બંને વચ્ચે અંતર કેટલું છે અને બંનેના ભેગા થઈ જવાની તો

(અનુસંધાન પાછળના પાનેથી ચાલુ) પરંતુ વાસ્તવમાં ઘટના અંગેનું તેમના અર્થઘટનના પક્ષમાં ન તો કુર્આનમાં ખરેખર એવું પ્રમાણ છે, ન અસંખ્ય પ્રમાણિત રિવાયતોની અવગણના કરી શકાય છે, ન ઘટનાક્રમ તેમનું સમર્થન કરે છે અને ન મૂળથી એ વાંધો જ યોગ્ય છે જેનાથી આ ચર્ચા ઊભી થઈ. અમે ઇન્શા-અલ્લાહ આ ચર્ચા તેના મૂળ સ્થાને કરીશું. બીજું દૃષ્ટિબિંદુ જ સાચું છે.

સંભાવના નથી ને. કાફલો પાછળ રોકાઈ ગયો છે કે કાંઠા તરફ વળી જાય છે. આ બધું ધ્યાનમાં રાખીને સુફરા નામના સ્થળે પહોંચીને આપ ﷺ એ બસ્બસ બિન ઉમરૂ અલ-જહની ؓ અને અદી બિન અબી રગબા ؓ ને બદ્ર તરફ મોકલ્યા કે કાફલો ક્યાં છે તે જાણી લે અને પોતે ઝફરાનની તળેટીમાં જઈ પહોંચ્યા. જાણકારી મળી કે કાફલો બદ્રનો રસ્તો છોડીને કાંઠાના લાંબા રસ્તે નીકળી ગયો છે અને ખૂબ દૂર જઈ ચૂક્યો છે. હુઝૂર ﷺ એ હવે બદ્રની દિશા પકડી.

આ બાજુ અબૂ સુફિયાને કાંઠાના વિસ્તારમાં પહોંચ્યા પછી પોતાને સુરક્ષિત જાણીને કુરૈશી લશ્કરને સંદેશ મોકલ્યો કે હવે અમે બચીને નીકળી ગયા છીએ, તેથી તમે લોકો પણ પાછા ફરી જાઓ. પરંતુ અબૂ જહલના મનમાં બીજું જ ગાંડપણ સવાર હતું. તેણે બદ્ર જવાનો નિર્ણય કર્યો અને મુસલમાનો પર હુમલાનો નિર્ધાર કર્યો. ઝુહરા કબીલા અને અદીના સરદારોને કાફલાને બચાવવા માટે સાથે લીધા હતા, તેથી તેમણે પાછા જવાની વાત કરી. તેમની વાત સાંભળવામાં ન આવી, તો તેઓ પોતાના માણસોને લઈને પાછા ફરી ગયા. હકીમ બિન હિઝામ અને ઉત્બાએ પણ યુદ્ધ ન થાય એ માટેનો પ્રયાસ કર્યો. પરંતુ અબૂ જહલ આવી વાતો સાંભળીને ગુસ્સે થઈ ગયો અને તેણે શાંતિની હિમાયત કરનારાઓને મહેણા-ટોણા માર્યા અને ઠપકો આપ્યો, અને સાથે-સાથે નખલાની ઘટનામાં માર્યા ગયેલા હઝરમીના ભાઈ આમિરની લાગણીઓને ભડકાવી દીધી. આમિરે હોહા કરીને ઉશ્કેરાટ પેદા કરી દીધો. છેવટે કુરૈશી લશ્કર ખૂબ વૈભવી ઠાઠમાઠની સાથે બદ્રના નજીક આવી પહોંચ્યું.

હુઝૂર ﷺ એ સાથીઓ સાથે સલાહ-મસ્લત કરીને વધારે સારી જગ્યા પર કબજો કર્યો અને યોગ્ય યુદ્ધ વ્યૂહ-રચના તૈયાર કરીને મોરચાબંધીની રૂપરેખા વિચારી લીધી. દુશ્મનની સંખ્યા અને મુખ્ય લોકો વિશે તપાસ કરાવી અને જ્યારે નામ સાથે દરેકની જાણકારી મળી તો સાથીઓને ફરમાવ્યું, ''મક્કાએ પોતાના હૃદયના ટુકડાઓને તમારા સામે નાખી દીધા છે.'' દુશ્મનના સૈનિકોની સંખ્યા ૧૦૦૦ હતી, જેમાં છસો પાસે બખ્તર હતું, એકસો ઘોડેસવાર હતા, જેમના સાથે ઊંટોની ભરમાર હતી, શસ્ત્ર-સરંજામનો ઢગલો હતો, ખાદ્ય-સામગ્રી ભરપૂર હતી. યોદ્ધાઓના આનંદ માટે શરાબના માટલાઓ અને ગીતો ગાવા માટે દાસીઓ હાજર હતી. તેની તુલનામાં ત્રણસોથી થોડાક વધારે નિઃશસ્ત્ર લોકોને મેદાનમાં ઉતારી દેવા કંઈ બહાદુરીનું કામ નહોતું. યુદ્ધ-શક્તિ સંખ્યા અને શસ્ત્રો ઉપરાંત બીજી ઘણી બાબતો પર આધારિત હોય છે. હુઝૂર ﷺ સારી રીતે જાણતા હતા કે તેઓ જે સૈનિકોને ત્રણની સામે એકના પ્રમાણથી લાવી રહ્યા છે, તેમાં પીડા અને અત્યાચારના ભોગ બન્યાની લાગણી હિલોળા લઈ રહી છે. તેમનામાં પોતાની વિચારધારાની સચ્ચાઈ પર ઊથલ-પાથલ

કરી દેનાર શક્તિ સમાન ઈમાન દોડી રહ્યું છે. તેઓ સંગઠન અને અનુશાસન તેમજ ચરિત્રની દૃષ્ટિએ શ્રેષ્ઠતમ્ છે. વધુમાં તેમના મનમાં એ ભાવના છવાયેલી છે કે પ્રશ્ન ફક્ત એક યુદ્ધ જીતવાનો કે હારવાનો નથી, બલ્કે 'તેહરીક' (આંદોલન)ની આખી બાજી મારી લેવાનો કે ખોઈ નાખવાનો છે. તેમનો ભૂતકાળ, વર્તમાન અને ભાવિ બધું જ બદ્રના મેદાનમાં સમેટાઈને આવી ગયું છે. ઉપરાંત, સૌથી વધારે એ કે તેમને અલ્લાહની મદદ પર ભરોસો હતો, જે તેમની દૃષ્ટિએ મૂળ નિર્ણાયક શક્તિ હતી; અનેં અલ્લાહની સહાયતાના વાદળો એ પળે કેટલી શાનથી ઊમટી આવ્યા હશે, જ્યારે હુઝૂર ﷺ એ આજીજીપૂર્વક, ગળગળા થઈને ભીની પાંપણોની સાથે પોતાના પાલનહારને આ દર્દભર્યા શબ્દોમાં પોકાર્યા હશે કે :—

اَللّٰهُمَّ هٰذِهٖ قريش قد اقبلت بخيلاءها وَ فخرها تُحَادُّ
و تُكذب رَسُولكَ، وَعد تنى ! اَللّٰهُمَّ اَحِنْهُمُ الغَدَاة !

"હે અલ્લાહ ! આ છે કુરૈશ ! પોતાના અહંકાર અને વૈભંવના નશામાં ચૂર થઈને એ આશયથી આવી રહ્યા છે કે તારા બંદાઓને તારા આજ્ઞાપાલનથી દૂર રાખે અને તારા રસૂલને ખોટા ઠેરવે. બસ, હે અલ્લાહ ! પોતાની સહાયતા મોકલ, જેનું તેં મને વચન આપ્યું છે. હે અલ્લાહ ! કાલે તેમનો સર્વનાશ કરી નાખ."

અને, પછી આ વાક્ય કે — "હે અલ્લાહ ! જો આ થોડાક જીવો આજે સમાપ્ત થઈ ગયા, તો પછી કયામત સુધી તારી ઇબાદત નહીં થાય." હુઝૂર ﷺ જેવી હસ્તી, જ્યારે પોતાની 'તેહરીક'ની બધી પૂંજી મેદાનમાં લાવીને આવી હૃદય-સ્પર્શી દુઆના દૂતને 'અર્શ' (દિવ્ય-લોક) પર ટકોરા મારવા મોકલે, તો ફરિશ્તાઓના લશ્કર શા માટે ન ઊતરે ! આમ, વિજયની ખુશખબરી આવી ગઈ !

બદ્રના યુદ્ધનું પરિણામ

સમયનો ઇતિહાસ જાણે બદ્રના નાનકડા મેદાનમાં સમેટાઈને આવી ગયો હતો અને તેને ગતિશીલ રાખવાવાળી બે જુદી-જુદી શક્તિઓ પોત-પોતાની ભાવનામાં સંપૂર્ણપણે તરબોળ થઈને આમને-સામને હતી. એક તરફ પૂર્વજોનો ધર્મ, પ્રાચીન રીત-રસમો, પોતાના નેતૃત્વ અને આર્થિક હિતોને બચાવવા માટે લોહી ઉકળી રહ્યું હતું; અને બીજી તરફ એક પ્રકાશ-પૂંજ હતો, જે મદીનાની ક્ષિતિજેથી પ્રગટ થનાર નવી પરોઢને સમગ્ર જીવન-ક્ષેત્રમાં ફેલાવી દેવા માગતો હતો, અને જેની નજરમાં અજ્ઞાનતાના અંધકારની છાતીને ભેદવું એક પવિત્ર કર્તવ્યની હેસિયત ધરાવતું હતું. આ લડાઈમાં પિતા અને પુત્ર, કાકા અને ભત્રીજાઓ, ભાઈ અને

ભાઈ તથા સસરા અને જમાઈ લોહીના સંબંધોને ભૂલીને પોત-પોતાની જીવન-પદ્ધતિની રક્ષા માટે આમને-સામને આવી ગયા હતા. આ પ્રસંગે અન્સારે એમ સમજીને હુઝૂર ﷺ નો અંતઃકરણપૂર્વક સાથ આપ્યો કે તેઓ સમગ્ર આરબ પ્રદેશના તીરો અને તલવારોના લક્ષ્ય બનવા જઈ રહ્યા છે. ખૂબ કઠિન પરીક્ષા હતી, જેમાં સફળ થઈને હુઝૂર ﷺ ના સાથીઓએ સાબિત કરી દીધું કે તેઓ તેહરીકે ઇસ્લામી (ઇસ્લામી આંદોલન)ના સાચા, નિષ્ઠાવાન અને બહાદુર ધ્વજવાહકો છે. આ યુદ્ધ આશ્ચર્યજનક પરિણામની રીતે માનવ-ઇતિહાસમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. કહેવું જોઈએ કે અબાબીલો દ્વારા કુદરતે એક વાર ફરી હાથીઓના લશ્કરનો સર્વનાશ કરી નાખ્યો ! — ૧૭ રમઝાને લડાઈ થઈ. ઇસ્લામી લશ્કરના ૨૨ બહાદુરોએ પોતાંના પ્રાણ પોતાના લક્ષ્ય પર ન્યોછાવર કરીને બતાવી દીધું કે તેઓ મહાનતમ્ સચ્ચાઈના નિષ્ઠાવાન સાક્ષીઓ છે. પરંતુ બીજી તરફ દુશ્મનના સિત્તેર વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારી દીધા અને પોતાના કોઈ માણસને તેમના હાથમાં આપ્યા વગર માત્ર ૭૦ માણસોને યુદ્ધ-કેદી બનાવ્યા. ઉપરાંત, માલે-ગનીમત (યુદ્ધ-પશ્ચાત્ મળેલ માલ-સામગ્રી) પ્રાપ્ત કર્યો. મોટા-મોટા કુરૈશી સરદારો જેવાં કે ઉત્બા, શીબા, અબૂ જહલ, અબૂલ બખ્તરી, ઝમ્આ બિન અલ-અસ્વદ, આસ બિન હિશામ, ઉમૈયા બિન ખલફ, મુમ્બહ બિન હુજ્જાજ જેવા લોકો ઇસ્લામની જિહાદની તલવારનો કોળિયો બની ગયા. તેમના નેતૃત્વની હરોળ નાશ પામી. કુરૈશની કમર હકીકતમાં આ પહેલા યુદ્ધમાં જ તૂટી ગઈ અને તેમની શક્તિનું ઘમંડ ઊતરી ગયું અને ઇસ્લામી આંદોલન એકાએક પોતાનું માથું ઊંચુ કરીને ભવિષ્યની નવી ક્ષિતિજને જોવા કાબેલ બની ગયું. આ જ કારણે કુર્આને બદ્રના યુદ્ધના દિવસને 'યવ્મુલ ફુરકાન' અર્થાત્ સત્ય અને અસત્યમાં ભેદ કરીને તેને સ્પષ્ટ કરી દેનાર કસોટી ઠેરવી. આ યુદ્ધે વાસ્તવમાં નિર્ણય કરી દીધો કે કુરૈશની પ્રિય અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થા અને હઝરત મુહમ્મદ ﷺ એ પ્રસ્તુત કરેલ ઇસ્લામમાંથી કોને જીવંત રહેવાનો અને વિકસવાનો હક્ક છે અને કોનામાં આ યોગ્યતા છે. તેથી કુર્આને પોતાની સમીક્ષામાં કહ્યું કે બંનેમાંથી હવે જીવંત તેને જ રહેવાનું છે, જે પોતાના માટે જીવંત રહેવા માટે સ્પષ્ટ દલીલ અને પ્રમાણ તેમજ ઔચિત્ય ધરાવે છે; અને લોકોને પણ જેમનું પાલવ પકડવું હોય, તે દલીલના આધારે પકડે — પછી ઇચ્છે તો અજ્ઞાનતાની સર્વનાશ કરનારી ખાઈમાં પડે અને ઇચ્છે તો ઇસ્લામની જીવન બક્ષનાર હવામાં ઊડે.

કેદીઓને ચાર-ચાર હજાર દિરહમ (અમુક ધનવાનોથી વધારે રકમ લેવામાં આવી) 'ફિદયા' (અર્થ-દંડ) લઈને છોડી દેવામાં આવ્યા. આ રીતે કુરૈશ પર ૨.૫ લાખ દિરહમથી વધારેનો આર્થિક બોજ પડ્યો, અને આ આર્થિક મારે તેમની શક્તિને

વધારે નબળી બનાવી દીધી. રાજકીય હેસિયતે બદ્રના આ અનપેક્ષિત (કુરૈશના દૃષ્ટિબિંદુથી) પરિણામની અસર એ થઈ કે આરબ કબીલાઓની નજરોમાં ઇસ્લામી આંદોલન અને મદીનાના રાજ્યનું વજન વધી ગયું અને આ શક્તિ ભવિષ્યની આશા ગણાવાને લાયક બની ગઈ. આમ, (એક દૃષ્ટિબિંદુ અનુસાર) મદીનાના કેટલાક યહૂદી કબીલાઓ બદ્રના યુદ્ધ પછી જ મદીનાના બંધારણીય કરારમાં સામેલ થયા. મદીનાના મોટા ભાગના રહેવાસીઓ ઈમાન લાવ્યા. સાચા અર્થમાં ઇસ્લામ બદ્રના યુદ્ધ પછી જ એક સર્વસ્વીકૃત રાજ્ય બન્યું, કેમ કે તેણે પોતાનું રાજકીય-શક્તિ હોવું ડંકાની ચોટ પર મનાવી દીધું હતું.

પરિસ્થિતિના આ જ પલટાને એક મહાન ને'મત (બક્ષિસ) ઠેરવતાં કુઆર્ને મુસલમાનોનું ધ્યાન દોર્યું કે :—

وَاذْكُرُوْٓا اِذْ اَنْتُمْ قَلِيْلٌ مُّسْتَضْعَفُوْنَ فِي الْاَرْضِ
تَخَافُوْنَ اَنْ يَّتَخَطَّفَكُمُ النَّاسُ فَاٰوٰىكُمْ وَاَيَّدَكُمْ
بِنَصْرِهٖ وَرَزَقَكُمْ مِّنَ الطَّيِّبٰتِ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝

''અને યાદ કરો એ સમય, જ્યારે તમે (સંખ્યામાં) ઓછા હતા, જમીનમાં તમને અસમર્થ સમજવામાં આવતા હતા. તમે ડરતા રહેતા હતા કે ક્યાંક લોકો તમને નષ્ટ ન કરી નાખે. પછી અલ્લાહે તમને આશ્રય-સ્થાન ઉપલબ્ધ કરાવી દીધું. પોતાની મદદથી તમારા હાથ મજબૂત કર્યા અને તમને સારી આજીવિકા પહોંચાડી, જેથી તમે આભારી બનો.'' (સૂરઃ અન્ફાલ, આ. ૨૬)

આ આયત વાસ્તવમાં દરેક યુગના ઇસ્લામી આંદોલન માટે બે મોટા તબક્કાઓને સ્પષ્ટ કરે છે - એક અભાવ, અસામર્થ્ય તેમજ ભય અને જોખમનો તબક્કો; બીજો સ્થિરતા, મજબૂતી, વિજયી પગલું અને આર્થિક ઉન્નતિનો તબક્કો. ઇસ્લામમાં જે રીતે પહેલો તબક્કો સ્વાભાવિક અને અનિવાર્ય છે, એ જ રીતે બીજો તબક્કો પણ સ્વાભાવિક અને આવશ્યક છે. આ આરંભનું તાર્કિક પરિણામ આ જ છે. પરંતુ જે ઇસ્લામી વિચારધારા લોકો અને કોમને હંમેશ માટે પહેલી સ્થિતિમાં નાખી રાખે, તેના પર સંતુષ્ટ કરી દે અને આગળના ઝળહળતા તબક્કા તરફ કોઈ રસ્તો ન કાઢી આપી રહી હોય, તો તે માનવતાના ઉપકારક ﷺ એ શીખવાડેલ ઇસ્લામથી ક્યાંક-ને-ક્યાંક વિચલિત કરી નાખનાર હશે.

આ પ્રસંગે કાફિરોને પણ શિખામણની સાથે ચેતવવામાં આવ્યા કે, ''જો તમે લોકો સ્પષ્ટ નિર્ણય ઇચ્છતા હતા, તો લો - એ નિર્ણય તમારા સામે આવી ગયો.

હવે અટકી જાઓ. આ જ તમારા માટે સારું છે, નહિં તો જો તમે ફરી પાછા વળીને આ મૂર્ખતાનો ઇરાદો કરશો, તો અમે પણ ફરીથી તમારી ખબર લઈ નાખીશું..." (સૂરઃ અન્ફાલ, આ.૧૯) ત્યારબાદ મુસ્લિમ સમુદાયને કહેવામાં આવ્યું કે હવે હથિયારો મૂકી દેવાનો પ્રશ્ન ઊભો થતો નથી, બલ્કે હવે આ હાથોને પંગુ અને પાંગળા ન બનાવો અને શ્વાસ ન લો. જે લોકોએ તલવારોને મ્યાનમાંથી બહાર કાઢી છે, હવે તેમના સાથે યુદ્ધ ચાલુ રાખો, ત્યાં સુધી કે ફિત્નો (ઉપદ્રવ, અશાંતિ) બાકી ન રહે અને દીન (ધર્મ) સંપૂર્ણપણે અલ્લાહ માટે ન થઈ જાય. (સૂરઃ અન્ફાલ, આ.૩૯) અર્થાત્ યુદ્ધ અને ફિત્નાની જે આગ કુરૈશે ભડકાવી છે, હવે તેને સંપૂર્ણપણે ઓલવ્યા વગર દીનનું કર્તવ્ય પૂરું થઈ શકતું નથી.

બે શક્તિઓમાં ફરક

બદ્રના યુદ્ધને અલ્લાહ તઆલાએ જે હેતુસર 'યવ્મુલ ફુરકાન' ઠેરવ્યું, જેના કારણે કહ્યું કે 'જા-અકુમ્ ફત્હ' (લો, નિર્ણય તમારા સામે આવી ગયો), જેના આધારે સૂરઃ આલે ઇમરાનમાં ફરમાવ્યું કે, "તમારા માટે નિશાની છે બે લશ્કરોની લડાઈમાં", ઉપરાંત, ધ્યાન દોર્યું કે, "આ પ્રસંગમાં દૃષ્ટિ રાખનારાઓ માટે બોધપાઠ છે." તે વાસ્તવમાં વૈચારિક અને નૈતિક ફરક છે, જે બંને શક્તિઓના સામ-સામે આવવાથી સંપૂર્ણ સ્પષ્ટ થઈ ગયો. એક લશ્કર દુન્યવી હેતુઓ અને લાભો તેમજ કબીલા અને વંશના ઘમંડને ત્યજીને માત્ર અલ્લાહના માર્ગમાં માનવ-જાતના મહાનતમ્ કલ્યાણ અને સફળતા માટે ઉઠે છે. બીજું લશ્કર પોતાની સરદારી, પોતાના વંશીય અહંકાર, પોતાના વેપારી હિતો અને પોતાની આંધળી શ્રદ્ધાઓને માટે આગળ વધે છે. એક લશ્કર અલ્લાહની સામે આજીજીઓ કરે છે, નમાઝો અને રુકૂઅ-સિજદામાં મગ્ન અને અલ્લાહની પ્રસન્નતા પર નજરને જમાવીને મેદાનમાં ઉતરે છે. બીજું લશ્કર ભોજનની ઉજાણીઓ અને મિજબાનીઓ કરતું, શરાબોનો દોર ચલાવતું, સંગીતની લયમાં ઝુમતું, નર્તકીઓના અંગ-મરોડથી દિલ બહેલાવતું સામે આવે છે. એક લશ્કર માનવ-બળ અને શસ્ત્રોની અછતની સાથે ઈમાન, એકતા, અનુશાસન અને ચરિત્રની રીતે વધારે ઉચ્ચ શક્તિઓથી સંપન્ન છે. બીજું લશ્કર સંખ્યામાં મોટું અને સાધન-સામગ્રીની રીતે ભારે છે, પણ નૈતિક શક્તિની રીતે ખૂબ જ બોદું. અને, પછી કુદરત બંનેની વચ્ચે વિજય અને પરાજયનો અત્યંત સ્પષ્ટ નિર્ણય કરે છે કે આંધળાને પણ દેખાવા લાગે કે નષ્ટ થવાવાળી શક્તિ કઈ છે અને ફેલાનાર શક્તિ કઈ?

આ ફરક અમુક પ્રસંગોને સામે રાખવાથી વધારે સ્પષ્ટ થઈ જાય છે.

— અબૂ હુઝૈફા બિન યમાન અને અબૂ ઉસૈલ (ﷺ) બે મુસ્લિમ નવયુવાનો

એ સમયે મક્કાથી આવ્યા. રસ્તામાં કાફિરોએ રોક્યા કે અમે તમને મુહમ્મદ (ﷺ) ની મદદ માટે નહીં જવા દઈએ. તેમણે સામેલ ન થવાનું વચન આપીને છુટકારો મેળવ્યો. હુઝૂર ﷺ ની સેવામાં આવીને આખો પ્રસંગ સંભળાવ્યો. માણસોની તંગીની સાથે આ સંવેદનશીલ અવસર, જ્યારે કે એક કીડીની મદદ પણ મળતી, તો પણ ખૂબ મૂલ્યવાન લાગતી, હુઝૂર ﷺ એ નિર્ણય કર્યો કે તમે જે વચન આપ્યું છે તેનું ફરજિયાત પાલન કરો. અમારી મદદ અલ્લાહ ત્આલા સ્વયં કરશે. ઇતિહાસ પાસે આવા સોનેરી ઉદાહરણો કેટલાં હશે?

— માર્યા ગયેલા કાફિરોની લાશોને આપ ﷺ એ ખાડો ખોદાવીને દફન કરાવી દીધી. કોઈપણ લાશનો અનાદર કરવામાં ન આવ્યો.

— માલે-ગનીમત (યુદ્ધ-પશ્ચાત્ મળેલ માલ-સામગ્રી) વિશે સામાન્ય રીત એ હતી કે જે વસ્તુ જેના હાથ લાગે તે તેની થઈ જતી, અને આ નિયમના કારણે વિજયની સંભાવનાઓ દેખાતાં જ ધાંધલ-ધમાલ અને મારા-મારી થઈ જતી. પરંતુ કુર્આને માલે-ગનીમતનો નવો નિયમ નિર્ધારિત કર્યો, જેના માટે પાયાનો વિચાર એ આપવામાં આવ્યો કે الانفال لله والرسول અર્થાત્ માલે-ગનીમત અલ્લાહ અને રસૂલનો છે અને તેનો ઉપયોગ કરવો અને તેની વહેંચણી કરવી ઇસ્લામી રાજ્યનું કામ છે. આ નવા નિયમના કારણે સમગ્ર માલે-ગનીમતનો એક-એક પૈસો અને કણ-કણ લશ્કરના સેનાપતિના ચરણોમાં નાખી દેવામાં આવ્યો અને પછી તેમાંથી પાંચમો ભાગ રાજ્યની સામૂહિક જરૂરતો માટે અનામત રાખીને બાકીની વહેંચણી સૈનિકોમાં કરી દેવામાં આવતી.

— અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થામાં યુદ્ધ-કેદીઓ વિજેતાની દયા પર રહેતા અને તેમના પર અત્યાચાર કરવામાં આવતો, તેમના સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો અને તેમને ગુલામીનું જીવન જીવવું પડતું – અને આજના સભ્ય યુગમાં પણ યુદ્ધ-કેદીઓની સાથે જે પાશવી વર્તન કરવામાં આવે છે, તે આપણા સામે છે. પરંતુ હુઝૂર ﷺ એ યુદ્ધ-કેદીઓને નવો દરજ્જો આપ્યો. નિર્દેશ કરવામાં આવ્યો હતો કે કેદીઓને ખૂબ જ આરામથી રાખવામાં આવે. કેટલાક સહાબાઓએ આનું પાલન કરવામાં પોતે ખજૂરો ખાઈને પોતાના તાબામાં આવેલ કેદીઓને ભરપેટ સારું ભોજન કરાવ્યું. સ્વયં એક બદ્રી કેદી અબૂ ઉઝૈર (મુસ્અબ બિન ઉમૈરના ભાઈ)નું નિવેદન છે કે જે અન્સારીઓના ત્યાં મને રાખવામાં આવ્યો હતો, તેઓ પોતે ખજૂરો પર ગુજારો કરતા અને મને સારું ભોજન કરાવતા. આ વ્યવહારને કારણે હું ખૂબ જ શરમ અનુભવતો. જે કેદીઓની પાસે કપડાં ઓછાં હતા, તેમને કપડાં આપવામાં આવ્યા. હઝરત અબ્બાસ (رضي الله عنه)ના શરીર પર લાંબા કદના કારણે કોઈ કુરતો થતો ન હતો.

તેથી તેમના માટે અબ્દુલ્લાહ બિન ઉબ્બીએ કુરતો મોકલાવ્યો. આ ઉપકારના બદલામાં હુઝૂર ﷺ એ તેના કફન માટે પોતાનો કુરતો આપ્યો હતો. કેદીઓમાં સુહૈલ બિન ઉમરૂ પણ હતો, જે પોતાની વાક્છટાનું જોર હુઝૂર ﷺ ના વિરુદ્ધ ભાષણો કરવામાં લગાવતો હતો. હઝરત ઉમર ﷺ એ અભિપ્રાય આપ્યો કે તેના આગળના દાંત ઉખેડી નાખવામાં આવે, જેથી તે હવે પછી ભાષણ-કળાનો જોશ બતાવી ન શકે. કોઈ બીજું હોત તો પોતાના એક મજબૂર કેદીની સાથે સૌથી ખરાબ વ્યવહાર કરવામાં જરા પણ સંકોચ ન કરતો. પરંતુ હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે જો હું તેના શરીરના કોઈ ભાગને બગાડી નાખું, પરિભાષામાં તેને 'મુસ્લા' કરવું કહે છે, તો મારા નબી હોવા છતાં અલ્લાહ આની સજાના રૂપે મારા શરીરના પણ એ જ ભાગને બગાડી નાખશે.

વિજેતા સામાન્ય રીતે ઘમંડના નશામાં ચૂર થઈને ખૂબ જ ઉદ્ધત અને અસભ્ય બની જતો હોય છે. પરંતુ હુઝૂર ﷺ અને આપના સાથીઓમાં આવી અશિષ્ટતાની કોઈ ઝલક પણ જોવા મળતી નથી, ત્યાં સુધી કે જ્યારે અબૂ જહલના મૃત્યુના સમાચાર પહોંચે છે અને તેનું માથું આપ ﷺ ની સામે લાવવામાં આવે છે, તો તે વખતે અલ્લાહની પ્રશંસાના શબ્દો આપ ﷺ ની જીભ પર ચાલુ થાય છે. મદીના તરફ વિજેતા લશ્કરની માર્ચ થાયં છે, તો તે વખતે પણ ન કોઈ ઢોલ-ત્રાંસાનો પ્રબંધ કરવામાં આવે છે, ન ગાવા-વગાડવાનું થાય છે અને ન મદીના પહોંચીને ખુશીનો કોઈ જશ્ન કરવામાં આવે છે. માત્ર આભારની લાગણી હૃદયોમાં ઊભરી આવે છે, જેનો આધાર એ ભાવના પર છે કે આ વિજય અલ્લાહ ત્આલાનું ઇનામ છે.

— મુસ્લિમ સૈનિકો પોતાની શક્તિના ભ્રમનો ભોગ બની જાય તેના બદલે તેમના કમાન્ડર ﷺ કુર્આનની આયતોના દર્પણમાં તેમના અંદર બાકી રહી ગયેલી વૈચારિક અને નૈતિક નબળાઈઓ તરફ ધ્યાન દોરે છે. તેમની યુદ્ધમાં ભૂમિકા પર વિવેચનાત્મક સમીક્ષા કરીને અનપેક્ષિત પાસાઓને બતાવે છે. આ રીતે તેમનામાં વધારે નિર્માણ અને સુધારણા માટે પ્રેરણા જગાવવામાં આવે છે.

આ ચર્ચામાં આમ તો અવસર એટલો નથી કે તમામ યુદ્ધ કામગીરીઓ પર એક પ્રકરણમાં આટલી વિગતો આપવામાં આવે, પરંતુ અમે સૌપ્રથમ યુદ્ધ પર આટલું ધ્યાન એટલા માટે આપ્યું છે કે વાચકો તેના દ્વારા એ દૃષ્ટિબિંદુ પ્રાપ્ત કરે, જેના વગર પછીની યુદ્ધ-ઘટનાઓને સમજવું સંભવ નથી.[1] બાકી યુદ્ધોનું વૃત્તાંત અમે થોડુંક સંક્ષિપ્તમાં વર્ણવીશું.

---

૧. બદ્રના યુદ્ધ વિશે ઉપરની માહિતી માટે નીચે મુજબના પુસ્તકો સામે હતા - (૧) તફહીમુલ કુર્આન, મૌલાના સૈયદ અબલઆ'લા મૌદૂદી રહ., ભા-૨, સૂરઃ અન્ફાલની પ્રસ્તાવના અને નોંધો. (૨) સીરતુન્નબી ﷺ, લે. અલ્લામા શિબ્લી નો'માની રહ., ભા-૧, પૃ.૨૯૨-૩૩૭. (૩) અસ્હુલ યસીર, લે. મૌલાના અબ્દુર્રઊફ, પૃ.૧૨૮-૧૪૨. (૪) અહદે નબવી કે મૈદાનહાએ જંગ, લે. ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, પૃ. ૧૪-૨૯. (૫) હદીસે દિફાઅ, લે. મેજર જનરલ મુહમ્મદ અકબર ખાં, પૃ.૧૨૨-૧૬૫.

બદ્રના યુદ્ધ પછી

બદ્રના યુદ્ધમાં ઇસ્લામી રાજ્યના એક નાનકડા લશ્કરે સરવરે આલમ ﷺના નેતૃત્વમાં આમ તો કુરૈશને એક બોધપાઠ આપનાર પરાજય આપ્યો, પરંતુ તેના સાથે ભવિષ્યમાં સંઘર્ષનો એક અવિરત ક્રમ અનિવાર્ય થઈ ગયો. મક્કાની તલવાર એક વાર મ્યાનમાંથી નીકળી ગયા પછી હવે શાંતિની સ્થાપના એના સિવાય સંભવ ન રહી કે આ તલવારના ટુકડે-ટુકડા કરી નાખવામાં આવે અને તેને ઉઠાવનારા હાથોને પાંગળા બનાવી નાખવામાં આવે. વિરોધી જ્યારે જખમ ખાઈ લે છે, તો પછી બદલો લેવાની તેની ભાવના એવા સાપની જેમ ઉછળે છે, જેની પૂંછડી કચડી નાખવામાં આવી હોય. એ વાત તો તદ્દન સ્પષ્ટ હતી કે આમ તો કુરૈશી નેતૃત્વની હરોળ સક્રિય અને બુદ્ધિશાળી સરદારોથી એકાએક ખાલી થઈ ગઈ હતી. તેમનું આર્થિક ભાવિ જોખમમાં પડી ચૂક્યું હતું અને તેમની શક્તિની જે હવા જામેલી હતી તે પહેલી વાર થોડાઘણા અંશે ઉખડવા લાગી હતી. પરંતુ ઇતિહાસનો એ પણ નિયમ છે કે ધાર્મિક, રાજકીય કે આર્થિક સત્તા જે કોઈને પણ પ્રાપ્ત હોય છે, તે તેને બચાવવા માટે છેલ્લી બાજી સુદ્ધાં રમતો હોય છે. વિશેષરૂપે પેઢીઓથી જે વર્ગો અને તત્ત્વો સમાજ પર વર્ચસ્વ જમાવી લે છે તેઓ કોઈ એવી શક્તિ માટે જીવતે-જીવ રસ્તો નથી છોડી શકતા, જેના પ્રસારનું અનિવાર્ય પરિણામ તેમના નેતૃત્વની સમાપ્તિમાં આવવાનું હોય. આવા લોકો પોતાનું પૂરેપૂરું જોર લગાવીને છેલ્લા શ્વાસ સુધી લડે છે. આમ, હુઝૂર ﷺ સારી રીતે સમજતા હતા કે બદ્રનો વિજય ઇસ્લામી રાજ્ય માટે સુરક્ષાની રીતે ભવિષ્યની કેટલી ભારે જવાબદારીઓ પોતાના સાથે લઈને આવ્યો છે. હુઝૂર ﷺ ને બરાબર અનુમાન હતું કે કુરૈશ પોતાના સંપૂર્ણ ધાર્મિક અને રાજકીય પ્રભાવ, પોતાના જૂના મૈત્રી-સંબંધો અને પોતાની પૂરેપૂરી આર્થિક શક્તિને ખપાવીને પણ પોતાની આ યુદ્ધ-પતાકાને ઊંચી રાખવાની કોશિશ કરશે, જેને લહેરાવતું તેમનું લશ્કર પહેલી વાર મક્કાથી નીકળ્યું હતું. એ રીતે જાણે નિર્માણ અને સુધારણાના આવાહકો તથા સચ્ચાઈ અને ન્યાયના ધ્વજવાહકોને મજબૂર કરી દેવામાં આવ્યા કે તેઓ નિર્માણ-કાર્ય કરવાની સાથે-સાથે પોતાના સમુદાયની નાનકડી શક્તિને હર પળ સાવધાન અને નીત-નવી લડાઈઓ માટે તૈયાર રાખે. આમ, બદ્રના યુદ્ધ પશ્ચાત્ એક-પછી-એક હુઝૂર ﷺ ને વ્યવહારૂરૂપે રક્ષાત્મક પગલાઓ ભરવા પડ્યા. બદ્રની લડાઈથી પાછા ફર્યાબાદ સાત જ દિવસ પસાર થયા હતા કે હુઝૂર ﷺ ને લશ્કરી અભિયાન માટે 'મા-ઉલ કદર' જવું પડ્યું, જ્યાંથી જાણકારી મળી હતી કે બની સલીમ અને બની ગતફાનના કેટલાક લોકો લડાઈના ઇરાદાથી ભગા થયા હતા.

પરંતુ વિરોધી સામે જ ન આવ્યો, અને ત્રણ દિવસ પડાવ નાખીને આપ ﷺ પાછા આવી ગયા. થોડા દિવસ પછી ફરી એ લોકોના ભેગા થવાની જાણકારી મળી, તો ગાલિબ બિન અબ્દુલ્લાહ લૈસી ؓ એક ટુકડી લઈને ગયા. નાનકડી ઝપાઝપી થઈ અને વિદ્રોહીઓ ભાગી ગયા. હુઝૂર ﷺ જ્યારે બદ્રના અભિયાન માટે મદીનાથી બહાર હતા, તો પાછળ બનૂ કૈનુકાએ સંધિ તોડી નાખીને વિદ્રોહ કરી નાખ્યો હતો. આટલી મોટી ઘટનાની અવગણના કરવી જાણે ભવિષ્ય માટે મદીનાને તબાહીના હવાલે કરી દેવા સમાન હતું. તેથી શવ્વાલ, હિ.૨ માં હુઝૂર ﷺ એ તેમના વિરુદ્ધ લશ્કરી બળની સાથે એક પ્રકારની પોલીસ કાર્યવાહી (Police Action) કરી અને તેમની ઇચ્છાનુસાર મધ્યસ્થી કરીને તેમના નિર્ણય મુજબ આ લોકોને મદીનાની સરહદથી કાઢી મૂકવામાં આવ્યા.

બદ્રની લડાઈના બે મહિના પછી (ઝિલહજ્જ) અબૂ સુફિયાન બસો માણસોની સાથે મદીનાના વિસ્તારમાં આવ્યો અને છૂપી રીતે સલામ બિન મશ્કમને મળીને યુદ્ધની સાંઠગાંઠ કરવાની કોશિશ કરી. પરંતુ સફળતાની કોઈ શક્યતા ન જોઈને 'અરીઝ' નામના સ્થળે વૃક્ષોનો નાશ કરીને અને એક અન્સારીની હત્યા કરીને ભાગી ગયો. હુઝૂર ﷺ એ 'કરકરતુલ કુઝર' સુધી પીછો કર્યો. પરંતુ લૂંટફાટ કરનારાઓની ટુકડી નાસવામાં સફળ થઈ ગઈ. નાસતાં-નાસતાં આ લોકોએ ભાર ઓછો કરવા માટે સત્તુ (જવ)ના થેલાઓ નાખી દીધા, જે ઇસ્લામી ટુકડીના કબજામાં આવ્યા. તેથી આ અભિયાનનું નામ ' ગઝવએ સુવૈક' પડી ગયું. ઝિલહજ્જના બાકીના દિવસો મદીનામાં પસાર થયા. પરંતુ મુહર્રમ, હિ.૩માં માહિતી મળી કે બનૂ સોઅલ્બા અને બનૂ મુજારિબ હુમલા માટે ભેગા થઈ રહ્યા છે. મહિનાના અંતે આપ ﷺ નજદ ગયા અને મોટાભાગે સફરનો મહિનો આ જ પ્રદેશમાં વિતાવ્યો. દુશ્મન સામનો કરવા જ ન આવ્યો. કોઈપણ પ્રકારની અથડામણ વગર પાછા ફરવાનું થયું. આટલો સમય આપ ﷺ એ એટલા માટે વિતાવ્યો કે આ પ્રદેશમાં મૈત્રી-સંબંધો વધારવામાં આવે, જેથી કુરૈશ આ તરફના વેપારી માર્ગનો ઉપયોગ ન કરી શકે.[૧]

રબીઉલ આખિરમાં કુરૈશ તરફથી હુમલાનો ભય હતો. મદીનામાં ઇબ્ને ઉમ્મે મક્તૂમ ؓ ને કાર્યકારી બનાવીને હુઝૂર ﷺ સામનો કરવા 'બુહરાન' સ્થળ સુધી પહોંચ્યા અને જમાદિલ ઊલા સુધી સરહદોની રક્ષા માટે લશ્કરી પડાવ નાખી રાખ્યો. કોઈપણ અથડામણ વગર પાછા ફરવાનું થયું. હિ.૩માં કુરૈશનો એક વેપારી કાફલો ફરી નીકળ્યો. તેના સૂચિત માર્ગમાં ચેતવણીરૂપે લશ્કરી ગશ્ત લગાવવામાં આવ્યો. ઝૈદ બિદ હારસા ؓ જમાદિલ આખિરમાં એકસો સૈનિકોની સાથે સ્થળ

૧. આ કૂચને 'ગઝવએ ઝી-અમ્ર' અને 'ગઝવએ અન્માર'નું ના પણ આપવામાં આવ્યું છે.

પર પહોંચ્યા. કાફલાનો ગાઈડ કિરાત બિન હય્યાન પકડાઈને ઇસ્લામી સમુદાયમાં સામેલ થઈ ગયો. એક લાખ દિરહમની ચાંદી કાફલાથી છીનવી લેવામાં આવી.

બીજું મોટું યુદ્ધ — ઉહદ

માનવ-ઇતિહાસમાં જ્યારે પણ કોઈ હકારાત્મક કે નકારાત્મક વૈચારિક શક્તિઓ વચ્ચે ટક્કર થાય છે અને તેમાંથી એક માનવતાને સચ્ચાઈ, કલ્યાણ અને વિકાસના માર્ગે લઈ જવા ઇચ્છે છે અને બીજી પૂર્વજોની વ્યવસ્થાની રક્ષા કરવા માગે છે તો આવી ટક્કરમાં ખૂબ જોશ અને ઉમંગ કામ કરે છે. ઇસ્લામ અને અજ્ઞાનતાના સંઘર્ષે ઉહદના યુદ્ધમાં આવા જ અસાધારણ જોશ અને ઉમંગનું વાતાવરણ દેખાડ્યું.

કુરૈશને બદ્રના યુદ્ધમાં જે અન્ય રીતે ભરપાઈ ન થઈ શકે એવું નુકસાન પહોંચ્યું હતું, તે ઉપરાંત આર્થિક માર પણ ખૂબ જ સખત પડ્યો હતો. ૨.૫ લાખ દિરહમ જેટલી મોટી રકમ વેપારી ધોરી-માર્ગને બચાવવા માટે લશ્કરી કાર્યવાહીમાં ખપાવી હતી. ૨.૫ લાખ દિરહમથી વધારે રકમ કેદીઓના 'ફિદયા'માં આપવા પડ્યા. વધુમાં, કાફલાના લાંબા માર્ગથી ફરીને આવવાને કારણે ખર્ચ પણ વધી ગયો હતો અને નફાનું પ્રમાણ પહેલાથી ઓછું થઈ ગયું. આનાથી વધારે એ કે ભવિષ્ય માટે વેપાર વ્યવસ્થા હંમેશ માટે જોખમમાં પડી ગઈ; જેમ કે અમે અગાઉ વર્ણવી ચૂક્યા છીએ કે કુરૈશના વેપારી કાફલાથી એક લાખ દિરહમની ચાંદી મુસલમાનોએ કબજે કરી લીધી. — ભારત અને યુરોપ વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપારની જેટલી લેવડ-દેવડ થતી હતી, તે યમન અને મક્કાના રસ્તાથી થતી હતી અને મક્કાના કુરૈશ પોતાની સંધિ-વ્યવસ્થાના જોરે રક્ષણ પૂરું પાડવાનો પ્રબંધ કરીને ખાસી મોટી કમાણી કરતા હતા. તાઈફ અને અન્ય વિસ્તારોની વેપારી આવક બાજુ પણ રાખીએ તો પણ માત્ર શામ (સીરિયા)ના માર્ગથી વાર્ષિક ૨.૫ લાખ અશરફીની આવક થતી હતી. હવે મક્કાના માથા પર એક ખતરનાક આર્થિક કટોકટી ચક્કર મારી રહી હતી. આ પરિસ્થિતિમાં બદ્રના બદલાનો લાવા અંદર-ને-અંદર ઉકળી રહ્યો હતો.

નવા યુદ્ધ માટે ખૂબ ઝડપથી તૈયારીઓની શરૂઆત થઈ ગઈ. સીરિયાના કાફલાથી પ્રાપ્ત કુલ નફો યુદ્ધ-ફંડમાં લઈ લેવામાં આવ્યો. અમ્ર જમઈ અને મસાફેઅ જેવા નામચીન શાયરો પાસેથી તેમની મનોરંજનની કળાથી પૂરું કામ લઈને યુદ્ધની આગ ભડકાવવામાં આવી. મક્કાની સ્ત્રીઓએ ભાઈઓ અને પુત્રોના મૃત્યુના જે જખમ ખાધા હતા, તેની પીડાઓથી વ્યાકુળ થઈ-થઈને તેણીઓ માનતાઓ માની રહી હતી કે હવે પછીના યુદ્ધમાં તેઓ મુસ્લિમ શહીદોનું લોહી પીશે. આમ, વ્યવહારૂરૂપે લશ્કરની સાથે મોટા-મોટા પરિવારોની વિશિષ્ટ મહિલાઓ યુદ્ધ માટે

રવાના થઈ; જેમ કે હિન્દ (ઉત્બાની પુત્રી, અબૂ સુફિયાનની પત્ની અને અમીર મુઆવિયાની માતા), ઉમ્મે હકીમ (ઇકરમા બિન અબૂ જહલની પત્ની), ફાતિમા (ખાલિદની બહેન), બરઝહ (તાઈફના સરદાર મસ્ઊદ સકફીની પુત્રી), રૈતા (અમ્ર બિન આસની પત્ની), હનાસ (હઝરત મુસ્અબ બિન ઉમૈરની માતા) વગેરે.

કુરૈશે પોતાના સમર્પિત સૈનિકોને તૈયાર કરવાની સાથે-સાથે 'અહાબિશ'ને પણ સાથે લીધા. વધુમાં અમ્ર બિન આસ, અબ્દુલ્લાહ બિન અલ-ઝબ્અરા, હુબૈરા બિન અબી વહબ, મુસાફઅ બિન અબ્દે મનાફ અને અમ્ર બિન અબ્દુલ્લાહ જમઈને જુદા-જુદા આરબ કબીલાઓમાં મદીના વિરુદ્ધ યુદ્ધ માટે ઉત્પ્રેરિત કરવા માટે રવાના કર્યા. આ રીતે ખાસી મોટી તાકાત એકઠી થઈ ગઈ. ત્રણ હજાર સૈનિકો, જેમાં સાતસો બખ્તરધારી અને બસો ઘોડેસવાર સામેલ હતા, પોતાની જગ્યાએ હૃદય ધ્રુજાવી નાખનાર શક્તિ હતી. લશ્કરી શક્તિનું આ ઘોડાપૂર હતું, જે આખા વર્ષની તૈયારી પછી મક્કાથી રવાના થયું. મદીનાના ગોચરોમાં પહોંચ્યું તો શાંતિથી પોતાના પશુઓને લીલો ચારો ખવડાવી-ખવડાવીને તાજા-માજા કર્યા અને કેટલાય દિવસો રસ્તામાં વિતાવ્યા પછી બુધવારના દિવસે ઉહદ પર તેમણે પડાવ નાખ્યો.

હઝરત અબ્બાસ દિલથી હુઝૂર ﷺ ના વફાદાર અને ઇસ્લામી આંદોલનના સમર્થક હતા, અને વિશિષ્ટ હુકમથી મક્કામાં રહેતા હતા, જેથી દુશ્મનના કેમ્પની અંદરની સ્થિતિ પર નજર રાખે. તેમણે વેગીલા દૂતને દોડાવીને આ તૈયારીઓની જાણકારી હુઝૂર ﷺ ને પહોંચાડી દીધી. પછી હુઝૂર ﷺ ને પોતાની વિશિષ્ટ જાસૂસી વ્યવસ્થાથી ૫ શવ્વાલ, હિ.૩ ના દિવસે માહિતી મળી કે કુરૈશી લશ્કર મદીનાની નજીક પહોંચી ગયું છે, અને અરીઝના ગોચરને તેના પશુઓએ સાફ કરી નાખ્યું છે. ત્યારબાદ તેમની સંખ્યા અને તેમની શક્તિના સાચા આંકડાઓનો અહેવાલ પણ પહોંચી ગયો. શહેરમાં રાત્રે ચોકી-પહેરાનો પ્રબંધ તાત્કાલિક ધોરણે કરી દેવામાં આવ્યો. સવારે આપ ﷺ એ સલાહકાર સમિતિની મીટિંગ બોલાવી. મોટાભાગના મુહાજિરો અને અન્સારના આગેવાનોએ શહેરમાં રહીને સામનો કરવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ બદ્રમાં સામેલ થવાથી વંચિત રહી જવાવાળા નવયુવાનોએ જોશ અને ઉમંગથી એ પ્રસ્તાવ મૂક્યો કે બહાર નીકળીને સામનો કરવામાં આવે. હુઝૂર ﷺ આ બે અભિપ્રાયો આવી ગયા પછી ઘર ગયા અને બખ્તર પહેરીને પાછા પધાર્યા. આનો અર્થ એ હતો કે બીજા પ્રસ્તાવને આપ ﷺ એ સ્વીકારી લીધો. આ સંદર્ભમાં ન ભૂલજો કે અબ્દુલ્લાહ બિન ઉબ્બી પણ પહેલા પ્રસ્તાવને અનુમોદન આપતો હતો અને એ વાત બધાને ખબર હતી કે કુરૈશી સાંઠગાંઠના તાર તેની જાત સાથે આવીને મળતા હતા. બીજા મોટા યુદ્ધના પ્રસંગે કુરૈશે તેના સાથે પાકું જોડાણ કરી રાખ્યું

હતું. હુઝૂર ﷺ એ આ જ હકીકતને પામીને કોઈ ચર્ચા કર્યા વગર ચુપચાપ નવયુવાનોના પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો. જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પઢીને આપ ﷺ ના નેતૃત્વમાં એક હજાર મુસ્લિમ સૈનિકો રવાના થયા. અબ્દુલ્લાહ બિન ઉબ્બી પણ સાથે હતો. પોતાનો પહેલો પ્રસ્તાવ રદ થઈ ગયા પછી તેણે તોફાન મચાવવાની એક કોશિશ કરતાં યુદ્ધ-સ્થળે એક વિશિષ્ટ મોરચો ઊભો કરવાનો પ્રસ્તાવ મૂક્યો. આ પ્રસ્તાવ પણ હુઝૂર ﷺ એ મંજૂર ન કર્યો, તો ઉપદ્રવકારી નિરાશ થઈ ગયો, અને શૂત નામના સ્થળેથી ત્રણસો સમર્થકોને લઈને પાછો રવાના થઈ ગયો. તેને વાંધો હતો કે અમારી વાત જ્યારે માનવામાં નથી આવતી અને નિર્ણયના અધિકારોમાં અમારો કોઈ ભાગ નથી, તો અમે શા માટે લડીએ. આ કપટયુક્ત કૃત્યની અસર બીજા લોકો પર પણ થઈ; જેમ કે બનૂ સલમા અને બનૂ હારિસા પણ હતોત્સાહ થઈને પાછા જવા લાગ્યા. પરંતુ વડીલ હસ્તીઓએ તેમની હિંમત બંધાવી.

મદીનાથી બહાર જઈને મેદાનમાં ઉતરતાં પહેલા હુઝૂર ﷺ એ સૈનિકોનું અવલોકન કર્યું. કેટલાક છોકરાઓ પણ જિહાદની ભાવનાથી છલોછલ સાથે આવી ગયા હતા. તેમને હુઝૂર ﷺ એ પાછા જવાનો આદેશ આપ્યો. તેમ છતાં દરેકનો પ્રયત્ન એ હતો કે કોઈપણ રીતે તેમને યુદ્ધમાં સામેલ થવાની તક મળે. રાફેઅ બિન ખુદૈજે એડીઓથી ઊંચા થઈને પોતાને લડાઈને યોગ્ય સાબિત કર્યો અને સુમરાએ કુશ્તીમાં રાફેઅને પછાડીને પોતાની શક્તિનો સ્વીકાર કરાવ્યો. નવી પેઢીનું આ ચરિત્ર એક સદાચારી વાતાવરણના પ્રશિક્ષણનું પરિણામ હતું. મુસ્લિમ મહિલાઓ પર આમ તો જિહાદ ફર્ઝ (અનિવાર્ય ધાર્મિક કર્તવ્ય) નહોતું, પણ તેહરીક માટે ખૂબ જ સંવેદનશીલ પરિસ્થિતિને જોઈને તેમની લાગણીઓ પણ ઊમટી રહી હતી. તેથી કેટલીય મહિલાઓ જેમ કે હઝરત આઇશા રઝિ., બનૂ ઉમ્મે સુલૈત રઝિ. (અબૂ સઈદ ખુદરી રઝિ. ના માતા), ઉમ્મે સલીમ રઝિ. (હઝરત અનસ રઝિ. ના માતા), ઉમ્મે અમ્મારા રઝિ. અને બીજી કેટલીક મહિલાઓ મુસ્લિમ લશ્કરની સાથે રવાના થઈ અને તેમણે શાનદાર સેવાઓ આપી. મુસ્લિમ લશ્કરના સૈનિકોની કુલ સંખ્યા ૭૦૦ હતી, જેમાં એકસો બખ્તરધારી હતા. તેમના ઈમાનની શક્તિ એ હતી કે તેઓ પોતાનાથી ચાર ગણા અને ખૂબ જ શસ્ત્રસજ્જ લશ્કરથી ટક્કર લેવા જઈ રહ્યા હતા.

હુઝૂર ﷺ એ ઉહદના પહાડને પીઠ બાજુ લઈને મોરચાની ખૂબ જ ઉત્તમ ગોઠવણી કરી. મુસ્અબ બિન ઉમૈર રઝિ. ને ઇસ્લામી ધ્વજ સોંપ્યો. ઝુબૈર બિન અવ્વામ રઝિ. ને રસાલાના વડા બનાવ્યા. હઝરત હમઝા રઝિ. ને બિનબખ્તરધારી સૈનિકોના કમાન્ડર બનાવવામાં આવ્યા. પીઠની તરફ 'જબલે ઐનૈન' (રૂમાતના પહાડના મુખ પર પચાસ તીરંદાજોની ટુકડીને મૂકવામાં આવી અને આ ટુકડીના

વડાની જવાબદારી અબ્દુલ્લાહ બિન ઝુબૈર ﷺ ને સોંપવામાં આવી. કુરૈશે પણ બદ્રના અનુભવના પ્રકાશમાં વ્યવસ્થિત યુદ્ધની એ નવી પદ્ધતિનું અનુકરણ કર્યું, જેને ઇસ્લામી લશ્કરે અપનાવી હતી. અગ્ર હરોળ, પાછળની હરોળ, સવારો અને તીરંદાજોની ટુકડીઓને અલગ-અલગ કમાનોમાં ગોઠવી દેવામાં આવી.

યુદ્ધની શરૂઆતરૂપે ચૌદ કુરૈશ સ્ત્રીઓની એક ટોળીએ હિન્દાના નેતૃત્વમાં દફ વગાડીને યુદ્ધ-રાગ આલાપવાનું શરૂ કર્યું. આ ગીતની ભાવનાત્મક હલચલનો અંદાજ નીચેના શેરથી આવી શકે છે :–

نحن بنات طارق   نمشی علی النمارق
ان تقبلوا غانق   او تدبروا الفارق

"અમે આકાશી તારાઓની પુત્રીઓ છીએ અને અમે ગાલીચાઓ પર ચાલીએ છીએ. જો તમે આગળ ડગલું વધારશો તો અમે તમને ગળે લગાવીશું અને પાછળ હટશો તો તમારાથી અલગ થઈ જઈશું."

એક તરફ આ કાવ્યમય રોમાન્ટિક અને કામુક ઉત્પ્રેરણા હતી અને બીજી તરફ અલ્લાહની પ્રસન્નતા સિવાય કોઈ વસ્તુ પ્રેરણાદાયક નહોતી.

એકાએક મેદાનમાં મશહૂર અબૂ આમિર રાહિબ પ્રગટ થાય છે, અને અન્સાર પર પોતાના પ્રભાવના ભ્રમમાં તેમને પોકારે છે. અન્સાર આ વૈરાગીની હકીકતને બરાબર સમજતા હતા, જેનો સંબંધ કુરૈશના અજ્ઞાનતાયુક્ત શિર્ક અને અત્યંત વિકૃત વ્યવસ્થાથી જોડાઈ ગયો હતો. તેમણે જવાબ આપ્યો કે, "હે અવજ્ઞાકારી !અમે તને બરાબર ઓળખીએ છીએ." માનવ-ઇતિહાસમાં આવા દૃષ્ટાંતો ઓછા જ મળશે કે આ જ અબૂ આમિરના પુત્ર હઝરત હન્ઝલા ﷺ એ હુઝૂર ﷺ પાસે પિતા પર હુમલો કરવાની પરવાનગી માંગી. પરંતુ હુઝૂર ﷺ ની દયા-ભાવનાને એ પસંદ ન પડ્યું કે પુત્રની તલવારથી પિતાનો સર્વનાશ થાય. તે પછી તલ્હા જોર કરીને લલકારવા લાગ્યો. હઝરત અલી ﷺ એ આગળ વધીને તેના અસ્તિત્વને જોત-જોતામાં ધૂળભેગું કરી નાખ્યું. પછી તેનો પુત્ર ઉસ્માન ગર્વથી અહંકારની સાથે શાયરી બોલતો આવ્યો કે તેના પાછળ સ્ત્રીઓનું એક ટોળું વિજય-ગીતો ગાઈ રહ્યું હતું. હઝરત હમઝા ﷺ ની તલવારે તેને પણ ઢગલો કરી નાખ્યો. બસ, ઘમાસાણ યુદ્ધ શરૂ થઈ ગયું.

આમ તો આખું મુસ્લિમ લશ્કર પોતાની ઓછી સંખ્યા અને અલ્પ સાધનોની પૂર્તિ ભરપૂર ઈમાની ભાવનાથી કરી રહ્યું હતું. ઉજ્જવળ ભવિષ્યની લહેરો પ્રાચીનતાના કિનારા સાથે બરાબર ટકરાઈ, પરંતુ હઝરત હમઝા ﷺ, હઝરત

અલી رضي الله عنه અને હઝરત અબૂ દુજાના رضي الله عنه ની બહાદુરી સૌથી વધારે દેખાઈ આવતી હતી. છેવટે અજ્ઞાનતાના પૂજારીઓના પગ ઉખડી ગયા, અને વિજય-ગીતો ગાતી સુંદરીઓ ભાન ભૂલીને ભાગી અને જોતજોતામાં જાદૂની જેમ અદશ્ય થઈ ગઈ. મુસ્લિમ સૈનિકોને લાગ્યું કે બસ, હવે બાજી પૂરી થઈ ગઈ. તેથી તેમણે દુશ્મનોને ભવિષ્યમાં સાધનવિહોણા કરવાના હેતુને સામે રાખીને યુદ્ધનો માલ-સામાન અને ખાદ્ય-પુરવઠો અને બીજી ચીજ-વસ્તુઓ પર કબજો કરવાનું શરૂ કર્યું. મોરચાબંધીની વ્યવસ્થા તૂટી ગઈ. ધાંધલ-ધમાલ થઈ ગઈ અને અવ્યવસ્થા સર્જાઈ ગઈ. લોકો કેન્દ્રીય કમાનથી બેધ્યાન થઈ ગયા અને મુસીબત એ થઈ કે પીઠ પાછળના સંવેદનશીલ નાકાને તીરંદાજોની એ ટુકડીએ પણ છોડી દીધું, જેને તાકીદ કરવામાં આવી હતી કે તેઓ જય-પરાજય, કોઈપણ સ્થિતિમાં ત્યાંથી ન હટે. હુઝૂર ﷺ ના એ શબ્દો હતા કે, ''જો તમે જુઓ કે પક્ષીઓ અમારું માંસ ખાઈ રહ્યા છે, તો પણ તમે તમારી જગ્યાથી ન હટજો.'' આ ઉતાવળનું ખૂબ ભયાનક નુકસાન મુસલમાનોએ ભોગવવું પડ્યું અને જાણે તેમનાં ચરણોને સ્પર્શતો વિજય રિસાઈને પાછો જતો રહ્યો ! કુરૈશના લશ્કરમાં ખાલિદ જેવો બુદ્ધિશાળી અને બહાદુર યુદ્ધ-નેતા મોજૂદ હતો. તેણે દૂરથી જ આખા મોરચાનું ચિત્ર નિહાળ્યું, તો અમુક સવારોની સાથે પહાડના પાછળ થઈને ખાલી પડેલ એ જ પાછળના સંવેદનશીલ નાકા (જબલે ઐનૈન) બાજુથી અચાનક હુમલો કરી દીધો. પછી તો કુરૈશી લશ્કરની બીજી ટુકડીઓએ પાછા ફરીને હુમલો કરી દીધો. પોતાના વિજયમાં મસ્ત મુસલમાનોએ ચકિત થઈને જોયું તો વીજળીની જેમ આંજી નાખતી તલવારો તેમના માથા પર ચમકી રહી હતી. આ બાજુ દુશ્મને હુઝૂર ﷺ પર હુમલો કરવા માટે ટોળું કરી દીધું. આપ ﷺ દોડતા મુસલમાનોને પોકારી રહ્યા હતા – إِلَيَّ عِبَادَ اللهِ — إِلَيَّ عِبَادَ اللهِ ! (અલ્લાહના બંદાઓ ! અહીં મારા તરફ આવો). પરંતુ લોકો ગભરાટમાં કંઈ જ સાંભળતા નહોતા. એક ગંભીર ક્ષણ એવી આવી કે માત્ર અગિયાર સાથીઓ આપની આસપાસ રહી ગયા. તક જોઈને અબ્દુલ્લાહ બિન કુમૈયાએ મુબારક ચહેરા પર તલવાર મારી દીધી, જેનાથી લોખંડની ટોપીની કડીઓ તૂટીને જડબામાં ભરાઈ ગઈ. એક વાર દુશ્મનના ટોળાના કારણે આપ ખાડામાં પડી ગયા અને થોડીક ઈજાઓ થઈ. પરંતુ મુઠ્ઠીભર સાથીઓએ નવ-યુગના આ આકાશી આવાહકની રક્ષા કરવામાં, જેનું અસ્તિત્વ ઈસ્લામી આંદોલનના ધબકતા આત્મા સમાન હતું, એવા સમર્પણનું પ્રદર્શન કર્યું કે તેનું ઉદાહરણ મુશ્કેલીથી ઈતિહાસના બીજા પ્રકરણોમાં મળી શકે છે. આ કયામત જેવી પળોમાં હુઝૂર ﷺ નું અટલ અને અડગ રહેવું, બલ્કે સાવધાન રહીને બચાવ કરવો અને ઉબ્બી બિન ખલફની ગરદન પર નાના ભાલા વડે જાતે ઘા કરવો અસાધારણ હિંમત

અને બહાદુરીનો પુરાવો છે. તેમ છતાં આ પ્રસંગે હુઝૂર ﷺ ના ઈજાગ્રસ્ત થવા અને ખાડામાં પડીને આંખોથી ઓઝલ થઈ જવા અને પછી આપના હમશકલ હઝરત મુસ્અબ બિન ઉમૈર ؓ ના શહીદ થઈ જવાના કારણે વિરોધીઓએ હુઝૂર ﷺ ના અવસાનની અફવા ઊડાવી. તેનાથી મુસલમાનોમાં વધારે પરેશાની ફેલાઈ ગઈ. આ અફવાની પ્રતિક્રિયા બમણી આવી. હઝરત ઉમર ؓ એ હથિયાર ફેંકીને કહ્યું કે હવે લડવાથી શું મતલબ, જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ પણ શહીદ થઈ ગયા ! તેમના પર હુઝૂર ﷺ નો પ્રેમ એટલી હદે છવાયેલો હતો કે તેમની નજરમાં આ સૌથી કીમતી વસ્તુ ખોઈ નાખ્યા પછી મોટામાં મોટો વિજય પણ વિજય ન હતો. ઈબ્ને નઝર (હઝરત અનસ અન્સારી ؓ ના કાકા) એ સાંભળ્યું તો કહ્યું, ''રસૂલુલ્લાહ ﷺ પછી આપણે જીવતા રહીને શું કરીશું !'' અને પછી તેઓ એવી નિડરતાથી લડ્યા કે થોડીક જ વારમાં એંશી (૮૦)થી વધારે ઘાનો આનંદ સમેટીને શહાદતનો જામ હોઠોથી લગાવી દીધો. આમ, આ પરેશાની અને ગભરાટની સ્થિતિમાં મુસલમાનો, મુસલમાનોના લક્ષ્ય બની રહ્યા હતા, ત્યાં સુધી કે હઝરત હુઝૈફા ؓ ના પિતા પોતાના જ સાથીઓની તલવારોથી શહીદ થઈ ગયા.

પછી સ્થિતિ પલટાવાની શરૂ થઈ. દરેક મુસ્લિમ સૈનિક પોત-પોતાની જગ્યાએ તલવારોમાં ઘેરાયેલો હતો અને હુઝૂર ﷺ ને જોવા માટે બેચેન. સૌથી પહેલા કઅબ બિન માલિક ؓ એ સરવરે આલમ ﷺ ને જોઈ લીધા, અને એકાએક પોકારીને કહ્યું, ''મુસલમાનો ! આ રહ્યા અલ્લાહના રસૂલ ﷺ !'' પછી જેમ-જેમ આ જીવનબક્ષ ખુશીના સમાચાર ફેલાતા ગયા, મુસ્લિમ સૈનિકોમાં નવું જોમ પેદા થતું ગયું, બહાદુરો દરેક બાજુથી કેન્દ્ર તરફ સમેટાવા લાગ્યા. દુશ્મનોનું ટોળું ઓછું થવા લાગ્યું, તો હુઝૂર ﷺ પહાડના શિખરે પહોંચી ગયા. અબૂ સુફિયાન એ તરફ વળ્યો, તો સહાબાએ ઊંચાઈએથી પથ્થરો વરસાવીને પાછો ફેરવી દીધો. હવે દુશ્મનને ડર લાગ્યો કે તેને જે આકસ્મિક વર્ચસ્વ પ્રાપ્ત થઈ ચૂક્યું છે, ક્યાંક તે હાથમાંથી જતું ન રહે. તેથી મક્કાનું લશ્કર પણ સમેટાવા લાગ્યું.

અબૂ સુફિયાને સામેની પહાડી પર ચઢીને હુઝૂર ﷺ અંગે વિશ્વસનીય જાણકારી મેળવવાની કોશિશ કરી. છેવટે તેણે ઊંચા અવાજે હુઝૂર ﷺ અને હઝરત અબૂબક્ર ؓ અને હઝરત ઉમર ؓ ના નામો લઈ-લઈને કહ્યું કે કોઈ છે ? આ બાજુથી સમજીને કોઈ જવાબ આપવામાં ન આવ્યો, તો કહેવા લાગ્યો, ''બધા મરી ગયા કે શું ?'' હઝરત ઉમર ؓ આવેશમાં બોલી ઉઠ્યા, ''હે અલ્લાહના દુશ્મન ! અમે બધા જીવતા છીએ અને સહી-સલામત છીએ.'' અબૂ સુફિયાને નારો લગાવ્યો :

"હે હુબલ ! તું સર્વોચ્ચ રહે !"

જવાબ-મળ્યો :

"અલ્લાહની જ જાત ઉચ્ચ અને સર્વોચ્ચ છે."

અબૂ સુફિયાને ફરી બૂમ પાડી :

"અમારા સાથે ઉઝ્ઝા છે, તમારા સાથે ઉઝ્ઝા નથી."

આ બાજુથી પોકાર થઈ :

"અલ્લાહ અમારો માલિક છે, તમારો કોઈ માલિક નથી."

વાસ્તવમાં આ સંક્ષિપ્ત નારાઓમાં એ બે વિચારધારાઓ બોલી રહી હતી, જેના ટકરાવે ઇતિહાસમાં આ સમગ્ર ઊથલ-પાથલ કરી નાખી હતી.

આ યુદ્ધમાં ૭૦ મુસલમાનો શહીદ થયા અને ૪૦ ઘાયલ. બીજી બાજુ વિરોધી લશ્કરના માત્ર ૩૦ માણસો મોતને ઘાટ ઉતારી શકાયા. હુઝૂર ﷺ ના કાકા હઝરત હમઝા رضي الله عنه જેવા બહાદુર જનરલ અને આપ ﷺ ના ફોઈના દીકરા-ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન હજશ, ઉચ્ચ કોટિના સહાબીઓમાંથી હઝરત મુસ્અબ બિન ઉમૈર, હઝરત હન્ઝલા બિન અબી આમિર, રાફેઅ બિન માલિક બિન અજલાન (ત્રણે-ત્રણ ઉકબાની બૈતમાં સામેલ હતા), અબ્દુલ્લાહ બિન ઉમરૂ ખઝરજી, ઉમરૂ બિન જમૂઅ અને કેટલાય બદ્રી સહાબીઓ رضي الله عنهم દુનિયાની મહાનતમ્ સચ્ચાઈના પવિત્ર વૃક્ષને પોતાના લોહીથી સિંચિત કરી ગયા.

પરંતુ, મુસ્લિમ લશ્કરે જેવો પોતાના પર કાબૂ મેળવ્યો અને હાઈ-કમાન્ડથી તેનો સંબંધ સ્થાપિત થયો, ક્રાંતિ-દુશ્મન શક્તિ જલ્દી-જલ્દી પીછેહઠ કરીને રણ-ભૂમિમાંથી કૂચ કરી ગઈ. આમ, આકસ્મિક વિજયના પરદામાં છુપાયેલ નબળાઈઓની પોલ ખૂલી ગઈ, અને મુસ્લિમ લશ્કરે ફરી એક વાર પોતાનું મહત્ત્વ સમજ્યું.

મુસલમાનોએ પોતાની એક ચૂકને કારણે નુકસાન અવશ્ય ઉઠાવ્યું હતું, પરંતુ ન તેઓ હતોત્સાહ હતા અને ન તેમની શક્તિમાં કોઈ કમી આવી હતી. આમ, હુઝૂર ﷺ ના આદેશથી સિત્તેર માણસોની એક ટુકડી કુરૈશી લશ્કરનો પીછો કરવા નીકળી. આ બાજુ અબૂ સુફિયાને રોહા નામના સ્થળે પહોંચીને જ્યારે પરિસ્થિતિની સમીક્ષા કરી, તો તેને ખૂબ પસ્તાવો થયો કે ઉહદમાં પ્રાપ્ત જીતની કલગી તો તે ઉતાવળમાં ઉહદના મેદાનમાં જ મૂકીને આવી ગયો છે અને મદીનાની શક્તિને નેસ્તનાબૂદ કરવાનું કામ તો અધૂરું રહી ગયું છે.. હવે તેને ક્ષતિ-પૂર્તિની ચિંતા થઈ. પરંતુ સમય વિતી ગયો હતો ! આ જાણે એવી સ્થિતિ હતી કે 'લડાઈ પછી જો મુક્કો મારવાનું યાદ આવે તો પોતાના જ મોઢા પર મારવો જોઈએ.' (તક વિતી ગયા પછી

કોઈ વાત યાદ આવવાથી પસ્તાવા સિવાય કંઈ મળતું નથી.) હુઝૂર ﷺ ને પહેલાથી આનો ભય હતો. આપ ﷺ મદીના પાછા જવાને બદલે પોતાના સૈન્યને સાથે લઈને મદીનાથી ૮ માઈલ દૂર હુમરા અલ-અસદ નામના સ્થળ સુધી જઈ પહોંચ્યા. આ જ સમયગાળામાં ખુઝાઆ કબીલા (જેણે ઈસ્લામ કબૂલ કર્યો ન હતો, પણ ઈસ્લામી રાજયનો હૃદયપૂર્વક સમર્થક હતો) ના સરદાર મઅ્બદે અબૂ સુફિયાન્ને જાતે જઈને ડરાવ્યો કે, ''મુહમ્મદ (ﷺ) ખૂબ મોટી શક્તિ સાથે આવી રહ્યા છે.'' આ સમાચારથી ગભરાઈને અબૂ સુફિયાન ત્યાંથી વિદાય થઈ ગયો.

ઉહદના યુદ્ધના કેટલાક ખાસ પાસાઓ

હવે આપણે યુદ્ધના ખાસ-ખાસ નોંધપાત્ર પાસાઓ પર એક સંક્ષિપ્ત નજર નાખી લઈએ.

(૧) શિસ્ત અને અનુશાસન આંદોલનોની મૂળ શક્તિ છે અને વધુમાં દરેક પ્રકારના મુકાબલાઓમાં તેનું મહત્ત્વ પાયાનું છે, તથા શિસ્ત અને અનુશાસનનો પાયો એ નૈતિક ગુણો પર રચાય છે, જેનું નામ 'સબ્ર' (ધૈર્ય) છે; અર્થાત્ પોતાના પર એટલો કાબૂ હોવો કે ડર અને નુકસાન તેમજ હિતોની સામે મક્કમતા અને અડગતા યથાવત રહે. ઈસ્લામી સમુદાયનું જો કે પ્રશિક્ષણ થઈ રહ્યું હતું અને વિશેષરૂપે યુદ્ધના મેદાનમાં ઈસ્લામી ચરિત્ર મજબૂત કરવા માટે હજુ સુધી વધારે અનુભવ થયો ન હતો, કેમ કે ઉહદથી પહેલા એક જ યુદ્ધ થયું હતું, તેથી ચૂક થઈ ગઈ. કોઈપણ માનવ સમુદાય કોઈ વિચારધારા પર નવા ચરિત્રનું નિર્માણ કરવામાં ભૂલોથી તદ્દન સુરક્ષિત રહીને સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. પરંતુ આ નાનકડી ચૂક પર અલ્લાહે સમુદાયને એવો પ્રાસંગિક બોધપાઠ આપ્યો કે જે માત્ર ઉપદેશ અને શિખામણથી ક્યારેય હૃદયોમાં ઊતરી ન શકતો. આ બોધપાઠે એ મુદ્દો પણ ખોલીને સમજાવી દીધો કે અલ્લાહ ત્આલાના નિયમો ખૂબ જ નિષ્પક્ષ રીતે કામ કરે છે અને જો તેમને તોડવામાં આવે તો સૌથી સારો માણસ પણ સજાથી બચી શકતો નથી.

ઉપરાંત, આ યુદ્ધ પર કુર્આને વિસ્તૃત છણાવટ કરતાં એ નબળાઈઓ પર કઠોર પકડ કરી, જે હજુ સુધી સમુદાયમાં કામ કરી રહી હતી. તેમને ધૈર્ય દાખવવાની તાકીદ કરવામાં આવી. (સૂરઃ આલે ઈમરાન, ૧૨૫) તેમને ધન-દોલતની એ આંધળી લાલચથી બચવાની શિખામણ કરી, જે વ્યાજખોરીનું મૂળ કારણ હતું અને જેણે યુદ્ધના મેદાનમાં 'માલે-ગનીમત' મેળવવા અજંપો ઊભો કરી દીધો. તેમને ઈશારાથી સમજાવવામાં આવ્યું કે વ્યાજખોરીની માનસિકતા સાથે ન ધૈર્ય દાખવી શકાય છે, ન નીતિ-નિયમો અને અનુશાસનના તકાદાઓ પૂરા થઈ શકે છે, અને ન કોઈ ઉચ્ચ

લક્ષ્ય માટે ઐતિહાસિક યુદ્ધો લડી શકાય છે. આ મનોવૈજ્ઞાનિક તકનો લાભ લેતાં તેમના પર વ્યાજખોરી હરામ કરી દીધી. (સૂરઃ આલે ઇમરાન, ૧૩૦) તેમને બતાવવામાં આવ્યું કે ઇસ્લામી ક્રાંતિના ધ્વજવાહકની જવાબદારી તો એવા જ લોકો નિભાવી શકે છે, જેઓ વ્યાજુ કમાણી એકઠી કરવા અને ધન-દોલતની લાલચમાં પડવાને બદલે ઊલટું પોતાનું ધન ઉદ્દેશ્ય માટે ખર્ચ કરવાવાળા હોય અને ભાવનાઓના પ્રવાહમાં વહેવાને બદલે તેના પર કાબૂ રાખતા હોય. (સૂરઃ આલે ઇમરાન, ૧૩૪) એ પણ સંભળાવી દેવામાં આવ્યું કે જે કોઈ દુન્યવી લાભો પ્રાપ્ત કરવા માગતું હોય, તેને અહીં જે કંઈ મળી ગયું, તે મળી ગયું, આખિરતમાં તેના માટે કંઈ જ નથી, અને જે કોઈ દુન્યવી લાભોનું નુકસાન સહન કરીને પોતાની આખિરત બનાવવા ઇચ્છે, તેની કામગીરીની કદર કરવામાં આવશે. (સૂરઃ આલે ઇમરાન, ૧૪૫) તેના સાથે તેમને તાકીદ કરવામાં આવી કે એક ઘા ખાઈને હતોત્સાહ અને દુઃખી ન થાઓ. તમને જો આજે આ ઘા વાગ્યો છે, તો કાલે દુશ્મનને તમારા હાથે ભારે જખમો લાગી ચૂક્યા છે. કોઈપણ સંઘર્ષ અને અથડામણ દરમ્યાન ઊતાર-ચઢાવના તબક્કાઓ તો આવતા જ રહે છે. વિશ્વાસ રાખો કે છેવટે તમને જ વર્ચસ્વ પ્રાપ્ત થવાનું છે. (સૂરઃ આલે ઇમરાન, ૧૩૯) તદુપરાંત, તેમને સાફ-સાફ સાવધાન કરી દીધા કે અલ્લાહની પ્રસન્નતા અને તેની જન્નત કંઈ સસ્તી વસ્તુ નથી. આ સૌભાગ્યને એ જ લોકો પ્રાપ્ત કરી શકે છે, જેઓ અલ્લાહના સત્ય-માર્ગમાં જીવ હોડમાં મૂકનારા તથા ધૈર્ય અને મક્કમતાનું પ્રદર્શન કરવાવાળા છે. આ જ કઠિન પરીક્ષા છાંટી-છાંટીને એ લોકોને અલગ કરે છે, જેઓ સાચા ઈમાનથી સંપન્ન હોય અને સચ્ચાઈના સાક્ષી બનવાને યોગ્ય હોય. (સૂરઃ આલે ઇમરાન, ૧૪૦-૧૪૨) તેમની એ નિરાશાજનક પ્રતિક્રિયા પર પકડ કરવામાં આવી, જે રસૂલુલ્લાહ (ﷺ)ના સાચા પ્રેમના કારણે જોવા મળી હતી. ચોખ્ખા શબ્દોમાં કહેવામાં આવ્યું કે મુહમ્મદ ﷺ ખુદા નથી, એક રસૂલ (ઈશદૂત) છે અને જે રીતે પહેલાના રસૂલો અવસાન પામ્યા, તેમને પણ એક-ને-એક દિવસે તમારાથી જુદા થવાનું છે; તો પછી એ કેવી રીતે ઉચિત હશે કે તેમની વિદાય પછી સત્યના આંદોલનની વિસ્તરેલ ચાદરને લપેટીને મૂકી દો અને હાથ-પગ તોડીને બેસી જાઓ. (સૂરઃઆલે ઇમરાન, ૧૪૪) તમારે એ ખુદાપરસ્તો (ઈશનિષ્ઠો)ના નમૂનાઓ સામે રાખવા જોઈએ, જેઓ પહેલાનાં ઇતિહાસમાં પયગંબરોની સાથે રહીને ન્યોછાવર થઈ ગયા અને અસત્યની સામે શિશ ઝુકાવવા તૈયાર ન થયા. અલ્લાહ આવા જ ધૈર્યવાન લોકોને પસંદ કરે છે. (સૂરઃ આલે ઇમરાન, ૧૪૬) આ સૈદ્ધાંતિક શિખામણોની સાથે કુર્આને મુસ્લિમ લશ્કરની એ સ્થિતિની બોધપ્રદ રૂપરેખા સમુદાયની સામે ખેંચીને મૂકી દીધી, જે શિસ્ત અને અનુશાસનને તોડવાને કારણે

ઊભી થઈ. તફહીમુલ કુર્આનના ભાષાંતરના શબ્દોમાં જુઓ :—

અલ્લાહે સમર્થન અને સહાયતાનું જે વચન તમને આપ્યું હતું, તે તો તેણે પૂરું કરી નાખ્યું. આરંભમાં તેના આદેશથી તમે જ તેમને મારી રહ્યા હતા. પરંતુ જ્યારે તમે નબળાઈ દાખવી અને પોતાના કામમાં પરસ્પર મતભેદ કર્યો, તો જેવી એ વસ્તુ અલ્લાહે તમને બતાવી, જેના પ્રેમમાં તમે ગ્રસ્ત હતા (અર્થાત્ માલે-ગનીમત), તમે પોતાના વડાના આદેશનું ઉલ્લંઘન કરી બેસ્યા —— એટલા માટે કે તમારામાંથી કેટલાક લોકો દુનિયાના ચાહક હતા અને કેટલાક આખિરતની અભિલાષા રાખતા હતા; તો અલ્લાહે તમને કાફિરોના મુકાબલામાં હાર આપી, જેથી તમારી પરીક્ષા કરે, અને સાચું એ છે કે અલ્લાહે તેમ છતાંય તમને માફ કરી જ દીધા, કેમ કે મોમિનો પર અલ્લાહ ખૂબ મહેરબાન છે.

યાદ કરો જ્યારે તમે ભાગતા જઈ રહ્યા હતા, કોઈના તરફ પલટીને જોવા સુદ્ધાંનું ભાન તમને નહોતું અને રસૂલ તમારા પાછળ તમને પોકારી રહ્યો હતો. તે વખતે તમારા એ વર્તનનો બદલો અલ્લાહે તમને એ આપ્યો કે તમને દુઃખ પર દુઃખ આપ્યા, જેથી હવે પછી તમને શિખ મળે અને જે કંઈ તમારા હાથમાંથી જતું રહે અથવા જે મુસીબત તમારા પર ઊતરે તેના પર ગમગીન ન થાઓ. અલ્લાહ તમારા બધા કાર્યોથી વાકેફ છે. (સૂરઃ આલે ઈમરાન, ૧૫૨-૧૫૩)

આ સમીક્ષાને જુઓ, જે હુઝૂર ﷺ ની જીભથી ઉહદના યુદ્ધમાં ઇસ્લામી લશ્કરના ચરિત્ર પર થઈ રહી હતી, અને પછી અનુમાન કરો કે દુનિયાના લડાયક શાસકોથી તેમનો સ્વભાવ કેટલો ભિન્ન છે. ન સૈનિકોના મન મોહવાની વાત, ન તેમને આત્મવંચનામાં નાખવાની કોઈ યુક્તિ, ન ઘટનાઓનું ખોટું અર્થઘટન કરવાની કોશિશ. આ એક નિષ્પક્ષ અને સ્પષ્ટ કઠોર સમીક્ષા હતી, જેમાં ખુદાપરસ્તી (ઈશપરાયણતા)નો આત્મા સમાયેલો હતો, અને જેનો હેતુ નૈતિક પ્રશિક્ષણ હતો.

(૨) આ યુદ્ધમાં હુઝૂર ﷺ ના મુઠ્ઠીભર સાથીઓએ જે બહાદુરીભર્યા પ્રેમ અને જોમ-જુસ્સાવાળા સ્વાર્પણનું પ્રદર્શન કર્યું, તેની કલ્પના પણ ઇસ્લામી જગતને પોતાના પવિત્ર આત્મા વડે પ્રલય-પર્યંત સંપન્ન કરતું રહેશે. વાસ્તવમાં કોઈપણ આંદોલન હોય, તેના સૌપ્રથમ આવાહક અને તેના સર્વોચ્ચ વડાનું વ્યક્તિત્વ બધી રીતે તેની મુખ્ય શક્તિ છે. પરંતુ ઇસ્લામી આંદોલનમાં તો આવાહક અને વડા માટે

ઊંડા પ્રેમની માંગણી કરવામાં આવી છે, વિશેષરૂપે આ હોદ્દા પર જ્યારે રસૂલ (ઈશદૂત) અને નબી (પયગંબર) બિરાજમાન હોય તો તેના માટે સર્વોચ્ચ પ્રકારનું સ્વાર્પણ અનિવાર્ય છે. તેહરીકે ઇસ્લામી (ઇસ્લામી આંદોલન) કોઈપણ પ્રકારે પોતાના આવાહક અને વડાને એક તરફ મૂકીને આગળ વધી શકતું નથી. આંદોલન અને તેના આવાહક બંનેની શક્તિ, સન્માન અને પ્રભાવની વ્યાપકતા તદન સમાન અને સર્વસામાન્ય થઈ જાય છે. એવો સમુદાય ખૂબ જ અંધ સમુદાય હોઈ શકે છે, જે આવાહક અને વડાની અવગણના કરીને અને તેને મહત્ત્વહીન બનાવીને અથવા માત્ર 'આપણામાંના એક' ઠેરવીને આંદોલનના પ્રચલિત સિદ્ધાંતોને ગુમ કરી લેવા માંગે. આંદોલનો માટે સિદ્ધાંત અને નેતૃત્વ બંને એક-બીજા માટે એવા અનિવાર્ય તત્ત્વો છે કે સિદ્ધાંતો પર દૃઢ ઈમાન અને નેતૃત્વ માટે ઊંડો પ્રેમ અને સ્વાર્પણ એક-બીજા પર આધારિત છે. હુઝૂર ﷺ ના સાથીઓ આપની હસ્તી પર રસૂલ હોવાની હેસિયતે પણ પતંગિયાઓની જેમ ન્યોછાવર થતા હતા અને બીજી તરફ એ સભાનતા રાખવાના કારણે પણ કે આપ ﷺ નું અસ્તિત્વ આંદોલનન પ્રાણ છે, આપ ﷺ ના જીવનની રક્ષા, આપના માન-સન્માનની ઊંચાઈ અને આપની અસર અને પ્રભાવના ફેલાવા માટે પ્રાણ ન્યોછાવર કરતા હતા. હુઝૂર ﷺ પ્રત્યે સાચા પ્રેમની અમીટ નિશાનીઓ તેમણે ઉહદની ચોપાટ પર અંકિત કરી છે.

દુશ્મનના ટોળે-ટોળા જ્યારે આપ ﷺ ને ઘેરી વળ્યા, તો સરવરે આલમ ﷺ નો અવાજ ગૂંજ્યો, ''કોણ મારા પર પ્રાણ ન્યોછાવર કરે છે?'' ઝિયાદ બિન સકન رضي الله عنه અમુક અન્સારીઓ સાથે આગળ વધ્યા અને એક-પછી-એક સાત આશિકોએ પોતાને ન્યોછાવર કરી દીધા. તેમાંથી એક હઝરત ઝિયાદ رضي الله عنه હતા, જેમને અર્ધ મૃતાવસ્થામાં લાવવામાં આવ્યા, તો છેલ્લી બચેલી શક્તિથી કામ લઈને તેમણે પોતાનું માથું આગળ વધારીને હુઝૂર ﷺ ના ચરણોને સ્પર્શ કરાવી દીધું. અબ્દુલ્લાહ બિન કુમૈયાએ જ્યારે તલવારનો વાર કર્યો, તો હઝરત ઉમ્મે અમ્મારા رضي الله عنها દોડીને હુઝૂર ﷺ ની સામે આવી ગયા અને ખૂબ ઊંડી ઇજા પોતાના ખભા પર ઝીલી લીધી. તેમના વચ્ચે આવી જવાથી આ વાર હુઝૂર ﷺ પર હળવો થઈ ગયો. હઝરત અબૂ દુજાના رضي الله عنه એ આપ ﷺ ને પોતાના શરીરથી ઢાંકી લીધા અને પોતાની પીઠને ઢાલ બનાવી લીધી, જેના પર કેટલાય તીર આવીને પેસી ગયા. હઝરત તલ્હા رضي الله عنه એ દુશ્મનની તલવારોને પોતાના હાથથી રોકી અને તેમનો એક હાથ કપાઈને પડી ગયો. હઝરત અબૂ તલ્હા رضي الله عنه હુઝૂર ﷺ ની સામે ઢાલ બનીને ઊભા રહ્યા અને તેના સાથે તીરોની એવી વર્ષા કરી કે બે-ત્રણ ધનુષો તૂટી ગયા. એક સીધો-સાદો મુસલમાન ખજૂરો ખાતો-ખાતો અચાનક આવી પહોંચ્યો. આ સ્થિતિ જોઈને તેના અંદર પણ

શહાદતની લાગણી ઉભરી આવી – હુઝૂર ﷺ ને પૂછ્યું કે હું જો લડીને કુરબાન થઈ જાઉં, તો મારો અંજામ શું હશે ? ફરમાવ્યું, ''જન્નત – !'' કહેવા લાગ્યો : ''તો પછી મને જો આ ખજૂરો ખાવાનો સમય મળ્યો, તો તેનો મતલબ મને લાંબુ આયુષ્ય મળ્યું !!'' અને તે એકદમ તૂટી પડ્યો અને વધારે સમય થયો ન હતો કે પ્રેમની વેદીમાં તલવારોના ઘા ઝીલીને શહીદ થનારાઓમાં સામેલ થઈ ગયો. જે તેહરીકમાં બલિદાન અને પ્રેમની આવી ભાવના કામ કરી રહી હોય, તેના પ્રવાહને કોઈ શક્તિ અટકાવી શકતી નથી. ઉપરાંત, એક નમૂનો હતો, જે હઝરત સઅદ બિન રબીઅ رضي الله عنه એ પ્રસ્તુત કર્યો. હુઝૂર ﷺ પોતે પણ પોતાના સાથીઓથી ઊંડો પ્રેમ અને સ્નેહ કરતા હતા, અને દરેક પર આપ ﷺ નું ધ્યાન રહેતું હતું, તેથી યુદ્ધ જ્યારે સમાપ્ત થયું તો એક-એકની હાલતની તપાસ કરવામાં આવી. આ સંદર્ભમાં પૂછ્યું કે સઅદ બિન રબીઅ ક્યાં છે ? તપાસ કરવામાં આવી તો એક તરફ અંતિમ શ્વાસ લેતું શરીર પડ્યું હતું. છેલ્લી ઘડીએ હુઝૂર ﷺ માટે સ્નેહભર્યો સલામ અને પ્રેમની ભેટ મોકલી. વધુમાં સાથીઓને વસિયતરૂપે સંદેશ આપ્યો કે જો નબી અકરમ ﷺ સુધી દુશ્મનનો હાથ પહોંચી ગયો અને તમારામાંથી એકની પણ આંખ જોઈ રહી હોય તો પછી અલ્લાહના દરબારમાં તમારી ચૂકનું કોઈ બહાનું સાંભળવામાં નહીં આવે. ન પોતાની પીડાનો ખ્યાલ, ન સગા-વહાલાની ચિંતા અને ન ધનદોલતના ભવિષ્ય માટે કોઈ કોશિશ –– ખ્યાલ છે તો બસ લક્ષ્યનો અને તેના આવાહકનો !!

(૩) મક્કાના ક્રાંતિના દુશ્મન લશ્કરે પોતાની ઘૃણાસ્પદ ભાવનાઓનું પ્રદર્શન એ રીતે કર્યું કે મુસ્લિમ શહીદોની લાશોનો અનાદર કર્યો. વિશેષરૂપે તેમની મહિલાઓએ પોતાની માનતાઓને પૂરી કરવા લાશોના પેટ ચીર્યાં અને તેમના નાક-કાન કાપીને હાર બનાવીને ગળામાં પહેર્યા. મહિલા ટુકડીની સરદાર અબૂ સુફિયાનની પત્ની 'હિન્દે' પાશવતાનો અફસોસનાક નમૂનો પ્રસ્તુત કર્યો અને હઝરત હમઝા رضي الله عنه નો ચહેરો બગાડ્યો અને પેટ ચીરીને તેમનું કાળજું કાઢીને ચાવ્યું. એ જ રીતે હઝરત અબ્દુલ્લાહ બિન હજશ رضي الله عنه ની લાશને વિકૃત કરવામાં આવી. સ્વયં અબૂ સુફિયાનનું એ કૃત્ય જુઓ કે તે હઝરત હમઝા رضي الله عنه ના મુબારક ચહેરા પર ધનુષ મારી-મારીને એવું કહેતો જોવા મળ્યો કે લે; હવે ચાખ મજા ! પરંતુ બીજી બાજુ હુઝૂર ﷺ એ મુસ્લિમ લશ્કરને સખ્તાઈથી મનાઈ કરી દીધી કે તેઓ દુશ્મનની લાશોને વિકૃત કરે કે તેમનો અનાદર કરે. ઇસ્લામી આંદોલનના સિદ્ધાંતોમાં માનવતાનું સન્માન સામેલ હતું, અને તે પોતાના ધ્વજવાહકોને એ પરવાનગી નહોતું આપતું કે બીજા લોકો જો નીચતા આચરે તો જવાબમાં મુસલમાનો પણ નીચતાનું પ્રદર્શન કરી શકે છે.

અબૂ સુફિયાનને જ્યારે પોતાના લોકોના આ કરતૂતોની ખબર પડી તો તેણે

ખુશીથી આ વસ્તુનું અભિવાદન કર્યું. પરંતુ એક સાથી દ્વારા ટોકવાથી તેને પ્રતીત થયું કે આવી જવાબદારી લઈને ક્યાંક કોઈ જવાબી કાર્યવાહીના ભોગ ન બનવું પડે, ઉપરાંત, સામાન્ય લોકોમાં ક્યાંક પોતાનો પ્રભાવ વધારે ઓછો ન થઈ જાય. અબૂ સુફિયાન જ્યારે છેલ્લી ઘડીએ પહાડી પર આવ્યો હતો, તો એમ સમજીને જ જાહેરાત કરી કે, ''આ ઘટનાઓ મારી મરજીથી નથી થઈ.'' પરંતુ તેના સાથે એ પણ કહ્યું કે, ''આના થવા પર હું દુઃખી નથી.''

આજે અનુમાન કરવું મુશ્કેલ છે કે ક્રાંતિ અને પરિવર્તનની દુશ્મન શક્તિની આ નીચ હરકતે તેના લોકો પરના પ્રભાવમાં કેટલો ઘટાડો કર્યો હશે; અલબત્ત એક પ્રસંગ સામે છે કે અબૂ સુફિયાનને હઝરત હમઝા ﷺ ના ચહેરા પર ધનુષ મારતા જોઈને જલીસ બિન ઝબાન કિનાનીએ પોતાની કોમને કહ્યું કે હે બની કિનાના ! કુરૈશના મોટા સરદારને જુઓ છો, તે પોતાના પિતરાઈ સાથે શું વર્તન કરી રહ્યો છે ? આ વાત પર અબૂ સુફિયાન ચમક્યો.

(૪) હુઝૂર ﷺ પોતાના સમુદાયને યુદ્ધ-ભૂમિની જે પવિત્ર નીતિમત્તા શિખવાડી રહ્યા હતા, તેની એક ઝલક એ પ્રસંગમાં જોઈ શકાય છે કે હઝરત અબૂ દુજાના ﷺ દુશ્મનોની હરોળોને ચીરતાં આગળ વધ્યા તો હિન્દ તેમના સામે આવી ગઈ. હિન્દ આમ તો મેદાનમાં યુદ્ધમાં સામેલ હતી અને મુસલમાનો વિરુદ્ધ તેની લાગણીઓ ખૂબ જ ઝેરીલી હતી. પરંતુ અબૂ દુજાના ﷺ એ તેના માથા પર તલવાર મૂકી દીધા પછી એ વાતનું ભાન થતાં ચમકીને ઉઠાવી લીધી કે રસૂલુલ્લાહ ﷺ એ પ્રદાન કરેલ તલવાર માટે ગૌરવશાળી વાત નથી કે તેનાથી કોઈ મહિલાનો જીવ લેવામાં આવે. કેટલો સોનેરી પ્રસંગ છે !

(૫) મુસ્લિમ મહિલાઓએ ઉહદના યુદ્ધના સંદર્ભમાં જે ઈમાન, બહાદુરી, ધૈર્ય અને આંદોલન સાથે વફાદારીનું પ્રદર્શન કર્યું, તેનાથી અંદાજ આવે છે કે હુઝૂર ﷺ ના આંદોલને આ સ્ત્રીઓને જડ અવસ્થામાં રહેવા ન દીધી, બલ્કે તેને સક્રિય રાખી, તેમનું પ્રશિક્ષણ કર્યું અને તેમનાથી સેવાઓ લીધી. કેટલાક ઉદાહરણો જુઓઃ—

— અમે ઉપર વર્ણવ્યું છે કે કેવી રીતે ઉમ્મે અમ્મારા ﷺ એ સ્ત્રી હોવા છતાં પોતાને હુઝૂર ﷺ માટે ઢાલ બનાવી લીધી.

— હઝરત હમઝા ﷺ ના બહેન હઝરત સફિયા ﷺ દુઃખદ સમાચાર સાંભળીને મદીનાથી જ્યારે ઉહદ પહોંચ્યા, તો હુઝૂર ﷺ એ તેમના સુપુત્ર હઝરત ઝુબૈર ﷺ ને કહ્યું કે તેમને તેમના ભાઈના શબ સુધી જવા ન દેજો, કેમ કે આ દૃશ્ય તેઓ જીરવી નહીં શકે. હઝરત સફિયા ﷺ કહેવા લાગ્યા કે હું આખી ઘટના

સાંભળી ચૂકી છું અને સત્યના માર્ગમાં આ કોઈ મોટી કુરબાની નથી. તેમને પરવાનગી આપી દેવામાં આવી. ખૂબ ધીરજથી એક નજર નાખી, મગફિરત (માફી)ની દુઆ કરી અને જતા રહ્યા.

— 'હિન્દ' નામના એક અન્સારી મહિલા (ﷺ, જેઓ ઉમરૂ બિન જમૂહ ﷺ ના પત્ની અને ખિલાદ બદરી ﷺ ના માતા હતા) માટે એ અજમાયશ ખૂબ જ કઠિન હતી કે તેમના પિતા, ભાઈ અને પતિ બધા ઇસ્લામ પર ન્યોછાવર થઈ ચૂક્યા હતા. પરંતુ આ બધા જખમોને હૃદયમાં હિંમતથી સમાવીને તેઓ વારંવાર એ જ પૂછતા રહ્યા કે, ''શું અલ્લાહના રસૂલ ﷺ સહી-સલામત છે ?'' જ્યારે તેમને આ બાજુથી સંતોષ થયો તો પોકારી ઉઠ્યા કે – كل مصيبة بعدك جلل, અર્થાત્ આપ ﷺ સલામત છે, તો પછી કોઈ મુસીબત કઠિન નથી, બધું જ સહન થઈ શકે છે.

— હઝરત આઇશા ﷺ, ઉમ્મે સલીમ ﷺ અને ઉમ્મે સુલૈત ﷺ જેવી સન્માનનીય પરદાનશીન મહિલાઓ કટોકટીના સમયમાં પાંયચા ઊંચા કરીને દોડી-દોડીને પાણીની મશકો ભરી લાવતી અને ઘાયલોને પીવડાવતી.

— મુસલમાનોના પરાજયની જાણ અને હુઝૂર ﷺ ના અવસાનના ખોટા સમાચાર મળતાં હઝરત ફાતિમતુઝ-ઝુહરા ﷺ પણ ઉહદ ગયા હતા. તેમણે આવીને હુઝૂર ﷺ ના ઘાને સાફ કર્યા અને મલમ લગાવ્યું.

(૬) માનવતાના નાયક ﷺ એ પોતાની તલવાર જ્યારે હઝરત અબૂ દુજાના ﷺ ને અર્પણ કરી, તો તેઓ માથા પર લાલ રૂમાલ બાંધીને તલવાર લહેરાવતાં છાતી કાઢીને દુશ્મનની હરોળ તરફ આગળ વધ્યા. આ દૃશ્ય જોઈએ હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''આ ચાલ અલ્લાહને ખૂબ નાપસંદ છે, પણ આ પ્રકારના પ્રસંગોએ પસંદ છે.'' આપ ﷺ એ જાણે ખૂબ મહત્ત્વના મુદ્દાની સ્પષ્ટતા કરી દીધી. સામાન્ય જીવનમાં વ્યક્તિનું કોઈપણ પાસાથી અકડાઈ બતાવવું ઇસ્લામમાં ખૂબ અપ્રિય છે, પરંતુ દુશ્મનોથી સંઘર્ષ અને લડાઈ કરતી વખતે ગર્વ અને અકડાઈનો અંદાજ અપેક્ષિત છે. વિનમ્રતા ખૂબી છે, પણ તે કોઈ અવિવેકી જ વ્યક્તિ હોઈ શકે છે જે યુદ્ધના મેદાનમાં પણ એક સારા નૈતિક સિદ્ધાંતનો ખોટી રીતે ઉપયોગ કરીને દુશ્મનની સામે વિનમ્રતા, સંયમ તેમજ આજીજી અને વિનય-વિવેકનું પ્રદર્શન કરવા લાગે. હુઝૂર ﷺ એ આ એક વાક્યથી એ અવિવેકી અને ડહાપણ વિનાની ધાર્મિક માનસિકતાને દૂર કરી દીધી, જે સિદ્ધાંતવાદની ખોટી ભ્રમણામાં પડીને કેટલાક નૈતિક મૂલ્યોનો અસંગત રીતે ઊલટા હેતુઓ માટે ઉપયોગ કરવા લાગે છે. યુદ્ધ-કાળ ઉપરાંત, શાયરી અને વકતૃત્વના ક્ષેત્રમાં પણ, જે એ સમયે રાજકીય રંગ ધરાવતું હતું, આપ

ﷺ એ પોતાના શાયરો અને પ્રવચનકારો દ્વારા તેનું ગૌરવગાન કરાવ્યું છે. એ જ રીતે 'ઉમરતુલ-કઝા' વખતે હુઝૂર ﷺ એ સહાબા ﷺ ને તવાફમાં પણ છૂટાછવાયા થઈને શક્તિ-પ્રદર્શનનો આદેશ આપ્યો, અને 'સઈ' વખતે પણ ટટ્ટાર થઈને પગ ઉઠાવવા અને 'મશી' પછી દોડવાની (હરદલ)ની તાકીદ કરી. પાછળથી આ જ સુન્નત (રીત) કાયમ થઈ ગઈ. આ પ્રસંગે આપ ﷺ એ દુઆમાં પણ એ કહ્યું કે અલ્લાહ એ વ્યક્તિ પર દયા કરે જે આજે કાફિરોની સામે શક્તિનું પ્રદર્શન કરે. આનો મતલબ એ કે સંક્રમણકાળ અને કટોકટીના કોઈપણ ક્ષેત્રમાં આજીજી અને વિનમ્રતાનો ઉપયોગ વિનાશકની હદ સુધી ખોટું હશે. ઇસ્લામી આંદોલન એવા આંધળા ઝનૂનના જોરે નથી ચાલી શકતું જે નૈતિક સિદ્ધાંતો અને મૂલ્યોનો ઉપયોગ પ્રસંગોના ફરકને ઓળખીને ન કરી શકે.

(૭) સચ્ચાઈ અને નેકી એવી શક્તિઓ છે, જે માનવીય સત્ત્વને પોતાના તરફ ખેંચે છે. મદીનાના એક સદાચારી નવયુવાન ઉમરૂ બિન સામત હતા, જેમનો વ્યવહાર મુસલમાનો સાથે સમર્થક અને સહાનુભૂતિનો હતો. પરંતુ હજુ સુધી તેમણે ઇસ્લામ સ્વીકાર્યો ન હતો. ઉહદના યુદ્ધે તેમની સૂતેલી લાગણીઓને જગાડી. ઈમાન લાવ્યા અને તલવાર લઈને ચુપચાપ યુદ્ધમાં સામેલ થઈ ગયા અને શહાદતને વર્યા. અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા ત્યારે બની અબ્દે અશ્હલના લોકોએ પોતાના માણસને ઓળખ્યો અને વિગત પૂછી, તો બતાવ્યું કે અલ્લાહ અને રસૂલના પ્રેમમાં સત્યની હિમાયતમાં લડ્યો છું. હુઝૂર ﷺ એ ખુશખબર આપી કે આ એવો જન્નતી છે, જેણે એક પણ નમાઝ પઢી નથી – ﷺ. બીજું દૃષ્ટાંત મુખીરીક યહૂદી (બની શોઅલ્બા)નું છે, જેણે સાચી યહૂદિયતનો તકાદો સમજીને હુઝૂર ﷺ ની હિમાયતમાં લડવાનો નિર્ણય કર્યો અને બીજા યહૂદીઓને પણ આમંત્રણ આપ્યું. તેમણે એક 'પવિત્ર' બહાનુ રજૂ કરી દીધું કે આજે 'સબ્ત'નો દિવસ છે. યુદ્ધ માટે નીકળી શકાય નહીં. મુખીરીકે કહ્યું – અત્યારે 'સબ્ત' વગેરે કંઈ નથી. તેઓ એકલા મેદાનમાં જઈ પહોંચ્યા, લડ્યા અને જીવ જીવનદાતાને સુપ્રત કરી દીધો – ﷺ. તદ્દન બીજા પ્રકારનું એક દૃષ્ટાંત કઝમાનનું છે, જેના જહન્નમી હોવાની જાણકારી હુઝૂર ﷺ એ આપી હતી. આ વ્યક્તિ મુસલમાનોની સાથે રહીને ખૂબ લડ્યો અને કેટલીય ઇજાઓથી લિપ્ત જોવા મળ્યો. લોકોએ પ્રશંસા કરી કે તેં ખૂબ મોટું કામ કર્યું. તેણે કહ્યું કે હું તો માત્ર કોમની સહાનુભૂતિમાં લડ્યો છું. દુર્ભાગીએ ઇજાઓની પીડા સહન ન કરી શકતા આપઘાત કરી લીધો. અલ્લાહે તેનાથી કાફિરો વિરુદ્ધ કામ પણ લઈ લીધું, તેનો જીવ પણ ગયો અને ઠેકાણું પણ જહન્નમ મળ્યું. અલ્લાહ આવા પરિણામથી બચાવે.

(૮) જેમ કે અમે ઉપર સંકેત કરી ચૂક્યા છીએ, આ પ્રસંગે અજ્ઞાનતાની

નકારાત્મક શક્તિ પણ અહંકારના નશામાં ખૂબ ચૂર હતી અને કુફ્રના સમર્થનની લાગણી પૂરા જોરથી કામ કરી રહી હતી. કુરૈશનો ઝંડો ઉઠાવનારા ધ્વજવાહકો આમ તો એક-એક કરીને માર્યા ગયા અને કોઈને અડગ થઈને ઊભા રહેવાનું ભાગ્ય ન મળતું, પરંતુ નવા માણસો આગળ આવીને તેમની જગ્યા લેતા ગયા. છેવટે જ્યારે 'સવાબ' નામના એક વ્યક્તિએ ઝંડો ઉઠાવ્યો, તો એક જ એવી તલવાર પડી કે તેના બંને હાથ કપાઈને નીચે પડી ગયા અને ઝંડાની સાથે જ ઊંધા મોઢે ઝંડાની ઉપર પડ્યો અને એમ કહેતાં સમાપ્ત થઈ ગયો કે, ''મેં મારું કર્તવ્ય અદા કરી દીધું.'' થોડીક વાર ઝંડો આમ જ ધૂળ ખાતો પડ્યો રહ્યો. છેવટે ઉમરહ બિન અલકમા નામની બહાદુર મહિલા આગળ વધી અને ઝંડો ઉઠાવી લીધો. તેનાથી અનુમાન કરી શકાય છે કે હકારાત્મક ક્રાંતિકારી શક્તિના પ્રદર્શનથી પુરાતનપંથીઓમાં પણ થોડીક વાર માટે નવી લહેર દોડવા લાગે છે. પરંતુ ઉહદમાં વાસ્તવમાં મક્કાની શક્તિએ પોતાનો અંતિમ ઊભરો દેખાડ્યો હતો.

(૯) મુસ્લિમ લશ્કરના ભૌતિક સર-સામાનના અભાવનું હૃદય-સ્પર્શી દૃશ્ય શહીદોના કફન-દફન વખતે સામે આવ્યું. કુલ સિત્તેર લાશો હતી, પણ તેમના કફનની વ્યવસ્થા સુદ્ધાં મુશ્કેલ હતી. હઝરત મુસ્અબ બિન ઉમૈર ﷺ ની લાશ પર માત્ર માથા તરફ કાપડ નાખી શકાયું અને પગો પર અઝખર ઘાસ મૂકી દેવામાં આવી. આ સ્થિતિની જ્યારે પણ યાદ આવતી, તો મુસલમાનોની આંખો ભરાઈ આવતી. આ પરિસ્થિતિ સ્વયં સાક્ષી છે કે મુસ્લિમ રાજ્ય માટે યુદ્ધ કરવું કેટલું મજબૂરીવાળું પગલું હતું. પરંતુ જ્યારે મજબૂરીવાળું પગલું ભરવું પડ્યું, તો તેમણે દરેક કમીની ભરપાઈ પોતાની જીવન અંગેની વિચારધારા પર વિશ્વાસ અને પોતાના મહાન લક્ષ્યથી પ્રેમ અને રસૂલુલ્લાહ ﷺ થી સાચા સંગાથથી કરી.

(૧૦) કુર્આને મુસલમાનોને તેમની નબળાઈઓથી માહિતગાર કરવા અને તેમની સુધારણા પર ધ્યાન આપવાની સાથે તેમની સૈનિક હોવાની સભાનતાનું પણ સિંચન કર્યું. તેમના મનમાં બેસાડ્યું કે યુદ્ધમાં નિર્ણાયક શક્તિ નૈતિક શક્તિ હોય છે અને આ નૈતિક શક્તિનો સૌથી મહત્ત્વનો ભાગ 'સબ્ર' (ધૈર્ય) છે. તેમને શિખામણ આપી કે તેઓ ભલાઈ અને બૂરાઈના રણ-મેદાનમાં પૂર્વગ્રહયુક્ત અને પક્ષપાતપૂર્ણ લાગણીઓ તેમજ દુનિયાના લાભો અને સ્વાર્થોને બાજુએ મૂકીને માત્ર અલ્લાહની પ્રસન્નતા, સત્યના પ્રભુત્વ અને આખિરતની સફળતાને નજર સમક્ષ રાખે. તેમના હૃદયોમાં એ વાત પણ ઊતારી દેવામાં આવી કે હાર અને જીતનો નિર્ણય છેવટે અલ્લાહ તઆલાના હાથમાં છે અને તેની જ મદદ અને સહાયતા કોઈ શક્તિને વર્ચસ્વ આપે છે. તેથી તેના જ કાનૂન અને તેની જ પ્રસન્નતાને ધ્યાનમાં રાખવી

જોઈએ. આ જ હકીકતને દુઆની શૈલીમાં ઢાળીને એમને યાદ કરાવડાવી દીધું કે :—

> ''કહો, હે અલ્લાહ ! દેશોના માલિક ! તું જેને ઇચ્છે રાજ્ય આપે અને જેનાથી ઇચ્છે છીનવી લે, જેને ઇચ્છે ઇજ્જત આપે અને જેને ઇચ્છે અપમાનિત કરી દે. ભલાઈ તારા અધિકારમાં છે. નિઃશંક તું દરેક વસ્તુ પર પ્રભુત્વશાળી છે. રાતને દિવસમાં પરોવીને લઈ આવે છે અને દિવસને રાતમાં. સજીવને નિર્જીવમાંથી કાઢે છે અને નિર્જીવને સજીવમાંથી અને જેને ઇચ્છે, પુષ્કળ રોજી આપે છે.''
>
> (સૂરઃ આલે ઇમરાન, ૨૬-૨૭)

તેમના મનમાંથી મૃત્યુનો ડર પણ એ હકીકતને ખોલીને કાઢવામાં આવ્યો કે મૃત્યુ છેવટે નિશ્ચિત સમયે અલ્લાહની મરજીથી આવીને રહેશે અને જીવ બચાવવા માટે કર્તવ્યના પાલનમાં ભૂલ-ચૂક અને સુસ્તી કરવી જીવનની પળોને લાંબી કરી શકતી નથી. તેથી મુત્યુની આંખોમાં આંખો નાખીને તમારે કર્તવ્યનું પાલન કરવાનું છે. આ કીમતી શિખમણોની સાથે તેમના સામે એક મુખ્ય મુદ્દો એ પણ મૂક્યો કે જે લોકો અલ્લાહના માર્ગમાં (સચ્ચાઈના સાક્ષી બનીને) પોતાના પ્રાણ ન્યોછાવર કરે છે તેમનું મરવું સામાન્ય લોકોના મરવા જેવું નથી, બલ્કે તેમનું મૃત્યુ આદરને પાત્ર છે....... તેથી તેમને સામાન્ય મૃત્યુ પામનારની જેમ મૃત ન સમજો અને મૃત ન કહો, તેઓ પોતાના રબના દરબારમાં નવ-જીવન પામેલા છે. તેમની આત્માઓ રોજી મેળવે છે. તેઓ અલ્લાહ તરફથી બક્ષિસો પ્રાપ્ત કરીને ખુશ છે અને પોતાના સહયોગી સાથીઓ વિશે પણ સંતુષ્ટ છે. આ રીતે 'શહાદત'નો એક ઉચ્ચ અર્થ સ્પષ્ટ થયો અને અલ્લાહના માર્ગમાં આવતી મોતનો અર્થ એવો બદલાયો કે તેનાથી ડરવાને બદલે તેના માટે દુઆઓ માગવાનું પ્રચલન થઈ ગયું. આ જ સંદર્ભમાં આપ ﷺ એ મનાઈ કરી કે શહીદોના દુઃખનું પ્રદર્શન સરેઆમ અને છાતી કૂટીને ન કરવામાં આવે. એક સદાચારી ક્રાંતિકારી આંદોલન જ્યારે ઊભું થાય છે, તો તે આ જ રીતે પોતાની વિશિષ્ટ પરિભાષાઓને જન્મ આપે છે, જેના વિશિષ્ટ અર્થ હોય છે અને પ્રચલિત અર્થોને બદલી નાખે છે. આ બધી શિખામણોથી અનુમાન કરી શકાય છે કે અહીં યુદ્ધ કોઈ મૂળભૂત કાર્યવાહી નહોતી, બલ્કે તદ્દન દીની (ધાર્મિક) તકાદો અને વિશુદ્ધ રૂપે અલ્લાહની ઇબાદત હતી.

(૧૧) કેટલાક મુનાફિકો મેદાનમાં બેસેલા હતા, જ્યાં એક કટોકટીની ક્ષણે મુસલમાનોમાં ગભરાટ અને અંધાધૂંધી ફેલાવવા તેમજ અનુશાસનને તોડવામાં તેમનો ખાસ્સો હિસ્સો હતો, ત્યાં યુદ્ધ પછી પણ તેમણે ઘણી ગુસપુસ કરી કે જો આમ થતું તો ફલાણું પરિણામ આવતું અને તેમ થતું તો ફલાણી ઘટના ન ઘટતી. વધુમાં એ કે

જો નેતૃત્વમાં અમારી થોડીક પણ દખલ હોત, એટલે કે અમારી વાત પણ માનવામાં આવતી તો ઉહદના યુદ્ધનો નક્શો આ ન હોત. સ્વયં પાછળના મુખના તીરંદાજોના મન પણ પૂરેપૂરા સાફ નહોતા. તેમને મદીનામાં જ્યારે પૂછપરછ કરવામાં આવી કે તમે તમારો મોરચો કેમ છોડ્યો ? તો તેમણે પોકળ બહાનાઓ રજૂ કર્યા, જેને સાંભળીને હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''ના, બલ્કે હકીકતમાં તમને લોકોને એ દુર્ભાવના થઈ કે અમે તમારા સાથે અપ્રમાણિતા આચરીશું અને તમારો ભાગ નહીં આપીએ.'' કુર્આને આ જ દુર્ભાવનાનું ખંડન કરતાં કહ્યું કે – ''કોઈ નબીની શાનથી એ અપેક્ષા કરી શકાતી નથી કે તે અપ્રમાણિકતા આચરશે.'' (સૂરઃ આલે ઇમરાન, ૧૬૧)

(૧૨) દુશ્મને જ્યારે હુઝૂર ﷺ ને ઘાયલ કરી દીધા, તો કોઈ સાથીએ કહ્યું કે આ જાલિમો માટે બદ્-દુઆ કરો કે અલ્લાહ તેમનો સર્વનાશ કરી દે. આપ ﷺ એ જવાબ આપ્યો કે, ''મને દુનિયા માટે રહમત (દયા) બનાવીને મોકલવામાં આવ્યો છે, ન કે લા'નત (શ્રાપ) વરસાવવા માટે.'' પછી દુઆ કરી - ''હે અલ્લાહ ! મારી કોમને માર્ગદર્શન પ્રદાન કર. આ લોકો (મને, મારા મિશનને અને જીવનની હકીકતોને) જાણતા નથી.'' અમે અગાઉ પણ બતાવી ચૂક્યા છીએ કે આ જવાબ અને આ દુઆમાં હુઝૂર ﷺ નો એ દૃષ્ટિબિંદુ સંપૂર્ણપણે પ્રતિબિંબિત થાય છે, જેનાથી આપ ﷺ પોતાના વિરોધીઓને જોતા હતા. સ્પષ્ટ છે કે આપ ﷺ ના અંદર કોઈ અંગત બદલાની ભાવના નહોતી. આપ ﷺ તેમનો નાશ નહોતા ઇચ્છતા, માત્ર તેમની સુધારણા ચાહતા હતા. તેમના લશ્કરી પગલાઓનો પણ આપ ﷺ એ જવાબ આપ્યો, તો મજબૂરીથી, કેમ કે તેના વગર બીજો કોઈ ઉપાય જ નહોતો.

ઉહદ પછી

આમ તો મુસ્લિમ લશ્કરે ઉહદમાં પહેલા વિજયનો અને પછી હંગામી પરાજયનો સમય જોયો, પરંતુ છેલ્લા સમયમાં તેમના જ પક્ષમાં બાજી પલટાવા લાગી હતી. વિશેષરૂપે કુરૈશનું પોતાના વિજયને પૂરો કર્યા વિના ચાલી નીકળવું અને મુસ્લિમ લશ્કરનું તેમનો પીછો કરવા નીકળવું અને અબૂ સુફિયાનનું એક વાર ફરીથી પલટવાનો ઇરાદો કર્યા બાદ મક્કા રવાના થઈ જવું મુસ્લિમ લશ્કરની ધાક બંધાવામાં સહાયક સિદ્ધ થયું. વાસ્તવમાં કુરૈશ આ યુદ્ધનો અંતિમ નિર્ણય કર્યા વગર તેને અનિર્ણિત હાલતમાં છોડીને ચાલ્યા ગયા હતા. બંનેમાંથી કોઈપણ બીજાનું જોર તોડવામાં સફળ રહ્યા ન હતા. આવી પરિસ્થિતિ અનિવાર્યપણે 'બાકી, હવે પછી'નો ભાવાર્થ ધરાવે છે અને કુરૈશ તરફથી તો અબૂ સુફિયાન સાફ-સાફ પડકાર આપીને ગયો કે હવે આગામી વર્ષે બદ્રમાં આપણે ફરીથી ટક્કર લેવા આવીશું. બદ્રનું યુદ્ધ

એક નિર્ણાયક પરિણામ રાખતું હતું, પરંતુ ઉહદની લડાઈ નિર્ણાયક ન બની શક્યું. આ નિર્ણય ભવિષ્ય માટે મુલતવી રહી ગયો.

મુસ્લિમ શક્તિ જો વિજયી નહોતી, તો નિઃશંકપણે તે પરાજિત પણ નહોતી. તેમ છતાં બદ્રના વિજયની જે અસર આસપાસના વિસ્તારોમાં ઊભી થઈ હતી તેમાં કંઈ-ને-કંઈ ઘટાડો થયો હતો અને પુરાતનવાદી કબીલાઓની આશાઓ એક વાર ફરી કુરૈશની અજ્ઞાનતાયુક્ત શક્તિથી જોડાવા લાગી. કેટલાક ગુનાઈત અને ઉપદ્રવી તત્ત્વોમાં બળવાનું વલણ પણ ઉભરી આવ્યું. ચારે તરફના અર્ધ-પ્રભાવિત કબીલાઓ નિડરતાથી વિદ્રોહી હરકતો કરવા લાગ્યા. જાણે ઉહદની હંગામી અસરથી ઇસ્લામી રાજ્યને સંગીન સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. પરંતુ સમુદાય એટલો સચેત અને સાવધાન તેમજ નેતૃત્વ એટલું મજબૂત હતું કે તેણે ઉપદ્રવ અને ધૃષ્ટતાઓને તાત્કાલિક કચડી નાખી અને ધીમે-ધીમે પરિસ્થિતિના પ્રવાહને સાચી દિશામાં વાળી દેવામાં આવ્યો. લોકોને પ્રતીત કરાવી દીધું કે ઇસ્લામી રાજ્ય જાનદાર છે તથા કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ પોતાના વિસ્તારોની રક્ષા કરવામાં કોઈ કચાશ કરવાવાળું નથી. તેમ છતાં સારો એવો સમય ઇસ્લામી રાજ્યના પ્રભાવને બહાલ કરવામાં લાગ્યો.

વિરોધી વલણ ધરાવતા જે તત્ત્વોએ ઉહદની ઘટના પછી માથું ઊંચકવાનું શરૂ કર્યું તેમાં 'કતન'ના તલ્હા બિન ખુવૈલિદ અને સલમા બિન ખુવૈલિદે પહેલ કરી. આ દુષ્ટોના સરદારોએ બની અસદ બિન ખુઝૈમાને મદીના વિરુદ્ધ બળવાખોરી કરવા માટે તૈયાર કર્યો. અત્યંત સાચું દષ્ટિબિંદુ એ જ છે કે કાર્યવાહી એક પ્રકારની સશસ્ત્ર ધાડની હતી. મુહર્રમ, હિ.૪ ના ચાંદની સાથે જ એ જાણકારી મળી. હઝરત અબૂ સલમા મખઝૂમી ﷺ ની આગેવાનીમાં દોઢસો માણસોની ટુકડી જોખમને દૂર કરવા મોકલવામાં આવી. આ લોકો 'કતન' પહોંચ્યા તો ઢોરોનું રેવડ છોડીને ડાકૂઓની ટોળી વેરણ-છેરણ થઈ ગઈ. પશુઓ ઇસ્લામી રાજ્યએ જપ્ત કરી લીધા અને સૈનિકોમાં વહેંચી દીધા. જરા પણ થોભ્યા વગર પાંચ મુહર્રમના દિવસે બીજી એક બાજુથી સમાચાર મળ્યા કે ખાલિદ બિન સુફિયાન અલ-હઝલીએ હુમલો કરવા માટે ટોળું એકઠું કર્યું છે. હઝરત અબ્દુલ્લાહ બિન અનીસ અન્સારી ﷺ ને રવાના કરવામાં આવ્યા, જેઓ આ ઉપદ્રવને સમાપ્ત કરીને તેનું માથું કાપી લાવ્યા. એકલા જ આવું બહાદુરીભર્યું કામ કરવા પર હુઝૂર ﷺ એ પોતાનો 'અસા' (લાઠી) ઇનામરૂપે તેમને પ્રદાન કર્યો.

પછી બે-ત્રણ અઠવાડિયાના અંતરમાં એક મોટી ઘટના ઘટી. સફરના મહિનાની શરૂઆતમાં 'અઝલ વકારહ' નામના કબીલાના લોકો કાવતરું કરીને મદીના

આવ્યા અને હુઝૂર ﷺ ને દરખાસ્ત કરી કે અમારામાંથી કેટલાક લોકો મુસલમાન બની ગયા છે. તેમના શિક્ષણ-પ્રશિક્ષણ માટે આપ પોતાના શિક્ષકોને મોકલો. દસ શિક્ષકોનું એક શૈક્ષણિક પ્રતિનિધિ-મંડળ રવાના કરવામાં આવ્યું (આ સંખ્યા સહીહ બુખારીની રિવાયત અનુસાર છે. સીરત-લેખકોએ પ્રતિનિધિ-મંડળને સાત માણસો પર આધારિત બતાવેલ છે), જેના અમીર (વડા) હઝરત મુરસદ બિન અબી મુરસદ ﷺ હતા. 'રજીઅ' નામના સ્થળે (આ બનૂ હઝયલનો પહાડી રસ્તો હતો) પહોંચીને કાવતરાખોરોએ હઝરત ખુબૈબ ﷺ અને હઝરત ઝૈદ ﷺ સિવાય બાકી સૌ લોકોને મારી નાખ્યા. આ બંનેને મક્કાના કુરૈશને વેચી નાખ્યા. તેમણે બંનેને શૂળી પર લટકાવીને શહીદ કરી નાખ્યા. આનો ઉલ્લેખ અગાઉ અમે કરી ચૂક્યા છીએ. આ ઘટનાથી બરાબર અનુમાન કરી શકાય છે કે ઉહદના યુદ્ધ પછી વિરોધી તત્ત્વોની હિંમત કેટલી વધી ગઈ હતી. આ દુ:ખદ ઘટનાએ હુઝૂર ﷺ ના હૃદયને કેવો આઘાત પહોંચાડ્યો હશે, જ્યારે કે આપના નાનકડા સમુદાયના વિભિન્ન કીમતી માણસો શૈક્ષણિક મિશન પર જતાં લાચારીની અવસ્થામાં શહીદ થઈ ગયા ! આ તેજોમય હસ્તીઓ શિક્ષણના કિરણો ફેલાવીને જે લોકોને કોઈપણ વળતર વગર નવું જીવન આપવા માગતી હતી, એ જાલિમોએ તેમનાથી લાભાન્વિત થયા વગર તેમના જીવનનો પ્રકાશ બુઝાવી દીધો. પરંતુ આ જ મહિનામાં તેનાથી મોટી દુર્ઘટના 'બઈરે મઊના'ની ઘટી. અબૂ બર્રા બિન આમિર બિન માલિક 'નજદ' વિસ્તારમાંથી આવીને હુઝૂર ﷺ ની સેવામાં હાજર થયો. આપ ﷺ એ તેને ઇસ્લામનું આમંત્રણ આપ્યું. પરંતુ તેણે ન તો તેનો સ્વીકાર કર્યો, ન રદ. અલબત્ત ખૂબ નિખાલસતાથી સલાહ આપી કે આપ પોતાના સાથીઓને નજદ રવાના કરો. આશા છે કે લોકો ઇસ્લામના સંદેશનો સ્વીકાર કરશે. હુઝૂર ﷺ એ નજદ વિશે આશંકા દર્શાવી. 'રજીઅ'ની ઘટના તો સામે હતી જ. અબૂ બર્રાએ સુરક્ષાની જવાબદારી લીધી. કેટલીક રાજકીય જરૂરતો તકાદો કરતી હતી કે નજદના વિસ્તારમાં ઇસ્લામી રાજ્યનો પ્રભાવ ફેલાય. તેથી અબૂ બર્રાના વચન પર વિશ્વાસ કરીને સિત્તેર માણસોનું એક જૂથ (આ સંખ્યા સહીહ બુખારીમાં વર્ણવવામાં આવેલ છે. ઇબ્ને ઇસ્હાકે ચાળીસ બતાવી છે), જેમાં પ્રથમ પંક્તિના હાફિઝ (કુર્આનને કંઠસ્થ કરનારા), કારી (કુર્આનનું વિધિસર પઠન કરનારા) તેમજ આલિમો (ઇસ્લામી વિદ્વાનો) અને દાઈ (ઇસ્લામનું આમંત્રણ આપનારાઓ) સામેલ હતા. હઝરત મન્ઝર બિન ઉમરૂ ﷺ ની આગેવાનીમાં રવાના કર્યું. ઇસ્લામનું આમંત્રણ આપનાર આ પ્રતિનિધિ-મંડળ 'બઈરે મઊન' પહોંચ્યું, જે અર્ઝ બની આમિર અને હર્રા બની સલીમની વચ્ચે આવેલ છે, તો ત્યાંથી હઝરત હરામ બિન મલ્હાન ﷺ રસૂલુલ્લાહ ﷺ નો પત્ર લઈને આમિર બિન તુફૈલ તરફ રવાના થયા.

તેણે પત્ર જોતાં પહેલા જ પોતાના માણસોને ઇશારો કરીને તેમને કતલ કરાવી દીધા. તે પછી તેણે બની આમિરમાં એલાન કર્યું કે મદીનાના પ્રતિનિધિ-મંડળ પર હુમલો કરવા નીકળો. બનૂ આમિરે અૂબ બર્રાની બાંહેધરીનો અનાદર કરવાનું સ્વીકાર્યું નહીં. ત્યારે આ ઉપદ્રવીએ બની સલીમની શાખાઓ, અર્થાત્ રઅલ, ઝકવાન, ઉસૈયા અને બની અલ-હય્યાનને બોલાવ્યા. આ લોકો તૈયાર થઈ ગયા અને મદીનાના ઇસ્લામનું આમંત્રણ આપવા આવેલ પ્રતિનિધિ-મંડળને આવીને ઘેરી લીધું. પ્રતિનિધિ-મંડળ તરફથી કહેવામાં આવ્યું કે અમે લોકો લડવા નથી આવ્યા અને અહીં અમારે રોકાવાનું પણ નથી, બલ્કે આગળ જવા ઇચ્છીએ છીએ. અમારા સાથે વિવાદ ન કરો. પરંતુ તે જાલિમો ન માન્યા અને ૬૯ લોકોને મારી નાખ્યા. પ્રતિનિધિ-મંડળના સિત્તેરમાં સભ્ય હઝરત કઅબ બિન ઝૈદ પણ લહીલુહાણ થઈને લાશોના ઢગલામાં જઈને સામેલ થઈ ગયા. જીવ હજુ બાકી હતો. બચીને મદીના પહોંચ્યા અને આખી ઘટના વર્ણવી. વિરોધોથી ઘેરાયેલ એક નવોદિત સમુદાયની આ કઠિન પરીક્ષાનું અનુમાન કરો કે તેના ૬૯ કાબેલ માણસો ખૂબ જ નિર્દયતાથી એકી સાથે શહીદ થઈ જાય છે. હુઝૂર ﷺ નું સંવેદનશીલ હૃદય આ ઘટનાથી ખૂબ દુભાયું. આપ ﷺ એ દુ:ખી હૃદયે એક મહિના સુધી ફજ્રની નમાઝમાં પોતાના આલિમોના હત્યારાઓ માટે બદ્દુઆ કરી. આ બદ્દુઆનું પારિભાષિક નામ 'કુનૂતે નાઝિલા' છે.

આ અત્યાચારીઓના વર્તનની સામે માનવતાના ઉપકારક ﷺ નો વ્યવહાર જુઓ કે (એક માત્ર બચીને આવેલા ઇસ્લામના નિમંત્રક) ઉમરૂ બિન ઉમૈયા رضي الله عنه એ રસ્તામાં બે વ્યક્તિઓને સૂતેલા જોયા અને ભૂલથી સમજ્યા કે આ હત્યારાઓના જૂથથી સંબંધ રાખે છે, તેમણે બંનેને કતલ કરી નાખ્યા. વાસ્તવમાં આ લોકો મિત્ર કબીલાના હતા. આપ ﷺ એ તેમનો 'ખૂંબહા' (અર્થ-દંડ) અદા કર્યો. આ અત્યંત અત્યાચારપૂર્ણ અરાજકતાની સરખામણીમાં હુઝૂર ﷺ આ જ ન્યાયની વ્યવસ્થા માટે બધા પ્રકારના પ્રયાસો અને દોડધૂપ કરી રહ્યા હતા.

આ બાહ્ય પરિસ્થિતિની સુધારણા કર્યા વગર સંભવ ન હતું કે મદીના આંતરિક રીતે મજબૂત રહે. પરંતુ ઉપદ્રવી તત્ત્વો મોજૂદ હતા અને પોતાની દોલત, જમીનો અને કિલ્લેબંદીઓના જોરના કારણે ઘણા શક્તિશાળી હતા, અને ઇસ્લામી રાજ્યના બરાબર વચ્ચો-વચ્ચ બેસીને અત્યંત દ્રોહપૂર્ણ કાવતરાઓ કરતા હતા અને મુસ્લિમ સમુદાયના દરેક કાર્યવાહીમાં અવરોધો ઊભા કરતા હતા. વિશેષરૂપે યહૂદી કબીલાઓ મદીનાની એકતા અને અખંડિતતાની સંધિમાં સામેલ હોવા છતાં દરરોજ વિદ્રોહી કૃત્યો આચરતા હતા. એમાંથી બનૂ નઝીરનો ગઢ ખૂબ મજબૂત હતો તેમજ તે દુશ્મની અને વિદ્રોહના માર્ગે ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો હતો. તેમણે ઉહદ

અને 'રજીઅ' અને 'બઈરે મઊના'ની ઘટનાઓ પછી ખૂબ જ સંગીન હંગામી હાલતમાં હુઝૂર ﷺ ની હત્યા માટે ખુલ્લંખુલ્લા કાર્યવાહી કરી (જેનો ઉલ્લેખ અમે અગાઉ કરી ચૂક્યા છીએ). અગાઉના દુષ્કૃત્યો પછી આ ખુલ્લું પગલું એ બાબત માટે પર્યાપ્ત, બલ્કે જરૂરી હતું કે તેમના વિશે કોઈ નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવે. હુઝૂર ﷺ એ લડવાથી અને કોઈ જાનહાનિ પહોંચાડવાથી બચવાનું ઇચ્છ્યું.[1] તેથી માત્ર નાગરિકતા છીનવી લેવાની નોટિસ આપી કે તેઓ દસ દિવસમાં શાંતિપૂર્વક મદીનાની સરહદોથી નીકળી જાય, નહિં તો પછી તેમના સાથે દુશ્મનો જેવો વ્યવહાર કરવામાં આવશે. અબ્દુલ્લાહ બિન ઉબ્બીએ મોટી મદદ આપવાનો વાયદો કરીને તેમને હુઝૂર ﷺ વિરુદ્ધ લડવા માટે ઉશ્કેર્યા. બનૂ નઝીર તેની વાતોમાં આવી ગયા અને ઇસ્લામી રાજ્યને તેમણે સાફ-સાફ પડકાર આપી દીધો કે નોટિસનું અમે પાલન નહીં કરીએ, જે ઇચ્છો એ કરી લો. રબીઉલ અવ્વલ, હિ. ૪ માં હુઝૂર ﷺ ઇસ્લામી લશ્કર લઈને નીકળ્યા અને બનૂ નઝીરને ઘેરો ઘાલ્યો. કોઈપણ તેની મદદે ન આવ્યું. તેથી વિવશ થઈને તેમણે વસ્તી ખાલી કરી નાખી. હુઝૂર ﷺ ની દયાની એ શાન હતી કે ન માત્ર પોતાના પ્રાણ, બલ્કે ઊંટો પર લાદીને પોતાનો કીમતી સામાન એ લોકો લઈ ગયા. તણાવના આ અત્યંત અપ્રિય માહોલમાં પણ બનૂ નઝીરમાંથી બે સદ્ભાગી વ્યક્તિઓ નીકળી, જેમણે પોતાના કબીલાના અનુચિત વર્તનની સાથે-સાથે હુઝૂર ﷺ ના સત્યના આમંત્રણના પ્રકાશને પામી ગયા અને ઇસ્લામના વર્તુળમાં સામેલ થઈ ગયા. આ હતા હઝરત યામીન બિન ઉમૈર અને અબૂ સઅદ બિન વહબ رضي الله عنهما.

આ પ્રસંગે મુસ્લિમ લશ્કરને કેટલાક વૃક્ષો કાપવા પડ્યા અને આ કોઈ મહત્ત્વની વાત ન હતી. પરંતુ પશ્ચિમી ટીકાખોરોએ તેમાં પણ દુષ્પ્રચારનો મસાલો શોધી કાઢ્યો. આ તદ્દન એવું જ અનિવાર્ય પગલું હતું જેવું આજે પણ કોઈ સેનાએ માર્ગ બનાવવા, દુશ્મનના છુપા સ્થાનોનો નાશ કરવા અને બીજી જરૂરતો માટે કરવું પડે છે; બલ્કે પોલીસે પણ ગુનેગારોની ધરપકડ માટે ક્યારેક આ પ્રકારની કાર્યવાહીઓ પર અમલ કરવો પડે છે, ઇમારતો ધ્વસ્ત કરી દેવામાં આવે છે, ખેતીઓ અને બાગોમાં આવશ્યકતાનુસાર તોડફોડ કરવામાં આવે છે.

અત્યંત ખતરનાક પરિસ્થિતિ છતાં ઉપદ્રવી તત્ત્વોને કચડીને હુઝૂર ﷺ એ ન માત્ર પોતાની મુશ્કેલીઓ ઓછી કરી, બલ્કે આસપાસના લોકો પર એ પ્રભાવને પણ બહાલ કર્યો કે મુસ્લિમ રાજ્યમાં સંપૂર્ણ સામર્થ્ય, જોમ-જુસ્સો અને શક્તિ છે.

અબૂ સુફિયાન ઉહદના મેદાનના એલાન અનુસાર બે હજાર પાયદળ અને

૧. ઇસ્લામી આંદોલન પોતાના સ્વભાવની રીતે યુદ્ધ અને લડાઈ-ઝઘડાને પસંદ કરતું નથી. વધુમાં, મામલો દુનિયાના એક સ્થાયી ધાર્મિક સમૂહથી સંબંધ રાખવાવાળા લોકોનો હતો અને ઇસ્લામી આંદોલને છેવટે આ સમૂહના અંદર કામ કરવાનું હતું, નહિં તો તેમના ગુનાઓ એવા હતા કે તેમનો જીવતા રહેવાનો પણ અધિકાર રહ્યો ન હતો.

૫૦ સવારો પર આધારિત એક મજબૂત સેના લઈને નીકળ્યો. હુઝૂર ﷺ પણ જાણકારી મળતાં જ એકસો સૈનિકો અને દસ સવારોની સાથે બદ્ર પહોંચી ગયા. આઠ દિવસ સુધી ત્યાં જ પડાવ નાખીને કુરૈશની સેનાની રાહ જોઈ. પરંતુ અબૂ સુફિયાન મક્કાથી માત્ર એક મંજિલ દૂર — ઝહરાન કે અસ્ફાન — નામના સ્થળે આવીને પાછો ચાલ્યો ગયો, એમ સમજીને કે દુષ્કાળના કારણે આ વર્ષ લડાઈ માટે બરાબર નથી. છેવટે હુઝૂર ﷺ પણ અબૂ સુફિયાનના પાછા વળી જવાની જાણકારી મળતાં મદીના પાછા આવી ગયા.

મુહર્રમ, હિ. ૪ (કેટલીક રિવાયતો અનુસાર જમાદિલ ઉલા)માં બની ગતફાન હેઠળના કબીલાઓ બની મહારિબ અને બની શોઅલબાની યુદ્ધની તૈયારીઓની માહિતી મળી. હુઝૂર ﷺ ચારસો (કેટલીક રિવાયતો અનુસાર સાતસો) સ્વયંસેવકોનું જૂથ લઈને નીકળ્યા. સામનો કરવા માટે એક જૂથ હકીકતમાં ત્યાં હાજર હતું. પરંતુ તેઓ ખરેખર લડવા માટે તૈયાર ન થયા. આ જ સ્થળનો પ્રસંગ છે કે ગૌરસ નામનો મુશ્રિક (અનેકેશ્વરવાદી) પોતાની કોમની સામે એ નિર્ધાર કરીને નીકળ્યો કે હું મુહમ્મદ (ﷺ)ની હત્યા કરીને જ રહીશ. તે આવ્યો, તો હુઝૂર ﷺ એક વૃક્ષના છાંયડામાં એકલા આરામ કરી રહ્યા હતા. આપ ﷺ ની તલવાર વૃક્ષ પર લટકી રહી હતી. ગૌરસે એ જ તલવાર તાણીને લલકાર કરી કે બતાવો, હવે કોણ તમને બચાવી શકે છે? હુઝૂર ﷺ એ નિર્ભયતાથી કહ્યું કે, ''અલ્લાહ બચાવવાવાળો છે.''

'દૂમતુલ જંદલ' વેપારી કાફલાઓનું જંક્શન પણ હતું અને અહીં ખ્રિસ્તીઓ અને યહૂદીઓના ધાર્મિક પ્રચારકો અને રાજકીય દૂતો પણ કામ કરતા હતા; વધુમાં બની નઝીરના ખૈબર વગેરેમાં જવાને કારણે તેમના પ્રપંચોનો પણ આ સ્થળ અડ્ડો બનવા લાગ્યું હતું. વિશેષરૂપે એ પ્રસંગ ખૂબ રાજકીય મહત્ત્વ ધરાવે છે કે મક્કાના કુરૈશ અને ખૈબરના યહૂદીઓની સાંઠગાંઠના આધીન નસરાની (ખ્રિસ્તી) સરદાર ઉકૈદરે મદીના માટે ખાદ્ય-સામગ્રી લાવનાર કાફલાઓને હેરાન કરવાનું શરૂ કર્યું. હુઝૂર ﷺ સુધી એ જાણકારી પહોંચી કે 'દૂમતુલ જંદલ'માં દુશ્મન પોતાની શક્તિ એકઠી કરીને મદીના પર હુમલો કરવા માગે છે. રબીઉલ અવ્વલ, હિ.૫ માં આપ ﷺ એ એક હજારનું જૂથ લઈને તરત જ કાર્યવાહી કરી. 'દૂમતુલ જંદલ'માં જ્યારે મુસ્લિમ સેનાના રવાના થવાના સમાચાર પહોંચ્યા, તો દુશ્મનો વિખેરાઈ ગયા. હુઝૂર ﷺ ને આગળ કાર્યવાહી કરવાની જરૂર ન લાગી અને રસ્તામાં મૈત્રી-સંબંધો વધારવાનું કામ કર્યું. એ રીતે ઉયૈયના બિન હસીન સાથે સંધિ થઈ. પાછળથી હિ.૬ માં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضي الله عنه એક ઇસ્લામના આમંત્રણ આપવાના અને રાજકીય કામકાજ લઈને ગયા અને કલ્બ કબીલાનું વાતાવરણ મદીના માટે સાનુકૂળ

થવા લાગ્યું. તેના પણ પછી તબૂકની કૂચના સંદર્ભમાં હિ.૯માં આ વિસ્તારમાં સંપૂર્ણ વર્ચસ્વ પ્રાપ્ત થઈ ગયું.

હવે બનૂ મુસ્તલિક વિશે સમાચાર મળ્યા કે તેઓ આક્રમણની તૈયારી કરી રહ્યા છે. હઝરત બુરૈદા અસ્લમી ﷺ ને મોકલીને તપાસ કરાવવામાં આવી. સમાચાર સાચા નીકળ્યા. હુઝૂર ﷺ એ ૩ શાબાન, હિ.૫ ના દિવસે લશ્કરી પગલું ભર્યું. ખૂબ જ ઝડપથી મરીસીઅ (ઝરણું) જઈ પહોંચ્યા. બની મુસ્તલિકનો સરદાર હારિસ બિન ઝર્રાર લડાઈ કરવા તત્પર હતો. હુઝૂર ﷺ ના એકાએક જઈ પહોંચવાથી તેનું લશ્કર વિખેરાઈ ગયું ને માત્ર આ જ કબીલાના લોકો બાકી રહી ગયા. પહેલા જ હુમલામાં હારિસના જથ્થાને સંપૂર્ણપણે પરાજય વહોરવો પડ્યો. પુષ્કળ ઢોરો માલે-ગનીમતમાં પ્રાપ્ત થયા અને બધા સૈનિકોને યુદ્ધ-કેદી બનાવી લેવામાં આવ્યા. ધરપકડ કરવામાં આવેલ લોકોમાં 'જુવૈરિયા' પણ હતા. તેમણે હુઝૂર ﷺ ની સામે કલ્મએ-હક્ક પઢ્યો અને કહ્યું કે હું ઇસ્લામ લાવીને હાજર થઈ છું. હુઝૂર ﷺ એ તેમની મરજીથી તેમને પોતાના નિકાહમાં લઈ લીધા. આનું પરિણામ એ આવ્યું કે મુસલમાનોએ તમામ કેદીઓને એમ કહીને મુક્ત કરી દીધા કે રસૂલુલ્લાહ ﷺ ના સગાઓને અમે હવે કેદી બનાવીને નથી રાખી શકતા.

આ જ એ પ્રસંગ છે કે ઇસ્લામના વિજયને જોઈને મુનાફિકો બળી ગયા અને પહેલા તેમણે પાણી માટે ઝઘડો કરીને મુહાજિરો અને અન્સારને લડાવવાનો પ્રયાસ કર્યો, અને પાછા ફરતા હતા ત્યારે આખા રસ્તામાં મુહાજિરોને મદીનામાંથી કાઢી મૂકવા અન્સારને ઉશ્કેરતા રહ્યા. આ જ પ્રવાસમાં હઝરત આઇશા ﷺ ના કાફલાથી વિખૂટા પડી જવાના કારણે તેમને 'ઇફક' (બદનક્ષીના આરોપ)નું તોફાન ઉઠાવવાની તક મળી. આ સમગ્ર ઘટનાક્રમો અમે અગાઉ વર્ણવી ચૂક્યા છીએ.

ઉહદના યુદ્ધ પછી અને ખંદકની લડાઈ પહેલા આ વિભિન્ન નાની-નાની કાર્યવાહીઓ હતી, જે ઇસ્લામી રાજ્યને પોતાની રક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થાની બહાલી તથા બંધારણીય માળખાના બચાવ માટે કરવી પડી. આમાંથી શિક્ષકોના પ્રતિનિધિ-મંડળની ઘટનાને છોડીને બાકી પરિસ્થિતિઓમાં કાં તો માત્ર સરહદ પર લશ્કર મોકલવામાં આવ્યું અથવા એક પ્રકારની પોલીસ કાર્યવાહી કરવામાં આવી. માત્ર યુદ્ધ પ્રકારની અથડામણો ખૂબ ઓછી થઈ હતી અને એ પણ તદ્દન નાની-નાની. તેને અકારણ મહત્ત્વ આપીને વિસ્તૃતરૂપે વર્ણવવામાં આવે તો વાંચનારાને ખૂબ અતિશયોક્તિ લાગે છે. વાસ્તવિક પરિસ્થિતિ એ હતી કે આરબો કબીલાઓની નાની-નાની ટુકડીઓમાં વહેંચાયેલા હતા, અને દરેક કબીલો, બલ્કે કબીલાઓને આધીન શાખાઓ પોત-પોતાની જગ્યાએ સ્થાયી માળખાગત અને રાજકીય યુનિટ

હતું. ક્યારેક એક ટોળી વિરોધ માટે માથું ઊંચકતી, ક્યારેક બીજી ટુકડી હુમલો કરવા કે ધાડ પાડવા તૈયાર થઈ જતી. એક દુષ્ટતા અને ઉત્પાત પર કાબૂ કરી લેવામાં આવતો, તો કોઈ બીજી બાજુથી બીજી આફત અને ઉપદ્રવ ઊભો થઈ જતો. આવી પરિસ્થિતિમાં જ્યારે પણ ક્યારેક એક કેન્દ્રીય વ્યવસ્થા સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવતો, તો વિખેરાયેલા વિભિન્ન કબીલાઓની સાથે નાની-નાની ઝપાઝપી વારંવાર કર્યા વગર સફળતાની કોઈ શક્યતા નહોતી.

ત્રીજું મોટું યુદ્ધ – ખંદક

ઉહદના યુદ્ધમાં જો કે કુરૈશને સંયોગવશ એક તક મુસલમાનોને જોર બતાવવાની મળી ગઈ હતી, અને દેખીતી રીતે તેમણે બદ્રના જખમોનો બદલો લઈ લીધો હોત, તેમ છતાં તેઓ સારી રીતે સમજતા હતા કે તેઓ ઉહદથી વિજયી બનીને પાછા નથી ફર્યા અને એનો પણ અંદાજ તેમને આવી ગયો હતો કે હવે તેઓ પોતાની વર્તમાન શક્તિની સાથે મદીનાના મુસ્લિમ રાજ્યને હરાવવા કાબેલ નથી. તેઓ એક વર્ષના ગાળામાં વધારે તૈયારી અને સૈનિકોની ઉપલબ્ધિ પછી લડવાનો નિર્ધાર લઈને ઉહદથી વિદાય થયા હતા અને એ ઇરાદાનું એલાન પણ અબૂ સુફિયાને કરી દીધું હતું. પરંતુ મક્કાથી લશ્કર લઈને નીકળ્યા પછી સંજોગો પ્રતિકૂળ હોવાથી તે પાછો આવી ગયો. કુરૈશ અને મુસ્લિમ રાજ્યમાં એક મોટો ફરક હતો. અજ્ઞાનતાની શક્તિ પોતાના મિજાજની રીતે જડ અને થાકી ગયેલી પણ હતી અને કોઈપણ પ્રકારના વિકાસની યોગ્યતા પણ રાખતી નહોતી, બલ્કે તેનો કોઈ-ને-કોઈ ભાગ હર પળ કપાઈને મદીનાના પક્ષે જઈ રહ્યો હતો. મદીનાની મુસ્લિમ શક્તિ એક સૈદ્ધાંતિક, વૈચારિક, આવાહક અને લોક-શક્તિ હતી. તેથી તે સક્રિય હતી, ગતિશીલ હતી અને તેમાં વિકસિત થવાની યોગ્યતા હતી. આ ફરકના કારણે સમયનું પસાર થવું મદીનાના પક્ષે લાભપ્રદ રહે એવું હતું. વ્યક્તિઓની સંખ્યાની દૃષ્ટિએ, નીતિમત્તાના પ્રશિક્ષણની દૃષ્ટિએ, મૈત્રી-સંબંધોની દૃષ્ટિએ, રક્ષાત્મક શક્તિની દૃષ્ટિએ અને વિસ્તરતા જતા ક્ષેત્રની દૃષ્ટિએ મદીના બરાબર વિકસિત થતું જઈ રહ્યું હતું. ઇસ્લામી રાજ્ય કુરૈશના વેપારી માર્ગોને વ્યવહારૂ રીતે બંધ કરવામાં સફળ હતું. મક્કા આર્થિક પતનનો ભોગ બનતું જઈ રહ્યું હતું. ઇસ્લામી સમુદાય ઉહદ પછી બે વર્ષોમાં કઠિન મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું હોવા છતાં ઘણી ઉન્નતિ કરી ચૂક્યો હતો અને કુરૈશે જે લડાઈને એક વર્ષ માટે મુલતવી કરી હતી, તે લડાઈ એક વર્ષનો વિલંબ થઈ જવાને કારણે હવે તેમના પાસે ખૂબ વધારે આક્રમક શક્તિ માગી રહી હતી. કુરૈશ એકલા કદાચ આટલી અપેક્ષિત શક્તિ સરળતાથી લાવી શકે એમ ન હતા. પરંતુ

મુસ્લિમ રાજ્યના જુદા-જુદા દુશ્મનોએ સંજોગોને કારણે લાચારીવશ પરસ્પર એકતાનો ઉપાય કર્યો. ખૈબર અને 'વાદી અલ-કુરા'માં જઈને વસનારા દેશનિકાલ યહૂદીઓએ ખૂબ સક્રિયતા દાખવીને મદીના પર હુમલો કરાવવા માટે દોડધૂપ કરી. તેમની દુષ્ટ પ્રવૃત્તિની શરૂઆત મદીના માટે ખાદ્ય-સામગ્રી લઈને આવતા કાફલાઓ માટે અડચણો ઊભી કરવાથી થઈ. પછી જ્યારે ઉહદની પરિસ્થિતિની વિગત તેમના સુધી પહોંચી અને અબૂ સુફિયાનના યુદ્ધ કરવાના ઇરાદાની માહિતી તેમને મળી અને તેમની હિંમત વધી, તો તેમણે બની ગતફાનને ખૈબરની ખજૂરોની આખા વર્ષની ઉપજ આપીને તેમજ ભવિષ્ય માટે પણ એક નિર્ધારિત ભાગ ચૂકવવાનો કરાર કરીને મદીના પર હુમલો કરવા માટે તૈયાર કર્યા. આટલું કામ કર્યા બાદ પોતાનું એક પ્રતિનિધિ-મંડળ મક્કા મોકલ્યું, જેમાં સલામ બિન અબી અલ-હકીક, સલામ બિન મશ્કમ, હય્ય ઇબ્ને અખ્તબ, કિનાના બિન અલ-રબીઅ (બનૂ નઝીર) તેમજ હૌઝહ બિન કૈસ, અબૂ અમ્મારા (બનૂ વાઈલ) જેવા આગેવાનો સામેલ હતા. તેમણે કુરૈશને વિશ્વાસ અપાવ્યો કે તમે હુમલો કરો અને જ્યાં સુધી મુહમ્મદ (ﷺ) નો પૂરેપૂરો નાશ ન થઈ જાય, અમે સાથ નહીં છોડીએ. આ પ્રતિનિધિ-મંડળ અહીંથી સફળ થઈને પાછું ફર્યું, તો બનૂ ગતફાન ઉપરાંત બીજા કેટલાક કબીલાઓમાં આવ્યું. કુરૈશે પણ પોતાના સહયોગીઓ અને સમર્થકો સાથે વાતચીત અને હળવા-મળવાનું શરૂ કર્યું, અને 'અહાબીશ'ને મદદ માટે બોલાવ્યા. આમ, આ વખતે અજ્ઞાનતાએ આખા આરબ પ્રદેશમાં પોતાની સમર્થક શક્તિને ભેગી કરી અને 'ગાલિબ'ના શેર જેવું વાતાવરણ ઊભું કરી દીધું :–

ફિર પુરસિશે જરાહતે દિલ કો ચલા હૈ ઇશ્ક
સામાને સદ હઝાર નમકદાં કિયે હુવે.

અબૂ સુફિયાનની આગેવાનીમાં ૪ હજાર સૈનિકો રવાના થયા, જેના સાથે ત્રણસો ઘોડા અને એક હજાર ઊંટ હતા. આ લશ્કર જ્યારે 'મર્ર અલ-ઝહરાન' નામના સ્થળે પહોંચ્યું, તો બની સલીમ જેમનો કુરૈશથી સંબંધ હતો, આવીને મળ્યા. આ બાજુ બનૂ અસદ, ફુઝારહ, અશ્જઅ અને બનૂ મર્રા પણ પોત-પોતાના વિસ્તારોથી નીકળ્યા. બની ગતફાને ઉયૈયના બિન હસીનની આગેવાનીમાં માર્ચ કરી. કુલ સંખ્યા વિશે મતભેદ છે, કેટલાકે ૬-૭ હજાર, કેટલાકે ૧૦ હજાર અને કેટલાકે ૨૪ હજાર સુધીનું અનુમાન કર્યું છે. માની શકાય એવી કદાચ વચ્ચેની રિવાયત છે, જેને મોટાભાગના સીરત-લેખકોએ વર્ણવી છે.

હુઝૂર ﷺ ને આ લોકોની તૈયારીઓની જાણકારી 'દૂમતુલ જંદલ'ના પ્રવાસ વખતે જ મળી ગઈ હતી અને આપ ﷺ આની જ આશંકાથી જલ્દી પાછા પણ

આવી ગયા હતા. સલાહ-મસ્લત પણ કરવામાં આવી. પ્રસ્તાવ મદીનામાં જ રહીને સામનો કરવાનો આવ્યો અને શહેરની રક્ષા માટે હઝરત સલમાન ફારસી ﷺ નો અભિપ્રાય સ્વીકારવામાં આવ્યો કે ઈરાનની પદ્ધતિ અનુસાર ખંદક (ખાઈ) ખોદવામાં આવે. આમાં જ્યાં ફાયદાનું એક પાસું એ હતું કે આ નવી સુરક્ષા-પદ્ધતિ આરબ હુમલાખોરો માટે મુશ્કેલીઓનું કારણ બની શકતી હતી, ત્યાં વધારે મોટા લાભદાયી પાસાઓ એ હતા કે કઠિન શારીરિક મહેનતથી ખોદેલ ખાઈ કોઈ મજબૂત અને ઊંચી દીવાલ કામ આપે એવું કામ તે આપી શકતી હતી. વધુમાં, આ પદ્ધતિથી ઓછી સંખ્યાની સાથે મોટી સંખ્યાની સાથે લડવા આવતા દુશ્મનને રોકી શકાતો હતો અને જાનહાનિ પણ ઓછામાં ઓછી થાય એમ હતી. હુઝૂર ﷺ ઘોડા પર સવાર થઈને પોતે ખંદકનો નકશો નક્કી કરવા નીકળ્યા. શહેર ત્રણ બાજુથી મકાનો અને વાડવાળા બાગોથી ઘેરાયેલ હોવાથી ખંદકની જરૂર ઉત્તરના ખુલ્લા મેદાન તરફ હતી. નક્કી કરવામાં આવ્યું કે 'હર્રે શરકી' અને 'હર્રે ગરબી' (લાવાના મેદાનો)ને મેળવતી ખાઈ અર્ધ વર્તુળાકારમાં 'જબલે સલઅ'ના પશ્ચિમી છેડા સુધી પહોંચાડવામાં આવે. ખાઈના આ ભાગનું ખોદકામ તો લશ્કરી વ્યવસ્થાથી કરાવી લેવામાં આવ્યું. પરંતુ કેટલાક કબીલાઓએ પોતે પોતાના મકાનોની રક્ષા માટે તેને વધારે આગળ વધારી અને દક્ષિણમાં ઈદગાહ (મસ્જિદે ગમામા કે મુસલ્લા)ની પશ્ચિમથી લઈને કુબા તરફ દૂર સુધી લાંબી કરી દીધી. ખંદકના ખોદકામ માટે એ જ ત્રણ હજાર સ્વયં-સેવકો મજૂર બન્યા, જેમને સૈનિક તરીકેની જવાબદારી અદા કરવાની હતી. દસ-દસ માણસોનું જૂથ બનાવવામાં આવ્યું અને દરેક જૂથને ૪૦ ઝિરાઅ (૨૦ ગઝ, અંદાજે ૬૦ ફૂટ) ટુકડો સોંપવામાં આવ્યો હતો. અંદાજે તેની પહોળાઈ દસ ગઝ રાખવામાં આવી હશે, કેમ કે દુશ્મનના અમુક સવારો ઘોડાઓને તેના પરથી કૂદાવતાં અંદર પડીને મરી ગયા હતા. એ જ રીતે તેની અંદાજે ઊંડાઈ પાંચ ગઝથી ઓછી નહીં હોય. સરવાળે તેની લંબાઈ ૩.૫ માઈલ હતી. એ વાત આશ્ચર્યજનક છે કે ત્રણ અઠવાડિયામાં આટલું મોટું કામ મુસ્લિમ સ્વયં-સેવકોએ પૂરું કરી નાખ્યું. આશરે ૩ લાખ આઠ હજાર ઘનવાર માટીને ખોદવી અને તેને ત્યાંથી હટાવવી કોઈ રમત વાત ન હતી. માથાદીઠ એક ઘનવારથી વધારે માટી થાય છે. વધુમાં સાધન-સામગ્રીની દૃષ્ટિએ હાલત એ હતી કે ખોદાકામના અમુક સાધનો બનૂ કુરૈઝાથી કરાર હેઠળ ઉધાર લીધા હતા, અને ટોકરીઓ ન હોવાને કારણે સામાન્ય મુસલમાનો તો શું, હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ﷺ જેવી હસ્તીઓ ચાદરો અને ઓઢણીઓમાં ભરી-ભરીને માટી ઉઠાવતા હતા. ખંદકની સાથે ઠેક-ઠેકાણે ચોકીઓ બનાવી દેવામાં આવી, જ્યાંથી તેના દરેક ભાગનું નિરીક્ષણ કરી શકાય.

એક બાજુ ખંદકનું કામ પૂરું થયું અને બીજી બાજુ શવ્વાલ, હિ.૫ માં ઇસ્લામી રાજ્યનો સંયુક્ત દુશ્મન પતંગિયાઓના ધાડાઓની જેમ લશ્કર લઈને આવી પહોંચ્યો. કુરૈશ, કિનાના અને અહાબિશે (અથવા અહબાશે) 'બઈરે રૂમા' પાસે પડાવ નાખ્યો. ગતફાન અને બનૂ અસદે પશ્ચિમમાં 'વાદી નુઅ્માન'ની પાસે 'ઝનબે નકમા' નામના સ્થળથી ઉહદના પહાડ સુધી ફેલાઈને તંબુ તાણ્યા. આ બાજુ મુસ્લિમ લશ્કરે સુલઅ પહાડને પીઠ બાજુ લઈને મુખ્ય કેમ્પ સ્થાપિત કર્યો. અહીં હુઝૂર ﷺ નો કેમ્પ, જે પ્રસંગે ઊભો કરવામાં આવ્યો તેની યાદગારના રૂપે આજે 'મસ્જિદે ફત્હ' સ્થિત છે.

ક્રાંતિના દુશ્મનો, જો કે મોટી સંખ્યામાં મોરચાબંદ હતા, તેમ છતાં આ ખંદક તેમના માટે તદ્દન નવી સમસ્યા હતી. આ પ્રકારના પ્રતિરોધનો સામનો તેમણે ક્યારેય કર્યો ન હતો અને આ પ્રકારની યુક્તિથી તેઓ તદ્દન અજાણ હતા. તેમના ઘોડાઓ અને ઊંટ ખંદકની બહારના કિનારા સુધી જ કામ લાગતા હતા. એકલ-દોકલ ઘોડેસવારોએ જોશમાં આવીને ખંદક પાર કરવાની કોશિશ કરી, પરંતુ તેઓ તેના અંદર પડીને સમાપ્ત થઈ ગયા. જુદી-જુદી દિશાએથી તેઓ આવતા, પણ મુસ્લિમ ટુકડીઓ ગફલત કર્યા વગર સામે જ હાજર રહેતી અને તીરંદાજો દુશ્મનનું મોઢું ફેરવી દેતા. તલવારો અને ભાલાઓ બિલકુલ નકામા હતા. બસ, બંને તરફથી થોડીક તીરંદાજી દરરોજ થઈ જતી. કેટલાય દિવસના ઘેરાથી તંગ આવીને એક દિવસે દુશ્મને ખૂબ જોર લગાવ્યું. ક્યારેક અહીંથી હુમલો કર્યો, ક્યારેક ત્યાંથી, પણ કંઈ બની ન શક્યું. છેવટે કુરૈશનો પ્રખ્યાત વયોવૃદ્ધ ઘોડેસવાર ઉમર બિન અબ્દુદ્-દાર જોશમાં વિફરીને નીકળ્યો અને તેણે ઇકરમા બિન અબૂ જહલ, હુબૈરા બિન અબી વહબ અને ઝિર્રાર બિન અલ-ખત્તાબને ઉશ્કેર્યા અને પછી બની કિનાનાના અમુક લોકોને સાથે લીધા, અને એક યોગ્ય જગ્યા નક્કી કરીને ઘોડો કૂદાવીને પાર થઈ ગયો. બે-ચાર સાથીઓ પણ તેના પાછળ-પાછળ ખંદક પાર કરી ગયા, બાકીના લોકો કિનારા પર ઊભા રહ્યા. અંદર પહોંચીને તેણે લલકાર કરી. હઝરત અલી رضي الله عنه મુકાબલો કરવા માટે આવ્યા અને એક ઘા ખાધા પછી તે મોતને ઘાટ ઉતારી ગયો. આ એક દિવસ મુસ્લિમ લશ્કર માટે એટલો કઠિન હતો કે જુદી-જુદી બાજુએથી દુશ્મન ટોળીઓનો સામનો કરવામાં ચાર નમાઝો 'કઝા' થઈ ગઈ.

ઘેરાનું લાંબુ થવું મુસલમાનો માટે બેચેનીનું કારણ હતું. પરંતુ વિરોધીઓ પણ પોતાની જગ્યાએ પરેશાન હતા. સલાહ-મસ્લત પછી એક ભરપૂર હુમલો કરવા માટે એ નક્કી થયું કે બનૂ કુરૈઝાને હુઝૂર ﷺ વિરુદ્ધ વચન-ભંગ માટે તૈયાર કરવામાં આવે, અને તે અંદરથી હુમલો કરે. અબૂ સુફિયાનના કહેવાથી હય્ય ઇબ્ને અખ્તબે આ મિશન પોતાના શિરે લીધું. તે બનૂ કુરૈઝાના સરદાર કઅબ બિન અસદની

પાસે પહોંચ્યો અને હેતુ તેના સામે મૂક્યો. તેણે પહેલા તો ઇન્કાર કર્યો કે મેં મુહમ્મદ (ﷺ)ને હંમેશા વાયદાના પાકા જોયા છે, તેમનાથી વચન-ભંગ કરવો વિવેકની વિરુદ્ધ છે. પરંતુ ઇબ્ને અખ્તબે ભારપૂર્વક વાત દોહરાવી કે અમે લોકો સેનાઓની આંધી લઈને આવ્યા છીએ. સમગ્ર આરબ પ્રદેશ અમારા સાથે ઊમટી આવ્યો છે અને બધા લોકો મુહમ્મદ (ﷺ) ના લોહીના તરસ્યા છે. આ તક હાથમાંથી જવા દેવા જેવી નથી. બસ, હવે ઇસ્લામના સર્વનાશનો સમય આવી ગયો છે. ટૂંકમાં, પ્રોત્સાહિત કરવાનો જાદૂ ચાલી ગયો. આ પરિસ્થિતિની જાણકારી મુસલમાનો સુધી પહોંચી ગઈ. હુઝૂર ﷺ એ તપાસ કરાવી, વાત સાચી નીકળી. સહાબા ؓ ના પ્રતિનિધિ-મંડળે આવીને અફવાની પુષ્ટિ કરી, તો હુઝૂર ﷺ ની જીભથી એટલી વાત નીકળી કે, الله اكبر! حسبنا الله ونعم الوكيل. (અલ્લાહ મહાન છે, અલ્લાહ જ અમારા માટે પૂરતો છે અને તે સૌથી સારો કામ પાર પાડનાર છે.)

મોરચાનો વિસ્તાર, ઘેરાનું લાંબુ થવું, સૈનિકોની સંખ્યાની અછત, ટાંચા સાધનો, ભૂખમરાની સ્થિતિ, તેના સાથે રાત્રિઓના ઉજાગરા, મુનાફિકોનું બહાનાઓ ઘડી-ઘડીને (بيوتنا عورة) અલગ થઈ જવું અને વધારામાં એ હદ સુધીનો પરિશ્રમ કે નમાઝો કઝા થઈ ગઈ; આ કંઈ સામાન્ય પ્રકારની અજમાયશ નહોતી. આનાથી વધારે એ કે મદીનામાં અંદરથી વિશ્વાસઘાતના દારૂગોળાની સુરંગ પથરાઈ ગઈ અને બનૂ કુરૈઝા (જેમના પાસે દોઢ હજારથી વધારે યોદ્ધાઓ હતા) તરફથી બગલમાં છુપાવેલ ખંજર ભોંકાવાનું જોખમ માથા પર આવી ગયું, તો આજે આપણે અનુમાન નથી કરી શકતા કે આફતો સાથે લડતા ત્રણ હજાર વ્યક્તિઓની લાગણીઓનો રંગ કેવો હશે ! હઝરત અબૂબક્ર ؓ કહે છે કે આ જાણકારી મળ્યા પછી સૌથી મોટી આશંકા એ હતી કે ક્યાંક અમારા પાછળ સ્ત્રીઓ અને બાળકો પર હુમલો કરી દેવામાં ન આવે અને આ આશંકાથી હું વારંવાર સુલઅ પર્વત પર ચઢીને જોતો હતો કે કોઈ દુર્ઘટના તો નથી ઘટી ને ! અમારા ઘરોને શાંત જોઈને અલ્લાહનો આભાર માનતો. હુઝૂર ﷺ એ ત્રણસો ઘોડેસવારની એક ટુકડી મદીનાની સુરક્ષા માટે રવાના કરી દીધી. તે વખતનો નકશો કુર્આને-કરીમે આ રીતે ખેંચ્યો છે :—

> ''(યાદ કરો) જ્યારે (દુશ્મનો) ઉપરની બાજુથી પણ અને નીચેની બાજુથી પણ તમારા તરફ આગળ વધ્યા અને જ્યારે આંખો પથરાઈ ગઈ અને કાળજાઓ મોઢામાં આવી ગયા અને અલ્લાહ વિશે તમારા હૃદયોમાં જાત-જાતના વિચારો આવવા લાગ્યા.''
>
> (સૂરઃ અહઝાબ, ૧૦)

સત્ય એ છે કે આ પ્રસંગે મુસ્લિમ શક્તિની જે કઠિન પરીક્ષા થઈ એવી અગાઉના બંને મોટા યુદ્ધોમાં નહોતી થઈ. ઉહદમાં રંજ અને દુઃખના પહાડ તૂટ્યા, પણ જે કંઈ થયું એક દિવસમાં થઈ ગયું. આ વખતે તો લાંબી મજલ હતી અને પ્રતિસ્પર્ધીમાં માત્ર કુરૈશ નહોતા, બલ્કે ઘણા તત્ત્વો હતા. મુસલમાનોની માનસિક પીડા અને બેચેનીને જોઈને હુઝૂર ﷺ એ એવો ઉપાય શોધી કાઢ્યો કે દુશ્મનની કોઈ-ને-કોઈ શક્તિને સમાધાનની યુક્તિથી લડાઈથી અલગ કરી દેવામાં આવે. આપ ﷺ એ બની ગતફાન (જેમને આર્થિક મદદ ખૂબ પ્રિય હતી)ના બે સરદારો ઉયૈયના બિન હસન અને હારિસ બિન ઔફને બોલાવ્યા અને વાતચીત કરી. મદીનાની એક-તૃત્યાંશ ઉપજ પર સમાધાન થવાની સંભાવના ઊભી થઈ અને કરારનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. પરંતુ સહી કરતાં પહેલા હુઝૂર ﷺ એ હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه અને હઝરત સઅદ બિન ઉબાદા رضي الله عنه (ઔસ અને ખઝરજના સરદારો)થી સલાહ-મસ્લત કરવી જરૂરી સમજ્યું. આપ ﷺ એ વાત સ્પષ્ટ કરી કે તમે લોકો દુશ્મનોની એટલી મોટી સંખ્યામાં ઘેરાઈ ગયા છો કે તેમને પહોંચી વળવું સરળ નથી. બસ, દુશ્મનોનું જોર તોડવા માટે આ જ એક ઉપાય છે. આ મહાનુભાવોનું સ્વાભિમાન જાગ્યું, તેમણે અરજ કરી કે જ્યારે અમે કુફ્રની હાલતમાં હતા તે વખતે તો આ કબીલાઓ અમારો માલ આ રીતે નહોતા લઈ જઈ શક્યા અને આજે જ્યારે અમે ઇસ્લામના પ્રકાશથી સંપન્ન થઈ ચૂક્યા છીએ અને પહેલાથી વધારે મજબૂત છીએ, તો હવે અમે અમારા હાથે તેમને અમારો માલ સુપ્રત કરીએ ? અલ્લાહના સોગંદ ! આવું નથી થઈ શકતું. અમને આવા સંધિ-કરારની જરૂર નથી. હુઝૂર ﷺ આ જવાબ સાંભળીને ઘણા ખુશ થયા. એ લખાણ આપ ﷺ એ હઝરત મઆઝ رضي الله عنه ને આપ્યું અને તેમણે તેને ફાડી નાખ્યું.

જો કે પરિસ્થિતિની કઠિનાઈ તેની જગ્યાએ હતી. અલ્લાહ તૂઆલાએ એકાએક હલ કાઢ્યો. કેટલી આશ્ચર્યચકિત કરી દેનારી ઘટના છે અને ઇસ્લામી આંદોલનની બૌદ્ધિક અને નૈતિક સચ્ચાઈનો પુરાવો કે આ પ્રલયકારી પળમાં નઈમ બિન મસ્ઊદ આગળ આવે છે અને હુઝૂર ﷺ ની સેવામાં આવીને અરજ કરે છે કે, ''હે અલ્લાહના રસૂલ ! હું મુસલમાન બની ગયો છું.'' અને પછી સાચી આસ્થાનું એલાન કરે છે. તેના સાથે જ તેમણે પ્રસ્તાવ મૂક્યો કે હજુ સુધી દુશ્મનોને મારા ઇસ્લામ કબૂલ કરવાની માહિતી નથી, તેથી જો આજ્ઞા હોય તો હું કુરૈશ અને બનૂ કુરૈઝાની એકતા તોડવા માટે કંઈ કામ કરું. હુઝૂર ﷺ એ અનુમતિ આપી. હઝરત નઈમ رضي الله عنه બનૂ કુરૈઝાની પાસે ગયા. તેમના સાથે આરંભિક વાતચીત પછી કહ્યું કે જો વિજય થાય તો ભલે, પરંતુ પરાજયની સ્થિતિમાં કુરૈશ અને બની ગતફાન બધા ચાલ્યા જશે

અને તમે લોકો એકલા મુહમ્મદ (ﷺ)ના લક્ષ્યમાં રહી જશો. બસ, તમે સાવચેતીરૂપે કુરૈશ અને બની ગતફાનને કહો કે તેઓ અમુક માણસો તમારા પાસે 'રહન' (ગીરો) તરીકે મૂકે. આ શરત પૂરી થાય તો સાથ આપજો, નહિં તો દૂર રહેજો. પછી તેઓ કુરૈશની પાસે પહોંચ્યા. તેમને કહ્યું કે મને અમુક વાતો જાણવા મળી છે, જેનાથી તમને માહિતગાર કરવા હું મારી ફરજ સમજું છું. બનૂ કુરૈઝાએ હવે વલણ બદલી નાખ્યું છે અને તેનું પ્રમાણ એ છે કે તેઓ તમારા લોકો પાસે બાનરૂપે કેટલાક માણસોની માંગણી કરશે. આમ, કુરૈશે જ્યારે બનૂ કુરૈઝાને સંદેશ મોકલ્યો કે અમે ઘેરો લાંબો થવાથી થાકી ગયા છીએ, તેથી હવે તમે સાથ આપો તો ઓચિંતો હલ્લો કરી લેવામાં આવે. બનૂ કુરૈઝાએ તેમને પોતાના માણસો ગીરો મૂકવાની માંગણી કરી. કુરૈશને હવે નઈમની વાતનો વિશ્વાસ થઈ ગયો અને તેઓ બનૂ કુરૈઝાના સહયોગથી નિરાશ થઈ ગયા. આ યુક્તિથી પરિસ્થિતિનો નકશો બદલાઈ ગયો.

ક્રાંતિના દુશ્મન તત્ત્વો ફાટફૂટ પડવાને કારણે હવે ઘેરાની બધી બાજુએથી નિષ્ફળતાનો થાક અનુભવવા લાગ્યા. ઘરથી નીકળ્યે એક મહિનો થવા આવ્યો હતો. કામોનું નુકસાન થયું, ખર્ચ પુષ્કળ ઉઠાવવો પડ્યો અને પરિણામ કંઈ નહીં ! આ બાજું આટલા મોટા લશ્કરના લોકો અને જાનવરો માટે ખાદ્ય-સામગ્રીની સમસ્યા જટિલ બની રહી હતી. કુરૈશના પુરવઠાની એક મોટી ખેપ મુસ્લિમ લશ્કરી ટુકડીને હાથ લાગી ગઈ. વધારામાં, ઋતુ પ્રતિકૂળ થઈ ગઈ અને ઠંડી સહન ન થાય એ હદ સુધી વધી ગઈ. આવા ઐતિહાસિક પ્રસંગોએ ક્યારેક કુદરતી પરિબળો ખૂબ નિર્ણાયક ભાગ ભજવે છે અને અલ્લાહની મરજી એક ઇશારાથી મામલાઓને કોઈ બીજા રૂપમાં ઢાળી દે છે. ઇતિહાસ સાક્ષી છે કે કુદરતી પરિબળો પણ સંગીન પળોમાં પોતાનું વજન સત્યના પલ્લાંમાં નાખતા હોય છે. એક રાત્રે અચાનક જોરદાર તોફાની આંધી ચાલી, જેણે હુમલાખોરોના તંબુઓ ઉખાડી ફેંકી દીધા, દોરડાઓ તોડી નાખ્યા, ચૂલાઓ ઓલવી નાખ્યા, હાંડીઓ અને વાસણો ઊંધા પાડી દીધા, પશુઓને ભયભીત કરી દીધાં અને પછી લડવાની ઉમંગો અને જુસ્સા પર ઝાકળ પડી ગયું; બલ્કે લોકોએ સાભભાન ગુમાવી દીધા હોય એવી સ્થિતિ છવાઈ ગઈ. આ જ ગેબી (પરોક્ષ) મદદના ઉપકારનું વર્ણન અલ્લાહ તઆલાએ કર્યું કે :—

> "પોતાના પક્ષમાં અલ્લાહની એ કૃપાની કલ્પના કરો, જ્યારે તમારા વિરુદ્ધ લશ્કરો એકઠા થયા હતા અને અમે તેમના વિરુદ્ધ આંધીની મુસીબત મોકલી અને એવા અદશ્ય લશ્કરો મોકલ્યા કે જેમને તમે જોઈ શકતા નહોતા." (સૂરઃ અહઝાબ, ૯)

દરેક બાજુ ગભરાટ અને નિરાશા વ્યાપી ગઈ, જેના કારણે અબૂ સુફિયાને નિર્ણય કર્યો કે હવે આપણે વધારે રોકાઈ શકતા નથી, તેથી પતંગિયાઓના ધાડા સમાન લશ્કર કૂચ કરી ગયું. મદીનાનું આકાશ સાફ હતું. હુઝૂર ﷺ એ બરાબર ફરમાવ્યું કે, "હવે કુરૈશની ચઢાઈઓ સમાપ્ત થઈ ગઈ." અર્થાત્ પોતાની શક્તિને તો તેઓ બદ્ર અને ઉહદમાં અજમાવી ચૂક્યા હતા, અને આ વખતે તેમણે આખા આરબ પ્રદેશથી ઇસ્લામના વિરોધીઓને મહા-મુશ્કેલીએ સમેટીને આક્રમણ કર્યું હતું, અને તે પણ નિષ્ફળ થઈ ગયું. હવે જ્યારે કે આટલી શક્તિ એકત્ર કરવી પણ અસંભવ છે, તો કુરૈશ કેવી રીતે કોઈ લડાઈ લડી શકે છે, જ્યારે કે હવે પછીની લડાઈ વધારે શક્તિ માગશે.

આ લડાઈમાં બંને પક્ષે જાનહાનિ નામમાત્ર થઈ, અને મુસ્લિમ લશ્કરનું તો તેનાથી પણ ઓછું. કુલ ૬ વ્યક્તિઓ શહીદ થયા. પરંતુ તેમાં હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه જેવી હસ્તી પણ સામેલ હતી. તેમને તીરનો ઘા વાગ્યો અને અમુક દિવસો પછી તેમનું અવસાન થઈ ગયું.

ખંદકના યુદ્ધના મુખ્ય મુદ્દાઓ

આ યુદ્ધના બોધપ્રદ પ્રસંગો પર એક નજર નાખી લઈએ :

(૧) સૌથી વધારે ઈમાનવર્ધક વસ્તુ મુસ્લિમ સ્વયં-સેવકોનું લગાવભર્યું વર્તન છે. તેમણે ન માત્ર આટલી ભયાનક પરિસ્થિતિમાં સમગ્રપણે ધૈર્ય અને મક્કમતાનું પ્રદર્શન કર્યું, બલ્કે ખંદક (ખાઈ)ના ખોદકામનું કાર્ય એ રીતે કર્યું, જાણે જિન્નાતોની કોઈ સેના જમીનનો તખ્તો પલટી નાખે. આ લોકો ગીતો લલકારતાં અને શેર ગાતાં-ગાતાં ઉત્સાહથી કામ કરતા જોવા મળતા હતા. કોઈ જૂથ આલાપતું કે—

نحن الذين بايعوا محمدًا على الجهاد ما بقينا ابدًا

"અમે એ લોકો છીએ, જેમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી જિહાદ કરવાનું વચન મુહમ્મદ ﷺ ને આપ્યું છે."

કોઈ બીજા જૂથની સદા ગૂંજતી —

إنّ الاولى قد بغوا علينا اذا ارادوا فتنةً ابينا

"દુશ્મન અમારા પર ચઢી આવ્યા છે, આ લોકો અમને સન્માર્ગથી રોકે છે અને અમને રોકાવાથી સખત ઇન્કાર છે."

પછી ابینا..ابینا નો અવાજ પડઘાતો તો વાતાવરણમાં નિર્ધાર અને સંકલ્પની ભાવનાની લહેરો વહેવા લાગતી.

લગાવની આ ભાવનાનું એક કારણ એ હતું કે તેમના જીવનની મૂડી જોખમમાં હતી તેમજ ઇસ્લામી આંદોલન અને મદીનાનું રાજ્ય તેમના માટે પ્રિયતમાની હેસિયત રાખતા હતા, જેના ચરણોમાં તેઓ જીવનની તમામ મૂડી ન્યોછાવર કરી દેવી પલતાનું સૌભાગ્ય સમજતા હતા. માનવ-કલ્યાણનું પવિત્ર મિશન તેમના માટે ઘેલછા લગાડે એવો પ્રિયતમ હતો. પરંતુ તેનું બીજું અને સૌથી મોટું કારણ એ પણ હતું કે તેમનો અત્યંત પ્રિય નેતા તેમના વચ્ચે અમલના મેદાનમાં ન માત્ર હાજર હતો, બલ્કે સ્વયં પોતે કામમાં સામેલ હતો. જેવું ખોદકામનું કામ શરૂ થયું, હઝૂર ﷺ પોતાના મકાનમાંથી નીકળીને સ્થળ પર આવી ગયા અને એક અડીને આવેલી પહાડી પર આપનો તંબુ ઊભો કરી દેવામાં આવ્યો. આજે આ જ સ્થળે 'મસ્જિદે ઝુબાબ' સ્થિત છે. પછી હુઝૂર ﷺ પોતે પણ દસ વ્યક્તિઓના એક જૂથના સભ્ય હતા. પ્રસિદ્ધ ઘટના છે કે હઝરત સલમાન ફારસી رضي الله عنه બીજાઓથી દસ ગણું કામ કરતા હતા, તેથી દરેક જૂથ તેમને પોતાના તરફ ખેંચતું હતું. આ ખેંચાખેંચનો નિર્ણય આપ ﷺ એ એ કર્યો કે, سلمان منّا اهل البيت (અર્થાત્ સલમાન અમારા એહલે બૈત જૂથમાં છે). આ રીતે હઝરત સલમાન رضي الله عنه નું સન્માન પણ થયું અને જુદા-જુદા જૂથોને પરસ્પર એક-બીજાથી ઈર્ષ્યા કરવાનો અવસર પણ બાકી ન રહ્યો. હુઝૂર ﷺ એ ન માત્ર માટી ઉઠાવી, બલ્કે કોદાળીથી પણ કામ કર્યું, બલ્કે જ્યારે કોઈ સખત પથ્થર આવી જતો તો આપ ﷺ પોતે જતા અને કોદાળી લઈને પોતાના હાથથી તેને તોડતા. બે પથ્થરો તોડવાની ઘટના પ્રસિદ્ધ છે.

(૨) અમે ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે આ પ્રસંગે સાધન-સામગ્રીની કેટલી અછત હતી. ખોદકામનો સામાન બનૂ કુરૈઝા પાસેથી ઉધાર લીધો હતો. માટી ઉઠાવવા માટે ટોકરીઓની વ્યવસ્થા ન હતી. લોકો પોતાના કપડાંનો આ કામ માટે ઉપયોગ કરતા રહ્યા. તેના સાથે-સાથે ખાદ્ય-સામગ્રીની પણ ખૂબ અછત હતી. વધુમાં ત્રણ હજાર લોકો બે-ત્રણ અઠવાડિયાથી ખોદકામમાં તેમજ બે-ત્રણ અઠવાડિયા યુદ્ધના મોરચે વ્યસ્ત રહ્યા તથા ખેતીવાડી અને વેપારના તમામ કામો નિલંબિત રહ્યા, તેથી આર્થિક મંદી અનિવાર્ય હતી. મુસ્લિમ સૈનિકોએ પરસેવો વહાવીને ત્રણ-ત્રણ દિવસ અવિરત નિરાહારમાં કાપ્યા. આ સ્થિતિને પણ તેમણે એટલા માટે સહર્ષ સહન કરી કે આ નિરાહાર (ભૂખ્યા રહેવા)માં સમુદાયનો વડો પોતે ભાગીદાર હતો, બલ્કે તેણે બીજા કરતાં વધારે ભૂખની તકલીફ સહન કરી હતી. બીજા લોકોએ જો કહ્યું કે

તેમના ચોંટી ગયેલા પેટ પર પથ્થર બાંધેલા છે, તો હુઝૂર ﷺ એ કપડું ઉઠાવીને બતાવ્યું કે અહીં તો બબ્બે પથ્થર બાંધવાનો વારો આવી ગયો છે. ત્યાગ અને બલિદાનનો આ ગુણ ત્યારે જ ખીલે અને વિકસે છે, જ્યારે આખો સમુદાય તેમાં ભાગીદાર હોય. પરંતુ જો અમુક લોકો પોતાને ઉચ્ચતર રાખીને ત્યાગ અને બલિદાનની જવાબદારી બીજાઓ પર નાખવા માગે તો આખા સમુદાયમાંથી આ ખૂબી જતી રહે છે. વિશેષરૂપે ઇસ્લામી સમુદાયના વડાઓ (જવાબદારો અને હોદ્દેદારો) માટે અનિવાર્ય છે કે તેઓ આ ખૂબીમાં સમુદાયના તમામ લોકોથી અગ્રેસર રહે.

(૩) સમાજમાં શિસ્ત અને અનુશાસન પેદા કરવું પણ ઇસ્લામી આંદોલનનો એક અનિવાર્ય તકાદો હતો, અને યુદ્ધના મેદાનમાં તો યંત્રવત્ અનુશાસન વગર દુશ્મનને પહોંચી વળવું તદ્દન અસંભવ છે. હુઝૂર ﷺ એ પહેલા યુદ્ધથી જ લશ્કરી શિસ્તનું પ્રશિક્ષણ આપ્યું હતું. હવે તો ઘણા અનુભવો થઈ ચૂક્યા હતા. તેથી ખંદકના યુદ્ધમાં શિસ્તનું પાસું ઘણું મજબૂત હતું. ખંદકનું ખોદકામ પણ ખૂબ જ શિસ્તબદ્ધ રીતે અને કામની વહેંચણીની સાથે કરવામાં આવ્યું હતું. વધુમાં તેના નિરીક્ષણ માટે અને મોરચા પર નિયંત્રણ રાખવા માટે ઠેર-ઠેર ચોકીઓ ઊભી કરવામાં આવી હતી, અને પહેરાના વારાઓ નિશ્ચિત હતા. વધુમાં મુસ્લિમ સૈનિકો દરમ્યાન પરસ્પર ઓળખ માટે કોડ નિર્ધારિત હતા. બનૂ કુરૈઝાના વિશ્વાસઘાતની પુષ્ટિ કરીને પ્રતિનિધિ-મંડળ પાછું ફર્યું, તો તેણે પણ સાંકેતિક ભાષામાં હુઝૂર ﷺ ને જાણકારી આપી. પ્રતિનિધિ-મંડળના સભ્યોએ માત્ર એટલું કહ્યું કે عضل وقارة, નિર્ધારિત અર્થ એ હતો કે તેમણે એ જ રીતે વિશ્વાસઘાત કર્યો છે, જે રીતે 'અઝલ વકારહ'ના લોકોએ શિક્ષકોના પ્રતિનિધિ-મંડળની સાથે કર્યો હતો. તેમ છતાં એક અવસરે રાતના અંધારામાં ભૂલ થઈ જવાના કારણે મુસ્લિમ સૈનિકોની બે ટુકડીઓમાં ટક્કર થઈ ગઈ અને એક વ્યક્તિ પણ શહીદ થઈ ગયો. ખોદકામ શરૂ થવાથી લઈને છેલ્લી ઘડી સુધી નિષ્ઠાવાન મુસલમાનો હુઝૂર ﷺ ની પરવાનગી લીધા વગર સ્થળ પરથી જતા નહોતા.

(૪) હુઝૂર ﷺ એ બની ગતફાનની સાથે મૈત્રી-કરાર કરવાનો જે ઉપાય શોધી કાઢ્યો હતો, તેનાથી વિવેક-બુદ્ધિની એ વાત નીકળે છે કે ઇસ્લામી આંદોલનને સખત વિરોધોથી બચાવીને બહાર કાઢવા અને દુશ્મનોનું જોર ઓછું કરવા માટે જો બે ડગલા પાછા જવું પડે અથવા નરમી બતાવવી પડે તો એ કલ્પનાથી બહારની કોઈ વસ્તુ નથી. કોઈ લાંબા સંઘર્ષમાં જે વિભિન્ન તત્ત્વોનો સામનો કરવો પડતો હોય છે, તેમના સાથે ઘણી વાર આ પ્રકારના મામલાઓ કરવાની જરૂર પડી શકે છે. ઇસ્લામી આંદોલનની આ જ એ જટિલ જરૂરિયાતો છે, જે તેને ચલાવવા માટે વિવેકબુદ્ધિ અને દૂરંદેશીને અનિવાર્ય ઠેરવે છે. પરિસ્થિતિને સમજવી અને તેમાંથી

સૌથી સારો રસ્તો કાઢવો ઊંડી નજર રાખનાર-દૂરંદેશી નેતૃત્વનો અનિવાર્ય ગુણ હોવો જોઈએ. એવા લોકો, જેઓ સિદ્ધાંતોની જેમ કાર્ય-પદ્ધતિના વર્તુળમાં પણ એક જ પ્રકારની ફોર્મ્યુલાને દરેક પ્રકારના સંજોગોમાં પ્રયુક્ત કરવા માગે છે, તેઓ ભાગ્યે જ ઇતિહાસમાં કોઈ મોટું કામ કરી શકે છે.

એ જુદી વાત છે કે હુઝૂર ﷺ માટે સમજૂતીના આ પ્રસ્તાવનું મૂળ પ્રેરક એ ભાવના હતી કે ક્યાંક મદીનાના અન્સાર એવું ન અનુભવે કે તેમના માથે અસહ્ય મુસીબત આવી પડી છે. આપ ﷺ એ ઇચ્છ્યું કે તેમના તરફથી આવી કોઈ વાત આવે એ પહેલા જ ઉકેલ કાઢી લેવામાં આવે. પરંતુ ઔસ અને ખઝરજના સરદારોએ દૃઢતા દાખવી અને આપ ﷺ ને સંતોષ થઈ ગયો.

(૫) આ સમજૂતીના પ્રસ્તાવને અંતિમરૂપે અમલમાં મૂકતાં પહેલા હુઝૂર ﷺ એ અન્સારી સરદારોથી સલાહ-મસ્લત કરીને શૂરાઇય્યત (પરામર્શ)ના સિદ્ધાંતને મજબૂત કરી દીધો. રણભૂમિમાં પણ આપ ﷺ એ સ્વયં પોતે નિર્ણય લેવાનું કોઈ મોટું પગલું ભર્યું નથી.

(૬) હઝરત નઈમ બિન મસ્ઊદ رضي الله عنه એ દુશ્મનમાં ફાટફૂટ નાખવામાં જે ભૂમિકા અદા કરી તે હુઝૂર ﷺ ની પરવાનગીથી અદા કરી અને હુઝૂર ﷺ એ તેની પરવાનગી الحرب خدعة ના સામાન્ય નિયમ હેઠળ આપી. આનાથી એ નિષ્કર્ષ નીકળે છે કે સંઘર્ષ અને વિશેષરૂપે યુદ્ધ કરતી વખતે ઉપાયો અને ચાલો (અટલ નૈતિક સીમાઓમાં રહીને) અપનાવી શકાય છે, બલ્કે અમુક સંજોગોમાં અત્યંત જરૂરી થઈ જાય છે. આવા અવસરોમાં જો સાદગીથી બેસી રહીને પરિસ્થિતિને જોતા રહીએ, તો વિનાશ સુદ્ધાંનું જોખમ હોય છે. ઇબ્ને ઇસ્હાકની નબળી રિવાયતને બાજુએ મૂકી દઈએ, તો અંદાજ આવે છે કે હઝરત નઈમ બિન મસ્ઊદ رضي الله عنه એ જૂઠ બોલ્યા વગર અને કોઈપણ નૈતિક સીમાનું ઉલ્લંઘન કર્યા વગર ખૂબીપૂર્વક મહત્ત્વનું કામ કરી દેખાડ્યું.

(૭) હઝરત સલમાન رضي الله عنه નું કથન છે, જેઓ હુઝૂર ﷺ વાળા જૂથમાં સામેલ હતા કે ખોદકામ વખતે એક મોટો પથ્થર એવો આવ્યો કે મારાથી તૂટતો નહોતો. રસૂલુલ્લાહ ﷺ પાસે જ હતા, આપ ﷺ એ કોદાળી મારા પાસેથી લઈને ફટકાઓ લગાવ્યા. પહેલો ફટકો લગાવીને ફરમાવ્યું કે યમન મારા માટે જીતી લેવાયું. બીજા ફટકા વખતે ફરમાવ્યું કે શામ (સીરિયા) અને અલ-મગરિબ મારા સામે હારી ગયા. ત્રીજી વાર ફરમાવ્યું કે પૂર્વનો પ્રદેશ (ઈરાન) જીતી લીધો. આ ખુશખબરો બે પાસાઓથી ખૂબ મહત્ત્વની છે. એક તો આનાથી એ અંદાજ આવે છે કે હુઝૂર ﷺ

આરંભથી અંત સુધી પોતાની તેહરીક (આંદોલન)ના છેલ્લા તબક્કાની સફળતાનો એક સ્પષ્ટ અને સ્થાયી ખ્યાલ ધરાવતા હતા, અને આ ખ્યાલના પક્ષમાં આપ ﷺ ના હૃદય પર આકાશી સંચેતના (ઇલ્કા) પણ થતી રહી છે. બીજું એ કે અત્યંત પ્રતિકૂળ સંજોગોમાં જ્યારે કે શક્તિ ઓછી અને મુસીબતો વધારે હતી, આપ ﷺ ને એ વિશ્વાસ રહ્યો કે આ થઈને જ રહેવાનું છે, બલ્કે ગૌણરૂપે અમે એ વાત કહ્યા વગર રહી શકતા નથી કે આપ ﷺ નું એ કથન કે 'ઇસ્લામની સામે અરબ (આરબ પ્રદેશ) અને અજમ (બિનઆરબ પ્રદેશ) પરાજિત થઈને રહેશે' મક્કાથી લઈને મદીના સુધી એટલી વાર સામે આવે છે અને એ કાળમાં એવી રીતે જીભ રહ્યું છે કે તેનું સ્વરૂપ ઇસ્લામી આંદોલનના સ્થાયી સૂત્ર જેવું પ્રતીત થાય છે. અમે આના પર વિસ્તૃત ચર્ચા કોઈ અન્ય લેખમાં કરીશું. બેચેનીના કઠિન સમયમાં આ જ ખુશખબર પર કટાક્ષ કરતાં મઅ્બત બિન કશીરે કહ્યું હતું કે, ''એક તરફ તો મુહમ્મદ (ﷺ) અમને કૈસર (રોમના બાદશાહ) અને કિસરા (ઈરાનનો બાદશાહ)ના ખજાનાઓની ચાવીઓ અપાવડાવે છે અને બીજી તરફ સ્થિતિ એ છે કે અમારામાંથી કોઈ વ્યક્તિ ભયના કારણે કુદરતી હાજતે પણ જઈ શકતો નથી.''

(૮) આ યુદ્ધમાં વિશેષ પરિસ્થિતિને કારણે જો કે મહિલાઓ અને બાળકોને કિલ્લાઓમાં મોકલી દેવામાં આવ્યા હતા, તેમ છતાં આ અવસરે પણ સ્ત્રીઓએ ઉચ્ચ ચારિત્ર્યનું પ્રદર્શન કર્યું. એક મહિલા રફીદા (رضی اللہ عنہا) થોડીક દવાઓ અને મલમ-પટ્ટીની સામગ્રી લઈને મોરચા પર પહોંચી ગઈ અને તેમણે ઘાયલોની સેવા કરી. હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ ની મલમ-પટ્ટી પણ તેમણે જ કરી. મહિલાઓના કેમ્પની આસપાસ એક યહૂદી ચક્કર લગાવતો દેખાયો. હઝરત સફિયા رضی اللہ عنہا (હુઝૂર ﷺ ના ફોઈ) ત્યાં જ હતા, તેમણે હસ્સાન બિન સાબિત رضی اللہ عنہ ને, જેમને બીમારીના કારણે ત્યાં મૂકવામાં આવ્યા હતા, કહ્યું કે આની ખબર લઈ નાખો. તેમણે લાચારી વ્યક્ત કરી, તો હિંમતવાળી મહિલાએ પોતે જ ચોબ (તંબુનો અણીદાર વાંસ)થી તેને મારી નાખ્યો. પછી તેનું માથું પણ કાપીને પોતે જ કિલ્લાથી દૂર ફેંક્યું. આ ઘટના પછી કોઈ દુશ્મનને આ તરફ આવવાની હિંમત ન થઈ. હઝરત આઇશા رضی اللہ عنہا કિલ્લામાંથી બહાર નીકળ્યા અને પગલાંનો અવાજ સાંભળીને જોયું તો હઝરત સઅદ رضی اللہ عنہ ભાલો હાથમાં લઈને ઝડપથી જઈ રહ્યા હતા. તેમના મોઢે આ શેર હતો :–

لَبِّثْ قَلِيلًا تُدْرِكُ الْهَيْجَا جَمَلْ   لَا بَأْسَ بِالْمَوْتِ إِذَا الْمَوْتُ نَزَلْ

''જરા થોભો કે એક બીજો યુવાન પણ યુદ્ધમાં સામેલ થઈ જાય, મૃત્યુની જ્યારે ઘડી આવી ગઈ હોય તો પછી મૃત્યુથી શું ડરવું ?''

હઝરત સઅદ ﷺ ની માતાએ પુત્રનો અવાજ સાંભળ્યો તો બૂમ પાડી, ''બેટા ! દોડો – ! તમે તો વાર કરી નાખી.'' શેરનો ભાવાર્થ પૂરો થઈ ગયો. જ્યારે સઅદ ﷺ ની આંખની નસમાં તીર વાગ્યું અને પછી ઘા પ્રાણઘાતક સાબિત થયો. એક માતાની વીરતાભરી ભાવના જુઓ !

(૯) અહઝાબ (ખંદક)ના યુદ્ધના હચમચાવી નાખે એવા સંજોગોમાં ઘેરાયેલા નિષ્ઠાવાન મુસલમાનોએ જ્યારે મુસીબતોના આ તોફાનને જોયું, તો તેઓ અનાયાસ પોકારી ઉઠ્યા કે આ તો તદ્દન એ જ તબક્કાઓ છે, જેના આવવાની જાણકારી અગાઉથી અલ્લાહ અને રસૂલ ﷺ એ અમને આપી રાખી છે.

— એ તબક્કાઓ, જેમાંથી પસાર થયા વગર ન દુનિયામાં સત્યનું પ્રભુત્વ સંભવ છે અને ન આખિરતમાં જન્નત પ્રાપ્ત થઈ શકે છે. સૂરઃ અહઝાબમાં આવા નિષ્ઠાવાન સમર્પિતોની પ્રશંસા કરવામાં આવી. આ જ લોકો આંદોલનની મૂળ શક્તિ હતા.

(૧૦) હુઝૂર ﷺ વિશે બધા એ જાણે છે કે આપ ﷺ એ પોતાના સમુદાયને એક સ્થાયી વિશિષ્ઠ સભ્યતા પર ઘડતર કરતાં એ નિયમને ખૂબ સારી રીતે તેમના મનમાં બેસાડી દીધો કે સમાજ અને સંસ્કૃતિના વર્તુળમાં બીજી કોમો અને પંથોનું અનુકરણ કદાપિ કરવામાં ન આવે, બલ્કે નવીન સાંસ્કૃતિક મૂલ્યોને પોતાના જ સિદ્ધાંતોના બીબામાં ઢાળવામાં આવે અને પ્રત્યેક સાંસ્કૃતિક છબીને પોતાના જ વિશિષ્ઠ ઈસ્લામી સ્વભાવના રંગથી તૈયાર કરવામાં આવે. પરંતુ જ્યારે આપણે હુઝૂર ﷺ ને ખંદકની ઈરાની રક્ષા-પદ્ધતિનો ખુલ્લા હૃદયે સ્વીકાર કરતાં જોઈએ છીએ તો એ હકીકત ખુલે છે કે ભૌતિક માધ્યમો અને સાધનો, વ્યવહારૂ કૌશલ્ય, Technology અને અનુભવ-સિદ્ધ ઉપાયોની આપ-લે સમગ્ર માનવતા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે. કોઈ એક સમયે જે સાધનો, વ્યવહારૂ કૌશલ્ય, ટેકનોલોજી અને અનુભવ-સિદ્ધ ઉપાયો પર અમલ કરવામાં આવે, હરગિજ જરૂરી નથી કે તેમને હંમેશા દરેક પ્રકારના સંજોગો અને પ્રત્યેક સાંસ્કૃતિક કાળ માટે હંમેશ માટે અનિવાર્ય માની લેવામાં આવે અને એવું સમજવામાં આવે કે આ વસ્તુઓ પર પણ શરીઅત કે સુન્નતનું શીર્ષક ઉચિત બેસી શકે છે. આ વર્તુળમાં બીજી કોમો અને સભ્યતાઓથી લાભાન્વિત થવું અનિવાર્ય છે. કોઈ મુસ્લિમ રાજ્ય અને તેના નેતૃત્વનું ધાર્મિક કર્તવ્ય છે કે તે સમયના વધારેમાં વધારે અસરકારક સાધનોનો ઉપયોગ કરે, વ્યવહારૂ કૌશલ્યમાં પોતાના રહેવાસીઓને આગળ રાખે અને અત્યંત સફળ અનુભવ-સિદ્ધ ઉપાયો બીજાઓ પાસેથી ગ્રહણ કરે અને પોતે પણ તેનું અન્વેષણ કરે.

ખંદકના યુદ્ધથી મક્કા-વિજય સુધી

આ બે મોટા યુદ્ધો વચ્ચે બે વર્ષનો ગાળો છે. કેટલાક મહત્ત્વના રાજકીય પગલાઓ ભરવામાં આવ્યા અને નાની-નાની લશ્કરી કાર્યવાહીઓ કરવામાં આવી. ઘટનાક્રમને નજરમાં રાખવા માટે તેના પર દૃષ્ટિપાત જરૂરી છે.

બનુ કુરૈઝા યહૂદીઓના માનસિક અને નૈતિક બગાડનું એક ઘૃણાસ્પદ ઉદાહરણ છે. ક્લિષ્ટ ભાષા અને ચારિત્ર્યહીનતા તેમનામાં સામાન્ય હતા. ઇસ્લામી રાજ્યના બંધારણીય કરારમાં બંધાઈને તેના નાગરિક હોવા છતાં તેઓ દરેક પ્રકારના ષડયંત્રો અને ઉપદ્રવો કરતા રહ્યા હતા. પરંતુ ખંદકના યુદ્ધમાં ખુલ્લંખુલ્લો વચન-ભંગ કરીને હુમલાખોર દુશ્મનોથી તેમના દ્વારા સાંઠ-ગાંઠ કરી લેવી છેલ્લી કક્ષાનું વિદ્રોહી પગલું હતું; જેના અપરાધીઓ માટે મૃત્યુ-દંડ કોઈપણ યુગ અને કોઈપણ વ્યવસ્થામાં ન્યાય-વિરુદ્ધ નથી હોઈ શકતો. આ લોકોએ પોતાના ઇરાદાઓની રીતે તો જાણે સરવરે આલમ ﷺ, ઇસ્લામી સમુદાય, શાંતિ અને ન્યાયના આંદોલન તથા મદીનાના રાજ્યને સમાપ્ત કરી જ નાખ્યું હતું. કોઈ કારણ ન હતું કે તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં ન આવે. હુમલાખોરોના વિદાય થઈ ગયા પછી હુઝૂર ﷺ અને મુસ્લિમ સ્વયં-સેવકો વહેલી સવારે ખંદકના મોરચા પરથી પોત-પોતાના ઘરે પહોંચ્યા. હથિયારો ઉતારીને હુઝૂર ﷺ એ ગુસ્લ (સ્નાન) કર્યું અને એ જ ગાળામાં 'ઇલ્કા' (દિવ્ય સંકેત) થયો કે બનૂ કુરૈઝા તરફ કૂચ કરવામાં આવે. હજુ સૈનિકોએ કમરો પણ ઢીલી નહોતી કરી કે તેમને એક નવી કૂચ માટે બોલાવવામાં આવ્યા. મુસ્લિમ સૈનિકોએ એ વિશ્વાસઘાતી કબીલાને ઘેરી લીધો, જે ૨૫ દિવસ સુધી ચાલ્યો. બરાબર આ સંગીન પ્રસંગે તેમણે કિલ્લા પરથી હુઝૂર ﷺ ને ગાળો પણ બોલી. જ્યારે બનૂ કુરૈઝા તદ્દન હારી-થાકી ગયા અને તેમના સરદાર કઅબ બિન અસદે મુશ્કેલીમાંથી નીકળવા માટે તેમના સામે વિભિન્ન ઉકેલો મૂક્યા, જેમાંથી એકનો પણ તેમણે સ્વીકાર ન કર્યો. છેવટે બિનશરતી તેમણે પોતાને મુસ્લિમ રાજ્યને હવાલે કરી દીધા. હુઝૂર ﷺ એ તેમનાથી વાતચીત કરીને તેમની મરજીથી હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه ને લવાદ બનાવ્યા અને બંને તરફથી પૂર્ણ વિશ્વાસની સાથે નિર્ણય તેમના પર છોડી દેવામાં આવ્યો. હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه એ યહૂદીઓના જ તૌરાતના કાનૂનને સામે રાખીને નિર્ણય આપ્યો કે તેમના નવયુવાનોને મોતની સજા આપવામાં આવે. આ રીતે એક ઉપદ્રવી જૂથનો લશ્કરી અને રાજકીય શક્તિની હેસિયતે નાશ થઈ ગયો. સ્પષ્ટ રહે કે કડવાશના આ અવસરે પણં બનૂ કુરૈઝાનો એક માણસ ઉમરૂ બિન સઅદે સત્ય-દીનનો સ્વીકાર કર્યો. આ સદ્ભાગી વ્યક્તિએ બનૂ કુરૈઝાને પહેલાથી જ વચન-

ભંગથી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. અત્યંત ઉઝજડ જમીને પણ એક રંગીન ફૂલ તલવારોની ચમકતી વીજળીઓની છાયામાં પ્રસ્તુત કરી દીધું.

આ ઘટના પછી ક્રાંતિ-દુશ્મન ષડયંત્રકારીઓનો એક ખૂબ જ સક્રિય નેતા અબૂ રાફેઅ અબ્દુલ્લાહ બિન અબી અલ-હકીક (જેને સલામ પણ કહેતા હતા), જેણે ખંદકના યુદ્ધ માટે લશ્કરો ચઢાવી લાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી, ખઝરજ કબીલાના અમુક નવયુવાનોના હાથે સીરિયામાં માર્યો ગયો.

મુહમ્મદ બિન મુસ્લિમા અન્સારી ૩૦ સવારોની સાથે સરહદ પર ગશ્ત કરી રહ્યા હતા કે નજદ વિસ્તારના સરદાર સમામા બિન અસાલથી અથડામણ થઈ ગઈ. મદીના તરફ તેની દિશા જોઈને કમાન્ડરે તેની ધરપકડ કરી અને હૂઝૂર ﷺ ની સામે રજૂ કર્યો. તેણે રસૂલ ﷺ ના દરબારમાં માત્ર એટલું જ કહ્યું કે, ''હે મુહમ્મદ (ﷺ) ! જો કતલ કરશો તો કતલ કરવાને લાયક એક વ્યક્તિને કતલ કરશો, જો છોડી દેશો તો ઉપકાર યાદ રાખનાર એક વ્યક્તિને છોડશો, અને જો ધન-દોલત ચાહો છો તો કેટલી જોઈએ એ બતાવો, આપવામાં આવશે.'' હુઝૂર ﷺ એ માન-પાનથી તેને મુક્ત કરી દીધો. તે ઉપકારપૂર્ણ વ્યવહારથી પ્રભાવિત થઈને ઇસ્લામી સમુદાયનો સભ્ય બની ગયો. હઝરત સમામા رضي الله عنه એ ઇસ્લામ સ્વીકાર્યા પછી પોતાનું હૃદય હુઝૂર ﷺ ની સામે એમ કહીને સંપૂર્ણપણે ખોલી દીધું કે આજથી પહેલા હુઝૂર ﷺ ના ચહેરાથી વધારે કોઈ ચહેરો ગુસ્સાને લાયક ન હતો, અને આજે આ ચહેરાથી વધારે પ્રિય બીજો કોઈ ચહેરો નથી. આમ, જાણે નજદ જેવા મહત્ત્વના રાજકીય વિસ્તારમાં ઇસ્લામી આંદોલન માટે માર્ગ ખુલી ગયો. આ જ સમામા رضي الله عنه એ મક્કામાં જઈને કુરૈશને પડકાર કર્યો હતો કે હવે તમને અનાજનો એક દાણો પણ નહીં મળે.

રજીઅના રહેવાસીઓ, જેઓ શૈક્ષણિક પ્રતિનિધિ-મંડળના ૧૦ સભ્યોના હત્યારા હતા, તેમને સજા આપવા માટે પોલીસ એક્શનના રૂપે હુઝૂર ﷺ એ બસો સવારોની સાથે કાર્યવાહી કરી. તે લોકો ભાગી ગયા. કોઈપણ પ્રકારની ટક્કર વગર ઇસ્લામી ટુકડી પાછી ફરી. રાજકીય યુક્તિ રૂપે હુઝૂર ﷺ એ દસ માણસોને રાત્રિ ચોકી માટે 'કુર્રએ નઈમ' સુધી મોકલ્યા, જેથી કુરૈશ જાણી લે કે મદીના જાગે છે.

બની ગતફાનના વિસ્તાર તરફ મદીનાથી એક મંજિલના અંતરે 'ઝી કરુ' નામનું ઝરણું છે. આ તરફ મદીનાના સરકારી ઊંટો અને ઢોરોનું ગોચર હતું. અસ્ફાનનો એક માણસ ભરવાડ હતો. હુઝૂર ﷺ એ રબાહ رضي الله عنه નામના ગુલામને સમાચાર લેવા માટે મોકલ્યો. સલમા બિન અલ-અકૂઅ رضي الله عنه લશ્કરી હોદ્દાની રૂએ રક્ષક હતા. તેઓ પણ ડ્યૂટી પર જઈ રહ્યા હતા. વહેલી સવારે રસ્તામાં જ હતા કે ઉયૈયના બિન

હસન ફરાઝી (અથવા અબ્દુર્રહમાન બિન ઉયૈયના)એ ઊંટો પર ધાડ પાડી અને તેમને હાંકીને લઈ ગયો, ભરવાડને મારી નાખ્યો અને તેની પત્નીને પણ સાથે લઈ ગયો. સલમા ﷺ એ આ ધાડ જોઈ તો મદીના તરફ દોડતાં 'યા સબાહા'નો નારો લગાવ્યો અને રબાહ ﷺ ને કુમક લેવા માટે દોડાવ્યો. પોતે એકલા ડાકૂઓનો પીછો કરતાં દોડ્યા. તીરંદાજીમાં નિપુણ હતા, ટોળીના પાછળથી નારો લગાવીને તીરો ફેંક્યા અને દરેક તીર નિશાના પર લાગીને કોઈ-ને-કોઈ ગુનેગારને ઘાયલ કરી દેતું. પોકારતા કે, ''હું ઇબ્ને અલ-અકૂઅ છું, આજે પરીક્ષાની ઘડી છે કે કોણે પોતાની માતાનું કેટલું દૂધ પીધું છે.'' રસ્તો પહાડી હતો અને આસપાસ વૃક્ષો હતા. ડાકુઓ એ તરફ જોતાં તો તેઓ છુપાઈ જતા અને તીરો ફેંકતા. જાણે ગોરીલા યુદ્ધ લડી રહ્યા હતા. એક વાર પથ્થરો વરસાવીને દુશ્મનને માત આપી. ડાકુઓએ ગભરાઈને પહેલા તો ઊંટોને છોડી દીધા, પછી વજન ઓછો કરવા માટે ચાદરો અને ભાલાઓ ફેંકતા ગયા. બીજી બાજુ મદીનાથી તાત્કાલિક મિકદાર બિન ઉમરૂ ﷺ ને સલમા ﷺ ની સહાયતા માટે રવાના કર્યા પછી હુઝૂર ﷺ સ્વયં પોતે એક ટુકડી લઈને નીકળ્યા. કેટલાક મુસ્લિમ સૈનિકો બાકી સાથીઓથી પહેલાં જ ડાકુઓના માથે જઈ પહોંચ્યા. તેઓ ભાગ્યા. મહરિઝ બિન નઝલા અલ-મા'રૂફ બ-અખરમ ﷺ શહાદતના શોખમાં એકલા જ આગળ નીકળી ગયા અને મુકાબલો શરૂ કરી દીધો. છેવટે શહીદ થયા. પછી અબૂ કતાદાએ એક મોટા ડાકુ (અબ્દુર્રહમાન બિન ઉયૈયના અથવા હબીબ બિન ઉયૈયના)ને મોતને ઘાટ ઉતારી દીધો. હઝરત સલમા ﷺ એ વધારે પીછો કર્યો અને બે ઘોડા છીનવીને પાછા આવ્યા. પાછા ફરીને રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં હાજર થયા અને અરજ કરી કે આપ એકસો સૈનિકો મારા સાથે રવાના કરો, તો હું બધાને સમાપ્ત કરીને આવું. હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''અલ્લાહે જ્યારે તમને વર્ચસ્વ આપી જ દીધું છે, તો હવે નરમીથી કામ લો.'' આ મહાનુભાવોની બહાદુરીને જુઓ કે એક-એક વ્યક્તિમાં જાણે કે વીજળીઓ ભરેલી હતી ! તેમનું વ્યક્તિત્વ સામાન્ય લડનારાઓ અને મારધાડ કરનારાઓથી સ્પષ્ટરૂપે ભિન્ન હતું. આ લોકો એક તેજસ્વી લક્ષ્યના ભડવીરો હતા, જેમનો પ્રેમ તેમને કોઈ સંકોચ વગર જીવ જોખમમાં નાખવા પ્રેરતો હતો અને તેઓ જે પણ યુદ્ધમાં જતાં તેમાં ભારે હતા.

એક રાત્રિ-પહેરાની ટુકડી અકાશા બિન હસન અસઅદી ﷺ ની આગેવાનીમાં સરહદી ગશ્ત માટે નીકળી. અફવા એ હતી કે બની અસદ મદીના પર હુમલો કરવા માટે એકઠા થઈ રહ્યા છે. ટુકડી જ્યારે એ વિસ્તારમાં પહોંચી, તો ઉપદ્રવીઓ મકાનો ખાલી કરીને વેરવિખેર થઈ ગયા. ગોચરમાંથી સૈનિકો તેમના બસો ઊંટો જપ્ત કરીને લઈ આવ્યા.

રબીઉલ અવ્વલ, હિ.૬માં ઇસ્લામનું આમંત્રણ આપનારા અને શિક્ષકોનું એક પ્રતિનિધિ-મંડળ મુહમ્મદ બિન મુસ્લિમા ﷺ ની આગેવાનીમાં બની શોઅલ્બા તરફ મોકલવામાં આવ્યું હતું. આ મહાનુભાવો 'ઝી અલ-કુસહ' પહોંચ્યા કે રાત્રે જ્યારે તેઓ ઊંઘતા હતા, શહીદ કરી દેવામાં આવ્યા. માત્ર મુહમ્મદ બિન મુસ્લિમા ﷺ ખૂબ જખમી હાલતમાં બચ્યા અને કોઈ મુસલમાન તેમને પીઠ પર લાદીને મદીના લઈ આવ્યા. તેથી રબીઉલ અવ્વલમાં હઝરત અબૂ ઉબૈદા ﷺ ચાળીસ સૈનિકોની ટુકડી લઈને ગુનેગારોને કચડી નાખવા માટે રાત્રે રવાના થયા અને વહેલી સવારે હુમલો કરી દીધો. ઉપદ્રવીઓ ભાગી ગયા અને ભાગેડુઓની મિલ્કતો જપ્ત કરી લેવામાં આવી.

હઝરત ઝૈદ બિન હારસા ﷺ એક રાત્રિ-પહેરાનું જૂથ લઈને 'જમૂઅ' (બતન-નખલાની પાસે) તરફથી પસાર થયા. અહીં બનૂ સુલૈમની વસ્તીઓ હતી, જે મદીના માટે ઝઘડાખોર લોકો હતા. પરસ્પર લડતા રહેતા પક્ષકારો એક-બીજાને નુકસાન પહોંચાડવા અને કમજોર કરવાની કોઈ તક જવા દેતા ન હતા. પછી એક હલીમા નામની મહિલાએ તેમના વિશે સમાચાર આપ્યા. આ જૂથે હળવો છાપો માર્યો અને અમુક લોકોને કેદ કરી લીધા અને થોડાક ઢોરોને કબજે કરી લીધા. પાછળથી હુઝૂર ﷺ એ ધરપકડ કરવામાં આવેલ લોકોને છોડી મૂક્યા, કેમ કે હલીમાએ ખોટા સમાચાર આપ્યા હતા.

હઝરત ઝૈદ બિન હારસા ﷺ એક નાની ટુકડી (પોતાના સિવાય ૧૪ વ્યક્તિઓ)ને લઈને 'ઝી અલ-કુસહ'ના ગુનેગારોને સજા આપવા પોલીસ કાર્યવાહીના રૂપમાં 'તરક' (બની શોઅલ્બાનું ઝરણું) રવાના થયા. ગુનેગારો ભાગી ગયા, તેમના ૨૦ ઊંટ જપ્ત કરી લેવામાં આવ્યા.

'દૂમતુલ જંદલ'ના આર્થિક, રાજકીય અને રક્ષાત્મક મહત્ત્વનો ઉલ્લેખ અમે અગાઉ કરી ચૂક્યા છીએ. હજુ સુધી આ કેન્દ્રીય સ્થળ જોખમરૂપ હતું. હુઝૂર ﷺ અગાઉ કાર્યવાહી કરવા આવ્યા હતા, પણ કામ પૂરું થાય એ પહેલા પાછા આવી ગયા હતા. આ વખતે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ﷺ ને ઇસ્લામના આમંત્રણ માટે 'દૂમતુલ જંદલ' મોલકવામાં આવ્યા. તેમની વાતચીતથી ખૂબ મોટા સ્થાયી ઈસાઈ (ખ્રિસ્તી) કબીલાના સરદાર અસમ બિન ઉમરૂ કલ્બી ઇસ્લામના વર્તુળમાં આવ્યા અને તેમના સાથે કબીલાના લોકો પણ ઈસાઈયત છોડીને મુસલમાન બની ગયા. સરદારે પોતાની સુપુત્રી 'તમાઝર'ના હઝરત અબ્દુર્રમાન બિન ઔફ ﷺ ની સાથે નિકાહ કરાવીને મુસ્લિમ રાજ્યથી પોતાનો રાજકીય સંબંધ મજબૂત કર્યો.

'ફિદક'થી મદીનામાં સમાચાર આવ્યા કે બની સઅદ બિન બકર કબીલો લશ્કર ભેગું કરી રહ્યો હતો, જેથી ઇસ્લામી રાજ્ય વિરુદ્ધ ખૈબરના યહૂદીઓને હુમલો કરવામાં સહાયતા કરે. હઝરત અલી ﷺ એ બસો સૈનિકો લઈને ખૂબ સાવધાનીથી માર્ચ કરી. રાત્રે ચાલતા અને દિવસે છુપાઈને પડી રહેતા. રસ્તામાં બની સઅદનો એક દૂત ખૈબર જતાં પકડાઈ ગયો, જે એ સંદેશ લઈને જઈ રહ્યો હતો કે મદદ એ શરત પર આપવામાં આવશે કે ખૈબરની ખજૂરો બની સઅદને આપવામાં આવે. હઝરત અલી ﷺ એ અચાનક હુમલો કર્યો, દુશ્મન ગભરાઈને ભાગી ગયો. મુસ્લિમ લશ્કરે કોઈ નુકસાન ઉઠાવ્યા વગર બની સઅદના ઢોરો કબજામાં લઈ લીધા.

એક દુર્ઘટના એ ઘટી કે હઝરત ઝૈદ બિન હારસા ﷺ પોતાની અને બીજા સહાબીઓની મૂડી અને માલ-સામાન લઈને સીરિયાના વેપારી પ્રવાસ પર ગયા. પાછા ફરતી વખતે 'વાદી અલ-કૂરા'માં બની બદ્રએ તેમના કાફલા પર ધાડ પાડી. કાફલાની સંખ્યા ઓછી હતી. તેથી ધાડપાડુઓએ ૯ માણસોને શહીદ કરી નાખ્યા અને એકને ઘાયલ અને બધો માલ-સામાન છીનવી લીધો. ત્યારબાદ બે મહિના પછી હઝરત અબૂબક્ર ﷺ ની આગેવાનીમાં ગુનેગારોને સજા આપવા ટુકડીને મોકલવામાં આવી. તેમાં અમુક ધાડપાડુઓ માર્યા ગયા અને બાકીના નાસી ગયા.

'અક્લ' અને 'ઉરૈના' નામના બે કબીલાઓના કેટલાક લોકો મદીના આવીને મુસલમાન બની ગયા. પરંતુ નવી આબોહવામાં બીમાર પડી ગયા. તેઓ મદીનાના બહાર સ્થાયી થઈને સરકારી વ્યવસ્થા હેઠળ સારવાર કરાવતા રહ્યા. સાજા થયા, તો સરકારી ભરવાડને પકડ્યો, તેની આંખોમાં ગરમ સળિયો ફેરવ્યો, પછી તેને નિર્દયતાથી મારી નાખ્યો અને ઢોરોને લઈને નાસી ગયા. હુઝૂર ﷺ એ કર્ઝ બિન ખાલિદ ફહરી ﷺ ની આગેવાનીમાં ૨૦ સવારોની ટુકડી તેમને પકડવા માટે મોકલી. પકડવામાં આવ્યા, ઇર્તિદાદ (સ્વ-ધર્મ ત્યાગ), ધાડ, હત્યા, લડાઈ અને નિર્દયી કાર્યવાહીઓ જેવા કેટલાય અપરાધો માટે તેમને શિક્ષાપ્રદ સજા આપવામાં આવી અને બરાબર ન્યાયપૂર્વક બદલો લેવામાં આવ્યો; નહિં તો એક વ્યવસ્થિત રાજ્ય વિરુદ્ધ કોઈપણ વ્યક્તિ આ પ્રકારનું સાહસ કરવા લાગે, તો આખો મામલો મજાક બનીને રહી જાય અને કોઈ વ્યવસ્થા એક દિવસ પણ ચલાવી ન શકાય.

તત્કાલીન કાળની સૌથી મોટી ઘટના, જેની દૂરગામી અસરો રાજકીય અને રક્ષાત્મક પરિસ્થિતિ પર પડી, તે 'સુલેહ હુદૈબિયા'ની ઘટના છે. હુઝૂર ﷺ ઝીલકઅદ, હિ.૬માં હુદૈબિયા નામના સ્થળે રોકાયા. ત્યાં કુરૈશ સાથે સુલેહ-સંધિ કરીને આપ

ﷺ ખૂબ મોટા વિરોધીથી નિવૃત્ત થઈ ગયા, અને ઇસ્લામના આમંત્રણના અને નિર્માણ કાર્ય માટે વ્યાપક તકો ઉપલબ્ધ થઈ ગઈ. વધુમાં, મદીનાના આસપાસના વિસ્તારોમાં ઉપદ્રવ કરતાં તત્ત્વોને કચડી નાખવું પણ સરળ થઈ ગયું.

હુદૈબિયાથી સરવરે આલમ ﷺ ઝીલહજ્જમાં મદીના પાછા ફર્યા અને થોડાક દિવસ રહીને ૭ મુહર્રમ, હિ.૭ના દિવસે ખૈબર રવાના થઈ ગયા — ખૈબર ઇસ્લામી રાજ્ય વિરુદ્ધ એક અત્યંત સક્રિય રાજકીય અડ્ડો પણ હતું, અને લશ્કરી કાવતરાઓનું કેન્દ્ર પણ. ખૈબરના યહૂદીઓ ન માત્ર ઉહદના યુદ્ધ વખતે લશ્કરી હરકતો કરી ચૂક્યા હતા, બલ્કે અહઝાબના યુદ્ધમાં તેમની ભૂમિકા ખૂબ સક્રિય હતી. મદીનાનું જીવંત અને જાગૃત રાજ્ય પોતાની ગરદન પર મૂકાયેલ આ ચાકૂને કોઈપણ સંજોગોમાં સહન કરી શકતું ન હતું. આ લડાઈનું સ્વરૂપ અસાધારણ છે અને મોટી લડાઈઓમાં આને સામેલ કરી શકાય છે. પરંતુ આપણે તેને સામાન્ય કાર્યવાહીઓમાં એટલા માટે મૂકીએ છીએ કે આ બદ્ર, ઉહદ અને ખંદકના યુદ્ધ-ક્રમની કડી નથી. આ એક અલગ પ્રકારની કાર્યવાહી છે. ઇસ્લામી આંદોલનનો સંદેશ હજુ સુધી વૈશ્વિક યુગમાં પ્રવેશ પામ્યોં ન હતો, તેમજ કુરૈશ અને આરબવાસીઓની જેમ બીજી કોમો અને બીજા ધર્મોના લોકો પ્રથમ દરજ્જાના સંબોધિતો ન હતા. તેથી ખૈબરના યહૂદીઓ સાથે ક્રાંતિકારી સંદેશના કારણે કોઈ સંઘર્ષ ન હતો. તેમના રાજકીય અપરાધો જ કાર્યવાહી માટે મૂળ કારણ હતું, અને એટલા માટે જ તેમના સાથે વ્યવહાર પણ રાજકીય યુદ્ધ જેવો કરવામાં આવ્યો. તેઓ બાજી હારી ગયા તો તેમની જમીનને વિધિસર કબજે કરી લેવામાં આવી અને તેમને પ્રજા (નાગરિક)ની હેસિયત આપવામાં આવી. હુઝૂર ﷺ એ આવી કાર્ય-પદ્ધતિ માત્ર ખૈબરના વિસ્તાર પૂરતી જ અપનાવી, બીજે ક્યાંય નથી અપનાવી. આમ, કુરૈશ તરફથી શાંતિ થઈ જવાને કારણે હવે ખૈબર તરફ ચઢાઈ કરવામાં કોઈ અડચણ બાકી રહી નહોતી. આ પ્રસંગે માત્ર એ જ લોકોને કૂચમાં સામેલ કરવામાં આવ્યા, જેઓ કેવળ અલ્લાહ માટે જિહાદની ભાવના લઈને ચાલે. સ્પષ્ટ રહે કે આ કૂચમાં મહિલાઓ પણ કોઈ જાણ વગર સામેલ થઈ ગઈ હતી. પાછળથી હુઝૂર ﷺ ને ખબર પડી તો નારાજ થઈને તેમની પૂછપરછ કરવામાં આવી કે તમે કેમ આવ્યા છો ? પરંતુ જ્યારે તેમણે લશ્કરની સેવાની લાગણી દર્શાવી તો આપ ﷺ એ અનુમતિ આપી દીધી, બલ્કે અંતે માલે-ગનીમતમાં ભાગ પણ આપ્યો. મદીનામાં સબાહ બિન અરફતા رضي الله عنه ને કાર્યકારી બનાવીને ચૌદસો સૈનિકોની સાથે હુઝૂર ﷺ રવાના થયા. 'રજીઅ' મુકામે પડાવ નાખ્યો. મુસ્લિમ લશ્કર જ્યારે અચાનક ખૈબરવાળાઓની સામે પ્રગટ થયું તો તેમણે ભાગીને કિલ્લાઓમાં શરણ લઈ લીધું. પહેલો હુમલો 'નિતાત' કિલ્લા પર કરવામાં આવ્યો.

બંને તરફથી તીરવર્ષા કરવામાં આવતી હતી. છેવટે વિજય થયો. ત્યારબાદ 'સઅબ' કિલ્લાને ઘેરવામાં આવ્યો. એક બહાદુર યહૂદી લડવા માટે નીકળ્યો. હઝરત આમિર બિન અકૂઅ ﷺ સામે આવ્યા અને શહીદ થયા. અંતે ઘેરો વિજયમાં પરિવર્તિત થયો. 'કમૂસ' કિલ્લો સૌથી વધારે મજબૂત હતો અને હુઝૂર ﷺ માથાના સખત દુઃખાવાને કારણે પોતે લડાઈમાં સામેલ થઈ શકે તેમ ન હતા. આપ ﷺ એ ખાસ એલાન કરીને હઝરત અલી ﷺ ને આ લડાઈ માટે નિયુક્ત કર્યા. કિલ્લામાંથી 'મરહબ' શૌર્યગીત ગાતો આવ્યો. મુહમ્મદ બિન મુસ્લિમા ﷺ એ ભાઈનો બદલો લેવાની ભાવનાથી આગળ વધીને હાથ માર્યો, તેના પગ કાપી નાખ્યા. પછી હઝરત અલી ﷺ ની તલવારે તેને સમાપ્ત કરી નાખ્યો. મરહબ પછી તેનો ભાઈ યાસર નીકળ્યો. સામનો કરવા હઝરત ઝુબૈર બિન અવ્વામ ﷺ આગળ વધ્યા અને તેમના હાથે તે માર્યો ગયો. આ મહત્ત્વનો કિલ્લો ૨૦ દિવસના ઘેરા પછી હઝરત અલી ﷺ ની કમાનમાં જીતી લેવામાં આવ્યો, અને એટલા માટે જ હઝરત અલી ﷺ ને 'ફાતેહ ખૈબર' કહેવામાં આવે છે. યહૂદીઓ જ્યારે આ કિલ્લામાંથી ભાગી ગયા, તો પ્રખ્યાત ઇસ્લામ-દુશ્મન હય્ય બિન અખ્તબની પુત્રી સફિયા પોતાની બે પિતરાઈ બહેનોની સાથે કેદી બનીને આવી. આ એક પ્રતિષ્ઠિત સરદારની પુત્રી હતી. તેથી સહાબાની સલાહ-મસ્લતથી હુઝૂર ﷺ એ તેમને પોતાના 'હરમ' (નિકાહ)માં લઈ લીધા. ત્યારપછી યહૂદીઓ 'અઝ્-ઝુબૈર' નામના કિલ્લામાં એકઠા થયા. અહીં ત્રણ દિવસના ઘેરા પછી તેઓ બહાર નીકળીને જોરશોરથી લડ્યા. દસ યહૂદીઓ માર્યા ગયા, અમુક મુસ્લિમ સૈનિકો શહીદ થયા અને કિલ્લા પર કબજો થઈ ગયો. હવે ત્રણ કિલ્લા – અલ-કીતબા, અલ-વતીઅ અને અસ્-સુલાલમ બાકી હતા. યહૂદીઓની બધી માનવ અને આર્થિક-શક્તિ હવે આ ત્રણ કિલ્લાઓમાં એકત્રિત થઈ ગઈ હતી. મુસ્લિમ સેનાએ ચૌદ દિવસ ઘેરો ચાલુ રાખ્યો. છેવટે 'મુન્જનીક' (Trebuchet, ગોફણ) સ્થાપિત કરીને પથ્થરબાજી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. કિલ્લેબંદ લોકોને ખબર પડી તો તેમણે પોતાને લાચાર જોયા. સુલેહની વાતચીતનો ક્રમ શરૂ કરવામાં આવ્યો. વાતચીત પછી તેમના માટે નિર્ણય થયો કે માત્ર જીવ બચાવીને જતા રહે. જતાં પહેલા તેમણે ફરીથી દરખાસ્ત કરી કે તેમને જમીન અને બાગોની ખેતીના કામ પર મૂકવામાં આવે અને અહીં જ રહેવા દેવામાં આવે. હુઝૂર ﷺ એ ઉદારતાથી આ દરખાસ્ત માની લીધી અને અડધી ઉપજ પર મામલો નક્કી કરવામાં આવ્યો. 'ફિદક'વાસીઓને આ મામલાની માહિતી મળી તો તેમણે પણ આના માટે મંજૂરી માંગી. તેમને પણ મંજૂરી મળી ગઈ. આ કાર્યવાહી દરમ્યાન બે યહૂદી યુવાનો 'હુવૈસા' અને 'મુહૈસા' ઇસ્લામી આંદોલનમાં જોડાઈ ગયા.

આ લડાઈ દરમ્યાન જ્યારે કે 'નિતાત' કિલ્લાને ઘેરી લીધો હતો, ત્યારે ખૈબરવાસીઓમાંથી એક હબ્શી ભરવાડ અસ્વદ રાઅીનું મન એકાએક પલટાયું. તેણે યહૂદીઓને પૂછ્યું કે કોનાથી લડવાનું છે ? તેમણે બતાવ્યું કે એ વ્યક્તિથી જે નબી હોવાનો દાવો કરે છે. આટલી વાત સાંભળીને તેના અંતરાત્મામાં હલચલ પેદા થઈ અને તેણે હુઝૂર ﷺ ની સેવામાં આવીને પૂછ્યું કે તમારો સંદેશ શું છે ? હુઝૂર ﷺ એ ઇસ્લામનો તૌહીદ (એકેશ્વરવાદ)નો દૃષ્ટિકોણ પ્રસ્તુત કર્યો. તેના મનો-મસ્તિષ્ક ઇસ્લામની સામે પરાજિત થઈ ગયા. પછી તેણે પૂછ્યું કે યહૂદીઓની બકરીઓ મારા સાથે છે, તેનું શું કરું ? હુઝૂર ﷺ ઇચ્છતા તો આ લડાઈ કરનારાઓની બકરીઓ કબજામાં લઈને લશ્કરની ખાદ્ય-સામગ્રીમાં સામેલ કરી શકતા હતા. પરંતુ આપ ﷺ એ અસ્વદ રાઅીને આવા પ્રસંગે પણ અમાનતદારીનો હક્ક અદા કરવાની શિખામણ આપી અને તેણે હુઝૂર ﷺ ના ફરમાન અનુસાર તે બકરીઓને કિલ્લાના નજીક લઈ જઈને કાંકરીઓ મારીને વસ્તી તરફ હંકારી દીધી. પછી તેણે પાછા આવીને પૂછ્યું કે હું જો લડતાં-લડતાં માર્યો જાઉં તો આખિરતમાં મારું શું થશે ? હુઝૂર ﷺ એ જન્નતની ખુશખબર આપી — તે નિખાલસતાનો પ્રતીક બનીને લડ્યો અને પોતાના પ્રાણ સચ્ચાઈની વેદી પર ભેટ ચઢાવી દીધા.

એક નવ-મુસ્લિમ આરબ ગ્રામવાસી (બદ્દુ) ખૈબરની લડાઈમાં સામેલ થઈને આવ્યા હતા. તેમનો જ્યારે માલે-ગનીમતમાંથી ભાગ કાઢવામાં આવ્યો તો તેમણે કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! હું તો આપના પાછળ આ વસ્તુ માટે નથી આવ્યો, હું તો એટલા માટે આવ્યો છું કે મારી ધોરી નસ સત્યના માર્ગમાં કપાય અને મને જન્નત મળે.'' હુઝૂર ﷺ એ ખુશખબર આપી કે તમારી આ અભિલાષા પણ પૂરી થઈ જશે. ઈમાનની પ્રતિમા સમાન આ વ્યક્તિ પણ રણભૂમિમાં ઊતર્યો અને શહાદતના પવિત્ર મૃત્યુને પોતાની છાતીથી લગાવ્યું.

ખૈબરના વિજયની ખુશીઓ અનેકગણી વધી ગઈ, જ્યારે એકાએક હઝરત જાફર બિન અબી તાલિબ رضي الله عنه કેટલાય સાથીઓની સાથે હુઝૂર ﷺ અને પોતાની સમપંથી ઈમાની બિરાદરી સાથે જોડાઈ ગયા.

હિજાજ બિન ઇલાતા સલમી رضي الله عنه, જેઓ બની સલીમની ખાણોના માલિક હતા અને આ જ ગાળામાં મુસલમાન બન્યા હતા, ખૈબરના વિજય પહેલાં હુઝૂર ﷺ થી અનુમતિ લઈને ઝડપથી મક્કા પહોંચ્યા, જેથી પોતાની પત્ની અને અઢળક માલ-સામાન સમયસર કાઢી લાવે. તે વખતે ખાનગીમાં હઝરત અબ્બાસને ખૈબરના વિજયની ખુશખબર સંભળાવી.

ખૈબરનો મામલો સમાપ્ત થઈ ગયો તો મુસ્લિમ સેનાએ 'વાદી અલ-કુરા'ની

દિશા પકડી, જ્યાં યહૂદીઓની સાથે અમુક આરબો પણ રહેતા હતા. આ પણ વિરોધીઓનો મોટો ગઢ હતો. લશ્કરના જતાં જ સામેથી પથ્થરો વરસાવવામાં આવ્યા અને 'મદઅમ' નામનો ગુલામ ઘાયલ થઈ ગયો. હુઝૂર ﷺ તરફથી વારંવાર ઇસ્લામનું આમંત્રણ આપવામાં આવતું રહ્યું, પરંતુ એ બાજુથી એક-એક માણસ લડવા માટે નીકળતો અને માર્યો જતો. એક-પછી-એક અગિયાર માણસો આ રીતે આવતા રહ્યા. રાત સુધી આ ક્રમ ચાલુ રહ્યો. બીજા દિવસે સવાર પછી તરત જ વિજય મળ્યો. અગાઉ જે પદ્ધતિ અપનાવી હતી તે અનુસાર 'વાદી અલ-કુરા'વાસીઓને પણ જમીનો અને બાગોની ખેતીનું કામ આપવામાં આવ્યું અને તેમના ૧૨ પોતાનો વ્યવસ્થાપક નિયુક્ત કરી દીધો. 'તીમા'ના યહૂદીઓને જ્યારે આ પરિસ્થિતિની ખબર પડી તો તેમણે પોતે સુલેહની ઇચ્છા કરી અને તેમને પણ જમીનો પર યથાવત રહેવા દીધા.

આ વિજયી કાર્યવાહીઓના પરિણામે જે વિશાળ ફળદ્રુપ જમીનો પર કબજો થયો તેમાંથી 'ફિદક' અને ખૈબરના વિસ્તારને સરકારી જમીન (State Land) નિર્ધારિત કરવામાં આવી, અને તેની ઉપજથી રાજ્યના વહીવટદારો, તેમના કુટુંબીજનો અને સંલગ્ન લોકો તથા સમાજના ગરીબોનું ભરણ-પોષણ કરવામાં આવતું હતું. આ જ વિશેષ જમીનોના ટુકડાઓ વિશે હુઝૂર ﷺ ના અવસાન પછી કંઈક મતભેદ થયો. પરંતુ હઝરત અબૂબક્ર رضي الله عنه અને સૂઝબૂઝ ધરાવનાર સહાબાઓએ તેને યથાવત સરકારી મિલ્કતમાં રાખી. બાકીની જમીનો મુસલમાનોની મિલ્કતમાં આપવામાં આવી અને તેની ઉપજ તેમનામાં વહેંચી દેવામાં આવતી હતી.

હઝરત ઉમર બિન અલ-ખત્તાબ رضي الله عنه રાત્રિ-પહેરાની ટુકડી લઈને બનૂ હવાઝનને ચેતવણી આપવા ગયા, બનૂ હવાઝન વેરવિખેર થઈ ગયા.

બશીર બિન દારમ (અથવા ઉસૈર બિન રજામ) યહૂદી વિશે સમાચાર મળ્યા કે બનૂ ગતફાનને યુદ્ધ માટે તૈયાર કરી રહ્યો છે. અબ્દુલ્લાહ બિન રવાહા رضي الله عنه એક ટુકડી લઈને ગયા, કોઈપણ રીતે તેમણે બશીરને મદીના આવીને હુઝૂર ﷺ સાથે વાતચીત કરવા માટે તૈયાર કરી લીધો. મુસલમાનો ત્રીસની સંખ્યામાં હતા, તેણે પણ સાવધાની ખાતર ત્રીસ જ માણસો લીધા અને દરેક ઊંટ પર એક યહૂદી અને મુસલમાન એમ સાથે સવાર કર્યા. બશીર કે ઉસૈરે રાત્રિના અંધકારમાં અબ્દુલ્લાહની તલવાર પર હાથ નાખ્યો. તેઓ ચમકીને ઊંટ પરથી કૂદી ગયા અને તલવાર ઉઠાવી લીધી. બંને સરદારોને આ સ્થિતિમાં જોઈને બંનેના સાથીઓ પણ લડવા લાગ્યા. પૂરા એકત્રીસ યહૂદીઓ માર્યા ગયા.

હુદૈબિયાની સંધિ પછી કુરૈશ માટે વેપારી માર્ગ ખુલી ગયો હતો. પરંતુ અબૂ

જંદલ કુરૈશની કેદમાંથી નાસી ગયા, તો મદીનામાં સંધિના કારણે જવાની તક ન જોઈને સીરિયા જવાના રસ્તે એક પહાડી પર સ્થાયી થઈ ગયા. પાછળથી અબૂ બસીર અને બીજા લોકોએ પણ તેને જ ઠેકાણું બનાવ્યું અને ત્યાં ઘણા લોકો એકઠા થવા લાગ્યા. — તેમણે કુરૈશના વેપારી કાફલાઓ પર હુમલાઓ કર્યા અને માલ-સામાન છીનવી લીધો. પરંતુ હુઝૂર ﷺ ની ભલામણ તેમના સુધી પહોંચી તો તેમણે માલ-સામાન પાછો આપી દીધો. હવે કુરૈશને સંધિની પોતાની સૌથી કડક શરતના નુકસાનનું ભાન થયું, અને પસ્તાયા. પછી હુઝૂર ﷺ એ અબૂ જંદલ ؓ ને મદીના બોલાવી લીધા.

બનૂ મલૂહે બશીર બિન સુવૈદના સાથીઓને મારી નાખ્યા હતા. તેમને ચેતવવા માટે અબ્દુલ્લાહ લૈસી ؓ એક ટુકડી લઈને ગયા. મામૂલી ઝપાઝપી થઈ, દુશ્મન ટોળકીનો કેટલોક માલ-સામાન જપ્ત કરી લેવામાં આવ્યો.

હુનૈદ બિન ઔસ જઝરીએ મુસ્લિમ રાજ્ય વિરુદ્ધ એ સંગીન કાર્યવાહી કરી હતી કે હિરકલના દરબારમાંથી હુઝૂર ﷺ ના દૂત વહ્યા કલ્બી ؓ ભેટ-સોગાદ લઈને પાછા આવી રહ્યા હતા અને તેણે ધાડ પાડીને બધું લૂટી લીધું હતું. તેને કચડવા માટે હઝરત ઝૈદ બિન હારસા ؓ એક ટુકડી લઈને ગયા. ઝપાઝપી થઈ, હુનૈદ માર્યો ગયો અને તેના સાથીઓએ હથિયાર હેઠા મૂકી દીધા.

બનૂ કલાબ બળવો કરવાની તૈયારીમાં હતો કે હઝરત અબૂબક્ર ؓ કાર્યવાહી માટે પહોંચી ગયા. ઝપાઝપી થઈ અને દુશ્મન ભાગી ગયો.

જુહૈનાના વિસ્તારમાં બળવાની આશંકા થઈ, તો ઉસામા બિન ઝૈદ ؓ ને પરિસ્થિતિ પર કાબૂ મેળવવા મોકલવામાં આવ્યા. તેમણે પહેલા સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ છેવટે ઝપાઝપી થઈ. આ પ્રસંગે હઝરત ઉસામા ؓ સુહૈક બિન મરદાસનો પીછો કરી રહ્યા હતા કે તેણે કલ્મએ તૈયિબા પઢી લીધો. પરંતુ હઝરત ઉસામા ؓ એવું સમજ્યા કે કાબૂમાં આવીને જીવ બચાવવાનું બહાનું કરી રહ્યો છે. તેમણે તેને સમાપ્ત કરી નાખ્યો. હુઝૂર ﷺ ને આનાથી ખૂબ દુઃખ થયું, કેમ કે મનુષ્યોની સુધારણા આપ ﷺ નો મૂળ હેતુ હતો, ન કે તેમનો નાશ.

ફિઝારા અને અઝરાના રહેવાસીઓએ ખૈબરની લડાઈમાં યહૂદીઓની મદદ કરી હતી. તેમને ચેતવણી આપવા માટે બશીર બિન શોઅલ્બા ખઝરજી ؓ નાનકડી ટુકડી લઈને ગયા. મામૂલી અથડામણ થઈ અને વિરોધી આધીન થઈ ગયો.

બનૂ સુલૈમ હુમલાની તૈયારી કરી રહ્યા છે એવી જાણકારી મળતાં ઇબ્ને અબી ઔજા ؓ પચાસ માણસોની ટુકડી લઈને રાત્રિ-પહેરા માટે દુશ્મનની સરહદ સુધી

ગયા. વિરોધીઓની સંખ્યા વધારે હતી. તેમણે હુમલો કરીને આખી ટુકડીને શહીદ કરી નાખી. માત્ર કમાન્ડર ઘાયલ અવસ્થામાં મદીના પહોંચી શક્યા. એ જ રીતે બનૂ કુઝાઆ તરફ (ઝાતે અત્લહનો વિસ્તાર) કઅબ બિન ઉમૈર અન્સારી ﷺ ખૂબ જ નાનકડી ટુકડી લઈને ગશ્ત માટે નીકળ્યા. વિરોધીઓ શક્તિશાળી હતા. તેથી આ આખી ટુકડી પણ શહીદ થઈ ગઈ. ભાગ્યે જ કોઈ સહાબી બચીને નીકળ્યા હોય !

બની હવાઝન ઇસ્લામ-દુશ્મન શક્તિને અનેકવાર લશ્કરી મદદ કરી ચૂક્યા હતા. તેમના વિશે જાણકારી મળી કે મદીનાથી પાંચ મંજિલ દૂર તેઓ હુમલા માટે શક્તિ ભેગી કરી રહ્યા છે. એક નાનકડી ટુકડી શુજાઅ બિન વહબ અસદી ﷺ ની આગેવાનીમાં ગશ્ત માટે મોકલવામાં આવી. કોઈ અથડામણ ન થઈ.

આ જ ગાળામાં (જમાદિલ ઊલા, હિ.૮) મૌતાના યુદ્ધની ઘટના ઘટી. પરંતુ તે ખરા અર્થમાં એક વિદેશી શક્તિ સાથે લડાઈ હોવાથી તેનો ઉલ્લેખ અમે તબૂકના યુદ્ધની સાથે અલગથી કરીશું.

બની જશમનો સરદાર કૈસ બિન રિફાઆ (અથવા રિફાઆ બિન કૈસ) વિશે માહિતી મળી કે તે હુમલા માટે માણસો ભેગા કરી રહ્યો છે. અબૂ હદ્દાદ અસ્લમી ﷺ ને બે માણસોની સાથે માત્ર વાતચીત માટે મોકલ્યા. તેમણે ડહાપણથી, કોઈ બળપ્રયોગ વગર દુશ્મન જૂથને ભયભીત કરીને વેરવિખેર કરી દીધું, અને તેમના પશુઓ પણ જપ્ત કરી લીધા.

બનૂ કઝામા વિશે સમાચાર મળ્યા કે તેઓ બીજા કેટલાક તત્ત્વો સાથે મળીને ચઢાઈ કરવા માગે છે. હઝરત અમ્ર બિન અલ-આસ ﷺ 'ઝાતુસ્-સલાસલ' નામના સ્થળે ૩૦૦ સૈનિકોની ટુકડી લઈને પહોંચ્યા. આ જગ્યા 'વાદી અલ-કુરા'થી આગળ છે અને આ આખો વિસ્તાર ઇસ્લામી રાજ્ય માટે વર્ષોથી જોખમી રહ્યો છે. ત્યાં પહોંચીને ખબર પડી કે દુશ્મનની શક્તિ વધારે છે. હઝરત અમ્ર બિન અલ-આસ ﷺ એ દૂતને મોકલીને વધારે કુમક માંગી. હઝરત અબૂ ઉબૈદા બિન અલ-જર્રાહ ﷺ ની આગેવાનીમાં બસો માણસોની એક ટુકડી તાત્કાલિક મોકલવામાં આવી. હુમલો થતાં જ દુશ્મનોનું જૂથ નાસી ગયું. તેમના થોડાક ઢોરો કબજામાં કરી લીધા.

અબૂ કતાદા ﷺ અને મુહલમ બિન જશામા ﷺ એક વખતે ગશ્ત માટે નીકળ્યા. સંયોગથી આમિર બિન અલ-અઝબત અશ્જઈ અમુક માણસોની સાથે સામે મળ્યો. તેણે મુસલમાનોની જેમ સલામ કર્યો. પરંતુ મુહલિમ ﷺ એ તેના સલામને એક ચાલ સમજી, અને દુશ્મન સમજીને મારી નાખ્યો. આ ઘટના અંગે કુર્આને આ રીતે પકડ કરી — يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا ضَرَبْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ فَتَبَيَّنُوْا وَلَا تَقُوْلُوْا لِمَنْ اَلْقٰٓى اِلَيْكُمُ السَّلٰمَ لَسْتَ مُؤْمِنًا ۚ (સૂરઃ નિસા, ૯૪) અર્થાત્ ગશ્ત માટે

નીકળો, તો માણસોને ઓળખો અને તપાસ કરીને તેમને સારી રીતે સમજો અને જે કોઈ તમને (ઇસ્લામી પદ્ધતિથી) સલામ કરે, અકારણ તેને બિનમુસ્લિમ ન ઠેરવી લો. હુઝૂર ﷺ એ પણ ખૂબ કડક ઠપકો આપ્યો. પછી હત્યાનો ભોગ બનેલ કબીલાનો સરદાર ઉયૈયના બિન બદ્ર 'ખૂં-બહા' (હત્યા-દંડ)ની માંગણી લઈને આવ્યો. હુઝૂર ﷺ એ પચાસ ઊંટ એ જ વખતે આપી દીધા અને ખૂબ રકઝક પછી સરદારને મનાવી લીધો કે તે બાકી પચાસ ઊંટ પછી લઈ લે.

રજબ, હિ.૮માં નબી અકરમ ﷺ ના આદેશથી અબૂ ઉબૈદા બિન અલ-જર્રાહ ત્રણ સૈનિકોને લઈને 'સૈફુલ બહ્ર' ગયા અને માત્ર સમુદ્ર સુધી ગશ્ત કરીને અને થોડાક દિવસ તટીય વિસ્તારમાં રોકાઈને પાછા આવી ગયા. સંભવતઃ આ હિલચાલનો હેતુ એક બાજુ ધોરીમાર્ગની દેખરેખ હતી અને બીજી બાજુ કુરૈશ પર એવી છાપ ઊભી કરવાનો હતો કે આજકાલ મદીના રાજ્યનું ધ્યાન આ તરફ છે. સ્પષ્ટ રહે કે કુરૈશના વચન-ભંગ પછી આ હિલચાલ મક્કા-વિજયની કૂચની પ્રસ્તાવના બની.

ચોથું મોટું યુદ્ધ — મક્કા-વિજય

ઉપર કુરૈશ અને બીજા વિરોધીઓની મોટી-મોટી ચઢાઈઓનો અમે ઉલ્લેખ કરી ચૂક્યા છીએ, અને સ્પષ્ટ રહે કે બદ્ર, ઉહદ અને ખંદકની બધી લડાઈઓમાં બિનઇસ્લામી શક્તિઓ પોતે ચઢાઈ કરીને મદીના આવી અને સમગ્ર અથડામણો ઇસ્લામી રાજધાનીના આસપાસ થઈ. આ અથડામણોમાં મદીના રાજ્યએ માત્ર રક્ષાત્મક અભિગમ અપનાવ્યો. ખંદકના યુદ્ધ પછી હુઝૂર ﷺ ની રાજકીય દૂરંદેશીએ તદ્દન સાચી ભવિષ્યવાણી કરી દીધી હતી કે હવે કુરૈશની ચઢાઈઓ સમાપ્ત થઈ ગઈ. બલ્કે એ ખુશખબર પણ આપી દીધી કે હવે ઇન્શા-અલ્લાહ આપણે તેમના પર હુમલો કરીશું. આમ, જ્યારે વચ્ચે હુદૈબિયાની સંધિ થઈ અને કુરૈશની તલવાર મ્યાનમાં જતી રહી, તો આ અવસરનો લાભ લઈને હુઝૂર ﷺ એ એક બાજુ તો મદીનાને બળવાખોર ઉપદ્રવીઓથી પવિત્ર કરી નાખ્યું અને બીજી બાજુ ઉત્તર તરફ યહૂદીઓ પોતાની શક્તિના મજબૂત કેન્દ્રો બનાવીને તેનો ઉપયોગ યુદ્ધના કાવતરાઓના અડ્ડાઓ રૂપે કરી રહ્યા હતા, તેમને પણ હુઝૂર ﷺ એ સમાપ્ત કરી નાખ્યા. તેના સાથે જ કબીલાઓની ગરબડો, યુદ્ધની તૈયારીઓ અને તોફાનોની એક-પછી-એક સક્રિયપણે નોંધ લીધી અને દરેક ગરબડને એટલી ઝડપથી સમાપ્ત કરી નાખી કે મદીનાનું વાતાવરણ દૂર-દૂર સુધી ઘણું સાફ અને શાંતિપૂર્ણ થઈ ગયું. ખંદકના યુદ્ધથી મક્કા-વિજય સુધીના ગાળામાં ઇસ્લામી રાજ્યની ધાક બેસી ગઈ

અને ઈસ્લામી આંદોલને પોતાના રાજકીય અસ્તિત્વને સારી રીતે મનાવડાવી લીધું. દરેક બાજુ પ્રતીત થવા લાગ્યું કે સચ્ચાઈ અને ન્યાયની આ નવી શક્તિ જે ઉભરી રહી છે, તે કોઈ ધુમાડાનો ગોટો નથી, જે હવાના દરેક ઝોંકાની સાથે ઊડવા લાગે અને ઈસ્લામી નેતૃત્વનો ધ્વજ કોઈ જીર્ણ-ક્ષીણ થાંભલા પર નથી લહેરાઈ રહ્યો, જેને ફૂંકોથી પાડી નાખવામાં આવે. લોકોને પ્રતીત થવા લાગ્યું કે ભવિષ્ય કુરૈશનું નહીં, મુહમ્મદ (ﷺ)નું છે.

હવે દુશ્મનથી મુક્તિ મેળવવાનો બીજો કોઈ રસ્તો તેના સિવાય ન હતો કે તેના ગઢને સમાપ્ત કરી નાખવામાં આવે અને અજ્ઞાનતાના નેતૃત્વના દીપકને તેના ઘરમાં ઓલવી નાખવામાં આવે, તેથી રક્ષાત્મક સંઘર્ષની પૂર્તિ માટે એક-ને-એક દિવસ આક્રમક પગલું આવશ્યક હતું. કુરૈશના કર્મોનું એ દુષ્ફળ હતું કે તેમણે પોતે જ હુદૈબિયાની સંધિને તોડી નાખી, જેણે પક્ષકારો વચ્ચે એક રક્ષાત્મક શાંતિની દીવાલ ઊભી કરી રાખી હતી.

અમે અગાઉ વર્ણવી ચૂક્યા છીએ કે બની બકર અને બની ખુઝાઆ વચ્ચે પહેલાથી જ દુશ્મનાવટ હતી અને વેરના વેરનું ચક્કર ચાલી રહ્યું હતું. પરંતુ વચ્ચે એકાએક ઈસ્લામી આંદોલન એક ચિંતાજનક સમસ્યા બનીને પ્રગટ થયું, અને કુરૈશ તેમજ અન્ય મુશ્રિક કબીલાઓ માત્ર તેનો વિરોધ કરવાના આશયથી એકતા કરવા માટે વિવશ થઈ ગયા. તેમની વૈમનસ્યની ભાવનાનો લાવારસ થોડી વાર માટે દબાઈ ગયો, ત્યાં સુધી કે જયારે હુદૈબિયાની સંધિ થઈ તો તેની એક કલમથી ફાયદો ઉઠાવીને બનૂ ખુઝાઆએ રસૂલુલ્લાહ ﷺ સાથે મૈત્રી સંબંધો બાંધી દીધા, અને બનૂ બકર કુરૈશની સાથે રહ્યા. થોડોક સમય તો શાંતીથી પસાર થઈ ગયો, પણ છેવટે જૂની વેરઝેરની લાગણી દારૂગોળો બનીને ભડકી ઉઠી. બનૂ બકરે સુલેહના આ ગાળાને ઉચિત સમજ્યો કે કોઈ બાજુથી અથડામણનો ભય ન હતો. તેમણે બનૂ ખુઝાઆના એક માણસની હત્યા કરી નાખી, પછી ભરપૂર હુમલો કરીને ખૂબ અત્યાચાર કર્યો, ત્યાં સુધી કે હરમમાં તેમના આશ્રિતોને ન છોડ્યા અને નમાઝની હાલતમાં પણ દરગુજર ન કરી. બનૂ બકરની આ ખુનામરકીમાં કુરૈશે તેમને પૂરેપૂરી સહાયતા કરી હતી અને આ મૂર્ખામીભરી હરકતથી તેમણે હુદૈબિયાની સંધિને પાયમાલ કરી નાખી. બનૂ ખુઝાઆ તરફથી ઉમરૂ બિન સાલિમે સરવરે આલમ ﷺ ના દરબારમાં જઈને ફરિયાદ કરી. પછી બુદૈલ બિન વરકાએ એક પ્રતિનિધિ-મંડળ લઈ જઈને આખો મામલો સંભળાવ્યો. હુઝૂર ﷺ પર મૈત્રી-કરારને લીધે આવશ્યક થઈ ગયું કે બનૂ ખુઝાઆની મદદ કરે. હુઝૂર ﷺ એ દૂત મારફતે કુરૈશ સુધી ત્રણ શરતો પરિસ્થિતિને દુરસ્ત કરવા માટે મૂકી. એક એ કે જેમની હત્યા થઈ છે તેમનો

'ખૂં-બહા' (હત્યા-દંડ) અદા કરે, બીજી એ કે બનૂ બકરની હિમાયત છોડી દે, નહિં તો ત્રીજી એ કે હુદૈબિયાની સંધિ સમાપ્ત થવાનું એલાન કરી દે. કુરૈશ સંતુલન તો ગુમાવી જ ચૂક્યા હતા. કહેવડાવી દીધું કે માત્ર ત્રીજી શરત મંજૂર છે, અને પાછળથી પસ્તાયા.

હવે કુરૈશના આગેવાનોમાં આશંકા જાગી. લડવાની શક્તિ તેમનામાં સમાપ્ત થઈ ગઈ હતી. અમુક લડાઈઓમાં તેમના કીમતી લોકો તેમનાથી છીનવાઈ ગયા હતા અને તેમની સૈન્ય-શક્તિને રુઝાઈ ન શકે એવા ઘા લાગી ચૂક્યા હતા. આ બાજુ તેમની અર્થ-વ્યવસ્થાની હાલત તદ્દન કથળી ગઈ હતી. તેમની સહાયતા કરવાવાળા યહૂદીઓને કચડી નાખવામાં આવ્યા હતા, અને મદીના એક તરફ ઇસ્લામના આમંત્રણ દ્વારા પોતાનો પ્રભાવ એટલો વિસ્તૃત કરી ચૂક્યું હતું કે મક્કાની આસપાસ પણ ઇસ્લામી રાજ્યના સમર્થક કબીલાઓનું એક જૂથ બની ચૂક્યું હતું. બીજી તરફ સંધિ-સંબંધો અને મૈત્રી-સંબંધોનું વર્તુળ ફેલાવી દેવામાં આવ્યું હતું. ત્રીજી તરફ ઉપદ્રવી શક્તિઓને દબાવીને એક વિશાળ ક્ષેત્રમાં કાયદો અને વ્યવસ્થાની સ્થાપના બરાબર કરીને નવી વ્યવસ્થાની ઇમારતને ઉઠાવવામાં આવી રહી હતી. હવે કુરૈશ આક્રમક પગલું શું ભરી શકતા, હવે તો વાસ્તવમાં તેમના માટે પોતાની જગ્યાએ રહીને પણ રક્ષા કરવી મુશ્કેલ હતું. તેમના માટે હવે જે કંઈ બચાવ થઈ શકતો હતો તે હુદૈબિયાની સંધિથી જ થઈ શકતો હતો. આ રોક પણ તેમણે પોતે જ પોતાના સામેથી હટાવી દીધી, અને જાણે સ્વયં પોતે મદીનાને આમંત્રણ આપ્યું કે આવો અને અમારો સર્વનાશ કરી નાખો.

છેવટે મક્કાનો સૌથી મોટો અજ્ઞાની નેતા પરેશાન થઈને મદીના રવાના થયો કે કરારને પુનર્જીવિત કરે. ત્યાં તેને એવા હતોત્સાહ કરનારા વાતાવરણનો સામનો કરવો પડ્યો કે જેની કદાચ તેણે કલ્પના પણ નહીં કરી હોય. તે પોતાની પુત્રી ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે હબીબા ﵂ ના ઘરમાં જઈને બિસ્તર પર બેસવા લાગ્યો, તો પુત્રીએ દોડીને બિસ્તર ઉઠાવી લીધો કે તમે મુશ્રિક થઈને અલ્લાહના રસૂલના પવિત્ર બિસ્તર પર નથી બેસી શકતા. પછી તે હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર અને હઝરત અલી ﵃ જેવા વિશિષ્ઠ મુસ્લિમ નેતાઓથી જઈ-જઈને મળ્યો અને દરેકથી મદદ પ્રાપ્ત કરવાની કોશિશ કરી. હદ એ કે તેણે ફાતિમતુઝ્-ઝહરા ﵂ ને પણ રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં ભલામણ માટે કહ્યું અને જ્યારે એ પણ ન થઈ શક્યું, તો ઇચ્છ્યું કે ઇમામ હસન (બાળક હોવા છતાં) ﵁ ને જ હઝરત ફાતિમા ﵂ તેની રજા આપે. કોઈ ઉપાય ન જોઈને ચિંતાતુર અને ક્ષુબ્ધ થઈને તેણે હઝરત અલી ﵁ ની સલાહ અનુસાર મુસલમાનોની સભામાં

પોતાના તરફથી એક તરફી 'જવાર' (અર્થાત્ સંધિની અંગત જવાબદારી)નું એલાન કરી દીધું અને હુઝૂર ﷺ તરફથી કોઈ સ્વીકારની રાહ જોયા વગર પાછો આવી ગયો. મક્કાવાસીઓએ અહેવાલ પૂછ્યો અને તેના એક તરફી 'જવાર'ના એલાનની સ્થિતિની ખબર પડી તો બધાએ કહ્યું કે આ તો અલી (رضي الله عنه)એ તમારી સાથે મજાક કરી છે. જુઓ કે પતનગ્રસ્ત ખંડનાત્મક શક્તિઓની બુદ્ધિ પણ કેવી રીતે બહેર મારી જાય છે !

ખૂબ જલ્દી હુઝૂર ﷺ એ એલાન કરી દીધું કે મુસ્લિમ સ્વયં-સેવકો તૈયાર થઈ જાય અને પોતાના ઘરમાં પણ આદેશ આપ્યો કે હથિયાર તૈયાર કરી દો. પરંતુ આ વાત તદ્દન ગુપ્ત રાખવામાં આવી કે કઈ બાજુ જવાનો ઇરાદો છે, ત્યાં સુધી કે હઝરત આઇશા رضي الله عنها ને પણ ખબર ન પડી શકી, જેમણે પોતાના હાથે હુઝૂર ﷺ માટે હથિયાર તૈયાર કર્યા હતા. સંભવતઃ અટકળથી અમુક લોકોએ અંદાજ કરી લીધો હશે કે મક્કા પર ચઢાઈ થવાની છે, કેમ કે આટલું મોટું લશ્કર કોઈ બીજી બાજુ લઈ જવાનું કોઈ કારણ નહોતું.

હાતિબ બિન અબી બલ્તઆના પત્ની-બાળકો મક્કામાં ઘેરાયેલા હતા અને કોઈ કબીલો તેમના સમર્થનમાં ન હતો, તેથી તેમણે તેમની રક્ષા માટે મદીનાની તૈયારીઓનો અહેવાલ એક ગુપ્ત પત્ર દ્વારા કુરૈશને લખી મોકલ્યો કે તેઓ આ ઉપકારના આધારે તેમના પત્ની-બાળકોને હેરાન ન કરે. તેના સાથે તેઓ એવું સમજતા હતા કે આ માહિતી છતાં ઇસ્લામી સેનાનો વિજય નિશ્ચિત છે અને તેમનો પત્ર પરિણામની દૃષ્ટિએ કોઈ મોટું નુકસાન ઇસ્લામને પહોંચાડી નહીં શકે. આ ઘટનાથી અનુમાન થાય છે કે કઈ રીતે બાહ્ય પરિસ્થિતિ અને માનસિક અસરમાં ઘેરાઈને ક્યારેક કોઈ ખૂબ જ સદાચારી વ્યક્તિથી પણ છેલ્લી કક્ષાની ચૂક થઈ શકે છે. હુઝૂર ﷺ ને આ ગુપ્ત પત્રનું જ્ઞાન દિવ્ય સંકેતથી થયું, અને આપ ﷺ ના દૂતોએ 'રોઝએ ખાખ'માં જઈને મક્કા જવાવાળી એક મહિલાની ચોટીમાંથી તેને શોધી કાઢ્યો. આટલી મોટી ભૂલને હુઝૂર ﷺ એ એટલા માટે દરગુજર કરી કે હાતિબ નિખાલસ અને નિષ્ઠાવાન હતા, બદ્રી સહાબી હતા, ઈમાન અને સદ્ચરિત્ર રાખતા હતા અને આ એક ચૂક તેમનાથી માનવ-સહજ રીતે થઈ ગઈ હતી.

હુઝૂર ﷺ એ ૧૦૦૦૦ સૈનિકોનું વિશાળ લશ્કર લઈને ૧૦ રમઝાનના દિવસે મદીનાથી કૂચ કરી. આપ ﷺ એ એક મહાન સેનાપતિની હેસિયતે એવો હેરફેરનો માર્ગ અપનાવ્યો કે કુરૈશની જે ગશ્ત કરનારી ટુકડી દેખરેખ રાખવા નીકળી હતી, તે કોઈ બીજી બાજુ જ ફાંફા મારતી રહી અને મુસ્લિમ સેનાએ અચાનક મક્કાની સામે જઈને પડાવ નાખ્યો.

હુઝૂર ﷺ 'હજફા' પહોંચ્યા, તો આપના કાકા હઝરત અબ્બાસ (ؓ) પત્ની-બાળકો સહિત આવીને મળ્યા. પછી 'અબ્વા' નામના સ્થળે પહોંચ્યા તો અબૂ સુફિયાન બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ (આ બીજા અબૂ સુફિયાન છે, જેઓ હુઝૂર ﷺ ના પિતરાઈ ભાઈ પણ હતા અને હલીમા સઅદિયાના સંબંધથી દૂધશરીક ભાઈ પણ હતા) અને અબ્દુલ્લાહ બિન ઉબ્બી ઉમૈયા (હુઝૂર ﷺ નાં ફોઈના દીકરા-ભાઈ અને ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે સલમા ؓ ના ઓરમાન ભાઈ) એ હાજર થઈને મુલાકાતની પરવાનગી માંગી. તેમણે નજીકના સગા થઈને ઇસ્લામના વિરોધમાં જે અસહ્ય તકલીફો હુઝૂર ﷺ ને આપી હતી, તેના કારણે આપ ﷺ એ મળવાનો ઇન્કાર કરી દીધો. અબૂ સુફિયાને નિરાશ થઈને કહ્યું કે જો માફી નહીં મળે તો હું પત્ની-બાળકોને અરબસ્તાનના તપતા રણમાં લઈ જઈશ અને અમે-સૌ ભૂખ્યા-તરસ્યા રહીને મરી જઈશું. હઝરત ઉમ્મે સલમા ؓ એ ભાઈની ભલામણ કરી અને હઝરત અલી ؓ એ બંનેને સલાહ આપી કે હઝરત યૂસુફ ؑ ના ભાઈઓના શબ્દોમાં માફી માંગો. આમ, તેમણે જઈને એ જ કહ્યું -

تَاللّٰهِ لَقَدْ اٰثَرَكَ اللّٰهُ عَلَيْنَا وَاِنْ كُنَّا لَخٰطِـِٕيْنَ ۝

(અલ્લાહના સોગંદ ! અલ્લાહે આપને અમારા પર શ્રેષ્ઠતા આપી અને ખરેખર અમે ગુનેગાર હતા. - સૂરઃ યૂસુફ, ૯૧)

હુઝૂર ﷺ નું હૃદય આ શબ્દોથી પીગળી ગયું અને આપ ﷺ એ પણ એ જ હઝરત યૂસુફ ؑ જેવો જવાબ આપ્યો -

لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ ۭ يَغْفِرُ اللّٰهُ لَكُمْ ۡ وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ۝

(તમારી આજના દિવસે કોઈ પકડ નથી. અલ્લાહ તમને માફ કરે અને તે દયાળુઓમાં સૌથી ઉત્તમ દયાળુ છે. - સૂરઃ યૂસુફ, ૯૨)

'મર્ર અલ-ઝહરાન' નામના સ્થળે પહોંચીને જ્યારે લશ્કરી પડાવ નાખવામાં આવ્યો, તો વિશિષ્ઠ હેતુથી સરવરે આલમ ﷺ એ આદેશ આપ્યો કે દરેક સૈનિક પોતાના માટે અલગ આગ જલાવે. અબૂ સુફિયાન બિન હર્બ, હકીમ બિન હિઝામ અને બુદૈલ બિન વરકા જેવા આગેવાનો દેખરેખ માટે નીકળ્યા. ઊંચાઈથી દસ હજાર ચૂલાઓને સળગતા જોયા, તો અચરજમાં પડી ગયા કે આટલું મોટું લશ્કર મક્કાના દરવાજા પર ટકોરા મારી રહ્યું છે ! પાસેથી જ હઝરત અબ્બાસ (ؓ) નીકળ્યા, અવાજો ઓળખીને અબૂ સુફિયાનને બૂમ પાડી. વાતચીત થઈ. હઝરત અબ્બાસ (ؓ) એ બતાવ્યું કે હઝરત મુહમ્મદ ﷺ પોતાની સેના લઈને આવી પહોંચ્યા છે. હવે કુરૈશની ખેરિયત નથી. અબૂ સુફિયાને પૂછ્યું કે હવે ઉપાય શું છે ? તેમણે કહ્યું

કે મારા સાથે ખચ્ચર પર બેસી જાઓ અને જઈને હુઝૂર ﷺ થી વાતચીત કરવામાં આવે. ખચ્ચર આગળ વધ્યું તો લશ્કરી રીત પ્રમાણે ઠેર-ઠેર સૈનિકોએ પૂછ્યું, ''કોણ જઈ રહ્યું છે ?'' હઝરત અબ્બાસ (رضي الله عنه) પરિચય કરાવતા, તો રસ્તો ખુલ્લો થઈ જતો. નજીક પહોંચ્યા તો હઝરત ઉમર رضي الله عنه એ જોઈ લીધા અને અબૂ સુફિયાનને ઓળખીને બોલી ઉઠ્યા, ''ઓ અલ્લાહના દુશ્મન ! આજે તારા પર કાબૂ પ્રાપ્ત થયો.'' દોડતાં-દોડતાં મારી નાખવાની પરવાનગી લેવા રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં ગયા. હઝરત અબ્બાસ (رضي الله عنه)એ પણ ખચ્ચરની ઝડપ વધારી દીધી. હઝરત ઉમર رضي الله عنه એ પહેલા પહોંચીને પોતાની વાત કહી અને હઝરત અબ્બાસ (رضي الله عنه)એ પોતાનો અભિગમ દર્શાવ્યો કે હું અબૂ સુફિયાનને શરણ આપીને લાવ્યો છું. આ પ્રસંગે આ રીતે વાતચીત થઈ :—

રસૂલુલ્લાહ ﷺ : કેમ અબૂ સુફિયાન ! શું હવે તમને વિશ્વાસ આવ્યો કે અલ્લાહ સિવાય કોઈ ઉપાસ્ય નથી ?

અબૂ સુફિયાન : કોઈ બીજો ખુદા હોત તો આજે અમારા કામ આવતો.

રસૂલુલ્લાહ ﷺ : શું એ વાતમાં કોઈ સંદેહ છે કે હું અલ્લાહનો રસૂલ છું ?

અબૂ સુફિયાન : આમાં થોડીક શંકા છે.

આમ, હુઝૂર ﷺ ના કાકાએ તેની કથળેલી માનસિકતાને સમજતાં પ્રોત્સાહન રૂપે કહ્યું કે છોડો હવે, સીધી રીતે ઇસ્લામ કબૂલ કરી લો, અને સવાર સુધી મક્કાનો સૌથી મોટો નેતા પરિસ્થિતિને વશ થઈને ઇસ્લામના વર્તુળમાં દાખલ થઈ ચૂક્યો હતો. ઇસ્લામી કેમ્પે સેનાના મક્કામાં પ્રવેશ પહેલાં સુધી અબૂ સુફિયાનને એવી નરમાશથી કસ્ટડીમાં રાખ્યો કે તેને પ્રતીત સુદ્ધાં ન થયું. સવારે શહેરમાં પ્રવેશ માટે સેનાએ 'કદઆ'ના માર્ગે માર્ચ કરી. હઝરત અબ્બાસ رضي الله عنه હુઝૂર ﷺ ના આદેશથી અબૂ સુફિયાનને એક ટીલા પર લઈ ગયા, જેથી તે એક વાર ઇસ્લામી સેનાની મહાનતાનું દૃશ્ય જોઈ લે. સૌપ્રથમ ગિફાર, પછી જુહૈના, હુઝૈમ, સુલૈમ અને સૌથી છેલ્લે અન્સારી પ્લાટુન પોત-પોતાની પતાકાઓ લઈને પસાર થતી રહી. અબૂ સુફિયાન દરેક પ્લાટુન વિશે પૂછતો જતો. હઝરત સઅદ બિન ઉબાદા رضي الله عنه ત્યાંથી પસાર થયા તો યોદ્ધાના જોશમાં આવીને, જેની પશ્ચાદભૂમિમાં વ્યાપક ઐતિહાસિક સંઘર્ષ ઉછાળા મારી રહ્યો હતો, પોકારી ઉઠ્યા - اليوم يوم الملحمة (આજે ઘમાસાણ યુદ્ધનો દિવસ છે) اليوم تستحل الكعبة (આજના દિવસે કાબાના વિસ્તારને લડાઈ માટે ખોલી દેવામાં આવશે). છેલ્લે હુઝૂર ﷺ ની સવારી સાદગીની શાનથી પસાર થઈ, જેના આગળ-આગળ હઝરત ઝુબૈર બિન અવ્વામ رضي الله عنه એ ધ્વજ ઊંચો કરી

રાખ્યો હતો. હુઝૂર ﷺ ને હઝરત સઅદ બિન ઉબાદા رضي الله عنه ના નારાની જાણ થઈ, તો તરત જ તેમના પાસેથી ધ્વજ પાછો લઈને તેમના પુત્રને સુપ્રત કરી દીધો, અને ફરમાવ્યું કે આજનો દિવસ કાબાની મહાનતાનો દિવસ છે તથા નેકી અને પ્રેમનો દિવસ છે. એક જ વાક્યમાં હુઝૂર ﷺ એ પોતાની વિજયની નીતિની ઘોષણા કરી દીધી, જે માફી અને દયા પર આધારિત હતી. પછી એ સાર્વજનિક જાહેરાત કરી દેવામાં આવી કે જે કોઈ પણ 'મસ્જિદે હરામ'માં દાખલ થઈ ગયો અથવા અબૂ સુફિયાનના ઘરમાં જતો રહેશે અને જે કોઈ પણ સામનો કરવા માટે શસ્ત્ર નહીં ઉપાડે, તેના માટે અમન–શાંતિ છે; શરત એ છે કે તે કોઈ ફોજદારી ગુનો કરેલ અપરાધી ન હોય. સ્વયં અબૂ સુફિયાને મક્કામાં આગળ વધીને આ જાહેરાત મોટા અવાજે સંભળાવી. આ સાંભળીને હિન્દ બિન્તે ઉત્બા (અબૂ સુફિયાનની પત્ની) તેની મૂંછ ખેંચીને બરાડી કે હે બની કિનાના ! આ અભાગીને મારી નાખો. આ શું બકવાદ કરી રહ્યા છો. તે ગાળો બોલતી રહી. લોકો એકઠા થતા ગયા. અબૂ સુફિયાને કહ્યું કે હવે આવી વાતોથી કંઈ મળવાનું નથી, કેમ કે મુહમ્મદ ﷺ નો સામનો કરવાની હિંમત હવે કોઈનામાં નથી. હુઝૂર ﷺ નો જ્યારે શહેરમાં પ્રવેશ થયો, તો દુનિયાભરના વિજેતાઓથી વિપરીત માથું વિનમ્રતાથી અલ્લાહની સામે એવી રીતે ઝૂકી રહ્યું હતું કે કપાળ ઊંટની જીનને સ્પર્શી રહ્યું હતું અને જીભ સૂરઃ ફત્હની તિલાવત કરવામાં વ્યસ્ત હતી.

ઇકરમા બિન અબૂ જહલ, સફવાન બિન ઉમૈયા અને સુહૈલ બિન ઉમરૂએ 'ખન્દમા' પર્વતમાં કેટલાક અવિચારી-દુર્બુદ્ધિ લોકોને એકઠા કરીને તોફાન કરવા તૈયાર કર્યા. હમાસ બિન કૈસ બિન ખાલિદ પણ એ લોકોમાં ભળી ગયો. બે સહાબી હઝરત કર્ઝ બિન જાબિર અલ-ફહરી અને ખુનૈસ બિન ખાલિદ બિન રબીઅ સેનાથી અલગ થઈને કોઈ બીજા રસ્તાથી જઈ રહ્યા હતા કે આ ટોળકીએ બંનેને શહીદ કરી નાખ્યા. હઝરત ખાલિદ رضي الله عنه ને જાણ થઈ તો તેમણે તાત્કાલિક તેમનો અંત આણ્યો. બાર માણસો માર્યા ગયા અને બાકીના ભાગી ગયા, જેમાં હમાસ પણ હતો. આવી જ એક બીજી નાની ટોળકી શહેરમાં તોફાન કરવા માટે એકઠી થયેલ જણાઈ. હુઝૂર ﷺ ને ખબર પડી તો હઝરત અબૂ હુરૈરા رضي الله عنه મારફતે અન્સારની એક ટુકડી બોલાવડાવી. તેમને એ દૃશ્ય બતાવ્યું કે જુઓ છો આમનું દુષ્કૃત્ય ? અર્થાત્ એક તરફ તો માફી અને દયાનો સમુદ્ર વહી રહ્યો છે અને વિજેતા શક્તિ લોહીનું એક ટીપું પણ વહાવવાથી બચી રહી છે અને બીજી તરફ આ દુષ્ટ લોકો છે કે તેને મ્યાન કરેલી તલવારોને લહેરાવવા માટે મજબૂર કરી રહ્યા છે. આદેશ આપ્યો કે આ લોકો તોફાન કરે તો તેમનો સંપૂર્ણપણે નાશ કરી નાખવામાં આવે. અબૂ સુફિયાનને નબી

અકરમ ﷺ ના આ આદેશની જાણ થઈ તો તે દોડતો પહોંચ્યો અને વિનંતી કરી કે, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! કુરૈશ પહેલાથી જ તબાહ થઈ ચૂક્યા છે, એવું ન થાય કે તેમનું નામ-નિશાન જ દુનિયામાંથી મટી જાય.'' થોડી અથડામણ પછી અમુક દુષ્ટો માર ખાઈને વિખેરાઈ ગયા.

હુઝૂર ﷺ ની આ ક્ષમા અને દયા જોઈને અન્સારમાંથી કેટલાક લોકોએ ગુસપુસ શરૂ કરી કે છેવટે આપ ﷺ પર પોતાની કોમ અને પોતાના વતનનો પ્રેમ છવાઈ ગયો. ખરેખર તો તેમને એ આશંકા થઈ કે ક્યાંક માનવતાના ઉપકારક ﷺ તેમનાથી અલગ થઈને હવે મક્કાવાસીઓ સાથે જ રહેવા ન લાગે અને તેઓ પોતાની પ્રિય હસ્તીના સામીપ્યથી વંચિત થઈ જાય. આપ ﷺ એ તેમને સંબોધન કર્યું અને ફરમાવ્યું, ''અલ્લાહના સોગંદ ! આવું કદાપિ નથી. હું અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છું. મેં અલ્લાહ તરફ અને તમારા તરફ હિજરત કરી. હવે મારું જીવવું અને મરવું તમારા સાથે છે.'' અન્સારનું હૃદય ભરાઈ આવ્યું અને તેમણે માફી માંગી. અલ્લાહ અને રસૂલ ﷺ એ તેમની માફી કબૂલ કરી.

લોકોએ હુઝૂર ﷺ ને પૂછ્યું કે શહેરમાં રોકાણ ક્યાં કરશો ? પોતાના બાપ-દાદાના મકાનમાં ? હુઝૂર ﷺ એ ખૂબ વેદનાથી જવાબ આપ્યો કે અકીલે અમારા માટે ઘર છોડ્યું જ ક્યાં છે કે હું તેમાં રહું ! હુઝૂર ﷺ નો ધ્વજ 'હજૂન' (જન્નતુલ મુઅલ્લા)માં સ્થાપિત કરવામાં આવ્યો અને આ જ રોકાણ-સ્થળ નક્કી થયું. પહેલા આપ ﷺ એ ઐતિહાસિક જગ્યા 'ખૈફ'માં ગયા, જ્યાં કબીલાની સાથે નજરબંદીના દિવસો પસાર કર્યા હતા. પછી હરમ પહોંચ્યા, અત્યંત વિશિષ્ટ સાથીઓનું એક જૂથ આપની સાથે હતું. 'હજ્રે અસ્વદ'ને ચુંબન (ઇસ્તિલામ) કર્યું. હાથમાં કોસ લઈને હરમમાં સ્થાપિત એક-એક મૂર્તિની પાસે જઈને પોકારતા, 'સત્ય આવી ગયું અને અસત્ય નાસી ગયું, અને અસત્યએ તો મેદાન છોડવાનું જ છે.' (સૂરઃ બની ઇસરાઈલ, ૮૧) કોસના ઇશારાથી એક-એક મૂર્તિ પડી ગઈ. પછી કાબાની ચાવી મંગાવીને દરવાજો ખોલાવડાવ્યો. અંદર હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઈલ عليهما السلام ના ચિત્રો બનેલા હતા અને તેમના હાથોમાં પાસાના તીર બતાવવામાં આવ્યા હતા. પછી આપ ﷺ ના આદેશથી એ બધી મૂર્તિઓ તોડી નાખવામાં આવી, જે ઘણાં સમયથી આસપાસ સ્થાપિત હતી. પછી આપ ﷺ નમાઝ અને ઝિક્ર (અલ્લાહના સ્મરણ)માં વ્યસ્ત રહ્યા. મસ્જિદની સામે લોકોનાં ટોળે-ટોળા એકઠા થયા હતા અને લોકો પોતાના ભાગ્યનો નિર્ણય સાંભળવા માટે બેચેન હતા. તેમને આપ ﷺ એ સંબોધન કર્યું :—

''એક અલ્લાહ સિવાય કોઈ ઇલાહ (ઉપાસ્ય) નથી, તેનો કોઈ ભાગીદાર નથી. તેણે પોતાનું વચન સાચું કરી દેખાડ્યું. તેણે પોતાના બંદાની મદદ કરી. એ જ એકલાએ તમામ લશ્કરોને હરાવ્યા.

આજે તમામ પ્રકારનો ઘમંડ અને અહંકાર, લોહીના તમામ દાવા, માલના બધાં જ લેણા મારા પગ તળે છે. અલબત્ત, હરમે-કાબાના વ્યવસ્થાપક અને હાજીઓને પાણી પીવડાવવાના હોદ્દાઓ તેનાથી અપવાદરૂપ છે. હે કુરૈશ ! હવે અલ્લાહે તમારી અજ્ઞાનતાના અહંકાર અને વંશના ગર્વને નષ્ટ કરી નાખ્યું. સૌ મનુષ્યો આદમની સંતાન છે અને આદમ માટીથી પેદા કરવામાં આવ્યા.''

પછી કુર્આન-શરીફની આયત પઢી :

''લોકો ! મેં તમને એક પુરુષ અને એક સ્ત્રીથી પેદા કર્યા છે અને તમને બિરાદરીઓ અને પરિવારોમાં એટલા માટે વહેંચ્યા છે કે તમે પરસ્પર ઓળખાઈ જાઓ. પરંતુ અલ્લાહની દૃષ્ટિએ પ્રતિષ્ઠિત એ જ છે જે અલ્લાહથી ડરવામાં અને સયંમમાં અગ્રેસર હોય. નિઃસંદેહ, અલ્લાહ બુદ્ધિમત્તાવાળો અને સર્વજ્ઞ છે.'' (સૂરઃ હુજુરાત, ૧૩)

પછી એક કાનૂની ઘોષણા કરી :

''અલ્લાહે શરાબનું ખરીદ-વેચાણ હરામ (અવૈધ) કરી દીધું છે.''

પછી હુઝૂર ﷺ એ પૂછ્યું :

''તમને ખબર છે કે હું તમારા સાથે શું વ્યવહાર કરવાનો છું ?''

આ શબ્દો ગૂંજતાં જ અત્યાચાર, ચાલબાજીઓ, હિંસા અને ખુનામરકીનો વિતી ગયેલો એ આખો ઇતિહાસ કુરૈશની આંખોની સામેથી એક ફિલ્મની જેમ પસાર થઈ ગયો હશે, જે તેમણે વીસ-એકવીસ વર્ષમાં તૈયાર કર્યો હતો. તેમના હૃદયો ફાટી-ફાટી જઈ રહ્યા હશે ! નિઃસહાયતા અને પશ્ચાતાપની હાલતમાં એ લોકો પોકારી ઉઠ્યા - أَخٌ كَرِيمٌ وَابْنُ أَخٍ كَرِيمٍ (તમે શિષ્ટ અને સૌજન્યશીલ ભાઈ છો અને એક શિષ્ટ અને સૌજન્યશીલ ભાઈના પુત્ર છો.) જવાબમાં અવાજ આવ્યો - لَا تَثْرِيبَ عَلَيْكُمُ الْيَوْمَ اذْهَبُوا فَأَنْتُمُ الطُّلَقَاءُ (તમારા પર આજે કોઈ પકડ નથી. જાઓ, તમે સૌ સ્વતંત્ર છો.)

શું કુરૈશના અત્યાચાર અને યુદ્ધના ઇતિહાસને સામે રાખીને કોઈપણ વ્યક્તિ આ જવાબની આશા કરી શકે છે ? પરંતુ જે કોઈપણ આ રહમતે આલમ (વિશ્વ માટે

દયા) ﷺ ની મહેરબાનીની શાનને સમજતો હોય તે હુઝૂર ﷺ થી આ જ જવાબની આશા બાંધશે. કોઈ બીજો હોત તો આજે અકડાઈને મક્કામાં દાખલ થયો હોત, એક-એક ઘટનાનો બદલો લેતો, વીણી-વીણીને એ વ્યક્તિઓને તલવારનો કોળિયો બનાવતો જેમણે જરા પણ કોઈ અતિરેક કર્યો હતો, વિજેતા શહેરમાં કત્લેઆમ કરી નાખતો, લોકોની ધન-દોલત અને સ્ત્રીઓની ઇજ્જત-આબરૂનું લીલામ થઈ ગયું હોત. પરંતુ વિજેતા માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ ﷺ હતા, તેથી તેમણે જમીનો પર કબજો મેળવવાની સાથે-સાથે મનુષ્યોને પણ જીતવાનું ચાહ્યું, અને શરીરો પર કાબૂ પ્રાપ્ત કરવાથી વધીને હૃદયોને હાથમાં લેવાની કોશિશ કરી, ત્યાં સુધી કે મુહાજિરોને કહ્યું કે તેઓ પોત-પોતાના મકાનો અને સંપત્તિને ત્યજી દે. પ્રેમ અને ઉપકારની શાનનો આનાથી મોટો નમૂનો બીજો કયો હશે કે કાબાની ચાવી કયામત સુધી એ જ ઉસ્માન બિન તલ્હાને સુપ્રત કરવામાં આવી, જેમનાથી એક વાર કાબાના દરવાજા ખોલાવવાની ઇચ્છા હુઝૂર ﷺ એ ઇસ્લામના આમંત્રણના આરંભિક તબક્કામાં કરી, તો તેમણે કડકાઈથી ઇન્કાર કરી દીધો હતો. એ વખતે આપ ﷺ એ ભવિષ્ય પર નજર જમાવીને ઉસ્માનને ફરમાવ્યું હતું કે, ''એક દિવસ આવશે કે આ ચાવી મારા અધિકારમાં હશે અને હું જેને ઇચ્છીશ, તેને સોંપીશ.'' ઉસ્માનની નજર આટલે દૂર સુધી કેવી રીતે જોઈ શકતી હતી ! તેણે કહ્યું હતું, ''કદાચ એ દિવસે કુરૈશના તમામ લોકો મરી ગયા હશે.'' ફરમાવ્યું હતું, ''ના ! એ તો કુરૈશની સાચી પ્રતિષ્ઠાનો દિવસ હશે.'' આ વાર્તાલાપને મનમાં તાજો કરી લો, તો કલ્પના એ જ આવે છે કે હુઝૂર ﷺ સિવાય કોઈપણ બીજો હોત તો પોતાનો અધિકાર બતાવવા માટે અનિવાર્યપણે ચાવી ઉસ્માનથી લઈને કોઈ અન્યને આપી દેતો. પરંતુ કાબાની ચાવી મેળવવા માટે બની હાશિમ તરફથી હઝરત અલી رضي الله عنه જેવા ગાઢ સ્વજન સુદ્ધાંની દરખાસ્તને હુઝૂર ﷺ અવગણી નાખે છે અને કાબાની ચાવી હંમેશ માટે પહેલાંના હાથોમાં રહેવા દે છે. હુઝૂર ﷺ એ ચાવી આપતાં જ્યારે ઉસ્માન બિન તલ્હાને વર્ષો પહેલાંની એ વાત મજાકરૂપે યાદ દેવડાવી, તો તેઓ પોકારી ઉઠ્યા, '' નિઃશંક, આપ ﷺ અલ્લાહના રસૂલ છે.'' આપ ﷺ એ ફરમાવ્યું, ''આજનો દિવસ નેકી અને વફાદારીનો દિવસ છે.''

ત્યારબાદ હુઝૂર ﷺ ના આદેશથી હઝરત બિલાલ رضي الله عنه એ કાબા પર ચઢીને અઝાન આપી. આ અઝાન જાણે ઇસ્લામી આંદોલનની સફળતાની ઘોષણા હતી. એ જ કાબા, જ્યાં અલ્લાહના બંદાઓ માટે અલ્લાહનું નામ લેવું ગુનો બની ગયો હતો અને તેનાથી રોકવા માટે કેટલીય કઠિનાઈઓ હુઝૂર ﷺ અને હુઝૂર ﷺ ના સાથીઓએ સહન કરી હતી. આજે તેની ઊંચાઈઓ પરથી બુલંદ અવાજે અલ્લાહની

મોટાઈ અને મહાનતાનો પોકાર કરવામાં આવી રહ્યો હતો અને કોઈ શક્તિ એવી ન હતી જે રોકી શકે. આ જ ક્ષણે અબૂ સુફિયાન બિન હર્બ, ઇતાબ બિન ઉસૈદ અને હારિસ બિન હિશામ જેવા આગેવાનો કાબાને અડીને આવેલ એક ખૂણામાં બેસીને પોતાની હારેલી બાજીની કલ્પના કરી રહ્યા હતા. ઇતાબે બળેલા હૃદયે કહ્યું કે સારું થયું, ખુદાએ ઉસૈદને આ અવાજ સાંભળવા જીવતો ન રાખ્યો. હુઝૂર ﷺ આ લોકોની પાસે ગયા અને જે વાતો તેમણે કરી હતી તેમના સામે દોહરાવી. આ લોકો શરમાઈ ગયા.

પછી હુઝૂર ﷺ એ ઉમ્મે હાનીના મકાનમાં ગુસ્લ (સ્નાન) કરીને આઠ રકા'ત નમાઝ અલ્લાહ સમક્ષ વિજયનો આભાર વ્યક્ત કરવા પઢી.

વિજયના બીજા દિવસે સફા પર્વત પરથી હુઝૂર ﷺ એ બીજું સાર્વજનિક પ્રવચન આપ્યું. પહેલા અલ્લાહની પ્રશંસા અને સ્તુતિ કરી અને પછી સંક્ષિપ્ત વાક્યોમાં હરમની 'હુરમત' (જ્યાં કોઈ જીવને મારવું અવૈધ છે)નું વર્ણન કર્યું અને તેને હંમેશ માટે સ્થાપિત કરી દીધી અને તેના આદેશો વર્ણવ્યા. સ્પષ્ટ રહે કે મક્કાની 'હુરમત'ને આટલા મોટા ક્રાંતિકારી વિજય માટે માત્ર એક દિવસ (આખો દિવસ પણ નહીં) લાચારીવશ ખોલી, કેમ કે આપ ﷺ ની મરજી વિરુદ્ધ મક્કાના કેટલાક માથાફરેલ બદમાશોએ મુસ્લિમ સૈનિકો સામે પગલું ભરીને તેમને મજબૂર કરી દીધા કે તેઓ તેમનો સર્વનાશ કરવા માટે બળપ્રયોગ કરે; પરંતુ જેવી આ મજબૂરી પૂરી થઈ ગઈ, હુઝૂર ﷺ એ બીજા જ દિવસે હરમની 'હુરમત'ને હંમેશ માટે બહાલ કરવાની ઘોષણા કરી દીધી.

આમ તો જાહેર માફીની ઘોષણા કરી દેવામાં આવી અને આ ઘોષણાએ હૃદયોને એવા જીતી લીધા કે કોઈ વ્યક્તિમાં વિરોધ કરવાની હિંમત રહી નહોતી, તેમ છતાં વિશેષ પ્રકારના ગુનેગારો વિશે નામ લઈને આપ ﷺ એ ફરમાવી દીધું કે આ લોકો જ્યાં પણ જોવા મળે, કતલ કરી નાખવામાં આવે. સ્પષ્ટ રહે કે મક્કા પર કબજો કરવા અને તેને અનુશાસન હેઠળ લાવવા માટે થોડાક દિવસ 'માર્શલ લૉ'[૧] લાગુ રહ્યો છે; અર્થાત્ તમામ અધિકારો લશ્કરી કમાનના હાથમાં હતા અને હુઝૂર ﷺ એ સેનાપતિની હેસિયતે આ આદેશ જારી કર્યો હતો, જેનું સ્વરૂપ એવું જ છે,

૧. યુદ્ધ હેઠળના વિસ્તારમાં સામાન્ય નાગરિક વ્યવસ્થાની સંપૂર્ણ સ્થાપનાથી પહેલાં ઇસ્લામી કાનૂનની રૂએ આમ તો સૈન્ય-શક્તિ વડે કંઈક અંશે કડક હંગામી વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવે છે અને આ વ્યવસ્થામાં કેટલાક આદેશો અને નિયમો સામાન્ય નાગરિક વ્યવસ્થાથી ભિન્ન સ્વરૂપ રાખે છે. મારું માનવું છે કે આધુનિક પરિભાષામાં આને લશ્કરી શાસન (માર્શલ લૉ) કહેવામાં આવે છે. માર્શલ લૉની રૂએ વિશેષરૂપે અને દરેક સભ્ય શાસન હેઠળ સામાન્યરૂપે યુદ્ધ હેઠળના વિસ્તારોમાં અનિવાર્ય હદ સુધી ટૂંકા હંગામી સમય-ગાળામાં કોઈ દેશની સેના દ્વારા પોતાના જ દેશના રહેવાસીઓને નાગરિક વ્યવસ્થાથી વંચિત કરીને લાંબા-અનિશ્ચિત સમય-ગાળા માટે પોતાના વર્ચસ્વમાં લઈ લેવું એ તદન બીજી જ સ્થિતિ છે, અને મૂળ લખાણની દૃષ્ટિએ આ પરિભાષા આ નવા અર્થની સાથે પ્રયુક્ત કરવામાં નથી આવી. ઇસ્લામમાં શાસનની આવી કોઈ કલ્પનાને સ્થાન નથી.

જેવું કે આજે 'દેખો ત્યાં ઠાર' (Shoot at Sight)નું હોય છે. ગુનેગારોની આ યાદીમાં કેટલાક પુરુષો અને અમુક સ્ત્રીઓના નામો સામેલ હતા. પરંતુ હુઝૂર ﷺ ની માફી અને દયાએ તેમાંથી પણ ઘણાને જીવનદાન આપી દીધું. વધુમાં વધુ ચાર ગુનેગારોને મૃત્યુ-દંડની સજા આપવામાં આવી. એક સંશોધન એ પણ છે કે માત્ર એક વ્યક્તિ 'અબ્દુલ ઉઝ્ઝા ઇબ્ને અખ્તબ'ને મારી નાખવામાં આવ્યો. આ વ્યક્તિ મુસલમાન થયો, 'સદકાત' (ધર્મદાન)ની વસૂલાત માટે એક બીજા મુસ્લિમ સાથીના સાથે તેને મોકલવામાં આવ્યો. પ્રવાસમાં જ ઝઘડો થયો અને મુસ્લિમ સાથીની હત્યા કરીને અને 'સદકાત'ના ઢોરોને પણ સાથે લઈને નાસી ગયો. બબ્બે મોટા ફોજદારી ગુનાઓ તેના શિરે હતા.

સફવાન બિન ઉમૈયા ઇસ્લામી આંદોલનના કટ્ટર વિરોધીઓમાં હતા, નાસીને યમન જતી વખતે જિદ્દા પહોંચ્યા હતા કે ઉમૈર બિન વહબ જહમી હુઝૂર ﷺ થી માફીની મંજૂરી લઈને જિદ્દાહથી પાછા લાવ્યા. પાછળથી ઇસ્લામ અપનાવી લીધો.

ઇકરમા બિન અબૂ જહલ પણ યમન ભાગી ગયા હતા. તેમની પત્ની ઉમ્મે હકીમ બિન્તે અલ-હારિસ (અબૂ જહલની ભત્રીજી) સ્વયં મુસલમાન બની અને પોતાના પતિ માટે હુઝૂર ﷺ થી માફીની મંજૂરી લીધી. પોતે જઈને તેમને લઈ આવી. ઇકરમાને જ્યારે માફીની ખુશખબર મળી તો તેમને ખૂબ આશ્ચર્ય થયું કે તેમના જેવા વિરોધીને પણ મુહમ્મદ (ﷺ)એ માફ કરી દીધા. હાજર થયા અને ઇસ્લામ કબૂલ કરી લીધો.

અબ્દુલ્લાહ બિન સઅદ બિન અબી સરહ મુસલમાન હતા અને તેમને વહી (કુર્આનની દિવ્ય પ્રકાશના)ના લેખનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. પરંતુ ફરી જઈને વિરોધી મોરચાને મદદ કરવા લાગ્યા, ત્યાં સુધી કે અનાદરમાં તેમણે એવું પણ કહ્યું કે વહી તો વાસ્તવમાં મારા પર આવતી હતી, મુહમ્મદ (ﷺ) તો મારા પાસેથી સાંભળીને લખાવી લેતા હતા. ગુનો સંગીન હતો. પરંતુ હઝરત ઉસ્માન رضي الله عنه તરફથી આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવી, તો હુઝૂર ﷺ એ ઉચ્ચ શાસનાધિકારીની હેસિયતે તેમને માફી આપી દીધી. માફી પછી તેઓ મુસલમાન બની રહ્યા.

મિક્યસ બિન સબાબા (અથવા સબાહા) મુનાફિકના રૂપમાં ઇસ્લામમાં દાખલ થયો અને ધોકાથી એક અન્સારીની હત્યા કરીને નાસીને અહીં આવી ગયો હતો. આ પગલાનું પ્રેરક એ બન્યું હતું કે મિક્યસનો ભાઈ ભૂલથી એ અન્સારીના હાથે માર્યો ગયો હતો. હુઝૂર ﷺ એ તેની 'દિયત' (આર્થિક વળતર) અપાવડાવી દીધી હતી. તેમ છતાં તેણે અન્સારીની હત્યા કરી. ઇર્તિદાદ (સ્વ-ધર્મ ત્યાગ) અને છેતરપિંડી

ઉપરાંત આ એક જ હત્યાનો ગુનો જ મૃત્યુ-દંડ માટે પર્યાપ્ત કારણ હતું.

હિબ્બાર બિન અલ-અસ્વદ એ વ્યક્તિ છે, જેણે બીજા બધા વિરોધી કૃત્યો ઉપરાંત હઝરત ઝૈનબ ﷺ પર હિજરત વખતે હુમલો કરીને એટલી ઇજા પહોંચાડી હતી કે તેમનો ગર્ભ પડી ગયો. પહેલા તો આ વ્યક્તિ સંતાઈ ગયો. પછી પોતે જ રજૂ થઈને આજીજીપૂર્વક ગુનાનો સ્વીકાર કર્યો અને રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં ખૂબ જ પસ્તાવો દર્શાવ્યો, તેના સાથે જ ઇસ્લામના કલ્માના સ્વીકારની જાહેરાત કરી. હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''મેં હિબ્બારને માફ કરી દીધો.''

હઝરત હમઝા ﷺ ની હત્યા કરનાર નામ જેવા જ ગુણવાળો 'વહશી' સામે આવ્યો અને ઇસ્લામ કબૂલ કર્યો. હુઝૂર ﷺ એ તેના મોઢેથી હઝરત હમઝા ﷺ ની હત્યાની વિગત જાણી. તેનો ગુનો પણ માફ કર્યો અને તેને સલાહ આપી કે તમે મારા સામે ન આવજો, એટલા માટે કે તેનાથી ઘા તાજો થાય છે. આ વ્યક્તિ ઇસ્લામ લાવીને પણ ગુનાઓથી, વિશેષરૂપે દારૂની લતથી મુક્ત ન થઈ શક્યો.

અબ્દુલ્લાહ બિન જિબઅર પ્રખ્યાત અજ્ઞાની શાયર, જેણે શાયરીના પ્રભાવને ઇસ્લામ વિરુદ્ધ ઉશ્કેરણી ફેલાવવામાં ઉપયોગ કર્યો હતો, આવ્યો અને ઇસ્લામ કબૂલ કર્યો. માફ કરી દેવામાં આવ્યો.

કઅબ બિન ઝુહૈરે પણ ઇસ્લામી આંદોલન અને તેના આવાહક વિરુદ્ધ અપશબ્દોની શાયરીનો મોરચો ગરમ રાખ્યો હતો. હિ.૯ માં પોતાના ભાઈની સાથે હાજર થયો, ઇસ્લામ કબૂલ કર્યો અને ગુનાને ધોવાના ભાગરૂપે સાચી ભાવનાથી કસીદો 'બાનિત સુઆદ' (હુઝૂર ﷺ ની પ્રશંસા માટે પ્રચલિત કાવ્યનો પ્રકાર) પ્રસ્તુત કર્યો. હુઝૂર ﷺ એ માફી આપી અને પોતાની ચાદર ઇનામરૂપે અર્પણ કરી.

મક્કામાં રોકાણના સમય દરમ્યાન જ એક વાર હુઝૂર ﷺ ખાનએ કાબાનો તવાફ કરી રહ્યા હતા કે ફુઝાલા બિન ઉમૈર લપાતો-છુપાતો હત્યાના ઇરાદાથી આવ્યો. હુઝૂર ﷺ પોતે જ તેના પાસે જઈ પહોંચ્યા અને તેના મનની વાત બતાવી દીધી. ફુઝાલા આ પકડથી શરમાઈ ગયો. આપ ﷺ એ અલ્લાહથી ક્ષમાયાચના માટે કહ્યું અને તેની છાતી પર હાથ ફેરવ્યો. તરત જ તેના દિલની દુનિયા બદલાઈ ગઈ. હત્યાના ઇરાદાથી આવેલ આ ગુનેગારથી આવા વ્યવહારની આશા બીજા કોઈનાથી કરી શકાય છે !

સ્ત્રીઓમાં સૌથી મોટી ગુનેગાર હિન્દ બિન્તે ઉત્બા હતી, જેણે સક્રિયતા દાખવીને વિરોધ કર્યો હતો અને હઝરત હમઝા ﷺ ની લાશને વિકૃત કરી હતી,

બલ્કે તેમનું કાળજું ચાવી ગઈ હતી. ચહેરો છુપાવવા માટે નકાબ પહેરીને આપ ﷺ ની સેવામાં હાજર થઈ. પરિસ્થિતિને વશ થઈને તે ઇસ્લામ કબૂલ કરવા આવી હતી, તેમ છતાં આવા પ્રસંગે પણ ઉદ્ધતાઈથી ચિત્ર-વિચિત્ર આડી-અવળી વાતો હુઝૂર ﷺ ને કરી. વાતચીત આ પ્રમાણે થઈ :–

હિન્દ : હે અલ્લાહના રસૂલ ﷺ ! આપ અમારાથી કઈ વાતોનો એકરાર લો છો ?

રસૂલુલ્લાહ ﷺ : અલ્લાહની સાથે કોઈને ભાગીદાર ન બનાવો.

હિન્દ : આ એકરાર આપ ﷺ એ પુરુષોથી નથી લીધો, પણ ભલે અમને આ પણ મંજૂર છે.

રસૂલુલ્લાહ ﷺ : ચોરી ન કરો.

હિન્દ : હું મારા પતિ અબૂ સુફિયાનના માલમાંથી બે-ચાર દિરહમ કાઢી લઉં છું. ખબર નહીં કે આ પણ જાઈઝ છે કે નાજાઈઝ ?

રસૂલુલ્લાહ ﷺ : સંતાનોની હત્યા ન કરો.

હિન્દ : અમે તો બાળપણમાં તેમને પાળ્યા-પોષ્યા, મોટા થયા તો (બદ્રના યુદ્ધમાં) આપ ﷺ એ જ તેમને મારી નાખ્યા. હવે આપ જાણો અને તેઓ.

જેવો ઇસ્લામ-સ્વીકાર હતો આ, દેખીતું છે, અને વધારમાં વાતચીતની આ ઉદ્ધત રીત - કોઈ બીજું હોત તો તેને સહન ન કરતું, હુઝૂર ﷺ ની અખૂટ સહનશીલતા હતી, જેનાથી અનુચિત ફાયદો ઉઠાવવામાં આવી રહ્યો હતો.

કર્તના, ઇબ્ને ખતલની સેવિકા હતી અને રસૂલુલ્લાહ ﷺ વિરુદ્ધ નિંદાત્મક કવિતાઓ ગાતી હતી. વિજય વખતે નાસી ગઈ, પાછળથી પશ્ચાતાપ કરીને ઇસ્લામમાં દાખલ થઈ ગઈ.

એક મહિલાને 'કસાસ' (હત્યા-દંડ)માં મારી નાખવામાં આવી.

અમુક પુરુષો અને સ્ત્રીઓ વિશે હદીસો અને સીરતના પુસ્તકોની નોંધોમાં ખૂબ મતભેદ છે. પરંતુ આમાંથી કોઈને મૃત્યુ-દંડની સજા થઈ તે નિશ્ચિતપણે સાબિત કરી શકાય એમ નથી.

આવા કટ્ટર દુશ્મનો માટે આ પ્રકારની જાહેર માફીનું ઉદાહરણ, આ પ્રકારનો પરિપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યા પછી કોઈ અન્યના જીવનમાંથી ઇતિહાસ પ્રસ્તુત કરી શકે એમ નથી.

મક્કાની ભૂમિના વિજયથી વધારે મહાન વિજય એ હતો કે હુઝૂર ﷺ સફા પર્વતના શિખરે બેસેલા હતા અને લોકો ટોળે-ટોળા આવીને ઇસ્લામનો સ્વીકાર કરી રહ્યા હતા. તેમનાથી તૌહીદ (એકેશ્વરવાદ) અને રિસાલત (ઈશદૂતત્વ)ના એકરારની સાથે વિશેષરૂપે કેટલીક પ્રચલિત ખરાબીઓથી દૂર રહેવાનું વચન પણ લેવામાં આવતું હતું. 'બૈત' (શપથ)માં નીચેની વસ્તુઓ સામેલ હતી :—

— હું અલ્લાહની સાથે કોઈને પણ તેની જાત અને તેના ગુણો અને ઇબાદત (ઉપાસના, પૂજા-પાઠ) અને મદદ-યાચના કરવાના હક્કમાં ભાગીદાર નહીં બનાવું.

— ચોરી નહીં કરું, વ્યભિચાર નહીં કરું, અનુચિત લોહી નહીં વહાવું, બાળકીઓની હત્યા નહીં કરું; કોઈના પર જૂઠો આરોપ નહીં લગાવું.

— ભલાઈની મર્યાદામાં હું યથાશક્તિ અલ્લાહના રસૂલનું અનુસરણ કરીશ.

પંદર દિવસ અથવા તેનાથી ઓછા કે વધારે રોકાણ કર્યા પછી જ્યારે મક્કાથી હુઝૂર ﷺ રવાના થયા, તો વાસ્તવિક નિર્માણ-કાર્ય માટે હઝરત મઆઝ બિન જબલ ﷺ ને નિયુક્ત કર્યા કે તેઓ લોકોને ઇસ્લામી જીવન વ્યવસ્થા, ઇસ્લામી આસ્થાઓ, ઇસ્લામી ગુણો અને ઇસ્લામી કાનૂન અને ઇસ્લામી સભ્યતાનું શિક્ષણ આપે. ઇસ્લામી ન્યાય વ્યવસ્થા આપ ﷺ ના પોતાના હાથે હદ જારી કરવાની એ પ્રખ્યાત ઘટનાથી થઈ, જેમાં ફાતિમા બિન્તે અબી અલ-અસદને ચોરીના ગુનાસર ભારે ભલામણોના દબાણને રદ કરીને હાથ કાપવાની સજા આપવામાં આવી. હુનૈન અને તાઈફથી નિવૃત્ત થયા પછી મક્કા આવીને હુઝૂર ﷺ એ ઇતાબ બિન ઉસૈદને નાયબ અધિકારી નિયુક્ત કર્યા અને દૈનિક એક દિરહમનું મહેનતાણું તેમના માટે નક્કી કરી દીધું.

કેટલાક મહત્ત્વના મુદ્દાઓ

(૧) મક્કા-વિજય ઇસ્લામી આંદોલનના ઇતિહાસની મહાન ઘટના છે. હવે આમ તો સત્યની વ્યવસ્થાના માર્ગમાંથી સૌથી મોટી અવરોધરૂપ શક્તિ હટી ગઈ હતી. આરબ પ્રદેશના લાંબા સમયના અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વનું આ કેન્દ્ર હતું અને આ નેતૃત્વનો જ્યાં સુધી સદંતર નાશ ન થઈ જતો તેમજ લોકોના માનસિક સંબંધની પુરાણી ધરી જ્યાં સુધી તેની જગ્યાએથી ટળી ન જતી, સંભવ નહોતું કે ઇસ્લામી ક્રાંતિનો પ્રવાહ સંપૂર્ણ ગતિથી આગળ વધી શકતો. જ્યારે અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વના ઝંડાનું પતન થઈ ગયું તો પછી અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાનું હેમખેમ રહેવું અને અજ્ઞાનતાની આસપાસ લોકોનું સમેટાઈને રહેવું સંભવ ન રહ્યું.

સામાન્ય લોકોની ઘણી સમસ્યાઓ મક્કા-વિજયે સમાપ્ત કરી નાખી. ઘણા કબીલાઓ ઇસ્લામ તરફ વધવાથી એટલા માટે દૂર રહેતા હતા કે કુરૈશની સાથે કાં

તો તેમના મૈત્રી-સંબંધો હતા, અથવા આર્થિક રીતે તેઓ તેમના આધીન અને કરજદાર હતા, અથવા તેમની સામાજિક શ્રેષ્ઠતાથી દબાયેલા અને ધાર્મિક રીતે તેમની પંડિતાઈથી મંત્રમુગ્ધ હતા. કુરૈશની મહાનતાની મૂર્તિ જ્યારે તૂટી ગઈ, તો તેમના માર્ગો સાફ થઈ ગયા.

ઘણા લોક-જૂથોમાં એ આસ્થા પ્રચલિત હતી કે મક્કામાં માત્ર એ જ વર્ચસ્વશાળી રહી શકે છે, જેને ખુદાનું સમર્થન પ્રાપ્ત હોય, અને જે શક્તિ સચ્ચાઈ પર ન હોય તેને મક્કામાં કીર્તિ અને ઉન્નતિ પ્રાપ્ત થઈ શકતી નથી. આવી માન્યતા અબ્રહાના હુમલા પછી ખૂબ દૃઢ બની ગઈ અને લોકો એવું સમજતા હતા કે કુરૈશ ખુદાના ત્યાં સ્વીકૃતિ પામેલા છે. આમ, લોકો કહ્યા કરતા હતા કે اتركوه وقومه فانه ان ظهر عليهم فهو صادق (તેને પોતાની કોમથી નિપટારો કરી લેવા દો. જો તેણે કોમને હરાવી દીધી તો તે સાચો પયગંબર છે.) આ આસ્થા અનુસાર જ હવે જન-મતનું કેન્દ્ર ઇસ્લામી આંદોલન બની ગયું. ન કેવળ મક્કાના લોકોએ, બલ્કે આસપાસના કબીલાઓના પ્રતિનિધિ-મંડળોએ સ્વયં આવીને ખુશી-ખુશી પોતાને ઇસ્લામી આંદોલનના સેવક અને હઝરત મુહમ્મદ ﷺ ના નેતૃત્વના અનુયાયી બનાવ્યા.

હવે ઇસ્લામના આમંત્રણ અને શિક્ષા-દીક્ષાના કાર્ય માટે મેદાન બિલકુલ સાફ થઈ ગયું અને એક-એક મુસલમાન માટે દરેક બાજુ તક નીકળી આવી કે તે સત્યના આંદોલનનો સંદેશ લોકો સુધી પહોંચાડે, કોઈ હવે અવરોધ ઊભો કરનાર ન હતું.

(૨) જ્યારે હુઝૂર ﷺ મક્કા કૂચ લઈને નીકળ્યા, તો શરૂઆતથી જ એવી યુક્તિઓ અપનાવી કે ખુનામરકી ન થાય. પોતાના ઇરાદાને છુપાવીને પ્રવાસ કર્યો અને કુરૈશને કોઈ તૈયારી અને આસપાસથી કોઈ મદદ મેળવવાની તક આપ્યા વગર મક્કાના દરવાજા પર એકાએક જઈ પહોંચ્યા. આ રીતે વિરોધી શક્તિ જે પહેલાથી જ અતિશય નબળી થઈ ચૂકી હતી, તદ્દન અવાક થઈ ગઈ. પછી અબૂ સુફિયાન, જેની મનોવૈજ્ઞાનિક હારનો આરંભ ઘણા સમય પહેલાથી થઈ ચૂક્યો હતો, તેને યોગ્ય યુક્તિઓથી બિલકુલ પ્રભાવિત કરી દેવામાં આવ્યો. અબૂ સુફિયાનના નમી જવાના કારણથી કોઈ તક બાકી ન રહી કે મક્કાવાસીઓ વિરોધ કરે. આ જ હેતુ હતો, જે અનુસાર આપ ﷺ એ એક લશ્કરી અધિકારીને માત્ર એક કડક નારો લગાવવાના કારણે ટુકડીની કમાનથી અલગ કરી દીધા અને મક્કાવાસીઓને વિશ્વાસ અપાવ્યો કે આજનો દિવસ કાબાની 'હુરમત'નો દિવસ છે.

(૩) હુઝૂર ﷺ એ તેહરીક (આંદોલન)ના કટ્ટર દુશ્મનો તથા સ્વયં પોતાની જાત પર અને પોતાના પ્રિય સાથીઓ પર વર્ષો સુધી અત્યાચારો કરનારાઓ, મજાક-

મશ્કરી કરનારાઓ, ગંદકી ફેંકનારાઓ, રસ્તામાં કાંટા બિછાવનારાઓ, કેદ કરનારાઓ, હત્યાના ષડયંત્રો રચનારાઓ, વતનથી કાઢી મૂકનારાઓ, પછી તલવાર લઈને રણભૂમિમાં ઉતરનારાઓના ઘૃણાસ્પદ અને સંગીન ગુનાઓને તદ્દન ભુલાવી દીધા અને જાહેર માફીનું એલાન કરી દીધું. સખ્તાઈના બદલે નરમીની નીતિનો હેતુ સ્પષ્ટ હતો. હુઝૂર ﷺ કોઈ દુન્યવી વિજેતા નહોતા કે બળજબરી અને શક્તિથી અમુક લોકોને આધીન બનાવી લેવું અને ડંડાના જોરથી ડરાવી-ધમકાવીને તેમને પોતાના આજ્ઞાંકિત બનાવી લેવું પૂરતું હોતું. આપ ﷺ એક આહવાન્, એક મિશન, એક નૈતિક આંદોલન અને એક પવિત્ર વ્યવસ્થાના ધ્વજવાહક હતા. આપ ﷺ ના ઉદ્દેશ્ય માટે એવા જીતાયેલા લોકો નકામા હતા, જેમને મારી-બાંધીને અનુપાલનમાં લાવવામાં આવ્યા હોય. આપને હૃદયોનું પરિવર્તન જોઈતું હતું. હૃદયોનું પરિવર્તન હંમેશા નરમી અને ઉપકાર અને દરગુજરના સ્વરૂપે થઈ શકે છે. આપનો ઉદ્દેશ્ય ત્યારે જ સિદ્ધ થઈ શકતો હતો, જ્યારે મક્કાવાસીઓ લજ્જિત થઈને, પસ્તાઈને નવા યુગનો આરંભ કરે. એક સત્ય વિચારધારા અને નિર્માણનું લક્ષ્ય રાખનાર હસ્તી માટે કોઈ બીજી વિજયી નીતિ વ્યવહારૂ નહોતી.

માનવતાના ઉપકારક ﷺ ની નજર એ વાસ્તવિકતા પર હતી કે કુરૈશ ખરેખર આરબોમાં નેતૃત્વ કરવા માટે અત્યંત યોગ્ય અનુભવી લોકો છે. આરબ કબીલાઓના વેરવિખેર પૃષ્ઠોને સંયોજિત કરવા માટે આ એક એવું મજબૂત બંધન છે કે જો તેમને વેડફી નાખવામાં આવે તો સરળતાથી કોઈ બીજો વિકલ્પ ઉપલબ્ધ કરી શકાય એમ નથી. સૈદ્ધાંતિક રીતે એ સાચી ઇસ્લામી વિચારધારા અને સ્વીકૃત બાબત છે કે આગેવાની અને નેતૃત્વનો અધિકારી એ છે જે ઈમાન અને તકવા (ઈશનિષ્ઠા)માં અગ્રેસર હોય; પરંતુ ઈમાન અને તકવાની સાથે નેતૃત્વની માનસિક, વૈચારિક અને વ્યવહારૂ યોગ્યતાઓનું હોવું તો એક સ્પષ્ટ બૌદ્ધિક અને તાર્કિક જરૂરત છે. આ કાર્ય માટે પ્રભાવ અને પહોંચ જોઈએ. શાસન અને અંકૂશનો અનુભવ જોઈએ. ઉપાયો અને હિતને ઓળખવાની સૂઝબૂઝ જોઈએ. ભાષા અને બીજી શક્તિઓથી કામ લેવાની મહારત જોઈએ. જનમાનસને ઓળખવાની આવડત જોઈએ. પછી સૌથી વધારે એ કે નેતૃત્વ કરનારા વ્યક્તિઓ કે તત્ત્વો સફળ ત્યારે જ થઈ શકે છે, જ્યારે તેમની શ્રેષ્ઠતા લોકોમાં પહેલાથી સ્વીકૃત હોય અને જનમતની જમીનમાં તેમના મૂળ ઊંડા હોય. કોઈ નેતૃત્વનું વૃક્ષ હવામાં રોપી શકાતું નથી. કુરૈશના નેતૃત્વની યોગ્યતાઓ અજ્ઞાનતાના તાબે હતી, તો ઇસ્લામની નજરમાં રદબાતલ હતી, પણ હવે જો તેઓ ઇસ્લામ હેઠળ આવીને ઈમાન અને તકવાના ગુણો પ્રાપ્ત કરી શકતી હતી તો હવે તેઓ અમૂલ્ય ધરોહર હતા. હુઝૂર ﷺ એ વિજયી વ્યવહારની સમગ્ર

નીતિ એ ઉદ્દેશ્ય હેઠળ તૈયાર કરી કે ઇસ્લામી વ્યવસ્થા અને ઇસ્લામી આંદોલનને લીડર (નેતા) અને કામના લોકો કુરૈશમાંથી મળી શકે. બળજબરીથી કચડાયેલા અને અપમાનિત કુરૈશ આ જરૂરતને પૂરી કરી શકતા ન હતા.

(૪) દુનિયાની રાજનીતિના કોઈપણ નેતાથી તમે આ પ્રકારની શાનદાર ખુદાપરસ્તી (ઈશપરાયણતા)ની આશા રાખી શકતા નથી, જેનો નમૂનો હુઝૂર ﷺ એ પ્રસ્તુત કર્યો. વિજયી પ્રવેશ થાય છે, તો કોઈ વિજયી ઢોલ-ત્રાંસા નથી, કોઈ ગર્વ અને અહંકાર નથી, કોઈ દાવો નથી, બલ્કે ઊલટું فادخلوا الباب سجدًا (અને દરવાજામાં નતમસ્તક થઈને દાખલ થજો)ની પૂર્તિમાં અલ્લાહના દરબારમાં શિશ ઝૂકી-ઝૂકી જાય છે. અલ્લાહની પ્રશંસાના ગીતો મોઢેથી જારી હોય છે. નારો પણ જીભ પર આવે છે તો અલ્લાહની મોટાઈ અને મહાનતાનો આવે છે. અઝાનો અને નમાઝો તેમજ દુઆઓ મક્કાના વાતાવરણને નૂર (પ્રકાશ)થી ભરી દે છે. પોતાના કોઈ હિત અને સ્વાર્થની પૂર્તિ કરવામાં આવતી નથી; બલ્કે પોતાની અને મુહાજિરોની સંપત્તિ, જે કુરૈશે અન્યાયી રીતે પડાવી લીધી હતી, તે પણ તેમને જ સુપ્રત કરી દેવામાં આવે છે. નબી અકરમ ﷺ ના કેટલાક અન્યાયી ટીકાકારો, જેમણે હુઝૂર ﷺ ના ઇસ્લામી આંદોલનના ખુદાપરસ્તી (ઈશનિષ્ઠા)ના રંગને કેવળ સ્વાર્થનું પ્રદર્શન ઠેરવેલ છે, બલ્કે કેટલાકે તો ખુલ્લંખુલ્લા તેને (નઊઝુબિલ્લાહ) એક ઢોંગ સાબિત કરવાની કોશિશ કરી છે, તેમણે ક્યારેય વિચાર જ નથી કર્યો કે ઢોંગ રચાવનારાઓને જ્યારે ભરપૂર સફળતા મળી જાય છે, તો પછી બધી પોલ ખુલી જાય છે અને સ્વાર્થનો કાચો રંગ ઊડી જાય છે. અલ્લાહ ન કરે, આ કોઈ રાજકીય સ્વાંગ હોત તો મક્કા-વિજયે એ અવસર ઊભો કરી દીધો હતો, જ્યારે મૂળ હકીકત ખુલી જતી અને અલ્લાહની મહાનતાની પોકાર કરવાવાળાઓ એ દિવસે અલ્લાહને બદલે પોતાની મોટાઈનું એલાન કરતા જોવા મળતા. પરંતુ ત્યાં સ્થિતિ એ હતી કે હુઝૂર ﷺ પોતાના વિજયના પ્રવચનમાં સફળતાનો બધો શ્રેય અલ્લાહ તઆલાને આપે છે અને ફરમાવે છે કે તેણે પોતાના બંદાની મદદ કરી.

(૫) હુઝૂર ﷺ એ મક્કા-વિજયના પ્રસંગે ન માત્ર રાજકીય ગુનાઓ માફ કરી દીધા, બલ્કે અમુક વ્યક્તિઓના એવા કાનૂની અપરાધો, જેના પર 'કસાસ' (હત્યા-દંડ) લેવામાં આવવો જોઈતો હતો, તેમની પણ માફી આપી દીધી. આ પુરાવાઓ અને પ્રમાણોને નજર સમક્ષ રાખીને કાનૂની દૃષ્ટિબિંદુથી વર્તમાન યુગની પરિસ્થિતિમાં એ વિચારવું જોઈએ કે ઇસ્લામી વ્યવસ્થામાં સરકારનો વડો સજાઓમાં માફી કે ઘટાડાનો અધિકાર ક્યાં સુધી મેળવી શકે છે.

મક્કા-વિજયની પરિપૂર્ણતા

મક્કા-વિજય ખરા અર્થમાં વિજય ન હોત, અને હોત તો તેને સ્થાયી રાખવો મુશ્કેલ થઈ જતો, જો મક્કાના આસપાસ કુરૈશના જૂના સમર્થકો અને લગભગ સમાન હેસિયત ધરાવતા મજબૂત કબીલાઓના ગઢ પણ જીતી લેવાયા ન હોત. મક્કાનું અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વ જ્યાં સ્વયં પોતે એક ખાસ વજન ધરાવતું હતું, ત્યાં તેની મજબૂતીમાં બનૂ હવાઝન, તાઈફવાસીઓ અને બનૂ સકીફનો પણ મોટો ફાળો હતો. આ જાણે એક જ થડની શાખાઓ હતી. આરબોની તુલનામાં મક્કાની આજુબાજુના કબીલાઓ પણ નેતૃત્વની હેસિયત રાખતા હતા. જો કે કુરૈશની સામે આ હેસિયત ગૌણ સ્વરૂપની હતી. મક્કાની સાથે તેમના મૈત્રીપૂર્ણ રાજકીય સંબંધો પણ પુરાણા હતા. તેમનામાં આર્થિક સંબંધો પણ ગાઢ હતા. લશ્કરી જરૂરિયાતોમાં પણ તેઓ મોટાભાગે એક-બીજાની સાથે હતા અને સભ્યતાની રીતે પણ આ કબીલાઓ ઉચ્ચ વર્ગના લોકો હતા. મક્કા-વિજય જો ખુનામરકી વગર થયો, તો તદ્દન ચમત્કારિક રૂપે થયો, નહિં તો થવાનું એ હતું કે બનૂ હવાઝન અને બની સકીફ તથા તાઈફવાસીઓ બધાજ સંગઠિત શક્તિથી કુરૈશના નેતૃત્વની રક્ષા કરતા. આ પરિસ્થિતિમાં આ યુદ્ધ એક ખૂબ જ સંગીન યુદ્ધ બની જતું. પરંતુ નબી અકરમ ﷺ ની યુક્તિઓ એવી કુશળતાવાળી હતી કે મક્કાવાસીઓને આસપાસથી કોઈ સહયોગ પ્રાપ્ત ન થઈ શક્યો, અને તેઓ એકલા લક્ષ્ય બની ગયા.

હવાઝન કબીલાના નેતા અગાઉથી અનુમાન રાખતા હતા કે શું થવાનું છે. બદ્રથી જે સંઘર્ષનો આરંભ થયો હતો તેની પૂર્તિનું પ્રકરણ પણ સામે આવવાનું બાકી હતું. વધુમાં કુરૈશ તરફથી હુદૈબિયાની સંધિની સમાપ્તિ અને હુઝૂર ﷺ તરફથી શરતો લાવનાર દૂતને મક્કાથી પાછા મોકલી દેવું અને પછી અબૂ સુફિયાનનું સંધિને પુનર્જીવિત કરવામાં નિષ્ફળ રહેવું — આ સમગ્ર ઘટનાક્રમ સારા એંધાણ ધરાવતો ન હતો. તેથી હવાઝન કબીલાના સરદારોએ આખા વર્ષથી શક્તિ વધારવાનું અભિયાન શરૂ કરી રાખ્યું હતું અને તેમણે કબીલાઓમાં પ્રવાસ કરીને ઇસ્લામ વિરુદ્ધ ભાવનાત્મક હલચલ પેદા કરી દીધી હતી. પરંતુ જ્યારે સમય આવ્યો, તો નબી અકરમ ﷺ ની રહસ્યમય હિલચાલથી તેમને ઊંડી ગેરસમજ થઈ. બનૂ હવાઝને સમજ્યું કે દિશા તેમના તરફ છે. તેમણે પોતાના જ વિસ્તારમાં લશ્કરને સંગઠિત કરી રાખ્યું અને જોરશોરથી તૈયારીઓ થવા લાગી.

આ બાજુ ઘટનાનો પ્રવાહ તેમના અનુમાનોથી વિપરીત કોઈ બીજા સ્વરૂપમાં જતો રહ્યો. તેઓ પોતાની જગ્યાએ બેસેલા રહ્યા, અને મક્કાના પતન જેવી મહાન

ઘટના ખૂબ આરામથી ઘટિત થઈ ગઈ. મક્કા-વિજયની અસરો બીજા કબીલાઓ પર તો એ થઈ કે તેમના પ્રતિનિધિ-મંડળો નબી અકરમ ﷺ ની સેવામાં આવીને ઇસ્લામી આંદોલનની છત્રછાયામાં દાખલ થતા ગયા; પરંતુ બનૂ હવાઝન અને બની સકીફ પર મક્કા-વિજયની અસર ઊલટી પડી, કેમ કે એક તરફ તેમને પોતાની માનવ-સંખ્યા, પોતાની આર્થિક શક્તિ અને પોતાની યુદ્ધ-નિપુણતા પર ખૂબ વિશ્વાસ હતો અને બીજી તરફ ઇસ્લામી ક્રાંતિની પ્રતિક્રિયામાં પડીને નિરંતર વિરોધી અને પ્રતિદ્વંદ્વાત્મક કાર્યવાહીઓ કરવાને કારણે તેઓ હવે પોતાના પ્રતિરોધની પૂર્તિ માટે મજબૂર હતા, અને તેમણે છેલ્લી લડાઈ લડવા માટે પોતાની બધી શક્તિ હુનૈન કે ઔતાસ નામની તળેટીમાં (તાઈફ અને મક્કાની વચ્ચે) સમેટી લીધી હતી. માત્ર બનૂ કઅબ અને બનૂ કિલાબ સંપૂર્ણપણે અલગ રહ્યા હતા.

સરવરે આલમ ﷺ ને બનૂ હવાઝનની તૈયારીની જાણ થઈ. આપ ﷺ એ અબ્દુલ્લાહ બિન અબી હદરદ رضي الله عنه ને જાસૂસના રૂપે મોકલીને સાચી માહિતી મેળવી. હવે મુકાબલા માટે તૈયારી થવા લાગી. યુદ્ધની જરૂરિયાતો માટે હુઝૂર ﷺ એ અબ્દુલ્લાહ બિન રબીઆ رضي الله عنه પાસેથી ત્રણ હજાર દિરહમ કરજ લીધું અને મક્કાના ધનવાન સફવાન બિન ઉમૈયા પાસેથી યુદ્ધના શસ્ત્રો (વિશેષરૂપે ૧૦૦ બખ્તર) ઉધાર લીધા. આનાથી અનુમાન લગાવી શકાય છે કે માનવતાના ઉપકારક ﷺ કોઈ અસાધારણ તૈયારીની સાથે નહોતા નીકળ્યા અને આપને પહેલાથી જ કોઈ રક્તપાતનો અંદાજ નહોતો. સ્થળ પર નવી તૈયારીઓની જરૂરત લાગી. કેટલી અનુપમ ઘટના છે કે એક વિજેતા, જેણે આખાય દેશમાં કુરૈશને હરાવી દીધા, અને જે તેમના પાસેથી માલ-સામાન અને શસ્ત્રો બળજબરીથી લઈ શકતો હતો, તેણે સર્વોચ્ચ સ્થાને હોવા છતાં પણ નૈતિક સિદ્ધાંતોની એટલી કાળજી રાખી હતી કે જે કંઈ લીધું કરજ અને ઉધાર લીધું. ઇસ્લામી આંદોલનની વિશિષ્ટતા તેનો આ જ નૈતિક આત્મા હતો.

શવ્વાલ, હિ.૮માં મુસ્લિમ સેના ૧૨૦૦૦ ની સંખ્યામાં મક્કાથી માર્ચ કરે છે. માનવી છેવટે માનવી છે. સત્યના આ સૈનિકોના હૃદયોમાં કોઈ-ને-કોઈ પ્રકારે એ લાગણી ઊભરી કે આજે અમે મક્કાના વિજેતા છીએ. અમારું સંખ્યાબળ વધારે છે, અને અમારા પાસે યુદ્ધની સામગ્રી પણ પુષ્કળ છે. દેખીતી વાત છે કે આવી લાગણી નબળાઈ પેદા કરવાનું કારણ હોય છે. આ લોકોને ખ્યાલ ન રહ્યો કે તેઓ વાસ્તવિક શહેનશાહના સૈનિકો છે, જેને પોતાના બંદાઓ તરફથી અહંકારનો એક અંશ પણ પસંદ નથી. અહંકાર અલ્લાહ અને બંદાઓ વચ્ચે લોખંડી આવરણ બની જાય છે અને અલ્લાહની મદદને બેચેન કરી નાખે એવી અભિલાષા બાકી રહેતી નથી, જે કોઈપણ ઇસ્લામી યુદ્ધનો પ્રાણ હોય છે. આ લાગણી પર થોડીક ક્ષણો માટે

એવી પકડ થઈ કે તે ઐતિહાસિક યાદગાર બની ગઈ અને કુર્આને માનવતા માટે તેને શિક્ષાપ્રદ વાત બનાવી દીધી.

થયું એ કે મુસ્લિમ સેનામાં આ વખતે મક્કાથી એક નવું તત્ત્વ સામેલ થયું હતું. આગળની હરોળમાં હઝરત ખાલિદ બિન વલીદ ﷺ ની આગેવાનીમાં નવમુસ્લિમ યુવાનો હતા, જેમણે જોશમાં પૂરેપૂરી રીતે શસ્ત્ર-સજ્જ થવામાં બેપરવાઈ દાખવી. વધુમાં મક્કાના બાર હજાર 'તલકા' હતા, જેઓ ઇસ્લામી રાજ્યને આધીન તો થઈ ગયા હતા, પણ હજુ સુધી ઇસ્લામ સ્વીકાર્યો ન હતો. વિરોધી પક્ષકારની શ્રેષ્ઠતાનું કારણ એ હતું કે એ લોકો યુદ્ધ-કળાના અત્યંત નિપુણ અને તીર ફેંકવામાં આખા આરબ પ્રદેશમાં વખણાતા હતા. તેમણે મેદાનના ઉત્તમ ભાગ પર કબજો પણ અગાઉથી કરી લીધો હતો, યોગ્ય મોરચાઓ સંભાળી રાખ્યા હતા તથા ટીલાઓ અને તળેટીઓ અને ગુફાઓમાં તીરંદાજ ટુકડીઓ છુપાવી રાખી હતી.

પહેલા જ હુમલામાં જ્યારે અચાનક દરેક બાજુથી તીરોની વર્ષા થઈ, તો આગળની હરોળ વિખેરાઈ ગઈ. તેના સાથે જ ગભરાટમાં મુસ્લિમ સેનાની તમામ ટુકડીઓ વેરવિખેર થવા લાગી. એક સમય આવ્યો કે હુઝૂર ﷺ પોતાની જગ્યાએ એકલા ઊભા રહી ગયા. આ ક્ષણ એ ક્ષણોમાંથી એક છે, જેની સંગીનતાએ હુઝૂર ﷺ ના દૃઢ નિર્ધાર અને બહાદુરી તેમજ ભરોસા અને વિશ્વાસની સાક્ષી આપી. આપ ﷺ એ હિંમતથી સાથીઓને પોકાર્યા અને સવારી પરથી ઉતરીને રાજાને છાજે એવા પ્રતાપી અને પ્રકોપિત અંદાજમાં ફરમાવ્યું :—

انا النبی لا کذب   انا ابن عبد المطلب

હઝરત અબ્બાસ ﷺ એ નજીકથી જ સાદ પાડ્યો - یامعشر الانصار! یااصحاب الشجرہ!! — આટલું સાંભળવું હતું કે ચોતરફથી મુસલમાનો દોડ્યા અને પોતાના મુખ્ય કેન્દ્રના આસપાસ એકઠા થઈ ગયા. પછી જે લડ્યા તો જોત-જોતામાં રંગ બદલાઈ ગયો ! દુશ્મનના સિત્તેર માણસો માર્યા ગયા અને જ્યારે તેમનો મુખ્ય માણસ માર્યો ગયો, તો તેઓ ટકી ન શક્યા અને વેરવિખેર થઈ ગયા. પરાજિત સેનાનો એક ભાગ 'ઔતાસ'ના કિલ્લામાં જઈને સંતાઈ ગયો. અબૂ આમિર અશ્અરી ﷺ નાની ટુકડી લઈને ગયા. દુશ્મનો હજારોની સંખ્યામાં હતા. અબૂ આમિર અશ્અરી ﷺ પોતે શહીદ થઈ ગયા, પરંતુ ઇસ્લામી ટુકડીએ બાજી જીતી લીધી.

તાઈફ ખૂબ જ સુરક્ષિત સ્થળ હતું, કેમ કે તેના ચારે તરફ કોટ હતો. આ કોટનું સમારકામ કરી નાખવામાં આવ્યું હતું અને વર્ષભરનો અનાજનો પુરવઠો

અગાઉથી જમા હતો. શસ્ત્ર-સરંજામ પુષ્કળ હતો. હુઝૂર ﷺ નું મૂળ લક્ષ્ય આ જ કેન્દ્રીય સ્થળ હતું. પરંતુ ક્રમ એવો અપનાવવામાં આવ્યો કે બનૂ હવાઝનની મદદથી તાઈફવાસીઓને વંચિત કરી દીધા. અલબત્ત, પરાજિત લોકો અહીં જ આવી ગયા હતા. રસ્તામાં 'લિયા' નામનો એક નાનો ગઢ પણ ધ્વસ્ત કરી નાખવામાં આવ્યો. તાઈફ પર હુમલો એવી દિશાથી કરવામાં આવ્યો, જેની કલ્પના પણ તાઈફવાસીઓને આવી નહીં હોય. હઝરત ખાલિદ ؓ એક ટુકડી લઈને પહેલાથી જ રવાના થયા. પાછળથી હુઝૂર ﷺ પોતે આખી સેના લઈને પહોંચ્યા. આ પહેલો પ્રસંગ હતો કે કિલ્લો તોડવા માટે 'મન્જનિક' (ગોફણ જેવું શસ્ત્ર) અને 'દબાબા' (એક પ્રકારની ટેંક)નો ઉપયોગ કરવામાં આવ્યો. હુઝૂર ﷺ એ અમુક વ્યક્તિઓને 'જુરશ' નામના સ્થળે કિલ્લો તોડવાના વજનદાર સાધનો અંગેનું પ્રશિક્ષણ મેળવવા માટે મોકલ્યા હતા. 'જુરશ' આ સાધનોના ઉદ્યોગનું કેન્દ્ર હતું (અને આ ઉદ્યોગ પર સંભવતઃ યહૂદીઓનો કબજો હતો). પરંતુ અંદરથી સૈનિકો પર તોફાની તીરંદાજીની સાથે કિલ્લો તોડવાના સાધનોને નુકસાન પહોંચાડવા માટે લોખંડના ગરમ સળિયાઓ પણ વરસાવવામાં આવ્યા. ઘણા મુસ્લિમ સૈનિકો ઘાયલ થયા અને સેનાને પાછળ હટવું પડ્યું.

હુઝૂર ﷺ એ નૌફલ બિન મુઆવિયા ؓ સાથે ખાસ મસ્લત કરી. તેણે એ રસપ્રદ જવાબ આપ્યો કે શિયાળ ગુફામાં ઘૂસી ગયું છે. કોશિશ ચાલુ રાખો તો કાબૂમાં આવીને રહેશે અને જો તેને તેના હાલ પર છોડી દઈએ તો કોઈ મોટો ખતરો પણ નથી. આ યોગ્ય સલાહના પ્રકાશમાં હુઝૂર ﷺ એ વિચાર્યું કે તાઈફ ઇસ્લામના આધીન આવેલ આરબોની વચ્ચે એક વિરોધી મથક બનીને તો રહી શકતું નથી. તેને જો અત્યારે આધીન કરી લેવામાં આવ્યું તો બે તરફનું નુકસાન થશે, અને જો છોડી દેવામાં આવ્યું તો સંજોગો તાઈફવાસીઓના અંદર અનુપાલનની સ્વૈચ્છિક લાગણી ઉભારશે, બલ્કે હૃદયોના દ્વાર ઇસ્લામની ક્રાંતિકારી વિચારધારા માટે ખુલી જશે. તેથી આપ ﷺ એ દીનના હિત અને તાઈફવાસીઓના કલ્યાણને ધ્યાનમાં રાખીને ઘેરો ઉઠાવી લીધો. આ એક ખૂબ જ સ્પષ્ટ પુરાવો છે કે હુઝૂર ﷺ રક્તપાતથી બચવાની કેટલી ચિંતા કરતા હતા.

સાથીઓએ કહ્યું કે આ લોકો માટે બદ્-દુઆ (અભિશાપની પ્રાર્થના) કરો, પરંતુ આપ ﷺ એ આ દુઆ કરી - (હે અલ્લાહ ! તું સકીફને સન્માર્ગની પ્રેરણા આપ અને તેમને અમારા સાથે મેળવી દે.) આ દુઆ એ તાઈફના રહેવાસીઓ માટે કરવામાં આવી રહી હતી, જેણે એક દિવસ પથ્થરો મારી-મારીને હુઝૂર ﷺ ના

લોહીથી પોતાની શેરીઓની માટી લાલ કરી હતી. આ દુઆ પણ એ જ દયાથી છલોછલ મનનું પ્રતિબિંબ છે, જેણે બળથી જ્યાં પણ કામ લીધું, વિવશ થઈને લીધું પરંતુ જેણે દરગુજર અને ઉપકારનો સમુદ્ર વહાવવામાં ક્યાંય કોઈ કસર નથી કરી.

'જઅ્રાના'માં અઢળક માલે-ગનીમત — ૨૪ હજાર ઊંટ, ૪૦ હજાર બકરીઓ, ૪ હજાર ઔકિયા (આશરે ૧૧૫ કિલો) ચાંદી — જમા હતો. તેમાંથી કુર્આનના કાનૂન અનુસાર પાંચમો ભાગ સમાજના જરૂરતમંદ વર્ગો અને સામૂહિક જરૂરિયાતો માટે 'બૈતુલમાલ' (રાજ્ય-કોષ)માં લેવામાં આવ્યો, અને બાકીનો ભાગ સેનામાં વહેંચી દેવામાં આવ્યો. ઉપરાંત, એ વાત કે આ પદ્ધતિ પ્રતિદ્વંદ્વીની આર્થિક શક્તિ અને યુદ્ધ-શક્તિને ઓછી કરવાનું સાધન હતી, સેંકડો વર્ષોથી એક જગ્યાએ સમેટાઈને પડેલ દોલતની બંધિયાર નદીને પહેલી વાર વહેવાનો અવસર મળ્યો અને ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગની કબીલાઓની પુરાણી આર્થિક અસમાનતા પણ દૂર થવા લાગી.

કુર્આને હૃદય જીતવાની જે જોગવાઈ રાખી છે, તેના હેઠળ હુઝૂર ﷺ એ મક્કાના રહેવાસીઓ અને તેમના આગેવાનોને ઉદારતાથી તે વખતે ખૂબ માલ આપ્યો. હેતુ એ હતો કે તેમનાં જખમો પર મલમ લગાવી શકાય. તેમનાથી વધારે દુર્ભાગી આકાશની નીચે તે વખતે કોણ હશે, જેમના નેતૃત્વના તખ્ત ઊંધા થઈ ગયા હતા અને જેમના માટે ઇતિહાસના સમગ્ર વાતાવરણે જ રંગ બદલી નાખ્યો હતો, તેમની ભાવનાઓની સ્થિતિ શું હશે, જ્યારે તેઓ સરવરે આલમ ﷺ ના સગા હોવા છતાં પાછળની પંક્તિઓમાં ઊભા હતા તથા અન્સાર અને મુહાજિરો હુઝૂર ﷺ ના સાથી અને મદદગાર બનેલા હતા. અલ્લાહના કાનૂનની અદાલતે વીસ વર્ષ લાંબા કેસનો ચુકાદો સંભળાવ્યો અને આ કેસમાં પોતાનું સર્વસ્વ લગાવીને કુરૈશ તદ્દન હારી ગયા હતા. તેમનાથી વધારે દુઃખી એ દિવસે કોણ હશે ? તેમના જખમો પર જો ઉપકારનું મલમ લગાવવામાં ન આવે, તો તેમની પીડા વારંવાર દબાયેલ વૈમનસ્યનો ભાવ પેદા કરતી રહેતી, અને તેઓ અનિચ્છાએ અનુપાલક રહીને ઇસ્લામી રાજ્યના હેતુઓને અંદરથી પાયમાલ કરવાનું કારણ બનતા. કેવો વિચિત્ર માહોલ હશે કે અબૂ સુફિયાન, હકીમ બિન હિઝામ, નઝર બિન હારિસ, સફવાન બિન ઉમૈયા, અકરઅ બિન હાબિસ અને તેમના જેવા બીજા આગેવાનો એ જ વ્યક્તિના હાથે આજે પ્રદાન પ્રાપ્ત કરી રહ્યા હતા — જેને તેમણે વર્ષો સુધી ગાળો આપી હતી, જૂઠો કહ્યો હતો, મજાક અને મહેણા-ટોણાનું લક્ષ્ય બનાવ્યો હતો, શારીરિક ઇજાઓ આપી હતી, કેદમાં નાખ્યો હતો, મારી નાખવાની કોશિશ કરી હતી, ઘરથી કાઢ્યો હતો અને જેના વિરુદ્ધ તલવાર ઉઠાવીને તેને સુખ-ચેનની એક

પળ વિતાવવાની તક આપી નહોતી. માનવ-ગૌરવના આવા કેટલા ઉદાહરણો ઇતિહાસના અઢળક ભંડારોમાં મળે છે !!

અન્સારે જ્યારે દયાના સાગરને કુરૈશ માટે ઉછળતો જોયો, તો તેમના કેટલાક તત્ત્વો થોડી વાર માટે નિમ્ન કક્ષાની લાગણીઓની લપેટમાં આવી ગયા. તેમનો અભિપ્રાય એ હતો કે કદાચ હુઝૂર ﷺ વંશીય અને વતની સંબંધના કારણે આ લોકોને નવાજી રહ્યા છે અને અમને પાછા ધકેલી દીધા છે. કહેવામાં આવ્યું કે સત્યના સમર્થનમાં જીવ જોખમમાં નાખવા માટે તો અમે હતા અને અમારી તલવારોથી લોહી ટપકી રહ્યું છે, પણ દાદ અને કદરના સમયે કુરૈશ અમારા કરતાં વધારે પ્રિય અને ચઢિયાતા થઈ ગયા છે !

આમ વિચારનારાઓએ એ ન વિચાર્યું કે હુઝૂર ﷺ એ પોતાના 'એહલે બૈત' (પરિવારજનો) પર આ વર્ષા નહોતી કરી. કુરબાનીઓ આપવાવાળા નજીકના સગા મુહાજિરો સુદ્ધાંને નહોતા નવાજ્યા. પોતે પણ કોઈ વિશેષ લાભ નહોતો મેળવ્યો. તો પછી જો કુરૈશની સાથે આ વિશિષ્ઠ વ્યવહાર કરવામાં આવી રહ્યો હતો તો તેનો આધાર કયા મહાન હેતુ માટે હશે ?

વાત હુઝૂર ﷺ સુધી પહોંચી, જેમ કે આખી ઘટના અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ, તો એક શામિયાણું બાંધવામાં આવ્યું અને અન્સારને એકઠા કરવામાં આવ્યા. હુઝૂર ﷺ એ તેમના સામે હૃદયદ્રાવક સંક્ષિપ્ત પ્રવચન કર્યું (આ પ્રવચન અમે અગાઉ નોંધી ચૂક્યા છીએ), જેનું છેલ્લું વાક્ય એ હતું કે, ''હે અન્સાર ! શું તમને એ પસંદ નથી કે બીજા લોકો તો ઊંટ અને બકરીઓ લઈ જાય અને તમે મુહમ્મદ (ﷺ)ને સાથે લઈને જાવ.'' આટલું સાંભળતાં જ અન્સારની આંખોમાંથી આંસુઓ વહી-વહીને દાઢીઓને પલાળી રહ્યા હતા. છેલ્લી વાત સાંભળીને તેઓ પોકારી ઉઠ્યા, ''અમને તો માત્ર મુહમ્મદ ﷺ જોઈએ છે.'' પછી આપ ﷺ એ તેમને વિનમ્રતાથી એ હેતુ સમજાવ્યો, જેના હેઠળ કુરૈશના દિલ ખુશ કરવા જરૂરી હતા.

આ તરફ ૬૦૦૦ યુદ્ધ-કેદીઓ ભાગ્યના નિર્ણયની રાહ જોઈ રહ્યા હતા. હુઝૂર ﷺ આખા બે અઠવાડિયા સુધી રાહ જોતા રહ્યા કે કોઈ તેમના વિશે આવીને કદાચ વાતચીત કરે. માલે-ગનીમતની વહેંચણી પણ તેના માટે રોકી દેવામાં આવી હતી. પરંતુ જ્યારે કોઈ ન આવ્યું, તો વહેંચણી કરી દેવામાં આવી. વહેંચણી પછી હલીમા સઅ્દિયા (હુઝૂર ﷺ ના દૂધ-માતા)ના કબીલાના પ્રતિષ્ઠિત લોકોનું પ્રતિનિધિ-મંડળ ઝહીર બિન સરદની આગેવાનીમાં કેદીઓ વિશે વાતચીત કરવા હાજર થયું. ઝહીરે હુઝૂર ﷺ ને સંબોધીને ખૂબ પ્રભાવશાળી પ્રવચન આપ્યું અને કહ્યું :—

''જે સ્ત્રીઓ ઝુંપડાઓમાં કેદ છે, તેમાં તારી ફોઈઓ છે. તેમાં તારી માસીઓ છે. અલ્લાહના સોગંદ ! જો આરબ પ્રદેશના સુલતાનોમાંથી કોઈએ અમારા પરિવારમાં દૂધ પીધું હોત, તો તેમનાથી ઘણી આશાઓ હોત. તારાથી તો અમને તેનાથી પણ વધારે આશાઓ છે.''

હુઝૂર ﷺ એ સ્પષ્ટતા કરી કે હું તો પોતે રાહ જોઈ રહ્યો હતો કે કોઈ આવે. મજબૂરીથી વહેંચણી કરી દેવામાં આવી. હવે જે કેદીઓ બની હાશિમના ભાગમાં આવ્યા છે, તેમને હું તમારા હવાલે કરું છું, બાકી કેદીઓ માટે મુસલમાનોની જાહેર સભામાં નમાઝ પછી વાત કરજો. નમાઝ પછી ઝહીરે પોતાની દરખાસ્ત દોહરાવી. આપ ﷺ એ ફરમાવ્યું, ''મને માત્ર મારા પરિવાર પર અધિકાર છે. અલબત્ત, હું તમામ મુસલમાનોથી ભલામણ કરું છું.'' તરત જ મુહાજિરો અને અન્સાર બોલી ઉઠ્યા કે અમારો ભાગ પણ હાજર છે. માત્ર બની સલીમ અને અને બની ફુઝારા માટે આ અનુભવ ખૂબ અનોખો હતો કે લડીને પરાજિત થવાવાળા દુશ્મનના કેદીઓને મફતમાં મુક્ત કરી દેવામાં આવે. છેવટે હુઝૂર ﷺ એ તેમને એક કેદી દીઠ ૬ ઊંટ આપીને બાકીનાઓને મુક્ત કરી દીધા. પૂરા ૬ હજાર કેદીઓ સ્વતંત્ર થઈ ગયા. કેટલાય કેદીઓને હુઝૂર ﷺ એ કપડાં પણ આપ્યા. સામાન્ય વિજેતાઓથી વિપરીત ન માત્ર કેદીઓને જીવનદાન આપ્યું, બલ્કે 'ફિદયા' (અર્થ-દંડ) વગર તેમને ઉપકારવશ મુક્ત કરાવી દીધા. ખરો હેતુ અહીં માત્ર સત્યની વ્યવસ્થાની સ્થાપના અને હૃદયોને તેના માટે સાનુકૂળ કરવાનો હતો.

આ કૂચથી નિવૃત્ત થઈને આપ ﷺ એ ઉમરા કર્યો અને ઇતાબ બિન ઉસૈદને અમીર (વડા)નો હોદ્દો સોંપ્યો અને મદીના પાછા તશરીફ લઈ ગયા.

મક્કા-વિજય પછી

અમારી દૃષ્ટિએ આરબ પ્રદેશમાં આંતરિક રીતે ક્રાંતિ-વિરોધી ખંડનાત્મક શક્તિનું માથું આ યુદ્ધથી સંપૂર્ણપણે કચડી નાખવામાં આવ્યું. હવે જાણે ઇસ્લામી વ્યવસ્થા નિશ્ચિતરૂપે આરબ પ્રદેશ માટે સૌભાગ્ય બની ગયું, અને કોઈ અન્ય માટે આગળ વધવાનો કોઈ માર્ગ બચ્યો નહીં. અમુક નાની-નાની કાર્યવાહીઓ બચી ગયેલા તોફાની તત્ત્વોને દબાવવા તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવી. પરંતુ તેમનું કોઈ ખાસ મહત્ત્વ નથી.

બનૂ તમીમ કબીલાએ બીજા કબીલાઓને બહેકાવીને ઇસ્લામી રાજ્યને મહેસૂલની ચૂકવણીને અટકાવી દીધી. આ જાણે એક વિદ્રોહી પગલું હતું. ઉયૈયના

બિન હસન ﷺ ને ૫૦ સવારોની સાથે મોકલવામાં આવ્યા. હુમલો થતાં જ બની તમીમ ભાગી ગયા. કેટલાક કેદીઓને મદીના લાવવામાં આવ્યા અને પાછળથી છોડી મૂકવામાં આવ્યા.

ખશ્અમ કબીલા (કબાલા તરફ)એ બળવાની તૈયારી કરી. કતબા બિન આમિર ﷺ ની આગેવાનીમાં ૨૦ સૈનિકોની નાનકડી ટુકડી તેમને ઝેર કરવા મોકલવામાં આવી. વિદ્રોહીઓ વેરવિખેર થઈ ગયા. કેટલાક લોકોને કેદી બનાવવામાં આવ્યા. પરંતુ હુઝૂર ﷺ એ પાછળથી તેમને મુક્ત કરી દીધા.

બનૂ કલાબ તરફ હઝરત ઝહાક ﷺ ને મોકલવામાં આવ્યા હતા. તેમના સાથે ઉસૈદ બિન સલમા ﷺ પણ હતા, જેમનો સંબંધ આ જ કબીલા સાથે હતો. કદાચ આ ઇસ્લામનું આમંત્રણ આપનાર અને શૈક્ષણિક પ્રતિનિધિ-મંડળ હતું. કબીલાવાળાઓએ તેમના વિરુદ્ધ હથિયાર ઉઠાવ્યા. ઉસૈદ ﷺ ના પિતા માર્યા ગયા. વધારે વિગત મળી શકી નથી.

સમાચાર આવ્યા કે હબ્શાના કેટલાક સમુદ્રી ડાકુઓ જિદ્દામાં એકઠા થયા છે. અબ્દુલ્લાહ બિન હુઝાફા કુરૈશી ﷺ (અથવા ઇલ્કિમા બિન મુજઝ્ઝઝ) ૩૦૦ માણસોની ટુકડી લઈને રવાના થયા. ડાકુઓ ભાગી ગયા.

રબીઉલ આખિર, હિ. ૯ માં હઝરત અલી ﷺ ને દોઢસો સવારો સાથે બની તૈ કબીલામાં મોકલવામાં આવ્યા કે ત્યાંના મોટા મૂર્તિ-ઘરને પાડી નાખે. અહીં એ વાતની સ્પષ્ટતા કરી દેવી જરૂરી છે કે મદીનાનું ઇસ્લામી રાજ્ય એક સૈદ્ધાંતિક અને ધ્યેયલક્ષી રાજ્ય હતું અને તે જે મૂળભૂત આસ્થા પર સ્થાપિત હતું તેના વિરુદ્ધ વ્યક્તિગત આસ્થાઓને તે ચલાવી શકતું હતું, પરંતુ આ મૂળભૂત આસ્થાના વિરુદ્ધ તે કોઈ સામૂહિક સંસ્થાને કેવી રીતે ચાલવા દઈ શકતું હતું. વધુમાં જ્યારે કે અજ્ઞાનતાપૂર્ણ આરબોની ધાર્મિક અને સાંસ્કૃતિક વ્યવસ્થામાં ત્યાંની મૂર્તિઓ મુખ્ય પ્રેરક-બળની હેસિયત રાખતી હતી અને તેની ધારણાઓથી એવો માનસિક ઉશ્કેરાટ પેદા થતો હતો, જે અજ્ઞાનતા-પ્રિય લોકોને ઉશ્કેરીને ઇસ્લામી રાજ્ય વિરુદ્ધ સક્રિય કરતી હતી અને એ મૂર્તિઓના નામે મોટી-મોટી લડાઈઓ લડવામાં આવી ચૂકી હતી, તો આ વિશેષ પરિસ્થિતિમાં કેવી રીતે સંભવ હતું કે અજ્ઞાનતાપૂર્ણ મૂર્તિ-ઘરોને સામૂહિક સંસ્થાની હેસિયતે કાયમ રહેવા દેવામાં આવે અને અનેકેશ્વરવાદી આસ્થાની વ્યવસ્થાને અવસર આપવામાં આવે કે તે વારંવાર પ્રતિક્રિયાત્મક પ્રતિરોધ માટે ભાવનાત્મક ઉશ્કેરાટ પેદા કરતી રહે. આ મૂર્તિઓ વાસ્તવમાં એક પ્રચલિત માનસિકતાનો નમૂનો અને એક અસત્ય જીવન-રીતિનું પ્રતીક (Symbol) હતી.

આ પગલું કોઈ માન્ય ધાર્મિક લઘુમતીના અધિકારોમાં હસ્તક્ષેપનું સ્વરૂપ નહોતું રાખતું, બલ્કે ઇસ્લામી રાજ્યને અવરોધરૂપ ખ્યાલોના પ્રદર્શનથી રાજકીય વાતાવરણને શુદ્ધ કરવાનું એક અનિવાર્ય પગલું હતું. વધુમાં મામલો કેવળ વૈચારિક હદ પૂરતો ખરેખર હતો પણ નહીં. તે કબીલો અનેકેશ્વરવાદી જીવન-કલ્પનાથી અભિભૂત થઈને વિદ્રોહી વર્તન પોતાનામાં પાળી-પોષી ચૂક્યો હતો. મદીના વિરુદ્ધ લડવાના ઇરાદાઓ અંદર-ને-અંદર સળવળી રહ્યા હતા. આ બાબતનો સ્પષ્ટ પુરાવો એ છે કે હાતિમના પ્રસિદ્ધ પરિવારમાં સ્વયં અદી બિન હાતિમે આ જ હેતુસર સવારી અને શસ્ત્રોની વ્યવસ્થા ખૂબ પહેલા કરી લીધી હતી. આવા તો બીજા ઘણા લોકો હશે.

આમ, હઝરત અલી ﵁ એ 'કુલ્સ' નામના સ્થળે પહોંચીને વહેલી સવારે હુમલો કર્યો. અદી બિન હાતિમ સીરિયા ભાગી ગયો, જેથી ત્યાંથી થોડીક શક્તિ ઉપલબ્ધ કરે. કબીલાના લોકોએ સામાન્ય વિરોધ કર્યો. મૂર્તિ-ઘરને તોડી નાખવામાં આવ્યું. કેદીઓ, પશુઓ અને થોડાક શસ્ત્રો હાથ લાગ્યા. અદી બિન હાતિમની બહેન પણ કેદમાં આવી. રસૂલુલ્લાહ ﷺ ની સામે તેણે દર્દભર્યા અંદાજમાં પોતાનું દુઃખ સંભળાવ્યું કે, ''મારો પિતા મરી ગયો, મારો પતિ મને છોડીને ભાગી ગયો. હું વૃદ્ધ છું અને કોઈ સેવા કરી શકું એમ નથી. મારા પર ઉપકાર કરો, અલ્લાહ આપના ઉપર ઉપકાર કરશે.'' હુઝૂર ﷺ એ તેની ઇચ્છા અનુસાર તેના માટે સવારીનો પ્રબંધ કર્યો અને આઝાદ કરીને રવાના કરી દીધી. આ મહિલાએ જઈને ભાઈની સામે હુઝૂર ﷺ ના ઉત્તમ આચરણ અને ઉદારતાની વાત કહી સંભળાવી કે તદ્દન તારા પિતા જેવી ઉદારતા જોઈને આવી છું. ફલાણો આવ્યો તો તેના પર આ ઉપકાર કર્યો અને ફલાણાને રજૂ કરવામાં આવ્યો તો આ એનાયત કર્યું. તમે તેનાથી લડવાનો વિચાર છોડી દો, પોતે ત્યાં જાઓ અને લાભ ઉઠાવો. આમ, પછી થોડાક સમયમાં જ અદી બિન હાતિમ મદીના આવીને ઇસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયો.

બે વિદેશી યુદ્ધો

હુઝૂર ﷺ ના શુભ-કાળમાં મૂળ કામ તો દેશની આંતરિક એકતા અને ક્રાંતિની પરિપૂર્ણતાનું જ થયું. પરંતુ આપ ﷺ એ આસપાસના શાસકોને ઇસ્લામનું આમંત્રણ આપતા સંદેશાઓ મોકલીને તેહરીક (આંદોલન)ના વૈશ્વિક યુગનો પણ જાણે આરંભ કરી દીધો હતો. હુઝૂર ﷺ એ વિભિન્ન દેશોમાં પોતાના દૂત રવાના કર્યા. એક દૂત હારિસ બિન ઉમૈર ઉઝદી ﵁ ને સીરિયા કે બુસરા મોકલ્યા હતા. તેમની હિરકલના નાયબ ખ્રિસ્તી ગવર્નર શરજીલ બિન ઉમરૂ ગસ્સાનીએ રસ્તામાં જ હત્યા કરી નાખી.

આ મૂળભૂત માનવીય નૈતિકતા અને સમયના આંતરરાષ્ટ્રીય કાનૂનનું એવું ઉલ્લંઘન હતું કે તેને જો કોઈ રાજ્ય ચુપચાપ સહન કરી લે તો પછી આવા રાજ્યનું કોઈ વજન બાકી નથી રહી શકતું. હિ.૮ માં હુઝૂર ﷺ એ ત્રણ હજાર સૈનિકોને પોતાના સ્વતંત્ર કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારસા رضي الله عنه ની આગેવાનીમાં સીરિયાના 'બલ્કા' નામના વિસ્તાર તરફ રવાના કર્યા. આ ઘટના સ્વયં ઇસ્લામી ક્રાંતિનું પ્રતિબિંબ હતી કે એક વ્યક્તિ ગુલામીના સ્થાનથી ઉપર ઉઠીને સેનાના સેનાપતિ સુધી જઈ પહોંચ્યો. (સ્પષ્ટ રહે કે આમના જ સુપુત્ર હઝરત ઉસામા رضي الله عنه ને પણ હુઝૂર ﷺ એ અંતિમ કૂચ માટે સેનાના સેનાપતિ બનાવ્યા હતા.) આ સેનાને હુઝૂર ﷺ વિદાય કરવા પોતે જાતે 'સનિયતુલ વિદાઅ' નામના સ્થળ સુધી ગયા. સેના 'મઆન' નામના સ્થળ પર પહોંચી તો ખબર પડી કે આ દિવસોમાં હિરકલ પ્રવાસમાં આવેલો છે અને તેના સાથે પોતાની પણ ખૂબ મોટી સેના છે, અને બની લખમ, બની જઝામ અને બિલ્કીન તેમજ બહરાના ખ્રિસ્તીઓ દરેક બાજુથી એકત્ર થયા છે. કુલ સંખ્યા એક લાખ હશે. પરિસ્થિતિ પર વિચાર કરવામાં આવ્યો. અંતે પાછા જવાનો પ્રસ્તાવ રદ થઈ ગયો અને પરિણામને અલ્લાહને સુપ્રત કરીને યુદ્ધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આગળ વધ્યા તો 'મશારફ' નામના સ્થળે દુશ્મનની ખૂબ મોટી સેના જમા હતી. ઘમાસાણ યુદ્ધ થયું. હઝરત ઝૈદ બિન હારસા رضي الله عنه શહીદ થયા અને ધ્વજ હઝરત જાફર رضي الله عنه એ સંભાળ્યો. તેમનો જમણો હાથ કપાઈ ગયો, તો ધ્વજ ડાબા હાથમાં લીધો. ડાબો હાથ પણ કપાઈ ગયો તો છાતી પર તેને સંભાળી રાખ્યો. છેવટે ૯૦ ઘા ખાધા પછી શહીદ થઈ ગયા. તેમના પછી રસૂલુલ્લાહ ﷺ એ નિર્ધારિત કરેલ ક્રમ અનુસાર હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضي الله عنه ધ્વજવાહક બન્યા. જ્યારે તેઓ પણ શહીદ થઈ ગયા, તો સર્વસંમતિથી હઝરત ખાલિદ બિન વલીદ رضي الله عنه એ ધ્વજ સંભાળ્યો અને એટલી હિમંતથી લડ્યા કે તેમના હાથથી એક-પછી-એક ૯ તલવારો તૂટી ગઈ. છેવટે દુશ્મનની સેનાએ પીછેહઠ કરી અને હઝરત ખાલિદ رضي الله عنه પોતાની સેનાને બચાવીને કાઢી લાવ્યા. કુલ ૧૨ મુસ્લિમ સૈનિકો શહીદ થયા, જેમાં અત્યંત કીમતી હસ્તીઓ સામેલ હતી.

મુસલમાનોએ હંગામીરૂપે પોતાના વિજય પર સંતોષ માન્યો, કેમ કે દુશ્મનની સંખ્યા ખૂબ વધારે હતી, પરાયો દેશ હતો, સંજોગો નવા હતા. ખાદ્ય પુરવઠાનો પ્રબંધ કરવો મુશ્કેલ હતું. કુમકની આશા પણ કરી શકાતી નહોતી. તેથી આ સેના મદીના પાછી આવી ગઈ. હુઝૂર ﷺ અને મુસલમાનો મદીનાથી બહાર આવીને મળ્યા. કેટલાક લોકોએ રમૂજમાં આ લોકોને 'હે ભાગેડુઓ !' કહીને સંબોધ્યા. હુઝૂર ﷺ ફરમાવ્યું, ''આ લોકો ફરારી નથી, 'કરારી' છે ! (બહાદુર છે).'' એટલે

કે ફરી વાર જશે. હઝરત ખાલિદ ﷺ એ આ લડાઈમાં જે બહાદુરી દર્શાવી હતી તેને લઈને તેમને 'સૈફુલ્લાહ' (અલ્લાહની તલવાર)નો ખિતાબ આપવામાં આવ્યો.

આ જ અનુસંધાનની બીજી કડી 'ગઝવએ તબૂક' (તબૂકનું યુદ્ધ) છે.

મક્કા-વિજય પછી રજબ, હિ.૯માં સીરિયાથી આવનારા એક કાફલાએ જાણકારી આપી કે કૈસર (રોમના બાદશાહ)ની સેનાઓ મદીના પર હુમલો કરવાની તૈયારી કરી રહી છે. કૈસર એ વિશાળ સામ્રાજ્યનો સત્તાધીશ હતો, જે આસપાસની અડધી દુનિયા પર ફેલાયેલું હતું અને જેણે થોડા સમય પહેલા જ ઈરાન જેવા દેશને હરાવ્યો હતો. માનવતાના ઉપકારક ﷺ અને મુસ્લિમ સમુદાયે દુનિયામાં ઈમાન અને નીતિમત્તાનો પ્રકાશ ફેલાવવા માટે એક મિનારો તૈયાર કર્યો હતો, તેઓ તેને હવે કેવી રીતે નષ્ટ થવા દઈ શકતા હતા ? આ જ તેમનો દીન (ધર્મ) હતો, આ જ તેમની દુનિયા હતી, આ જ તેમની બિરાદરી હતી, આ જ તેમની ધરોહર હતી. તરત જ સુરક્ષાની તૈયારી શરૂ થઈ ગઈ. નક્કી થયું કે કૈસરની સેના આરબ પ્રદેશમાં ઘૂસે એ પહેલાં જ તેને અટકાવવામાં આવે, જેથી આ ભૂમિ પર વિનાશ ન સર્જાય. ગરમીની ઋતુ હતી, દુષ્કાળનો જમાનો અને ગરીબીની સ્થિતિ હતી. હુઝૂર ﷺ એ યુદ્ધ માટે ફાળાની અપીલ કરી. આ અપીલનો એવો યાદગાર પ્રતિભાવ મુસ્લિમ સમુદાયે આપ્યો કે તેની યાદ માત્ર પણ માનવતાને એક મૂલ્યવાન ભાવનાથી સંપન્ન કરતી રહેશે. હઝરત ઉસ્માન ﷺ એ ૯૦૦ ઊંટ, ૧૦૦ ઘોડા અને ૧૦૦૦ દીનાર આપ્યા. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ﷺ એ ૪૦૦૦૦ દિરહમ આપ્યા. હઝરત ઉમર ﷺ એ પોતાના માલનો મોટો ભાગ લાવીને ઢગલો કરી દીધો. હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ આવ્યા, તો આખું ઘર ખાલી કરીને પોતાનું સર્વસ્વ હાજર કરી દીધું, અને ઈન્ફાક (અલ્લાહના માર્ગમાં ખર્ચ)ની સ્પર્ધામાં સૌથી આગળ નીકળી ગયા. પરંતુ કદાચ સૌથી મોટું બલિદાન એ ગરીબ મહેનતકશ અન્સારીનું હતો, જેણે આખો દિવસ પાણી ખેંચી-ખેંચીને ચાર શેર ખજૂરો કમાવી, તેમાંથી બે શેર ખજૂર પોતાના પત્ની-બાળકો માટે મૂકીને બે શેર હુઝૂર ﷺ ના ચરણોમાં નાખી દીધી. હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે આ ખજૂરોને કીમતી માલ-સામાનના આખા ઢગલા પર વિખેરી દો — સ્ત્રીઓએ જિહાદના ફાળામાં પોતાના ઘરેણાઓ પ્રસ્તુત કર્યા.

૩૦ હજાર સેના, ૧૦ હજાર ઘોડાઓની સાથે રવાના થઈ. 'સનિયતુલ વિદાઅ'માં ટુકડીઓ બનાવવામાં આવી. કમાન્ડરો નિમવામાં આવ્યા અને ધ્વજની વહેંચણી કરવામાં આવી. 'તબૂક' પહોંચ્યા તો ખબર પડી કે દુશ્મને આરબ પ્રદેશ પર હુમલો કરવાનું માંડી વાળ્યું છે. વાસ્તવમાં તેમને કોઈએ ખોટા સમાચાર આપ્યા

હતા કે મદીનાના પયગંબર (નઊઝુબિલ્લાહ)નું અવસાન થઈ ચૂક્યું છે અને હુમલા માટે આ સૌથી ઉત્તમ સમય છે. હવે જ્યારે ખબર પડી કે પયગંબર પણ જીવંત છે અને મદીના પણ જીવંત છે, તો તેમનો ઇરાદો ઠંડો પડી ગયો. જે હોય તે, આ લશ્કરી હિલચાલની રાજકીય રીતે ખૂબ જ સારી અસર ઊભી થઈ. હુઝૂર ﷺ એ એક મહિના સુધી લશ્કરી કેમ્પ નાખી રાખ્યો. આ દરમ્યાન રાજકીય પ્રભાવના પ્રસારનું કાર્ય સફળતાપૂર્વક ચાલુ રહ્યું. 'ઈલા'નો રાજા હાજર થયો અને તેણે 'જિઝ્યા' આપીને મૈત્રી-સંબંધોનો આરંભ કર્યો. 'જરબા' અને 'અઝરહ'ના લોકો આવ્યા, તેમણે પણ અનુપાલનની નિશાનીરૂપે 'જિઝ્યા' પ્રસ્તુત કર્યો — 'દૂમતુલ જંદલ'ની સમસ્યા હુઝૂર ﷺ ની નજરમાં ઘણા સમયથી મહત્ત્વ ધરાવતી હતી. હઝરત ખાલિદ બિન વલીદ رضي الله عنه ને ૪૦૦ થી વધારે સૈનિકોની ટુકડી આપીને 'દૂમતુલ જંદલ'ના રાજા અકીદર તરફ રવાના કર્યા. તે અને તેનો ભાઈ શિકાર કરી રહ્યા હતા. તેનો ભાઈ માર્યો ગયો અને અકીદરને પકડીને રજૂ કરવામાં આવ્યો. તેના પાસેથી 'જિઝ્યા' લેવા પર સુલેહ થઈ. હુઝૂર ﷺ એ તેને 'દૂમતુલ જંદલ', તબૂક, ઈલા અને તીમાઅ પર મદીના રાજ્ય તરફથી ગવર્નર નિયુક્ત કરી દીધો અને લખાણ કરી આપ્યું. કેટલીક નોંધો અનુસાર લડ્યા વગર હઝરત ખાલિદ رضي الله عنه એ ખૂબ બુદ્ધિમત્તાથી તેનો કિલ્લો જીત્યો અને પુષ્કળ માલે-ગનીમત પ્રાપ્ત કર્યો. હુઝૂર ﷺ પાછા આવ્યા, તો મદીનામાં ભવ્ય અભિવાદન કરવામાં આવ્યું. મુનાફિકોએ જે ધૃષ્ટતાઓ આ યુદ્ધના સંદર્ભમાં કરી હતી, તેને અમે અગાઉ એક પ્રકરણમાં વર્ણવી ચૂક્યા છીએ. મુનાફિકો મોટી સંખ્યામાં (૮૦થી વધારે) શહેરમાં બેસી રહ્યા હતા. તેમની પૂછપરછ કરવામાં આવી, તો તેમણે જૂઠા બહાનાઓ બનાવી લીધા અને હુઝૂર ﷺ એ દરગુજર કરી દીધી. પરંતુ અમુક નિષ્ઠાવાન લોકો પણ હતા, તેમાં અબૂ ખૈશમા رضي الله عنه પણ હતા. પરંતુ તેમનું હૃદય સમયસર જાગૃત થઈ ગયું. હુઝૂર ﷺ ની રવાનગીના અમુક દિવસો પછી એક દિવસ સખત ગરમીમાં પોતાની બંને પત્નીઓ પાસે ઠંડા છાંયડામાં આરામ કરવા માટે આવ્યા, જ્યાં તેમણે પાણીનો છંટકાવ કરી રાખ્યો હતો, અને ખાવા-પીવાનો પ્રબંધ પણ હતો. એકાએક એક વિચાર આવ્યો અને પત્નીઓને કહ્યું, ''હાય ! રસૂલુલ્લાહ ﷺ તો તડકો, લૂ અને ગરમીમાં હોય અને અબૂ ખૈશમા ઠંડા છાંયડામાં સુંદર રાત્રિઓની સાથે મજેદાર ભોજન કરી રહ્યો હોય ! અલ્લાહના સોગંદ ! હું તમારા બંનેમાંથી કોઈના ઓરડામાં નહીં જાઉં. મારા માટે ભાથું તૈયાર કરો.'' ઊંટ મંગાવ્યું અને સવાર થઈને રવાના થઈ ગયા, અને જઈને લશ્કર સાથે જોડાઈ ગયા. પરંતુ ત્રણ ઈમાનવાળા કઅબ બિન માલિક, હિલાલ બિન ઉમૈયા અને મુરારા બિન અલ-રબીઅ رضي الله عنهم 'જઈએ છીએ-જઈએ છીએ'ના ઇરાદામાં રહી ગયા.

તેમને હુઝૂર ﷺ એ પાછળ રહી જવાનું કારણ પૂછ્યું, તો તેમણે સાફ-સાફ અરજ કરી કે અમારાથી ચૂક થઈ ગઈ છે. હુઝૂર ﷺ એ અલ્લાહનો આદેશ આવવા સુધી તેમને સામૂહિક જીવનથી અલગ રહેવા અને પોતાની પત્નીઓથી પણ સંબંધ ન રાખવાનો આદેશ આપ્યો. આ જાણે એક પ્રકારની એકલા રહેવાની કેદ હતી, જેમાં ન સાંકળોનો ઉપયોગ કરવામાં આવ્યો, ન જેલની કોઈ ઇમારત ! સામૂહિક જીવનથી કપાઈને એકલા થઈ જવું પણ માનવી માટે ખૂબ મોટી યાતના છે, — અને તે પણ એ સ્થિતિમાં કે આ બધા પ્રતિબંધો તેમને પોતાના ઉપર પોતે જ લાગુ કરવાના હોય. પરંતુ આ મહાનુભાવોએ અમીર (વડા)ના આદેશ-પાલનનું એવું સોનેરી ઉદાહરણ સ્થાપિત કર્યું, જેનાથી ઇતિહાસનું ભવન ઝગમગતું રહેશે, ત્યાં સુધી કે ગસ્સાની રાજાને જ્યારે આની વિગત ખબર પડી તો સૌથી ઉત્તમ મનોવૈજ્ઞાનિક તક જોઈને તેણે કઅબ બિન માલિક رضي الله عنه ને પત્ર લખ્યો કે તમારા માલિકે તમારા પર અત્યાચાર કર્યો છે, જ્યારે કે તમે એવા માણસ છો જેની ખૂબ કદર થવી જોઈએ. અમારા પાસે આવી જાઓ, તો અમે તમારો દરજ્જો ખૂબ વધારી દઈશું. કેટલી મોટી પરીક્ષા હતી ! પરંતુ કઅબ رضي الله عنه એ આ પત્રને કચરા-ટોપલીમાં નાખી દીધો. છેવટે ૫૦ દિવસ પછી અલ્લાહની વહીએ તેમની નિષ્ઠા અને નિખાલસતાના કારણે તેમની તૌબા (પશ્ચાતાપ)ના સ્વીકારની જાહેરાત કરી. ખુશીની એક લહેર મદીનામાં દોડી ગઈ અને દરેક બાજુથી લોકો 'મુબારક, સલામત'ના અવાજો બુલંદ કરતા-કરતા આ ત્રણેયને ખુશખબર આપવા પહોંચ્યા. હઝરત કઅબ رضي الله عنه એ તૌબાના સ્વીકારની ખુશીમાં પોતાનું મોટાભાગનું ધન દાન કરી દીધું. આવો હતો એ માનવી, જે ઇસ્લામી આંદોલને પોતાના બીબામાં ઢાળ્યો હતો !

તબૂકના પ્રવાસમાં જ અબ્દુલ્લાહ ઝુલબજાદીન رضي الله عنه નું અવસાન થઈ ગયું. આ નવયુવાન હુઝૂર ﷺ ને ખૂબ જ પ્રિય હતો. તે ખૂબ ક્રાંતિકારી ભાવનાની સાથે ઇસ્લામમાં દાખલ થયો હતો. ઇસ્લામનું આમંત્રણ કિશોરાવસ્થામાં જ તેના સુધી પહોંચી ગયું હતું અને તેનું હૃદય પ્રભાવિત થઈ ગયું. પરંતુ કાકાના ડરથી પોતાની ભાવનાઓને તેણે દબાવી રાખી. છેવટે મક્કા-વિજય પછી હુઝૂર ﷺ પાછા આવ્યા, તો તેણે કાકાને કહ્યું કે :—

> ''વ્હાલા કાકા ! રાહ જોવામાં મારા વર્ષો પસાર થઈ ગયા કે ક્યારે તમારા હૃદયમાં ઇસ્લામની હલચલ ઊભી થાય છે, પરંતુ આપનું હૃદય યથાવત છે. હવે મને અનુમતિ આપો કે હું ઇસ્લામમાં દાખલ થઈ જાઉં.''

પાષાણ-હૃદયી કાકાએ જવાબ આપ્યો કે જો તમારે મુહમ્મદ (ﷺ)ના આમંત્રણને સ્વીકારવું છે તો હું ન કેવળ બધી સંપત્તિથી તમને વંચિત કરું છું, બલ્કે શરીર પર કપડાં પણ નહીં રહેવા દઉં. અબ્દુલ્લાહે કહ્યું : ''કાકા ! તમે જે ઇચ્છો એ કરો, મને તો હવે મૂર્તિપૂજાથી અણગમો થઈ ગયો છે અને હવે હું અવશ્ય મુસ્લિમ બનીશ. તમે તમારી બધી સંપત્તિ લઈ લો.'' એમ કહીને શરીરના કપડાં પણ ઉતારીને આપી દીધા અને નગ્નાવસ્થામાં માતાને જઈને બતાવ્યું કે હું તૌહીદ (એકેશ્વરવાદ)નો અનુયાયી બની ગયો છું અને મુહમ્મદ ﷺ ની સેવામાં જવા માગું છું. મને શરીર ઢાંકવા કંઈક આપો. માતાએ એક ધાબળો આપ્યો. તેમણે ફાડીને અડધાનું તેહબંદ બનાવ્યું અને અડધું ઉપર લીધું. આ જ સ્થિતિમાં મદીના પહોંચ્યા અને 'અસ્હાબે સુફ્ફા'ના જૂથમાં સામેલ થઈ ગયા. આ ક્રાંતિકારી નવયુવાન જિહાદના શોખમાં હુઝૂર ﷺ ની સાથે તબૂક રવાના થયો. ત્યાં તાવ આવવાથી અવસાન થઈ ગયું. રાત્રિના અંધકારમાં દફન-વિધિ થઈ. હઝરત બિલાલ رضي الله عنه ના હાથમાં દીવો હતો. નબી અકરમ ﷺ સ્વયં કબરમાં ઊતર્યા. હઝરત અબૂબક્ર અને ઉમર رضي الله عنهما સાથે હતા. આપ ﷺ એ તેમને કહ્યું : ''પોતાના ભાઈના અદબનો ખ્યાલ રાખો.'' હુઝૂર ﷺ એ પોતાના હાથથી ઈંટો મૂકી. પછી દુઆ કરી : ''હે અલ્લાહ ! આજે સાંજ સુધી હું આનાથી ખુશ રહ્યો છું, તું પણ આનાથી રાજી થઈ જા.''

આ માહોલ જોઈને હઝરત ઇબ્ને મસ્ઊદ رضي الله عنه એ ઝંખના કરી કે, ''કદાચ ! આ કબરમાં મને દબાવવામાં આવતો !''

સમીક્ષા

અમે આ પ્રકરણમાં એ તમામ લશ્કરી પગલાઓનું વર્ણન કરી દીધું છે, જે મદીનાના ઇસ્લામી રાજ્ય તરફથી લેવામાં આવ્યા. આ બધી લડાઈઓને સામે રાખો અને એ રાજકીય પરિસ્થિતિને પણ નજરમાં તાજી કરી લો, જેના હેઠળ આ કાર્યવાહીઓ આવશ્યક થઈ ગઈ હતી, તો સ્વીકાર્યા વગર છૂટકો નથી કે એક એવા વ્યક્તિને, જે અથડામણથી બચીને નિર્માણ-કાર્ય કરવા ઇચ્છે છે, જે સત્તા અને સંપત્તિ પ્રાપ્ત કરવાને બદલે માત્ર સત્ય અને સચ્ચાઈને ફેલાવવા માગે છે, જે તલવારના જોરથી પોતાનો પ્રભાવ ઊભો કરવાને બદલે દલીલ અને નીતિમત્તાથી દુનિયાને પ્રભાવિત કરવાની ખેવના રાખે છે, જે બદલો લેવાને બદલે દરગુજરથી અને અત્યાચારના બદલે દયા અને ઉપકારથી કામ લે છે, જે લોહી વહાવનાર તલવારના બદલે સુલેહ-સંધિ લખનાર કલમથી સમસ્યાઓને હલ કરવાને પ્રાથમિકતા આપે છે, તેને ક્રાંતિ-દુશ્મન પ્રતિસ્પર્ધીઓએ અત્યંત વિવશ કરીને રણભૂમિમાં બોલાવ્યો

— અને બોલાવ્યો શું, આઠ-નવ વર્ષમાં કોઈ એક ક્ષણ એવી પસાર નથી થઈ કે તે ચેનથી બેસી શક્યો હોય. આશ્ચર્ય થાય છે કે આ સ્થિતિમાં હુઝૂર ﷺ એ કેવી રીતે એ મહાન રચનાત્મક કાર્ય કરી દેખાડ્યું, જેણે ઇતિહાસના પ્રવાહની દિશા બદલી નાખી, અને માનવતાને એક નવી રૂપરેખા પર ઢાળી દીધી ! (હુઝૂર ﷺ ના રચનાત્મક કાર્ય-સિદ્ધિની વિગતનો ઉલ્લેખ અમે પુસ્તકના એક અલગ ભાગમાં કરીશું.)

આ હસ્તી એ રીતે માનવતાની સૌથી મહાન ઉપકારક છે કે તેણે સલામતીના સંદેશને સમગ્ર આરબ પ્રદેશમાં અને પછી આખી દુનિયામાં પહોંચાડવા માટે તલવારોની છાયામાંથી પોતાનો માર્ગ કાઢ્યો અને અત્યંત યુદ્ધ-પ્રિય પ્રતિસ્પર્ધીના અવરોધોને તોડીને ન્યાય-વ્યવસ્થાની સ્થાપના કરી અને તેને પરિપૂર્ણ કરી, નહિં તો જો કોઈ બીજો હોત અને વિરોધીઓના યુદ્ધના પડકારને સાંભળીને પોતાના સીધા માર્ગથી ચલિત થઈ જતો, તો ઇસ્લામી વિચારધારાની છાપ ઇતિહાસમાંથી અદૃશ્ય ન થતી તો આપણે તેને વધુમાં વધુ અંગત વ્યક્તિત્વ સુધી જોઈ શકતા, અને આની કલ્પના એક સામૂહિક વ્યવસ્થાના સ્વરૂપમાં કરવી પણ આપણા માટે સંભવ ન હોત. આ અનુસંધાનમાં ઇસ્લામ દુનિયાના અંગત ધર્મોના પ્રકારનો એક ધર્મ હોત, અથવા સૂફીમત જેવો એક આધ્યાત્મિક અને નૈતિક પંથ હોત, જેને જીવન અને સભ્યતાના પ્રશ્નોથી કોઈ રુચિ ન હોત. આવા ઇસ્લામના બીબામાં ભલે ગમે તેટલા ઉચ્ચ દરજ્જાના પવિત્ર લોકો ઢળતા, તેઓ છેવટે દરેક કુફ્ર, દરેક અસત્ય સભ્યતા અને દરેક અત્યાચારી-અન્યાયી વ્યવસ્થા માટે ખૂબ વફાદાર પુરજાઓ સાબિત થતા. ઉપરાંત, એ પણ શક્ય ન હોત કે સામૂહિક અત્યાચાર અને ઉપદ્રવના નિવારણની માનવતાવાદી ભાવના હુઝૂર ﷺ ના સંદેશથી પ્રાપ્ત કરી શકાતી.

જુઓ કે આપણા કલ્યાણ અને ઉન્નતિ માટે હુઝૂર ﷺ કેવી તકલીફો, કેવી મુશ્કેલીઓ, કેવા સંઘર્ષો અને કેવી તોફાની ધાંધલ-ધમાલમાંથી પસાર થયા, અને દૃઢ નિર્ધારથી બહાર નીકળ્યા; કેવી બહાદુરીથી પ્રત્યેક વિરોધીના પડકારનો સ્વીકાર કર્યો તથા અત્યાચાર અને ઉપદ્રવની દરેક શક્તિને કચડી નાખી, વેરવિખેર કબીલાઓને એક કરી દીધા, તેમને અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વથી મુક્તિ અપાવી, તેમને શિક્ષા-દીક્ષામાંથી પસાર કર્યા, શાંતિનું વાતાવરણ ઉપલબ્ધ કર્યું, કાનૂનના શાસનને સ્થાપિત કર્યું, ભાઈચારા અને સમાનતાના પાયા પર સમાજની રચના કરી, શાસન માટે 'શૂરાઈયત' (પરામર્શ)ના સિદ્ધાંતને મૂળભૂત સિદ્ધાંત બનાવીને લોકતાંત્રિક યુગનો આરંભ કર્યો.

વધુમાં એ હુઝૂર ﷺ ની બુદ્ધિમત્તાની પરાકાષ્ઠા છે કે આટલી લડાઈઓ લડી અને આટલી કૂચ અને અભિયાનો આદર્યા, પરંતુ અત્યંત ઓછો રક્તપાત થયો,

ઓછામાં ઓછી જાનહાનિ થઈ. આરબ જેવા વિશાળ સંગઠિત રાજ્યનું એક સૈદ્ધાંતિક વિચારધારા હેઠળ પહેલી વાર નિર્માણ આટલા ઓછા રક્તપાત વડે થવું એ માનવ-ઇતિહાસની એક આશ્ચર્યચકિત કરી દેનારી ઘટના છે.

સત્ય એ છે કે આજે આપણામાંથી દરેક મનુષ્ય — ચાહે તે આ વાસ્તવિકતાને જાણે કે ન જાણે — હુઝૂર પાક ﷺ નો ઋણી છે. આપણને જીવનની સફળતાના જે સિદ્ધાંતો, જે સાંસ્કૃતિક મૂલ્યો, જે નૈતિક પરંપરાઓ એ બારગાહમાંથી મળેલ છે, ઉપરાંત માનવતાનો જે આદર્શ નમૂનો આપ ﷺ ના માધ્યમથી આપણા સામે આવ્યો છે અને વધુમાં સભ્યતાની જે સૌથી ઉત્તમ સંતુલિત વ્યવસ્થા આપ ﷺ એ નિર્માણ કરીને બતાવી છે, આ તમામ ને'મતો (કૃપાઓ) આપણે ક્યારેય પામી શક્યા ન હોત, જો હુઝૂર ﷺ અત્યાચાર અને અન્યાયની તલવારોની સામે મુઠ્ઠીભર સમુદાયને લઈને દૃઢતાથી ઊભા ન થઈ ગયા હોત. હુઝૂર ﷺ એ પોતાના સૌથી પ્રિય સાથીઓને પવિત્ર ઉદ્દેશ્ય માટે કુરબાન કર્યા અને એ તારાઓના લોહીથી નવા પ્રભાતની રૂપરેખા તૈયાર થઈ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ!

—★—

માનવતાના ઉપકારક ﷺ

વિરોધોના

વંટોળમાંથી

પસાર

થતાં

(૬)

અને પ્રકાશ ફેલાતો જ ગયો !

أَلَمْ تَرَ كَيْفَ ضَرَبَ اللّٰهُ مَثَلًا كَلِمَةً طَيِّبَةً
كَشَجَرَةٍ طَيِّبَةٍ أَصْلُهَا ثَابِتٌ وَّ فَرْعُهَا فِي
السَّمَآءِ ﴿٢٤﴾ تُؤْتِيٓ أُكُلَهَا كُلَّ حِينٍ بِإِذْنِ رَبِّهَا ۗ وَيَضْرِبُ
اللّٰهُ الْأَمْثَالَ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٢٥﴾

(સૂરઃ ઇબ્રાહીમ, ૨૫)

❑

"શું તમે જોતા નથી કે અલ્લાહે કલ્મએ-તૈયિબાની કઈ વસ્તુથી તુલના કરી છે ? તેનું દૃષ્ટાંત એવું છે જાણે — એક સારી જાતનું વૃક્ષ, જેનું મૂળ જમીનમાં ઊંડે સુધી મજબૂત છે અને શાખાઓ આકાશ સુધી પહોંચેલ છે. હર પળ તે પોતાના રબ (પ્રભુ-પાલનહાર)ના આદેશથી ફેલાઈ રહ્યું છે — આ દૃષ્ટાંતો અલ્લાહ એટલા માટે આપે છે કે લોકો તેનાથી બોધ લે."

અને

અલ્લાહ

પોતાના નૂર (માર્ગદર્શન)ને

સંપૂર્ણ ફેલાવીને

રહેશે,

ચાહે

આ કાફિરોને સખત અપ્રિય હોય.

(સૂરઃ સફ્ફ, ૮)

અને પ્રકાશ ફેલાતો જ ગયો !
(ઈસ્લામી આંદોલન અને ઈસ્લામી રાજ્યનો ફેલાવો)

ઘણા લોકો તલવારના જોરે જમીનના ટુકડાઓના હંગામી વિજેતા બન્યા છે. ઘણા રાજાશાહી અને તાનાશાહી દેશો બળથી સ્થાપિત થતા રહ્યા છે, અને હિતોના ટકરાવના અસંખ્ય નિર્ણયો યુદ્ધના મેદાનોમાં નક્કી થતા રહ્યા છે. પરંતુ દુનિયાનું કોઈપણ ક્રાંતિકારી આંદોલન હોય તેને પોતાના ભાગ્યનો નિર્ણય હંમેશા જનમતના પરિઘમાં કરવાનો હોય છે. માનવ-હૃદયો જયાં સુધી અંદરથી કોઈ આહવાન્નો સાંથ આપવા માટે તૈયાર ન હોય તેમજ પોતાના મન અને ચરિત્રને તેના બીબામાં ઢાળવા માટે રાજી ન થઈ જાય, માત્ર બળજબરી અને હિંસાથી પ્રાપ્ત કરેલ અનુયાયીઓ તેના માટે લાભપ્રદ બની શકતા નથી, બલ્કે ઊલટું તેના પૂર્ણ વિનાશનું કારણ બની જાય છે. બસ, પ્રત્યેક સૈદ્ધાંતિક આંદોલનનો મૂળ સ્વભાવ શૈક્ષણિક હોય છે અને તેને ચલાવનારાઓમાં શિક્ષક-પ્રશિક્ષક જેવી સદ્ભાવના કામ કરી રહી હોય છે. સૈદ્ધાંતિક આંદોલનોની નજરમાં જીવન એક પાઠશાળાનું સ્વરૂપ રાખે છે અને માનવો આ પાઠશાળાના વિદ્યાર્થીઓ હોય છે. આ વિદ્યાર્થીઓનું સર્વગ્રાહી કલ્યાણ તકાદો કરે છે કે ઉપદ્રવ કરનારાઓની સુધારણા માટે અને તેની અસરથી સજ્જન અને મધ્યમવર્ગીય લોકોને સુરક્ષિત રાખવા માટે શિક્ષાની લાઠીનો પણ ક્યારેક ઉપયોગ કરવામાં આવતો રહે. પરંતુ સમગ્ર વાતાવરણ છેવટે વિદ્યાર્થીઓના પક્ષમાં દયા અને સ્નેહનું વાતાવરણ હોય છે અને સ્વયં શિક્ષાની લાઠીના દરેક ફટકામાં શિક્ષકની પ્રશિક્ષકની ભાવનાઓ જ ઊભરાતી હોય છે. સચ્ચાઈના કલ્મા (બોલ) અને નેકીની

વ્યવસ્થાને લઈને અલ્લાહના જે પવિત્ર બંદાઓ ઇતિહાસના વિભિન્ન યુગોમાં ઊભા થતા રહ્યા છે, તેમણે નછૂટકે બૂરાઈ અને બગાડને કચડવા માટે યુદ્ધના મેદાનમાં પગ મૂક્યો છે અને તલવારથી શિક્ષાની લાઠીનું કામ પણ આંશિકરૂપે લીધું છે. પરંતુ વાસ્તવમાં તેમનું સમગ્ર કામ હંમેશા પ્રશિક્ષણ અને સ્નેહના આત્માની સાથે બરાબર શૈક્ષણિક અંદાજમાં ચાલુ રહ્યું છે. તેમણે મૂળ નિર્ણાયક યુદ્ધ દલીલની શક્તિથી જનમતના વ્યાપક વર્તુળમાં જ લડ્યું છે. તેમનો સિદ્ધાંત પ્રત્યેક યુગમાં એ રહ્યો છે કે જેને નવું જીવન પ્રાપ્ત કરવું હોય તે દલીલથી પ્રાપ્ત કરે અને જેને આ જીવનથી વંચિત રહીને પોતાને મોતને ઘાટ ઉતારવું પસંદ હોય તે દલીલ વડે મારવાથી જ મરે.

હુઝૂર ﷺ ના લશ્કરી પગલાઓને જુઓ, તો બદ્રના યુદ્ધથી લઈને મક્કા-વિજય સુધી (ખૈબરના વિજય સહિત) કુલ પાંચ મોટા યુદ્ધો થયા, જે વાસ્તવિકતાને ધ્યાનમાં રાખતા બધા જ રક્ષાત્મક જ હતા. પરંતુ તેમાં સૌપ્રથમ ઉલ્લેખિત ત્રણ તો એ જ સ્વરૂપમાં લડવામાં આવ્યા કે જ્યારે દુશ્મને ચઢાઈ કરીને મદીના પર હુમલો કર્યો. કુલ માત્ર બે જ કાર્યવાહીઓ સ્વયં હુઝૂર ﷺ એ મદીનાથી બહાર નીકળીને કરી, અર્થાત્ એક મક્કા-વિજય (હુનૈનના યુદ્ધ સહિત) માટે અને બીજી ખૈબરના વિજય માટે. બસ, આ બે જ પગલાઓમાં નિર્ણય થઈ ગયો. સમય-ગાળાને નજર સમક્ષ રાખીને જોઈએ તો બદ્રથી મક્કા-વિજય સુધી કુલ મુદ્દત છ વર્ષની છે. હુઝૂર ﷺ એ પોતાના મહાન પ્રચાર-પ્રસાર તેમજ શૈક્ષણિક, રચનાત્મક અને સુધારાત્મક કાર્યોમાં ૨૩ વર્ષની લાંબી મુદ્દત ખપાવી અને તેમાં માત્ર ૬ વર્ષ એવાં છે કે જેમાં માનવતાને શિક્ષણ-પ્રશિક્ષણના જુદા-જુદા કામોની સાથે વિરોધીઓની યુદ્ધ-પ્રિય તલવારનો સામનો પણ લાચારીવશ કરવો પડ્યો. ખૂબ જ અતિશયોક્તિથી અનુમાન કરીએ તો પણ તમામ લડાઈઓમાં સરવાળે કંઈ પંદર હજારથી વધારે લોકો હુઝૂર ﷺ નો સામનો કરવા આવ્યા નહીં હોય. તેમાંથી માત્ર ૭૫૯ લોકોને માર્ગથી દૂર કર્યા પછી આરબ પ્રદેશની કેટલાય લાખની આખી વસ્તી સુધરી જાય છે. દસ વર્ષના ગાળો, જે વિશાળ ઇતિહાસનો ખૂબ જ નાનો ગાળો દેખાય છે, તેમાં આરબ પ્રદેશ જેવા રણને જીવનની એક કલ્યાણકારી પાઠશાળામાં બદલી નાખવું અને તમામ વેરવિખેર કબીલાઓ અને અત્યંત પાશવી, માથાફરેલ અને યુદ્ધખોર લોકોને તેમાં દાખલ કરી દેવા અને પછી તેમને મહાન સચ્ચાઈઓ અને પવિત્ર ગુણોનું શિક્ષણ આપવામાં સફળ થઈ જવું, અને ન માત્ર શિક્ષણ આપવું, બલ્કે માનવ-જાત માટે તેમને શિક્ષક અને પ્રશિક્ષક બનાવી દેવું કદાચ હુઝૂર ﷺ ની પયગંબરીનો સૌથી મોટો સંવેદનશીલ ચમત્કાર છે.

આમ, એ વાત દરેક પ્રકારના સંદેહથી પર થઈ જાય છે કે ઇસ્લામના ક્રાંતિકારી

આંદોલન વિરુદ્ધ અજ્ઞાનતાના સંઘર્ષનો નિર્ણય થવામાં યુદ્ધો અને અથડામણોનો ગમે તેટલો પ્રભાવ રહ્યો હોય, પરંતુ નિર્ણયનું ખરું મેદાન જનમતનું મેદાન હતું — બલ્કે સહેજ આધ્યાત્મિક ભાષામાં વાત કરીએ તો હૃદયોનું મેદાન હતું. આરબ પ્રદેશના લાખો સ્ત્રી-પુરુષોને જીતી લેવાયા, તો આ જ મેદાનમાં દલીલ અને નૈતિકતાના શસ્ત્રોથી જીતી લેવાયા. આ જ હકીકતને સ્પષ્ટ કરવા માટે અમે અમારા લેખના આ છેલ્લા પ્રકરણમાં દર્શાવવા માગીએ છીએ કે ચોતરફના વિરોધો અને દુઃસાહસભર્યા અવરોધોના નીત-નવા તોફાનો છતાં એ કેવી રીતે શક્ય બન્યું કે એક ટૂંકી મુદ્દતમાં દર-બાર લાખ ચોરસ માઈલ વિસ્તારમાં બહોળી સંખ્યામાં ફેલાયેલ આદમની સંતાન ઈસ્લામી જીવન-વ્યવસ્થાની છત્રછાયામાં આવી ગઈ ! અંધકારના પડોને ચીરીને કેવી રીતે ઊષાની સુંદરીએ સ્મિત કર્યું અને તેના સ્મિતે ચારે બાજુ પવિત્ર પ્રકાશ ફેલાવી દીધો ! વાસ્તવિકતા એ છે કે સંદેશ જો સાચો હોય, આંદોલન જો માનવ-કલ્યાણ પર આધારિત હોય અને તેના અનુયાયીઓ જો નિખાલસ, નિષ્ઠાવાન અને સમર્પિત હોય, તો વિરોધો અને અવરોધો હંમેશા ક્રાંતિકારી કાફલાઓ માટે પ્રેરણાનું કામ કરે છે. દરેક રુકાવટ એક માઇલ-સ્ટોન બની જાય છે. રસ્તાનો દરેક કાંટો પથદર્શકનું કામ કરવા લાગે છે. પીડાના શણકાઓ જ્યારે ફરિયાદ બની જાય છે તો ફરિયાદ જ ઘંટનાદ બની જાય છે. પગ લોહીલુહાણ થાય છે તો લોહીના દરેક ટીપાને પ્રેમની ચિનગારી એક પ્રકાશિત દીપકમાં બદલી નાખે છે. આ જ કારણ છે કે સચ્ચાઈ જો કે લઘુમતીની સાથે ઉભરે છે, પણ બહુમતીને જીતી લે છે. આવો, જોઈએ કે ઈસ્લામી આંદોલને કઈ-કઈ શક્તિઓથી કામ લઈને જનમતના મેદાનમાં ઝડપથી આગળ વધવાનો માર્ગ કંડાર્યો.

દલીલની શક્તિ

ઈસ્લામી આંદોલનની સૌથી મોટી શક્તિ દલીલની શક્તિ હતી. પીરી-મુરીદી જેવી કોઈ વ્યવસ્થા હોત તો સંબોધકોને મુગ્ધ કરી દીતી. પરંપરાગત ધાર્મિકતાનો કોઈ સંદેશ હોત તો અંધશ્રદ્ધાના વલણોનું પોષણ કરતો. સંન્યાસી સૂફીવાદનો કોઈ સિલસિલો હોત તો 'ચશ્મ બંદ વ ગોશ બંદ વ લબ બા બંદ' (આંખ બંધ અને કાન બંધ અને મોઢું બંધ)ના મંત્રનો જાપ કરતો. પરંતુ ત્યાં તો એવા જાગૃત આત્માઓની માંગ હતી, જે ખુદાપરસ્તી (ઇશનિષ્ઠા)ના આધારે એક સાંસ્કૃતિક વ્યવસ્થા ઊભી કરી શકે, અને તેને ઉત્કૃષ્ટ રીતે-ખૂબીપૂર્વક ચલાવી શકે. તેથી ઈસ્લામી આંદોલને પોતાનો સંદેશ પ્રસ્તુત કર્યો તો નિદ્રાધીન બુદ્ધિને ચોંકાવી દીધી, મગજોને ઝંઝોળીને જગાવી દીધા, આંખો ખોલીને જોવા અને કાન ખોલીને સાંભળવાની તાકીદ કરી.

સૃષ્ટિની વ્યવસ્થામાં ચિંતન-મનન કરવાનું પ્રોત્સાહન આપ્યું. મનુષ્યજન્ય અને સૃષ્ટિજન્ય વસ્તુઓનું અવલોકન કરવાનો પાઠ ભણાવ્યો. નવા-નવા પ્રશ્નો ઊભા કરીને વિચારોમાં હલચલ પેદા કરી. માનસિક અનુકરણના બંધનોને તોડ્યા. નકામી પરંપરાઓ અને રિવાજોની જાળના ટુકડે-ટુકડા કરી નાખ્યા. પૂર્વજો અને ભૂતકાળના મોહપાશને નાબૂદ કર્યો. તેણે كالأنعام (અર્થાત્ પશુઓ) જેવા સર્જનોમાંથી વિચારવા-સમજવાવાળો માનવી પેદા કરવાનો ઉપાય કર્યો. તેણે صُمٌّ بُكْمٌ عُمْيٌ (આંધળા, બહેરા, ગૂંગા) પ્રકારના લોકોને થપથપાવીને બેહોશીની તંદ્રામાંથી કાઢ્યા. તેણે મગજોમાંથી કાટ દૂર કર્યો. ટૂંકમાં, તેણે અજ્ઞાનતાએ ઠોકી બેસાડેલી બૌદ્ધિક જડતાને તોડી નાખી. એ રીતે જે આત્માઓ જાગી ગઈ અને જે લોકોની બુદ્ધિ આળસ મરડીને ઉઠવા લાગી તેમના સામે જીવનની મૂળભૂત સચ્ચાઈઓ મૂકી અને પોતાની દલીલોના જોરથી એક-પછી-એક તેમને પ્રભાવિત કરીને છોડ્યા.

ઈસ્લામી આંદોલને એક અલ્લાહને સર્જનહાર, માલિક, રોજી આપનાર, શાસક અને માર્ગદર્શકની હેસિયતે પ્રસ્તુત કર્યો, તો દલીલની એવી શક્તિ સાથે કે જવાબરૂપે ફેંકવામાં આવેલ અંધશ્રદ્ધાના શસ્ત્રો બુઠ્ઠા થઈને રહી ગયા. તેણે માનવીની નિરીક્ષણ-શક્તિને પ્રેરિત કરીને આમંત્રણ આપ્યું કે ધરતી અને આકાશની વિવિધતાઓ પર દૃષ્ટિપાત કરો. ચંદ્ર અને તારાઓના પરિભ્રમણ પર વિચાર કરો. ઋતુઓના ચક્કરને જુઓ. હવાઓ અને વર્ષાઓની વ્યવસ્થા અંગે મંથન કરો. વનસ્પતિઓની વૃદ્ધિ અને વિકાસના દૃશ્યોથી બોધપાઠ ગ્રહણ કરો. પશુઓની અભિવૃદ્ધિ અને પ્રજોત્પત્તિમાં મગજ દોડાવો. માનવ સમૂહોની વિવિધતા અને સંસ્કૃતિઓના ઉતાર-ચઢાવનો અભ્યાસ કરો. પોતાના મન અને બૌદ્ધિક શક્તિઓના ઊંડાણમાં ડોકિયું કરો — તમે જોશો કે દરેક બાજુ અટલ નિયમો પોતાનું કામ કરી રહ્યા છે. પ્રત્યેક અસ્તિત્વના વર્તુળમાં એક અનુશાસન કાર્યરત છે. નાનામાં નાની અને મોટામાં મોટી ઘટનાઓ અને બનાવોની દિશા કોઈ ઉદ્દેશ્યનો સંકેત કરી રહ્યા છે. વિવિધ વિરોધાભાસો પરસ્પર એક-બીજાને સહયોગ કરી રહ્યા છે. સમગ્ર સૃષ્ટિમાં એકરાગિતા અને સુમેળ કાર્યરત છે. વિપુલતા એકતાના સંબંધમાં બંધાયેલ છે. ઉપરાંત, દરેક વસ્તુમાં ઉત્ક્રાંતિ છે. દરેક વસ્તુ શ્રેષ્ઠતા તરફ જઈ રહી છે. દરેક કારણ કોઈ મહત્ત્વના પરિણામને ઉત્પન્ન કરી રહ્યું છે, અને વળી પ્રત્યેક પરિણામ સ્વયં આગળ માટે એક કારણ બની રહ્યું છે. આ કાનૂન, આ વ્યવસ્થા, આ એકરાગિતા અને સુમેળ, આ એકતા, આ ઉત્ક્રાંતિ આપોઆપ કોઈ આકસ્મિક ઘટનાને કારણે નથી ઉદ્ભવ્યા; વસ્તુઓ પોતાને સ્વયં પ્રસ્તાવિત નથી કરતી, પોતાની રૂપરેખા પોતે નથી બનાવતી, અચેતન અને નિર્જીવ પદાર્થ ઉચ્ચ વસ્તુઓનું સર્જન આપોઆપ

નથી કરતો, તત્ત્વો પરસ્પર પરામર્શ કરીને સુમેળ નથી કરતા, બલ્કે ઉચ્ચતર હસ્તી – સક્રિય અને સાર્વભૌમ અને ડહાપણવાળી અને સર્વજ્ઞ હસ્તી – આમાં એક વ્યવસ્થાપક, એક માર્ગદર્શક, એક શાસક અને કાનૂન ઘડનાર હસ્તીની હેસિયતથી કામ કરી રહી છે. તમામ શક્તિઓ અને તત્ત્વો તેની જ 'તસ્બીહ' (સ્મરણ) કરે છે. તમામ વસ્તુઓ તેના જ સમક્ષ ઝુકેલી છે. તમામ સર્જનો તેના જ પ્રાકૃતિક દીન (ધર્મ, જીવન-રીતિ)ની પાબંદ છે. મહાન સૂર્યોથી લઈને નાના અણુઓ સહિત દરેક વસ્તુ તેના જ દરબારમાં 'મુસ્લિમ' (આજ્ઞાંકિત)ની હેસિયતથી સમર્પિત થઈને નતમસ્તક છે. વધુમાં, ઇસ્લામી આંદોલને બતાવ્યું કે જો આટલી મોટી સૃષ્ટિ ઉપર એકથી વધારે માલિક અને વ્યવસ્થાપક હોત, તો તેમના વચ્ચે ટકરાવ થઈ જતો, અને આ એકરૂપતા અને સુમેળ કોઈપણ રીતે કાયમ ન રહેતા, જેને તમે જોઈ રહ્યા છો. અર્થાત્, સૃષ્ટિના પુસ્તકનું દરેક પૃષ્ઠ અલ્લાહની હસ્તીની સાથે તેની તૌહીદ (એકેશ્વરવાદ) અને તેના વિભિન્ન ગુણો વિશેની મજબૂત દલીલોથી ભરેલું છે.

ઉપરાંત, ઇસ્લામી આંદોલને દલીલના જોરે સ્પષ્ટ કર્યું કે આ સૃષ્ટિ જે સંપૂર્ણપણે અલ્લાહના દીન અને કાનૂનમાં જકડાયેલ છે, અને જેનું કણ-કણ તેના સામે 'મુસ્લિમ' બનીને ઉપસ્થિત છે, તેમાં કોઈ સર્જન (સજીવ-નિર્જીવ) માટે અલ્લાહ સમક્ષ બંદગી અને આજ્ઞાપાલન તથા ઇસ્લામ અને સમર્પણનું વલણ અપનાવ્યા વગર કોઈ સ્થાન નથી. તમે અલ્લાહના 'મુસ્લિમ' બનશો તો સમગ્ર સૃષ્ટિથી એકરાગ થઈ જશો અને તમારી સાંસ્કૃતિક વ્યવસ્થા એવી જ રીતે શાંતિ અને એકરાગિતાનું પરિદૃશ્ય બની જશે, જે રીતે પદાર્થ, પદાર્થોની સૃષ્ટિમાં કાર્યરત છે; અને જો તમે અલ્લાહથી વિદ્રોહ અને કુફ્ર કરશો તો સૃષ્ટિની વ્યવસ્થાથી તમારી સાંસ્કૃતિક વ્યવસ્થા અસંબદ્ધ થઈ જશે, અને તેમાં સંતુલન અને સુમેળ નહીં રહે, જે ધરતી અને આકાશમાં કાર્યરત છે અને જેના કારણે સજીવ-નિર્જીવ વસ્તુઓ સલામતીની સાથે વિકસી રહી છે. — આ સૃષ્ટિમાં મનુષ્ય માટે પણ કલ્યાણનો એક માત્ર માર્ગ એ જ છે કે તે અલ્લાહના દીન (ધર્મ, જીવન-વ્યવસ્થા) અને અલ્લાહના કાનૂનનો પાબંદ બનીને રહે. તમે જો અલ્લાહના પેદા કરવાથી પેદા થાઓ છો, તેની આજીવિકાથી પોષાવ છો, તેની શક્તિઓના બળે જીવન વિતાવો છો, તેની ધરતી પર રહો છો અને તેના આકાશ નીચે હરો-ફરો છો – અને હા, તમે કે જેના શરીરનું અંગે-અંગ અને જેના અંગનું એક-એક કણ 'મુસ્લિમ' બનીને અલ્લાહના કાનૂનમાં જકડાયેલ છે, તમારા માટે જીવનનો કોઈ સીધો માર્ગ છે તો અલ્લાહની બંદગીનો માર્ગ છે. તમારી પ્રકૃતિનું ખમીર આ જ બંદગીના કરારથી ઉઠાવવામાં આવ્યું છે અને તમારા અંતરાત્મામાં બંદગીની ભાવના આત્મસાત થયેલી છે.

ઉપરાંત, ઇસ્લામી આંદોલને આ જ દલીલના બળે એ હકીકત પણ ઉજાગર કરી કે અલ્લાહ તરફથી માર્ગદર્શનની આવશ્યકતા પ્રત્યેક કણને છે. તત્ત્વોનું ભાગ્ય નિર્ધારિત કરવાવાળો એ જ છે, આકાશના ગ્રહોની ધરી અને તેમની ગતિ એ જ નક્કી કરે છે, વસ્તુઓને વિભિન્ન ખાસિયતો એ જ પ્રદાન કરે છે, દરેક શક્તિને તેના વિશિષ્ઠ કર્તવ્યોમાં એ જ લગાવે છે અને દરેક મખ્લૂક (સજીવ-નિર્જીવ) માટે કાર્ય-પદ્ધતિ પણ એ જ નિશ્ચિત કરે છે. અન્ય વસ્તુઓની જેમ મનુષ્ય પણ તેના માર્ગદર્શનનો એ જ રીતે મોહતાજ છે, જેમ કે તે પ્રકાશ, હવા અને પાણીનો મોહતાજ છે. અલ્લાહે પોતાના માર્ગદર્શનથી લાભાન્વિત કરવા માટે 'વહી' (દિવ્ય પ્રકાશના)ની વ્યવસ્થા નિર્ધારિત કરી છે. નિર્જીવ તત્ત્વો માટે પ્રાકૃતિક અનિવાર્યતા, વનસ્પતિ માટે વૃદ્ધિની શક્તિ, પશુઓ માટે પ્રાકૃતિક સ્વભાવ વહીનું માધ્યમ છે. પરંતુ મનુષ્ય ચેતના અને સમજ ધરાવે છે, તેથી તેના માટે 'વહી'નું એ પરિપૂર્ણ સ્વરૂપ નિર્ધારિત કરેલ છે, જેના હેઠળ તેની ચેતના અને સમજને સંબોધન કરવામાં આવે છે.

ઉપરાંત, ઇસ્લામી આંદોલને પોતાના સૈદ્ધાંતિક સંદેશના એ ભાગને પણ દલીલના જ જોરે સ્વીકાર્ય બનાવ્યો કે જ્યારે આ સૃષ્ટિમાં પ્રયોજન અને પ્રાયોજિત તેમજ કારણ અને પરિણામનો નિયમ કામ કરી રહ્યો છે, તો માનવીના નૈતિક આચરણને પણ આ સર્વગ્રાહી નિયમ હેઠળ કોઈ પૂર્ણ પરિણામ સુધી પહોંચવું જોઈએ. તેણે યોગ્ય સજાના કાનૂનને ઇતિહાસમાં દર્શાવીને સાબિત કર્યું કે આ કાનૂન અંતર્ગત માનવીની સાંસ્કૃતિક-સામાજિક પ્રવૃત્તિઓને આવરી લેવી જોઈએ. તેના સાથે જ તેણે એ પણ બતાવ્યું કે માનવીની આ સીમિત જીવન-પરીક્ષામાં સજાના સીમિત કાનૂન હેઠળ કર્મોનું સમગ્ર પરિણામ સામે આવતું નથી, બલ્કે ક્યારેક એક કાર્ય-શ્રૃંખલા પણ પૂરી થતી નથી. ઉપરાંત, તેનાથી પણ વધારે ઘણી વખતે તદ્દન ઊલટા પરિણામોનો માનવીને સામનો કરવો પડે છે. તેથી આ ઈશ્વરીય વ્યવસ્થાથી આશા કરવી જોઈએ કે ધરતી પરના જીવન પછી કોઈ નવીન જીવન-કાળમાં માનવીય કર્મોના પરિણામોએ પરિપૂર્ણ સ્વરૂપે પ્રગટ થવાનું છે. ઈશ્વરીય ન્યાય જે દરેક બાજુ કાર્યરત છે, તેનો બૌદ્ધિક તકાદો એ છે કે 'જે જેવું કરે, એવું ભરે.' આમ, તેણે મૃત્યુ પછી જીવન તેમજ આખિરત (પરલોક)માં હિસાબ-કિતાબ તથા ઇનામ અને સજાની ધારણા આપી.

ઉપરાંત, તમામ મૂળભૂત સચ્ચાઈઓને સિદ્ધ કરવા માટે તેણે અગાઉના સમગ્ર માનવ-ઇતિહાસને પ્રસ્તુત કર્યો. દરેક કોમ (જાતિ)ના અહેવાલને રજૂ કર્યો અને બતાવ્યું કે જે માનવ-સમૂહોએ જીવનની વ્યવસ્થા આ સચ્ચાઈઓ પર સ્થાપિત કરી, તેમણે સફળતા પ્રાપ્ત કરી અને જેમણે અવગણના કરી તેઓ પતિત અને

અપમાનિત થઈને નેસ્તનાબૂદ થઈ ગયા. જે લોકોએ તેનો સ્વીકાર કર્યો તેમના મનો-મસ્તિષ્ક પ્રકાશિત થઈ ગયા અને તેમના ચરિત્રો ઝગમગી ઉઠ્યા, અને જેમણે તેનો વિરોધ કર્યો તેઓ અધઃપતનમાં ગ્રસ્ત થતા ગયા. દર્શાવ્યું કે આ એ સચ્ચાઈઓ છે, જેનું આમંત્રણ ઇતિહાસના પ્રત્યેક યુગમાં દરેક કોમની સામે એક જ પ્રકારના લોકોએ વારંવાર પ્રસ્તુત કર્યું, અને તેમને વર્ચસ્વ અપાવવા માટે નિઃસ્વાર્થ નિષ્ઠાની ભાવનાની સાથે જાન-માલની બધી પૂંજી ન્યોછાવર કરીને બતાવી.

ઇસ્લામી આંદોલનનું આ મૂળભૂત આમંત્રણ પોતાની સંપૂર્ણ દલીલોની સાથે કુર્આનમાં ઠેક-ઠેકાણે જોવા મળે છે. તેણે તેને ખૂબ સુંદર રીતે પુનરાવર્તિત કરેલ છે. તેણે મોહક આયતોનો ઉપયોગ કરીને રજૂ કર્યું. તેના માટે સર્વોત્તમ સાહિત્યિક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો. તેમાં કોમળ ભાવનાઓનો રસ ઘોળવામાં આવ્યો. વિરોધીઓના વાંધાઓને તેના સાથે-સાથે જ દૂર કરવામાં આવ્યા. ઇન્કાર કરનારાઓ અને પ્રતિસ્પર્ધીઓના વિચિત્ર ખ્યાલો તેમજ કટાક્ષ અને ઉપહાસનું ગંભીરતાથી વિશ્લેષણ કરવામાં આવ્યું. ઉપરાંત, ક્યાંક બોધપાઠ આપ્યો, ક્યાંક ચેતવણી આપી, ક્યાંક શરમ અપાવી, ક્યાંક પડકાર આપવામાં આવ્યો, ક્યાંક નરમી અને કોમળતાથી હૃદયોને પીગળાવ્યા, ક્યાંક સમજાવટની શૈલી અપનાવી, ક્યાંક આશ્ચર્યનો રંગ ભર્યો. ટૂંકમાં, જુદા-જુદા પ્રકારે માનવીય હૃદયને એવી રીતે ઘેર્યું કે સભાન અને જાગૃત લોકો માટે છટકવાનો કોઈ માર્ગ ખુલ્લો રહેવા ન દીધો.

જો બાજી તલવારના જોરે જ જીતવાની હોત તો છેવટે દલીલોના આટલા પ્રબંધની આવશ્યકતા જ શું હતી, જે કુર્આનના બે-તૃત્યાંશ ભાગમાં, બલ્કે તેના મોટાભાગમાં ફેલાયેલ છે.

વાસ્તવમાં ઇસ્લામી આંદોલનની અસીમ દલીલ-શક્તિએ પોતાના સંબોધકોને નિરુત્તર કરી દીધા અને તેમનામાંથી સૌભાગ્યશાળીઓએ સત્યના સ્વીકાર માટે હૃદયોના દ્વાર ખોલી નાખ્યા અને દુર્ભાગીઓ વિવશ થઈ ગયા કે દલીલની બાજી સમાપ્ત કરીને હિંસાના હલકા હથિયારો પર ઊતરી આવે. જે પણ સંદેશ અને આંદોલન પોતાના સંબોધકોને આ તબક્કાએ પહોંચાડી દે છે, તે છેવટે મેદાન મારી લે છે.

શુભેચ્છાભરી અપીલ

દલીલ માત્ર દલીલ જ નહોતી, બલ્કે દલીલની સાથે હૃદયોને પીગળાવીને મીણ કરી દેનારી, દૂર ભાગનારાઓને નજીક ખેંચવાવાળી, આત્માઓના બંધ દરવાજાઓ પર ટકોરા મારીને તેમને ખોલવાવાળી અપીલ પણ બરાબર સામેલ હતી. સત્યના આમંત્રણની અપીલે પથ્થરોમાં સંવેદના જગાવી દીધી, લાકડાના

ઢીમચાઓમાં લાગણીની લહેરો પેદા કરી દીધી અને જડ દુશ્મનોની આંખોને અશ્રુભીની કરી દીધી. ઇસ્લામી આંદોલનના સાજથી એવા-એવા ગીતો નીકળ્યા કે હૃદયોમાં નવ-જીવનનો પ્રવાહ દોડવા લાગ્યો. કુર્આન ખોલીને જુઓ કે કઈ રીતે તેના એક-એક વાક્યમાં ચેતનાના પ્રકાશની સાથે ભાવનાઓની ગરમી સમાયેલી છે. એ પવિત્ર પરોઢનો અર્ક હતો કે જેણે મોટો-મોટા પાષાણ-હૃદયોને જીતી લીધા અને જેણે સત્યના દુશ્મનોને સત્યના સેવક બનાવી દીધા. ઉપરાંત, તેનું સાહિત્યિક જોર એવું કામણગારું હતું કે તેણે ભાષા-સૌંદર્યના ઉપવનની બુલબુલોને મૌન અને તત્કાલીન શાયરીની મહેફિલોમાં શાયરીઓ ગાતા શાયરોને ગૂંગા કરી દીધા. તેણે એવી ઉત્કૃષ્ટ અરબીમાં વાત કરી કે આખું અરબ એવી વાણી પ્રસ્તુત કરવામાં અસમર્થ બનીને રહી ગયું. અમે અહીં સત્યના સંદેશના ગીતના અમુક બોલ પ્રસ્તુત કરી રહ્યા છીએ :–

> ''(હે પયગંબર !) તેમને (મારા તરફથી) કહો કે હે મારા બંદાઓ ! જેઓ પોતાની જાત પર અત્યાચાર કરતા રહ્યા છો, અલ્લાહની દયાથી પોતાની આશા ન છોડો, નિશ્ચિતપણે (જો તમે રજૂ થવાવાળા બનો તો) અલ્લાહ બધા જ ગુનાઓ માફ કરી દે છે અને ચોક્કસ તે દરગુજર કરવાવાળો-મહેરબાન છે, અને તમે પોતાના રબ (પ્રભુ-પાલનહાર) સમક્ષ ઝુકો અને તેના સમક્ષ નતમસ્તક થઈ જાઓ, એ પહેલા કે તમે અઝાબ (યાતના)માં ઘેરાઈ જાઓ અને પછી તમને કોઈ મદદગાર ન મળી શકે, અને અનુસરણ કરો એ સર્વોત્તમ માર્ગદર્શન-ગ્રંથનું જે તમારા રબના દરબારથી તમારા તરફ મોકલવામાં આવેલ છે, એ પહેલા કે તમને અઝાબ અચાનક આવીને પકડી લે, જ્યારે કે તમને ખબર પણ ન હોય. પછી એ વખતે કોઈ વ્યક્તિ એમ કહેતો રહી જાય કે હાય ! અફસોસ ! મારી એ બેપરવાઈ પર, જે મેં અલ્લાહ માટે બતાવી અને હું (સત્યની) મજાક કરતો રહ્યો, અથવા તે (નિરાશ થઈને) કહે કે જો અલ્લાહ મને માર્ગ સુઝાડતો તો હું સંભાળીને ચાલનારાઓમાં સામેલ થઈ જતો, અથવા જ્યારે તે અઝાબને જુએ તો એમ કહે કે જો એક તક મળી જાય તો હું કૃતજ્ઞ અને આભાર વ્યક્ત કરનારાઓમાં જઈ મળું.'' (સૂરઃ ઝુમર, ૫૩-૫૮)

આ ટુકડામાં એ બધી જ સચ્ચાઈઓ ટૂંકમાં સમાવી લેવામાં આવી છે, જેનું પ્રતિબિંબ માનવતાના ઉપકારક ﷺ ના આમંત્રણમાં જોવા મળતું હતું. ઉપરાંત, તેમાં તાર્કિક દલીલ પણ છે અને તેના સાથે હૃદયને હચમચાવી નાખનાર લાગણીશીલ અપીલ પણ છે. તેમાં ખુશખબર પણ છે અને ચેતવણી પણ. કુર્આન આ પ્રકારની

વિવિધ પોકારોથી ભરપૂર છે. માટીથી બનેલ માનવ-પૂતળાના વશમાં ન હતું કે આવી ક્રાંતિકારી વાણીના મોજાઓની સામે ઊભો રહી શકે, જ્યારે કે તેના એક-પછી-એક અવિરત રેલાઓ ચાલ્યા આવતા હોય — પ્રત્યેક સવારે, પ્રત્યેક સંધ્યાએ, હર પળ ! — ત્રેવીસ વર્ષ સુધી નિરંતર આ અર્થનું પૂર ઊભરતું રહ્યું, તો છેવટે કેવી રીતે માની શકાય કે નૂર (પ્રકાશ) અને ઉષ્માની આ લહેરોના લક્ષ્ય બનતી આદમની સંતાનો પોતાની જગ્યાએ યથાવત જડ રહી શકતી. વહીના બીજા એ ટુકડાઓ, જેમાં સામાન્ય સંબોધન છે, જુઓ :—

> ''હે આદમની સંતાન ! શું તમને સચેત કરી દીધા નહોતા કે શૈતાનની બંદગી ન કરજો, તે તમારો ખુલ્લો દુશ્મન છે — અને એ કે મારી જ બંદગી કરજો. આ જ છે સન્માર્ગ ! (આમ છતાં) તમારામાંથી તે ઘણા લોકોને બહેકાવી ગયો. પછી શું તમે લોકો સૂઝબૂજથી કામ લઈ શકતા નહોતા ?'' (સૂરઃ યા-સીન, ૬૦-૬૨)
>
> ''કહી દો (હે પયગંબર !) હે લોકો ! તમારા રબ તરફથી સત્ય તમારા સુધી આવી ગયું, તેથી હવે જે સન્માર્ગ પર હોય તો તેનું સન્માર્ગ પર હોવું તેની પોતાની જાત માટે (લાભદાયી) છે અને જે કોઈ પથભ્રષ્ટ થાય તો તેનું પથભ્રષ્ટ થવું સ્વયં તેના જ માટે (હાનિકારક) છે અને હું તમારા પર રખેવાળ નથી.''
>
> (સૂરઃ યૂનુસ, ૧૦૮)

એ લોકો, જેમણે વિરોધના મોરચાઓ ખોલ્યા તેમની પણ લાગણીઓને સુંદર રીતે ઉત્પ્રેરિત કરવામાં આવી અને વધુમાં વધુ પ્રભાવશાળી અને હૃદયંગમ શૈલીમાં તેમની મૂળ પ્રકૃતિને અપીલ કરવામાં આવી. મક્કાના મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) હોય કે એહલે કિતાબ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ), દરેક સમૂહના સૌથી શ્રેષ્ઠ તત્ત્વોને સંબોધન કરવામાં આવ્યું અને તેમની સર્વોત્તમ લાગણીઓમાં હલચલ પદા કરવાની કોશિશ કરી, ત્યાં સુધી કે મુનાફિકોને પણ સુધારણાનું આમંત્રણ આપ્યું. આ સંદર્ભના ઉદાહરણો પણ અલગ-અલગ પ્રસ્તુત કરવામાં આવે છે.

મક્કાના મુશ્રિકોને સંબોધન :—

> ''અલ્લાહે એક વસ્તીનું દૃષ્ટાંત આપ્યું છે, જે સુખચેનથી દિવસો પસાર કરી રહી હતી અને તેની રોજી ચોતરફથી પુષ્કળ પ્રમાણમાં આવતી રહેતી હતી. પછી તેણે (તેના રહેવાસીઓએ) ઉપકારોની કૃતઘ્નતા કરી. તેથી અલ્લાહે તેમનાં કરતૂકોના બદલામાં તેમને ભૂખ

અને ભય (ની સ્થિતિ)નો પોશાક પહેરાવીને મજા ચખાડી અને તેમના વચ્ચે સ્વયં તેમનામાંથી પયગંબરનું આગમન થઈ ચૂક્યું હતું. પછી તેમણે તેને ખોટો ઠેરવ્યો. બસ, તેમને યાતનાએ ઝડપી લીધા — અને તેઓ હતા જ અત્યાચારી !'' (સૂરઃ નહ્‌લ, ૧૧૨)

એહલે કિતાબને સંબોધન :–

''હે એહલે કિતાબ ! અમારો રસૂલ તમારા પાસે આવી ચૂક્યો, જે અલ્લાહના ગ્રંથની એવી ઘણી હકીકતોને તમારા સામે ખોલીને લાવી રહ્યો છે, જેને તમે છુપાવો છો અને તે ઘણી વસ્તુઓથી દરગુજર પણ કરે છે. અલ્લાહ તરફથી તમારા પાસે પ્રકાશ આવી ચૂક્યો અને સ્પષ્ટ ગ્રંથ પહોંચી ચૂક્યો છે, જેના દ્વારા અલ્લાહ એવા લોકોને સલામતીના માર્ગ પર લાવે છે, જે તેની મરજીને અનુસરે છે અને તેમને અંધકારમાંથી કાઢી-કાઢીને પોતાના વિશિષ્ટ આદેશ અનુસાર પ્રકાશમાં લાવે છે અને તેમનું સન્માર્ગ તરફ માર્ગદર્શન કરે છે.''

(સૂરઃ માઈદા, ૧૬)

''કહો, (હે પયગંબર ! કે) હે એહલે કિતાબ ! પોતાના દીન (ધર્મ)માં અનુચિત અતિશયોક્તિથી કામ ન લો અને (પોતાના ત્યાંના) એવા લોકોની મનેચ્છાઓની પાછળ ન ચાલો, જેઓ પહેલાથી પથભ્રષ્ટ છે અને જેમણે ઘણા લોકોને બહેકાવ્યા છે, અને સીધા માર્ગથી દૂર જઈ પડ્યા છે.'' (સૂરઃ માઈદા, ૭૭)

''કહો, (હે પયગંબર !) હે એહલે કિતાબ ! રસૂલોના આગમનના ક્રમમાં એક લાંબી મુદ્દત પછી અમારો રસૂલ તમારા પાસે આવી ચૂક્યો, જે હકીકતોને તમારા સામે ખોલીને લાવી રહ્યો છે — (સંભવ છે કે) ક્યાંક તમે (બહાનારૂપે) કહો કે અમારા સુધી તો કોઈ ખુશખબર આપવાવાળો અને સચેત કરવાવાળો આવ્યો જ ન હતો. તેથી હવે ખુશખબર આપવાવાળો અને સચેત કરવાવાળો તમારા તરફ આવી ચૂક્યો.'' (સૂરઃ માઈદા, ૧૯)

''અને અમે ગ્રંથમાં બની ઇસરાઈલ માટે નિર્ણય કરી દીધો કે તમે ધરતીમાં બે વાર બગાડ કરશો અને ખૂબ ખરાબ રીતે વિદ્રોહ કરશો. તેથી (હે બની ઇસરાઈલ!) જ્યારે પહેલા વચનનો અવસર આવ્યો તો અમે તમારા ઉપર કઠોર યુદ્ધખોર બંદાઓને થોપી દીધા. પછી

તેઓ શહેરોમાં ફેલાઈ ગયા અને એ વચન તો પૂરું થવાનું જ હતું. પછી અમે તેમના સામે તમને એક તક આપી અને ધનદોલત અને સંતાનથી તમને મજબૂત કર્યા અને તમારી સંખ્યા વધારી દીધી, (અને તમને ફરી મહેતલ આપી કે) જો તમે ભલાઈ અપનાવી તો પોતાની જ જાતનું ભલું કર્યું અને જો બૂરાઈ કરી તો એ પણ પોતાના જ પક્ષમાં કરી. પછી જ્યારે બીજા વચનનો અવસર આવ્યો તો એ લોકો તમારા ચહેરાઓને (દુઃખ અને અપમાનની શાહીથી) કાળા કરે, અને મસ્જિદ (બૈતુલ મક્દિસ)માં એ જ રીતે ઘૂસે જે રીતે તેઓ પહેલા ઘૂસ્યા હતા, અને જ્યાં તેઓ વર્ચસ્વ પ્રાપ્ત કરે ત્યાં વિનાશ સર્જે (તો તમે પૂરેપૂરી મજા ચાખી લીધી) ! —હવે (જ્યારે કે મુહમ્મદ ﷺ નું આમંત્રણ સામે આવવાથી એક નિર્ણાયક અવસર ફરી એક ઊભો થઈ ગયો છે). તમારો રબ ઇચ્છે છે કે તમારા પર દયા કરે. પરંતુ જો તમે ફરી એ જ કંઈ કરશો, તો અમે પણ એવી જ મજા ચખાડીશું, અને (આખિરતમાં) અમે જહન્નમને અવજ્ઞાકારીઓ માટે ઠેકાણું બનાવ્યું છે." (સૂરઃ બની ઇસરાઈલ, ૪-૮)

"કહો, હે એહલે કિતાબ ! આ સીધા-સાદા કલમા તરફ આવો, જે અમારા અને તમારા વચ્ચે સમાન છે — એ કે આપણે એક અલ્લાહ સિવાય કોઈની ઇબાદત ન કરીએ અને ન કોઈ વસ્તુને તેના સાથે ભાગીદાર બનાવીએ, અને ન આપણે લોકો અલ્લાહને છોડીને પરસ્પર એક-બીજાને રબ બનાવી લઈએ."

(સૂરઃ આલે ઇમરાન, ૬૪)

ખ્રિસ્તીઓને સંબોધન :–

"અને તમે (યહૂદીઓની તુલનામાં) એ લોકોને મુસલમાનોના પ્રેમમાં વધારે સમીપ જુઓ છો, જેઓ કહે છે કે અમે 'નસારા' છીએ. આ એટલા માટે કે એ લોકોમાં આલિમો (ધાર્મિક વિદ્વાનો) અને દરવેશો (સંતો) છે અને એટલા માટે કે આ લોકો અહંકારમાં ગ્રસ્ત નથી અને આ લોકો જ્યારે આ વાણીને સાંભળે છે જે રસૂલ પર અવતરિત થઈ છે, તો તેમના હક્કને ઓળખવાને કારણે તમે તેમની આંખોને જુઓ છો કે આંસુઓથી ભરાઈ જાય છે. તેઓ પોકારી ઉઠે છે કે હે અમારા રબ ! અમે ઈમાન લાવ્યા. બસ, અમને સત્યની સાક્ષી આપનારાઓમાં લખી લે." (સૂરઃ માઈદા, ૧૧)

મુનાફિકોને સંબોધન :—

"શું આ (મુનાફિક) લોકો વિચારતા નથી કે તેમને દર વર્ષે એક-બે પરીક્ષાઓમાં નાખવામાં આવે છે, તેમ છતાં તૌબા નથી કરતા અને ન શિખામણ સ્વીકારે છે અને જયારે કોઈ સૂરઃ અવતરિત થાય છે તો એક-બીજા તરફ જુએ છે કે શું કોઈ અમારા તરફ જોઈ રહ્યું છે ? પછી ઊભા થઈને જતા રહે છે. તેમના હૃદયોને અલ્લાહે એટલા માટે ફેરવી દીધા છે કે આ લોકો સૂઝબૂજથી કામ નથી લેતા. જુઓ, તમારામાંથી રસૂલ તમારા પાસે આવી ચૂક્યો છે. તેના માટે ખૂબ તકલીફદાયક છે દરેક એ વસ્તુ જે તમને તકલીફ આપે. તે તમારા માટે આતુર છે અને તે ઈમાનવાળાઓ માટે કૃપાળુ અને મહેરબાન છે." (સૂરઃ તૌબા, ૧૨૬-૧૨૮)

કુર્આન દિલોને પીગળાવી નાખે એવા અસંખ્ય બોલથી ભરેલું છે. હૃદયોમાં ઊતરી જનારા વાક્યો, અંતરાત્મામાં હલચલ ઊભી કરી દેનારા મોતીઓ જેવા શબ્દો, સંવેદનાઓના તારને ઝણઝણાવી નાખનારી સાહિત્યિક શૈલી — કેટલી મોટી શક્તિ છે કુર્આન અને કેટલું ખળભળાટ ઊભું કરનારું રહ્યું હશે સત્યનું આમંત્રણ ! હકીકતના આ કિરણો જયારે લાગલગાટ પ્રસરતા હશે તો મધ્યમ કક્ષાના વ્યક્તિઓ માટે કેવી રીતે સંભવ હશે કે તેઓ આચાર-વિચારના અંધકારને છાતીઓમાં સજાવીને રાખે ! દલીલની શક્તિની સાથે જયારે અપીલની શક્તિ આવીને મળે છે તો આ બેધારી તલવાર પથ્થરોને પણ કાપી નાખે છે. ઉપરાંત, જ્યાં કુર્આનની વાણીની વર્ષાની ઝરમર અવિરત વરસી રહી હતી ત્યાં પયગંબર ﷺ ની વાણી પણ વ્યાખ્યાનો, પ્રવચનો અને વાર્તાલાપોમાં હર પળ નૂર (પ્રકાશ)ની લહેરો પ્રસરાવી રહી હતી. જમાનાએ આ ઉછાળા મારતા સમુદ્રના જે મોતીઓનો સંગ્રહ કરી રાખ્યો છે, જરા આજે તેને ચકાસો – નાના-નાના બોલ, થોડા શબ્દોમાં વધારે અર્થ, સાહિત્ય અને વક્તૃત્વનું જોર, વાતોમાં આત્મસાત થયેલ નિખાલસતાનો આત્મા, પરિસ્થિતિને અનુકૂળ વાતચીત – કોઈ અન્ય વ્યક્તિનો સમુદ્ર આવા મોતીઓ ફરી પેદા ન કરી શક્યો. વધુમાં, ઇસ્લામી આંદોલનના શાયરો, સાહિત્યકારો અને પ્રવક્તાઓ હતા કે જેમણે કળાઓના નવા-નવા ધોરણો અને ક્રાંતિકારી શૈલીઓની સાથે જયારે વક્તૃત્વના સાજ પર ઇસ્લામના ક્રાંતિકારી કલ્માના સૂર છેડ્યા તો તેના દરેક લયબદ્ધ રાગે રેતીના કણોમાં પણ ધડકતા હૃદયો પેદા કરી દીધા હશે. આજે પણ એ યુગના સૌથી શ્રેષ્ઠ શાયરીઓના ભંડારને જુઓ, તો હિસ્સાન બિન સાબિત અને કઅબ બિન માલિક રદિ. ની સુંદર કલ્પના તેમની નિખાલસ ભાવનાઓની પાંખો લગાવીને

ગરૂડ જેવી ગજબની શાનથી ઊડતી જોવા મળે છે. તેમના ગીતો જ્યારે રોજેરોજની ઘટનાઓથી સુસંગત અને સંઘર્ષના માહોલથી સમન્વિત થઈને પ્રગટતા હશે, તો છેવટે માનવ-હૃદયોને કોઈ તો અનુભૂતિ થતી હશે ને ! આશય એ છે કે મૂળ શક્તિ સત્યના બોલની હતી, જેના સામે સંભવ નહોતું કે અસત્ય મેદાનમાં ટકી શકે — !

ટીકા - ટિપ્પણી

ઇસ્લામી આંદોલનના તાર્કિક આમંત્રણની સાથે માત્ર અપીલ જ નહીં, બલ્કે તેણે અપીલની સાથે ભરપૂર ટીકા-ટિપ્પણીથી પણ કામ લીધું. માત્ર અધ્યાત્મ (સૂફીવાદ) આધારિત ધર્મોમાં તો કદાચ આહવાન્ અને આમંત્રણની કેવળ એક જ ઢબ અને શૈલી ચાલી શકે છે, અર્થાત્ વિનંતી અને આજીજી તેમજ ખુશામદ અને અપીલની શૈલી. છેવટે માત્ર લોકોની જાત અને તેમના સીમિત અંગત જીવન સુધી જ મામલો હોય અને સામૂહિક વ્યવસ્થાની સુધારણા કે નવ-નિર્માણનો કોઈ પ્રશ્ન જ સામે ન રહ્યો હોય, ત્યાં શૈલી અને પદ્ધતિથી આગળ વધવાની જરૂર જ શું હોઈ શકે છે ! સૂફીવાદ પર આધારિત પંથો અને વૈયક્તિક ધર્મોમાં કેવળ એ નજર સામે હોય છે કે પ્રભાવિત વ્યક્તિઓને અમુક માન્યતાઓ અને થોડીક વ્યક્તિગત ખૂબીઓથી સજ્જ કરી દેવામાં આવે અને પછી તેમને બૂરાઈની શક્તિથી પોતે પોતાને બચાવતા રહેવાનો ઉપદેશ આપવામાં આવે. પરંતુ બૂરાઈની સંગઠિત શક્તિથી લડવા અને બગડેલા માહોલથી ટક્કર લેવાનું કોઈ પ્રેરકબળ હોતું નથી. અત્યાચાર નેતૃત્વના સિંહાસન પર બેસીને પોતાનો ડંકો વગાડતો રહે અને માનવતા તેના પગ નીચે ઝબેહ થતી રહે, છેવટે આ દુન્યવી બખેડાઓથી કોઈ 'અલ્લાહ-મસ્ત ઝાહિદ' (તપસ્વી)ને વળી શું મતલબ !! આમ, આવી સીમિત-અધૂરી-અપૂર્ણ આધ્યાત્મિક વ્યવસ્થાઓમાં માણસની સૌથી મોટી ખૂબી એ સમજવામાં આવે છે કે તે દુનિયાના મામલાઓ અને રાજનીતિના બખેડાઓથી અલગ રહે, દરેકની સામે એક સરખી વિનમ્રતા અને આજીજી બતાવી દે - 'બા મુસલમાં અલ્લાહ - અલ્લાહ ! બા બરહમન રામ - રામ'ની રીત અપનાવે, નમ્રતા દરેકની સામે દાખવે અને કોઈની સામે અશિષ્ટતા અને ઉદ્ધતાઈથી ન વર્તે. આવી વ્યવસ્થાઓમાં, જેમને માણસને સંઘર્ષના મેદાનમાં ન ઉતારવો હોય, બલ્કે આવી સભ્યતાના સંઘર્ષમાંથી કાઢીને ગુફાઓ અને આશ્રમોમાં બેસાડી દેવાનો હોય, તો આલોચનાથી કામ લેવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી — કેમ કે આલોચના કે ટીકા-ટિપ્પણી તો માનસિક અને વૈચારિક દુનિયામાં સંઘર્ષની શરૂઆત હોય છે. તેથી સીમિત આધ્યાત્મિક અને વ્યક્તિગત ધાર્મિકતાની નજરમાં એ બાબત માણસના ચારિત્ર્યનું પતન ગણવામાં આવે છે કે તે કોઈ શક્તિ વિરુદ્ધ

આલોચના માટે મોઢું ખોલે, જાણે આ તકવા (ધાર્મિકતા, સંયમ)ના પાલવ પર ડાઘ લગાડનાર કોઈ કામ હોય અને તેના કરવાથી આત્માની શાંતિ સમાપ્ત થઈ જાય છે !

પરંતુ જે વિચારધારા અને સંદેશ સભ્યતામાં ક્રાંતિ આણવા ઊભા થાય તેમના શસ્ત્રાગારમાં દલીલ અને અપીલની જેમ ટીકા-ટિપ્પણી અને આલોચના પણ પ્રથમ કક્ષાનું મહત્ત્વ ધરાવે છે. માત્ર સત્યની સચ્ચાઈ પર સંતોષ કરી શકાય એમ નથી, બલ્કે અસત્યની નાબૂદી પણ આવશ્યક હોય છે, કેમ કે અસત્યની નાબૂદી વગર સત્યની સચ્ચાઈ પણ સંપૂર્ણપણે પુરવાર થઈ શકતી નથી. અહીં અલ્લાહ પર ઈમાન લાવવું અને 'તાગૂત' (અલ્લાહ સિવાય)થી 'કુફ્ર કરવું (ઇન્કાર કરવો) પણ અનિવાર્ય અને અપેક્ષિત ઠરે છે. અહીં 'અમ્ર બિલ મા'રૂફ' (ભલાઈની આજ્ઞા આપવી) એકલું થઈ શકતું નથી, બલ્કે 'નહી અનિલ મુન્કર' (બૂરાઈથી રોકવું) તદ્દન સાથે-સાથે કરવું પડતું હોય છે. અહીં 'ઇલ્લલ્લાહ' (એક માત્ર અલ્લાહ) કહેવાની સાથે જરૂરી છે કે પહેલા 'લા-ઇલાહ' (કોઈ બંદગીને લાયક નથી) કહેવામાં આવે.

ઇસ્લામી આંદોલન જ્યારે પણ ઉઠે છે, તો તે લોકોની વિચારવાની દિશા બદલવા માટે સમયની સભ્યતા, સામૂહિક વાતાવરણ તેમજ રાજકીય અને આર્થિક રીતે એ અગ્રણી વર્ગોના આચાર-વિચારની હકીકત અનિવાર્યપણે ખોલી નાખે છે, જે લોકોને પોતાની ગુલામીની જાળમાં ફસાવીને મજા લૂંટે છે. તેના માટે બીજો કોઈ ઉપાય જ હોતો નથી કે જીવનનું નેતૃત્વ કરનારાઓની પોલ એ સામાન્ય લોકોની સામે બરાબર ખોલી નાખે. જ્યાં સુધી ભ્રષ્ટને ભ્રષ્ટ, અસત્યને અસત્ય અને ખોટાને ખોટું સાબિત કરી દેવામાં ન આવે, તેની સરખામણીએ ન સચ્ચાઈ અને સદાચારની કોઈ તરસ ઊભી થઈ શકે છે અને ન પરિવર્તનનો ઉમંગ પેદા થઈ શકે છે. દરેક એ આમંત્રણ, જે જીવન-વ્યવસ્થામાં પરિવર્તન ઇચ્છતું હોય, ટીકા-ટિપ્પણીના નસ્તરને અવગણી શકતું નથી. કોઈપણ પયગંબરના આમંત્રણ અને તેની કાર્યવાહીને લઈ લો, તમે જોશો કે ન માત્ર સમાજના ભ્રષ્ટ વિચારો અને પરિસ્થિતિને આલોચનાનું લક્ષ્ય બનાવવામાં આવેલ છે, બલ્કે દરેક પયગંબરે સમયના અત્યાચારી સત્તાધારીઓને બરાબર તેમના દરબારોમાં જઈને દુરાચારી કહ્યા છે. અહીં તો સાંસ્કૃતિક વ્યવસ્થાના માળખાને સામે રાખીને એ હકીકત સમજાવવામાં આવી છે કે દરેક વસ્તી, કોમ અને દેશમાં અમુક 'અગ્રણી ગુનેગારો' જોવા મળે છે, જે કપટયુક્ત રાજકારણથી પોતાનો સ્વાર્થ સાધે છે. (સૂરઃ અન્આમ, ૧૨૪) તેમને તેમના હોદ્દાઓ પર રાખીને કોઈ સુધારણા કરી શકાતી નથી.

ઇસ્લામ જ્યારે આરબોની વચ્ચે અજ્ઞાનતાની વ્યવસ્થાને નાબૂદ કરવા અને ઇતિહાસમાં નવા સોનેરી પ્રકરણોનો આરંભ કરવા ઉઠ્યો, તો તેણે જૂઠ અને અત્યાચાર

અને બગાડના દરેકે-દરેક પ્રકાર પર નિર્દયતાથી આલોચના કરી અને તત્કાલીન સમયે જેટલા પણ તત્ત્વો અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થા અને તાગૂતી માહોલના આગેવાનો અને રક્ષકો અને સંચાલકો બનીને સમાજ પર વર્ચસ્વશાળી બની ગયા હતા અને જેઓ પોતાના દરજ્જા અને સ્વાર્થની રક્ષા માટે માનવ-કલ્યાણના સંદેશનો સામનો કરવા ઊભા થઈ ગયા હતા એ સૌની પોલ એવી ઝીણવટતાથી ખોલી કે તેમના અશુદ્ધ ચરિત્રોના શરીર પર પ્રતિષ્ઠાના કૃત્રિમ પોશાકોનો એક તાર પણ લાગેલો રહેવા ન દીધો. જેમ-જેમ માનવતા-દુશ્મન શક્તિઓની વાસ્તવિકતા સમાજ પર ખુલતી ગઈ, જનમતમાં સમજ અને જાગૃતિ ફેલાતી ગઈ અને તેના સાથે-સાથે પરિવર્તનની તરસ તીવ્ર થતી ગઈ. ઈસ્લામી આંદોલનના આલોચનાના મોરચાએ સામાન્ય પ્રજામાં વિચારવા-સમજવા, તપાસ કરવા તથા નિરીક્ષણ અને તુલના કરવાની યોગ્યતાઓનું સંવર્ધન કર્યું. ઈસ્લામના આમંત્રણનું આ એ પાસું હતું, જે સત્ય અને અસત્ય, ભલાઈ અને બૂરાઈ તેમજ ઉચિત અને અનુચિતમાં ભેદ કરનાર બન્યું. આનાથી જ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ (સાચી વાતને ખોટા વિચારોથી છાંટીને મૂકી દેવામાં આવી છે. - સૂરઃ બકરહ, ૨૫૬) નું વાતાવરણ બન્યું. આના દ્વારા જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું. આના વડે જ અંધકાર અને પ્રકાશમાં ફરક કરવાવાળી દૃષ્ટિ કામ કરવા લાગી. આનાથી જ ઝેર અને અમૃતના મિશ્રણનું પૃથક્કરણ થઈ ગયું. ભ્રષ્ટ શક્તિઓના અત્યાચારોને તો ઈસ્લામી આંદોલનના બહાદુરો પોતાના જીવો પર 'ઉફ઼' સુદ્ધાં કર્યા વગર સહેતા રહ્યા, પરંતુ આ શક્તિઓના નીચ ચરિત્રો પરથી મનમોહક પરદાઓ ઉઠાવવામાં તેમણે કોઈ ભૂલ ન કરી. તેમના કામની રેખાઓ રાજનીતિ અને સભ્યતાના વર્તુળથી બારોબાર પસાર થતી નહોતી કે તેઓ અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાના ધાર્મિક અને સામાજિક નેતૃત્વને સંતોષ અપાવીને પોતાનું કર્તવ્ય પૂરું કરી શકતા કે તમે નિશ્ચિંત બનીને પોતાના હોદ્દાઓ અને સ્થાનો પર બિરાજમાન રહો, અમે 'અલ્લાહવાળા' તમારા કોઈ સ્વાર્થથી ટકરાવાના નથી. અમને બસ, અલ્લાહનું નામ લેવાનું છે અને તેનો કલમો લોકોને શીખવાડવાનો છે. તેમના માટે એ સંભવ નહોતું કે તેઓ આ નેતૃત્વની સામે આજીજીપૂર્વક થોડીક ખુશામતવાળી વાતો કરીને, તેમને આશ્વાસન અને ભરોસો આપીને અને તેમની પકડથી બચીને આ ક્રાંતિકારી સત્ય કલમાને પોકારી શકતા, જેનું સ્પષ્ટ પરિણામ ન્યાય-વ્યવસ્થાની સ્થાપના હતું.

ઈસ્લામી આંદોલને પોતાના મહાન આવાહક પયગંબર ﷺ ની મુબારક જીભને બરાબર આ કડવી ફરજ બજાવવા માટે ઉપયોગ કર્યો અને સમાજના ગૂમડાઓને ચાક કરવા માટે યોગ્ય ઈલ્હામી (દિવ્ય સાંકેતિક) શબ્દોના નસ્તરોથી

કામ લીધું.આ આલોચના કેવળ સિદ્ધાંતો અને ધારણાઓ સુધી જ સીમિત નહોતી, બલ્કે અવરોધરૂપ પ્રભાવશાળી વર્ગો અને વિરોધી લોકો બધા તેના લક્ષ્ય પર આવ્યા અને વારંવાર આવ્યા. આ આલોચના રોજ-બરોજ બનતી ઘટનાકીય પશ્ચાદભૂમિની સાથે કરવામાં આવતી હતી અને વિરોધી કેમ્પ તરફથી જે-જે પગલાઓ ભરવામાં આવતા અને કાર્યવાહીઓ કરવામાં આવતી હતી એ બધાનું વિશ્લેષણ સાથે-સાથે જ કરી દેવામાં આવતું હતું. આ રીતે જનમાનસ તૈયાર કરવામાં આવ્યું. આ કામ જો ન કરવામાં આવતું તો અમુક પવિત્ર લોકો અને નેકીની કેટલીક ચમત્કારી પ્રતિભાઓ સંભવ હતું કે તૈયાર થઈ જતી અને તત્કાલીન દુનિયા પણ તેમનું અભિવાદન કરતી અને પછીના લોકો પણ ઇતિહાસના સંગ્રહાલયમાં તેમની યાદગાર છબીઓ જોતા તો મોઢામાં આંગળા નાખી દેતા; પરંતુ વાતાવરણનો આખો સમુદ્ર એમ-ને-એમ બરફ બની રહેતો અને અજ્ઞાનતાનો અંધકાર સામાન્ય રીતે તેના પર છવાયેલ રહેતો, ન અંધકારને ચીરી શકાતો અને ન તે સમુદ્રના પાણીની નીચે નિશ્ચેતન પડી રહેલા મોજાઓને જગાડી શકાતા; સંભવ જ ન હતું કે લોકોમાં ક્રાંતિકારી ચેતના પેદા થતી અને ઇસ્લામના કાર્યકરોમાં સંઘર્ષની ભાવના ઉભરતી. પછી તો વાત 'ગારે હિરા' પર જ સમાપ્ત થઈ જતી, કલ્મએ-હક્ક (સત્ય બોલ)નું આરબ પ્રદેશના વિજેતા બનીને મક્કામાં દાખલ થવાની વાત તો દૂર રહી !

માનવતાના પયગંબર ﷺ એ કુર્આનની ઇલ્હામી (દિવ્ય) ભાષાના ઉપયોગથી આલોચના કરીને તત્કાલીન આગેવાનોને ન માત્ર બુદ્ધિ અને દલીલની રીતે નાદાર સાબિત કર્યા, બલ્કે નીતિમત્તા અને ચરિત્રની રીતે પણ જમાનાની સામે એ રહસ્ય ખોલી દીધું કે આંખોને આંજી નાખનાર અને ભ્રમિત કરનાર મહાનતા અને નેતૃત્વ બંનેના પરદામાં અત્યંત ઘૃણિત ગંદકીઓના ઢગલા પડેલા છે. આ જ ટીકાએ લોકોમાં એ ભાવના જગાડી કે જ્યાં સુધી ઇસ્લામી આંદોલનથી સહયોગ કરીને આ શક્તિઓને જાહેર જીવનના નેતૃત્વથી બરતરફ કરી દેવામાં નહીં આવે, ત્યાં સુધી જીવનમાં સુખ-સમૃદ્ધિની કોઈ સંભાવના નથી.

કુરૈશની આલોચના કરી તો તેમની મૂર્તિપૂજા, તેમની અંધશ્રદ્ધાઓ, તેમની હાસ્યાસ્પદ ધાર્મિક રીત-રસમો, તેમની નૈતિક પડતી અને તેમની નેતૃત્વની ભ્રમણા એમ બધા જ પાસાઓને ખોલવાની બધી વાત ખોલી નાખી. તેમના પ્રિય ઉપાસ્યોની લાચારીને સ્પષ્ટ કરવા માટે દૃષ્ટાંત વડે સમજાવ્યું કે આ બધા જ મળીને પણ એક માખી સુદ્ધાંનું સર્જન કરી શકતા નથી, બલ્કે જો માખી તેમના પાસેથી કોઈ વસ્તુ છીનવીને લઈ જાય તો તેઓ તેનાથી પાછી પણ લઈ શકતા નથી. હઝરત ઇબ્રાહીમ (અ.સ.) ના નામ લેનારા હોવા અંગે તેમને જે ગર્વ હતો, તેને એ રીતે તોડ્યો કે હઝરત

ઇબ્રાહીમ ﷺ ના જીવનનો સમગ્ર અહેવાલ તેમના સામે પ્રસ્તુત કરીને બતાવ્યું કે જે મિશન માટે તેમણે પોતાનું આખું જીવન ખપાવી દીધું હતું, ઘરબાર છોડ્યા, પીર (મહંત)ના આસનને લાત મારી, નમરૂદની સામે વિદ્રોહના કેસમાં આરોપી બનાવવામાં આવ્યા અને જીવતા બાળી નાખવાની સજા સંભળાવવામાં આવી, પછી તેમણે પોતાના રબ ખાતર મુહાજિર બનીને ભટકતું જીવત વિતાવ્યું, પછી તેમણે એક ઉજ્જડ તળેટીમાં આવીને પોતાના સંદેશ અને અલ્લાહની ઇબાદતનું એ કેન્દ્ર સ્થાપ્યું, જેને અત્યારે તમે પોતાની કમાણી અને ધાર્મિક પંડિતાઈનું સાધન બનાવી રાખ્યું છે — હવે તમને શું અધિકાર છે કે આ એકાગ્ર એકેશ્વરવાદીના તમે નામ લેનારા અને વારસદાર બની બેસો, જ્યારે કે તમારું રૂંવે-રૂંવું શિર્ક (અનેકેશ્વર-વાદ) અને અજ્ઞાનતાના બંધનોમાં બંધાયેલ છે. પછી બતાવ્યું કે કેવી રીતે તમે લોકોએ હલાલ-હરામ (વૈધ-અવૈધ)ની એક વિચિત્ર શરીઅત (કાનૂન) ઘડી રાખી છે. બતાવ્યું કે તમે સ્થાનકો પર ચઢાવાઓ માટે કેવા-કેવા નિયમો બનાવી રાખ્યા છે. બતાવ્યું કે પાંસા ફેંકવા (ભાગ્ય અજમાવવું) અને જુગારને પણ તમે પવિત્રતાનો રંગ આપી રાખ્યો છે. બતાવ્યું કે કેવી રીતે તમે પુત્રીઓના જન્મ પર મોઢું છુપાવતા ફરો છો અને પાષાણ-હૃદયી બનીને તેમને માટીના ઢગલા નીચે જીવતી દાટી દો છો, અને તેમ છતાં અલ્લાહ સાથે પુત્રીઓને જોડતાં તમને જરા પણ શરમ આવતી નથી. આ રીતે જ્યારે સંઘર્ષ શરૂ થયો તો તેમની નિરર્થક વાતો અને નીચ હરકતોમાંથી એક-એકને તેમના સામે મૂકીને બતાવ્યું કે જરા પોતાના ચરિત્રને તો જુઓ. તેમના ગુનાઓ તેમના સામે ગણાવીને કહ્યું કે મસ્જિદે હરામના વ્યવસ્થાપક હોવાનો ગર્વ કરો છો, જ્યારે કે પોતાના કુફ્ર અને શિર્કના કારણે તમે આ હોદ્દાના હક્કદાર પણ નથી, તમે તો લોકોને અલ્લાહના માર્ગથી રોક્યા, તમે કાબાના દરવાજા સત્યના અનુયાયીઓ માટે બંધ કરી દીધા, તમે પોતાના ભાઈઓને દેશનિકાલ કર્યા અને તમે દીન (ધર્મ)ના માર્ગમાં તોફાનો ઊભા કરવાને પોતાની ઓળખ બનાવી.

પછી એહલે કિતાબની આલોચના કરી, તો તેમની સદીઓની કાર્ય-નોંધ ખોલીને તેમના સામે મૂકી દીધી કે કેવી રીતે તમે હઝરત મૂસા ﷺ ના અનુયાયીઓએ હઝરત મૂસા ﷺ ને ડગલે-ને-પગલે તકલીફો આપી હતી, વારંવાર નાફરમાનીઓ કરી, હંમેશા બગાડના રસ્તાઓ પર ચાલતા રહ્યા, તમે ઝઘડાઓ કર્યા, ઉપદ્રવ મચાવ્યો; વાછરડાની પૂજા કરી, જિહાદ (ધર્મયુદ્ધ)થી ભાગ્યા. પછી પરસ્પર રક્તપાત કર્યો, પોતાના ભાઈઓને બેઘર કરતા રહ્યા, તેમના વિરુદ્ધ અત્યાચાર અને દુશ્મની સાથે હુમલા કરતા રહ્યા, તમે અલ્લાહના ગ્રંથમાં ફેરફારો કર્યા, સાચી વાતને હંમેશા છુપાવી અને 'અહબાર' (ખ્રિસ્તી કે યહૂદી પૂજારી-પુરોહિત) અને રહબાન (ખ્રિસ્તી

કે યહૂદી સંન્યાસી-તપસ્વી, પાદરી)ને પોતાના ઉપાસ્યો બનાવ્યા. હદ એ છે કે પોતાને હાથે જાત-જાતની વાતો લખીને તેને અલ્લાહથી જોડો છો અને અલ્લાહના બંદાઓને છેતરીને હરામ કમાણી કરો છો. ન પોતે સન્માર્ગ પર ચાલો છો, ન બીજાઓને ચાલવા દો છો અને કોઈ બીજો જો માનવ-કલ્યાણનું કામ કરવા ઊભો થાય છે તો તેના સાથે સહયોગના બદલે તેના માર્ગમાં કાંટાઓ બિછાવો છો. કાલ સુધી તમે અલ્લાહના ગ્રંથના કારણે આખી દુનિયાને ખુશખબર સંભળાવતા રહ્યા છો કે અંતિમ યુગના પયગંબર આવવાના છે, અને જ્યારે તેઓ ખરેખર આવી પહોંચ્યા તો તમે તેના વિરુદ્ધ ઊભા થઈ ગયા. મુસ્લિમ સમુદાય, જે ઘણા કારણોસર તમારા નજીક છે અને તમારા પયગંબરો અને અગાઉના તમામ ગ્રંથોને માને છે, તેમના વિરોધમાં જો તમારું ગોત્ર મળે છે તો મુશ્રિકોથી જઈને મળે છે. આ કરતૂકો તમે ત્યારે કરી રહ્યા હતા કે અલ્લાહનો ગ્રંથ હંમેશા તમારી પીઠો પર સવાર રહ્યો — — બરાબર એવી રીતે જે રીતે ગધેડાઓ પર જ્ઞાનના ભંડારો લદાયેલા હોય અને તે તેનાથી અજાણ-બેપરવા ચાલતો જઈ રહ્યો છે ! તમે જો સાચા હોત તો પોતાના જીવનમાં તૌરાતને સ્થાપિત કરીને બતાવતા. જ્યાં સુધી તમે અલ્લાહના ગ્રંથને પીઠ પાછળ નાખી રાખ્યો છે, તમારા આકર્ષક દાવાઓનું સહેજ પણ મહત્ત્વ નથી. આજે તમારામાંથી મોટાભાગના લોકો એવી પડતીમાં આવી પહોંચ્યા છે કે એક પૈસો પણ જો તેમના પાસે અમાનતરૂપે મૂકવામાં આવે તો તેની અપ્રમાણિકતાથી બચીને તે મુશ્કેલીથી પાછો મળી શકે છે. પોતાના આ વર્તનના કારણે અલ્લાહનો પ્રકોપ વહોર્યો અને તમારા પર અપમાન અને ગરીબી થોપી દેવામાં આવી.

પછી મુનાફિકોની આલોચના કરી તો તેમનું સમગ્રપણે મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને તેમને બતાવ્યું કે તમે કેવી રીતે વક્ર દૃષ્ટિથી દરેક મામલા વિશે વિચારો છો, એકલા બેસો છો તો આંદોલનની પરિસ્થિતિ અને પ્રસંગો પર કેવી રીતે ઊલટી સમીક્ષા કરો છો, સભાઓમાં આવો છો તો તમારા રંગ-ઢંગ શું હોય છે અને કેવી-કેવી રીતે પરસ્પર ઇશારાઓ કરો છો. ક્યારેક લાકડાના ઢીમચાની જેમ જડ થઈ જાઓ છો અને તમારી આંખો પથરાઈ ગયેલ દેખાય છે, ક્યારેક ચુપકેથી સરકી જાઓ છો. મુસ્લિમ સમુદાયમાં હોવ છો તો બીજી જ રીતે જબાન ચલાવો છો અને પછી દુશ્મનો સાથે જઈને બેસો છો તો બીજો રાગ આલાપો છો. દરેક મામલામાં તમારું વલણ મુસ્લિમ સમુદાયથી જુદું અને અલગ જ પ્રકારનું હોય છે. બીજા લોકોને વહીના ગીતોથી જીવનનો સંદેશ અને શાંતિ મળે છે, તો તમારા હૃદયો તેને સાંભળીને ભીંસાવા લાગે છે. બીજાઓ માટે રસૂલે પાક ﷺ નું અસ્તિત્વ પ્રેમનું કેન્દ્ર બનેલું છે અને તમે પોતાને તેમનાથી દૂર-દૂર રાખવાનું પસંદ કરો છો. બીજાઓની અંતરની

ભાવના તેમને નમાઝ માટે ખેંચી-ખેંચીને લાવે છે અને તમે છો કે કમને ખેંચાઈને આવો છો, જાણે કોઈ બંધક મજૂરે જેમ-તેમ કરીને વેઠ પૂરી કરવાની હોય ! બીજા લોકો પોતાનું સર્વસ્વ આંદોલનના ચરણોમાં ધરી દેવા તત્પર રહે છે અને તમે છો કે પોતે પણ ખર્ચ નથી કરી શકતા અને બીજાઓને પણ તેનાથી રોકો છો. બીજાઓ પોતાના લક્ષ્ય અને ઉદ્દેશ્ય માટે હૃદયપૂર્વક-ઉત્સાહથી જિહાદ માટે નીકળે છે, પરંતુ તમે હંમેશા જીવ બચાવવા માગો છો અને બહાનાઓ શોધી-શોધીને છટકવાનો રસ્તો કાઢી લો છો. બીજાઓ માટે જે ઘટનામાં ખુશીની વાત નીકળે છે તેનાથી તમારું દિલ દુઃખવા લાગે છે અને બીજાઓને જે પરિસ્થિતિમાં તકલીફ પહોંચે છે તમે તેના માટે ઘીના દીપકો જલાવો છો. મુસ્લિમ સમુદાયની સાથે કોઈપણ રીતે તમારો મેળ નથી ખાતો. આમ, ઇસ્લામી આંદોલને દરેક મુનાફિકની સામે તેનું ચિત્ર ખેંચીને મૂકી દીધું કે તે તેમાં પોતાના રંગ-રૂપ જોઈ લે.

અજ્ઞાની શાયરો-કવિઓ, જેઓ ઇસ્લામી આંદોલન વિરુદ્ધ પોતાની કળાનો મોરચો સજાવીને બેસ્યા હતા અને સ્વયં તેના મહાન આવાહક પયગંબર ﷺ વિશે નિંદાત્મક શાયરીઓ-કાવ્યો લખીને પ્રસિદ્ધ કરતા રહેતા હતા, તેમની પણ પકડ કરવામાં આવી. થોડાક શબ્દોમાં તેમનું એવું ચિત્ર ખેંચવામાં આવ્યું કે જે સંપૂર્ણપણે તેમના પર બંધબેસતું હતું, અને જેને જોઈને આરબ પ્રદેશનો સામાન્ય માણસ તરત જ આ ચિત્રની પડતીનું અનુમાન પણ કરી શકતો હતો. અજ્ઞાની શાયરોનું લક્ષણ એ બતાવવામાં આવ્યું કે આ એ તત્ત્વો છે, જેકના આસપાસ એકત્ર થવાવાળા અને જેની આગેવાનીમાં ચાલવાવાળા માત્ર પથભ્રષ્ટ લોકો છે. ઉપરાંત, આ એ તત્ત્વો છે જેઓ પોતાના સિદ્ધાંતહીન હોવાને કારણે ઠેર-ઠેર ખીણોમાં નિરર્થક ભટકતા ફરે છે. ઉપરાંત, આ એ તત્ત્વો છે જેઓ પોતાના મોઢેથી એ વાતો કહે છે જેના અનુસાર તેમનું પોતાનું વ્યવહારૂ ચરિત્ર નથી.

પછી ઇસ્લામી આંદોલને તત્કાલીન વિશિષ્ટ ઘૃણાસ્પદ લોકોને છાંટીને કોઈ નામ વગર તેમના ચિત્રો ઉચ્ચ પ્રકારની કળાની સાથે વાસ્તવિકતા અનુસાર સાહિત્યિક રંગોમાં તૈયાર કર્યા અને સમાજના જનમાનસના ભવનમાં પ્રદર્શિત કરી દીધા કે દરેક તેમને જુએ, તેમને સમજે અને તેમને પ્રાસંગિક દુનિયામાં સ્વયં ઓળખે. ક્યાંક એ ચરિત્રને બતાવ્યું, જે પોતાની વાકપટુતાના જોરે લોકોને પ્રભાવિત કરી લે છે, પરંતુ અમલના મેદાનમાં પોતાની આકર્ષક વાતોને પાયમાલ કરીને માનવ-સમાજમાં ઉપદ્રવ મચાવે છે અને વિનાશની આગ લગાવે છે. ક્યાંક એ ચરિત્રને બેનકાબ કર્યું, જે પરિવાર અને નેતૃત્વના અહંકારના નશામાં ચૂર રહે છે અને પોતાની પ્રતિષ્ઠાની સીમાથી આગળ વધેલ લાગણીએ તેના નાકને એટલું મહત્ત્વ આપી દીધું છે કે તે

જાણે હાથીની સૂંઢ જેવું થઈ ગયું છે — અને કયામતના દિવસે બરાબર આ સૂંઢ પર ડામ આપીને તેને સજા આપવામાં આવશે. ક્યાંક એ માનવ-ચરિત્રને બતાવ્યું જેની દુનિયાની લાલસાએ તેને કૂતરા જેવી આદતો પાડી દીધી છે, જેને ધૂત્કારો તો પણ જીભ લટકાવી લે છે અને છોડી દો તો પણ જીભ લટકાવી લે છે. આ ચરિત્રો સમાજમાં મોજૂદ હતા અને ચારે તરફ વિખેરાયેલા હતા. આ આલોચનાત્મક ચિત્રોના કારણે તેમને ઓળખવા અને તેમની પડતી અંગે જાગૃત થવું લોકો માટે કંઈ મુશ્કેલ ન હતું.

આ આલોચના અને ટીકા કેવળ વૈચારિક નહોતી, બલ્કે પ્રાસંગિક સંઘર્ષની સાથે જોડાયેલ હતી અને તેમાં છેવટે ઇસ્લામી આંદોલનના મોરચાથી વિરોધી શક્તિઓને સંબોધન કરવામાં આવે છે. સંભળાવનારને પણ ખબર હતી કે તે કોને સંભળાવી રહ્યો છે અને સાંભળનારને પણ અંદાજ રહેતો હતો કે કોણ તેની ખબર લઈ રહ્યું છે. આ આલોચનાઓ આકાશમાંથી લાઉડ-સ્પીકર લગાવીને સંભળાવવામાં આવતી નહોતી, બલ્કે તે હઝરત મુહમ્મદ ﷺ ની જીભથી પ્રસારિત થતી હતી અને તેને મુસ્લિમ સમુદાયના સભ્યો ખૂણે-ખૂણે પહોંચાડતા હતા. તેથી તેમની ભાવનાઓ તેમાં સામેલ અને તેમના આત્માઓ તેમાં ઘોળાઈ જતા. તે પ્રાસંગિક ઉતાર-ચઢાવ પર લાગુ કરીને સંભળાવવામાં આવતી હતી અને સાંભળનાર પણ તેને રચાનાર ઇતિહાસથી જોડીને જ સમજતા હતા. લોકો તેમને એ જ હેસિયતથી લેતા હતા કે આ એ રચનાત્મક નિર્માણ-પ્રિય ક્રાંતિકારી શક્તિની પોકાર છે, જે અમારા વચ્ચે ઊભરી છે અને પુરાણી વ્યવસ્થાને પડકાર કરી રહી છે અને તેની માર એ હરીફો પર પડી રહી છે જે ક્રાંતિના માર્ગમાં અવરોધ બની રહ્યા છે. તેમને તક મળતી હતી કે તેઓ બંને બાજુની વાતો સાંભળે અને પક્ષકારોને સામ-સામે રાખીને ચકાસે. આ રીતે તેઓ જાગૃત થતા ગયા.

દલીલ ચેતના અને સમજનો પ્રકાશ બની શકે છે, પરંતુ ભાવનાઓને જગાવતી નથી. અપીલ ભાવનાઓમાં હલચલ પેદા કરીને દા'વત (આહવાન)માં ગરમી પેદા કરી દે છે, પરંતુ તે ઇતિહાસમાં વ્યવહારૂ મોરચો પેદા નથી કરી શકતી. તે આલોચનાની જ શક્તિ છે, જે દલીલ અને અપીલની સાથે મળીને જ્યારે કામ કરે છે તો સભ્યતાના બધા તત્ત્વો ભ્રમણ કરવા લાગે છે. માત્ર આ જ એ શક્તિ છે કે સમયના સમુદ્રમાં ઉતાર-ચઢાવ પેદા કરી દે છે.

કહેવાનો આશય એ છે કે ઇસ્લામી આંદોલને હઝરત મુહમ્મદ ﷺ ના માધ્યમથી દલીલ, અપીલ અને આલોચનાના ત્રણ તત્ત્વોથી કામ લીધું અને ૨૩ વર્ષો સુધી નિરંતર કામ કર્યું. આ જ ત્રણ શક્તિઓએ વિરોધીઓને પણ પ્રતીત કરાવી દીધું કે તમે જ્ઞાનની દૃષ્ટિએ અને બૌદ્ધિક રીતે ઊતરતા, દલીલની રીતે નબળા, પોતાના

ઉદ્દેશ્યોના ભાવનાત્મક આકર્ષણની રીતે પછાત અને પોતાના ચરિત્રની રીતે ખૂબ જ નીચલા સ્તર પર છો. વિરોધીઓમાં મુસ્લિમ સમુદાયની શ્રેષ્ઠતાનો સ્વીકાર અને પોતાની નબળાઈનું ભાન તેમની જાણ વગર વધતું જ ગયું, અને બીજી બાજુ લોકો પણ બંને પક્ષકારોને દરેક પાસાથી ચકાસીને તેમના વચ્ચેનો ફરક પણ સમજતા ગયા. દા'વત (આમંત્રણ)ની આ એ મૂળ શક્તિઓ હતી, જેમણે લાખો આરબ-વાસીઓને જીતી લીધા. આમંત્રણ જો સત્ય ન હોત, તેમાં હૃદયો માટે આકર્ષણ ન હોત, પોતાના અનુયાયીઓને સક્રિય કરીને ભલાઈ અને બૂરાઈની રણભૂમિમાં ઉતારી ન શકતું તથા દલીલ, અપીલ અને આલોચના દ્વારા પોતાની વાત મનાવી ન લેતું, તો મુસ્લિમ સમુદાય ન રાજનીતિના ક્ષેત્રમાં બાજી જીતી શકતો હતો અને ન રણ-મેદાનમાં કોઈ યુદ્ધ જીતી શકતો હતો. આ ગૌણ મેદાનોમાં પણ જો વિજય થયો તો એ કારણસર કે જનમતના વિશાળ મોરચે ઇસ્લામની આગેકૂચ ખૂબ વિજયી હતી.

મુસ્લિમ ચરિત્રની નૈતિક શક્તિ

કોઈપણ દા'વત (આમંત્રણ) જો માત્ર મૌખિક હોય અને તેના સાથે નૈતિક બળ ન હોય, તો તે ગમે તેવી આકર્ષક કેમ ન હોય અને થોડા સમય માટે હૃદયો પર ગમે તેટલું જાદૂ કેમ ન કરી નાખે, છેવટે ધૂમાડાના ગોટાઓમાં વિલીન થઈ જાય છે. ઇતિહાસ પર શબ્દોથી ક્યારેય કોઈ અસર ઊભી કરી શકાતી નથી, અને કેવળ જીભ ક્યારેય ક્રાંતિ આણી શકતી નથી. શબ્દો ત્યારે જ પ્રભાવશાળી હોય છે, જ્યારે આચરણના શબ્દ-કોષમાં તેનો કંઈક અર્થ નીકળતો હોય. જીભનો જાદૂ સાબુની જેમ સુંદર ફીણ અને રંગીન પરપોટાઓ તો પેદા કરે છે, પરંતુ આ પરપોટાઓ જમીનના કોઈ એક કણને પણ તેની જગ્યાએથી હલાવી શકતા નથી, બલ્કે સાથે-સાથે નાશ પામતા જાય છે. દલીલ જ્યારે ચરિત્ર વગર કરવામાં આવે, અપીલ જ્યારે નિષ્ઠા અને નિખાલસતાથી ખાલી હોય અને આલોચના જ્યારે નૈતિક રીતે બોદી હોય તો માનવતા તેનાથી પ્રભાવિત થતી નથી. ચરિત્રની નૈતિક શક્તિ જ આમંત્રણમાં અસર ભરે છે. — આચરણની સાક્ષી વગર જીભની સાક્ષી નકામી સાબિત થાય છે. સત્ય એ છે કે كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ اَنْ تَقُوْلُوْا مَا لَا تَفْعَلُوْنَ (અલ્લાહના નજીક એ અત્યંત અપ્રિય કૃત્ય છે કે તમે કહો એ વાત જે કરતા નથી.- સૂરઃ સફ્ફ,૩)

ઇસ્લામી આંદોલનનું આમંત્રણ શુદ્ધ તાર્કિક આમંત્રણ હતું અને તે તાત્ત્વિક અને વિદ્વતા પ્રકારની વૈચારિક ચર્ચાઓ લઈને આવ્યું ન હતું. — તે સરાસર એક વ્યવહારૂ અને અમલી સંદેશ હતો તથા તે પહેલવૃત્તિ અને આગળ વધીને કામ કરવાનું એક આંદોલન હતું ! તે એક વિશિષ્ઠ ઢબનો માણસ તૈયાર કરવા આવ્યું હતું

અને એ માણસ તેણે પ્રથમ દિવસથી તૈયાર કરવાનું શરૂ કરી દીધું હતું. આ માણસની વિચારવાની રીત, તેના નૈતિક ગુણો અને તેનું મનમોહક ચરિત્ર તેની દલીલોને વાસ્તવિક વજન, તેની અપીલોને સાચું આકર્ષણ અને તેની આલોચનાઓમાં ઊંડો પ્રભાવ ઊભું કરનાર હતું. ઇસ્લામી આંદોલનનો નવો માણસ સ્વયં એક મજબૂત દલીલ હતો, પોતે જ સૌથી વધારે પ્રભાવશાળી અપીલ હતો અને તેનું સમગ્ર વ્યક્તિત્વ પુરાણી વ્યવસ્થા, પાશવી શરીરના મનુષ્યો, બગાડયુક્ત અજ્ઞાનતાપૂર્ણ માહોલ, જડ સમાજ અને તેના અયોગ્ય નેતૃત્વ પર એક ભારે આલોચના હતું. અજ્ઞાનતાની પાસે આ જીવંત દલીલ, આ જીવંત અપીલ અને આ જીવંત આલોચનાનો કોઈ જવાબ ન હતો, તેનો કોઈ તોડ ન હતો. તે તેની સરખામણીમાં તદ્દન વિવશ હતી. એ નવો માણસ કે જેનો અત્યંત આદર્શ-સર્વોત્તમ નમૂનો સરવરે આલમ પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ની જાતમાં દુનિયાની સામે હતો અને તેના અસંખ્ય અનુયાયીઓ પોત-પોતાના જીવન-ચરિત્રોના દીપકો આ قَمَرٌ مُّنِيْرٌ (ચમકતા ચંદ્ર)ના કિરણોથી પ્રકાશિત કરી રહ્યા હતા; તે એક એવો ચોક્કસ અને નક્કર વાસ્તવિકતા હતો કે તેનાથી આંખો બંધ કરી લેવું પણ તેના જ્યોતિર્મય અને પ્રકાશિત હોવા પર એક સાક્ષી હતી. તેનો ઇન્કાર કરનારાઓ અને ઠુકરાવનારાઓ અને તેનાથી ટક્કર લેનારાઓ પણ પોતાના વલણથી તેની મહાનતાનું એલાન કરી રહ્યા હતા. મક્કામાં આ માનવીએ પોતાની અદ્વિતીયતાંની શાન દેખાડી હતી અને મદીનામાં આવીને તેણે પોતાની સામાજિકતા અને સામૂહિકતાના દર્શન કરાવ્યા હતા.

ઇસ્લામી આંદોલન અને હઝરત મુહમ્મદ ﷺ એ આ નવા માણસના નિર્માણના મૂળ કામથી ક્યારેય બેપરવાઈ ન દાખવી, બીજાઓની સુધારણા કરવાના જોશમાં તેને ક્યારેય ભૂલ્યા નહીં અને બીજાઓ પર આલોચના કરવામાં ખોવાઈ જઈને તેની નબળાઈઓ પર પકડ કરવામાં અને તેની સુધારણા કરવામાં ક્યારેય સુસ્તીથી કામ ન લીધું. ત્યાં બીજાઓની સુધારણાના પહેલાં પોતાની સુધારણા પ્રથમ હતી, બીજાઓ પર આલોચના કરવાથી વધારે મહત્ત્વનું પોતાના પર આલોચના કરવું હતું, બહાર પરિવર્તન આણવાથી પહેલા પોતાનામાં અપેક્ષિત બદલાવ લાવવો જરૂરી હતું.

એક એવા સમાજની વચ્ચે, જેની નજરોમાં કમાવા અને ખાવા-પીવાથી વધારે બીજો કોઈ ઉચ્ચ ધ્યેય ન હતો, જેની દરેક સભા એક મદિરાલય અને એક જુગારખાનું અને નૃત્યગૃહ હતું, જ્યાં બહાદુરીનો ઉપયોગ રમખાણ, બગાડ, હત્યા, વેરનું વેર અને લૂંટફાટ સિવાય કંઈ ન હતું, અને જ્યાં સભ્યતા એક એવા જંગલમાં ફેરવાઈ ગઈ હતી જેની બખોલોમાં માનવ-પશુઓ ગર્જના કરતા રહેતા હતા તથા સજ્જન અને ગરીબ લોકો તેમના માટે સસ્તો શિકાર બનેલા હતા. — ત્યાં આદરણીય

પયગંબર હઝરત મુહમ્મદ ﷺ જ્યારે માનવતાના એક સદાચારી કાફલાને સાથે લઈને પ્રગટ થયા, તો તેનું અસ્તિત્વ પ્રથમ દિવસથી જ વાતાવરણમાં ખૂબ દર્શનીય હતું. લોકો માનવતાના આ નવા નમૂનાને અચરજથી જોતા હતા અને તેને દરેક પાસાથી અલગ અને વિશિષ્ઠ જોતાં. ઉપરાંત, તેનો સમગ્ર વિકાસ અને અભિવૃદ્ધિ તેમની આંખોની સામે થઈ અને તેનું સમગ્ર શિક્ષણ-પ્રશિક્ષણનું કામ આરંભથી અંત સુધી લોકોએ સારી રીતે જોયું.

વિશિષ્ટ અને સામાન્ય લોકો દરરોજ સવાર અને સાંજ જોતા હતા કે ઇસ્લામનો કલમો એક-પછી-એક સારા-સારા લોકોને ખેંચતો જાય છે. એકાએક હૃદયથી મજબૂર થઈને લોકો ઉઠે છે અને પોતાને આ ક્રાંતિકારી આંદોલનને સુપ્રત કરી દે છે. એ જ લોકો, જેઓ પહેલા હઝરત મુહમ્મદ ﷺ વિરુદ્ધ એડી-ચોટીનું જોર લગાવીને લડી રહ્યા હોય છે, અચાનક જ તેઓ અધોમુખ થઈ જાય છે, જાણે કોઈએ તેમના પર જાદૂ કરી દીધું હોય ! પછી જ્યારે કોઈપણ વ્યક્તિ સત્યના કલમાનો સ્વીકાર કરે છે, જોતજોતામાં તેના મનો-મસ્તિષ્ક અને ચરિત્રમાં પરિવર્તન થવા લાગે છે, તેની મિત્રતાઓ અને દુશ્મનીઓ બદલાઈ જાય છે, તેની આદતો અને તેના શોખમાં ફેરફાર થઈ જાય છે, તેની પ્રવૃત્તિઓ નવો રંગ અપનાવી લે છે, તેની અગાઉની રુચિ-અભિરુચિઓ સમાપ્ત થઈ જાય છે અને નવી રુચિ-અભિરુચિઓ ઉત્પન્ન થઈ જાય છે, પછી તે તત્કાળ ગતિશીલ અને સક્રિય વ્યક્તિત્વથી સજ્જ થઈ જાય છે, તેનામાં એક નવી શક્તિ ઊભરી આવે છે, તેની સૂતેલી યોગ્યતાઓ જાગી ઉઠે છે, તેના અંતરાત્માનો દીપક સંપૂર્ણ જ્યોત સાથે સળગવા લાગે છે, તેની સંવેદનાઓ સળવળવા લાગે છે, તેના વિચારોને નવી પાંખો મળી જાય છે, તેની છાતીમાં સદાચારની કળીઓ એક-એક કરીને ખીલવા માંડે છે અને તેની સુવાસ વાતાવરણમાં પ્રસરે છે. જે વ્યક્તિ 'કાફિર'થી 'મુસ્લિમ' બનતો હતો તેના અંદરથી જાણે તદ્દન એક બીજો જ માણસ પ્રગટ થઈ જતો ! તે પોતે પણ અનુભવતો કે હું મારા વાતાવરણથી કંઈક જુદો અને તદ્દન નવી જ વસ્તુ છું અને વાતાવરણ પણ જોતું કે તે હવે એવો નથી રહ્યો, જેવો પહેલા હતો. હત્યારાઓ આવતા અને માનવ-પ્રાણના સંરક્ષકો બની જતા, ચોર આવતા અને અમાનતદાર બની જતા, વ્યભિચારીઓ આવતા અને પવિત્રતા અને શરમની પ્રતિમાઓ બની જતા, ડાકુઓ આવતા અને સુલેહ-શાંતિના ઉપદેશક બની જતા, કજિયાખોરો અને ઝઘડાળુઓ આવતા અને સૌમ્ય અને વિનમ્ર બની જતા, વ્યાજખોરો આવતા અને 'ઇન્ફાક' (અલ્લાહના માર્ગમાં ખર્ચ) કરનારા બની જતા, અને તેમના અંદરથી ઉચ્ચ યોગ્યતાઓના સ્રોત ફૂટવા લાગતા. સમાજના નિમ્ન સ્તરથી ઉઠતા અને સૌભાગ્ય અને સન્માનની

ઊંચાઈઓને સ્પર્શ કરતા. જાણે આ કોઈ જુદી જ દુનિયાના સર્જનો બની ગયા હોય ! જાણે આ માટીના પૂતળા ન હોય, બલ્કે કોઈ બીજા જ તત્ત્વથી તેમણે અસ્તિત્વ પ્રાપ્ત કર્યું હોય !

આ અલ્લાહના ઉપાસકો, રસૂલ ﷺ ના દીવાના, સત્યના દીપકના પરવાના, નેકીના અગ્રદૂત, ભલાઈના આવાહકો, બૂરાઈના દુશ્મન, અત્યાચાર અને અન્યાયના વિરોધીઓ ! — આ રુકૂઅ અને સિજદાઓમાં ચેન મેળવનારા, આ કુર્આન પઢતી વખતે આતુર બનીને આંસુ સારવામાં ખોવાઈ જનારા, આ દિવસે ધ્યેય ખાતર દોડ-ધૂપ કરનારા અને રાત્રે અલ્લાહથી દિલ લગાવનારા, ગરીબોને ભોજન કરાવનારા, મુસાફરોની દેખભાળ કરનારા, અનાથો અને વિધવાઓના માથા પર પ્રેમથી હાથ મૂકનારા, મોજ-મજાથી દૂર, ભોગવિલાસથી વેગળા, નિરર્થક ચર્ચાઓથી અલિપ્ત, ગંભીરતા અને ગૌરવની પ્રતિમા, સૌજન્યશીલતા અને શિષ્ટાચારની મૂર્તિઓ — આ સભાના હાજરજનોમાં અજનબી બની જનારા લોકો, આ પોતાની જ વસ્તીઓમાં રહીને નિરાશ્રિતો — છેવટે કેવી રીતે સંભવ હતું કે આખાય આરબ પ્રદેશની નજરો તેમના પર કેન્દ્રિત ન થઈ જાય !!

આ ઇસ્લામના ધ્વજવાહકો ! જેઓ કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર એક મિશનની સેવામાં સંપૂર્ણ મગ્ન હતા, કોઈ વળતર વગર આંદોલનના કાયમી કાર્યકર હતા અને જેમણે દુનિયાની ભલાઈ માટે પોતાના હિતોને અભરાઈએ ચઢાવી દીધા હતા. તેઓ પોતાના પવિત્ર ઉદ્દેશ્ય માટે દિલો-દિમાગની કોશિશો, શરીરની શક્તિઓ, ખિસ્સાઓનું ધન અને સમય આવ્યે પોતાના અને પોતાના બાળકોના પ્રાણ સુદ્ધાં ખર્ચ કરી નાખનારા હતા. ન તેમને આજીવિકાની ચિંતા હતી, ન શરીરનું ભાન હતું, ન રાતની ઊંઘનો ખ્યાલ, ન પત્ની-બાળકોમાં મસ્ત રહેવાની મહેતલ, ન ખેલતમાશાથી મનને બહેલાવવાની ફુરસદ, બલ્કે તેમનો વ્યવસાય હતો તો કેવળ એ જ, મનોરંજન હતું તો માત્ર એ જ તેમજ શાંતિ અને સુખચેનનું સાધન હતું તો એ જ કે સચ્ચાઈની બોલબાલા થાય. તેમણે હસતા-હસતા વિરોધીઓની ગાળો સાંભળી, શૂરવીરતાથી અત્યાચારની માર સહન કરી, ખુશીથી ભૂખમરાના દિવસો કાપ્યા, આધ્યાત્મિક આનંદની સાથે વતન છોડ્યું, ધૈર્ય કરવાનો સમય આવ્યો તો અંતિમ કક્ષાનું ધૈર્ય દાખવ્યું અને સામનો કરવાનો સમય આવ્યો તો મજબૂત હાથોથી સામનો કર્યો. 'અહદ – અહદ' કહેતા ગરમ રેતી પર સૂઈ ગયા, હર્ષોલ્લાસના ગીતો ગાતા-ગાતા શૂળીઓ પર લટકી ગયા, ઘાયલ થઈ-થઈને પડી ગયા તો ઊડતું પ્રાણ-પંખેરું ઝૂમીને પોકારી ઉઠ્યું ! فزت برب الكعبة (કાબાના રબના સોગંદ ! મારી તો અભિલાષા પૂરી થઈ ગઈ !) આ ચરિત્ર હોય, તેમ છતાં દુનિયા ન ઝૂકે ??

આ મુસ્લિમ ચરિત્રએ દરેક પ્રસંગે એવા નમૂનારૂપ અને આદર્શ દૃષ્ટાંતો ઊભા કર્યા કે જીવનનું લલાટ તેમના નૂરથી આખિરતના દિવસ સુધી ઝગમગતું રહેશે. આ ચરિત્રના મુરબ્બીએ હત્યા-સ્થાનથી રવાના થતી વખતે પોતાના હત્યારાઓની અમાનતોને પરત કરવાનો પ્રબંધ કર્યો. આ ચરિત્રએ ઉહદના મેદાનમાં 'હિન્દા'ના માથા પર તલવાર મૂકીને ઉઠાવી લીધી કે તેને એક મહિલા પર તલવાર ચલાવવાનું ગમ્યું નહીં. આ ચરિત્રએ વ્યભિચારનો ગુનો થઈ જવાથી પોતે જાતે જ રજૂ થઈને ગુનાનો એકરાર કર્યો અને ઇસ્લામી અદાલતથી આગ્રહપૂર્વક અત્યંત સંગીન મૃત્યુ-દંડનો પોતાના માટે સ્વીકાર કર્યો, એટલા માટે કે તે અલ્લાહ સમક્ષ પવિત્ર થઈને રજૂ થઈ શકે. આ ચરિત્રને ઇસ્લામ સ્વીકાર્યાના થોડા જ સમય પછી એક રૂપસુંદરીએ ભોગવિલાસ માટે આમંત્રણ આપ્યું તો તેણે એમ કહીને ઠુકરાવી દીધું કે હવે હું અલ્લાહ અને રસૂલ ﷺ ની અવજ્ઞા નથી કરી શકતો. એક યુદ્ધ-પ્રવાસમાં ઊઝદ કબીલા પાસેથી સેના પસાર થઈ તો એક મુસ્લિમ સૈનિકે જરૂર પડતાં ત્યાંથી એક લોટો લઈ લીધો. પરંતુ આ તે મુસ્લિમની શાન હતી કે પૂછપરછ કરવામાં આવી કે તરત જ લોટો પાછો આપી દીધો. આવા સેંકડો ઉદાહરણો, નવા-નવા દૃષ્ટાંતો, જે માનવ-સમાજમાં દેખાતા હશે, એ સમાજ તો દરરોજ ધ્રુજી ઊઠતો હશે !

શું દુનિયા તેમના ત્યાગ અને બલિદાનોને જોઈ-જોઈને સ્તબ્ધ થઈ જતી નહીં હોય કે અન્સારે પોતાના ઘરબાર અને ધનદોલત અડધો-અડધ વહેંચીને મુહાજિરોની સામે મૂકી દીધા ? શું લોકોના હૃદય એ ભાઈચારાનું વાતાવરણ જોઈને આકર્ષિત થતા નહીં હોય કે નિમ્ન કક્ષાના ગુલામો ખાનદાની હસ્તીઓની સાથે અને ગરીબ વર્ગોના વ્યક્તિઓ શ્રીમંતોની સાથે તેમજ ઉજડી ગયેલા ઘરબારમાંથી આવનારા લોકો મદીનાના સ્થાનિક રહેવાસીઓની સાથે એક જ હરોળમાં ઊભા છે ! દરેકને મહત્ત્વ પ્રાપ્ત છે, દરેકની ઇજ્જત થાય છે, દરેકનો મત વજન ધરાવે છે અને દરેકને જવાબદારી ઉઠાવવાની અને પોતાનું કૌશલ્ય બતાવવાની તક મળે છે. આ એક બિરાદરી છે, જેના બધા લોકો સુખમાં પણ સામેલ રહે છે તથા તકલીફ અને મુસીબતમાં પણ ભાગીદાર બને છે. તેમના દુઃખો સહિયારા, તેમની ખુશીઓ સહિયારી, તેમનું વિચારવું એક સરખું, અને તેમની પ્રવૃત્તિઓ એક સરખી ! ભૂખનો જમાનો છે તો તેમાં સૌથી મોટો હિસ્સો સમાજના વડાનો છે અને ખુશહાલીનો જમાનો આવે છે તો તેમાં સૌથી ઓછો હિસ્સો તે પોતાના માટે લે છે. અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓ અનુસાર ઉચ્ચ-કક્ષા અને નિમ્ન-કક્ષા પરિવારો વચ્ચે લગ્ન-વિવાહના સંબંધો લોકોને આશ્ચર્યમાં નાખી દેતા હશે. રીત-રિવાજોની ભારે બેડીઓ તોડીને સાદગીભર્યા સામાજિક વ્યવહારોનું જે પ્રચલન શરૂ કર્યું હતું તેના તરફ લોકો આપોઆપ આકર્ષાતા હશે.

કેટલું પ્રેમભર્યું જીવન હતું, કેટલું હળવું, કેટલું શાંત અને કેટલું સંતોષભર્યું ! ખરા અર્થમાં પવિત્ર જીવન !!

પછી, સમાજ જોતો હશે કે કેવી-કેવી યોગ્યતાઓ એ લોકોમાં ઊભરી રહી છે ! સચ્ચાઈના કલમાનું વાદળ ક્યારેક કોઈક સ્થળ પર વરસી જાય છે તો હૃદયો અને દિમાગોની ધરતીથી એવી વનસ્પતિ-સૃષ્ટિ ઉત્પન્ન થાય છે કે વેરાન વાતાવરણ ફૂલોના પટથી સજ્જ થઈ જાય છે. સમગ્ર આરબ જગત આ સમુદાયને જોઈ રહ્યું હશે કે જેમાં કેટલાક લોકો વિદ્યામાં પ્રગતિ કરી રહ્યા છે, કેટલાક લોકો કાનૂનમાં નિપુણતા પ્રાપ્ત કરી રહ્યા છે, કેટલાક લોકો સારા ખેડૂત અને વેપારી બની રહ્યા છે, કેટલાક લોકો ઉચ્ચ દરજ્જાના કમાન્ડર સાબિત થઈ રહ્યા છે, કેટલાક લોકો વહીવટી હોદ્દાઓને પાત્ર બની રહ્યા છે, કેટલાક લોકો એલચીની ફરજો બજાવતા દેખાઈ રહ્યા છે; ટૂંકમાં દરેક વ્યક્તિના અંદરથી એક નવું વ્યક્તિત્વ પ્રગટીને વિકસી રહ્યું છે અને પરિણામ લાવી રહ્યું છે.

આ ચરિત્રની છબીઓ કુર્આને ખેંચીને વારંવાર વિરોધીઓને પણ અને સામાન્ય લોકોને એ ભાન કરાવ્યું કે જુઓ, માનવતાનો આ નમૂનો, જે સત્ય-વિચારધારાના પ્રકાશથી બને છે, કેટલો ઉત્કૃષ્ટ છે તથા શાંતિ અને સલામતીનું વાતાવરણ જો સંભવ છે તો આના વડે જ સંભવ છે. આ ચરિત્રને ઇસ્લામી આંદોલને પોતાના આમંત્રણની સચ્ચાઈની દલીલ બનાવીને સામે રાખ્યું. પછી વારંવાર આ ચરિત્રની તુલના અજ્ઞાનતાપૂર્ણ ચરિત્રથી પણ કરી, એહલે કિતાબથી પણ કરી અને મુનાફિકોના ચરિત્રથી પણ કરી. બંનેને સામ-સામે રાખીને બતાવ્યું કે જુઓ અને પોતે મત નિર્ધારિત કરો. ઘટના-સ્થળમાં તો આ તુલના આપોઆપ થઈ જ રહી હતી – અને જીવનના દરેક ક્ષેત્રમાં દરેક પાસાથી થઈ રહી હતી.

સંઘર્ષની સ્થિતિ એકી સાથે બે મોટી અસરો ઊભી કરે છે. સંઘર્ષમાં પડીને ચરિત્રો બને પણ છે અને સંઘર્ષમાં પડીને જ ચરિત્રો બગડે પણ છે. ઇસ્લામી આંદોલને પૂરેપૂરો પ્રબંધ કર્યો કે મુસ્લિમ ચરિત્ર સંઘર્ષમાં પડીને વધારે ખીલે, સુધરે અને સારી રીતે વિકસે. તેથી શિખામણ, શિક્ષણ-પ્રશિક્ષણ અને વ્યક્તિત્વ-શુદ્ધિના કડક પ્રબંધના કારણે મુસ્લિમ ચરિત્ર વિકસતું ગયું અને બીજી બાજુ અજ્ઞાનતાયુક્ત ચરિત્ર સંઘર્ષમાં પડીને નિરંતર પડતી તરફ ધકેલાતું ગયું, અને છેવટે તદ્દન નષ્ટ થઈ ગયું. મુસ્લિમ ચરિત્રને વારંવાર ધૈર્યની શીખ આપવામાં આવી. તેમાં સહનશીલતાની શક્તિ અને પોતાના દૃષ્ટિબિંદુ પર અડગ રહેવાની યોગ્યતા પેદા કરવામાં આવી કે ઉશ્કેરાવ નહીં. ક્યારેક શિખામણ આપવામાં આવી કે અજ્ઞાનતાના કપૂતો સાથે વાદ-વિવાદમાં ન પડો. ક્યારેક હિંમત આપવામાં આવી કે ઢીલા ન પડો, નિરાશાનો ભોગ ન

બનો. ક્યારેક શિખવાડવામાં આવ્યું કે બૂરાઈનો જવાબ ભલાઈથી આપો, અને અત્યાચાર પર માફી અને દરગુજરથી કામ લો. ક્યારેક એવી તાલીમ આપવામાં આવી કે કોઈ જૂથની દુશ્મનીની લાગણીમાં આવીને ન્યાયના માર્ગથી ન હટો. ક્યારેક નિર્દેશ કરવામાં આવ્યો કે દુનિયા-પ્રેમીઓથી સુધારણાની આશા ન રાખો અને તેમના પાછળ પડીને પોતાનો સમય ન વેડફો. ક્યારેક ઇરશાદ થયો કે વિરોધીઓની હરોળમાં મોટા લોકોને જોઈને તેમના ઠાઠમાઠથી સહેજ પણ પ્રભાવિત ન થાઓ અને ક્યારેક બતાવવામાં આવ્યું કે પરિણામ સુધી પહોંચવા માટે ઉતાવળથી કામ ન લો. તેમના દરેક મનોવૈજ્ઞાનિક ઉતાર-ચઢાવ પર નજર રાખવામાં આવી અને તેના સાથે-સાથે તેમને સફળતા અને કલ્યાણનો માર્ગ સમજાવવામાં આવતો રહ્યો. સ્વયં સરવરે આલમ ﷺ એ પોતાના સમુદાયના એક-એક વ્યક્તિ પર સંપૂર્ણ ધ્યાન આપ્યું અને સૌથી સારા પ્રસંગે ક્યારેક શિખામણથી, ક્યારેક પકડ કરીને, ક્યારેક ચેતવણી અને ઠપકાથી, ક્યારેક નારાજી વ્યક્ત કરીને, ક્યારેક ખુશી વ્યક્ત કરીને મુસ્લિમ ચરિત્રનું સંવર્ધન કરવામાં આવ્યું. જેમાં જેવી યોગ્યતાઓ જોઈ અને સ્વભાવની જેવી બનાવટ જોઈ તેને તેની જ જરૂર અનુસાર સલાહ આપી, અને જેમાં જે પ્રકારની નબળાઈ જોઈ, તેના સામે દીને-હક્ક (સત્ય-ધર્મ)નો એવો જ નૈતિક તકાદો વર્ણવ્યો. પછી સામૂહિક કાર્ય અને પ્રવૃત્તિના વર્તુળમાં મુસ્લિમ સમુદાયે જે કંઈ આચરણ દેખાડ્યું, તેના પર દરેક મહત્ત્વની ઘટના પછી કઠોર આલોચના કરી. બદ્ર અને ઉહદના યુદ્ધ હોય કે સુલેહ હુદૈબિયાનો મામલો, કિબ્લાનો ફેરફાર હોય કે 'ઇફ્ક' (ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા رضي الله عنها પર ઘૃણાસ્પદ આરોપ)ની ઘટના હોય, દરેક મહત્ત્વની ઐતિહાસિક ઘટના પછી એક તરફ વિરોધીઓનું આચરણ લોકોના સામે મૂકી દીધું, અને બીજી તરફ પોતાના સમુદાયની નિષ્પક્ષ પૂછપરછ કરીને બધી નબળાઈઓ જાહેરમાં સ્પષ્ટ કરી અને તેના નિવારણ માટે ઉપાયો બતાવ્યા. દુશ્મન સામે જો પોતાના સાથીઓ કોઈ ખોટું પગલું ભરી બેસ્યા, તો તેના પર ઢાંકપિછોડો કરવાની અને તેને સાચું સાબિત કરવાની કોશિશ ન કરી, બલ્કે દુશ્મનની સામે ભૂલનો એકરાર કર્યો. કોઈનો જીવ ભૂલથી લેવાઈ ગયો હોય તો તેનો 'ખૂંબહા' (હત્યા-દંડ) અદા કર્યો. નખલાની ઘટનાના સંદર્ભમાં પોતાના સાથીઓની પકડ કરી. હઝરત ખાલિદ رضي الله عنه એ કલમો બોલનારને નિખાલસ ન સમજીને ભૂલથી મારી નાખ્યો, તો તેમના આ કૃત્યથી પોતાની અલિપ્તતા અને નાખુશી દર્શાવી. વાસ્તવિકતા એ નહોતી કે મુસ્લિમ ચરિત્ર (હુઝૂર ﷺ સિવાય) ભૂલથી પર હતું અને કોઈનાથી કોઈ ભૂલ-ચૂક થતી નહોતી, ન તેને એ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું; બલ્કે તે પોતાની સમગ્ર બનાવટની રીતે પવિત્ર હતું અને તેમાં ઇસ્લામ-સ્વીકારનું સામર્થ્ય અને વિકાસની

યોગ્યતા હતી. તે સર્વગ્રાહી રીતે અજ્ઞાનતાયુક્ત ચરિત્રથી સ્પષ્ટપણે ચઢિયાતું અને શ્રેષ્ઠ હતું અને નિરંતર આગેકૂચ કરી રહ્યું હતું.

કોઈ સ્થાપિત નેતૃત્વ અને તૈયાર માહોલનો સામનો કરવો કોઈ રમત વાત નથી હોતી. આવા કામ લાંબા હોય છે. તેમાં ખૂબ માર ખાવો પડે છે અને અત્યંત ઠંડા દિમાગથી આ લડાઈઓને જીતી શકાય છે. માહોલની શક્તિ આગળ વધવા-વાળાઓને કમરથી પકડી-પકડીને સતત ખેંચતી રહે છે, સુધારણા કરવાવાળાઓને નવેસરથી બગાડી નાખવા ઇચ્છે છે, તેમના મનમાં ઊંડા ઉતરવા માટે છીંડા શોધી-શોધીને પ્રયાસરત રહે છે કે પોતાના જેવી આસ્થાઓ, પોતાના જેવા રીત-રિવાજો અને પોતાના જેવી ટેવોને કોઈપણ રીતે ફરી તેમનામાં ઘૂસાડી દે અને કોઈ રસ્તો મનમેળનો કાઢીને આગળ વધે. પ્રતિકૂળ સંજોગોમાં પણ સંઘર્ષ જ્યારે શક્તિઓને કમજોર કરી નાખે છે અને હિંમતને થકાવી દે છે, તો મોટા-મોટા નિષ્ઠાવાન લોકોના પગ પાછા ખસવા લાગે છે. વ્યક્તિ અમુક ક્રાંતિકારી મૂલ્યોને છોડીને પુરાણા મૂલ્યોનો સ્વીકાર કરવા તૈયાર થઈ જાય છે; સિદ્ધાંત અને આસ્થામાં નહીં, પણ સાંસ્કૃતિક રીતભાત, રહેણી-કરણી, રંગ-રૂપમાં બાહ્ય અસરો કબૂલ કરવા તૈયાર થઈ જાય છે; બસ માત્ર આટલો માર્ગ ખુલી જાય તો માહોલ તેને ધીમે-ધીમે ઉદાર બનાવતો જાય છે અને છેવટે પોતાની બધી આવશ્યક વાતો અંદર ઘૂસાડી દે છે — કામની પૂર્તિ એક પેઢીના યુગમાં ભલે ન થાય, આવતી પેઢીના કાળમાં થાય, પણ ઇસ્લામી આંદોલને મુસ્લિમ ચરિત્રનું ઘડતર કરતાં આ જોખમનું પૂરેપૂરું ધ્યાન રાખ્યું. તેના માટે ખૂબ જ લોખંડી માળખું ઊભું કર્યું અને સુરક્ષાના બધા જ ઉપાયો અપનાવ્યા. એક તરફ તો તેને أَشِدَّاءُ عَلَى الْكُفَّارِ, અર્થાત્ વિરોધીઓની સામે એક મજબૂત પર્વત બનાવવા માટે رُحَمَاءُ بَيْنَهُمْ હોવાનો પાઠ ભણાવ્યો, અને બીજી તરફ પારકાઓના અનુકરણ, પારકાઓના પ્રભાવ, પારકાઓથી અવિચારી-છૂટછાટવાળા સંબંધો અને બેપરવાઈભર્યો ગાઢ ઘરોબો રાખવાથી તદ્દન રોકી લીધા. આ જ વૈચારિક અને મનોવૈજ્ઞાનિક દૃઢતા સમુદાયમાં પેદા કરવા માટે નવમુસ્લિમોને હુકમ હતો કે તેઓ હિજરત કરીને મદીના આવી જાય અને જો કોઈ જગ્યાએ નોંધપાત્ર વ્યક્તિઓ એકત્ર થતા અને તેમનાથી 'બૈત આ'રાબી' (અર્થાત્ એવી બૈત જેનાથી હિજરત આવશ્યક ન હોય) લેવામાં આવતી, તો તેમને પણ એ તાકીદ અવશ્ય કરવામાં આવતી હતી કે فارقوا المشركين, અર્થાત્ શિર્ક કરનારાઓથી બિરાદરી, મિત્રતા, લગ્ન-વિવાહના સંબંધો ન રાખો, બલ્કે પોતાનો સમાજ અલગ બનાવો. બિનમુસ્લિમ માતા-પિતાના આજ્ઞાપાલનની સાથે-સાથે એ કડક આદેશ પણ આપવામાં આવ્યો કે ઇસ્લામથી ફરી જવાનું કહે તો કહો કે فَلَا تُطِعْهُمَا, અર્થાત્ ઇસ્લામ વિરુદ્ધ કોઈનું કોઈ આજ્ઞાપાલન

કરી શકાતું નથી. આ ચરિત્રનું લક્ષણ એ હતું કે તે ન ઈરાનની ભવ્ય સંસ્કૃતિથી પ્રભાવિત થયું અને ન રોમની ઠાઠમાઠવાળી સભ્યતાને જોઈને તેનું હૃદય પીગળ્યું. તે મોટા-મોટા દરબારોમાં પોતાની બદ્દુ (સાદગી)ની શાન સાથે ગાલીચાઓને પગ નીચે કચડતું માથું નમાવ્યા વગર પહોંચ્યું અને કહેવાની વાત એ રીતે કહી, જાણે તે વામણાઓની વચ્ચે ઊભો રહીને વાત કરી રહ્યો હોય ! આ ચરિત્રને જ્યારે માનસિક રીતે એટલું દૃઢ બનાવી દીધું અને દરેક પ્રકારની લઘુતાગ્રંથીથી તેને ઉચ્ચતર કરી દીધું, તો પછી તેને વિરોધીએ રણભૂમિમાં પણ પોકાર્યું તો તેણે વીરતા અને મક્કમતાના જીવંત નમૂનાઓ પ્રસ્તુત કરી દીધા. દુનિયાએ જોઈ લીધું કે આ ચરિત્રો ઓછી સંખ્યા અને ટાંચા સંસાધનો છતાં અશક્ત અને અસમર્થ નથી, બલ્કે તેનાથી ટક્કર લોઢાના ચણા ચાવવા સમાન છે.

આ મુસ્લિમ ચરિત્રના અસંખ્ય કટ્ટર વિરોધીઓ હશે, જેઓ તેનો વ્યંગ્ય અને મશ્કરી કરતાં મનમાં-ને-મનમાં અનુભવતા હશે કે આ આપણાથી હજાર ગણા શ્રેષ્ઠ અને ઉચ્ચ છે. અનેક હરીફો દેખીતી રીતે વિરોધ કરવા છતાં અંદરથી અદેખાઈ કરતા હશે કે કદાચ ! અમે પણ આ બિરાદરીમાં સામેલ હોત ! આ ચરિત્રને ગાળો બોલનારા, તેનું અપમાન કરનારા અને તેના વિરુદ્ધ દુષ્પ્રચાર કરનારા લોકો ક્યારેક એક પળ વિચારમાં પડીને પોતાને કહેતા હશે કે અમે જૂઠ બોલી રહ્યા છીએ અને પોતાને છેતરી રહ્યા છીએ. તેથી કેટલાય પ્રસંગોએ વિરોધીઓએ પોતાના મોઢેથી પણ હૃદયપૂર્વક સ્વીકાર કર્યો. ઉહદના યુદ્ધના અંતે જ્યારે પહાડ પર ઊભેલા અબૂ સુફિયાને હઝરત ઉમર ﵁ ને પૂછ્યું કે શું મુહમ્મદ (ﷺ) મૃત્યુ પામ્યા છે. હઝરત ઉમર ﵁ એ જવાબ આપ્યો કે અલ્લાહના સોગંદ ! તેઓ જીવતા છે અને તમારી વાત સાંભળી રહ્યા છે. તો અબૂ સુફિયાને કહ્યું કે અબૂ કીમા કહે છે કે મેં મુહમ્મદ (ﷺ) ને મારી નાખ્યા છે, પણ અમે તમને તેનાથી વધારે સાચા સમજીએ છીએ. આ જ પ્રમાણે હુદૈબિયા સંધિ પહેલા કુરૈશના દૂત ઉરવા બિન મસ્‌ઊદે મુસ્લિમ સમુદાયનું જે દૃશ્ય જોયું, તેને જે શબ્દોમાં કુરૈશના આગેવાનો સમક્ષ વર્ણવ્યું તે એ પ્રભાવની સાક્ષી છે જે પારકાઓ પર નિરંતર પડી રહ્યો હતો. એ જ રીતે (રોમના બાદશાહ) કૈસરના દરબારમાં અબૂ સુફિયાને જે નિવેદન, ઇસ્લામના વિરોધી હોવા છતાં હુઝૂર ﷺ અને આપ ﷺ ના આંદોલન વિશે આપ્યું, તે પણ સ્પષ્ટ કરે છે કે દુશ્મની કરનારાઓ પણ હઝરત મુહમ્મદ ﷺ અને ઇસ્લામની મહાનતાનો સ્વીકાર કરતા હતા. મદીનાનો મહેસૂલ અધિકારી ખૈબરના યહૂદીઓ પાસેથી વસૂલાત કરવા જતો હતો, તો તેની વહેંચણીની ચોકસાઈ જોઈને તેઓ સાક્ષી આપે છે કે આ જ ન્યાય છે, જેના પર આકાશ અને ધરતી સ્થાપિત છે.

દરરોજ આરબ પ્રદેશના ખૂણે-ખૂણે નવોદિત મુસ્લિમ સમાજની અનોખી વાતોની ચર્ચાઓ થતી હશે, તેના લોકોના ઉલ્લેખો થતા હશે. લોકોની નજરો મદીના પર ટકેલી રહેતી હશે કે શું થઈ રહ્યું છે. લોકો એક-બીજાને પૂછતા હશે કે આજે ઇતિહાસમાં નવો ઉતાર-ચઢાવ શું આવ્યો હશે. રોજે-રોજ જે કંઈ થઈ રહ્યું હશે તેની વાતો મુસાફરો અને કાફલાઓ દ્વારા દૂર-દૂર સુધી ફેલાતી હશે અને લોકો પ્રત્યેક આવતા-જતા માણસને કહેતા હશે કે કોઈ નવી વાત સંભળાવો. જ્યાં પણ બે માણસો ભેગા થઈને બેસ્યા હશે, ત્યાં જાણે મદીનાની દરેક વાતનું 'સમાચાર મૂલ્ય' (News Value) ખૂબ વધી ગયું હશે ! હઝરત મુહમ્મદ ﷺ, મુસ્લિમ સમુદાય, ઇસ્લામી આંદોલન અને મદીનાનું રાજ્ય ચર્ચાનો આ મુખ્ય વિષય રહેતો હશે. સ્ત્રીઓ એકઠી થતી હશે, તો મદીના વિશે જાત-જાતની અફવાઓમાં મીઠું-મરચું ભભરાવીને વર્ણવતી હશે. માતા-પિતા પોતાના બાળકોને ખુશ કરવા, મન બહેલાવવા અને ડરાવવા માટે કોણ જાણે મદીનાની ઘટનાઓમાંથી શું-શું સામગ્રી લેતા હશે. હવાની દરેક લહેર આ જ મુસ્લિમ ચરિત્રની સુગંધ લઈને દ્વીપકલ્પો, રણ અને નદીઓ પાસેથી પસાર થતી હશે.

ઇસ્લામી આંદોલનની આ નૈતિક શક્તિ જ તેની દલીલ અને અપીલમાં પ્રભાવ ઊભો કરનાર અને પરિણામદાયી બનાવનાર હતી, અને એ મુસ્લિમ ચરિત્રની મહાનતાનો સ્વીકાર હતો જેણે લાખો હૃદયોને જીતી લીધા — અહીં અમે કેટલાક ઉદાહરણો વર્ણવીશું કે કઈ રીતે ઇસ્લામનું લોહચુંબક ચારે બાજુ વિખેરાયેલા માનવતાના કણોને પોતાની તરફ ખેંચતું ગયું.

પહેલા મક્કા-કાળને લો. ખ્યાતનામ શાયર તુફૈલ દૌસી આવે છે અને કુરૈશ તેને હુઝૂર ﷺ ને મળવાથી દૂર રાખે છે. છેવટે તેઓ પોતે હાજર થાય છે અને કુર્આનની થોડીક આયતો સાંભળીને માત્ર તેની અસરથી ઇસ્લામનો સ્વીકાર કરી લે છે. ઉમરૂ બિન અસબા હુઝૂર ﷺ ની ચર્ચા સાંભળીને આવે છે અને ઇસ્લામ તેમના હૃદયમાં જગ્યા બનાવી લે છે. હુઝૂર ﷺ ના બાળપણના સાથી ઝિમાદ બિન સોઅલ્બા ઉપદેશક અને સહાયક બનીને આવે છે, પણ મુબારક જીભથી અલ્લાહની પ્રશંસાના અમુક બોલ સાંભળીને પરાસ્ત થઈ જાય છે. એક રણમાં રહેતો કબીલો, જેનો ધંધો લૂંટફાટનો હતો, તેનો એક નવયુવાન અબૂઝર (رضي الله عنه) ઇસ્લામની ચર્ચા સાંભળીને આવે છે અને વિરોધી વાતાવરણથી બચી-બચીને હુઝૂર ﷺ સુધી પહોંચે છે. સંદેશ સાંભળે છે અને સત્યના આંદોલનને પોતાનું દિલ દઈ બેસે છે. તેનામાં એકાએક એ ભાવના જાગી ઉઠે છે અને તે હરમમાં જઈને કલ્મએ હક્કનું એલાન કરે છે, અને પછી આ પ્રેમના ગુનાની સજાનો સ્વાદ ચાખે છે. ત્યારબાદ જે-જે વ્યક્તિ ઇસ્લામી

આંદોલનના વર્તુળમાં દાખલ થતો ગયો તે પોત-પોતાના પ્રભાવ-ક્ષેત્રમાં પોતે એક 'દાઈ' (નિમંત્રક અને આવાહક) બનતો ગયો. અમુકની અસરથી આખે-આખા કબીલાઓ ઇસ્લામ કબૂલ કરતા ગયા. સુવૈદ બનિ સામિત હુઝૂર ﷺ ની સાથે મુલાકાત કરે છે અને ઊંડી અસર લઈને જાય છે. અયાસ બિન મઆઝ મદીનાથી આવીને હુઝૂર ﷺ ના સંદેશને માની જાય છે અને પછી મદીનામાં સત્યની વ્યવસ્થાની અભિલાષા જગાવે છે. નજરાનથી ૨૦ ખ્રિસ્તીઓનું પ્રતિનિધિ-મંડળ આવીને હુઝૂર ﷺ થી ઇસ્લામના સંદેશની સમજ મેળવે છે અને કુરૈશના ભટકાવવા છતાં આ લોકો સત્યના પ્રકાશને હૃદયોમાં આત્મસાત કરીને વિદાય થાય છે. હબ્શા ગયેલ મુહાજિરોથી યમનના લોકો પ્રભાવિત થઈને ઇસ્લામને હૃદયોમાં જગ્યા આપે છે અને તેમના જ દ્વારા બાદશાહ નજ્જાશીનું દિલ ઈમાનથી ઝળહળી ઉઠે છે.

ઔસ અને ખઝરજના લોકો તો હુઝૂર ﷺ ના મદીના આગમનથી પહેલા ઝડપથી ઇસ્લામમાં આવી રહ્યા હતા અને હુઝૂર ﷺ ના હિજરત કરીને આવી ગયા પછી તો કોઈ ઘર બાકી નથી રહેતું, જેમાં ઇસ્લામનો પ્રકાશ ન પહોંચ્યો હોય. આશ્ચર્યની વાત તો એ છે કે યહૂદીઓના એક ધાર્મિક વિદ્વાન અબ્દુલ્લાહ બિન સલામ હુઝૂર ﷺ ના એક સામાન્ય પ્રવચન (ايهاالناس!افشواالسلام واطعمواالطعام وصلواالارحام وصلوابالليل والناس نيام)ને સાંભળીને નજીક આવે છે અને થોડા ચિંતન-મનન પછી નિર્ણય કરીને સરવરે આલમ ﷺ ની સેવામાં સત્યની સાક્ષી આપે છે. આ જ પ્રમાણે ખ્રિસ્તીઓમાંથી એક નામાંકિત સંન્યાસી અને ધાર્મિક વિદ્વાન અબૂ કૈસ સુરમા બિન અબી અનસ ઇસ્લામી આંદોલનની પોકારનો સ્વીકાર કરે છે. જુબૈર બિન મુત્અમ બદ્રના કેદીઓને છોડાવવા આવ્યા હતા અને તેમને હુઝૂર ﷺ ના મોઢેથી થોડીક આયતો ધ્યાનથી સાંભળવાનો અવસર મળ્યો. હકીકત એવી ખુલી કે તેમણે અનુભવ્યું કે જાણે હૃદય ઊડી ગયું છે ! કુરૈશના ગુલામ અબૂ રાફેઅ મક્કા તરફથી દૂત બનીને મદીના આવ્યા, તો છાતી ઇસ્લામ માટે ખુલી ગઈ. પાછા જવા તૈયાર ન હતા. હુઝૂર ﷺ એ સમજાવ્યા કે દૂતને રોકી શકાતો નથી - તમે પાછા જાઓ અને પછી ઇસ્લામનું આકર્ષણ તમને અહીં ખેંચે તો મદીના આવી જજો. આમ, તેઓ મક્કા ગયા અને પાછા આવીને ઇસ્લામી સમુદાયમાં સામેલ થઈ ગયા. બનૂ કુરૈઝા વિરુદ્ધ તેમના ગુનાઓની સજા આપવા માટે ચઢાઈ કરવામાં આવે છે, તો એ સ્થિતિમાં તેમનો એક વ્યક્તિ ઉમરૂ બિન સઅદ ઇસ્લામનો સ્વીકાર કરે છે.

સમામાનો સરદાર સમામા બિન અસાલ હનફી કેદ થઈને આવે છે અને હુઝૂર ﷺ ના વ્યવહારથી પ્રભાવિત થઈને ઇસ્લામી સમુદાયનો એક સભ્ય બની જાય છે. ઉહદનું યુદ્ધ ચાલી રહ્યું છે કે ઉમરૂ બિન સાબિત અસીરમ (બની અબ્દુલ

અશ્હલ) બરાબર એ જ ક્ષણે સત્યની સામે શિશ ઝુકાવીને સીધા લડાઈમાં સામેલ થઈ જાય છે અને શહાદતને વરે છે. ખંદકના યુદ્ધની કઠિન પરિસથિતિમાં નઈમ બિન મસૂઉદ ઇસ્લામી આંદોલનના ચરણોમાં આવી જાય છે. અબૂલ આસ મદીના આવે છે, તો તદ્દન અનપેક્ષિત રીતે ઇસ્લામની જાહેરાત કરે છે. ખૈબરના યહૂદીઓને યુદ્ધની તૈયારી કરતાં જોઈને તેમનો એક ભરવાડ જાણકારી મેળવે છે કે કોના સાથે લડાઈ છે અને શા માટે ? પછી જ્યારે તેને ખબર પડે છે કે મુહમ્મદ (ﷺ) વિરુદ્ધ તૈયારીઓ થઈ રહી છે, જેમણે નુબૂવ્વતનો દાવો કર્યો છે, તો તેઓ વિહ્વળતાથી હાજર થાય છે અને હકીકતની જાણકારી મેળવે છે અને પછી પરાસ્ત થઈ જાય છે. હઝરત ખાલિદ અને અમ્ર બિન આસ જેવા પ્રખ્યાત લોકો (સુલેહ હુદૈબિયા અને મૌતાના યુદ્ધની વચ્ચે) એકાએક કુરૈશથી તૂટીને ઇસ્લામી રાજયની સાથે આવીને મળી જાય છે. અજ્ઞાનતાના મોરચાથી લડતાં-લડતાં તેમનું દિલ અંદરથી ઊઠી ગયું હતું, તેથી એકાએક તેમને ઇસ્લામી આંદોલને આકૃષ્ટ કરી લીધા. ફુઝાલા મક્કા-વિજય પ્રસંગે અને શીબા બિન અબી તલ્હા હુનૈનના યુદ્ધ વખતે હુઝૂર ﷺ ની હત્યાનો ઇરાદો કરીને પહોંચ્યા અને પોતે જ સત્યની તલવારથી ઘાયલ થઈ ગયા. હવાઝન અને બનૂ સઅદના પ્રતિનિધિ-મંડળના આગમન પર હુઝૂર ﷺ એ માલિક બિન ઔફને યાદ કર્યા અને ઇચ્છા કરી કે તેઓ ઇસ્લામ કબૂલ કરી લે. સંદેશ પહોંચતાં જ માલિક બિન ઔફ સકીફથી છુપાઈને બીજા જ દિવસે હાજર થઈ ગયા, અને ઇસ્લામી મોરચામાં સામેલ થઈ ગયા. તૈ કબીલા પર ઇસ્લામી લશ્કરી ટુકડીએ વિજય મેળવ્યો, તો હાતિમની પુત્રીને કેદીઓની સાથે મદીના લાવવામાં આવી. તેણે હુઝૂર ﷺ થી સદ્‌વ્યવહારનું નિવેદન કર્યું, જેનો સ્વીકાર કરીને આપ ﷺ એ સવારીનો પ્રબંધ કરીને તેને પાછી મોકલી દીધી. તેણે પોતાના ભાઈ અદી બિન હાતિમને, જેના હૃદયમાં ઇસ્લામ વિરુદ્ધ ગુસ્સાની આગ ભડકી રહી હતી, બધી વિગત સંભળાવી અને મદીના જવાની શિખામણ આપી. અદી આવ્યા અને આવીને પોતાની નરી આંખે પરિસ્થિતિનું પૂરેપૂરું નિરીક્ષણ કરીને અનુભવ્યું કે હુઝૂર ﷺ અલ્લાહના સાચા નબી છે, તો ઇસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયા. કઅબ બિન ઝહીર, જેણે હુઝૂર ﷺ અને ઇસ્લામી આંદોલન વિરુદ્ધ શાયરીનો મોરચો ખોલી રાખ્યો હતો, પોતે મદીના આવ્યો અને અરજ કરી કે તૌબા કરીને મુસલમાન થયો છું, આશ્રય આપો. આશ્રય મળી ગયો. પછી તેણે એવો કસીદો (પ્રશંસા-ગીત, બાનિત સુઆદ) કહ્યો, જેણે ઐતિહાસિક મહત્ત્વ મેળવી લીધું. અબ્દુલ્લાહ ઝુલબજાદીનને જુઓ, કે આ ભોળો નવયુવાન મદીનાથી ચાલતી પરોઢની લહેરોથી પ્રભાવિત થઈ જાય છે, પરંતુ કાકાના ડરથી પોતાની અભિલાષાને છાતીમાં અમુક સમય સુધી દબાવી રાખે છે.

કાકાથી નિરાશ થઈ જાય છે, તો કાકાને, તેની સંપત્તી, તેણે આપેલ પોશાક અને ઘરબારને અલવિદા કરીને ધાબળાને કપડાં બનાવીને મદીના પહોંચે છે અને પોતાનું જીવન ઇસ્લામી આંદોલનને સમર્પિત કરી દે છે. બહરૈનના કબીલા અબ્દે અલ-કૈસના એક વેપારી મુન્કઝ બિન હબાન વેપારી પ્રવાસે નીકળ્યા. મદીના રસ્તામાં આવતું હતું. ત્યાં થોડા સમય માટે રોકાયા. હુઝૂર ﷺ ની નજર સમક્ષ એ આયોજન તો રહેતું જ હતું કે હિજાઝની બહારના વિસ્તારોથી સંપર્ક વધારવાના માધ્યમો ઊભા થાય અને ત્યાંથી પણ કામના માણસો આંદોલનને પ્રાપ્ત થાય. તેથી જાણકારી મળતાં જ પોતે ત્યાં ગયા. આમંત્રણ આપ્યું અને મુન્કઝે કબૂલ કર્યું. ઘર ગયા તો ચર્ચા અને સંવાદ કર્યા પછી તેમના પિતા પણ ઇસ્લામના વર્તુળમાં આવી ગયા. પછી કબીલાના બીજા લોકોએ પણ તેમની કોશિશથી ઇસ્લામ અપનાવી લીધો. કેટલાય લોકોએ બાદશાહતો, નેતૃત્વ અને હોદ્દાઓ ત્યજીને પોતાને અલ્લાહની બંદગીના સ્થાને લાવીને ઊભા કરી દીધા.

આ ઉદાહરણોથી અનુમાન કરી શકાય છે કે સત્યના સંદેશની ખેતી કેવી રીતે ઊગી રહી હતી. આજે અહીં બીજ ફૂટ્યું, કાલે ત્યાંથી નિષ્ઠાના બીજે કુંપળ કાઢી. સવારે આ બાજુ કોઈ કળી નીકળી આવી, તો સાંજે બીજી બાજુ કોઈ ફણગો ફૂટી નીકળ્યો. જે રીતે આકાશમાં તારાઓ ઝગમગે છે, પહેલા એક, પછી બે-ચાર, પછી દસ-વીસ, પછી સો-બસો, પછી હજારો, લાખો, બલ્કે અસંખ્ય ! જાણે રેતીના કણો જડતાના સ્વપ્નમાંથી એક-એક કરીને ચમકી રહ્યા હતા ! એકે સળવળાટ કર્યો, બીજાએ માથું ઉઠાવ્યું, ત્રીજાએ હલન-ચલનની શરૂઆત કરી, ચોથાએ આંખ ખોલી અને પછી જાણે કિરણોની પાંખો લગાવીને તેઓ ઊડવા લાગ્યા, ઊડીને પરસ્પર ગળે મળ્યા અને તેમનાથી એક નવી દુનિયા અસ્તિત્વમાં આવી ગઈ !

અમે ઇસ્લામ-સ્વીકારની તીવ્ર જન-લહેર, જે એક વિશેષ તબક્કો આવ્યો ત્યારે ચાલી અને લોકો ટોળે-ટોળાં સ્વયં આગળ આવીને આંદોલનના પ્રવાહમાં વહેતા ગયા, તેની વાત તો પછી કરીશું; અહીં અમે કેવળ એ વિશિષ્ઠ વ્યક્તિઓનો ઉલ્લેખ કરીશું, જેઓ પોત-પોતાના વર્તુળમાં અગ્રેસર રહ્યા. આવા લોકોમાં જ્યારે કોઈ એક પણ મુસ્લિમ બની જતો, તો પછી તે પોતાના કબીલા અને પોતાના વિસ્તારમાં પોતે એક નિમંત્રક, આવાહક અને પ્રશિક્ષક પણ બની જતો. તેની જાતમાં આંદોલનનું એક સ્થાનિક કેન્દ્ર ખુલી જતું. તે પોતાના આચાર-વિચારથી કેટલાય બીજા સાથીઓને — ક્યારેક આખા-ને-આખા કબીલાઓને — ઇસ્લામના દરબારમાં લાવીને રજૂ કરી દેતો. ઉપરાંત, સ્વયં મદીનાના નિમંત્રક-કેન્દ્રની પ્રવૃત્તિઓ

પણ અને તેના વિસ્તારના કાર્યકરોની કોશિશો પણ અસંખ્ય એવા માણસો પેદા કરતી રહેતી, જે આમ તો પ્રત્યક્ષરૂપે ઇસ્લામી આંદોલનના વર્તુળમાં તરત જ સામેલ ન થતા, પણ તેના સાથે સહાનુભૂતિ અને સમર્થનનું વલણ અપનાવી લેતા અને આવા લોકોની સહાનુભૂતિ અને સમર્થન પણ પોતાની જગ્યાએ ખૂબ મોટું કામ કરતા. આંદોલનના આવા સમર્થકો બીજા લોકો અને વિરોધીઓમાં પણ બેસીને વાત કરી શકતા હતા અને તેમની વાત સાંભળવામાં કોઈ જાતનો પૂર્વગ્રહ વચ્ચે ન આવતો. આવા લોકો મક્કાના કુરૈશ દરમ્યાન પણ ઘણા હતા, યહૂદીઓમાં પણ હતા અને આરબ ગ્રામવાસીઓમાં પણ હતા. આવા જ લોકો હતા, જેમણે સુલેહ હુદૈબિયાના પ્રસંગે કુરૈશને સંધિ માટે તૈયાર કર્યા. આવો જ એક વ્યક્તિ હતો, જેણે ઉહદના યુદ્ધ પછી અબૂ સુફિયાનને પાછા વળીને મુસલમાનો પર ફરીથી હુમલો કરતાં રોક્યો. આવો જ એક માણસ હતો, જેણે હુઝૂર ﷺ ની નજરબંદીમાં 'શેઅ્બે અબી તાલિબ' જવાવાળા અનાજને અટકાવનારનો વિરોધ કર્યો અને આવા જ માણસો હતા, જેમણે મૂળથી બહિષ્કારના આ ઘૃણિત કરારને સમાપ્ત કરાવ્યો, જે હુઝૂર ﷺ ના પરિવાર વિરુદ્ધ કરવામાં આવ્યો હતો. આવો જ એક વ્યક્તિ મુખૈરીક યહૂદી પણ હતો, જેણે યહૂદી હોવા છતાં પોતાના પ્રાણ ઇસ્લામી આંદોલનમાં ખપાવી દીધા અને બીજા યહૂદીઓને પણ સમજાવવાના પ્રયત્નો કર્યા. ટૂંકમાં, ઇસ્લામનો સ્વીકાર કરનારા લોકોની આસપાસ એક મોટું જૂથ એવા સમર્થકોનું પણ દરેક ઠેકાણે ઊભું થતું ગયું અને તે પણ આંદોલનના પ્રસારની સાથે વિશાળ થતું ગયું. આ તત્ત્વની પણ ઇસ્લામ માટે માર્ગ અનુકૂળ કરવામાં નોંધપાત્ર ભૂમિકા રહી છે અને તેમાંથી મોટાભાગના લોકોને સમય વિત્યે ઇસ્લામમાં દાખલ થવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું. ટૂંકમાં, ઇસ્લામી ક્રાંતિના અગ્રદૂતોની એક જાળ આખાય આરબમાં આપોઆપ ફેલાતી ગઈ. મદીના એ સૌના માટે આંદોલનનું કેન્દ્ર (Power House) હતું, જેનાથી ઊર્જા અને શક્તિ પ્રાપ્ત કરીને દરેક બાજુ ફેલાયેલ સત્ય-નિષ્ઠો ઇસ્લામના કલમાનો વીજ-પ્રવાહ પોત-પોતાના વાતાવરણમાં ફેલાવી રહ્યા હતા. મદીના જાણે ધબકતું હૃદય હતું, જ્યાંથી વિચારો અને ભાવનાઓ લોહીના પ્રવાહની જેમ આરબ પ્રદેશના ખૂણે-ખૂણે પહોંચી રહી હતી. તે એક સૂર્ય હતો અને તેના ફરતે દૂર-દૂર સુધી પ્રસરેલા પદાર્થો પ્રકાશ મેળવીને વાતાવરણને પ્રકાશિત કરી રહ્યા હતા.

અહીં અમે ઉપરછલ્લી રીતે એવા કેટલાક ઉદાહરણો બતાવીશું, જેનાથી અંદાજ આવશે કે એક કે અમુક વ્યક્તિઓએ કેવી રીતે આખા કબીલાઓને અથવા વિસ્તારોને પ્રભાવિત કર્યા. એક દૃષ્ટાંત તો સ્વયં મદીનાનું જ છે, અને કદાચ સૌથી મોટું અને શાદનાર દૃષ્ટાંત છે કે એક નવયુવાન સુવૈદ બિન સામિત મક્કા જઈને

રસૂલુલ્લાહ ﷺ પાસેથી સત્યના કલમાનો પ્રકાશ પામે છે અને પછી ધીમે-ધીમે ઘણા લોકો પ્રભાવિત થઈ જાય છે, ત્યાં સુધી કે મદીના ઇસ્લામી આંદોલનનું કેન્દ્ર બનવાને લાયક બની જાય છે. તુફૈલ દૌસી પોતાના સ્વભાવના કારણે આમ તો કબીલાને તાત્કાલિક પ્રભાવિત તો ન કરી શક્યા, પણ તેમના કારણે યમનમાં ઇસ્લામી આંદોલનની ઓળખ ઊભી થઈ ગઈ, અને હબ્શા જનારા મુહાજિરોથી પ્રભાવિત થઈને અશ્અર કબીલાએ કોઈ બાહ્ય કોશિશ વગર પોતાને ઇસ્લામના મોરચે પ્રસ્તુત કરી દીધા. ઝિમાદ બિન શોઅલ્બાના આમંત્રણથી આખો અઝ્દશનવાહ કબીલો ઇસ્લામમાં આવી ગયો. હઝરત અબૂઝર ગિફારી ઇસ્લામની ક્રાંતિકારી વિચારધારાની ભાવનાથી ચૂર થઈને મક્કાથી પાછા ફર્યા તો તેમના આમંત્રણથી તેમનો અડધો કબીલો સત્ય-વ્યવસ્થાનો ધ્વજવાહક બની ગયો અને બાકીનો અડધો કબીલો હુઝૂર ﷺ ના મદીના ગયા પછી મુસલમાન બની ગયો. પછી આ જ ગિફાર કબીલાની અસરથી અસ્લમ કબીલામાં પણ ઇસ્લામે પ્રવેશ કર્યો, અને ધીમે-ધીમે આ આખો કબીલો પણ અજ્ઞાનતાથી કપાઈને ઇસ્લામી ક્રાંતિનો આવાહક બની ગયો. મુન્કઝ બિન હિબાન મદીનાથી સચ્ચાઈની જ્યોતિ આત્મસાત કરીને પોતાના વતન બહરૈન પહોંચ્યા તો સત્યના આમંત્રણનું કામ શરૂ કરી દીધું અને લોકો પ્રભાવિત થવા લાગ્યા. આમ, થોડાક સમય પછી તેઓ ૧૪ વ્યક્તિઓનું પ્રતિનિધિ-મંડળ લઈને મદીના હાજર થયા. ટૂંકમાં, વાત એ જ ઇંજીલની સામે આવે છે કે ખુદાની બાદશાહત (સત્યના આમંત્રણ)નું ઉદાહરણ ખમીર જેવું છે કે એક સ્ત્રીએ થોડુંક ખમીર લોટમાં ભેળવી દીધું અને એ બધો લોટ ખમીર બની ગયું.

જ્યાં પણ ઇસ્લામ પહોંચ્યો અને યોગ્ય સંખ્યામાં લોકો પ્રભાવિત થયા, ત્યાં નિશ્ચિતરૂપે મસ્જિદનો પાયો નાખવામાં આવતો. મસ્જિદ કેવળ એક ઇબાદતગાહ (ઉપાસનાગૃહ)ની જ હેસિયત નહોતી રાખતી, બલ્કે તે ઇસ્લામનું સાંસ્કૃતિક કેન્દ્ર હતું અને તેના સાથે તે શિક્ષણધામ, પરામર્શગૃહ, સામાજિક સભાગૃહ અને અતિથિગૃહનું કામ આપતી હતી. મસ્જિદ વાસ્તવમાં ઇસ્લામી આંદોલનની એક દેખીતું પ્રતીક (Symbol) હતી અને સમગ્ર વિસ્તારમાં મસ્જિદનું અસ્તિત્વ એ બાબતની ઘોષણા હતી કે અહીં ઇસ્લામ પહોંચી ચૂક્યો છે. તેથી જ હુઝૂર ﷺ એક તરફ તો મુસ્લિમ કબીલાઓને નિર્દેશ કરતા હતા કે તેઓ મસ્જિદ બનાવે અને બીજી તરફ સેનાને આદેશ હતો કે જ્યાં પણ મસ્જિદ જોવા મળે અને જે વસ્તીમાંથી અઝાનની પોકાર ગૂંજે ત્યાં તલવાર ક્યારેય ચલાવવામાં ન આવે, આ જાણે વધારે પ્રોત્સાહન હતું મસ્જિદના નિર્માણનું. લોકો પોતાના નવીન ક્રાંતિકારી પંથનું એલાન અને પ્રદર્શન કરવાનું એક ઉચિત સ્વરૂપ આને જ જોતા હતા કે વસ્તીમાં મસ્જિદ બનાવે, તેનાથી

અઝાનના માધ્યમથી ઇસ્લામી આંદોલનની આસ્થાઓની જાહેરાત કરે અને તેમાં નમાઝની વ્યવસ્થાની સ્થાપના કરીને સામૂહિક જીવન વિતાવે. હુઝૂર ﷺ ના પ્રોત્સાહનનું પરિણામ હતું કે સ્વયં મદીનામાં આપ ﷺ ના જીવનમાં નવ (૯) મસ્જિદો બંધાઈ ગઈ હતી. એક મસ્જિદ પહેલાથી બહરૈનમાં પણ હતી અને મસ્જિદે-નબવી ઉપરાંત સૌપ્રથમ જુમ્આની નમાઝ આ જ મસ્જિદમાં અદા કરવામાં આવી. મસ્જિદો જ્યાં સાર્વજનિક સંસ્થાઓની હેસિયત રાખતી હતી, ત્યાં તેમને સરકારી સંરક્ષણ પણ પ્રાપ્ત રહેતું હતું. મદીનાથી મહાનુભાવોને કોઈ વિસ્તાર કે વસ્તીમાં સિવિલ ઓફિસર બનાવીને મોકલવામાં આવતા, તેઓ જ ત્યાંની મસ્જિદના નમાઝ માટેના ઇમામ પણ હતા. જે કબીલાઓ મદીનાની વહીવટી સીમાથી બહાર હોતા તેમની મુસ્લિમ આબાદી કાં તો ઇમામની નિયુક્તિ માટે હુઝૂર ﷺ થી વિચાર-વિમર્શ કરતી, અથવા હુઝૂર ﷺ એ બતાવેલ માપદંડ અનુસાર સ્વયં કોઈને પસંદ કરી લેતી. કેટલીય મસ્જિદો એ તમામ ઐતિહાસિક સ્થાનોએ નિર્માણ પામી હતી, જ્યાં હુઝૂર ﷺ એ કોઈ 'ગઝવહ' (યુદ્ધ) કે પ્રવાસમાં રોકાણ કર્યું અથવા નમાઝ અદા કરી, અથવા કોઈ મહત્ત્વની ઘટના ઘટી.

સંધિ-સંબંધો

લોકોમાં ઇસ્લામના આમંત્રણ અને પ્રશિક્ષણનું જે વ્યાપક કામ ઉપરોક્ત દર્શાવ્યા મુજબ પ્રત્યક્ષરૂપે થયું, તેના સાથે જે બીજા મોટા-મોટા પગલાઓ પ્રભાવી રીતે સહાયક સિદ્ધ થયા, તેમાંથી એક મદીનાની રાજકીય અસરોના પ્રસારનું કાર્ય હતું, જે મોટાભાગે સંધિ-સંબંધો અને મૈત્રી-સંબંધો દ્વારા થયું. સંધિ-સંબંધો દ્વારા હુઝૂર ﷺ ના રાજ્ય દ્વારા પ્રભાવી વિસ્તારને વધારવો અને આ મામલામાં અસાધારણ ધ્યાન આપવું એ દર્શાવે છે કે આપ ﷺ લડાઈ-ઝઘડાથી યથાસંભવ બચીને નીકળવા માગતા હતા તથા શાંતિ અને સલામતીના વાતાવરણને ચારે બાજુ સ્થાપિત કરવા માગતા હતા, જેથી આ પ્રકારના શાંત માહોલમાં સત્યના આમંત્રણનું ધીરજથી કરવાનું કામ સારી રીતે થઈ શકે અને યુદ્ધની લાગણીઓ વચ્ચે અવરોધરૂપ ન બને. લશ્કરી કાર્યવાહીઓ જ્યાં પણ રાજ્યની રક્ષા, શાંતિની બહાલી અથવા ઇસ્લામની સુરક્ષા માટે આવશ્યક બની ગઈ, ત્યાં તો આપ ﷺ એ કોઈપણ પ્રકારનો સંકોચ ન કર્યો, પરંતુ જો યુદ્ધથી બચી શકાય એમ હોય અને રાજ્યની રાજકીય સુરક્ષા અને મજબૂતી તેમજ ઇસ્લામના આમંત્રણ માટે મોકળું મેદાન શાંતિ અને સલામતીથી પ્રાપ્ત કરવું સંભવ હોય તો પછી આપ ﷺ એ અનિવાર્યપણે સુલેહ અને સમજૂતીનો માર્ગ અપનાવ્યો. સ્વયં રાજ્યનું અસ્તિત્વ તલવારના બળે નહીં, બલ્કે બંધારણીય

કરારોના આધારે સ્થાપિત થયું હતું અને પછી તેની રક્ષા માટે તથા તેના પ્રભાવક્ષેત્રને વિસ્તારવા માટે આપ ﷺ એ મૈત્રી-સંબંધોને એટલા મોટા પ્રમાણમાં માધ્યમ બનાવ્યા કે લશ્કરી કાર્યવાહીઓ તેના સામે તદ્દન ઓછું પ્રમાણ રાખે છે.

સંધિઓ કરવી અને મૈત્રી સંબંધો સ્થાપિત કરવા કંઈ સરળ કામ નથી હોતું, વિશેષરૂપે જ્યારે ધાર્મિક મતભેદો હોય, રાજકીય પૂર્વગ્રહો પેદા થઈ જાય, વચ્ચે કટ્ટર વિરોધી શક્તિઓ હસ્તક્ષેપ કરી રહી હોય અને મામલો સામાન્ય રીતે એવા કબીલાઓ અને તત્ત્વો સાથે હોય, જેઓ ભૂતકાળમાં સંબંધો ન રાખવાના કારણે તદ્દન અજાણ હોય. આ કામ માટે ખૂબ જ રાજકીય કુનેહની જરૂર હોય છે. સંમુખની પરિસ્થિતિ અને વલણોને જોવા, શક્તિને ઓળખવી, શક્તિના એ સંતુલનને સમજવું જે કોઈ ખાસ ક્ષણે સમાજના જુદા-જુદા વિભાગો દરમ્યાન કાર્યરત હોય, વિરોધી શક્તિઓના પ્રભાવનો અભ્યાસ કરવો, શરતો વચ્ચેની એ વિશિષ્ઠ રેખાનું નિર્ધારણ કરવું, જ્યાં સુધી કોઈ કબીલા કે તત્ત્વને લાવી શકાતા હોય, અને પછી મનોવૈજ્ઞાનિક રીતે ચર્ચા અને વાતચીતમાં અસર પેદા કરવી — આવી અનેક આવશ્યકતાઓ પૂરી કરવી પડતી હોય છે. વાસ્તવિકતા એ છે કે માનવતાના ઉપકારક ﷺ એ આ કાર્ય-ક્ષેત્રમાં જે પ્રકારની રાજકીય દૂરંદેશી, નેતૃત્વની નિપુણતા અને મુત્સદ્દીગીરી (Diplomacy)ની યોગ્યતાનો નમૂનો પ્રસ્તુત કર્યો છે, તેનું ઉદાહરણ ક્યાંય મળી શકતું નથી અને એટલા માટે નથી મળી શકતું કે હુઝૂર ﷺ એ આટલા વ્યાપક સંબંધો જુદી-જુદી પરિસ્થિતિઓમાં ઊભા કરતાં કોઈપણ પ્રસંગે સત્ય વિચારધારા, પોતાના નૈતિક સિદ્ધાંતો અને પોતાના રાજકીય સ્થાનને જરા પણ નુકસાન ન થવા દીધું; નહિં તો રાજકીય મુત્સદ્દીગીરીના ક્ષેત્રમાં જેટલી ખરાબ રીતે નૈતિક સિદ્ધાંતોની જાહેર હત્યા થાય છે, તેના કારણે 'મુત્સદ્દીગીરી' (Diplomacy) શબ્દ બદનામ થઈને રહી ગયો છે. સ્વયં રાજનીતિ આજે એક ઘૃણાસ્પદ પ્રવૃત્તિ એટલા માટે બનીને રહી ગઈ છે કે રાજનીતિમાં કોઈ નૈતિકતા નથી હોતી અને આ એક એવી ટેંક છે કે જે તરફ ચાલે છે, કીમતી માનવ-મૂલ્યોને કચડી નાખે છે. પરંતુ હુઝૂર ﷺ એ મુત્સદ્દીગીરી અને રાજનીતિનો અર્થ તદ્દન બદલીને મૂકી દીધો અને આ કાર્યોને ન કેવળ બગાડથી શુદ્ધ કરી દીધા, બલ્કે નેકી અને ઈબાદતના આત્માથી સજાવી દીધા. ઈસ્લામી સિદ્ધાંતોની સાથે રાજકીય મુત્સદ્દીગીરીની પ્રવૃત્તિઓને ચાલુ રાખવી અને પછી તેમાં અસાધારણ દરજ્જાની સફળતા પ્રાપ્ત કરવી અને તેના દ્વારા અસંખ્ય વેરવિખેર કબીલાઓને પોતાના આસપાસ એકઠા કરી લેવા આજે પુસ્તકોના પૃષ્ઠોમાં વાંચતાં સરળ લાગે છે, પણ આરબ રણપ્રદેશમાં જ્યારે વ્યવહારૂરૂપે આ બધું કામ થઈ રહ્યું હશે, તો કરવાવાળો જ જાણી શકે છે કે કેવું મુશ્કેલ કામ છે.

સંધિ-સંબંધોનો આ ક્રમ ન માત્ર એ રીતે ઇસ્લામના આમંત્રણના પ્રસારમાં મદદગાર હતો કે મિત્ર-કબીલાઓમાં મુસ્લિમ આવાહકોને આવવા-જવાની અને લોકોની સાથે હળી-મળી જવાની ખુલ્લી તકો મળી જતી હતી, અને સ્વયં આ કબીલાઓના લોકોનો સંપર્ક પણ મદીના સાથે વધી જતો હતો, બલ્કે આ એ રીતે પણ આંદોલનના પ્રભાવના પ્રસારનું કારણ હતું કે આના કારણે મુસ્લિમ શક્તિ પોતાની રાજકીય દૂરંદેશીને લઈને લોકોની વિશ્વાસપાત્ર બનતી ગઈ. લોકો સીમિત ધાર્મિક અને સૂફીવાદ જેવી ધારણાઓએ તૈયાર કરેલ નેક માણસો પર ગમે તેટલા મોહિત અને મુગ્ધ હોય અને તેમની પવિત્રતાથી પ્રભાવિત હોય, પણ તેઓ જીવનના નેતૃત્વની લગામ તેમને કદાપિ સોંપતા નથી. દુનિયામાં જીવનનું નેતૃત્વ હંમેશા એ તત્ત્વોને સુપ્રત કરવામાં આવે છે, જેમના વિશે અંદાજ હોય કે આ લોકો કામ કરવાની આવશ્યક યોગ્યતા રાખે છે. ક્યારેક એવું થાય છે કે લોકો કોઈ જૂથ વિશે ખૂબ વખાણ કરીને કહેતા હોય છે કે આ તો બહુ સારા લોકો છે, ઘણા નેક કાર્યો કરે છે, ખૂબ જનસેવામાં વ્યસ્ત છે, પરંતુ આ વખાણમાં એ પ્રતિભાવ પણ છુપાયેલો હોય છે કે દુનિયાના કામકાજ માટે આ લોકો ખૂબ અયોગ્ય પણ છે. આવા જૂથો લોકોની આ વાતો સાંભળીને ઘણી વાર અતિશયોક્તિમાં પણ પડી જાય છે કે જનમત અમારા પક્ષે સારો છે. મુસ્લિમ શક્તિ જો એવું માનવ-ચરિત્ર બનાવીને સામે લાવી હોત જે ધાર્મિક રંગમાં નેકીની છબી અને આધ્યાત્મિક રીતે તકવા (સંયમ, ઈશનિષ્ઠા)ની પ્રતિમા તો હોત, પણ દુનિયાના વ્યવહાર તથા સમાજ અને રાજનીતિની સમસ્યાઓમાં કોઈ યોગ્યતા ન બતાવી શકતું, તો પ્રતિભાવ એ તો હોત કે સારા, ભલા લોકો છે, અલ્લાહવાળા છે, સારી-સારી વાતો કહે છે અને લોકોની સાથે સદ્‌વ્યવહાર કરે છે; પરંતુ એવું કદાપિ સંભવ ન હતું કે સામાન્ય લોકો તેમનાથી કોઈ નવીન વ્યવસ્થાની સ્થાપનાની આશાઓ બાંધી શકતા અને તેમને રાજ્ય ચલાવવા અને સમાજનું નેતૃત્વ કરવાને કાબેલ માની લેતા. ઇસ્લામી આંદોલન આવા 'અલ્લાહવાળા લોકો' બનાવવા માટે નહોતું ઊભું થયું, જેમને વ્યક્તિગત રીતે ખૂબ જ અલ્લાહવાળા, ભલા માણસ અને વિનમ્ર ગણવામાં આવે, પણ સામૂહિક ક્ષેત્રમાં કાર્યરત અને કાર્યક્ષમ બનવા માટે રાજકીય કુનેહ અને દૂરંદેશીની આવશ્યક યોગ્યતા ધરાવતા ન હોય, લોકો તેમને એક વૈકલ્પિક પણ ઉચ્ચ સદાચારી નેતૃત્વની હેસિયતે કબૂલ ન કરે અને તેમના હાથે કોઈ ઝળહળતા ભાવિની અપેક્ષા ન રાખે. મુસ્લિમ ચરિત્ર જેટલું વધારે ખુદાપરસ્ત (ઈશપરાયણ) અને મુત્તકી (સંયમી) હતું, એટલું જ તે રાજકીય કુનેહ અને દૂરંદેશીથી સજ્જ હતું. આ મામલામાં તેણે પોતાનો સિક્કો પોતાની વ્યવહારૂ કાર્યક્ષમતાથી મનાવડાવી લીધો હતો. જેમ-જેમ લોકો માનવતાના

ઉપકારક ﷺ અને આપના સાથે કામ કરનાર મુસ્લિમ શક્તિના નેતૃત્વ-યોગ્યતાઓથી પ્રભાવિત થતા ગયા, મદીના તેમની આશાઓનું કેન્દ્ર બનતું ગયું ,અને આનું પરિણામ એ જ આવી શકતું હતું કે તેમના હૃદયો પણ એ જ પ્રમાણે ઇસ્લામ માટે ખુલતા ગયા. જાણે દીનનું આમંત્રણ અને રાજકીય પ્રભાવનો પ્રસાર બંને કામો એક-બીજા માટે અનિવાર્ય હતા, અને એક-બીજા માટે સહાયક !

આ હકીકત મનમાં રાખીને એ સંધિ-સંબંધોની સમીક્ષા કરો, જે હુઝૂર ﷺ એ ખૂબ વ્યાપક પ્રમાણમાં સ્થાપિત કરી દેખાડ્યા અને આ કામમાં આપની કામની ઝડપ આશ્ચર્યજનક તીવ્ર હતી — પ્રચાર-પ્રસાર અને સંદેશ-વ્યવહારના સાધનોની રીતે પરિસ્થિતિ પ્રતિકૂળ હોવા છતાં !

૧ — બૈતે ઉકબા

સંધિ-સંબંધોમાં સૌપ્રથમ ક્રમે 'બૈતે ઉકબા' આવે છે, જે પ્રથમ દૃષ્ટિએ એક રીતે ધાર્મિક કરાર છે અને બીજી રીતે રાજકીય સંધિ. પહેલી વારની સભામાં માનવતાના ઉપકારક ﷺ ના હાથ પર અન્સારી નવયુવાનોએ રિસાલત (પયગંબરી)ના સ્વીકારની બૈત (શપથ) કરી અને બીજી વાર આપ ﷺ ના રાજકીય નેતૃત્વનું વચન પણ સામેલ કર્યું. મક્કાથી મિના જતાં રસ્તાના બંને તરફ પહાડોની સળંગ દીવાલો ઊભી છે. મિનાથી કોઈ એક ફર્લાંગ (માઈલનો આઠમો ભાગ) પહેલા ડાબા હાથે આવેલ પહાડીમાં અર્ધ-વર્તુળાકાર એક તંબુ છે અને આ વર્તુળાકારના તળિયાના રૂપમાં એક મેદાની ટુકડો જોવા મળે છે. આ જ એ સુરક્ષિત જગ્યા છે, જ્યાં રાત્રિના શાંત પરદામાં 'બૈતે ઉકબા' થઈ. મદીનામાં યહૂદીઓની હાજરીના કારણે અન્સાર આકાશી ધર્મની અભિલાષા રાખતા હતા અને નુબૂવ્વત (પયગંબરી)ના ક્રમથી તેઓ વાકેફ હતા. વધુમાં, અંતિમ નબીના જન્મની ભવિષ્યવાણીઓ તેમના સામે હતી અને યહૂદીઓનો એ પડકાર પણ કે જ્યારે એ નબી આવશે તો અમે તેના સાથે મળીને તમને આધીન કરી લઈશું. આમ, અન્સારમાં જ્યાં દિવ્ય ધર્મની અભિલાષા જાગી ઊઠી હતી, ત્યાં અજાણતામાં એ ભાવનાની પણ અસર હતી કે એ નબી આવી જાય તો અમે પહેલા તેનો સ્વીકાર કરીએ. તેના સાથે-સાથે ઔસ અને ખઝરજ વચ્ચે પરસ્પર ઝઘડાનો જે ક્રમ ચાલી આવી રહ્યો હતો તેનાથી થાકીને તેઓ એક શાંતિના કાળની ઇચ્છા રાખતા હતા. પરંતુ રુકાવટ એ હતી કે બંનેમાંથી કોઈ કબીલો પણ પૂર્વ દુશ્મનીના વાતાવરણના કારણે બીજા કબીલાનું નેતૃત્વ સ્વીકારવા તૈયાર ન હતો. તેમને કોઈ ત્રીજી શક્તિની આવશ્યકતા હતી. આ બધા કારણો હતા, જેની અસર હેઠળ મદીનાના બુદ્ધિશાળી અને સજ્જન

લોકોને જેવો સરવરે આલમ ﷺ સાથે પ્રત્યક્ષ પરિચય થયો અને હુઝૂર ﷺ ના સંદેશ અને આમંત્રણને સાંભળવાની તક મળી, તો સ્વીકાર માટે તેમના હૃદય ખુલી ગયા. નુબૂવ્વતની ચર્ચાઓ તો તેમના સુધી પહેલાથી જ પહોંચી ગઈ હતી, પરંતુ રૂબરૂ વાતચીતે તેમને અંતિમ નિર્ણય સુધી પહોંચાડી દીધા. હુઝૂર ﷺ નો દેખાવ અને વ્યક્તિત્વની અસર જ્યારે સંદેશના બોલમાં સામેલ થયા હશે, તો એ માનસિક ક્રાંતિની પૂર્તિ થઈ ગઈ હશે, જેના માટે અન્સારની પ્રકૃતિમાં અગાઉથી તૈયારી મોજૂદ હતી. એ પળ અનોખી સંવેદનશીલ ઐતિહાસિક પળ હતી, અર્થાત્ અન્સાર (પહેલી બૈત વખતે) મદીનાથી એ ઇરાદા સાથે નીકળ્યા હતા કે કુરૈશથી મૈત્રી સંબંધો સ્થાપિત કરે અને આવું થઈ જતું તો ઇસ્લામી આંદોલનના ઇતિહાસની દિશા બીજી જ કંઈ હોત. પરંતુ અણીના સમયે અન્સારના સમૂહનો ઇરાદો બદલાય છે અને તેઓ કુરૈશનો વિચાર છોડીને આ નવી શક્તિથી સંબંધ જોડી લે છે, જે ઇતિહાસની ક્ષિતિજે પોતાના આરંભિક કિરણોની સાથે ઉદય પામી રહી હતી.

પહેલી વખતે બૈતમાં હુઝૂર ﷺ એ અમુક અકીદા (આસ્થા) અને નીતિમત્તાની બાબતોનું વચન લીધું, અર્થાત્ કરાર કરવાવાળા અલ્લાહની સાથે કોઈને ભાગીદાર નહીં બનાવે, ચોરી નહીં કરે, વ્યભિચાર નહીં કરે, સંતાનોની હત્યા નહીં કરે, કોઈના વિરુદ્ધ કોઈ આરોપ નહીં ઘડે અને ભલાઈમાં અલ્લાહના રસૂલ ﷺ ની અવજ્ઞા નહીં કરે.

બીજી બૈતમાં અન્સારે એ બાબતોનો વધારો કર્યો કે, ''અમે રસૂલુલ્લાહ ﷺ ની સામે દરેક સ્થિતિમાં આજ્ઞાપાલનથી કામ લઈશું, ચાહે મુશ્કેલીઓનો સામનો હોય કે આસાનીઓ હોય, ચાહે અમારા હૃદયોને કોઈ આદેશ પસંદ હોય કે નાપસંદ અને ચાહે કોઈ વાત અમારા અભિપ્રાયોના વિરુદ્ધ હોય, અને એ કે અમે નેતાગણથી સંઘર્ષ નહીં કરીએ અને એ કે કોઈ નિંદા કરનારની નિંદાથી નહીં ડરીએ.''

આ સંક્ષિપ્ત શબ્દોમાં જાણે હઝરત મુહમ્મદ ﷺ અને અન્સાર વચ્ચે રાજકીય સંબંધ સ્થાપિત થઈ ગયો અને આ સમૂહે સ્પષ્ટરૂપે એક રાજકીય સમૂહની હેસિયત સ્થાપિત કરી લીધી. હુઝૂર ﷺ ના નેતૃત્વને તેમણે આજ્ઞાપાલનની સાથે સંપૂર્ણપણે સ્વીકારી લીધું. એ એકરાર પણ કર્યો કે નેતાગણ વિરુદ્ધ કોઈ ઝઘડો કે વિવાદ કરવામાં નહીં આવે તેમજ સત્તા અને હોદ્દાની ખેંચતાણ માટે કોઈ કામ કરવામાં નહીં આવે. સલાહ-મસ્લતનો નિયમ નક્કી કરવામાં આવ્યો કે દરેક અવસરે સાચી વાત રજૂ કરવામાં આવશે અને દીનની સ્થાપનાની કોશિશ વિશે પ્રણ લેવામાં આવ્યું કે જે કંઈ ફરજો અને માંગણીઓ અને જવાબદારીઓ અમારા પર આવશે તેને દુનિયાભરના મહેણા-ટોણા અને નિંદાથી પર થઈને અદા કરીશું. આ એવી બૈત (પ્રતિજ્ઞા) હતી કે

આના પછી જેવો કોઈ વિસ્તાર (Territory) આ સમુદાયના આધીન આવી જાય, જેમાં તેના ઉપર કોઈ અન્ય રાજકીય સત્તા લાગુ ન હોય, બલ્કે નેતૃત્વ તેના પોતાના હાથમાં હોય તો આ સમુદાય તત્કાળ એક રાજ્યના રૂપમાં બદલાઈ જાય.

આ બાબતોની સાથે વધારામાં એ પણ નક્કી થયું કે હુઝૂર ﷺ ના મદીના સ્થળાંતર થઈ ગયા પછી કરાર કરવાવાળા અન્સાર હુઝૂર ﷺ ની એવી જ રક્ષા કરશે, જેવી તેઓ પોતાના બાળ-બચ્ચાઓની કરે છે. આમ, મદીનાના ઇસ્લામી સમુદાય અને હુઝૂર ﷺ વચ્ચે રક્ષાત્મક સંપનો સંબંધ પણ સ્થાપિત થઈ ગયો અને એ રીતે 'બૈતે ઉકબા'નું રાજકીય મહત્ત્વ વધીને 'ક્રાંતિકારી' થઈ જાય છે.

વધુમાં, હુઝૂર ﷺ ના હુકમથી મદીનાના અન્સારના ઇસ્લામી સમુદાય તરફથી બાર પ્રતિનિધિઓ 'નકીબ' (અગ્રદૂત) નિયુક્ત કરવામાં આવે છે, જેઓ હુઝૂર ﷺ ની સામે જવાબદાર છે. આ અગ્રદૂતોના શિરે ઇસ્લામનો સંદેશ ફેલાવવા ઉપરાંત રાજકીય જવાબદારી પણ નાખવામાં આવી. હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રના કથન મુજબ હુઝૂર ﷺ એ આ અગ્રદૂતોને ફરમાવ્યું, ‘‘તમે લોકો પોત-પોતાની કોમના એવી જ રીતે જવાબદાર છો, જે રીતે હઝરત ઈસા عليه السلام ની સામે તેમના હવારીઓ જવાબદાર હતા અને હું મારા સમૂહ — અર્થાત્ મક્કી સમૂહ — નો જવાબદાર છું.’’[૧]

અગ્રદૂતોના ખ્યાલની સાથે મદીના માટે જે વહીવટી માળખાની રચના કરવામાં આવી, તે માત્ર ધાર્મિક ન હતી, બલ્કે રાજકીય અને ક્રાંતિકારી હતી. આવા માળખાની પ્રકૃતિ તકાદો કરે છે કે તે તાત્કાલિક – પહેલો અવસર મળતાં જ – રાજ્યનું સ્વરૂપ ધારણ કરે. વાસ્તવમાં થયું પણ એવું જ કે હુઝૂર ﷺ મદીના ગયા તેના થોડાક દિવસો પછી ઇસ્લામી રાજ્યનો પાયો નાખી દેવામાં આવ્યો.

આમ, ઇસ્લામી આંદોલન આરંભિક આમંત્રણનો તબક્કો પસાર કરીને રાજકીય નિર્માણના તબક્કામાં પ્રવેશ્યું, તો કરારો દ્વારા પ્રવેશ્યું, ન કે સૈન્ય શક્તિનો ઉપયોગ કરીને.

૨ — દસ્તાવેજી કરારો

નબી ﷺ ના નેતૃત્વમાં ચાલવાવાળા ઇસ્લામી આંદોલનના ઇતિહાસમાં બીજો મહત્ત્વનો કરાર એ છે, જેના પર મદીનાના ઇસ્લામી રાજ્યની આધારશિલા હતી. સંભવતઃ દુનિયાભરના ઇતિહાસમાં કોઈ એક પણ રાજ્યની સ્થાપના થોડાઘણા

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૩૬-૭૫; 'અહદે નબવી ﷺ કે મૈદાનહાએ જંગ', ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, પૃ.૭-૧૦.

બળપ્રયોગ વગર થઈ નહીં હોય, સિવાય કે મામલો વિચારધારા પર આધારિત રાજ્યનો હોય, જેની મૂળભૂત વિચારધારાએ વાતાવરણમાં હલચલ મચાવી દીધી હોય, પછી તેની સ્થાપના એક અજાણ્યા માહોલમાં અને વિભિન્ન તત્ત્વોના સહયોગથી અમલમાં આવે. આ દસ્તાવેજી કરાર માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ ﷺ ની રાજકીય કુનેહ અને દૂરંદેશી તથા આપના કુશળ નેતૃત્વનું એવું ઉદાહરણ પ્રસ્તુત કરે છે, જેનો ક્યાંય જવાબ નથી. આ કરારના પક્ષકારોને જુઓ, તો તેમાં મુહાજિરો સામેલ છે, અન્સારના બે મોટા કબીલાઓ ઔસ અને ખઝરજના મુસલમાનો સામેલ છે, તેમના મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) અને યહૂદીઓ સામેલ છે, યહૂદીઓના જુદા-જુદા કબીલાઓ સામેલ છે; જ્યારે કે તેમના વચ્ચે પરસ્પર કજિયો રહેતો હતો.

વાસ્તવમાં હુઝૂરે અકરમ ﷺ મોસાળના સંબંધોને કારણે બાળપણથી મદીનાને જાણતા હતા, કેમ કે ત્યાં રહી ચૂક્યા હતા. વધુમાં, સત્યના આવાહક હોવાની હેસિયતે આપ ﷺ એ મક્કાના અંતિમ બે-ત્રણ વર્ષમાં મદીનાથી સંપર્કો સ્થાપિત થઈ ગયા પછી ત્યાંની વિશેષ પરિસ્થિતિ પર રાજકીય દૃષ્ટિકોણથી સારી રીતે મહેનત કરી હતી અને હિજરત પછી મદીના આવીને તો પ્રત્યક્ષ ત્યાંના બધા તત્ત્વોના પારસ્પારિક મામલાઓની સમજ પ્રાપ્ત કરી લીધી હતી. મદીનાની કુલ વસ્તી તે વખતે લગભગ પાંચ હજાર હશે અને આ સંખ્યામાં આશરે અડધી વસ્તી યહૂદીઓની હતી. આ બધી વસ્તીમાં મુહાજિરો અને અન્સારને સાથે ગણીને મુસ્લિમ સમુદાયની સંખ્યા વધારેમાં વધારે પાંચસો હશે. આ જ સક્રિય, જાગૃત અને સંગઠિત લઘુમતીના બળે હુઝૂર ﷺ એ પાંચ હજાર વસ્તીને પોતાના નેતૃત્વના આધીન લઈ લીધી. અન્સારના બંને કબીલાઓ, જે ૧૨ પેટા કબીલાઓમાં વહેંચાયેલા હતા, પરસ્પર ઐતિહાસિક વૈમનસ્ય રાખતા હતા અને સામાન્ય વસ્તી પણ લડાઈ-પછી-લડાઈના ચક્કરથી થાકી ગઈ હતી, કેમ કે હંમેશા અમુક આરબો અને અમુક યહૂદીઓ એક તરફ તથા અમુક યહૂદીઓ અને અમુક આરબો બીજી તરફ થઈને લડાઈ-ઝઘડામાં ગ્રસ્ત રહેતા હતા. હવે શાંતિની મનોકામના હતી અને આ હેતુથી એક રચનાત્મક નેતૃત્વની અભિલાષા કાર્યરત હતી. થોડાક સમય પહેલા જ નેતૃત્વની ખાલી જગ્યા ભરવા માટે અબ્દુલ્લાહ બિન ઉબ્બીની તાજપોશીની તૈયારીઓ શરૂ પણ થઈ ચૂકી હતી. પરંતુ એકાએક હુઝૂર ﷺ અને આપના સંદેશથી પરિચિત થઈ જતાં અન્સાર આ તરફ આકર્ષિત થઈ ગયા. સ્વયં યહૂદીઓની સ્થિતિ પણ એ હતી કે તેમના બે મોટા જૂથો, જેઓ આંતરિક રીતે ૧૦ કબીલાઓમાં વહેંચાયેલા હતા, પરસ્પર એક-બીજાના હરીફો હતા અને એક પરાયા વંશ અને પરદેશમાં તેમને ભય હતો કે ક્યાંક બધું બરબાદ ન થઈ જાય. પછી જ્યારે અચાનક હુઝૂર ﷺ એ અન્સારને પોતાના

સાથે જોડી લીધા અને તેમના પૂર્વ મૈત્રી-સંબંધો યહૂદીઓથી તૂટવા લાગ્યા, તો તે વખતે યહૂદીઓને પોતાના પગ નીચેથી જમીન સરકી જતી લાગી. આ પરિસ્થિતિમાં નબી અકરમ ﷺ એ યહૂદીઓ માટે અલ્લાહની વહી (દિવ્ય પ્રકાશના) મુજબ હૃદય જીતવા અને તેમની ઉત્તમ ભાવનાઓને ઝંઝોડવાની કાળજીથી મહેનત કરી, તો રાજકીય એકતા સ્થાપવા માટે મેદાન મોકળું થઈ ગયું. મદીનાની વસ્તીના બધા સમૂહોને સમજવા, તેમના હિતો અને પ્રશ્નો અંગે સભાનતા કેળવવી અને તેમના સ્વભાવને અનુકૂળ દિશાએ ઢાળવો, અને પછી મોટી રાજકીય સિદ્ધિને ખૂબ જ ઓછા સમયમાં પ્રાપ્ત કરવી એ માનવતાના ઉપકારક ﷺ ની રાજકીય મહાનતા છે, જે આપણને આંજી નાખે છે.

મુસ્લિમ સમુદાય, જે આસ્થા અને નૈતિક રીતે હઝરત મુહમ્મદ ﷺ ના નેતૃત્વ હેઠળ અત્યંત મજબૂત સંગઠન ધરાવતો હતો અને વધુમાં, 'બૈતે ઉકબા'એ તેને એક રાજકીય ક્રાંતિકારી પક્ષની હેસિયત પણ આપી દીધી હતી; ઉપરાંત તે પોતાના સૈદ્ધાંતિક આમંત્રણના બળે વિકસિત થવાની યોગ્યતા પણ ધરાવતો હતો, તેણે મદીનામાં રાજકીય રીતે કેન્દ્રીય મહત્ત્વ પ્રાપ્ત કરી લીધું. અન્સારના કબીલાઓમાં ન કોઈ પ્રતિકારી વિચારધારા કે પ્રતિક્રિયા જોવા મળતી હતી અને ન કોઈ પ્રતિયોગીઓમાં હકારાત્મક કે નકારાત્મક માનસિકતા ધરાવતું નેતૃત્વ — કેમ કે તેમના સરદારોમાંથી મોટાભાગના લોકો પહેલા જ ઇસ્લામી આંદોલન તરફ ખેંચાઈને આવી ગયા હતા. તેમના અંદરના મુશ્રિક અને યહૂદી લોકો મોટી સંખ્યા ધરાવતા હોવા છતાં કોઈ વિરોધી પ્રવૃત્તિ કરતા નહોતા, બલ્કે શાંત હતા અને રાજકીય હેસિયતે સક્રિય મુસ્લિમ લોકોની પાછળ ચાલનારા હતા. આમ પણ કોઈ એકલ-દોકલ આરબ કે યહૂદી કબીલાનું મુસ્લિમ સમુદાયની સામે જરા પણ વજન નહોતું. મદીનાની વસ્તીના લોકોની આ વ્યવસ્થા હુઝૂર ﷺ ની કાર્ય-પદ્ધતિ માટે તદ્દન અનુકૂળ હતી, અને આપ ﷺ એ આરંભિક સમસ્યાઓથી નિવૃત્ત થતાં જ થોડાક મહિનાઓમાં રાજકીય માળખું ઘડી કાઢ્યું. ઉપરોક્ત કરાર, જે યુરોપી પૌરત્સ્યવાદીઓના અવલોકન અનુસાર ૫૩ કલમો પર આધારિત છે. ઐતિહાસિક રેકર્ડના આધારે આ કરાર વિશે એક મતભેદ એ થયો કે કેટલાક લોકોએ આ આખો દસ્તાવેજ હિ.૧માં લખેલ હોવાનું વર્ણવ્યું છે અને કેટલાકે પોતાના સંશોધન મુજબ એ મત આપ્યો છે કે આનો એક ભાગ હિ.૧નો છે અને બીજો ભાગ તેમાં બદ્રના યુદ્ધ પછી સામેલ કરવામાં આવ્યો છે, અર્થાત્ પશ્ચિમવાદીઓની વહેંચણી મુજબ કલમ ૧ થી ૨૩ તેમજ ૨૪ થી ૪૭ બે અલગ-અલગ ભાગો છે. આપણે જો આ બીજા મતને સ્વીકારીએ તો એ સ્વરૂપમાં પણ રસૂલુલ્લાહ ﷺ ની રાજકીય કુનેહ અને દૂરંદેશી કામ કરતી દેખાય છે. હુઝૂર

ﷺ એ પહેલા મુહાજિરો અને તમામ અન્સાર (મુસ્લિમ ＝ બિનમુસ્લિમ) પર આધારિત રાજકીય વ્યવસ્થાની રચના કરી દીધી. આ વ્યવસ્થાના અસ્તિત્વમાં આવી ગયા પછી યહૂદી કબીલાઓએ પોતાને અલગ રાખતાં નબળા અને જોખમમાં અનુભવ્યા હશે, કેમ કે રાજકીય રીતે તેઓ તદ્દન હવામાં લટકીને રહી ગયા હતા. પછી જ્યારે તેમણે મુસ્લિમ શક્તિને બદ્રના મેદાનમાં પોતાની આશાઓ વિરુદ્ધ વિજયી બનીને નીકળતા જોયા હશે, તો તેમને ચિંતા થઈ હશે કે આપણે સમયસર મદીનાની રાજકીય વ્યવસ્થામાં પોતાની જગ્યા બનાવી લેવી જોઈએ.

આ બંધારણીય દસ્તાવેજ, જેનું ઉદાહરણ ડૉ. હમીદુલ્લાહના કથન અનુસાર ઇતિહાસમાં કદાપિ મળી શકતું નથી, ઉચ્ચ કક્ષાની રાજનૈતિક શૈલીમાં લખવામાં આવ્યો હતો, અત્યંત કાળજીભરી દસ્તાવેજી ભાષામાં છે અને તેમાં હુઝૂર ﷺ એ પોતાના અપેક્ષિત વૈચારિક અને રાજકીય મૂલ્યોને વિભિન્ન સમૂહોથી સ્વીકાર કરાવ્યા છે. આ યોગ્ય અવસર છે કે આપણે આ દસ્તાવેજમાં નોંધવામાં આવેલ મુખ્ય મુદ્દાઓ પર નજર નાખીએ, જેથી તેના રાજકીય મૂલ્ય અને મહત્ત્વનું સાચું અનુમાન કરી શકાય.

આ દસ્તાવેજનો આરંભ بسم الله الرحمٰن الرحيم થી થયો અને તેનું મુખ્ય શીર્ષક છે هٰذا كتاب من محمّد النبّي صلى الله عليه وسلّم, અર્થાત્ આ લખાણ મુહમ્મદ ﷺ તરફથી છે, જે પયગંબર છે. આમ, વિવરણના આરંભમાં જ મૂળભૂત વિચારધારાનો પાયો નાખી દેવામાં આવ્યો.

આ દસ્તાવેજ પર આધારિત સામૂહિક વ્યવસ્થાનું કેન્દ્રીય પરિબળ કોઈપણ સ્થિતિમાં મુસ્લિમ સમુદાયને ઠેરવવામાં આવેલ છે; અર્થાત્ વિવરણના આરંભમાં જ દસ્તાવેજી લખાણનું ક્ષેત્ર આ રીતે નક્કી કરવામાં આવ્યું –

بين المؤمنين والمسلمين من قريش ويثرب

અને તેમાં વધારો છે – ومن تبعهم فلحق بهم وجاهد معهم

આનો અર્થ છે, રાજ્યના મુખ્ય ઘટકમાં મક્કા અને મદીનાના ઈમાનવાળાઓ છે અને બાકીના તેમના તાબે 'લાહક' (તેમનાથી સંલગ્ન) અને 'હામી' (સહયોગી) હોવાના સ્વરૂપમાં નાગરિકતા ધરાવે છે. આમ, યહૂદીઓના કબીલાઓને કરારમાં સામેલ કરીને 'મોમિનોની સાથે'ના શબ્દોથી ઉમ્મત (સમુદાય)ના રાજકીય એકમમાં ગણવામાં આવ્યા. (કલમ ૨૫ થી ૩૫) પછી નોંધવામાં આવ્યું છે કે, ''ઈમાનવાળા બીજા લોકોની સરખામણીએ પરસ્પર એક-બીજા સાથે ભાઈચારો રાખે છે.'' (કલમ

૧૫) પછી સુલેહ અને યુદ્ધમાં તમામ મુસલમાનોને સમાન ઠરાવવામાં આવ્યા છે. (કલમ ૧૭) પછી ઈમાનવાળાઓ પર અનિવાર્ય કરવામાં આવ્યું છે કે તેઓ 'કિસાસ' માટે મળીને ઊભા થાય અને હત્યારાઓને શરણ ન આપે. વધુમાં, જો તેમના પર અત્યાચાર કરીને લોહી વહાવવામાં આવે તો તેનો બદલો લે. (કલમ ૧૯ - ૨૧ - ૨૨) પછી અનિવાર્ય કરવામાં આવ્યું કે કોઈ ઈમાનવાળો કોઈ કાફિરના બદલામાં કોઈ ઈમાનવાળાના પ્રાણ ન લે અને ન કોઈ ઈમાનવાળા વિરુદ્ધ કોઈ કાફિરની મદદ કરે. (કલમ ૧૪) મુસલમાનોનો નાનામાં નાનો માણસ પણ કોઈને શરણ આપી શકે છે અને તેને અલ્લાહ પ્રત્યે જવાબદારીના રૂપે સૌએ નિભાવવું પડશે. (કલમ ૧૫) જ્યારે કોઈ મતભેદ ઊભો થાય તો અલ્લાહ અને મુહમ્મદ ﷺ સામે રજૂ કરવામાં આવશે. (કલમ ૨૩) મુત્તકી ઈમાનવાળાઓ પર આવશ્યક કરવામાં આવ્યું કે તેઓ કોઈપણ અપરાધ, ગુનો અને કાયદાના ઉલ્લંઘનના પ્રસંગે તેના નિવારણ માટે એક અને સંગઠિત થાય. (કલમ ૧૩) શરૂના ભાગમાં દસ્તાવેજની વૈચારિક ભાવનાને સ્પષ્ટ કરવા માટે વારંવાર એ શબ્દ આવે છે કે ફલાણો-ફલાણો (મુસ્લિમ) કબીલો 'ફિદયા' (આર્થિક દંડ) વગેરેના મામલામાં 'ભલાઈ' અને 'ન્યાય' પર અમલ કરશે — અને એ પણ એ અર્થની સાથે, જે 'મોમિનો દરમ્યાન' સ્વીકૃત છે. (કલમ ૩ થી ૧૨) ખૂબ જ મહત્ત્વની ઇસ્લામી પરિભાષા 'ફી સબીલિલ્લાહ' (અલ્લાહના માર્ગમાં) પણ દસ્તાવેજમાં સામેલ કરવામાં આવી. (કલમ ૧૯) એ જ પ્રમાણે 'અત્યાચાર' અને 'બિર્ર' (નેકી, સદાચાર) અને 'ઇસ્મ' (ગુનો)ની પરિભાષાઓ પણ મૂળ લખાણમાં સામેલ કરવામાં આવી. (કલમ ૩૬) આનાથી પણ વધારે 'મુત્તકી ઈમાનવાળા સૌથી સારા અને સૌથી સીધા માર્ગ પર છે' એવું સુદ્ધાં સામેલ કરવામાં આવ્યું, (કલા ૨૦) વધુમાં, وان النصر للمظلوم ના શબ્દોથી એક શુદ્ધ ઇસ્લામી નિયમ, જે માનવ-માનવ દરમ્યાન પણ છે, સ્વીકારી લેવામાં આવ્યો અને એ પણ કે અલ્લાહ તેના સાથે છે જે આ દસ્તાવેજના લખાણ પર અમલ વધારેમાં વધારે નિષ્ઠા અને વફાદારીથી કરે. (કલમ ૪૨ - ૪૬ - ૪૭)

આ દસ્તાવેજમાં રાજનીતિની બાબતોને જે ખૂબીથી નક્કી કરવામાં આવી છે તેનું પણ અવલોકન કરો. દસ્તાવેજના પક્ષકારોના રહેઠાણના વિસ્તારો, અર્થાત્ મદીનાની અંદર આવતા ભાગને, જેનું ક્ષેત્રફળ આશરે એકસો ચોરસ માઈલ હતું, (મદીનાની ભૌગોલિક સ્થિતિનું વર્ણન અમે કરી ચૂક્યા છીએ અને સ્પષ્ટતા માટે નકશો પણ આપવામાં આવ્યો છે) ન કેવળ એ કે ઇસ્લામી રાજ્યની આરંભિક જમીન (Territory) ઠેરવવામાં આવ્યો, બલ્કે એ ભાગને 'હરમે મુકદ્દસ' (પવિત્ર ભૂમિ) પણ ઠેરવવામાં આવ્યો. (કલમ ૩૯) આ કરારના બધા પક્ષકારોને એક

રાજકીય એકમ (إنهم أمة واحدة من دون الناس) ઠેરવવામાં આવ્યા. (કલમ ૧) આ કલમ રાજકીય દૂરંદેશીનો નમૂનો છે કે પહેલાથી નક્કી કરી દેવામાં આવ્યું કે યહૂદીઓમાંથી જે લોકો પણ અમારું અનુપાલન કરશે તેને મદદ અને સમાનતા નાગરિકતાના અધિકારની રૂએ પ્રાપ્ત હશે. આ જાણે અગમચેતી પણ હતી અને પ્રોત્સાહન પણ. (કલમ ૧૬) પૂર્ણ રાજકીય દૂરંદેશીનો ઉત્તમ નમૂનો એ છે કે મતભેદ થાય તો અલ્લાહ અને રસૂલુલ્લાહ ﷺ સમક્ષ રજૂ કરવામાં આવશે. (કલમ ૨૩) કોઈ ઝઘડો કે હત્યાની ઘટના બને તો અલ્લાહ અને અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ ﷺ સમક્ષ રજૂ કરવામાં આવશે. (કલમ ૪૨) કોઈ ઈજા કે પ્રહારનો બદલો લેવામાં રુકાવટ ઊભી કરવામાં નહીં આવે. (કલમ ૩૬) અત્યાચારીના અત્યાચાર કે હત્યારાના અપરાધની આફત માત્ર તેની જાત અથવા તેના પરિવાર (ખૂં-બહામાં પરિવાર સામેલ હોય છે) પર હશે. કોઈ અન્ય પર નહીં. (કલમ ૨૫, ૨૬) રાજકીય વ્યવસ્થાના આરંભિક એકમો તરીકે કબીલાઓને ઠરાવવામાં આવ્યા અને તેમને માન્યતા આપીને તેમના પર કેન્દ્રીય સત્તાની સ્થાપના કરવામાં આવી.

રક્ષાત્મક રાજનીતિને ધ્યાનમાં રાખીને એ બાબતો નક્કી કરવામાં આવી કે : જો યસરબ પર હુમલો થાય, તો સામેલ પક્ષકારો માટે પરસ્પર મદદ કરવી આવશ્યક હશે. (કલમ ૪૪) જો કરારના કોઈ પક્ષકાર સાથે કોઈ યુદ્ધ કરે, તો તેના વિરુદ્ધ બધા પક્ષકારો સાચી ભાવનાથી મદદ કરશે. (કલમ ૩૭) આ દસ્તાવેજે એક કલમ વડે સંરક્ષણ ક્ષેત્રની સર્વોપરિતા પણ હુઝૂર ﷺ ના હાથમાં આપી દીધી કે કોઈપણ મુહમ્મદ ﷺ ની પરવાનગી વગર લશ્કરી કાર્યવાહી માટે નહીં નીકળે. (કલમ ૩૬) કોઈ પક્ષકારની પોતાની ધાર્મિક લડાઈ વિશે સામેલ પક્ષકારોની કોઈ જવાબદારી નહીં હોય. (કલમ ૪૫) જો સામેલ પક્ષકારોને કોઈ સુલેહ માટે તૈયાર કરવામાં આવે, તો બધાની સાથે તેઓ પણ સુલેહ કરશે. (કલમ ૪૫) કુરૈશ માટે મૈત્રી-સંબંધોને તદ્દન સમાપ્ત કરવા માટે એ પણ મનાવી લેવામાં આવ્યું કે કોઈ મુશ્રિક (બિનમુસ્લિમ નાગરિક) કુરૈશના જાન અને માલને કોઈ શરણ નહીં આપે અને ન આ સંબંધે કોઈ મોમિનના આડે આવશે (કલમ ૨૦) અને કુરૈશને કોઈ શરણ આપવામાં નહીં આવે અને તેને પણ કોઈ શરણ આપવામાં નહીં આવે જે તેમને મદદ કરે. (કલમ ૪૩) યુદ્ધ-ખર્ચ વિશે એ હકીકત નજર સામે રાખતાં કે યહૂદીઓ પોતાનો ભાગ આપવામાં કંજૂસી બતાવશે અને જો સામૂહિક ભંડોળ તેમના હાથમાં ગયું તો તેઓ અપ્રમાણિતા આચરશે — હુઝૂર ﷺ એ પૂર્ણ દૂરદર્શિતાથી મામલો એ રીતે નક્કી કર્યો કે દરેક પક્ષકાર પોત-પોતાનો યુદ્ધ-ખર્ચ પોતે ઉઠાવશે. (કલમ ૩૭-૪૪)

આર્થિક રીતે એક તરફ 'ખૂંબહા' (હત્યા-દંડ, Blood Money) અને

કેદીઓના 'ફિદયા' (અર્થ-દંડ)નો બોજ આરબોની પ્રચલિત પદ્ધતિ અનુસાર સંબંધિત વ્યક્તિના કબીલા પર નાખી દેવામાં આવ્યો. અસમર્થ દેવાદારના દેવાની જવાબદારી પણ સામૂહિક કરી દેવામાં આવી.

ધાર્મિક સ્વતંત્રતા માટે સ્પષ્ટતા કરી દેવામાં આવી કે મુસલમાનો માટે તેમનો દીન અને યહૂદીઓ માટે તેમનો ધર્મ. (કલમ ૨૫) વાસ્તવમાં મુસ્લિમ સમુદાય તો રાજનીતિ અને ધર્મ બંને રીતે એક એકમ હતો અને તેના પર બીજી જવાબદારીઓનો ભાર હતો, પરંતુ માત્ર રાજકીય સંબંધોના વર્તુળમાં તમામ પક્ષકારોને પોત-પોતાના ધર્મ પર ચાલવાની સ્વતંત્રતા આપવામાં આવી.(૧)

હવે આ મુદ્દાઓને દસ્તાવેજના સારરૂપે જુઓ અને પછી એક-એક ભાગ પર વિચાર કરો કે હુઝૂર ﷺ એ કેટલી વિવેકબુદ્ધિથી પોતાની વિચારધારાને બંધારણનો આધાર અને આત્મા બનાવી. મુસ્લિમ સમુદાયને કેન્દ્રીય સ્થાન અપાવ્યું. પોતાના નેતૃત્વ અને સત્તા — રાજકીય, રક્ષાત્મક અને અદાલતી — દરેક રીતે મનાવડાવી. કુરૈશનો સામનો કરવા માટે બધાને સમાન મુદ્દાઓ પર સહમત કર્યા અને અનેક જોખમોના છીંડાઓ પહેલાથી જ બંધ કરી દીધા. સ્પષ્ટ રહે કે આ 'કરાર'નું સ્વરૂપ એક બંધારણીય અને દસ્તાવેજી હતું, જેના કોઈ પક્ષકારને એ અધિકાર નહોતો કે તે જ્યારે ઇચ્છે અલગ થઈ જાય અથવા કરાર તોડી નાખે. આવું કરવું મૂળથી નાગરિકતાના હક્કને સમાપ્ત કરી દે છે, જેને ઇસ્લામી રાજ્યની સીમાઓમાં આ કરારે જન્મ આપ્યો હતો. આ જ કારણ છે કે જે યહૂદી કબીલાઓએ પાછળથી આ કરારને સંપૂર્ણપણે પાયમાલ કરી નાખ્યો; તેમના વિરુદ્ધ એ કાર્યવાહી કરવામાં આવી, જે વિશ્વાસઘાતીઓ અને બળવાખોરો વિરુદ્ધ કરવામાં આવે છે.

અહીં સાથે-સાથે હિજરતની અનિવાર્યતાને આ દસ્તાવેજના પ્રકાશમાં સમજી લેવાનો અવસર છે. મદીનાના રાજ્યનો આધાર જે મુસ્લિમ સમુદાય પર મૂકવામાં આવ્યો હતો, તેના અનુસંધાનમાં હિજરતની અનિવાર્યતાનો હેતુ એ હતો કે આ સમુદાય વધારેમાં વધારે મજબૂત હોય. એમાં કોઈ સંદેહ નથી કે આરબ કબીલાઓની વ્યવસ્થામાં છુટાછવાયા એકલ-દોકલ મુસલમાનનું પડી રહેવાનું પરિણામ એ હોઈ શકતું હતું કે થોડાઘણા સંઘર્ષ પછી છેવટે તેઓ અજ્ઞાનતાપૂર્ણ સમાજમાં વિલિન થઈ જાય, અથવા બળજબરી અને હિંસાનો ભોગ બની જાય. આ કારણસર પણ એક-એક કણને સમેટી લેવો જરૂરી હતું. પરંતુ તેના સાથે-સાથે મદીનાના ઇસ્લામી રાજ્યની મજબૂતી પણ તેના મહત્ત્વને કારણે તેનો તકાદો કરતી હતી. પાછળથી જ્યારે આ બંને જરૂરતો બાકી ન રહી તો لا هجرة بعد الفتح નું એલાન કરી દેવામાં આવ્યું.

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૧૯-૧૨૩; અહદે નબવી મેં નિઝામે હુકમરાની, ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, પૃ.૭૬-૧૧૧

અર્થાત્ જ્યારે સમગ્ર આરબ પ્રદેશ 'દારુલ ઇસ્લામ' બની ગયો અને મદીનાના નેતૃત્વના આધીન આવી ગયો અને ઇસ્લામ સ્વીકાર કરનારાઓ માટે કોઈ વિસ્તારમાં અવરોધક વાતાવરણ ન રહ્યું, તો મદીના હિજરત કરીને આવવાનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો.

આ કરાર અનુસાર મદીનાનું ઇસ્લામી રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. હઝરત મુહમ્મદ ﷺ ના નેતૃત્વમાં તેની સ્થાપના થઈ. એકસો ચોરસ માઈલ વિસ્તારમાં, જે પાંચ હજારની વસ્તી ધરાવતું હતું, મુસલમાનોને સત્યના આમંત્રણ માટે તદ્દન ખુલ્લું ક્ષેત્ર પહેલી વાર પ્રાપ્ત થયું, જ્યાં ઇસ્લામની રાજકીય સત્તા પણ દીનના આમંત્રણના કામમાં મદદગાર હતી. વધુમાં આ વિસ્તારના આસપાસ જઈને કામ કરવા માટે પણ ઇસ્લામી રાજ્યનું અસ્તિત્વ કાર્યકરો માટે પીઠબળ બની ગયું.

૩. વિભિન્ન કબીલાઓ સાથે સંધિઓ

મદીનાને એક રાજ્ય બનાવવા અને ઇસ્લામી શાસનનો પાયો નાખવાની સાથે-સાથે હુઝૂર ﷺ એ આસપાસના કબીલાઓને સાથે લેવાનો વિચાર કર્યો. બે-ત્રણ વાર સહાબાના સમૂહોને આ હેતુસર મોકલવામાં આવ્યા. હિજરતના બાર મહિનામાં, અર્થાત્ સફરના મહિનામાં મદીનાના સત્તાધીશ હઝરત મુહમ્મદ ﷺ એ પોતે 'વદ્દાન' (મદીનાથી મક્કા તરફના રસ્તે એક ગામ છે) તરફ ગયા. અહીં પહોંચીને આપ ﷺ એ કબીલા બની હમઝા (અથવા બની ઝમરા) બિન બકર બિન અબ્દે મનાફથી કરાર કર્યો. કબીલા તરફથી ઉમરૂ બિન ફહશી અલઝમરીએ સહી કરી.(૧)

આ પહેલા મુહાજિરોનું એક પ્રતિનિધિ-મંડળ આ જ તરફના 'ઐસ' સ્થળ સુધી ગયું અને મૈત્રી-સંબંધો માટે સારું વાતાવરણ ઊભું થઈ ગયું.(૨) પછી રબીઉલ અવ્વલ, હિ.૨ (હિજરતના તેરમા મહિને) હુઝૂર ﷺ ફરીથી 'બવાત' (યમ્બૂઅના વિસ્તારમાં જુહૈનાના પહાડોમાંથી એક) તરફ ગયા. અહીંની વસ્તીથી પણ વાતચીત સફળ રહી અને મૈત્રી-સંબંધો સ્થાપિત થઈ ગયા.(૩)

પછી જમાદિલ ઉખરામાં 'ઝૂલ અશીરા' સ્થળે (યમ્બૂઅ વિસ્તાર) ગયા. ત્યાં બનૂ મદ્લજ અને તેના સહયોગી કબીલા બનૂ ઝમરાથી સંધિ-સંબંધો માટે વાતચીત ઘણા દિવસો સુધી ચાલતી રહી. તેમનાથી પણ સંધિ થઈ ગઈ.(૪)

---

૧. સીરત ઇબ્ને હિશામ, ભા-૨, ૨૨૩-૨૨૪; ઝાદુલ મિઆદ, ભા-૧, પૃ. ૩૩૪; રહમતુલ-લિલ-આલમીન ﷺ, ભા-૧, પૃ. ૧૩૮
૨. રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી; ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, પૃ. ૩૫૯.
૩. રહમતુલ-લિલ-આલમીન ﷺ, ભા-૧, પૃ. ૧૩૯; ઝાદુલ મિઆદ, સંદર્ભ ઉપર મુજબ.
૪. સીરત ઈબ્ને હિશામ, ભાગ-૨, પૃ.૧૩૯; રહમતુલ-લિલ-આલમીન ﷺ, ભા-૧, પૃ. ૧૩૯.

આપણા અગાઉના મહાનુભાવોનો એક મત એ છે કે આ સંધિઓથી આ કબીલાઓ અને આ વિસ્તારો વાસ્તવમાં મદીના રાજ્યના અંગ બની ગયા હતા અને સંબંધિત વિસ્તારો મદીના રાજ્યનો એક ભાગ બની ગયા હતા. તેની દલીલ એ છે કે સંધિઓના અમુક અંશો અને કેટલાક સુધારાઓ દસ્તાવેજી કરારથી મળતા છે. પરંતુ જો તદ્દન આરંભિક ગાળા વિશે આનો સ્વીકાર ન પણ કરવામાં આવે, તો તેમાં કોઈ સંદેહ નથી કે પાછળથી જુહૈનાથી મૈત્રી-સંબંધોમાં પ્રગતિ એ ઢબથી ચાલુ રહી કે આ લોકો બીજા આરબ કબીલાઓથી ખૂબ પહેલા ઇસ્લામમાં દાખલ થયા અને ૧૦૦૦ લોકોએ મદીના આવીને હુઝૂર ﷺ ની સેવામાં આવીને સહયોગ આપવાની રજુઆત કરી અને વ્યવહારૂ રૂપે લડાઈઓમાં ભાગ લેતા રહ્યા. આ કબીલાની વિભિન્ન શાખાઓ સાથે ઇસ્લામી રાજ્યના મામલાઓનો જે રેકર્ડ ઉપલબ્ધ છે તે આની પુષ્ટિ કરે છે; જેમ કે બની અલ-જરમઝ (જુહૈનાની પેટા શાખા)ને હુઝૂર ﷺ એ શાંતિ અને સલામતીનો લેખિત પરવાનો આપ્યો. બની શમખ કે શખ (જુહૈનાની પેટા શાખા)ને આખો વિસ્તાર જાગીરમાં સ્થાયી રૂપે સુપ્રત કરી દીધો. એ જ રીતે ઔસજા બિન હરમલા જુહૈનીને તેના રહેઠાણ ઝૂલમર્રા (સમુદ્રકાંઠા તરફ)ના નજીક જાગીરનો પરવાનો આપવામાં આવ્યો. અબૂ બસીર અને તેમના સાથીઓ માટે જ્યારે હુદૈબિયાની સંધિના કારણે મદીના જવાની તક ન રહી, તો તેઓ મક્કાથી હિજરત કરીને આ જ દરિયા-કાંઠાના વિસ્તારમાં આવી ગયા હતા. પૂરેપૂરી સંભાવના છે કે ઔસજા જેવા સરદારોની હિમાયત પણ તેમને મળી હોય અને તેઓ સ્થાનિક લોકોના સહકારથી જ કુરૈશી કાફલાઓને અટકાવતા રહ્યા હોય.[1]

સંબંધો હજુ આગળ વધ્યા. મેળ-મેળાપના કારણે ઇસ્લામના આમંત્રણનું કામ ચાલુ રહ્યું, તો તેનું પરિણામ એ આવ્યું કે કબીલાઓ બધી રીતે ઇસ્લામી આંદોલનના આવાહકો બની ગયા. ઉકબા જુહૈનીનું વૃત્તાંત આપણા સામે છે. હુઝૂર ﷺ ના અંતિમ કાળમાં એક નવો શાંતિ-પરવાનો બની જુરમુઝ, બની અલ-હરકા અને ઉમરૂ બિન મઅ્બદ જુહૈનીના નામે જારી કરવામાં આવ્યો, જેમાં એ શરતો છે, જે મુસ્લિમ કબીલાઓ પર લાગુ થતી હતી, અર્થાત્ નમાઝ અને ઝકાત પર અમલ, ખુમ્સની અદાયગી, ઇસ્લામના વિરોધીઓથી સંબંધ-વિચ્છેદ, લેણાના વ્યાજને છોડી દેવું તેમના માટે અનિવાર્ય કરવામાં આવ્યું હતું.[2] મદીનામાં કબીલા જુહૈના નામની મસ્જિદ પણ નુબૂવ્વત કાળમાં બની ગઈ હતી. આનાથી એ સ્પષ્ટ થાય છે કે મોટી સંખ્યામાં જુહૈની લોકો ઇસ્લામી સમુદાયમાં સામેલ થઈને મદીના આવ્યા હશે.

૧. રસૂલે અકરમ ﷺ કી સિયાસી જિંદગી, ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, લેખ : આમ કબાઈલે અરબ સે તા'લ્લુકાત. ૨. ઉલ્લેખિત.

બનૂ ગિફારની ગણના એ થોડાક કબીલાઓમાં થાય છે, જેમણે મોટી સંખ્યામાં ઘણા સમય પહેલા ઇસ્લામનો સ્વીકાર કર્યો. આ કબીલો પોતાના નમૂનારૂપ નવયુવાન હઝરત અબૂઝર ગિફારી رضي الله عنه ના આમંત્રણથી પ્રભાવિત થયો. બદ્રના યુદ્ધના નજીકના સમયમાં આ કબીલાના લોકોએ હુઝૂર ﷺ થી સંધિ કરી, જેનો આધાર આ વાક્ય પર છે કે إنهم من المسلمين وعليهم ما على المسلمين. અમારા મતે આમ તો આના એક અંશમાં આ કબીલાના બિનમુસ્લિમ તત્ત્વનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમ છતાં વાસ્તવમાં આ કબીલો મદીનાની સામૂહિક વ્યવસ્થાનું અંગ બની ગયો હતો અને કોઈ કારણ નથી કે તેના વિસ્તારને આધીન ન સમજવામાં આવે.

બનૂ ઝમરા, જેની ઘણી શાખાઓમાંથી એક બનૂ ગિફારની શાખા હતી. આનો જ એક પેટા કબીલો બનૂ અબ્દ બિન અદી પણ હતો, જેનું રહેઠાણ હરમની સીમાઓમાં હતું. આ શાખાએ કુરૈશ સાથે લાચારીવશ સુલેહના સંબંધો હોવા છતાં મુસ્લિમ રાજ્યથી મૈત્રી-સંબંધો બાંધ્યા. માત્ર કુરૈશ વિરુદ્ધ લડાઈમાં સામેલ થવામાંથી છુટ મેળવીને બીજી બધી રીતે હુઝૂર ﷺ સાથે મૈત્રી-સંબંધો જોડી લીધા.(૧)

મુઝૈના કબીલો મદીનાથી માત્ર ૩૦ માઈલ દૂર 'ફુરઅ' તરફ ઉત્તર-પૂર્વમાં (અબૂ યૂસુફ અનુસાર) વસેલો હતો. હિ. ૫ માં આ કબીલો ઇસ્લામના વર્તુળમાં સામેલ થયો, પણ તેનાથી મૈત્રી-સંબંધો ચોક્કસપણે તેમના પાડોસી કબીલાઓની સાથે જ શરૂ થઈ ચૂક્યા હતા. આ કબીલાના એક સરદાર બિલાલ બિન હારિસને કબલિય્યા (અથવા કબીલ)ની સોનાની ખાણો હુઝૂર ﷺ એ જાગીરમાં પ્રદાન કરી. આના અનુસંધાનમાં એક તાજેતરના ખોદકામમાં અહીંના કબ્રસ્તાનમાંથી જાગીરના ફરમાનનો શિલાલેખ પણ મળ્યો છે. મક્કા-વિજય પછી આ સરદારને મોટા પ્રમાણમાં ખેતીની જમીન પણ જાગીરમાં આપવામાં આવી. આ બાબતોથી જાણ થાય છે કે મદીનાના સત્તાધીશ હઝરત મુહમ્મદ ﷺ એ સમુદ્ર-કાંઠાના વિસ્તારો પર કેટલું બધું ધ્યાન આપ્યું હતું, કેમ કે રાજકીય ભૂગોળને જોતાં આ લોકો ખાસ ચાવીરૂપ સ્થળો પર કબજો ધરાવતા હતા. તેના સાથે-સાથે જાગીરોના ફરમાનો એ જાહેર કરે છે કે આ વિસ્તાર શરૂઆતમાં જ (આ કબીલાઓના ઇસ્લામ-સ્વીકાર પહેલા) મદીના રાજ્યની ભૂમિ સાથે રાજકીય રીતે જોડાઈ ગયો હતો.(૨)

ગતફાન કબીલાની એક શાખા બનૂ શજઅ હતી. આ પણ વેપારી ધોરીમાર્ગના રસ્તાને અડીને વસેલી હતી. ધોરીમાર્ગની નાકાબંધીથી જ્યારે કુરૈશીઓનો વેપાર અટકી ગયો તો આમના અર્થ-તંત્ર પર માઠી અસર પડી, કેમ કે આ લોકો કાફલાઓની

૧. રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, લે. ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, લેખ : આમ કબાઈલે અરબ સે તા'લ્લુકાત.
૨. ઉપર મુજબ

સેવા કરીને કમાણી કરી લેતા હતા. આર્થિક પડતીથી મજબૂર થઈને તેમનું પ્રતિનિધિ-મંડળ મદીના પહોંચ્યું અને ખંદકના યુદ્ધ પહેલા જ તેમણે ઇસ્લામનો સ્વીકાર કરીને સંધિ કરી લીધી. તેમના તરફથી સંધિ પર સહી નઈમ બિન મસ્ઊદે કરી. નઈમ બિન મસ્ઊદ તો અમુક સાથીઓ સહિત બરાબર ખંદકના યુદ્ધ વખતે જ ઇસ્લામમાં દાખલ થયા હતા. તેથી સંધિ સમયે આખો કબીલો ઇસ્લામમાં દાખલ થયો ન હતો. તેમ છતાં સંધિનો આધાર આ વાક્યથી સ્પષ્ટ થાય છે - حالفة على النصر والنصيحة, અર્થાત્ હિમાયત અને મદદ તેમજ ભલાઈ અને સદ્ભાવના વ્યાપક સંબંધો સ્થાપિત થયા. આ જ કબીલાની એક શાખા બનૂ આમિર બિન ઇકરમાએ કાફલાઓના પડાવનો વેપાર કરવા માટે વિશેષ અધિકારનો પરવાનો હુઝૂર ﷺ થી પ્રાપ્ત કર્યો. આ શાખાના એક સરદારને પણ ખંદકના યુદ્ધથી પહેલા જાગીર આપવામાં આવી.[1]

હવે અમે એ કેટલાક સંધિ-સંબંધોનો ઉલ્લેખ કરીએ છીએ, જે ખંદકના યુદ્ધ પછી સ્થાપિત થયા. ખુઝાઆ કબીલો યમનના કહતાની વંશથી સંબંધ ધરાવતો હતો અને ઘણી શાખાઓ પર આધારિત હતો. આ લોકો મક્કાની આસપાસ ફેલાયેલા હતા. બની મુસ્તલિક ઉપરાંત આ કબીલાની મોટાભાગની શાખાઓ મુસલમાનોથી સારા સંબંધો રાખતી હતી. તેનું એક કારણ એ પણ હતું કે જનાબ અબ્દુલ મુત્તલિબે તેમના સાથે કાયમી સંધિ-સંબંધો રાખ્યા હતા. આ કબીલાએ હુદૈબિયાની સંધિમાં દર્શાવેલ અવસરથી ફાયદો ઉઠાવીને જાહેરમાં કુરૈશને છોડીને મદીનાના ઇસ્લામી રાજ્યથી મૈત્રી-સંબંધો સ્થાપિત કરી લીધા. આ સંબંધને કારણે એક તરફ તો આ કબીલાએ અહઝાબના યુદ્ધ માટે કુરૈશની તૈયારીઓની જાણકારી હુઝૂર ﷺ ને પહોંચાડી અને બીજી તરફ હુઝૂર ﷺ એ પણ મક્કા-વિજય પહેલા તેમને એક પત્રમાં વિશ્વાસ અપાવ્યો હતો કે તેમને કોઈ જોખમ નહીં હોય. વધુમાં, જાણકારી આપી હતી કે બનૂ કુલાબ અને બનૂ હવાઝિને ઇસ્લામનો સ્વીકાર કરી લીધો છે. પરંતુ સમય આવતાં પહેલા આ લોકો બનૂ બકરના અત્યાચારનો ભોગ બન્યા અને તેમની પીડા જ મક્કા-વિજય માટે પ્રેરણા બની.[2]

તબૂકના ઉત્તરીય વિસ્તારમાં જુઝામ, કઝાઆ અને અઝરાના કબીલાઓ વસતા હતા, જેમણે પોતાના વિરોધી વર્તનથી ઘણી મુશ્કેલીઓ ઇસ્લામી રાજ્ય માટે ઊભી કરી હતી. આ લોકોએ મદીનાના દૂતને લૂંટી લીધો હતો. પછી સજા માટે એક લશ્કરી ટુકડી મોકલવામાં આવી. આ અભિયાનમાં કેટલાક નિર્દોષ લોકો પણ ભોગ બન્યા. તેથી આ લોકો મદીનામાં ફરિયાદ લઈને આવ્યા અને તેમનું નુકસાન

૧. રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, લે. ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, લેખ : આમ કબાઈલે અરબ સે તા'લ્લુકાત.
૨. ઉપર મુજબ.

ભરપાઈ કરવામાં આવ્યું. આ રીતે સંબંધોનો માર્ગ પણ મોકળો થયો. હુઝૂર ﷺ ના દસ્તાવેજોમાં એક પત્ર રફાઆ બિન ઝૈદ જુઝામીના નામે મળે છે, જેમાં ખૂબ મોટી ચેતવણી છે. આ સરદારને સંબોધીને તેની આખી કોમને સચેત કરવામાં આવી છે કે કાં તો તે ઇસ્લામના આમંત્રણનો સ્વીકાર કરીને અલ્લાહ અને રસૂલ ﷺ ના સમુદાયમાં સામેલ થઈ જાય, નહિં તો અવગણના કરશો તો બે મહિના માટે અમન અને સલામતીની મહેતલ આપીએ છીએ. જે રીતે પરિસ્થિતિ અનુકૂળતા તરફ આગળ વધી રહી હતી, તે છેવટે જેમાં પરિણમે છે તે એ કે હુઝૂર ﷺ તબૂકથી પાછા આવ્યા ત્યારે (હિ.૯માં) માલિક બિન અહમર જુઝામીએ મદીના આવીને હુઝૂર ﷺ થી મુલાકાત કરી અને પરવાનો મેળવ્યો. આ પરવાનામાં એ શરતો નોંધેલ છે, જે સામાન્ય રીતે માત્ર મુસ્લિમ કબીલાઓ માટે હતી, અર્થાત્ આ લોકોએ ઇસ્લામનો સ્વીકાર કરી લીધો હતો. એ જ રીતે કઝાઆના એક સરદાર બરીદા બિન અલ-ખસીબ કોઈ અભિયાન વખતે હુઝૂર ﷺ ને મદીનાથી બહાર મળ્યો, અને તેણે પોતાની કોમ તરફથી ઇસ્લામ-સ્વીકારનું વચન આપીને પરવાનો મેળવ્યો.[૧]

હિ.૬માં કલ્બ કબીલા તરફથી હુઝૂર ﷺ એ હઝરત અબ્દુલ્લાહ બિન ઔફ رضي الله عنه ને ઇસ્લામના આમંત્રણના કાર્ય માટે મોકલ્યા. પરિણામ ધાર્યા અનુસાર આવ્યું અને સરદારે વફાદારી વ્યક્ત કરી અને સંબંધો મજબૂત બનાવવા પોતાની પુત્રીના નિકાહ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضي الله عنه સાથે કરી દીધા. એ જ પ્રમાણે નબી ﷺ ના ત્યાંથી એક પરવાનો કબીલાઓના નવ-મુસ્લિમ સરદાર હારસા બિન કતનના નામે જારી કરવામાં આવ્યો, જે દૂમતુલ જન્દલની આસપાસના કબીલાઓથી સંબંધિત હતો. સ્વયં અકીદર (દૂમતુલ જન્દલના વાલી)થી સંધિ કરવામાં આવી. નોંધોમાં મતભેદ છે કે તેણે ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો કે ઇસ્લામ કબૂલ કર્યા વગર જિઝ્યા આપવાની શરતે સરદારી પર યથાવત રાખવામાં આવ્યો. જે હોય તે, પાછળથી તે પોતાના ઇસ્લામથી અથવા આજ્ઞાપાલનથી ફરી ગયો અને હઝરત ખાલિદ رضي الله عنه ના હાથે માર્યો ગયો. પાછળથી તેના કિલ્લા અને વેરાન જમીનોને એ જ કલ્બી સરદાર હારસા બિન કતનને હવાલે કરી દેવામાં આવી.[૨]

તાઈફવાસીઓ દ્વાર સામૂહિક ઇસ્લામ-સ્વીકાર પહેલા સર્દ બિન અબ્દુલ્લાહ યમની ઇસ્લામી આંદોલનના આવાહકોમાં સામેલ થઈ ગયા. હુઝૂર ﷺ એ તેમને આ વિસ્તારમાં લશ્કરી કાર્યવાહીઓ માટે કમાન્ડર બનાવ્યા. હુઝૂર ﷺ ના જ હુકમ પ્રમાણે તેમણે જરશના કિલ્લાને ઘેરો ઘાલ્યો, જે સુલેહ-સંધિમાં પરિણમ્યો. સુલેહ

૧. રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, લે. ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી, લેખ : આમ કબાઈલે અરબ સે તા'લ્લુકાત.
૨. ઉપર મુજબ.

પછી અહીંના ગવર્નરપદે અબૂ સુફિયાનને નિયુક્ત કર્યા.[1]

બનૂ અઝદ, જે અમ્માન શહેરમાં રહેતા હતા તેમજ ઉબૈદ અને જાફર નામના બે વ્યક્તિઓ તેમના સરદાર હતા. તેમના તરફ હઝરત અમ્ર બિન આસ رضي الله عنه હુઝૂર ﷺ નો નિમંત્રણ-પત્ર લઈને હિ. ૮માં ગયા. તેમણે ઇસ્લામ કબૂલ કરી લીધો.[2]

અમે એ કબીલાઓનો ઉલ્લેખ હવે પછીના લખાણ માટે છોડી દીધો છે, જેમણે પ્રતિનિધિ-મંડળોના આગમનના ગાળામાં સ્વયં મદીનામાં પ્રતિનિધિ-મંડળો મોકલીને ઇસ્લામનો સ્વીકાર કર્યો, અથવા ઓછામાં ઓછું મદીના રાજ્યનું રાજકીય અનુસરણ સ્વીકારી લીધું.

ઉપરાંત, લશ્કરી કાર્યવાહીઓના પરિણામે જ્યાં પણ કોઈ જૂથે આજ્ઞાપાલન સ્વીકારવાની કે સુલેહની ઇચ્છા કરી, ત્યાં તાત્કાલિક તેના માટે માર્ગ મોકળો કરવામાં આવ્યો. મદીનાની સ્થાયી નીતિ એ હતી કે જે લડનારાઓ સુલેહની ઇચ્છા રાખતા હોય, તેમની શાંતિની ઇચ્છાનો આદર કરવામાં આવે. તેથી વિભિન્ન કબીલાઓએ યુદ્ધ-મેદાનમાં ઉતર્યા પછી કાં તો રાજકીય અનુસરણ સ્વીકારી લીધું અથવા ઇસ્લામ કબૂલ કરી લીધો. આ સંદર્ભમાં એક સ્પષ્ટ ઉદાહરણ ખૈબર અને તેના આસપાસના વિસ્તારના યહૂદીઓનું છે કે પરાજિત થયા પછી જ્યારે તેમણે ત્યાં જ રહેવાની દરખાસ્ત કરી, તો શરતોને આધીન તેમને ત્યાં રહેવા દેવામાં આવ્યા.

આ બધી ઘટનાઓને સામે રાખીએ તો માનવું પડશે કે ઘર્ષણથી બચીને મૈત્રી-સંબંધો બાંધવા મદીના રાજ્યની પ્રવૃત્તિઓનો મહત્ત્વનો ભાગ હતો, અને હુઝૂર ﷺ તથા આપના સાથીઓએ ઘણીખરી કૂચો આ જ કાર્ય માટે કરી અને કેટલાય પ્રવાસો કર્યા. આ પ્રવૃત્તિઓ ઇસ્લામી રાજ્યના શાંતિપ્રિય દૃષ્ટિકોણનો સ્પષ્ટ પુરાવો છે. વધુમાં આ મામલામાં હુઝૂર ﷺ એ એક સૈદ્ધાંતિક અને વૈચારિક રાજ્યના તકાદાઓ સામે હોવા છતાં નીતિમાં ત્યાં સુધી ઉદારતા રાખી કે ઇસ્લામનો સ્વીકાર ન કરનારા કબીલાઓ તરફથી માત્ર રાજકીય સંધિ કરનારનો પણ સ્વીકાર કરી લીધો, અને ઘણા પ્રસંગોએ બિનમુસ્લિમ સરદારો અને સત્તાધીશોને પોતાના તરફથી નિયુક્ત કે બહાલ કર્યા. હેતુ એ હતો કે ઘર્ષણના અવસરો ઓછામાં ઓછા રહી જાય. પછી જે નિર્ણય કરવામાં આવ્યો એ તો ઘણા કડવા અનુભવોના પ્રકાશમાં કરવામાં આવ્યો કે ઓછામાં ઓછું જે ભૂમિ ઇસ્લામી આંદોલનના ઘરની હેસિયત રાખે છે, તેના માહોલને પવિત્ર અને શાંતિપૂર્ણ રાખવા માટે તેને વિરોધી તત્ત્વથી ખાલી કરી લેવામાં આવે, નહિં તો તેમની વિશ્વાસઘાતી પ્રવૃત્તિઓ સમગ્ર કામનો સત્યાનાશ કરી નાખશે.

---

૧. રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, લે. ડો. હમીદુલ્લાહ સિદ્દીકી, લેખ : આમ કબાઈલે અરબ સે તા'લ્લુકાત.
૨. સીરતુન્નબી ﷺ, શિબ્લી નો'માની, ભા-૨, પૃ.૩૩.

ઉપરોક્ત સંબંધોની સમીક્ષા કરીને જોઈએ તો એ હકીકત પણ સામે આવે છે કે જ્યાં પણ ઇસ્લામ પહોંચ્યો, ત્યાંથી મદીનાને રાજકીય તાબેદારી આપોઆપ પ્રાપ્ત થતી અને એ જ પ્રમાણે જ્યાં પણ રાજકીય મિત્રનો સંબંધ સ્થાપિત થઈ ગયો, ત્યાં પણ થોડીક જ મુદ્દતમાં ઇસ્લામનો ધ્વજ લહેરાવવા લાગ્યો. આનું કારણ દેખીતું છે કે કબીલાઓનો જ્યારે મદીનાથી મેળ-મેળાપ વધતો હશે, તો તેઓ ઇસ્લામી વિચારધારાની વિશિષ્ટતાઓને નરી આંખે જોઈને પ્રભાવિત થઈ જતા હશે. વધુમાં, તેમના અંદર આંદોલનના કાર્યકરોને ઇસ્લામના આમંત્રણનું કામ કરવા માટે શાંતિપૂર્ણ વાતાવરણ મળી જતું હશે. ધર્મ અને રાજનીતિની આ જ એકતા અને મેળ હતો કે જેણે દસ-બાર લાખ ચોરસ માઈલ વિસ્તારને થોડાક વર્ષમાં જ ઇસ્લામના રંગમાં રંગી નાખ્યો.

૪. સુલેહ હુદૈબિયા

હુઝૂર ﷺ ના ઇસ્લામી આંદોલનના ઇતિહાસમાં હુદૈબિયાની સંધિ એક એવી ઘટના છે, જેના પરિણામે પરિસ્થિતિના પ્રવાહે એક સૌથી મહત્ત્વનો વળાંક લીધો અને સત્યનું આંદોલન એક જ છલાંગમાં પોતાના પ્રસારના સાર્વજનિક કાળમાં દાખલ થઈ ગયું. માનવતાના ઉપકારક ﷺ ની રાજકીય દૂરંદેશીની ઊંચાઈની પરિપૂર્ણતા એ ઘટનાંથી ફલિત થાય છે કે પ્રથમ કક્ષાની દુશ્મન અને યુદ્ધરત શક્તિને હુઝૂર ﷺ એ કેટલી સરળતાથી સુલેહ માટે તૈયાર કરી લીધી, અને તેના હાથ કેટલાય વર્ષો સુધી બાંધી દીધા.[૧]

વિશ્વાસઘાત અને વિદ્રોહના ગુનાસર યહૂદીઓએ જ્યારે ખૈબર, તીમા અને વાદી અલ-કુરામાં જઈને અડ્ડો જમાવ્યો, તો મદીના એક સાથે બે મોરચાની વચ્ચે ઘેરાઈ ગયું. કુરૈશ અને યહૂદીઓની એકતાએ વિશાળ સેનાઓ એકઠી કરીને મદીનાની સામે લાવીને મૂકી દીધી. અહઝાબના યુદ્ધમાંથી હેમખેમ બહાર નીકળ્યા પછી હુઝૂર ﷺ ની સામે જટિલ પ્રશ્ન આવી ગયો કે કેવી રીતે બમણા મોરચાને તોડવામાં આવે. વર્તમાન હાલતમાં મક્કા તરફ પગલું ભરે તો ખૈબરના યહૂદીઓ અને બનૂ ગતફાન મદીના પર ચઢાઈ કરી શકતા હતા અને જો ખૈબર તરફ ધ્યાન આપે તો કુરૈશ હુમલો કરી શકતા હતા. એ પણ નબી અકરમ ﷺ ની દૂરદર્શિતાનું કેટલું સાચું અનુમાન હતું કે આ બંનેમાંથી ખૈબરનો મોરચો એવો હતો, જેને એક હુમલામાં તોડી શકાય

૧. આ વિષયની સામગ્રી એકઠી કરવા માટે આ પુસ્તકોથી લાભ ઉઠાવવામાં આવ્યો – (૧) સીરત ઇબ્ને હિશામ, ભા-૩, પૃ.૩૫૫-૩૭૫; અસહુસ્સિયર, પૃ. ૨૨૭-૩૧૦; સીરતુન્નબી ﷺ, શિબ્લી નો'માની, ભા-૧, પૃ. ૪૧૧-૪૨૪, રસૂલે અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, ડૉ. હમીદુલ્લાહ સિદીકી, ૧૧૫-૧૨૯, અલ-મવાહિબુદ્-દુનિયા, ભા-૧, પૃ. ૧૨૫-૧૩૨, તફસીર ઇબ્ને કસીર, (સૂરઃ ફત્હ અને સૂરઃ મુમ્તહિના)

એમ હતો, અને તેના સાથે-સાથે બંનેમાંથી મક્કાના કુરૈશને સરળતાથી સુલેહ માટે તૈયાર કરી શકાય એમ હતા. વાસ્તવમાં કુરૈશની શક્તિ અંદરથી કમજોર થઈ ગઈ હતી. જો કે તેઓ જાહેરમાં નિરંતર ધમાલ કરી રહ્યા હતા, પણ હવે પ્રતિકાર શક્તિ કંઈ વધારે રહી નહોતી. ઉપરાંત, મક્કા અને તેના આસપાસ હુઝૂર ﷺ ના સહયોગી જૂથો મોજૂદ હતા, જેમને આપ ﷺ ના કેટલાક પગલાઓએ વધારે મજબૂત કરી દીધા હતા. હુઝૂર ﷺ એ દુષ્કાળના દિવસોમાં મક્કાને અનાજ અને રોકડથી મદદ કરીને ત્યાંના ગરીબો અને સામાન્ય લોકોના હૃદયોમાં જગ્યા બનાવી લીધી હતી. તેથી અબૂ સુફિયાને કહ્યું પણ હતું કે હવે મુહમ્મદ (ﷺ) અમારા લોકોને આ રીતે ફોસલાવવા માગે છે. પછી હુઝૂર ﷺ એ એક પગલું એ પણ ભર્યું કે મક્કાના સર્વોચ્ચ સરદાર અબૂ સુફિયાનની સુપુત્રી હઝરત ઉમ્મે હબીબા رضي الله عنها ની સાથે દાંપત્ય સંબંધ જોડ્યો. આ નિકાહ ખૂબ મહત્ત્વનું રાજકીય પરિણામ લાવનાર હતું. આમ, હવે કોઈપણ રીતે એક નવા પગલ.ની જરૂર હતી, જેના પર હુઝૂર ﷺ સતત કોશિશ કરતા રહ્યા.

આ બાજુ એક મોટો પ્રશ્ન એ પણ હતો કે મુસલમાનોને મક્કાથી વિખૂટા પડે છ વર્ષ થવા આવ્યા હતા. મામલો કેવળ વતનથી પ્રેમનો જ નહોતો, બલ્કે કાબા હઝરત ઇબ્રાહીમ عليه السلام ના સંદેશ અને આમંત્રણનું કેન્દ્ર હતું અને આ જ ઇબ્રાહીમી આમંત્રણને પુનર્જીવિત હાલ મુસ્લિમ સમુદાયે કર્યું હતું. આ સમુદાય માટે સંભવ ન હતું કે તેઓ હંમેશ માટે પોતાને આસ્થાના કેન્દ્રથી કપાયેલા રાખી શકે. કુરૈશ હજુ સુધી રસ્તો આપવા તૈયાર ન હતા અને દેખીતી રીતે સંઘર્ષનો અંતિમ નિર્ણય કરવા માટે લાંબી મુદ્દત દરકાર હતી. આ પાસાથી વ્યાકુળતા અને બેચેની ધીમે-ધીમે વધી રહી હતી. આવશ્યકતા હતી કે ઇસ્લામી સમુદાય તરફથી હરમ પર પોતાનો અધિકાર દર્શાવવામાં આવે.

આ જ ગાળામાં હુઝૂર ﷺ ને એક સાચા સ્વપ્નમાં હજ્જ કરવાનો સંકેત થયો. બસ, આ સંકેત મળતાં જ આપ ﷺ ની અનુપમ દૂરદર્શિતાએ સૌથી ઉત્તમ કાર્ય-પદ્ધતિ સૌથી ઉત્તમ સમયમાં અપનાવી અને સૌથી ઉત્તમ રીતે તેને અમલમાં મૂકી. આપ ﷺ એ એમ મોટા સમૂહને સાથે લઈ, હજ્જના હરામ મહિનાઓમાં ઉમરા કરવાનો ઇરાદો કર્યો. ૧૪૦૦ વ્યક્તિઓ, જેઓ પોતાની મરજીથી તૈયાર થયા, તેમને સાથે લીધા. હઝરત નુમૈલા બિન અબ્દુલ્લાહ લૈશીને મદીનામાં નાયબ બનાવીને મુસલમાનોની મોટી સંખ્યાને સુરક્ષાના હેતુસર ત્યાં જ રહેવા દીધી. કુરબાનીના સિત્તેર ઊંટ સાથે લીધા. હથિયારો લેવામાં ન આવ્યા. રવાનગી ખૂબ ચુપચાપ રીતે

થઈ. ઝૂલહલીફા મુકામે પહોંચીને કુરબાનીઓના પશુઓ પર નિશાન લગાવી દેવામાં આવ્યા.

આ પ્રવાસ એક તરફ ધાર્મિક પણ હતો અને બીજી તરફ આમાં ખૂબ મોટું રાજકીય પાસું પણ આપોઆપ સામેલ હતું. ધર્મ અને રાજકારણની આ એકતા તો આપણને હુઝૂર ﷺ ના જીવન-ચરિત્રમાંથી જ મળે છે. પછી હજ્જના સફરમાં દુન્યવી કારોબાર કે રાજકીય પ્રવૃત્તિનું સામેલ કરવું શરીઅત અનુસાર તદ્દન છૂટ છે. આમ, આ પ્રવાસ કુરૈશ માટે એક મોટો પડકાર બની ગયો. જો તેઓ હરમના આ દર્શનાર્થીઓને ન અટકાવે તો મક્કા જાણે હંમેશા માટે મુસલમાનો માટે ખુલી જતું હતું. વધુમાં, હુઝૂર ﷺ અને તેમના સાથીઓના હરમમાં આવવાથી ઘણી ઊંડી અસરો શહેરવાસીઓ પર પડી શકતી હતી, કેમ કે ઇસ્લામી ક્રાંતિના આ આવાહકોના આગમનથી ઇસ્લામના આમંત્રણના પાછલા ઇતિહાસની એ તમામ છબીઓ પુનર્જીવિત થઈ જતી, જે કણ-કણમાં ત્યાં અંકિત હતી. ઉપરાંત, લોકોમાં એ ચર્ચા પણ ફેલાઈ જતી કે બસ, હવે કુરૈશમાંથી હવા નીકળી ગઈ. આમ, સુહૈલ બિન ઉમરૂ (સુલેહની વાતચીતમાં મક્કાનો પ્રતિનિધિ)એ કહી પણ દીધું હતું કે જો અમે તમને લોકોને હરમમાં દાખલ પણ થવા દઈએ તો આખું અરબ એમ કહેશે કે અમે તમારા આમંત્રણથી ડરીને રસ્તો ખોલી દીધો.

હુઝૂર ﷺ ને રસ્તામાં જ પરિસ્થિતિની જાણ થઈ ગઈ હતી. એક ખુઝાઈ સંદેશવાહક બશીર બિન સુફિયાને અસ્ફાન મુકામે આવીને માહિતી આપી કે કુરૈશ રોકવાની તૈયારી કરી રહ્યા છે અને તેમણે નિર્ણય કર્યો છે કે મુહમ્મદ (ﷺ)ને મક્કામાં કદાપિ દાખલ થવા દેવામાં નહીં આવે. આપ ﷺ ને અટકાવવા માટે ખાલિદ સવારોની ટુકડી લઈને 'કુર્રાઉલ-ગમીમ' સુધી આવી ચૂક્યો છે. હુઝૂર ﷺ એ આના પર ફરમાવ્યું, ''આ કુરૈશનું દુર્ભાગ્ય છે ! લડાઈઓએ તેમને તબાહ કરી નાખ્યા છે. તેમને શું વાંધો છે જો તેઓ વચ્ચેથી હટી જાય અને મને આખા આરબ સાથે નિપટવા દે. જો તેઓ મને સમાપ્ત કરી દે તો તેમની ઇચ્છા પૂરી થઈ જશે, જો મને વર્ચસ્વ પ્રાપ્ત થઈ જાય તો તેઓ ઇચ્છે તો પોતાની મોટી સંખ્યાની સાથે ઇસ્લામમાં દાખલ થઈ જાય, નહિં તો તેઓ શક્તિ રાખે છે અને તે વખતે લડી લે. આવું ન થયું તો પછી અલ્લાહના સોગંદ ! હું એ સત્યને લઈને, જેના સાથે અલ્લાહે મને ઉઠાવ્યો છે, છેલ્લા શ્વાસ સુધી લડીશ — ત્યાં સુધી કે કાં તો અલ્લાહ આ સત્યને વર્ચસ્વ અપાવી દે, અથવા મારી ગરદન કપાઈ જાય.'' જાણે આપ ﷺ એ સુલેહના માર્ગ તરફ ઇશારો પણ કરી દીધો, ચેતવણી પણ આપી દીધી અને કુરૈશની નબળી સ્થિતિ તરફ ધ્યાન પણ દોરી દીધું !

પરંતુ બીજી બાજુ દર્શનાર્થીઓના કાફલાને રોકવામાં પણ કુરૈશની સ્થિતિ ખૂબ જ ખરાબ થતી હતી. સામાન્ય લોકોમાં એવી વાત ફેલાતી કે આ લોકોએ એક ધાર્મિક અધિકારમાં અડચણ નાખી. લડવામાં પહેલ કરે છે તો એ આરોપ માથે આવતો કે હરામ મહિનાઓની પ્રતિષ્ઠા તોડી નાખી. હુઝૂર ﷺ તરફથી પહેલાથી જ હરમની હુરમત (પ્રતિષ્ઠા)નો આદર કરવાની અને માત્ર ઉમરા માટે બિનલશ્કરી પ્રવાસ કરવાની વાતની ચર્ચા ખૂબ થઈ રહી હતી. પછી યુદ્ધના શસ્ત્રો સાથે ન હતા અને કુરબાનીના ચિહ્નિત પશુઓનું રેવડ પ્રવાસના સ્વરૂપની સાક્ષી આપી રહ્યું હતું. જાણે કુરૈશ મોટી મુંઝવણમાં મૂકાઈ ગયા હતા અને આ ગંભીર સમયમાં તેમનો સર્વોચ્ચ નેતા અબૂ સુફિયાન સફરમાં હતો. એ વાત હુઝૂર ﷺ ની દીર્ઘદષ્ટિ જાણતી હતી કે બધી અકડાઈ છતાં અત્યારે કુરૈશ માટે સુલેહ સિવાય કોઈ બીજો ઉપાય નથી — અને આ જ અનુમાનોની સચ્ચાઈ પરિસ્થિતિનો રૂખ બદલે છે અને આનાથી જ કોઈ કાર્ય-પ્રભારીની દૂરંદેશી અને કુનેહની શ્રેષ્ઠતા સામે આવે છે.

કુરૈશે જૂના હઠાગ્રહના નશામાં જલ્દી-જલ્દી સહયોગી કબીલાઓ, વિશેષરૂપે અહાબીશની સેનાઓ 'બલદહ' મુકામે એકઠી કરી લીધી.

તરત જ રાજદ્વારી પ્રવૃત્તિઓનો આરંભ થઈ ગયો. સૌપ્રથમ ખુઝાઆ કબીલાના સરદાર બુદૈલ બિન વરકા (જેઓ ઇસ્લામની હિમાયતની ભાવના ધરાવતા હતા) અમુક મુખ્ય સાથીઓ સહિત હુઝૂર ﷺ ને આવીને મળ્યા — હુઝૂર ﷺ એ બતાવ્યું કે અમે માત્ર હરમની ઝ્યારત (દર્શન) માટે આવ્યા છીએ અને તેનો આદર અમારી નજરમાં છે, લડાઈનો આશય નથી. કુરૈશ લડાઈના ખૂબ શોખીન છે, જો કે આમાં સરાસર તેમનું નુકસાન છે. કેમ એવું ન થાય કે કુરૈશ અમુક વર્ષ માટે સુલેહ કરી લે. આ રીતે આપ ﷺ એ મૂળ હેતુનું બીજ શરૂઆતમાં જ નાખી દીધું. તેમણે કુરૈશ પાસે જઈને વાતચીત કરી કે જુઓ, ઉતાવળ ન કરો. મુહમ્મદ (ﷺ) લડાઈ માટે નહીં, બલ્કે ઝ્યારત માટે આવ્યા છે. પરંતુ માથાફરેલ નવયુવાનો તો કોઈપણ વાત સાંભળવા જ તૈયાર નહોતા. અલબત્ત, વડીલ લોકોએ આખી વાત સાંભળી, પછી મક્કાથી અહાબીશના સરદાર હુલૈસ બિન અલ્કમાને મોકલવામાં આવ્યા. તેણે જ્યારે કુરબાનીના પશુઓનું રેવડ ખીણમાં ફરતું જોયું, તો પ્રભાવિત થયો. તેણે કુરૈશની સામે જઈને સાફ-સાફ કહી દીધું કે આ દર્શનાર્થીઓને રોકવા બરાબર નથી અને અમે આ હેતુથી નથી આવ્યા. આ સરદારને મનાવવા માટે એમ કહી દેવામાં આવ્યું કે જરા અમને અમારી શરતો તો મનાવી લેવા દો. પછી કુરૈશે ઉરવા બિન મસ્ઊદ સકફીને પ્રતિનિધિ બનાવીને મોકલ્યો. ઉરવાએ કહ્યું, ''હે મુહમ્મદ (ﷺ)! જો તમે તમારી જ કોમને તબાહ કરી દીધી તો આ કંઈ સારી સિદ્ધિ નહીં હોય ! આ

ધાડપાડુ જેવા લોકોને તમે ભેગા કરી લીધા છે, તેઓ થોડાક દિવસમાં છંટાઈ જશે, તો તમે એકલા રહી જશો.'' આ વાત સાંભળીને હઝરત સિદ્દીકે અકબર ﷺ રાતાપીળા થઈ ગયા અને જરા કઠોર શબ્દોમાં ઉરવાને ઠપકો આપ્યો. ઉરવા આરબો જેવી હળવી શૈલીમાં વાત કરતાં પોતાનો હાથ હુઝૂર ﷺ ની દાઢી તરફ આગળ વધારતો, તો દરેક વખતે હઝરત મુગીરા બિન શુઅ્બા ﷺ તલવારની અણીથી તેનો હાથ હટાવી દેતા. હુઝૂર ﷺ એ ઉરવાની સામે પણ પોતાની વાત મૂકી દીધી. આ વ્યક્તિએ જે વાતાવરણ જોયું તેનાથી દિલમાં ખૂબ જ અસર લઈને તે પાછો ફર્યો અને જઈને બતાવ્યું કે પ્રેમ અને આજ્ઞાપાલનનું જે દૃશ્ય ત્યાં મારી આંખોએ જોયું છે તે તો મોટા-મોટા બાદશાહોના દરબારમાં પણ જોવા મળતું નથી. મુહમ્મદ (ﷺ) ના સાથીઓ તો તેના પર દિલોજાન ન્યોછાવર કરે છે અને એક-એક ઇશારા પર કપાઈ મરવા તૈયાર છે. તેના સામે કોઈ વ્યક્તિ ઊંચા અવાજે બોલવા સુદ્ધાંની હિંમત નથી કરતો. ઉરવાના આ અભિપ્રાયથી એ વાત સમજી શકાય છે કે ઇસ્લામી આંદોલનની શક્તિનું એક રહસ્ય એ છે કે સમુદાય પોતાના નેતૃત્વથી કેટલી હદે ઊંડો પ્રેમ અને લગાવ રાખે છે અને કેવી સમર્પણની ભાવનાથી આજ્ઞાપાલન કરે છે. પ્રેમ અને આજ્ઞાપાલન ભેગા થઈ જવાથી અજેય શક્તિ પેદા થાય છે અને સમુદાયમાં આવું વાતાવરણ હોય તો તે વિરોધીઓને પ્રભાવિત અને નબળા કરી નાખે છે. અહીં માત્ર કોઈ લોકતાંત્રિક મંડળ જેવો મામલો નથી થતો કે સૌ એક-બીજાને વેતરી નાખવામાં લાગેલા છે, ન પ્રમુખને સભ્યોથી કોઈ હાર્દિક સંબંધ, ન સભ્યોને પ્રમુખથી કોઈ નિઃસ્વાર્થ સંબંધ – બસ, બંધારણ અને નીતિ-નિયમોનું બાહ્ય અનુસરણ કરી દેવામાં આવે છે. કેટલું મલિન અને ગંદુ વાતાવરણ હોય છે આ સંગઠનો અને સંસ્થાઓનું, જે પોતાના નેતૃત્વ પર ઝેરયુક્ત ટીકાઓ કરે છે, નિંદા અને ગુપ્ત બેઠકોના મોરચા ખુલ્લા રાખે છે અને જાત-જાતના કાવતરાઓ ઘડવામાં આવતા રહે છે. ઇસ્લામી સામૂહિક વ્યવસ્થાનું વાતાવરણ શુભાશય, વફાદારી, નિષ્ઠા અને નિખાલસતા, પ્રેમ અને સમર્પણની ભાવના સાથેના આજ્ઞાપાલન પર આધારિત હોય છે. આમાં દરેક સભ્યના વ્યક્તિત્વનું મહત્ત્વ હોય છે અને નેતાનું વ્યક્તિત્વ તો સૌના માટે પ્રેમનું કેન્દ્ર હોય છે. તેના વગર ન رحماء بينهم (પરસ્પર દયાળુ)ની ભાવના હોય છે અને ન સત્યના આવાહકો بنيان مرصوص (સીસુ પાયેલ દીવાલ) બની શકે છે. મુસ્લિમ સમુદાયનું આ જ વાતાવરણ પોતાની પરિપૂર્ણતાની સાથે હુદૈબિયાના મેદાનમાં જોવા મળી રહ્યું હતું, જેણે ઉરવાના હૃદયને અભિભૂત કરી દીધું અને તેણે જઈને એ જ પ્રભાવનું પ્રતિબિંબ મક્કાના મોટા માણસો પર પાડ્યું.

વાતચીતના આ જ ક્રમને આગળ વધારવા માટે હુઝૂર ﷺ એ ખર્રાશ બિન

ઉમય્યાને કુરૈશ તરફ મોકલ્યા. મક્કામાં કોઈ એકની વાત માનવાનું વાતાવરણ તો હતું નહીં અને બધું વેરવિખેર હતું. કેટલાક લોકોએ હુઝૂર ﷺ ના એ ઊંટને મારી નાખ્યું, જેના પર બેસીને ખર્રાશ શહેરમાં ગયા હતા. તેમના પોતાના પ્રાણ પણ મુશ્કેલીથી બચ્યા અને તેઓ પાછા આવી ગયા. પછી હઝરત ઉસ્માન ؓ ને મોકલવામાં આવ્યા. આ બાજુ માથાફરેલ તત્ત્વોની એક ટુકડી દેખરેખ માટે નીકળી હતી. એ લોકોએ મુસલમાનો સાથે અડપલું કર્યું તેમજ તીર અને પથ્થરો ફેંક્યા. એ લોકોને પકડી લેવામાં આવ્યા, પણ હુઝૂર ﷺ એ શુભ હેતુને નજર સમક્ષ રાખીને તેમને છોડી મૂક્યા, અર્થાત્ કુરૈશના યુદ્ધ-પ્રિય તત્ત્વો નિરંતર એ કોશિશ કરી રહ્યા હતા કે કોઈપણ રીતે લડાઈની ભાવનાઓની ભઠ્ઠી સળગી ઉઠે. પરંતુ અલ્લાહે સુંદર રીતે كفّ ايديهم عنكم و كف ايديكم عنهم નું વાતાવરણ બનાવી રાખ્યું. હઝરત ઉસ્માન ؓ ને કુરૈશે રોકી લીધા અને તેમને પાછા આવવામાં વિલંબ થઈ ગયો. – અપ્રિય ઘટનાઓને લઈને વાતાવરણ એવું હતું કે જેમાં એ અફવા ફેલાઈ ગઈ કે હઝરત ઉસ્માન ؓ ને શહીદ કરી નાખવામાં આવ્યા છે. હુઝૂર ﷺ એ તાત્કાલિક સમુદાયના લોકોને એકઠા કર્યા અને લડવા-મરવાના શપથ લીધા. ફરમાવ્યું કે, ''આપણે આ લોકો સાથે લડ્યા વગર પાછા નહીં ફરીએ.'' હઝરત ઉસ્માન ؓ ના પ્રાણ આ પળે અત્યંત કીમતી થઈ ગયા હતા, કેમ કે હુઝૂર ﷺ ના કહેવા પ્રમાણે હકીકત એ હતી કે, ''ઉસ્માન અલ્લાહ અને તેના રસૂલ ﷺ એ સુપ્રત કરેલ સેવા માટે ગયા હતા.'' પોતાના એક હાથને ઉસ્માન ؓ નો હાથ ઠેરવ્યો અને તેના પર બીજો હાથ પોતાના તરફથી મૂકીને કહ્યું કે પ્રતિજ્ઞા લો ! આપ ﷺ ના સાથીઓ પહેલાથી જ સંવેદનશીલ હતા, નિખાલસતાની સાથે દોડી-દોડીને પ્રતિજ્ઞા લેવા લાગ્યા. આ સાંયોગિક પળ ઈમાનમાં વૃદ્ધિ કરનાર અને ચરિત્ર-નિર્માણની પળ હતી અને તે સમયે સમુદાયે પોતાને એટલા ઉન્નત કરી લીધા કે હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''આજના દિવસે તમે લોકો સમગ્ર ધરતીવાસીઓથી વધારે શ્રેષ્ઠ છો.'' આ પળના લીધે તેમને અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત થઈ. કેવળ એક મુનાફિક (જિદ્દ બિન કૈસ) હતો, જે આ પળના સૌભાગ્યથી વંચિત રહ્યો. સત્યના ધ્વજવાહકોના માર્ગમાં આવી અસંખ્ય પળો આવે છે અને નિષ્ઠાવાન આત્માઓ આ પળોથી સિંચિત થાય છે. લોહીનું એક ટીપું વહાવ્યા વગર ચૌદસો મુસલમાનોને મરવાનું ઇનામ મળી ગયું. કુરૈશને જ્યારે આ પરિસ્થિતિની જાણ થઈ તો તેમણે તરત જ હઝરત ઉસ્માન ؓ ને પાછા રવાના કરી દીધા, કેમ કે વાસ્તવમાં લડવાથી તેઓ પણ બચવા ઇચ્છતા હતા.

પછી મક્કાથી મિકરઝ બિન હફ્સ આવ્યો. વ્યક્તિને પામી લેવાની રસૂલુલ્લાહ ﷺ ની યોગ્યતા જુઓ કે દૂરથી જ નજર પડી તો પોકારી ઉઠ્યા, ''આ એક કપટી

અને ચાલાક માણસ છે." તાત્પર્ય એ હતું કે આના દ્વારા મામલો કદાપિ સારી રીતે નક્કી નહીં થઈ શકે.

છેવટે કુરૈશે સુહૈલ બિન ઉમરૂને મોકલ્યો. સત્ય-વ્યવસ્થાના આવાહકની સત્યને પામી લેવાની નજરે જોતાં જ અનુમાન કરી લીધું કે કુરૈશે આ માણસને મોકલ્યો છે, તો પછી તેઓ સુલેહ માટે તૈયાર થઈ ગયા છે. શરતો પર જરૂરી વાતચીત થઈ અને સંધિ લખવા માટે હઝરત અલી رضي الله عنه લહિયા હતા.

સંધિ એવી સંવેદનશીલ પરિસ્થિતિમાં લખવામાં આવી રહી હતી કે વાત-વાતમાં તંગદિલી ઊભી થઈ જતી. હુઝૂર ﷺ એ આરંભમાં بسم الله الرحمن الرحيم લખવાનો આદેશ આપ્યો. સુહૈલે કહ્યું કે અમે નથી જાણતા કે આ રહમાન અને રહીમ શું હોય છે. અમારા પ્રચલન અનુસાર باسمك اللهم લખવામાં આવે. હુઝૂર ﷺ એ આ માંગણી પણ સ્વીકારી લીધી. પછી ફરમાવ્યું, લખો ! નીચેની સંધિ મુહમ્મદ રસૂલુલ્લાહ અને સુહૈલ બિન ઉમરૂ વચ્ચે નક્કી થઈ. સુહૈલે કહ્યું કે જો હું એ માનતો કે તમે ખુદાંના રસૂલ છો, તો તમારા વિરુદ્ધ લડતો જ શા માટે ? બસ, પોતાનું અને પોતાના પિતાનું નામ લખાવો. હઝરત અલી رضي الله عنه 'મુહમ્મદ રસૂલુલ્લાહ'ના શબ્દો લખી ચૂક્યા હતા અને આદરને લઈને પોતાના હાથથી 'રસૂલુલ્લાહ'ના શબ્દોને ચેકી નાખવાનું એમને સારું ન લાગ્યું. હુઝૂર ﷺ એ લખાણ લઈને પોતે એ શબ્દો કાઢી નાખ્યા અને તેના સ્થાને 'મુહમ્મદ બિન અબ્દુલ્લાહ' લખવામાં આવ્યું.

સુહૈલના આ અતિરેકોને નબીએ પાક ﷺ ના સાથીઓ જોઈ-જોઈને ઊંચા-નીચા થઈ રહ્યા હતા, પણ પયગંબરના આદરના કારણે ચુપચાપ હતા. હવે નીચે મુજબ શરતો લખવામાં આવી :

— પક્ષકારો દસ વર્ષ સુધી યુદ્ધ-બંધી અને સુલેહ રાખશે.

— મુસલમાનો આ વર્ષે પાછા જતા રહેશે અને આવતા વર્ષે કાબાની ઝ્યારત માટે આવશે અને માત્ર મ્યાનમાં રાખેલી તલવારોની સાથે ત્રણ દિવસ હરમમાં પસાર કરશે.

— આરબ કબીલાઓને સ્વતંત્રતા હશે કે તેઓ સંધિના પક્ષકારોમાંથી જેના સાથે ઇચ્છે મૈત્રી-સંબંધો સ્થાપિત કરે.

— કુરૈશના વેપારી કાફલાઓ મદીનાની સરહદેથી પસાર થાય તો તેમને સુરક્ષા પ્રાપ્ત હશે.

— કુરૈશનો કોઈ માણસ પરવાનગી વગર મદીના આવી જાય તો તેને પાછો મોકલી દેવામાં આવશે અને જો કોઈ મુસલમાન મક્કામાં આવી જાય, તો તેને પાછો મોકલવામાં નહીં આવે.

આ છેલ્લી શરતે લાગણીઓને હચમચાવી દીધી. સમગ્ર મનોદશાને સામે લાવવામાં આવે તો અનુમાન કરી શકાય છે કે સમુદાયમાં આવી લાગણીઓ ઊભી થવી સ્વાભાવિક હતું. પ્રથમ તો મૂળથી આ પરિસ્થિતિ કંઈ ઓછી વિચિત્ર ન હતી કે એ કુરૈશ, જેમણે લોકોને ઘરોમાંથી કાઢયા, જેમણે ઇસ્લામના આવાહકો પર યુદ્ધ થોપી દીધું, જેઓ આજે પણ તેમને હરમમાં જવાથી રોકી રહ્યા હતા અને કુરબાનીના પશુઓને પાછા મોકલી રહ્યા હતા, આવા જાલિમ અને યુદ્ધરત મુશ્‌રિકોની સાથે એકાએક સુલેહનો માર્ગ કાઢવો સમુદાય માટે ખૂબ કષ્ટદાયક ઘટના હતી. તેમના સામે એક જ નિયમ بدابيننا وبينكم العداوة والبغضاء ابدا حتى تومنوا بالله وحده★ હતો. તેઓ તો એક જ મોટા સિદ્ધાંતને જાણતા હતા કે وقاتلوهم حتى لا تكون فتنة ويكون الدين كله لله★★ ! તેમના સામે સીધી-સાદી ફોર્મ્યુલા એ જ હતી કે کلمة الله ને સર્વોચ્ચ રહેવું જોઈએ અને કાફિરોના કલ્માનું શિશ ઝુકેલું હોવું જોઈએ. કુફ્ર અને અસત્યની વચ્ચે સમાધાનનો અવકાશ તેમના મનમાં ન હતો. હકીકત એ છે કે સિદ્ધાંતોને જો માત્ર વૈચારિક અને દાર્શનિક રીતે લેવામાં આવે તો વાત બીજી હોય છે, પરંતુ જયારે તેમને ઘટનાઓના વ્યવહારૂ મેદાનમાં લઈને મોરચો માંડવામાં આવે, તો પછી સમય અને હિતો તથા હરીફ અને હિમાયતી શક્તિઓની પરિસ્થિતિને સામે રાખીને જુદા-જુદા પગલાઓ ભરવા પડે છે. એ સંભવ નથી હોતું કે તમે બસ, આંખો બંધ કરીને સીધે-સીધા એક જ ગતિએ આગળ વધતા જાઓ. ક્યાંક અટકવું પડે છે, ક્યાંક બે ડગલા ફરવું પડતું હોય છે અને ક્યાંક નવો રસ્તો કાઢવા માટે બે ડગલા પાછળ હટવું પડે છે. અલગ-અલગ દુશ્મનોને પરાજિત કરવાના હેતુસર ક્યારેક તેમાંથી કોઈ એકની સાથે હંગામી સુલેહ અનિવાર્ય થઈ જાય છે. ઇતિહાસની આ વ્યાપક વ્યવહારૂ સચ્ચાઈઓ હુઝૂર ﷺ ની નજર સામે તો હતી જ, પરંતુ સમુદાયની નજરો આપ ﷺ ની નજરની જેમ દૂરનું જોઈ શકતી ન હતી. પછી જયારે આ સમુદાયની સામે بسم الله الرحمن الرحيم અને رسول الله ના શબ્દોને રદ કરી નાખવામાં આવ્યા, તો ભાવનાઓમાં ખૂબ ઉતાર-ચઢાવ પેદા થઈ ગયો. તેનાથી પણ વધીને જયારે અસમાન અને અન્યાયી શરતો સામે આવી, તો ધૈર્ય અને સહનશીલતાને બહાલ રાખવું મુશ્કેલ બની ગયું. હુઝૂર ﷺ આ સંધિ દ્વારા મોટી-મોટી સમસ્યાઓને હલ કરવાનો માર્ગ કાઢી રહ્યા હતા. તેના પર જયાં કુરૈશની નજર ન હતી, ત્યાં મુસ્લિમ સમુદાય પણ તેને પૂરેપૂરી રીતે સમજી શકતો ન હતો. ક્યારેક મોટા-મોટા આંદોલનોના કાર્યોની વચ્ચે એવી સંવેદન-શીલ પળો પણ આવી જાય છે, જયારે કે નેતા અને તેના સમુદાય વચ્ચે ભવિષ્યના

★ "અમારા અને તમારા વચ્ચે હંમેશ માટે અદાવત અને દુશ્મની થઈ ગઈ, જ્યાં સુધી તમે ઈમાન નથી લાવતા." (સૂરઃ મુમ્તહિના, ૪૯)
★★ "તમે તેમના સાથે લડતા રહો, ત્યાં સુધી કે ફિત્નો નાબૂદ થઈ જાય અને દીન અલ્લાહ માટે થઈ જાય." (સૂરઃ બકરહ, ૧૯૩)

મામલાઓની સમજની દૃષ્ટિએ માનસિક અંતર વધી જાય છે. નેતૃત્વની નજર વધારે અંતર સુધી જુએ છે અને સમુદાય સરખામણીમાં નજીકની હકીકતો સુધી જ વિચારે છે. આવા જ અવસરો કટોકટી અને પતનના અવસરો બની જાય છે અને આવા ક્યારેક જ બનતા અવસરોએ હદ વટાવી ગયેલ અનુશાસિત લોકતંત્ર ખતરનાક બની જાય છે. આવા પ્રસંગે કેવળ એ જ નેતૃત્વ પોતાનું કર્તવ્ય અદા કરી શકે છે, જે જનમતનો વિશ્વાસ અને સહયોગ એ હદ સુધી રાખતો હોય કે તેનો કોઈ વિકલ્પ ઊભો કરી ન શકાય. આવું નિષ્ઠાવાન અને નિખાલસ તેમજ મજબૂત નેતૃત્વ સમુદાયને સુલેહના મહત્ત્વના માર્ગે માત્ર પોતાની નૈતિક શક્તિથી ખેંચીને લઈ જાય છે અને પછીની પરિસ્થિતિ અને ઘટનાઓને જોઈ લીધા પછી જ મનનો સંતોષ સમુદાયને પ્રાપ્ત થાય છે.

ગજબ એ થયો કે બરાબર આ સ્થિતિમાં કુરૈશના પ્રતિનિધિ સુહૈલના સુપુત્ર અબૂ જન્દલ બેડીઓ પહેરેલી હાલતમાં સ્થળ પર આવી પહોંચ્યા. તેમને મારવા-પીટવામાં આવ્યા હતા અને તેઓ પીડાની એક પ્રતીમા હતા. તેમણે પોતાને સરવરે આલમ ﷺ અને મુસલમાનોની સામે રજૂ કરી દીધા. સુહૈલ બિન ઉમરૂએ કહ્યું કે પ્રસ્તાવિત શરત અનુસાર આ જ પહેલો વ્યક્તિ છે, જેને આપ ﷺ એ પાછો આપવો પડશે. હુઝૂર ﷺ એ મામલાને થાળે પાડવા કહ્યું કે હજુ સંધિ પૂરી કરવામાં આવી નથી, તેથી અબૂ જન્દલને અપવાદ રહેવા દો. સુહૈલે કહ્યું, તો પછી કોઈ સુલેહ નથી થઈ શકતી. પછી આપ ﷺ એ નરમીથી એ પણ ફરમાવ્યું કે ભલે, આને મારા ખાતર મારા સાથે આવવા દો. તે ન માન્યો. લાચારીવશ હુઝૂર ﷺ એ આ અન્યાયી અને અત્યાચારી માંગણીનો મોટા હિતને ધ્યાનમાં લઈને સ્વીકાર કરી લીધો. હવે અબૂ જન્દલે સમુદાયને સંબોધીને ફરિયાદ કરી કે મુસલમાનો ! મને મુશ્‌રિકોના હવાલે કરી રહ્યા છો, જેઓ મને ઈમાનથી હટાવવા માટે મારા પર અત્યાચાર કરશે. આ અપીલ એ વખતના વાતાવરણમાં ખૂબ ઉત્પ્રેરિત કરનાર હતી. પરંતુ હુઝૂર ﷺ ત્યારે ઠંડા સ્વભાવના એક અનુપમ નમૂનો હતા. અબૂ જન્દલને નરમીથી સમજાવ્યા કે અમે સંધિમાં એક વાત સ્વીકારી લીધી છે, તો હવે અમે વચનભંગ નથી કરી શકતા. તમારા માટે અને બીજા પીડિતો માટે અલ્લાહ તઆલા કોઈ મુક્તિનો માર્ગ કાઢશે, જરા ધીરજ ધરો.

સમુદાયની બેચેની તે વખતે છેલ્લી હદે પહોંચી ગઈ હતી અને કુરૈશ વિરુદ્ધ આખા સમુદાયની લાગણી ભેગી થઈને જે વ્યક્તિના અંદર ઉકળી રહી હતી તે હઝરત ઉમર رضي الله عنه હતા. તેમનો કોઈ અંગત અને મનેચ્છાનો મામલો ન હતો. તેમના અંદર સત્યની હિમાયત જ કામ કરી રહી હતી. વ્યાકૂળતાની સ્થિતિમાં

તેમણે પહેલા હઝરત અબૂબક્ર ﷺ ને અને પછી રસૂલે અકરમ ﷺ સાથે આ પ્રમાણે વાર્તાલાપ કર્યો –

હઝરત ઉમર ﷺ : હે અલ્લાહના રસૂલ ﷺ ! શું આપ અલ્લાહના રસૂલ નથી ?

રસૂલે ખુદા ﷺ : કેમ નહીં ?

હઝરત ઉમર ﷺ : પછી શું આપણે મુસલમાન નથી ?

રસૂલે ખુદા ﷺ : કેમ નહીં ?

હઝરત ઉમર ﷺ : અને શું આ લોકો મુશ્રિક નથી ?

રસૂલે ખુદા ﷺ : કેમ નહીં ?

હઝરત ઉમર ﷺ : તો પછી આપણે દીનના મામલામાં દબાઈને શા માટે મામલો નક્કી કરીએ ?

રસૂલે ખુદા ﷺ : હું અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છું. હું તેના કોઈ આદેશનું ઉલ્લંઘન નથી કરી રહ્યો અને ન તે મને પોતાની મદદથી વંચિત કરશે.

હઝરત ઉમર ﷺ ચુપ તો થઈ ગયા, પણ ભાવનાઓ ઘણી વાર સુધી શાંત ન થઈ શકી. સંધિ લખી લેવામાં આવી અને તેના પર હઝરત ઉમર ﷺ એ સાક્ષી તરીકે હસ્તાક્ષર કરીને આજ્ઞાપાલનનું એ સોનેરી ઉદાહરણ પણ પ્રસ્તુત કરી દીધું કે શરતો પર દિલ સંતુષ્ટ નથી, પરંતુ હુઝૂર ﷺ એ નિર્ણય કરી દીધો, તો પછી વિદ્રોહ પણ નથી.

સંધિ થઈ ચૂકી તો હુઝૂર ﷺ એ સમુદાયને નહ્‌ર (ઊંટોને ઝબેહ કરવા)નો અને હલક (માથું મુંડાવવા)નો હુકમ આપ્યો. પરંતુ બેચેની તેમજ દુઃખ અને રંજના કારણે સમુદાયમાં કોઈ હલન-ચલન ન થઈ. ફરીથી હુકમ આપ્યો, તો પણ કોઈ પરિણામ ન આવ્યું. ત્રીજી વાર ફરમાવ્યું, તો પણ એ જ હાલત રહી. અનુમાન કરો કે સ્વયં હુઝૂર અકરમ ﷺ ના પ્રશિક્ષિત સમુદાયમાં તે વખતે કેવું માનસિક સંકટ છવાયેલ હતું — અને બોધપાઠ લો કે માનવીય પ્રવૃત્તિઓમાં કેવી-કેવી પરિસ્થિતિઓ સામે આવે છે. હુઝૂર ﷺ ને આ રંગ જોઈને દુઃખ થયું. રોકાવાની જગ્યા હતી ત્યાં આવ્યા અને હઝરત ઉમ્મે સલમા ﷺ ને ફરિયાદ કરી કે લોકોને શું થઈ ગયું છે કે મેં હુકમ આપ્યો અને અમલ કરવામાં ન આવ્યો. હઝરત ઉમ્મે સલમા ﷺ એ સાંત્વના આપી કે સંધિની શરતોથી તેમને રંજ થયો છે. આપ બહાર નીકળીને પોતે 'નહ્‌ર' અને 'હલક' કરો. સરવરે આલમ ﷺ ઊભા થયા અને બહાર આવીને કુરબાની કરી અને વાળ ઉતારાવ્યા. આ અમલે સમુદાયને આજ્ઞાપાલન માટે તૈયાર કરી દીધો.

તેમ છતાં સ્થિતિ એ હતી કે જાણે આ લોકો એક-બીજાને જ કાચા-ને-કાચા ચાવી જશે ! જો કે આ સ્થિતિ થોડા સમય માટે હતી અને પસાર થઈ ગઈ.

આમ, કહેવું જોઈએ કે કુરૈશ જેવા કટ્ટર દુશ્મનોને સુલેહ માટે તૈયાર કરી દેવા હુઝૂર અકરમ ﷺ ની રાજનીતિનો એક સ્પષ્ટ ચમત્કાર હતો અને એક શરતમાં દેખીતી રીતે જરા દબાઈને હુઝૂર ﷺ એ એ લાભો અને પરિણામો પ્રાપ્ત કરી લીધા, જેની કલ્પના પણ કુરૈશ તે વખતે કરી શક્યા નહીં હોય. તેમને શું એ વિચાર આવી આવ્યો હશે કે હવે એક તરફ તેમના હિમાયતી યહૂદીઓનો લશ્કરી અડ્ડો નાશ પામવાનો છે અને તેઓ એકલા પડી જશે અને બીજી તરફ ઇસ્લામ લોકોને આટલી મોટી સંખ્યામાં ખેંચીને લઈ જશે, બલ્કે સ્વયં તેમના શહેરમાં આટલી અસરો ઊભી કરી દેશે કે તેમની શક્તિ હાલ કરતાં ઓછી થઈ જશે ? વાસ્તવમાં આ સંધિએ એ માર્ગ તૈયાર કર્યો હતો, જેના પર ચાલીને ઇસ્લામી ક્રાંતિની શક્તિ થોડાક વર્ષોમાં આ જ મક્કામાં વિજયી શાનથી દાખલ થવાની હતી

પાછા ફરતી વખતે રસ્તામાં સૂરઃ ફત્હની આયતો અવતરિત થઈ, જેમાં પાછલી ઘટનાઓની સમીક્ષા કરવામાં આવી હતી અને ભવિષ્યના લાભોની ઝાંખી બતાવીને મુસ્લિમ સમુદાયને અલ્લાહ તઆલાએ ખુશખબર આપી. તેમને બતાવ્યું કે તમે નજીકના સમયમાં એક એવા યુદ્ધ (અર્થાત્ ખૈબર)માં વિજય પ્રાપ્ત કરશો, જેમાં તમને અઢળક માલે-ગનીમત (યુદ્ધ પછી પ્રાપ્ત માલ-સામાન) મળશે અને તેના પછી એ બધું જ પ્રાપ્ત થશે જે અત્યારે તમારી શક્તિથી બહાર છે અને જેને અલ્લાહે જ પકડમાં લઈને સુરક્ષિત કરી રાખેલ છે. પછી બતાવ્યું કે આમ તો મક્કાના મુશ્રિકોને તમે આજે પણ પરાજય આપી શકતા હતા અને તેઓ નિશ્ચિતપણે પીઠ બતાવીને નાસી જતા, પરંતુ તેમના વચ્ચે એવા સ્ત્રી-પુરુષો ઘેરાયેલા છે, જેઓ છુપી રીતે સત્ય-દીનને માની ચૂક્યા છે અને જેમના હૃદય તમારા સાથે છે. હવે જો યુદ્ધ થઈ જતું તો તેઓ લાચારીવશ તમારા મુકાબલામાં આવતા અને તમે તેમને જાણતા ન હોવાને કારણે લક્ષ્ય બનાવતા. બસ, અલ્લાહ તઆલાની આ વિશેષ મહેરબાની છે કે તેણે બંને સમૂહોને ટકરાવથી રોક્યા. વિશેષરૂપે એ પળ યાદ દેવડાવી, જ્યારે કે કુફ્ર તરફથી અજ્ઞાનતાની હિમાયતનું ખૂબ મોટું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને الرحمٰن الرّحیم અને رسول اللّٰہ ના શબ્દો લખવાનું પણ ચલાવી લેવામાં ન આવ્યું. વધુમાં, અબૂ જન્દલના મામલામાં અત્યંત હઠાગ્રહથી કામ લેવામાં આવ્યું. એક પક્ષકાર જ્યારે આ રીતે વિકૃત વલણ અપનાવી લે છે, તો પછી બીજી તરફથી પણ નરમ અને ઠંડી ભાવનાઓ કામ લાગી શકતી નથી. પરંતુ એ પણ અલ્લાહ તઆલાની કૃપા હતી કે રસૂલ અકરમ ﷺ અને તમારા પર તેણે શાંતિ ઉતારી, તમને ભાવનાઓ

પર કાબૂ કરવાની શક્તિ આપી અને તમને તકવા (સંયમ અને અલ્લાહથી ડર) અને સાવધાનીના સિદ્ધાંતો પર મક્કમ રાખ્યા — અને તમે લોકો મુશ્‌રિકોની સામે આ જ ગૌરવના હક્કદાર અને પાત્ર હતા — નહિં તો જો આ બાજુથી પણ ઉશ્કેરણીથી કામ લેવામાં આવતું તો અથડામણ થઈ જતી અને એ બધા ફાયદાઓ સમાપ્ત થઈ જતા, જે ખૂબ સરળતાથી પ્રાપ્ત થયા હતા.

સૂરઃ ફત્હનો આરંભ એ કલ્માથી થાય છે - انا فتحنا لك فتحا مبينا. હઝરત ઉમર ﷺ એ આશ્ચર્યથી પૂછ્યું કે શું ખરેખર આ 'ફત્હે મુબીન' (સ્પષ્ટ વિજય) છે ? હુઝૂર ﷺ એ ફરમાવ્યું, હા, આ ફત્હે મુબીન છે. જો કે ઘટનાઓના પ્રકાશમાં માનસિક સંતોષ ઘણી વાર પછી થયો. આ પ્રસંગે હઝરત ઉમર ﷺ એ સત્યની હિમાયતની નિખાલસ ભાવનામાં જે લાગણીશીલતાનું પ્રદર્શન કર્યું હતું, તેની પૂર્તિ માટે તેઓ ઘણી મુદ્દત સુધી નફ્લ ઈબાદતો અદા કરી-કરીને અલ્લાહથી ક્ષમા-યાચના કરતા રહ્યા. નિષ્ઠા અને નિખાલસતાની શાન આ જ છે. બીજી બાજુ હઝરત અબૂબક્ર સિદીક ﷺ ની શાન એ હતી કે આ સર્વત્ર ફેલાયેલ બેચેનીની પળમાં પણ તેમને પૂર્ણ સંતોષ રહ્યો. આ ભિન્નતા સમુદાયોમાં લોકોના સ્વભાવોનું વિશેષરૂપે ઘડતર કરે છે. તેમનો એક છેડો 'સિદીકી' વર્તનને મળે છે, તો બીજો છેડો 'ફારૂકી' શૈલીથી !

હવે સાંભળો કે સંધિની એ જ કલમ કેવી રીતે કુરૈશ માટે આફત બની ગઈ, જેનો સ્વીકાર કરાવીને તેઓ પોતાનું પલ્લું નમતું અનુભવી રહ્યા હતા. પ્રથમ તો તેના કારણે મક્કામાં છુપી રીતે ઈસ્લામ કબૂલ કરનારાઓનું જૂથ અંદર-ને-અંદર વધતું ગયું અને તેના કારણે કુરૈશની સામૂહિકતા જીર્ણ થતી ગઈ. બીજી બાજુ એક ખૂબ જ સંગીન ઘટના ઘટી. અબૂ બસીર ઉત્બા બિન ઉસૈદ કોઈપણ રીતે મક્કાથી નીકળ્યા અને મદીના જઈ પહોંચ્યા. તેમને લેવા માટે કુરૈશે બે માણસોનું પ્રતિનિધિ-મંડળ મોકલ્યું. હુઝૂર ﷺ એ વચન-પાલનના અટલ સિદ્ધાંતના કારણે અબૂ બસીરને પાછા મોકલી દીધા. આપ ﷺ એ અબૂ બસીરને પણ એ જ તાકીદ કરી કે તમારા લોકો માટે અલ્લાહ ત્‌આલા કોઈ રસ્તો કાઢશે. ન છૂટકે અબૂ બસીર પાછા વળી ગયા. રસ્તામાં તક જોઈને તેમણે બેમાંથી એક નિરીક્ષકને તેની જ તલવારથી કતલ કરી નાખ્યો અને પોતે ભાગીને ફરી મદીના આવી ગયા. બીજો નિરીક્ષક ફરી ફરિયાદ લઈને આવી પહોંચ્યો. અબૂ બસીરે હુઝૂર ﷺ ની સામે સ્પષ્ટતા કરી દીધી કે આપ ﷺ એ પોતાનું વચન નિભાવી દીધું અને મને દુશ્મનોના હવાલે કરી દીધો, પણ હું પોતાને મુશ્‌રિકોને હવાલે કરીને ઈમાનને જોખમમાં નાખી શકતો ન હતો. તેથી મેં મારી જવાબદારીથી આ પગલું ભર્યું છે. આપ ﷺ પર કોઈ જવાબદારી છે જ નહીં. અલ્લાહે મને બચાવી લીધો. હુઝૂર ﷺ એ ખૂબ અર્થસભર રીતે ફરમાવ્યું, ''આને

તો થોડાક માણસો મળી જાય તો યુદ્ધ ભડકાવી દેશે.'' અબૂ બસીરને આશંકા થઈ કે કદાચ મને ફરી મક્કા રવાના કરી દેવામાં આવશે. તેથી તેઓ ચુપકેથી મદીનાથી નીકળીને સમુદ્ર-તટ તરફ 'ઐસ' નામના સ્થળે (ઝૂલ-મર્રાના નજીક) જઈ પહોંચ્યા અને ત્યાં અડ્ડો બનાવી નાખ્યો. થોડાક સમય પછી અબૂ જન્દલ પણ ત્યાં જ આવી ગયા. પછી મક્કાથી બીજા લોકો પણ નીકળતા અને સીધા કાંઠાની દિશા પકડતા. આમ કરતાં સિત્તેર યુવાનોની ટુકડી અહીં એકઠી થઈ ગઈ. મક્કાવાસીઓથી તેમનો સૈદ્ધાંતિક સંઘર્ષ પણ હતો અને વ્યક્તિગત મજલૂમીની બદલાની ભાવના પણ હતી અને આ લોકો મદીના રાજયના નાગરિકો પણ ન હતા કે તેમના પર સંધિની જવાબદારી હોય. આ જાણે એક 'સ્વતંત્ર ઇસ્લામી મોરચો' હતો. આ લોકોએ કુરૈશના કાફલાઓને અટકાવવાના શરૂ કર્યા, ત્યાં સુધી કે કુરૈશ થાકી ગયા. તેથી તેમણે પોતે જ દરખાસ્ત કરીને સંધિમાંથી પોતાની મનગમતી શરત કઢાવી નંખાવી. પછી આ નવયુવાનોને હુઝૂર ﷺ એ મદીના બોલાવી લીધા અને નવ-મુસ્લિમો માટે મક્કાથી હિજરત કરવાનો માર્ગ મોકળો થઈ ગયો.

એક મહત્ત્વની સમસ્યા એ સમયે પેદા થઈ, જયારે ઉમ્મે કુલસુમ, જે મક્કાના સરદાર ઉકબા ઇબ્ને અબી મુઈતની સુપુત્રી હતી, હિજરત કરીને મદીના આવી પહોંચી. તેમને પાછા લઈ જવા માટે તેમના બે ભાઈઓ અમ્મારા અને વલીદ પણ સાથે આવી ગયા. મામલો હુઝૂર ﷺ ની સામે આવ્યો, તો અલ્લાહના આદેશ મુજબ આપ ﷺ એ ઉમ્મે કુલસુમને પાછા મોકલવાથી ઇન્કાર કરી દીધો. દેખીતું છે કે એક સૈદ્ધાંતિક પંથની મહિલાને દુશ્મન કે વિરોધીના હવાલે કરવાનો મામલો બીજાઓથી તદ્દન ભિન્ન સ્વરૂપ ધરાવે છે. આ ઇન્કારમાં એક એવું નૈતિક વજન હતું અને સંધિના શબ્દો પણ એવા સામાન્ય સ્વરૂપના હતા કે સ્ત્રીઓના મામલામાં રચનાત્મક મતભેદનો અવકાશ નીકળે છે. તેથી જયારે બંને ભાઈઓ પાછા પહોંચ્યા, તો કુરૈશે આ સ્થિતિનો સ્વીકાર કરી લીધો. હુઝૂર ﷺ એ સૂરઃ મુમ્તહિનાના આદેશો હેઠળ આ જ ઇન્કારની સાથે બીજા અમુક નિર્ણયો પણ કર્યા હતા કે એક તો મુસલમાનો પોતાની એ પૂર્વ કાફિર પત્નીઓને તલાક આપી દે, જે મક્કામાં હતી અને બંને તરફથી મહ્ર અદા કરવામાં આવે, તેથી સાર્વત્રિકરૂપે આ મામલો કુરૈશને પણ યોગ્ય લાગ્યો.

આ હતી એ ઐતિહાસિક સંધિ, જે પોતાના પરિણામોની દૃષ્ટિએ સ્વયં મહાન વિજયની હેસિયત ધરાવતી હતી અને જે હદ સુધી કુરૈશને લાવવા અને આ અનુસંધાનના જટિલ તબક્કાઓ પાર કરવામાં હુઝૂર ﷺ એ એવી રાજકીય દૂરંદેશી અને નેતૃત્વ-કુનેહનું પ્રદર્શન કર્યું, જેનાથી પછીના લોકોને કયામત સુધી માર્ગદર્શન મળતું રહેશે. આ સુલેહ હુઝૂર ﷺ ની રાજનીતિની એક અનુમપ સિદ્ધિ છે.

ઉમરતુલ કઝા

સંધિમાં નક્કી હતું કે આ વર્ષે મુસલમાનો પાછા જતા રહેશે અને આગલા વર્ષે આવીને ઝ્યારત કરી લે. આમ, બીજા વર્ષે હિ.૭માં હુઝૂર ﷺ સાથીઓ સહિત મક્કા જવા રવાના થયા. આ પ્રવાસ આમ તો પ્રથમ દૃષ્ટિએ દીની (ધાર્મિક) હતો, પણ બીજી રીતે રાજકીય. આનાથી ઊંડી અસરો સમાજમાં પડી અને તેના કારણે ઇસ્લામનો પ્રભાવ ન માત્ર મક્કામાં વધી ગયો, બલ્કે સમગ્ર આરબ પ્રદેશમાં પણ મુસલમાનોનું મક્કામાં સ્વતંત્ર રીતે દાખલ થવું ખૂબ જ સારી મનોવૈજ્ઞાનિક અસરોનું કારણ બન્યું.

બે હજાર લોકો, એકસો ઘોડા અને કુરબાનીના પશુઓ સાથે (અથવા એંશી) ઊંટોની સાથે રવાના થયા. શસ્ત્ર-સરંજામ બંધાવીને સાથે લીધો. પરંતુ આગળ જઈને યાહજ મુકામે મૂકી દેવામાં આવ્યો. સંધિની રૂએ કુરૈશે ત્રણ દિવસ સુધી મુસલમાનો માટે હરમ તદ્દન ખોલી દેવું પડ્યું. કેટલાક કટ્ટર વિરોધીઓ શહેર છોડીને દૂર કુઐકુઆન પર્વત વગેરે તરફ જતા રહ્યા કે આ દૃશ્યને જોવું ન પડે. પરંતુ સામાન્ય રહેવાસીઓ, સ્ત્રીઓ અને બાળકો 'દારુન્-નદવા'ની પાસે કતારબદ્ધ ઊભા હતા અને આ ક્રાંતિકારી શક્તિનું દૃશ્ય જોઈ રહ્યા હતા, જેણે મક્કાના જ વાતાવરણમાં આરંભિક વિકાસ સાધ્યો હતો.

પ્રવેશ એટલી શાનથી થયો કે અબ્દુલ્લાહ બિન રવાહા رضي الله عنه હુઝૂર ﷺ ની સવારીની લગામ પકડીને આગળ-આગળ એક શૌર્ય-ગીત આલાપતાં ચાલી રહ્યા હતા. તેના અમુક બોલ આ પ્રમાણે હતા –

باسمك الذى لا دين إلّا دينه   باسم الذى محمدٌ رسوله

''એ હસ્તીનું નામ લઈને અમે દાખલ થઈએ છીએ, જેના દીન સિવાય કોઈ દીન નથી. એ હસ્તીનું નામ લઈને અમે દાખલ થઈએ છીએ, મુહમ્મદ ﷺ જેના રસૂલ છે.''

خلّوا بنى الكفار عن سبيله   قد نزّل الرحمٰن فى تنزيله

''હે કાફિરોના સંતાનો ! તેના માર્ગથી હટી જાઓ. અર્-રહમાને (પરમ્ કૃપાળુ અલ્લાહે) પોતાના અવતરિત કરેલ ગ્રંથમાં આ શિક્ષા આપી છે...''

بأنّ خير القتل فى سبيله   يا ربّ انى مومن بقيله

''...કે સૌથી ઉત્તમ યુદ્ધ એ છે, જે સ્વયં તેના જ માર્ગમાં લડવામાં આવે. હે મારા પાલનહાર ! હું તારા નબી ﷺ ના કથન પર ઈમાન રાખું છું.''

ગીતમાં-ને-ગીતમાં સત્યનું સમગ્ર આમંત્રણ વર્ણવવામાં આવી રહ્યું હતું, જેની ગૂંજથી મક્કાનું વાતાવરણ વર્ષોથી ખાલી થઈ ચૂક્યું હતું. તેમાં જિહાદ સુદ્ધાંનું શૌર્ય-ગીત સામેલ હતું, તેમાં 'રહમાન'ના એ જ પ્યારા નામની પોકાર થઈ રહી હતી જેનાથી કુરૈશને ઘૃણા હતી, તેમાં હઝરત મુહમ્મદ ﷺ ની રિસાલત (પયગંબરી)નું એલાન થઈ રહ્યું હતું. ઇસ્લામ-દુશ્મન શક્તિને અર્થસભર અંદાજમાં કહેવામાં આવી રહ્યું હતું કે આ રસૂલના માર્ગથી હટી જાઓ, વિરોધ છોડી દો. આજે કોઈ ન હતું, જે મક્કામાં રુકાવટ ઊભી કરી શકે. સંધિએ હાથોને બાંધી દીધા હતા અને મોઢાઓને બંધી કરી દીધા હતા.

હુઝૂર ﷺ એ પ્રવેશ વખતે સમુદાયને આદેશ આપ્યો કે ખભા બરાબર પહોળા કરીને અને છાતી કાઢીને ચાલો અને ફેલાઈને તવાફ કરો, જેથી એ દુષ્પ્રચારનું ખંડન થઈ જાય કે મુહાજિરોની સ્થિતિ ભૂખ અને તાવે બગાડી નાખી છે. તે વખતે દુશ્મનોને પ્રભાવિત કરવા જરૂરી હતા. હુઝૂર ﷺ એ કેટલું સુંદર ફરમાવ્યું કે, ''અલ્લાહની દયા થાય એ વ્યક્તિ પર, જે આજે કાફિરોની સામે શક્તિનું પ્રદર્શન કરે.'' આ જ હેતુસર આપ ઇસ્તિલામે રુક્ને યમાનીથી ઇસ્તિલામે રુક્ને અસ્વદ (ઇસ્તિલામ = ચૂમવું) સુધી નરમ ચાલ (મશી) ચાલતા અને આ ભાગમાં જોવાવાળો પ્રેક્ષક-સમૂહ દેખાતો બંધ થઈ જતો, ત્યારબાદ પછીના ગાળામાં હળવી દોડ (હર્વલ) લગાવતા અને આ જ ભાગ સમૂહના સામે હતો. આનાથી જણાય છે કે વિરોધી જૂથોમાં ઇસ્લામના ધ્વજવાહકોની નબળાઈ (ચાહે એ શારીરિક હોય)ની ચર્ચાઓને અટકાવવી તથા તેમના પર શક્તિ અને દબદબાના પ્રદર્શનથી પ્રભાવ ઊભો કરવો ઇસ્લામી રાજનીતિનું એક મહત્ત્વનું શાણપણ અને તેનો ઉદ્દેશ્ય છે. આ એટલું મહત્ત્વનું શાણપણ છે કે બરાબર હરમમાં અને તદ્દન તવાફમાં પણ તેનું ધ્યાન રાખવામાં આવ્યું. શક્તિના આ પ્રદર્શનને ઘમંડ અને ગર્વની વ્યાખ્યામાં લઈ શકાતું નથી, બલ્કે આ પૂર્ણરૂપે સવાબ (પુણ્ય)નું કામ છે. આવા અવસરે જો નમ્રતા અને સાલસતા બતાવવામાં આવે, તો તે ઊલટી પડે. આ નાની-નાની બાબતોથી પુરવાર થાય છે કે હુઝૂર ﷺ જે તે સમયના રાજકીય તકાદાઓ પર કેટલી ઊંડી નજર રાખતા હતા અને તેને પૂરા કરવાનો કેટલો પ્રબંધ કરતા હતા. છેવટે આ રાજનીતિ અંગત મોભા કે હોદ્દા માટે તો હતી નહીં ! અલ્લાહની ન્યાય-વ્યવસ્થાની સર્વોચ્ચતા માટે હતી. તેથી તે સરાસર દીન હતી અને તેનું દરેક કાર્ય એક ઇબાદત હતું.

વિચાર કરો કે સત્ય-વ્યવસ્થાના આવાહકોના આ સમુદાયને જ્યારે મક્કાનો સમૂહ જોઈ રહ્યો હશે, તો પુરુષો અને સ્ત્રીઓ અને બાળકો પર કેવી અસરો થઈ રહી હશે. વિચારો આવતા હશે કે આ એ જ દીનની કૃપા છે, જેણે મક્કાથી આરંભ કર્યો

હતો — અને પછી હીરા-ગુફા, અરકમનું ઘર, અબી તાલિબની ખીણ, દારુન્-નદવા અને 'ગારે-સૂર'ના ઐતિહાસિક સ્થાનો તેમના સામે માથું ઊંચું કરી-કરીને કહી રહ્યા હશે કે જુઓ, નેકીની આ શક્તિ કેટલી મહાન છે અને તમે તેનો સામનો કરવામાં કેટલા નિમ્ન કક્ષાએ જતા રહ્યા હતા ! મક્કાની શેરીઓના કણે-કણ તડપીને ઊભા થઈ ગયા હશે અને એ લોકોને કહેતા હશે કે આ એ ધૈર્યવાન લોકો છે, જેમને તમે કોઈ ગુના વગર કેટલાય વર્ષો સુધી દુઃખ આપ્યા હતા ! જુઓ, તેઓ આજે ક્યાંથી ક્યાં પહોંચી ગયા ! કેટલાયે કંટકોએ શિશ ઊંચુ કરીને કહ્યું હશે કે તમે અમારી અણીઓથી આ શરીરોને ઇજાઓ પહોંચાડી હતી ! પછી ક્યાંકથી હઝરત અબૂઝર ﷺ ના કલ્માની એ પહેલી પોકાર કાબામાંથી ગૂંજવા લાગી હશે, જેના પર તોફાન મચી ગયું હતું ! ક્યાંકથી હઝરત બિલાલ ﷺ ની 'અહદ-અહદ'ની સદાઓ બુલંદ થવા લાગી હશે, જે ગરમ રેતના બિસ્તર પર હૃદયમાંથી ઉઠતી હતી ! દારુન્-નદવા ચીસો પાડવા લાગ્યું હશે કે તમે લોકોએ જેની હત્યાના કાવતરાઓ કર્યા હતા તેનો સંદેશ ખૂણે-ખૂણામાં પરિવર્તન લાવી રહ્યો છે ! તેર વર્ષોનો ઇતિહાસ ચોતરફથી ઊમટી પડ્યો હશે ! અને પછી બદ્ર અને ઉહદમાં શહીદ થયેલાઓની યાદગારો રક્ત-રંજિત પોશાક સજાવીને પ્રગટ થઈ હશે ! — અને તેમના આત્માઓથી સદા ઊઠી હશે કે તમે પણ બદલાઈ જાવ, તમે પણ આગળ વધો અને આ વહેતા પ્રવાહમાં સામેલ થઈ જાઓ.

એક બાજુ આ સમુદાયની ઇબાદતની પદ્ધતિનું પ્રદર્શન થયું હશે અને બીજી બાજુ એ નૈતિક દૃષ્ટાંત પ્રસ્થાપિત થયું હશે કે આટલી મોટી સંખ્યા મક્કા શહેરમાં ત્રણ દિવસ સુધી ઉપસ્થિત રહી, અને સખત દુશ્મનાવટ છતાં કોઈના જાન અને માલને કોઈ નુકસાન નથી પહોંચ્યું. ઘરને જે રીતે તાળું મારીને મુશ્રિકો બહાર નીકળી ગયા હતા, એ જ રીતે સહી-સલામત રહ્યા.

ઇસ્લામની હિમાયત કરનાર તત્ત્વો, જેઓ મક્કામાં ઈમાનને છુપાવીને બેસ્યા હતા, તેમની આંખો આ દૃશ્યથી કેટલી ઠંડી થઈ હશે ! તેમની ભાવનાઓને એક નવી શક્તિ મળી હશે ! તેમના અંદર તાજી અભિલાષાઓ ઊભરી આવી હશે ! વિરોધીઓ પોતાને કેટલા સખત પરાજિત અને પાયમાલ અનુભવતા હશે અને તેમની આંખોની સામે કેટલું અંધકારમય ભાવિ હશે !

ત્રણ દિવસ સુધી શહેરના વાતાવરણમાં આ ઘટાટોપ વાદળો મોતી વરસાવતા રહ્યા. ચોથા દિવસે સુહૈલ બિન ઉમરૂ અને હુવૈતિબ બિન અબ્દુલ ઉઝ્ઝા નબી અકરમ ﷺ ની સેવામાં આવ્યા, જ્યારે આપ ﷺ અન્સારની સાથે બેસીને વાતચીત કરી રહ્યા હતા. સુહૈલે કહ્યું કે ત્રણ દિવસ પૂરા થઈ ચૂક્યા છે. હવે મારી જમીનમાંથી

નીકળી જાઓ. સઅદ બિન ઉબાદા ﷺ આ પ્રકારનું સંબોધન સાંભળીને કાબૂ ન રાખી શક્યા. તેમણે કહ્યું, 'જમીન ન તારી છે, ન તારા બાપની, અમે કદાપિ નહીં નીકળીએ.'' હુઝૂર ﷺ એ તરત જ વાતાવરણને ઠંડું કરવા માટે વાતચીતની જરા હળવી શૈલી અપનાવી. હુઝૂર ﷺ એ મૈમૂના (ﷺ) સાથે આ જ પ્રસંગે નિકાહ કર્યા હતા. ફરમાવ્યું કે જુઓ, અમે અહીં નિકાહ કર્યા છે. શું વાંધો છે જરા ભોજન રંધાઈ જાય. અમે ખાઈએ અને તમે લોકો પણ સામેલ થાઓ. આ વાક્યમાં ઘણા પાસાઓ હતા. પરંતુ એમના કઠોર સ્વભાવમાં કોઈ ફેરફાર ન થયો. કહેવામાં આવ્યું કે અમને ખાવા-પીવાની જરૂર નથી. બસ, તમે ચાલ્યા જાઓ. એ બિચારાઓ પણ શું કરતા ? જોઈ રહ્યા હતા કે આખું વાતાવરણ પ્રભાવિત થઈ રહ્યું હતું. તેમના આગ્રહના કારણે હુઝૂર ﷺ એ સમુદાયને કૂચ કરવાનો આદેશ આપ્યો. ચાલતી વખતે હઝરત હમઝા બિન અબ્દુલ મુત્તલિબ ﷺ ની નાની બાળકી 'યા અમ્મ - યા અમ્મ' (હે કાકા - હે કાકા !) પોકારતી દોડતી આવી અને આપ ﷺ ને વળગી પડી. કેટલું વિચલિત કરી દેનારું લાગણીભર્યું દશ્ય હશે ! હુઝૂર ﷺ એ આ બાળકીને સાથે લઈ લીધી અને થોડાક વિવાદ પછી તેની માસીને સુપ્રત કરી દેવામાં આવી, જે હઝરત ઝૈદ બિન હારિસા ﷺ ના પત્ની હતા.

હવે યાદ કરો એ ઘટનાને કે હુદૈબિયાથી પાછા ફરતી વખતે હુઝૂર ﷺ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે આપ ﷺ એ તો ફરમાવ્યું હતું કે આપણે હરમમાં દાખલ થઈશું અને તવાફ કરીશું. (પ્રશ્નનો આશય એ હતો કે આવું તો થયું જ નહીં !) હુઝૂર ﷺ એ જવાબ આપ્યો, ''મેં એવું ક્યારે કહ્યું હતું કે આ જ વર્ષે !'' — અને જો ખરેખર હિ.૬માં આ વાત પૂરી પણ થતી તો આટલી શાનદાર રીતે ન થતી, બલ્કે ખુનામરકીની સાથે થતી. એક વર્ષનું અંતર આંદોલનોના ઈતિહાસમાં એક પળની હેસિયત રાખે છે. થોડાક સમય પછી નિર્ભયતાની સ્થિતિમાં અને સંપૂર્ણ દમામભેર હરમમાં પ્રવેશ અને ઉમરા કરવું ખૂબ બરકતો ધરાવતું હતું.

પછી જ્યારે આ ઘટનાની આરબ કબીલાઓમાં ચર્ચા થઈ હશે, તો જનમત પરિસ્થિતિના આ પરિવર્તનથી અવશ્ય પ્રભાવિત થયો હશે. લોકો અનુભવતા હશે કે જે મક્કાથી મુસલમાનોને કાઢવામાં આવ્યા હતા, તેમાં તેઓ છાતી કાઢીને અને ખભા ખોલીને દાખલ થયા. જે કુરૈશ મુસ્લિમ સમુદાયને મિટાવી દેવા તૈયાર હતા, તેમણે તેનાથી જ સુલેહ કરીને પોતાને વિવશ કરી લીધા. આનાથી એ અંદાજ જરૂર લગાવવામાં આવ્યો હશે કે ભવિષ્ય મદીનાનું છે ! દેખીતી વાત છે કે હૃદયોના દ્વાર ઈસ્લામ માટે વધારે ખુલી ગયા હશે ! ટૂંકમાં, ઉમરતુલ-કઝા પણ ઈસ્લામના પ્રસાર અને પ્રગતિમાં ખૂબ સહાયક સિદ્ધ થયો.

જિહાદનો પ્રભાવ જનમત પર

જેમ કે અમે ઉપર ભારપૂર્વક એ વાત સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે ઇસ્લામી આંદોલન અને અજ્ઞાનતા વચ્ચે ખરી લડાઈ જનમતના વિશાળ મેદાનમાં થઈ, અને તે નિરંતર અઢાર-વીસ વર્ષ ચાલુ રહી, અને આ જ વિશાળ મેદાનમાં છેલ્લો નિર્ણય પણ થયો, પરંતુ તેનો અર્થ એ કદાપિ નથી કે આ નિર્ણય થવામાં મુસ્લિમ સમુદાયના જિહાદના મોરચાની મૂળથી કોઈ દખલ જ ન હતી.

સુધારણા અને નિર્માણના કાર્યમાં શક્તિ સ્વયં એક મહત્ત્વની જરૂરત છે, પરંતુ સામાજિક ક્ષેત્રમાં કોઈ ક્રાંતિ આજ સુધી એ સિવાય બીજા કોઈ સ્વરૂપમાં આવી નથી કે તેના ધ્વજવાહકો પોતાને મજબૂત, વર્ચસ્વશાળી અને શ્રેષ્ઠ સાબિત કરી દે, અને રસ્તાની રુકાવટોને દૂર કરવા અને દુષ્ટતાપૂર્ણ અવરોધોને સમાપ્ત કરવા માટે આવશ્યકતાનુસાર શક્તિનો ઉપયોગ સફળતાપૂર્વક કરી બતાવે. કેવળ ધર્મ, જેનો માનવ-જીવનના ફક્ત એક નાનકડા ભાગ સાથે સંબંધ હોય છે, તેને લઈને ચાલીએ, તો ઉપદેશ અને કૃપા-દૃષ્ટિથી વધારે કોઈ પ્રવૃત્તિની જરૂર પડતી નથી, ઉપર ગમે તે વ્યવસ્થા સ્થાપિત થયેલી હોય તેમજ અર્થતંત્ર અને સામાજિક મામલાઓ ગમે તે ઢબે ચાલી રહ્યા હોય, લોકોના મનમાં થોડીક સારી આસ્થાઓની જગ્યા પણ કાઢી શકાય છે — તેમને અમુક જાપ અને મંત્ર તેમજ પાઠ શીખવાડી શકાય છે, અને તેમને દરિદ્રતા, વિનમ્રતા, દયા અને સહાનુભૂતિ જેવી ખૂબીઓથી પણ કોઈ-ને-કોઈ હદ સુધી સુસજ્જ કરી શકાય છે, તેના સાથે-સાથે એક ભ્રષ્ટ અને અત્યાચારી વ્યવસ્થામાં પોતાની સેવાઓ ખપાવતી વખતે અને તેણે બનાવેલ અત્યંત માનવતા-વિહોણા રસ્તાઓથી આજીવિકા અને ફાયદાઓ પ્રાપ્ત કરતી વખતે અંતરાત્મામાં જે ઘા વાગતા રહે છે, તેના પર સૂફીમત (આધ્યાત્મિક) પ્રકારના વ્યક્તિગત ધર્મો અને તેમણે બનાવેલ પીરી-મુરીદી (ગુરુ-શિષ્ય)ની મંડળીઓ શીતળ જળનો છંટકાવ કરતી રહે છે અને તેના પર મલમવાળા ફાયા મૂકતા રહે છે. અત્યંત ખરાબ સંસ્કૃતિમાં નાનકડી સલામત જગ્યા કાઢી લેનારા ધર્મો પણ વાસ્તવમાં માણસની ફરાર-વૃત્તિના સર્જકો છે. તેઓ સામૂહિક ક્ષેત્રમાં મોટા-મોટા ગુનાઓ કરવા અને ભયાનક અત્યાચારોમાં ભાગ લીધા પછી વ્યક્તિગત ઝુંપડીમાં બેસીને પોતાના ખુદાને-ભગવાનને રાજી કરે છે અને પોતાના રીસાયેલ અંતરાત્માને મનાવે છે. પરંતુ જે દીન ગૈરઇલાહી (અલ્લાહરહિત) જીવન-વ્યવસ્થાના બરછટ અને જાડા પોશાકમાં અલ્લાહની યાદનું મખમલનું નાનકડું થીગડું પણ લગાવીને સંતુષ્ટ ન થતો હોય, બલ્કે જેને સમગ્ર જીવનને પોતાના જ રંગમાં રંગવાનું હોય તેનું કામ નર્યા મનભાવતા

ઉપદેશો, એકાંતવાસના રટણો અને જનસેવાની સીમિત ભાવનાઓથી નથી ચાલી શકતું. તેને અસત્યના પાંજરાને તોડીને અત્યાચારના હાથ-પગને બાંધી દેવા તથા ન્યાય અને સમાનતાના સભ્યતા-યુગનો પાયો નાખવા માટે શક્તિની આવશ્યકતા હોય છે. સામૂહિક પરિવર્તનો અવરોધો વગર આવી જતા નથી અને અવરોધો તોડવા માટે નર્યા ઉપદેશો પૂરતા નથી હોતા. જેમના રૂઢ કરી ગયેલા હિતોને ઉખેડવામાં આવે છે અને જેમની રીત પ્રમાણે કામ કરવાવાળા સમાજની પ્રથાને બદલવામાં આવે છે, તેઓ પોતાનું બધું જોર ખંડનાત્મક પ્રવૃત્તિઓમાં ખપાવી દે છે. કોઈ આંદોલન તેમને જ્યાં સુધી બળપ્રયોગથી કામ લઈને રસ્તામાંથી હટાવે નહીં, સામાજિક સુધારણાના સુંદર સપનાઓ ક્યારેય સાકાર થઈ શકતા નથી.

ઇસ્લામ જ્યારે ઉઠ્યો અને તેણે બરાબર એ મૂળભૂત જીવન-કલ્પના પર પ્રહાર કર્યો, જેના પર આરબોનો અજ્ઞાનતાપૂર્ણ સમાજ ચાલી રહ્યો હતો, અને તેણે અર્ધ-અનેકેશ્વરવાદી અને અર્ધ-ભૌતિકવાદી માનસિકતાને 'લા-ઇલાહ ઇલ્લલ્લાહ'ના લક્ષ્ય પર લીધા, તો તદ્દન શરૂઆતમાં જ અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાના ઝંડાધારીઓ સમજી ગયા કે આ તો એક મહા-પ્રહાર છે, જે આખી ઇમારતને તોડીને નવા નિર્માણ માટે લગાવવામાં આવેલ છે. આ જ કારણ હતું કે તેનો ભરપૂર વિરોધ અને પ્રતિકાર કરવામાં આવ્યો. મૂળભૂત ક્રાંતિ અને સર્વગ્રાહી પરિવર્તનનું આવું આમંત્રણ જ્યારે પણ ક્યારેક ઉદ્ભવે છે, તો સમાજ સામાન્ય રીતે ત્રણ મોટા-મોટા તત્ત્વોમાં વહેંચાઈ જાય છે. સમયથી આગળ થઈને ચાલવાવાળા અને દૂર સુધી ભવિષ્યને જોવાવાળા અત્યંત બુદ્ધિશાળી અને ખૂબ જ સક્રિય લોકો, જેમની સંખ્યા હંમેશા ઓછી હોય છે, તેઓ ક્રાંતિકારી આમંત્રણનો સ્વીકાર કરવા ધીમે-ધીમે તૈયાર થાય છે. તેમની સરખામણીમાં જૂની વ્યવસ્થામાં આગેવાની કરનારા અને મોટા-મોટા હિતો રાખનારા તત્ત્વો સક્રિય થઈ જાય છે અને તેઓ પોતાના પ્રભાવ હેઠળના વર્ગોમાંથી ખૂબ મોટી સંખ્યાને પોતાના હિમાયતીઓ બનાવી લે છે. પ્રથમોલ્લેખિત વર્ગ વિકાસ પામતી લઘુમતી હોય છે અને ત્યારબાદ જેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે સંકોચાતી અને વેરવિખેર થતી બહુમતી હોય છે. આ બંને શક્તિઓ વચ્ચે લાંબો સંઘર્ષ ચાલે છે. આ બંને સક્રિય શક્તિઓ તો વૈચારિક અને રાજકીય અખાડામાં આવી જાય છે અને સામાન્ય પ્રજાનો બહોળો સમૂહ બહાર પ્રેક્ષક બનીને એ જોતો રહે છે કે ક્યારે પલ્લું કઈ તરફ ઝુકે છે અને આ ખેલનું પરિણામ શું આવે છે. આ ત્રીજા તત્ત્વમાં જેટલા પણ બુદ્ધિશાળી અને સક્રિય લોકો છે તેઓ પણ ધીમે-ધીમે રણમેદાનમાં ઉતરતા જાય છે, પરંતુ ખૂબ મોટી બહુમતી અંતિમ પરિણામની રાહ જુએ છે. આમાં ઘણા લોકો એ હોય છે, જેઓ જૂની વ્યવસ્થાના આંધળા ભક્ત હોય છે અને એ કલ્પના જ કરી

શકતા નથી કે તે ક્યારેય તૂટી શકે છે અને જ્યાં સુધી તેમને તે તૂટતી ન દેખાય તેમના અંદર માનસિક પરિવર્તન આવી જ શકતું નથી. તેમાંથી ઘણા લોકો એ હોય છે, જેઓ ધીમે-ધીમે નવી શક્તિની દલીલોથી પણ અને તેના નૈતિક ગુણોથી પણ પ્રભાવિત થતા જાય છે અને કેટલાક એવી અભિલાષા કરવા લાગે છે કે કાશ ! આ શક્તિ વર્ચસ્વ પ્રાપ્ત કરી લે ! પરંતુ તેઓ જૂની શક્તિથી ખૂબ પ્રભાવિત અને ભયભીત હોય છે. કેટલાક લોકો ક્રાંતિના સંદેશથી પ્રભાવિત થઈને ડગ આગળ વધારવા તો ઇચ્છે છે, પણ પૂર્વ નેતૃત્વએ તેમને એટલી ખરાબ રીતે પોતાના પંજામાં જકડી રાખ્યા હોય છે કે તેઓ હલન-ચલન કરવાની પણ હિંમત નથી કરી શકતા. મોટી સંખ્યા એવા લોકોની પણ હોય છે, જેઓ કંઈક અંશે સત્ય-અસત્યનું માપદંડ જ એ વસ્તુને બનાવી લે છે કે બે વિચારધારાઓમાંથી છેવટે વર્ચસ્વશાળી અને શ્રેષ્ઠ કઈ વિચારધારા રહે છે ? વિશેષરૂપે જ્યારે ઇસ્લામનું આમંત્રણ શ્રેષ્ઠ હોય તો આ વિચાર-સરણી પ્રજામાં વધારે મોટા પ્રમાણમાં ફેલાય છે. પ્રજાની આ એ વૈચારિક અને માનસિક સ્થિતિઓ હોય છે, જે કોઈ રચનાત્મક અને સુધારાત્મક સંદેશના સ્વીકારમાં રુકાવટ બને છે અને સંઘર્ષના ઉતાર-ચઢાવથી આ મનોદશામાં જેવા-જેવા પરિવર્તનો આવતા રહે છે, ઇસ્લામી સંદેશને તે અનુસાર પોતાના વિકાસમાં કાં તો સહુલત થાય છે અથવા મુશ્કેલી પડે છે. બસ, કોઈપણ નવા સંદેશના ધ્વજવાહકો માટે માર્ગ ત્યારે જ ખુલી શકે છે, જ્યારે તે સંઘર્ષમાં એટલી મક્કમતા બતાવે અને વિરોધી શક્તિ પર એટલા કારમા પ્રહાર કરે કે સામાન્ય લોકો એક તરફ એ અનુભવવા લાગે કે જૂના નેતૃત્વને બદલવું અને જૂની વ્યવસ્થાને તોડવું કંઈ અસંભવ કાર્ય નથી અને બીજી તરફ એ નવી શક્તિથી પોતાની આશાઓ જોડે કે આના હાથોમાં એટલી શક્તિ છે કે તે અત્યાચાર અને અજ્ઞાનતાના ઝંડાધારીઓને સારી રીતે હચમચાવી શકે છે. બસ, જ્યારે પણ જનમતના વાતાવરણમાં આવો પ્રભાવ છવાઈ જાય, તો એક સુધારાત્મક અને રચનાત્મક આમંત્રણ માટે હૃદયોના દ્વાર સંપૂર્ણપણે ખુલી જાય છે.

મદીનાના ઇસ્લામી રાજ્યએ કુરૈશ અને યહૂદીઓના યુદ્ધના પડકારનો જવાબ જે હિંમત અને બહાદુરીથી આપ્યો અને પછી ભરપૂર રીતે આપ્યો, તેનો ઉદ્દેશ્ય એ ન હતો કે તલવારના બળે અમુક લોકોને યુદ્ધ-મેદાનમાં ઇસ્લામમાં માનતા કરી દેવામાં આવે, બલ્કે યુદ્ધરૂપે ઊભા થતા અવરોધોથી પોતાના બચાવની સાથે-સાથે અપેક્ષિત એ હતું કે સામાન્ય પ્રજાની હિંમત વધે, તેમની અભિલાષાઓ મદીનાની ક્રાંતિકારી શક્તિથી બંધાય, તેઓ ઇસ્લામી વિચારધારાથી એક જ્વલંત ભવિષ્યના પ્રગટ થવાની આશા કરે અને અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાની તૂટી જવાની સંભાવના ઓછામાં ઓછી તેમના સામે સ્પષ્ટ થઈ જાય.

આમ, બદ્રનું સૌપ્રથમ યુદ્ધ થયું, તો ચારે બાજુથી નજરો જમીનના આ નાનકડા ટુકડા પર લાગેલી હતી કે જોઈએ, પહેલી ટક્કરમાં કોણ કોને પછાડે છે. હવે જ્યારે એ દશ્ય લોકોની સામે આવ્યું હશે કે મુઠ્ઠીભર મુસ્લિમ સૈનિકો, જેમના પાસે જરૂર મુજબનો સામાન, ઓછામાં ઓછી માત્રામાં પણ ન હતો, તેમણે પોતાનાથી ત્રણ ગણી સંખ્યાના મોટા લશ્કરને ખરાબ રીતે હરાવી દીધું છે, અને મક્કાના નામાંકિત સરદારોનો, અબૂ જહલ સહિત સફાયો થઈ ગયો છે, તો શું સમગ્ર આરબ પ્રદેશમાં આશ્ચર્યચકિત કરે દેનાર ઘટનાની ધૂમ નહીં મચી ગઈ હોય, આની ચર્ચાઓ અને વાતો ઘરે-ઘર નહીં થઈ હોય કે મદીનાની ઇસ્લામી શક્તિ માત્ર થોડાક એવા અલ્લાહવાળાઓ પર આધારિત નથી, જેઓ જીવનભર માર ખાઈ-ખાઈને ખુદાની પ્રસન્નતા અને આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત કરવા માટે ભક્ત બની ગયા હોય, બલ્કે આ શક્તિના હાથે એક-ને-એક દિવસ કાયાપલટ અવશ્ય થવાની છે.

પછી ઉહદમાં મામલો બરાબર-બરાબરનો રહ્યો, તો પ્રભાવ પણ સરખે-સરખો રહ્યો હશે. તે પછી ખંદકનું યુદ્ધ થયું, તો આરબોએ જોયું કે ચારે તરફથી લશ્કરના ધાડા એક વિનાશક તોફાનની જેમ ઊમટી પડ્યા, ત્યારબાદ મદીનાને ઘેરી લીધા પછી વેરવિખેર થઈને છંટાઈ ગયા, જાણે મુઠ્ઠીભર ભૂસાને કોઈએ ફૂંક મારીને ઊડાવી દીધા ન હોય ! આ ઘટનાની એ અસર ચોક્કસ પડી હશે કે મુસ્લિમ શક્તિના મૂળ હવે એટલા મજબૂત છે કે વિરોધીઓની સંગઠિત શક્તિ પણ તેમને હલાવી શકતી નથી.

આ મોટા યુદ્ધોની સાથે-સાથે નાના-નાના કબીલાઓના નેતૃત્વ તરફ પણ મદીનાએ સંપૂર્ણ ધ્યાન આપ્યું. આ સ્થાનિક નેતૃત્વ દેશવ્યાપી અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાના નેતૃત્વની લાંબી સાંકળની કડીઓ હતી અને એક-એક કરીને તેમને તોડ્યા વગર આ લાંબી સાંકળથી સામાન્ય લોકોને મુક્તિ અપાવવી સંભવ ન હતું. તેથી આની કેટલીક કડીઓ તો આમંત્રણની અસરથી આપોઆપ તૂટી ગઈ. કેટલીકને સંધિ-સંબંધો અને મૈત્રિ-સંબંધો દ્વારા અજ્ઞાનતાની સાંકળથી કાપી નાખવામાં આવી, અને બાકીએ જે બાજુથી વિરોધ માટે માથું ઊંચક્યું, ઇસ્લામી રાજ્યએ તત્કાળ એ બાજુ ધ્યાન આપ્યું અને એ જ સમયે કચડી નાખી. વિદ્રોહીઓ, ડાકુઓ, યુદ્ધખોરો, બળવાખોરોની એવી એક-પછી-એક અને સમયસર ખબર લેવામાં આવી, જે રીતે 'મલએ-આલા' (ઉચ્ચ-લોક) તરફ શૈતાનોના જવા પર આગની જ્વાળાઓ કે ઉલ્કાઓથી તેમનું સ્વાગત કરવામાં આવે છે. મદીનાના આસપાસ કાયદો અને અનુશાસન સંપૂર્ણપણે સ્થાપિત કરી દેવામાં આવ્યું અને શાંતિમય વાતાવરણ ઊભું કરી દેવામાં આવ્યું, નહિં તો જો ચારે તરફ વિખેરાયેલા આરબ કબીલાઓને સહેજ

પણ ઢીલ મળતી, તો મદીનાના સૌપ્રથમ સુગઠિત રાજ્યનો અનુભવ નિષ્ફળ થઈ ગયો હોત. ઇતિહાસનો રેકર્ડ જુઓ તો હિજરતના પહેલા વર્ષથી લઈને મક્કા-વિજય સુધીનો ગાળો નીત-નવા બળવાઓ, ઉત્પાતો અને સામૂહિક રમખાણોથી ભરેલો પડેલો છે. કાલે આ બાજુ યુદ્ધ માટેની સભા થઈ રહી છે, આજે પેલી બાજુ ડાકુઓની ટોળીઓ ઊભી થઈ ગઈ છે. એક દિવસ એક તરફ કોઈ જૂથે ધાડ પાડી, બીજા દિવસે બીજી તરફ કોઈ લશ્કરી ટુકડીએ મદીનાના નાગરિકોને ઘાયલ કરી દીધા. કોઈ યુદ્ધનું કાવતરું આ તરફ ઘડાઈ રહ્યું છે, કોઈ વિદ્રોહની યોજના બીજી તરફ બની રહી છે. પરંતુ મદીના સાવધાન હતું. ક્યાંક રાત્રિ-ચોકીપહેરાની ટુકડીઓ નીકળી રહી છે, ક્યાંક લશ્કરી કૂચ રવાના કરવામાં આવી રહી છે અને ક્યાંક પોલીસ કાર્યવાહી માટે કોઈ ટીમ મોકલવામાં આવી રહી છે.

આ તમામ પરિસ્થિતિઓએ આરબો પર ચોક્કસપણે પ્રભાવ નાખ્યો હશે કે મુસ્લિક શક્તિ 'ચશ્મબંદ વ ગૌશબંદ વ લબબંદ' (આંખો બંધ - કાન બંધ - મોઢું બંધ) પ્રકારની શક્તિ નથી, તે એક જીવંત, જાગૃત અને સક્રિય રાજ્ય છે, જે ચારે તરફથી લડીને વિરોધી કબીલાઓના અસંખ્ય મોરચાઓથી નિપટારો કરી રહી છે, એક-ને-એક દિવસ તે બાજી જરૂર જીતી જશે.

વધુમાં, જ્યારે મદીનામાં યહૂદીઓના પ્રભાવને સમાપ્ત કરી નાખવામાં આવ્યો હશે અને તેના પછી યોગ્ય સમય આવતાં જ ખૈબરનો વિરોધી મોરચો તોડી નાખવામાં આવ્યો હશે, તો અનુમાન કરી શકાય છે કે જનમતની સ્થિતિ આમંત્રણના સ્વીકાર માટે એ ઘટનાઓથી કેવી રીતે અનુકૂળ થતી ગઈ હશે.

અને, મક્કા-વિજયની ભૂકંપ જેવી ઘટનાએ આરબોને એક છેડાથી બીજા છેડા સુધી હચમચાવીને અજ્ઞાનતાની તંદ્રામાંથી જગાડી દીધા હશે અને ઇસ્લામી આંદોલનને નવીન યુગની અઝાન પોકારીને સંદેશ આપ્યો હશે કે ઊઠો ! પ્રકાશ થઈ ગયો ! હવે દરેક આંધળાએ પણ જોઈ લીધું હશે કે અજ્ઞાનતા નષ્ટ થવાવાળી હતી અને નષ્ટ થઈ ગઈ. હવે અત્યંત જૂનવાણી, અંધભક્ત અને પ્રભાવિત મનો-મસ્તિષ્કના નીચલા વર્ગોના લોકોને પણ વિશ્વાસ થઈ ગયો હશે કે કુરૈશના જીર્ણ નેતૃત્વનો યુગ સમાપ્ત થઈ ગયો. હવે પ્રત્યેક દુષ્ટ બદુએ પણ સમજી લીધું હશે કે મુહમ્મદ ﷺ નો સંદેશ, જ્ઞાન, ચરિત્ર, જીવન, પ્રવૃત્તિ, વિકાસ, નિર્માણ, વ્યવસ્થા, શાંતિ, ન્યાય અને શક્તિથી સુસજ્જ કરવાવાળો સંદેશ છે અને જનમાનસે પોતાના દરવાજાઓની સાંકળો ખોલી દીધી હશે અને પોતાની બારીઓથી પરદાઓ હટાવી દીધા હશે, જેથી ઇસ્લામી આંદોલનના કિરણો અંદર આવી શકે.

ઉપરાંત, લશ્કરી કાર્યવાહીઓમાં સ્વયં ઇસ્લામનું આમંત્રણ પણ કામ કરી રહ્યું હતું. આ લડાઈઓ માત્ર તલવારો અને તીરોની લડાઈઓ નહોતી, બલ્કે આ આસ્થાઓ, વિચારધારાઓ અને ચરિત્રોની લડાઈઓ પણ હતી. આ લડાઈઓમાં મુસ્લિમ શક્તિ 'તકબીર' (અલ્લાહુ અકબર, અર્થાત્ અલ્લાહ મહાન છે)નો નારો લઈને પણ આવી હતી. તે રણમેદાનમાં પણ રુકૂઅ અને સિજદાઓનો શોખ પોતાના સાથે લાવી હતી. તે દુશ્મન વિરુદ્ધ જો પૂરેપૂરી શક્તિથી હુમલો કરતી હતી, તો બીજી બાજુ દુશ્મનની સામે તે પોતાના અલ્લાહ સમક્ષ આજીજીથી માથું મૂકતી હતી. પછી તેની નવા પ્રકારની શિસ્ત અને અનુશાસન હતું, અને તેના નિયમો હતા અને તેની વિશિષ્ઠ રીતભાત હતી. પછી તે શહાદત અને જન્નત અને અલ્લાહની પ્રસન્નતા તેમજ શાશ્વત જીવનની ધારણાઓ લઈને આવી હતી, જેમાં મસ્ત થઈને તેના સૈનિકો મૃત્યુની આંખોમાં આંખો નાખીને આગળ વધતા હતા અને હસતા-મલકાતા પોતાની જીવન-પૂંજી પોતાના ઉદ્દેશ્ય અને લક્ષ્યના ચરણોમાં ન્યોછાવર કરી દેતા હતા. પછી તેમની એક જ્વલંત યુદ્ધ-આચારસંહિતા હતી. બીજા લોકો સંગીતની લય પર હરકત કરતા હતા અને ઇસ્લામી આંદોલનના બહાદુરો કેવળ તૌહીદના ગીતની લયથી પ્રેરણા મેળવતા હતા. બીજા લોકો મદિરાપાન કરી-કરીને શુરવીરતાનું પ્રદર્શન કરતા હતા અને ઇસ્લામના સૈનિકો માત્ર કર્તવ્યની ભાવનાના પવિત્ર પીણાંથી તરબોળ થતા હતા. બીજા લોકો માલે-ગનીમતની લાલચ લઈને કૌશલ્ય દેખાડતા હતા અને માનવતાના ઉપકારક ﷺ ના અનુયાયીઓ ફક્ત અલ્લાહની પ્રસન્નતાની અભિલાષામાં ધૂળ અને લોહીમાં લથપથ થઈ જતા હતા. બીજા લોકો કોમ, કબીલા અને વંશની હિમાયતમાં બહેકીને આક્રમણ કરતા હતા, પરંતુ અલ્લાહના મુજાહિદો (અલ્લાહના માર્ગના યોદ્ધાઓ) કેવળ દીન અને સત્ય તેમજ સચ્ચાઈની હિમાયતમાં લડતા હતા. બીજા લોકો યુદ્ધ દરમ્યાન છેલ્લી કક્ષાની પાશવી કાર્યવાહીઓ કરતા હતા, જેમ કે વિરોધીઓને બાળી નાખવા કે બાંધીને મારવા, તેમના માર્યા ગયેલા લોકોની લાશોને વિકૃત કરવી, તેમની ખોપરીઓમાં દારૂ પીવો, કાળજું કાઢીને ચાવવું, સ્ત્રીઓ અને બાળકોને ઝબેહ કરવા, ગર્ભવતી મહિલાઓના પેટ ચીરવા; પરંતુ મુસ્લિમ શક્તિ એવી અનોખી સેના તૈયાર કરીને મેદાનમાં લાવી જે યુદ્ધમાં પણ માનવતાની નૈતિક સીમાઓનો આદર કરવાવાળી હતી, જેણે ન કોઈને પાશવી રીતે માર્યો, ન લાશોને વિકૃત કરી, ન સ્ત્રીઓ અને બાળકો પર પોતાની તલવાર ચલાવી; બલ્કે આ પાસાથી નીતિ-ભ્રષ્ટ વિરોધીઓના અતિરેકો પર ધૈર્ય કરીને પોતાના તરફથી સર્વોત્તમ નમૂનો પ્રસ્તુત કર્યો. બીજા લોકો કેદીઓની સાથે જાનવરો જેવો વ્યવહાર કરતા હતા, પણ મુસ્લિમ શક્તિએ તેમને પોતાના નાગરિકોની સાથે ભાઈ-

ભાઈ બનાવીને રાખ્યા. બીજા લોકો વચન આપીને અને કરાર કરીને ફરી જતા હતા, પણ મુસ્લિમ શક્તિએ અત્યંત સંવેદનશીલ પરિસ્થિતિમાં નુકસાન ઉઠાવીને પણ પોતાના વચન અને કરારનું પાલન કર્યું અને જો જવાબદારી લીધી તો તેનો હક્ક અદા કર્યો. બીજા લોકો પરાજિત શહેરોમાં ઘૂસીને નાગરિક આબાદીને અત્યાચારનો ભોગ બનાવતા હતા, પણ મુસ્લિમ શક્તિએ પોતાના સૈનિકોને હંમેશ માટે એ વાતથી રોકી લીધા કે ઘરોમાં ઘૂસીને કોઈ નાગરિકને મારવામાં ન આવે અને ન કોઈ અંગત સામાનને કબજામાં લેવામાં આવે, બલ્કે દુશ્મનની નાગરિક આબાદીથી બળજબરીથી ખાદ્ય-સામગ્રી પ્રાપ્ત કરવી પણ હરામ (અવૈધ) કરી દેવામાં અવ્યું. બીજા લોકો માટે લડાઈ એક દુન્યવી કાર્યવાહી હતી, પણ મુસ્લિમ સમુદાયે તેને અત્યંત ઉચ્ચ ઇબાદત ઠેરવી.

તદુપરાંત, માનવતાના ઉપકારક ﷺ ના આદેશથી બરાબર યુદ્ધભૂમિમાં પણ દુશ્મનની સામે ઇસ્લામનું આમંત્રણ પ્રસ્તુત કરવામાં આવતું હતું. ત્રણ માર્ગો વિરોધીઓ માટે ખુલ્લા રહેતા. એક, ઇસ્લામનો સ્વીકાર કરી લો અને ભાઈ-ભાઈ બની જાઓ; બીજો, રાજકીય પરાધીનતા કબૂલ કરી લો; ત્રીજો, યુદ્ધ-મેદાનમાં સામનો કરી લો. જો કે બીજાઓના ત્યાં આવું કોઈ સૈદ્ધાંતિક આમંત્રણ ન હતું. તેમના તરફથી બે જ રસ્તાઓ ખુલ્લા રહેતા કે પોતાને અમારા હવાલે કરી દો, અથવા યુદ્ધ-મેદાનમાં આવો.

બે શક્તિઓ વચ્ચે આ મોટો ફરક યુદ્ધ-મેદાનના લડનારાઓ સામે કેટલો સ્પષ્ટ થઈ જતો હશે અને આ ફરકથી માહિતગાર થઈને સમગ્ર આરબ-જગત પ્રભાવિત થતું હશે, અર્થાત્ મદીનાની ઇસ્લામી શક્તિનનું એક તરફ ઝડપથી વિકસિત થવું અને બીજી તરફ પોતાના ચરિત્રથી પોતાની વિચારધારાની સચ્ચાઈ અને સર્વોચ્ચતાને સાબિત કરવું, એ બમણી અસરો હતી, જે લશ્કરી કાર્યવાહીઓ દ્વારા જનમત પર નિરંતર ઊભી થતી રહી. આ અસરોએ જેમ-જેમ ઇસ્લામના આમંત્રણ માટે માર્ગ અનુકૂળ કર્યો, લોકો ઇસ્લામથી જોડાતા ગયા. આ અસરો હુદૈબિયાની સંધિ પછી ખૂબ સ્પષ્ટ થઈ ગઈ હતી, તેથી આ કાળમાં ઇસ્લામ તરફ લોકો ઝડપથી વધ્યા. વધુમાં, મક્કા-વિજય પછી આ અસરો સંપૂર્ણપણે છવાઈ ગઈ. તેથી આખે-આખો આરબ-પ્રદેશ એકી સાથે ઇસ્લામી આંદોલનની કૃપા હેઠળ આવી ગયો. આ બંને કાળમાં સામાન્ય લોકોએ જે ઝડપથી પોતાને ઇસ્લામના હવાલે કર્યા છે, તેને જોઈને એ હકીકત સમજમાં આવે છે કે કુરૈશનું નેતૃત્વ પ્રજાના માર્ગમાં કેટલી મોટી રુકાવટ હતું અને આ રુકાવટ દૂર થતાં જ વૈચારિક ક્રાંતિ ઉદ્ભવી. જ્યાં પણ કોઈ વર્ચસ્વશાળી વર્ગ આ રીતે રુકાવટ બનીને ઊભો રહે છે, ત્યાં સામાન્ય પ્રજામાં

ઉપદેશ અને શિખામણની અસર મોટા પ્રમાણમાં ક્યારેય ઊભી થઈ શકતી નથી. સામૂહિક વાતાવરણને બદલવા માટે અત્યંત આવશ્યક છે કે આવી રુકાવટોને દૂર કરવામાં આવે અને તેના માટે સંપૂર્ણ રાજકીય સંઘર્ષ કરવામાં આવે. ઇસ્લામી આમંત્રણની પરિપૂર્ણતા રાજકીય સંઘર્ષની પરિપૂર્ણતા પર જ આધારિત હોય છે.

રાજ્ય સ્વયં ક્રાંતિ-ગુરુ હતું !

પછી, જે વિસ્તારો, સંબંધિત કબીલાઓના ઇસ્લામ-સ્વીકારથી, સંધિ-સંબંધો સ્થાપિત કરવાથી કે રાજકીય અનુસરણ સ્વીકારવાથી મદીનાના ઇસ્લામી રાજ્યના આધીન આવ્યા હતા, તેમને એમ-ને-એમ છોડી દેવામાં આવતા નહોતા કે તેઓ ગમે તે સ્થિતિમાં પડ્યા રહે અને ગમે તે વિચારો અને ચરિત્ર તેમનામાં પ્રચલિત થાય એ થતા રહે, બલ્કે તેમના સુધી આમંત્રણ પહોંચાડવા અને તેમના શિક્ષણ-પ્રશિક્ષણ માટે અસરકારક પ્રબંધ કરવામાં આવતો. મામલો કેવળ એટલો ન હતો કે બળપ્રયોગ કરીને કોઈ વિસ્તારને આધીન કરી લેવામાં આવ્યો અને પછી માણસોને અંદરથી બદલ્યા વગર ઘેટા-બકરાઓના રેવડની જેમ હાંકતા ફરવામાં આવે. જો દરેક વસ્તુ તલવારથી મનાવી લેવામાં આવતી અને દરેક પરિવર્તન ડંડાના જોરે કરવામાં આવતું, તો આ બળજબરી ચાર દિવસ ચાલી શકતી હતી, પરંતુ હૃદયો બળવો કરવા તૈયાર થઈ જતા અને પછી લોકોની વિમુખતાનો લાવારસ ફાટતો તો બધું કર્યું-કરાવ્યું નષ્ટ થઈ જતું. શક્તિના ઉપયોગનો ભાગ ઇસ્લામી આંદોલનના કામમાં બીજી કોઈપણ વ્યવસ્થાની સરખામણીએ ખૂબ જ નાનકડો હતો, તેમજ આમંત્રણ અને શિક્ષા-પ્રશિક્ષાનું તત્ત્વ વધારે છવાયેલું હતું.

સૈદ્ધાંતિક વિચારધારાઓ પર સ્થાપિત થનાર રાજ્યો પોતાનામાં પ્રચારનો આત્મા રાખે છે અને તેમની બધી પ્રવૃત્તિઓમાં સૌપ્રથમ ધ્યેય એ હોય છે કે પ્રજાના હૃદયો આ સિદ્ધાંત અને આસ્થાને સમજે અને નિખાલસતાથી તેનો સ્વીકાર કરે, જેના પર જીવન-વ્યવસ્થાનો આધાર છે. તેમના તમામ વિભાગોએ પોતાના વિશિષ્ઠ કાર્યોની સાથે-સાથે આ મુખ્ય કર્તવ્યને પણ અદા કરવાનું હોય છે. આવા રાજ્યો પ્રત્યેક એવી અત્યંત લાભપ્રદ વસ્તુને પણ રદ કરી નાખશે, જે તેમની પાયાની વિચારધારાને હાનિ પહોંચાડે અને પ્રત્યેક એવી હાનિકારક સ્થિતિને પણ અપનાવી લેશે, જે લોકોના મનમાં પાયાના સિદ્ધાંતને સુદૃઢ કરે. તેમના સામે તમામ હેતુઓમાંથી સૌથી વધારે મહત્ત્વનો હેતુ એ જ હોય છે કે નાગરિકો નવી વ્યવસ્થાના આત્માની સાથે સુસંગત થઈ જાય અને સુસંગત રહે અને તેના હાથ-પગ બનીને પોતાની આંતરિક ભાવનાથી કરવાના કામ કરે અને નાશ કરવાની વસ્તુઓનો નાશ કરે.

આમ, મદીનાના ઈસ્લામી રાજ્યએ એક તરફ તો એ પ્રબંધ કર્યો કે અત્યંત કઠિન યુદ્ધ-સ્થિતિમાં પણ સંલગ્ન વિસ્તારોમાં ઈસ્લામનું આમંત્રણ આપનાર અને પ્રચાર કરનાર પ્રતિનિધિ-મંડળો રવાના કર્યા. ઓછામાં ઓછા ચાર પ્રસંગો એવા છે કે જેમાં મદીનાથી જવાવાળા સત્યના આવાહકોને દુષ્ટ તત્ત્વોએ શહીદ કરી નાખ્યા. ઈસ્લામના આમંત્રણના માર્ગમાં અત્યંત મજલૂમીની સાથે શહીદ થવાવાળાઓની સંખ્યા કંઈ ઓછી ન હતી. આ સંખ્યા બદ્રના યુદ્ધ, ઉહદના યુદ્ધ અને ખંદકના યુદ્ધમાં કુલ મુસ્લિમ શહીદોથી વધારે હતી. જે હોય તે, આ અત્યંત સંવેદનશીલ અને મુશ્કેલ પરિસ્થિતિ (Emergency)માં પણ આ પાયાના કર્તવ્યથી ગફલત કરવામાં ન આવી, બલ્કે બલિદાનો આપીને તેને ચાલુ રાખવામાં આવ્યું. વધુમાં, કેટલાક સહાબીઓને મદીનામાં થોડુંક પ્રશિક્ષણ આપીને તેમના જ કબીલાઓમાં આવાહક રૂપે નિયુક્ત કરી દેવામાં આવ્યા. આવા કેટલાક નામો અમારા સામે છે : (૧) તુફૈલ બિન ઉમરૂ દૌસી ﷺ (ઔસ કબીલો) (૨) ઉરવા બિન મસ્ઊદ (સકીફ) ﷺ (૩) આમિર બિન શહ્રૂર (હમદાન) ﷺ (૪) ઝમામ બિન શોઅલ્બા (બનૂ સઅદ) ﷺ (૫) મન્કઝ બિન હબાન (બહરૈન) ﷺ (૬) સમામા બિન અસાલ ﷺ (નજદ). આ ઉપરાંત, કેટલાક કબીલાઓ કે વ્યક્તિઓ તરફ વિશિષ્ઠ આવાહક સહાબીઓને નિયુક્ત કરીને રવાના કરવામાં આવ્યા, જેમ કે - હઝરત અલી ﷺ ને હમદાન, હઝીમા અને મઝહજ તરફ, મુગીરા બિન શોઅૂબા ﷺ ને નજરાન તરફ, વબ્ર બિન નખીસ ﷺ ને ઈરાનના રહેવાસીઓ (ઈરાનના શ્રીમંતો, જેઓ યમનમાં સ્થાયી થયા) તરફ, મહિસા બિન મસ્ઊદ ﷺ ને ફિદક તરફ, અહનફ ﷺ ને સલીમ કબીલા તરફ, ખાલિદ બિન વલીદ ﷺ ને મક્કાના વિસ્તાર તરફ, અમ્ર બિન આસ ﷺ ને ઓમાન તરફ અને મુહાજિર બિન અબી ઉમય્યા ﷺ ને હારિસ બિન કલાં યમનના રાજકુમાર તરફ રવાના કરવામાં આવ્યા.

પરંતુ આનાથી પણ મોટા પ્રમાણમાં ઈસ્લામી રાજ્યએ પોતાના નાગરિક અધિકારીઓથી ઈસ્લામના પ્રચાર અને ઈસ્લામી આંદોલનના પ્રસારની સેવા લીધી. ઈસ્લામી રાજ્યના અધિકારીઓ કંઈ નોકરી કરનાર લોકો ન હતા, અને ન તેઓ રોટી કમાવાના વિચારથી ભરતી થતા હતા. ત્યાં તો ઉદ્દેશ્ય કેવળ અલ્લાહના બોલને સર્વોચ્ચ કરવાનો અને માનવોને ભલાઈના માર્ગ પર લઈ આવવાનો હતો. આ કાર્ય પગારના પૂજારીઓએ કરવાનું કામ ન હતું, આ તો માત્ર એ જ્યોતિર્મય ક્રાંતિના નિઃસ્વાર્થ સેવકોની જ અભિરુચિની વસ્તુ હોઈ શકતી હતી, અને તેમના જ હસ્તે આ થઈ પણ શકતું હતું. તે લોકો ન તો કોઈ હોદ્દાની લાલચ રાખતા હતા અને ન ગ્રેડ અને પ્રમોશનના ચક્કરમાં પડતા હતા. તેમને તો હોદ્દાઓ સ્વયં પોકારતા હતા અને

કર્તવ્યો સ્વયં ચૂંટી-ચૂંટીને બોલાવતા હતા, અને જીવન-યાપનના મહેનતાણા પર તેમના પાસેથી ઉચ્ચ પ્રકારની સેવાઓ લેવામાં આવતી હતી. અહીં એક ઉદાહરણ પૂરતું હશે. હઝરત ઇતાબ બિન ઉસૈદને મક્કાના ગવર્નર નિયુક્ત કરવામાં આવ્યા, તો એક દિરહમ દૈનિક મહેનતાણું નક્કી કર્યું. આ ગવર્નરે પ્રવચનમાં સ્વયં કહ્યું કે, ''અલ્લાહ એ વ્યક્તિને ભૂખ્યો રાખે, જે એક દિરહમ દૈનિક મેળવીને પણ ભૂખ્યો રહ્યો.'' (ઇબ્ને હિશામ) આ લોકો પોતાની આસ્થા અને પોતાની પ્રિય વ્યવસ્થાના આવાહકો પહેલા હતા અને બીજું કંઈ તેના પછી હતા. બસ, મદીનાનું રાજ્ય જે લોકોને પણ કોઈ જગ્યાએ ગવર્નર, ન્યાયાધીશ, મહેસૂલ અધિકારી અને કોષાધ્યક્ષ નિયુક્ત કરતું હતું, તે પોત-પોતાના કાર્ય-ક્ષેત્રમાં તૌહીદના આવાહકો, ઇસ્લામના શિક્ષક અને સામાન્ય લોકોની નીતિમત્તાના ઘડવૈયા પણ હતા. આ મહાનુભાવોને જ્યારે તેમની ફરજોથી માહિતગાર કરવામાં આવતા હતા, તો તે વખતે હુઝૂર ﷺ આ મૂળભૂત કર્તવ્ય અંગે પણ તેમનું ધ્યાન દોરતા હતા. જેમ કે - હઝરત મઆઝ બિન જબલ رضي الله عنه ને જનદ (યમન)માં નાણાકીય, વહીવટી અને અદાલતી ફરજો સોંપીને અધિકારી તરીકે નિયુક્ત કર્યા, તો તેમને એ તાકીદ કરી કે, ''લોકોને કુર્આનનું શિક્ષણ આપો અને તેમને ઇસ્લામના આદેશો શીખવાડો.'' પછી તેમને એહલે કિતાબ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ)ને ધ્યાનમાં રાખીને વિસ્તૃત રીતે આમંત્રણની શૈલી સમજાવી કે તેમને તૌહીદનું આમંત્રણ આપજો. તેને માને તો પછી નમાઝ માટે કહેજો અને તે પછી ઝકાત માટે. આ જ અધિકારીઓ મોટાભાગે પોતાના મુખ્યાલયમાં નમાઝના ઇમામ પણ હતા. અલબત્ત, મોટી વસ્તીઓમાં જ્યાં ફરજોની વહેંચણી અનિવાર્ય જણાતી, ત્યાં વહીવટી અધિકારીઓની સાથે સ્થાયી રૂપે નમાઝના ઇમામની નિમણુંક પણ કરવામાં આવતી. જેમ કે - ઇતાબ બિન ઉસૈદ મક્કામાં, ઉસ્માન બિન અબી અલ-આસ તાઈફમાં અને અબૂ ઝૈદ અન્સારી ઓમાનમાં નિયુક્ત થયા.

વહીવટી અધિકારીઓની સંખ્યા ઘણી વધારે છે, તેથી અમે અહીં યાદી નથી આપી રહ્યા. પરંતુ આ સંખ્યાને જોવામાં આવે અને તેના સિવાય નિયુક્તિના વિસ્તારને જોવામાં આવે, તો સમજમાં આવે છે કે ઇસ્લામી રાજ્યની વહીવટી સેવાઓએ ઇસ્લામના પ્રકાશને ફેલાવવામાં કેટલું મોટું કામ કર્યું હશે. વધુમાં, આ સત્યના આવાહકો પોતાના અધિકારીના હોદ્દામાં એ સામાન્ય પ્રચલનથી તદ્દન ભિન્ન હતા, જે તે વખતે ફેલાયેલ હશે; ન એ અલ્લાહથી નિડરતા, ન એ ઠાઠમાઠ, ન એ બળજબરી અને અત્યાચાર, ન પ્રજાથી દૂર-દૂર રહેવું, ન લોકોની જરૂરિયાતો અને હાજતોથી બેદરકારી, ન હટો-બચોના અવાજો, ન દરવાનો અને છડીદારોનો શોરબકોર, ન મહેલો અને કોઠીઓ, ન જપ્તી, ન લાંચ-રુશ્વત, ન ખુશામદખોરોનું

ટોળું, ન આંધળી પ્રશંસા, ન શરાબોનો દોર, ન સંગીતની સુરાવલિઓ, ન નૃત્યાંગનાઓની ટોળીઓ — આ વહીવટી અધિકારીઓ તદ્દન નવા પ્રકારના અધિકારી હતા. આ હાકેમો નવા પ્રકારના હાકેમ હતા. લોકો માટે તેમની સરકારનો અનુભવ તદ્દન નવો અનુભવ હતો. ઓછું મહેનતાણું લેવાવાળા, સાદગીભરી રહેણી-કરણીવાળા, પ્રમાણિકતાથી કર્તવ્યો અદા કરવાવાળા, પ્રજા સાથે દયા અને સ્નેહભર્યું વર્તન કરવાવાળા, નિષ્પક્ષ ન્યાય પર ચાલવાવાળા, અને વધુમાં પોતાના અલ્લાહના સાચા ભક્ત — આ સત્તાધીશોનું આ નવું ચરિત્ર હૃદયોને મોહિત કરી-કરીને નજીક લાવતું હશે, અને પછી જ્યારે આ લોકો સચ્ચાઈનો સંદેશ સંભળાવતા હશે, તો તે સીધો હૃદય સોંસરવો ઊતરી જતો હશે. આમ, એ વાસ્તવિકતા છે કે હઝરત અબૂ મૂસા અશ્અરી ﷺ ને ઝુબૈદ અને એડન વિસ્તારના હાકેમ નિયુક્ત કરવામાં આવ્યા, તો તેમના આમંત્રણથી ત્યાંના બધા લોકો ખૂબ ઝડપથી મુસલમાન થઈ ગયા. એ જ પ્રમાણે હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બિજલી ﷺ ને યમનના શાહી પરિવારથી સંબંધ રાખવાવાળા હમીર લોકો (ઝૂલ-કલાઅ હમીરી) પર અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે એટલી મોટી અસર ઊભી કરી કે તે લોકો ઇસ્લામી આંદોલનમાં સામેલ થયા અને આ જ ખુશીમાં તેમણે ૪૦ હજાર ગુલામોને સ્વતંત્ર કરી દીધા.

આમ, રાજ્યના વહીવટી વિભાગો એવી ઉત્સુકતા અને સહાનુભૂતિથી નિરંતર કામ કરી રહ્યા હતા તેનું અને વ્યાપક પ્રમાણમાં શૈક્ષણિક અભિયાનનું એ પરિણામ હતું કે આરબોની દૂર-સુદૂરની વસ્તીઓમાં માત્ર રાજકીય નહીં, વૈચારિક અને હૃદયની ક્રાંતિ સર્જાતી ગઈ અને તેના સાથે નૈતિક રીતે કાયાપલટ થઈ ગઈ. છેવટે આરબ પ્રદેશનો માણસ બદલાઈને નવા રૂપમાં ઊભર્યો.

પ્રજાનું આર્થિક કલ્યાણ

મોટાભાગના આરબ પ્રદેશના બદ્દુ (આરબ ગ્રામવાસી)ઓ તો સામાન્ય રીતે તદ્દન ગરીબ હતા અને મોટાભાગે રણવાસી કબીલાઓ વિચરતા રહેતા અને પશુઓથી પ્રાપ્ત થતી થોડી આવકની સાથે સશસ્ત્ર લૂંટમારનો વ્યવસાય અપનાવી લેતા. શહેરોથી દૂર બદ્દુ આરબોના સ્થાયી કબીલાઓની સ્થિતિ પણ તંગ હતી. તેમના અંદરના શેખો અને સરદારો આર્થિક મહેનતના મોટાભાગના ફાયદાઓ ઝુંટવી લેતા. શહેર હતા જ કેટલા ! — મક્કા, મદીના, તાઈફ, સન્આ, હઝરમૌત — વગેરે. વળી આ પણ મોટા શહેરો ન હતા, નાની વસ્તીઓ હતી. આ નાની વસ્તીઓ સર્વાંગીરૂપે ખુશહાલ હતી. પરંતુ સ્વયં તેમાં પણ ઉચ્ચ અને નિમ્ન વર્ગો

હતા. ઉચ્ચ વર્ગો નિમ્ન વર્ગોથી પણ તેમના હક્કો મારી ખાતા હતા. મદીનામાં યહૂદીઓએ વેપાર અને ખેતીવાડીની સાથે-સાથે વ્યાજની જાળ બિછાવી રાખી હતી. એ જ પ્રમાણે મક્કા અને તાઈફના મોટા-મોટા ધનવાન લોકો પણ બીજા સાધનોની સાથે-સાથે મહાજન (ધીરધાર)નો કારોબાર કરતા હતા. ઉપરના અમુક પરિવારોના નિરર્થક ખર્ચની સ્થિતિ એ હતી કે દારૂ પીને ઇચ્છે તો પચાસ ઊંટોના ગળા કાપી નાખે અને પછી ઉદારતાનો સિક્કો જમાવે. નાચ-ગાન, ઇશ્કબાજી, બદકારીઓ-વ્યભિચાર વગેરે તેમની સભ્યતાના લાક્ષણિક પાસાઓ હતા. પરંતુ બીજી બાજુ આરબ પ્રજાની હાલત એ હતી કે પેટની આગ ઓલવવા માટે ઘો સુદ્ધાંનો શિકાર કરતા. તીડોના ટોળા આવતા તો તીડ ખાતા. ગરોળીઓને પણ ખાઈ જતા. મૃત જાનવરોનું માંસ અને થીજાવીને સૂકવી નાખેલું લોહી તેમજ સૂકાયેલા ચામડાને શેકી નાખતા. જીવતા પ્રાણીના શરીરના ટુકડાઓ કાપીને ખાઈ લેતા. મૂળથી હલાલ-હરામ (વૈધ-અવૈધ) તથા પવિત્ર અને ઘૃણિતનો ભેદ જ ન હતો. રોટી, કપડાં અને મકાનનો જ પ્રશ્ન ઉકેલાતો ન હતો, તો શિક્ષણ, સ્વાસ્થ્ય અને તેનાથી ઉપરની સમસ્યાઓની તો શું વાત ! ઇલાજ માટે ત્યાં મૂર્તિઓ સમક્ષ પ્રાર્થનાઓ કરવામાં આવતી અને અમુક જાદુ-ટોણા અને મંત્ર-વિદ્યા ચાલતી હતી, અને જ્યોતિષીઓ અને ભવિષ્યવેત્તાઓને લહેર પડી જતી હતી. શિક્ષણ તદ્દન નહિવત પ્રમાણમાં શહેરોના માત્ર ઉચ્ચ પરિવારોમાં પણ અમુક જ વ્યક્તિઓને પ્રાપ્ત થતું. બાકી આખો આરબ પ્રદેશ જે કંઈપણ જ્ઞાન પ્રાપ્ત કરતો હતો, પોતાના દૈનિક વ્યવહારૂ જીવનના મદ્રસાથી પ્રાપ્ત કરતો હતો. આમ, ત્યાંની એક મૂળભૂત અને નક્કર સમસ્યા રોટીની હતી. જે કોમની મોટી બહુમતી હર પળ ‘ખાઈશું શું’ના પ્રશ્નનો વિચાર કરતી રહે, તેને ન તો ઉચ્ચતમ્ હકીકતોની રુચિ આપી શકાય છે અને ન તે મોટા-મોટા ઉદ્દેશ્યો માટે કોઈ મહાન કાર્ય કરી શકે છે. કોઈ વિચારધારા આર્થિક વંચિતતાની ખાઈમાં પડેલાઓને જો સહારો આપીને ઉપર ન ઉઠાવી શકતી હોય અને તેમની પરોણાગત માત્ર ઉપદેશોથી કરે, તો ક્યારેય મોટા પ્રમાણમાં તે પ્રજાને ગતિશીલ કરી શકતી નથી. ભલે તે તલવારના જોરે પોતાનું રાજ્ય પણ સ્થાપિત કરી લે, પરંતુ એ રાજ્ય જીવનની પ્રાથમિક આર્થિક સમસ્યાનો કોઈ ઉકેલ ન આપી શકે, તો આ પરિસ્થિતિમાં નર્યા નૈતિક અર્થમાં નિર્માણ અને સુધારણાનો સ્વીકાર કરવા માટે સામાન્ય લોકો ક્યારેય તૈયાર નથી થઈ શકતા, બલ્કે આવા નિર્માણ અને સુધારણાને એક મુસીબત અને યાતના સમજીને તેનાથી છુટકારો મેળવવા માટે બેચેન થઈ જાય છે. માનવતા સત્ય-વિચારધારાથી ત્યારે જ જીતાય છે, જ્યારે તે આખિરતની સાથે દુનિયાને પણ સુધારે અને નૈતિક સુધારણાની સાથે આજીવિકાના પ્રશ્નનો પણ ઉકેલ લાવે. લોકો

એ જ શક્તિની જીભથી ઉપદેશો સાંભળીને પ્રભાવિત થાય છે, બલ્કે તેના સજાના ડંડાઓના પ્રહારો પણ રાજી-ખુશીથી સહન કરી લે છે, જેના હાથોથી તેની આજીવિકાની સમસ્યાનું તાળું ખુલે. જે રીતે માત્ર રોજીના પ્રશ્નને લઈને ઉઠવું માનવતાને નૈતિક રીતે વિનાશમાં નાખે છે, એ જ રીતે નૈતિક સુધારણાના કાર્યને જીવનના આર્થિક તકાદાઓથી અલગ કરીને લેવું મૂળથી નૈતિક સુધારણાને જ નિષ્ફળ બનાવી દે છે. ઇસ્લામ બંને જરૂરતોનું સંમિશ્રણ છે. માનવતાના ઉપકારક ﷺ એ જે આંદોલન ચલાવ્યું તે જ્યાં હૃદયોને ઈમાનનો પ્રકાશ અને આત્માઓને નૈતિક મૂલ્યો પ્રદાન કરે છે, ત્યાં તે પેટ માટે રોટી ઉપલબ્ધ કરવા માટે પણ સર્વોત્તમ ઉપાયો કરતું હતું. તદ્દન શરૂઆતમાં જ ઇસ્લામના સંક્ષિપ્ત નૈતિક નિયમોમાં 'اطعام مساکین' (ગરીબોને ભોજન કરાવો)ને મહત્ત્વનું સ્થાન છે અને પછી અનાથો અને વિધવાઓ અને મુસાફરોની દેખભાળ કરવી દરેક મુસલમાન પર અનિવાર્ય હતું.

આરબ જેવા ઓછું ઉત્પાદન ધરાવતા દેશમાં ધનદોલત – સોનાચાંદીના રૂપમાં પણ, ચીજવસ્તુઓના રૂપમાં પણ, ખેતીની જમીનોના રૂપમાં પણ અને ઢોરઢાંખરના રૂપમાં પણ — ખૂબ જ સીમિત વર્ગોમાં સમેટાયેલ હતી. ધનદોલતના આ ઝરણાઓ અને તળાવોના બંધને તોડીને તેને પ્રજાના વર્ગો તરફ વહેણમાં લાવવું ખૂબ જ જટિલ પ્રશ્ન હતો અને આ પ્રશ્નને હલ કર્યા વગર જીવનના મોટા-મોટા મામલાઓને વ્યવસ્થિત કરવા સંભવ ન હતું. ઇસ્લામના આર્થિક કાનૂનો (જે ક્રમશઃ અવતરિત થયા) એક મધ્યમ સ્થિતિમાં તો ધનદોલતને ફરતી રાખવા માટે તદ્દન પૂરતા હતા. પરંતુ આ કાનૂનોને લાગુ કરવાથી પણ પહેલા મોટો પ્રશ્ન ધનદોલતના એ સ્રોતોનો હતો, જે આરબ પ્રદેશના રણમાં જોવા મળતા હતા. આ મુશ્કેલ પ્રશ્ન જિહાદની પ્રવૃત્તિથી આપોઆપ એટલી સારી રીતે હલ થયો કે કોઈ અન્ય વૈકલ્પિક ઉપાય વડે આટલી સફળતાપૂર્વક ભાગ્યે જ હલ થઈ શક્યો હોત.

દુનિયાના કોઈપણ ધાર્મિક અને અધાર્મિક કાનૂનોમાં — એ યુગથી લઈને વર્તમાન યુગ સુધી — પરાધીન દુશ્મનના શસ્ત્રો અને માલ-સામગ્રીને માલે-ગનીમત (યુદ્ધ-પશ્ચાત્ મળેલ માલ-સામાન) સ્વરૂપે કબજામાં લઈ લેવું એક અબાધિત હક્ક રહ્યો છે. યુદ્ધ અટકાવવા માટે માનવીઓની હત્યાથી વધારે સફળ યુક્તિ એ છે કે પ્રતિસ્પર્ધીને શસ્ત્ર-સરંજામ, માલ-સામાન અને ખાદ્ય સામગ્રીથી વંચિત કરી દેવામાં આવે, એકંદરે તેની યુદ્ધ-શક્તિને નબળી કરી નાખવામાં આવે. ઇસ્લામે પણ 'ગનીમત'નો હક્ક યથાવત રાખ્યો અને તેના માટે પોતાના વિશિષ્ઠ નૈતિક નિયમો લાગુ કરી દીધા.અહીં અમે કોઈ વૈચારિક ચર્ચા નથી કરી શકતા. પરંતુ વ્યવહારૂ રીતે આ હક્ક હેઠળ મદીનાની ઇસ્લામી સેનાએ ઠેક-ઠેકાણે સમેટીને રાખવામાં આવેલ

ધન-સંપત્તિને કેદમાંથી કાઢી અને ફરતી કરી. યહૂદી વ્યાજખોરોની દોલત જે લોકોનું શોષણ કરીને એકઠી કરેલી હતી, 'ગનીમત'ના કાનૂન હેઠળ ફરતી થઈ. સકીફવાળાઓનું ધન તેમના કબજામાંથી કાઢ્યું અને આખા આરબ પ્રદેશમાં ફરતું થયું. આ રીતે મદીનાના આસપાસના જે-જે દુષ્ટ કબીલાઓએ બળવો કર્યો, તેમના શેખો અને ધનવાનોના માલ-સામાનનો મોટો હિસ્સો ઇસ્લામી સેનાએ તેમના કબજામાંથી કાઢ્યો અને ફરતો કર્યો.

અજ્ઞાનતાની રીત 'માલે ગનીમત' વિશે એ હતી કે મેદાનમાં જેના હાથમાં આવે, તે લઈ જાય. કોઈએ ચોરી કરી લીધી, કોઈએ ધોકો આપ્યો અને પછી જે જેટલો વધારે મોટો અને બળવાન હોય તેણે પોતાની મોટાઈની ધોંસથી એટલો જ વધારે ભાગ છીનવી લીધો અને જે સૌથી વધારે ઉત્તમ હતું તે લઈ લીધું. તેના સામે ઇસ્લામની યુદ્ધ વ્યવસ્થા તદ્દન નવી નૈતિકતા સાથે લાવી. તેના હેઠળ બધો માલ-સામાન, એક-એક સોઈ અને એક-એક પૈસો એકત્ર થઈ ગયા પછી કમાન્ડરના આદેશથી વહેંચવામાં આવતો. વધુમાં, તેમાંથી ૨૦% ભાગ ઇસ્લામી રાજ્ય-કોષમાં જતો અને મોટાભાગે ગરીબો અને જરૂરતમંદ વર્ગો સુધી પહોંચાડવામાં આવતો. આ રીતે દેશના ધનમાં એક સામાન્ય ગતિ આવી ગઈ અને પાછળથી જેમ-જેમ આર્થિક કાનૂનો લાગુ થતા ગયા તેના પ્રવાહને નિયમોને આધીન કરી લેવામાં આવ્યો.

પછી, ઇસ્લામી રાજ્યએ તમામ એ વર્ગો પાસેથી, જેઓ જમીનો, ઢોરઢાંખર કે વેપારી માલ-સામાનના માલિક હતા, મુસ્લિમ હોવાની સ્થિતિમાં તેમના પાસેથી ઝકાત (અનિવાર્ય ધર્મ-દાન) અને બિનમુસ્લિમ હોવાની સ્થિતિમાં તેમના પાસેથી 'ખિરાજ' (મહેસૂલ) અને 'જિઝ્યા' (રક્ષા-કર)ની આવકો પ્રાપ્ત કરી અને આ આવકો (વિશેષરૂપે ઝકાત)નો એક મોટો ભાગ ગરીબ વર્ગો માટે વિશિષ્ઠ કરી દીધો. દર વર્ષે અનાજ અને ખજૂરો અને ઢોરઢાંખરનું મોટું પ્રમાણ અમીરોથી ગરીબો તરફ સ્થળાંતર થવા લાગ્યું.

વળી, આર્થિક સમસ્યાને માત્ર કાનૂનના બળે જ હલ કરવામાં ન આવી, બલ્કે નૈતિક માધ્યમોથી પણ તેને ઉકેલવાનો ઉપાય કરવામાં આવ્યો. મદીનાના મુખ્ય સમાજમાં સામાજિક સમાનતાની સાથે આર્થિક ભાઈચારા (Economic Brother-hood)નો અત્યંત સફળ અનુભવ માનવતાના ઉપકારક ﷺ એ દુનિયા સમક્ષ પ્રસ્તુત કર્યો. આખો આરબ પ્રદેશ જોઈ રહ્યો હતો કે ઘરોથી ઉજડી ગયેલા લોકો, જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓથી વંચિત ગુલામો, ભૂખમરો વેઠતા આરબ ગ્રામ-વાસીઓ અને અલ્લાહ માટે બધું ત્યજીને આવેલા યુવાનો જ્યારે ઇસ્લામની દયાની છત્રછાયા હેઠળ આવી જાય છે, તો એક તરફ તો તેઓ મોટા-

મોટા પરિવારોના ભદ્ર લોકોથી ખભે-ખભા મેળવીને ઊભા હોય છે અને પછી કેટલી નિડરતાથી અહંકારી વિરોધીઓને પડકારે છે અને બીજી તરફ તેમની તમામ પરેશાનીઓ દૂર થવા લાગે છે, ઠેકાણું પણ મળી જાય છે અને રોજગાર પણ ઊભા થઈ જાય છે, શસ્ત્રો પણ ઉપલબ્ધ થઈ જાય છે, સવારી પણ ક્યારેક મળી જાય છે, અને નિકાહ માટે રસ્તાઓ નીકળી આવે છે. વધુમાં, ઇસ્લામની ભાઈચારાની વ્યવસ્થાની આ બરકત કેવળ મદીના સુધી જ સીમિત ન હતી, બલ્કે ચારે તરફ ધીમે-ધીમે ફેલાવા લાગી અને એક દિવસ એવો આવ્યો કે આખો આરબ પ્રદેશ તેનાથી સમાનરૂપે લાભાન્વિત થયો.

આ સમાજિક સમાનતા અને આર્થિક ભાઈચારાની નવી વ્યવસ્થાને આરબ લોકો દૂરથી એવી રીતે અનુભવી રહ્યા હશે, જાણે આકાશી દુનિયાની કોઈ જન્નત હોય, જેમાં તૌહીદની આસ્થાની ચાવીથી પ્રવેશ મળે છે ! છેવટે એ સામાજિક અને આર્થિક અહંકાર અને મગરૂરી હેઠળ પીસાતા લોકો કેવી રીતે આશા નહી કરતા હોય કે તેમને પણ આ જન્નતમાં જગ્યા મળે !

માનવતાના ઉપકારક ﷺ એ આરબ પ્રદેશના સામાન્ય માણસની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને અંગત રીતે પણ બેહદ દાન અને સખાવતનું પ્રદર્શન કર્યું અને રાજ્યના વડાની હેસિયતે પણ ખૂબ ઉદારતાપૂર્ણ અને દયાની નીતિ અપનાવી. અંગત સંપત્તિમાં ક્યારેય કોઈ ધન જમા રહેવા ન દીધું. બલ્કે તેને સ્થાનિક જરૂરતમંદો અને બહારના માગનારાઓમાં વહેંચી નાખ્યું. સત્તાધીશની હેસિયતે બૈતુલ-માલ (રાજ્ય-કોષ)માં ક્યારેય કોઈ રકમ પડી રહેવા ન દીધી, બલ્કે જ્યારે કોઈ જરૂરતમંદ સામે આવ્યો, તો જે કંઈ શક્ય બન્યું તેને અપાવ્યું. હુઝૂર ﷺ ની નજરમાં ખરું મહત્ત્વ માનવીનું હતું અને... ધનદોલતને માનવીની સેવિકા ઠરાવી. હદ તો એ હતી કે ક્યારેક બૈતુલ-માલ અને અંગત મિલ્કતમાંથી કંઈ ન થયું તો માગનારાઓને મદદ માટે કરજ સુદ્ધાં લીધું. (સિમાઈલે તિરમિઝી) દૂર-દૂરથી મુસીબતના માર્યા ગ્રામ-વાસીઓ અને રણવાસીઓ આ ઉદારતાની ચર્ચા સાંભળીને આવતા અને આ સખાવતની નદીમાંથી પ્યાલાઓ ભરી-ભરીને વિદાય થતા. મશહૂર પ્રસંગ છે કે એક વાર એક બદ્દુ આવ્યો અને હુઝૂર ﷺ ની ચાદર ખેંચીને અકડાઈથી કહેવા લાગ્યો, "મુહમ્મદ (ﷺ) ! આ માલ ખુદાનો છે, તમારે કંઈ તમારા માલમાંથી કે તમારા બાપના માલમાંથી નથી આપવાનું. લાવો, એક ઊંટ ભરીને માલ ચઢાવી આપો." દયાની આ પ્રતિમા ﷺ એ થોડીક વાર પછી શાંતિથી ફરમાવ્યું, "ચોક્કસ, આ માલ ખુદાનો છે અને હું તેનો ગુલામ છું." પછી આદેશ કર્યો કે એક ઊંટ ભરીને જવ અને એક ઊંટ ભરીને ખજૂરો બદ્દુને આપી દો. તે ખુશી-ખુશી વિદાય થયો. એક વાર

બહરૈનથી ખિરાજ (મહેસૂલ)નું પુષ્કળ ધન આવ્યું કે તેનાથી વધારે માલ ક્યારેય રાજ્યની રાજધાનીમાં આવ્યો ન હતો. હુઝૂર ﷺ એ મસ્જિદના આંગણામાં તેનો ઢગલો કરાવ્યો અને પછી જે કોઈ આવતું ગયું, તેને આપતા ગયા, ત્યાં સુધી કે કપડા ખંખેરીને ઉઠ્યા, અને પછી ઘર પધાર્યા. ઉદારતા અને દાનશીલતાના આવા પ્રસંગો મદીનામાં હંમેશા બનતા અને જુદી-જુદી બાજુએથી મુસાફરો અને માગનારાઓ અને જરૂરતમંદો આવીને લાભાન્વિત થતા. આ લોકો જ્યારે પોતાના વિસ્તારોમાં જતા હશે, તો ઇસ્લામી રાજ્યના ગરીબલક્ષી વ્યવહારની જીવંત-કથાઓ બનીને જતા હશે. દરેક વ્યક્તિ અનુમાન કરી શકે છે કે આ વાતોથી કેટલા હૃદયોએ અસરો લીધી હશે અને કેટલા હૃદયો ઇસ્લામ માટે ખુલી ગયા હશે.

ઇસ્લામી રાજ્યના સર્વોચ્ચ વડા હઝરત મુહમ્મદ ﷺ ની ઉદાર નીતિની માનસિક અસરોનું અનુમાન બીજા એક ઉદાહરણથી પણ સારી રીતે થઈ શકે છે. એક વ્યક્તિ આવ્યો અને તેણે પોતાની બદહાલ આર્થિક સ્થિતિનું દુઃખ સંભળાવ્યા પછી કંઈક આપવાનું કહ્યું, તો હુઝૂર ﷺ એ પહાડોની વચ્ચે ચરતી બકરીઓનું એક રેવડ તેને આપ્યું. તે આ પ્રદાન લઈને ફૂલ્યો નહોતો સમાતો અને કબીલામાં જઈને કહેતો ફરતો હતો કે, ''હે લોકો ! ઇસ્લામ સ્વીકારી લો, મુહમ્મદ (ﷺ) તો એવી સખાવત કરે છે કે તંગીનું જોખમ રહેતું નથી.'' (અલ-મવાહિબુદ્-દુનિયા) એ જ રીતે સફવાન બિન ઉમૈયાનું પોતાનું વર્ણન છે કે હુઝૂર ﷺ એ મને થોડોક માલ આપ્યો (જેમાં ત્રણસો બકરીઓ હતી), તો આ પ્રદાનની મારા પર એ અસર થઈ કે જ્યાં આના પહેલા આપ ﷺ થી વધારે કોઈ વ્યક્તિ અપ્રિય ન હતો, ત્યાં હવે આપ ﷺ થી વધારે કોઈ પ્રિય ન રહ્યો. નીચેનો શેર આ પ્રસંગથી સંબંધિત છે –

هوالذی لایتقی فقراًاذا   یعطی ولو کثرالانام ودامو

''આ એ હસ્તી છે, જે પ્રદાન અને બક્ષિસ કરવા લાગે છે તો તેને ગરીબ-લાચાર થઈ જવાનો ડર નથી હોતો, ચાહે તેના સામે ગમે તેટલા પુષ્કળ લોકો માગનારા બનીને કેમ ન આવે, અને નિરંતર આ ક્રમ ચાલતો રહે.''

સખાવતની આ જ ખ્યાતિનું પરિણામ હતું કે હુનૈન યુદ્ધ પછી મળેલ માલ-સામાનની વહેંચણી કરીને આપ ﷺ પાછા ફર્યા, તો આસપાસના બદ્દુઓ દોડતા આવ્યા અને આવીને વળગી પડ્યા કે અમને પણ પ્રદાન કરો. હુઝૂર ﷺ એ પરેશાન થઈને એક વૃક્ષના થડનો ટેકો લીધો અને દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું કે, ''જો આ જંગલી વૃક્ષો જેટલો પણ માલ મારા પાસે હોત તો હું એ બધો તમારામાં વહેંચી નાખતો. તમે મને કંજૂસ ન જોતા, ન ખોટું બોલનાર અને ન નાહિંમત.'' (બુખારી)

સંભવ છે કે એક નીચ પ્રકૃતિનો માણસ આ પ્રદાન અને બક્ષિસનું એ અર્થઘટન કરે કે ધનદોલતના જોરે મનને આકર્ષિત કરવામાં આવ્યા અને લાંચ આપીને લોકોને હિમાયતી બનાવવામાં આવ્યા (નઊઝુબિલ્લાહ). પરંતુ હકીકત તદ્દન બીજી હતી. આર્થિક બદહાલીમાં પીસાયેલ લોકોને સંભાળવા અને તેમને માનસિક હતાશાની સ્થિતિમાંથી બહાર કાઢવા ઇસ્લામના તદ્દન સૈદ્ધાંતિક તકાદાઓમાં સામેલ હતું. માનવ-જાતના એ વર્ગો તો ખૂબ દયાપાત્ર હોય છે, જેઓ સમાજના અન્યાય અને અત્યાચારના કારણે પેટની સમસ્યામાં એટલી ખરાબ રીતે ઘેરાઈ જાય છે કે જીવનના મૂળભૂત તકાદાઓ તરફ ધ્યાન સુદ્ધાં આપવાની તેમને તક જ મળતી નથી. આવા મુસીબતના માર્યા લોકોને તો કદાચ અલ્લાહ તરફથી થોડીક છૂટછાટ મળી જાય, આરબ પ્રદેશની મોટાભાગની વસ્તી આ જ સ્થિતિમાં હતી, અને તેમને જ્યાં કલ્મએ તૈયિબાની જરૂર હતી, ત્યાં રોટી-કપડાંની પણ તે મોહતાજ હતી. મદીના માટે નવોદિત આર્થિક ભાઈચારાની વ્યવસ્થાથી લાભાન્વિત થવાવાળાઓને સંભવતઃ પહેલી વાર તક મળી હશે કે તેઓ શરીરની પ્રાથમિક જરૂરિયાતો માટે નિમ્ન પ્રકારની ઉલઝનોથી ઉપર ઉઠીને જીવનના મૂળભૂત પ્રશ્નો વિશે વિચારે, મૂળભૂત હકીકતોને દિલમાં જગ્યા આપે અને કીમતી નૈતિક મૂલ્યોને પોતાનામાં વિકસિત કરે. નિશ્ચિતપણે આર્થિક સુધારણાએ ઇસ્લામના પ્રસાર માટે રસ્તાઓ અનુકૂળ કર્યા હશે. ઇસ્લામની આર્થિક વ્યવસ્થા તો પાછળથી પરિપૂર્ણ સ્વરૂપમાં પહોંચી હશે, જ્યારે તેના બધા સિદ્ધાંતો લાગુ થઈને કામ કરવા લાગ્યા હશે. પરંતુ શરૂઆતની અસરોથી જ પ્રજાની આશાઓ મદીનાથી સંલગ્ન થઈ ગઈ હશે કે અહીંથી અમને સત્યના પ્રકાશની સાથે-સાથે આર્થિક સમસ્યાઓનો હલ પણ મળવાનો છે.

રાજ્યના વડાના વ્યાપક સંબંધો

કોઈપણ ઉદ્દેશ્ય લઈને ચાલો અને ગમે તેટલા ઉચ્ચ દરજ્જાનું સૈદ્ધાંતિક કામ કરો, અંગત સંબંધો અને સંપર્કોની વ્યાપકતા ખરેખર તેની સફળતાને પ્રભાવિત કરે છે. મામૂલી કારોબારથી લઈને વૈચારિક ક્રાંતિ સુધીના વિભિન્ન કામો, જે સામૂહિક ક્ષેત્રમાં કરવાના હોય છે, તેમાં કોઈપણ એવો વ્યક્તિ ભાગ્યે જ સફળ થઈ શકે છે, જે સામાન્ય માનવીય સંબંધોની રીતે બેદરકાર હોય, એકાંતપ્રિય અને માનવીઓથી અસંબંધિત હોય. વંશીય અને સગપણના સંબંધો, દાંપત્ય સંબંધો, જાતે બાંધેલ મિત્રતાના સંબંધો તેમજ સુખ-દુઃખના પ્રસંગોમાં હાજરી, મુલાકાતો તથા સલામ અને સંદેશાઓ માણસની પ્રભાવ-શક્તિને વધારે છે. અંગત સંબંધો અને વ્યક્તિગત રૂપે કરવામાં આવતી દરકાર મોટા-મોટા સૈદ્ધાંતિક મામલાઓની દિશા ખબર ન પડે એ રીતે બદલી નાખે છે અને તેના કારણે કેટલાય રાજકીય નિર્ણયો કોઈ વિશેષ

સ્વરૂપમાં પરિણમે છે. સામાન્ય રીતે માનવીય નેતૃત્વમાં એ વ્યક્તિ સફળ થતો હોય છે, જેના સંબંધોનું વર્તુળ વ્યાપક હોય અને તે સ્વયં એ સંબંધોને વિસ્તારે અને પ્રત્યેક સંબંધનો હક્ક અદા કરે.

આ પાસાથી જ્યારે આપણે માનવતાના ઉપકારક ﷺ ના પવિત્ર વ્યક્તિત્વ પર નજર નાખીએ છીએ અને વંશીય, લોહીના, સાસરીના, ધાવણના તેમજ મિત્રતા અને દોસ્તીના સંબંધોના વર્તુળને ખૂબ વ્યાપક જોઈએ છીએ, ઉપરાંત તેના સાથે-સાથે મિત્રતા અને સંગત તથા સામાન્ય વ્યક્તિગત સંબંધોનું વર્તુળ ઘણું મોટું જોઈએ છીએ, તો આ ભાત-ભાતના સંબંધોથી હુઝૂર ﷺ માનવીથી ઉચ્ચતર કોઈ વ્યક્તિની જેમ બેદરકારી નથી દાખવતા તેમજ તેમને ભારે બોજ અને માથાનો દુ:ખાવો નથી સમજતા, બલ્કે તેમને સારી રીતે નિભાવે છે, તેમના હક્કો અદા કરે છે અને એ સંબંધોને મજબૂત બનાવે છે. દૂરના સંબંધોનો પણ એટલો આદર અને કાળજી હુઝૂર ﷺ રાખતા હતા કે સમુદાયને તાકીદ કરી કે જ્યારે તમે મિસર (ઇજિપ્ત)ને જીતી લો, તો તેના રહેવાસીઓ સાથે સારો વ્યવહાર કરજો, કેમ કે તેમના સાથે સદ્‌વ્યવહારની તમારા પર જવાબદારી છે. એ પણ સ્પષ્ટતા કરી કે હઝરત ઇસ્માઈલ عليه السلام ની માતા એમનામાંથી જ હતા. નબી અકરમ ﷺ ના આ વ્યાપક અંગત સંબંધોએ પણ ઇસ્લામી આંદોલનના પ્રસાર અને સત્યના આમંત્રણના પ્રભાવને લોકોમાં વધારવામાં ઘણી મોટી અસર નાખી છે.

વિષય તકાદો કરે છે કે આ સંબંધોનો પણ સંક્ષિપ્ત ઉલ્લેખ કરવામાં આવે અને બતાવવામાં આવે કે આ સંબંધો કેવી રીતે ઇસ્લામી આંદોલનના પક્ષમાં લાભદાયી સાબિત થયા અને તેમણે ક્રાંતિની રાજનૈતિક પ્રક્રિયાને કેટલી સરળ અને સફળ બનાવી. અમે વિભિન્ન સંબંધોને અલગ-અલગ કરી લઈએ છીએ.

(૧) વંશીય સંબંધો :

નબી અકરમ ﷺ ની વંશાવળી આ પ્રમાણે છે :

મુહમ્મદ ﷺ[૧] બિન અબ્દુલ્લાહ[૨] બિન અબ્દુલ મુત્તલિબ[૩] બિન હાશિમ[૪] બિન અબ્દે મનાફ[૫] બિન કુસ્સી[૬] બિન બિન કલાબ[૭] બિન મર્રાહ[૮] બિન કઅબ[૯] બિન લુવિય્ય[૧૦] બિન ગાલિબ[૧૧] બિન ફહર(કુરૈશ)[૧૨] બિન માલિક[૧૩] બિન નઝર[૧૪] બિન કિનાના[૧૫] બિન ખુઝૈમા[૧૬] બિન મદરકહ[૧૭] બિન ઇલ્યાસ[૧૮] બિન મઝર[૧૯] બિન નઝાર[૨૦] બિન મઅદ[૨૧] બિન અદનાન[૨૨] બિન ઉદ્દ[૨૩] બિન મુકવ્વમ[૨૪] બિન નાખૂર[૨૫] બિન તયર્રહ[૨૬] બિન યઅરબ[૨૭] બિન યશજબ[૨૮] બિન નાબિત[૨૯] બિન ઇસ્માઈલ عليه السلام[૩૦] બિન ઇબ્રાહીમ عليه السلام[૩૧].

હુઝૂર ﷺ ના પોતાના ઇરશાદ મુજબ અદનાનથી ઉપર હઝરત ઈસ્માઈલ ﷺ સુધીના નામો વધારે વિશ્વસનીય નથી. તેથી વંશાવળી રાખનારાઓ અને વંશની નોંધોને પ્રસ્તુત કરનારાઓએ આ નામોમાં મતભેદ કર્યો છે. અદનાનની સાથે હુઝૂર ﷺ નો સંબંધ એકવીસમા વંશીય ક્રમ પર આવે છે. કાળનું અંતર ૧૧૫૮ વર્ષનું છે. આરબ કબીલાઓનો સંબંધ કોઈ-ને-કોઈ દરજ્જાએ હુઝૂર ﷺ ના વંશીય ક્રમથી જોડાઈ જાય છે.

અક્કુ બિન અદનાને (મઅદ[૨૧]ના ભાઈએ) ગસ્સાન (યમન)ના વિસ્તારમાં જઈને સલ્તનતની સ્થાપના કરી અને અશ્અરીયન પરિવારમાં દાંપત્ય સંબંધો સ્થાપ્યા. આના આસપાસના વિસ્તારમાં ઇસ્લામે ખૂબ ઝડપથી જગ્યા બનાવી અને પછી ત્વરિત પોતાની દયાની છાયા ફેલાવી. યમનના જુદા-જુદા વિસ્તારોમાંથી પ્રતિનિધિ-મંડળો મદીના પહોંચ્યા, જેમાં સ્વયં અશ્અરીયનનું પ્રતિનિધિ-મંડળ પણ હતું. નઝ્ઝાર (નંબર ૨૦) ના ચાર પુત્રો હતા, જેમાંથી અન્મારના સંતાનો નજદ અને હિજાઝના આજુબાજુમાં વસ્યા. અય્યાદના સંતાનોએ સગૂર અને તેના આસપાસને રહેઠાણ બનાવ્યું અને મઝર (નંબર ૧૯) અને રબીઆ મધ્ય આરબ પ્રદેશમાં આવીને વસ્યા.

હવે મશહૂર કબીલાઓને લો, જે હુઝૂર ﷺ ના સવંશીય છે અને આ કબીલાઓના નામો સીરત અને ઇતિહાસ અને હદીસના પુસ્તકોમાં મોટા પ્રમાણમાં મળે છે :

બનુ તમીમ	— તમીમ બિન મર્વ બિન અદ બિન તાન્જા બિન ઇલ્યાસ (નં.૧૮).
બનૂ ગતફાન	— ગતફાન બિન સઅદ બિન ઇલ્યાસ (નં.૧૮).
બનૂ અશ્જઅ	— અશ્જઅ બિન ગતફાન બિન સઅદ બિન ઇલ્યાસ (નં.૧૮).
બનૂ ઝુબ્યાન	— ઝુબ્યાન બિન બઈઝ બિન રાઈસ બિન ગતફાનથી ઇલ્યાસ સુધી.
બનૂ ફરાઝા	— ફરાઝા બિન ઝુબ્યાનથી ઇલ્યાસ સુધી.
બનૂ હવાઝન	— હવાઝન બિન મન્સૂર બિન ઇકરમા બિન હઝફા બિન કૈસ અલ્યાન બિન ઇલ્યાસ (નં.૧૮).
બનૂ સઅદ	— સુઅદ બિન બકર બિન હવાઝનથી ઇલ્યાસ સુધી.
બનૂ સકીફ	— સકીફ બિન હવાઝનથી ઇલ્યાસ સુધી.
બનૂ સલીમ	— સલીમ બિન મન્સૂરથી ઇલ્યાસ સુધી.
હઝલી	— હઝયલ બિન મદરકહ (નં.૧૭).
બનૂ હૌન	— હૌન બિન ખુઝૈમા (નં.૧૬).

દૈશી	— દૈશી બિન કારહ બિન હૌન બિન ખુઝૈમા.
અઝલી	— અઝલ બિન કારહથી ખુઝૈમા સુધી.
બનૂ અસદ	— અસદ બિન ખુઝૈમાથી ખુઝૈમા સુધી.
બનૂ નઝર	— નઝર બિન કનાના (નં.૧૫).
બનૂ કનાના	— નઝર બિન કનાના (નં.૧૫).
બનૂ મુસ્તલિક	— મુસ્તલિક (ખુઝૈમા) બિન અબ્દે મનાત બિન કનાના (નં.૧૫)
અલ-અહાબીશ	— અહાબીશ બિન કનાના.
બનૂ માલિક	— માલિક (નં.૧૩) બિન નઝર બિન કનાના.
બનૂ મુહારિબ	— મુહારિબ બિન ફહ્ર.
બનૂ તૈમ	— તૈમ બિન ગાલિબ (નં.૧૧) બિન ફહ્ર...
બનૂ ઔફ	— ઔફ બિન લુવય્ય (નં.૧૦) બિન ગાલિબ.
બનૂ આમિર	— આમિર બિન લુવય્ય.
બનૂ હર્સ	— હર્સ બિન લુવય્ય.
બનૂ હસીસ	— હસીસ બિન કઅબ (નં.૯) બિન લુવય્ય.
બનૂ સહમ	— સહમ બિન કઅબ.
બનૂ જુમ્હ	— જુમ્હ બિન કઅબ.
બનૂ અદી	— અદી બિન કઅબ.
બનૂ કિલાબ	— કિલાબ (નં.૭) બિન મર્રહ (નં.૮).
બનૂ તૈમ	— તૈમ બિન મર્રહ (નં.૮).
બનૂ મખઝૂમ	— મખઝૂમ બિન મર્રહ.
બનૂ કુસય્ય	— કુસય્ય (નં.૬) બિન કિલાબ.
બનૂ ઝહરા	— જહરા બિન કિલાબ.
અસદી	— અસદ બિન અબ્દે શમ્સ બિન અબ્દે મુનાફ (નં.૫).
મુત્તલબી	— મુત્તલિબ બિન અબ્દે મુનાફ (નં.૫)
બનૂ ઉમૈયા	— ઉમૈયા બિન અબ્દે શમ્સ બિન અબ્દે મુનાફ .
નૌફલ્યૂન	— નૌફલ બિન અબ્દે મુનાફ.
બનૂ હાશિમ	— હાશિમ બિન અબ્દે મુનાફ.

આ વિશાળ વંશીય તાણાવાણા એટલી દૂર સુધી ફેલાયેલા છે કે નબી ﷺ ના ઉચ્ચ સ્થાને બિરાજેલ અસંખ્ય સાથીઓ તેનાથી સંલગ્ન છે. જેમ કે - હઝરત ઉમર

ફારૂક ﷺ નો વંશ રઝાહ બિન અદી બિન કઅબ (નં.૯) અને હઝરત ઉબૈદા ﷺ નો વંશીય સંબંધ જર્રાહ બિન અદીથી મળે છે. સૈયિદા આમિના (હુઝૂર ﷺ ના માતા) વહબ બિન અબ્દે મનાફ બિન ઝહરા બિન કિલાબ (નં.૭)ના સંતાન છે. કિલાબ બિન મુર્રહના જ ભાઈ તેમની સંતાનમાંથી હઝરત અબૂ બક્ર ﷺ છે. હઝરત સઅદ ﷺ (અશ્રા મુબશ્શરામાંથી એક) માલિક બિન અહીબ બિન મનાફના સંબંધથી હુઝૂર ﷺ ના સંબંધી છે. કાબાની ચાવી જેમના પાસે રહેતી હતી તે ઉસ્માન બિન તલ્હા અબ્દુદ્દાર બિન કુસય્ય (નં. ૬)ના વંશમાંથી છે. હઝરત ઝુબૈર ﷺ (અશ્રા મુબશ્શરામાંથી એક) અવામ બિન ખુવૈલિદ બિન અસદ બિન અબ્દુલ ઉઝ્ઝા બિન કુસય્ય (નં.૬)ના પુત્ર છે. એ જ પ્રમાણે હઝરત ખદીજા તાહિરા ﷺ ખુવૈલિદ બિન અસદ બિન અબ્દુલ ઉઝ્ઝા બિન કુસય્યના સુપુત્રી હતા અને વરકા બિન નૌફલ બિન ખુવૈલિદ તેમના ભાઈ હતા. હારિસ બિન મુત્તલિબ બિન અબ્દે મનાફ (નં.૫) ના ત્રણ પુત્રો હઝરત અબૂ ઉબૈદા ﷺ (બદ્રના શહીદ), હઝરત તુફૈલ ﷺ અને હઝરત હસીન ﷺ મશહૂર સહાબીઓ છે. ઇમામ શાફઈ ﷺ નો વંશ પણ મુત્તલિબથી જ જઈને મળે છે. હઝરત ઉસ્માન ﷺ ઉમૈયા બિન અબ્દે શમ્સ બિન અબ્દે મનાફના ક્રમમાં સામેલ છે.

હુઝૂર ﷺ ના કાકાઓની સંખ્યા અંગે રિવાયતમાં મતભેદ છે. બે કાકાઓની વિગત જ સુરક્ષિત નથી. એક કાકા ઝિર્રાર ઘણા સમય પહેલા મૃત્યુ પામ્યા હતા. આપ ﷺ ના કાકાઓમાં નીચે જણાવેલ વ્યક્તિઓ ખૂબ જાણીતા હતા, જેમનો સંબંધ ઇસ્લામી આંદોલનના ઇતિહાસથી છે અને જેમના અંગેની વિગતો પણ સુરક્ષિત છે.

એક કાકા હારિસ હતા, જેઓ ઇસ્લામના કાળથી પહેલા જ અવસાન પામ્યા. તેમના ચારે પુત્રો નૌફલ, અબ્દુલ્લાહ, રબીઆ અને અબૂ સુફિયાન મુગીરા ઇસ્લામમાં દાખલ થયા અને ઇસ્લામી ઇતિહાસમાં ઘણી સેવાઓ આપી. આ જ રબીઆ બિન હારિસ છે, જેમના લોહીનો દાવો પોતાના તરફથી હુઝૂર ﷺ એ સૌથી પહેલા રદ કરીને મક્કા-વિજયના પ્રસંગે એલાન કર્યું હતું કે અજ્ઞાનતાકાળના લોહીના દાવાઓ આજે સમાપ્ત કરવામાં આવે છે.

એક કાકા અબૂ તાલિબ હતા, જેમણે હુઝૂર ﷺ ની હિમાયતનો હક્ક અદા કર્યો અને ઇસ્લામી આંદોલનના બહાર રહેવા છતાં દિલો-જાનથી પૂરેપૂરી મદદ કરી. તેમના ચાર પુત્રોમાંથી ત્રણ ઇસ્લામમાં આવ્યા અને દરેકે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું. આજે કોણ અકીલ બિન અબી તાલિબ ﷺ, જા'ફર તૈયાર ﷺ અને અલી ઇબ્ને અબી તાલિબ ﷺ ના નામોથી વાકેફ નથી હોઈ શકતો ! એ જ પ્રમાણે અબૂ

તાલિબની બંને સુપુત્રીઓ હઝરત ઉમ્મે હાની અને જુમાના પણ ઇસ્લામના પ્રકાશને પામી. ઉમ્મે હાનીનું નામ મે'રાજની ઘટનાના કારણે ખૂબ જ જાણીતું થયું.

એક કાકા હઝરત હમઝા ﷺ હતા, જેઓ ઉહદના યુદ્ધમાં શહીદ થયા અને તેમની લાશની સાથે હિન્દાએ અત્યંત પાશવી વર્તન કર્યું, જેનું હુઝૂર ﷺ ને ઘણું જ દુ:ખ થયું. આ જ કાકા હતા, જેમણે હુઝૂર ﷺ વિરુદ્ધ અબૂ જહલના દુર્વ્યવહાર પર સ્વાભિમાન દર્શાવ્યું તેને બરાબરનો પાઠ ભણાવ્યો, અને મોટા પડકારની સાથે ઇસ્લામ કબૂલ કર્યો.

એક કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ ﷺ હતા. તેમણે પણ શરૂઆતથી જ સંરક્ષકનો વ્યવહાર રાખ્યો. વિશેષરૂપે 'બૈતે ઉકબા' વખતે વાતચીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી અને અન્સારનું તેમની ગંભીર જવાબદારી તરફ ધ્યાન દોર્યું. – ઉપરાંત, મક્કામાં રહીને હુઝૂર ﷺ ને પરિસ્થિતિથી માહિતગાર રાખ્યા અને જ્યારે સંઘર્ષના સંગીન તબક્કામાંથી આંદોલન પસાર થઈ ગયું, તો પછી પોતાના ઇસ્લામની જાહેરાત કરી અને મદીના ચાલ્યા ગયા.

એક કાકા ઝુબૈર પણ આપ ﷺ ની નુબૂવ્વત પહેલા જ મૃત્યુ પામી ચૂક્યા હતા. નેક દિલ હતા અને 'હિલફુલ ફુઝૂલ'ની સ્થાપનામાં તેમણે ખૂબ મહેનત કરી હતી. તેમના જ સુપુત્ર અબ્દુલ્લાહ બિન ઝુબૈરનું નામ ઇસ્લામી ઇતિહાસમાં ઝળક્યું.

એક કાકો અબૂ લહબ હતો. આ ન માત્ર કટ્ટર વિરોધી હતો, બલ્કે વિરોધી મોરચાનો સક્રિય કમાન્ડર હતો. તેની પત્ની પણ કટ્ટર ઇસ્લામ-દુશ્મન હતી અને હુઝૂર ﷺ ને સતાવવામાં હંમેશા અગ્રેસર રહેતી હતી. આ વ્યક્તિનું મૃત્યુ અત્યંત શિક્ષાપ્રદ થયું. તાઊન (પ્લેગ)ની બીમારીમાં આનું મૃત્યુ થયું. ત્રણ દિવસ સુધી લાશ પડીને સડતી રહી. લોકો નજીક પણ જતા નહોતા. છેવટે દીવાલો પરથી એટલા પથ્થરો ફેંકવામાં આવ્યા કે લાશ તેના ઢગલામાં દબાઈ ગઈ અને આ ઢગલાને જ કબર બનાવી દેવામાં આવી. અબૂ લહબની પત્ની પણ રસ્સીનો ફંદો ગળામાં પડવાથી શિક્ષાપ્રદ મોતે મરી. અબૂ લહબના બે પુત્રો કુફ્રની હાલતમાં મર્યા, અને બે પુત્રોએ હુનૈનના યુદ્ધના પ્રસંગે હુઝૂર ﷺ નું આજ્ઞાપાલન સ્વીકાર્યું. દુર્રહ બિન્તે અબી લહબને પણ ઇસ્લામ સ્વીકારવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

હુઝૂર ﷺ ની ફોઈઓમાં એક ઉમ્મે હકીમ બૈઝા હતા. કુઝૈર બિન રબીઆ (અબ્દે મુનાફનો વંશ)ના પત્ની હતા. તેમના પુત્ર આમિર મક્કા-વિજયના દિવસે ઇસ્લામમાં દાખલ થયા અને પછી અબ્દુલ્લાહ બિન આમિર પણ સહાબી થયા અને ઉસ્માની કાળમાં ખુરાસાનના ગવર્નર બન્યા. આ જ ઉમ્મે હકીમની પુત્રી ઉરવા

હઝરત ઉસ્માન ﷺ ઝુન્નૂરૈનના માતા છે. બીજા ફોઈ ઉમૈમાહ હતા, જેમના નિકાહ હજશ બિન રબાબથી થયા. તેમની એક પુત્રી ઉમ્મે હબીબા અબ્દુર્રહમાન બિન ઔફ ﷺ ના પત્ની હતા. બીજી પુત્રી હમ્નાનો પહેલો નિકાહ મુસ્અબ બિન ઉમૈર ﷺ થી અને બીજા નિકાહ તલ્હા બિન અબ્દુલ્લાહ ﷺ થી થયા. બીજા નિકાહથી મુહમ્મદ અને ઇમરાન બે પુત્રો ઇસ્લામના ધ્વજવાહકો બન્યા. અબ્દુલ્લાહ બિન હજશ ﷺ ઉહદના યુદ્ધમાં શહીદ થઈને પોતાના મામા હઝરત હમઝા ﷺ ની સાથે દફન થયા. ત્રીજા ફોઈ આતિકા હતા, જેમણે બદ્રના યુદ્ધથી પહેલા સાચું સ્વપ્ન જોયું અને આ સંદર્ભમાં કટાક્ષ કરવામાં આવ્યો કે હવે તો બનૂ હાશિમની છોકરીઓ પણ પયગંબરી કરવા લાગી ! ચોથા ફોઈ હઝરત સફિયા હતા, જેઓ સૌપ્રથમ હારિસ બિન હર્બ બિન ઉમૈયાના નિકાહમાં હતા. પાછળથી વિધવા થઈને અવામ બિન ખુવૈલિદના દાંપત્યમાં ગયા. આ નિકાહથી ઝુબૈર (અશ્રા મુબશ્શરામાંથી એક)નો જન્મ થયો. સાઈબ બિન અલ-અવામ પણ તેમના પેટથી જન્મ્યા છે, જેમણે જિહાદની લડાઈઓમાં આગળ પડતો ભાગ લીધો. – તેમણે હઝરત હમઝા ﷺ જેવા ભાઈની લાશ માટી અને લોહીમાં લથપથ જોઈને અને પાશવતાનો જે વ્યવહાર તેમના સાથે કરવામાં આવ્યો હતો તે અંગે ધૈર્યનું પ્રદર્શન કરીને એક ઝળહળતું ઉદાહરણ સ્થાપિત કર્યું. પાંચમા ફોઈ બર્રા હતા, જેઓ અબ્દુલ અસદ બિન હિલાલના પત્ની હતા. અબૂ સલમા આમના જ પુત્ર છે, જેઓ ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે સલમા ﷺ ના પહેલા પતિ હતા. એક ફોઈ, જેમનો નિકાહ ઉમૈર બિન વહીબથી થયા હતા તે ઉરવા છે. તેમના પુત્ર તલીબે જ્યારે તેમને પોતાના ઇસ્લામ-સ્વીકારની જાણ કરી, તો તેમણે એટલા સ્નેહ સાથે કહ્યું કે :

"તારા માટે તારા મામાનો પુત્ર સૌથી વધારે સેવા અને મદદનો હક્કદાર છે. ખુદાના સોગંદ ! જો અમે સ્ત્રીઓ પાસે પણ પુરુષો જેવી શક્તિ હોત, તો અમે તેમની રક્ષા કરતા અને તેના દુશ્મનોને જવાબ આપતા."(૧)

આ શબ્દોમાં ઈમાન પણ ઉછાળા મારી રહ્યું હતું અને એક ફોઈનો સાચો પ્રેમ પણ બોલી રહ્યો હતો.

હુઝૂર ﷺ ના વ્યાપક વંશીય સંબંધોના બીજા ઘણા પાસાઓ છે, પરંતુ અમે અહીં માત્ર સૌથી નજીકના વર્તુળની એક સીમિત ઝાંખી બતાવીને એ હકીકત સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે હુઝૂર ﷺ ના આ સંબંધોએ જુદા-જુદા તબક્કે આંદોલનના પક્ષમાં લાભદાયી અસરો ઊભી કરી છે. એમાં સંદેહ નથી કે સંઘર્ષ સૈદ્ધાંતિક તેમજ મૂળભૂત અને સર્વગ્રાહી હોવાને કારણે ખૂબ સંગીન હતો અને કુરૈશે ખૂબ મજબૂત

૧. રહમતુલ-લીલ-આલમીન ﷺ, ભા-૨, પૃ. ૯૬. સંદર્ભ : સીરતે મુસ્તફા ﷺ, મૌલવી કરામતઅલી દેહલ્વી.

વિરોધી મોરચો લાંબા સમય સુધી જમાવી રાખ્યો, પરંતુ અંદર-ને-અંદર સંબંધો પોતાનું કામ કરતા રહ્યા. બનૂ હાશિમે એકંદરે બીજાઓની સરખામણીમાં હિમાયતભર્યું વર્તન દાખવ્યું. સંબંધોના કારણે અબૂ જહલના અત્યાચાર પર હઝરત હમઝા ﷺ નું લોહી ઉકળી ઉઠ્યું અને અજ્ઞાનતાનો મોરચો છોડીને હુઝૂર ﷺ ના સાથે આવી ગયા. અબૂલ બખ્તરીએ સામાજિક બહિષ્કાર વખતે અબૂ જહલને એ અતિરેક પર ટોક્યો કે તે કોઈ અનાજના પુરવઠાને શેઅ્બે અબી તાલિબમાં જવાથી અટકાવે. હઝરત અબ્બાસ ﷺ એ ચુપચાપ મક્કામાં રહીને હુઝૂર ﷺ ને સહયોગ આપ્યો. કુરૈશની સભાઓમાં ઘણી વખત વાતચીતમાં પોતાના સંબંધોને કારણે હિમાયતનો રંગ ઊભો થતો રહ્યો, અને લોકોએ એમ પણ વિચાર્યું કે મુહમ્મદ (ﷺ)ને ઓછામાં ઓછું મક્કાની બહાર કામ કરવા દેવામાં આવે અને સફળ થઈ જાય તો તેની સફળતા આપણી જ સફળતા હશે. પછી વર્ષો સુધી આગ્રહ-દુરાગ્રહનું ચક્કર ચલાવ્યા પછી જ્યારે મક્કા જીતી લેવાયું, તો લોકો હુઝૂર ﷺ ને એમ કહેતા સંભળાયા કે, ''તું એક સજ્જન ભાઈ છે અને શરીફ ભાઈનો પુત્ર છે.'' પછી આ જ સંબંધો બીજી બાજુ પણ સતત અસર ઊભી કરતા રહ્યા. હુઝૂર ﷺ ના સગા-વ્હાલાઓને કેદી બનાવીને લાવવામાં આવ્યા, તો રાત્રે બંધનો સખત બાંધ્યા હોવાથી તેમના ઉંહકારાના અવાજોએ આપ ﷺ ની ઊંઘ ઉડાવી દીધી. મક્કામાં દુષ્કાળ પડ્યો, તો પણ હુઝૂર ﷺ નું હૃદય પીગળી ગયું અને અનાજ તથા રોકડ વડે મદદ કરી. મક્કા જીતી લેવાયું તો તેના રહેવાસીઓ પર ઉપકારની વર્ષા કરી દીધી.

(૨) મદીનામાં મોસાળના સંબંધો :

હુઝૂર ﷺ ના પિતા જનાબ અબ્દુલ્લાહના માતા ફાતિમા બિન્તે ઉમર મદીનાના ખ્યાતનામ પરિવાર બનૂ નજ્જારથી હતા. આનાથી પહેલા હુઝૂર ﷺ ના પરદાદા હાશિમે પણ ખઝરજ કબીલાની એક મહિલા હિન્દ બિન્તે ઉમર બિન શુઅલ્બાથી નિકાહ કર્યા હતા. આ સંબંથી હુઝૂર ﷺ ના પિતા જનાબ અબ્દુલ્લાહના સંબંધો પણ મદીનામાં ખૂબ ગાઢ હતા, અને સંયોગની વાત છે કે એક વેપારી પ્રવાસમાં ત્યાં જ આપ ﷺ ના પિતાનું અવસાન થયું, અને કબર બની. હુઝૂર ﷺ ના માતા મદીનાના સગાઓને મળવા અને પોતાના પતિની કબરને જોવા માટે આપ ﷺ ને લઈને (૫ વર્ષની ઉંમર) યસરબ ગયા. ત્યાં એક મહિના સુધી હુઝૂર ﷺ રોકાયા. 'દારુલ-નાબગા' રહેઠાણની જગ્યા હતી. હિજરત કરીને પધાર્યા તો ૪૭ વર્ષ પહેલાનો એ સમય આંખોની સામે આવી ગયો. સભામાં ક્યારેક ઉલ્લેખ કરતા કે અહીં એક છોકરી અનીસા નામે રહેતી હતી જે અમારા સાથે રમતી હતી, ફલાણા કિલ્લાની અંદર એક પક્ષી નિયમિત બેસતું હતું, અને બાળકો તેને ઉડાવ્યા કરતા હતા. આ

ઘરમાં મારી માતા ફલાણી જગ્યાએ બેસતા હતા, અને પિતાની કબર ફલાણી જગ્યાએ બનાવવામાં આવી હતી. હુઝૂર ﷺ એ એ વાત પણ વર્ણવી કે બનૂ અદી બિન અલ-નજારની તળાવડીમાં મેં તરવાનું સારી રીતે શીખી લીધું હતું. આ જ પ્રવાસમાં પાછા ફરતી વખતે હુઝૂર ﷺ ના માતાનું અવસાન 'અબવા' નામની જગ્યાએ થયું.

દેખીતી વાત છે કે મદીનાથી આપના આંદોલનના સંબંધો પછી જ્યારે વિકસવા લાગ્યા, તો આ સંબંધોએ પણ પોતાની અસરો ઊભી કરી હશે. મદીનાના લોકો વિશેષરૂપે બનૂ નજાર આપ ﷺ ને પોતાના નિકટના સ્વજન સમજતા હશે. આપ ﷺ નું સ્વાગત કરવામાં બનૂ નજારના લોકો અગ્રેસર હતા અને તેમની બાળકીઓ ખૂબ પ્રેમાળ અંદાજમાં અભિવાદનના ગીતો ગાઈ રહી હતી.

(૩) ધાવણના સંબંધો :

અબૂ લહબની એક દાસી સૌબિયાનું દૂધ આપ ﷺ એ થોડાક દિવસો સુધી પીધું હતું. આપ ﷺ એ તેની એટલી કાળજી રાખી હતી કે સૌબિયા માટે મદીનાથી કપડાં મોકલતા રહેતા હતા. કાયમી ધાવણ આપવાનું સૌભાગ્ય હલીમા સા'દિયાના ભાગમાં આવ્યું હતું, જે બનૂ હવાઝનથી સંબંધ ધરાવતા હતા. મોટી પુત્રી હુઝાફા (જેમનું ઉપનામ અલ-શમા હતું)એ બાળપણમાં હુઝૂર ﷺ ની સેવા કરી હતી. હુનૈનના યુદ્ધ પ્રસંગે પકડાઈને આવી. તેમણે લશ્કરી ચોકિયાતોને કહ્યું કે હું તો તમારા નેતાની બહેન છું. આ વાત આપ ﷺ ની સામે લાવવામાં આવી, તો હુઝૂર ﷺ એ ખૂબ ઉમળકાભેર તેમનું સ્વાગત કર્યું અને સન્માન માટે ચાદર બિછાવી અને આપ ﷺ ની આંખો અશ્રુભીની થઈ ગઈ. પછી ફરમાવ્યું, "જો ચાહો તો મારા પાસે રહો અને ચાહો તો તમને કબીલામાં પહોંચાડી દેવામાં આવે." તેમણે પાછા જવાની ઇચ્છા વ્યક્ત કરી. આપ ﷺ એ ઘણુંબધું આપીને વિદાય કર્યા. તેમને ઇસ્લામ સ્વીકાર કરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું.

ધાવણનો આ જ સંબંધ હતો, જેનો ઉલ્લેખ હુનૈનના યુદ્ધ પછી બનૂ હવાઝનના પ્રતિનિધિ-મંડળે પોતાના કેદીઓને છોડાવવા માટે આપ ﷺ ની સામે કર્યો અને આપ ﷺ એ બની હાશિમના બધા કેદીઓને તરત જ મુક્ત કરી દીધા અને આપ ﷺ ના અનુકરણમાં આખા સમુદાયે બનૂ હવાઝનના કેદીઓને છોડી મૂક્યા.

(૪) પોતાની સુપુત્રીઓના નિકાહ :

સૈયિદા ઝૈનબ رضي الله عنها ના નિકાહ મક્કામાં જ અબૂલ આસ બિન રબીઆથી થઈ ગયા હતા. અબૂલ આસના માતા હઝરત ખદીજા رضي الله عنها ના સગા બહેન હતા, અર્થાત્ હુઝૂર ﷺ તેમના માસા હતા. સૈયિદા ઝૈનબ رضي الله عنها એ માતાની સાથે જ ઇસ્લામ કબૂલ

કર્યો હતો. તેઓ હિજરત કરીને મદીના આવી ગયા. પાછળથી અબૂલ આસ ﷺ પણ ઈમાન લઈ આવ્યા અને મદીના આવી ગયા. પહેલા કરેલ નિકાહ બહાલ રહ્યો, અને પતિ-પત્નીમાં દિલનો સંબંધ ખૂબ ઊંડો હતો. તેથી મક્કાવાસીઓ તરફથી અબૂ આસ ﷺ ને મજબૂર પણ કરવામાં આવ્યા કે તેઓ હઝરત ઝૈનબ ﷺ ને તલાક આપી દે. પરંતુ તેઓ ન માન્યા. આ જ સંબંધને કારણે કુફ્રની સ્થિતિમાં અબૂલ આસ ﷺ ને મુસલમાનોના કહેવાથી ફિદયા (આર્થિક-દંડ) લીધા વગર મુક્ત કરી દેવામાં આવ્યા અને એક વાર કબજામાં આવેલ તેમનો વેપારી માલ-સામાન પણ પાછો આપી દેવામાં આવ્યો.

સૈયિદા રુકૈયા ﷺ ના નિકાહ પણ મક્કામાં હઝરત ઉસ્માન બિન અફ્ફાન ﷺ થી થયા હતા. આ પહેલું જોડું છે, જેણે હુઝૂર ﷺ ના ઇસ્લામી આંદોલનના તકાદાથી અલ્લાહના માર્ગમાં સૌપ્રથમ એક સાથે હિજરત કરી. હિ.૨માં તેમનું અવસાન થયું. તેમના પછી હિ.૩માં હુઝૂર ﷺ એ પોતાની સુપુત્રી ઉમ્મે કુલસુમના નિકાહ પણ અલ્લાહના સંકેતથી હઝરત ઉસ્માન ﷺ સાથે જ કરી દીધા. આ બમણા સંબંધના કારણે તેઓ 'ઝુન્નૂરૈન' કહેવાયા.

સૈયિદા ફાતિમા ﷺ ને હુઝૂર ﷺ એ હઝરત અલી ﷺ ના નિકાહમાં આપ્યા. આમ, હઝરત અબૂલ આસ ﷺ સિવાય ઇસ્લામી આંદોલનના બે મોટા-મોટા લીડર અને હુઝૂર ﷺ ના ખાસ સાથીઓ વંશીય સંબંધોની સાથે-સાથે આ દાંપત્ય સંબંધોના કારણે હુઝૂર ﷺ ની સાથે ગાઢ સંબંધ ધરાવતા હતા. આ સંબંધ ઇસ્લામના મહાન કાર્યો કરવામાં મદદગાર હતા.

(૫) હુઝૂર ﷺ ના દાંપત્ય સંબંધો :

હુઝૂર ﷺ ના દાંપત્ય સંબંધો વિશે પૂર્વગ્રહ રાખનાર પૌરત્સ્યવાદીઓ (Orientalists)એ વાંધાઓના કાંટાઓના ઝાંખરા ઊભા કરી દીધા છે, અને તેના કારણે આપણા અંદરનો એક સમૂહ આ ખરી હકીકતના કારણે શરમના માર્યા ધરતીમાં ધસી જાય છે કે હુઝૂર ﷺ એ અનેક નિકાહ કર્યા અને ઇસ્લામે બહુપત્નીત્વની છૂટ આપી. તેથી એક સંક્ષિપ્ત આરંભિક નોંધમાં અમારે કેટલીક સ્પષ્ટતાઓ કરવી છે.

પહેલી વાત એ મનમાં ઉતારી લેવાની છે કે માનવતાના ઇતિહાસનો પહેલો કાળ (જેને આપણે હુઝૂર ﷺ ના જમાના સુધી ફેલાયેલ જોઈએ છીએ) વંશની વિપુલતાનો યુગ છે. જમીનના પ્રદેશો જ્યારે વેરાન પડેલા હતા, જ્યાં આબાદી હતી ત્યાં પણ છૂટીછવાઈ હતી અને આજીવિકાના સંસાધનોનું મેદાન પણ ખુલ્લું પડેલું હતું. તદ્દન સ્વાભાવિક રીતે માનવ-જાતમાં વંશ-વૃદ્ધિનું વલણ સંપૂર્ણ જોરશોરથી

કામ કરી રહ્યું હતું. તેથી આ કાળની કોઈપણ સંસ્કૃતિને લો અને કોઈપણ ધર્મને જુઓ. માનવ-સમાજોમાં બહુપત્નીત્વ ખૂબ મોટા પ્રમાણમાં પ્રચલિત રહ્યું છે. સ્વયં અલ્લાહની શરીઅતોએ પણ તેની પરવાનગી આપી અને ઘણા મહાન પયગંબરો عليهم السلام એ, જેમાં સ્વયં બની ઇસરાઈલના પયગંબરો દેખાઈ આવે છે, ઘણી વખત નિકાહ કર્યા. એકલ-દોકલ પયગંબરે પોતાના અંગત વલણ અને વિશેષ પરિસ્થિતિના કારણે ઘર-સંસારની ઝંઝટોથી દૂર અને અપરણિત રહીને પોતાને સંપૂર્ણપણે સત્યના આમંત્રણના કાર્યમાં પણ લગાવી દીધા છે. પરંતુ મોટાભાગના પયગંબરોએ દાંપત્ય જીવન અપનાવ્યું અને ભરપૂર રીતે અપનાવ્યું. હુઝૂર ﷺ વંશની વિપુલતા અને બહુપત્નીત્વના યુગના અંતે આવે છે અને આપના દ્વારા જ પહેલી વાર અલ્લાહના ફરમાનથી પત્નીઓની સંખ્યા પર નિયંત્રણ મૂકવામાં આવ્યું. હુઝૂર ﷺ એ જે પણ લગ્નો કર્યા તે એ જ છૂટ અને અનુમતિથી કર્યા, જે અલ્લાહની શરીઅતમાં ચાલી આવતી હતી. પાબંદી લાગ્યા પછી આપ ﷺ એ કોઈ નિકાહ નથી કર્યા.(1)

બીજી વાત એ સામે રહે કે હુઝૂર ﷺ ના મોટાભાગના નિકાહ કામેચ્છા હેઠળ નહીં, બલ્કે આંદોલન, દેશ અને કોમના કલ્યાણ અને ઉન્નતિને સામે રાખીને થયાં છે. તેનું સ્વરૂપ રાજનૈતિક છે. હુઝૂર ﷺ નો પોતાનો ઇરશાદ સુરક્ષિત છે કે مالی فی النساء من حاجة (દારમી, રિવાયત સુહૈલ બિન સઅદ) અર્થાત્, મારા અંદર સ્ત્રીઓ માટે કોઈ વાસનાભૂખ નથી. હકીકત એ છે કે સાચા અર્થમાં લગ્નો હુઝૂર ﷺ એ બે જ કર્યા છે. એક હઝરત ખદીજા رضي الله عنها થી અને બીજા હઝરત આઇશા رضي الله عنها થી. બાકીના નિકાહો માટે કેટલાક મહત્ત્વના સામૂહિક હેતુઓ પ્રેરક બનતા રહ્યા અને આ હેતુઓ માટે હુઝૂર ﷺ એ પોતાના અતિ વ્યસ્ત જીવન અને અત્યંત સાદગીભરી રહેણી-કરણી પર ભારે બોજ લાદીને માનવતા માટે બલિદાન આપ્યું છે.

ધ્યાનમાં રહે કે એક નવયુવાન ૨૫ વર્ષ સુધી પવિત્રતા અને લજ્જાનો નમૂનો

---

૧. આ પાબંદીની હકીકત પણ એટલી છે કે બહુપત્નીત્વની એક તરફ તો અંતિમ હદ (ચાર સુધી) નિર્ધારિત કરી દેવામાં આવી અને તેના સાથે ન્યાયની ભારે જવાબદારીનો અહેસાસ અપાવીને એક પત્નીના પક્ષમાં પ્રેરણાત્મક શૈલી અપનાવવામાં આવી. પરંતુ બહુપત્નીત્વને હરામ કરવામાં ન આવ્યું. આ અપવાદરૂપ અવકાશની જરૂર કેટલાક મહત્ત્વના કારણોસર પણ હતી, અને રહેશે. જેમ કે - સૌપ્રથમ કારણ એ છે કે ઇસ્લામ લંપટતા અને વ્યભિચારનો સંપૂર્ણપણે નાશ કરવા માગે છે અને તેના માટે કડક પ્રબંધ કરે છે અને સંગીન સજાઓ નિર્ધારિત કરે છે. આવી વ્યવસ્થામાં એ લોકો માટે રસ્તો રાખવો જરૂરી હતો, જેઓ શારીરિક કે માનસિક અવસ્થાના કારણે તીવ્ર કામેચ્છા રાખતા હોય. આ વાસ્તવિક જરૂરતની પશ્ચિમી સભ્યતામાં અવગણના કરવાનું પરિણામ એ આવ્યું કે એક પત્નીની સાથે ન માત્ર રખાતો રાખવાની ગુંજાશ કાઢવામાં આવી, બલ્કે વેશ્યાગૃહોની વ્યવસ્થા પણ ઊભી થઈ અને તે એટલી હદે ફેલાઈ ચૂકી છે કે તેનાથી છુટકારો મેળવવો પણ મુશ્કેલ બની ગયું છે. વધુમાં, 'મુક્ત પ્રેમ'ના નામે સંમતિ સાથે વ્યભિચારનું એક તોફાન ઉઠી રહ્યું છે. આ સ્થિતિને સીમિત બહુપત્નીત્વના ઇસ્લામી કાનૂનની સરખામણીમાં જુઓ, કે કઈ સ્થિતિ વધારે સારી છે. બીજું કારણ એ છે કે સંતાનની સ્વાભાવિક ઇચ્છા એક પત્નીત્વથી આગળ વધવા માટે મજબૂર કરી દે છે. ત્રીજું કારણ એક સ્ત્રીની સતત બીમાર હાલત હોઈ શકે છે, જેના કારણે તેને તલાક આપીને મુસીબતમાં નાખ્યા વગર તેનો પતિ સ્વાભાવિક તકાદાઓને પૂરા કરી શકે. ચોથું કારણ આ ગુંજાશ રાખવાનું એ છે કે ક્યારેક પરિવારોનું રાજકારણ, વેર વાળવાના ચક્કર, વારસાના ઝઘડાઓ, અનાથો અને વિધવાઓના ભરણ-પોષણની સમસ્યા કોઈ વિશેષ નિકાહના સ્વરૂપથી ઉકેલાય છે. ઉદાહરણો ઘણા છે (પ્રાચીન પણ અને તાજેતરના પણ) કે સલ્તનતો, પ્રધાન-મંડળો, નેતૃત્વની મજબૂતી માટે ક્યારેક કોઈ લગ્ન-સંબંધ જ એક માત્ર સાધન બને છે.

એ સમાજમાં પ્રસ્તુત કરે છે, જેમાં શરાબ અને વ્યભિચાર એ સંસ્કૃતિના મોટા ગૌરવની વસ્તુ બનેલા હતા. ૨૫ વર્ષે પહોંચીને પણ તે ભોગવિલાસના પ્રચલિત ધોરણને ત્યજીને કોઈ નવયુવાન સુંદરીના બદલે ૪૦ વર્ષની એક વિધવાની પસંદગી કરે છે, કેમ કે તેના ઉદ્દેશ્યમાં એ જ વધારે મદદગાર બની શકે છે અને પછી દાંપત્ય-જીવનની દૃષ્ટિએ ઉંમરના સૌથી શ્રેષ્ઠ ૨૫ વર્ષ એ જ મહિલાની સાથે પસાર કરીને પચાસ વર્ષ પૂરા કરી લે છે. શું તેના વિશે એ નીચ વાતો વિચારી શકાય છે, જેની ચર્ચા વાંધો ઉઠાવનારાઓએ કરી છે ? પછી વધારે પત્નીઓનો ગાળો ૫૫ થી ૫૯ વર્ષનો ગાળો છે. આરબ જેવા ગરમ દેશને જોતાં આ ઉંમરમાં કામેચ્છા ઓછી થતી જઈ રહી હોય છે. પછી સ્વયં પત્નીઓની ઉંમરોને જોઈએ તો બે પત્નીઓ સિવાય બાકીની પત્નીઓની ઉંમર નિકાહના સમયે ૨૦ વર્ષથી ઉપર હતી અને પાંચની ઉંમર તો ૩૬ થી ૫૦ વર્ષ હતી. શું હુઝૂર ﷺ માટે એકદમ નવયુવાન અને અત્યંત સુંદર છોકરીઓની કમી હતી ?

પછી આવો નીચ વાંધો ઉઠાવનારાઓએ વિચારવું જોઈતું હતું કે એ હસ્તી, જેણે પોતાના માથા પર આટલા મોટા કાર્યનો બોજ ઉઠાવ્યો હતો કે ન દિવસે શાંતિ મળતી હતી અને ન રાત્રે આરામની કોઈ પળ, અને એ પવિત્રતા અને લજ્જાની પ્રતિમા કે જેણે માનવતાને પરદાનો મહાન, બરકતવાળો કાનૂન પ્રદાન કર્યો (સ્વયં આ કાંનૂન પર પણ યુરોપના લોકો મોઢું વાંકુ કરે છે) અને માનવીને હૃદય અને દૃષ્ટિ પર કાબૂ રાખવાનું શીખવાડ્યું, અને એ હસ્તી કે જેના સમયનો મોટો ભાગ રાજ્ય અને સમાજના વ્યાપક પ્રશ્નોમાં ખપી જતો હતો, અને જેનો અંગત સમય પગોને સોજા ચઢી જાય એવી લાંબી-લાંબી નમાઝોમાં ઊભા રહેવામાં વપરાતો હતો, છેવટે કેવી રીતે તેના વિશે એ નિરર્થક વાતો વિચારી શકાય છે ! વધુમાં, વિલાસી બાદશાહો અને વિજેતાઓ જેવી કોઈ વાત તેનામાં જોવા મળતી નથી. ન તે શિરજોર અને અત્યાચારી છે, ન તેને શરાબ, સંગીત અને ગર્વયુક્ત પોશાકોથી રુચિ છે, બલ્કે ઊલટું તેણે સમાજને આ વિલાસિતા અને વિષયાસક્તિને વધારનાર મનોરંજનથી પવિત્ર કર્યો. ન તેણે પત્નીઓને દુનિયાના એશ-આરામનો સામાન ઉપલબ્ધ કરાવ્યો અને ન રેશમ અને સોનાથી તેમના શરીરોને શણગાર્યા, બલ્કે પોતાના અતિ સાદગીભર્યા જીવનના રંગમાં તેમને પણ રંગી નાખ્યા. ઉપરાંત, તેમના એવી રીતે લાડ-નખરા પણ ઉઠાવ્યા નથી કે તેમની ખુશી આંદોલનના હિતો પર પ્રાથમિકતા પ્રાપ્ત કરી લે અથવા કોઈ નાનો-સરખો સિદ્ધાંત પણ છોડવો પડે, બલ્કે આવા પ્રસંગોએ તેમને કડક ઠપકો આપ્યો, અને એક અવસરે તો ભરણ-પોષણનું માપદંડ ઉચ્ચ કરવાની માંગણી પર જ ચોખ્ખા શબ્દોમાં તેમને કહી દીધું કે આ સાદગીમાં સાથ

આપી શકો તો સારું છે, નહિં તો હું તમને વિદાય કરી દઉં છું. શું આ બધી વાતો મળીને એ વ્યર્થ વાંધાઓનો સંપૂર્ણપણે છેદ ઉડાવી દેતી નથી ?

હુઝૂર ﷺ ના નીચે દર્શાવેલા નિકાહ, જે વિશેષ જરૂરતોને આધીન હતા, તે આ પ્રમાણે છે :

— કબીલા-વ્યવસ્થાની વિશેષતા છે કે પૂર્વગ્રહનું વર્તુળ ખૂબ સીમિત હોય છે અને તેની સરહદ અત્યંત મજબૂત રાખવામાં આવે છે. કબીલાનું માનસ પોતાના અને પારકા વચ્ચે સંપૂર્ણ પૂર્વગ્રહયુક્ત ભેદભાવ કરે છે. અંદરથી વેરવિખેર અસંખ્ય કબીલાઓને જોડવા માટે જ્યાં માનવતાને આવરી લેતી વિચારધારાની આવશ્યકતા હતી, ત્યાં નેતાનું એવું વ્યક્તિત્વ પણ અપેક્ષિત હતું, જે સૌના માટે નહીં તો મોટાભાગના મુખ્ય કબીલાઓ માટે આત્મિયતાની ભાવના ધરાવતું હોય. આરબ પ્રદેશમાં વ્યવહારૂ સુધારણા અને નિર્માણનું કોઈ કાર્ય કરવું કોઈ એવા વ્યક્તિ માટે તો મૂળથી સંભવ ન હતું, જેનો પોતાનો કોઈ કબીલો ન હોય, બલ્કે પ્રતિષ્ઠિત કબીલો ન હોય. પરંતુ કાર્યને સફળતાપૂર્વક પરિપૂર્ણતા સુધી લઈ જવા માટે કબીલાઓની વચ્ચે સંબંધોની જરૂરત હતી. આ રાજકીય જરૂરત કેટલાક દાંપત્ય સંબંધો માટે પ્રેરક બની.

જેમ કે ઉમ્મુલ મુ'મિનીન હઝરત જુવૈરિયા رضي الله عنها ના મામલાને લો. તેઓ બનૂ મુસ્તલિકના કબીલાના મહિલા હતા. આખો કબીલો ખૂબ શક્તિશાળી હતો અને ધાડ અને લૂંટફાટમાં પ્રખ્યાત. સ્વયં હઝરત જુવૈરિયા رضي الله عنها ના પિતા નામાંકિત લૂંટારા હતા. ઈસ્લામી રાજ્યથી આ કબીલાએ શરૂઆતથી જ સખત વેરભાવના રાખી. આ કબીલો ન શિસ્ત અને અનુશાસનને સ્વીકારવા તૈયાર હતો અને ન સંધિ-સંબંધો માટે તૈયાર, બલ્કે વિરોધના દરેક મોરચા પર હાજર. છેવટે આ કબીલાને લશ્કરી તાકાતથી દબાવવામાં આવ્યો. હઝરત જુવૈરિયા رضي الله عنها કેદીઓમાં આવ્યા. હુઝૂર ﷺ સાથે તેમના નિકાહ થયા, તો સમુદાયના લોકોએ આખા કબીલાના કેદીઓને મુક્ત કરી દીધા કે આ લોકો રસૂલે ખુદા ﷺ ના સાસરિયાના રિશ્તેદાર બની ગયા છે અને હવે અમે તેમને કેદમાં નથી રાખી શકતા. આ નિકાહની બરકત જુઓ કે આખો કબીલો ધાડ અને લૂટફાટ છોડીને શાંતિપ્રિય અને વ્યવસ્થાનો આજ્ઞાંકિત બની ગયો. હવે મદીના રાજ્યનો વડો તેમનો પ્રિય હતો.

આ જ પ્રમાણે ઉમ્મુલ મુ'મિનીન હઝરત મૈમૂના رضي الله عنها ના મામલાને લો. નજદનો વિસ્તાર જ્યાં અત્યંત રાજકીય મહત્ત્વ ધરાવતો હતો (કેમ કે કુરૈશનો એક વેપારી માર્ગ ઈરાક જવા માટે આ તરફથી પણ પસાર થતો હતો), ત્યાં ઈસ્લામના આમંત્રણ

માટે ત્યાંની જમીન ખૂબ જ કઠણ સાબિત થઈ. અહીંના લોકોએ એક ઇસ્લામના આમંત્રણ અને શૈક્ષણિક પ્રતિનિધિ-મંડળના સિત્તેર કીમતી માણસોને શહીદ કરી દીધા હતા. પછી ઘણી વાર નજદવાસીઓએ ઇસ્લામ વિરુદ્ધ ઉપદ્રવો કર્યા હતા. હઝરત મૈમૂના ﷺ નજદના સરદારની પત્નીના બહેન હતા. હુઝૂર ﷺ ના તેમના સાથે નિકાહ થતાં જ વાતાવરણ બદલાઈ ગયું અને નજદ મદીનાના આધીન થતું ગયું — વધુમાં, તેમની કેટલીય બહેનો ખૂબ જ પ્રસિદ્ધ સરદારો સાથે પરણાવવામાં આવી હતી.

પછી, ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે હબીબા ﷺ વિશે વિચાર કરો. આ કુરૈશના ઉચ્ચ સરદાર અબૂ સુફિયાનના પુત્રી હતા. આ નિકાહ પછી અબૂ સુફિયાન ફરી ક્યારેય હુઝૂર ﷺ ની સામે મેદાનમાં આવ્યો નથી અને તેના વિરોધનું જોર તૂટી ગયું. મહદ્અંશે આ નિકાહે મક્કા-વિજયનો માર્ગ અનુકૂળ કરી દીધો.

એ જ રીતે હઝરત સફિયા ﷺ ને લો. આ એક ઉચ્ચ યહૂદી સરદાર (હય્ય ઇબ્ને અખ્તબ)ની પુત્રી હતા. તેમના પારિવારિક દરજ્જાને સામે રાખીએ તો કોઈપણ રીતે યોગ્ય ન હોત કે તેમને કોઈ મામૂલી ઘરમાં જગ્યા મળતી. હુઝૂર ﷺ એ તેમના સાથે નિકાહ કર્યા, તો પછી યહૂદીઓ ક્યારેય વિરોધી મોરચાને પુનર્જીવિત કરવાની હિંમત ન કરી શક્યા. હઝરત સફિયા ﷺ હુઝૂર ﷺ ના આદેશથી યહૂદી સગાઓની નાણાકીય મદદ પણ કરતા રહેતા હતા.

હઝરત હફસા ﷺ ના નિકાહની પશ્ચાદભૂમિમાં બીજા પ્રેરકો ઉપરાંત એક કારણ એ પણ કામ કરી રહ્યું હતું કે ઇસ્લામી સમાજ માટે જે ખાસ સાથીઓને હુઝૂર ﷺ એ પોતાના સલાહકાર બનાવીને પ્રશિક્ષિત કર્યા હતા, તેમાંથી ચાર અગ્રેસર સાથીઓથી આપ ﷺ એ ગાઢ અંગત સંબંધો સ્થાપિત કર્યા. હઝરત અબૂબક્ર ﷺ ના ઘર સાથે આપ ﷺ એ નિકાહનો સંબંધ સ્થાપ્યો. હઝરત ઉસ્માન ﷺ ને એક-પછી-એક બે સુપુત્રીઓ નિકાહમાં આપી. હઝરત અલી ﷺ ના ઘરને હઝરત ફાતિમા ﷺ એ સુશોભિત કર્યું. આ સ્થિતિમાં હઝરત ઉમર ﷺ ને આ સંબંધના વર્તુળમાંથી બહાર રાખી શકાય એમ ન હતા. હુઝૂર ﷺ એ તેમની સુપુત્રીને પણ પોતાના નિકાહમાં લીધા. આ રીતે હુઝૂર ﷺ એ કેન્દ્રીય કડી બનીને ભવિષ્યના આ નેતાઓને પરસ્પર સંલગ્ન કરી દીધા.

એ જ પ્રમાણે હઝરત સૌદા ﷺ બિન્તે ઝમઆનો સંબંધ બનૂ નજ્જાર (મદીના) સાથે હતો. તેમના પહેલા નિકાહ સુકરાન બિન ઉમરૂથી થયા હતા, અને સુહૈલ બિન ઉમરૂ, જે હુદૈબિયાની સંધિ સમયે કુરૈશના પ્રતિનિધિ હતા, સુકરાનના ભાઈ હતા. સુકરાનનું હબ્શમાં મૃત્યુ થયું, તો હુઝૂર ﷺ એ એક તરફ તો તેમનું દિલ

જીતવા અને બીજી તરફ હઝરત ખદીજા ﷺ ના અવસાન પછી પોતાની એકલતા દૂર કરવા માટે નિકાહ કરી લીધા. આ ઘટના નુબૂવ્વતના દસમા વર્ષની છે. હઝરત સૌદા ﷺ ની ઉંમર નિકાહ સમયે હુઝૂર ﷺ જેટલી એટલે કે ૫૦ વર્ષ હતી. પાછળથી તેઓ લગ્ન-જીવનની શારીરિક ઇચ્છાઓથી નિરપેક્ષ થઈ ગયા હતા.

— હુઝૂર ﷺ એ દાંપત્ય સંબંધોને કાયમ રાખવામાં એક અન્ય મહત્ત્વની, બલ્કે અનિવાર્ય જરૂરિયાતને પૂરી કરવાનું વિશેષ ધ્યાન પણ રાખ્યું છે. ઇસ્લામી આંદોલન સફળતાથી પોતાના તબક્કાઓ ત્યારે જ પસાર કરી શકે છે, જ્યારે પુરુષોની સાથે-સાથે સ્ત્રીઓમાં પણ સમાન રૂપે કામ ચાલુ રહે. આ કામ એના વગર કેવી રીતે થઈ શકતું હતું કે સ્ત્રીઓના માર્ગદર્શન અને શિક્ષણ માટે સ્વયં તેમનામાંથી જ કેટલીક હોશિયાર મહિલાઓને નેતા અને કાર્યકરરૂપે તૈયાર કરી દેવામાં આવે. ઇસ્લામી હિજાબની વ્યવસ્થાની સાથે આ જરૂરત કેવળ દાંપત્ય-સંબંધના વર્તુળમાં જ પૂરી થઈ શકે છે; અર્થાત્ જ્યાં દરેક મુસલમાનની જવાબદારી છે કે તે પોતાના ઘરની સ્ત્રીઓને ઇસ્લામી આંદોલનની સેવા માટે તૈયાર કરે, ત્યાં પયગંબર અને નેતા માટે વધારે જવાબદારી છે કે તે પોતાના ઘરને નમૂનારૂપ બનાવે અને પોતાના ઘરના લોકોને મહિલાઓના શિક્ષણ-પ્રશિક્ષણ માટે તૈયાર કરે. આ જ જરૂરત છે, જેના હેઠળ સ્વયં કુર્આનમાં હુઝૂર ﷺ ની પત્નીઓ અને ઘરની સ્ત્રીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આમ, હઝરત આઇશા સિદ્દીકા ﷺ ઉપરાંત, હઝરત હફસા ﷺ અને ઉમ્મે સલમા ﷺ મહિલાઓમાં બૌદ્ધિક અને વૈચારિક નેતૃત્વ કરવાને કાબેલ બન્યા અને બાકીની પત્નીઓએ પણ નૈતિક રીતે પોતાને અનુકરણીય નમૂનો બનાવ્યા.

— ક્યારેક દાંપત્ય-સંબંધોમાં હુઝૂર ﷺ ને બીજા પક્ષના દિલ જીતવા માટે અસાધારણ પ્રબંધ પણ કરવો પડ્યો. જેમ કે - પોતાની ફોઈની દીકરી હઝરત ઝૈનબ ﷺ બિન્તે હજશના નિકાહ આપ ﷺ એ પોતે આગ્રહપૂર્વક હઝરત ઝૈદ બિન હારસા ﷺ થી કર્યા હતા અને હેતુ એ હતો કે પારિવારિક ભેદભાવોના સાંકડા વાડા તૂટી જાય. નિકાહ દુર્ભાગ્યે નિષ્ફળ થઈ ગયા અને નોબત તલાક સુધી પહોંચી. હઝરત ઝૈનબ ﷺ નું હૃદય-ભંગ થવું પણ દેખીતું છે અને હુઝૂર ﷺ આમાં પોતાની જવાબદારી પણ અનુભવતા હશે. તેમને પોતાના નિકાહમાં લઈને સૌથી સારી રીતે તેની ભરપાઈ પણ કરી શકતા હતા. પરંતુ અજ્ઞાનતાની એક ખોટી પ્રથા આડે આવતી હતી. હઝરત ઝૈદ ﷺ બિન હારસાને આપ ﷺ એ દત્તક પુત્ર બનાવ્યા હતા અને રિવાજ મુજબ આવી પરિસ્થિતિમાં પિતા-પુત્ર જેવા હક્કો દરેક મામલામાં આવતા હતા. આ રીતને અલ્લાહ તઆલાએ તોડી નાખી અને વિશેષ આદેશથી હઝરત ઝૈનબ ﷺ ને આપ ﷺ ના નિકાહમાં આપી દીધા.

ઉપર અમે ઉમ્મે હબીબા رضي الله عنها બિન્તે અબૂ સુફિયાનના નિકાહનો રાજનૈતિક હેતુ વર્ણવ્યો છે. પરંતુ તેનું પણ એક કારણ દિલ જીતવાનું હતું. આમના નિકાહ ઉબૈદુલ્લાહથી થયા હતા અને તેમના જ સાથે હિજરત કરીને હબ્શા ગયા હતા. ત્યાં પતિ ખ્રિસ્તી થઈ ગયા અને દારૂની લતમાં પડીને મૃત્યુ પામ્યા. ઉમ્મે હબીબાએ ઈસ્લામ પર ખૂબ મક્કમતા દર્શાવી. આમ છતાં પરદેશમાં પતિ દ્વારા ઈસ્લામ ત્યજી દેવું અને પછી મૃત્યુ પામવું, બમણું દુ:ખ હતું. હુઝૂર ﷺ એ ખાસ દૂત (અમ્ર બિન ઉમૈયા અલ-ઝમરી)ને નજ્જાશીના બાદશાહની પાસે નિકાહનો સંદેશ આપીને મોકલ્યો, ઉમ્મે હબીબા رضي الله عنها ને જાણ થઈ, તો એટલા ખુશ થયા કે ખુશખબર સંભળાવનાર શાહી દાસીને પોતાના ઘરેણા આપી દીધા. નજ્જાશીના બાદશાહે સ્વયં નિકાહ પઢાવ્યા. ઉમ્મે હબીબા رضي الله عنها એ પોતાના મામાના દીકરા (ખાલિદ બિન સઈદ બિન અબી આસ)ને વકીલ બનાવ્યા. ચારસો દીનાર મહેર નજ્જાશીના બાદશાહે પોતાના પાસેથી અદા કરી અને મિજબાની કરી. કેટલીક રિવાયતો અનુસાર મદીનામાં ફરી નિકાહની વિધિ કરવામાં આવી અને વલીમા (લગ્ન-ભોજન સમારોહ) પણ થયો.

એ જ પ્રમાણે ઉમ્મુલ મસાકીન હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા બિન અલ-હારિસ હિલાલિયા (બની બક્ર બિન હવાઝન) હુઝૂર ﷺ ના ફોઈના પુત્ર અબ્દુલ્લાહ બિન હજશના નિકાહમાં હતા. તેઓ ઉહદના યુદ્ધમાં શહીદ થઈ ગયા, તો હુઝૂર ﷺ એ તેમને વૈધવ્યથી કાઢીને પોતાના નિકાહમાં લઈ લીધા. દેખીતું છે કે આ કેવળ ઘરેલુ મામલો હતો અને દિલ જીતવાની સાથે આમાં કૌટુંબિક પાસું પણ રહેલું હશે.

સંશોધન અનુસાર કુલ ૧૧ નિકાહ હુઝૂર ﷺ એ કર્યા. આનાથી વધારે લગ્નોની રિવાયતો આધારભૂત નથી. તેમાંથી હઝરત ખદીજા رضي الله عنها હિજરત પહેલા(નુબૂવ્વતના દસમા વર્ષે) અને હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા رضي الله عنها માત્ર ત્રણ મહિના નબી ﷺ ના દાંપત્યમાં રહીને હિ.૩માં મૃત્યુ પામ્યા. હુઝૂર ﷺ ની ઉંમરનો લગભગ છેલ્લો પડાવ છે, જેમાં કુલ ૯ પુનિત પત્નીઓ એક સાથે લગ્ન-જીવનમાં હતી અને તેમાંથી પણ એક (હઝરત સૌદા رضي الله عنها) સાંસારિક ઈચ્છાઓથી તદ્દન નિસ્પૃહ બની ગયા હતા. પરંતુ જ્યારે અલ્લાહના કાનૂને પ્રતિબંધ મૂકી દીધો, તો તે પછી આપ ﷺ એ કોઈ નિકાહ નથી કર્યા. સામાન્ય મુસલમાનોની તુલનામાં કાનૂને એક અપવાદ આપ ﷺ માટે રાખ્યો. સામાન્ય મુસલમાનોને તો એ હુકમ હતો કે જો ચારથી વધારે કોઈની પત્નીઓ હોય, તો તે વધારાની એક પત્નીને તલાક આપી દે. પરંતુ હુઝૂર ﷺ ને અનુમતિ આપવામાં આવી કે હાજર તમામ પત્નીઓને પાસે રાખે. આ અપવાદનું કારણ એ હતું કે નબી ﷺ ની પત્નીઓને ધાર્મિક જરૂરતોને ધ્યાનમાં રાખીને

'ઉમ્મહાતુલ મુ'મિનીન' (સમુદાયના લોકોની માતાઓ) ઠેરવીને 'મુહર્રમાત' (જેમના સાથે લગ્ન કરવા હરામ)માં દાખલ કરી દેવામાં આવી હતી. હવે જો આમાંથી અમુકને હુઝૂર ﷺ થી તલાક અપાવવામાં આવતી, તો તેઓ તદ્દન એકલા પડી જાય.

હવે હુઝૂર ﷺ ના દાંપત્ય-સંબંધોના રાજનૈતિક મહત્ત્વને જુઓ કે તેના કારણે એક તરફ મક્કાના કબીલાઓ અને મુહાજિર સમૂહ તેમજ બીજી તરફ સામાન્ય આરબ કબીલાઓથી વ્યવસ્થાના વડાને જે સમાન સગપણ-સંબંધ પ્રાપ્ત થયો તેની વ્યાપકતા દર્શાવવા માટે અમે સંબંધિત પરિવારો અને કબીલાઓના નામ નોંધીએ છીએ. (૧) બની અસદ બિન અબ્દુલ ઉઝ્ઝા (૨) બની આમિર બિન લુવય્ય (૩) બની તમીમ (૪) બની અદી (૫) બની મખઝૂમ (૬) બની ઉમૈયા (૭) બની અસદ બિન ખુઝૈમાં (૮) બનુ મુસ્તલિક (૯) આરબ પ્રદેશના યહૂદીઓ (૧૦) બનૂ કિલાબ, કલ્બ અને સલીમ (૧૧) બનૂ કુન્દહ.

આ કબીલાઓના વિસ્તારોને જો ભૌગોલિક રીતે જોઈએ તો અંદાજ આવે છે કે વાસ્તવમાં હુઝૂર ﷺ નું વ્યક્તિત્વ આંતર-કબીલાઓના દરજ્જા પર આવી ગયું હતું, જે તમામ મોટા-મોટા કબીલાઓ માટે કેન્દ્રની હેસિયત રાખવાને કારણે એ મહાન એકતાને ઊભી કરવામાં સફળ થયું, જેનો તકાદો ઇસ્લામી આંદોલન કરતું હતું. અસંખ્ય અવરોધો અને વિદ્રોહી ઇરાદાઓને આ સંબંધોએ સમાપ્ત કરી નાખ્યા, બલ્કે ઘણા લાંબા ગાળાથી ચાલતી ઐતિહાસિક દુશ્મનાવટો બિનઅસરકારક થઈ ગઈ. વિચારો કે એક મહાન ઉદ્દેશ્ય, જેનાથી સમગ્ર માનવતાને સૌભાગ્ય પ્રાપ્ત થવાનું હતું — એક ન્યાય અને શાંતિની વ્યવસ્થા તેમજ એક વૈશ્વિક ભાઈચારાના સંબંધો શું એટલી કીમતી વસ્તું નહોતા કે તેના માટે જો બહુપત્નીત્વથી આરબ પ્રદેશના કબીલાવાદના વાતાવરણમાં માર્ગ સાનુકૂળ થતો હોય તો કરવામાં આવે. પછી સમગ્ર આરબ-પ્રદેશને એકતા અને અનુશાસન તથા શાંતિ અને સભ્યતાના માર્ગ પર લઈ આવવા માટે જો આ ઉપાય સ્પષ્ટરૂપે લાભદાયી રહ્યો હોય, તો છેવટે આના પર આટલો વાદ-વિવાદ કેમ ?

વાસ્તવમાં જોવામાં આવે તો આ હુઝૂર ﷺ નો મહાન ત્યાગ હતો કે આપ ﷺ એ માનવ-જાતની ભલાઈના મિશનને સફળ બનાવવા માટે પોતાની ભરપૂર વ્યસ્તતાઓની સાથે ઉંમરના અંતિમ પડાવમાં પારિવારિકતાનો આટલો બોજ ઉઠાવ્યો અને પોતાની ગરીબાવસ્થામાં કેટલી મુશ્કેલીઓથી ઘરના લોકોના ભરણ-પોષણની વ્યવસ્થાઓ કરી અને ઘરબારની કેટલીય તકલીફોને પોતાના માથે લીધી.

કોઈ વ્યક્તિ કલ્પના નથી કરી શકતો કે એકંદરે આ તમામ પરિસ્થિતિઓમાં

કોઈ માણસને મોજમજાની પળની વાત તો દૂર રહી, શાંતિની કોઈ પળ પણ મળી શકે છે ! સાચી હકીકત એ છે કે પોતાના ઉચ્ચ ધ્યેય કાજે હુઝૂર ﷺ નું આ બલિદાન હતું કે તેમણે એકથી વધારે પત્નીઓનો ભાર ઉઠાવ્યો.

આમ, જ્યાં સુધી ઈસ્લામી આંદોલનના રાજનૈતિક પાસાનો સંબંધ છે, માનવતાના ઉપકારક ﷺ ના વ્યાપક અંગત સંબંધોએ અવશ્ય માર્ગો ખોલ્યા હશે અને લોકો માટે ઈસ્લામ તરફ આગળ વધવું સરળ કરી દીધું હશે.

લોકો સ્વયં આગળ વધે છે

કોઈપણ સૈદ્ધાંતિક ક્રાંતિકારી આંદોલનની જેમ માનવતાના ઉપકારક ﷺ ની સિદ્ધિઓને બે મોટા ભાગોમાં વહેંચી શકાય છે. એક તે કાળ, જ્યારે કે ઈસ્લામી આંદોલન સ્વયં લોકોના નજીક જઈ-જઈને તેમને પોકારતું હતું. બીજો એ કાળ, જ્યારે કે લોકો સ્વયં આગળ વધવા લાગે અને ઈસ્લામના દ્વાર પર ટકોરા આપવા લાગે કે અમે અંદર આવવા માગીએ છીએ. આ બીજો કાળ વિસ્તરણનો કાળ છે અને જ્યારે તે આવી ચૂકે છે તો પછી તમામ અવરોધો સમાપ્ત થઈ જાય છે અને તમામ નકારાત્મક વલણો મેદાન છોડી દે છે. પરંતુ આ કાળ સુધી પહોંચવા માટે નબી અકરમ ﷺ અને આપના સાથીઓએ ખૂબ મહેનત કરી અને લોહીનું પાણી કરી નાખ્યું. એક તરફ વૈચારિક આમંત્રણના મેદાનમાં સાબિત કરી દીધું કે દલીલની શક્તિ અમારા સાથે છે, બીજી તરફ નૈતિક ક્ષેત્રમાં ધાક બેસાડી દીધી કે ઈસ્લામે બનાવેલ માનવી માનવતાનો સર્વશ્રેષ્ઠ નમૂનો છે. ત્રીજી તરફ રાજકીય કુનેહની રીતે પોતાનો સિક્કો જમાવી દીધો કે અમે લોકો મામલાઓની ગૂંચોને ખોલવા-બાંધવાનું જાણીએ છીએ, અને ચોથી તરફ રણભૂમિમાં પોતાની શક્તિ પુરવાર કરી દીધી કે અમે અવરોધોને પહોંચી વળી શકીએ છીએ તેમજ અત્યાચાર અને બળજબરીને ભારે પડી શકીએ છીએ. મનો-મસ્તિષ્કને પ્રભાવિત કર્યા, હૃદયોને ઢંઢોળ્યા, ભાવનાઓને સાથે કરી, ભાગ્યશાળી આત્માઓને સહમત બનાવીને ગળે લગાવ્યા, યુદ્ધ કરવા ન માગતા હોય એવા કબીલાઓને સંધિ-વ્યવસ્થાથી જોડી દીધા અને યુદ્ધખોર વિરોધીઓની લડવાની શક્તિને તોડીને રસ્તો સાફ કર્યો; ત્યારે એ સમય આવ્યો કે લોકો ચારે તરફથી આશાના નવા કેન્દ્ર – મદીના – તરફ આગળ વધ્યા.

આ કાળ એ વર્ષથી શરૂ થાય છે, જેને 'આમ્મુલ વુફૂદ'નું (પ્રતિનિધિ-મંડળોનું વર્ષ) શીર્ષક આપવામાં આવ્યું છે; અર્થાત્ એ વર્ષ જેમાં આરબ પ્રદેશના ખૂણે-ખૂણામાંથી કબીલાઓએ પોતાના પ્રતિનિધિ-મંડળો મદીના મોકલ્યા – ઈસ્લામના સ્વીકાર માટે રાજકીય અનુસરણના કરાર કરવા માટે કેવળ તપાસ અને જાંચ-પડતાલ

કરવા અને પરિસ્થિતિને સમજવા માટે !! દરેક બાજુ ઇસ્લામની તરસ ઊભી થઈ ગઈ, એક ચળવળ અને હલચલની શરૂઆત થઈ ગઈ. આ કાળ મક્કા-વિજય પછીના ત્રણ વર્ષો - હિ. ૮, ૯ અને ૧૦ - પર ફેલાયેલો છે. આ જાણે માનવતાના ઉપકારક ﷺ એ વાવેલ ખેતીનો પાક લેવાની ઋતુ હતી ! જો કે ટૂંકમાં વર્ણન કરવું પડે એમ છે, તેમ છતાં સીરતનો આ ભાગ એટલો મહત્ત્વનો છે કે પ્રતિનિધિ-મંડળોનો ઉલ્લેખ સામે આવવો જોઈએ, કેમ કે પ્રતિનિધિ-મંડળોનું આગમન અને તેમની વાતચીત અને તેમના પ્રતિભાવોમાં ખૂબ જ લાભદાયી બોધપાઠ મળે છે. વળી, આ જ નિવેદનો એ હકીકતને સ્પષ્ટ કરી શકે છે કે કઈ રીતે સામાન્ય પ્રજા ચારે તરફથી આવી-આવીને ઇસ્લામના ચરણોમાં ઝૂકી ગઈ. સીરતના વિભિન્ન પુરાણા પુસ્તકોમાં મદીના આવનારા પ્રતિનિધિ-મંડળોની સંખ્યા ઓછામાં ઓછી ૧૫ અને વધારેમાં વધારે ૧૦૪ મળે છે. અમે તેમાંથી માત્ર મુખ્ય અને મહત્ત્વના પ્રતિનિધિ-મંડળોનો ઉલ્લેખ કરીશું. તેમાં પણ વિગત કેવળ બે-ચાર પ્રતિનિધિ-મંડળો વિશે આપવામાં આવી રહી છે. 'આમ્મુલ વુફૂદ'થી પહેલા હિ. ૫માં એકલ-દોકલ પ્રતિનિધિ-મંડળો આવવા લાગ્યા હતા, તેથી ત્યાંથી જ શરૂઆત કરીએ છીએ.

(૧) મુઝૈના કબીલાનું પ્રતિનિધિ-મંડળ :

આ ખૂબ મોટો કબીલો હતો અને ઉપર જઈને વંશીય અનુક્રમ કુરૈશથી મળી જતો હતો. પ્રખ્યાત સહાબી નો'માન બિન મકરન રદિ. આ જ કબીલાના હતા. હિ. ૫માં આ કબીલાના ચારસો માણસોનું મોટું પ્રતિનિધિ-મંડળ નબી અકરમ ﷺ ની સેવામાં હાજર થયું અને ઇસ્લામ અંગેનું પ્રણ લીધું. સંભવતઃ મદીના આવનાર સૌપ્રથમ લાકોનું પ્રતિનિધિ-મંડળ આ જ હતું. મદીનાથી પાછા ફરતાં તેમને ભાથાના રૂપે ખજૂરો આપવામાં આવી.

(૨) બનૂ તમીમ કબીલાનું પ્રતિનિધિ-મંડળ :

આ પ્રતિનિધિ-મંડળ પણ શરૂઆતના તબક્કામાં આવ્યું અને ખૂબ ઠાઠમાઠથી આવ્યું. કબીલાના મોટા-મોટા સરદારો (અકરઅ બિન હાબિસ, ઝબરકાન, અમ્ર બિન અલ-અસ્તમ, નઈમ બિન યઝીદ અને ઉયૈયના બિન હસન ફરાઝી) પોતે સામેલ હતા. આ પ્રતિનિધિ-મંડળના કારણે ખાસ્સો જમેલો રહ્યો. આ પ્રતિનિધિ-મંડળના માણસો મસ્જિદમાં દાખલ થયા, તો ખૂબ અકડાઈથી હુજરાની પાસે જઈને બૂમ પાડી, ''મુહમ્મદ ! હે મુહમ્મદ ! બહાર આવો !'' તેથી અલ્લાહની વહી (સૂરઃ હુજુરાત)એ તેમને સૌજન્યશીલતાનો પાઠ પણ શીખવાડ્યો. આ લોકો આમ તો ઇસ્લામને દિલ દઈને જ ઘરેથી નીકળ્યા હતા, પરંતુ હજુ અરબી ગર્વનો રંગ સ્વભાવમાં

બાકી હતો. તેમણે ઇચ્છા કરી કે પક્ષકારોના વક્તાઓ અને કવિઓ સભામાં ભાષા-સૌંદર્ય અને ઇરાદા-અર્થઘટનનું કૌશલ્ય બતાવે. વાસ્તવમાં આરબ પ્રદેશના કેટલાક ઉચ્ચ કબીલાઓ કોઈ નેતૃત્વને ત્યારે જ સ્વીકારી શકતા હતા કે તેની વૈચારિક શ્રેષ્ઠતાને તેઓ માની જાય. હુઝૂર ﷺ એ પણ આ વક્તૃત્વ-શક્તિ અને ગર્વ દર્શાવવાના આહવાન્ને તેના પાછળના હેતુને જોઈને સ્વીકારી લીધું.

અતારદ્ બિન જાઝબ, બનૂ તમીમનો નામાંકિત વક્તા હતો. તેણે પોતાના કબીલાના નેતૃત્વ, શાખ અને સમૃદ્ધિ અને વૈભવને પ્રવચનમાં પ્રસ્તુત કર્યા કે અમારી બરાબર હોવાનો જેને દાવો હોય તે આવી ખાસિયતો અને ગુણો સામે લાવે.

નબી અકરમ ﷺ ના ઇશારાથી ઇસ્લામી આંદોલનના એક વક્તા સાબિત બિન કૈસ رضي الله عنه જવાબમાં પ્રવચન કરવા માટે ઊભા થયા. તેમણે એક જોરદાર પ્રવચનમાં ગર્વ દર્શાવતી હળવી શૈલીમાં ઇસ્લામના સંદેશને સ્પષ્ટ કર્યો અને તેને જ ઇસ્લામી સમાજની ગૌરવવંતી પૂંજી ઠેરવી. કેટલાક વાક્યો મૂળ અરબીમાં જુઓ, શું ગુણવત્તા છે !

"الحمد لله الذی السمٰوٰت والرض خلقه. قضیٰ فیهن امرهٗ
و وسعَ کرسیّهٗ علمهٗ ! .... ثم کان من قدرته ان جعلنا
ملوکًا و اصطفیٰ من خیر خلقهٖ رسولاً. اکرمه نسبًا. و
اصدقهٗ حدیثًا و افضله حسبًا.... ثم دعا الناس الی
الامان به فٰامن برسول الله المهاجرون من قومه و ذوی
رحمه، اکرم الناس حسبًا، و احسن الناس وجوهًا و خیر
الناس فعالاً.... فنحن انصارُ الله و وزراء رسوله..."

પછી તમીમના પ્રસિદ્ધ શાયર ઝબરકાન બિન બદરે પ્રશસ્તિ-ગીત ગાયું, રંગ આ પ્રમાણે હતો —

نحن الکرام فلاحیٌّ یُعادِلُنا   من الملوك وفینا تنصب البِیَع

''અમે સજ્જનો છીએ અને કોઈ કબીલો અમારી બરાબરી નથી કરી શકતો. અમારામાં તાજદાર છે અને અમે લોકો ઉપાસના-ગૃહો બાંધીએ છીએ.''

ઇસ્લામી આંદોલનના ક્રાંતિકારી શાયર હઝરત હસ્સાન رضي الله عنه હાજર ન હતા, તેમને શોધીને લાવવામાં આવ્યા. હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''ઉઠો હસ્સાન ! આ વ્યક્તિની શાયરીનો જવાબ આપો.'' ઇબ્ને હિશામે તેમના પ્રશસ્તિ-ગીતનો ઉલ્લેખ કર્યો છે. પ્રતિનિધિ-મંડળે સ્વીકાર કર્યો કે અમારા વક્તા અને શાયરથી રસૂલે-ખુદા

ﷺ ના વક્તા અને શાયર શ્રેષ્ઠ છે. આ સ્વીકાર પછી તમામ લોકો ઇસ્લામની દયારૂપ છત્રછાયામાં આવી ગયા.

(૩) બની અબ્દે કૈસ કબીલો :

બહરૈન વિસ્તારમાં ઇસ્લામના આમંત્રણની શરૂઆત મન્કઝ બિન હયાન ﷺ દ્વારા થઈ ગઈ હતી. અસરોનું વર્તુળ ફેલાતું ગયું. હિ.૫માં તેર માણસોનું પ્રતિનિધિ-મંડળ મદીના આવ્યું. હુઝૂર ﷺ એ જ્યારે તેમને પૂછયું તો બતાવ્યું કે અમે રબીઆ પરિવારના માણસો છીએ, તો હુઝૂર ﷺ એ مرحبا! لاخذايا ولاندامى કહીને તેમનું અભિવાદન કર્યું. પ્રતિનિધિ-મંડળ તરફથી નિવેદન કરવામાં આવ્યું કે અમારો વિસ્તાર વધારે દૂર છે અને રસ્તામાં મિસર (ઇજિપ્ત)ના કાફિરોની વસ્તીઓ છે, તેથી અમે ચાર હરામ મહિનાઓ સિવાય પ્રવાસ કરી શકતા નથી. તેથી અમને કેટલીક નિશ્ચિત વાત બતાવી દો, જેના પર અમે અમલ કરતા રહીએ અને અમારા લોકોને બતાવીએ. નબી અકરમ ﷺ એ તૌહીદ (એકેશ્વરવાદ), નમાઝ, રોઝા અને 'ખુમ્સ' (માલે ગનીમતનો પાંચમો ભાગ જે ગરીબો-જરૂરતમંદો માટે વિશિષ્ટ હોય) અદા કરવાની તાકીદ કરી અને દારૂથી દૂર રહેવા માટે ચાર પ્રકારના પ્રચલિત માટીના વાસણો (દબ્બા, ખકમ, નકીર, મઝફ્ફત)ના ઉપયોગની મનાઈ કરી. પ્રતિનિધિ-મંડળના લોકોને બહરૈનની અજ્ઞાનતાપૂર્ણ સંસ્કૃતિ વિશે હુઝૂર ﷺ ની જાણકારી સાંભળીને ખૂબ આશ્ચર્ય થયું. પરંતુ છેવટે જીવન-વ્યવસ્થાને ઊથલ-પાથલ કરી દેનાર આંદોલનના વડા ઇસ્લામના પ્રચાર-આધીન વિસ્તારોની પરિસ્થિતિથી અજાણ રહીને કામ કેવી રીતે કરી શકે છે ! હુઝૂર ﷺ ની જાણકારી અમુક તો અંગત પ્રવાસોથી મેળવેલી હતી અને પછી મક્કા અને મદીનાના કેન્દ્રીય સ્થળો પર ખૂણે-ખૂણેથી લોકો આવતા હતા અને તેમના પાસેથી અમુક અહેવાલ જાણવા મળતા હતા.

આ પ્રતિનિધિ-મંડળમાં એક વ્યક્તિ જારૂદ બિન અલાઅ પણ હતો. જારૂદ ખ્રિસ્તી હતો. તેણે અરજ કરી કે હું એક ધર્મ પર ચાલી રહ્યો છું, તેને છોડીને જો તમારા ધર્મ પર આવું, તો શું તમે જામીન બનો છો ? (અર્થાત્ આખિરતમાં કોઈ આફત તો નહીં આવે ને ?) હુઝૂર ﷺ એ ફરમાવ્યું, ''હા, હું જામિન છું, કેમ કે જે ધર્મ તરફ હું આમંત્રણ આપું છું, તે તમારા ધર્મથી વધારે સારો છે.'' જારૂદ તરત જ મુસલમાન થઈ ગયો અને તેના સહધર્મી સાથીઓ પણ ઇસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયા.

(૪) બનૂ સઅદ (બનૂ બકર)નો પ્રતિનિધિ :

કબીલાએ ઝમામ બિન શોઅલબાને પ્રતિનિધિ બનાવીને મદીના મોકલ્યો.

આ ઊંટ પર સવાર થઈને વિચિત્ર સાદા ગ્રામવાસી આરબના અંદાજમાં મસ્જિદે નબવીમાં આવ્યો અને નબી ﷺ ના સાથીઓને પૂછ્યું, 'તમારામાંથી અબ્દુલ મુત્તલિબનો ફરજંદ (અર્થાત્ પુત્ર) કોણ છે?" લોકોએ હુઝૂર ﷺ તરફ ઇશારો કર્યો કે એ ગોરા વાનવાળા છે રસૂલે ખુદા ﷺ. પાસે પહોંચ્યો અને કહ્યું, "હે અબ્દુલ મુત્તલિબના પુત્ર! કેટલીક વાતો કડક રીતે પૂછીશ, ખોટું ન લગાડજે." હુઝૂર ﷺ એ અનુમતિ આપી. પછી તેણે સોગંદ આપી-આપીને દીનની અમુક વાતો (તૌહીદ, રિસાલત, નમાઝ, હજ્જ[1], ઝકાત વગેરે) વિશે પૂછ્યું કે શું આપ ﷺ આવું કહો છો? હુઝૂર ﷺ પુષ્ટિ કરતા ગયા. બધા જવાબ લઈને કહ્યું, "મારું નામ ઝમામ બિન શોઅલ્બા છે. મને મારી કોમે મોકલ્યો છે. હું જાઉં છું અને જે કંઈ તમે બતાવ્યું છે તેમાં હું ન કણ બરાબર વધારો કરીશ, ન ઘટાડો." અને ઊંટ પર સવાર થઈને રવાના થઈ ગયો. તેના ગયા પછી હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે, "જો આ સાચું કહે છે તો તેણે સફળતા પ્રાપ્ત કરી."

પાછા જઈને તેણે કોમમાં તોફાની અંદાજમાં આમંત્રણ આપ્યું કે, "લોકો! હું ખુદા અને રસૂલ પર ઈમાન લાવ્યો છું, લાત અને ઉઝ્ઝા વગેરે કોઈ સચ્ચાઈ નથી રાખતા." લોકોએ ડરાવ્યો કે તારા પર આવી વાતોના કારણે આ મૂર્તિઓની માર ન પડે અને ગાંડપણ કે રક્તપિત્ત ન થઈ જાય. ઝમામે કહ્યું, "ખુદાના સોગંદ! આ ન નફો પહોંચાડી શકે છે, ન નુકસાન!" સાંજ પડતાં પહેલા જ આખો કબીલો ઇસ્લામી આંદોલનમાં સામેલ થઈ ગયો.

(૫) અશ્અરઐનનું પ્રતિનિધિ-મંડળ :

યમનનો આ એક પ્રતિષ્ઠિત કબીલો હતો અને અબૂ મૂસા અશ્અરી رضي الله عنه આના જ એક વ્યક્તિ હતા. તેમના સુધી સત્યનું આમંત્રણ મક્કા-કાળમાં (તુફૈલ દૌસી رضي الله عنه અને હબ્શાના મુહાજિરોના માધ્યમથી) પહોંચી ચૂક્યું હતું. પ્રભાવિત થયેલ લોકોમાંથી ત્રણ વ્યક્તિઓ હિજરતનો મક્કમ ઇરાદો કરીને મદીના ચાલ્યા કે હુઝૂર ﷺ થી લાભાન્વિત થઈશું અને સત્યના આંદોલનને સહયોગ કરીશું. સમુદ્રી પ્રવાસ હતો, રસ્તામાં પ્રતિકૂળ હવા ચાલી અને જહાઝ હબ્શાના કિનારે પહોંચી ગયું. ત્યાં આ લોકો સૌપ્રથમ હિજરતનું સૌભાગ્ય મેળવનાર ઇસ્લામી સમુદાયને મળ્યા. થોડોક સમય ત્યાં રહીને હઝરત જાફર તૈયાર رضي الله عنه ના સંગાથમાં કેટલાક નવમુસ્લિમ હબશીઓને પણ સાથે લઈને આ લોકો મદીના રવાના થયા અને ખૈબરના વિજય પ્રસંગે (હિ.૭) હુઝૂર ﷺ ના દરબારમાં જઈને હાજર થયા. તેમની અસીમિત

૧. સંશોધકોનો મત છે કે રિવાયતકર્તાઓની સમજફેરથી હજ્જનો ઉલ્લેખ અહીં સામેલ થઈ ગયો છે, કેમ કે હજ્જ પાછળથી ફર્ઝ થઈ, એ અનુસંધાનમાં આ પ્રતિનિધિનું આગમન પાછળથી થવું જોઈએ.

ભાવનાઓની સ્થિતિ એ હતી કે અપેક્ષિત મંજિલ પર પહોંચ્યા તો આ ખુશીનું ગીત તેમના મોઢેથી ઉભરી આવતું હતું –

غدًا نلقى الاحبة محمدًا وحزبَهْ

"કાલે અમારાં સાથીઓને જઈને મળીશું, અર્થાત્ મુહમ્મદ ﷺ થી અને તેમના સમુદાયથી."

હુઝૂર ﷺ ને જાણ થઈ તો સાથીઓને કહ્યું, "તમારા ત્યાં યમનથી કેટલાક લોકો આવે છે, (ધ્યાનમાં રહે કે) આ લોકો ખૂબ જ માયાળુ અને નરમ દિલના હોય છે." ફરી ફરમાવ્યું, "ઈમાન છે તો યમનનું ! વિવેકબુદ્ધિ છે તો યમનની !"

પછી મુલાકાત થઈ, વાતો થઈ, પ્રશ્નો સામે આવ્યા, જવાબો આપવામાં આવ્યા, અને મદીનાના વાતાવરણમાં એક નવો રંગ છવાઈ ગયો.

(૬) દૌસનું પ્રતિનિધિ-મંડળ (યમન) :

અમે બતાવી ચૂક્યા છીએ કે તુફૈલ દૌસી رضي الله عنه મક્કાના ઇસ્લામના આમંત્રણના આરંભિક કાળમાં ઇસ્લામ સ્વીકારી ચૂક્યા હતા. તેમણે જતાં જ જોરશોરથી કામ કર્યું અને તેમના પિતા અને પત્ની તો તરત જ તેમના સાથે થઈ ગયા. કેટલાક બીજા લોકો પણ પ્રભાવિત થાય. પરંતુ કબીલો મોટા નૈતિક પતનમાં ગ્રસ્ત થઈ ગયો હતો અને વ્યભિચાર ફેલાઈ ગયો હતો. આવી પરિસ્થિતિમાં તેમનો ઉગ્ર સ્વભાવ અને જોશના કારણે કામ આગળ ન વધી શક્યું. તેઓ હુઝૂર ﷺ ને આવીને મળ્યા અને કોમની ફરિયાદ કરીને દુઆની દરખાસ્ત કરી. આપ ﷺ એ તેમને વિનમ્રતાથી આમંત્રણની શૈલીની શિખામણ આપી અને દૌસની સુધારણા માટે અલ્લાહથી દુઆ કરી. હવે જ્યારે તુફૈલ رضي الله عنه એ કામ શરૂ કર્યું, તો રસ્તાઓ ખુલતા ગયા અને હિ. પમાં ઘણા ઘરોમાં ઇસ્લામના કિરણો દાખલ થઈ ગયા, ત્યાં સુધી કે હિ.૭માં ૮૦ પરિવારો હિજરત કરીને મદીના આવી ગયા અને એ જ મુહાજિરોમાંથી હઝરત અબૂ હુરૈરા رضي الله عنه જેવા મહત્ત્વપૂર્ણ વ્યક્તિ પણ હતા.

(૭) સુદાહનું પ્રતિનિધિ-મંડળ :

આ કબીલામાંથી સૌથી પહેલા ઝિયાદ બિન હારિસ સદાઈ નબી અકરમ ﷺ ની સેવામાં આવ્યા હતા. પછી તેમણે જઈને થોડીક અસરો ઊભી કરી. હિ.૮માં ૧૫ માણસોનું એક પ્રતિનિધિ-મંડળ આખા કબીલાનું પ્રતિનિધિત્વ કરીને હાજર થયું. હઝરત સઅદ બિન ઉબાદા رضي الله عنه તેમના યજમાન હતા. તેમણે ભોજન ઉપરાંત તેમના માટે કપડાંની પણ વ્યવસ્થા કરી. આ લોકોએ હુઝૂર ﷺ ના હાથ પર ઇસ્લામી

આંદોલનમાં સામેલ થવાની બૈત કરી અને કબીલા તરફથી પણ સહયોગનો પ્રસ્તાવ મૂક્યો. આ પ્રતિનિધિ-મંડળના પાછા ગયા પછી કામ ઝડપથી થયું. હજ્જતુલ-વિદાઅના પ્રસંગે આ કબીલાના એકસો લોકો મક્કા પહોંચ્યા.

મક્કા-વિજયથી પહેલાના ગાળામાં આ જ પ્રતિનિધિ-મંડળો એ રીતે સામે આવે છે, જેમનો ઉલ્લેખ ઇતિહાસમાં સુરક્ષિત છે. મક્કા-વિજય પછી તો જાણે એક સાર્વજનિક પૂર હતું, જે ચારે તરફથી ઇસ્લામનો સાથ આપવા માટે ઊમટી આવ્યું ! હિ.૯માં મોટી સંખ્યામાં પ્રતિનિધિ-મંડળો મદીના પહોંચ્યા, તેમનો સંક્ષિપ્ત ઉલ્લેખ કરવામાં આવે છે.

(૮) સકીફનું પ્રતિનિધિ-મંડળ (તાઈફ) :

હુઝૂર ﷺ મક્કા-વિજયના પ્રવાસથી પાછા આવ્યા, તો ઉરવા બિન મસ્ઊદ સકફી હાજર થઈને ઇસ્લામી વર્તુળમાં દાખલ થયા, અને બનૂ સકીફમાં ઇસ્લામના પ્રસારનો ઇરાદો જાહેર કર્યો. હુઝૂર ﷺ એ સકીફના અહંકાર અને ગર્વને સામે રાખીને સાવધાની રાખવાની સલાહ આપી અને આશંકા વ્યક્ત કરી કે એ લોકો તમને મારી ન નાખે. હઝરત ઉરવા ؓ ને પોતાના પ્રભાવ અને પહોંચ પર ખૂબ વિશ્વાસ હતો. તેથી આગ્રહપૂર્વક કામ કરવાની અનુમતિ લીધી. પાછા જતાં જ મકાનની છત પર ઊભા થઈને ઇસ્લામની પોકાર લગાવી. તેમની આશા વિરુદ્ધ દરેક બાજુથી તીરંદાજી શરૂ થઈ ગઈ અને એક તીર ખાઈને તેઓ શહીદ થઈ ગયા. બનૂ સકીફે આ કૃત્ય કરી તો નાખ્યું, પણ આ પાશવી કૃત્યએ તેમની અંતરાત્માઓમાં હલચલ પેદા કરી દીધી. તેઓ મામલાને ઠંડા દિલથી વિચારવા મજબૂર થઈ ગયા. એક મહિનામાં તેમણે એક સભા કરી, જેમાં પરિસ્થિતિની વાસ્તવિક સમીક્ષા કરીને એ પ્રશ્ન પર વિચાર કરવામાં આવ્યો કે શું આપણે લોકો આખા અરબનો સામનો કરી શકીએ છીએ, જે ઇસ્લામના આધીન થઈ ચૂક્યું છે. છેવટે નક્કી કર્યું કે મદીનામાં કોઈ પ્રતિનિધિને મોકલવામાં આવે. પાછળથી આખું પ્રતિનિધિ-મંડળ તૈયાર થઈ ગયું. ઉસ્માન બિન અબી અલ-આસ, ઔરસ બિન ઔફ અને બહઝ બિન ખરશા (બની માલિકમાંથી) અને હકમ બિન ઉમર બિન વહબ અને શરજીલ બિન ગીલાન (સાથી કબીલાઓ તરફથી) પ્રતિનિધિ-મંડળમાં સામેલ થયા. તાઈફનો સરદાર અબ્દે યાલૈલ એમને લઈને મદીના ગયો. યાદ કરો કે આ એ જ અબ્દે યાલૈલ છે, જેણે બાર વર્ષ પહેલા હુઝૂર ﷺ ના સંદેશને સાંભળવાથી ઇન્કાર કરી દીધો હતો અને ગુંડાઓને આપ ﷺ ની પાછળ લગાવી દીધા હતા.

તબૂકથી રસૂલે અકરમ ﷺ પાછા આવ્યા ત્યારે આ પ્રતિનિધિ-મંડળ મદીના

પહોંચ્યું..તેમના માટે મસ્જિદથી અડીને તંબુ ઊભો કરવામાં આવ્યો. ખાલિદ બિન સઈદ બિન અલ-આસ પક્ષકારોની વચ્ચે વાતચીતનું માધ્યમ બન્યા. આ લોકોએ ચિત્ર-વિચિત્ર શરતો મૂકી.

એક શરત એ હતી કે ત્રણ વર્ષ સુધી તેમની મૂર્તિ 'લાત'ને ધ્વસ્ત કરવામાં ન આવે. પછી આ મુદ્દતને ઓછી કરતાં-કરતાં એક મહિના સુધી લાવવામાં આવે. આ મૂર્તિ જે જડ માનસિકતાનું પ્રતિબિંબ હતી, તે અંદરથી માની રહી નહોતી. તેમણે એ આંતરિક ભય જાહેર કરી દીધો કે અમારી મૂર્તિઓને જો ક્યાંક ખબર પડી ગઈ કે તેમને તોડી નાખવામાં આવશે, તો સંભવ છે કે એ તમામ રહેવાસીઓને સમાપ્ત કરી નાખે. હઝરત ઉમર ﷛ આ સાંભળી રહ્યા હતા. તેમનાથી ચુપ ન રહેવાયું. અબ્દે યાલૈલને સંબોધીને કહ્યું, "કેવી અજ્ઞાનતાની વાતો કરી રહ્યા છો. તમારા આ ઉપાસ્યો તો માત્ર પથ્થર છે." અબ્દે યાલૈલે ગુસ્સે થઈને કહ્યું કે, "હે ઇબ્ને ખત્તાબ ! અમે તમારા સાથે વાત કરવા નથી આવ્યા, અમારો મામલો રસૂલુલ્લાહ સાથે છે." છેવટે આ શરત હુઝૂર ﷺ એ જ્યારે કોઈપણ રીતે ન સ્વીકારી, તો તેઓ તેના પર રાજી થઈ ગયા કે ધ્વસ્તની કાર્યવાહી અમારા પાસે કરાવવામાં ન આવે, બલ્કે હુઝૂર ﷺ પોતાના માણસોને મોકલે. તેથી અબૂ સુફિયાન બિન હર્બ અને મુગીરા બિન શોઅ્બાને નિયુક્ત કરવામાં આવ્યા.

પછી તેમણે કહ્યું કે અમને નમાઝ પઢવાથી બાકાત રાખવામાં આવે. હુઝૂર ﷺ એ ફરમાવ્યું, "જે દીનમાં નમાઝ નથી, તેમાં કોઈ ભલાઈ નથી."

પ્રતિનિધિ-મંડળના એક સભ્યએ એ પણ દરખાસ્ત કરી કે, "રસૂલે ખુદા ! અમને વ્યભિચારની છૂટ આપવામાં આવે. તેના વગર અમારા માટે બીજો કોઈ ઉપાય નથી." પછી તે કહેવા લાગ્યો કે સારું, અમારા માટે વ્યાજની લેવડ-દેવડની છૂટછાટ આપો. એ જ પ્રમાણે દારૂ પીવાની પણ અનુમતિ માંગી.

અંદાજ એવો હતો કે જાણે રસૂલે ખુદા ﷺ એ કોઈ દુકાન ખોલી રાખી છે કે જેમાંથી દરેક પોત-પોતાની પસંદની વસ્તુ ખરીદી શકે છે કે જે વસ્તુ ઇચ્છે, છોડી દે અને જે ઇચ્છે, તે લઈ લે. હુઝૂર ﷺ આ માંગણીઓના જવાબમાં કુર્આનની આયતો પઢીને બતાવતા ગયા કે આ તો અલ્લાહનો કાનૂન છે, ન કે કોઈનું મનઘડંત. જ્યારે આ નિરર્થક શરતો રદ કરી દેવામાં આવી, તો પછી પ્રતિનિધિ-મંડળના લોકો પરસ્પર મસ્લત કરીને એ નિર્ણય પર પહોંચ્યા કે જો અમે ઇસ્લામની માંગણીઓને નથી માનતા, તો અમારું પરિણામ પણ એક દિવસે મક્કાવાસીઓ જેવું આવશે. મજબૂરીથી માથું અનુસરણમાં ઝુકાવી દીધું અને સંધિ લખી લેવામાં આવી. હુઝૂર ﷺ એ માત્ર

બે વાતોમાં તેમને છૂટ આપી દીધી, અર્થાત્ થોડીક મુદ્દત સુધી તેમના પાસેથી ઝકાત વસૂલ કરવામાં નહીં આવે અને તેમને જિહાદમાં સામેલ થવા વિવશ કરવામાં નહીં આવે. પરંતુ હુઝૂર ﷺ ની આશા અનુસાર જ્યારે ઇસ્લામે હૃદયોમાં ઘર કરી લીધું તો આ તકાદાઓ આપોઆપ પૂરા થવા લાગ્યા.

પ્રતિનિધિ-મંડળમાં એક નિખાલસ નવયુવાન ઉસ્માન બિન અબી અલ-આસ સામેલ હતા. તેઓ ફુરસદના સમયે ઇસ્લામની હકીકત, શરીઅતના આદેશો અને ઇસ્લામી વ્યવસ્થાના તકાદાઓનું જ્ઞાન પ્રાપ્ત કરતા રહ્યા. તેમને જ અમીર (વડા) નિયુક્ત કરવામાં આવ્યા. આ લોકો જ્યારે પાછા પહોંચ્યા, તો પહેલા તેમણે નાટકીય રીતે વિરોધી પ્રતિભાવ આપ્યો કે મુહમ્મદે સ્વીકારી ન શકાય એવી શરતો મૂકી છે. તેથી લડાઈની તૈયારી કરો. બે દિવસ સુધી ખૂબ જોશપૂર્ણ વાતાવરણ બનેલું રહ્યું. છેવટે લોકો પોતે જ કહેવા લાગ્યા કે આપણે વળી મુહમ્મદથી કેવી રીતે લડીશું, જ્યારે કે સમગ્ર આરબ-જગત તેનું આજ્ઞાપાલન કરી રહ્યું છે? જાઓ, જે કંઈ તેઓ કહે, તેને કબૂલ કરી લો. આમ, વાતાવરણ તૈયાર કરીને પ્રતિનિધિ-મંડળના લોકોએ ફરી પોતાનો સાચો પ્રતિભાવ મૂક્યો કે અમે મુહમ્મદ (ﷺ) ને તકવા (ઈશનિષ્ઠા), વફાદારી, દયા અને સચ્ચાઈમાં ખૂબ ઉચ્ચ જોયા છે અને અમારો પ્રવાસ ખૂબ બરકતવાળો રહ્યો.

મૂર્તિઓને ધ્વસ્ત કરવા માટે અબૂ સુફિયાન બિન હર્બ અને મુગીરા બિન શોઅ્બા પણ પ્રતિનિધિ-મંડળની સાથે જ રવાના થયા. આ મહાનુભાવોએ જ્યારે કાર્યવાહી શરૂ કરી, તો સ્ત્રીઓ અને બાળકોનું ટોળું એ જોવા માટે એકઠું થઈ ગયું કે હવે તેમના પર શું વીતે છે? કેટલીક સ્ત્રીઓ ડરના માર્યા રડી રહી હતી. તેમનું માનવું હતું કે જમીન અને આકાશની વ્યવસ્થા ન તૂટી જાય! તેમણે ગીતો ગાઈ-ગાઈને વેણ પણ કહ્યા કે, ''લોકો પર રડો કે આ વડીલોએ પોતાની મૂર્તિઓ (ઉપાસ્યો)ને દુશ્મનોના હવાલે કરી દીધી અને વિરોધ ન કર્યો.''

એ જ તાઈફ, જે એક દિવસ સત્યના આવાહક પર પથ્થરો ફેંકી રહ્યું હતું, આજે તેના જ ઇશારા પર તેમની અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થા સ્વયં તેમની જ આંખો સામે ધ્વસ્ત કરવામાં આવી રહી હતી.

જુઓ કે તાઈફ આરબ પ્રદેશની અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાનો એક મોટો ગઢ હતો અને હુઝૂર ﷺ એ ઘેરો નાખ્યા પછી માત્ર એ વિચારથી છોડી દીધો હતો કે ઇસ્લામના દેશવ્યાપી માહોલમાં બનૂ સકીફ પોતાનો એક અલગ દ્વીપ બનાવીને તો રહી શકતા નથી, તેથી રક્તપાત શા માટે કરવામાં આવે? મક્કા જો સત્ય-વ્યવસ્થા

સામે ઝૂકી ગયું તો તાઈફ, જે મક્કાના તાબે રહ્યું છે, તો તેની ગરદન ક્યાં સુધી અક્કડ રહી શકે છે? જો કોઈ યુદ્ધને પસંદ કરનાર વિજેતા હોત તો એક વાર સેનાની ચઢાઈ કરીને તાઈફને ઘેરામાં લીધા પછી ઓછામાં ઓછું પોતાની પ્રતિષ્ઠા ખાતર યુદ્ધ પૂરું કરતો. પરંતુ હુઝૂર ﷺ ને બળપ્રયોગ અનિવાર્ય પરિસ્થિતિ સિવાય પસંદ ન હતો. તેથી ઘેરો ઉઠાવી લેવામાં આવ્યો, અને કૂચ અધૂરી મૂકી દેવામાં આવી. આશય એ જ હતો કે પાછળથી જ્યારે સકીફ પરિસ્થિતિનો શાંતિથી અભ્યાસ કરશે, તો ઇચ્છાથી આજ્ઞાપાલનનો માર્ગ કબૂલ કરશે, અને એક રચનાત્મક અને સુધારાત્મક પરિવર્તન માટે આ જ સ્થિતિ વધારે લાભદાયી હોઈ શકે છે. પાછળથી આ જ થયું.

(૯) બની હનફિય્યાનું પ્રતિનિધિ-મંડળ :

આ લોકો યમામા વિસ્તારથી સંબંધ ધરાવતા હતા. તેમના સુધી ઇસ્લામ હઝરત સમામા બિન અસ્માલ ﷺ ના આમંત્રણથી પહોંચ્યો, અને પછી આ લોકો સ્વયં મદીના આવીને નબી અકરમ ﷺ થી મળ્યા અને ઇસ્લામી આંદોલનની છત્રછાયામાં દાખલ થયા.

આ જ પ્રતિનિધિ-મંડળની સાથે મુસૈલમા કઝ્ઝાબ પણ આવ્યો હતો. તેણે આમ-તેમની વાતો કરી કે જો મુહમ્મદ (ﷺ) એ વાત નક્કી કરે કે પોતાનો ઉત્તરાધિકારી મને બનાવશે, તો હું બૈત કરીશ. વાસ્તવમાં નુબૂવ્વતે મુહમ્મદી ﷺ ની મહાન સિદ્ધિઓ અને સફળતાઓને જોઈને આ વ્યક્તિના મોઢામાં પાણી આવવા લાગ્યું હતું અને તેણે કોણ જાણે ક્યારથી એ વિચારવાનું શરૂ કરી દીધું હશે કે થોડાક સાહિત્યિક વાક્યો જો ઇલ્હામ (દિવ્ય સંકેત)ના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવે અને તેના સામે પયગંબરીનો એક ઝંડો ફરકાવી દેવામાં આવે તો કંઈક ખેલ કરી શકાય છે. પરંતુ તે સમજી રહ્યો ન હતો કે ચરિત્રની એ શક્તિ ક્યાંથી આવશે, જે વીસ વર્ષથી પ્રચંડ વિરોધોની ખીણોમાંથી પસાર થઈ રહી હતી. આ જ વિચારોના કારણે તેનું મન વેપારી બની ગયું હતું. તેનો આશય એ હતો કે કાં તો મારા સાથે સોદો કરી લો, નહિં તો હું પૂરેપૂરું નાટક રચીશ.

હુઝૂર ﷺ એ તેના મનને પામી લીધું, અને ખજૂરની જે લાકડી તે વખતે હાથમાં હતી, તેને આગળ કરીને ફરમાવ્યું કે હું આ લાકડી આપવાની શરત પર પણ બૈત લેવા નથી માંગતો. અર્થાત્ ઇસ્લામ કોઈ ખરીદ-વેચાણની દુકાન નથી કે જેના વેપારની વસ્તુ વેચીને કોઈએ અંગત નફો કમાવાનો હોય, અને સોદો કરીને બૈત લે અને લોકોને સમુદાયમાં સામેલ કરે. જે સત્યને સત્ય માનતો હોય, તે આના

ધ્વજવાહકની જવાબદારીને પોતાનું અંગત કર્તવ્ય માનીને આવે, કોઈના પર ઉપકાર થોપવાનો શું અર્થ છે !

પ્રતિનિધિ-મંડળ પાછું જતું રહ્યું. પાછા જઈને મુસૈલમાએ ખરેખર પોતાની પયગંબરીનો ઝંડો બુલંદ કરી દીધો. તેની શરીઅતમાં નમાઝ માફ હતી તેમજ દારૂ અને વ્યભિચાર વૈધ.

(૧૦) બની તૈ કબીલાનું પ્રતિનિધિ-મંડળ :

તૈ કબીલાના લોકો ઝૈદ અલ-ખૈલની આગેવાનીમાં હાજર થયા. નબી અકરમ ﷺ એ આ લોકોની સામે ઇસ્લામનો કલ્મએ-હક્ક પ્રસ્તુત કર્યો અને દિવ્ય જીવન-વ્યવસ્થાનું આમંત્રણ આપ્યું. સરદાર સહિત પ્રતિનિધિ-મંડળે હૃદયપૂર્વક તેનો સ્વીકાર કર્યો. ઝૈદ અલ-ખૈલ (જેમનું નામ હુઝૂર ﷺ એ ઝૈદ અલ-ખૈર કરી દીધું) શાયર અને વક્તા પણ હતા અને બહાદુર પણ. હુઝૂર ﷺ એ તેમના વખાણ કરતાં ફરમાવ્યું કે આરબોના જે વ્યક્તિના પણ વખાણ મારા સામે કરવામાં આવ્યા તે જોવામાં એના કરતાં ઓછો જ નીકળ્યો, પરંતુ આ વ્યક્તિ અપવાદ છે, કેમ કે જે કંઈ સાંભળ્યું હતું તેનાથી વધારે તેને જોયો.

અદી બિન હાતિમ પણ આ જ કબીલાના સરદારોમાંથી હતા. ધર્મે ખ્રિસ્તી હતા, અને હુઝૂર ﷺ વિરુદ્ધ તેમના દિલમાં નફરતનું એક તોફાન ભરેલું હતું. લડવાની તૈયારીમાં હતા, પણ અચાનક ઇસ્લામી સેનાઓ યમનના વિસ્તારમાં જઈ પહોંચી, તો ભાગીને શામ (સીરિયા) જતા રહ્યા. તેમની બહેન પકડાઈને મદીના પહોંચી, તો રસૂલુલ્લાહ ﷺ ના સદ્‌વ્યવહાર અને સર્વગ્રાહી ચરિત્રને જોઈને અત્યંત પ્રભાવિત થઈ. તેમણે અદીને આગ્રહપૂર્વક મદીના મોકલ્યા અને તાકીદ કરી કે જેટલું શક્ય એટલી ઝડપથી રસૂલુલ્લાહ ﷺ ને જઈને મળો. કેટલાક લોકો કહે છે કે આ પણ તૈ કબીલાના પ્રતિનિધિ-મંડળની સાથે જ મદીના પહોંચ્યા હતા. તેમના સામે હવે પ્રશ્ન એ હતો કે આ વ્યક્તિ એક બાદશાહ છે કે નહીં ? પહોંચ્યા તો મસ્જિદમાં જ હુઝૂર ﷺ થી મુલાકાત થઈ. આપ ﷺ ઊભા થયા અને અદીને પોતાના ઘર તરફ લઈ ગયા. રસ્તામાં એક વૃદ્ધાએ રસૂલે ખુદા ﷺ સાથે વાત કરવાની ઇચ્છા કરી, તો આપ ﷺ એ ઘણો સમય તેને ફાળવ્યો અને સંપૂર્ણ ધ્યાન આપ્યું. પછી ઘર પહોંચ્યા, તો પોતે જમીન પર બેસ્યા અને અદીને આગ્રહપૂર્વક ગાદલા પર બેસાડ્યા. આ બંને વાતોથી અદીને વિશ્વાસ થઈ ગયો કે આ અલ્લાહના રસૂલ છે અને માત્ર દુન્યવી બાદશાહ નથી. પછી હુઝૂર ﷺ ની વાતોએ વધારે વિશ્વાસ અપાવ્યો.

વાતચીત દરમ્યાન હુઝૂર ﷺ એ સમજી લીધું કે અદીના મનમાં હવે શું ઉલઝનો

બાકી છે, અને પછી ખૂબીથી એ ઉલઝનોને સાફ કરી. અદી એ લોકોમાંથી હતા, જેઓ સત્યને ત્વરીત ઓળખી લીધા પછી એ સંતોષ પણ ઇચ્છે છે કે તેની સફળતાની વ્યવહારૂ સંભાવનાઓ પૂરતા પ્રમાણમાં છે કે નહીં, અને ટૂંક સમયમાં કોઈ પરિણામ આવી શકે છે કે કેમ. આનું અનુમાન કરીને હુઝૂર ﷺ એ ફરમાવ્યું, "કદાચ તમને ઈસ્લામમાં પ્રવેશથી રોકવાવાળી વસ્તુ તેને માનવાવાળાઓની ગરીબી છે. તો અલ્લાહના સોગંદ ! ટૂંકમાં જ એ સમય આવવાનો છે કે આ લોકોમાં ધનદોલતના ફુવારા ઊડશે, ત્યાં સુધી કે તેને લેવાવાળું કોઈ નહીં મળે. જો તમને આ વસ્તુ ઈસ્લામમાં આવવાથી રોકી રહી છે કે મુસલમાનોની સંખ્યા ઓછી છે અને તેના વિરોધીઓ ઘણા છે, તો હું તમને બતાવું છું કે અલ્લાહના સોગંદ ! એ સમય આવવાનો છે કે તમે સાંભળી લેશો કે એક સ્ત્રી એકલી પોતાના ઊંટ પર સવાર થઈને કાદસિયાથી આ મસ્જિદની ઝ્યારત માટે નીકળી અને સહી-સલામત પહોંચી, અથવા કદાચ તમારા માટે એ વિચાર અવરોધરૂપ છે કે સલ્તનત અને સત્તા બીજાઓની પાસે છે, તો અલ્લાહના સોગંદ ! એવું ટૂંક સમયમાં થશે કે તમે પોતે સાંભળી લેશો કે બાબિલ (બેબિલોન)ની ધરતીના સફેદ મહેલો મુસલમાનોએ જીતી લીધા." આ પાસાથી જ્યારે અદીના સંદેહો દૂર થઈ ગયા, તો તેમણે તરત જ પોતાને ઈસ્લામી આંદોલનના હવાલે કરી દીધા. આ વાતચીતથી નીચે મુજબ મહત્ત્વના મુદ્દાઓ નીકળે છે :

— ઈસ્લામ કેવળ નૈતિક સુધારણાનું જ આમંત્રણ નથી આપતો, બલ્કે તેના કાર્યક્રમમાં સામાજિક સુધારણા પણ સામેલ છે અને રાજકીય પરિવર્તન પણ. તે આખિરતની ભલાઈને દુન્યવી મામલાઓની સુધારણાથી અલગ કરીને નથી લેતો.

— હુઝૂર ﷺ ઈસ્લામી આંદોલનના દૂરના ભવિષ્યની પણ અગાઉથી કલ્પના રાખતા હતા અને શરૂઆતથી જ આપ ﷺ ની સામે એ વાત હતી કે કયા તબક્કાઓમાંથી પસાર થઈને કઈ તરફ જવાનું છે.

— ઈસ્લામી આંદોલનની એક જરૂરત એ છે કે તે લોકો પર પોતાની વ્યવહારૂ સફળતાની સંભાવનાઓ સ્પષ્ટ કરે અને તેમને સંતુષ્ટ કરે કે અપેક્ષિત પરિવર્તન આવી શકે છે, નહિં તો લોકોનો એક મોટો સમૂહ તેના આમંત્રણની સચ્ચાઈને જાણવા છતાં પણ બહાર ઊભો રહી જશે.

— ઈસ્લામી આંદોલન જો પરિપૂર્ણતાએ પહોંચી જાય તો તેનાથી અનિવાર્યપણે એ નિષ્કર્ષ નીકળવા જોઈએ કે - (૧) આર્થિક સંસાધનો એટલી પ્રગતિ કરી લે અને તેની એવી ન્યાયી પદ્ધતિથી વહેંચણી કરવામાં આવે કે સમાજમાં કોઈ વંચિત ન રહે, (૨) રાજકીય રીતે એટલું મજબૂત શાસન ઊભું થઈ જાય કે વિરોધીઓ

તેને નબળું અને અશક્ત ન બનાવી શકે, બલ્કે ઊલટું તે દરેક વિરોધી શક્તિનું જોર તોડી શકે, (૩) આંતરિક શાંતિનું માપદંડ એ હોવું જોઈએ કે જો એક સ્ત્રી પણ દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી એકલી પ્રવાસ કરે અને માનવ-વસ્તીઓ અને વેરાન સ્થળોથી પસાર થાય, તો તેના પ્રાણ, ઇજ્જત-આબરૂ અને ધનને કોઈપણ બાજુથી કોઈ જોખમ ન હોય. આ જ એક ઇસ્લામી શાસન વ્યવસ્થાની વિશેષતાઓ છે.

(૧૧) બની અલ-હર્સ (કે અલ-હારિસ) બિન કઅબનું પ્રતિનિધિ-મંડળ :

આ નજરાન વિસ્તારના લોકો હતા. આની આસપાસમાં હઝરત ખાલિદ બિન વલીદ ؓ એ (હિ.૧૦)માં વિશેષરૂપે જઈને ઇસ્લામનું આમંત્રણ આપ્યું હતું. તેમણે તેમના સામે એલાન કર્યું હતું કે ઇસ્લામ સ્વીકારો, તો શાંતિ પામશો. તેમણે આમંત્રણનો સ્વીકાર કરી લીધો. હઝરત ખાલિદ ؓ તેમને આસ્થાઓ અને આદેશોનું શિક્ષણ આપવા માટે થોડાક સમય સુધી રોકાયા અને હુઝૂર ﷺ ને પત્ર[1] દ્વારા સફળતાની જાણકારી આપી. મદીનાથી આ પત્રના જવાબમાં આદેશ આવ્યો કે પાછા આવી જાઓ અને કબીલાના કેટલાક અગ્રણી લોકોને સાથે લઈ આવો. આ આદેશનું પાલન કરવામાં આવ્યું.

આ કબીલો પોતાના અજ્ઞાનતા-કાળમાં પણ અમુક સારા મૂલ્યો ધરાવતો હતો. તેથી પ્રતિનિધિ-મંડળ આવ્યું, તો હુઝૂર ﷺ એ વાતચીત દરમ્યાન પૂછ્યું કે શું કારણ છે કે તમે લોકો પોતાના દુશ્મનો વિરુદ્ધ યુદ્ધ-મેદાનમાં હંમેશા સફળ થતા રહ્યા છો અને તમને ક્યારેય પરાજય સાંપડ્યો નથી. તેમણે બતાવ્યું કે, ''અમે લોકો કોઈના વિરુદ્ધ સ્વયં આક્રમક પગલું નથી ભરતા. લડવા માટે એકઠા થઈ જઈએ તો પછી વિભાજનમાં નથી પડતા, બલ્કે એકતા રાખીએ છીએ અને પોતાના તરફથી ક્યારેય કોઈના પર અત્યાચારની શરૂઆત નથી કરતા.'' હુઝૂર ﷺ એ તેમની આ કાર્ય-પદ્ધતિની પુષ્ટિ કરી.

પ્રતિનિધિ-મંડળના એક લોકપ્રિય વ્યક્તિ કૈસ બિન હસીનને એ લોકોના અમીર નિયુક્ત કર્યા.

૧. આ પત્રનું મૂળ લખાણ જે ઇબ્ને હિશામે આપેલ છે, તેમાં હઝરત ખાલિદ ؓ, પોતાના રોકાવાનું કારણ દર્શાવતાં હુઝૂર ﷺ ના ફરમાનનો હવાલો આપે છે, અને આ જ અનુસંધાનમાં એ વાક્ય આવે છે કે, ''હું તેમને ઇસ્લામની વાતો શીખવાડું, અલ્લાહના ગ્રંથો અને તેના રસૂલની સુન્નત (રીત)નું શિક્ષણ આપું...'' અને પછી તેઓ વર્ણવે છે કે હુઝૂર ﷺ ના ઇરશાદ અનુસાર આ કામ કરી રહ્યો છું. આ રીતે ફરીવાર લખ્યું છે કે, ''હું તેમને ઇસ્લામની વાતો શીખવાડી રહ્યો છું અને તેના નબી ﷺ ની સુન્નતનું શિક્ષણ આપી રહ્યો છું.'' અભ્યાસ કરતી વખતે વિચાર આવ્યો કે સહાબાના કાળનો આ પ્રકારનો જેટલો રેકર્ડ મળે છે, તે સુન્નતે રસૂલને ઇસ્લામના એક મૂળભૂત વિધાન અને સંસ્થાની હેસિયતે અનિવાર્યપણે સ્વીકૃત બનાવે છે. કેટલીક બીજી જગ્યાઓએ પણ આ પ્રકારના મહત્ત્વના સંદર્ભો પુષ્કળ પ્રમાણમાં વિખેરાયેલા છે. તેમને એકત્ર કરવાની જરૂર છે. જો ક્યારેક આ કાર્ય થઈ શકે તો આ માહિતી મારા પુસ્તક 'રસૂલ' અને 'સુન્નતે રસૂલ'માં સામેલ કરી દઈશ.

(૧૨) નજરાનનું પ્રતિનિધિ-મંડળ :

માનવતાના ઉપકારક ﷺ એ કલમને પણ મોટા પાયે ઇસ્લામના આમંત્રણનું માધ્યમ બનાવી અને ખાસ-ખાસ લોકોને પત્રો રવાના કર્યા. આમ, નજરાનના ખ્રિસ્તીઓને પણ પત્ર દ્વારા કલ્મએ-હક્ક પહોંચાડ્યો. મુબારક પત્રમાં સંક્ષિપ્તતાથી કામ લઈને પહોંચાડવાની વાત હુઝૂર ﷺ એ-આ રીતે પહોંચાડી કે, ''ઇબ્રાહીમ, ઇસ્હાક અને યાકૂબના ઇલાહ (ઉપાસ્ય)ના નામથી આરંભ કરું છું. આના પછી હું તમને બંદાઓનાં અનુસરણથી ખુદાની ઇબાદત તરફ બોલાવું છું અને તમને બંદાઓની દાસતાથી ખુદાની દાસતા તરફ પોકારું છું. જો તમે આનાથી ઇન્કાર કરો, તો તમારા પર જિઝ્યા (અર્થાત્ રાજકીય અનુસરણ) અનિવાર્ય છે અને જો આનાથી પણ ઇન્કાર કરો, તો યુદ્ધનું એલાન છે.'' પાદરીએ પત્ર વાંચ્યો, તો તેના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ. તેણે પહેલા ખાસ આગેવાનોને બોલાવીને અભિપ્રાય લીધો, પછી સમગ્ર ખીણની પ્રજાનું સંમેલન બોલાવ્યું. ખીણમાં તોત્તેર વસ્તીઓ હતી અને આબાદી એટલી હતી કે એક લાખ સૈનિકો નીકળી શકતા હતા. ખૂબ મોટું સંમેલન થયું. એ સંભાવના આગેવાનોની સામે હતી કે કદાચ આ એ જ અંતિમ આવનાર પયગંબર છે, જે બનૂ ઇસ્માઈલથી પ્રગટવાના છે. જાહેર વિચાર-વિમર્શ પછી ઠરાવ એ થયો કે આગેવાનોનું એક પ્રતિનિધિ-મંડળ મદીના જાય અને પત્ર લખનાર સાથે વાતચીત કરે, અને સમીક્ષા કરે. આમ, શરજીલ, અબ્દુલ્લાહ અને હિબારને વિશેષરૂપે નિયુક્ત કરવામાં આવ્યા. આ પહેલું પ્રતિનિધિ-મંડળ હતું, જે રાજકીય અનુસરણ અને ટેક્ષ અદા કરવાના વચન આપીને શાંતિ અને અધિકારોનું ફરમાન લઈને પાછું ફર્યું.

પ્રતિનિધિ-મંડળ ફરમાન લઈને પાછું ફર્યું, તો પાદરી અને ઉચ્ચ સરદારો તેના સ્વાગત માટે ખૂબ દૂર સુધી આવ્યા. ફરમાન રસ્તામાં જ પાદરીને સોંપવામાં આવ્યો અને તે તેને ચાલતાં-ચાલતાં વાંચવા લાગ્યો. તેનો પિતરાઈ ભાઈ બિશ્ર બિન મુઆવિયા પણ ફરમાનને એટલા ધ્યાનથી સાંભળવા લાગ્યો કે ઊંટણી પરથી પડી ગયો. તેના મોઢેથી નીકળ્યું, ''ખરાબ થાય એ વ્યક્તિનું, જેના કારણે અમે મુસીબતમાં પડી ગયા છીએ.'' દેખીતું છે કે તેનો ઇશારો કઈ તરફ હતો. પાદરીએ સખ્તાઈથી કહ્યું, ''આ શું કહી રહ્યા છો ? ખુદાના સોગંદ ! એ મોકલવામાં આવેલ પયગંબર છે.'' હવે બિશ્રના દિલમાં પરિવર્તન આવી ગયું અને તેણે એ નિર્ધાર જાહેર કર્યો કે; ''સારું, તો હવે ખુદાના સોગંદ ! હું ઊંટણીનું પલાણ તેના દરવાજે જઈને જ ઉતારીશ.'' પાદરી તેના પાછળ ઊંટણી દોડાવતો પોકારતો રહ્યો કે મારી વાત તો સાંભળો, મારો આશય તો સમજો, મેં કયા હેતુસર એ વાક્ય કહી દીધું હતું. બિશ્રએ કંઈ ન સાંભળ્યું અને કહ્યું તો એ કહ્યું કે, ''તમારા મોઢેથી આટલી

મોટી ખોટી વાત નીકળી જ શકતી નથી." પોતાની ધૂનના પાક્કા બિશ્રએ માનવતાના ઉપકારક ﷺ ની સેવામાં જઈને ઇસ્લામનો સ્વીકાર કર્યો. ત્યાં જ વસી ગયો અને અલ્લાહ તઆલાએ તેને શહાદતનો દરજ્જો પ્રદાન કર્યો. આનાથી મળતી ઘટના કુર્ઝ બિન અલ્કમાના નામથી પણ ઉલ્લેખિત છે.

પ્રતિનિધિ-મંડળ સ્થાનિક સરદારોની સાથે પાછું પહોંચ્યું તો ત્યાં એક સંન્યાસી પાદરીના કાનોમાં સમગ્ર અહેવાલ અને ઘટનાઓની વાત પહોંચી, અને તેને ખબર પડી કે એક પયગંબર પ્રગટ થયા છે. તે પણ પ્રેમવિભોર થઈને મદીના રવાના થઈ ગયો. એક પ્યાલો, એક અસા (લાઠી) અને એક ચાદર હુઝૂર ﷺ ની સેવામાં ભેટ-સ્વરૂપે આપીને પોતાનો પ્રેમ અને આસ્થા દર્શાવ્યા. પછી મદીનામાં થોડોક સમય રોકાઈને ઇસ્લામનું વ્યવહારૂ અને વૈચારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું અને હુઝૂર ﷺ થી અનુમતિ લઈને પાછા આવવાનું વચન આપીને નજરાન ગયો. પરંતુ હુઝૂર ﷺ ના જીવનમાં પાછો પહોંચી ન શક્યો.

થોડાક સમય પછી નજરાનનો પાદરી અબૂલ હારિસ, જે કુસ્તુનતુનિયા (કોન્સ્ટનટિનોપોલ)ના બાદશાહની નજરમાં પણ ખૂબ સન્માનનીય હતો અને ખ્રિસ્તીઓમાં તેની કરામતોની ખ્યાતિ હતી, તે ફરી એક પ્રતિનિધિ-મંડળ લઈને મદીના પહોંચ્યો, જેમાં તે વિસ્તારના ખ્રિસ્તી ધર્મશાસ્ત્રી અને ન્યાયાધીશ ઐહમ, ઉપરાંત અબ્દુલ મસીહ આકિબ અને ચોવીસ અન્ય આગેવાનો સામેલ હતા. સ્પષ્ટ રહે કે આ પાદરી વાસ્તવમાં બનૂ બકર વાઈલનો એક આરબ હતો, પરંતુ ખ્રિસ્તી ધર્મમાં દાખલ થઈને તેણે જ્ઞાન અને ઇબાદતની રીતે એટલી ઉન્નતિ કરી કે તે પોતે ખ્રિસ્તીઓનો અત્યંત વિશ્વાસુ આગેવાન બની ગયો હતો.

આ લોકો અમુક દિવસો મદીનામાં રોકાયા. તેમને મસ્જિદે-નબવીમાં તેમના ધર્મ અનુસાર નમાઝ અદા કરવાથી કેટલાક સહાબાએ અટકાવ્યા, પરંતુ હુઝૂર ﷺ એ અનુમતિ આપી.

તેમના આગમન અંગે સ્થાનિક યહૂદીઓ પણ ખૂબ સક્રિય થઈ ગયા અને વચ્ચે હસ્તક્ષેપ કરીને જુદી-જુદી ચર્ચાઓ ઊભી કરી. ત્રિત્વ (ત્રણ ખુદા)ની આસ્થા અને મસીહ عليه السلام ની હેસિયત તો ચર્ચા હેઠળ આવી જ હતી, અને કુર્આને આ મામલાઓ અંગે પ્રતિનિધિ-મંડળ સમક્ષ સ્પષ્ટતા કરી. તેના સાથે-સાથે યહૂદીઓએ એ અડપલું કર્યું કે હુઝૂર ﷺ પોતે ઈસા عليه السلام ની જગ્યા લઈને પોતાની પૂજા કરાવવા માગે છે. આનો જવાબ પણ અલ્લાહ તઆલા તરફથી હુઝૂર ﷺ એ આપ્યો કે કોઈ વ્યક્તિ, જેને અલ્લાહે ગ્રંથ, આદેશ અને નુબૂવ્વત વડે નવાજ્યો હોય, તે લોકોને

એમ કહેવાનો હક્ક ધરાવતો નથી કે મારા બંદા બની જાઓ. પછી યહૂદીઓ અને પ્રતિનિધિ-મંડળના સભ્યો વચ્ચે એ ચર્ચા પણ ચાલી કે ઇબ્રાહીમ عليه السلام કયા ધર્મ પર હતા ? એક પક્ષકાર કહેતો કે ખ્રિસ્તી હતા, બીજા પક્ષકારનો દાવો હતો કે યહૂદી હતા. (નઊઝુબિલ્લાહ). અલ્લાહના ગ્રંથે તેનું પણ ખંડન ખૂબ સાદા શબ્દોમાં અને વાદ-વિવાદથી દૂર રહીને કરી દીધું કે ઇબ્રાહીમ عليه السلام વિશે અનુચિત રીતે શા માટે ઝઘડો છો. તૌરાત અને ઇંજીલ બંને તેમના પછી અવતરિત થયા છે (જેનાથી યહૂદિયત અને નસરાનિયત શરૂ થયા). ''એ તો ન યહૂદી હતા, ન નસરાની, બલ્કે પૂર્ણ નિષ્ઠાથી મુસ્લિમ હતા અને તેઓ મુશ્રિકોમાં કદાપિ સામેલ ન હતા — ઇબ્રાહીમ عليه السلام ની પદ્ધતિ પર સાચા અર્થમાં અમલ કરનારા તો આ પયગંબર અને તેમના પર ઈમાન લાવનારા લોકો છે.'' સ્વયં ઈસા عليه السلام ના સ્થાનને પણ સ્પષ્ટ કરી દીધું કે, ''ઈસા عليه السلام નું ઉદાહરણ અલ્લાહની નજીક આદમ عليه السلام ની જેમ છે.''

સ્વયં ખ્રિસ્તીઓમાં પણ કંઈક અંશે પોતાની ધારણાઓ અંગે પક્ષપાત હશે અને ક્યારેક ખૂબ નેક ઇરાદાથી પણ જૂના ખોટા દૃષ્ટિકોણો સાથે હૃદય ચોંટી રહે છે. પરંતુ યહૂદીઓએ દુષ્ટતાઓથી આ લાગણીને વધારી દીધી હશે. નકામી ચર્ચાઓ અને તેના કારણે પેદા થતો હઠાગ્રહ સત્યના સ્વીકારના આડે આવતો હશે. તેથી કુર્આને કહી દીધું કે, ''આવો, આપણે આપણા સંતાનો અને આપણી સ્ત્રીઓને બોલાવી લઈએ અને પોતે પણ મેદાનમાં આવી જઈએ. પછી અલ્લાહથી આપણા વિશે નિર્ણય માગીએ અને જૂઠાના વિરુદ્ધ અલ્લાહની ફિટકારની દુઆ કરીએ.'' જ્યારે ક્યારેક સત્ય-નિષ્ઠ વ્યક્તિ પર જૂઠનો આરોપ ઘડવામાં આવે, તો તેના માટે આનાથી વધારે પીડાદાયક સ્થિતિ બીજી કોઈ હોઈ શકતી નથી. આવી જ એ પળ હતી, જ્યારે અલ્લાહ તઆલાએ નિર્ણય કરવાની આ રીત પ્રસ્તાવિત કરી કે પક્ષકારો સાક્ષીઓની રૂબરૂમાં અલ્લાહનો ફેંસલો માંગે. પછીની સવારે હુઝૂર ﷺ પોતાની વ્હાલી દીકરી ફાતિમા رضي الله عنها અને માસૂમ નવાસાઓ رضي الله عنهما અને હઝરત અલી رضي الله عنه ને સાથે લઈને નીકળ્યા. મદીના માટે આ કેટલી મોટી ઘટના હશે કે એક સત્યનો આવાહક પોતાનું સર્વસ્વ 'મુબાહિલા' (કોઈ મુદ્દાના સત્યને પુરવાર કરવા પરસ્પર ફિટકાર)ના સ્તરે લઈ આવ્યો. કેટલા મોટા વિશ્વાસનું પ્રદર્શન હતું ! ખ્રિસ્તી પ્રતિનિધિ-મંડળ પીગળી ગયું કે જો ખરેખર આ અલ્લાહના પયગંબર હોય, તો અમારું નામ-નિશાન સુદ્ધાં સમાપ્ત થઈ જશે. તેમણે રાજકીય અનુસરણનો પ્રસ્તાવ મૂક્યો અને હુઝૂર ﷺ ના અધિકાર પર છોડ્યું કે ટેક્ષ (જિઝ્યા)નું જે પ્રમાણ આપ યોગ્ય સમજે, રાતો-રાત ભલામણ કરી દીધી. તેમણે હુઝૂર ﷺ ની વિનમ્રતા પર પૂરેપૂરો ભરોસો કર્યો. બીજા દિવસે ફરમાન લખી દેવામાં આવ્યું, જેમાં તેમને સંપૂર્ણ ઉદારતાથી ધાર્મિક સ્વતંત્રતા

અને સામાજિક અધિકાર આપવામાં આવ્યા કે તેમના માણસો અને સંપત્તિ જે સ્થિતિમાં છે, તેના પર યથાવત રહેશે. તેમના વર્તમાન અધિકારોમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે. તેમના ધાર્મિક વડાઓ (અસ્કફ અર્થાત્ પાદરી અને સંન્યાસીઓ)માંથી કોઈ બદલવામાં નહીં આવે અને ન તેમના કબજામાંથી ધાર્મિક સંપત્તિ અને અવકાફ (ધર્માર્થ નિધિ)ને લઈ લેવામાં આવશે. અજ્ઞાનતાના અગાઉના કાળના ગુનાઓ અંગે કોઈ પકડ નહીં થાય. સેના તેમની ધરતીમાં દાખલ નહીં થાય. દુન્યવી બાદશાહોની રીત અનુસાર તેમના પાસે કોઈ વેઠ કરાવવામાં નહીં આવે. અત્યાચારી અને ઉત્પીડિત વચ્ચે ન્યાય થશે. કોઈ વ્યક્તિ વ્યાજ ખાય તો તેના આ કૃત્યની જવાબદારી લઈ શકાય નહીં. કોઈ નિર્દોષ વ્યક્તિને બીજા કોઈના અપરાધ માટે પકડવામાં નહીં આવે. આટલી મોટી વસ્તીમાંથી માત્ર બે હજાર ઔકિયા જેટલી કિંમતના હુલ્લા (વસ્ત્રો) વાર્ષિક કર તરીકે નક્કી કરવામાં આવ્યા.

આ પ્રતિનિધિ-મંડળોના વૃત્તાંતો એક-બીજામાં ભળી ગયા છે. એવું લાગે છે કે વધારે ગરમા-ગરમી બીજા જ પ્રતિનિધિ-મંડળના આગમન પર થઈ હશે. પરંતુ ઉપરોક્ત ફરમાન સંભવતઃ પહેલા પ્રતિનિધિ-મંડળે પ્રાપ્ત કર્યું હશે, કેમ કે બીજું ફરમાન રાજકીય કરતાં વધારે ધાર્મિક અધિકારોથી સંબંધિત છે, અને તેનું સંબોધન અસ્કફ (પાદરી) અને જ્યોતિષીઓ અને સંન્યાસીઓને છે. આ ફરમાનમાં નજરાન-વાસીઓને વધારેમાં વધારે હદ સુધી ધાર્મિક સ્વતંત્રતા આપવામાં આવી અને તેમની ચર્ચ-આધીન વ્યવસ્થામાં હસ્તક્ષેપ ન કરવાની બાંહેધરી આપવામાં આવી. આ ફરમાનો પણ સરવાળે એ પુરાવાઓ છે, જેનાથી જાહેર થાય છે કે હુઝૂર ﷺ રાજકીય ક્ષેત્રમાં કેવળ શાસન-વ્યવસ્થાના અનુસરણનો તકાદો કરતા હતા, અને ન કોઈ સમુદાયને તેના ધર્મથી રોકતા હતા અને ન ઇસ્લામી આસ્થાઓ બળજબરીથી મનાવતા હતા, બલ્કે લઘુમતીઓને વધારેમાં વધારે સીમા સુધી ધાર્મિક સ્વતંત્રતા પ્રદાન કરતા હતા. ઇસ્લામી આંદોલન લોકોમાં ઈમાન અને વિચારોમાં પરિવર્તન તો કેવળ દલીલના બળે ઇચ્છતું હતું. અલબત્ત, પોતાની સામાજિક અને સામૂહિક વ્યવસ્થા તે રાજકીય શક્તિથી લાગુ કરતું હતું. તેથી જુઓ કે પ્રથમ ફરમાનમાં વ્યાજખોરીને જવાબદારીના ક્ષેત્રથી બહાર રાખવામાં આવી અને તેની હેસિયત દેશના કાનૂન વિરુદ્ધ અપરાધની રહી. ધર્મ મૂળભૂત રીતે ચર્ચાનો વિષય હતો જ નહીં, કેમ કે તે ધર્મથી વધારે મહત્ત્વની વસ્તુ હતી. આ ફરમાનથી, જે સ્વયં હુઝૂર ﷺ એ જારી કર્યું, અને જેની હેસિયત ભવિષ્ય માટે રસૂલે ખુદા ﷺ એ સ્થાપિત કરેલ એવા અધિકૃત દૃષ્ટાંતની છે, જે ઉમ્મત માટે અનિવાર્યરૂપે અનુકરણીય હોવાનું સ્થાન ધરાવે છે. એ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે ઇસ્લામ અન્ય ધર્મો પર ચાલનાર

લઘુમતીઓ માટે કેટલો બધો ઉદાર છે. ભાગ્યે જ કોઈ બીજી સાંસ્કૃતિક વ્યવસ્થા લઘુમતીઓ માટે આટલી ઉદારતાનું ઉદાહરણ પ્રસ્તુત કરી શકશે.

બીજા પ્રતિતિધિ-મંડળે રવાના થતી વખતે હુઝૂર ﷺ ને દરખાસ્ત કરી કે આપનો કોઈ વિશ્વાસુ અધિકારી જિઝ્યા વસૂલ કરવા માટે અમારા સાથે રવાના કરો. હુઝૂર ﷺ એ હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ ؓ ને મોકલ્યા અને ફરમાવ્યું કે આ વ્યક્તિ 'અમીને ઉમ્મત' (ઉમ્મતનો પ્રમાણિક માણસ) છે. હઝરત અબૂ ઉબૈદા ؓ એ જિઝ્યાની વસૂલીની સાથે એ વિસ્તારમાં સત્યના સંદેશને ફેલાવવાનું કામ પણ સક્રિય રીતે કર્યું અને લોકો મોટા પ્રમાણમાં ઇસ્લામી વર્તુળમાં સામેલ થઈ ગયા.

સ્પષ્ટ રહે કે નજરાનની વસ્તીના બે મોટા સમૂહો હતા. એક ખ્રિસ્તીઓ, બીજા ઉમ્મીય્યીન. ખ્રિસ્તીઓએ રાજકીય અનુસરણ સ્વીકાર્યું અને ઉમ્મી લોકો ઇસ્લામની છત્રછાયામાં આવ્યા.

અનુમાન છે કે પહેલું પ્રતિનિધિ-મંડળ હિ.૯ના અંતમાં અને બીજું હિ.૧૦ની શરૂઆતમાં આવ્યું હશે, કેમ કે ઐતિહાસિક સ્રોતોમાં બંનેના વર્ષનો ઉલ્લેખ છે.

(૧૩) બનૂ અસદ કબીલાનું પ્રતિનિધિ-મંડળ :

બનૂ અસદ નામનો કબીલો લશ્કરી ચઢાઈઓમાં કુરૈશનો મહત્ત્વપૂર્ણ સહયોગી હતો. હિ.૯માં આ કબીલાના એલચીઓ મદીના પહોંચ્યા અને તેમણે પોતે ઇસ્લામ સ્વીકાર્યાની રજૂઆત કરી. આરબોની અહંકાર શૈલીની તેમાં દુર્ગંધ જોવા મળતી હતી. તેથી ઉપકાર દર્શાવવાની શૈલીમાં પ્રતિનિધિ-મંડળે હુઝૂર ﷺ ને કહ્યું કે તમે કોઈ સેના તો અમારા પર ચઢાઈ માટે મોકલી નહોતી. અમે તો જાતે ઇસ્લામ સ્વીકાર્યો છે. આ માનસિકતાને તોડવા માટે અલ્લાહની વહીએ હુઝૂર ﷺ મારફતે કહેવડાવ્યું કે لَا تَمُنُّوا عَلَيَّ إِسْلَامَكُمْ (સૂરઃ હુજુરાત, ૧૭) અર્થાત્ પોતાના ઇસ્લામ-સ્વીકારનો ઉપકાર મારા પર ન ધરો. આ તો અલ્લાહનો તમારા પર ઉપકાર છે કે તેણે તમને ઈમાનના સદ્ભાગી બનાવ્યા. પછી આ પ્રતિનિધિ-મંડળે પક્ષીઓથી શકુન લેવા 'કહાનત' (ભવિષ્યની બાબતો માટે આગાહીઓ લેવી) તેમજ 'ઝરબુલ-હસા' (અર્થાત્ કિંમત કે ભાવ નક્કી કર્યા પછી ગ્રાહક વસ્તુ કે જમીનને દૂરથી કાંકરી મારતો અને જે વસ્તુને કાંકરી લાગતી તે તેની થઈ જતી) વિશે આદેશ પૂછ્યો. હુઝૂર ﷺ એ ત્રણેય બાબતોનો વિરોધ કર્યો. છેવટે તેમણે પત્ર કે લખાણ વિશે પ્રશ્ન કર્યો કે આ કાયદેસર છે કે ગેરકાયદેસર ? હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે આ તો કોઈ-ને-કોઈ નબી દ્વારા શરૂ કરેલ વિદ્યા છે અને તેનાથી વધારે સારું જ્ઞાન બીજું કયું હશે ?

આ કબીલામાંથી પણ પયગંબરીનો જૂઠો દાવેદાર તલ્હા બિન ખુવૈલિદ હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ ના ખિલાફત-કાળમાં ઉઠ્યો હતો.

(૧૪) બનૂ ફિઝારાનું પ્રતિનિધિ-મંડળ :

આ એક મજબૂત અને બળવાખોર કબીલો હતો. ઉયૈયના બિન હસન આનો જ એક માણસ હતો. હિ.૯માં હુઝૂર ﷺ જયારે તબૂકથી પાછા આવી રહ્યા હતા, તો તેના પ્રતિનિધિ-મંડળે આવીને ઇસ્લામ પર બૈત કરી. રસૂલે ખુદા ﷺ એ આ લોકોને તેમના વિસ્તારની સામાન્ય પરિસ્થિતિ વિશે પૂછ્યું, તો તેમણે દુષ્કાળની ફરિયાદ કરી અને દુઃખભર્યા અંદાજમાં કહ્યું કે, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! અમારી વસ્તીઓ તબાહ થઈ ગઈ, અમારા ઢોરો નાશ પામ્યા, બગીચાઓ ઉજડી ગયા, બાલ-બચ્ચા સૂકાઈને કાંટો બની ગયા. તમે અલ્લાથી અમારા માટે ભલામણ કરો અને અલ્લાહ તમારાથી ભલામણ કરે.''

હુઝૂર ﷺ એ તેમને ટોક્યા કે અલ્લાહના પાસે તો હું ભલામણ કરું છું. પરંતુ એ કોણ હોઈ શકે છે, જેના આગળ મહાન-પ્રતાપી અલ્લાહ ભલામણ કરે. તેના સિવાય કોઈ મા'બૂદ (ઉપાસ્ય) નથી અને તેની પ્રતાપવાન મહાનતાએ સમગ્ર આકાશ અને ધરતીને આવરી લીધા છે. પછી આપ ﷺ એ તેમના માટે વરસાદની દુઆ કરી, જે કબૂલ થઈ.

(૧૫) બનૂ આમિરનું પ્રતિનિધિ-મંડળ :

આ આરબ પરિવારના પ્રખ્યાત કબીલા કૈસ ઐલાનની શાખા હતી. તેમાં ત્રણ મોટા સરદારો હતા : આમિર બિન તુફૈલ, અર્બદ બિન કૈસ અને જબ્બાર બિન સલમા. ખૂબ મોટું પ્રતિનિધિ-મંડળ આ સરદારોની આગેવાનીમાં આવ્યું. પ્રથમ બે સરદારો હોદ્દાની લાલચ રાખતા હતા. વિશેષરૂપે આમિર અગાઉ પણ ધૃષ્ટતા આચરી ચૂક્યો હતો. આ વખતે પણ આ બંને હત્યાનું એક ભયંકર કાવતરું રચીને આવ્યા હતા. પ્રતિનિધિ-મંડળ હુઝૂર ﷺ ની સેવામાં પહોંચ્યું, તો હુઝૂર ﷺ ને 'سیدنا' કહીને સંબોધન કર્યું. હુઝૂર ﷺ એ વાતચીતના આ અંદાજનું ખંડન કરતાં ફરમાવ્યું, 'السید اللہ' (માલિક તો અલ્લાહ છે). તેમણે ફરી અમુક પ્રશંસાના શબ્દો કહ્યા. હુઝૂર ﷺ એ ફરી સચેત કર્યા કે જુઓ, વાત કરતાં ધ્યાન રાખવું જોઈએ કે શૈતાન ક્યાંક બહેકાવી ન જાય. કેટલી સાવધાની હતી ત્યાં કે ખુશામત અને વખાણના દરવાજા ન ખુલવા પામે. આમિર બિન તુફૈલે હુઝૂર ﷺ ના કામને માત્ર એક રાજકીય રીતે દેશો જીતવા અને સામ્રાજય ફેલાવવાનું કામ સમજી રીતસર સોદો કરવા માટે શરતો મૂકી કે, (૧) ગ્રામ્યવાસીઓ પર તમે રાજ કરો અને શહેરો અમારી સત્તાને

આધીન હોય, (૨) અથવા તમારા પછી મને ઉત્તરાધિકારી નિયુક્ત કરો, (૩) નહિં તો હું ગતફાન કબીલાને લઈને ચઢાઈ કરીશ. આમિરે અર્બદને આના માટે તૈયાર કરીને રાખ્યો હતો કે હું તો મુહમ્મદ (ﷺ)ને વાતોમાં લગાવી રાખીશ, અને તું તક જોઈને કામ પૂરું કરી નાખજે. પરંતુ પયગંબરીના દબદબાને જોઈને અર્બદ તદ્દન નિઃસ્તબ્ધ અને મૂક રહ્યો. બંને નિષ્ફળ પાછા ફર્યા. હુઝૂર ﷺ ની નજરોએ આ બંનેના હૃદયને વાંચી લીધું હતું. તેથી આપ ﷺ એ દુઆ કરી કે હે અલ્લાહ ! તેમની બૂરાઈથી બચાવજે. વધારે સમય વિત્યો ન હતો કે આમિર પ્લેગના હુમલાનો ભોગ બની ગયો અને અરબદ બિન કૈસ પર વીજળી ત્રાટકી અને તેને બાળીને ભસ્મ કરી નાખ્યો.

(૧૬) અઝરહ કબીલાનું પ્રતિનિધિ-મંડળ :

સફર, હિ.૯માં આ કબીલાના બાર માણસો હાજર થયા. હમઝહ બિન નો'માન પણ તેમાં સામેલ હતો. તેમણે પોતાનો પરિચય આપ્યો કે અમે લોકો અઝરહના સંતાનોમાંથી છીએ, જે માતાના સંબંધથી કુસય્યના ભાઈ હતા. રસૂલે ખુદા ﷺ એ અત્યંત ખુશીથી 'أهلاً وسهلاً' કહીને તેમનું અભિવાદન કર્યું. એ સૌએ પોતાના હૃદય ઈસ્લામ માટે ખોલી દીધા. તેમને હુઝૂર ﷺ એ ખુશખબર સંભળાવી કે શામ (સીરિયા) સમાપ્ત થઈ જશે અને હિરકલ દેશ છોડીને જતો રહેશે. આ લોકોને હુઝૂર ﷺ એ જ્યોતિષીઓ પાસે અદશ્યની વાતો પૂછવાની મનાઈ કરી અને ઈબ્રાહીમી કુરબાની સિવાય બીજી તમામ રિવાજી અને અંધશ્રદ્ધાયુક્ત કુરબાનીઓ રોકી દીધી. રવાના થતી વખતે આ પ્રતિનિધિ-મંડળને પ્રચલન અનુસાર ભાથું આપવામાં આવ્યું.

(૧૭) બલ્લીનું પ્રતિનિધિ-મંડળ :

આ કબીલાનો વિસ્તાર રાજકીય મહત્ત્વ ધરાવતો હતો. આ લોકો હિ.૯ (રબીઉલ અવ્વલ)માં મદીના હાજર થયા. આ લોકો પોતાના કબીલાના એક માણસ રુવૈફઅ બિન સાબિત બલ્લીના ત્યાં રોકાયા અને તેમણે જ હુઝૂર ﷺ સમક્ષ પરિચય કરાવ્યો. માનવતાના ઉપકારક ﷺ એ તેમનું અભિવાદન કર્યું અને આ બધા ઈસ્લામમાં દાખલ થયા. ત્રણ દિવસ સુધી આ પ્રતિનિધિ-મંડળ અહીં રોકાયું, પછી રવાના થતી વખતે હુઝૂર ﷺ એ તેમને ભાથું અને ખજૂરો આપી.

(૧૮) કુન્દાનું પ્રતિનિધિ-મંડળ :

યમનના વિસ્તારનો આ એક પ્રખ્યાત કબીલો હતો. હઝરત અશ્અત બિન કૈસ رضي الله عنه ૮૦ (કે ૬૦) સવારોનું પ્રતિનિધિ-મંડળ લઈને હાજર થયા. આ લોકો ઉચ્ચ

પ્રકારના રેશમી ઝભ્ભા પહેરીને નબી ﷺ સમક્ષ પહોંચ્યા. વાતો થઈ. હુઝૂર ﷺ એ પૂછ્યું, શું તમે લોકો મુસલમાન થઈ ચૂક્યા છો ? તેમણે હકારમાં જવાબ આપ્યો. હુઝૂર ﷺ એ ખૂબ આશ્ચર્યથી પૂછ્યું કે, તો પછી આ રેશમ શા માટે ? સાચા ઈમાનનું આ સોનેરી ઉદાહરણ જુઓ કે આ લોકોએ તરત જ રેશમના ટુકડે-ટુકડા કરીને પોતાના પોશાકથી અલગ કરી નાખ્યું.

(૧૯) અઝ્દનું પ્રતિનિધિ-મંડળ :

બની અઝ્દ પણ યમનમાં રહેતા હતા. તેમનું પ્રતિનિધિ-મંડળ સુરદ બિન અબ્દુલ્લાહ અઝ્દીની આગેવાનીમાં આવ્યું. આ લોકોએ ઇસ્લામનો સ્વીકાર કરી લીધો. હઝરત સુરદ رضي الله عنه ને કબીલાના અમીર નિયુક્ત કરવામાં આવ્યા.

(૨૦) જર્શનું પ્રતિનિધિ-મંડળ :

યમનના મોટાભાગના વિસ્તારો અને પ્રદેશો ઇસ્લામી રાજ્યનો ભાગ બની ગયા હતા. પરંતુ વચ્ચે-વચ્ચે બળવાખોર તત્ત્વો પણ હતા. જર્શ શહેર આવા જ કબીલાના કબજામાં હતું અને અહીં મજબૂત સુરક્ષાત્મક કિલ્લો હતો. બળવાખોર શક્તિઓને સીધી કરવા હઝરત સુરદ અઝ્દી رضي الله عنه ને, જેમનો ઉપર ઉલ્લેખ થઈ ચૂક્યો છે, કબીલાના સેનાધ્યક્ષની જવાબદારી પણ સુપ્રત કરી અને આસપાસના વિસ્તારોના કબીલાઓને ઇસ્લામી શાસનના આધીન બનાવવા માટે લશ્કરી કાર્યવાહીની પરવાનગી પણ આપી. તેમણે જર્શવાસીઓને લાંબા ઘેરા પછી પરાજય આપ્યો. આ કાર્યવાહી પછી જર્શવાસીઓનું પ્રતિનિધિ-મંડળ મદીના આવ્યું.

(૨૧) હમદાનનું પ્રતિનિધિ-મંડળ :

આ પ્રતિનિધિ-મંડળ એકસો-વીસ માણસો પર આધારિત હતું અને તેમાં માલિક બિન નમત, અબૂ સૂર, માલિક બિન અન્ફઅ સલમાની, ઉમૈર બિન માલિક ખારકી (કે ઉમર બિન માલિક) અને જમામ બિન માલિક જેવા પ્રસિદ્ધ લોકો સામેલ હતા. માલિક બિન નમતે નબી ﷺ ની બારગાહમાં શૌર્ય-ગીતો પ્રસ્તુત કરીને પ્રતિનિધિ-મંડળ તરફથી સંનિષ્ઠા દર્શાવી. હુઝૂર ﷺ એ તેમને જ કબીલાના મુસ્લિમ સમુદાયના અમીર નિયુક્ત કર્યા. હમદાનના વિસ્તારમાં પહેલા હઝરત ખાલિદ رضي الله عنه ને ઇસ્લામના આમંત્રણ અને શૈક્ષણિક મિશન પર નિયુક્ત કરવામાં આવ્યા હતા. પરંતુ છ મહિના સુધી સફળતા ન મળી. પછી હઝરત અલી رضي الله عنه ને હુઝૂર ﷺ એ પોતાનો વિશિષ્ઠ પત્ર આપીને મોકલ્યા. જતાં જ હઝરત અલી رضي الله عنه એ નમાઝ પછી પત્ર જાહેર સભામાં સંભળાવ્યો અને તેને સાંભળતાં જ મોટી સંખ્યામાં લોકો ઇસ્લામમાં

દાખલ થયા. હઝરત અલી رضي الله عنه એ પત્ર દ્વારા હુઝૂર ﷺ ને અહેવાલ લખીને મોકલ્યો. તેને વાંચીને હુઝૂર ﷺ સિજદામાં પડી ગયા, માથું ઉઠાવ્યું તો ફરમાવ્યું, السلام علی همدان!

(૨૨) ફર્વાહ અલ-જઝામીનો દૂત :

ફર્વાહ 'મુઆન' નામના સ્થળે રોમની સલ્તનત તરફથી એ વિસ્તારના ગવર્નર હતા અને આ વિસ્તારમાં શામ (સીરિયા) અને અરબ બંને બાજુના ભાગો સામેલ હતા. તેમના સુધી સંદેશ પહોંચ્યો તો પોતાના હોદ્દા અને સ્થાનને જોખમમાં નાખીને ઈસ્લામનો સ્વીકાર કર્યો. દૂત મારફતે પોતાના ઈસ્લામની જાણકારી પણ હુઝૂર ﷺ ને આપી અને એક સફેદ ખચ્ચર ભેટ-સ્વરૂપે રવાના કર્યું. જ્યારે રોમન રાજ્યને જાણ થઈ તો તેમને પકડીને 'અફરા' મુકામે શૂળી પર લટકાવી દીધા. પરંતુ એટલું મજબૂત ઈમાન અલ્લાહે પોતાના આ બંદાને પ્રદાન કર્યું કે રાજી-ખુશીથી સિંહાસન પરથી ઉઠીને શૂળી પર જઈને ઊભા થઈ ગયા.

(૨૩) તુજીબ[૧]નું પ્રતિનિધિ-મંડળ :

આ યમનના કુન્દા પરિવારનું એક પેટા પ્રતિનિધી-મંડળ હતું. આ લોકો પહેલાથી ઈસ્લામ સ્વીકારી ચૂક્યા હતા અને પોતાને તેના તકાદાઓના બીબામાં વ્યવહારૂ રૂપે ઢાળી રહ્યા હતા. તેર વ્યક્તિઓ પ્રતિનિધિ-મંડળમાં સામેલ હતા, અને પોતાના સાથે ઝકાતનો માલ અને ઢોરો પણ પોતે જ લઈને આવ્યા હતા. તેમણે અરજ કરી કે અલ્લાહનો હક્ક હાજર છે. હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે માલ પાછો લઈ જાઓ અને સ્થાનિક જરૂરતમંદો પર ખર્ચ કરો. તેમણે કહ્યું કે સ્થાનિક જરૂરતમંદોને આપ્યા પછી આ માલ બચી ગયો છે. આ પ્રસંગે હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه ના મોઢેથી અનાયાસ નીકળ્યું, "હે અલ્લાહના રસૂલ ﷺ ! આરબોનું કોઈ પ્રતિનિધિ-મંડળ તુજીબના પ્રતિનિધિ-મંડળ જેવું શાનદાર નથી આવ્યું." હુઝૂર ﷺ એ ફરમાવ્યું, "માર્ગદર્શન અલ્લાહના અધિકારમાં છે. તે જેના માટે ભલાઈનો ઈરાદો કરે છે, તેનું હૃદય ઈમાન માટે ખોલી નાખે છે."

આ લોકોએ અમુક પ્રશ્નો કર્યા અને તેના જવાબ રસૂલુલ્લાહ ﷺ પાસે લખાવ્યા. પછી આ ઉત્સાહમાં જલ્દી-જલ્દી પાછા ગયા કે પોતાના કબીલાના લોકોને અહીંની જાણકારી, સમાચાર અને અહેવાલ બતાવે."

તેમના સાથે બની અબદીનો એક નવયુવાન પણ હતો, જેને પ્રતિનિધિ-મંડળે પોતાના માલ-સામાન અને સવારીઓની દેખરેખ માટે મૂક્યો હતો. તેને હુઝૂર

૧. આ કબીલાનો એક દુર્ભાગી માણસ કિનાના બિન બસરે હઝરત ઉસ્માન رضي الله عنه ની હત્યા કરી હતી. આને મળતા નામનો બીજો કબીલો 'તજૂબ' છે, જેનો સંબંધ હમીરના પરિવારથી છે અને હઝરત અલી رضي الله عنه નો હત્યારો ઈબ્ને મલ્જમ આ બીજા કબીલાથી હતો. પુસ્તકોમાં આ નામોમાં સામ્ય જોવા મળે છે.

ﷺ એ ખાસ બોલાવ્યો. તેણે અરજ કરી કે મારી કેવળ એક અભિલાષા છે કે આપ ﷺ મારા માટે મગફિરતની દુઆ કરો. હુઝૂર ﷺ એ વિશેષરૂપે તેના માટે દુઆ કરી. યમનમાં જ્યારે આગળ ચાલીને ઇર્તિદાદ (ઇસ્લામથી ફરી જવા)નો ઉપદ્રવ ફેલાયો, તો આ નવયુવાને આખા કબીલાને સંભાળીને રાખ્યો.

આ કબીલાને પણ ભેટ-સ્વરૂપે ભાથું આપવામાં આવ્યું.

(૨૪) બની સઅદ હુઝૈમ (કઝાઆ)નું પ્રતિનિધિ-મંડળ :

આ કબીલાના કેટલાક માણસો પ્રતિનિધિ-મંડળ સ્વરૂપે મદીના પહોંચ્યા. તેમાં અમુક લોકો નિષ્ઠા અને સમજદારીથી મુસલમાન થયા હતા અને કેટલાક રાજકીય પરિસ્થિતિના કારણે તાબે થયા હતા. જે હોય તે, તેમણે નબી ﷺ ના હાથ પર બૈત કરી. હુઝૂર ﷺ ના આદેશથી હઝરત બિલાલ رضي الله عنه એ ચાંદીના રૂપમાં ભાથું આપ્યું. તેમના પાછા જતાં આખા કબીલાએ ઇસ્લામનો સંદેશ સ્વીકારી લીધો.

(૨૫) બહ્‌રાઅનું પ્રતિનિધિ-મંડળ :

આ યમનના વિસ્તારનો એક કબીલો હતો. તેર માણસોનું પ્રતિનિધિ-મંડળ ઇસ્લામના કેન્દ્રમાં મોકલ્યું. આ લોકો પહેલાથી પ્રભાવિત હતા. ત્યાં નુબૂવ્વતના પ્રકાશને જોઈ-જોઈને વિશ્વાસથી સંપન્ન થયા, ઇસ્લામ સ્વીકાર્યો અને થોડાક દિવસ રોકાઈને ફરાઇઝ (ઇસ્લામની અનિવાર્ય ઉપાસના-વિધિઓ) અને આદેશો શીખ્યા અને પછી પાછા જતા રહ્યા. તેમને પણ રાબેતા મુજબ ભાથું આપવામાં આવ્યું.

(૨૬) ઝી-મર્રહનું પ્રતિનિધિ-મંડળ :

આ કબીલામાંથી તેર માણસોનું પ્રતિનિધિ-મંડળ ઇસ્લામની રાજધાનીમાં પહોંચ્યું, જેના સરદાર હારિસ બિન ઔફ હતા. તેમણે હુઝૂર ﷺ ને પોતાનો પરિચય આપતાં નિવેદન કર્યું કે અમે લુવય્ય બિન ગાલિબના સંતાનો છીએ અને તમારાથી વંશીય સંબંધ ધરાવીએ છીએ. હુઝૂર ﷺ એ તેમને તેમના વિસ્તારનો અહેવાલ પૂછ્યો, તો તેમણે દુષ્કાળના વર્ષનું ભયંકર ચિત્ર દર્શાવીને દુઆની દરખાસ્ત કરી. પાછા ફર્યા ત્યારે ખબર પડી કે હુઝૂર ﷺ એ જ્યારે દુઆ કરી બરાબર એ દિવસે વરસાદ પડ્યો અને ધરતી લીલીછમ થઈ ગઈ. ઇસ્લામી વ્યવસ્થાનું જ્ઞાન પ્રાપ્ત કરવા આ પ્રતિનિધિ-મંડળ પણ થોડાક દિવસ રોકાઈને વિદાય થયું અને તેમને ભાથું આપવામાં આવ્યું.

(૨૭) ખૌલાનનું પ્રતિનિધિ-મંડળ :

દસ માણસોનું આ પ્રતિનિધિ-મંડળ ઈમાનથી તરબોળ થઈને નિખાલસ ઈમાનની ભાવનાની સાથે નબી ﷺ સમક્ષ પહોંચ્યું. આ લોકો અજ્ઞાનતા-કાળમાં

'અમ્મે અનસ' નામની મૂર્તિની પૂજા કરતા હતા. તેમણે બતાવ્યું કે હવે માત્ર મોટી ઉંમરના કેટલાક લોકો 'અમ્મે અનસ'થી આસ્થા રાખે છે. પરંતુ અમે પાછા જઈને આ મૂર્તિને તોડી નાખીશું. પછી તેમણે જૂના પ્રસંગો વર્ણવ્યા કે 'અમ્મે અનસ'ના નામે કેટલી મોટી-મોટી કુરબાનીઓ આપવામાં આવતી હતી, અને શું-શું રીત-રિવાજો થતાં હતા. રોકાણ દરમ્યાન તેમણે નવા ઇસ્લામી જીવન વિશે જરૂરી જ્ઞાન પ્રાપ્ત કર્યું અને જતી વખતે તેમને પણ ભાથું આપવામાં આવ્યું.

(૨૮) મહારિબનું પ્રતિનિધિ-મંડળ :

આ લોકો ઇસ્લામથી પહેલા ઘણા આકરા મિજાજના અને ક્રૂર તેમજ દુરાચારી હતા. ઇસ્લામી આમંત્રણના આરંભિક તબક્કામાં જ્યારે હુઝૂર ﷺ એ કબીલાઓમાં જઈ-જઈને સત્યનો સંદેશ પહોંચાડ્યો હતો, તો તેમના ત્યાં પણ પહોંચ્યા અને તેમણે અભદ્ર વ્યવહાર અપનાવ્યો હતો. દસ વ્યક્તિઓનું આ પ્રતિનિધિ-મંડળ પશ્ચાતાપ કરીને હાજર થયું. એક સભામાં હુઝૂર ﷺ એ ધ્યાનથી એક વ્યક્તિને જોઈને ઓળખી લીધો, તો તેને અચાનક ભાન થયું. તે પોતે જ બોલ્યો કે હુઝૂર ! કદાચ મારા વિશે કંઈક વિચારી રહ્યા છો. આપ ﷺ મને એક વાર 'અકાઝ'માં મળ્યા હતા અને મેં આપથી ખૂબ નીચ ભાષામાં વાતચીત કરી હતી અને આપના સંદેશને ખૂબ ખરાબ રીતે રદ કરી દીધો હતો. હે અલ્લાહના રસૂલ ﷺ ! અમારા સાથીઓમાંથી કોઈ અમારાથી વધારે આપ ﷺ નો અને ઇસ્લામનો દુશ્મન ન હતો. પરંતુ અલ્લાહનો આભાર છે કે તેણે મને ઈમાન અને આજ્ઞાપાલનની સદ્પ્રેરણા આપી. પછી તેણે પોતાની અગાઉની ભૂલ માટે મગફિરતની દુઆની દરખાસ્ત કરી. હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે ઇસ્લામ કુફ્રના સમયના ગુનાઓને મિટાવી દે છે.

(૨૯) ગસ્સાનનું પ્રતિનિધિ-મંડળ :

ગસ્સાન આમ તો આરબોનો કબીલો હતો, પણ ખ્રિસ્તી ધર્મ અપનાવીને કૈસર (રોમના બાદશાહ) તરફથી આરબ વિસ્તાર પર શાસક હતો. હિ.૧૦માં આ કબીલાના ત્રણ વ્યક્તિઓ મદીના આવીને હુઝૂર ﷺ ના હાથ પર ઇસ્લામ લાવ્યા. તેમણે બતાવ્યું કે અમારા પરિવારના લોકો તો વર્તમાન હોદ્દા અને વૈભવને છોડીને ભાગ્યે જ સત્યનો સ્વીકાર કરે. હુઝૂર ﷺ એ તેમને ભાથું આપીને વિદાય કર્યા. તેમણે જઈને આમંત્રણ આપ્યું, પણ કંઈ પરિણામ ન આવ્યું. ત્રણેએ પરિસ્થિતિથી મજબૂર થઈને પોતાના ઇસ્લામને ગુપ્ત રાખ્યો. તેમાંથી એક સાહેબ યરમૂકના યુદ્ધ વખતે હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ رضي الله عنه ને મળ્યા અને પોતાના ઇસ્લામ પર અડગ હોવાની જાણ કરી. બાકીના બંનેનું પહેલા જ અવસાન થઈ ચૂક્યું હતું.

(૩૦) સલામાનનું પ્રતિનિધિ-મંડળ :

સાત માણસોનું પ્રતિનિધિ-મંડળ મદીના આવ્યું, જેમાં હબીબ ઇબ્ને ઉમર પણ સામેલ હતા. તેમના પૂછવાથી હુઝૂર ﷺ એ બતાવ્યું કે નમાઝને સમયસર અદા કરવી સૌથી ઉત્તમ અમલ છે. તેમણે પણ દુષ્કાળની સ્થિતિ વર્ણવીને દુઆનું નિવેદન કર્યું. રસૂલુલ્લાહ ﷺ એ દુઆ કરી અને પાછળથી પુષ્ટિ થઈ કે એ જ દિવસે વરસાદ વરસ્યો.

(૩૧) બની ઐસનું પ્રતિનિધિ-મંડળ :

આ પણ યમનના વિસ્તારનો કબીલો હતો. તેમનું પ્રતિનિધિ-મંડળ પણ હિ.૧૦માં આવ્યું. આ લોકોએ પૂછ્યું કે અમે ઇસ્લામની તાલીમ આપનારાઓથી સાંભળ્યું છે કે જે હિજરત ન કરે તેનો ઇસ્લામ કબૂલ થતો નથી. અમારી સ્થિતિ એવી છે કે ઢોર-ઢાંખર જ અમારી આજીવિકાનું માધ્યમ છે. હવે જો હિજરત કરવી જરૂરી હોય, તો અમારે તેમને વેચીને આવવું પડે. ઈમાનની ભાવના જુઓ કે એક ઇશારા પર પોતાની સંપત્તિ અને પોતાનો વિસ્તાર છોડવા તૈયાર છે ! હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે જ્યાં રહો, અલ્લાહથી ડરતા રહો. વાસ્તવમાં પરિસ્થિતિ એ હતી કે શરૂઆતના ગાળામાં જ્યારે ઇસ્લામના કેન્દ્રને મજબૂત કરવા માટે શક્તિ એકઠી કરવી અને દેશભરમાં કામ કરવા માટે વ્યક્તિઓને તૈયાર કરવાની જરૂર હતી, તો હિજરત કરીને કેન્દ્રમાં આવવું અનિવાર્ય કરવામાં આવ્યું હતું. આ તબક્કો પસાર થઈ ગયો અને પછી શક્તિનું આખા દેશમાં ફેલાયેલું રહેવું અને પોત-પોતાના વિસ્તારમાં ઇસ્લામના સંદેશને ફેલાવવું જરૂરી ઠર્યું, તો હિજરતની અનિવાર્યતા રદ થઈ ગઈ. لاهجرة بعد الفتح નો આદેશ આ જ બીજા ગાળાથી સંબંધિત હતો.

(૩૨) ગામિદનું પ્રતિનિધિ-મંડળ :

હિ.૧૦માં ગામિદનું પ્રતિનિધિ-મંડળ આવ્યું, જે દસ વ્યક્તિઓ પર આધારિત હતું. આ બધા જ ઇસ્લામમાં દાખલ થયા. હઝરત ઉબ્બી બિન કઅબ رضي الله عنه ને હુઝૂર ﷺ એ નિયુક્ત કર્યા કે તેમને કુર્આનનું શિક્ષણ આપે. પછી તેમને ભાથું આપીને વિદાય કર્યા.

(૩૩) બની મુન્તફિકનું પ્રતિનિધિ-મંડળ :

આ કબીલામાંથી નહીક બિન આસિમ અને લકીત બિન આમિર પ્રતિનિધિ-મંડળ સ્વરૂપે ઇસ્લામની રાજધાનીમાં પહોંચ્યા. મસ્જિદમાં પહોંચ્યા, તો હુઝૂર ﷺ પ્રવચન આપી રહ્યા હતા. પ્રવચન સમાપ્ત થયા પછી લકીતે ઊભા થઈને કયામત

તેમજ જન્નત-જહન્નમ વિશે અમુક પ્રશ્નો કર્યા અને હુઝૂર ﷺ એ વિગતવાર જવાબો આપ્યા. પછી તેમણે પયગંબરો અને પૂર્વજો વિશે કેટલીક વાતો પૂછી. એક સવાલ સીધેસીધો હુઝૂર ﷺ ને એ કર્યો કે શું આપ ﷺ 'ઇલ્મે-ગૈબ' (અદશ્યનું જ્ઞાન) ધરાવો છો ? હુઝૂર ﷺ એ જવાબ આપ્યો કે ગૈબની ચાવીઓ અલ્લાહ તઆલાના જ કબજામાં છે.

(૩૪) અબ્દે અલ-કૈસનું પ્રતિનિધિ-મંડળ :

અગાઉ અબ્દે અલ-કૈસના પ્રતિનિધિ-મંડળનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે, જે હિ.૫માં આવ્યું હતું. તેમનું આ બીજું પ્રતિનિધિ-મંડળ ચાળીસ માણસો પર આધારિત હતું, હિ.૧૦માં મદીના હાજર થયું.

(૩૫) તારિક બિન અબ્દુલ્લાહ અને તેમના સાથીઓ :

આ તારિક બિન અબ્દુલ્લાહ એ વ્યક્તિ છે, જેમણે 'સૌકુલ મજાઝ'માં એ દશ્ય પણ જોયું હતું કે હુઝૂર ﷺ કબીલાઓમાં ઇસ્લામનું આમંત્રણ આપે છે અને આપ ﷺ નો સગો કાકો પાછળ-પાછળ કાંકરીઓ મારતો કહેતો જાય છે કે લોકો ! આના પર ઈમાન ન લાવજો. આ (નઊઝુબિલ્લાહ) જૂઠો છે. પછી આ જ તારિક બિન અબ્દુલ્લાહ 'રબ્ઝહ'થી એક જૂથની સાથે ખજૂરોની ખરીદી માટે મદીના આવ્યા. તેમના રોકાણ-સ્થળ પાસેથી આપ ﷺ પસાર થયા. આપ ﷺ એ તેમનું ઠેકાણું પૂછ્યું અને પ્રવાસના હેતુની જાણકારી મેળવી. પછી એક ઊંટનો સોદો કર્યો અને તેની કિંમત મોકલાવી દેવાનું વચન આપીને ચાલ્યા ગયા. પછી તારિક અને તેના સાથીઓને આશંકા ગઈ કે જાન-પહેચાન વગર આપણે ઊંટ આપી દીધું, કોણ જાણે શું થાય ! આ કાફલાની એક પ્રતિષ્ઠિત મહિલાએ કહ્યું કે આ વ્યક્તિનો જ્યોતિર્મય ચહેરો મેં જોયો હતો. તે કદાપિ ધોકો આપવાવાળો નથી હોઈ શકતો. જો તે કિંમત અદા ન કરે તો હું જામીન છું. થોડી વારમાં એ માણસ આવ્યો અને ઊંટની કિંમતની ખજૂરો અલગ અદા કરી અને ભેટ અલગ આપી. આ લોકોના હૃદય-પરિવર્તન થઈ ગયા. પાછળથી આ લોકો જ્યારે શહેરમાં આવ્યા, તો આપ ﷺ પ્રવચન આપી રહ્યા હતા અને સદકા (દાન)ની તાકીદ કરી રહ્યા હતા. આ રીતે તેમના હૃદયોમાં ઇસ્લામના સંદેશને પ્રવેશ મળ્યો.

(૩૬) બની ઝુબૈદનો પ્રતિનિધિ અમર બિન મઅ્દૈકરબ :

બની ઝુબૈદના લોકો સુધી જ્યારે નવોદિત વ્યવસ્થાની વાત પહોંચી, તો તેમણે પોતાના સરદાર અમ્ર બિન મઅ્દૈકરબને કહ્યું કે અમે સાંભળીએ છીએ કે કુરૈશમાં મુહમ્મદ (ﷺ) નામના માણસ નબી બનીને હિજાઝમાં પ્રગટ થયા છે. તમે

જાઓ અને જઈને જાણકારી મેળવો. જો તે તમારા મતે ખરેખર નબી હોય તો પછી આપણે બધા ઈમાન લાવીએ. આમ, આ વ્યક્તિ આવ્યો અને તેણે ઇસ્લામ કબૂલ કરી લીધો. હુઝૂર ﷺ ના દેહાંત પછી તે ઇસ્લામથી ફરી ગયો.

(૩૭) હુમૈરના રાજાનો દૂત :

હુમૈર એક શાહી પરિવાર હતો. તેના તરફથી દૂત એક પત્ર લઈને આવ્યો. આ પત્રમાં હર્સ બિન અબ્દે કિલાલ, નઈમ બિન અબ્દે કિલાલ, નો'માન કૈલુ ઝુવુરૈન, મઆફર અને હમદાનના ઇસ્લામ-સ્વીકાર અને શિર્ક છોડી દેવાની માહિતી હતી. હુઝૂર ﷺ એ તેના જવાબમાં એક વિસ્તૃત ફરમાન હુમૈરના રાજાના નામે મોકલાવ્યું. તેમાં તેમને મૂળભૂત આદેશો લખાવ્યા, મુસલમાનો પાસેથી ઝકાત લેવા અને બિનમુસ્લિમો પાસેથી ટેક્ષ (જિઝ્યા) વસૂલ કરવાના નિર્દેશો નોંધાવ્યા. ઉપરાંત, લોકોની ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર અંકિત કરાવ્યો અને સ્પષ્ટતા કરી કે જે લોકો યહૂદી કે ખ્રિસ્તી રહેવા માંગે તેમનો ધર્મ બળજબરીથી બદલી શકાતો નથી. તેના સાથે-સાથે ફરમાનમાં લખાવ્યું કે 'ઝરઆ-ઝી-યઝન' તરફ અમારા પ્રતિનિધિઓ – મઆઝ બિન જબલ (رضي الله عنه), અબ્દુલ્લાહ બિન ઝૈદ, માલિક બિન ઉબાદા, ઉકબા બિન અમ્ર, માલિક બિન મુર્રાહ અને કેટલાક બીજા લોકોને રવાના કરવામાં આવી રહ્યા છે. આ સમૂહના સરદાર મઆઝ બિન જબલ (رضي الله عنه) છે. આ અમારા આદેશો પહોંચાડશે અને સદકા (ઝકાત) અને જિઝ્યાની રકમ વસૂલ કરીને લાવશે.

(૩૮) નખઅનું પ્રતિનિધિ-મંડળ :

આ પણ યમનનો એક કબીલો હતો. મોટાભાગની રિવાયતો અનુસાર આ છેલ્લું પ્રતિનિધિ-મંડળ છે, જે હિ.૧૧ (મુહર્રમ)માં મદીના આવ્યું. આમાં બસો માણસો સામેલ હતા. વાસ્તવમાં આ લોકો હઝરત મઆઝ બિન જબલ رضي الله عنه ના હાથ પર ઇસ્લામની બૈત લઈ ચૂક્યા હતા. હૃદયોમાં આવેલ પરિવર્તને તકાદો કર્યો, તો ઇસ્લામની રાજધાનીમાં પહોંચ્યા. રસૂલે અકરમ ﷺ ની સામે પોતાના ઇસ્લામ-સ્વીકારની વાત બતાવી. પ્રતિનિધિ-મંડળના એક સભ્યએ પોતાના સ્વપ્નોના અર્થઘટનો પૂછ્યા અને થોડોક સમય રોકાયા પછી પાછા જતા રહ્યા.

આ પ્રતિનિધિ-મંડળોનું આગમન એટલા મોટા પ્રમાણમાં અને નિરંતર થતું રહ્યું કે ખરા અર્થમાં يدخلون في دين الله افواجا નો અર્થ સામે આવી જાય છે. વાસ્તવમાં માનવ-પ્રકૃતિ સ્વયં સત્ય તરફ ઝુકાવ રાખે છે, અને વળી માનવતાના ઉપકારક ﷺ એ ન કેવળ કુર્આનના તાર્કિક જોર અને હૃદયસ્પર્શી શૈલીની સાથે સત્યને પ્રસ્તુત કર્યું હતું, બલ્કે પોતાના પવિત્ર વ્યક્તિત્વ અને વ્યવહારૂ જીવનથી તેની સચ્ચાઈનું એવું

પરિપૂર્ણ દર્શન કરાવ્યું હતું કે માનવતા દિલ હાર્યા વગર ન રહી શકી. સામાન્ય લોકોના માર્ગમાં જો રુકાવટ હતી, તો તે અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વ હતું. તે જ્યારે હટી ગયું અને તેના સાથે જ જ્યારે તેમને એ વિશ્વાસ થઈ ગયો કે મદીનાની ઇસ્લામી શક્તિ એક મજબૂત શક્તિ છે અને તેના દ્વારા ખરેખર ભલાઈ અને સદ્‌કાર્યો ફેલાઈ રહ્યા છે અને કોઈ આ ધસમસતા પૂરની સામે ટકી શકતું નથી, તો પછી તેમના હૃદયો સચ્ચાઈ અને નેકીના સંદેશ માટે સંપૂર્ણપણે ખુલી ગયા. તેમણે સ્વયં પોતાના અંદરથી આ સત્ય-પ્રકાશની તરસને અનુભવી અને આ તરસથી વિહ્વળ થઈને તેઓ મદીના તરફ દોડ્યા. ત્યાંથી જામ ભરી-ભરીને પીધા અને પછી જઈને પોત-પોતાના વિસ્તારો અને કબીલાઓમાં કૂંજા-ને-કૂંજા ઠાલવી દીધા.

આમ, પ્રકાશ ફેલાતો ગયો અને અંધકાર દૂર થતો ગયો !

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઇસ્લામના આમંત્રણનો આરંભ

નબી અકરમ ﷺ એ સ્થાપેલ જે સમુદાયને ઇસ્લામી આંદોલન ચલાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું ક્ષેત્ર કોમ કે દેશ પૂરતું જ નહોતું, બલ્કે એ સમુદાય એવો 'خیر امة' હતો, જે 'اُخْرِجَتْ لِلنَّاس' ના સ્થાન પર બિરાજમાન કરવામાં આવ્યો હતો, અને જેને شهداء على الناس ઠેરવવામાં આવેલ હતો; અર્થાત્ સમગ્ર માનવતાને સત્ય અને સચ્ચાઈ, ન્યાય અને ભાઈચારાની વ્યવસ્થાનો માર્ગ બતાવનાર સમુદાય.

માત્ર આરબવાસીઓની જ સુધારણા, પ્રશિક્ષણ તેમજ તેમને રાજ્ય-સ્તરે સંગઠિત કરવાનો અંતિમ ઉદ્દેશ્ય ન હતો, બલ્કે લક્ષ્ય એ હતું કે એક ઇસ્લામી રાજ્યની સ્થાપના થાય અને તમામ માધ્યમો અને સંસાધનોનો ઉપયોગ કરીને સમગ્ર દુનિયાની કોમો અને દેશોને સત્ય-વ્યવસ્થાનું આમંત્રણ આપે. છેવટે અલ્લાહના એ કરોડો બંદાઓ, જેઓ બાદશાહો અને રાજા-મહારાજાઓના આ યુગમાં નાના-નાના વર્ગો અને પરિવારોની સત્તા હેઠળ પીસાઈ રહ્યા હતા અને જેમને ન વિચારવાની આઝાદી ઉપલબ્ધ હતી અને ન આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત હતી અને ન તો જેમના કોઈ રાજકીય હક્કો હતા, તેમની દયાજનક હાલતથી સુધારાવાદી આંદોલન કેવી રીતે આંખો બંધ કરી શકે છે. (ઈરાનના બાદશાહ) કિસરાના નામે મોકલાવેલ પત્રમાં હુઝૂર ﷺ એ પોતે જ પોતાના સંદેશના માનવ-માનવ વચ્ચેના માપદંડોને આ શબ્દોમાં ઉજાગર કરી દીધા છે કે - فانی انا رسول الله الی الناس, અર્થાત્ મારી હેસિયત એ છે કે હું તમામ માનવો તરફ અલ્લાહનો રસૂલ (ઈશદૂત) છું.

અલ્લાહ તઆલાએ બાદશાહતો અને ધાર્મિક વર્ગોના હાથે પ્રાદેશિક કોમોમાં

વિભાજિત માનવતા માટે આંતરરાષ્ટ્રીય યુગનો આરંભ સ્વયં માનવતાના ઉપકારક ﷺ ના હસ્તે કરાવ્યો, અને એક સચ્ચાઈનો બોલ ભૌગોલિક, વંશીય, ભાષાકીય અને રાજકીય સરહદોને તોડતો ઝડપથી તત્કાલીન સમયની પરિચિત દુનિયાના ત્રણેય ખંડો પર છવાઈ ગયો. પયગંબરોના ક્રમના સમાપક હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ને આંતર-માનવીય સંદેશની સાથે બરાબર એવા યુગમાં ઊભા કરવામાં આવ્યા, જ્યારે યુગના થોડાક પરિવર્તનો પછી દારૂગોળો, પ્રેસ અને વરાળની શક્તિઓ પ્રગટ થવાની હતી અને ધરતીની આબાદી નવા માધ્યમો અને સંસાધનોના બળ પર એક શહેરની જેમ એકરાગ થઈ જવાની હતી. વ્યાપક ઇતિહાસમાં પાંચસો-સાતસો વર્ષનું કોઈ ખાસ મહત્ત્વ નથી. હુઝૂર ﷺ નું આગમન એવા યુગમાં થયું કે જેની અમુક જ સદીઓ પછી દુનિયાના છેડા ભૌતિક રીતે મળી જવાના હતા. આ અવસર આવે એના યોગ્ય સમય પહેલાં ઇસ્લામની સત્ય-વ્યવસ્થાનું આંતરરાષ્ટ્રીય આમંત્રણ શરૂ કરી દેવામાં આવ્યું, જેથી માનવતા જેમ-જેમ ભૌતિક રીતે નજીક થતી જાય, બૌદ્ધિક, વૈચારિક તથા નૈતિક અને ઉદ્દેશ્યની દૃષ્ટિએ પણ તેને એક સંબંધમાં પરોવી શકાય. વચ્ચેનો આ સમય ઇસ્લામના સંદેશના પ્રસાર અને દુનિયાની કોમોને નવ-યુગ માટે તૈયાર કરવા માટે માંડ પૂરતો હોઈ શકતો હતો. એ વાતમાં કોઈ સંદેહ નથી કે આંતરરાષ્ટ્રીય યુગનો પ્રવાહ મુસ્લિમ ક્રાંતિકારી શક્તિના કબજામાંથી નીકળીને ભૌતિકવાદના નાળામાં જતો રહ્યો, કેમ કે આ શક્તિ તે વખતે ઇતિહાસમાં એક પ્રભાવી સ્થાન રાખવા છતાં પોતાના ક્રાંતિકારી આમંત્રણનું જોર ખોઈ ચૂકી હતી. તેમ છતાં પણ નવ-યુગને માનવ-ગૌરવ, માનવો વચ્ચે સમાનતા, સામૂહિક અને સામાજિક સંબંધો માટે લોકતાંત્રિક વિચારો, બૌદ્ધિક અને પ્રાયોગિક વિદ્યાઓના મહત્ત્વનું ભાન, ઇન્દ્રીય શક્તિઓ પર અંકૂશની ભાવના, આંતરરાષ્ટ્રીય અધિકારો અને સુલેહ-સંધિઓનો આદર, વિચાર અને મતની સ્વતંત્રતા તેમજ લઘુમતીના હક્કોની સભાનતા, ન્યાયના પાયાના મૂલ્યો તથા બીજા કેટલાક સિદ્ધાંતો પ્રત્યક્ષરૂપે ઇસ્લામી આંદોલનથી મળ્યા. — જો કે તે ભૌતિકવાદી માનસિકતાના લક્ષ્ય પર આવીને ધૂંધળા પણ થઈ ગયા અને વિકૃત પણ થઈ ગયા. તેમ છતાં વર્તમાન યુગની સંસ્કૃતિઓમાં ભલાઈ અને ખૂબીનો જે થોડો-ઘણો અંશ જોવા મળે છે, તે માનવતાના ઉપકારક ﷺ એ કરેલ કાર્યોને આભારી છે. આનો સ્વીકાર કેટલાક ન્યાયપ્રિય પૌરત્સ્યવાદીઓએ (Orientalists) પોતે પણ કર્યો છે.

આમ, ઇસ્લામી આંદોલન પોતાની સૈદ્ધાંતિક પ્રકૃતિની રીતે તકાદો કરતું હતું કે આના આમંત્રણના કિરણો આરબ પ્રદેશની સીમાઓમાં બંધ ન રહે, બલ્કે ધરતીના ખૂણે-ખૂણા સુધી પહોંચે. તેના સાથે-સાથે વ્યવહારૂ જરૂરત પણ એ જ

હતી કે ઇસ્લામ આરબ પ્રદેશની આસપાસ પણ પ્રકાશ વેરે, નહિં તો સત્ય વિચારધારાના પાયા પર એક વ્યવસ્થાનું કેવળ આરબ પ્રદેશમાં સલામતીથી ચાલતા રહેવું સંભવ ન હતું, જો ઇસ્લામી રાજ્ય આ વિચારધારાની વિરોધી શક્તિઓના ઘેરામાં ઘેરાયેલ રહે. વિશેષરૂપે એ બાબત સામે રહે કે રોમન અને ઈરાની સામ્રાજ્યોએ હંમેશા આરબ પ્રદેશ પર રાજકીય લાલસાની નજર જમાવી રાખી, આ દેશના કેટલાક વિસ્તારો તેમના કબજામાં રહ્યા અને આરબ કબીલાઓને તેમણે ખરીદી-ખરીદીને તેમનો ઉપયોગ કરતા રહ્યા. રોમન સામ્રાજ્યથી મદીનાની ટક્કર તો શરૂ પણ થઈ ચૂકી હતી.

માનવતાના ઉપકારક ﷺ ની કાર્ય કરવાની ઝડપ આપણા માટે આશ્ચર્યજનક છે કે તેર વર્ષની મુદતમાં ઇસ્લામનું આરંભિક આમંત્રણ આપીને કાર્યકરોને તૈયાર કરવાનું કામ પરિપૂર્ણ કરી નાખ્યું અને પછી આઠ વર્ષની અંદર ઇસ્લામી રાજ્ય વ્યવહારરૂપે પૃથ્વીના નકશા પર ઊભું કરીને વિરોધના તમામ મોરચાઓ સર કરી નાખ્યા અને પછી પોતાના જીવનમાં જ ઇસ્લામના આમંત્રણની લહેરો આસપાસના રાજ્યોમાં પહોંચાડી દીધી.

હુદૈબિયાની સંધિ (હિ. ૬)એ દેશની અંદરની અથડામણોથી મુક્તિ આપીને હુઝૂર ﷺ માટે એ તક ઉપલબ્ધ કરી કે આરબ પ્રદેશથી બહાર પણ કામની શરૂઆત કરી દેવામાં આવે. 'ઉમરતુલ-કઝા' અદા કર્યા પછી તરત જ, અર્થાત્ એક મુહર્રમ, હિ.૭ના દિવસે હુઝૂર ﷺ એ આસપાસના રાજ્યોના સત્તાધીશોને ઇસ્લામી વ્યવસ્થાનો સંદેશ વિશેષ દૂતો દ્વારા મોકલાવ્યો. એ વાત આજના યુગમાં વિચાર-યોગ્ય લાગે છે કે હુઝૂર ﷺ એ બીજા દેશોની પ્રજા સુધી કલ્મએ-હક્ક (સત્ય વાત) પહોંચાડવાને બદલે છેવટે શાહી દરબારોને શા માટે સંબોધિત કર્યા. આનું કારણ તદ્દન સ્પષ્ટ છે કે સામાન્ય પ્રજાના કોઈ નાગરિક હક્કો એ વખતના બાદશાહોની તુલનામાં હતા નહીં અને તેમને એ મૌલિક સ્વતંત્રતા જ પ્રાપ્ત ન હતી, જેના વડે તેઓ પોતાના વિશે સ્વયં કોઈ નિર્ણય કરી શકે. વળી આ બાદશાહતો એ બાબતની તક આપવા માટે જરા પણ તૈયાર ન હતી કે બીજા દેશોના અજનબી લોકો આવીને તેમની પ્રજાથી મેળ-મેળાપ કરે અને તેમને તત્કાલીન ધર્મથી ભટકાવે. તેમની રાજકીય સત્તાઓ પ્રચલિત ધર્મોના જોરે જ ચાલી રહી હતી અને તેઓ ધાર્મિક આગેવાન વર્ગોનો સહયોગ પ્રાપ્ત કરીને રાજ કરી રહ્યા હતા. વળી જ્યાં માત્ર ધર્મ-પરિવર્તનનો મામલો ન હોય, બલ્કે માનવીને અંદર-બહારથી સંપૂર્ણપણે બદલી નાખવાનો હોય, તેના માપદંડો અને મૂલ્યો, તેની રુચિ-અભિરુચિઓ અને ધોરણો જ મૂળથી બદલી નાખવાના હોય, અને જ્યાં સત્યનું આમંત્રણ સ્વીકારનારાઓમાં પ્રચલિત વ્યવસ્થા

વિરુદ્ધ વિદ્રોહી વલણ પેદા કરીને નવી વ્યવસ્થાની સ્થાપનાની ક્રાંતિકારી ભાવના ઉભારવાની હોય, ત્યાં કેવી રીતે સંભવ હતું કે બાદશાહતો પોતાની પ્રજામાં ઇસ્લામના સંદેશને ચુપચાપ પ્રસરવાનો અવસર આપતી. તત્કાલીન બાદશાહતો તો જાણે 'ખુદાવંદ' બની ગઈ હતી અને નીચે એક પાંદડું પણ તેની પરવાનગી વગર હાલી શકતું ન હતું. આ જ એ વાસ્તવિકતા છે, જેના કારણે ન માત્ર એ કે નબી અકરમ ﷺ એ ઇસ્લામના આમંત્રણનું સંબોધન સ્વયં સત્તાધીશોને કર્યું, બલ્કે પોતાના મુબારક પત્રમાં સ્પષ્ટતાથી તેમને આખી કોમના પ્રતિનિધિ ઠેરવીને પ્રજાના સારા-ખોટાની જવાબદારી તેમના પર નાખી. હુઝૂર ﷺ એ વિભિન્ન રાજાઓને 'અઝીમ્ અલ-રૂમ', 'અઝીમ અલ-ફારસ', 'અઝીમ અલ-કિબ્ત', અર્થાત્ ફલાણી કોમના વડા કહીને સંબોધન કર્યું. પછી કિસરા અને મકોકસને ચોખા શબ્દોમાં લખ્યું કે જો તમે આમંત્રણનો સ્વીકાર નથી કરતા, તો عليك اثم المجوس અને اثم اهل القبط, અર્થાત્ તમારા પર સમસ્ત મજૂસીઓ અને તમામ કિબ્તીઓના દુષ્કૃત્યોની આફત તૂટી પડશે.

રાજા-મહારાજાઓને પત્રો લખતી વખતે હુઝૂર ﷺ એ એક તરફ પ્રચલિત શિષ્ટાચારનું ધ્યાન રાખ્યું, અર્થાત્ ખાસ કરીને સિક્કો મારવા માટે વીંટી બનાવડાંવી અને તેમાં محمد رسول الله ના શબ્દો અંકિત કરાવ્યા. બીજી તરફ પોતાની એક ખાસ શૈલી અને ઢબ પેદા કરી. દરેક પત્રનો આરંભ રહમાન (પરમ્ કૃપાળુ) અને રહીમ (પરમ્ દયાળુ) અલ્લાહના નામથી કર્યો. પછી મોકલનારની હેસિયતથી પોતાનું મુબારક નામ લખાવ્યું. પછી જેને પત્ર લખ્યો હોય તેનું નામ, પછી ઓછામાં ઓછા અને ખૂબ જ કાળજીથી અને પસંદ કરલ યોગ્ય શબ્દોમાં હેતુ વર્ણવ્યો. એ યુગને ધ્યાનમાં રાખીને જે રાજદ્વારી ભાષા આપ ﷺ એ પત્ર માટે અપનાવી છે, તે હુઝૂર ﷺ ની બૌદ્ધિક શ્રેષ્ઠતાને આપણા સામે સ્પષ્ટ કરીને આજે પણ આશ્ચર્યમાં નાખી દેનારી છે; જેમ કે એ પત્રોમાં પૂર્ણ સંક્ષિપ્તતા દર્શાવતા આ શબ્દો આપ ﷺ એ લખાવ્યા - أَسْلِمْ تَسْلَمْ — 'ઇસ્લામ અપનાવો, સલામતી પામશો.' ભાષા-સૌંદર્યનું કૌશલ્ય એ છે કે તેનો એક અર્થ આ પણ છે અને બીજો એ પણ છે કે આજ્ઞાપાલન કરો તો સલામત રહેશો. પોતે 'સલામત રહેશો'નો એક અર્થ એ છે કે આ જ સલામતીનો માર્ગ છે અને બીજા અર્થમાં સ્પષ્ટરૂપે રાજકીય ધમકી છે, અર્થાત્ જો નહીં માનો તો પછી ખેર નથી ! માત્ર બે શબ્દો છે અને તેના અર્થમાં વ્યાપકતા જુઓ ! એ જ રીતે فعليك اثم المجوس ના વાક્યોમાં શબ્દ اثم اهل القبط ના બે અર્થ છે : ધાર્મિક પણ અને રાજકીય પણ. એક એ કે તમારા પર કોમની આફત અલ્લાહના ત્યાં હશે અથવા આખિરતમાં હશે, બીજો અર્થ એ છે કે રાજકીય હેસિયતથી તમને તમારા અંતિમ અંજામને ભોગવવો પડશે. આ દ્વિઅર્થી શબ્દ-પ્રયોગથી હુઝૂર ﷺ નો હેતુ કદાપિ એ

નહોતો કે વાત અસ્પષ્ટ રહે અને (નઊઝુબિલ્લાહ) કોઈ છેતરપિંડી કરવામાં આવે, બલ્કે બંને વાક્યો કે શબ્દોથી એકી સાથે પ્રત્યેક બે અર્થ સામે રાખવા અપેક્ષિત હતા: આ ભાષા-સૌંદર્ય અને અલંકારિતાનું કૌશલ્ય છે કે ઓછામાં ઓછા શબ્દોથી વ્યાપક અર્થ મેળવી શકાય. આ ઉપરાંત, દરેક સત્તાધીશને સંબોધન કરતી વખતે તેના ધર્મ અને તેની વિશેષ પરિસ્થિતિને નજર સામે રાખીને જુદા-જુદા લખાણથી કામ લીધું; એવું નહીં કે એક જ સરખું લખાણ લખી લેવામાં આવ્યું હોય. પછી આપ ﷺ એ દરેક સત્તાધીશ તરફ તેની કોમી ભાષા જાણનાર દૂતને નિયુક્ત કરીને રવાના કરવામાં આવ્યો.[1]

ઇસ્લામના આમંત્રણ ઉપરાંત આ પત્રો મોકલવાનો એક મોટો હેતુ એ પણ હતો કે આસપાસના શાસકોને એ હકીકતની બરાબર જાણ થઈ જાય કે હવે આરબ પ્રદેશ પહેલાની જેમ કોઈ ખુલ્લું ગોચર નથી, બલ્કે તે એક વિધિસરના રાજ્ય-વ્યવસ્થાને આધીન છે. એક કાર્યરત શક્તિ છે જે દરેક રીતે સાવધાન અને મજબૂત છે. તે કોઈ જૂની સલ્તનતથી દબવાવાળું નથી, બલ્કે પડકાર કરી રહ્યું છે અને પકડાર કરવાની તેનામાં શક્તિ છે.

હવે અમે સંક્ષિપ્તમાં અહેવાલ દર્શાવીએ છીએ કે કઈ રીતે એક-એક શાસક સુધી ઇસ્લામના આમંત્રણનો પત્ર પહોંચાડવામાં આવ્યો, અને પરિણામ શું આવ્યું.

(૧) હબ્શાના બાદશાહ અસમ (અથવા અસ્હમા) બિન અબ્જર નજ્જાશીના દરબારમાં અમ્ર બિન ઉમૈયા ઝમરી رضي الله عنه ના હાથે હુઝૂર ﷺ એ એક આમંત્રણ-પત્ર મોકલ્યો. આ પત્રમાં હબ્શાના મુહાજિરોને પત્રથી પહેલા હબ્શા રવાના કરવાનો સંદર્ભ પણ છે, વિશેષરૂપે હઝરત જા'ફર તૈયાર رضي الله عنه નો ઉલ્લેખ છે અને તેમને સારી રીતે રાખવાની તાકીદ પણ કરવામાં આવી છે. પછી ઇસ્લામનું આમંત્રણ બાદશાહને પણ આપવામાં આવ્યું છે અને તેના મારફતે સલ્તનતના હોદ્દેદારો (જુનુદક)ને પણ.

નજ્જાશી પહેલાથી જ ઇસ્લામથી પ્રભાવિત હતો. હઝરત જાફર رضي الله عنه ના હાથ પર જાહેરમાં ઇસ્લામની બૈત કરી અને તેની જાણકારી એક વિસ્તૃત પત્ર દ્વારા હુઝૂર ﷺ ને મોકલાવી. પોતાના પુત્ર અર્હાને એલચી બનાવીને મોકલ્યો. એ પ્રસ્તાવ પણ મૂક્યો કે જો આદેશ હોય તો હું પોતે આપ સમક્ષ હાજર થઈ જઈશ.[2]

(૨) બહરૈનના વિસ્તારનો રાજા મુન્ઝિર બિન સાવી હતો અને તે ઈરાનના શહેનશાહને ખંડણી આપતો હતો. અલાઅ ઇબ્ને હઝરમી رضي الله عنه ના હાથે હુઝૂર ﷺ

---

૧. વેપારી પ્રવાસોમાં હંમેશા અવર-જવર કરવાને કારણે આસપાસના વિસ્તારોની બોલીઓના જાણકાર સહાબીઓ મોજૂદ હતા. કેટલાકને હુઝૂર ﷺ એ ખાસ આદેશથી કોઈ ભાષા શીખવા માટે નિયુક્ત પણ કર્યા.

૨. સંભાવના એ છે કે આ એ પહેલો નજ્જાશી નથી, જેના સામે મુહાજિરોનો મામલો રજૂ થયો હતો અને તે મુસલમાન થયો, અને તેની 'ગાઇબાના નમાઝે જનાઝા' નબી ﷺ એ પઢી. આ 'અસમ' તેના પછી રાજગાદી પર બેસ્યો. જે હોય તે, આમાં મતભેદ છે.

એ આમંત્રણ-પત્ર મોકલાવ્યો. મુન્ઝિરે ઇસ્લામના પ્રકાશનો સ્વીકાર કર્યો અને તેની પ્રજામાંથી પણ મોટી સંખ્યાએ ઇસ્લામ સ્વીકારી લીધો. તેણે પણ પ્રત્યુત્તરમાં પોતાના ઇસ્લામ-સ્વીકારની રજૂઆત કરી અને પ્રજા વિશે બતાવ્યું કે કેટલાક લોકોના હૃદય ઇસ્લામ માટે ખુલી ગયા છે, પરંતુ અમુક વિરોધી છે તેમજ યહૂદી અને ખ્રિસ્તી રહેવા માગે છે. મદીનાથી ફરી ફરમાન ગયું કે જે લોકો યહૂદી અને ખ્રિસ્તી રહેવા માગે તેમના પર ટેક્ષ લાગુ થશે અને તેઓ પોતાના ધર્મ પર યથાવત રહી શકે છે.

(૩) જલન્દીના બે પુત્રો હતા જૈફર અને અબ્દ, જેમનું રાજ અમ્માનમાં હતું. હઝરત અમ્ર બિન આસ ﷺ ના હાથે આમંત્રણ-પત્ર મોકલવામાં આવ્યો. હઝરત અમ્ર બિન આસ ﷺ પહેલા નાના ભાઈ અબ્દને મળ્યા, તો તેણે ખૂબ લાંબી વાતચીત કરી અને તેમના પાસેથી સારી એવી જાણકારી મેળવી કે નજ્જાશી મુસલમાન થઈ ગયો છે અને પછી તેની કોમે તેને બાદશાહત પર યથાવત રાખ્યો છે. બિશપ-પાદરીઓ પણ અવરોધ ઊભો કરી ન શક્યા, અને રોમના હિરકલને પણ આ ઘટનાની જાણ થઈ ગયા છતાં કોઈ કાર્યવાહી ન કરી, બલ્કે નજ્જાશીએ ઇસ્લામ સ્વીકાર્યા પછી હિરકલને ખંડણી આપવાનું પણ બંધ કરી દીધું છે. પછી હઝરત અમ્ર બિન આસ ﷺ થી તેમણે નબી અકરમ ﷺ ની ખાસ-ખાસ શિક્ષાઓ પૂછી. આ વાતચીતથી તેનામાં એક આતુરતા ઊભી થઈ ગઈ અને તેણે ઉત્કંઠાથી કહ્યું કે કાશ, મારો મોટો ભાઈ પણ માની જાય અને અમે બંને મદીના જઈને ઇસ્લામમાં દાખલ થઈએ. પછી દરબાર ભરવામાં આવ્યો અને બંને ભાઈઓની હાજરીમાં મદીનાના એલચીએ મહોરવાળો પત્ર રજૂ કર્યો. બંને ભાઈઓએ વાંચ્યો, પછી અમુક પ્રશ્નો કર્યા, જેના જવાબમાં હઝરત અમ્ર બિન આસ ﷺ એ બતાવ્યું કે કુરૈશે નછુટકે નબી અકરમ ﷺ નું આજ્ઞાપાલન સ્વીકારી લીધું છે અને હુઝૂર ﷺ નો સમુદાય એવા લોકો પર આધારિત છે, જેમણે વિચાર-વિમર્શ અને સભાનતા-સમજદારીની સાથે નબી અકરમ ﷺ ના આમંત્રણનો સ્વીકાર કર્યો છે, અને પછી સર્વસ્વ ત્યજીને હુઝૂર ﷺ પાસે એકઠા થયા છે. પછી એક-બે દિવસ સુધી જૈફર બાદશાહ દ્વિધામાં રહ્યો. છેવટે આ બંને ભાઈઓ ઇસ્લામની દયાની છત્રછાયામાં દાખલ થયા અને તેમના સાથે પ્રજાનો મોટો ભાગ પણ સચ્ચાઈના પ્રકાશથી ભાગ્યશાળી બન્યો.

(૪) મુન્ઝિર બિન હારિસ બિન અબૂ સમર દમાસ્કસનો હાકેમ હતો. શુજાઅ બિન અલ-વહબ અલ-અસદી ﷺ ઇસ્લામી રાજ્યના દૂત બનીને તેના ત્યાં પહોંચ્યા. પહેલા તો મુબારક પત્રને જોઈને તે રોષે ભરાયો. પરંતુ પછી સંતુલન કેળવ્યું. હેતુપૂર્વક મદીનાના દૂતને માનથી વિદાય કર્યો. અલબત્ત, ઇસ્લામ ન સ્વીકાર્યો.

(૫) હૌઝહ બિન અલી યમામાનો હાકેમ હતો અને ખ્રિસ્તી ધર્મ પાળતો

હતો. મદીનાથી સુલૈત બિન અમ્ર ﷺ ઇસ્લામના આમંત્રણનો પત્ર લઈને ગયા. તેણે પણ હુઝૂર ﷺ ના કામને દુન્યવી રાજકારણ સમજ્યું અને સોદો કરવા માટે શરત મૂકી કે ઇસ્લામી રાજ્યમાં અડધો ભાગ મારો હોય — પાછળથી થોડા દિવસોમાં જ તેના જીવનના દિવસો પૂરા થઈ ગયા. હુઝૂર ﷺ સુધી વાત પહોંચી તો ફરમાવ્યું કે તે એક આંગળી બરાબર કે એક ખજૂર જેટલી જમીન પણ માંગે તો હું નથી આપી શકતો. ઇસ્લામી વ્યવસ્થા જે ધરતી પર સ્થાપિત થાય છે તેનું કણ-કણ એક પવિત્ર અમાનત હોય છે.

(૬) જરીહ બિન મતી મકોકસ સ્કંદરિયા (એલેકઝાન્ડ્રિયા) અને મિસર (ઇજિપ્ત)નો રાજા હતો, અને ધર્મે ખ્રિસ્તી. હાતિમ બિન અબી બલતઆ ﷺ ને હુઝૂર ﷺ એ તેના દરબારમાં રવાના કર્યા. તેમણે પત્ર પહોંચાડ્યા પછી વાતચીત પણ કરી અને એવી નિર્ભયતાથી કરી કે જેનાથી અનુમાન થાય છે કે કેવી દૃઢ મનોબળ ધરાવતી અને ચરિત્રવાન હસ્તીઓ હુઝૂર ﷺ એ ઇસ્લામના બીબામાં ઢાળીને પેદા કરી હતી ! હાતિમે મકોકસને સચેત કરતાં કહ્યું કે આ ધરતીમાં પહેલાં પણ એક વ્યક્તિ થયો છે, જે انا ربكم الاعلى (હું જ મોટો રબ છું)નો નારો લગાવતો હતો. છેવટે અલ્લાહના પ્રકોપનો ભોગ બન્યો. તેથી અનિવાર્ય છે કે તમે લોકો બીજાઓથી બોધપાઠ લો. એવું ન થાય કે બીજા લોકો તમારાથી બોધપાઠ લે. પછી ખ્રિસ્તી ધર્મની સરખામણીએ દલીલો આપીને ઇસ્લામની શ્રેષ્ઠતા સ્પષ્ટ કરી. પછી એ પણ કહ્યું કે અમે તમને-સૌને હઝરત ઈસા મસીહે જ પ્રસ્તુત કરેલ સાચા ધર્મ તરફ બોલાવી રહ્યા છીએ — અર્થાત્ આ કોઈ નવો માર્ગ નથી. મકોકસ ઇસ્લામ સ્વીકારવા માટે તો તૈયાર ન થયો, પરંતુ તેણે નબી ﷺ ના પત્રનો ખૂબ આદર કર્યો. તેને હાથી-દાંતના ડબ્બામાં મૂકીને ખજાનામાં સુરક્ષિત કરી દીધો. હુઝૂર ﷺ માટે ભેટ-સોગાદો મોકલાવી, જેમાં 'દલદલ' નામનું પ્રખ્યાત ખચ્ચર પણ હતું. પત્રના જવાબમાં એ પણ લખ્યું કે મને ખબર છે કે અંતિમ યુગના નબીનું આગમન બાકી છે. પરંતુ મારું માનવું એ છે કે તે શામ (સીરિયા) દેશમાં પ્રગટ થશે.

(૭) હિરકલ કે કૈસર રોમન સલ્તનતના પૂર્વીય ભાગનો રાજા હતો અને કુસ્તુનતુનિયા (કોન્સ્ટનટિનોપોલ) તેની રાજધાની હતી. વહ્યા બિન ખલીફા કલ્બી ﷺ ને હુઝૂર ﷺ એ પત્ર-મુબારક આપીને તેના દરબારમાં મોકલ્યા. વહ્યા ﷺ બૈતુલ-મુકદ્દસ જઈને તેનાથી મળ્યા. મદીનાના દૂતના માનમાં હિરકલે મોટાં દરબારનું આયોજન કર્યું અને નબી અકરમ ﷺ વિશે ઘણી વિગતો પૂછી. પછી પૂછાવ્યું કે જો મક્કાનો બીજો કોઈ માણસ આ વિસ્તારમાં વસતો હોય તો તેને બોલાવવામાં આવે.

સંયોગથી હુઝૂર ﷺ ના વિરોધી મોરચાનો નેતા અબૂ સુફિયાન એ જ દિવસોમાં વેપારના સંદર્ભમાં શામ (સીરિયા)માં આવ્યો હતો. તેને તેના વેપારી સાથીઓ સહિત દરબારમાં લાવવામાં આવ્યો. હિરકલે એ લોકોને કહ્યું કે હું અબૂ સુફિયાનને અમુક પ્રશ્નો કરીશ. જો કોઈ વાત ખોટી હોય તો તમે લોકો બતાવી દેજો. અબૂ સુફિયાનનું પોતાનું કથન હતું કે જો મને ભય ન હોત કે સાથીઓ મારા જૂઠને જાહેર કરી દેશે, તો કદાચ હું આ પ્રસંગે થોડીક વાતો ઘડી લેતો. પરંતુ અલ્લાહે પરિસ્થિતિ એવી ઊભી કરી દીધી કે રસૂલુલ્લાહ ﷺ અને ઇસ્લામના દુશ્મનોના મોઢેથી પણ સાચું જ નીકળ્યું. પછી કૈસરે હુઝૂર ﷺ ના પરિવાર, વંશ, ચરિત્ર, હુઝૂર ﷺ ના આંદોલનના સાથીઓની પરિસ્થિતિ અને તેમની પ્રગતિની ગતિ, યુદ્ધોમાં મુસ્લિમ સમુદાયની સ્થિતિ અને ઇસ્લામની શિક્ષાઓ તેમજ બીજી અમુક વાતો પૂછી. બધી વાતો સાંભળીને કહ્યું કે, ''અબૂ સુફિયાન ! જો તમે સાચા જ જવાબો આપ્યા છે, તો તે વ્યક્તિ એક દિવસે આ જગ્યાનો માલિક હશે, જ્યાં હું બેસ્યો છું. કાશ ! હું એમની સેવામાં હાજર થઈ શકતો અને એ નબીના ચરણોને ધોયા કરતો.'' એ પછી આપનો પત્ર વાંચવામાં આવ્યો, જેના પર દરબારીઓ ખૂબ ઊંચા-નીચા થયા, કેમ કે હિરકલની માનસિક હાલતે તેમને સ્તબ્ધ કરી દીધા હતા. તેમણે મક્કાવાસીઓને જલ્દી-જલ્દી બહાર કાઢી મૂક્યા.

આ વાર્તાલાપે સ્વયં અબૂ સુફિયાનના હૃદય પર ઇસ્લામની મહાનતાની છબી અંકિત કરી દીધી.

(૮) ઈરાનનો કિસરા ખુસરૂ પરવેઝ ખૂબ મોટા સામ્રાજ્યનો રાજા હતો. આ જરથૂષ્ટ્ર ધર્મનો અનુયાયી હતો. હુઝૂર ﷺ એ અબ્દુલ્લાહ બિન રવાહા رضي الله عنه ને એલચી બનાવીને તેના તરફ આમંત્રણ-પત્ર મોકલાવ્યો.

ખુસરૂ કિસરાના જે સિંહાસન પર બેસ્યો હતો, તેના ઘમંડનો નશો તેની સમજને ભાગ્યે જ કામ કરવાની તક આપી શકતો હતો. ક્રોધમાં વિફરી ગયો અને નબી ﷺ ના પત્રને એમ કહીને ફાડી નાખ્યો કે અમારી પ્રજાનો એક માણસ આ હિંમત બતાવે છે ! દુર્ભાગીને બરાબર ખબર નહોતી કે આરબ પ્રદેશ કેટલા મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે અને કેવી ભારે વૈચારિક શક્તિ ઊભરી રહી છે. તેણે યમનના પોતાના ગવર્નર બાઝાનને નિયુક્ત કર્યો કે પત્ર લખનારને તરત જ પકડીને હાજર કરો. મૂર્ખ માણસે એક લશ્કરી ટુકડી આ કૂચ પર રવાના કરી. તે જ્યારે તાઈફ પહોંચ્યો તો ત્યાંના આગેવાનો ખૂબ ખુશ થયા કે હવે તેમની પ્રિય અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાના પ્રતિસ્પર્ધીનો (નઊઝુબિલ્લાહ) નાશ થઈ જશે. આ ટુકડી મદીના પહોંચી અને તેમના સરદારે હુઝૂર ﷺ સુધી આવવાનો હેતુ પહોંચાડ્યો.

હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે કાલે સવારે આવીને ફરી મળો. સવારે આ લોકો હાજર થયા, તો હુઝૂર ﷺ એ સમાચાર આપ્યા કે આજે રાત્રે અલ્લાહે તમારા બાદશાહના જીવનની મહેતલ પૂરી કરી નાખી છે અને તે પોતાના જ પુત્રના હાથે માર્યો ગયો છે. આ સમાચારની ખરાઈ થતાં અને માનવતાના ઉપકારક ﷺ ની શિક્ષાઓ અને ચરિત્રની જાણકારી લીધા પછી બાઝાન ઈસ્લામી ભાઈચારાની વ્યવસ્થામાં સામેલ થઈ ગયો અને તેના સાથે દરબારીઓ અને એ વિસ્તારના ઘણા લોકો પણ ઈમાન લઈ આવ્યા.

હુઝૂર ﷺ એ કિસરાના વર્તનનો અહેવાલ સાંભળીને ફરમાવ્યું - مزق ملكه, અર્થાત્ તેણે મારા પત્રને ફાડીને વાસ્તવમાં પોતાના સામ્રાજ્યના ટુકડે-ટુકડા કરી નાખ્યા છે. હુઝૂર ﷺ ના શબ્દોમાં અલ્લાહનો ચુકાદો બોલી રહ્યો હતો. દસ-પંદર વર્ષમાં જ ચાર-પાંચ હજાર વર્ષનું પ્રાચીન સામ્રાજ્ય — મજબૂત અને વિશાળ તેમજ ખૂબ ઠાઠમાઠ રાખવાવાળું સામ્રાજ્ય — ઈસ્લામના ચરણોમાં પડ્યું હતું, અને વાસ્તવમાં રાજકીય અંધાધૂંધીએ જ આ પરિણામ સુધી તેને પહોંચાડ્યું.

આ ઉપરાંત, જે બીજા નાના-નાના શાસકો સુધી આમંત્રણો મોકલવામાં આવ્યા, તેમાંથી એક તો ફર્વાહ બિન અમ્ર રોમન સામ્રાજ્યનો ગવર્નર હતો, જેણે ઈસ્લામ કબૂલ કરીને ન માત્ર હોદ્દો અને વૈભવને લાત મારી, બલ્કે પ્રાણ પણ અલ્લાહના દીનની સાક્ષી માટે ન્યોછાવર કરી દીધા. બીજો નજદનો શાસક સમામા હતો, જેણે હિ.૬માં ઈસ્લામનો સ્વીકાર કર્યો. ત્રીજો જબલા ગસ્સાનીએ હિ.૭માં ઈસ્લામનો સ્વીકાર કર્યો. ચોથો દૂમતુલ-જન્દલનો શાસક અકીદર પણ મુસલમાન થઈ ગયો. પાંચમો ઝુલકલાહ હમીરી, જે હમીર કબીલાનો બાદશાહ હતો અને પોતાને ખુદા કહેવડાવતો અને લોકોને સિજદા કરાવતો હતો, છેવટે એ પણ ઈસ્લામના વર્તુળમાં દાખલ થયો અને ફારૂકી કાળમાં બાદશાહત છોડીને વૈરાગી જીવન વિતાવવા માટે મદીના આવી ગયો. તેણે ઈસ્લામ લાવવાની ખુશીમાં અઢાર હજાર ગુલામોને સ્વતંત્ર કર્યા હતા.

ઉપરના પ્રસંગોથી સ્પષ્ટ થાય છે કે સત્યના આમંત્રણના આ કલમના મોરચાથી પણ ખૂબ મહત્ત્વના પરિણામો આવ્યા અને આ યુક્તિ ઈસ્લામના પ્રસારમાં ઘણી મદદગાર બની. સૌપ્રથમ એ થયું કે આસપાસના રાજ્યોમાં ઈસ્લામનો સંદેશ એક વિષય અને ચર્ચાની હેસિયતથી જઈ પહોંચ્યો, ભલે સીમિત ક્ષેત્રમાં જ, તેના પર વિચાર કરવામાં આવ્યો. પછી એ ઈસ્લામની સચ્ચાઈ અને તેના પ્રકૃતિ અનુસાર હોવાનો એક પુરાવો છે કે હોદ્દા અને સત્તા ધરાવનારાઓની નોંધપાત્ર સંખ્યા એવી પરિસ્થિતિમાં મુસલમાન થઈ, જ્યારે કે મુસ્લિમ સમુદાય સાંસ્કૃતિક રીતે ઘણો પાછળ

હતો. આ લોકોની સાથે તેમની અસર તળે સામાન્ય પ્રજામાં પણ ઇસ્લામનો માર્ગ અનુકૂળ થવા લાગ્યો. નબી ﷺ ના પત્રો વડે જે લોકોને સંબોધન કરવામાં આવ્યું હતું તેમાંથી જેઓ ઇસ્લામમાં ન આવી શક્યા, તેમના મનમાં પણ ખૂબ સારી અસરો ઉપજી. વળી, આ આંતરરાષ્ટ્રીય યુગના આરંભથી સ્વયં દેશની અંદર પણ વાતાવરણ અનુકૂળ થવામાં મદદ મળી. સૌથી મોટો ફાયદો આ અભિયાનનો એ થયો કે મુસ્લિમ સમુદાયની સામે એક વિશાળ કાર્ય-ક્ષેત્ર શરૂઆતમાં જ આવી ગયું અને તેને કોમી અને રાષ્ટ્રીય સ્તરે ખૂબ મોટું લક્ષ્ય આપવામાં આવ્યું. આનું પરિણામ એ આવ્યું કે આરબ પ્રદેશમાં ઇસ્લામી રાજ્યના છવાઈ ગયા છતાં એ લોકો ચેનથી બેસ્યા નહીં, એશ-આરામ અને મોજમજામાં ન પડ્યા, તેમનામાં એ સંતોષ પેદા ન થઈ ગયો કે કરવાનું જે કામ હતું તે પૂરું કરી નાખ્યું, કલ્મએ-હક્કથી તેમનો લગાવ ઓછો થવા ન પામ્યો, બલ્કે તેમની ઝંખનાની ચિનગારી પહેલાથી વધારે ચમકવા લાગી. ઉપરાંત, રાજદ્વારી મામલાઓમાં પોતાના સાથીઓને નાખીને હુઝૂર ﷺ એ તેમને આવનારી જવાબદારીઓ માટે સારું એવું પ્રશિક્ષણ આપી દીધું. તેઓ અજાણ્યા લોકોમાં ગયા, ઠાઠમાઠવાળી સભ્યતાના વર્તુળોમાં દાખલ થયા, આંજી નાખતા શાહી દરબારોમાં પહોંચ્યા, ભરેલી સભાઓમાં તેમને વાર્તાલાપ અને ચર્ચાનો અનુભવ થયો. તત્કાલીન શાસકો અને દરબારીઓની માનસિકતાને સમજવાની તક મળી અને વળી જે ઈમાન અને દૃઢતા, પોતાના પંથની શ્રેષ્ઠતાની સભાનતા, પોતાની સાદગી અને ગ્રામ્ય રંગઢંગની સાથે પોતાની ઇજ્જતના અહેસાસ અને સત્ય-વચનની અભિવ્યક્તિ માટે જે હિંમતનું પ્રદર્શન તેમણે કર્યું તેણે તેમની યોગ્યતાઓને ઓર વધારે ઉજાગર કરી દીધી અને તેનાથી તેમનું ચરિત્ર વધારે નિખરી ગયું. ઇસ્લામના આંતરરાષ્ટ્રીય આમંત્રણનું આ અભિયાન, જેનો હુઝૂર ﷺ એ આરંભ કર્યો હતો, તેની પરિપૂર્ણતાનું સૌભાગ્ય આપ ﷺ ના ઉત્તરાધિકારી સાથીઓ અને આપ ﷺ દ્વારા પ્રશિક્ષિત સમુદાયના ભાગે આવ્યું.

પ્રતિક્રિયાની છેલ્લી લહેર

કોઈ ક્રાંતિ સંઘર્ષના બધા તબક્કાઓને પાર કરીને અને જૂના નેતૃત્વોનું જોર તોડીને જ્યારે નિર્ણાયક સફળતાના યુગમાં પ્રવેશે છે, તો આ સફળતા પર ઈર્ષ્યાના માર્યા કેટલાક દુ:સાહસી લોકો અંદર-ને-અંદર ધૂંધવાતા રહે છે. પછી જ્યારે કોઈ તક મળે છે, ત્યારે આ લોકો અંતિમ દુ:સાહસથી કામ લઈને પરિવર્તનના ધસમસતા પૂરની સામે તણખલાઓથી બંધ બાંધવાની કોશિશ કરે છે. આવી જ પરિસ્થિતિ ઇસ્લામી ક્રાંતિની સામે ઊભી થઈ. કુરૈશ તેમજ યહૂદીઓ અને રણવાસી કબીલાઓના

સ્થાનિક નેતૃત્વોનું જોર જ્યારે તૂટી ગયું અને સામાન્ય લોકો ઇસ્લામ તરફ વધવા લાગ્યા અને ઇસ્લામ લોકોમાં પ્રભાવ ઊભો કરવા લાગ્યો, તો વિરોધની એક અંતિમ પ્રતિક્રિયાત્મક લહેર તદ્દન એક નવા સ્વરૂપમાં ઉઠી. કેટલાક લોકોએ એમ વિચાર્યું કે એક વ્યક્તિ ઉઠ્યો અને તેણે નુબૂવ્વત (પયગંબરી)નો દાવો કર્યો, કેટલાક લોકોને પોતાની સાથે લીધા, સંઘર્ષ કર્યો અને તે આખા આરબ પ્રદેશનો સત્તાધીશ બની બેસ્યો છે, તો શા માટે આપણે પણ આ જ સિક્કો ચલાવીને ન જોઈએ ! વિશેષરૂપે જ્યારે આ લોકો સદકા, ઝકાતના અઢળક માલને મદીના જતા જોતાં હશે, તો તેમના મોઢામાં પાણી આવી જતું હશે ! તેમના સામે એવા તત્ત્વો પણ હતા, જેઓ નછુટકે વ્યવસ્થાના અનુપાલક બની ગયા હતા, પણ તેમના હૃદયોમાં વિરોધી લાવા હજુ ઉકળી રહ્યો હતો. તેમને સમેટીને તેમણે બાજી ખેલવાની ઇચ્છા કરી. તેઓ એ વાત સારી રીતે સમજતા હતા કે હવે અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓ અને શિર્કયુક્ત કે મૂર્તિપૂજાવાળી વિચારધારાઓના બળે તો કોઈ કામ કરી શકાય એમ નથી, કેમ કે વાતાવરણમાં અલ્લાહ તઆલાની તૌહીદ (એક અલ્લાહ) અને વહી (દિવ્ય પ્રકાશના), નુબૂવ્વત (પયગંબરી) અને આખિરત (પરલોક)ની આસ્થાઓ સંપૂર્ણપણે છવાઈ ગઈ છે. તેમણે પોતાની દુકાનોમાં એ જ લેબલોની સાથે વસ્તુઓ મૂકીને લોકોને લલચાવવા અને ભટકાવવાની કોશિશ કરી. પરંતુ આ મૂર્ખ લોકો જાણતા નહોતા કે સિક્કો ચલાવવા માટે માત્ર એક નકલી છબી પર્યાપ્ત નથી હોતી, તેના માટે ખરી ધાતુની પણ જરૂર હોય છે, અને ઇસ્લામના સિક્કામાં જે ધાતુનો ઉપયોગ થયો હતો, તે મૂળભૂત રીતે પણ સર્વોત્તમ હતી (خيارکم فی الاسلام، خيارکم فی الجاهليه) અને વળી તેને દસ-વીસ વર્ષ સુધી ભઠ્ઠીઓમાંથી અને ધાતુ ગાળવાની કુલડીઓમાંથી પસાર કરવામાં આવી હતી. પરંતુ હવસના બંદાઓની નજરો ક્યારેય ઊંડે સુધી જતી નથી, તે પોતાની પસંદના હિતોને જુએ છે, અને આ કિંમતમાં જે બલિદાનો આપવા પડતા હોય છે તેના પર ક્યારેય ધ્યાન આપતા નથી. ટૂંકમાં, ઇતિહાસમાં જે થતું આવ્યું છે કે દરેક મહાન વ્યક્તિનો ચહેરો ચઢાવવા માટે અમુક વિકૃત સ્વભાવના લોકો પ્રગટ થઈ જતા હોય છે અને પ્રત્યેક પ્રગતિશીલ આંદોલનોના આકાશમાં ફેલાયેલ ધ્વજની સામે કેટલાક નીચ તત્ત્વો ચીંથરાઓના ઝંડાઓ બનાવીને ઊભા થઈ જાય છે, તદ્દન આવો જ અનુભવ આરબ પ્રદેશમાં પણ થયો. આવા દુષ્ટ લોકોનો ઉલ્લેખ સંક્ષિપ્તમાં કરવો જરૂરી છે.

(૧) અમે અગાઉ ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે એક પ્રતિનિધિ-મંડળની સાથે મુસૈલમા બિન હબીબ (જે કઝ્ઝાબ, અર્થાત્ જૂઠો કહેવાય છે) મદીના આવ્યો હતો. ઇસ્લામના કેન્દ્રની ધમાધમી જોઈને તેની સત્તાની હવસમાં ઉભરો આવી ગયો હશે.

તેણે હુઝૂર ﷺ ની સેવામાં એક પત્ર લખ્યો, જેમાં એ જ સત્તામાં ભાગીદારીનો મામલો ઉઠાવ્યો અને ધમકી પણ આપી. હુઝૂર ﷺ એ સખ્તાઈથી તેને રદ કરી નાખ્યો. રોષે ભરાઈને તેણે નુબૂવ્વત (પયગંબરી)નો ઝંડો ઊંચો કરી દીધો. સાહિત્યકાર તો હતો જ, કુર્આને-પાકની આયતોની શૈલીને સામે રાખીને અનુપ્રાસવાળા માર્મિક વાક્યો ઘડી-ઘડીને રણવાસી લોકોને સંભળાવતો અને કેટલાક લોકો હજુ સુધી અજ્ઞાનતાથી માનસિક સંબંધ રાખતા હતા અને તેમની શિક્ષા-દીક્ષા ઇસ્લામી વ્યવસ્થા અનુસાર થઈ શકી નહોતી, વધુમાં પ્રાદેશિક અને કબીલાનો પક્ષપાત પણ હજુ બાકી હતો, તેથી તેને થોડા-ઘણા અનુયાયીઓ પણ મળી ગયા. વળી તેની 'વહી'એ નમાઝ માફ કરી દીધી અને તેની શરીઅતે વ્યભિચાર અને જુગારને વૈધ કરી દીધા હતા. તેથી સમગ્ર બગડેલ અને ઉપદ્રવી સ્વભાવના તત્ત્વો તેના આસપાસ એકઠા થઈ ગયા. વિચારો કે આ શક્તિ હતી, જેને ઇસ્લામી આંદોલનની સામે લાવવામાં આવી રહી હતી. હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه ના ખિલાફતકાળમાં તેનો અંત આવ્યો.

(૨) એક મહિલા મુસૈલમાના વિસ્તારના પાડોસમાંથી ઊભી થઈ, જેનું નામ સજ્જાહ હતું. તેણે પણ મહિલા-નબીનો સૌપ્રથમ ઝંડો ઊંચો કર્યો. મુસૈલમાએ તેનાથી મુલાકાત કરી અને વિચાર-વિમર્શ માટે એકાંતમાં વાતચીત કરવાનું નક્કી થયું. મુસૈલમાએ શૈતાની વહીના એવા અશ્લીલ લખાણો રજૂ કર્યા કે સજ્જાહ વાસનાના પ્રવાહમાં વહી ગઈ અને તેનું અસ્તિત્વ મુસૈલમામાં વિલિન થઈ ગયું.પાછળથી મુસૈલમા માર્યો ગયો, તો તે તૌબા કરીને છેલ્લા શ્વાસ સુધી ઇસ્લામ પર કાયમ રહી.

(૩) હજ્જતુલ-વિદાઅ પછી યમનના ફળદ્રુપ અને રાજકીય મહત્ત્વ ધરાવતા વિસ્તારમાં અસ્વદે અન્સીએ નુબૂવ્વતના દાવામાં બળવાનો ઝંડો ઊંચો કર્યો. તેનું મૂળ નામ ઝૂલખિમાર અબ્લહા બિન કઅબ હતું. મઝહજ કબીલામાંથી તેને અનુયાયીઓ મળ્યા, અને નજરાનમાં પણ તેનો પ્રભાવ ફેલાયો. તેની અસરનું મોટું કારણ તેના જાદૂ-મંત્ર વગેરેનું ચલણ હતું. ઇસ્લામી રાજ્યના કેટલાક વહીવટી અધિકારીઓ અને શિક્ષકોને તેણે મરાવી નંખાવ્યા અને કેટલાકને પોતાના વિસ્તારમાંથી કાઢી મૂક્યા. હુઝૂર ﷺ એ આસપાસના અધિકારીઓને શક્તિ એકત્ર કરીને આ વિદ્રોહને ડામવાનું ફરમાન જારી કર્યું. આ જૂઠા દાવેદારે એક ઈરાની વંશના મુસલમાનને મારી નાખીને તેની સુંદર પત્નીને બળજબરીથી ઘરમાં નાખી દીધી હતી. આ મહિલા પોતાના ઈમાનમાં દૃઢ હતી અને તેની મદદથી ઇસ્લામી રાજ્ય અસ્વદ પર કાબૂ મળવવામાં સફળ રહ્યું. હુઝૂર ﷺ ના આખિરતના સફરના એક-બે દિવસ પહેલા આ ઉપદ્રવી માર્યો ગયો અને પછી તેની સેનાપતિ વગરની

સેનાને સરળતાથી સમાપ્ત કરી નાખવામાં આવી. પરંતુ તેણે ફેલાવેલ ઉપદ્રવની અસરો હઝરમૌતથી તાઈફ સુધી ફેલાઈ અને તેનું નિવારણ પણ હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ ના ખિલાફતકાળમાં થયું.

(૪) આ ઘટનાઓને જોઈને તલીહા બિન ખુવૈલિદ અસદીના મોઢામાં પાણી આવી ગયું. તેણે પણ જૂઠી નુબૂવ્વતના જોરે બાજી જીતી લેવાનું વિચાર્યું. પોતાના કબીલાના બનૂ ગતફાનમાંથી તેને અનુયાયીઓ મળ્યા. તેણે હુઝૂર ﷺ ને પત્ર લખીને સત્તામાં ભાગીદારી માંગી હતી. તેના ઉપદ્રવનો નાશ પણ હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ ના ખિલાફતકાળમાં થયો.

(૫) અમ્માનના લકીત બિન માલિક અઝદીને જ્યારે હૌઝહ બિન અલીનું ઉત્તરાધિકારી પદ મળ્યું, તો તેના મગજમાં પણ કીડો સળવળ્યો.

હકીકતમાં આ જુદા-જુદા વ્યક્તિઓ અલગ-અલગ વિસ્તારોમાં એટલા માટે ઉઠ્યા કે તેમને પોતાના આસપાસ અજ્ઞાનતા-પ્રિય લોકો, નિફાકરૂપે ઇસ્લામનો સ્વીકાર કરનારાઓ, જૂના ગુનાઈત તત્ત્વો, વ્યભિચાર-દારૂ-જુગાર અને વ્યાજ-ખોરીના આશિકો, એક કેન્દ્રીય અનુપાલનની સરખામણીએ પોતાના કબીલાની સર્વોચ્ચતા ઇચ્છતા લોકો, ઉપરાંત ઝકાત આપતાં અને ઝકાતનો માલ-સામાન મદીના જતાં જોઈને અંદર-ને-અંદર ધૂંધવાતા લોકો, પછી પોતાની નાની-નાની સરદારીઓનું માતમ કરનારાઓની નોંધપાત્ર સંખ્યા જોવામાં આવતી હતી. આ સંખ્યાને આ લોકોએ સક્રિય કરી અને તેમના વડે અજ્ઞાનતાની મૃત થતી જતી શક્તિએ એક અંતિમ આશરો મેળવ્યો.

પરંતુ હુઝૂર ﷺ એ તૈયાર કરેલ નેતૃત્વએ પરિસ્થિતિ ભયાનક સંગીન હોવા છતાં ખૂબ મજબૂત હાથોથી આ ઉપદ્રવોનું માથું કચડી નાખ્યું અને આરબ પ્રદેશના એક-એક વ્યક્તિને શિસ્ત અને અનુશાસનમાં બાંધી દીધા.

ઇસ્લામી આંદોલનનું વિરાટ સંમેલન

હજ્જ ઇસ્લામની એક મહત્ત્વપૂર્ણ પાયાની ઇબાદત છે. હરમે-પાક, જે ઇબ્રાહીમી સંદેશનું કેન્દ્ર હતું અને જેના કણ-કણમાં દીનના ઇતિહાસની કીમતી નિશાનીઓ અંકીત છે, જેના વાતાવરણમાં હઝરત ઇબ્રાહીમ અને હઝરત ઇસ્માઈલ ﷺ ની દુઆઓ વસેલી છે, અને વળી જેના સમગ્ર માહોલમાં સ્વયં માનવતાના ઉપકારક ﷺ ની જીવન-સિદ્ધિઓના પ્રકરણો વિખેરાયેલા છે, તેને હંમેશ માટે ઇસ્લામી આમંત્રણ અને આંદોલનનું વૈશ્વિક કેન્દ્ર અને કિબ્લા ઠેરવવામાં આવ્યું. પ્રત્યેક એ મુસલમાન જેને અલ્લાહે સદ્પ્રેરણા આપી છે, તેના માટે જીવનમાં ઓછામાં ઓછું

એક વાર આ કેન્દ્ર પર હજ્જના નિયત સમયમાં હાજરી આપવી, શઆઈર (ધાર્મિક પ્રતીકો) અને મનાસિક (ધાર્મિક વિધિઓ) અદા કરવા, પયગંબર હઝરત ઇબ્રાહીમ ﷺ ની કુરબાનીની રીતને તાજી કરવી, પયગંબરોના ઇતિહાસના ચિહ્નો અને બરકતોથી ભાગ્યશાળી બનવું, દુનિયાભરમાંથી આવનાર સત્ય-વિચારધારાના ધ્વજવાહકો અને ઇસ્લામી ભાઈચારાની વ્યવસ્થાના સાથીઓથી સંપર્ક કરવો, અને દરેક બાજુથી મોઢું ફેરવીને પૂર્ણ આજીજીની સાથે પોતાને અલ્લાહને સમર્પિત કરી દેવું ફર્ઝ (અનિવાર્ય) છે. હજ્જની અનિવાર્યતાનો આ હુકમ હિ.૯માં અવતરિત થયો.

હુઝૂર ﷺ એ આ જ વર્ષે હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه ને હજ્જના અમીર બનાવીને ત્રણસો સાથીઓની સાથે મક્કા રવાના કર્યા કે તેઓ તેમને પોતાની આગેવાનીમાં હજ્જ અદા કરાવે. વાત નીકળી છે ત્યારે આ હજ્જ વિશે કેટલીક મહત્ત્વની વાતો નોંધવામાં આવે છે, કેમ કે દીની અને રાજકીય બંને રીતે આનું ખૂબ મહત્ત્વ ઇસ્લામી આંદોલનના ઇતિહાસમાં છે.

હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه ની ઇમારત (નેતૃત્વ)ની સાથે હઝરત અલી رضي الله عنه ને એક અન્ય જવાબદારી સોંપી કે તેઓ સૂરઃ બરા'ત (તૌબાની પહેલી ૪૦ આયતો) હજ્જના સંમેલનમાં સંભળાવે અને અલ્લાહના હુકમ અનુસાર જરૂરી જાહેરાતો લોકો સુધી પહોંચાડી દે. એલાન કરવાની બાબતો આ પ્રમાણે હતી : એક તો પૂર્વ અજ્ઞાનતાયુક્ત શિર્ક પર કાયમ રહીને જે લોકોએ હુઝૂર ﷺ કે ઇસ્લામી રાજ્ય સાથે સુલેહ-સંધિઓ કરીને પોતાના હિતોને સુરક્ષિત કરી રાખ્યા હતા, તેમના સામે એલાન કરી દેવામાં આવ્યું કે ચાર મહિનાની મહેતલ છે, તે પછી તમામ એવી સંધિઓ-કરારો અલ્લાહના હુકમ અનુસાર રદ થઈ જશે. આ દરમ્યાન તેમાં તેઓ પોતાના માટે કાર્ય-પદ્ધતિ સ્વયં નક્કી કરે લે કે કાં તો તેમણે આ રાજ્યનું નાગરિકત્વ છોડી દેવાનું છે, અથવા યુદ્ધ કરવાનું છે, અથવા તો પછી ઇસ્લામી રાજ્યમાં મુસલમાનની હેસિયતથી રહેવાનું છે. અર્થાત્ હવે રાજ્યની અંદર રાજ્યની કોઈ તક નહોતી અને ઇસ્લામી રાજ્ય પોતાની સીમાઓમાં સાર્વભૌમત્વના ટાપુઓ કાયમ રાખીને પોતાના તકાદાઓ પૂરા કરી શકતું નહોતું. આવી સંધિઓ અને કરારોને સમાપ્ત કરતી વખતે પણ સાર્વજનિક જાહેરાત કરવું જરૂરી લાગ્યું, અને પછી ચાર મહિનાની પર્યાપ્ત મહેતલ બીજા પક્ષકારોને આપવામાં આવી. એ છૂટ પણ આપવામાં આવી કે જો કોઈ મુશ્રિક આ મુદ્દતમાં મદીના આવીને ઇસ્લામને સમજવા માગે, તો તેને સુરક્ષિત આવવા-જવાની તક હશે. વળી, મુશ્રિકોમાંથી પણ એ લોકોને અલગથી છૂટ આપવામાં આવી, જેમણે પ્રમાણિકતાથી વચનનું પાલન કર્યું હતું. તેમના સંધિ-

કરારોને તેમની નિર્ધારિત મુદ્દત સુધી બહાલ કરી દેવામાં આવ્યા. ખરેખર લક્ષ્ય એ મુશ્રિકો હતા, જેમણે ઇસ્લામની સામે દુશ્મની અને ભયાનક યુદ્ધોના મોરચાઓ ઊભા કર્યા હતા, લડવામાં તમામ નૈતિક સીમાઓનું ઉલ્લંઘન કર્યું હતું, ઉપરાંત કોલ-કરારથી વારંવાર ફરી ગયા હતા અને દરેક પ્રકારની શરમ અને મર્યાદા તેમજ દયા અને ઉદારતાને અભરાઈએ ચઢાવતા રહ્યા હતા. આ એ મુશ્રિકો હતા, જેમણે સત્ય-માર્ગને રોકવાની કોશિશ કરી, જેમણે સત્ય-દીનમાં દોષ કાઢ્યા, જેમણે રસૂલુલ્લાહ ﷺ ને ઘરમાંથી કાઢવાની યોજનાઓ બનાવી અને જેમણે યુદ્ધ તેમજ લડાઈ-ઝઘડામાં પહેલ કરી. બીજી જાહેરાત એ કરવામાં આવી કે હવે પછી હરમે-પાક અને મસ્જિદોની વ્યવસ્થા કોઈ મુશ્રિકને સોંપવામાં નહીં આવે. ત્રીજી જાહેરાત એ હતી કે હવે પછી કોઈ મુશ્રિક હરમની સીમાઓમાં દાખલ નહીં થઈ શકે. આ અનુસંધાનમાં હઝરત અલી رضي الله عنه એ હુઝૂર ﷺ ના એ ભાવાર્થને પણ પહોંચાડી દીધો કે હવેથી કોઈ વ્યક્તિ પૂર્વ શિર્કયુક્ત રીત પર નગ્ન થઈને કાબાના તવાફ નહીં કરી શકે. ચોથી જાહેરાત અલ્લાહ તરફથી ચાર મહિનાઓની 'હુરમત'નું સાબિત હોવાની કરવામાં આવી અને આ ચાર મહિનાઓમાં મન-માન્યા ફેરફારો કરવાનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. કહેવામાં એ હકીકત સંપૂર્ણપણે ખોલીને સંભળાવી દેવામાં આવી કે અલ્લાહે પોતાના રસૂલ ﷺ ને એટલા માટે મોકલ્યા છે કે તેઓ આ સત્ય-દીનની વ્યવસ્થાને જીવનના તમામ ક્ષેત્રો અને વિભાગોમાં પૂરેપૂરી રીતે વર્ચસ્વ અપાવી દે અને મુશ્રિકોને પસંદ ન હોય તો પણ તેમણે આ કાર્ય પૂરું કરવાનું છે.

કેટલાક લોકો હઝરત અલી رضي الله عنه ની આ નિયુક્તિથી ચિત્ર-વિચિત્ર મુદ્દાઓ ઊભા કરે છે, જો કે વાત કેવળ એટલી હતી કે હુઝૂર ﷺ એ જ્યાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه ને નેતૃત્વના વર્તુળમાં પોતાના નાયબ બનાવ્યા હતા, ત્યાં હઝરત અલી رضي الله عنه ને અંગત પ્રતિનિધિ, વ્યક્તિગત સેક્રેટરી, કે વિશેષ એલચીના રૂપમાં મહત્ત્વના દીની અને રાજકીય એલાનો કરવા માટે નિયુક્ત કર્યા હતા. જે લોકોની નજર સરકારોના મામલાઓ પર છે, તેઓ જાણે છે કે અમુક સ્વરૂપોમાં આ જ પદ્ધતિ અપનાવવી પડે છે. સરકારોના વાઇસરૉય કે ગવર્નરો હાજર હોય છે, પરંતુ કોઈ વિશેષ જરૂરત માટે અલગથી એલચી રવાના કરવા પડે છે.

હવે આપણે એ વિરાટ સંમેલનનો ઉલ્લેખ કરીએ છીએ, જેમાં માનવતાના ઉપકારક ﷺ સ્વયં જાતે સામેલ થયા અને જેમાં ઇસ્લામી આંદોલનની માનવ-શક્તિનો એક સમુદ્ર હુઝૂર ﷺ ની આંખોની સામે હિલોળા મારતો હતો: હિ.૧૦માં જ્યારે હુઝૂર ﷺ એ હજ્જનો ઇરાદો કર્યો, તો તમામ વિસ્તારોમાં તેની માહિતી પહોંચાડી દેવામાં આવી. ઇસ્લામી ક્રાંતિના ધ્વજવાહકોના કાફલાઓ દરેક બાજુથી મદીનામાં

એકત્ર થવા લાગ્યા. અલ્લાહના બંદાઓનો આ કાફલો ચાલ્યો, તો રસ્તામાં પણ વિભિન્ન કબીલાઓના સમૂહો આવીને વહી રહેલી આ મહા-નદીમાં સામેલ થતા ગયા. પુનિત પત્નીઓ બધી જ હુઝૂર ﷺ ની સાથે હતી. હુઝૂર ﷺ એ 'ઝૂલ હલીફા'થી એહરામ બાંધ્યો અને પછી અહીંથી જ એ પોકાર બુલંદ કરી, જે અલ્લાહના દરબારમાં હાજરી આપનારા હાજીઓના આત્માઓની સદા હોય છે... لبیک اللھم لبیک !!

''અમે હાજર છીએ ! હે અમારા અલ્લાહ ! અમે હાજર છીએ ! તારો કોઈ ભાગીદાર નથી, અમે તારા દરબારમાં હાજર છીએ. પ્રશંસા તારા માટે છે, ને'મતો તારા કબજામાં છે, બાદશાહી તારી છે — તારો કોઈ ભાગીદાર નથી.''

પછી આખા રસ્તામાં કોઈ ટીલા પર ચઢવાનો કે તેનાથી ઊતરવાનો અવસર આવતો, તો વારંવાર હુઝૂર ﷺ ના સાથે આ નિષ્ઠાવાન તૌહીદ-પ્રિય લોકોનો કાફલો સદા બુલંદ કરતો... ''અમે હાજર છીએ...'' ''હે અલ્લાહ ! તું જ મોટો છે.''

મક્કાના નજીક જઈને 'ઝૂ-તુવા'માં થોડીક વાર રોકાણ કર્યું. પછી આ વિશાળ સંખ્યામાં મુસ્લિમ સમુદાયને સાથે લઈને આપ ﷺ મક્કાના ઉપરના વિસ્તારથી દાખલ થયા. તવાફ કર્યો, સફા-મરવા ગયા, ત્યાંથી કાબા તરફ રૂખ કરીને અલ્લાહની તૌહીદની પોકાર ફરી બુલંદ કરી. ૯મી ઝિલહજ્જના દિવસે નમિરાની તળેટીમાં ઊતર્યા, દિવસ આથમ્યા પછી અરફાત ગયા. પહાડી પર ચઢીને 'કિસ્વા' નામની ઊંટણી પર સવાર થઈને પ્રવચન આપ્યું. ચારે તરફ 'મુકબ્બિર' ઊભા હતા, જેઓ એક-એક વાક્યને દોહરાવતા જતા હતા અને આ યુક્તિથી હુઝૂર ﷺ ના ઇરશાદો એકઠા થયેલા સમગ્ર લોકોના કાનો સુધી પહોંચતા હતા.

વિચાર કરો, શું વાતાવરણ હશે ! નબી અકરમ ﷺ નું હૃદય આ દૃશ્ય જોઈને શું અનુભવતું હશે ! આજે જાણે જીવનભર કરેલી ખેતીના પરિણામે એક પાક સંપૂર્ણ ખીલીને લહેરાઈ રહ્યો હતો ! ૧૪૪૦૦૦ (અથવા કેટલીક રિવાયતો અનુસાર ૧૨૪૦૦૦)નો એક રંગ-રૂપ સમૂહ ધરતી પર અનુપમ દેખાતો હતો. સમુદાયના લોકોની આંખો જ્યારે પોતાની આ પ્રિય હસ્તીને પહાડીના શિખરે આટલા વિરાટ સમૂહની વચ્ચે જોતી હશે, તો તેમના હૃદયોનું ઊંડાણ ક્યાં સુધી નહીં પહોંચ્યું હોય !

ઇસ્લામી આંદોલનનું વૈશ્વિક ઘોષણાપત્ર

નબી અકરમ ﷺ એ બે પ્રવચનો આ પ્રસંગે કર્યા. પહેલું અરફાતની પહાડી પરથી ૩ ઝિલહજ્જના દિવસે, બીજું ૧૦ ઝિલહજ્જના દિવસે મિનામાં. આ પ્રવચનોમાં કેટલાક વિષયો રિવાયતોમાં પરસ્પર ભળી ગયા છે.

આ પ્રવચનો ઘણી રીતે અસાધારણ મહત્ત્વ ધરાવે છે. પ્રથમ, હુઝૂર ﷺ એ સમુદાયના સૌથી મોટા દીની (ધાર્મિક) સંમેલનમાં સંબોધન કર્યું, અને એવા યુગમાં કર્યું, જ્યારે કે આપ ﷺ એ પ્રસ્તુત કરેલ કલ્મએ-હક્ક વટવૃક્ષ બનીને ફળ-ફૂલ લાવવા માંડ્યું હતું. ઉગ્ર વિરોધોમાંથી પસાર થઈને આટલી મહાન સફળતા સ્વયં નીતિમત્તા અને ચરિત્રની એક કસોટી હોય છે. જો આ પ્રસંગે કોઈ દુનિયાપ્રેમી વ્યક્તિ હોત અને માત્ર એક રાજકીય બાજી ખેલવાવાળી કોઈ વિજેતા શક્તિ હોત, તો એશ-આરામ અને વૈભવની સામગ્રી એકઠી કરીને તેનાથી લિજ્જત પ્રાપ્ત કર્યા સિવાય આજે તેના માથામાં અહંકારની એવી હવા ભરાઈ જતી કે તે પોતાની ખુદાઈ જમાવવા અને પોતાની મોટાઈનો બોલ ઉચ્ચ કરવા પર ઉતરી આવતો. હુઝૂર ﷺ ના બદલે કોઈ બીજો મનેચ્છાનો માર્યો વ્યક્તિ આ જગ્યાએ પહોંચતો, તો ધાર્મિકતાનો બધો ઢોળ ઉતરી જતો અને સફળતાની આ મંજિલે તેના અંદર છુપાયેલ આત્મા બેનકાબ થઈ જતો. પરંતુ અહીં પહેલાથી વધીને વિનમ્રતા હતી અને પહેલાંથી વધારે અલ્લાહ માટે પ્રશંસા અને કૃતજ્ઞતાના ગીતો હતા. બીજું, પયગંબરના રૂપમાં હુઝૂર ﷺ ની વિવેકબુદ્ધિ એમ સમજી રહી હતી કે સમુદાયથી સંબોધનનો આ છેલ્લો અવસર છે, તેથી જાણે અલવિદા વખતની વસિયતો કરી લેવામાં આવે, જેનો પ્રત્યેક શબ્દ કીમતી છે. ત્રીજું, શાસન-વ્યવસ્થાના કામો પરિપૂર્ણતાના તબક્કામાં આવી ગયા પછી આ જ તક હતી કે ઇસ્લામી આંદોલન તરફથી માનવતાને નામે કોઈ સંદેશ અને કોઈ ઘોષણાપત્ર આપવામાં આવે. આમ, આપ ﷺ એ આ કર્તવ્યને ખૂબીપૂર્વક અદા કર્યું. ચોથું, આ પ્રવચન હુઝૂર ﷺ ના સુંદર વક્તૃત્વ અને આપના ભાષા-લાલિત્યનો પણ અનુપમ નમૂનો છે, અને તેના દ્વારા એ પવિત્ર વ્યક્તિની મહાનતાઓને સમજવામાં મદદ મળે છે.

એ નજર સમક્ષ રહે કે આ પ્રવચનોનો એક ભાગ વિશેષરૂપે દેશની પરિસ્થિતિ અને સમસ્યાઓથી સંબંધિત છે અને બીજો ભાગ આંતરરાષ્ટ્રીય માનવ-ઘોષણાપત્ર પર આધારિત છે. વિષયનું સત્વ-તત્ત્વ સ્વયં જ આ વિભાજનને સ્પષ્ટ કરી દેશે.

અરફાતનું પ્રવચન

— સર્વ પ્રશંસા માત્ર અલ્લાહ માટે જ છે. અમે તેની જ પ્રશંસા કરીએ છીએ. તેનાથી મદદ માગીએ છીએ. તેનાથી પોતાના ગુનાઓની માફી માગીએ છીએ અને તેના જ સમક્ષ પ્રાયશ્ચિત કરીએ છીએ. અમે અમારા હૃદયોના ઉપદ્રવો અને અમારા કર્મોની બૂરાઈઓની સામે તેનું જ શરણ માગીએ છીએ. જેને અલ્લાહ સન્માર્ગ પર ચાલવાની સદ્પ્રેરણા આપે તેને કોઈ બીજો ભટકાવી શકતો નથી અને

જેને એ જ માર્ગદર્શનની સદ્પ્રેરણા ન આપે તેને કોઈ સન્માર્ગ પર ચલાવી શકતો નથી.

— અને હું ઘોષણા કરું છું એ હકીકતની કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ (ઉપાસ્ય) નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને હું ઘોષણા કરું છું એ હકીકતની કે મુહમ્મદ (ﷺ) તેના બંદા અને તેના રસૂલ છે.

— અલ્લાહના બંદાઓ ! હું તમને તેની ઇબાદતની શિખામણ આપું છું અને પ્રોત્સાહન આપું છું.

— હું શરૂઆત એ વાતથી કરું છું, જે ભલાઈનું કારણ છે.

— આ (પ્રસ્તાવના) પછી (હું કહું છું કે) — હે લોકો ! મારી વાત ધ્યાનથી સાંભળો. હું તમને સ્પષ્ટતાથી બતાવું છું, કેમ કે હું એવું નથી સમજતો કે આ વર્ષ પછી હું તમારા સાથે આ જગ્યાએ મુલાકાત કરી શકું.

— હે લોકો ! તમારું લોહી અને તમારો માલ તમારા માટે (પરસ્પર) હરામ (પ્રતિષ્ઠિત) કરી દેવામાં આવ્યા છે, ત્યાં સુધી કે તમે પોતાના રબ સમક્ષ હાજર થઈ જાઓ — જેમ કે તમારા આ મહિનામાં અને તમારા આ શહેરમાં તમારો આ દિવસ હરામ (પ્રતિષ્ઠિત) છે.

— સાવધાન રહો કે મેં વાત પહોંચાડી દીધી. હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે.

— તેથી જે કોઈના પણ કબજામાં કોઈ અમાનત હોય, તો તેના માલિકને આપી દે.

— અજ્ઞાનતા-કાળની વ્યાજની રકમો રદબાતલ કરી નાખવામાં આવી, અને સૌપ્રથમ હું મારા કાકા અબ્બાસ (رضي الله عنه) બિન અબ્દુલ મુત્તલિબના વ્યાજના લેણાઓને રદબાતલ કરું છું.

— અજ્ઞાનતા-કાળના તમામ હત્યાઓના બદલા (કિસાસ)ની માંગણીઓ રદબાતલ કરી નાખવામાં આવી, અને સૌપ્રથમ હું આમિર બિન રબીઆ બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબની હત્યાની માંગણી રદબાતલ કરું છું — અજ્ઞાનતા-કાળના તમામ ખિતાબો અને હોદ્દાઓ રદબાતલ કરવામાં આવે છે, સિવાય 'સદાનહ' (કાબાની દેખરેખનો વિભાગ) અને 'સકાયા' (હાજીઓને પાણીની વ્યવસ્થાનો વિભાગ)ના.

— ઇરાદાપૂર્વકની હત્યાનો કિસાસ લેવામાં આવશે. ઇરાદાપૂર્વકની હત્યા, જે લાઠી કે પથ્થર(ના પ્રહાર)થી કરવામાં આવે, તેની 'દિયત' એકસો ઊંટ નિર્ધારિત કરવામાં આવે છે. જે આમાં વધારો કરે, તો તે અજ્ઞાનતાને માનનારાઓમાં ગણાશે.

— હે લોકો ! શૈતાન (સત્યની વ્યવસ્થા છવાઈ ગયા પછી) એ વાતથી તો નિરાશ થઈ ગયો છે કે હવે તમારી આ ભૂમિમાં તેની ઇબાદત કરવામાં આવશે, પરંતુ તે તેના પર પણ ખુશ હશે કે આના સિવાય એ બીજા ગુનાઓમાં તેનું આજ્ઞાપાલન કરવામાં આવે, જેને તમે હળવા સમજો છો.

— હે લોકો ! મહિનાઓ (અર્થાત્ હરામ મહિનાઓ)ની હેરફેર કુફ્રની પદ્ધતિમાં વધારો છે અને તેના દ્વારા કાફિરો વધારે પથભ્રષ્ટતામાં પડે છે કે એક વર્ષ કોઈ મહિનાને હલાલ કરી દે છે અને બીજા વર્ષે હરામ ઠરાવી લે છે, જેથી (આગળ-પાછળ કરીને) અલ્લાહે હરામ કરેલ મહિનાઓની માત્ર ગણતરી પૂરી કરી દે.

— નિશ્ચિતપણે આજે જમાનો હરી-ફરીને એ જ સ્થિતિમાં આવી ગયો છે, જે તે વખતે હતો, જ્યારે કે અલ્લાહે આકાશો અને ધરતીનું સર્જન કર્યું હતું; અર્થાત્ અલ્લાહના દરબારમાં મહિનાઓની સંખ્યા ચોક્કસપણે બાર છે અને જ્યારથી અલ્લાહે આકાશો અને ધરતીનું સર્જન કર્યું છે, આ સંખ્યા તેના ગ્રંથ (ભાગ્ય-લેખ)માં આ જ રીતે અંકિત છે. તેમાં ચાર મહિના હરામ છે — ત્રણ એક-પછી-એક, અર્થાત્ ઝિલકઅદ, ઝિલહજ્જ અને મુહર્રમ અને એક એકલો અલગ, અર્થાત્ રજબ, જે જમાદિલ ઉખરા અને શાબાનની વચ્ચે છે.

— સાવધાન રહો કે મેં વાત પહોંચાડી દીધી. હે અલ્લાહ ! તું સ્વયં પણ સાક્ષી રહેજે.

— હે લોકો ! તમારી સ્ત્રીઓને તમારી સરખામણીમાં કેટલાક અધિકારો આપવામાં આવ્યા છે અને તમને તેમની સરખામણીએ અધિકારો આપવામાં આવ્યા છે. તેમના પર અનિવાર્ય છે કે તેઓ તમારા શયનખંડોમાં તમારા સિવાય કોઈને દાખલ ન થવા દે અને કોઈ એવા વ્યક્તિને (ઘરમાં) તમારી પરવાનગી વગર દાખલ ન થવા દે, જેનું દાખલ થવું તમને પસંદ ન હોય, અને કોઈ નિર્લજ્જ કૃત્ય ન કરે. જો તે કોઈ આવી વાત કરે તો અલ્લાહે તમને પરવાનગી આપી છે કે (તેમની સુધારણા માટે) તેમને અલગ કરી શકો છો, શયનખંડોથી અલગ કરી શકો છો,, અને એવી શારીરિક સજા આપી શકો છો જેનાથી નિશાન ન પડે. પછી જો તે અટકી જાય અને તમારા આજ્ઞાપાલનમાં ચાલે તો નિયમાનુસાર તેમનું ભરણ-પોષણ તમારા શિરે છે. નિશ્ચિતપણે સ્ત્રીઓ તમારા નિરીક્ષણ હેઠળ છે, જે પોતાના માટે સ્વયં કંઈ કરી શકતી નથી. તમે તેમને અલ્લાહની અમાનત રૂપે પોતાના સાથી તરીકે લીધી છે અને તેમના શરીરોને અલ્લાહના જ કાનૂન હેઠળ ઉપયોગમાં લીધા છે. તેથી સ્ત્રીઓના મામલામાં અલ્લાહથી ડરો અને ભલી રીતે તેમનું પ્રશિક્ષણ કરો.

— સાવધાન રહો કે મેં વાત પહોંચાડી દીધી. હે અલ્લાહ ! તું પોતે પણ સાક્ષી રહેજે.

— હે લોકો ! મોમિનો પરસ્પર ભાઈ-ભાઈ છે. કોઈ વ્યક્તિ માટે તેના ભાઈનો માલ (લેવો) તેની અનુમતિ વગર જાઈઝ (કાયદેસર) નથી.

— સાવધાન રહો કે મેં વાત પહોંચાડી દીધી. હે અલ્લાહ ! તું પોતે પણ સાક્ષી રહેજે.

— આથી મારા પછી ક્યાંય (આ ભાઈચારાને ત્યજીને) ફરી કાફિરો જેવા રંગ-ઢંગ અપનાવીને એક-બીજાના ગળા કાપવા ન લાગજો.

— હું તમારા વચ્ચે એક એવી વસ્તુ મૂકીને જઈ રહ્યો છું કે જ્યાં સુધી તેના પર અમલ કરશો, ક્યારેય સન્માર્ગથી હટશો નહીં, એ છે અલ્લાહનો ગ્રંથ.

— સાવધાન રહો કે મેં વાત પહોંચાડી દીધી. હે અલ્લાહ ! તું સ્વયં પણ સાક્ષી રહેજે.

— હે લોકો ! તમારો રબ (માલિક અને પાલનહાર) એક છે અને તમારા વડ-પિતા પણ એક જ છે. તમે સૌ આદમ (ﷺ)ની સંતાન છો અને આદમ (ﷺ)ને માટીથી પેદા કરવામાં આવ્યા હતા. અલ્લાહના નજીક તમારામાંથી વધારે પ્રતિષ્ઠિત એ છે, જે વધારે તકવા (ઈશભય) રાખનાર છે. કોઈ આરબને બિનઆરબની તુલનાએ કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી અને ન કોઈ બિનઆરબ માટે આરબની તુલનામાં શ્રેષ્ઠતા છે — કોઈ શ્રેષ્ઠતા છે તો તકવાના આધારે છે.

— સાવધાન રહો કે મેં વાત પહોંચાડી દીધી. હે અલ્લાહ ! તું પોતે પણ સાક્ષી રહેજે.

— અને તમને લોકોને મારા વિશે પૂછવામાં આવશે, તો હવે તમે બતાવો કે શું કહેશો ?

લોકોએ પોકારીને કહ્યું, ''અમે સાક્ષી આપીએ છીએ કે આપ ﷺ એ સંદેશ પહોંચાડી દીધો. ઉમ્મત (મુસ્લિમ સમુદાય)ને શિખામણ આપવાનો હક્ક અદા કરી દીધો — હકીકતથી બધા પરદાઓ ઉઠાવી દીધા અને અલ્લાહની અમાનતને અમારા સુધી પૂરેપૂરી પહોંચાડી દીધી.''

— હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે, હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે, હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે.

— જે લોકો એહીં હાજર છે, તે આ વાતો ગેરહાજર લોકો સુધી પહોંચાડી

દે. સંભવ છે કે કેટલાક શ્રોતાઓની સરખામણીએ કેટલાક ગેરહાજર લોકો આ વાતોને વધારે સારી રીતે યાદ રાખે અને તેની સુરક્ષા કરે.

— હે લોકો ! અલ્લાહ તઆલાએ વારસામાંથી દરેક વારસદાર માટે નિશ્ચિત ભાગ નિર્ધારિત કરી દીધો છે અને એક-તૃત્યાંશ (૧/૩) માલથી વધારે વસિયત કરવી જાઈઝ નથી.

— બાળક તેનું, જેના બિસ્તર પર (નિકાહમાં) જન્મ્યું હોય અને વ્યભિચારી માટે પથ્થર.

— જેણે પોતાના પિતાને બદલે કોઈ અન્યને પિતા ઠેરવ્યો, અથવા જે ગુલામે પોતાના માલિક સિવાય કોઈ બીજાને માલિક જાહેર કર્યો, તો એવા વ્યક્તિ પર અલ્લાહ અને ફરિશ્તાઓ અને તમામ મનુષ્યો તરફથી ફિટકાર છે. તેના પાસેથી (કયામતના દિવસે) કોઈ બદલો કે વળતર સ્વીકારવામાં આવશે નહીં.

— તમારા પર અલ્લાહ તરફથી સલામતી થાય અને તેની કૃપા અવતરે.

મિનાનું પ્રવચન

''હે લોકો ! મારા પછી કોઈ નબી (પયગંબર, ઈશદૂત) આવવાનો નથી અને ન તમારા પછી કોઈ અન્ય ઉમ્મતને ઉઠાવવામાં આવશે. બસ, ધ્યાનથી સાંભળો ! અને પોતાના રબની ઇબાદતમાં લાગેલા રહો. પાંચ સમયની નમાઝો કાયમ કરતા રહો. પોતાના રબના હરમે-પાકની હજ્જ કરતા રહો અને પોતાના અમીરો (અધિકારીઓ, હોદ્દેદારો) અને શાસકોની આજ્ઞાનું પાલન કરતા રહો — જેથી પોતાના રબની જન્નતમાં જગ્યા મેળવી શકો.''

આંતરરાષ્ટ્રીય ઘોષણાપત્ર હોવાની રીતે આ પ્રવચનોમાં જે કંઈ માનવતાના ઉપકારક ﷺ એ પ્રસ્તુત કરી દીધું છે, માનવ-પ્રયાસો તેનાથી વધારે કંઈ વિચારી પણ શક્યા નથી, બલ્કે કોઈ બીજી સાંસ્કૃતિક વ્યવસ્થા માનવતાના એ ધોરણો વ્યવહારૂ રૂપે પેદા નથી કરી શકી, જે આ ઘોષણાપત્રમાં આપવામાં આવેલ છે. આમાં અલ્લાહની તૌહીદની ક્રાંતિકારી આસ્થાનું એલાન છે. તેની બંદગીને જીવન-વ્યવસ્થાના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે. તેમાં મુસલમાનો માટે એક-બીજાના જાન અને માલ પ્રતિષ્ઠિત ઠેરવવામાં આવ્યા છે અને હત્યાના બદલામાં 'કિસાસ' લેવાનું અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે. આમાં વ્યાજખોરીની અજ્ઞાનતાયુક્ત વ્યવસ્થાને નેસ્ત-નાબૂદ કરવાનો નિર્ણય છે. આમાં ઇસ્લામી કાળ પહેલાંના વેરના ચક્કરને તોડી નાખવામાં આવ્યું છે. આમાં અજ્ઞાનતા-કાળના ખિતાબો અને હોદ્દાઓને

સમાપ્ત કરવામાં આવેલ છે. આમાં પતિ-પત્નીના અધિકારો છે. આમાં પારિવારિક વ્યવસ્થાનો પાયો મજબૂત કરવામાં આવ્યો છે. આમાં સ્ત્રીઓને અલ્લાહની અમાનત ઠેરવીને તેમનાથી સદ્‌વ્યવહારની તાકીદ કરવામાં આવી છે અને આધીન હોવાની તેમની હેસિયતનું ધ્યાન દોરવામાં આવ્યું છે. આમાં સત્ય-દીનના ધ્વજવાહકો વચ્ચે ભાઈચારાનો સંબંધ અનિવાર્ય ઠેરવવામાં આવ્યો છે. અલ્લાહના ગ્રંથને અલ્લાહની વ્યવસ્થાનો મૂળભૂત નિયમ ઠેરવવામાં આવ્યો છે. રબના એક હોવા અને માનવ-એકતાની કલ્પના આપવામાં આવી છે તેમજ રાષ્ટ્રીય અને વંશીય ભેદભાવોને નિરર્થક બનાવી દેવામાં આવ્યા છે અને આમાં ઇજ્જત અને શ્રેષ્ઠતાનું માપદંડ ઇશનિષ્ઠા અને સંયમી ચરિત્ર નિશ્ચિત કરવામાં આવેલ છે.

જ્યારે પણ અને જ્યાં પણ ઇસ્લામી આંદોલન ચાલશે અને સત્યની વ્યવસ્થા સ્થાપિત થશે, તેનો પાયો નિશ્ચિતરૂપે આ જ અટલ વિચારધારાઓ અને ધારણાઓ પર મૂકવામાં આવશે. આ ઘોષણાપત્ર ઇસ્લામનું મૂળભૂત ઘોષણાપત્ર છે અને તેના તરફ માનવતાને બોલાવી શકાય છે. આ સત્ય-વર્ધક વાણીથી હટીને જીવનની જે રૂપરેખા પણ બનાવવામાં આવશે, તે બિનઇસ્લામી હશે અને કોઈ સાચો મુસલમાન તેના પર સંતુષ્ટ અને રાજી નથી હોઈ શકતો. આ જ ઘોષણાપત્ર કસોટી છે, જેના પર આપણે મુસલમાનો આપણા દરેક સમાજના આમંત્રણ અને આપણા પ્રત્યેક નેતૃત્વના કાર્યોની પરખ કરી શકીએ છીએ, અને આપણા એક-એક રાજ્યના પગલાઓની જાંચ કરી શકીએ છીએ. આ ઘોષણાપત્ર દર્પણ છે, જેમાં આપણને આપણા ચહેરાઓ પણ જોઈ શકાય છે અને જેમાં આપણે બિનઇસ્લામી સભ્યતાઓની હકીકતનું પ્રતિબિંબ પણ જોઈ શકીએ છીએ.

આ આપણા પ્રિય નબી ﷺ નો અંતિમ સંદેશ છે અને તેમાં આપણને જ સંબોધિત કરવામાં આવ્યા છે. તેનું સ્વરૂપ પવિત્ર પયગંબર ﷺ ની વસિયતનું છે. તેના એક-એક બોલ પર હુઝૂર ﷺ એ દર્દભરી શૈલીમાં અવાજ બુલંદ કર્યો છે કે મેં વાત પહોંચાડી દીધી. ખરેખર તો તેને વાંચીને આપણી આત્માઓ ચોંકી જવી જોઈએ ! આપણી ભાવનાઓ જાગી ઉઠવી જોઈએ ! આપણા હૃદય ધડકવા લાગી જવા જોઈએ ! અને આપણે આપણા અત્યાર સુધીના વર્તન પર લજ્જિત થઈને અને કુફ્રયુક્ત વ્યવસ્થાઓના પ્રભાવનો પટ્ટો ગરદનોમાંથી કાઢીને માનવતાના ઉપકારક ﷺ નો પાલવ પકડી લેવો જોઈએ. આ મિશનને લઈને ઊભા થઈ જઈએ, જેની સફળતા માટે હુઝૂર ﷺ એ એ તકલીફો ભોગવી છે કે તેમના જેવા ધૈર્ય અને સહનશીલતાનું ઉદાહરણ નથી મળતું.

હુઝૂર ﷺ એ હજ્જના તમામ 'અરકાન' અને 'મનાસિક' (અનિવાર્ય બાબતો

અને વિધિઓ) શાંતિથી અદા કર્યા. સમુદાયના અન્ય લોકો સાથે ખૂબ મેળ-મેળાપ રહ્યો. લોકોએ આ પ્રસંગે પુષ્કળ મામલાઓ પૂછ્યા, અને છેવટે તવાફે-વિદાઅ પછી આપ ﷺ આ મુબારક પ્રવાસથી પાછા ફર્યા.

આ હતું દીની વ્યવસ્થાની પરિપૂર્ણતાનું દશ્ય અને આ હતું નુબૂવ્વતના સમાપનનું સ્પષ્ટ વાતાવરણ !! — આ સવા-દોઢ લાખ માનવીઓનો વિરાટ સમૂહ જે સ્વૈચ્છિક અને ઉત્કટ પ્રેમની ભાવના સાથે આવ્યો હતો તેનાથી વધારે બીજી કઈ સાક્ષી હશે એ વાતની કે ઇસ્લામી આંદોલને ખરી લડાઈ જનમતના મેદાનમાં સર કરી લીધી અને હૃદયોના અંદરથી પરિવર્તન કરીને બહારના જીવનનો આખો નકશો બદલી નાખ્યો !

માનવતાના પયગંબર ﷺ પછી...

અહીં સુધી તો આ કાર્યની રૂપરેખા અમે વર્ણવી છે, જે હુઝૂર ﷺ એ પોતાના નેતૃત્વમાં પૂરું કર્યું. આના તરત જ પછી હુઝૂર ﷺ નું દેહાવસાન થયું. પરંતુ આપ ﷺ ના પ્રશિક્ષિત કરેલ સમુદાયે આ કાર્યને જારી રાખ્યું અને ઇસ્લામી આંદોલન દસ-પંદર વર્ષમાં વિશાળ પ્રદેશોમાં છવાઈ ગયું.

હજ્જતુલ-વિદાઅમાં જે રીતે નબી અકરમ ﷺ એ ભાગ લીધો, પોતાના સમુદાયને જે રીતે સંબોધન કર્યું, લોકોને જે રીતે જુદી-જુદી તાકીદો અને વસિયતો કરી, એ બધું બતાવી રહ્યું હતું કે હુઝૂર ﷺ સામૂહિક રીતે અલવિદા કરી રહ્યા છે. પાછા ફરતી વખતે 'ગદીરે-ખમ' (એક તળાવ)ની પાસે પડાવ નાખ્યો અને ત્યાં ફરી એક પ્રવચન વિશિષ્ઠ સાથીઓને કર્યું. તેમાં એ જ અલવિદાનો રંગ વધારે ઊભરી આવ્યો. બોલ એવા હતા કે તેને સાંભળીને હૃદયો રડવા લાગ્યા હશે. પહેલા પોતાની કાયમી સુન્નત પ્રમાણે અલ્લાહની પ્રશંસા અને સ્તુતિ કરી. પછી ફરમાવ્યું :

> "આના પછી (કહેવું એ છે કે) હે લોકો ! હું છેવટે એક માનવી છું. કદાચ ટૂંક સમયમાં જ મારા પાસે (નિમંત્રણ લઈને) અલ્લાહનો દૂત આવી પહોંચે અને હું તેનો સ્વીકાર કરું, હું જવાબદારીના બે બોજ તમારા પાસે મૂકીને જાઉં છું - તેમાંથી એક અલ્લાહનો ગ્રંથ છે, જેમાં જીવન-બંધારણ તથા પ્રકાશ અને તત્ત્વદર્શિતા છે. તેથી અલ્લાહના ગ્રંથને પકડી લો અને તેનાથી માર્ગદર્શન પ્રાપ્ત કરો."

(પછી કુર્આન અંગે ખૂબ પ્રોત્સાહન અને રુચિ અપાવી) પછી ફરમાવ્યું :

"અને બીજા મારા એહલે-બૈત (ઘરના લોકો) છે. મારા એહલે-બૈત વિશે હું તમને અલ્લાહની જ યાદ દેવડાવું છું."

આ પ્રવચનમાં હુઝૂર ﷺ એ એક તો એ પથભ્રષ્ટતાઓનો દરવાજો બંધ કરી દીધો, જે પયગંબરોને મનુષ્યથી પર અને મનુષ્ય ન હોવાનું ઠેરવનારાઓએ પેદા કરી અને જેની પરાકાષ્ઠા એ થઈ કે જે હસ્તીઓ અલ્લાહને 'لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ'ની અદ્વિતીયતાની શાન સાથે મનાવવા આવી હતી, અતિશયોક્તિ કરનારાઓએ એ હસ્તીઓને જ ઉઠાવીને અલ્લાહની સંતાન અને ખુદાઈમાં ભાગીદાર બનાવી દીધી. વધુમાં, તેમને મૃત્યુના નિયમથી પર માનીને અદૃશ્યની કલ્પનાઓ ઘડી કાઢી અને તેમના માટે શારીરિક અને તાત્ત્વિક જીવન શાશ્વત હોવાની આસ્થાઓ પેદા કરી. હુઝૂર ﷺ એ વિદાયની પળ આવતાં પહેલા સાથીઓને માહિતગાર કરી દીધા હતા કે હું મનુષ્ય છું અને મનુષ્યોની જેમ મૃત્યુનો નિયમ મારા પર પણ લાગુ થશે. પછી તાકીદ કરી કે અલ્લાહના ગ્રંથને જીવન-બંધારણના આધારની હેસિયતથી કાયમ રાખજો, તેનાથી માર્ગદર્શન પ્રાપ્ત કરીને જીવન-વ્યવસ્થા ચલાવજો. આ તમારા લોકો માટે ખૂબ ભારે જવાબદારી છે. તેથી આ જવાબદારીનો બરાબર અહેસાસ રાખજો. તેના સાથે-સાથે પોતાના કુટુંબ, ઘરવાળાઓ અને પોતાના એ નજીકના સગાઓ વિશે કોઈપણ પ્રકારની સ્પષ્ટતા વગર ધ્યાન દોર્યું કે તેમના વિશે તમારા પર પણ થોડીક જવાબદારીઓ છે. એક તરફ હુઝૂર ﷺ નું કુટુંબ આપના ખાનગી જીવનનું સાક્ષી અને આપના મામલાઓને નજીકથી જોવાવાળું અને આપની શિક્ષાઓનું સંપૂર્ણપણે અમાનતદાર હતું, અને એ રીતે તે ઉમ્મત માટે મૂલ્યવાન શિક્ષણનું એક માધ્યમ હતું; બીજી તરફ હુઝૂર ﷺ એ ન પોતાના કુટુંબના લોકો માટે ખજાનાઓ એકઠા કર્યા, ન વિરાસત સમેટી, ન સંપત્તિ બનાવી, બલ્કે જીવનમાં પણ તેમને સાદગીભરી રહેણી-કરણીમાંથી પસાર કર્યા અને તેમનું ભાવિ પણ કોઈપણ પ્રકારના સર-સામાન વગર અલ્લાહના હવાલે કરી દીધું. દેખીતી વાત છે કે હુઝૂર ﷺ પછી તેમના વિશે સમુદાય પર ખૂબ ભારે જવાબદારી આવતી હતી. પરંતુ હુઝૂર ﷺ ને પોતાના સ્વાભિમાને અનુમતિ ન આપી કે વાત ઇશારાથી આગળ જાય.

આ જ પ્રવચનમાં અથવા આના પછી સમુદાયને એક વાત બીજી પણ હુઝૂર ﷺ એ કહી, જેના માટે એક અસાધારણ જરૂરત ઊભી થઈ હતી. વાત એમ હતી કે જે સહાબાઓને અલી મુર્તઝા رضي الله عنه ની સાથે યમન મોકલવામાં આવ્યા હતા, કોઈ કારણસર તેમનો હઝરત અલી رضي الله عنه સાથે તણાવ ઊભો થઈ ગયો. વાસ્તવમાં મોટા-મોટા કામો કરતી વખતે સ્વભાવોમાં ફરકની સાથે અભિપ્રાયોમાં મતભેદના ઘણા ભારે બનાવો બનતા હોય છે. ક્યારેક ચર્ચાઓમાં કડવાશ પણ આવે છે અને તેના કારણે મન ઉપર થોડીક વાર માટે મેલ પણ રહી જાય છે. માણસોથી બનેલા સમુદાયો ચાહે તે બધી રીતે દીની સેવાઓ માટે બન્યા હોય, એ સંભવ નથી કે માનવ-પ્રકૃતિ

ભાત-ભાતના વલણો અને પ્રેરકોથી ખાલી થઈને તદ્દન સપાટ બની જાય. મત-મતાંતર અને લાગણીઓના ઉતાર-ચઢાવ સૌથી ઉત્તમ અને સદાચારી સમાજમાં પણ હોઈ શકે છે અને એટલા માટે જ મોટા-મોટા કામો એવા ઉદાર દિલના માણસો કરી શકે છે, જે નારાજગીઓ છતાં એક-બીજાથી સહજતા કેળવી શકે. નારાજગીઓ સહાબાએ-કિરામના સમુદાયમાં પણ ક્યારેક ઉભરતી હતી, પરંતુ તે એ જ હસ્તીઓની ઉદારતા હતી કે તેમ છતાં તેમનામાં સહજતા કાયમ રહી અને મેલ આવ્યો તો પણ સામયિક આવ્યો. કંઈક આવી જ પરિસ્થિતિ આ મામલામાં પણ ઊભી થઈ હતી. વિશેષરૂપે હઝરત બુરૈદા رضي الله عنه ના દિલ પર મતભેદની અસર એટલી ઊંડી થઈ હતી કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને ફરિયાદ કરી. પરંતુ હઝરત અલી رضي الله عنه જેવા પ્રથમ પંક્તિના વ્યક્તિ વિશે ફરિયાદનું ઊભું થવું, લાંબા સમય સુધી કાયમ રહેવું, તેનું પાંગરવું, અંગત રંજમાં બદલાઈ જવું અને પછી હુઝૂર ﷺ ની સામે રજૂ પણ થવું જરા વધારે કઠિન હતું. સાંભળીને હુઝૂર ﷺ ને તકલીફ થઈ અને ચહેરાનો રંગ બદલાઈ ગયો. આ પશ્ચાદભૂમિની સાથે આપ ﷺ એ પોતાના નિત્યક્રમ અનુસાર કોઈનું નામ લીધા વગર સમુદાયને ફરમાવ્યું,

> ''જેનો હું સાથી છું, અલી (رضي الله عنه) પણ તેનો સાથી છે. હે અલ્લાહ ! જે અલીને મિત્ર રાખે, તું પણ તેને મિત્ર રાખ અને જે અલીથી દુશ્મની કરે તું પણ તેનાથી દુશ્મની કર.''

વાત ખૂબ સ્પષ્ટ હતી કે હુઝૂર ﷺ જે પવિત્ર આંદોલનમાં તન-મન-ધન લગાવી ચૂક્યા હતા, બરાબર એમાં જ હઝરત અલી رضي الله عنه એ પણ જીવનની પૂંજીની બાજી લગાવી દીધી હતી. એક જ આહવાનના આવાહકો, એક જ મિશનના ધ્વજ-વાહકો, એક જ પ્રકારના દિલથી વિચારનારા, એક જ દિશામાં ચાલનારા — અને વળી તેઓ પરસ્પર એવા પ્રિય અને નિકટવર્તી કે બંનેની વચ્ચે પાણી પણ ન નીકળી શકતું હોય — કેવી રીતે એ વાતને અવકાશ રહે કે બંનેમાંથી એકની સાથે પ્રેમ રાખી શકાય અને બીજાના માટે દિલમાં મેલ રાખવો. તદ્દન એ જ દલીલ જે لا نفرق بين احد من رسله માં જોવા મળે છે, એ જ તો હુઝૂર ﷺ અને આપ ﷺ ના સૌથી નજીકના પ્રશિક્ષિત સહાબીઓ વિશે જોવા મળે છે. છેવટે આખો સમુદાય, જે આસ્થા, સિદ્ધાંત અને ઉદ્દેશ્યના ભાતૃભાવના સંબંધમાં પરોવાયેલો હતો, અને વળી તેમાંથી એ પ્રથમ પંક્તિના સહાબીઓ, જેને હુઝૂર ﷺ એ પોતાના આસપાસ એકઠા કરીને નેતૃત્વ માટે વિશેષ પ્રશિક્ષણ આપ્યું હતું, તેમાં ફરક કરીને કોઈના સાથે પ્રેમ અને કોઈના સાથે રંજ રાખવાનો અવસર કેવી રીતે નીકળી શકતો હતો ! હુઝૂર ﷺ ને તકલીફ એ વાતથી થઈ કે જે સમુદાયને આપ ﷺ એ વર્ષો સુધી પ્રશિક્ષણ આપ્યું

હતું, જો તેમાં ભાઈચારાની ભાવનાનું પાયાનું મૂલ્ય જ આટલું નબળું રહી જાય કે તેના સૌથી શ્રેષ્ઠ અને વિશિષ્ઠ લોકોથી કડવાશ રાખવામાં આવે, વધુમાં અભિપ્રાયો આપનારાઓનો મતભેદ અંગત તિરસ્કાર સુધી પહોંચવા લાગે અને તિરસ્કાર લંબાવા લાગે, તો પછી આ મહાન ઉદ્દેશ્યને લઈને આગળ કેવી રીતે ચાલી શકાશે. હુઝૂર ﷺ ને પોતાના વિદાય લેવાનો સમય નજીક જોવાઈ રહ્યો હતો, અને આપ ﷺ એ જ કોશિશમાં હતા કે હવે બધો ભારે બોજ સમુદાયના ખભાઓ પર મૂકવામાં આવવાનો છે અને હવે પછી સમુદાયને હુઝૂર ﷺ ના બદલે નેતૃત્વની એ હરોળના પાછળ ચાલવાનું હશે, જેમાં હુઝૂર ﷺ એ પોતાના અત્યંત વિશ્વાસુ સાથીઓને સામેલ કરીને ખૂબ લાંબું પ્રશિક્ષણ આપ્યું હતું અને જેના એક-એક વ્યક્તિથી હુઝૂર ﷺ ને હાર્દિક પ્રેમ અને ઊંડો લગાવ હતો. એટલા માટે આપ ﷺ એ ખૂબ કઠોર અંદાજમાં ઠપકો આપ્યો. લોકોએ કોણ જાણે આમાંથી કેવી રીતે ઉત્તરાધિકારીની નિયુક્તિની ફિલસૂફી ઘડી કાઢી !

પ્રસંગવશાત વાત નીકળી, નહિં તો અમારો આશય એ બતાવવાનો હતો કે હુઝૂર ﷺ પર હજ્જતુલ-વિદાઅના આખા સફરમાં એ અહેસાસ છવાયેલો રહ્યો હતો કે હવે ત્યાંથી કહેણ જલ્દી આવવાનું છે. આ જ અસર તળે આપ જુદી-જુદી તાકીદો અને વસિયતો ફરમાવી રહ્યા હતા.

માહે સફર, હિ. ૧૧ ની શરૂઆતથી જ આખિરતના સફર માટે માનવતાના ઉપકારક ﷺ ના પવિત્ર આત્માએ તૈયારીઓ શરૂ કરી દીધી. એક દિવસ ઉહદ ગયા અને ઉહદના શહીદો માટે સિજદામાં પડીને દુઆ કરી. પાછા આવીને ફરી નીચે મુજબનું પ્રવચન આપ્યું :

> ''લોકો ! હું તમારાથી પહેલા વિદાય થવાનો છું અને અલ્લાહની સામે તમારા વિશે સાક્ષી આપવાનો છું. અલ્લાહના સોગંદ ! હું હૌઝે-કૌસરને અહીંથી જોઈ રહ્યો છું. મને સલ્તનતોના ખજાનાઓની ચાવીઓ આપી દેવામાં આવી છે (અર્થાત્ જુદા-જુદા દેશો સત્યના આમંત્રણના પરિણામે જીતાઈ જવાના છે). મને એ ડર નથી કે તમે મારા પછી મુશ્રિક બની જશો, ડર એ છે કે દુનિયાના હિતોના સંઘર્ષમાં ન પડી જાઓ !''

પછી અડધી રાત્રે 'બકીઅ'ના કબ્રસ્તાનમાં જઈને કબરવાળાઓ માટે મગફિરતની દુઆ કરી અને ફરમાવ્યું કે, ''અમે પણ જલ્દી તમને આવીને મળવાના છીએ.'' પછી એક દિવસ સમુદાયના લોકોને ખાસ કારણસર ભેગા કર્યા અને પ્રવચન કર્યું કે –

''ધન્ય છે ! હે મુસલમાનો ! અલ્લાહ તમને પોતાની દયામાં રાખે, તમારી નિરાશાને દૂર કરે, તમને રોજી આપે, તમારી મદદ કરે, તમને ઉન્નતિ બક્ષે, તમને સહી-સલામત રાખે. હું તમને અલ્લાહના તકવા (ડરવા)ની વસિયત કરું છું અને તમને અલ્લાહના જ નિરીક્ષણમાં સોંપું છું. તમને તેનાથી જ ડરાવું છું, કેમ કે હું સ્પષ્ટરૂપે સાવધાન કરવાવાળો છું. જુઓ, અલ્લાહની વસ્તીઓમાં તેના બંદાઓ વચ્ચે ઘમંડ અને વિદ્રોહનું વલણ ન અપનાવજો. અલ્લાહ તૂઆલાએ મને અને તમને ફરમાવ્યું છે (.....تلك الدار الآخرة તિલાવત કરી) કે આ આખિરતનું ઘર અમે એ લોકો માટે વિશિષ્ઠ કરીશું, જેઓ ધરતીમાં વિદ્રોહ અને બગાડ ઊભો કરવાનો ઇરાદો ન રાખતા હોય, અને આખિરત (ની સફળતા) તો છે જ અલ્લાહથી ડરનારાઓ માટે ! — સલામ થાય તમારા સૌના ઉપર અને એ તમામ લોકો પર, જેઓ ઇસ્લામનો સ્વીકાર કરીને મારી બૈતમાં દાખલ થશે.''

'બકીઅ' કબ્રસ્તાનથી પાછા ફરતી વખતે માથામાં હળવી પીડા શરૂ થઈ. પછી સફર મહિનાની ૨૯મી તારીખે એક જનાઝાની સાથે જતાં-આવતાં તેમાં વધારો થયો. બીમારીના હળવા હુમલાઓ દરમ્યાન અગિયાર દિવસ સુધી મસ્જિદમાં પધારીને પોતે જ ઇમામત કરતા રહ્યા. બીમારીની ભારે પીડામાં ઘરના અંદર તદ્દન પથારીવશ રહેવાની મુદ્દત માત્ર એક અઠવાડિયું છે. તકલીફ વધતાં પત્નીઓની અનુમતિ લઈને હઝરત આઇશા رضي الله عنها ના જ હુજરામાં આવી ગયા.

મૃત્યુ-સમયની બીમારીમાં પણ સત્ય-આંદોલનની જવાબદારીઓ પૂરેપૂરી રીતે સામે રહી. તબૂક અને મૌતાની લડાઈઓ ઉદ્દેશ્ય-પ્રાપ્તિની રીતે હજુ પરિપૂર્ણતાએ પહોંચ્યા નહોતી. જો જરા પણ ઢીલ કરવામાં આવતી, તો વિરોધી રાજ્યો વાઘ બની જતા, તેથી આ જ હાલતમાં સફર મહિનાની ૨૬ તારીખે લોકોને રૂમની લડાઈની તૈયારીઓનો આદેશ આપ્યો અને બીજા દિવસે હઝરત ઉસામા બિન ઝૈદ رضي الله عنه ને આ કૂચના ઉચ્ચ અધિકારી નિયુક્ત કર્યા. ફરમાવ્યું, ''જાઓ, અલ્લાહના નામથી — પોતાના પિતા જે જગ્યાએ શહીદ થયા હતા ત્યાં સુધી પહોંચો, અને જે અલ્લાહનો ઇન્કાર કરે, તેના પર હુમલો કરો. પોતાના હાથથી ધ્વજ તૈયાર કરીને બુરૈદા બિન હુસૈબ અસ્લમી رضي الله عنه ને સોંપ્યો. એક-બે માણસોએ હઝરત ઉસામા رضي الله عنه ની નાની વય (અને કંઈક પારિવારિક દરજ્જા)ના કારણે ગુસપુસ કરી કે આવા એક છોકરાને મોટા-મોટા મુહાજિરો અને અન્સાર પર અમીર (વડા) નિયુક્ત કરવામાં આવ્યા છે ! હુઝૂર ﷺ એ સાંભળ્યું તો ખૂબ દુઃખી થયા અને ખૂબ તકલીફ હોવા છતાં માથા પર પટ્ટી બાંધીને મસ્જિદમાં પધાર્યા અને તદ્દન 'બદીરે-ખમ'ની શૈલીમાં સંબોધન કર્યું કે —

''મને જાણ થઈ છે કે તમે ઉસામા વિશે આવી-આવી વાતો કહી છે. આનાથી પહેલા તેના પિતાને અમીર નિયુક્ત કરતી વખતે પણ તમે લોકો વાંધાઓ ઉઠાવી ચૂક્યા છો — જો કે અલ્લાહના સોગંદ ! તે આ હોદ્દાનો હક્કદાર હતો અને તેના પછી તેનો પુત્ર પણ તેને પાત્ર છે. તે (ઝૈદ બિન હારસા ﷺ) પણ અમને સૌથી વધારે પ્રિય હતો અને તેના પછી તેનો પુત્ર (ઉસામા બિન ઝૈદ) પણ અમને સૌથી વધારે પ્રિય છે.''

આના પહેલા (અવસાનથી પાંચ દિવસ પહેલા) સાત મશક ભરીને પાણી નંખાવ્યું. આ સ્નાનથી તબિયત થોડી હળવી થઈ, તો સહારો લઈને મસ્જિદમાં પધાર્યા અને ત્યાં ઉદ્દેશ્યના સાથીઓને અંતિમ સંબોધન કર્યું :

''તમારાથી પહેલા એવા લોકો થઈ ગયા છે, જેમણે પયગંબરો અને સદાચારીઓની કબરોને સિજદાગાહ બનાવી લીધી હતી. તમે એવું ન કરજો. મારી કબરને મારા પછી સિજદાગાહ ન બનાવી લેજો. એ સમૂહ પર અલ્લાહનો કઠોર પ્રકોપ આવ્યો. જુઓ, મેં વાત પહોંચાડી દીધી. અલ્લાહ ! તું આનો સાક્ષી રહેજે.''

પછી નમાઝ પઢાવી અને નમાઝ પછી ફરી ફરમાવ્યું :

''હું તમને અન્સાર માટે ખાસ તાકીદ કરું છું. આ લોકો મારા શરીરનો પોશાક અને મારા માટે ભાથું રહ્યા છે. તેમણે પોતાના ભાગની જવાબદારીઓ પૂરી દીધી અને હવે (તમારા પર) તેમના હક્કો બાકી છે. બીજા લોકો ફેલાશે અને આ જ્યાંના ત્યાં જ રહી જશે. તેમાંથી સારું કામ કરવાવાળાની કદર કરો અને ભૂલ કરવાવાળાઓને દરગુજર કરો.''

અલ્લાહે પોતાના એક બંદાને અધિકાર આપ્યો કે તે ચાહે તો દુનિયા અને તેના અંદરની વસ્તુઓને કબૂલ કરી લે અને ચાહે તો તે એ કબૂલ કરે જે અલ્લાહના દરબારમાં છે, તો એ બંદાએ એની જ પસંદગી કરી લીધી જે તેના માટે અલ્લાહના દરબારમાં છે.''

આમ તો એ વખતની બધી વાતચીતોમાં અલવિદાનો રંગ ઝળકી રહ્યો હતો, પરંતુ છેલ્લા ફકરામાં ઇશારો ખૂબ જ સ્પષ્ટ હતો, જેને હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ એ તરત જ પામી લીધો અને ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યા.

નમાઝની જમાઅતમાં સામેલ થઈ શકાય એમ ન રહ્યું તો હઝરત અબૂબક્ર

رضي الله عنه ને પોતાની જગ્યાએ ઈમામત પર નિયુક્ત કરી દીધા. બીમારીની ગંભીરતા વધવાથી જમાઅતમાં બેચેની વધતી ગઈ અને લોકો પરેશાનીમાં વારંવાર મસ્જિદના ચક્કર લગાવતા. સાંત્વના માટે હુઝૂર ﷺ હઝરત અલી رضي الله عنه અને હઝરત ફઝલ ઇબ્ને અબ્બાસ رضي الله عنه ના ખભાનો સહારો લઈને પગ ઘસડતા મસ્જિદમાં પધાર્યા અને મિમ્બરના નીચેના પગથિયા પર બેસીને તદ્દન અંતિમ સંબોધન આ ફરમાવ્યું :

> ''લોકો ! મને સમાચાર મળ્યા છે કે તમે મારા મૃત્યુથી ડરો છો. જેટલા પણ પયગંબરોનું આગમન થઈ ચૂક્યું છે, શું કોઈપણ તેમાંથી હંમેશા જીવતો રહ્યો ? હું અલ્લાહને મળવાનો છું અને તમે પણ અલ્લાહને મળવાના છો. હું વસિયત કરું છું કે સૌપ્રથમ હિજરત કરનારાઓની સાથે ભલાઈ કરો, અને હું વસિયત કરું છું કે મુહાજિરો પરસ્પરમાં સદ્‌વ્યવહાર કરે.'' પછી સૂરઃ અસ્ર પઢીને ફરમાવ્યું, ''તમામ મામલાઓ અલ્લાહના આદેશાનુસાર ચાલે છે. જે કામમાં વિલંબ થાય, તેના માટે ઉતાવળ ન કરો. કોઈની ઉતાવળના કારણે અલ્લાહ જલ્દી નથી કરતો, અને હું વસિયત કરું છું કે અન્સારની સાથે ભલાઈ કરો. તેમણે તમારાથી પહેલા મદીનાને પોતાનું વતન બનાવ્યું અને ઈમાનને પોતાના ઉપર અનિવાર્ય કરી લીધું. શું તેમણે ફળોમાં તમને પોતાના ભાગીદાર ન બનાવ્યા ? શું તેમણે તમારા માટે મકાનોમાં મોકળાશ ન કરી ? શું તેમણે વિરોધ છતાં તમને પોતાના પર પ્રાથમિકતા ન આપી ? જુઓ, પોતાને તેમના પર પ્રાથમિકતા ન આપો. સાંભળો કે હું પહેલા જઈ રહ્યો છું અને તમે પણ મને આવીને મળશો. હૌઝે-કૌસર પર મળવાનું વચન છે.''

આ પ્રવચનોને જુદી-જુદી રિવાયતોમાં જુદા-જુદા સમયોથી જોડવામાં આવ્યા છે. પરંતુ એક મત એ પણ જોવા મળે છે અને કદાચ વાસ્તવિકતા એ જ હોય કે આ બધી વાતો એક જ સંબોધનમાં કહેવામાં આવી હોય.

સોમવારના દિવસે[1] પવિત્ર તબિયત છેલ્લી વાર સારી થઈ. મિસ્વાક કર્યો. પરદો ઉઠાવીને સહાબાની જમાઅતને જોઈ અને મલકાયા — તેની થોડીક જ પળો પછી اللهم الرفيق الاعلى અથવા (الرفيق الاعلى) ત્રણ વાર ફરમાવ્યું, અને હઝરત આઇશા رضي الله عنها ના ખોળામાં માથું મૂકીને જીવંત અને શાશ્વત અલ્લાહને જઈ મળ્યા. ''ઓહ !

૧. તારીખ વિશે ખૂબ ચર્ચાસ્પદ મતભેદ છે. — ૧ - ૨ - ૯ - ૧૨ - ૧૩, રબીઉલ અવ્વલની રિવાયતો છે. પરંતુ હિજરી અને ઇસ્વી કેલેન્ડરોની રીતે જ્યારે બીજા મહત્ત્વના પ્રસંગોની તારીખો અને દિવસોથી તુલના કરવામાં આવે છે, તો હિસાબી ગૂંચવણો સામે આવે છે. પ્રસિદ્ધ ૧૨ રબીઉલ-અવ્વલ છે. ચર્ચા અને સંશોધનની બાબતોને અમે ભવિષ્ય માટે છોડી રહ્યા છીએ.

આપણે બધા જ અલ્લાહના જ બંદાઓ છીએ અને આપણે પણ પાછા ફરીને તેના જ સમક્ષ જવાનું છે.''

આજે એ હસ્તી દુનિયાથી વિદાય થઈ રહી હતી, જેણે માનવતાને નવજીવનથી સંપન્ન કરી અને જેણે જીવનના કાફલાને લૂંટનારાઓના ફંદામાંથી કાઢીને 'સિરાતે-મુસ્તકીમ' (સન્માર્ગ) પર લાવવા માટે ભયંકર તકલીફો સહી, સંઘર્ષના સંગીન તબક્કાઓ પાર કર્યા, મુશ્કેલીઓના પહાડ કાપ્યા અને પછી આ સિદ્ધિનું કોઈ વળતર કે મહેનતાણું વસૂલ ન કર્યું.

આ દુર્ઘટના કેટલી મોટી હશે એ સાથીઓ માટે — જીવનભરના સાથીઓ માટે — જેઓ હુઝૂર ﷺ ને એક નજર જોવાથી પણ નવી શક્તિ પ્રાપ્ત કરી લેતા હતા, તેમની આંખોમાં ધરતી અને આકાશ ફરી ગયા હશે ! ઇતિહાસમાં ભૂકંપ આવી ગયો હશે ! હઝરત ઉસ્માન રઝિ. બેહોશ થઈ ગયા, હઝરત અલી રઝિ. મૂક અને હતપ્રભ થઈ ગયા, હઝરત અબ્દુલ્લાહ બિન અનીસ રઝિ. નું હૃદય એવું તૂટ્યું કે આ જ આઘાતથી અવસાન પામ્યા. હઝરત ઉમર રઝિ. માનસિક સમતુલા ગુમાવી બેસ્યા.

આ મોટી દુર્ઘટના આમ પણ એક દુઃખનો ડુંગર હતો. મુસીબત એ કે આ ખૂબ જ ખતરનાક પરિસ્થિતિમાં ઘટી. એક તરફ રોમન રાજ્ય તરફથી યુદ્ધનું જોખમ માથા પર હતું અને એટલા માટે ઉસામા રઝિ. નું લશ્કર રવાના થઈ રહ્યું હતું. બીજી તરફ 'ઇર્તિદાદ' (ઇસ્લામથી ફરી જવા)નો ઉપદ્રવ અને ઝકાતનો ઇન્કાર કરનારાઓનો બળવો હતો. ત્રીજી તરફ ઇસ્લામી આંદોલન આસપાસના રાજ્યોને ઇસ્લામનું આમંત્રણ આપવાની સાથે-સાથે હળવો પડકાર પણ આપી ચૂક્યું હતું અને આંતરિક મુશ્કેલી એ હતી કે નિફાકની દબાયેલી લહેર ઉઠવાની આશંકા હતી. પરંતુ હુઝૂર ﷺ ના પ્રશિક્ષણની ઉપલબ્ધિ હતી કે આપ ﷺ ના પ્રશિક્ષિત સમુદાયે પોતાની ભાવનાઓ પર તરત કાબૂ મેળવી લીધો, અને હતાશા અને વિખરાવથી બચીને પોતાની મહત્ત્વપૂર્ણ જવાબદારીઓને પૂરી કરવાની ચિંતા કરી. માનવતાના ઉપકારક ﷺ જેવી હસ્તીઓના અવસાન પર રંજ અને દુઃખ કરવાથી વધારે મહાન જવાબદારી ઉત્તરાધિકારીઓ પર એ હોય છે કે તેઓ આ આંદોલન અને વ્યવસ્થાની રક્ષા અને મજબૂતીની ચિંતા કરે, જેનું માળખું આવી જ ક્ષણો પર ગફલત અને નિષ્કાળજી કરવાથી વેરવિખેર પણ થઈ શકે છે. એ હસ્તી, જે વર્ષો સુધી આખા કાર્યનો પ્રાણ હોય છે અને તમામ સાથીઓના પૂર્ણ વિશ્વાસ અને ઊંડા પ્રેમનું કેન્દ્ર હોય છે, તેના ઉઠી જવાથી ખૂબ ભારે શૂન્યાવકાશ અચાનક પેદા થઈ જાય છે, જેને જો સમયસર

યોગ્ય રીતે ભરી લેવામાં ન આવે, તો ખૂબ ભયંકર પરિણામો આવી શકે છે. હુઝૂર ﷺ એ તૈયાર કરેલ સમુદાયે પોતાની કર્તવ્ય-ભાવના અને પોતાના ચરિત્રની મજબૂતીનો બેનમૂન પુરાવો આ ઘટના વડે પ્રસ્તુત કર્યો કે તાત્કાલિક આ શૂન્યાવકાશને ભરી લીધો તેમજ શિસ્ત અને અનુશાસનના બંધનોને ઢીલા ન પડવા દીધા. ઉત્તરાધિકારી માટે કોઈ સંઘર્ષ ન થયો, તલવારો ન ચાલી, શોર-બકોર ન થયો. 'સકીફા બની સાઈદહ'માં સમુદાયના દૂરંદેશ અગ્રણી મહાનુભાવો વચ્ચે એક ટૂંકા વિચાર-વિમર્શ થયા પછી — જે એટલો લાંબો પણ ન ચાલ્યો અને જેમાં મતભેદનો રંગ એટલો સમય પણ ન રહ્યો જેટલો કે આજે નાની-સામાન્ય પ્રકારની સંસ્થાઓના હોદ્દાઓ માટે થાય છે — ઈસ્લામની શૂરા (પરામર્શ) આધારિત લોકશાહી હેઠળ હઝરત અબૂબક્ર ؓ ની પસંદગી થઈ, જેનું પ્રમાણીકરણ મસ્જિદે-નબવી ﷺ ની જાહેર સભામાં સમગ્ર સમુદાયના સાર્વજનિક સંમેલને અંતઃકરણપૂર્વક કરી દીધું.

હુઝૂર ﷺ પછી હુઝૂર ﷺ ના ઈસ્લામના આમંત્રણના મહાન ઉદ્દેશ્યને ફેલાવવા અને હુઝૂર ﷺ એ શરૂ કરેલ કૂચોને પરિપૂર્ણતાએ પહોંચાડવામાં જે નિર્ધાર અને દૂરંદેશી તેમજ ભલા ચરિત્રની સાથે હઝરત અબૂબક્ર સિદ્દીક ؓ એ સોનેરી સેવાઓ આપી અને જે શાનથી હઝરત ઉમર ફારૂક ؓ, હઝરત ઉસ્માન ؓ અને હઝરત અલી ؓ તેમજ પ્રથમ હરોળના અન્ય અગ્રણી સહાબા ؓ એ પોતાનો ભરપૂર સહયોગ હુઝૂર ﷺ ના ઉત્તરાધિકારી, સમુદાયના અમીર (વડા)ને આપ્યો, તેના દૃષ્ટાંતો માનવતાની પાસે ઓછા જ હશે. માનવતાના ઉપકારક ﷺ એ તૈયાર કરેલ મનુષ્યોએ સાબિત કરી દીધું કે તેઓ માનવતાના સૌથી શ્રેષ્ઠ નમૂનાઓ છે, તેઓ નિઃસ્વાર્થ ચરિત્ર ધરાવે છે, તેઓ બુદ્ધિમત્તા અને દૂરદર્શિતામાં ઉત્તમ છે અને તેઓ કઠિન પરિસ્થિતિઓમાં પોતાની જવાબદારીઓથી ગાફેલ રહેનારા નથી.

આમ, ઈતિહાસ સાક્ષી છે કે હુઝૂર ﷺ દ્વારા પ્રશિક્ષિત આ સમુદાય અને તેના નેતૃત્વએ થોડાક જ વર્ષોમાં ઈસ્લામી આંદોલનની શાખાઓ દુનિયાના ખૂણે-ખૂણામાં પહોંચાડી દીધી અને ઈસ્લામી ન્યાય-વ્યવસ્થાની દયાની છત્રછાયા જે ગતિથી હુઝૂર ﷺ એ ધરતી પર ફેલાવી હતી, તેમાં કોઈ ફરક આવવા દીધો નહીં.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ!

દુનિયામાં જો આજે આપણું, અર્થાત્ મુસલમાનોનું અસ્તિત્વ છે, તો તે એ જ હસ્તીના સમર્પણના કારણે છે. આજે જો સચ્ચાઈ અને નેકીના બોલ આપણા હૃદયોમાં ઝળહળી રહ્યા છે, તો તે એ જ પવિત્ર વજૂદની દેણ છે. આજે જો જીવનની સુધારણા

અને સફળતા માટે એક સૈદ્ધાંતિક કાનૂન માનવતાની સામે છે, તો તે હઝરત મુહમ્મદ ﷺ ના સંઘર્ષનું પરિણામ છે. આજે જો જીવનનો એક સર્વોત્તમ આદર્શ અને માપદંડ આપણી આંખોની સામે પ્રતિબિંબિત છે, તો તે નબી અકરમ ﷺ એ જ પ્રસ્તુત કરેલ છે. આજે જો આપણા હૃદયોમાં ઇસ્લામી આંદોલનની પુનઃસ્થાપનાનો ઉત્સાહ સળવળી શકે છે, તો આ જ પ્રિય હસ્તીના ત્યાગ અને બલિદાનોની ભાવનામય યાદથી જ સંભવ છે.આજે જો આપણે ઇસ્લામી ક્રાંતિ આણવાની શૈલી અને પદ્ધતિ શીખી શકીએ છીએ, તો આ જ અલ્લાહના માર્ગદર્શનના સંઘર્ષના વૃત્તાંતથી જ શીખી શકીએ છીએ. આજે જો આદમની સંતાનને હકીકતની સભાનતા બક્ષતા કિરણો, ચરિત્રના અનંત મૂલ્યો અને જીવનના કલ્યાણ અને સફળતાના અટલ સિદ્ધાંતો મળી શકે છે, તો હઝરત મુહમ્મદ ﷺ ના ત્યાંથી મળી શકે છે. માનવતાના ઉપકારક ﷺ જેવા આવાહક અને શિક્ષક અને મુરબ્બી અને નેતા જો આવ્યા ન હોત, તો ક્યારેય આ મહાન કાર્ય આ અંધકાર-યુગ અને અજ્ઞાન-યુગમાં પૂરું થઈ શક્યું ન હોત. હુઝૂર ﷺ જ સમગ્ર ક્રાંતિ અને પરિવર્તનનો આત્મા હતા !

આપણા માટે અને સમસ્ત માનવ-જાત માટે માનવતાના ઉપકારક ﷺ એ પોતાને જે ભયંકર વિરોધોની સામે ઊભા કર્યા, અસત્ય વિરુદ્ધ સંઘર્ષ કરતાં જીવ જોખમના જે તબક્કાઓ પાર કર્યા અને કોઈ વળતર વસૂલ કર્યા વગર પોતાનું સર્વસ્વ જે રીતે ઇસ્લામી વ્યવસ્થાની સ્થાપનામાં લગાવી દીધું — અને પછી ઇતિહાસનો એક યુગ પેદા કરી દીધો, એક પવિત્ર સભ્યતાને અસ્તિત્વ બક્ષ્યું, એક મહાનતમ્ ઉમ્મત ઊભી કરી, વિચારધારાઓ અને વિદ્યાઓની નવી દુનિયાઓ પેદા કરી દીધી — આ સિદ્ધિ-ઉપલબ્ધિ માટે આપણું રૂંવે-રૂંવું આપણા અને માનવતાના ઉપકારક ﷺ ને આભારી છે. આપણી શક્તિમાં નથી કે આ કૃતજ્ઞતા અને આભારની લાગણી અનુસાર આટલા મોટા ઉપકારનો કોઈ નિમ્ન પ્રકારનો કોઈ બદલો હુઝૂર ﷺ ને અદા કરી શકીએ, તેથી એ મહાન અલ્લાહ ! અમે તુચ્છ બંદાઓ તારાથી જ એ અરજ કરીએ છીએ કે તું અમારી કૃતજ્ઞતાની લાગણીનો સ્વીકાર કરીને પોતાની કૃપાના ખજાનામાંથી અમારો બદલો અદા કર. હુઝૂર ﷺ ની રૂહ પર દયાઓ અવતરિત કર, બરકતો મોકલ, સલામતીની વર્ષા કર, દરજ્જાઓ અને મરતબાઓને ઉચ્ચ કર અને હુઝૂર ﷺ ના આમંત્રણ અને સંદેશ અને આંદોલનને ફરી ઉન્નતિ પ્રદાન કર અને તેનો પ્રસાર કર અને પોતાના વધારેમાં-વધારે બંદાઓને ઇસ્લામી વ્યવસ્થાની દયાની છત્રછાયાથી નવાજ. તારાથી જ આ વિનંતી છે કે આ લેખકને અને એક-એક મુસ્લિમ બંદાને એ સૌભાગ્યની સદ્પ્રેરણા આપ કે હુઝૂર ﷺ ના આમંત્રણની પવિત્ર અમાનતના સાચા અમાનતદાર બને, તેને માનવ-જાત સુધી પહોંચાડે, હુઝૂર ﷺ એ જારી કરેલ

સત્યના આંદોલનને ફરી એક જીવંત હકીકત બનાવે અને તન-મન-ધન સમર્પિત કરીને હુઝૂર ﷺ એ પ્રસ્તુત કરેલ ન્યાય-વ્યવસ્થાને ધરતી પર ઊભી કરી દે, હુઝૂર ﷺ ના મિશનને પરિપૂર્ણ કરવા માટે ભાગ લેવો પણ હુઝૂર ﷺ નાં આભાર અને કૃતજ્ઞતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ وَّبَارِكْ وَسَلِّمْ —!

માનવતાના ઉપકારક ﷺ

વિરોધોના

વંટોળમાંથી

પસાર

થતાં

(૭)

પરિશિષ્ટ

કામ હજુ બાકી છે !

એ અલ્લાહનો ઉપકાર છે કે તેણે મારા જેવા અદના બંદાથી આ બરકતવાળી સેવા લીધી કે તેના સર્વોચ્ચ બંદાના જીવન-ચરિત્ર અને તેના જીવનની કારકિર્દીની એક ઝાંખી પ્રસ્તુત કરવામાં સફળ થયો. આ સેવાને પૂરી કરવામાં મારા વિદ્વાન પુરોગામીઓનો ખૂબ આભારી છું કે જેમણે આ વિષય પર અત્યંત ઉચ્ચ કક્ષાની બહોળી કૃતિઓ પાછળ મૂકી છે. ઉપરાંત, વર્તમાન યુગના બે સંશોધનકર્તાઓ મૌલાના સૈયદ અબૂલઆ'લા મૌદૂદી અને ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી (એમ.એ; પીએચ.ડી.)નો ખૂબ જ આભારી છું કે તેમના ત્યાંથી મને એ વિશેષ આંદોલનકારી દૃષ્ટિકોણ મળ્યો, જેણે સીરતના અનેક નવા પાસાઓ મારા સામે ખોલ્યા અને હું આશા કરું છું કે આ પુસ્તકનો અભ્યાસ કરતી વખતે વાચકોની સામે વિચાર અને કોશિશના અમુક માર્ગો ખુલી શકશે. આ મહાનુભાવો ઉપરાંત, હું મારા એ વિશિષ્ઠ પ્રિયજનોના ઉપકારનો ભાર પણ અનુભવી રહ્યો છું, જેમણે વારંવાર હિંમત વધારી અને નિરંતર મને આ સેવા માટે પ્રોત્સાહન આપ્યું. આ મહાનુભાવો વારંવાર આને પૂર્ણ કરવાની અભિલાષા લઈને મને મળતા રહ્યા અને કલમના મુસાફરને ચલાવતા રહ્યા. અલ્લાહ આ તમામ મહાનુભાવો અને સાથીઓને ભરપૂર બદલો આપે.

અત્યાર સુધી આ કામ જે પરિસ્થિતિમાં થયું છે, તે તદ્દન એવું નથી જે કહી શકાય. કેટલીય વાર તેને હાથમાં લીધું, પરંતુ થોડાક દિવસ કામ કર્યા પછી મોકૂફીના લાંબા-લાંબા અંતરાલ આડે આવતા રહ્યા. ક્યારેક મહિનાઓ સુધી એક શબ્દ લખી શકાયો નહીં, પરંતુ શોખનો મુસાફર હતો કે જેને વારંવાર પડ્યા પછી કોઈ અદૃશ્ય

શક્તિ તેને ફરી ઊભો કરી દેતી રહી. એક દિવસ અચાનક મનમાં એ વિચાર સ્ફૂરિત થયો કે સંભવતઃ અલ્લાહ તઆલાની પ્રસન્નતા એ થઈ કે તમે જે મહાન હસ્તીના જીવનનું પ્રતિબિંબ દુનિયાને બતાવવા નીકળ્યા છો, તેના એકસોમા, હજારમા ભાગનો સ્વાદ તો તમારે લેવો જોઈએ, નહિં તો લેખનમાં એ આત્મા કેવી રીતે આવશે ! આ વિચારે ઇરાદાને એટલી મજબૂતી આપી કે જ્યારે પણ પોતાનાથી કામ લેવું સંભવ બન્યું, ત્યારે દરેક રીતે લીધું. પુસ્તકનો ઉત્તરાર્ધ એવો છે કે જેનો મોટો ભાગ પથારીમાં સૂતાં-સૂતાં લખવામાં આવ્યો છે. જાણે મેં મારી હસ્તીને આ કામમાં તદ્દન નિચોવી-નિચોવીને ખર્ચી છે ! એ રીતે આશા છે કે અલ્લાહ આનો સ્વીકાર કરશે, અને ભલાઈ અને સફળતાનું માધ્યમ બનાવશે.

કામ જે થઈ ચૂક્યું, એ તેનાથી ખૂબ ઓછું છે, જે પ્રસ્તાવિત રૂપરેખા અનુસાર કરવાનું બાકી છે. સંભવતઃ બે-ત્રણ ભાગો સુધી ફેલાશે. અત્યારે વાસ્તવમાં એક જ લાંબી ચર્ચા પ્રસ્તુત કરી છે, જે પોતાની જગ્યાએ વિસ્તૃત એ રીતે તો છે કે આમાં નબી અકરમ ﷺ ના સંઘર્ષનું વૃત્તાંત મહદ્અંશે આવી ગયું છે, પરંતુ એ બીજા પાસાઓથી અપૂર્ણ પણ છે, કેમ કે સીરતે-પાકના ઘણા મહત્ત્વના પાસાઓને મૂળથી આમાં સ્પર્શવામાં જ નથી આવ્યા. આ કારણસર એ ડર પણ છે કે કેટલાક મહાનુભાવો આના અભ્યાસથી કોઈ ગેરસમજમાં ન પડી જાય. તેથી બાકીના કામની રૂપરેખા પ્રસ્તુત કરી દેવી જરૂરી છે. તે નીચે પ્રમાણે છે :—

— એ ભૌગોલિક સાંસ્કૃતિક વાતાવરણનું પ્રતિબિંબ, જેમાં હુઝૂર ﷺ નું આગમન થયું.

— હુઝૂર ﷺ ના સંદેશ અને ઉદ્દેશ્યની સ્પષ્ટતા — એ હકીકતની વિગત કે આપ ﷺ માનવ-જીવનમાં શું મૂળભૂત પરિવર્તન લાવવા ઉઠ્યા હતા. ઉપરાંત, હુઝૂર ﷺ ના આમંત્રણનું સ્વરૂપ અને કાર્ય-ક્ષેત્ર શું હતું ?

— હુઝૂર ﷺ ની નેતૃત્વલક્ષી દૂરંદેશી અને કુનેહ તેમજ રાજકીય વિવેકબુદ્ધિનો અભ્યાસ.

— હુઝૂર ﷺ ના આમંત્રણના પરિણામે કેવો માનવી તૈયાર થયો.

— મહિલાઓએ કેવી રીતે હુઝૂર ﷺ ના સંઘર્ષમાં સહયોગ કર્યો.

— એક સંપૂર્ણ ભાગમાં હુઝૂર ﷺ ની સમગ્ર રચનાત્મક સિદ્ધિઓનું વૃત્તાંત એ રીતે પ્રસ્તુત કરવાનો ઇરાદો છે કે વર્તમાન યુગમાં તેનાથી વ્યવહારૂ માર્ગદર્શન પ્રાપ્ત કરી શકાય. જે નવા સિદ્ધાંતો પર, જે બુદ્ધિમત્તાથી અને તબક્કાવાર જીવનના એક-એક વિભાગની રચના કરી, તેને જુદા-જુદા લેખોમાં આવરી લેવામાં આવે;

જેમ કે - દિવ્ય સાંકેતિક વિવેકશીલ કાર્ય-પદ્ધતિની પ્રસિદ્ધિ. સમાજની પુખ્ત અને નવી પેઢીઓ માટે શૈક્ષણિક વ્યવસ્થાનું નિર્માણ, પ્રચલિત નીતિમત્તાનું નિર્માણ, આર્થિક સુધારણાઓ અને પ્રગતિ, રક્ષાત્મક પ્રબંધ અને તેની મજબૂતીની પદ્ધતિઓ, રાજકીય માળખાની નવરચના, સમાજ અને સભ્યતાની પુનઃસ્થાપના, ઇસ્લામી ન્યાય-વ્યવસ્થાનું અમલીકરણ, નેતૃત્વની હરોળનું પ્રશિક્ષણ, આંતરરાષ્ટ્રીય સંબંધોનું નિર્માણ તેમજ અન્ય વિભિન્ન રચનાત્મક પગલાઓને તેમની સૈદ્ધાંતિક ભાવના અને તેમની વ્યવહારૂ ઉપાયોની સાથે સ્પષ્ટરૂપે વર્ણવવામાં આવે.

— હુઝૂર ﷺ ના ઇસ્લામી રાજ્યની રક્ષાત્મક અને લશ્કરી કાર્યવાહીઓનો વિસ્તૃત અહેવાલ.

— સંભવ છે કે એક સંપૂર્ણ ભાગમાં વાંધાઓ ઊભા કરનારાઓના વાંધાઓ પર ચર્ચા કરવામાં આવે; ઉપરાંત ઘટનાઓ અને વ્યક્તિઓ અને મહત્ત્વની તારીખોના નિર્ધારણમાં રિવાયતો (નોંધો)ના જે મતભેદો જોવા મળે છે, તેના પર સંશોધનાત્મક દૃષ્ટિપાત કરવામાં આવે.

— સીરતે નબવી ﷺ ના સ્રોતો અને આ વિષય પર અત્યાર સુધીના બૌદ્ધિક કામો પર કંઈક અંશે વિવેચનાત્મક દૃષ્ટિપાત કરવામાં આવે.

— આના સાથે-સાથે જુદા-જુદા મહત્ત્વના નકશાઓ તૈયાર કરવાનું પણ નજર સમક્ષ છે, જેને સામે રાખવાથી ઘટનાઓ વધારે સારી રીતે સમજમાં આવી શકે છે, એ ક્ષેત્રમાં કંઈ-ને-કંઈ કામ — અને ખૂબ કીમતી કામ — થઈ ચૂક્યું છે. ઇરાદો છે કે તેને હજુ આગળ વધારવામાં આવે. શક્ય છે કે માનવતાના ઉપકારક ﷺ ની સીરત (જીવન-ચરિત્ર) અને ઇસ્લામી આંદોલન વિશે એક સંપૂર્ણ એટલાસ બની જાય. પુસ્તકમાં સામેલ થનાર વિભિન્ન માહિતીને એક દીવાલ પર લગાવી શકાય એવા સીરતના મોટા નકશામાં એકઠી કરી દેવાનો પણ વિચાર છે.

આ પુસ્તકના અનુવાદો ઓછામાં ઓછા અંગ્રેજી, અરબી, બંગલા અને હિંદીમાં કરાવવાની ઇચ્છા છે. એ રીતે આનું પ્રભાવ-ક્ષેત્ર વ્યાપક થઈ જશે.

અલ્લાહથી દુઆ છે કે તે આ ઇરાદાઓને ચરિતાર્થ કરવાની, વ્યવહારમાં લાવવાની સદ્પ્રેરણા આપે અને આ મહાન કાર્ય માટે જે પરિસ્થિતિ અને પરિબળોની જરૂર છે, તે પોતાના કૃપા-ભંડારમાંથી ઉપલબ્ધ કરે.

નઈમ સિદ્દીકી
જુમ્અતુલ મુબારક
માર્ચ, ઈ.સ. ૧૯૬૦

સીરતે-પાકની ઘટનાઓનો સમય-ક્રમ

પુસ્તકની મૂળ ચર્ચાઓમાં જ્યાં મોટા પ્રમાણમાં મહદ્અંશે સમય-ક્રમ જળવાયેલ છે, ત્યાં વિગતોમાં તેને અવગણીને વિષયો અને ચર્ચાઓ હેઠળ જુદા-જુદા તબક્કાઓની ઘટનાક્રમીય માહિતી એકત્ર કરી દેવામાં આવેલ છે. પરંતુ ઇતિહાસ, સીરત (જીવન-ચરિત્ર) અને આત્મકથાના ક્ષેત્રમાં ઘટનાઓના સમય-ક્રમનું પોતાનું પણ ઘણું મહત્ત્વ છે. તેથી આ જરૂરતને પૂરી કરવા માટે નીચેની રૂપરેખા પરિશિષ્ટના રૂપમાં પુસ્તકમાં સામેલ કરવામાં આવી રહી છે. આ રૂપરેખાનો લાભ એ છે કે એક નજરમાં સીરતે-પાકની મોટાભાગે તમામ ઘટનાઓ સામે આવી જાય છે.

સ્પષ્ટ રહે કે જુદી-જુદી તારીખો અને દિવસોના નિર્ધારણમાં નીચે મુજબના કારણોસર મતભેદો જોવા મળે છે :

— નુબૂવ્વત મળ્યા પહેલાની ઘટનાઓને 'આમુલ-ફીલ' (હાથીઓવાળી ઘટના) કે હુઝૂર ﷺ ના જન્મના વર્ષથી વર્ણવવામાં આવે છે અને આ વર્ષોને ઈસ્વી-સનથી જોડવામાં આવે છે. 'આમુલ-ફીલ' ૧ અને જન્મ-વર્ષ ૧ આમ તો એક સરખા જ છે. પરંતુ 'આમુલ-ફીલ'નો આરંભ 'ફીલ' (હાથીઓવાળી ઘટના)ના દિવસ (૧૭ મુહર્રમ, જુમ્આ)થી થાય છે, અને જન્મ-વર્ષ તેનાથી ૫૦ કે ૫૫ દિવસ (આશરે બે હિના પછી) શરૂ થાય છે. પ્રત્યેક બે વર્ષના આ ફરકને ઇતિહાસકારો અને રિવાયતકર્તાઓ કાં તો મૂળથી અવગણી નાખે છે, અથવા એ સ્પષ્ટ નથી કરતા કે તેમણે વર્ષનો કયો આરંભ અપનાવ્યો છે. પછી એક તરફ વર્ષનો આરંભ રબીઉલ-

અવ્વલથી થઈ રહ્યો છે અને બીજી તરફ પ્રચલિત ચંદ્ર-વર્ષ મુહર્રમથી (વર્ષનો) હિસાબ શરૂ થાય છે. આ રીતે ગણતરીની ગૂંચો વધી જાય છે. જેમ કે, જો જન્મ-વર્ષ સનની મુહર્રમથી ગણતરી કરીએ, તો હિજરત ચૌદમા જન્મ-વર્ષે થઈ, પરંતુ જો વર્ષનો હિસાબ રબીઉલ-અવ્વલથી કરીએ, તો તેરમા જન્મ-વર્ષે થઈ. ઇતિહાસકારોએ બંને વર્ષ લખ્યા છે.

— હિજરી કેલેન્ડરને વિધિસર હઝરત ઉમર ﷺ એ પોતાના ખિલાફત-કાળમાં તારીખ ૨૦ જમાદિલ-ઉખરા, હિજરી ૧૭, ગુરૂવારના દિવસે અપનાવ્યું. આના પહેલા હિજરી કેલેન્ડર ન તો નિયમિત હતું અને ન ઘટનાઓના સમયનું નિર્ધારણ તેના અનુસાર કરવાનો પ્રબંધ હતો. તેથી 'સિહાહ' (હદીસોના છ પુસ્તકો)ના રેકર્ડ હિજરી કેલેન્ડરથી નિરપેક્ષ છે. હિજરી કેલેન્ડરને અપનાવ્યા પછી અગાઉની ઘટનાઓનો સમય-ક્રમ તેના અનુસાર નિર્ધારિત કરવામાં આવવા લાગ્યો.

— પછી હિજરતથી જે ચંદ્ર-વર્ષ શરૂ થાય છે તેની ગણતરી પણ બે રીતે કરી શકાય છે : એક એ કે હિજરતનો મહિનો (રબીઉલ-અવ્વલ)થી ગણવામાં આવે અને બીજી એ કે વર્ષોની ગણતરી આમ તો હિજરતના વર્ષથી કરવામાં આવે, પણ વર્ષની શરૂઆત ચંદ્ર-વર્ષના પ્રચલિત આરંભ (મુહર્રમ)થી જ કરવામાં આવે. અર્થાત્ હિજરતનું સૌપ્રથમ વર્ષ માત્ર દસ મહિનાનું ગણવામાં આવે (રબીઉલ-અવ્વલથી ઝિલહજ્જ). હદીસવેત્તાઓ, સીરત-લેખકો અને ઐતિહાસિક સ્રોતોમાં હિજરી-વર્ષને આ બંને સ્વરૂપોમાં લેવામાં આવેલ છે. પરંતુ આ બાબતની સ્પષ્ટતા ભાગ્યે જ કરવામાં આવી છે કે વર્ષની ગણતરી કઈ ઢબે કરવામાં આવી છે.

— પછી કેટલીક રિવાયતોમાં તારીખની સાથે જે દિવસનો ઉલ્લેખ છે, તેનો પરસ્પર મેળ ખાતો નથી. બંનેમાં જે પાસાથી વિશ્વસનીયતા અથવા રિવાયતોની સહમતિ જોવા મળે છે તેને આધાર બનાવીને બીજું પાસું ગણીને તે નક્કી કરવામાં આવે છે.

— સૌથી મોટી મુશ્કેલી કેલેન્ડરો અને વિભિન્ન સનના ક્રમના મેળથી ઊભી થાય છે, કેમ કે સ્રોતોમાં કોઈ એક કેલેન્ડર કે સનના ક્રમની પાબંદી કરવામાં નથી આવી. કેલેન્ડરોની આ હેરફેર એ કારણે પણ વધી જાય છે કે જુદા-જુદા સન-કેલેન્ડરો ઉપરાંત સ્વયં ઈસ્વી કેલેન્ડરો પણ બે પ્રકારના પ્રચલનમાં રહી ચૂક્યા છે. — એક સૂર્ય-વર્ષ, બીજું ચંદ્ર-વર્ષ. વધારે મુશ્કેલી એ છે કે ઈસ્વી અને બીજા કેલેન્ડરોની પ્રણાલીઓ બદલાતી રહે છે. હવે કેટલીય સદીઓ પછી જ્યારે તારીખો અને દિવસોના મેળ માટે ગણતરી કરવામાં આવે છે તો અલગ-અલગ પાસાઓથી મતભેદના માર્ગો નીકળી આવે છે.

— કેટલીક ઘટનાઓ અને કાર્યવાહીઓને સમય-નિર્ધારણની સાથે મહત્ત્વની રિવાયતોમાં વર્ણવવામાં જ આવેલ નથી, બલ્કે કુર્આન અને હદીસ અને સીરતના રેકર્ડના પ્રકાશમાં માત્ર એટલી જ વાત નક્કી થઈ શકે છે કે કોઈ ઘટના ફલાણી ઘટનાથી પહેલા કે પછી ઘટી. પરંતુ જુદી-જુદી ઘટનાઓ (જેમ કે તયમ્મુમની અનુમતિ, મુત્આ (નિયત મુદ્દતના નિકાહ)ની હુરમત, હિજાબના આદેશોનું અમલીકરણ અને બીજા કેટલાક યુદ્ધો અને લડાઈઓ કે સંધિઓ) વિશે તારીખનું નિર્ધારણ કર્યા વગર કેવળ ઉપરછલ્લો સમય-ક્રમ સ્થાપિત કરવામાં પણ રિવાયતો વિરોધાભાસી છે.

અનુમાન કરી શકાય છે કે સીરતે-પાકની બધી વિગતવાર ઘટનાઓના સમય-ક્રમને બરાબર તારીખના નિર્ધારણની સાથે પ્રસ્તુત કરવું મુશ્કેલ છે. મોટા-મોટા સંશોધકો, જેમાં માત્ર સીરત-લેખકો જ નહીં, તફ્સીરવેત્તાઓ, હદીસવેત્તાઓ અને ફુકહા (ઇસ્લામી ધર્મશાસ્ત્રીઓ) બધા જ સામેલ છે, મહદ્અંશે મતભેદો ધરાવે છે અને દરેક દષ્ટિબિંદુના પક્ષમાં અને તેના વિરુદ્ધમાં લાંબી-લચક દલીલો-ચર્ચાઓ જોવા મળે છે.

માનવતાના ઉપકારક ﷺ ના લેખકે પોતાના અભ્યાસની હદ સુધી આ મતભેદો અને કેલેન્ડરોની ગણતરીઓમાં કોશિશો કરીને કોઈ એક સ્વરૂપ આ રૂપરેખામાં નિશ્ચિત કરી દીધું છે અને મહત્ત્વના મતેભદોને સાંકેતિકરૂપે નોંધી દીધા છે. પરંતુ ન તો મતભેદો ધરાવતા સંપૂર્ણ દષ્ટિબિંદુને અહીં નોંધીને વાચકને પરેશાન કરવું યોગ્ય હતું અને ન તો એ અવકાશ હતો કે પુરોગામીઓ અને અનુગામીઓની વિગતવાર ચર્ચાઓ પ્રસ્તુત કરવામાં આવે. આ કામ જો કરવામાં આવે તો તદ્દન અલગથી કરવાનું કામ છે.

આ રૂપરેખામાં હિજરત પૂર્વેની ઘટનાઓને કાં તો 'આમુલ-ફીલ' અને જન્મ-વર્ષના હિસાબથી નોંધવામાં આવેલ છે, અથવા નુબૂવ્વત-વર્ષના હિસાબથી. ક્યાંક હુઝૂર ﷺ ની વય-મુબારકને જ સમય-નિર્ધારણનું માપદંડ બનાવવામાં આવેલ છે.

નં.	પ્રસંગ	ઘટનાનો સમય	રિવાયત-નોંધ
૧.	હુઝૂર ﷺ નો જન્મ	વસંત ઋતુમાં સોમવારના દિવસે (આ દિવસ પર સહમતિ છે) તારીખ, ૯ રબીઉલ અવ્વલ, સ.૧, આમુલ-ફીલ, (ફીલના પ્રસંગથી	તબરી અને ઇબ્ને ખલદૂને ૧૨મી રબીઉલ અવ્વલ અને અબૂલ મિકદાદે ૧૦ તારીખની નોંધ કરી છે. પરંતુ સોમવારના દિવસ પર સહમતિ હોવાથી અને સોમવાર ૯ તારીખે જ આવે છે તેથી મુહમ્મદ તલ્અત બુક અરબ (લેખક : તારીખે દૂલ-અરબ વલ-ઇસ્લામ)ના

		૫૦ દિવસ પછી, ૨૨ એપ્રિલ, ઈ.૫૭૧, ૧ જેઠ વિક્રમ સંવત ૬૨૮ વહેલી પરોઢે (સૂર્યોદય પહેલા). પ્રચલિત તારીખ ૧૨ રબીઉલ અવ્વલ છે.	સમર્થનમાં કાઝી સુલૈમાન મન્સૂરપૂરી (લેખક : રહમતુલ આલમીન ﷺ)એ કેલેન્ડરોના હિસાબમાં કોશિશ કરતાં ૯ના પક્ષમાં જ અભિપ્રાય આપ્યો છે. મિસરના પ્રખ્યાત ખગોળશાસ્ત્રી-આલિમ મહમૂદ પાશાએ ગાણિતિક દલીલોથી સાબિત કર્યું છે કે હુઝૂર ﷺ નો જન્મ-દિવસ ૯ રબીઉલ અવ્વલ છે, જેને પાશાએ ૨૦ એપ્રિલ ઈ.૫૭૧ થી સરખાવેલ છે. અલ્લામા શિબ્લીએ પણ આ જ સંશોધનનો સ્વીકાર કર્યો છે. ૨૨ એપ્રિલનું નિર્ધારણ ગ્રેગોરિયન નિયમ મુજબ છે, જેના હેઠળ સપ્ટેમ્બર, ઈ.૧૭૫૨થી નવું ઈસ્વી કેલેન્ડર શરૂ થયું. પ્રાચીન કેલેન્ડર નિયમ મુજબ એ દિવસે ૧૯ એપ્રિલ સન ૫૨૭૪ જુલિયનની તારીખ નક્કી થાય છે. એક મતભેદ એ પણ છે કે હુઝૂર ﷺ નો જન્મ આમુલ-ફીલથી ૫૦ દિવસ પછી થયો કે ૫૫ દિવસ પછી. દેખીતી રીતે હિસાબ ૫૦ દિવસના પક્ષમાં છે. મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી (લેખક : અસ્હુસ્સિયર)એ ૮ અથવા ૧૨ રબીઉલ અવ્વલ એમ બે તરીખો લખી છે. પરંતુ ન તો રિવાયતના સ્રોત પર ચર્ચા કરી છે, ન કેલેન્ડરો વિશે અર્થઘટન પ્રસ્તુત કરેલ છે. કેટલાકે એક મુહર્રમનું પણ નિર્ધારણ કર્યું છે અને ઈસ્વી કેલેન્ડરની રીતે ૧૨ અને ૧૫ ફેબ્રુઆરીની તારીખોનો ઉલ્લેખ કર્યો છે. ઇબ્ને ઈસ્હાકના નજીક રબીઉલ અવ્વલની બારમી રાત વિત્યા પછી હુઝૂર ﷺ નો જન્મ થયો.

			અમારા મત પ્રમાણે સંશોધકોનું પલ્લું ૯ મી તારીખના પક્ષમાં નમતું છે.
૨.	ધાવણ	૪ મહિનાની ઉંમરે	જન્મના ૨-૩ દિવસ પછી સુવેબિયા (જે અબૂ લહબની દાસી હતી)નું દૂધ હુઝૂર ﷺ એ થોડો સમય પીધું. નિયમિત ધાવણનો ગાળો આપ ﷺ એ દાઈ હલીમા સા'દિયાના રણસ્થિત ઘરમાં પસાર કર્યો.
૩.	હુઝૂર ﷺ ની માતાનું અવસાન	૬ વર્ષની ઉંમરે	
૪.	હુઝૂર ﷺ ના દાદાનું અવસાન	૮ વર્ષ ૨ મહિના અને ૧૦ દિવસની ઉંમરે	
૫.	સીરિયાનો પહેલો પ્રવાસ (જનાબ અબૂ તાલિબની સાથે)	૧૨ વર્ષ ૨ મહિનાની ઉંમરે	બહીરા સંન્યાસીનો પ્રસંગ આ જ પ્રવાસ માટે પ્રખ્યાત છે.
૬.	ફુજ્જારની લડાઈમાં ભાગ, પહેલી વાર	૧૫ વર્ષની ઉંમરે (કે થોડીક વધારે)	
૭.	ફુજ્જારની લડાઈમાં ભાગ, બીજી વાર	થોડાક ગાળા પછી, સમયનું નિર્ધારણ નથી.	
૮.	હલફુલ-ફુઝૂલ (એક સુધારક સંગઠન)માં ભાગ	૧૬ વર્ષની ઉંમરે	
૯.	સીરિયાનો બીજો પ્રવાસ (વેપારીની હેસિયતથી)	૨૩ કે ૨૪ વર્ષની ઉંમરે	

૧૦.	દાંપત્ય જીવન (હઝરત ખદીજા ﷺ ની સાથે)	૨૫ વર્ષ ૨ મહિના ૧૦ દિવસની ઉંમરે	
૧૧.	અદૃશ્ય રહસ્યોના પ્રગટ થવાની શરૂઆત	નુબૂવ્વતના ૭ વર્ષ પહેલા, ૩૩ વર્ષની ઉંમરે	
૧૨.	તહકીમ (ન્યાયાધીશ તરીકેની કામગીરી)	૩૫ વર્ષની ઉંમરે	હરમના નિર્માણના સંદર્ભમાં હજ્રે અસ્વદની સ્થાપના કરવા અંગે ઝઘડો થયો, તો બધાએ હુઝૂર ﷺ ને 'અમીન' (પ્રમાણિક) ઠેરવીને 'હકમ' (લવાદ) બનાવ્યા અને મામલો સારી રીતે ઉકેલાયો.
૧૩.	નુબૂવ્વત (નબી બન્યા)	૪૦ વર્ષ ૧૧ દિવસ, ૯ રબીઉલ અવ્વલ, ૪૧ વર્ષ જન્મ-વર્ષ મુજબ ૧૨ ફેબ્રુઆરી, ઈ. ૬૧૦, સોમવાર	આ તારીખના નિર્ધારિણમાં પણ ઘણો મતભેદ છે. એક રિવાયત એ છે કે ૪૦ વર્ષ ૬ મહિના ૧૬ દિવસ (ચંદ્ર-વર્ષ) અને ૩૯ વર્ષ ૩ મહિના ૧૬ દિવસ (સૂર્ય-વર્ષ)ની ઉંમરે નુબૂવ્વતનું ફરમાન હિરામાં અવતરિત થયું. આમ, કેટલાકે ૨૫ રમઝાન અને કેટલાકે ૧૩ રબીઉલ અવ્વલની તારીખો આપી છે અને ઈસ્વી કેલેન્ડરની રીતે ૧૨ ફેબ્રુઆરીની સામે ૬ ઓગસ્ટ ઈ. ૬૧૦ ની તારીખનો પણ ઉલ્લેખ છે. પરંતુ આ બધા મતભેદો કેલેન્ડરની ગણતરીની ગૂંચથી પેદા થયા છે. વધુમાં, ગૂંચનું એક કારણ એ પણ છે કે નુબૂવ્વતનું ફરમાન અને કુર્આનના અવતરણના આરંભના સમયો રિવાયતોમાં ભેળસેળ થઈ ગયા છે. 'ઝાદુલ-મિઆદ'ના લેખકે ૮ તારીખ લખી છે, પરંતુ સોમવાર કેલેન્ડરના હિસાબે ૯ તારીખે આવે છે.

			નુબૂવ્વતના ફરમાનનું સ્વરૂપ એ હોય છે કે રૂહુલ-અમીને ગુફામાં સામે આવીને સંબોધન કર્યું કે, ''ખુશ-ખબર કબૂલ કરો, આપ અલ્લાહના રસૂલ છો, અને હું જિબ્રઈલ છું.'' આ પ્રસંગ પર આપ ﷺ ને બેચેની થઈ અને હઝરત ખદીજા رضي الله عنها એ સાંત્વના આપી.
૧૪.	નમાઝ ફર્ઝ થઈ (ફજ્ર અને અસ્રની ૨-૨ રકા'તો)	૯ રબીઉલ અવ્વલ, નુબૂવ્વતના દિવસે	
૧૫.	કુર્આનના અવતરણની શરૂઆત	૧૮ રમઝાન સન ૧ નુબૂવ્વત, જુમ્આના દિવસે (રાત્રિના સમયે) ૧૭ ઓગસ્ટ ઈ.૬૧૦	આ પ્રસંગે સૂરઃ અલક અવતરિત થઈ. તબરીએ ૧૭ કે ૧૮ બંને તારીખો લખી છે. પરંતુ કેલેન્ડરના હિસાબથી જુમ્આ ૧૮ તારીખે જ આવે છે.
૧૬.	ગુપ્ત આમંત્રણનો તબક્કો	સન ૧ થી ૩ નુબૂવ્વત	સફા પહાડ મુકામે આવેલ અરકમ મખઝૂમીનું ઘર ઈસ્લામી આંદોલનનું કેન્દ્ર બન્યું અને આશરે ૪૦ વ્યક્તિઓ આ તબક્કામાં ઈસ્લામ લાવ્યા. નમાઝ શહેરથી બહાર ગુપ્ત રીતે પઢવામાં આવતી.
૧૭.	નુબૂવ્વતનું એલાન (પહેલું સાર્વજનિક સંબોધન)	સન ૩ નુબૂવ્વત (અંતમાં)	
૧૮.	વિરોધનો પહેલો તબક્કો (ઠઠ્ઠા-મશ્કરી અને પ્રોપેગન્ડા) અને હળવી હિંસા	સન ૩ થી ૫ નુબૂવ્વત	આ તબક્કામાં અબૂ તાલિબ પર દબાણ નાખવા માટે કુરૈશના પ્રતિનિધિ-મંડળો વાતચીત કરતા રહ્યા અને વિરોધ માટે વિશેષ સભાઓમાં યુક્તિઓ વિચારવામાં આવતી રહી.

૧૯.	સખત વિરોધનો બીજો તબક્કો (જાહેરમાં અત્યાચારો)	સન ૫ થી ૭ નુબૂવ્વત	
૨૦.	હબ્શાની હિજરત	રજબ સન ૪૫, જન્મ-વર્ષ ૫, નુબૂવ્વત	
૨૧.	હઝરત હમઝા ﷺ અને હઝરત ઉમર ﷺ નો ઈસ્લામ સ્વીકાર	સન ૬ નુબૂવ્વત	હઝરત ઉમર ﷺ, હઝરત હમઝા ﷺ ના ત્રણ દિવસ પછી ઈસ્લામ લાવ્યા. કેટલાકના કહેવા મુજબ હઝરત હમઝા ﷺ સન ૨ નુબૂવ્વતમાં ઈમાન લાવ્યા.
૨૨.	હુઝૂર ﷺ ને કુટુંબ બનૂ હાશિમ સહિત નજરકેદ(બહિષ્કાર) શેઅ્બેઅબી તાલિબમાં	એક મુહર્રમ સન ૪૭ જન્મ-વર્ષ, સન ૭ નુબૂવ્વત શનિવારના દિવસે	
૨૩.	બહિષ્કાર અને નજરકેદની સમાપ્તિ	સન ૯ નુબૂવ્વતના અંતે કે સન ૧૦ નુબૂવ્વતના આરંભમાં	
૨૪.	'આમુલ-હઝન' જનાબ અબૂ તાલિબ અને હઝરત ખદીજા ﷺ નું અવસાન	સન ૧૦ નુબૂવ્વત	અબૂ તાલિબના અવસાનના ૩ કે ૫ મહિના પછી હઝરત ખદીજા ﷺ રમઝાન મહિનામાં મૃત્યુ પામ્યા.
૨૫.	તાઈફનો પ્રવાસ	જમાદિલ ઉખરા, ૫૦ જન્મ-વર્ષ, સન ૧૦ નુબૂવ્વત	બીજી રિવાયત ૨૬, ૨૭ શવ્વાલ, સન ૧૦ નુબૂવ્વતની છે.
૨૬.	મેઅ્રાજ	૨૭ રજબ જન્મ-વર્ષ ૫૦, સન ૧૦ નુબૂવ્વત, શનિવાર રાત્રે	

૨૭.	પાંચ વખતની નમાઝ ફર્ઝ થઈ	૨૭ રજબ જન્મ-વર્ષ ૫૦, સન ૧૦ નુબૂવ્વત, શનિવાર રાત્રે	
૨૮.	મદીનામાં ઇસ્લામનો આરંભ	ઝિલહજ્જ, સન ૫૦ જન્મ-વર્ષ, સન ૧૧ નુબૂવ્વત	
૨૯	મદીનાનું પ્રતિનિધિ-મંડળ (૬ વ્યક્તિઓ) નો ઇસ્લામ-સ્વીકાર	ઝિલહજ્જ, સન ૫૨ જન્મ-વર્ષ, ૧૨ નુબૂવ્વત	
૩૦.	પ્રથમ બૈતે ઉકબા (૧૨ વ્યક્તિઓ)	ઝિલહજ્જ, સન ૫૨ જન્મ-વર્ષ, ૧૨ નુબૂવ્વત	
૩૧.	બીજી બૈતે ઉકબા (૭૫ વ્યક્તિઓ)	ઝિલહજ્જ, સન ૫૩ જન્મ-વર્ષ, ૧૩ નુબૂવ્વત	
૩૨.	હિજરત — (અ) મક્કાથી ગારે-સૂર (બ) ગારે-સૂરથી રવાના (ક) કુબામાં આગમન (ડ) કુબાથી મદીના રવાના. મદીનામાં પ્રવેશ	 ૨૭ સફર (રાત્રે) ૫૩ જન્મ-વર્ષ, ૧૩ નુબૂવ્વત. ૧ રબીઉલ અવ્વલ સોમવાર, ૧૬ સપ્ટેમ્બર, ઈ.૬૨૨. ૮ રબીઉલ અવ્વલ ૫૩ જન્મ-વર્ષ, ૧૩ નુબૂવ્વત, ૨૩ સપ્ટેમ્બર, ઈ.૬૨૨, સોમવાર. ૧૨ રબી.અવ્વલ હિ.૧, ૧૪ નુબૂવ્વત, જુમ્આ	 સ્પષ્ટ રહે કે હુઝૂર ﷺ ની મુબારક ઉંમર આ ઘટનાના સમયે રબીઉલ અવ્વલમાં ૫૩ વર્ષ પૂરી થઈ, અને ૫૪ મું વર્ષ શરૂ થયું. આમ, તેરમું નુબૂવ્વતનું વર્ષ પૂરું થઈને ચૌદમા વર્ષની શરૂઆત થઈ. જુમ્આ બનૂ સાલિમની વસ્તીમાં અદા કરવામાં આવી. એક મજબૂત રિવાયત એ પણ છે કે કુબામાં ૧૪ દિવસ રોકાણ કર્યું સહીહ બુખારીમાં રોકાણની મુદત 'بضع عشرة ليلة'

			નો ઉલ્લેખ છે. તેથી કેટલીક રિવાયતોમાં મદીના પહોંચવાની તારીખ ૨૨ રબીઉલ અવ્વલ આવે છે.
૩૩.	મસ્જિદે-નબવીની પાયાવિધિ	રબીઉલ અવ્વલ હિ.૧	
૩૪.	ફર્ઝ નમાઝોમાં વધારો	રબીઉસ્સાની, હિ.૧	ઝૂહ્ર, અસ્ર અને ઈશાની ચાર-ચાર રકાતો ફર્ઝ થઈ.
૩૫.	મુહાજિરો અને અન્સારમાં ભાઈચારો	હિ.૧ના પહેલા ત્રણ મહિના	હઝરત અનસ ﷺ ના મકાન પર ભાઈચારાની સ્થાપના માટે સભા થઈ. તેમાં હુઝૂર ﷺ ની સામે ૯૦ મુહાજિરો અને અન્સાર હાજર હતા.
૩૬.	ઈસ્લામી રાજ્યની સ્થાપના. મદીનાની વસ્તીનો દસ્તાવેજી કરાર	હિ.૧ ના મધ્યમાં	
૩૭.	સુરક્ષા વ્યવસ્થાનું અમલીકરણ	હિ.૧ના મધ્યમાં (હિજરતના સાતમા મહિનાની શરૂઆતમાં)	લશ્કરી પ્રદર્શન અને રાત્રિ ચોકી-પહેરા માટે એક-પછી-એક ત્રણ ટુકડીઓ રવાના કરી. (૧) સાતમા મહિને ૩૦ વ્યક્તિઓની ટુકડી હઝરત હમઝા ﷺ બિન અબ્દુલ મુત્તલિબની આગેવાનીમાં સૈફુલ-બહ્ર સ્થળ સુધી ગઈ. (૨) આઠમા મહિને (શવાલ) ૬૦ કે ૮૦ સવારોની ટુકડી હઝરત ઉબૈદા બિન હારિસ ﷺ ની આગેવાનીમાં રાબિગ તરફ મોકલવામાં આવી. (૩) નવમા મહિને (ઝિલકઅદ) હઝરત સઅદ બિન વક્કાસ ﷺ ૨૦ સવારોની ટુકડી લઈને ખર્રાર સુધી ગયા. આના પછી વદ્દાન તરફ હુઝૂર

			ﷺ પોતે એક જૂથની સાથે ગયા. આ વ્યવહારિક અને પ્રાસંગિક પરિસ્થિતિ જોતાં અમે એ દષ્ટિબિંદુથી સંમત નથી થઈ શકતા કે જિહાદના આદેશની પ્રસિદ્ધ આયત હિ. ૨માં અવતરિત થઈ. વાસ્તવમાં હિ. ૨માં વ્યવહારિક રૂપે 'કિતાલ' કરવાનો નિર્ણય થયો. આના પહેલા વ્યવહારિક રીતે અથડામણથી દૂર રહ્યા. પરંતુ રક્ષાત્મક વ્યવસ્થાની રચના માટે અલ્લાહનું કોઈ-ને-કોઈ ફરમાન અવશ્ય પ્રથમ પ્રેરક હોવું જોઈએ. આ જ કારણ છે કે અમે જિહાદના હુકમની આયતનું અવતરણ હિજરત પહેલા ઠેરવીએ છીએ. આનો હેતુ એ હતો કે ઈસ્લામી સમુદાયનું માનસ આમંત્રણના ધૈર્યના તબક્કાથી આવનાર જિહાદના તબક્કાની જવાબદારીઓ તરફ વળ્યું, અને તેમણે નવા કેન્દ્રમાં પહોંચીને તરત જ રક્ષાત્મક પ્રબંધનો આરંભ કરી દીધો.
૩૮.	હુઝૂર ﷺ ના ઘરમાં હઝરત આઈશા રદિ. નું આગમન	શવાલ, હિ. ૧	
૩૯.	બે આગેવાનોનો ઈસ્લામ-સ્વીકાર (૧) અબ્દુલ્લાહ બિન સલામ (પૂર્વ યહૂદી આલિમ) (૨) અબૂ કૈસ સર્હા બિન અબી અનસ (પૂર્વ ખ્રિસ્તી સંન્યાસી)		

૪૦.	જિહાદનું ફરમાન (વ્યવહારિક કાર્યવાહી કરવાની અનુમતિ)	૧૨ સફર, હિ. ૨ કે હિજરતના ૧ વર્ષ ૨ મહિના ૧૭ દિવસ પછી	
૪૧.	હુઝૂર ﷺ નો સૌપ્રથમ લશ્કરી અને રાજકીય પ્રવાસ - ગઝવએ વદ્દાન	સફર, હિ.૨ હિજરતના બારમા વર્ષે	
૪૨.	બહારના કબીલાઓ સાથે સંધિ-સંબંધો	સફર થી જમાદિલ ઉખરા, હિ.૨	ઇતિહાસકારોના વર્ણનોથી એ પણ ખબર પડે છે કે જુહૈનાનો સરદાર મુજદી જુહૈની બની ઝમરહની લડાઈ પહેલા મદીના સાથે મૈત્રી-સંબંધો રાખતો હતો.
૪૩.	કુર્ઝ બિન જાબિર ફહરી દ્વારા ધાડ (દુશ્મન દ્વારા પહેલી શિરજોરી)	રબીઉલ અવ્વલ, હિ. ૨	
૪૪.	નખલાની ઘટના (ઇસ્લામી લશ્કરી ટુકડીની પહેલી સરહદી ટક્કર)	રજબના અંતે, હિ.૨	એક કાફિર અમ્ર બિન હઝરમી માર્યો ગયો. બે કેદીઓને ઊંટો અને માલ-સામાન સહિત મદીના લાવવામાં આવ્યા. હુઝૂર ﷺ એ આ ટક્કર પર નારાજગી દર્શાવી.
૪૫.	સલમાન ફારસી ؓ નો ઇસ્લામ-સ્વીકાર	હિ. ૨	
૪૬.	અઝાનની શરૂઆત	હિ. ૨	
૪૭.	ઝકાત ફર્ઝ થઈ	હિ. ૨	
૪૮.	કિબ્લાનું પરિવર્તન	૧૫ શાબાન, હિ.૨ સોમવાર	

૪૯.	રમઝાન માસના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા	૧ રમઝાન, હિ. ૨ બુધવાર	બદ્રના યુદ્ધની તારીખ, અર્થાત્ ૧૭ રમઝાને મોટાભાગની રિવાયતોથી જુમ્આનો દિવસ સાબિત છે. તેથી હિસાબથી એક તારીખે બુધવાર હોવો જોઈએ. તેથી અમે એ રિવાયત છોડી દીધી છે, જેમાં એક રમઝાને રવિવાર ગણવામાં આવે છે.
૫૦.	ઈદુલ ફિત્રની નમાઝ જમાઅત સાથે કરવામાં આવી અને સદ્કએ-ફિત્રના હુકમનું અમલીકરણ	૧ શવાલ, હિ.૨	
૫૧.	બદ્રનું યુદ્ધ. પહેલું વિધિસરનું યુદ્ધ મદીનાથી રવાના ઘમાસાણ યુદ્ધ મદીનામાં વિજય-પ્રવેશ	૮ રમઝાન, હિ.૨, બુધવાર કે ૧૨ રમઝાન, હિ.૨, રવિવાર ૧૭ રમઝાન, હિ.૨ ૨૧ રમઝાન, હિ.૨ સોમવાર	વિચિત્ર ઉલઝન છે કે યુદ્ધના દિવસ અને તારીખ પર તો મોટાભાગે સહમતી છે, પણ મદીનાથી રવાનગીની તારીખ કેટલાકે ૧૨ ઠેરવી છે, કેટલાકે ૮. જેમણે ૮ તારીખ લખી છે તેઓ સોમવારનો ઉલ્લેખ કરે છે. જયારે કે ૧૭ રમઝાને જુમ્આ હોય તો ૮ તારીખે કોઈપણ રીતે સોમવાર ન હોઈ શકે. તેથી અમે ૮ રમઝાનની રિવાયતમાં બુધવાર અને ૧૨મીની રિવાયતમાં રવિવાર લખ્યું છે. અલબત્ત એ રિવાયતને મહત્ત્વ આપવામાં આવે જે મુજબ ૧૭ રમઝાને મંગળવાર ગણવામાં આવ્યો છે, તો પછી ૧લી અને ૮મીએ રવિવાર હોવો જોઈએ.
૫૨.	હઝરત અલી ﷺ અને હઝરત ફાતિમા ﷺ ના લગ્ન	બદ્રના યુદ્ધ પછી, હિ.૨	
૫૩.	બનુ કૈનુકાઅને ઘેરો	શવાલના મધ્યથી ઝિલકઅદના આરંભ સુધી, હિ.૨	

૫૪.	હુઝૂર ﷺ ના નિકાહ હઝરત હફસા ؓ બિન્તે ઉમર ؓ સાથે	હિ. ૩	
૫૫.	હઝરત ઉસ્માન ؓ અને ઉમ્મે કુલસુમ ؓ બિન્તે મુહમ્મદ ﷺ ના નિકાહ	હિ. ૩	
૫૬.	શરાબ પર પ્રતિબંધનો આરંભિક હુકમ	હિ. ૩	
૫૭.	કઅબ બિન અશરફ માર્યો ગયો	હિ. ૩	
૫૮.	ઈમામ હસન ؓ નો જન્મ	૧૫ રમઝાન, હિ.૩	
૫૯.	ઉહદનું યુદ્ધ —મદીનાથી રવાના —ઘમાસાણ યુદ્ધ —હમરહ અલ-અસદ સુધી અબૂ સુફિયાનના લશ્કરનો પીછો	 ૫ શવાલ, હિ.૩ જુમુઆ નમાઝ પછી ૬ શવાલ શનિવાર ૭ શવાલ, રવિવાર	ઝાદુલ મિઆદમાં ઘમાસાણ યુદ્ધની તારીખ ૭ લખવામાં આવી છે.
૬૦.	વ્યાજખોરીને છોડી દેવા આરંભિક શિખામણ	ઉહદના યુદ્ધ પછી તરત જ	જુઓ : આલે ઈમરાન, આ.૧૩૦
૬૧.	અનાથો વિશે આદેશો	ઉહદના યુદ્ધ પછી તરત જ	
૬૨.	વારસાના વિસ્તૃત કાનૂનની જાહેરાત	ઉહદના યુદ્ધ પછી તરત જ	

૬૩.	લગ્નનો કાયદો, પતિ-પત્નીના હક્કો, મુશ્રિક સ્ત્રીઓથી નિકાહની મનાઈ	હિ. ૩	
૬૪.	હુઝૂર ﷺ ના નિકાહ ઝૈનબ رضي الله عنها બિન્તે ખુઝૈમા ઉમ્મુલ મસાકીન સાથે	હિ. ૩ ના અંતે	ઉહદના યુદ્ધના દિવસે વિધવા થયા હતા. તેમની ઇદ્દત હિ.૩ માં ત્યારે પૂરી થઈ શકે છે, જો સગર્ભા હોય.
૬૫.	રજીઅની દુર્ઘટના - ઈસ્લામના આમંત્રણ અને શૈક્ષણિક પ્રતિનિધિ-મંડળના દસ સભ્યોની હત્યા	સફર, હિ.૪	
૬૬.	બનૂ નઝીરનું યુદ્ધ	રબીઉલ અવ્વલ, હિ.૪	
૬૭.	ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઝૈનબ رضي الله عنها બિન્તે ખુઝૈમાનું અવસાન	હિ.૪ના આરંભમાં	તેઓ નબી ﷺ ના દાંપત્યમાં માત્ર બે-ત્રણ મહિના રહ્યા.
૬૮.	પરદાના હુકમનો અમલ	૧ ઝિલકઅદ, હિ.૪ શુક્રવાર	
૬૯.	સંપૂર્ણ શરાબબંધીનો કાયદો અમલમાં મૂકાયો	હિ. ૪	
૭૦.	બદ્રનું બીજું યુદ્ધ	ઝિલકઅદ, હિ.૪	અબૂ સુફિયાન પોતાના પડકાર અનુસાર સામનો કરવા ન આવ્યો.
૭૧.	દૂમતુલ-જન્દલનું યુદ્ધ	રબીઉલ અવ્વલ, હિ.૫	ટક્કર ન થઈ.

૭૨.	બનૂ મુસ્તલિકનું યુદ્ધ	૩ શાબાન, હિ.૫	
૭૩.	તયમ્મુમનો હુકમ	બનૂ મુસ્તલિકના યુદ્ધના પ્રવાસમાં	
૭૪.	હુઝૂર ﷺ ના નિકાહ હઝરત જુવૈરિયા رضي الله عنها થી	શાબાન, હિ.૫	
૭૫.	ઈફકની ઘટના	શાબાન, હિ. ૫	
૭૬.	વ્યભિચાર, કઝફ (ચોરના હાથ કાપવાની સજા) અને લિઆનના ફોજદારી કાનૂનનો અમલ, ઉપરાંત પરદાના વિગતવાર આદેશો	હિ. ૫ (ઈફકની ઘટના પછી)	
૭૭.	અહઝાબનું યુદ્ધ	શવાલ કે ઝિલકઅદ, હિ. ૫	
૭૮.	દૌસના પ્રતિનિધિ-મંડળનું મદીનામાં આગમન	હિ. ૫	આ ૭૦-૮૦ મુસ્લિમ પરિવારોનું મોટું પ્રતિનિધિ-મંડળ હતું.
૭૯.	બનૂ કુરૈઝાનો અંત	ઝિલહજ્જ, હિ. ૫	
૮૦.	હુઝૂર ﷺ ના નિકાહ હઝરત ઝૈનબ બિન્તે હજશ رضي الله عنها થી	હિ. ૫	
૮૧.	નજદના સરદાર સમામા બિન ઉસાલ હનફીનો ઈસ્લામ સ્વીકાર	હિ. ૬	

૮૨.	હુદૈબિયાની સંધિ	ઝિલકઅદ, હિ.૬	
૮૩.	હુદૈબિયાથી મદીના પરત	ઝિલહજ્જ, હિ.૬	
૮૪.	ખાલિદ બિન વલીદ અને અમ્ર બિન આસનો ઈસ્લામ સ્વીકાર	ઝિલહજ્જ, હિ.૬	
૮૫.	ઈસ્લામના આંતરરાષ્ટ્રીય આમંત્રણનો આરંભ (રાજાઓને પત્રો)	૧ મુહર્રમ, હિ.૭ બુધવાર	
૮૬.	ખૈબરનું યુદ્ધ	મુહર્રમ, હિ.૭	
૮૭.	હુઝૂર ﷺ ના હઝરત સફિયા رضي الله عنها થી નિકાહ	મુહર્રમ, હિ.૭	
૮૮.	હબશાના મુહાજિરો પરત આવ્યા	ખૈબરના વિજય વખતે, હિ.૭	
૮૯.	સ્વતંત્ર મુસ્લિમ કેમ્પની સ્થાપના (સૈફુલ બહ્ર મુકામે)	હિ.૭ના આરંભમાં	મક્કામાં જે મુસ્લિમ નવયુવાનોને સતાવવામાં આવી રહ્યા હતા, હુદૈબિયાની સંધિ અનુસાર તેમને હુઝૂર ﷺ મદીનામાં જગ્યા આપી શકતા નહોતા, તેથી પહેલા અબૂ જન્દલ અને અબૂ બસીર અને પછી બીજા લોકો ભાગીને 'સૈફુલ બહ્ર' મુકામે જઈ પહોંચ્યા અને ત્યાં મુસ્લિમ કેમ્પની સ્થાપના કરી.
૯૦.	સૈફુલ બહ્રનો કુરૈશી કાફલા પર છાપો	સફર, હિ.૭	

૯૧	ઉમરતુલ-કઝા	ઝિલકઅદ, હિ.૭	
૯૨.	નિકાહ-તલાકના વિગતવાર કાનૂનનો અમલ	હિ. ૭	
૯૩.	હુઝૂર ﷺ ના નિકાહ હઝરત મૈમૂના رضي الله عنها થી (મક્કામાં)	ઝિલકઅદ, હિ. ૭	
૯૪.	જિબલા ગસ્સાનીનો ઇસ્લામ સ્વીકાર	હિ. ૭	
૯૫.	મૂતાનું યુદ્ધ	જમાદિલ ઊલા, હિ.૮	
૯૬.	મક્કાના મુશ્રિકો તરફથી હુદૈબિયાની સંધિનું ઉલ્લંઘન	રજબ, હિ. ૮	
૯૭.	મક્કા-વિજયનું યુદ્ધ —મદીનાથી રવાના	૧૦ રમઝાન, હિ.૮ બુધવાર	
	—મક્કામાં વિજયી પ્રવેશ	૨૦ રમઝાન	બીજી બાજુ વિશેષ મજબૂત રિવાયત એ પણ છે કે હુઝૂર ﷺ ૧૮ રમઝાન સુધી મદીનામાં હતા. આ હિસાબથી મક્કામાં પ્રવેશ ૨૯ કે ૩૦ રમઝાને થવો જોઈએ.
	—નખલામાં ઉઝ્ઝાના મંદિર તોડવા માટે હઝરત ખાલિદ رضي الله عنه ની લડાઈ	અંદાજે ૨૫ રમઝાન હિ. ૮	
	—સુવાઅના મંદિરને તોડવા માટે અમ્ર બિન આસ رضي الله عنه ની લડાઈ	રમઝાન, હિ. ૮	

	—મનાતનું મંદિર તોડવા માટે સઅદ અશ્હલી ﷺ ની લડાઈ	રમઝાન, હિ. ૮	
	—મક્કામાં રોકાણ	૯ શવાલ સુધી	અન્ય રિવાયતો મુજબ ૧૮ શવાલ સુધી
	— હુનૈનનું યુદ્ધ (તાઈફપહોંચતા સુધી)	શવાલ મહિનામાં ૮ થી ૧૦ દિવસની મુદ્દત	
	—તાઈફનો ઘેરો	શવાલના અંતથી ઝિલકઅદના આરંભ સુધી, આશરે ૧૮ થી ૨૦ દિવસ સુધી	મકહૂલની રિવાયત અનુસાર ૪૦ દિવસ ઘેરો ચાલુ રહ્યો.
	—જઅ્રાનામાં માલે-ગનીમતની વહેંચણી પછી જઅ્રાનનો ઉમરા	ઝિલકઅદ, હિ.૮	
૯૮.	વ્યાજને સંપૂર્ણ નાબૂદ કરવાનો કાનૂન	વ્યાજની માંગણીઓ કાયદેસર નિરસ્ત કરી દેવામાં આવી. (જુઓ : સૂરઃ બકરહ, આ.૨૭૮)	
૯૯.	સુદાઅના પ્રતિનિધિ-મંડળનું મદીનામાં આગમન	હિ. ૮	
૧૦૦.	ઝૈનબ ﷺ બિન્તે હુઝૂર ﷺ નું મૃત્યુ. હુઝૂર ﷺ ના સુપુત્ર જનાબ ઈબ્રાહીમનું મૃત્યુ	હિ. ૮	
૧૦૧.	ઝકાતની વ્યવસ્થા, સદકાના મહેસૂલ અધિકારીઓની પહેલી વાર નિમણુંક	મુહર્રમના આરંભમાં, હિ.૯	

૧૦૨.	તબૂકનું યુદ્ધ ઈસરત માટે સેનાની રવાનગી	રજબ, હિ.૯, નવેમ્બર, ઈ.૬૩૫ મદીનાથી ગુરૂવારે રવાનગી	
૧૦૩.	જિઝ્યાનો આદેશ	તબૂક વખતે	
૧૦૪.	મસ્જિદે-ઝિરાર બાળી નાખવામાં આવી	તબૂકના યુદ્ધથી પાછા ફર્યા પછી	
૧૦૫.	દૂમતુલ-જન્દલના સરદાર અકીદરનો ઈસ્લામ-સ્વીકાર	હિ. ૯	
૧૦૬.	કઅબ બિન ઝહીર દ્વારા માફી માંગવી અને ઈસ્લામ-સ્વીકાર	હિ. ૯	કસીદો 'બાનિત સુઆદ' લખીને રજૂ કર્યો.
૧૦૭.	પ્રતિનિધિ-મંડળો, જે મદીના આવ્યા... —અઝરાનું પ્રતિનિધિ-મંડળ —બલ્લીનું પ્રતિનિધિ-મંડળ —ખૌલાનનું પ્રતિનિધિ-મંડળ —સકીફનું પ્રતિનિધિ-મંડળ	 સફર હિ. ૯ રબીઉલ અવ્વલ, હિ.૯ શાબાન, હિ. ૯ હિ. ૯	
૧૦૮.	હજ્જ ફર્ઝ થઈ : પહેલી હજ્જ (હઝરત અબૂબક્ર ﷺ ની આગેવાનીમાં)	૯ ઝિલહજ્જ, હિ.૯ સોમવાર કે મંગળવાર	હજ્જને ફર્ઝ કરવાના સમય-નિર્ધારણમાં પણ હિ.૬, હિ.૭, હિ.૮, હિ.૯, હિ.૧૦ ની રિવાયતો મોજૂદ છે. પણ અમે અમારી સમજ મુજબ વધુ સહમતીવાળી રિવાયત લીધી છે.
૧૦૯.	હઝરત અલી ﷺ મારફતે બરાઅત (સંબંધ-વિચ્છેદ)નું	રબીઉસ્સાની, હિ. ૧૦	એક રસપ્રદ વાત એ પણ છે કે આ હજ્જ કાફિરોની કેલેન્ડર-વ્યવસ્થા હેઠળ નૂન (કિનવ્હ)ના મહિનાઓના

	એલાન, કાફિરોની અનિશ્ચિત સમયની સંધિઓની સમાપ્તિ (બરાઅતના એલાન મુજબ)		કારણે ઝિલકઅદમાં થઈ હતી. પણ આ રિવાયત નબળી છે. બરાઅતના એલાન વિશે પણ મતભેદ છે કે અરફાના દિવસે થયું કે કુરબાનીના દિવસે. અમારા નજીક હજ્જે અકબરનો દિવસના કુર્આની શબ્દો પૂરતા છે. હદીસોને જોઈએ તો પણ કુરબાનીના દિવસના પક્ષમાં પલ્લું નમતું છે.
૧૧૦.	મહારિબનું પ્રતિનિધિ-મંડળ મહામિદનું પ્રતિનિધિ-મંડળ ખૌલાનનું પ્રતિનિધિ-મંડળ નીસાનું પ્રતિનિધિ-મંડળ બની હારિસનું પ્રતિનિધિ-મંડળ સલામાનું પ્રતિનિધિ-મંડળ	હિ. ૧૦ શાબાન, હિ. ૧૦ રમઝાન, હિ. ૧૦ શવાલ, હિ. ૧૦ શવાલ, હિ. ૧૦	બાકીના પ્રતિનિધિ-મંડળોમાંથી મોટાભાગે હિ.૧૦માં અને અમુક હિ.૯માં મદીના આવ્યા, પણ તેમના આગમનનું સમય-નિર્ધારણ મુશ્કેલ છે.
૧૧૧.	હુઝૂર ﷺ નો છેલ્લા રમઝાનમાં ૨૦ દિવસનો એ'તિકાફ	રમઝાન, હિ. ૧૦	
૧૧૨.	હુઝૂર ﷺ નો મુસૈલ્મા કઝ્ઝાબથી પત્ર-વ્યવહાર	હિ. ૧૦	
૧૧૩.	હજ્જતુલ-વિદાઅ : –મદીનાથી રવાના	૨૬ ઝીલકઅદ, હિ.૧૦લ ઝુહ્ર અને અસ્ર વચ્ચે	આ મામલામાં પણ મતભેદ છે. પણ અમે સૌથી સાથી રિવાયત લીધી છે.
	–ઝૂલ-હલીફામાં રોકાણ	શનિવાર અને રવિવારની વચ્ચેની રાત્રે	
	–એહરામ બાંધ્યો	રવિવારે (ઝુહ્ર વખતે)	

–ઝી-તુવામાં આગમન અને રોકાણ	શનિવારની રાત્રે, ઝીલહજ્જ, હિ.૧૦	સન્યતુલ-ઉલ્યા તરફથી, જે હજૂનની ઊંચાઈએ છે, હુઝૂર ﷺ મક્કામાં દાખલ થયા.
–ઝી-તુવાથી મક્કા રવાનગી	૫ ઝીલહજ્જ, ફજ્રની નમાઝ પછી	
–મસ્જિદે-હરામમાં પ્રવેશ	૫ ઝીલહજ્જ, બપોર પહેલા	બાબ બની-અબ્દે મુનાફ (બાબ બની શીબા)થી હુઝૂર ﷺ દાખલ થયા.
–મક્કાથી બહાર રોકાણ	૮ ઝીલહજ્જ સુધી	બધા સહાબીઓ આપની સાથે રોકાયા.
–મિના રવાનગી	૮ ઝીલહજ્જ, ગુરૂવાર બપોર પહેલા	રાત્રિ-રોકાણ મિનામાં કર્યું.
–મિનાથી અરફાત રવાનગી	૯ ઝીલહજ્જ, જુમ્આ, સૂર્યોદય પહેલાનો સમય	ઝબના રસ્તે નમિરા ગામ (અરફાતથી પૂર્વ) ગયા, ત્યાં જ તંબૂ બાંધવામાં આવ્યો.
– હજ્જનું પ્રવચન (અરફા)	૯ ઝીલહજ્જ, જુમ્આ, બપોર ઝવાલ પછી	'કિસ્વા' નામની ઊંટણી પરથી આ મહાન પ્રવચન કર્યું.
–વુકૂફે અરફા (અરફાતમાં રોકાણ)	૯ ઝીલહજ્જ, જુમ્આ પછી નમાઝે ઝુહ્ર અને અસ્ર	અહીં હુઝૂર ﷺ એ આજીજીપૂર્વક મગરિબ સુધી દુઆ માંગી.
–અરફાતથી રવાનગી મુઝદલિફા તરફ	૯ ઝીલહજ્જ, જુમ્આ, સૂર્યાસ્ત પછી	માઝમીનના માર્ગે પાછા ફર્યા.
–મુઝદલિફાથી મશ્અરે હરામ	૧૦ ઝીલહજ્જ, શનિવાર, નમાઝે ફજ્ર પછી	અહીં હુઝૂર ﷺ એ આજીજીપૂર્વક તસ્બીહ, તકબીર અને તહ્લીલ કરી.
–મશ્અરે-હરામથી મિના રવાનગી	૧૦ ઝીલહજ્જ, સૂર્યોદય પહેલા	
–રમી જમાર (શૈતાનને કાંકરીઓ મારવી)	૧૦ ઝીલહજ્જ, સૂર્યોદયથી બપોર પહેલા સુધી	આ દરમ્યાન તડકામાં તીવ્રતા આવી ગઈ.

	–મિનાનું પ્રવચન (કુરબાનીનો દિવસ)	૧૦ ઝીલહજ્જ, બપોર પહેલાનો સમય	
	–કુરબાની	પ્રવચન પછી	કુરબાનીના એકસો ઊંટોમાંથી ૬૩ ઊંટ પોતાના મુબારક હાથથી ઝબેહ કર્યા અને બાકીના હઝરત અલી ﷺ ને સોંપ્યા. તે પછી હલકે-રા'સ કરાવ્યું (માથું મુંડાવ્યું).
	–મિનાથી મક્કા રવાનગી	૧૦ ઝીલહજ્જ, હલક-રા'સ પછી	મક્કામાં પહોંચીને ઝુહ્રથી પહેલા તવાફે-ઈઝાફા કર્યા.
	–મક્કાથી મિના પરત	દિવસના અંતે	રાત મિનામાં પસાર કરી.
	–મિનામાં બીજું પ્રવચન	યવ્કુલ-રઊસ (મુંડન કરાવવાનો દિવસ) ૧૧ ઝીલહજ્જ	આ પ્રવચનનો ઉલ્લેખ અબૂ દાઊદની રિવાયતમાં છે.
	–મિનાથી મુહસબ કે અબતેહ તરફ રવાનગી	૧૩ ઝીલહજ્જ, મંગળવાર	રાત્રે મક્કા જઈને તવાફે-વિદાઅ અદા કર્યો.
	–મક્કાથી પરત રવાનગી	૧૩,૧૪ ઝીલહજ્જની વચ્ચે રાત્રે	
૧૧૪.	નખઅનું પ્રતિનિધિ-મંડળ	મુહર્રમના મધ્યમાં, હિ.૧૧	આ અંતિમ પ્રતિનિધિ-મંડળ હતું, જે હુઝૂર ﷺ ના જીવનમાં આવ્યું.
૧૧૫.	ઉસામા ﷺ ના લશ્કરને મોકલવાનો આદેશ	૨૬ સફર, હિ.૧૧	આ છેલ્લી લશ્કરી કૂચ હતી, જેના માટે હુઝૂર ﷺ એ આદેશ આપ્યો.
૧૧૬.	હુઝૂર ﷺ ના જીવલેણ રોગનો આરંભ	સફરના અંતે, હિ. ૧૧ (સંભવતઃ ૨૯ તારીખે)	વિભિન્ન રિવાયતોમાંથી સૌથી સાચી રિવાયત એ લાગે છે કે હુઝૂર ﷺ ની બીમારીની મુદ્દત ૧૩ દિવસ હતી.

૧૧૭.	ગંભીર બીમારીનો સમય (હઝરત આઇશા ﷺ ના હુજરામાં રોકાણ)	અવસાન સુધી સાત દિવસ	
૧૧૮.	મસ્જિદમાં છેલ્લી નમાઝ જમાઅત સાથે અને છેલ્લું પ્રવચન	અવસાનથી ૫ દિવસ પહેલા, ગુરૂવારે ઝુહ્રની નમાઝ	રિવાયતોમાં વિભિન્ન રિવાયતોનો ઉલ્લેખ છે કે જુદી-જુદી બાબતો આ જ પ્રવચનમાં ઇરશાદ ફરમાવવામાં આવી.
૧૧૯.	અવસાન	૧૨ રબીઉલ અવ્વલ હિ.૧૧, સોમવાર ચાશ્ત (તડકો ચઢે તે પહેલાં)ના સમયે	સોમવારનો દિવસ સર્વ-સંમત છે. પણ તારીખોમાં મતભેદ છે. ૧ અને ૨ ની પણ રિવાયત છે અને એક હિસાબથી ૧૩ પણ મળે છે. મૂળ સંદેહ એ છે કે ૯ ઝીલહજ્જે જુમ્આનો દિવસ ચોક્કસપણે સાબિત છે અને એ રીતે હિસાબ લગાવીએ તો ૧૨ રબીઉલ અવ્વલના દિવસે એ અનોખી સ્થિતિમાં સોમવાર કોઈપણ રીતે હોઈ શકતો નથી કે સતત ત્રણ મહિનાના ત્રીસ-ત્રીસ દિવસોના હોય. તેમ છતાં એક મત એ છે કે અપવાદરૂપે આવું પણ થઈ શકે છે અને બીજું અર્થઘટન એ છે કે મક્કા અને મદીનામાં ઋતુના કારણે ચંદ્ર-દર્શન એક દિવસ આગળ-પાછળ હોવાની શક્યતા છે.
૧૨૦.	દફન-વિધિ	૧૩ રબીઉલ અવ્વલ, હિ.૧૧ મંગળવાર અને ૧૪ રબીઉલ અવ્વલ, બુધવારની વચ્ચેની રાત્રે.	હઝરત આઇશા ﷺ ના હુજરામાં કબ્ર-મુબારક બની.

સૌથી પહેલાં અને સૌથી આગળ

★ નુબૂવ્વતનો પહેલો આદેશ —

તારીખ ૯ રબીઉલ અવ્વલ, સન ૪૧ જન્મ-વર્ષ.

★ કુર્આનનું સૌથી પહેલું અવતરણ —

સૂરઃ અલક, તારીખ ૧૮, રમઝાન, સન ૧ નુબૂવ્વત-વર્ષમાં અવતરણ થયું.

★ સત્ય-માર્ગમાં હુઝૂર ﷺ ના સૌથી પહેલા સાથીઓનું વર્તુળ —

(૧) સ્ત્રીઓમાં હઝરત ખદીજા તાહિરા رضي الله عنها ને પહેલું સ્થાન પ્રાપ્ત થયું.

(૨) પુખ્ત-સમજદાર-સ્વતંત્ર પુરુષોમાં હઝરત અબૂબક્ર رضي الله عنه એ પહેલા સ્થાનનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું..

(૩) નવયુવકોમાં હઝરત અલી رضي الله عنه સૌથી આગળ રહ્યા.

(૪) આધીન લોકોમાં હઝરત ઝૈદ બિન હારસા رضي الله عنه (હુઝૂર ﷺ એ આઝાદ કરેલ ગુલામ)ને સૌથી પહેલું સ્થાન મળ્યું.

★ હઝરત ખદીજા رضي الله عنها પછી સૌથી પ્રથમ મહિલા, જે ઇસ્લામી આંદોલનના વર્તુળમાં દાખલ થયા —

લુબાબા બિન્તે અલ-હારિસ رضي الله عنها, હઝરત અબ્બાસ رضي الله عنه ના પત્ની.

★ ઇસ્લામના આમંત્રણના દારે-અરકમ તબક્કામાં સૌથી પ્રથમ ઇસ્લામની બૈત કરવાવાળા સહાબી —

આકિલ બિન બકીર رضي الله عنه

★ આંદોલનનું સૌપ્રથમ કેન્દ્ર —

સફા પર્વત પર સ્થિત દારે અરકમ.

★ સૌપ્રથમ જાહેર સંબોધન —

સફા પર્વત પર (નુબૂવ્વત-વર્ષ ૩)

★ સૌપ્રથમ આયત, જેના પર કાફિરોમાં તીવ્ર ગુસ્સો વ્યાપી ગયો —

إِنَّكُمْ وَمَا تَعْبُدُونَ مِن دُونِ اللَّهِ حَصَبُ جَهَنَّمَ (સૂરઃ અંબિયા, ૯૮)

★ હુઝૂર ﷺ પછી સૌથી પહેલા ઇસ્લામની જાહેરાત કરવાવાળા સહાબી —

હઝરત ખબ્બાબ બિન અલ-અરત તમીમી ؓ.

★ સૌથી પહેલું ઇસ્લામી ઘર —

હઝરત અબૂબક્ર સિદ્દીક ؓ નું ઘર.

★ સૌથી પહેલી મહિલા, જે મુસ્લિમ માતા-પિતાની છત્રછાયામાં બાળપણથી જ ઇસ્લામના વાતાવરણમાં ઉછરી.

હઝરત આઇશા સિદ્દીકા ؓ.

★ ઇસ્લામના સ્વાભિમાનમાં સૌથી પહેલી આકસ્મિક હત્યા —

હઝરત સઅદ બિન અબી વક્કાસ ؓ ના હાથે થઈ. વાત એ હતી કે શહેરથી દૂર બહાર મુસ્લિમ સમુદાય નમાઝમાં વ્યસ્ત હતો અને કાફિરોએ દુષ્ટતા આચરી. હઝરત સઅદ ؓ એ એક હાડકું ઉઠાવીને તેમના તરફ ફેંક્યું, તે એક કાફિરને જઈને વાગ્યું અને તે મૃત્યુ પામ્યો.

★ સૌથી પહેલું દંપતિ, (જે હુઝૂર ﷺ, હઝરત લૂત ؑ અને હઝરત ઇબ્રાહીમ ؑ પછી) અલ્લાહના માર્ગમાં હિજરત કરીને નીકળ્યું —

હઝરત ઉસ્માન ؓ અને હઝરત રુકૈયા ؓ ઇસ્લામ ખાતર હબ્શા રવાના થયા.

★ ઇસ્લામી આંદોલનના ઇતિહાસમાં સૌપ્રથમ ધ્વજ ફરકાવવામાં આવ્યો —

બુરૈદા ؓ અસ્લમીના હાથે, હિજરતના પ્રવાસમાં.

★ કાબતુલ્લાહમાં સૌથી પહેલા કલ્મએ-ઇસ્લામને ઊંચા અવાજથી પોકારીને માર ખાનાર સહાબી —

હઝરત અબૂઝર ગફ્ફારી ﷺ.

★ એ હસ્તી, જેણે પહેલી વાર પોતાના ઇસ્લામનું પૂરજોર રીતે એલાન કર્યું—

હઝરત ઉમર ﷺ.

★ એ હસ્તી, જેના ઇસ્લામ-સ્વીકારથી પહેલી વાર કાબતુલ્લાહમાં નમાઝ પઢવાનું શરૂ થયું —

હઝરત ઉમર ﷺ.

★ એ હસ્તી, જેના ઇસ્લામ-સ્વીકાર પર કાફિરોએ પહેલી વાર અનુભવ્યું કે ઇસ્લામી આંદોલને જોર પકડી લીધું છે —

હઝરત હમઝા ﷺ.

★ સૌથી પહેલા મુસ્લિમ અન્સારી સરદાર, જેમણે મક્કાવાસીઓના હાથે માર ખાધો —

હઝરત સઅદ બિન મઆઝ ﷺ.

★ સૌપ્રથમ પ્રાણ, જે હરમમાં સત્યના માર્ગમાં ન્યોછાવર થઈ ગયા —

હઝરત હારિસ ઇબ્ને અબી હાલા ﷺ.

★ સૌપ્રથમ મહિલા, જે અત્યંત દયાજનક રીતે ઇસ્લામ પર ન્યોછાવર થઈ —

હઝરત સુમૈયા ﷺ (હઝરત યાસર ﷺ ના પત્ની અને હઝરત અમ્માર ﷺ ના માતા).

★ સૌથી પહેલો વ્યક્તિ, જેણે બનૂ હાશિમની સામે કુરૈશના બહિષ્કારના કરારને સમાપ્ત કરવાનું અભિયાન ચલાવ્યું —

હિશામ બિન અમ્ર બિન રબીઆ.

★ સૌપ્રથમ મોમિન, જેણે પોતાની આંખ સચ્ચાઈ માટે કુરબાન કરી દીધી —

હઝરત ઉસ્માન ﷺ બિન મઝઊન, (કુરૈશની સભામાં તેમણે લુબૈદની સામે તેની એક કાવ્ય-પંક્તિથી વિરોધ કર્યો. આના પર તેમની આંખ ફોડી નાખવામાં આવી.

★ મદીના જનાર સૌપ્રથમ મુહાજિર —

હઝરત અબૂ સલમા ﷺ.

★ સૌપ્રથમ ઇર્તિદાદ (ઇસ્લામથી ફરી જનાર)ની ઘટના —

ઉબૈદુલ્લાહ બિન હજશ હબ્શામાં હિજરત કરીને ગયા પછી ખ્રિસ્તી થઈ ગયો.

★ ઇસ્લામ માટે પહેલું તીર ચલાવનાર —

હઝરત સઅદ બિન અબી વક્કાસ ﷺ અબ્દુલ હારિસની લડાઈમાં સન્યતુલ-મર્રાહ મુકામે તીર ફેંક્યું, પણ દુશ્મન બચીને ભાગી ગયો.

★ ઇસ્લામના સમર્થનમાં સૌપ્રથમ તલવાર ઉઠાવનાર —

હઝરત ઝુબૈર ﷺ બિન અવ્વામ.

★ હબ્શાની બીજી હિજરતમાં સૌપ્રથમ મુહાજિર —

હઝરત જાફર ﷺ બિન અબી તાલિબ.

★ મદીનાનો પહેલો નવયુવાન, જે હુઝૂર ﷺ ના આમંત્રણથી પ્રભાવિત થયો —

હઝરત સુવૈદ ﷺ બિન સામિત.

★ મદીનાનો પહેલો વ્યક્તિ, જેનો અંત (હિજરત પહેલા) ઇસ્લામની હાલતમાં થયો —

હઝરત સુવૈદ ﷺ બિન સામિત.

★ સૌપ્રથમ અન્સારી સહાબી, જેમનું મદીનામાં (હિજરત પછી) મૃત્યુ થયું —

હઝરત કુલસુમ ﷺ બિન અલ-હદમ, જેમના કુબા સ્થિત મકાનમાં હુઝૂર ﷺ એ હિજરત પછી થોડાક દિવસ રોકાણ કર્યું હતું.

★ સૌપ્રથમ મુહાજિર, જેમનો મદીનામાં અવસાન થયું —

હઝરત ઉસ્માન બિન મઝઊન ﷺ.

★ ઇસ્લામના સ્વાભિમાનમાં પહેલી વ્યક્તિગત હત્યા (મહિલા) —

અસ્મા બિન્તે મર્વાન, ખતમિય્યા કબીલાને હુઝૂર ﷺ વિરુદ્ધ ઉશ્કેરતી હતી અને નિંદા કરતી હતી. તેના નવમુસ્લિમ ભાઈ હઝરત ઉમૈર ﷺ બિન અદી અલ-ખતમીએ કોઈ પ્રસંગે જોશમાં આવીને તેને મારી નાખી. (રમઝાન, હિ. ૨)

★ ઈસ્લામના સ્વાભિમાનમાં પહેલી વ્યક્તિગત હત્યા (પુરુષ) —

અબૂ ગફલા યહૂદી હુઝૂર ﷺ અને મુસલમાનો વિરુદ્ધ અપશબ્દો બોલીને લોકોને ઉશ્કેરતો હતો. આલિમ رضي الله عنه બિન ઉમૈર અન્સારીએ ઈસ્લામની આબરૂ ખાતર તેનો અંત આણી દીધો.

★ મદીનામાં સૌપ્રથમ ઈસ્લામના શિક્ષકની નિમણુંક —

હઝરત મુસ્અબ બિન ઉમૈર رضي الله عنه ને (ઈબ્ને ઉમ્મે મક્તૂમની સાથે) હુઝૂર ﷺ એ અન્સારના પ્રતિનિધિ-મંડળની સાથે રવાના કર્યા. (૧૪ નુબૂવ્વત-વર્ષ).

★ બીજી બૈતે-ઉકબામાં સૌપ્રથમ પહેલા બૈત કરવાવાળા અન્સારી સહાબી —

હઝરત બર્રા رضي الله عنه બિન મઅ્રૂર.

★ મદીનામાં પ્રથમ સામૂહિક દર્સે-કુર્આન —

મસ્જિદ બની ઝુરૈકમાં આપવામાં આવ્યો. (સંભવતઃ આ વિધિસર મસ્જિદ નહોતી, બલ્કે ઈબાદત માટે એક જગ્યા નક્કી કરી લેવામાં આવી હતી.)

★ સૌપ્રથમ વિધિસર મસ્જિદનું નિર્માણ —

મસ્જિદે કુબા, જે તારીખ ૮ થી ૧૧, રબીઉલ અવ્વલ નુબૂવ્વત-વર્ષ ૧૩, હિ. ૧માં નિર્માણ પામી.

★ સૌપ્રથમ જુમ્આની નમાઝ, જે હુઝૂર ﷺ ની ઈમામતમાં થઈ —

તારીખ ૧૨ રબીઉલ અવ્વલ હિ. ૧ના દિવસે બની સાલિમની વસ્તીમાં પહેલી જુમ્આ પઢવામાં આવી, જેમાં ઈસ્લામના એકસો ધ્વજવાહકો સામેલ હતા.

★ મદીનાનો પ્રથમ કબીલો, જે આખો એકી સાથે ઈસ્લામમાં દાખલ થયો —

બની અબ્દે અલ-અશ્હલ (માત્ર એક માણસ આ સૌભાગ્ય પાછળથી પામ્યો.)

★ સૌપ્રથમ લશ્કરી ટુકડી, જે ઈસ્લામી રાજ્ય તરફથી રાત્રિ-ચોકીપહેરા માટે નીકળી —

હઝરત હમઝા رضي الله عنه બિન અબ્દુલ મુત્તલિબની આગેવાનીમાં પહેલી ટુકડી હિજરતના સાતમા મહિનાના આરંભમાં મોકલવામાં આવી અને સૈફુલ-બહ્ર સુધી ગઈ.

★ રક્ષા-વ્યવસ્થા હેઠળ પહેલો લશ્કરી ધ્વજ ઉઠાવનાર સહાબી —

અબી મુર્સદ رضي الله عنه અલ-ગનવી (ઉપર ઉલ્લેખિત) સૈફુલ-બહ્રની લડાઈ વખતે.

★ હુઝૂર ﷺ નું જાતે પોતે લીધેલું પહેલું લશ્કરી અને રાજકીય પગલું —

ગઝવએ વદ્દાન (ગઝવએ અબ્વા) હિજરતના બારમા મહિને, અર્થાત્ સફરમાં.

★ મદીનામાં હુઝૂર ﷺ એ નિયુક્ત કરેલ પહેલા કાર્યકારી અધિકારી —

હઝરત સઅદ ؓ બિન ઉબાદા (ઉપરોક્ત ગઝવએ વદ્દાનના પ્રવાસ વખતે)

★ હુઝૂર ﷺ ના નેજા હેઠળ સૌપ્રથમ ધ્વજવાહકનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર —

હઝરત હમઝા ؓ (ગઝવએ વદ્દાન વખતે).

★ કુરૈશ તરફથી ઇસ્લામી રાજ્ય પર પહેલી વાર હુમલો —

કુર્ઝ બિન જાબિર ફહરીની લશ્કરી લૂંટ. (રબીઉલ અવ્વલ, હિ. ૨)

★ પહેલી સરહદી ટક્કર, જેમાં ઇસ્લામી સૈનિક ટુકડીના હાથે એક દુશ્મન વ્યક્તિ માર્યો ગયો —

નખલાની લડાઈ, રજબ, હિ. ૨ (વાકિદ બિન અબ્દુલ્લાહ તમીમીના તીરથી).

★ પહેલો અવસર, જ્યારે માલે-ગનીમત અને કેદીઓ મદીનામાં લાવવામાં આવ્યા —

નખલાની લડાઈ (ઉપરોક્ત ઉલ્લેખિત).

★ અઝાનની પદ્ધતિની શરૂઆત —

હિ. ૨

★ કાબતુલ્લાહમાં સૌથી પહેલી અઝાન —

મક્કા-વિજય (હિ.૮)ના પ્રસંગે હઝરત બિલાલ ؓ એ આપી.

★ સૌથી પહેલો કઝ્ઝાબ (જૂઠો), જેણે હુઝૂર ﷺ ની સામે જૂઠી નુબૂવ્વતનો ઝંડો ઊંચો કર્યો —

મુસૈલ્મા કઝ્ઝાબ.

★ સૌપ્રથમ લેખિત શરણ-નામું, જે હુઝૂર ﷺ તરફથી જારી થયું —

સુરાકા બિન જઅ્શમ માટે (હિજરતના સફર વખતે)

★ દુનિયાનો સૌપ્રથમ વિધિસર લેખિત સંયુક્ત રાજકીય દસ્તાવેજ —

હિ. ૧, મદીનામાં હુઝૂર ﷺ ના નેતૃત્વમાં સંકલિત અને લાગુ કરવામાં આવ્યો.

★ મદીનાથી બહાર ઇસ્લામી રાજ્યનો સૌથી પહેલો મૈત્રી-કરાર —

બની ઝિમરાના સરદાર અમ્ર બિન ફહશા ઝિમરી સાથે - અથવા - બની ઝિમરા બિન બકર બિન અબ્દે મુનાફ કબીલા સાથે.

★ સૌપ્રથમ શૂળી, જે ઇસ્લામ-સ્વીકારના પવિત્ર 'ગુના'સર આપવામાં આવી —

હઝરત ખુબૈબ ﷺ બિન અદી અને ઝૈદ બિન દસ્નાને (મક્કા પાસે આવેલ તનીમ મુકામે).

★ મદીનામાં યહૂદીઓની સૌપ્રથમ વિદ્રોહી અને વિશ્વાસઘાતી કાર્યવાહી —

બનૂ કૈનુકાએ એક મુસ્લિમ મહિલાને ભર બજારમાં નગ્ન કરી દીધી અને બળવો થઈ ગયો.

★ સૌપ્રથમ સ્વતંત્ર ઇસ્લામી કેમ્પ —

સૈફુલ બહ્રમાં હઝરત અબૂ બસીર ﷺ અને અબૂ જન્દલ ﷺ એ સ્થાપ્યો.

★ મક્કા-વિજય પ્રસંગે સૌપ્રથમ વ્યક્તિ, જે ઇસ્લામમાં દાખલ થયો —

અબૂ સુફિયાન બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ.

★ સૌપ્રથમ વિધિસર યુદ્ધ —

બદ્રનું યુદ્ધ (રમઝાન, હિ. ૨).

★ સૌપ્રથમ યુદ્ધ, જેમાં મુહાજિરોની સાથે અન્સાર પણ સામેલ હતા —

બદ્રનું યુદ્ધ.

★ બદ્રના મેદાનમાં ઇસ્લામી સેનાના ત્રણ પહેલા યોદ્ધાઓ —

હઝરત અલી ﷺ, હઝરત હમઝા ﷺ, હઝરત ઉબૈદા બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ.

★ બદ્રનો સૌપ્રથમ માર્યો ગયેલ દુશ્મન —

અસ્વદ બિન અબ્દુલ અસદ (લડાઈ પહેલા).

★ બદ્રનો સૌપ્રથમ મુસ્લિમ શહીદ —

હઝરત મિહજા બિન મૌલા ઉમર બિન ખત્તાબ.

★ મદીનામાં બદ્રના વિજયની ખુશખબર પહોંચાડનાર સૌપ્રથમ દૂત —

હઝરત ઝૈદ ﷺ બિન હારસા.

★ પહેલી વાર બે રકા'ત નમાઝ ઈદૂલ-ફિત્રની પઢવામાં આવી —

૧ શવાલ, હિ. ૨.

★ ઇસ્લામી રાજ્યનો પહેલો એલચી, જેને માર્ગમાં શહીદ કરી દેવામાં આવ્યો —

હઝરત હારિસ ﷺ બિન ઉમૈર અઝદીને મૌતાના સીરિયાના ગવર્નર શરજીલ બિન અમ્ર ગસ્સાનીએ મારી નાખ્યા.

★ બહાદુરીનો સૌપ્રથમ ખિતાબ, જે હુઝૂર ﷺ તરફથી આપવામાં આવ્યો —
હઝરત ખાલિદ رضي الله عنه ને 'સૈફુલ્લાહ'નો આપવામાં આવ્યો. (મૌતાનું યુદ્ધ, જમાદિલ અવ્વલ, હિ.૮)

★ સરકારી પત્રો અને દસ્તાવેજો પર મહોરના ઉપયોગનો આરંભ —
૧ મુહર્રમ, હિ. ૭.

★ ઇસ્લામી રાજ્ય-વ્યવસ્થા હેઠળ આધીન થવાની પહેલી રાજકીય ઘટના —
ઈસ્લામી રાજ્ય અને બનૂ કુરૈઝા વચ્ચે (હિ. ૫)

★ ઇસ્લામી કાળમાં પહેલા સહાબી, જેમને 'હકમ' (ન્યાયાધીશ) બનાવવામાં આવ્યા —

હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه.

★ હુઝૂર ﷺ માટે સૌપ્રથમ શાહી ભેટ —
બાદશાહ નજ્જાશીએ રવાના કરી.

★ આરબ મુશ્રિકોમાંથી સૌપ્રથમ વ્યક્તિ, જેની ભેટ હુઝૂર ﷺ એ સ્વીકારી —
અબૂ સુફિયાન (હુદૈબિયાની સંધિ વખતે).

★ સૌપ્રથમ પૂર્વ ગુલામ, જેમને સેનાપતિ બનાવવામાં આવ્યા —
હઝરત ઝૈદ બિન હારસા رضي الله عنه (મૌતાની લડાઈ વખતે).

★ સૌપ્રથમ લડાઈ, જેમાં બૈતુલ-માલનો ખમ્સ (પાંચમો ભાગ) કાઢવામાં આવ્યો —
બનૂ કૈનુકાઅની લડાઈ અથવા બનૂ કુરૈઝાની લડાઈ.

★ 'લા-ઇલાહ' પોકારનાર દુશ્મનની હત્યાની સૌપ્રથમ દુર્ઘટના —
જુહૈનહની લડાઈ (રમઝાન, હિ.૭)માં ઉસામા બિન ઝૈદ رضي الله عنه ના હાથે નૈહક બિન મર્દાસનો જીવ ગયો.

★ પહેલો પ્રસંગ, જ્યારે સમુદાયની મોટી સંખ્યામાં થોડાક સમય માટે અસંતોષ વ્યાપી ગયો —

હુદૈબિયાની સંધિ.

★ હુઝૂર ﷺ ના હાથે પહેલો ઘાયલ થનાર કે મરનાર —
હારિસ બિન અલ-સમ્મા (ઉહદનું યુદ્ધ).

★ પહેલો શહીદ જન્નતી, જેણે ન કોઈ નમાઝ પઢી, ન રોઝા રાખ્યા —
હઝરત અસીરમ رضي الله عنه (બની અબ્દે અશહદ), ઉહદના યુદ્ધના દિવસે ઈમાન લાવીને સીધા જિહાદમાં સામેલ થયા અને શહાદત પામ્યા.

★ સત્ય-માર્ગમાં પહેલા શહીદ, જેમણે મૃત્યુ પહેલા નમાઝ અદા કરવાની સુન્નતની શરૂઆત કરી —

હઝરત ખુબૈબ ﷺ.

★ 'બૈરે-મઊના'ની ઘટનાના સૌપ્રથમ શહીદ —

હઝરત હરામ ﷺ બિન મલ્હાન (હઝરત અનસ ﷺ ના મામા).

★ સૌપ્રથમ 'સલાતુલ-ખૌફ' (ભયના માહોલમાં પઢાતી નમાઝ) —

અસ્ફાન અથવા ઝાતુર્-રિકાઅની લડાઈ.

★ પહેલો નમાઝી, જેણે ત્રણ તીર ખાધા, પણ નમાઝ ન તોડી —

હઝરત ઈબાદ ﷺ બિન બશર (ઝાતુર્-રિકાઅની લડાઈ)

★ મદીનામાં ઈર્તિદાદ (ઈસ્લામથી ફરી જવાની) ઘટના —

હારિસ બિન સુવૈદ બિન સામિત, આમ તો ઉહદના યુદ્ધમાં મુસ્લિમ તરીકે સામેલ થયો, પણ મજઝર બિન ઝિયાદ બલવીને મારીને મક્કા ભાગી ગયો. પાછળથી મદીના આવ્યો અને પકડાઈને માર્યો ગયો.

★ પહેલો મુસ્લિમ, જે ભૂલથી યુદ્ધના મેદાનમાં મુસલમાનના હાથે માર્યો ગયો —

હિશામ બિન અસાબા (ઈબાદહ ﷺ બિન સામિતના હાથે)

★ પહેલી વાર દુશ્મનનો જાસૂસ પકડાઈને માર્યો ગયો —

બની મુસ્તલિકની લડાઈ વખતે.

★ પહેલો નવયુવાન, જેણે પોતાના મુનાફિક પિતાને મારી નાખવાનો પ્રસ્તાવ હુઝૂર ﷺ ની સામે મૂક્યો —

હઝરત તલ્હા ﷺ બિન અબ્દુલ્લાહ બિન ઉબ્બી.

★ હઝરત આઈશા ﷺ ને 'ઈફક'ની ઘટનાથી માહિતગાર કરનાર સૌપ્રથમ માધ્યમ —

ઉમ્મે મસ્તઅ બિન અસાસા.

★ હઝરત આઈશા ﷺ ના શીલવાન અને પવિત્ર હોવાના સૌપ્રથમ સાક્ષી —

પુરુષોમાંથી — હઝરત ઉસામા બિન ઝૈદ ﷺ.
સ્ત્રીઓમાંથી — હઝરત બરીરહ ﷺ.
આપ ﷺ ના પત્નીઓમાંથી — હઝરત ઝૈનબ બિન્તે હજશ ﷺ.

★ 'કઝફ'ની સૌપ્રથમ સજા લાગુ કરવામાં આવી —

હઝરત હસ્સાન બિન સાબિત ﷺ, મસ્તઅ બિન અસાસા ﷺ, હુમ્ના બિન હજશ ﷺ પર.

★ એ યુદ્ધ કે જેમાં પહેલી વાર ઘણી નમાઝો એક-પછી-એક કઝા થઈ —

ખન્દકનું યુદ્ધ.

★ દુશ્મનનું જોર તોડવા માટે પહેલી વાર સફળ રાજદ્વારી યુક્તિ —

હઝરત નઈમ બિન મસ્ઊદ ﷺ દ્વારા ખન્દકના યુદ્ધમાં પ્રયુક્ત થઈ.

★ પહેલો તીરંદાજ, જેણે એકલા જ ડાકુઓના ટોળાને વિવશ કરી દીધું —

હઝરત સલમા ﷺ બિન અલ-અકૂઅ.

★ પહેલો પ્રસંગ, જ્યારે હુઝૂર ﷺ ના મોઢેથી અનાયાસ શૌર્ય-ગીત નીકળી ગયું —

હુનૈનના યુદ્ધમાં લશ્કરમાં નાસ-ભાગ થઈ ગઈ અને હુઝૂર ﷺ એકલા રહી ગયા, તો સફેદ ખચ્ચરની પીઠ પરથી આપ ﷺ એ પોકાર કર્યો :

انا النبی لا کذب   انا ابن عبد المطلب

★ પહેલી વાર સ્થાયીરૂપે સદકાની વસૂલી માટે અધિકારીની નિમણૂંક —

મુહર્રમ, હિ.૯.

★ પહેલી વાર ઇસ્લામી સેનાએ કિલ્લો તોડવા માટે 'મન્જનીક' (ગોફણ)નો ઉપયોગ કર્યો —

તાઈફની લડાઈમાં.

★ કેદીઓની સૌપ્રથમ આપ-લે, જે ઇસ્લામી રાજ્ય અને મક્કાવાસીઓ વચ્ચે થઈ —

નખલાની લડાઈના બે મુશ્રિક કેદીઓ અતાબ બિન અબ્દુલ્લાહ અને હકમ બિન કૈસાનના બદલામાં હઝરત સઅદ બિન અબી વક્કાસ ﷺ અને ઉત્બા બિન ગઝવાન ﷺ ને મુક્તિ અપાવી.

★ પહેલું યુદ્ધ, જેમાં ઘોડાઓના ભાગ પાડીને મુજાહિદોને આપવામાં આવ્યા —

બની કુરૈઝાનું યુદ્ધ.

★ પહેલી વાર જિઝયા માટેનો આદેશ અવતરિત થયો —

તબૂકના યુદ્ધના થોડા સમય પહેલા.

★ જિઝ્યાનો સૌપ્રથમ મામલો —

દૂમતુલ-જન્દલના રાજા પાસેથી (તબૂકના યુદ્ધના પ્રવાસ વખતે).

★ જિઝ્યાની પહેલું સૌથી મોટું પ્રમાણ નક્કી થયું —

નજરાનના ખ્રિસ્તીઓએ ઇસ્લામી રાજ્યને બે હજાર 'હુલ્લા' વાર્ષિક અને જરૂરત વખતે યુદ્ધ-સામગ્રી ઉધાર આપવાનો કરાર કરવામાં આવ્યો.

★ સૌપ્રથમ અને એકમાત્ર હસ્તી, જેને હુદૈબિયાની સંધિના મામલામાં સંપૂર્ણ સંતોષ રહ્યો —

હઝરત અબૂબક્ર સિદ્દીક ﵁.

★ સૌપ્રથમ હસ્તી, જેણે હુદૈબિયાની સંધિ પછી નહ્ર (કુરબાની) અને 'હલક' (મુંડન)માં સમુદાયના વિલંબ કરવા પર હુઝૂર ﷺ ને હિંમત આપી —

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે સલમા ﵂.

★ સૌપ્રથમ પ્રસંગ, જ્યારે હુઝૂર ﷺ તરફથી શાયરે ઇનામ પ્રાપ્ત કર્યું —

મક્કા-વિજય પછી કઅબ બિન ઝહીરે હાજર થઈને ક્ષમા-યાચના માટે 'બાનિત સુઆદ'નો કસીદો પઢ્યો અને હુઝૂર ﷺ એ પોતાની ચાદર ભેટમાં આપી.

★ સૌપ્રથમ પ્રસંગ, જ્યારે હુઝૂર ﷺ એ 'કુનૂતે નાઝિલા' પઢી —

રજીઅ અને બિયરે-મઊનાની દુર્ઘટનાઓ પછી, જેમાં શિક્ષકોના પ્રતિનિધિ-મંડળના મૂલ્યવાન વ્યક્તિઓને દુશ્મનોએ શહીદ કરી નાખ્યા હતા. (હિ.૪)

★ સૌપ્રથમ પ્રસંગ, જ્યારે મુસ્લિમ મહિલાઓ યુદ્ધ-મેદાનમાં પહોંચી —

ઉહદના યુદ્ધમાં (હિ.૩)

★ પહેલો શાસક, જે ઇસ્લામના વર્તુળમાં દાખલ થયો —

અસમ બિન અબજર (હબ્શાનો બાદશાહ).

★ પહેલો વ્યક્તિ, જે હુઝૂર ﷺ ની નજરમાં સાંભળેલ પ્રશંસાઓ કરતાં પણ ઉચ્ચ નીકળ્યો —

તૈ કબીલાનો સરદાર ઝૈદુલ-ખૈર. (પૂર્વ નામ ઝૈદુલ-ખૈલ).

★ પહેલો બિનઆરબ નવમુસ્લિમ, જેને ઇસ્લામ લાવવાના કારણે શૂળી પર લટકાવવામાં આવ્યો —

ફર્દાહ બિન અમ્ર અલ-જઝામી, રોમન સામ્રાજ્યનો ઉત્તર આરબ પ્રદેશનો ગવર્નર, મઆન મુકામે.

★ ઉહદના યુદ્ધમાં મુશ્રિકોનો પહેલો યોદ્ધો —

તલ્હા.

★ ઉહદના યુદ્ધમાં લડવાના પડકારનો સ્વીકાર કરનાર પહેલો મુજાહિદ —

હઝરત અલી ﷺ.

★ ઉહદના યુદ્ધમાં સૌપ્રથમ માર્યો ગયેલ દુશ્મન —

તલ્હા.

★ ગર્વનું સૌપ્રથમ પ્રદર્શન, જે હુઝૂર ﷺ ની નજરમાં સ્વીકૃત ઠર્યું —

ઉહદમાં અબૂ દુજાના ﷺ નું હુઝૂર ﷺ ની તલવાર લઈને અકડાઈને ચાલવું.

★ ઇસ્લામમાં સૌપ્રથમ હજ્જ —

હિ. ૯, હઝરત અબૂબક્ર ﷺ ની આગેવાનીમાં.

★ સૌપ્રથમ વિદેશી યુદ્ધ —

મૌતાનું યુદ્ધ, જમાદિલ-ઉખરા, હિ.૮.

★ સકીફમાંથી ઇસ્લામનું શિક્ષણ લેવા સૌપ્રથમ વ્યક્તિ, જે મદીના આવ્યો—

ઉરવા બિન મસ્ઊદ સકફી.

—★—

ઈસ્લામી આંદોલનની આંકડાકીય પ્રગતિ

★ હુઝૂર અકરમ ﷺ ના ઈસ્લામી સંગઠનનું સૌથી પહેલું સાથી-વર્તુળ —

(૧) હઝરત ખદીજા ؓ (૨) હઝરત અબૂબક્ર સિદ્દીક ؓ (૩) હઝરત અલી ؓ (૪) હઝરત ઝૈદ બિન હારસા ؓ.

★ હઝરત અબૂબક્ર સિદ્દીક ؓ ના આમંત્રણની કોશિશોથી પ્રથમ તબક્કામાં ઈસ્લામનો સ્વીકાર કરનાર પાંચ સાથીઓ —

(૧) હઝરત ઝુબૈર ؓ બિન અવ્વામ (૨) હઝરત ઉસ્માન ؓ બિન અફ્ફાન (૩) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ؓ (૪) હઝરત તલ્હા ؓ બિન ઉબૈદુલ્લાહ (૫) હઝરત સઅદ ؓ બિન અબી વક્કાસ.

★ ઈસ્લામના આમંત્રણના આરંભિક ત્રણ વર્ષના ગાળામાં ઈસ્લામી વર્તુળમાં દાખલ થનાર ૪૬ 'સાબિકૂન' —

(૧) જનાબ બિન અર્ત તમીમી (૨) સઈદ બિન ઝૈદ[૧] (૩) ફાતિમા બિન્તે ખત્તાબ (૪) લુબાબા બિન્તે હારિસ[૨] - હઝરત અબ્બાસના પત્ની (૫) અબ્દુલ્લાહ બિન મસ્ઊદ[૩] (૬) ઉસ્માન બિન મઝઊન[૪] (૭) અરકમ બિન અબી અરકમ મખઝૂમી[૫] (૮) અબૂ સલમા બિન અબ્દુલ અસદ મખઝૂમી

૧. દારે-અરકમના તબક્કા પહેલા મુસલમાન બન્યા.
૨. હઝરત ખદીજા ؓ પછી સૌપ્રથમ ઈસ્લામ લાવનાર મહિલા.
૩. ઈસ્લામ-સ્વીકારમાં કેટલીક રિવાયતો અનુસાર છઠ્ઠો નંબર હતો.
૪. ઈસ્લામ-સ્વીકારમાં ચૌદમો નંબર હતો.
૫. ઈસ્લામ-સ્વીકારમાં અગિયારમો કે બારમો નંબર, પરંતુ હાકિમની રિવાયત મુજબ સાતમો નંબર.

(૯) અબૂ ઉબૈદા બિન આમિર બિન જર્રાહ[1] (૧૦) કદામા બિન મઝ્ઊન (૧૧) ઉબૈદા બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ (૧૨) જા'ફર બિન અબી તાલિબ (૧૩) અસ્મા બિન્તે ઉમૈસ - જા'ફર ઇબ્ને અબી તાલિબના પત્ની (૧૪) અબ્દુલ્લાહ બિન હજશ (૧૫) અબૂ અહમદ બિન હજશ (૧૬) સાઈબ બિન ઉસ્માન બિન મઝ્ઊન (૧૭) મુત્તલિબ બિન અઝહર (૧૮) રમલા બિન્તે અબી ઔફ - મુત્તલિબ બિન અઝહરના પત્ની (૧૯) હઝરત ઉમૈર બિન અબી વક્કાસ - સઅદ બિન અબી વક્કાસના ભાઈ (૨૦) અસ્મા બિન્તે અબીબક્ર (૨૧) આઇશા બિન્તે અબીબક્ર (૨૨) હઝરત અયાશ બિન અબી રબીઆ - અબૂ જહલના ભાઈ (૨૩) અસ્મા - અયાશના પત્ની (૨૪) સુલૈત બિન અમ્ર[2] (૨૫) મસ્ઊદ બિન રબીઆ[3] (૨૬) ખુનૈસ બિન હદાફા (૨૭) આમિર બિન રબીઆ (૨૮) હાતિબ બિન અલ-હર્સ જમઈ (૨૯) ફાતિમા બિન્તે મહલિલ - હાતિબના પત્ની (૩૦) ખત્તાબ બિન હારિસ (૩૧) ફુકૈહા - ખત્તાબના પત્ની (૩૨) મુઅમ્મર બિન હારિસ[4] (૩૩) નઈમ બિન અબ્દુલ્લાહ અખૂબની હદી[5] (૩૪) ખાલિદ બિન સઈદ બિન આસ[6] (૩૫) અમીનહ, અથવા હૈમના બિન્તે ખલફ - ખાલિદ બિન સઈદના પત્ની (૩૬) હાતિબ બિન અમ્ર (૩૭) અબૂ હુઝૈફા બિન ઉત્બા બિન રબીઆ[7] (૩૮) વાકિદ બિન અબ્દુલ્લાહ હલીફ બની અદી (૩૯) ખાલિદ બિન હિઝામ-હઝરત ખદીજા ؓ ના ભત્રીજા (૪૦) આમિર બિન માલિક[8] (૪૧) આકિલ બિન બકીર[9] (૪૨) ખાલિદ બિન બકર (૪૩) આમિર બિન બકીર (૪૪) અમ્માર બિન યાસર[10] (૪૫) સુમૈયા - અમ્મારના માતા (૪૬) સુહૈબ બિન સફાન રૂમી મૌલા બની જઝઆન[11].

★ પ્રથમ હિજરતે-હબ્શા માટે મક્કાથી જવાવાળાઓની સંખ્યા —

૧૨ પુરુષો અને ૪ સ્ત્રીઓ - કુલ ૧૬.

★ બીજી હિજરતે-હબ્શા વખતે મુહાજિરોની કુલ સંખ્યા —

૮૩ વ્યક્તિઓ.

---

૧. વાસ્તવમાં આ સહાબી ઉસ્માન બિન મઝ્ઊન, ઉબૈદા લબ્ને જૌન, અબ્દુર્રહમાન બિન ઔફ અને અબૂ સલમાની સાથે દારે-અરકમમાં ઈસ્લામ લાવ્યા હતા. (રિવાયત : ઈબ્ને હજર)

૨. હઝરત ઉમર ؓ થી પહેલા મુસલમાન થયા.

૩. હઝરત અબૂબક્ર ؓ ની રિવાયત મુજબ દારે-અરકમના તબક્કાથી પહેલા ઈસ્લામનો સ્વીકાર કર્યો હતો.

૪. ઈબ્ને ઈસ્હાકની રિવાયત મુજબ દારે-અરકમના તબક્કા પહેલા મુસલમાન બન્યા હતા.

૫. હઝરત ઉમર ؓ થી પહેલા મુસલમાન થયા અને આ જ તેમની પત્નીને કુર્આન પઢાવી રહ્યા હતા. વાકદીની રિવાયત મુજબ દસ માણસો પછી અને ઈબ્ને ખશીમાની રિવાયત મુજબ ૩૮ વ્યક્તિઓ પછી ઈમાનનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું.

૬. ચોથા કે પાંચમા નંબર પર ઈસ્લામ લાવ્યા, પણ પિતાના ડરથી ઈમાનને ગુપ્ત રાખ્યું.

૭. ઈમામ ઝુહ્રીની રિવાયત મુજબ ઈસ્લામ-સ્વીકારમાં ૪૪મો નંબર હતો.

૮. અગિયારમો નંબર.

૯. દારે-અરકમમાં સૌપ્રથમ બૈત આમણે કરી હતી.

૧૦. ૩૫ મો કે ૩૬ મો નંબર.

૧૧. આમણે અમ્માર બિન યાસરના સાથે જ બૈત કરી.

એ વખતે મક્કામાં રહી જનારાઓની સંખ્યા ઓછામાં ઓછી હબ્શાના મુહાજિરોના બરાબર અવશ્ય હશે. તેથી કુલ સંખ્યા એકસો-પચ્ચીસ હશે.

★ મદીનામાં સત્યના આમંત્રણના સૌપ્રથમ આવાહકોનું વર્તુળ —

આ કુલ ૮ લોકો હતા, જેમણે સૌથી પહેલા હુઝૂર ﷺ થી બૈત કરી :

(૧) બર્રા ؓ બિન મઅરૂર (૨) કઅબ ؓ બિન માલિક (૩) અબૂલ હૈશમ ؓ બિન માલિક બિન તૈહાન (૪) અસ્અદ ؓ બિન ઝર્રારા (૫) રાફેઅ ؓ બિન માલિક બિન અજલાન (૬) કુત્બા ؓ બિન આમિર બિન હદીદા (૭) ઉકબા ؓ આમિર ઝૈદ (૮) જાબિર ؓ બિન અબ્દુલ્લાહ.

(સામાન્ય રિવાયત મુજબ ઉકબાના મુકામે ઇસ્લામની સૌપ્રથમ બૈત કરનાર ૬ લોકો હતા. વાકદીની રિવાયત છે કે અસ્અદ બિન ઝર્રારા અને ઝકવાન બિન અબ્દુલ-કૈસ પ્રથમ બૈત પહેલા ઈમાન લાવી ચૂક્યા હતા.)

★ બીજી બૈતે-ઉકબામાં સામેલ લોકો —

કુલ ૧૨ લોકો આ મુબારક પ્રસંગે ભાગ્યશાળી બન્યા. ઉપરોક્ત ઉલ્લેખિત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી સિવાયના લોકો ફરીથી આવ્યા અને પોતાની સાથે વધારે પાંચ વ્યક્તિઓને લાવ્યા. નવા આવનારાઓ આ પ્રમાણે હતા :

(૧) મઆઝ બિન હારિસ ؓ (૨) ઔફ બિન હારિસ ؓ (૩) ઝકવાન બિન અબ્દુલ-કૈસા ؓ (૪) યઝીદ બિન શોઅલ્બા ؓ (૫) ઉમૈર બિન માલિક ؓ.

★ ત્રીજી બૈતે-ઉકબામાં સામેલ લોકો —

આ પ્રસંગે ૭૩ સ્ત્રી-પુરુષો હુઝૂર ﷺ થી બૈત કરીને ઇસ્લામી આંદોલનમાં જોડાયા.

★ મક્કાના અંતિમ તબક્કામાં (ઉકબાની બીજી બૈત વખતે) સત્યના ધ્વજવાહકોની કુલ સંખ્યા (આશરે) —

હબ્શાના મુહાજિરો (૮૩) અને બૈતે-ઉકબાના અન્સારી સજ્જનો (૭૩) ઉપરાંત મુસલમાનોની અમુક સંખ્યા મક્કામાં હતી. એ જ રીતે મદીનામાં થોડાક એવા મુસલમાનો પણ હોઈ શકે છે, જેઓ નુબૂવ્વત-વર્ષ ૧૩ના હજ્જમાં સામેલ થઈ શકયા ન હોય. આ રીતે અંદાજે કુલ સંખ્યા બસો-અઢીસો હોઈ શકે છે. આમાં જો નજરાન અને ગફ્ફાર કબીલા (અડધો

કબીલો તરત જ ઇસ્લામમાં દાખલ થયો હતો) અને યમનના નવ-મુસ્લિમોની સંખ્યા પણ સામેલ કરી લેવામાં આવે તો આરબ-ભૂમિમાં ઇસ્લામી ક્રાંતિના આવાહકો કોઈપણ રીતે ૩૦૦ થી ઓછા નહીં હોય.

★ હિજરતના તરત જ પછી મદીનાના ઇસ્લામી સમુદાયની સંખ્યા (અંદાજે) —

એ સાબિત છે કે બનૂ સાલિમની વસ્તીમાં સૌપ્રથમ જુમ્આની નમાઝ પઢવામાં આવી, તો ૧૦૦ મુસલમાનો તેમાં સામેલ થયા હતા. સામેલ ન થઈ શક્યા એવા (વિશેષરૂપે સ્ત્રીઓ અને બીમાર લોકો)ની સંખ્યાની ધારણા પણ રાખો, તો ઓછામાં ઓછા ૩૦૦ મુસલમાન મદીનાની વસ્તીઓમાં હોવા જોઈએ.

એ પણ સાબિત છે કે હુઝૂર ﷺ એ મુહાજિરો અને અન્સારનો ભાઈચારો તદ્દન આરંભિક તબક્કામાં સ્થાપિત કર્યો અને તેના માટે પહેલી સભા જે બોલાવવામાં આવી હતી તેમાં ૯૦ માણસો સામેલ હતા, જેમાં બંને પક્ષકારો આશરે અડધા-અડધા સામેલ હતા. આ સભામાં અન્સારમાંથી અંદાજે સંપન્ન-સુખી માણસોને લેવામાં આવ્યા હતા, જેઓ આર્થિક સ્થિતિમાં એક-એક મુહાજિર માટે અવકાશ કાઢી શકતા હોય. ઉપરાંત, આમાં સ્ત્રીઓ સામેલ ન હતી. આ સભાથી પણ ઉપરના અંદાજની પુષ્ટિ થાય છે.

★ બદ્રના યુદ્ધ વખતે મદીનામાં મુસલમાનોની સંખ્યાનો અંદાજ —

એ બધા જાણે છે કે અન્સારમાં ઇસ્લામ ઝડપથી ફેલાયો અને કોઈ ખાસ અવરોધ ઔસ અને ખઝરજના કબીલાઓમાં જોવા મળતો ન હતો. વધુમાં એ પણ ખબર છે કે હિજરતથી બદ્રના યુદ્ધ સુધી વચ્ચેના ગાળામાં એકલ-દોકલ મુહાજિરો નિરંતર આવતા રહ્યા અને તેમની સંખ્યા પણ થોડીક રહી, ત્યાં સુધી કે બુવાતની લડાઈ (કે બુવાહ)માં બસો મુહાજિરો હુઝૂર ﷺ ની સાથે હતા. એ જ રીતે ઝૂલ-ઉશૈરની લડાઈમાં પણ રિવાયત અનુસાર ૧૫૦ થી ૨૦૦ની વચ્ચે હતા. આ શરૂઆતની લડાઈઓમાં હુઝૂર ﷺ માત્ર મુહાજિરોને જ લઈને નીકળતા હતા, કેમ કે બૈતે-ઉકબા હેઠળ અન્સારની જવાબદારી માત્ર મદીનામાં સુરક્ષા કરવાની હતી. દેખીતું છે કે જો મુહાજિરોમાંથી ૨૦૦ મુજાહિદ નીકળતા હતા, તો કુલ સંખ્યા વધારે જ હશે, ઓછામાં ઓછી ૨૫૦નો અંદાજ રાખી શકાય છે(૧) અન્સારની સંખ્યા

૧. આમ તો કોઈ વસ્તીમાં લડી શકે એવા પુરુષોનું પ્રમાણ ૧/૪ કે ૧/૫ હોવું જોઈએ, પણ બે મહત્ત્વની વિશેષતાઓ મદીનાના મુહાજિરોના મામલાને અલગ કરી નાખે છે. પહેલી એ કે આરબ પ્રદેશમાં આમ પણ કબીલાઓના પુરુષોમાંથી દરેક સૈનિક હતો, અને આમાંથી બાકાત હોય એવા ઘણા ઓછા હતા. વળી, મુહાજિરો તો ઈમાની અને ક્રાંતિકારી ભાવનાથી સંપન્ન હતા, જેના કાજે તેઓ પોતાના જીવન અને મૃત્યુના નિર્ણાયક સંઘર્ષનો સામનો કરી રહ્યા હતા. સ્પષ્ટ છે કે તેમાંથી અપવાદરૂપ માણસોની સંખ્યા નહિવત હશે. બીજી હકીકત એ છે કે કુલ મુહાજિરોના બધા કુટુંબીજનો સાથે ન હતા. સ્ત્રીઓનું પ્રમાણ પણ ઓછું હતું અને વૃદ્ધો પણ મોટાભાગે મક્કામાં જ રહી ગયા હતા. આ બે કારણોસર અમે ઉપરનો અંદાજ લગાવ્યો છે.

સરખામણીમાં બમણી હોવી જોઈએ, અર્થાત્ કુલ સંખ્યા ૭૦૦-૮૦૦ હશે.[1] બદ્રના યુદ્ધમાં સામેલ સંખ્યા કેટલાક લોકો માટે તર્ક-દોષનું કારણ હોઈ શકે છે. અમારા સંશોધન મુજબ હુઝૂર ﷺ જયારે મદીનાથી નીકળ્યા હતા, તો કોઈ ખરેખર યુદ્ધ નજર સામે ન હતું, બલ્કે ખરો આશય કાફલાને રોકવાનો હતો. વધુમાં, ઉતાવળમાં કાર્યવાહી કરવામાં આવી. આ જ કારણ છે કે સવારીઓની સંખ્યા ઉપરાંત શસ્ત્રોનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું. જો કે મદીનાની મુસ્લિમ વસ્તી આનાથી ઘણી વધારે સવારીઓ અને શસ્ત્રોનો પ્રબંધ ખૂબ સરળતાથી કરી શકતી હતી. આમ, લશ્કરી ટુકડી પણ ઉપલબ્ધ કરી શકાય એવી સૈનિકોની સંખ્યાથી ઘણી ઓછી હતી. આ હકીકત એ વાતથી સ્પષ્ટ થાય છે કે આમાં કુલ ૮૬ મુહાજિરો સામેલ હતા, જ્યારે કે ચોકી-પહેરાની કાર્યવાહીમાં તેમની સંખ્યા ૨૦૦ સુધી સામે આવે છે. આમ, અમારા અંદાજ મુજબ બદ્રના યુદ્ધના સમય-ગાળામાં મદીનામાં મુસ્લિમ વસ્તીની સંખ્યા ૭૦૦-૮૦૦ના લગભગ હતી, જેમાં ૪૦૦-૫૦૦ યુદ્ધમાં લડી શકે એવા સૈનિકો કાઢી શકાતા હતા. પરંતુ બદ્રના યુદ્ધમાં સંપૂર્ણ સૈનિક-શક્તિ એટલા માટે સામેલ થઈ શકી નહોતી કે યુદ્ધમાં સામેલ થવાની જાહેર હાકલ ન હતી, બલ્કે તાત્કાલિક ધોરણે એક ટુકડી પ્રમાણમાં સીમિત હેતુ માટે હુઝૂર ﷺ ની સાથે રવાના થઈ.

અમારા આ અંદાજનો પુરાવો બનૂ કૈનુકાઅના યુદ્ધથી પણ મળે છે. બદ્રના યુદ્ધ પછી તરત જ (શવાલ, હિ. ૨) આ દુષ્ટ અને વિદ્રોહી યહૂદી કબીલાને ઘેરો નાખવામાં આવ્યો અને વિવશ થઈને તેમણે મદીનાની સીમાઓથી નીકળી જવાનું સ્વીકાર્યું. રિવાયતોથી જણાય છે કે આ કબીલાનું સૈનિક-બળ ૬૦૦ યુવાનો પર આધારિત હતું. તેમને ૧૫ દિવસ ઘેરી રાખીને સંપૂર્ણપણે પરાજિત કરવા માટે ઇસ્લામી સેનામાં એક યોગ્ય સંખ્યા હોવી જોઈએ. ઓછામાં ઓછો અંદાજ ૪૦૦-૫૦૦ સૈનિકોનો લગાવી શકાય છે.

★ બદ્રના યુદ્ધના ગાળામાં ધરતી પર મુસલમાનોની કુલ સંખ્યા (અંદાજ) —

મદીનાના ૭૦૦-૮૦૦ વ્યક્તિઓની સાથે જો આપણે હબ્શામાં સ્થાયી હબ્શાના મુહાજિરોના થોડા-ઘણા નવ-મુસ્લિમો, નજરાન, યમન, ગફ્ફાર,

૧. ઇતિહાસકારોની રિવાયતો મદીનામાં ત્રણ વસ્તી-ગણતરીઓની જાણકારી આપે છે, જે હુઝૂર ﷺ એ સમયાંતરે કરાવી હતી. પહેલી વાર સંખ્યા ૫૦૦ હતી, બીજી વાર ૭૦૦-૮૦૦ અને ત્રીજી વાર ૧૦૦૦ કે તેનાથી થોડીક વધારે. અમારું માનવું છે કે પહેલી વસ્તી-ગણતરી કાં તો મુહાજિરોના પુનર્વસન વખતે કરવામાં આવી હશે, અથવા રક્ષાત્મક વ્યવસ્થાની શરૂઆત કરતી વખતે. તે પછી કોઈ મોટી કાર્યવાહી કરતાં પહેલા (જેનો સમય કુરૈશના સીરિયાના કાફલાને રોકવાનો હોઈ શકે છે) ફરી શક્તિની સમીક્ષા કરવામાં આવી હશે. ત્રીજી સમીક્ષા સંભવતઃ એક વર્ષ પછી, જ્યારે અબૂ સુફિયાન તરફથી વેર વાળવાના હુમલાના પડકારનો સમય નજીક હશે, ત્યારે કરવામાં આવી હશે. — વ-લ્લાહુ આ'લમ !

બહરૈન અને અન્ય કબીલાઓમાં જોવા મળતા વિભિન્ન મુસલમાનોની સંખ્યા સામે રાખીએ તો કુલ સંખ્યા-બળ અંદાજે ૧૦૦૦ કે તેનાથી થોડીક વધારે હશે.

★ જુદી-જુદી લડાઈઓ અને કૂચોમાં ઇસ્લામના ધ્વજવાહકોની સંખ્યા[1] —

— ઉહદનું યુદ્ધ :	૬૫૦ થી ૭૦૦ (રિવાયતોમાં મતભેદ સાથે)[2]
— બદ્રનું બીજું યુદ્ધ (અથડામણ વગર)	૧૫૧૦
— દૂમતુલ-જન્દલની લડાઈ (અથડામણ વગર)	૧૦૦૦
— અહઝાબનું યુદ્ધ	૨૦૦૦
— હુદૈબિયાનો પ્રવાસ	૧૪૦૦
— ખૈબરનું યુદ્ધ	૧૪૨૦ (૨૦ સ્ત્રીઓ સામેલ હતી)
— મૌતાની લડાઈ	૩૦૦૦
— મક્કા-વિજયની લડાઈ	૧૦૦૦૦
— હુનૈનની લડાઈ અને તાઈફનો ઘેરો	૧૨૦૦૦
— તબૂકનું યુદ્ધ	૩૦૦૦૦
— હજ્જતુલ-વિદાઅમાં સામેલ	૧૨૪૦૦૦ કે ૧૪૪૦૦૦[3]

ઇસ્લામી આંદોલનની આકંડાકીય પ્રગતિની સમીક્ષા કરતાં એ મહત્ત્વના પાસા તરફ અનિવાર્યપણે નજર જાય છે કે હુઝૂર ﷺ ના ક્રાંતિકારી સંઘર્ષમાં સ્ત્રીઓ શરૂઆતથી સામેલ રહી છે અને તેમણે ઇતિહાસની દિશા બદલવામાં દરેક તબક્કે પોતાનું કર્તવ્ય નિભાવ્યું છે. મક્કાની સંગીન કસોટી-કાળમાં તેઓ સામેલ હતી, હિજરતોમાં પુરુષોની સાથે સહપ્રવાસી હતી, જિહાદની લડાઈઓમાં તેમણે પોતાની ભૂમિકા નિભાવી, બલ્કે સ્ત્રીઓ માટે એ વાત ખૂબ ગૌરવપ્રદ છે કે હુઝૂર ﷺ પર સૌથી પહેલા ઈમાન લાવનાર, હુઝૂર ﷺ ને સાંત્વના આપનાર અને હુઝૂર ﷺ ને સંપૂર્ણ સહયોગ આપનાર હસ્તી પણ એક સ્ત્રી જ હતી, અર્થાત્ હઝરત ખદીજા رضي الله عنها ! હકીકત એ છે કે હુઝૂર ﷺ જે સર્વગ્રાહી મૂળભૂત પરિવર્તન લાવવા ઉઠ્યા હતા, તે સ્ત્રીઓના સહયોગ વગર સંપૂર્ણ શાનથી ભાગ્યે જ થઈ શકતું હતું. ઘરોનો મોરચો જો કોઈ સંઘર્ષથી

૧. ઇસ્લામી આંદોલનના સંખ્યા-બળનો અંદાજ પછીના કાળમાં કૂચો અને લડાઈઓમાં સામેલ લોકોની સંખ્યાથી જ આવી શકે છે.
૨. અબ્દુલ્લાહ બિન ઉબ્બી ૩૦૦ નિફાક-યુક્ત સાથીઓના છૂટા થઈ ગયા પછી.
૩. કેટલીક રિવાયતોમાં આનાથી પણ વધારે સંખ્યા દર્શાવવામાં આવી છે.

અસંબદ્ધિત હોય તો કામની ગતિ ખૂબ ઓછી થઈ જાય છે. હુઝૂર ﷺ ના ઇસ્લામી આંદોલને પુરુષોની જેમ સ્ત્રીઓ પાસેથી ભાવનાઓ, ધન, મહેનત તેમજ ત્યાગ અને બલિદાનની ભરપૂર અંજલિઓ સ્વીકારી. આ વિશે વાસ્તવમાં એક સ્થાયી પ્રકરણની જરૂર છે. પરંતુ અત્યારે તેને મુલતવી કરી રહ્યો છું. અહીં સંક્ષિપ્તમાં એ પ્રમાણને દર્શાવવા માગું છું, જે સ્ત્રીઓને ઇસ્લામી આંદોલનમાં પ્રાપ્ત હતું. શરૂઆતના ત્રણ વર્ષના 'સાબિકૂન અવ્વલૂન' (કુલ સંખ્યા ૫૬)માંથી ૧૨ સ્ત્રીઓ હતી. હબ્શાની પહેલી અને બીજી હિજરતમાં અનુક્રમે તેમની સંખ્યા ૫ અને ૧૭ હતી. બીજી બૈતે-ઉકબામાં ૨ અન્સારી સ્ત્રીઓ સામેલ હતી. હુઝૂર ﷺ થી પહેલા મદીના હિજરત કરનાર મુહાજિરોમાં ઓછામાં ઓછી ૧૦ સ્ત્રીઓનું સામેલ હોવાનું સાબિત છે.

—★—

રસૂલે પાક ﷺ

એ ફરમાવ્યું :—

★— "અલ્લાહના માર્ગમાં મને ડરાવવા-ધમકાવવા માટે એ બધું કરવામાં આવ્યું કે કોઈ અન્ય માટે કરવામાં આવ્યું નથી."

★— અલ્લાહના માર્ગમાં મને એટલું દુઃખ આપવામાં આવ્યું કે કોઈ અન્યને આપવામાં આવ્યું નથી.

★— અને મારા પર ત્રીસ દિવસ-રાત (નિરંતર) એવા વિત્યા કે મારા અને બિલાલ (رضي الله عنه) માટે કોઈ એવું ભોજન ઉપલબ્ધ ન થઈ શક્યું, જેને જીવધારી ખાતા હોય — સિવાય એ વસ્તુના જેને (નાનકડી પોટલી બનાવીને) બિલાલ (رضي الله عنه) પોતાની બગલમાં દબાવી લેતા."

રિવાયતકર્તા : હઝરત અનસ رضي الله عنه
મિશ્કાત, ભા-૨, કિતાબુર્-રિકાબ

કેટલાક સંદર્ભ ગ્રંથો

દુર્ભાગ્યે જરૂર મુજબના એટલા પુસ્તકો ઉપલબ્ધ ન હતા, જેટલા આવા મોટા કામ માટે જરૂરી હતા. તેમ છતાં જે પુસ્તકો સામે રહ્યા, તેની યાદી નીચે પ્રમાણે છે :—

— તફસીર ઇબ્ને કસીર.

— તફહીમુલ કુર્આન - મૌલાના સૈયદ અબૂલઆ'લા મૌદૂદી.

— સહીહ મુસ્લિમ (શરહ સિરાજુલ વહ્હાજ).

— મિશ્કાત શરીફ (શરહ : અશ્અતુલ્-લમઆત).

— સુનન અબૂ દાઊદ.

— શમાઈલે તિરમિઝી.

— રિયાઝુસ્-સાલિહીન.

— ઝાદુલ-મિઆદ - અલ્લામા હાફિઝ ઇબ્ને કય્યિમ.

— અલ-મવાહિબુલ્-લિદ્-દુનિયા (અહમદ અલ-ખતીબ કિસ્તિલાની).

— સીરતુન્નબી ﷺ - ઇબ્ને હિશામ.
સંશોધન અને સંપાદન : અલ-ઉસ્તાદ મુહમ્મદ મુહિય્યુદ્દીન અબ્દુલ હમીદ. (જામેઅ અઝહર).

— કિતાબુલ અમવાલ, લે. : અબૂ ઉબૈદુલ-કાસિમ બિન સલ્લામ.

— રહમતુલ-લિલ-આલમીન ﷺ, લે.: જસ્ટિસ કાઝી શાહ મુહમ્મદ સુલૈમાન મન્સૂરપૂરી.

— અસહુલસ્સિયર, લે.: મૌલાના અબ્દુર્રઊફ દાનાપૂરી.
— સીરતુન્નબી ﷺ, લે.: અલ્લામા શિબ્લી નો'માની.
— સીરતે મુસ્તફા ﷺ, લે.: મૌલાના મુહમ્મદ ઈદ્રીસ કાંધલવી.
— સીરત ખાતિમુલ-અંબિયા ﷺ, લે.: મુફ્તી મુહમ્મદ શફીઅ સાહેબ.
— કસસુલ-કુરઆન (ભા-૪), લે.: મૌલાના હિફ્ઝુર્રહમાન સ્યોહારવી.
— અર્ઝુલ-કુરઆન, લે.: અલ્લામા સૈયદ સુલૈમાન નદવી.
— તારીખે ઈસ્લામ (ભા-૧), લે.: મૌલાના અબ્દુલ કૈયુમ નદવી.
— ફજરુલ-ઈસ્લામ, લે.: અહમદ અમીન મિસરી.
— ફિકહુસ્સિયરહ, મુહમ્મદ અલ-ગઝાલી.
— નશરુત્-તૈયિબ ફી ઝિક્રુન્નબી ﷺ અલ-હબીબ.
લે.: મૌલાના અશરફઅલી થાનવી.
— ઉમ્દતુલ-અખ્યાર ફી મદીનતુલ-મુખ્તાર.
લે.: અલ્લામા અહમદ બિન અબ્દુલ હમીદ અબ્બાસી.
— નબી અકરમ ﷺ કી સિયાસી ઝિંદગી, લે.: ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી.
— અહદે નબવી ﷺ કે મૈદાનહાએ-જંગ, લે.: ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી.
— અહદે નબવી ﷺ કા નિઝામે હુકમરાની, લે.: ડૉ. હમીદુલ્લાહ સિદ્દીકી.
— સીરતે પાક ﷺ, લે.: બશીર મુહમ્મદ શાકિર.
— Mohammad at Mecca.
— Mohammad at Median, લે.: મોન્ટેગોમરી વૉટ.
— Spirit of Islam, લે.: જસ્ટિસ સૈયદ અમીર અલી.
— Mohammad the Prophet, લે.: મૌલવી મુહમ્મદ અલી (એમ.એ.)
— Life of Mohammad, લે.: હાફિઝ ગુલામ સરવર.
— Mohammad the Prophet લે.: એફ.કે.ખાન દુર્રાની.

—★—